
॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી

બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ


(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૮૩ થી ૧૯૮૬)

ભાગ : ૫



લેખક

સાધુ આદર્શજીવનદાસ



બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૮૩ થી ૧૯૮૬)

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

Brahmaswarup Pramukh Swami Maharaj, Part 5

(Biography of Brahmaswarup Pramukh Swami Maharaj)

By Sadhu Adarshjivandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
Guru Purnima, July 2021

Copies: 30,000

ISBN: 978-81-7526-981-1

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : ગુરુપૂર્ણિમા, જુલાઈ ૨૦૨૧

પ્રત : ૩૦,૦૦૦

કિંમત : રૂા. ૨૦૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂા. ૨૫૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના

આશીર્વાદ[1]

પ્રમુખસ્વામી મહારાજ કેટલા છુપા રહ્યા તે આ જીવનચરિત્ર બહાર પડ્યું તે પરથી જાણવા મળ્યું. સ્વામીબાપા બધી રીતે સંપૂર્ણ. સેવામાં તો કોઈ વાત બાકી રાખી નથી. બધા ખૂણા પ્રમુખસ્વામી મહારાજે ફેંદી લીધા. કેટલી બધી ચારે બાજુ કાળજી રાખી છે! કોઈ ક્ષેત્ર, કોઈ જગ્યા બાકી રાખી નથી અને એમાં એટલા બધા છુપા રહ્યા છે કે આપણને કોઈને જણાવા દીધું નથી. છુપા રહેવાનું કારણ પણ ભક્તોના ભલા માટે છે.

તેઓ સહજ આપણી ભેગા રહ્યા, ફર્યા, જમ્યા, ઊઠ્યા, બેઠ્યા તોય કોઈને ખબર ન પડી. જે ખબર પડી એ આ જીવનચરિત્ર દ્વારા બધું ભેગું કરીને આપણને લાભ મળ્યો. નહીં તો આ ખૂણે કોઈને એક પ્રસંગ બન્યો હોય, બે પ્રસંગ બન્યા હોય પણ સમગ્ર ખ્યાલ તો આદર્શજીવન સ્વામીએ આપ્યો. એટલે એમને ધન્યવાદ છે. એમણે બધી મહેનત કરીને આ બધું ભેગું કરીને કેટલો સુંદર લાભ આપ્યો છે! છણાવટ એવી રીતે સુંદર કરી છે કે આપણે સાક્ષાત્ સ્વામી ભેગા હોઈએ, ફરતા હોઈએ, ચાલતા હોઈએ, વિચરતા હોઈએ, એ રીતે જ આ બધું લખાયું છે. એટલે આપણને ખૂબ આનંદ આવે છે. સર્વાંગ રીતે અને સર્વ રીતે કોઈ ખૂણો બાકી રાખ્યો નથી.

આ જીવનચરિત્રમાં બધું જ આવી જાય છે. તોય એમને તો એવું રહેતું હશે કે આ રહી ગયું. પણ ઘણું બધું આવી ગયું હશે! મુદ્દાના પ્રસંગો આવી ગયા હશે. એ બધા આપણે વાંચીએ તો આનંદ આનંદ થઈ જશે.

તા. ૨૬/૫/૨૦૨૦, જેઠ સુદ ચોથ,
પ્રમુખવરણી દિન, નેનપુર

---

૧. આશીર્વાદનો આ ભાવાનુવાદ વીડિયોમાંથી સંકલિત કરાયો છે. મૂળ આશીર્વાદ સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની વિસ્તૃત ગાથા વર્ણવતી આ ગ્રંથશ્રેણી આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવાય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર, જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા, પરાભક્તિ અને ગુરુ-ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, કરુણા અને પરહિતની અવિરત વહેતી ગંગા, બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ, સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર. એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્‌ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે. એમના સાન્નિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે. કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં, કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું' એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં. સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં. એક વિલક્ષણ અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. તેમના જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે લોકહિત કે જનકલ્યાણ માટે સમર્પિત. શરીરની કોઈ ખેવના નહીં. હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે છતાં સહનશીલતાનો એમનાથી મોટો કોઈ પર્યાય નહીં. સૌમ્ય અને પ્રિય હિતકારી વાણી, પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો, રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.

આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્‌ગદ થઈ જાય છે. આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી તેમના સાન્નિધ્યથી ધન્ય થતા રહ્યાં. આવા શબ્દાતીત-સમયાતીત-ગુણાતીત મહાપુરુષનું જીવનચરિત્ર શબ્દોમાં કંડારવું એનાથી મોટું કોઈ કપરું કામ નથી. આમ છતાં, આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.


પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની રોજનીશી લખનાર સંતોએ લખેલાં હજારો પૃષ્ઠો, હજારો હરિભક્તો અને સંતો દ્વારા લખાયેલા સ્વાનુભવોનાં હજારો પૃષ્ઠો, સ્વામિનારાયણ પ્રકાશનાં સામયિક વર્ણનો તેમ જ અન્ય અનેક દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોમાંથી મળતી સામગ્રીનું સંકલન કરીને આ ગ્રંથ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ કર્યું છે. એ વાતનો આનંદ છે કે વરિષ્ઠ સંતોના માર્ગદર્શન અને અન્ય સહાયક સંતોની મદદથી અનેક ભાગોમાં વહેંચાયેલું આ વિસ્તૃત જીવનચરિત્ર ખૂબ ઝડપથી આકાર લઈ રહ્યું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જ આ ગ્રંથ-શ્રેણી પ્રકાશિત થઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વે આ ગ્રંથશ્રેણી તેમને સૌથી મોટું અર્ઘ્ય બની રહેશે.

આ ગ્રંથશ્રેણી માત્ર પ્રમુખસ્વામી મહારાજના જીવનની ઝાંખી નથી કરાવતી, પરંતુ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સિદ્ધાંતો અને અક્ષરપુરુષોત્તમ દર્શન, સંપ્રદાયની અજોડ પરંપરા, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સુદીર્ઘ ઇતિહાસનું આચમન કરાવે છે. આ ગ્રંથશ્રેણી ભગવાન સ્વામિનારાયણ તેમ જ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પર્યંત વહેતી ગુણાતીત પરંપરાને એક વિનમ્ર ભાવાંજલિ છે. ભારતની વૈદિક ઋષિ-પરંપરાને એક ભાવવંદના છે. કારણ કે પ્રમુખસ્વામી મહારાજ એટલે એ બધાનો સાક્ષાત્ સરવાળો !!

આ ગ્રંથના સર્જનમાં ભક્તિપૂર્વક ખૂબ જહેમત લેનાર પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી, વરિષ્ઠ સંતો, સ્વામિનારાયણ અક્ષરપીઠના સંચાલક સંતો અને કાર્યકરો સહિત સૌનો હૃદયપૂર્વક આભાર. એ સૌ પર ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપા નિરંતર વરસતી રહે એ જ અભ્યર્થના.


આવો, ભગવાન શ્રી સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણે પ્રાર્થના કરીએ કે આ પરમ પવિત્ર જીવનગાથા યુગે યુગે સૌને પ્રમુખસ્વામી મહારાજના શાશ્વત અસ્તિત્વનો અનુભવ કરાવતી રહે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ
શરદ પૂર્ણિમા, સન ૨૦૧૮.




'પળ એક વીતે નહીં શ્રીજી સ્મરણ વિના...'

હૃદયરોગના હુમલા બાદ હોસ્પિટલના બિછાને પોઢેલા ભજનલીન સ્વામીશ્રી... (વડોદરા, ૧૯૮૩)




હૃદયરોગના હુમલા બાદ માંદગીના બિછાનેથી પણ પત્રો દ્વારા ભક્તોની સંભાળ...
(વડોદરા, ૧૯૮૩)




હૃદયરોગના હુમલા બાદ
'એઇમ્સ ઓક્સિજન'ના વિશાળ
સંકુલમાં વિશ્રામલીલા દરમ્યાન
સ્વામીશ્રીનું દિવ્ય વાત્સલ્ય પામતો
નાનકડો શિશુ શ્વેતાંશુ...
પ્રાતઃપૂજા દરમ્યાન
આ શિશુના કપાળમાં
તિલક-ચાંદલો કરી આપતા
બાળસનેહી સ્વામીશ્રી...
(વડોદરા, ૧૯૮૩)




રંગોત્સવ પ્રસંગે નાજુક તબિયતની પરવા કર્યા વિના પણ હાથમાં પિચકારી ગ્રહી
રંગવર્ષા દ્વારા ભક્તોને સ્નેહભીના કરતા સ્વામીશ્રી... (વડોદરા, ૨૮-૩-૧૯૮૩)




હૃદયરોગના હુમલા બાદ વિશ્રામલીલા દરમ્યાન પ્રાતઃપૂજામાં ધ્યાનલીન સ્વામીશ્રી...
(વડોદરા, ૧૯૮૩)



દેવભૂમિ દ્વારકામાં દર્શનાર્થે.
ગોમતીસ્નાન કરાવ્યા બાદ પ્રાણપ્યારા શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે સ્વામીશ્રી... (૨૮-૯-૧૯૮૩)



'વિશ્વશાંતિ મહાયાગ'ના આરંભ સાથે મુંબઈમાં શિખરબદ્ધ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ.
યજ્ઞવિધિમાં સ્વામીશ્રી સાથે સંત સ્વામી, બાલમુકુંદ સ્વામી, મહંત સ્વામી વગેરે... (૧૧-૧૨-૧૯૮૩)




મુંબઈના રાજમાર્ગો ઉપર નગરદર્શન માટે નીકળેલી મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રાને
વંદનપૂર્વક વધાવતા સ્વામીશ્રી... (૧૧-૧૨-૧૯૮૩)




મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે મંદિરના મધ્ય દ્વાર સમક્ષ વેદોક્ત મહાપૂજા વિધિ કરતા સ્વામીશ્રી.
સાથે શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી તથા વડીલ સંતો... (મુંબઇ, ૧૨-૧૨-૧૯૮૩)




સ્વામીશ્રી દ્વારા નિર્મિત સૌપ્રથમ
શિલ્પ-સ્થાપત્ય અને
કલા-કોતરણીથી ભરપૂર
ત્રિશિખરીય મંદિરમાં
મૂર્તિ-પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ.
મધ્ય મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વેળાએ
વેદોક્ત વિધિમાં લીન સ્વામીશ્રી,
સાથે શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી...
(મુંબઇ, ૧૨-૧૨-૧૯૮૩)




મૂર્તિઓમાં પ્રાણ-આહ્‌વાન વિધિ કરતા સ્વામીશ્રી...
(મુંબઈ, ૧૨-૧૨-૧૯૮૩)




મૂર્તિપ્રતિષ્ઠા સમારોહની સભામાં વિશાળ ભક્ત સમુદાય પર આશીર્વાદની વર્ષા કરતા સ્વામીશ્રી...
(મુંબઈ, ૧૨-૧૨-૧૯૮૩)




મહાનગરી મુંબઈમાં ઊજવાયેલા સ્વામીશ્રીના ૬૩મા જન્મજયંતી મહોત્સવ પ્રસંગે ભવ્ય મંચ પર શ્રીહરિ સાથે બિરાજમાન સ્વામીશ્રી તથા મહાનુભાવો.. (૧૨-૧૨-૧૯૮૩)




'ચિન્મય મિશન'ના પ્રણેતા સ્વામી ચિન્મયાનંદજીએ સ્વામીશ્રીના જન્મોત્સવે વાક્પુષ્પાંજલિ અર્પણ કરી ધન્યતા અનુભવી... (મુંબઈ, ૧૧-૧૨-૧૯૮૩).



જન્મજયંતીના આનંદોત્સવના પ્રસંગે પણ પરદુઃખમાં સહભાગી થતાં પત્રવાંચનમાં લીન સ્વામીશ્રી...
(મુંબઈ, ૧૨-૧૨-૨૧૯૮૩)



જન્મજયંતી પ્રસંગે આશીર્વાદનું અમૃત વરસાવી સૌને કૃતાર્થ કરતા સ્વામીશ્રી...
(મુંબઈ, ૧૨-૧૨-૧૯૮૩)




સંસ્કૃતિતીર્થ 'અક્ષરધામ'માં સૌ યોગદાન આપી શકે તેવા ઉમદા હેતુથી સંસ્થા દ્વારા આયોજિત 'અક્ષરપત્રિકા' અને 'અક્ષરકુંભ'નું ઉદ્‌ઘાટન કરતા સ્વામીશ્રી... (અમદાવાદ, ૨૯-૧-૧૯૮૪)




સૌનાં કલ્યાણની ખેવના સાથે આદિવાસીઓના ઊબડખાબડ વિસ્તારમાં પણ ગાડા દ્વારા હાડમારીભર્યું વિચરણ કરતા સ્વામીશ્રી... (૧૯૮૪)




સ્વામીશ્રીને સ્નેહપૂર્વક વધાવતા વનવાસી છાત્રાલયના બંધુઓ...
(૧૯૮૪)



આદિવાસીઓના ઝૂંપડે-ઝૂંપડે પધારીને તેમનાં જીવતર અને ખોરડાં પાવન કરતા સ્વામીશ્રી...
(૧૯૮૪)



નીચાં અંધારાં ઝૂંપડાંમાં કેડથી વળી-વળીને પધરામણીઓ કરી
પછાત વનવાસીઓનાં અંતર અજવાળતા સ્વામીશ્રી... (૧૯૮૪)




આલિશાન ઘર હોય કે સામાન્ય ઝૂંપડું - સૌના ઉત્કર્ષ માટે વિચરતા સમદ્રષ્ટા સ્વામીશ્રી...
પધરામણી દરમ્યાન આદિવાસીના ખોરડે બિરાજમાન સ્વામીશ્રી.. (૧૯૮૪)




આદિવાસીઓને ઉચ્ચ જીવનની પ્રેરણા આપતા સ્વામીશ્રી, સાથે કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી...

(આંબા તલાટ, ૨૦-૨-૧૯૮૪)




ગરીબોના ઝૂંપડે બેસીને, તેમના પર સ્નેહવર્ષા કરી, ભક્તિની પ્રેરણા આપતા સ્વામીશ્રી...


(આંબા તલાટ, ૨૦-૨-૧૯૮૪)




તકલીફભર્યું વિચરણ કરીને ગામડે-ગામડે
સૌમાં નૈતિક-આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન કરતા સ્વામીશ્રી... (૧૯૮૪)



દેવીપૂજકોના વાસમાં તેમના ઝૂંપડે બેસીને સૌને જીવનશુદ્ધિની પ્રેરણા આપતા સ્વામીશ્રી...
(રામોદડી, ૧૯૮૪)



'ગુણાતીતાનંદ સ્વામીનો મહોત્સવ ઊજવવાનો અવસર આવ્યો છે, તો તે ચૂકવો નહીં.'
ગુણાતીત દ્વિશતાબ્દીએ યાહોમ કરવા સૌને હાકલ કરતા સ્વામીશ્રી... (નૈરોબી, ૧૯૮૪)




પ્રમુખસ્વામી મહારાજનું અભિવાદન કરતા કેન્યાના ઉપરાષ્ટ્રપતિ શ્રી મ્વાઈ કીબાકીને
શ્રીહરિકૃષ્ણ મહારાજને મહિમા સમજાવતા સ્વામીશ્રી... (નૈરોબી, ૨૯-૩-૧૯૮૪)




સ્વામીશ્રીની દિવ્યતાનો સ્પર્શ પામી, 'હરામ્બે!' જયઘોષથી તેઓને વધાવતા આફ્રિકન બંધુઓ...
(નૈરોબી, ૩૦-૩-૧૯૮૪)




કીકુયુ આફ્રિકન બાળકોને સ્નેહસ્પર્શ આપીને કૃતાર્થ કરતા સ્વામીશ્રી.
આનંદ-કિલ્લોલ સાથે સ્વામીશ્રીને વધાવતા આફ્રિકન બાળકો... (કેન્યા, ૩૦-૩-૧૯૮૪)




કેથલિકોના કાશી સમા વેટિકનના પ્રખ્યાત સેંટ પીટર દેવળના દ્વારે
શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે સૌને દર્શનદાન દેતા સ્વામીશ્રી... (રોમ, ૬-૪-૧૯૮૪)



રોમના પ્રસિદ્ધ સ્મારક સમક્ષ શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે પધારીને તેને પાવન કરતા સ્વામીશ્રી...
(૬-૪-૧૯૮૪)



વેટિકનના પ્રસિદ્ધ
સ્થાપત્ય સ્થાન કોલેઝિયમને
પાવન કરતા સ્વામીશ્રી...
(રોમ, ૬-૪-૧૯૮૪)




યુરોપીય સ્થાપત્યના
એક દ્વાર પાસે
મોક્ષના દ્વારરૂપ સ્વામીશ્રી...
(૧૯૮૪)




વિશ્વની બે ધર્મપરંપરાઓના ધર્મગુરુઓનું ઐતિહાસિક ભાવપૂર્ણ મિલન.
ખ્રિસ્તી ધર્મવડા શ્રી પોપ જ્હોન પોલ દ્વિતીય અને સ્વામીશ્રીની એ મુલાકાતની ક્ષણો...
(વેટિકન, રોમ, ૭-૪-૧૯૮૪)




શ્રીહરિકૃષ્ણ મહારાજનો
ભાવપૂર્વક સ્પર્શ કરીને
પ્રસન્ન થતા શ્રી પોપ...
(વેટિકન, રોમ, ૭-૪-૧૯૮૪)



શ્રી પોપને અક્ષર-પુરુષોત્તમ મહારાજની ચાંદીના ઉપાડની મૂર્તિ ભેટ ધરીને
સ્વામિનારાયણીય વૈદિક સિદ્ધાંતનો મહિમા સમજાવતા સ્વામીશ્રી... (વેટિકન, ૭-૪-૧૯૮૪)




શ્રી પોપ સાથેની મુલાકાતનું એક સ્મૃતિદૃશ્ય...
(વેટિકન, ૭-૪-૧૯૮૪)



એન્ટવર્પમાં 'કલ્ચર સેન્ટર ઓફ બર્ખેમ' ખાતે યોજાયેલી ધર્મ-સમન્વય સભામાં
સ્વામીશ્રી અને જૈન મુનિશ્રી સુશીલકુમારજી વચ્ચે આધ્યાત્મિક ગોષ્ઠિ... (બેલ્જિયમ, ૮-૪-૧૯૮૪)



સ્વામીશ્રીની પધરામણીની ચાર વર્ષથી પ્રતીક્ષા કરતા ડચ પરિવારના ભાવને પિછાણી
શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે તેમના ઘરે પધારતા સ્વામીશ્રી...
(કુરબર્ગ, હોલેન્ડ, ૧૦-૪-૧૯૮૪)




ડચ સત્સંગીબંધુ શ્રી હનકોપ સાથે આનંદની પળો માણતા સ્વામીશ્રી...
(કુરબર્ગ, હોલેન્ડ, ૧૦-૪-૧૯૮૪)



શ્રી હન કોપે ભક્તિપૂર્વક દોરેલી માણકીના અસવાર શ્રીહરિની મૂર્તિ સ્વામીશ્રીને અર્પણ કરી...
(કુરબર્ગ, હોલેન્ડ, ૧૦-૪-૧૯૮૪)



ડચ સત્સંગીબંધુઓ સાથે સ્વામીશ્રીની અલભ્ય છબિસ્મૃતિ...
(ફુરબર્ગ, હોલેન્ડ, ૧૦-૪-૧૯૮૪)




સ્વામીશ્રીના સ્નેહસ્પર્શે પોર્ટુગીઝ મૂંગા-મંદબુદ્ધિ બાળકનાં તન-મનની સ્વસ્થતાનાં દ્વાર ખૂલી ગયાં!
(પોર્ટુગલ, ૧૨-૪-૧૯૮૪)



લિસ્બનના પ્રસિદ્ધ સ્થાપત્યની
આભ આંબતી પ્રતિમા તળે
શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે પધારીને
આ ભૂમિને પાવન કરતા સ્વામીશ્રી...
(પોર્ટુગલ, ૧૨-૪-૧૯૮૪)



લિસ્બનના વિશ્વપ્રસિદ્ધ પુલ '25 de April' પાસે પધારીને નવતર તીર્થ રચતા સ્વામીશ્રી...
(પોર્ટુગલ, ૧૨-૪-૧૯૮૪)




પ્રેસ્ટનના નવનિર્મિત મંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા...
મૂર્તિપ્રતિષ્ઠા બાદ આરતી ઉતારતા સ્વામીશ્રી... (યુ.કે., ૨૨-૪-૧૯૮૪)




સેંટ જેમ્સ સ્કૂલમાં સ્વામીશ્રીને વૈદિક મંત્રોચ્ચાર સાથે વધાવતા અંગ્રેજ ભૂલકાંઓ...
(લંડન, ૩-૫-૧૯૮૪)




ન્યૂયોર્કમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ અવસરે મેનહટનમાં ભવ્ય શોભાયાત્રામાં બિરાજમાન
સ્વામીશ્રી અને સંતવૃંદ... (૩૦-૬-૧૯૮૪)



વરસાદી વાતાવરણ વચ્ચે શોભાયાત્રામાં ભજનલીન સ્વામીશ્રી...
(ન્યૂયોર્ક, અમેરિકા, ૩૦-૬-૧૯૮૪)



ન્યૂયોર્ક ખાતે દસમી હિન્દુ કોન્ફરન્સના આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં મહાનુભાવો સાથે સ્વામીશ્રી...
(૭-૭-૧૯૮૪)




શિકાગોમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ અવસરે યોજાયેલ વિશ્વશાંતિ યજ્ઞમાં સ્વામીશ્રી...
(૨૭-૭-૧૯૮૪)



શિકાગોના રાજમાર્ગો પર ભવ્ય નગરયાત્રામાં સ્વામીશ્રી...
(૨૮-૭-૧૯૮૪)




શિકાગોમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં રત સ્વામીશ્રી...
(૨૯-૭-૧૯૮૪)




શિકાગોમાં યોજાયેલ બાળ-યુવક અધિવેશન પ્રસંગે આશીર્વર્ષા...
(૩૦-૭-૧૯૮૪)



શિકાગોમાં સૌના આગ્રહથી એક કુશળ રમતવીરની અદાથી
બાસ્કેટ બોલની વિશિષ્ટ સ્મૃતિ આપતા સ્વામીશ્રી... (૨-૮-૧૯૮૪)



ટોરોન્ટોમાં 'સી. ડબલ્યુ. જેફરીઝ સેકન્ડરી સ્કૂલ'માં સભાને સંબોધતા સ્વામીશ્રી...
(કેનેડા, ૨૩-૬-૧૯૮૪)



કેનેડાના સોલિસીટર જનરલ શ્રી બોબ કાપ્લાનને સ્મૃતિભેટ આપતા સ્વામીશ્રી...
(ટોરોન્ટો, ૨૩-૬-૧૯૮૪)



સ્વામીશ્રીનું સ્વાગત કરતા ટેક્સાસ રાજ્યના ગર્વનર શ્રી માર્ક વ્હાઈટ...
(ઓસ્ટિન, અમેરિકા, ૧૬-૮-૧૯૮૪)




લોસ એન્જલસના 'પામ સ્પ્રિંગ' પર્વત ઉપર ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ
'અક્ષરધામ'નું ભાથું આપતા સ્વામીશ્રી... (૨૮-૮-૧૯૮૪)




લોસ એન્જલસમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ અવસરે યોજાયેલ વિશ્વશાંતિ યજ્ઞ...
(૧-૯-૧૯૮૪)




'સર્વે સખી જીવન જોવાને ચાલો રે...' મૂર્તિપ્રતિષ્ઠા ઉપક્રમે શોભાયાત્રા દરમ્યાન
મયૂરાકાર રથમાં બિરાજમાન સ્વામીશ્રી... (લોસ એન્જલસ, ૨-૯-૧૯૮૪)




સ્વામીશ્રીના સાંનિધ્યમાં લૉસ એન્જલસમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ પ્રસંગે ઉપસ્થિત ભક્ત સમુદાય...
(૩-૯-૧૯૮૪)




ઓસ્ટ્રેલિયામાં સ્વામીશ્રીનું સ્નેહભર્યું સન્માન...
(લેક મેક્વારી, ૧૯૮૪)




સીડનીના વિખ્યાત ઑપેરા હાઉસના આંગણે અમૃતધારા...
(ઑસ્ટ્રેલિયા, ૧૯૮૪)




જાપાનમાં વિખ્યાત કાષ્ઠનિર્મિત મંદિર ટોડાઈજીના દર્શનાર્થે પધારેલા સ્વામીશ્રી...
(નારા, ૨૧-૯-૧૯૮૪)




મૃગમંડળી પર મહેરના મેઘ...
ટોડાઈજીના મંદિરમાં ઘૂમતાં હરણાંને પ્રસાદ સાથે પરમાર્થ બક્ષતા સ્વામીશ્રી... (૨૧-૯-૧૯૮૪)



સકળ કળા ધરી વન વિલસે હરિ...
(જાપાન, ૧૯૮૪)




તથાગત બુદ્ધને વંદન સાથે આદર-અંજલિ અર્પતા સ્વામીશ્રી...
(વાટ-ફા-યોંગ, બેંગકોક, ૧૯૮૪)




બેંગકોકના પ્રસિદ્ધ મંદિર
વાટ-ફા-કેવની મુલાકાતે
પધારેલા સ્વામીશ્રી...
(૨૬-૯-૧૯૮૪)



ગુણાતીતાનંદ સ્વામીના પ્રાકટ્યતીર્થ ગુણાતીતનગરમાં તેઓના ૧૯૯મા જન્મ મહોત્સવની
શાનદાર ઊજવણી સ્વામીશ્રીના સાંનિધ્યમાં... (ઓક્ટોબર, ૧૯૮૪)




અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના ૧૯૯મા પ્રાગટ્યદિને
પ્રગટ અક્ષરબ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રીને સૌ વતી ફૂલહારથી વધાવતા મહંત સ્વામી...
(ગુણાતીતનગર, ૯-૧૦-૧૯૮૪)



લંડનના વિખ્યાત QPR સ્ટેડિયમમાં સ્વામીશ્રીના સુવર્ણતુલા મહોત્સવે ભાવાંજલિ અર્પતા મહાનુભાવો...
(૨૦-૭-૧૯૮૫)



'સુવર્ણ મહોત્સવ હો, સ્વામીને હર્ષે વધાવીએ...'
QPR સ્ટેડિયમમાં પ્રાણપ્યારા ગુરુહરિને વધાવવા ઊમટેલો ભક્ત મહેરામણ...




લંડનમાં સુવર્ણ સન્માનની સોનેરી ક્ષણ...
પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સાથે તુલામાં ભજનલીન વિનમ્રમૂર્તિ સ્વામીશ્રી... (૨૦-૭-૧૯૮૫)



ભક્તોની હેમસમી ભક્તિ.
ભક્તોના ભાવની શર્કરાતુલા અંગીકાર કરતા સ્વામીશ્રી...
(લંડન, ૨૦-૭-૧૯૮૫)



QPR સ્ટેડિયમના સુવર્ણતુલા ઉત્સવના લાભથી વંચિત સ્વયંસેવકોને મોજની લહાણ...
વચનબદ્ધ સ્વયંસેવકોને તુલાવિધિનો લાભ આપતા સ્વામીશ્રી... (એલીપેલી, લંડન, ૫-૮-૧૯૮૫)



સતત એક મહિના સુધી લંડનવાસીઓને ઘેલું લગાડનાર 'ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ(CFI)'ના
ભવ્ય સ્વામિનારાયણ નગરનું કલાત્મક મયૂરદ્વાર...
(જુલાઈ, ૧૯૮૫)




ભારતીય સાંસ્કૃતિક મહોત્સવમાં ભારતીય કલા-કૌશલ્યની અનેરી રજૂઆત...
વાંસ અને નેતરમાંથી રચાયેલ શોભાયમાન ત્રિમૂર્તિ મંદિર... (જુલાઈ, ૧૯૮૫)



સૌને આવકારતું કલા-કોતરણીથી ભરપૂર 'નમસ્તે' પ્રતીક...
(જુલાઈ, ૧૯૮૫)




પુનર્નિમાણ પામેલ રવિનગર ગામની ઉદ્‌ઘાટન-વેળાએ શોભાયાત્રામાં ગાડામાં બિરાજમાન સ્વામીશ્રી, સાથે તામિલનાડુના ગવર્નર શ્રી પ્રભુદાસ પટવારી... (૩-૬-૧૯૮૫)




શોભાયાત્રામાં ગજરાજ પર બિરાજમાન સ્વામીશ્રી...
(વાસણા કોતરિયા, ૧-૨-૧૯૮૫)




ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે 'સ્વામિનારાયણ નગર'નું ભવ્ય કલાત્મક અક્ષરદ્વાર...
(અમદાવાદ, ૧૯૮૫)



સ્વામિનારાયણ નગરના અનોખા આકર્ષણ સમા 'જીવન-દર્શન પ્રદર્શન'ને માણવા
ઊમટેલો વિરાટ સમુદાય... (અમદાવાદ, ૧૯૮૫)



સ્વામિનારાયણ નગરનાં નયનરમ્ય વિવિધ આકર્ષણો...
(અમદાવાદ, ૧૯૮૫)




શાંતિના સરનામા સમા સ્વામિનારાયણ નગરના દર્શનાર્થે વિશાળ માનવ મહેરામણ...
(અમદાવાદ, ૧૯૮૫)




રંગબેરંગી ફુવારાઓથી ઊભરતા 'સ્વામિનારાયણ નગર'ની રાત્રિશોભાનું અનુપમ દૃશ્ય...
(અમદાવાદ, ૧૯૮૫)




ગુણાતીતાનંદ સ્વામીના ૨૦૦મા જન્મોત્સવે વિરલ ઇતિહાસની અવિસ્મરણીય પળો...
૨૦૦ નવયુવાનોને ગુણાતીત દીક્ષા અર્પતા સ્વામીશ્રી... (અમદાવાદ, ૨૬-૧૦-૧૯૮૫)



ગુણાતીતાનંદ સ્વામીના ૨૦૦મા પ્રાકટ્યોત્સવના અવસરે
તેઓને વધાવવા ઊમટેલ વિશાળ ભક્ત સમુદાય... (૨૬-૧૦-૧૯૮૫)



દ્વિશતાબ્દી મહોત્સવની ચરમ ક્ષણ. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના ૨૦૦મા પ્રાગટ્યોત્સવને
આરતી-અર્ઘ્યથી વધાવતા સ્વામીશ્રી તથા ભક્ત-સમુદાય... (અમદાવાદ, ૨૬-૧૦-૧૯૮૫)



ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી પર્વે અમદાવાદ શાહીબાગ મંદિરમાં
શ્રી ઘનશ્યામ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ. વૈદિક વિધિમાં લીન સ્વામીશ્રી... (૨૬-૧૦-૧૯૮૫)



મૂર્તિપ્રતિષ્ઠા વિધિ દરમ્યાન ઘનશ્યામ મહારાજની મૂર્તિમાં પ્રાણઆહ્‌વાન કરતા સ્વામીશ્રી...
(અમદાવાદ, ૨૬-૧૦-૧૯૮૫)



દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે બૌદ્ધગુરુ શ્રી દલાઈ લામાનો સ્નેહસત્કાર કરતા સ્વામીશ્રી...
(૨૯-૧૦-૧૯૮૫)




ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી પ્રસંગે 'ગુજરાત સાધુ સમાજ'માં ભારતના પ્રસિદ્ધ સંતો-મહંતોએ વહાવી પ્રેરક આધ્યાત્મિક જ્ઞાનગંગા... (અમદાવાદ, ૩-૧૧-૧૯૮૫)



ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવની ચિરંતન સ્મૃતિ...
'સ્વામિનારાયણ અક્ષરધામ'નો પ્રાસાદ-પ્રવેશ વિધિ... (ગાંધીનગર, ૧૮-૧૧-૧૯૮૫)



અક્ષરધામ પ્રાસાદ-પ્રવેશનું માંગલિક મુહૂર્ત... ઉદુંબર પર શ્રીફળ વધેરતા સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૧૮-૧૧-૧૯૮૫)




શ્રીહરિકૃષ્ણ મહારાજ અને કુંભ સાથે પ્રાસાદ-પ્રવેશ કરતા સ્વામીશ્રી...
(અક્ષરધામ, ગાંધીનગર, ૧૮-૧૧-૧૯૮૫)




અક્ષરધામના મધ્યમાં પ્રાસાદ-પ્રવેશ વેળાએ હવિ અર્પણ કરતા સ્વામીશ્રી, સાથે મહંત સ્વામી...
(ગાંધીનગર, ૧૮-૧૧-૧૯૮૫)



ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतं...
યજ્ઞકુંડમાં શ્રીફળ હોમતા સ્વામીશ્રી તથા સંતો... (અક્ષરધામ, ગાંધીનગર, ૧૮-૧૧-૧૯૮૫)



મહા-આરતી દ્વારા અર્ઘ્ય અર્પતા સ્વામીશ્રી અને સંતો-મહાનુભાવો...
(ગાંધીનગર, ૧૮-૧૧-૧૯૮૫)



પ્રાસાદ-પ્રવેશ વિધિ બાદ અક્ષરધામના ઝરૂખેથી આશીર્વર્ષાનાં અમૃત પાતા સ્વામીશ્રી...
(ગાંધીનગર, ૧૮-૧૧-૧૯૮૫)




ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવમાં ભાગ લેવા પધારેલા તત્કાલીન રાષ્ટ્રપતિ
શ્રી જ્ઞાની ઝૈલસિંઘને વધાવતા સ્વામીશ્રી... (અમદાવાદ, ૧૨-૧૨-૧૯૮૫)




સ્વામીશ્રીના સ્નેહ-આદરથી પ્રભાવિત શ્રી ઝૈલસિંઘજી અક્ષરધામની મુલાકાતે...
(ગાંધીનગર, ૧૩-૧૨-૧૯૮૫)




ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે ૫૯ દિવસના ભવ્ય કાર્યક્રમની ચરમ સીમા... ગુરુહરિ સ્વામીશ્રીના ૬૫મા જન્મજયંતી મહોત્સવની ધામધૂમપૂર્વક ઊજવણી... (૧૯-૧૨-૧૯૮૫)



૬૫મા જન્મદિને સૌનાં અભિવાદન-શુભેચ્છાઓને વિનમ્ર ભાવે સ્વીકારતા સ્વામીશ્રી...
(અમદાવાદ, ૧૯-૧૨-૧૯૮૫)



સ્વામીશ્રીની હાકલથી યાહોમ કરીને મહોત્સવની સેવામાં જોડાયેલા સંતો-સ્વયંસેવકોનો વિદાયદિન...
(અમદાવાદ, ૨૦-૧૨-૧૯૮૫)



'ઉત્સવનો જે કંઈ યશ છે તે આપ બધાને લઈને છે. આપની સેવાને વર્ણવવા કોઈ વાણી કે શબ્દો નથી...'
દ્વિશતાબ્દી મહોત્સવની ફલશ્રુતિનો સમગ્ર યશ સંતો-સ્વયંસેવકોને આપતા સ્વામીશ્રી...
(અમદાવાદ, ૨૦-૧૨-૧૯૮૫)




ભુજમાં રિક્ષામાં બેસી શ્રીહરિનાં પ્રાસાદિક તીર્થસ્થાનોનાં દર્શને જતા સ્વામીશ્રી...
(૧૨-૧-૧૯૮૬)



'દરશ હિત તરસત હૈ મોરે નૈના' – ભુજમાં શ્રીહરિના પ્રાસાદિક મંદિરમાં
ભક્તિભાવપૂર્વક દર્શન કરતા સ્વામીશ્રી... (૧૨-૧-૧૯૮૬)




રાષ્ટ્રપતિ ભવનમાં ઠાકોરજી અને સ્વામીશ્રીનો સત્કાર કરતા રાષ્ટ્રપતિ શ્રી જ્ઞાની ઝૈલસિંઘ...
(દિલ્હી, ૨૦-૩-૧૯૮૬)



દિવ્ય જીવન સંઘના અધ્યક્ષ સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતીજી સાથે સ્વામીશ્રીનું સ્નેહપૂર્ણ મિલન...
(અમદાવાદ, ૧૯૮૬)




શારીરિક અસ્વસ્થતામાં પણ નિત્યપૂજામાં માળાજાપમાં લીન સ્વામીશ્રી...
(મુંબઈ, ૧૯૮૬)




વિશ્રામલીલા દરમ્યાન સ્વામીશ્રીના સ્વાસ્થ્યની સ્નેહ-સંભાળ લેવા પધારેલા
પ્રસિદ્ધ સંતવર્ય પૂજ્ય ચિન્મયાનંદ સ્વામીજી... (મુંબઈ, ૧૯૮૬)




સદૈવ સારંગપુરસ્ય રમ્યે...
પ્રિય તીર્થસ્થાન સારંગપુરમાં કથાની રસ-લ્હાણ વર્ષાવતા સ્વામીશ્રી... (૧૯૮૬)




દિવાળીના પવિત્ર પર્વે ભક્તોનાં નામાંના ચોપડા પર શુભ-લાભની વર્ષા...
(ગોંડલ, ૧-૧૧-૧૯૮૬)




દાદર ખાતે સ્વામિનારાયણ મંદિરના તૃતીય પાટોત્સવે અભિષેક કરતા સ્વામીશ્રી...
(મુંબઈ, ૧૨-૧૨-૧૯૮૬)



સ્વામીશ્રીની ૬૬મી જન્મ જયંતીના ઉપક્રમે ભાઈદાસ હૉલ ખાતે નવયુવાનોનો દીક્ષા સમારંભ...
(મુંબઈ, ૮-૧૨-૧૯૮૬)




અક્ષરવાડી, પવઈમાં બાળસભામાં વાત્સલ્યમૂર્તિ સ્વામીશ્રી...
(મુંબઈ, ૧૯૮૬)



અક્ષરવાડીમાં ભક્તો પર અમૃતવર્ષા રેલાવતા સ્વામીશ્રી...
(મુંબઈ)



કમલા મિલના એક મજૂરનું સ્વાગત સ્વીકારી, તેને સન્માનિત કરતા સ્વામીશ્રી...
(મુંબઈ, ૧૯૮૬)



ભારતીય સંગીતના વિખ્યાત સિતારાઓ સ્વામીશ્રીનાં દર્શને...
વાંસળીવાદક હરિપ્રસાદ ચોરસીયા, સંતૂર સમ્રાટ શિવકુમાર શર્મા, સારંગીવાદક રામનારાયણ,
તબલાવાદક અલ્લારખાં તથા અન્ય સંગીતધુરંધરો સાથે... (મુંબઈ, ૩૧-૧૨-૧૯૮૬)

અનુક્રમણિકા

વિષય **પૃષ્ઠ**

અમૃતધારા ૧૬ :
રૂડી દીઠી તમારી મેં રીત

અમૃતધારા ૧૭ :
ડંકો દેશ બધા માંહિ દીધો

- **સન ૧૯૮૪**

અમૃતધારા ૧૮ :
ગુણાતીતના ગૌરવગાને ગગન ભરી દઈએ...

- **સન ૧૯૮૫**

અમૃતધારા ૧૯:
પ્રત્યક્ષ એ તો પરમેશ જેવા

- સન ૧૯૮૬



શોભો સાધુ ગુણે સદા સરળ ને, જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની, કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,
નારાયણસ્વરૂપદાસ ગુણીને, સ્નેહે જ વંદું અહો.



રૂડી દીઠી તમારી મેં રીત...

સન ૧૯૮૩
રોમ રોમ રટન હરિ કા

તીર્થસ્થાન ધારીમાં બિરાજતા સ્વામીશ્રી તા. ૧/૧ની સવારે યોગનિદ્રા તજી જાગ્રત થયા ત્યારે નવું વર્ષ તેઓને સાથ આપવા બારણે આવીને ઊભું રહી ગયેલું. તેનો હાથ પકડીને આજે સ્વામીશ્રી ધારીમાં આવેલા કૃષિ યુનિવર્સિટીના સંશોધન કેન્દ્ર, ગોવિંદપુરાની માધ્યમિક શાળા, ચલાળા-સ્થિત બ્રહ્મસમાજની વાડી અને સાવરકુંડલાની જે. વી. મોદી હાઈસ્કૂલમાં સત્સંગનો લાભ આપવા ઘૂમી વળ્યા. તેઓના આવા ઝપાટાબંધ પરિભ્રમણ સાથે તાલ મિલાવવામાં નવી સાલ તો તેની આવરદાના પહેલા જ દા'ડાથી હાંફવા માંડી; પરંતુ આવા વિદ્યુતવેગી વિચરણમાંયે અકબંધ રહેતી સ્વામીશ્રીની ભક્તિ અને ભાવનાઓને જોતાં તો તે આશ્ચર્ય જ અનુભવી રહી.

હા, તા. ૨/૧ની સાંજે સ્વામીશ્રીએ સાવરકુંડલામાં કરેલી પચીસેક પધરામણીઓ દરમ્યાન દિનુભાઈ નામનો એક યુવાન તેઓના સંપર્કમાં આવ્યો. હાથલારીમાં કટલરીનો સામાન વેચીને ગુજરાન ચલાવતો આ યુવક તેની આવકનો દશમો ભાગ ધર્માદા પેટે કાઢતો, પણ સ્વામીશ્રીને આ જાણ થતાં તેઓએ તેને કહ્યું : 'તારે દશમો નહીં, વીશમો ભાગ કાઢવો.'

કરોડોના કારોબારમાં પરોવાયેલા રહેવા છતાં એક લારીધારી યુવકના વ્યવહારની આવી ખેવના કરતા સ્વામીશ્રી નવા વર્ષને નવા જ લાગ્યા.

તેઓના સાંનિધ્યમાં હરહંમેશ માણવા મળતું આવું નવીન તા. ૩/૧ના રોજ બાઢડામાં પણ બન્યું.

અત્રે જાગા સ્વામીએ ચણેલી પ્રાસાદિક દીવાલનાં દર્શન કરીને ગામનાં ફળિયાં પાવન કરવા નીકળેલા સ્વામીશ્રી સાથે ચાર-પાંચ સંતો-ભક્તો ચાલી રહેલા. તેમાંના એક ધર્મવિહારીદાસ સ્વામી થોડી વારે કંઈક અજબ અનુભવ કરવા લાગ્યા.

ઘરોઘર ઘૂમતા સ્વામીશ્રી તરફથી તેઓને 'સ્વામિનારાયણ' મહામંત્રના ઝીણા, મીઠા સ્વરનો ગુંજારવ સંભળાવા લાગ્યો. તેથી તેઓએ સ્વામીશ્રીના કંઠ અને હોઠ તરફ મીટ માંડી તો હોઠ ફફડતા નહોતા અને કંઠ હલતો નહોતો, છતાં મહામંત્રનું રટણ તો સંભળાતું જ હતું!

આ રહસ્યનો તાગ મેળવવા એ સંતે પોતાનાં મન અને કાન વિશેષ કેન્દ્રિત કર્યાં ત્યારે સ્વામીશ્રીના શ્રીવિગ્રહમાંથી જ 'સ્વામિનારાયણ' નામની લયબદ્ધ ધૂન ગુંજી રહ્યાનું માલૂમ પડ્યું!

'*રોમ રોમ રટન હરિ કા...*'ની સ્વામીશ્રીની આ સ્થિતિ જોઈ પેલા સંત તો વિસ્મિત અને રોમાંચિત થઈ ઊઠ્યા.

એક હરિ સે આસક્ત હૈ

તા. ૪/૧ની સવારે સ્વામીશ્રી બાઢડાથી આંબરડી થઈને સાવરકુંડલા જવા નીકળ્યા. તે સમયે કેટલાક સંતોએ રસોઈ વગેરેની પૂર્વતૈયારી માટે આંબરડીથી સીધા જ નાના ઝિંઝુડા જવા પ્રયાણ આદર્યું. સ્વામીશ્રી પણ સાવરકુંડલામાં આવેલા જી.ઈ.બી.ના સંકુલને પાવન કરી સાડા અગિયાર વાગ્યે નાના ઝિંઝુડા આવી પહોંચ્યા, પરંતુ અત્રે તેઓ નગરયાત્રા, જાહેર-સભા અને પધરામણીઓની ત્રિવેણીમાં સ્નાન કરી બપોરે એક વાગ્યે રવજીભાઈ પટેલના ઘેર ભોજન માટે પહોંચ્યા ત્યારે તેઓને જાણ કરવામાં આવી કે 'ઠાકોરજી તો આંબરડી ખાતે જ રહી ગયા છે.'

પૂર્વતૈયારી માટે નીકળેલા સંતો એ વિચારમાં હતા કે 'સ્વામીશ્રી સાથે જનારા સંતો ઠાકોરજીને લઈ જશે.' અને સ્વામીશ્રી સાથે નીકળેલા સંતોને એમ કે 'ઠાકોરજીને થાળ-જળ ધરાવીને સમયસર પોઢાડી દેવા માટે રસોઈ

કરનારા સંતો તેઓને પોતાની સાથે લઈ ગયા છે.' આ કારણે સર્જાયેલી ગેરસમજથી ઠાકોરજી આંબરડીમાં જ રહી ગયેલા. આ ખબર સંતોને સાડા બાર વાગ્યે થાળ ધરાવવાનો થયો ત્યારે જ પડતાં તેઓએ ઠાકોરજી લેવા ગાડી તો મોકલી જ દીધેલી.

પરંતુ આ આવન-જાવનમાં દોઢેક કલાકનો સમય જાય તેમ હોવાથી સૌએ વિનંતી કરી કે 'બાપા! અમે ઠાકોરજીનો થાળ અલગ કાઢી લઈએ. આપ જમવા બેસી જાઓ.'

'એમ થાય જ નહીં. ઠાકોરજી જમે પછી જ આપણે જમાય.' આટલું કહી સ્વામીશ્રીએ તો પાણી પીવાનો પણ ઈન્કાર કરી દીધો.

આ તરફ ગાડી ઠાકોરજીને લેવા આંબરડી પહોંચી તો ત્યાં વળી નવી ઉપાધિ ઊભી થઈ. જેઓના ઘેર ઠાકોરજી રહી ગયેલા તે ભીમજીભાઈનાં પત્ની ઠાકોરજી આપવા આનાકાની કરવા લાગ્યા કે 'સ્વામીબાપા તો અમારા માટે ઠાકોરજી મૂકી ગયા છે. હવે અમે આ લાલજીની પૂજા કરીશું.'

એક મહિલાનો આ આગ્રહ અળસાવવામાં ઘણો સમય વીત્યો. અંતે તેઓ સંમત થતાં ઠાકોરજીને લઈ ગાડી નાના ઝિંઝુડા પરત ફરી ત્યારે બપોરના અઢી વાગી ચૂક્યા. તે સમયે ઠાકોરજીને થાળ થયો. ત્યારબાદ જ સ્વામીશ્રી જમવા બિરાજ્યા.

ગંગાની ગતિ

નાના ઝિંઝુડાથી સાવરકુંડલા થઈને અમરેલી પધારેલા સ્વામીશ્રીને અત્રે તા. ૪/૧ની રાત્રે યોજાયેલી જાહેર-સભામાં શહેરના શ્રેષ્ઠીઓએ સન્માન-પત્ર આપીને નવાજ્યા. વળી, આ નગરના માણેકપરામાં આવેલી ફૉરવર્ડ મૅડિકલ સ્કૂલ પાસેના ચોકનું નામ 'અક્ષરચોક' તથા ત્યાંથી અક્ષર-પુરુષોત્તમ મંદિર તરફ જતા રસ્તાની ઓળખ 'સત્ય સ્વામિનારાયણ માર્ગ' તરીકે રાખવાનો ઠરાવ નગરપાલિકાએ કરેલો. તે બંનેનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીએ તા. ૫/૧ની સવારે જંગી માનવમેદનીની ઉપસ્થિતિમાં કર્યું.

આમ, નગરે-નગરે બ્રહ્મ-પરબ્રહ્મનાં સ્મૃતિચિહ્નો રોપતાં તેઓ મોટા લીલિયા થઈને બાબરા આવી પહોંચ્યા.

આ ગામમાં સ્વામીશ્રીએ પુરાણું વિચરણ વાગોળતાં કહ્યું: 'અત્રે શાસ્ત્રીજી મહારાજ પારાયણ માટે આવેલા. અમે સાથે હતા. ભાડિયા કૂવે રોજ

ન્હાવા જતા. સાત દિવસ રહેલા.'

આ સ્મૃતિલાભની સાથે પારાયણ અને પધરામણીઓથી પણ બાબરાને ધન્ય કરી સ્વામીશ્રી ખાખરિયા તથા લાઠીને લાભ આપતાં ઠાંસા પહોંચ્યા.

અહીં તા. ૭/૧ની સવારે ૩૫ ઘરોમાં પગલાં પાડી તેઓ દામનગર, ખારા અને પાંચ તળાવડાને તરબોળ કરતાં જ્યારે નાની વાવડી પહોંચ્યા ત્યારે આજના આખા દિવસમાં સ્વામીશ્રી ૭૦ પધરામણીઓ કરી ચૂકેલા. તેની હડફેટે બપોરના આરામનો તો ખુરદો જ નીકળી ગયો. વળી, આ સમયે ઠંડીનું જોર તીવ્ર હતું, તેથી થાક, ઉજાગરો અને ટાઢના ત્રિભેટે અટવાયેલા સ્વામીશ્રીના શરીરમાં કસર વર્તાવા લાગી. છતાં મંદિરે યોજાયેલી રાત્રિસભામાં પધારેલા તેઓએ અત્રે એક કલાક સુધી ધર્મલાભ આપ્યો.

પરંતુ કસરની અસર વધતાં ચાલુ સભાએ જ સ્વામીશ્રીને ઉતારે આરામ માટે લઈ જવાયા. અહીં તેઓનો નિવાસ એક નિર્માણાધીન મકાનમાં હોવાથી ભોંયતળિયે તો નર્યો વેકરો જ વેરાયેલો. તે પર પથારી પાથરીને સ્વામીશ્રી પોઢ્યા ત્યારે તેઓની ભીડાભક્તિનું એક નવતર પૃષ્ઠ આલેખાઈ ગયું.

માંદગીમાં પણ પૂરતી સવલતોનો મેળ ન પડે તેમ છતાં સ્વામીશ્રીના વિચરણની ધારા વહેતી જ રહેતી. પથરા-ટેકરાના અવરોધથી ગંગાની ગતિ કદી રોકાય ખરી?

સાધુનો આ રિવાજ નહીં

તા. ૮/૧ની સવારે સ્વામીશ્રીના શરીરમાં કળતરની તીવ્રતા ઓછી થયેલી, પણ તે સાવ નાબૂદ તો નહોતી જ થઈ. છતાં પધરામણીએ નીકળી પડેલા તેઓ કેશુભાઈના ઘેર પધાર્યા ત્યારે અહીં તો તેઓનાં ચરણ ધોવાં ત્રાટ, જળ, ખુરશી તથા ચરણારવિંદની છાપ પાડી આપવા માટે કંકુ વગેરે સાજ તૈયાર હતો. ભક્તનો ભાવ પણ એવો જ ઊછળતો હતો; પરંતુ તે સ્વામીશ્રીની સાધુતાની પાળને તોડી ન શક્યો.

સ્વામીશ્રીએ આ ભાવપ્રવાહને ખાળતાં-વાળતાં એ સત્સંગીને જણાવ્યું: 'સાધુનો આ રિવાજ નહીં. આપણે હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવીએ.'

આટલું કહી તેઓએ જનમંગલ નામાવલિના પાઠ સાથે ઠાકોરજીને ગંગાજળથી નવડાવ્યા અને આશીર્વાદ આપ્યા કે 'આ પ્રસાદીનું જળ હવે સાચવી રાખજો. કોઈ અંતકાળમાં હોય તો ચમચીથી પાવું તો તેને અક્ષરધામની

પ્રાપ્તિ થશે. આ પાણી પેઢીઓ સુધી સાચવવું. આથી દુઃખમાત્ર દૂર થઈ જશે.'

આમ, સાધુનો નિયમ અને હરિભક્તનું મન – બંને સાચવીને વિચરતા સ્વામીશ્રી ગારિયાધાર તથા પરવડીને પાવન કરતાં ખાખરિયા આવી પહોંચ્યા.

શું કામ બાકી રાખવું ?

દસ-બાર વર્ષની ઉંમરે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન પામેલા ખાખરિયાના હરિભાઈને હનુમાનજી વિષે અપાર આસ્થા હોવાથી તેઓ ગામના સ્વામિનારાયણ મંદિરમાં પધરાવેલા મારુતિનંદનનો મંત્રજાપ કરતા. તેઓની આ ભક્તિથી રીઝી એક વાર પવનસુતે દર્શન દીધાં ત્યારે હરિભાઈએ માગણી મૂકેલી કે 'મને પૂર્ણ પુરુષોત્તમ નારાયણનાં દર્શન કરાવો.'

પરંતુ આ સાંભળી હનુમાનજી અદૃશ્ય થઈ ગયા. તેથી હરિભાઈએ પુનઃ મહિના સુધી મંત્રજાપ કર્યો. હનુમાનજીએ ફરી દર્શન આપ્યાં. આ મુમુક્ષુએ દર્શનની એ જ માગણી જારી રાખી. ત્યારે હનુમાનજીએ કહેલું : 'હું રામજીનાં દર્શન કરાવું. પૂર્ણ પુરુષોત્તમ નારાયણનાં દર્શન કરવાં હોય તો મારા સ્થાન(સારંગપુર)માં શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસને મળો.'

આમ, પવનસુતે ત્રણ વખત વાત કરતાં હરિભાઈને સ્વામીશ્રીની સ્વરૂપનિષ્ઠા જડબેસલાખ થઈ ગયેલી.

ગામમાં પૂર્વે બનેલા આ પ્રસંગને કારણે ખાખરિયા મુકામે થયેલું સ્વામીશ્રીનું આગમન સૌને આનંદ દેનારું સાબિત થઈ રહ્યું. ફળસ્વરૂપે ગુલ-ગુલાલથી ગામની શેરીઓ ભરાઈ રહી. ઢોલ-ત્રાંસાંના ગડગડાટને કારણે તે ગાજી પણ ઊઠી. વળી, ગામધુમાડો બંધ હોવાથી ગામની ગલી-ગલીએ પંગતો પડી ગઈ. રાત્રે ચોરામાં સભા પણ ભરચક ભરાઈ.

તેને અનુસરતાં તા. ૯/૧ની સવારે ગોઠવાયેલી પધરામણીઓને પ્રતિસાદ આપતા સ્વામીશ્રીએ આ દિવસે એકાદશીનો નિર્જળ ઉપવાસ હોવા છતાં ૮૦ ઘેર પોતાનાં પગલાં પાડી દીધાં! સવારના સાડા આઠ વાગ્યાથી આરંભાયેલી આ ગતિવિધિ બપોરે ઘડિયાળના બે કાંટા ભેગા થયા ત્યાં સુધી અવિરામ ચાલી.

અલબત્ત, આ કાર્યક્રમમાં સ્વામીશ્રીને ઊભાં ઊભાં જ પધરામણીઓ કરવાની થતાં સતત સાડા ત્રણ કલાક સુધી તેઓના પગે પાણી ઊતરતું રહ્યું. સાથેના સંતો અવારનવાર સ્વામીશ્રીને કહે : 'બાપા ! થોડી વાર બેસો.' પરંતુ

સ્વામીશ્રી તો આ વિનંતી ગણકારી - ન ગણકારી કરતાં ઘૂમતા જ રહ્યા.

છેલ્લે જ્યારે એક જ ઘેર પગલાં પાડવાનું બાકી રહ્યું ત્યારે તે ઘરમાં રહેનારા ઉકાભાઈ સ્વામીશ્રીની સાથે જ પધરામણીઓમાં સામેલ હતા. તેઓએ ઉપવાસના દિવસે સ્વામીશ્રીએ ઉઠાવેલો પરિશ્રમ નજરોનજર જોયેલો. તેથી દ્રવતા હૈયે એ ભક્તે વિનંતી કરી કે 'બાપા ! હવે મારા પ્લોટે નથી જવું. આપ આરામ કરો.'

પરંતુ 'શું કામ બાકી રાખવું?' કહેતાં સ્વામીશ્રીએ એ છેલ્લી પધરામણીને પણ યોગ્ય ન્યાય આપ્યો જ.

ખરેખર, પરને કાજે ઘસાઈ છૂટવામાં તેઓએ કશું બાકી રાખ્યું નથી.

ધર્મ વિના બીજું નજરે ના'વે

ખાખરિયાથી નીકળેલા સ્વામીશ્રી કુંભણ, હણોલ, નવાગામ(બડેલી), પીપળિયા, લીમડા, ઢસા, રળિયાણા થઈને તા. ૧૦/૧ની રાત્રે ગઢપુર આવી પહોંચ્યા. અત્રે ભરવાડોનાં ખોરડાં ખાલી થઈ જવાને કારણે બજારથી સીધો મંદિરનો રસ્તો તૈયાર થઈ ગયેલો. તેથી તે માર્ગે જ સ્વામીશ્રી પધાર્યા.

અહીં તા. ૧૧/૧ની સવારે રસોઈની સેવા કરનારા એક ખોજા ભક્તને પૂજન કરી ધોતિયાં ઓઢાડવાની પણ ઇચ્છા હોવાથી તેનો વિધિ સ્વામીશ્રીના નિવાસકક્ષની પડખેના ઓરડામાં શરૂ થયો. તે દર્શન કરવાં ઓરડાની બહાર આવેલી ઓસરીની જાળી આગળ કેટલાંક મહિલા ભક્તો એકઠા થઈ ગયાં. પરંતુ આ વિગતની જાણ થતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'આ બાજુ સાધુઓની ધર્મશાળા છે. ત્યાં કોઈ બાઈઓને આવવાં દેવાં નહીં. જાઓ, ના પાડો.'

તેઓનું આ ધર્મયુક્ત વલણ આજની સાંજે જરા જુદી રીતે ઝળકી ઊઠ્યું. આ સમયે ગઢપુરથી સારંગપુર જવા નીકળેલા સ્વામીશ્રી મુસાફરી દરમ્યાન 'પ્રકાશ'નો પાઠ કરી રહેલા. આ સામયિકના છેલ્લા પાને ભાવનગરની જનમેદની વચ્ચે છપાયેલી પોતાની ઊભી તસવીર જોઈ તેઓ બોલ્યા : 'આ ફોટા બાજુ સ્ત્રીઓ છે. માટે તે બીજી તરફ મૂકવો જોઈએ.'

આમ, *'સૂતાં બેઠાં ગુણ ધર્મના ગાવે, ધર્મ વિના બીજું નજરે ના'વે...'*ની જ શૈલી રહેલી સ્વામીશ્રીની ! પળે-પળે ધર્મની પાળોને મજબૂત કરતાં જ જીવી ગયા છે તેઓ.

મધરાતે મમતાનો મેઘ

સારંગપુર પધારેલા સ્વામીશ્રીનો તા. ૧૧/૧નો સમગ્ર દિવસ અતિ વ્યસ્ત રહ્યો. આજે ગઢપુરમાં તેઓ વહેલી સવારે ઊઠેલા. બપોરે આરામનો મેળ પણ નહોતો પડ્યો. વળી, સારંગપુરમાંયે રાત્રે ભોજન બાદ સ્વામીશ્રી બોચાસણના હરિભક્તો સાથે એક મહત્ત્વપૂર્ણ મીટિંગમાં પરોવાઈ ગયેલા.

પરંતુ આ બેઠકના પ્રારંભ પૂર્વે નારાયણમુનિદાસ સ્વામીએ તેઓને કહી રાખેલું કે 'બે પાર્ષદોને માર્ગદર્શન લેવા માટે આપને મળવું છે.'

સ્વામીશ્રીએ આ વાત મનમાં ધારી લીધેલી, પણ મીટિંગનો દોર જ ઠેઠ રાત્રે સાડા અગિયાર વાગ્યા સુધી લંબાયો. સમયની સાથે વિમર્શના મુદ્દાની બાબતે પણ આ બેઠક મગજની નસોને તંગ કરી દે તેવી બની રહી. છતાં તેથી પરવારીને સ્વામીશ્રી બોલ્યા : 'મુનિ ક્યાં છે ? બોલાવો.'

આ સંત તો મોડું થયું હોવાથી મુલાકાતનો મેળ નહીં પડે – એમ માની સૂઈ ગયેલા; પરંતુ સંદેશો આવતાં તેઓ સફાળા જાગીને પેલા બે પાર્ષદોને લઈ સ્વામીશ્રી પાસે પહોંચી ગયા. એ પાર્ષદો સાથે સ્વામીશ્રી નિરાંતે બેઠા અને તેઓની સઘળી સમસ્યાઓનું સમાધાન કરી આપ્યું ત્યારે મધ્યરાત્રિનો એ નીરવ પ્રહર સ્વામીશ્રીની વાત્સલ્યવર્ષાથી નીતરી રહ્યો.

પ્રમુખસ્વામી અથથી ઇતિ બધું જ જાણે છે

આ અરસામાં અમુક વિઘ્નસંતોષીઓ સંસ્થાના આદિ સ્થાન સમા બોચાસણના મંદિરની કાર્યવાહીમાં વિક્ષેપ ઊભો કરવાની પેરવીમાં પડ્યા હોવાથી કટોકટીની પળોનો કાફલો પસાર થઈ રહેલો. આ મામલાને સ્વામીશ્રી પોતાની આગવી કુનેહ અને ધીરજથી થાળે પાડી રહેલા. તેના સંદર્ભમાં ચાલતી બેઠકો સાધુતા અને સ્થિરતાની સાથે માનવીય બુદ્ધિની પણ કસોટી કરે તેવી રહેતી. છતાં સ્વામીશ્રી એકલવીરની જેમ દરેક મોરચે ઝઝૂમી રહેલા – મગજ પર કોઈ જ તાણ અનુભવ્યા સિવાય. તેની સાક્ષી પૂરી – છેલ્લા વીસ જ દિવસમાં તેઓએ ખેડેલાં ૫૬ ગામોએ અને તેઓએ કરેલી ૧૨૦૦ પધરામણીઓએ.

આ ક્રમમાં સ્વામીશ્રી તા. ૧૨/૧ની સવારે સારંગપુરથી બોચાસણ પધાર્યા.

અત્રે ઠાકોરજીનાં દર્શન કરીને તેઓએ સભામંડપમાં આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'આ કાશીદાસ મોટાનું ગામ. અહીં શાસ્ત્રીજી મહારાજે ધામ કર્યું. સંસ્થાનું કામ સંસ્થા સંભાળે છે. ગામનું કામ ગામ સંભાળે છે. સૌ સૌનું સંભાળે. બધું જ બદલાતું છે. સાધુઓ, કોઠારીઓ બધા જ બદલાય. ગામના લોકો પણ બદલાતા રહેશે, પણ અહીં આ દેવ બેઠા છે તે બદલાવાના નથી. માટે તેનું મમત્વ રાખવું. શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને વડતાલથી બદલ્યા તો તેમના મનમાં કાંઈ ન થયું. માટે કોઈને કોઈ બોલી ગયું હોય તો માફ કરજો. મનમાં કાંઈ રાખશો નહીં. મારા ઉપર રાજી રહેશો.'

આ સાથે અહીંના રોકાણ દરમ્યાન જ એક વાર હરિભક્તોને ઉદ્દેશીને પણ સ્વામીશ્રીએ માર્મિક વાત કરી કે "પ્રમુખસ્વામી કંઈ નાના ગગા નથી કે કોઈ ફોસલાવી કામ કઢાવી જાય. પ્રમુખસ્વામી અથથી ઇતિ બધું જ જાણે છે. 'જાણતા નથી' એમ જાણે તો નિશ્ચય જ નથી."

સ્વામીશ્રીએ આજે અતિ સ્પષ્ટ રીતે પોતાનું સ્વરૂપ ઉઘાડું કરી દીધું. તે દ્વારા શાસ્ત્રીજી મહારાજની સંસ્થા અને સિદ્ધાંતની સુરક્ષા માટે સાચી સમજ સીંચી તેઓ રાત્રે અગિયાર વાગ્યે અમદાવાદ પહોંચ્યા. અહીં પણ આવતાં-વેંત તેઓએ આરંભેલી મીટિંગ-મુલાકાતોનો દોર દોઢ વાગ્યા સુધી અવિરામ ચાલ્યો!

નથી સંત આવા કોઈ ઠામ

તા. ૧૩/૧ના રોજ અમદાવાદથી સાબરકાંઠા તરફ પ્રસ્થાન કરતાં પૂર્વે સ્વામીશ્રી લોકસેવક શ્રી રવિશંકર મહારાજની ખબર-અંતર પૂછવા પધાર્યા, ત્યારે આ 'દાદાજી' સ્વામીશ્રીને સૂતાં-સૂતાં જ ભેટ્યા અને પોતાનો પ્રેમભાવ વ્યક્ત કર્યો. તેઓને સ્વાસ્થ્યની શુભકામના પાઠવી સ્વામીશ્રી વાડોઠને લાભ આપતાં બપોરે પોણા બે વાગ્યે નાદરી પધાર્યા.

અત્રે છેલ્લા છ દિવસથી સંતોના મુખે ચાલતા ભાગવત પારાયણની પૂર્ણાહુતિના પ્રસંગે આવી પહોંચેલા તેઓનું ગામવાસીઓએ ઉમળકાભેર સ્વાગત કર્યું. આ અવસરે સમગ્ર ગામમાં નીકળેલી ભવ્ય શોભાયાત્રા ભરબપોરે ત્રણ વાગ્યે પારાયણના સ્થળે વિરમી ત્યારે જ સૌને ખ્યાલ આવ્યો કે 'આપણે તો હજી જમવાનું બાકી છે!'

*'તારી લગની અલૌકિક લાગી...'*નો આવો ઘાટ સ્વામીશ્રી જ્યાં જતા

ત્યાં ઘડાતો. તેના ઓવારે બેસીને આજે બપોરે સાડા ત્રણ વાગ્યે સ્વામીશ્રી સહિત હજારો ભાવિકો જમ્યા.

તેના ઓડકાર હજી તો શમ્યા નહોતા ત્યાં જ સ્વામીશ્રી કથામૃત પીરસવા પારાયણમાં પધાર્યા. અત્રે ધર્મલાભ આપી તેઓ સમી સાંજે પોણા સાત વાગ્યે ગામમાં પધરામણીઓ કરવા નીકળ્યા.

પરંતુ આ ગામ ડુંગરમાં વસેલું; તેથી પથરાળ અને ઊંચાણ-નીચાણ ધરાવતું. વળી, શિયાળાની સાંજ હોવાથી અંધારાનું સામ્રાજ્ય પણ વિસ્તરી ચૂકેલું. છતાં સ્વામીશ્રીએ બેટરીના આછા અજવાળે રાત્રે નવ વાગ્યા સુધીમાં ઊભાં ઊભાં સો પધરામણીઓ કરી દીધી!

તેઓની આ કરુણા અને કર્મઠતા જોઈ સૌનાં હૈયાં પ્રતીતિપૂર્વક કહી રહ્યાં: *'નથી સંત આવા કોઈ ઠામ...'*

પ્રત્યક્ષ પ્રભુનો પુરાવો

તા. ૧૪/૧ના રોજ નાદરીમાં પારાયણની પૂર્ણાહુતિ કરી સ્વામીશ્રી દેલવાડા, દેલવાડા કંપા અને ઘનશ્યામ નગરને પાવન કરતાં ખેડબ્રહ્મા પધાર્યા.

અહીં પોષની ઠંડીએ માઝા મૂકી હોવા છતાં, કાશીવિશ્વનાથ મંદિરના ખુલ્લા ચોકમાં યોજાયેલી રાત્રિસભામાં, વિશાળ મેદની લાભ લેવા એકત્રિત થઈ ગયેલી. અલબત્ત, તેઓની આ શ્રદ્ધાને સંકોરનારા સ્વામીશ્રી જ હતા, કારણ કે સાબરકાંઠાના આ વિચરણમાં તેઓ સ્વયં કાતિલ ઠંડીના સુસવાટા ખમતાં ખુલ્લી જીપમાં ઘૂમી રહેલા.

આ ભીડા સાથે આજની રાત્રિસભામાં લાભ આપીને સ્વામીશ્રી ડાહ્યાભાઈ પટેલના ઘેર ઉતારે પધાર્યા ત્યારે અહીં નારણભાઈ મોદી તેઓની પ્રતીક્ષામાં ઊભેલા.

આ હરિભક્તના ખોરડાને બત્રીસ વર્ષ પૂર્વે યોગીજી મહારાજે પાવન કરેલું. ત્યારબાદ છેક આજે તેઓના ઘેર સ્વામીશ્રીનાં પગલાં પડવાનાં હતાં. ઉત્તરાયણની પુણ્યપર્વણીના દિવસે જ આવો મોંઘેરો લાભ મળવાનો હોવાથી, આ સત્સંગીના ઉત્સાહનો કોઈ પાર નહોતો. તેઓએ સ્વામીશ્રીનાં ચરણે ધરવા પોતાની મરણમૂડી પેટે એકઠા કરેલા ત્રણ-સો રૂપિયા તૈયાર રાખેલા. પરંતુ આયોજકોની સરતચૂકને કારણે આજની પધરામણીઓમાં આ ભક્તનું ઘર ભુલાઈ જતાં બત્રીસ વર્ષે આંગણે આવેલો એક સુવર્ણ અવસર ઝૂંટવાઈ

ગયો. છતાં તે બદલ નારણભાઈએ લેશ ધોખો ન કર્યો અને પોતાની સેવા સ્વામીશ્રીને ધરવા તેઓ ઉતારે આવી પહોંચેલા !

રાત્રિના આશરે સાડા દસ વાગ્યાના સુમારે તેઓએ પોતાની મૂડી સ્વામીશ્રી સમક્ષ ધરી ત્યારે આ ભક્તે શરીર પર લપેટેલી શાલના લીરેલીરા ઊડી ગયેલા. એ જર્જરિત વસ્ત્રનાં ફાંકાંઓમાંથી ઘૂસી આવતી ટાઢને કારણે તેઓ સ્વયં ધ્રૂજી રહેલા. તેમ છતાં નવી શાલ લાવવાનો વિચાર છોડી તેઓએ સ્વામીશ્રીનાં ચરણે સેવાની સરવાણી વહાવી દીધી !

પરંતુ ભક્તોના વ્યવહારની રખેવાળી કરનારા સ્વામીશ્રી આ સેવા કેવી રીતે સ્વીકારી શકે ? તેઓએ કહ્યું : 'ભગત ! તમે ભેટ રહેવા દો. આમાંથી સારી શાલ લઈ લેજો. તમને કામ લાગશે.'

સ્વામીશ્રીની આ ભલામણ સાંભળી નારણભાઈની આંખોમાંથી આંસુની ધાર ચાલી. તેમાં જ પોતાના શબ્દોને ઝબોળી આ ભક્તે સ્વામીશ્રીને સેવા સ્વીકારવા કાકલૂદી કરી ત્યારે આ દૃશ્ય જોનારા સૌની આંખો પણ છલકાઈ ઊઠી.

સૌ વિચારી રહ્યા કે *'પ્રત્યક્ષરૂપે પ્રભુ હોય જ્યાંય, ત્યાં ભક્ત આવા નહીં અન્ય ક્યાંય...'*

ગાડી-ગાડાંની સમતા

ખેડબ્રહ્માથી નીકળેલા સ્વામીશ્રી ચાંપલપુર, મેત્રાલ, પાદરડી, ઈડર, હિંમતનગર, મોતીપુરા લાટ, ગાંભોઈ, મોડાસા, બાયલ, ઢાંખરોલ વગેરે ગામોને પાવન કરતાં તા. ૧૭/૧ના રોજ નવી રમોશ પધાર્યા.

આ ગામની સીમમાં આવેલા ખેતરમાં શ્રી રમેશભાઈ પટેલે કૂવો ગાળવા જમીન ખરીદેલી, પરંતુ ત્યાં સુધી ગાડી જઈ શકે તેમ ન હોવાથી ગાડું તૈયાર રાખવામાં આવેલું. તેમાં બેસી સ્વામીશ્રી દોઢેક કિ.મી.નો ધૂળિયો માર્ગ વીંધતાં ખેતરે પહોંચ્યા.

અહીં પણ સાવ પાતળી રજાઈ પર બિરાજી તેઓએ એકાદ કલાક સુધી કૂવાના ખાતવિધિ નિમિત્તે મહાપૂજા કરી. વિધિના અંતે હાથમાં ત્રિકમ લઈ પાંચ ટચકા માર્યા અને કૂવો ગાળવાના શ્રીગણેશ કરી આપ્યા. ત્યારબાદ પુનઃ દોઢેક કિ.મી. ગાડાંવાટે કાપી સ્વામીશ્રી પરત ફર્યા ત્યારે તેઓના જીવનમાં વણાયેલી ગાડી-ગાડાંની સમતા સૌને અહોભાવમાં ગરકાવ કરી ગઈ.

આ સમતાની સડકે જ સરકતાં સરકતાં સ્વામીશ્રી રમોશથી કિશોરપુરા,

દહેગામ, દેવકરના મુવાડા, તલોદ, બિલેશ્વર કંપા, ધનસુરા, વાત્રક થઈને તા. ૧૮/૧ની રાત્રે અટલાદરા આવી પહોંચ્યા ત્યારે તેઓ માત્ર છ જ દિવસમાં પચીસ ગામો ઘૂમી વળેલા!

છતાં અટલાદરાની સત્સંગ-સભામાં સ્વામીશ્રી બોલ્યા : 'શ્રીજીમહારાજનો દાખડો જોતાં આપણો દાખડો તો કાંઈ જ નથી. શ્રીજીમહારાજ અક્ષરધામથી પધાર્યા! શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને તે વખતના સંતોના દાખડા આગળ આપણો દાખડો કાંઈ છે જ નહીં. મહારાજ-સ્વામીનો જેમ છે તેમ મહિમા સમજીએ તો તેમનો દાખડો સુફળ કર્યો કહેવાય.'

સ્વામીશ્રીની નજર હંમેશાં ઈષ્ટદેવ અને ગુરુદેવ તરફ જ મંડાયેલી રહેતી. તેથી અપાર કાર્ય કરવા છતાં તેઓને તો 'પોતે કાંઈ જ કર્યું નથી' એમ અનુભવાતું.

અસેવાની ઓળખ

આ અરસામાં ગુજરાતના એક નામાંકિત અખબારે પોતાની મનઘડંત રીતે સ્વામીશ્રીના વારસદાર તરીકે મહંત સ્વામીનો નિર્દેશ કરી સંસ્થામાં વિખવાદ ઊભો કરવાનો હીન પ્રયાસ આચરેલો. આ અગાઉ પ્રસારિત થયેલી એક પત્રિકામાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી પણ વારસદારરૂપે ઘોષિત કરાયેલા.

પરંતુ આવાં લખાણોને જડબાતોડ જવાબ આપતાં તા. ૧૯/૧ના રોજ યોજાયેલી વસંત પંચમીની ભરચક સભામાં મહંત સ્વામીએ જણાવ્યું :

"(ક) છાપામાં વિગત આવી છે કે સ્વામીએ કોઈ સમૂહ આગળ નહીં ને 'અમુક માણસો આગળ' (વારસદારનો) ખુલાસો કર્યો છે! આ વિચાર કરવા જેવી વાત છે. જો તમારે સ્વામીબાપામાં હેત હોય તો દરેક ગામમાં જઈ, 'આ વિગત ખોટી છે' તેવી વાતો કરવી. તો હું એને સેવા માનીશ. શું બાપાને આપણે સવા સો વરસ રાખવા નથી? છતે ધણીએ રંડાપો જોવાની આ વાત છે! આ કઈ રીતે ચલાવી શકાય? આ કઈ રીતે સાંભળી શકાય? એટલે એનો વિચારેય આપણે કરવા જેવો નથી.

આપણે બધા એક છીએ. તમે ગૃહસ્થ અને અમે ત્યાગી, પણ બધા એક છીએ. આપણા બાપ એક છે. આપણા ગુરુ એક છે. માટે આ (વારસદાર અંગેની) ગેરસમજ ટાળશો તે મોટી સેવા થશે. જે કોઈ લખનાર હોય, પણ આવાં તત્ત્વોથી ચેતવું. તેમાં લેવાવું નહીં. તેમની આવી વાતો સાંભળવી જ

નહીં. તે કીચડ છે. આપણે તો અત્યારે આ એક પ્રમુખસ્વામી જ આપણા ગુરુ છે. એની જ પુષ્ટિ. જેમ શાસ્ત્રીજી મહારાજ હતા, યોગીબાપા હતા, આજે પ્રમુખસ્વામી એ રીતે જ છે. શાસ્ત્રીજી મહારાજ થઈ ગયા એવી વાત નથી, આજે એ પ્રમુખસ્વામીમાં બેઠા છે.

શાસ્ત્રીજી મહારાજે તમને ને મને કેમ ન સોંપ્યું અને એમને જ કેમ સોંપી ગયા? આ તો શાસ્ત્રીજી મહારાજે તેમનો મહિમા કહ્યો, પણ ન કહ્યો હોત તોય આજે તો અનુભવ થાય છે દરેકને. એટલે આપણે દરેકે 'એક પ્રમુખસ્વામીને રાજી કરવા છે' એવો અંતરમાં દૃઢાવ કરો. આજે ભગવાન તેમના દ્વારા કાર્ય કરી રહ્યા છે. આજે આપણે સ્વામીબાપાને રાજી કરી લઈએ તો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ રાજી જ છે, શ્રીજીમહારાજ રાજી જ છે. આજે જો એક જ પુરુષ સામે દૃષ્ટિ હશે તો આ પ્રશ્ન કોઈને રહેવાનો નથી. પણ જો ત્યાં ચૂક્યા અને બીજે ક્યાંય પણ વૃત્તિ એમના કરતાં વિશેષ ગઈ તો વિઘ્ન ઊભાં જ છે અને આપણી અસેવા થવાની છે.''

ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં અપાયેલી અસેવાની આ ઓળખ મહંત સ્વામીની ગુરુભક્તિને પણ ઓળખાવી ગઈ.

આપણને જેવી જોઈએ તેવી વસ્તુ મળી છે

આ સમયે સત્સંગમાં પ્રવેશવાનો પ્રયત્ન કરી રહેલા કુસંગને અટકાવવા સ્વામીશ્રીએ પણ વસંત પંચમીની સભામાં અમૃતધારા વહાવી કે –

''શાસ્ત્રીજી મહારાજ આ કંઈ રમત રમી ગયા તેવું નથી. અહીં તેમનો સુવર્ણજયંતી મહોત્સવ ઊજવ્યો હતો. અહીં આવીએ ત્યારે તે સ્મૃતિ થઈ જાય. અંતકાળે એ યાદ આવે તો અક્ષરધામમાં જવાય. આપણે અહીં લાભ લેવા આવ્યા છીએ તો દૃષ્ટિ સારી રાખવી.

(ક) છાપામાં જાહેરાત આવી, પણ તેવી વાતો થઈ નથી. માણસે મનસ્વી રીતે લખ્યું છે. આપણા મનમાં વારસદારનો પ્રશ્ન શા માટે ઉપસ્થિત થાય છે? એ શ્રીજીમહારાજ પર છોડવું. એ ચિંતા કરવી નહીં. શાસ્ત્રીજી મહારાજના વખતમાં આપણે કોઈ ચિંતા કરી નથી. યોગીજી મહારાજના વખતમાં કોઈ ચિંતા કરી નથી. આપોઆપ આપણને જેવી જોઈએ તેવી વસ્તુ મળી છે. કરનારા છે તે અહીં બેઠા છે હજુ તો. અહીં આવીને પૂછો ને! લોલમલોલ ચાલીએ તેમાં સમાસ ન થાય. સંતો-હરિભક્તોને દુઃખ થાય. મૂળ

પુરુષોને પણ ધક્કો લગાડીએ.

જે બેઠા છે એમને એવું કંઈ સપનું નથી આવ્યું. આવી વાતો આપણામાં કુસંપ કરાવવા માટે છે. આવી વાતોથી દૂર રહેવું. આપણે એ માટે આગળ વધતા હોઈએ તો એ સત્સંગની લાગણી નથી, સંસ્થાની લાગણી નથી, સંસ્થાનો પ્રેમ પણ નથી. ખરેખર પ્રેમ હોય તો એના ખુલાસા મળ્યા પછી એ પ્રમાણે કરવું, તો જ આપણી સાચી સેવા છે અને સાચું મમત્વ છે. મહારાજ બધાને સારી બુદ્ધિ આપે, સારા વિચારો આપે. પૂછવું હોય તો અહીં આવીને પૂછો. ભગવાન પોતાની રીતે વારસદાર નીમી દે છે. એટલે તેમાં આપણે ઉતાવળ કરવાની કોઈ જરૂર નથી. ધીરજ, શાંતિ રાખી સત્સંગ ચાલે છે તેમાં વધારો કરીએ, ગુણાતીત દ્વિશતાબ્દી શાનદાર ઊજવીએ. દરેકને ખાસ નમ્રભાવે વિનંતી છે.''

સ્વામીશ્રીના આ સંશયભેદક શબ્દોએ સૌનાં અંતર અજવાળી દીધાં.

વીસરી ગઈ તનની ઉપાધિ

અટલાદરામાં વસંત પંચમી ઊજવી સ્વામીશ્રી સરદાર નગર, છાણી, બોરસદ, કાળુ, ખડોધી, રાવપુરા થઈને તા. ૨૧/૧ના રોજ બદલપુર પધાર્યા.

અહીંથી તા. ૨૨/૧ની સવારે ધુવારણ પહોંચી તેઓએ નૂતન મંદિરના ખાતવિધિ બાદ આજે વિચરણનો રથ એવો દોડાવ્યો કે રાત્રે આણંદ પહોંચ્યા ત્યાં સુધીમાં તો ૧૩ ગામોમાં તેઓનાં પગલાં પડી ચૂક્યાં!

આટલા ભરચક વિચરણ પછી પણ સ્વામીશ્રીએ આણંદની સત્સંગ-સભામાં કથાવાર્તાનો લાભ આપ્યો. પરંતુ હૃદય ધબકાર ચૂકી જાય તેવી વાત તો ત્યારે બની કે જ્યારે સ્વામીશ્રી આ સભા બાદ રાત્રે બે વાગ્યા સુધી હરિભક્તોને મુલાકાતો આપતા રહ્યા!!

પોતાના આવા અપાર પરિશ્રમનું પ્રયોજન જણાવતાં તેઓએ તા. ૨૩/૧ની પ્રાતઃકથામાં કહ્યું કે –

'બેઠા છે તેને પૂછી લેવું. ગેરસમજૂતી ન ફેલાવવી. સાવધાની રાખવી. કેટલાં કષ્ટ વેઠી શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે સંસ્થા ઊભી કરી છે! તેને માટે પક્ષ હોવો જોઈએ. અમે રાત-દિવસ રખડીએ છીએ, ફરીએ છીએ, તે કેવળ સ્વામી રાજી થાય, અક્ષર-પુરુષોત્તમનો સિદ્ધાંત ફેલાય, હરિભક્તો વધે તે માટે છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું આ કાર્ય છે. તેમણે

સોંપ્યું છે તે કરીએ છીએ. હેત દેખાડીએ, મહિમા ગાઈએ પણ (સત્પુરુષની) વ્રાત મનાય નહીં. ભગવાન અને મોટાપુરુષને માન્યા હોય તો 'આટલું ઠીક નથી કરતા' એમ મનાય નહીં. આવું થાય તો ભગવાન ને મોટાપુરુષ માન્યા જ નથી. મોટાપુરુષને પણ ભગવાને એવી દૃષ્ટિ આપી છે, તેથી તે બધું જાણે છે ને જુએ છે.'

આ વેધક વાણી વહાવી વિદ્યાનગર પધારેલા સ્વામીશ્રી અહીં છાત્રાલયના વિસ્તરણ નિમિત્તે બીજી વાર ખાતવિધિ કરતાં બોલ્યા : 'બેવડે દોરે કામ.'

કોઈ પણ અવસરને આવા પ્રાસંગિક ઉદ્‌ગારોનો પુટ ચઢાવી લોક-હૃદયમાં સ્થિર કરી દેવાની સ્વામીશ્રી પાસે આગવી કળા હતી.

શરણાગતના શમાવો તાપ

વિદ્યાનગરથી વિદાય લઈ તા. ૨૩/૧ની સાંજે નવસારી પધારેલા સ્વામીશ્રી અત્રે રાષ્ટ્રીય રાજમાર્ગને અડીને જ મંદિર માટે સંપાદિત થયેલી ભૂમિ પર પુષ્પો વેરી વલસાડ પહોંચ્યા.

અહીંના એક રાસાયણિક કારખાનામાં છેલ્લા અઢી મહિનાથી હડતાલ પર ઊતરેલા અને તોફાને ચડેલા કામદારોથી વાતાવરણમાં ઘણી જ તંગદિલી પ્રવર્તતી હતી. આ ઉપરાંત, અન્ય અનેક વ્યાવસાયિક પ્રશ્નોથી પણ આ ઉદ્યોગગૃહના માલિક શ્રી હિંમતભાઈ પરેશાન હતા. તેમાં રાહત પામવા જ તેઓએ આજે સ્વામીશ્રીને પોતાના સંકુલમાં પધરાવેલા. તે હેતુ સિદ્ધ કરતા સ્વામીશ્રીએ સઘળે ઠેકાણે પગલાં કરી આશીર્વાદ આપ્યા કે 'મહારાજ બધું સારું કરી દેશે.'

આટલું કહી તેઓએ તો વાપી જવા વિદાય લીધી, પરંતુ તે રાત્રે જ ચમત્કાર સર્જાયો. બધા હડતાલિયા કર્મચારીઓ આપમેળે જ ભેગા થયા અને બીજા દિવસની સવારે નવ વાગ્યાથી તો બિનશરતી કામે ચઢી ગયા! આમ, ઘણી વાર સ્વામીશ્રીની માત્ર ઉપસ્થિતિ પણ વિદ્રોહી અને વિધ્વંસક વિચાર-ધારાઓને ઓગાળી દેવા પૂરતી નીવડતી. છતાં પોતાની દરેક સિદ્ધિમાં શ્રીજીમહારાજના પ્રૌઢ પ્રતાપને જ કારણભૂત ગણનારા સ્વામીશ્રી કદી યશના ધણી થતા નહીં.

આ રીતે વિચરતા તેઓ તા. ૨૩/૧ની રાત્રે વલસાડથી વાપી પહોંચ્યા ત્યારે અહીં સેલવાસ વિસ્તારના દોઢસો યુવાનો અક્ષરજ્યોત લઈને દોડી

આવ્યા. તેઓનો આ ભક્તિભાવ જોઈ રીઝેલા સ્વામીશ્રીએ આ યુવાસેનાને નિશાન રોપી આપતાં જણાવ્યું : 'તમારે આદર્શ જીવન કરવું અને (સેલવાસનાં) બોંતેરે-બોંતેર ગામ સત્સંગી કરી દેવાં. ગામોગામ કુટિરમંદિરો કરી દેવાં.'

આ હાકલ લગાવી સ્વામીશ્રી સંજાણ અને બોરડીને પાવન કરતાં તા. ૨૪/૧ના રોજ ઘોલવડના એક ફાર્મ હાઉસમાં પધાર્યા. જળ-ફળથી છલકાતી આ વાડીના માલિક શ્રી યોગેશભાઈ પટેલ આજે તેઓને વધાવતાં કૃતજ્ઞતાથી નમી પડ્યા, કારણ કે અગિયાર વર્ષ પૂર્વે સ્વામીશ્રી અહીં આવેલા ત્યારે આ વાડી સૂકી ભઠ્ઠ હતી. વાડીના પૂર્વ માલિકે પાણી મેળવવા માટે ત્રણ બોર કરી પૈસા અને પરસેવાનું પાણી વહાવેલું; છતાં જળસંપત્તિ હાથ ન લાગતાં છેવટે તેણે કંટાળીને આ વાડી વેચી મારેલી. તેમાં સ્વામીશ્રીએ પગલાં પાડેલાં ત્યારે એક નાના કૂવામાં ફૂટવાલ્વ ડૂબે એટલું જ પાણી હતું ! તે જોઈ ઠાકોરજી સાથે કૂવામાં ઊતરેલા સ્વામીશ્રીએ ત્યાં હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવેલું.

તેઓના આ પરિશ્રમના પ્રહારથી જાણે પાતાળ ફૂટેલું. તેથી અહીં થવા માંડેલી પાણીની રેલમછેલના પ્રતાપે જ આજે આ વાડી હરિયાળી અને રળિયામણી બની ગયેલી. તેનું નામ સ્વામીશ્રીએ 'અક્ષરવાડી' રાખ્યું.

ભક્તોનાં કષ્ટ કાપવાં કૂવામાં ઊતરનારા સ્વામીશ્રીના દિલમાં ખળખળતી કરુણા પાતાળગંગા જેવી જ અમાપ અને અકળ હતી. તે વન અને જીવન, બંનેને લીલાંછમ રાખતી.

વિમુખની વ્યાખ્યા

ઘોલવડથી વિદાય લઈ સ્વામીશ્રી દહાણુ, બલીઠા, પારડી, અતુલ, વલસાડ, ભરૂચ, અટલાદરાને લાભ આપતાં અડાસ પહોંચ્યા.

અહીં તા. ૨૬/૧ની સવારે તેઓએ પંચાયતગૃહ, સર્વોદય કુમારશાળા અને જે. જે. હાઈસ્કૂલ એમ ત્રણ સ્થાનોમાં ત્રિરંગો ફરકાવી ગામને રાષ્ટ્ર-ભક્તિની ત્રિવેણીમાં તરબતર કરી દીધું. આ પ્રસંગે પ્રેરક આશીર્વર્ષા કરતાં પણ સ્વામીશ્રીએ કહ્યું : 'ભૌતિક વિકાસની સાથે સાથે આધ્યાત્મિકતાની જરૂર છે. ભગવાન ભુલાય છે તે અશાંતિનું મૂળ બને છે. આપણે બધા ભગવાનના બાળકો છીએ. ભગવાનને રાજી કરવા જન્મ્યા છીએ.'

પ્રજાસત્તાક દિનનો આ સંદેશ વહાવી સ્વામીશ્રી વઘાસી, નાપાડ, આણંદ, ગામડી, મોગરી, વલાસણને લાભ આપતાં તા. ૩૧/૧ની સાંજે

વિદ્યાનગર પધાર્યા.

, અત્રે સંધ્યા આરતી બાદ વચનામૃત(વર.૧૯)ના આધારે સદ્‌બોધ વહાવતાં તેઓએ જણાવ્યું :

"ભગવાન ને સંત જે કરે છે તે બધું બરાબર જ છે – આમ સમજાય તો ઓળખાણ થઈ કહેવાય. સંત એટલે ગુણાતીત. તે મહારાજને અખંડ ધારી રહ્યા છે. રામરોટી માગે તેવા નથી. હજારોને રામરોટી ખવરાવે તેવા છે. ભગવાનને ધાર્યા એટલે ભગવાન જેટલું સામર્થ્ય. ભગવાન જેવું સંત કાર્ય કરી શકે છે – તેમ સમજાય તો ઓળખાણ પાકી થઈ કહેવાય. દુનિયા તેને માને કે ન માને તેણે કરીને તેમની મોટપ નથી. આજ્ઞા-ઉપાસના જેટલી દૃઢ તેટલી મોટપ. તેમનાં સુખ, સામર્થી સહિત ઓળખાણ તે તત્ત્વે સહિત ઓળખાણ. તેઓ અજ્ઞાન બતાવે પણ મહાન જ છે.

સંતમાં અવગુણ આવ્યો તો ભગવાનમાં આવશે. માટે પોતાનું જોવું. આપણું ધાર્યું કરવું છે ત્યાં સુધી આપણી નિષ્ઠા પાકી થઈ જ નથી. જેટલું સમજણમાં ચૂંથાય છે તેટલું સત્સંગમાં સુખ આવતું નથી. પડળ ખસી જાય તો સુખ. શાસ્ત્રીજી મહારાજ ૮૬ વર્ષ સુધી ફર્યા. શું કામ? આપણું સારું થાય તે માટે. તેમનો દાખડો જોઈ આપણે તો ન્યોછાવર થઈ જવું જોઈએ. 'કેમ કર્યું?' એમ સંકલ્પ થાય તો વિમુખ. ભગવાન ને સંતની જેમાં ગૌણતા હોય તેમાં કાન ન દેવાય. પાજી-પળાવની છાયામાં દબાવું નહીં. જેને માન્યા છે તે રાજી થયા? આ ન થયું તો અંતરમાં શાંતિ ન થાય. ભગવાન ને સંતને સમજ્યા તે વિવેક."

અસ્ખલિતપણે વહેલી સ્વામીશ્રીની આ અમૃતધારાએ કંઈકનાં કાળજાંનો કાટ ધોઈ નાંખ્યો.

કઠણ પળ આવી છે જો...

વિદ્યાનગરથી વિદાય લઈ સ્વામીશ્રી આણંદ, બોરિયાવી, કણજરી, લાંભવેલ, ઉત્તરસંડાને લાભ આપતાં સારસા પધાર્યા.

અત્રે તા. ૪/૨ની સવારે દાદરાની ચઢ-ઊતરવાળી પચાસેક પધરામણીઓ કરી તેઓ આજની સાંજે ખંભોળજ થઈને સુંદલપુરા પહોંચતાં જ અહીં શાનદાર શોભાયાત્રાનાં વાદ્યો ગગડી રહ્યાં. તેમાં એક છડીદારે બુલંદ અવાજે સ્વામીશ્રીની નેકી પોકારતાં જ સ્વામીશ્રીએ ટકોર કરી કે 'શ્રીજીમહારાજની

છડી પોકારવી.'

સ્વાગતનાં વાજાં વચ્ચે પણ તેઓની ભક્તિનો નાદ જોર-શોરથી ગાજતો રહેતો. તેને નગરયાત્રા બાદ યોજાયેલી સત્સંગ-સભામાં પણ ગજવી સ્વામીશ્રી રાત્રે છેક બે વાગ્યે પોઢવા પામ્યા.

છતાં અંબાલાલભાઈ પટેલના ઘેર સૂતેલા તેઓ તા. ૫/૨ની સવારે સાત વાગ્યે તો જાગ્રત થઈ ગયા. તે વખતે તેઓના મુખ પર ઝળકી રહેલી સ્વસ્થતા જોઈને કોઈ તેઓના હૃદયની ભીંસને પામી ન શક્યું.

પરંતુ તેઓની દેહાતીત સ્થિતિ સાથે તાલ મિલાવવામાં અંતે હૃદય હાંફ્યું, હાર્યું અને સ્નાનાદિક વિધિ બાદ સ્વામીશ્રી ધોતિયાની પાટલી વાળી રહેલા ત્યારે જ તે ફસડાઈ પડ્યું !

તેથી સ્વામીશ્રીને છાતીની ડાબી બાજુના ભાગમાં સખત દુખાવો ઊપડ્યો. છાતી પર પણ પરસેવો વળવા લાગ્યો અને શ્વાસ લેવામાંયે તકલીફ પડવા માંડી. બ્લડ પ્રેશર નોંધવા કાનમાં સ્ટેથોસ્કોપના છેડા નાંખી પ્રયત્ન કરો તો કંઈ સંભળાય જ નહીં એટલી ધીમી નાડી ચાલી રહેલી. તેના ધબકારા ૫૪ના આંક સુધી ઊતરી ગયેલા !

સમગ્ર સત્સંગ માટે આ પ્રલયંકારી પળ કાંઈ જ ન સૂઝે એવો અજંપો અને અનિશ્ચિતતા લઈને આવી પહોંચી.

હૃદયરોગના હુમલાની આ ગંભીર પરિસ્થિતિમાં સ્વામીશ્રીને તો તરત જ સુવડાવી દેવામાં આવ્યા, પરંતુ આ નાના ગામમાં વિમાસણનો વિષય બની – દક્ષ દાક્તરની ગેરહાજરી. સ્વામીશ્રીને શીઘ્ર અને સુયોગ્ય સારવાર આપે એવું કોઈ જ આ ગામમાં ઉપલબ્ધ નહોતું. આવા સંજોગોમાં સ્વામીશ્રી અસહ્ય પીડા સહન કરતાં પોઢી રહ્યા. છેવટે ભણતરે આયુર્વેદિક ડૉક્ટર, પણ વ્યવસાયે ખેતી કરતા મણિભાઈને તાબડતોબ બોલાવવામાં આવ્યા.

તેઓએ સ્વામીશ્રીને તપાસી કહ્યું : 'મને આમાં ઝાઝી ખબર પડે નહીં, પણ હૃદયશૂળ જેવું લાગે છે.' આટલું જણાવી તેઓએ ઉમેર્યું : 'આવા કિસ્સામાં અમે અફીણ આપીએ છીએ.'

જો કે સ્વામીશ્રી માટે આ ઉપચાર તો ત્રિકાળમાં પણ શક્ય નહોતો. તેથી તેઓને મેટાસીનની ગોળી આપવામાં આવી, પરંતુ તે સ્વામીશ્રી ગળી ન શકતાં આ ગોળી વાટીને ચમચી દ્વારા પિવડાવવામાં આવી. શરીરની એક મોટામાં મોટી બીમારીના સમયે, નિષ્ણાત તબીબ અને તજવીજના અભાવે

સ્વામીશ્રીનું હૃદય આમ પીડાઈ-પિલાઈ રહ્યું.

બ્રહ્મરૂપ હોય જગ મહીં વિચરે

સ્વામીશ્રીના સ્વાસ્થ્યની વિકટ પરિસ્થિતિથી મોટેરા સંતોને વાકેફ કરવા અને યોગ્ય ડૉક્ટરોને બોલાવવા, શક્ય હોય તે તમામ રીતે સંદેશાઓ વહેતા કરી દેવામાં આવ્યા. તે કારણે આણંદથી ડૉ. ચિત્તરંજનભાઈ તથા ડૉ. જનકભાઈ એકાદ કલાકના સમયગાળામાં આવી ગયા. તેઓએ સ્વામીશ્રીના હૃદયનો ઈલેક્ટ્રો-કાર્ડિયોગ્રામ(E.C.G.) લઈ કહ્યું: 'કટોકટીની પળો વીતી ગઈ છે, પણ આ પરિસ્થિતિમાં સ્વામીશ્રીને અહીંથી તરત ખસેડાય નહીં.'

આ તાકીદ સાથે એ તબીબોએ સ્વામીશ્રીને એક ઇંજેક્શન આપ્યું. એ જ વખતે હૃદયરોગના અન્ય નિષ્ણાત ડૉ. બાબુભાઈ પટેલ વડોદરાથી દોડી આવ્યા. તેઓએ પણ કાર્ડિયોગ્રામ કાઢી નિદાન કરતાં સ્વામીશ્રીને તબીબી પરિભાષામાં acute inferior wall myocardial infarction with lateral wall extension પ્રકારનો હૃદયરોગનો હુમલો થયાનું માલૂમ પડ્યું.

આ બીમારી અંગે ડૉક્ટરો વિમર્શ કરી રહેલા ત્યારે જ સ્વામીશ્રીએ યોગીચરણદાસ સ્વામીને પૂછ્યું: 'શું થયું છે?'

'સ્વામી! આપને હાર્ટ અટેક આવ્યો છે અને હમણાં આપે જરા પણ હાલવું-ચાલવું નહીં.'

આ સાંભળી સ્વામીશ્રી 'મહારાજ... સ્વામી...' બોલતાં-બોલતાં પળ વારમાં તો પોઢી ગયા! તે જોઈ ડૉક્ટરો નવાઈ પામ્યા. જે બીમારીની વાત સાંભળી માનવીની ઊંઘ હરામ થઈ જાય, તે માંદગી પોતાના પર સવાર થઈ હોવા છતાં સ્વામીશ્રી બિલકુલ નિશ્ચિંત હતા.

*'બ્રહ્મરૂપ હોય જગ મહીં વિચરે, તજ કે દેહ અધ્યાસ...'*ની તેઓની સ્થિતિ ગંભીર માંદગીમાં પણ યથાવત્ જળવાઈ રહેલી.

તેથી જ તો સ્વાસ્થ્યની આ કટોકટીમાં સ્વામીશ્રી ભક્તોની કાળજી લેવાનું ન ચૂક્યા. અત્યારે તેઓને બોલવાની સખત મનાઈ હોવા છતાં પ્રથમ તો તેઓએ સેવકોને સૂચના આપી: 'ડૉક્ટરોને જમાડો.'

તે પછી સ્વામીશ્રીએ ઇચ્છા વ્યક્ત કરી કે 'જે હરિભક્તો આવ્યા હોય તેઓને દર્શને આવવા દો.'

અલબત્ત, આ વ્યવસ્થા હાલ તો શક્ય નહોતી, પરંતુ સ્વામીશ્રીનો

આગ્રહ જોઈ સૌને બારીમાંથી દર્શન કરાવવામાં આવ્યા. તે વખતે પથારીમાં પોઢેલા સ્વામીશ્રીનાં દર્શન થતાં સત્સંગીઓ તો ધીરજ ખોઈ રડવા જ લાગ્યા.

જતન અને જવાબદારી

ગોંડલી નદીમાં યોગીજી મહારાજના અસ્થિ-વિસર્જન બાદ સ્વામીશ્રી તા. ૫/૨/'૭૧ના રોજ સત્સંગની સંભાળ અને સંવર્ધનનું સુકાન હાથમાં લઈને વિચરણ માટે નીકળેલા. આજે તેને બરાબર બાર વર્ષ પૂરાં થઈ રહેલાં. આ સમયગાળામાં સ્વામીશ્રી આશરે સાડા છ હજાર ગામો-નગરો ઘૂમી વળેલા. એકાવન વર્ષની આયુષ્યથી માંડી બાસઠ વર્ષની ઉંમર દરમ્યાન તેઓએ કરેલો આ પરિશ્રમ સાચે જ માનવીય હૃદયની ક્ષમતા બહારનો હતો. તેના પરિણામરૂપે જ આજે એ ભાંગી પડેલું.

સ્વામીશ્રીની આ નાજુક તબિયતના સમાચાર જેમ જેમ સંતો-ભક્તોને મળતા ગયા તેમ તેમ સૌની સ્થિતિ બાણ વાગે તેવી વસમી બની રહી. વૃક્ષના થડ પર પ્રહાર થતાં ડાળી-પાંદડાં કંપી ઊઠે તેમ સર્વાધાર સ્વામીશ્રી પર આવેલી આ આપત્તિથી સમસ્ત સત્સંગ-સમુદાય કારમો ઘા અનુભવી રહ્યો.

આ પરિસ્થિતિમાં મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી અને ઈશ્વરચરણદાસ સ્વામી ગણતરીના સમયમાં જ સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. તેઓને જોઈ સ્વામીશ્રી પ્રસન્ન થયા. જો કે વિશેષ વાતચીતને તો કોઈ અવકાશ જ નહોતો. છતાં સ્વામીશ્રીએ સંતોને એટલી ભલામણ તો કરી જ કે 'મહંત સ્વામી માટે મગ બનાવ્યા ? તેઓ જમવાના છે તો મગ કરી દેજો.'

બીમારીને કારણે સ્વામીશ્રીનો પ્રાણ રૂંધાયેલો, પણ પ્રેમ નહીં !

તેઓના આવા પ્રેમાળ હૃદયની સારવાર માટે સૌની સલાહને અંતે સ્વામીશ્રીને હવે વડોદરા લઈ જવાનું નક્કી થયું, પરંતુ રસ્તો સ્વામીશ્રીના સ્વાસ્થ્યને સાનુકૂળ ન હોવાથી ઍમ્બ્યુલન્સને બદલે તેઓની ગાડીમાં જ મુસાફરી નિશ્ચિત થઈ.

આ વાહનમાં સ્વામીશ્રીને આગળની બેઠક ઢાળીને બેસાડ્યા અને માર્ગ પર મોટર સરકવાની તૈયારીમાં જ હતી ત્યાં સ્વામીશ્રીએ વિવેકસાગરદાસ સ્વામીને બોલાવી સૂચના આપી : 'સારંગપુર મંદિરે ટેલિફોન કરી દેજો કે મારી તબિયત સારી છે. કોઈ ચિંતા ન કરે. ગઢડાના મંદિરે પણ ટેલિફોન કરી દેજો.'

હૃદયરોગના આક્રમણ વખતેય સ્વામીશ્રીના મનમાં સંતો રમતા હતા.

તેથી તેઓની આટલી ખેવના કરતા તેઓએ સાંજે સવા ચાર વાગ્યે સુંદલપુરાથી પ્રયાણ આરંભ્યું. ડૉક્ટરો, ઑક્સિજનની બોટલો અને જરૂરી ઔષધ સાથે ધીરે ધીરે સ્વામીશ્રીની ગાડી ગતિ કરવા લાગી. અન્ય આઠ મોટરોનો કાફલો પણ ભેગો હતો. પરંતુ માર્ગમાં જ્યાંથી આણંદનો રસ્તો ફંટાતો હતો ત્યાં પહોંચતાં જ સ્વામીશ્રીની ગાડીનાં પૈડાં અચાનક થંભી ગયાં. તેથી સૌનાં હૈયાં પણ થંભી ગયાં. 'શું થયું ?'ની દહેશત સાથે સૌ સ્વામીશ્રીની મોટર ફરતે ટોળે વળી ગયા.

આ સમયે સ્વામીશ્રીએ આચાર્ય સ્વામીને બોલાવી ધીમા સ્વરે કહ્યું : 'ડાહ્યાભાઈ ગજ્જરને ત્યાં કાલે આપણો કાર્યક્રમ પારાયણનો હતો તે બંધ ન રાખવો. તમે જજો ને તે પારાયણ પૂરી કરજો.'

કષ્ટદાયક અને કટોકટીસભર માંદગીમાં પણ ભક્તોનું જતન કરવાનું અને પોતાની જવાબદારી નિભાવવાનું સ્વામીશ્રી ન ચૂક્યા! સત્સંગના સેનાપતિ સમા તેઓની આ ફરજપરસ્તી જોઈ સૌ દંગ રહી ગયા. સ્વામીશ્રીનું હૃદય લથડ્યું છે તેમ કાર્ડિયોગ્રામ સૂચવતો હતો, પરંતુ એ હૃદયમાં ઊછળતી શુભ ભાવનાઓને તો લેશ ઠેસ પહોંચી નથી તે આ ઘટના પરથી ફલિત થઈ રહ્યું.

'ઇન્ટેન્સિવ કૅર' (સઘન સંભાળ) કોની ?

ભક્ત અને ભગવાનના જ વિચારમાં લયલીન સ્વામીશ્રી સાંજે સાડા પાંચ વાગ્યે વડોદરાના દાંડિયા બજારમાં આવેલી ડૉ. બી. આર. પટેલની હૉસ્પિટલે આવી પહોંચ્યા.

અહીં ત્રીજા માળે ઇન્ટેન્સિવ કૅર યુનિટમાં તેઓને સારવાર માટે લઈ જવાયા. પરંતુ ત્યાં રહીને સ્વામીશ્રી તો સંતો-ભક્તોની 'ઇન્ટેન્સિવ કૅર' રાખવા માંડ્યા. પોતાની દેખરેખ માટે મુંબઈથી આવેલા તબીબોની ભલામણ કરતાં સ્વામીશ્રીએ સંતોને જણાવ્યું : 'આ ડૉક્ટરોનું રહેવાનું, જમવાનું બધું ગોઠવી દેજો.'

આ સાંભળી ડૉક્ટર સ્વામીએ તેઓને કહ્યું : 'આપે આ બધી ચિંતા કરવાની જ નહીં. બોલવાનું નહીં. આપ આરામ કરો. સૌની વ્યવસ્થા થઈ જશે.'

આમ વિનંતી કરી ડૉક્ટર સ્વામી બહાર નીકળ્યા ત્યાં જ સ્વામીશ્રીએ તેઓ સંબંધી ભલામણ કરતાં સંતોને કહ્યું : 'ડૉક્ટર સ્વામી અહીં રોકાવાના છે

તો તેમનું ના'વા-ધોવાનું, ખાવાનું બધું ધ્યાન રાખજો.'

સંતો-ભક્તો તો ઠીક, પણ માંદગીના બિછાને પોઢેલા સ્વામીશ્રીનું દિલ જડ દીવાલોની કાળજી માટે પણ એવું જ ધબકતું રહ્યું !

તેથી જ હૉસ્પિટલમાં નિવાસના પ્રથમ દિવસે જ્યારે સંતોએ મચ્છરદાની બાંધવા માટે ભીંત પર નાની ખીલી મારવાની તૈયારી આદરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ખીલી લગાવતા નહીં. આપણને મચ્છરદાની વગર ચાલશે. આપણે દવાખાનામાં આવ્યા છીએ તો દવાખાનાના નિયમ પ્રમાણે રહેવું. ક્યાંય નુકસાન ન કરવું.'

સામાન્ય અને સાનુકૂળ સંજોગોમાં તો સૌ શાણા સાબિત થઈ રહે છે, પરંતુ રોગાદિક આપદા માનવીના શાણપણને ઝોકે ચડાવી દે છે. સ્વામીશ્રી અહીં જ જુદા તરી આવતા. તાજગી હોય કે માંદગી – તેઓની શૈલી અને સિદ્ધાંતોમાં કોઈ ફર્ક ન પડતો.

જેને ધર્મ પ્રાણ કરતાં વહાલો

હૉસ્પિટલના રોકાણ દરમ્યાન એક વાર હાથમાં આપેલી ટીકડી જોઈ સ્વામીશ્રીએ ડૉક્ટરોને પૂછ્યું : 'આ દવા ચોખ્ખી છે ને ? તેમાં એવું-તેવું બીજું તો કંઈ ન હોય ને ?'

'ના, બાપા ! આ તો કેમિકલ્સમાંથી બને છે.'

'તો વાંધો નહીં. ગમે તે થાય, દેહ પડી જાય તોય મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન થાય એવી કોઈ દવા મને ન આપવી. દેહ પડી જાય તો વાંધો નહીં. મહારાજના ધામમાં જઈશું, પણ મહારાજની આજ્ઞા ન લોપવી.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ ઉદ્‌ગારમાંથી ધર્મપાલનનો દૃઢ નિર્ધાર નીતરી રહ્યો.

આ વિચાર સાથે સારવાર લઈ રહેલા સ્વામીશ્રી અત્રે પથારીમાં સૂતાં-સૂતાં ગ્રંથશ્રવણ કરવામાં પોતાનો સમય વિશેષ વિતાવતા.

તે ક્રમમાં એક વાર 'પ્રકાશ'નો નવો અંક આવેલો જોઈ રાજી થતાં તેઓ બોલ્યા : 'વાંચો.' તેથી ધર્મચરણદાસ સ્વામીએ આ સામયિકનું વાંચન શરૂ કર્યું, પણ તેમાં છાપેલાં બે પ્રવચન અગાઉ 'પત્રિકા'માં આવી ગયેલાં અને સ્વામીશ્રીએ તે વાંચેલાં પણ ખરાં, તેથી પાઠકે તે ન વાંચ્યાં.

પરંતુ તેઓએ જ્યાં આમ કૂદકો માર્યો ત્યાં જ થોડી વારમાં

સ્વામીશ્રીએ પૂછ્યું : 'સળંગ વાંચો છો કે તૂટક-તૂટક ?'

'બાપા ! આ બે પ્રવચનો તો આપે વાંચી લીધાં છે. તેથી તેની જરૂર નહીં.'

'ના, ફરીથી વાંચો. બધું જ વાંચો.' આમ કહી તેઓએ 'પ્રકાશ'નો સળંગ પાઠ કરાવ્યો.

તંદુરસ્તી હોય કે નાદુરસ્તી, સ્વામીશ્રીનું જીવન સળંગ અને સારધાર રહેતું. તેમાં કશું તૂટક-તૂટક જોવા ન મળે.

તેથી જ તા. ૧૩/૨ના રોજ સ્વામીશ્રીએ પૂછ્યું : 'આજે રવિવાર છે. વડોદરામાં રવિસભા થશે. તો કોઈ સંતો ત્યાં સભામાં જવાના છે ?'

આ સાંભળી સૌ નિરુત્તર રહ્યા, પરંતુ તેમાંથી સ્વામીશ્રીએ જવાબ મેળવી લીધો અને બે સંતોને રવિસભા કરવા મોકલી આપ્યા. તેઓ સભા બાદ પરત ફર્યા ત્યારે 'શું વાતો કરી ?' એમ પૂછી અહેવાલ પણ લીધો. અંતે કહ્યું : 'યુવક મંડળની સભા થાય છે, તેમાં પણ જવું.'

સ્વામીશ્રીએ રખાવેલા આ ખટકાથી તેઓની સેવામાં રોકાયેલા સંતો પણ દર રવિવારે સભા કરવા જવા લાગ્યા.

આમ, હૃદયરોગની બીમારીમાં પણ સ્વામીશ્રી રવિસભાની માવજત કરવાનું ન ચૂક્યા, કારણ કે તેઓનો પ્રાણ તો આવી પ્રણાલીઓ જ હતી ને !

આત્મીયતાનો ઑક્સિજન

સ્વામીશ્રીનું સાંનિધ્ય મળવાથી ડૉક્ટરનું દવાખાનું જાણે દેવાલયમાં ફેરવાઈ ગયેલું. સંતોનો મુકામ, હરિભક્તોની દર્શન માટેની અવર-જવર[1], સવાર-સાંજની આરતી, પ્રાતઃપૂજાના પ્રસાદનું સમગ્ર હૉસ્પિટલમાં વિતરણ, દર્દીના ખાટલે-ખાટલે થતી ઠાકોરજીની પધરામણી વગેરેને કારણે અહીં અખંડ પવિત્ર વાતાવરણ જામેલું રહેતું. તેની એક અસરરૂપે સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન આ હૉસ્પિટલમાં દર્દીઓનો મૃત્યુદર પણ ઘટ્યો અને ઘણા દર્દીઓ અસાધ્ય રોગમાંથી ઊગરી ગયા !

અત્રે હૉસ્પિટલમાં સ્વામીશ્રીનું રોકાણ તો ત્રીજા માળે હતું. છતાં આર.એસ.એસ.ના સર સંઘસંચાલક શ્રી બાલાસાહેબ દેવરસ, દેશના પૂર્વ નાણાંમંત્રીશ્રી એચ. એમ. પટેલ, રાજ્યના મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકી સહિત કંઈક પ્રતિષ્ઠિત મહાનુભાવો દાદરા ચડી-ચડીને દર્શન માટે પહોંચ્યા.

---

૧. ભક્તો કાચની બારીમાંથી દર્શન કરી શકે તેવી ગોઠવણ કરવામાં આવેલી.

જો કે સ્વામીશ્રીને આ કહેલું. તેઓ બોલેલા: 'આટલાં બધાં પગથિયાં ચડીને ન આવવું. મારા માટે તકલીફ ન લેવી.'

આમ, સૂતાં-સૂતાં પણ સૌની સંભાળ રાખવાનું જ તાન સ્વામીશ્રીને રહેતું.

તેઓના સ્વાસ્થ્યની ૨૪ કલાકની કાળજી માટે સંતો-ભક્તોના વારા ગોઠવાયેલા. તેમાં રાત્રે જાગવાના વારાવાળા સંત-ભક્તને સ્વામીશ્રી બપોરે પોતાની પાસે જુએ તો તરત કહેતા: 'તમે અહીં કેમ જાગો છો? જાઓ, સૂઈ જાઓ. રાત્રે જાગો ને દિવસે જાગો તો માંદા પડશો.'

આરામની સાથે સેવકોના આહારનો પણ સ્વામીશ્રી ખ્યાલ રાખતા. તે માટે તેઓની આ સૂચના તો અંતેવાસીઓને અવાર-નવાર હોય જ કે 'તમારે નાસ્તો કરી લેવો. મારે લઈને મોડું ન કરવું.'

પરદેશથી આવતા હરિભક્તોની સંભાવના સંબંધી ભલામણ કરતાં પણ સ્વામીશ્રી સંતોને કહે: 'બધા હરિભક્તો કેટલે દૂરદૂરથી આવે છે! તે બધાની સંભાળ રાખવી. મંદિરોમાં દર્શને જવાના હોય તો ભલામણ-પત્રો લખી દેવા. મોટરની જરૂર હોય તો મોટરની સગવડ કરી દેવી.'

કોઈ વડીલ - જૂના હરિભક્ત આવે તો તેઓને જોઈ સ્વામીશ્રી ગદ્‌ગદ થઈ જાય. ક્યારેક આંખમાંથી અશ્રુ પણ ટપકી પડે. તેની સાથે ભક્તોનો સ્વામીશ્રી પ્રત્યેનો સ્નેહ પણ આંખો ભીની કરે તેવો અનુભવાતો.

તેના સાક્ષી સમા બદલપુરના રામજી ભગત તા. ૨૨/૨ના રોજ પાંચસો રૂપિયાની મૂડી લઈ દવાખાને આવી પહોંચ્યા. આ રકમ સ્વામીશ્રીના સેવકોને આપતાં તેઓએ કહ્યું: 'આ બાપા માટે છે. તેમની દવા અને ફળ વગેરેમાં વાપરજો.'

આમ કહેનારા એ ભગત ધુવારણમાં સામાન્ય નોકરી કરી પેટિયું રળનારા. તેથી સંતોએ કહ્યું: 'તમારી સ્થિતિ સાધારણ છે. માટે આ સેવાની જરૂર નહીં.'

ત્યારે એ હરિભક્ત બોલ્યા: 'વહાલી વસ્તુ આવા સમયે કામમાં ન આવે તો શો અર્થ?'

ગાર-માટીના ઝૂંપડામાં રહેનારા ગરીબના હોઠે ફૂટેલા આ શબ્દોએ સૌને અવાક્ કરી મૂક્યા. સૌના હૃદયમાં સ્વામીશ્રીનું સ્થાન કેટલું ઊંડું છે તે જણાઈ રહ્યું.

આ અરસામાં એક અપંગ સત્સંગી પણ થર્મોકોલમાંથી બનાવેલી શ્રીજીમહારાજની મૂર્તિ લઈને શુભેચ્છા પાઠવવા આવેલા. સ્વામીશ્રીએ એ મૂર્તિને પોતાના ઓરડામાં સ્થાન આપ્યું. તે જોઈ એ અપંગનું હૈયું નાચવા લાગ્યું.

જુદાં જુદાં મંડળો 'Get Well Soon'ની શુભકામના પાઠવતા શુભેચ્છા-પત્રો મોકલાવે ત્યારે તેને પણ સ્વામીશ્રી ધ્યાનથી જુએ. 'કોણે બનાવ્યું? કેવી રીતે બનાવ્યું?...' વગેરે વિગતો પૂછે.

આ ક્રમમાં અમદાવાદના કિશોર મંડળે તૈયાર કરેલું એક કાર્ડ લઈ કેટલાક યુવકો આવી પહોંચ્યા. તેઓને તો સ્વામીશ્રીએ વ્યક્તિગત મુલાકાતની બંધી હોવા છતાં પોતાના ઓરડામાં બોલાવ્યા અને ઝીણવટભરી પૂછપરછ કરી લાભ આપ્યો. અંતે વિદાય વેળાએ બોલ્યા: 'બધા જમીને જજો.'

સ્વામીશ્રીની આવી આત્મીયતાની છાલકથી ડૉ. યોગીન દવે પણ ભીંજાયા. પોતાના ખબર-અંતર પૂછવા આવેલા આ યુવાન સાથેની વાતચીત દરમ્યાન સ્વામીશ્રીએ જાણી લીધું કે 'તેઓને મુંબઈ પાછા જવા માટે રેલવેમાં રિઝર્વેશન મળ્યું નથી.' તેથી તેઓએ સૂતાં-સૂતાં તે સંબંધી વ્યવસ્થા કરાવી દીધી. પેલા તબીબ જ્યારે વિદાય લેવા આવ્યા ત્યારે તેઓના હાથમાં ટિકિટ અપાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ તમારી રિઝર્વેશન સાથેની ટિકિટ. ચિંતા કરશો નહીં.'

આવી જ દરકાર તેઓએ પોતાની વ્યવસ્થા માટે હૉસ્પિટલમાં રોકાયેલા યુવાન દિલીપ દેસાઈની પણ કરી. પોતાના સ્વાસ્થ્ય માટે એકટાણાં શરૂ કરનારા આ યુવકને સ્વામીશ્રીએ કહ્યું : 'તેં એકટાણાં કર્યાં છે એટલે મને સારું થઈ જશે. પણ તારી તબિયત સારી રહેતી નથી, તો તારે આવું વ્રત ન કરવું.' એમ કહી તેને જમાડી દેવા અંગે સંતોને સૂચના આપી.

આમ, જેઓના હૃદયને જાળવણીની જરૂર હતી તે સ્વામીશ્રી સૂતાં-સૂતાં પણ પોતાની આત્મીયતાના ઑક્સિજનથી અનેકનાં હૃદયને જાળવતા રહ્યા.

ડૉક્ટરની સારવાર થઈ ગઈ

હૉસ્પિટલમાં ૪૧ દિવસના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ ઘણી સ્વસ્થતા પ્રાપ્ત કરી લેતાં તા. ૧૭/૩ના રોજ અહીંથી તેઓની વિદાય નિશ્ચિત થઈ ગઈ. પરંતુ તેથી વ્યથિત થઈ ઊઠ્યા – સારવાર કરનારા ડૉ. બી. આર. પટેલ.

આ પળે એ પ્રતિષ્ઠિત તબીબે પોતે કરેલી સ્વામીશ્રીની સેવા-સારવારનું

સરવૈયું માંડતાં જણાવ્યું :

"ખરું કહું તો સ્વામીશ્રી પ્રથમ દિવસથી જ દર્દી તરીકે રહ્યા નથી. હજી તો હમણાં જ હાર્ટ અટેક આવ્યો છે, પણ દર્દની તો વાત જ નહીં! ગમે તેવી કઠણ છાતીનો માણસ હોય, પણ ડૉક્ટર આગળ તો દુઃખની વાતો કહ્યા વગર રહી જ ન શકે. આ તો જાણે દર્દ જ નથી!

હૉસ્પિટલમાં તો લગભગ રોજ સ્વામીશ્રીને તપાસવા જવાનું થતું. પરંતુ 'હું તેમને તપાસવા આવતો હતો કે મારી દવા લેવા?' એમને મળતો, એમની સાથે વાર્તાલાપ થતો અને મારો આખા દિવસનો થાક ગાયબ! એમનો પ્રેમ મારા હૃદયને સ્પર્શતો, અંતરમાં ઊર્મિઓ જગાવી જતો. એમની મુલાકાતનું મને વ્યસન પડ્યું. હું વ્યસની તો રહ્યો જ. ફક્ત વિષય બદલાયો."

આમ, હૉસ્પિટલમાં વિશેષ સારવાર તો દર્દી કરતાં ડૉક્ટર પામ્યા હોય તેવો ઘાટ ઘડાઈ ગયો.

સામાન્ય રીતે ડૉક્ટરની હાજરી દર્દી માટે હિંમત આપનારી બની રહે, પણ અહીં ચિત્ર સાવ જુદું જ રહેતું. દર્દીને તપાસી ડૉક્ટર હામ-હૂંફ મેળવતા.

એટલે જ અનોખા દર્દી સ્વામીશ્રીની વિદાય વખતે ડૉક્ટર લાગણી-વિવશ બની ગયા. તેઓએ ઠાકોરજી અને સ્વામીશ્રીનું પૂજન કરી માળાજાપ તથા જીવનશુદ્ધિના નિયમો ગ્રહણ કર્યા. આ ભક્તિથી રાજી થઈ સ્વામીશ્રીએ તેઓને ખૂબ આશીર્વાદ આપ્યા. તેઓની સાથે હૉસ્પિટલના કર્મચારીઓને પણ આશિષ આપવાનું ન ચૂક્યા. તેથી જ હૃદયરોગની સારવાર લઈ સ્વામીશ્રી નીકળ્યા ત્યારે માલિક અને નોકર સહિત સૌનું હૃદય એક ધબકાર ચૂકી ગયું.[2]

સ્વસ્થ દર્દી!

હૉસ્પિટલની બહાર નીકળી રહેલા સ્વામીશ્રીને વધાવવા એકઠા થઈ ગયેલા સેંકડો ભક્તોએ ગગનભેદી જયનાદોથી પોતાના 'હૃદય' સમા સ્વામીશ્રીને આવકાર્યા. તેઓનાં દર્શન થતાં જ સૌ સત્સંગીઓની સ્થિતિ *'પ્રાપ્ત થાય ચિંતામણિ જેમ, રુદે રાજી થયા સહુ તેમ...'*ની બની રહી. આ

---

૨. હૃદયરોગના હુમલા બાદ હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા સ્વામીશ્રીની બ્રાહ્મી સ્થિતિનું દર્શન કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

અવસ્થામાં ઘેલા બનેલા સૌનું અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી અટલાદરા નજીક જૂના પાદરા માર્ગના છેડે ઊભેલા સંકુલ 'એઇમ્સ ઑક્સિજન'ના દરવાજે આવી પહોંચ્યા.

અહીં આ ઔદ્યોગિક ગૃહના સૂત્રધાર શ્રી અશોકભાઈ પટેલ તથા તેઓના સુપુત્રો અલર્કભાઈ અને સિદ્ધાર્થભાઈ સ્વામીશ્રીની સેવા માટે થનગની રહેલા. તે માટે તેઓએ પોતાના ૪૫ એકરના પરિસરને તમામ સુવિધાઓથી સજ્જ કરી દીધેલું. સ્વામીશ્રીની સાથે રોજ સવારે હરિભક્તોને મળનારા દર્શન-લાભ અંગેની વ્યવસ્થા પણ સુચારુ ઢબથી કરવામાં આવેલી.

આ રીતે ગોઠવાયેલા આયોજનને અનુકૂળ થઈ સ્વામીશ્રી તા. ૨૦/૩ની સવારે સાડા અગિયાર વાગ્યે અલ્પ વિશ્રામ માટે પોઢ્યા. તેઓ સૂતા એટલે ઓરડાની બત્તીઓ બુઝાવીને બહાર નીકળેલા સંતો પોતપોતાની સેવામાં પરોવાઈ ગયા, પરંતુ થોડી વારમાં જ સ્વામીશ્રીને શૌચવિધિ માટે ઊઠવું પડ્યું. આ સમયે સેવકોને બોલાવવા તેઓ જાતે જ ઓરડાનો દરવાજો ખોલી બહાર આવી પહોંચ્યા. તે જોઈ સૌ ચકિત જ થઈ ગયા કે 'ઓરડાના અંધારામાં, ચશ્માં પહેર્યાં સિવાય, કોઈના સહારા વગર પથારીમાંથી જાતે ઊભા થઈને સ્વામીશ્રી દરવાજે કેવી રીતે આવ્યા અને તેઓએ અશક્ત શરીરે મજબૂત બારણું કેવી રીતે ઉઘાડ્યું !'

સામાન્યતયા હૃદયરોગના દર્દીઓ માનસિક રીતે પણ ઘણા હારી ગયા હોય; તેઓના મનમાં ગમગીની ઘર કરી ગઈ હોય; પરંતુ સ્વામીશ્રીમાં આવી કોઈ ગ્લાનિ-હાનિ દેખવા ન મળતી. તે જોઈ સૌને જણાતું કે 'હૃદયરોગ એ તો તેઓએ ગ્રહણ કરેલી મનુષ્યલીલા જ છે. તે વિના આવી સ્વસ્થતા અને સજાગતા સંભવે નહીં.'

સ્પષ્ટતા સંબંધી સભા

સ્વામીશ્રીની વિશ્રામલીલા દરમ્યાન તા. ૬/૨ના રોજ અમદાવાદ મુકામે યોજાયેલી એક મહત્ત્વપૂર્ણ સભાની પૂર્વભૂમિકા બાંધતાં મહંત સ્વામી બોલેલા કે –

'અંતરમાં સંતોષ તો ખૂબ જ છે – અહીં સભા થઈ છે, સ્પષ્ટતા થવાની છે એટલા માટે. એટલે બધા મક્કમતા અને દૃઢતા રાખીને સાંભળજો. પોતાની ભૂલ હોય તો સુધારજો. મારો સ્વભાવ છે જરા શાંત બેસવાનો,

એટલે મને દુ:ખ છે એવું કોઈ માનતા જ નહીં. મને તો આનંદ છે કે આજે આ રીતે ખુલાસો થાય છે. દરેકને સ્પષ્ટતા થઈ જશે – In or Out ! (સન્મુખ કે વિમુખ !)'

મહંત સ્વામીની આ પ્રસ્તાવના સાથે આરંભાયેલી અમદાવાદની એ ઐતિહાસિક સભા ચારેક હજાર હરિભક્તોથી ભરચક હતી. તેનો હેતુ હતો – સંસ્થાના હિતને હાનિ પહોંચાડતી પ્રવૃત્તિથી સૌને માહિતગાર કરવાનો.

આ અરસામાં અમુક લોકો દ્વારા થઈ રહેલી સંસ્થાના સિદ્ધાંતો વિરુદ્ધની વાતો અને વર્તનથી ઘણા સત્સંગીઓનાં દિલ દુભાતાં હતાં. તેઓએ પોતાની આ વ્યથા વડીલ સંતો-ભક્તો સમક્ષ કંઈક વાર રજૂ કરેલી.

તેમાં રહેલાં સત્ય અને તથ્યને લક્ષમાં લઈ અગ્રણીઓએ પેલા કુપ્રવૃત્તિ કરનારા લોકોને એકથી વધુ વાર પ્રેમપૂર્વક સમજાવેલા, તેમ છતાં તેઓએ સત્સંગની રૂડી રીતનો છેદ ઉડાડતી પોતાની ગતિવિધિ લેશ અટકાવી નહોતી. તેથી શ્રીજીમહારાજે વચનામૃતમાં કહેલી કુપાત્ર જણાતા જીવના ત્યાગની વાત અનુસાર આવા વિઘ્નસંતોષીઓને સંસ્થાથી અલગ કરવા યોજાયેલી અમદાવાદની એ સભામાં વડીલ સંતો-ભક્તોએ પ્રવચનો દ્વારા સ્પષ્ટતા કરી.

તેના અંતે, મહંત સ્વામી તથા અન્ય સદ્‌ગુરુ સંતો તેમ જ આગેવાન હરિભક્તોની સર્વસંમતિ સાથે થયેલી નિર્ણાયક કાર્યવાહીના ભાગરૂપે કેટલીક વ્યક્તિઓને સત્સંગથી અલગ કરવામાં આવેલી. તે દ્વારા ભવિષ્યનો સત્સંગ નિર્વિઘ્ન બની રહ્યો.

સ્વામીબાપાની સેવામાં જ મારું અક્ષરધામ

કોઈ પણ કારણોસર સત્સંગની પવિત્ર પ્રથાનો ભંગ કરનારા રઘુનાથ-દાસ, હરબાઈ, વાલબાઈ વગેરેને વિમુખ કરી ભગવાન સ્વામિનારાયણે એક દાખલો બેસાડ્યો છે. આ અરસામાં, તેનું જ પુનરાવર્તન કરી સમગ્ર સત્સંગ સમાજ વધુ શાણો સાબિત થઈ રહેલો.

સત્સંગ વિષે અસદ્‌ભાવ ધરાવનારાં તત્ત્વોને બહિષ્કૃત કરી સત્સંગ સમાજે દાખવેલા શાણપણની આ ધારને વધુ ચકચકિત કરી – મહંત સ્વામીએ.

તેઓએ સ્વામીશ્રીની વિશ્રામલીલા દરમ્યાન તા. ૧૫/૩ના રોજ ભાવનગરના ભક્તોને એક પ્રેરક પત્ર લખી મોકલેલો.

સંબોધનમાં આશરે પિસ્તાલીસ સત્સંગીઓનો નામોલ્લેખ ધરાવતા

એ કાગળમાં મહંત સ્વામીએ જણાવેલું :

"બીજું ખાસ લખવાનું કે વાતો ઘણી જાત-જાતની થશે, પણ કોઈએ ભરમાઈ જવાની જરૂર નથી. જેને જેને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની નિષ્ઠા છે અને જીવમાંથી હેત છે તેને તો કોઈ પ્રશ્ન જ નથી. છતાંય વાતોથી ભરમાઈ જવાય.

મારે તો પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સિવાય કોઈ નથી. તેમાં જ યોગીબાપા, શાસ્ત્રીજી મહારાજ અને સાક્ષાત્ શ્રીજીમહારાજ આવી ગયા. બીજો કોઈ વિચાર મને છે જ નહીં. હું આ સત્સંગ કહેતાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામીને મૂકીને જવાનો જ નથી. જેટલી બને તેટલી સ્વામીબાપાની સેવા કરીશ. એમાં જ મારું અક્ષરધામ છે. માટે મારે તો જેને ન મનાતું હોય અને હજી પણ ગોથાં ખાતાં હોય તેને કહેવાનું રહે છે કે 'પરમ પૂજ્ય સ્વામીબાપામાં મનુષ્યભાવ લાવશો નહીં.'

હું તો દૃઢ દૃઢ માનું છું કે જેને સ્વામીબાપાનો અભાવ હશે તે અક્ષરધામમાં નહીં જ જાય. ભલે, પછી ગમે તેવો જ્ઞાની, ધ્યાની, વૈરાગી, ત્યાગી, તપસ્વી, સેવાભાવી કે શાસ્ત્રજ્ઞ હશે. (માટે) આપણે તેમને ઓશિયાળા કરવા નહીં. આ તો મારી અંતરની વાત કહી દીધી, તો કોઈ ભોળવાશો નહીં, ગપ્પ-ગોળામાં ભરમાશો નહીં. આપણને અસલી માલ મળ્યો છે, તે કોઈ આપણી આંખમાં ધૂળ નાંખી હાથમાંથી અસલી માલ આંચકી ન જાય તે ખૂબ-ખૂબ ધ્યાન રાખવાનું છે. તે શું ? તો પરમ પૂજ્ય સ્વામીબાપામાં કોઈ રીતે મનુષ્યભાવ ન આવે તે.

સત્સંગમાં બધું બરાબર જ છે. જે રીતે જે કરવું ઘટે તે રીતે બધું થયું છે અને થશે. પરમ પૂજ્ય સ્વામીબાપા નિશાન હશે તો બધું સમજાશે અને દૃઢતા થશે. નહીં તો રવાડે ચઢવાની વાત છે. મારા નામે ઘણું ચાલી રહ્યું છે. મને આગળ ધરી ઘણા ગોટા વાળે છે. મને મારા સ્વરૂપનું જ્ઞાન નથી તેથી દસ ગણું જ્ઞાન આવા અતિજ્ઞાનીઓને થઈ ગયું છે. તેથી તેઓ ગૂંચાય છે અને બધું ડોળવા બેઠા છે, તો આપણે મક્કમ રહેવું અને આપણી દૃઢતા રાખી એક પરમ પૂજ્ય પ્રમુખસ્વામીને રાજી કરી લેવા. બીજાનું જે થવાનું હોય તે થાય. (એટલે કે જે જેવું કર્મ કરશે તેને તેવું ફળ મળશે.) બધા સંપ રાખી સાચો સત્સંગ કરી લેજો."

મહંત સ્વામીના આ શબ્દોમાં શુદ્ધ અને સ્પષ્ટ સમજણની સાથે તેઓની

ગુરુભક્તિનો ગગનભેદી પડઘો પણ સંભળાય છે.

ભક્તિના તાલે નાડીનો નાચ

'એઈમ્સ'ના બંગલે આરામ માટે આવ્યાના થોડા દિવસો બાદ સ્વામીશ્રીને પ્રાતઃકાળે પંદર મિનિટ ચાલવાની સલાહ ડૉક્ટરોએ આપતાં તેઓ એક સવારે ભ્રમણ માટે તૈયાર થયા. પરંતુ ડગલું માંડતાં પહેલાં તેઓએ પૂછ્યું : 'શું ટાઈમ થયો ?'

'પોણા સાત વાગ્યા છે.' એક સેવકે અંદાજે જવાબ આપ્યો, પણ તરત જ ઘડિયાળ પર નજર જતાં તેઓએ સુધારીને કહ્યું : 'સાતમાં દસ મિનિટ બાકી છે.'

આ સુધારો સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું : 'તમે આમ કેમ બોલો છો ? તમારે ચોકસાઈ રાખવી જોઈએ. 'એક્ઝેટ' ટાઈમ જોવો જોઈએ તો ખબર પડે કે કેટલો સમય ચાલ્યા ! પાંચ મિનિટનો ફરક એટલે કેટલો ફરક પડી જાય ! ટાઈમ પૂછીએ એટલે બરાબર જોઈ લેવો.'

ઘડિયાળના કાંટોકાંટ કામ કરવાની આવી ચોકસાઈ સાથે વર્તતા સ્વામીશ્રીએ તા. ૨૮/૩ના રોજ પ્રાગજી ભક્તની જયંતીનો દિવસ આવતાં જ ડૉક્ટરોને કહ્યું : 'આજે સમૈયો છે. મારી ઇચ્છા અટલાદરા મંદિરે દર્શન કરવા જવાની છે. તમે રજા આપો તો જઈએ.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં ભારોભાર ભક્તિ અને વિનય હતાં.

પરંતુ તેથી ડૉક્ટરો મૂંઝાયા, કારણ કે આ સમયે સ્વામીશ્રીની નાડી એક મિનિટમાં બે-ચાર ધબકાર ચૂકીને ચાલતી હતી. છતાં તેઓની રુચિ સમજી ડૉક્ટરોએ કહ્યું : 'એક વાર નાડી તપાસી લઈએ. જો તે નિયમિત હોય તો મંદિરે જઈએ.' આમ જણાવી તેઓએ નાડી તપાસી તો તે બિલકુલ બરાબર ધબકતી જણાઈ ! તેથી ઘણું જ આશ્ચર્ય પામતાં તબીબો બોલ્યા : 'સ્વામીજી ! આપને મંદિરે જવાની ઇચ્છા છે તેથી તબિયત સારી બતાવો છો. માટે આપ સુખેથી પધારો.'

આ અનુમતિ મળતાં જ હરખાઈ ઊઠેલા સ્વામીશ્રી મંદિરે જઈ પહોંચ્યા. અહીં પૂનમ નિમિત્તે ઘણા હરિભક્તો એકત્રિત થયેલા. તેમાંના કેટલાકને સંકલ્પ હતો જ કે 'બાપા આજે દર્શન આપે તો સારું.'

આ મનોરથ આમ અચાનક ફળીભૂત થતાં સૌ પુલકિત થઈ ઊઠ્યા.

સ્વામીશ્રી પણ ઠાકોરજીનાં દર્શનથી પ્રફુલ્લિત થઈ ગયા. એ જ ઉલ્લાસ સાથે તેઓએ સભામંડપમાં પધારી હરિભક્તોને રાજી કર્યા.

આમ, અણધાર્યો અમૃતલાભ વરસાવી તેઓ પુનઃ ઉતારે આવ્યા ત્યારે ડૉક્ટરોએ નાડી તપાસી તો તે પૂર્વવત્ મિનિટના બે-ચાર ધબકારા ચૂકતી માલૂમ પડી !

'દિવ્યભાવ વિશેષ દેખાડ્યો, અતિ સૌને આનંદ પમાડ્યો...' જેવું સ્વામીશ્રીનું આ ચરિત્ર સૌનાં મનમાં જડાઈ ગયું.

એ જ આનંદની લહેરો વચ્ચે આજની સાંજે રંગોત્સવનો સમૈયો પણ ઉત્સાહભેર ઊજવાયો. તે માટે બંગલાના બગીચામાં બે ફૂલહિંડોળા તૈયાર કરવામાં આવેલા. તેમાંથી એકમાં ઠાકોરજી અને બીજામાં સ્વામીશ્રીને બિરાજમાન કરી આશરે ૧,૪૦૦ હરિભક્તો પોતાના અહોભાગ્યની અવધિ અનુભવી રહ્યા. સ્વામીશ્રીએ પણ નાજુક તબિયત હોવા છતાં હાથમાં પિચકારી ગ્રહી સૌને તરબતર કરી મૂક્યા.

જેનો પ્રભુપદ પ્રેમ અમાપ

વિશ્રામલીલાના દિવસોમાં નિષ્ણાત તબીબો દ્વારા લેવાતી પૂરતી કાળજીના ક્રમમાં તા. ૩/૪ના રોજ મુંબઈથી આવેલા ડૉ. ભગુભાઈ વગેરે સ્વામીશ્રીને તપાસ્યા બાદ તેઓની સાથે જ અલ્પાહાર માટે બેઠા. આ નાસ્તો પૂરો થતાં સેવક સંત થાળ લઈને ઓરડાની બહાર નીકળ્યા. તે વખતે મોકો જોઈ સ્વામીશ્રીએ જાતે જ વાટકો એક બાજુ ખસેડીને પોતાના રૂમાલથી ભોજનનું ટેબલ સાફ કરી નાંખ્યું. અશક્તિમાંયે તેઓની સેવાની આસક્તિ અકબંધ રહેતી.

એ જ રીતે, સ્વામીશ્રી ભક્તિ માટે પણ તલસતા જણાતા.

હૃદયરોગનો હુમલો આવ્યો તે દિવસથી તેઓને 'સ્પંજ બાથ' કરાવવામાં આવતું. તેથી તેઓની નિત્યપૂજા સંતો કરતા અને સ્વામીશ્રી પ્રાતઃપૂજા કરનારા સંતની બાજુમાં બિરાજી માળા ફેરવતા. શરૂઆતના દિવસોમાં પલંગ પર અઢેલીને અને થોડી સ્વસ્થતા મેળવ્યા બાદ સોફા પર બેસીને તેઓ આ જપયજ્ઞ ચલાવતા. પૂજા બાદ સ્વામીશ્રી ઠાકોરજી સહિત પોતાની પૂજાની મૂર્તિઓનાં દર્શન પણ ભાવપૂર્વક કરતા. તે પછી તેઓ પૂજાનું એક પ્રાસાદિક પુષ્પ લઈ પોતાની પાસે મૂકી રાખતા. આમ, માંદગીના મિષે

તેઓની ભક્તિ તો કદી રજા પર ઊતરી જ નહોતી.

છતાં મનુષ્ય હવા વિના જેવી અકળામણ અનુભવે તેવી મૂંઝવણ સ્વામીશ્રી સ્વયં નિત્યપૂજા કર્યા વિના અનુભવતા. તેથી તા. ૫/૪ના રોજ તેઓએ ડૉક્ટરને પૂછ્યું : 'હવે હું પૂજામાં જાતે બેસું તો વાંધો નથી ને ?!'

તેઓની આ વિનંતીમાં ઊછળતાં ભક્તિનાં જળથી ડૉક્ટર ઓગળી ગયા.

તેઓએ અડધો કલાક જ બેસવાની શરતે પૂજા કરવાની પરવાનગી આપતાં તા. ૬/૪થી સ્વામીશ્રીએ પૂર્વવત્ પાટ પર બેસી પૂજાનો પ્રારંભ કર્યો.

અતિ અગમ તે સુગમ થયા

હૃદયરોગનો હુમલો આવ્યાના બે મહિના બાદ સ્વયં પૂજા કરવા બિરાજેલા સ્વામીશ્રીએ તા. ૬/૪ની સવારે પોતાના ભાલમાં તો તિલક-ચાંદલો કર્યો જ, પરંતુ સામે બેઠેલા યજમાનના પૌત્રો શ્વેતાંશુ તથા અનીશના ભાલમાં પણ સ્નેહતિલક અંકિત કરી આપ્યું.

તેઓની આ ચેષ્ટા નાની હતી, છતાં તે પ્રેમસભર હોવાથી કેવળ આટલી અમથી ક્રિયાથીયે આ બાળકોને સ્વામીશ્રીનો નેહડો લાગી ગયો. પછી તો આ નિત્યક્રમ જ થઈ પડ્યો.

સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પધારવાના હોય તે પહેલાં આ બાળકો તેઓના ઓરડા આગળ પહોંચી જાય અને કહે : 'બાપા ! ચાલો પૂજામાં.'

તેઓના આનંદ અને આશય સ્વામીશ્રીના હસ્તે તિલક-ચાંદલો કરાવવાના. સ્વામીશ્રી પણ રોજની આ બાળજિજ્ઞાસા પૂરા પ્રેમથી સંતોષે. એટલું જ નહીં, બાળ-માનસનેય યથાર્થ પારખનારા તેઓ તિલક-ચાંદલો કર્યા બાદ પેલા શિશુઓ સમક્ષ દર્પણ ધરીને પૂછે પણ ખરા કે 'જુઓ, કેવું લાગે છે ?'

બાળકો અરીસામાં પોતાનું મુખ જોઈ મલકાઈ ઊઠે, તે જોઈ સ્વામીશ્રી હરખાઈ ઊઠે અને બાળક-'બાપા'ની આ મૈત્રી જોઈ ત્યાં ઉપસ્થિત સંતો તથા સૌ પરિવારજનો તાળી પાડી ઊઠે. ઓછા શબ્દો અને અલ્પ ક્રિયાથી પણ અધિક જનોને અધિક આનંદ પમાડવાની કળા સ્વામીશ્રીને સહજ હતી, કારણ કે તેઓ સૌને સુખ આપવા માટે જ અવતરેલા.

પોતાના જીવનની પ્રત્યેક પળે આ હેતુ સિદ્ધ કરનારા તેઓએ એક વાર ભોજન બાદ દાંતનું ચોકઠું સાફ કરાવીને જ્યાં ધારણ કર્યું ત્યાં જ આવી ચડેલા શ્વેતાંશુએ કુતૂહલ વ્યક્ત કર્યું : 'બાપા ! મને ચોકઠું બતાવો ને !'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ વિના વિલંબે અને વિના સંકોચે ચોકઠું કાઢીને પેલા બાળકને બતાવ્યું ! કેટલી સરળતા !

સત્પુરુષ અનાદિ સિદ્ધ જ હોય

વિશ્રામલીલા દરમ્યાન જુદાં જુદાં મંદિરોમાંથી દર્શન કરવા આવી રહેલા સંતો, પાર્ષદો અને કેટલાક વડીલ હરિભક્તોની સમુચિત સેવા-સરભરા કરાવી સ્વામીશ્રી દરેકને રાજી કરતા. આ ક્રમમાં તા. ૮,૯ એપ્રિલના રોજ સંતો-પાર્ષદો સાથે તેઓની પ્રેરક પ્રશ્નોત્તરી પણ યોજાઈ ગઈ. જેમ કે –

- સ્વામી ! અમે ગામડે જઈએ ત્યારે કોઈ પ્રશ્ન પૂછે કે 'તમે ભગવાન જોયા છે ?' તો અમારે શું જવાબ આપવો ?
  'હા, જોયા છે' એમ છાતી ઠોકીને કહેવું. આ યોગીજી મહારાજ છે તે અમારો આત્મા, વરતાલના ૧૧મા વચનામૃત પ્રમાણે. એ દેખાય છે સાધુ, પણ તેઓનાં અંગોઅંગમાં મહારાજ બિરાજે છે એટલે મહારાજ અને એમાં રોમનોય ફેર ન કહેવાય.'
- વરતાલના પાંચમા વચનામૃતમાં 'સરખી સેવા'ની વાત કરી છે. તે 'સરખી સેવા' એટલે શું ?
  'ભગવાન જેવા સંત છે' એમ માની, એમની મર્યાદામાં રહી સેવા કરીએ ને એમની આજ્ઞા પાળીએ તે સરખી સેવા કરી કહેવાય. ખાલી ઘરેણાં ચડાવવાં એટલું જ કાંઈ પૂરતું નથી.'
- પ્રાર્થના ખરા દિલથી થઈ એવી પ્રતીતિ ક્યારે આવે ?
  'મોટાપુરુષ બોલાવે - ન બોલાવે, હેત દેખાડે - ન દેખાડે, વખાણે - ન વખાણે, એવે વખતે ભાવફેર ન થાય તો જાણવું કે પ્રાર્થના ખરા દિલથી થઈ હતી.'
- સત્પુરુષ અનાદિ સિદ્ધ હોય કે ગાદીએ આવે ત્યારે થાય? સન ૧૯૭૭માં આપને પૂછેલું કે 'સાક્ષાત્કાર ક્યારે થયેલો ?' ત્યારે આપે કહેલું કે 'શાસ્ત્રીજી મહારાજ મળ્યા ત્યારે.' તો તે પહેલાં આપને સાક્ષાત્કાર થયો હતો કે નહીં ?
  'સત્પુરુષ અનાદિ સિદ્ધ જ હોય, પણ આ લોકની રીત પ્રમાણે વર્તતા હોય. પોતાના ગુરુને આગળ રાખતા હોય. શ્રીજીમહારાજે પણ રામાનંદ સ્વામીને ગુરુ કર્યા હતા.'

સ્વામીશ્રીનો આ ઉત્તર સૌને તેઓના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવનારો બની રહ્યો.

વચન માને નહીં તો હેત ન કહેવાય

વિશ્રામલીલા દરમ્યાન સ્વામીશ્રી ડૉક્ટરોએ આપેલી સલાહ અનુસાર ખુરશી-ટેબલ પર ભોજન ગ્રહણ કરતા, પરંતુ તા. ૧૦/૪ના રોજ તેઓએ સૌ ભક્તો સાથે નીચે બેસીને જમવાની રુચિ દર્શાવી. તે વખતે સંતોએ જણાવ્યું : 'ડૉક્ટરે ત્રણ મહિના સુધી ખુરશી-ટેબલ રાખી જમવાનું કહ્યું છે. હજી તો બે મહિના જ થયા છે.'

'ડૉક્ટરે કહ્યું નથી એ બરાબર, પણ આપણે આટલુંય નહીં સમજવાનું? રોજ આપણને (કસરત માટે) આટલું બધું ચલાવે છે તો નીચે બેસવામાં ને ઊભા થવામાં શું વાંધો?'

સ્વામીશ્રીની આ દલીલમાં ત્યાગ અને તર્કનો સમન્વય હોવાથી કોઈ બોલી ન શક્યું. પણ સ્વામીશ્રી જ આગળ બોલ્યા : 'આપણે હરતા-ફરતા થયા પછી પણ આમ (ટેબલ પર જમવાનું) ચાલુ રાખીએ તો મહારાજના ચોર (ગુનેગાર) કહેવાઈએ.'

સ્વામીશ્રીના આ શબ્દોમાંથી આધ્યાત્મિક પ્રામાણિકતા નીતરી રહી. તેઓના જીવનમાં કોઈ વિશેષ તાલમેલ કે ઠાઠ-માઠ તો હતા જ નહીં, પરંતુ બીમારીને કારણે કરવું પડતું થોડું-ઘણું દેહનું જતન પણ સ્વામીશ્રીને ખૂંચતું.

આમ, સિદ્ધ હોવા છતાં સાધકની શૈલી ધરાવતા તેઓ સમક્ષ તા. ૧૧/૪ના રોજ પરદેશમાં ચાલતી વિવિધ ક્લબ સંબંધી વાતો નીકળી. તેના સંદર્ભમાં એક પાર્ષદે સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આપણી ક્લબ કઈ?'

'અક્ષર ક્લબ.'

'તેનું સૂત્ર શું?'

'નિજાત્માનં બ્રહ્મરૂપં... સ્વામિનારાયણની ક્લબમાં આના સિવાય નહીં ચાલે.' આમ કહી સ્વામીશ્રીએ શાશ્વત સિદ્ધાંત સૌનાં મનમાં રમતો મૂકી દીધો.

ત્યારબાદ શરૂ થયેલા 'હરિચરિત્રામૃતસાગર' ગ્રંથના વાંચન વખતે પણ એક વિગતના આધારે તેઓએ કહ્યું :

'જેમાં હેત હોય તો તેનું વચન મનાવું જ જોઈએ. ન માને તો તે બનાવટી હેત છે, ખોટું છે. વચન માને નહીં તો હેત ન કહેવાય. એનો

(ગુરુનો) એક જાતનો દ્રોહ જ કહેવાય. પોતાના ગુરુ, ઈષ્ટદેવનાં વચનો નથી માનતો તો તે મડદું - ડેડ બોડી (dead body) જ છે. ભલે તેમાં ચૈતન્ય હોય, પણ જીવતો જ મરેલો છે.'

આપણે તો 'ગુરુ' બળવાન છે

આ અરસામાં વ્યાયામના ભાગરૂપે રોજ ચાલવા નીકળતા સ્વામીશ્રીની આંગળીએ અનીશ અને શ્વેતાંશુ વળગી પડતા. શિશુ-સિદ્ધના સાહચર્યનું આ હૃદયંગમ દૃશ્ય તા. ૧૨/૪ની સંધ્યાએ પણ સર્જાયું.

આ દિવસ વળી શ્રીજીમહારાજના દ્વિશતાબ્દી મહોત્સવે દીક્ષિત થયેલા પાર્ષદોનો દ્વિતીય દીક્ષાદિન હોવાથી એક પાર્ષદે અરજ ઉચ્ચારી કે 'બાપા! અમે પણ આ બાળકોની જેમ બે વર્ષના બાળક જ છીએ, તો આપ અમારી આંગળી પકડીને ચાલજો.'

'હું નથી પકડતો. એ મને પકડી રાખે છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ બોલમાં સાવધાનીનો સૂર હતો કે સત્પુરુષ સાથેનો સાંધો સુદૃઢ રાખવા મુમુક્ષુએ પણ સજ્જ રહેવાનું છે.

આ મર્મ સંભળાવનારા સ્વામીશ્રીના હાથે તા. ૧૮/૪ના રોજ દક્ષિણ ભારતીય મુમુક્ષુ શ્રી એસ. રામનાથને કંઠી ધારણ કરી. ત્યારબાદ જ્યોતિષના જાણકાર તેઓએ સ્વામીશ્રીનો હાથ જોઈને કહ્યું: 'તમારો બૃહસ્પતિ (ગુરુ) 'પાવરફુલ' છે. (સન) ૧૯૬૦થી તમે દેશ-વિદેશમાં સતત વિચરણ કરો છો. ઈશ્વર તમારાં બધાં કાર્યોમાં સાથે છે. તમે તેના સેવક છો. ભગવાન તમારી સાથે જ ચાલે છે. તમારો વિજય ને વિજય રહેશે.'

'આ દેહે અમારે ભગવાનનું જ કાર્ય કરવું છે. બીજી કોઈ ઇચ્છા નથી.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ લૌકિક લાભાલાભથી તદ્દન નિઃસ્પૃહ હતા. તેથી તેઓએ ઉમેર્યું: "મહારાજની ઇચ્છા પ્રમાણે આપણે દુઃખ આવે તોય લાભમાં છીએ ને સુખ આવે તોય લાભમાં છીએ. 'મહારાજની ઇચ્છાથી આવે છે' એમ ન માનીએ તો 'અપસેટ' થઈ જવાય. આપણે તો 'ગુરુ' બળવાન છે. યોગીબાપા મળી ગયા, નહીં તો દુઃખના દા'ડા હતા. ક્યાંય ભટકતા હોત! ગુરુ મળ્યા ને ભાગ્ય ઊઘડ્યાં! કેટલાકને 'ગુરુ' નડે છે ને આપણને ગુરુ સુખિયા કરે છે."

સ્વામીશ્રીના સાંનિધ્યમાં સૌને થતો આ અનુભવ આણંદવાસી શ્રી

જયેશભાઈ પટેલ આગવી રીતે કરી રહ્યા.

વિશ્રાંતિકાળ દરમ્યાન દર્શન માટે આવેલા તેઓને સ્વામીશ્રીએ વાતવાતમાં જ કહેલું : 'ધંધામાં લખાણ પાકું કરવું.'

આગળ-પાછળના કોઈ સંદર્ભ વિના જ બોલાયેલા સ્વામીશ્રીના આ વિધાનથી ઘડીભર તો પેલા સત્સંગી વિચારમાં પડી ગયેલા. પરંતુ સ્વામીશ્રીના આ ટચૂકડા વાક્યને લક્ષ્યમાં લેતાં તેઓએ ઘેર આવીને ધંધાકીય વિગતો તપાસી તો તેમાંથી જમીનનો એક સોદો લખાણ વિનાનો નીકળ્યો. તેથી તેઓ તેનો દસ્તાવેજ કરવા તાબડતોબ માલિકના ઘેર જઈ પહોંચ્યા. પરંતુ અહીં જે જોવા મળ્યું તે તેઓને ચોંકાવી ગયું.

આ જમીનમાલિક કોઈ અન્ય વ્યક્તિ સાથે એ જ જમીનની સોદાબાજી કરી રહેલો, જે આપવાનો મૌખિક કરાર તેણે આ સત્સંગી સાથે કરેલો. અહીં આવવામાં જો થોડી મિનિટોનો જ વિલંબ થયો હોત તો હરિભક્ત લાખોના ખાડામાં ઊતરી જાય તેમ હતું. આ સમયે તેઓને સ્વામીશ્રીની સલાહ અમૂલ્ય અને સ્વામીશ્રીનું અંતર્યામી સ્વરૂપ આશ્ચર્યકારી અનુભવાયું.

તેથીયે વિશેષ, ત્રણેક વર્ષ પૂર્વે સ્વામીશ્રીએ કહેલા પ્રાસંગિક શબ્દો તો આ સત્સંગીને અત્યારે અનેરા રોમાંચનો અનુભવ કરાવી રહ્યા. એ સમયે સત્સંગમાં પ્રવેશેલા આ હરિભક્તે એક અવઢવના અનુસંધાનમાં સ્વામીશ્રીને પૂછેલું : 'મને સંત કે ગુરુનાં લક્ષણની કાંઈ ખબર નથી, તો મને કેમ ખબર પડે કે સાચા ગુરુ મળ્યા છે ?'

'અમે તમને ગેરંટી આપીએ છીએ કે તમને પસ્તાવું ન પડે એવા ગુરુ મળ્યા છે.' સ્વામીશ્રીએ જણાવેલું.

તેઓની આ વાત પણ આજે શ્રી જયેશભાઈને સવા સો ટકા સાચી ભાસી રહી.

અલબત્ત, સ્વામીશ્રી વિષે આ અનુભવ લાખો સત્સંગીઓનો અને એટલી જ સંખ્યાના બિનસત્સંગીઓનો પણ ખરો.

તપ કરવા ઈશક છે તને

વિશ્રામલીલાના સમયગાળામાં પણ સાયંસભાનો ક્રમ અકબંધ રાખનારા સ્વામીશ્રીનાં દર્શન માટે ઘણા ભક્તો દોડી આવતા. તે ક્રમમાં તા. ૨૦/૪ની સાંજે સભામાં જવા નીકળેલા સ્વામીશ્રીની દૃષ્ટિ પડે તે રીતે એક

બાળકને ઊભો રાખવામાં આવેલો. પરંતુ આખા ડાબા પગે પ્લાસ્ટર લગાવેલા તેને જોતાં જ સ્વામીશ્રી પોતાના ગમનપથથી ફંટાઈને તેની પાસે પહોંચી ગયા. અહીં નીચા નમી એ બાળકના આખા પગે હાથ ફેરવતાં તેઓએ કહ્યું : 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરજે. મટી જશે.'

આ આશિષ સાથે બે-ત્રણ પુષ્પો પણ એ બાળકને આપી સ્વામીશ્રી આગળ વધ્યા ત્યારે તેઓની આ કૃપાવર્ષાથી સૌ ભીંજાઈ ગયા. ગંગાના ઘાટે આપણે જવું પડે, તે આપણા આંગણે ન આવે; પરંતુ સ્વામીશ્રીની કરુણા તો જ્યાં કષ્ટ હોય ત્યાં પહોંચી જતી.

જો કે અન્ય માટે કોમળ તેઓ જાત પ્રત્યે અત્યંત કઠોરભાવે વર્તતા. તેથી જ તેઓએ તા. ૨૧/૪ના રોજ આવેલી શ્રી સ્વામિનારાયણ જયંતીએ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા અનુસાર નિર્જળ ઉપવાસ કરવાનું નક્કી કરી દીધેલું; પરંતુ હૃદયરોગની બીમારીમાં આ પગલું તેઓના સ્વાસ્થ્યને હાલાકી પહોંચાડે તેમ હોવાથી ઉપવાસના દિવસની સવારે સંતોએ વિનંતી કરી : 'બાપા ! આપની તબિયત સારી નથી, એટલે આ ઉકાળો પીઓ તો સારું.'

'મેં એક વખત 'ના' કહી છે છતાં આ કેમ લાવ્યા ? આજે તો તે નહીં જ બને.' સ્વામીશ્રીએ મક્કમતાપૂર્વક જણાવી દીધું.

છતાં સંતોનો આગ્રહ ચાલુ રહ્યો ત્યારે વધુ દૃઢતા ધારી તેઓ બોલ્યા : 'સારું તો થઈ જ ગયું છે. આથી કેટલું સારું કરવું છે ? આપણે ઓછા કૂદકા મારવાના છે ? મહારાજની દયાથી સારું થઈ ગયું છે તો આજે તેમના જન્મ-દિવસે આપણે ઉપવાસ કરીએ તો ભક્તિ થાય.'

'પણ સ્વામી ! ગોળીઓ તો લેવી જ પડે અને તે માટે ઉકાળો પણ ગ્રહણ કરવો જ પડશે.'

'કો'ક દિવસ ગોળી લેવાનું ભૂલી જઈએ તો ક્યાં કંઈ થાય છે ? એક દિવસ 'ના' લીધી તો ભૂલી ગયા તેમ માનવું. ઓછા મરી જવાય છે ? મને રાજી રાખવો હોય તો ઉકાળો પાછો લઈ જાઓ.'

'ડૉક્ટરને પૂછી લઈએ.'

'આજે ડૉક્ટર કહેશે તો પણ નહીં જમું.'

સ્વામીશ્રીની આ અડગતા આગળ મહાત થઈને સૌ ઓરડાની બહાર આવી ગયા. તે પછી યજમાન શ્રી અશોકભાઈ તથા અન્ય વડીલ સંતો-ભક્તોએ સ્વામીશ્રીને પુનઃ વીનવ્યા, પરંતુ સ્વામીશ્રીએ તેઓને પણ ઉપવાસ

કરવા દેવા આજીજી કરી. જો કે આ બાબતે તો નમતું જોખી જોખમ ઉઠાવાય એમ જ નહોતું. તેથી સૌએ વિનંતીનો મારો ચાલુ રાખતાં સ્વામીશ્રીએ ગોળી ગળવા પૂરતો એક વાટકી ઉકાળો અત્યંત અરુચિ સાથે ગ્રહણ કર્યો. આ જ રીતે બપોરે ગોળી ગળા હેઠે ઉતારવા માટે નાની વાટકી શરબત પીધું.

તપની આ પરાકાષ્ઠા સાથે તેઓએ આજની રાત્રે સાતેક હજાર ભક્તોની હાજરીમાં શ્રીજીમહારાજનો જન્મોત્સવ ધામધૂમથી ઊજવ્યો. તેમાં સંપ્રદાયની સાહિત્ય-સેવા સંબંધી એક નવું કદમ ઉઠાવતાં સ્વામીશ્રીએ રાષ્ટ્રભાષા હિંદીમાં શરૂ થઈ રહેલા સામયિક 'स्वामिनारायण प्रकाश'ના પ્રથમ અંકનું વિમોચન કર્યું. તે પછી આજે ૭૬ દિવસ બાદ તેઓએ આશીર્વચન પણ ઉચ્ચાર્યાં.

આ રીતે સમૈયો સંપન્ન કર્યા બાદ ઉતારે પધારેલા સ્વામીશ્રીને રાત્રે સૂતાં પહેલાં બે ગોળીઓ લેવાની હતી, પરંતુ નંદકિશોરદાસ સ્વામીએ યુક્તિપૂર્વક પ્રથમ એક જ ગોળી તેઓના હાથમાં મૂકી. સ્વામીશ્રીને એમ કે 'આ એક જ ગોળી ગળવાની છે.' તેથી તેઓ એ ગોળી સાથે એક વાટકી શરબત પી ગયા.

પરંતુ તે પત્યું ત્યાં જ બીજી ગોળી આવેલી જોઈ પુણ્યપ્રકોપ ધારણ કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'પહેલેથી જ બીજી ગોળી પણ હાજર કરવી જોઈએ. ચોકસાઈ રાખવી જોઈએ. હવે આ ગોળી નથી લેવાનો. જાઓ, ઢોળી દો.'

સ્વામીશ્રીની આ વાતથી સંતો સકંજામાં આવી ગયા. તેઓએ માફી સાથે વારંવાર વિનંતી કરી ત્યારે સ્વામીશ્રીએ ગોળી સાથે એક જ ઘૂંટડો શરબત ગળા નીચે ઉતાર્યું! ઉનાળાના ધોમધખતા તાપ, નાદુરસ્ત તબિયત અને અશક્તિ વચ્ચે આજે તેઓએ ઉપવાસ કરવા માટે ઝીલેલી ઝીંક જોઈ સૌ નતમસ્તક થઈ ગયા.

ભગવાનની વાતમાં મને થાક લાગે જ નહીં

તા. ૨૧/૪ના રોજ શ્રીહરિ જયંતીના ઉપવાસ નિમિત્તે સ્વામીશ્રીએ માત્ર દોઢેક પ્યાલા જેટલું જ પ્રવાહી અંગીકાર કરેલું. છતાં તા. ૨૨/૪ની સવારે ૬:૫૦ વાગ્યે તેઓ પ્રાતઃભ્રમણ માટે તૈયાર થઈ ગયા! નિયમ એટલે નિયમ. તેમાં કોઈનું ન માન્યું અને એક માઈલ ચાલ્યા જ! ત્યારબાદ સ્નાન-પૂજાથી પરવારી સ્વામીશ્રીએ છેક પોણા નવ વાગ્યે પારણાં કરી ઉપવાસને વળાવ્યો.

તેઓના આવા તપના તેજથી ઝળહળતા આ દિવસોમાં મુંબઈથી આવેલા એક હરિભક્ત સ્વામીશ્રી સારુ કેરીનો ટોપલો લઈ આવ્યા, પણ તે જોઈ સ્વામીશ્રીએ સંતોને કહ્યું: 'આ કેરીઓ અટલાદરાના મંદિરે ઠાકોરજીને જમાડવી. અહીં ને અહીં વાપરી ન નાંખવી. જે કંઈ આવે તે મંદિરમાં ઠાકોરજીને ધરાવવું.'

તપ-ત્યાગના ઈશકની સાથે ભક્તિનો આવો ઉમળકો પણ સ્વામીશ્રીના જીવનમાં તીવ્રતાથી અનુભવાતો. તેને વશ થઈને જ તેઓ તા. ૨૭/૪ના રોજ પૂનમ હોવાથી અટલાદરાના મંદિરે દર્શન કરવા પહોંચ્યા. આ સમયે ગરમી ઘણી હોવાથી પ્રદક્ષિણામાં પાથરેલો આરસ તપી ગયેલો. છતાં તે પર ચરણ મૂકતાં સ્વામીશ્રી હનુમાનજી-ગણપતિજીનાં દર્શને પણ પધાર્યા.

ત્યારબાદ તેઓ એકત્રિત ભક્તોને કથાલાભ આપી ઉતારે પરત ફર્યા ત્યારે અહીં બંગાળી કલાકાર દાસબાબુ તેઓની પ્રતીક્ષા કરી રહેલા.

શ્રીજીમહારાજની એક પ્રતિમા બનાવવાના પ્રયત્નમાં ડૂબેલા તેઓએ સ્વામીશ્રીને જણાવ્યું: 'મહારાજનું 'સ્ટેચ્યૂ' (મૂર્તિ) બનાવતી વખતે મારે તમારો સમય લેવો પડશે. વાતચીત પણ વિશેષ કરવી પડશે. તેથી તે વખતે તબિયત સારી રહે, તકલીફ ન પડે તે માટે અત્યારે આપ બહુ શ્રમ ન લેશો.'

'ભગવાનની વાતમાં મને થાક લાગે જ નહીં. જગતની વાતોમાં થાક લાગે.' સ્વામીશ્રી બોલ્યા.

*'નિત્ય નારાયણને ભજે છે, અન્ય વાસના સર્વે તજે છે...'*ની શૈલી ધરાવતા સંત હતા તેઓ.

वेद का जीवित स्वरूप

સ્વામીશ્રીની વિશ્રામલીલા દરમ્યાન તેઓના ખબર-અંતર પૂછવા આવતા અનેક મહાનુભાવોના ક્રમમાં તા. ૨૯/૪ના રોજ ધર્માચાર્ય પૂજ્ય હરિનારાયણાનંદજી ઉપસ્થિત થયા.

ઔપચારિક સ્વાગતવિધિ બાદ તેઓ આસપાસ બેઠેલા સંતો-ભક્તોને ઉદ્દેશી અનાયાસે બોલવા લાગ્યા: 'कई संत ऐसे होते हैं जो स्वयं शास्त्र होते हैं। वेद में जो कहा गया है उसका जीवित स्वरूप प्रमुखस्वामी है। स्वामीजी की आत्मिक प्रेरणा बहुत है। उससे जो चीज़ नहीं हो सकती, वह भी हो जाती है।'

આટલો અહોભાવ વ્યક્ત કરી આ મૂર્ધન્ય મહાત્માએ સ્વામીશ્રીને રુદ્રાક્ષની માળા પહેરાવી પોતાનો પ્રેમ પ્રગટ કર્યો અને જણાવ્યું: 'आपने जो अहमदाबाद में भारत साधु समाज का महा अधिवेशन किया, वैसा भारत में कहीं भी और कभी भी नहीं हुआ है।'

મંડલેશ્વરના શબ્દે શબ્દે સ્વામીશ્રીનો મહિમા ટપકી રહ્યો. સ્વામીશ્રીનું એક આયોજન પણ સૌનાં કાળજાંનો કબજો મેળવી લેવા બસ થઈ પડતું.

કરે સંતનાં કાજ કૃપાળુ

આ અરસામાં સારંગપુરથી અહીં આવેલા બે પાર્ષદોને સત્સંગ-વિચરણ માટે ભાવનગર જવાનું ગોઠવાયેલું. તેઓને જે દિવસે નીકળવાનું હતું તેના આગલા દિવસની સંધ્યાએ તે બે પૈકીના એક પાર્ષદ સ્વામીશ્રીનાં દર્શન કરવા ઓરડામાં પ્રવેશ્યા. તેઓને જોતાં જ પડખાઢાળ પોઢેલા સ્વામીશ્રી બોલ્યા:

'આવતીકાલે સવારે તમારે ભાવનગર જવાનું છે. તે માટે બસની ટિકિટ રિઝર્વેશન સાથે મંગાવી લીધી છે. તમે બે જ પાર્ષદો છો. સાથે કોઈ યુવક નથી. તેથી સરકારી બસને બદલે લક્ઝરી બસની ટિકિટ મંગાવી છે, એટલે વચ્ચે બાઈઓને લીધે (નિયમ-ધર્મમાં) કોઈ મુશ્કેલી ન પડે. અહીંથી એક યુવક તમને બસમાં બેસાડી દેશે, પછી ચિંતા નહીં. ભાવનગર મંદિરનું ઍડ્રેસ લખીને સાથે લેતા જજો. ત્યાં બસવાળા જ્યાં ઉતારે ત્યાંથી રિક્ષા કરી લેજો. સવારે લગભગ સાત વાગ્યે બસ ઊપડે છે, છતાં ચોક્કસ સમય જાણી લેજો. સવારે ઉકાળા-પાણી સારી રીતે કરી લેજો, જેથી વાંધો ન આવે. ટિકિટ ગૌમુખી જેવું કાંઈક હોય તો તેમાં મૂકીને પોટલામાં મૂકી દેજો, જેથી સવારે ભૂલી ન જવાય. ભાવનગર જઈ હરિભક્તોને કથા-વાર્તા કરજો.'

બીમારીના બિછાને સૂતાં-સૂતાં પણ સ્વામીશ્રીએ નાના-નવા પાર્ષદોની સૂક્ષ્મ કાળજી લેવામાં કોઈ કસર ન છોડી.

ધર્મ નેમ રહેવું ધરી

તા. ૮/૫ના રોજ આવેલી એકાદશીએ અટલાદરાના મંદિરે પધારેલા સ્વામીશ્રી આ વખતે જાતે જ પગથિયાં ચડ્યા અને ઊતર્યા. તેઓની આ ક્રિયા તંદુરસ્તીની નિશાનીરૂપ બની રહેતાં સૌ ભક્તો આનંદિત થઈ ઊઠ્યા.

આ આનંદમાં સહભાગી થવા આવી પહોંચેલા સારંગપુરના કેટલાક

પાર્ષદોનો નિવાસ અત્રે અટલાદરાના મંદિરે હતો. અહીંથી તેઓ સવારે ચાલતાં-ચાલતાં સ્વામીશ્રીના ઉતારે લાભ લેવા જતા.

આ વખતે પાર્ષદો 'એઈમ્સ'ના સંકુલની પાછળના ભાગમાં આવેલા એક છીંડાનો ઉપયોગ કરતા, કારણ કે તે રસ્તે જવાથી લગભગ દસેક મિનિટનો ચકરાવો મટી જતો. પરંતુ આ વિગતની જાણ થતાં સ્વામીશ્રીએ ટકોર કરી કે 'આપણે પાછળના રસ્તે ન આવવું. મુખ્ય માર્ગે મુખ્ય દરવાજેથી જ પ્રવેશ કરવો. ભલે દસ મિનિટ વધુ થાય.'

શ્રીજીમહારાજે 'શિક્ષાપત્રી'(શ્લોક : ૩૩)માં કહ્યું છે કે 'अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न तेन च...' નિષિદ્ધ કરેલા માર્ગથી પેસવું-નીસરવું નહીં; મહારાજની આ આજ્ઞાનું પાલન સ્વામીશ્રીએ આજે દૃઢાવી આપ્યું. તેઓનો સિદ્ધાંત જ હતો: *'સૂતાં બેઠાં જાગતાં, ધર્મ નેમ રહેવું ધરી...'*

ઊંચ ને નીચ એવા ભેદ નથી તમને

તા. ૧૧/૫ની સાંજે વડોદરાના સત્સંગ મંડળે યોજેલી શહેરની વિશિષ્ટ વ્યક્તિઓની સભામાં રાજકીય, સામાજિક, શૈક્ષણિક, ઔદ્યોગિક, વ્યાવસાયિક વગેરે વિવિધ ક્ષેત્રોના નામાંકિત મહાનુભાવો ઉપસ્થિત રહેલા. આ સમારોહ બાદ 'એઈમ્સ'ના બગીચામાં જ તેઓનો ભોજન સમારંભ ચાલુ થયો અને સ્વામીશ્રી નિજનિવાસમાં પધાર્યા. પરંતુ તે વખતે તેઓએ સંતોને સૂચના આપી કે 'આ મહેમાનોના ડ્રાઈવરોને જમાડ્યા? તે બધાને પણ ખુરશી પર બેસાડીને જમાડજો.'

સ્વામીશ્રીની આ સંભાળ અને સમતાનો સ્વાદ ચાખી ડ્રાઈવરો તો ગદ્‌ગદિત થઈ જ ગયા, પણ શેઠિયા-શ્રેષ્ઠીઓય દંગ રહી ગયા. તેઓ આજે સ્વામીશ્રી પાસેથી 'હ્યુમન મૅનેજમૅન્ટ'નો એક નવો પાઠ શીખીને વિદાય થયા.

આ રીતે પ્રત્યેક પળે કંઈક નવી પ્રેરણા પીરસતા રહેતા સ્વામીશ્રી પણ હવે બે મહિનાના સુદીર્ઘ રોકાણ બાદ 'એઈમ્સ'માંથી વિદાય લેવાના હતા. તેથી તા. ૧૪/૫ની સાંજે યોજાયેલા ઔપચારિક વિદાય સમારંભમાં યજમાન શ્રી અશોકભાઈ તથા તેઓના પુત્ર-પરિવારે સ્વામીશ્રી વિષે કૃતજ્ઞભાવ પ્રગટ કર્યો. સૌ સભાસદોએ પણ આ યજમાન કુટુંબનાં બાઈ-ભાઈ સભ્યોનો આભાર માન્યો, કારણ કે સતત ૬૦ દિવસ સુધી આ પરિવારજનોએ તન, મન, ધનનો ભીડો વેઠી સ્વામીશ્રીની સાથે સંત-સત્સંગીઓનીયે અપાર સેવા

કરેલી. તેથી સ્વામીશ્રીએ પણ તે સૌને અંતરના આશીર્વાદ પાઠવ્યા.

તેને અનુસરતાં તેઓ તા. ૧૫/૫ની સાંજે અટલાદરાના મંદિર-સંકુલમાં નિર્માણ પામેલા છાત્રાલયનું ઉદ્‌ઘાટન કરી 'વડોદરા ઍક્સપ્રેસ' દ્વારા મુંબઈ જવા વિદાય થયા. તે સાથે જ સો દિવસ બાદ સ્વામીશ્રીના વિચરણનું પૈડું પુનઃ ફરવા લાગ્યું. આ ઘટનાથી સમગ્ર સત્સંગમાં હર્ષોલ્લાસ છવાઈ ગયો.[3]

ઊભરો આવી ગયો

તા. ૧૬/૫ની સવારે મુંબઈ પહોંચેલા સ્વામીશ્રીની સ્વાગત-સભા આજની સાંજે જ યોજાયેલી. જો કે ડૉક્ટરોએ પ્રવચન કરવા અંગે ફરમાવેલી મનાઈને કારણે આ સમારોહમાં સ્વામીશ્રીને કેવળ દર્શનદાન જ દેવાનું હતું.

પરંતુ સમય થતાં સ્વામીશ્રીએ માઇક મંગાવી અમૃતધારા વહાવી દીધી કે 'શરીર તો શરીરનું કામ કર્યા કરે, પણ સંત રાજી થાય એમ કરવાનું છે. વરસાદ પડે ને દેડકા બહાર આવીને તક્ તક્ કરે. ખેડૂતોને કહે કે 'તક આવી છે.' એ જો સચવાઈ જાય તો મોલ વળ દઈને નીકળે. એમ સંતનો સમાગમ કરી લેવો. ડૉક્ટરોની તો બોલવાની સલાહ નથી, પણ ઊભરો આવી ગયો...'

ભક્તોને જોઈ સ્વામીશ્રીને હંમેશાં હેતના ઊભરા આવતા રહેતા. તેમાં શરીર-સંભાળ સંબંધી સલાહો તો ક્યાંય ગરક થઈ જતી.

પરંતુ હવે સત્સંગ-સમાજ જ પોતાના 'હૃદય' સમા સ્વામીશ્રીના જતન માટે જાગ્રત થઈ ગયેલો. તેથી મુંબઈના રોકાણ દરમ્યાન કોઈ વિશેષ કાર્યક્રમો યોજાયા નહોતા. રાબેતા મુજબ સૌ પ્રાતઃપૂજા, સાયંકથા તથા ભ્રમણ-દર્શનના લાભ પામતા. વ્યક્તિગત મુલાકાતોનું જોર પણ ઓછું હોવાથી સ્વામીશ્રી સમય મળ્યે સંતો પાસે ગ્રંથોનું વાંચન કરાવતા. તેમાંથી ક્યારેક ક્યારેક ફૂટી નીકળતી જ્ઞાનગોષ્ઠિ આસ્વાદ્ય બની રહેતી.

તા. ૨૫/૫ના રોજ આવી જ એક ગોઠડીમાં સંતોએ સ્વામીશ્રીને કહ્યું :

'બાપા ! આપ તો બહુ થોડું જમો છો. મહારાજ રાત્રે જાગીને અઢી શેર

---

૩. હૃદયરોગના હુમલા બાદ તબીબોની સલાહ અનુસાર સ્વામીશ્રીએ સ્વીકારેલી વિશ્રામલીલા નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

જલેબી જમી ગયેલા. તેમ આપ પણ કરો ને!'

'ભગવાનની રીત જુદી અને સંતની રીત જુદી.'

'સંત ભગવાનની જ મૂર્તિ કહેવાય ને! દુર્વાસા સૌના થાળ જમી ગયા તેમ થાળમાં જે આવે તે જમી લઈએ એટલે નિર્ગુણ.'

'જે આવે તે નહીં, પણ જે નિયમ હોય તે પ્રમાણે લેવું એ નિર્ગુણ.' સ્વામીશ્રીએ સુંદર સ્પષ્ટતા કરી આપી.

ચરણસેવક કોણ ?

તા. ૨૭/૫ના રોજ દર્શને આવેલા પ્રેસ્ટનના હરિભક્ત શ્રી રતિભાઈ લીંબાચિયાએ સ્વામીશ્રી સમક્ષ આભારવશ થતાં જણાવ્યું: 'બાપા! મને અલ્સર થયેલું. તે ફાટી ગયું. પરંતુ આપે એક્સ-રે રૂમમાં મને દર્શન આપી કહેલું કે 'સારું થઈ જશે.' અને ખરેખર આપની દયાથી સારું થઈ ગયું!'

આ હકીકત સાંભળી સંતોએ પૂછ્યું: 'સ્વામી! આપ સૌને દર્શન આપીને કાર્ય કરો છો, તે ક્યારે કરો છો?'

'એ તો મહારાજ દર્શન આપે ને હરિભક્તોનાં કામ કરે.' સ્વામીશ્રીએ આમ દાસભાવ ઘૂંટ્યો, ત્યારે સંતોએ દલીલ દોડાવી કે 'મહારાજ પોતાના રૂપે દર્શન કેમ નથી આપતા? સંતસ્વરૂપે જ કેમ દર્શન આપે છે?'

'સંત સાથે હેત હોય એટલે સંતરૂપે દર્શન આપે. જેમ ભગતજી મહારાજને પ્રથમ સાધુરૂપે દર્શન આપ્યા. આપણે તો અહીં હરતા-ફરતા હોઈએ. મહારાજ સૌનાં કામ કરી આવે.' આમ કહેતાં સ્વામીશ્રીએ દાસત્વનો દોર તો ન જ છોડ્યો.

તેના આધારે જ હંમેશાં ઝૂલતા રહેલા તેઓ તા. ૩/૬ની રાત્રે વાળુ બાદ મંદિરના પાંચમા માળે મૂકેલા હિંડોળામાં બિરાજ્યા. અહીં સામે બેઠેલા સંતો સાથે ચાલતાં થયેલાં વિનોદનાં વહેણ આરામનો સમય થયો ત્યાં સુધી ખળકતાં રહ્યાં. છેવટે સ્વામીશ્રીને ઊઠવાનું થયું ત્યારે આનંદકંદદાસ સ્વામી હિંડોળા નીચેથી સ્વામીશ્રીનાં ચંપલ કાઢવા ગયા. તે જોઈ સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા અમિત ભગત તરફ નિર્દેશ કરતાં કહ્યું: 'એ ચંપલ આ ચરણસેવકને[૪] આપો.' પછી ઉમેર્યું: 'આજ્ઞાએ કરીને જ્યાં રહે તે ચરણસેવક.'

સત્પુરુષના સ્થૂળ સાંનિધ્ય કરતાં તેઓના સૂક્ષ્મ સંગ પર સ્વામીશ્રી વધુ

---

૪. આ સમયે સ્વામીશ્રી એ પાર્ષદને 'ચરણસેવક' કહી ગમ્મત કરતા.

ભાર મૂકતા.

સીધા રહીએ તો સુખ આવે

તા. ૭/૬ની સાંજે સભામાં જતાં પૂર્વે સ્વામીશ્રી નેલકટર લઈને નખ કાપવા બિરાજ્યા ત્યારે તેઓને સાનુકૂળતા રહે તે માટે એક સંતે લાઇટ કરી, પણ સ્વામીશ્રીએ તે બંધ કરાવી બારી ખોલાવી. તેઓની આ ક્રિયાએ કરકસરની પણ એક બારી ખોલી દીધી.

એ ખુલ્લી ખીડકીમાંથી આજની રાત્રે સ્વામીશ્રીના આ સદ્‌ગુણની વધુ એક લહેરખી ઉતારામાં પ્રવેશી. આ સમયે સભા બાદ નિવાસસ્થાનમાં પધારેલા સ્વામીશ્રી બાથરૂમમાં લઘુશંકા કરવા જતા હતા. તે પૂર્વે જ એક પાર્ષદે ફિનાઇલની આઠ ગોળી ટબમાં નાખી. તે જોઈ સ્વામીશ્રીએ તરત ટકોર કરી : 'આટલી બધી શું કરવા નાખી ? ચાર જ નાખવી.' આમ કહેતાં તેઓએ ચાર ગોળીઓ કઢાવી લીધી.

વસ્તુની છત હોય કે અછત, પણ કરકસર એ સ્વામીશ્રીનો કાયમી સ્વભાવ રહેલો.

એ જ રીતે સરળતા પણ તેઓનો અંગભૂત ગુણ. તેની શીખ આજે તેઓએ આકર્ષક ઢબથી આપી.

ઉતારે ભોજન બાદ જ્યારે સ્વામીશ્રી પત્ર-વ્યવહારમાં પરોવાયા ત્યારે તેઓને વિશેષ ઠંડક રહે તે માટે એક પાર્ષદે ઍરકન્ડિશન્ડ મશીનની જાળી સ્વામીશ્રી તરફ પવનની ફૂંક આવે તેમ ત્રાંસી કરી. પરંતુ તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'જાળી સીધી કરી દો. સીધા રહીએ તો સુખ આવે. સાધુ થયા પછી સીધા અને સરળ રહેવું.'

નજીવી બાબતમાંથી પણ દીર્ઘજીવી બોધ તારવી આપવાનું સ્વામીશ્રીનું કૌશલ્ય ઘણું જ રોચક હતું.

પરિવર્તનનો પ્રચંડ પડઘો

'પ્રમુખસ્વામી મહારાજનું કાર્ય હદ ન થાય એવું છે' – આ શબ્દો સાથે તા. ૭/૬ની સાયંસભામાં તળાજાના રીશુભાએ પોતાના પ્રવચનની પૂર્વભૂમિકા બાંધી ત્યાં જ સૌ શ્રોતાઓ ટટ્ટાર થઈ ગયા, કારણ કે 'સરકાર'ના ઉપનામથી ઓળખાતી આ ખૂંખાર વ્યક્તિનો સ્વામીશ્રીના સંગે થયેલો હૃદયપલટો

સમાજમાં ખાસ્સી પ્રસિદ્ધિ પામેલો.

તેથી તેઓનું વક્તવ્ય આરંભાતાં જ ચારેકોર ફરી વળેલી ઉત્સુકતા વચ્ચે રીશુભાની કેફિયત આમ વહેવા લાગી :

"અમારે ત્યાં એક વાર ખાંડસરીના કારખાનામાં ચૂંટણી થવાની હતી. તેમાં દસથી બાર હજાર માણસો ભેગા થવાના હતા. આવા સમયે સૌ મારો સાથ માંગે જ. એ કારણે જ એક આગેવાને મારા ઘેર આવીને કહ્યું : 'સરકાર ! કાલે થનારી પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં તમારો સહકાર જોઈએ છે.'

પણ મેં એમને જણાવી દીધું કે 'હવે હું સત્સંગી બની ગયો છું, માટે મને તોફાનોમાં રસ નથી. એટલે મારી પાસેથી આવી કોઈ અપેક્ષા રાખશો નહીં.' એટલું જ નહીં, મેં ગઢમાંથીયે યુવાનોને બોલાવીને કહી દીધું : 'આપણે કોઈએ ત્યાં ચૂંટણીમાં નથી જવાનું.'"

પરંતુ રીશુભાની આ તાકીદ હોવા છતાં, એક કેન્ટીનની હરાજીનો વિષય સાત-આઠ જુવાનિયાઓને કારખાનાના આંગણે તાણી ગયો. તેમાં રીશુભાના કેટલાક કુટુંબીઓ પણ ખરા. તેઓ જ ચૂંટણીમાં ફાટી નીકળેલા તોફાનનો ભોગ થઈ પડ્યા. તેમાં એકનું તો સ્થળ પર જ મૃત્યુ થયું અને બીજાને ઘાયલ અવસ્થામાં હૉસ્પિટલ ભેગો કરવો પડ્યો.

આ ખાનાખરાબીની જાણ થતાં જ રીશુભાની રગ-રગમાં ખુન્નસ ભરાઈ આવ્યું. તેઓ કેડે હથોડી અને હાથમાં રાઈફલ લઈ નીકળી પડ્યા ઘર બહાર.

તે પછીનો ઘટનાક્રમ વર્ણવતાં રીશુભાએ આગળ જણાવ્યું :

"મને હજી કંઠી બાંધ્યે ત્રણ મહિના જ થયા હતા, પણ આ વખતે મને તે યાદ ન આવી. હું તો બે હથિયાર લઈને કારખાને જવા દોડ્યો. રસ્તામાં એક ખટારાનો ડ્રાઈવર જમતો હતો. મેં એને જમતો ઉઠાડ્યો. એ ચૂપચાપ ખટારામાં બેસી ગયો. હું પાછળ ચઢી ગયો ને સીધો પહોંચ્યો કારખાને.

ત્યાં ખટારા ઉપરથી કૂદકો મારતાં મેં રાડ પાડી. તે સાંભળતાં જ ભેગા થયેલા હજારો માણસોમાંથી કોઈ ઊભું ન રહ્યું. એક ખટારો ભરાય એટલાં પાઘડી ને જોડા મૂકીને લોકો જ્યાં ફાવ્યું ત્યાં ભાગવા લાગ્યા. કેટલાક તો એટલા ફફડી ગયા કે વહેતી નદીની ભેખડ ઉપરથી નદીમાં કૂદકો મારીને ભાગ્યા..."

આમ, એક દિલધડક દાસ્તાનનાં સળ-વળ જેમ જેમ ખૂલતાં ગયાં તેમ તેમ સૌની ઉત્કંઠા પણ ઊંચાઈ પકડવા માંડી. એ ટોચેથી આગળ સરકેલા ઘટનાચક્રમાં એક વાત ચોંકાવનારી બની.

રીશુભાને જોઈને મચેલી નાસભાગ વચ્ચે જ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ગાંધીએ રીશુભા સામે બંદૂક તાકી. તે જોઈ ત્રાડ પાડતાં 'સરકાર' બોલ્યા : 'તારી પાસે જેટલી ગોળી હોય એટલી એમાં નાંખી દે, પણ હું તને નહીં છોડું.'

આ સાંભળનારા ગામના બે વડીલો રીશુભાના ક્રોધનો પારો પામી ગયા. તેથી તેઓએ પાછળથી આવીને તેઓને ઝાલી રાખતાં કહ્યું : 'રીશુભા! તમે તો કંઠી પહેરી છે ને!'

આ પછી જે બન્યું તે જણાવતાં રીશુભાએ વાત આગળ વધારી :

"તે વખતે મારી નજર સ્વામીબાપાએ પહેરાવેલી કંઠી પર પડતાં જ મારો ઉકળાટ શમી ગયો. મને થયું કે 'મેં આ ભૂલ કરી છે. મેં સ્વામીબાપા આગળ નિયમ લીધેલો કે હાથમાં હથિયાર ન રાખવું અને મેં આ શું કર્યું?'

મેં પેલા બંનેને કહ્યું : 'તમે મને મૂકી દો. મારે અહીં ઊભુંય રહેવું નથી. હવે મને પ્રમુખસ્વામી બાપાની કંઠી યાદ આવી ગઈ એટલે મારા કટકા કરી નાંખે તોય હું સામું હથિયાર નહીં ઉગામું.' આટલું કહેતાં હું બંદૂક અને કુહાડી ફગાવી દઈ ખાલી હાથે ઘર ભણી ચાલવા માંડ્યો..."

પરંતુ ત્યાં જ રીશુભાના કાને ઇન્સ્પેક્ટરના આ શબ્દો સંભળાયા. તે અધિકારી જમાદારને કહી રહેલા : 'તમે શું જોઈ રહ્યા છો? પેલાએ હથિયાર ફેંકી દીધાં છે. હવે તેના પર તાબડતોબ ફાયરિંગ કરો.'

નિઃશસ્ત્ર રીશુભા સામે પેલા ઇન્સ્પેક્ટરની મર્દાનગી આ રીતે ઊભરાઈ આવી! તે જોઈ જમાદારનેય પાનો ચડી ગયો અને તેણે ૩૦૩(થ્રી-નોટ-થ્રી) રાઈફલ ઉપાડી. એકસાથે ત્રણ આદમી ઊભા હોય તો એ ત્રણે-ત્રણની છાતીને વીંધી સોંસરી નીકળી જાય એવી ગોળીઓ છોડતું આ જીવલેણ હથિયાર પોતાની સામે તકાયેલું જોઈને પણ રીશુભાનું લોહી ટાઢું જ રહ્યું. તેઓ 'જેવી બાપાની ઇચ્છા' કહેતાં પગ ખોડીને ઊભા રહી ગયા.

આ લાગનો લાભ ઉઠાવતાં જમાદારે બંદૂકનો ઘોડો દબાવ્યો. તે સાથે જ તેમાંથી ગોળી છૂટી, પણ તે નિશાન ચૂકી ગઈ. તેથી આશ્ચર્ય અનુભવતાં જમાદારે વધુ એક ભડાકો કર્યો, પરંતુ રીશુભાને ઘસરકોયે ન પડ્યો. તે જોઈ ભુરાયા થયેલા જમાદારે એક પછી એક અગિયાર ગોળીબાર કર્યા, પણ રીશુભા અડીખમ રહ્યા! તેઓને એકેય ગોળી ન વાગી!! એક ગોળી તો લેંઘામાં છિદ્ર પાડી આગળ વધી ગઈ, પણ રીશુભાને કોઈ ઈજા ન પહોંચી.

આ કૌતુક નિહાળી નિશાનેબાજ જમાદાર ગડમથલમાં પડ્યો.

ઇન્સ્પેક્ટર પણ વિમાસણમાં મુકાઈ ગયા. તેઓએ રીશુભાની નજીક જઈ જોયું તો તેઓના મુખમાં પ્રમુખસ્વામી મહારાજનું રટણ હતું. તે સાંભળી એ અધિકારીએ જમાદાર પાસે હથિયાર મ્યાન કરાવી દીધું. એટલું જ નહીં, તેઓએ રીશુભાની માફી માગી અને એથીયે વિશેષ તો એ પોલીસ અધિકારી સમયાંતરે સત્સંગી પણ બની ગયા!

રીશુભાએ વર્ણવેલા આ સ્વ-વૃત્તાંતના શબ્દે-શબ્દે પરિવર્તનનો પ્રચંડ પડઘો ગાજી રહ્યો. તે સાંભળનારા સૌ સભાસદો ખારા જીવોને મીઠા કરતા સ્વામીશ્રીનાં ચરણે નમી પડ્યા.

મુનિને માન ગમે નહીં

તા. ૮/૬ના રોજ ઊજવાઈ રહેલી યોગીજયંતીએ ગુરુના ગુણાનુવાદ ગાતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'યોગીબાપાના પ્રસંગો ભુલાય એમ જ નથી. યોગીબાપાનું બધું મંગળ. એમની દરેક ક્રિયામાં દિવ્યતા. એવા પુરુષ મળ્યા એ જ મહત્ ભાગ્ય. એમણે જે દિવ્ય સત્સંગ આપ્યો છે તે સાચવવો એ આપણું કામ છે. આપણને આવા જે સંત આપ્યા છે તે સાચવીશું તો ઉત્સવ દિવ્યતાથી ઊજવ્યો કે'વાય. આપણે એમની વસ્તુને સાચવીશું તો જ મહિમા સમજ્યા છીએ. એ જ મહાન સેવા છે. દેહભાવ, વ્યવસાયો અને કુસંગને લઈને આ વસ્તુ જતી રહે છે.'

જાણપણાની આ મનનીય શીખ આપી સ્વામીશ્રી ઉતારે જવા ઊભા થયા ત્યાં જ તા. ૧૪/૬ના રોજ આવી રહેલા તેઓના પ્રમુખવરણી દિનની જાહેરાત થઈ. તે સાંભળી અકળાઈ ગયેલા સ્વામીશ્રી બોલ્યા: 'આવી રીતે કેટલા ઉત્સવો વધારવા છે? માટે આ વાત જ ખોટી છે.' આમ કહી ફરી વાર આવી જાહેરાત ન કરવા તેઓએ કડક સૂચના આપી દીધી!

તેઓની આ અહંશૂન્યતા સૌનાં હૈયે અહોભાવ પ્રગટાવી ગઈ.

નિર્મળ, નિર્દંભ અને નિખાલસ

તા. ૯/૬ની સવારે અલ્પાહાર બાદ કોઈનોય ટેકો લીધા સિવાય આપમેળે જ ઊભા થઈ ગયેલા સ્વામીશ્રીને જોઈ સામે બેઠેલા શ્રુતિપ્રકાશદાસ સ્વામી બોલ્યા: 'આજે આપને ટેકો આપી ઊભા કરવાનો મારો સંકલ્પ હતો.'

આ સાંભળી સ્વામીશ્રીએ એક ખૂણે બેસી રોજનીશી લખી રહેલા

સોમપ્રકાશદાસ સ્વામીને કહ્યું : 'તમે આ લખી લેજો કે શ્રુતિનો સંકલ્પ પૂરો ન થયો.' આમ બોલતાં તેઓ હસતાં-હસતાં પોતાના ઓરડામાં પ્રવેશી ગયા.

પરંતુ સંકલ્પ-અપૂર્તિનો આ ક્રમ સ્વામીશ્રીએ આજની બપોરે પણ આશ્ચર્યકારી રીતે પુનરાવર્તિત કર્યો. આ સમયે ભોજન બાદ ચાલી રહેલી કથામાં ચિન્મયદાસ સ્વામી સ્વામીશ્રીને પોતાની માળા આપવા જાય તે પહેલાં શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ માળા આપી દીધી. તે જોઈ પેલા સંતે સ્વામીશ્રીને કહ્યું : 'મારો સંકલ્પ પૂરો ન થયો.'

આ વખતેય મરક-મરક હસતાં સ્વામીશ્રીએ પેલા રોજનીશી લખનારા સંતને કહ્યું : 'આ સંકલ્પ પૂરો ન થયો તે પણ લખી લેજો.'

તેઓ આજે જાણે ગમ્મતનું ગાડું જ ઠાલવવા લાગેલા, પરંતુ એ ગમ્મતની ગાંસડીમાં જ્ઞાન આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'સંકલ્પ પૂરા થાય તે લખવા અને ન થાય તે પણ લખવા. આ તો જે સંકલ્પ કરે તેના પૂરા ન કરે અને જે સંકલ્પ ન કરે તેના પૂરા કરે. ગુણાતીતાનંદ સ્વામીએ સંકલ્પ ન કર્યો તો મહારાજ ભેટ્યા. માળા લે કે ન લે, પ્રસાદી આપે કે ન આપે, પણ એમ ન થવું જોઈએ કે મારો સંકલ્પ પૂરો ન થયો. માળા ન લે તો અંતર્યામી નથી એમ ન માનવું.'

આમ, મનુષ્યભાવ દર્શાવનારા સ્વામીશ્રીએ પોતાના દિવ્યસ્વરૂપની સમજ પણ આપી દીધી.

તેથી ખીલી ઊઠેલી તેઓની નિર્મળ અને નિર્દંભ જીવનશૈલીએ આજની રાત્રે એફ.આર.સી.એસ.ની પ્રતિષ્ઠિત પદવી ધરાવતા ડૉ. કે. એન. પટેલને પણ ઘાયલ કરી મૂક્યા. તેઓ બોલી ઊઠ્યા : 'સ્વામીજી આટલી બધી નિખાલસતાથી વરતી શકે છે તેનો અનુભવ આજે જ થયો. બીજા કોઈ પાસે આવું નિખાલસપણું જોયું નથી. આટલું બધું કાર્ય કરતા હોવા છતાં તેઓને કોઈ દિવસ અભિમાન આવ્યું નથી. આ અનુભવ છે એટલે કહું છું.'

મારે કોઈને વિષે પક્ષપાત નથી

પોતાના પ્રમુખવરણી દિન સંબંધી કોઈ પણ જાહેરાત નહીં કરવાની સંચારબંધી સ્વામીશ્રીએ અગાઉથી જ લાગુ કરી દીધેલી. છતાં તા. ૧૪/૬ના રોજ એ દિવસ આવતાં જ મંદિરનું સભાગૃહ ભક્તોથી ચિક્કાર ભરાઈ ગયું. સૂર્યનાં કિરણોથી ખીલી ઊઠતાં કમળોને સ્વયં સૂર્ય પણ ક્યાં રોકી શકે છે ! તેમ

આજે એકઠા થયેલા સંતો-ભક્તોએ કીર્તનો-પ્રવચનોથી સ્વામીશ્રીને બિરદાવ્યા.

આ અવસરે સ્વામીશ્રીનો માર્મિક મહિમા રેલાવતાં મહંત સ્વામીએ જણાવ્યું:

'શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામીની વરણી કરી, પરંતુ જ્યારે આપણે વરણી કરવા લાગીએ છીએ ત્યારે જ મહાઉપાધિ થાય છે. આપણી બુદ્ધિ, ગજું, શક્તિ કેટલાં? શાસ્ત્રીજી મહારાજ જે પ્રમાણ કરે તે આપણા માટે એકડો. શાસ્ત્રીજી મહારાજે કાંઈ ઉતાવળ નથી કરી કે નાના હતા એટલે લાંબા ગાળા સુધી ચાલે, એટલે કાંઈ વરણી નથી કરી દીધી. આજે સ્વામી-બાપાને પોતાની કઈ વાત છે? તેઓએ સંસ્થા ન તૂટે એટલા માટે હૃદય તોડી નાખ્યું! આજે જુઓ તો ખરા કે કેટલી શાંતિ અને હૂંફ છે! જ્યાં જઈએ ત્યાં સ્વામીનો ડંકો વાગતો જ હોય છે. પ્રમુખસ્વામીને વિષે અખંડ દિવ્યભાવ રહે તે જ આપણી સાધના છે.'

આ સાધના સરળ બની જાય એવો એક ઉદ્‌ગાર આ અરસામાં સ્વામીશ્રીના મુખેથી ફૂટી નીકળ્યો. અહીંના રોકાણ દરમ્યાન એક વાર સંતો સાથે બિરાજેલા તેઓ બોલી ઊઠ્યા: 'તમે યોગીજી મહારાજના સંતો છો તો તમારા અર્થે હું શું કરી શકું? – એવી ભાવના સતત રહે છે. મારે કોઈને વિષે પક્ષપાત નથી.'

સૌમાં શ્રીજીને જ નિહાળતા સ્વામીશ્રીને કોઈ પારકું-પોતાનું નહોતું.

તેનો ત્યાગ વૈરાગ્ય છે ભારી

તા. ૧૬/૬ના રોજ સ્વામીશ્રીનાં દર્શને આવેલા શ્રી મનહરભાઈ સોની સાથે દુબઈ જઈ રહેલા તેઓના મિત્ર પણ હતા. તેઓને સંકલ્પ હતો કે 'સ્વામીશ્રીને મોંઘા ફૂલનો હાર પહેરાવવો.'

પરંતુ આ વિગત જાણમાં આવતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'હાર પહેરાવવો હોય તો સાદો હાર લાવીને બાકીના રૂપિયા મહાપૂજામાં લખાવી દો. મોંઘાદાટ હાર પહેરાવીને શું વળવાનું છે?'

એ જ રીતે, ચશ્માંની ફ્રેમ બનાવવાનો વ્યવસાય કરતા એક સત્સંગીએ સ્વામીશ્રી સમક્ષ તેઓનાં ચશ્માં માટેની ફ્રેમ તૈયાર કરવાનો મનોરથ વ્યક્ત કર્યો. તે સાંભળીને પણ સ્વામીશ્રીએ જણાવ્યું: 'ફ્રેમ બનાવવી હોય તો સાદી, પ્લાસ્ટિકની બનાવજો. મોંઘી ન બનાવતા.'

'પણ સ્વામી! એને સેવા કરવાની ખૂબ ઇચ્છા છે.' કોઈક તે ભક્તની તરફેણ કરતાં બોલ્યું.

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'સેવા કરવી હોય તો ઠાકોરજીની બીજી સેવા ઘણી છે. માટે ફ્રેમ તો સાદી જ બનાવજો.'

સ્વયં માટે સાદગી અને ઠાકોરજી માટે શણગારની રીત રાખનારા સ્વામીશ્રીને પ્રલોભનોનાં પૂર લેશ ખેંચી શક્યાં નહોતાં.

પરંતુ હા, તેઓની આ સાદગીનું સૌંદર્ય કંઈકને ખેંચતું. તેથી મુંબઈના રોકાણ દરમ્યાન પુરુષોત્તમદાસ જલોટા, દિલીપભાઈ ધોળકિયા વગેરે ખ્યાતનામ ગાયકો સહિત લબ્ધપ્રતિષ્ઠ લેખકો, વિવિધ વાદ્યવિશારદો અને અનેક નામાંકિત અગ્રણીઓ સ્વામીશ્રીનો લાભ લેવા આવતા રહ્યા. કલાકારો સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં પોતાની કલા રજૂ કરી આશીર્વાદ મેળવતા, તો સાક્ષરો વક્તવ્ય દ્વારા સ્વામીશ્રીને બિરદાવી ધન્યતા અનુભવતા.

આ અરસામાં સંસ્થા દ્વારા પાંચમો અખિલ ભારતીય યુવક મહોત્સવ પણ યોજાઈ ગયેલો. તેમાં અગ્રક્રમાંક મેળવનારા મુંબઈના યુવાનોની રજૂઆત નિહાળવા સ્વામીશ્રી તા. ૨૨/૬ની રાત્રે ભાઈદાસ હૉલમાં પધાર્યા.

આ જ સભાગૃહમાં બીજા દિવસે સંતો દ્વારા ભક્તિસંગીતની સરવાણી વહેવાની હોવાથી પાર્લામાં શ્રી ભાનુભાઈ પટેલના બંગલે રોકાયેલા તેઓ તા. ૨૩/૬ની સાંજે જુહુના દરિયાકિનારે ભ્રમણ કરી આ કાર્યક્રમમાં પહોંચ્યા. અહીં પોતાના આશીર્વાદથી સૌને કૃતાર્થ કરી સ્વામીશ્રી મંદિરે પરત પધાર્યા.

પ્રભુ પ્રત્યક્ષ એ જ પ્રમાણો

મુંબઈમાં પચાસ દિવસની અમૃતવર્ષા કરી 'ગુજરાત મેલ' દ્વારા તા. ૫/૭ની સવારે અમદાવાદ આવી પહોંચેલા સ્વામીશ્રીને અહીં પણ તબીબોએ વિશેષ મુલાકાતો, પધરામણીઓ વગેરે ભીડાસભર કાર્યક્રમો ન ગોઠવવા સલાહ આપેલી. તેથી સૌ પ્રાતઃપૂજા, સાયંભ્રમણ, કથા-વાર્તા વગેરેનો લાભ લઈ સુખ-સંતોષ અનુભવતા.

ભ્રમણ માટે સ્વામીશ્રી ક્યારેક કેમ્પના હનુમાનની ખુલ્લી જગ્યામાં જતા તો ક્યારેક શાહીબાગના પોલીસ સ્ટેડિયમને પાવન કરતા. રોજ રાત્રે તેઓ મંદિરની પણ તેર પ્રદક્ષિણા ફરતા. તે દરમ્યાન સંતો ચેષ્ટાગાન લલકારતા. આમ, વિધવિધ સ્થળે વિધવિધ પ્રકારના લાભની લહાણ થવા માંડી.

તે ક્રમમાં તા. ૬/૭ની બપોરે ભોજન લઈ રહેલા સ્વામીશ્રી માટે એક સંત બે પતરાવળાં નીચે અને બે પતરાવળાં ઉપર રાખી તેની વચ્ચે પાંચ-છ પાપડ લઈ આવ્યા. તે જોઈ સ્વામીશ્રીએ ટકોર કરી કે 'આટલાં બધાં પતરાવળાં લઈ અવાય ? જોઈતાં હોય તેટલાં જ વાપરવાં. હવે એને નાખી ન દેતા. રાખી મૂકજો. કાલે કામમાં લેજો.'

બિનજરૂરી વપરાશ સ્વામીશ્રીને લેશ ન ગમતો, પછી ભલે ને તે નાંખી દેવા જેવાં પતરાવળાંનો જ કેમ ન હોય! તેઓના જીવનની આવી નાની વિગતો પણ તેઓના વિરાટ વ્યક્તિત્વનો આલેખ આંકી આપતી.

આ આલેખમાં તા. ૮/૭ની સવારે સ્વામીશ્રીના સદ્‌ગુણોની વિશિષ્ટ રંગરેખાઓ ઉપસી આવી.

આ સમયે અલ્પાહાર લઈ રહેલા તેઓ સમક્ષ ચાલી રહેલી ભોજનને ચાવવા સંબંધી વાતોમાં એકે અભિપ્રાય આપ્યો કે 'એક કોળિયો ૪૦ વાર ચાવવો જોઈએ.' આમ કહી તેઓએ આ બાબતે સ્વામીશ્રીને તેઓનો મત પૂછ્યો, ત્યારે સ્વામીશ્રીએ હસતાં-હસતાં જણાવ્યું: 'ભગવાનને સંભારીને જવા દેવું. ગણવાની લપમાં ન પડવું. પચાવવાવાળા ભગવાન છે. ભગવાનને સંભારવા.'

સ્વાસ્થ્યની જાળવણી સંબંધી યોગ્ય સૂચનોને સ્વામીશ્રી જરૂર આવકાર આપતા, પણ તનના જતનમાં થતો અતિરેક તેઓને પચતો નહીં.

તેઓના આ વલણને વાગોળતાં આગળ વધેલી પેલી ચર્વણ-મીમાંસામાં કો'ક વળી બોલ્યું: 'રોટલી પીઓ અને દૂધ ચાવો – આ સૂત્ર અપનાવે તે નિરોગી.'

આ સાંભળતાં જ ઉકાળો પી રહેલા સ્વામીશ્રી તેને જાણે ચાવતા હોય એ રીતે ગળા નીચે ઉતારવા લાગ્યા. તેઓની આ સરળતા અને હળવાશ જોઈ સૌના હોઠે હાસ્યની રેખાઓ ફૂટી નીકળી.

તેની વચ્ચે અલ્પાહાર આટોપી સ્વામીશ્રી વડસર પધાર્યા.

અત્રે પૂજ્ય પૂંજા બાપાના ચૌદમાનો ઉત્સવ ઊજવાઈ રહેલો. આ સદ્‌ગતશ્રીએ જ્યાં દેહત્યાગ કરેલો અને જ્યાં તેઓનો અંતિમવિધિ થયેલો તે સ્થાને ભાવપૂર્વક નમન-વંદન કર્યાં બાદ સ્વામીશ્રી જ્યારે સભામાં પધાર્યા ત્યારે દિવંગતનો સંદેશ વાંચી સંભળાવવામાં આવ્યો. તેમાં તેઓએ લખેલું: 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ શ્રીજીમહારાજનું પ્રગટ સ્વરૂપ છે. માટે

સૌએ તેમાં જોડાઈ જવું.'

સ્વામીશ્રીના સ્વરૂપ વિષે *'પ્રભુ પ્રત્યક્ષ એ જ પ્રમાણો...'*ની પ્રતીતિ ધર્માચાર્યોને પણ બેસતી. તેમાંના એક એવા આ પૂંજા બાપાના આદેશને ઝીલતાં તેઓના સેંકડો શિષ્યોએ પોતાના મોક્ષદાતા ગુરુ તરીકે સ્વામીશ્રીને સ્વીકારી લીધા. તેઓ સહિત સૌને આશીર્વાદ આપી સ્વામીશ્રીએ વિદાય લીધી.

अद्वितीय रहनी-सहनी

આ અરસામાં નાયબ કાર્યપાલક ઇજનેર તરીકે બઢતી પામેલા સત્સંગી શ્રી કલ્યાણભાઈ અજાગિયાની બદલી ઉકાઈથી સોનગઢ મુકામે થયેલી. આ નવો હોદ્દો સ્વીકારતાં પૂર્વે તેઓએ આશીર્વાદની યાચના સાથે સ્વામીશ્રીને પત્ર લખેલો. તેના ઉત્તરમાં એક સંતે પૂર્વભૂમિકારૂપે થોડું લખાણ કર્યું, પણ તેમાં તેઓ દ્વારા સરતચૂકથી 'વ્યારા બદલી થઈ છે' તેમ લખાઈ ગયું.

ત્યારબાદ એ પત્ર સ્વામીશ્રીને હસ્તાક્ષર કરવા આપવામાં આવ્યો ત્યારે તેઓએ તો 'સોનગઢ બદલી થઈ છે' તેમ લખીને જ આશીર્વાદ પાઠવ્યા!

આ સમયે સ્વામીશ્રી દ્વારા રોજના ૫૦-૬૦ની સરેરાશથી પત્રો વંચાતા-લખાતા. છતાં તેઓ એકેએક પત્રની એકેએક વિગતને કેટલી ચોકસાઈથી ધ્યાનમાં લેતા તેનો નમૂનો બની રહ્યો તા. ૯/૭ના રોજ લખાયેલો આ પત્ર.

આવું ચીવટયુક્ત જીવન ધરાવતા સ્વામીશ્રીની મુલાકાતે તા. ૧૦/૭ની સવારે ચૈતન્ય ફાઉન્ડેશન ટ્રસ્ટના અધ્યક્ષ પૂજ્ય વૈરાગીબાબા પધાર્યા. વૃંદાવન-વાસી આ પ્રસિદ્ધ સંકીર્તનકારનું સ્વામીશ્રી સાથે આજે પ્રથમ જ મિલન હતું; પરંતુ સ્વામીશ્રીના સાધુતાસભર સૌજન્યથી અભિભૂત થતાં તેઓ બોલી ઊઠ્યા :

'आनन्द हुआ आपके दर्शन से। हम आमंत्रण देते हैं कि एक बार आप वृन्दावन आइए। आप जैसे संत के दर्शन से समस्त धाम में मस्ती आ जाती है। वहाँ के संतों को भी आपकी चरणरज का लाभ दें। आपकी रहनी-सहनी अद्वितीय है।'

પૂજ્ય વૈરાગીબાબાને સ્વામીશ્રી પ્રત્યે ખરેખરો અનુરાગ પ્રગટી ગયો. તેઓએ યોગીજી મહારાજનાં દર્શનનો લહાવો પણ લીધેલો. તેનીયે સ્મૃતિ વાગોળતાં આ સંતશ્રીએ કહ્યું: 'अद्‌भुत व्यक्ति! क्या मुस्कान! नैसर्गिक प्रसन्नता, मस्ती...'

તમે પિતા ને માતા, ભગિની ને ભ્રાતા

અમદાવાદમાં તા. ૧૧/૭ના રોજ રથયાત્રાના ઉત્સવની ઉજવણી કરતા સ્વામીશ્રીએ મંચ પર જ કલામંડિત કાષ્ઠરથમાં ઠાકોરજીને બિરાજમાન કરી તેઓને રથવિહાર કરાવ્યો. આ દિવ્યદર્શનને માણવા એકત્રિત થઈ ગયેલા હજારો ભક્તોની સાથે શહેરની રૂએ મહાનુભાવોનો ધસારો પણ દર્શન માટે ઘણો રહેતો.

તેની વચ્ચે તા. ૧૪/૭ની સાંજે ભ્રમણ બાદ પોતાના ઉતારા તરફ જઈ રહેલા સ્વામીશ્રીની નજર દૂર ઊભેલા પ્રવીણ પર પડી. આ યુવક મૂક અને બધિર. સંસ્થાના છાપખાનામાં કામ કરે. મંદિરમાં જ રહે. તેથી સ્વામીશ્રી તેને ઓળખે. તેની સાથે ઇશારાથી જ વાર્તાલાપ ચલાવે. એ બંનેના નીરવ સંવાદમાં હેત અને હાસ્યનો ઘુઘવાટ સૌને સંભળાય.

આ વખતે પણ તેની સાથે અભિનય-શૈલીમાં જ વાતે વળગેલા સ્વામીશ્રીએ પેલા બહેરા-બોબડા યુવાનને ઇશારાથી જ પૂછ્યું:

'ક્યાં કામ કરે છે?'

'પ્રેસમાં.'

'સિનેમા જુએ છે?'

'હા.'

આ વાત જાણી સ્વામીશ્રીએ તેને ફિલ્મ ન જોવાનો નિયમ લેવડાવતાં કહ્યું: 'તારા પગારનો હિસાબ બતાવી જજે.'

તેઓના આ કહેણથી તે યુવાન શિયાવિયા થઈ ગયો, કારણ કે તે પગારનો મોટા ભાગનો હિસ્સો મોજમજામાં જ ખર્ચી કાઢતો. સ્વામીશ્રીએ તે રકમમાંથી આશરે ત્રણસો રૂપિયા ખિસ્સા-ખર્ચીના કાઢી, બાકીનો બધો પગાર સીધો જ બેંકમાં જમા થઈ જાય તેવી વ્યવસ્થા સંસ્થાના સચિવ શ્રી હરીશભાઈ દવે દ્વારા કરાવી દીધી. અલબત્ત, બળથી નહીં, પણ પ્રેમથી. આ ગોઠવણ કરાવી તેઓ બોલ્યા: 'એને બિચારાને ઘડપણમાં સહારો રહે ને!'

અબુધ વ્યક્તિને પણ સ્વામીશ્રી ક્ષણભર નહીં, જીવનભર સંભાળતા. તેઓની એક દરકાર વ્યક્તિને દાયકાના દાયકાઓ સુધી પગભર કરી દેતી. તેથી જ આજે પોતાના જેવા એક સામાન્ય નોકરિયાતના જીવનમાં આટલો ઊંડો રસ લેતા સ્વામીશ્રીને જોઈ પેલા મૂંગા માનવીનું હૈયું પણ પોકારી ઊઠ્યું:

'તમે પિતા ને માતા, ભગિની ને ભ્રાતા...'

આ શબ્દ બરાબર નથી

વડ-પીપળો હિંદુ ધર્મ સાથે સંલગ્ન વૃક્ષ. પરંતુ તેનો છાયો વૈશ્વિક. તેની નીચે હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી વગેરે સૌ વિસામો લે. તેમ સ્વામીશ્રીની છાયા-માયા પણ દરેકને પોતીકી લાગતી. તેથી સૌ તેની શીતળતા માણવા દોડી આવતા. એટલે જ તા. ૧૫/૭ની સવારે સ્વામીશ્રીની પૂજાવિધિ દરમ્યાન મુસ્લિમ ગવૈયાઓ ભજનો લલકારવા ઉપસ્થિત થઈ ગયા.

આ પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી અલ્પાહાર કરવા બિરાજ્યા. તેઓનું ભોજનસત્ર પણ ભજનસત્ર જ બની રહેતું. આ સમયે ગ્રંથવાંચન, સંસ્થાની વિવિધ સેવા-પ્રવૃત્તિઓનાં અહેવાલ-કથન, વિશેષ પ્રસંગોનાં વીડિયો-દર્શન, બાળકો-યુવકોનાં પ્રવચન વગેરે અધ્યાત્મલક્ષી કાર્યક્રમો ચાલતા રહે.

આ રીત અનુસાર આજે લંડનના બાળમંડળે યોજેલા પેરિસ-પ્રવાસનો અહેવાલ સ્વામીશ્રી સમક્ષ વંચાવા લાગ્યો, પરંતુ તેમાં પોતા માટે પ્રયોજાયેલું 'અક્ષરાધિપતિ' સંબોધન સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આવું બધું કોણે શિખવાડ્યું ? આ ખોટું. આ શબ્દ બરાબર નથી. અક્ષરાધિપતિ તો શ્રીજીમહારાજ જ છે. છોકરાઓને એવું શિખવાડવું ને એમને સ્પષ્ટતા કરતું લખાણ લખવું.'

સૈદ્ધાંતિક ચોખવટ અંગે સ્વામીશ્રીની જાગૃતિ ગજબની રહેતી. આ બાબતે લખવામાં કે બોલવામાં તેઓએ કદી ગોથું ખાધું નહોતું.

औषधं रुचिरम्

સ્વામીશ્રીના અમદાવાદમાં નિવાસ દરમ્યાન રોજ સાયંસભામાં સંતો વિવિધ વિષયો પર વિવિધ ભાષામાં પ્રવચનો રજૂ કરતા. તે ક્રમમાં તા. ૧૫/૭ની સભામાં વક્તવ્ય આપી રહેલા શ્રીહરિદાસ સ્વામી બોલ્યા: 'ઘણાને એમ થતું હશે કે સ્વામીશ્રી આખો દિવસ શું કરતા હશે ?'

તેઓ જ્યાં આમ બોલ્યા ત્યાં જ સભામાં બેઠેલા સ્વામીશ્રીએ મંદ સ્મિત વેરતાં હાથમાં ફરતી માળા ઊંચી કરી નિર્દેશ કર્યો કે 'તેઓ અખંડ ભજન કરે છે.'

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે: 'ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે. માટે

હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે...'[૫]

આ રીતે અખંડ ભક્તિપરાયણ રહેતા સ્વામીશ્રી તા. ૧૭/૭ની બપોરે ભોજન કરવા બિરાજ્યા ત્યારે પાર્ષદોએ 'अशनं रुचिरम् ...' – 'આપનું જમવું ગમે એવું છે' તે ભાવાર્થનો શ્લોક લલકાર્યો. બરાબર તે જ વખતે સ્વામીશ્રી જલપાન કરી દવા લઈ રહેલા. તેથી તેઓએ હસીને પૂછ્યું: 'આ દવાનું શું છે?' પછી પોતે જ બોલ્યા: 'એ પણ રુચિરમ્.... औषधं रुचिरम् ...'

હા, સ્વામીશ્રીનું ઔષધપાન પણ રમણીય અને સ્મરણીય બની રહે તેવું જ હતું. એક હાથે પાણી કે દૂધ ભરેલો વાટકો અથવા પ્યાલો પકડી રાખી, બીજે હાથે મુખમાં ગોળી પધરાવ્યા બાદ દૂધ-જળના ઘૂંટડે-ઘૂંટડે સ્વામીશ્રી ગોળી ગળતા. તે વખતે મસ્તક સહેજ ઊંચું કરી, હળવે-હળવે ગોળીને મમળાવતાં હોય તેમ ગળા હેઠે ઉતારતા સ્વામીશ્રીની એ ક્રિયા દિલ-દિમાગનો કબજો લઈ લેતી.

એક વાર પ્રશ્નોત્તરી દરમ્યાન દસ સંતોને પૂછવામાં આવેલું કે 'તમને સ્વામીશ્રીની કઈ ક્રિયા ગમે? તેઓ વઢે, હસે કે દવા લે તે?' ત્યારે દસે દસ સંતોએ જવાબ આપેલો કે 'દવા લે તે ગમે.'

આમ, દવા લેવા જેવી સામાન્ય ક્રિયામાં પણ સ્વામીશ્રી સુખાનુભૂતિ કરાવી શકતા. 'औषधं रुचिरम् ...' – આપનું ઔષધપાન રુચિર છે તે આનું જ નામ ને!

આ તો ધારે તે કરે

ઔષધપાન બાદ કથા કરવા બિરાજેલા સ્વામીશ્રીએ આજે એક પ્રાસંગિક વાત ઉપાડી કે 'યોગીબાપા ખેતરમાં કાંકરા વિણાવે, ઘઉંમાંથી કાંકરા વિણાવે, મગફળી ફોલાવે. આપણને એમ લાગે કે ગૌશાળા અગર તો રસોડાની સેવામાં રાખે એમાં શું જ્ઞાન થાય? પણ અહીં તો સેવા કરવાની વાત છે. તેમાં જ જ્ઞાન આવે. મોટાપુરુષની રીત જ જુદી. જગતવાળાને ન સમજાય. પણ મોટાપુરુષ સ્મૃતિ આપી દે અને જ્ઞાનેય આપી દે ને દેહભાવ ટાળી દે.'

સ્વામીશ્રી આ વાતો કરી રહેલા ત્યાં જ સરકારી-દરબારી કાર્યોની સેવા સંભાળી રહેલા સંતે અક્ષરધામ સંબંધી એક ગૂંચવાયેલા મુદ્દાને આગળ ધરતાં કહ્યું: 'બાપા! તો પછી આ ગાંધીનગરની જમીન અંગેનું કામ આપ કરી

૫. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૧.

આપો ને!'

આ સાંભળી સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'આ તો ધારે તે કરે, સમર્થ છે. પણ તમને સેવા મળી છે. તે કરે તો તમને સેવા ન મળે ને! અત્યારે શરૂઆતમાં પરસેવો પડે. પછી છેલ્લે ચમકશે, શોભશે. સોનાનું થશે.'

'તો તો પછી સોનાનું જ કાઢો ને!'

'સોનાની તો વાર જ નથી. આ તો સેવાનો બધાને લાભ મળે. બધાને ઉપર દેખવાની બહુ ઇચ્છા. પણ ઉપર છે તે દેખાય નહીં ને દેખાય છે તે મનાય નહીં. તે બેય રીતે લબડાય નમઃ થાય.'

આમ કહી સ્વામીશ્રીએ આજે પોતાના સામર્થ્યની સાથે સ્વ-સ્વરૂપની વાત પણ જણાવી દીધી.

મોટા સંતનું મોટું મન

તા. ૧૭/૭ના રોજ કથા બાદ વિશ્રામમાં ગયેલા સ્વામીશ્રી જાગ્યા ત્યારે વડુના શ્રી કનુભાઈ પટેલ તેઓને મળવા બેઠેલા. તેઓએ સ્વામીશ્રી સમક્ષ વિગતવાર વાત માંડતાં કહ્યું :

'બાપા! મારા ગામના એક ધર્મસ્થાનમાં રહેતા ત્યાગીઓ આપનું તથા સંસ્થાનું અપમાન અને અપપ્રચાર કરતી વાતો માઇક દ્વારા આખા ગામને સંભળાય એમ કરે છે. અમે ગણ્યા-ગાંઠ્યા સત્સંગીઓ છીએ. તો અમે શું કરીએ?'

'આપણે તેમની વાત સાંભળવી નહીં. ધ્યાનમાં ન લેવું.'

'પણ સ્વામી! એ લોકો તો માઇકમાં આ વાતો કરે છે. શ્રાવણ માસમાં તો રોજ આ જ કથા હોય છે.'

'શું એ લોકો શ્રાવણ માસમાં કોઈ પણ દિવસ ચૂક્યા વગર આપણી વાતો કરે છે?'

'હા, સ્વામી! એમાં ક્યારેય રજા નથી હોતી.'

'તો તમે બધા પણ નક્કી કરો કે આપણે પણ આપણા મંદિરમાં અંદરના ભાગે માઇક ચાલુ કરીને ભગવાનની કથા કરવી. તેમનામાંથી ગુણ લો કે 'તેઓ કેટલા નિયમિત છે!' તેઓની જેમ આપણે પણ મંદિરમાં ભગવાનની કથા દરરોજ કરીશું તો તેમની વાત સાંભળવી નહીં પડે અને આપણને કથાનો લાભ મળશે. તેમનો વિરોધ કરવાની જરૂર નથી. તેઓ તો

આપણો પ્રચાર કરે છે. તેમનો નિયમિતતાનો ગુણ લઈ તેને અમલમાં મૂકો.'

સ્વામીશ્રીનું આ સમાધાન સાંભળી પેલા હરિભક્ત તો દંગ જ રહી ગયા.

કચરામાંથી કંચન કાઢનારા સ્વામીશ્રીની ગુણગ્રાહક દૃષ્ટિની કક્ષા ઍવરેસ્ટ કરતાં પણ ઊંચી હતી. આ ઊંચાઈએથી આજની રવિસભામાં તેઓની અમૃતધારા આમ વહી છૂટી :

'ભગવાન ને સંત જેમ રાજી થતા હોય તેમ કરી લેવું. સંત તો પાંચ માળા કર્યે રાજી થઈ જાય. પાંચ રૂપિયાની સેવા કરીએ તોય રાજી થઈ જાય. ઉત્સવ-સમૈયા કરીએ એમાં રાજી થઈ જાય. રવિસભામાં આવીએ ને બેસીએ તોય રાજી થઈ જાય. બે કલાક અહીં આવીને બેસો. કંઈ આપવાનું નથી. પણ ઘરનો ઉંબરો કરોડ જોજન ઊંચો છે. એ કોઈ રીતે ન ઓળંગાય. એટલા માટે તો અત્યારે ઉંબરા રાખતા જ નથી. ઓળંગવા જ નહીં. પણ એ ઉંબરો ઓળંગી આવીએ તો મોટાપુરુષ રાજી થઈ જાય.

સ્વભાવ-અવગુણ સામું એ જોતા નથી, પણ સંબંધ સામું જુએ છે. મોટા સંતનું મોટું મન. તે બધી વાત અંદર સમાવી દે. એમને એક જ તાન કે ભગવાનનો સંબંધ કરાવી એક જન્મે, બે જન્મે પણ પૂરું કરવું. પણ આપણી ભક્તિ છે તે ભુલાવી ન જોઈએ. તે જેમ રાજી થાય તેમ કરવું, તો આનંદ ને સુખ આવે.'

સ્વામીશ્રીએ રેલાવેલા આ પરાવાણીના પ્રવાહમાં તેઓની પ્રકૃતિનું જ પ્રતિબિંબ ઝિલાતું સૌ જોઈ રહ્યા.

મહાદુઃખ થયું... મહાદુઃખ કર્યું...

તા. ૨૦/૭ની સવારે પાંચ પાર્ષદોને ભાગવતી દીક્ષા આપી સ્વામીશ્રી નિજનિવાસમાં પધાર્યા ત્યારે તેઓએ કશું જ ન જમવાનો દૃઢ નિર્ધાર કરી રાખેલો, કારણ કે આજે દેવપોઢી એકાદશી હતી. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાનો આ ઉપવાસ કરવા તેઓ એટલા મક્કમ હતા કે વડીલ સંતો અને જૂના હરિભક્તોના આગ્રહને પણ તાબે થતા નહોતા, પરંતુ યોગીજી મહારાજના સંતો અને શાસ્ત્રીજી મહારાજના ભક્તો દુખાય નહીં એ વિચારે તેઓએ અંતે દવા પૂરતો ઉકાળો ગ્રહણ કર્યો.

જો કે ઉકાળો ઉદરમાં ગયો તે સાથે જ સ્વામીશ્રીની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં! અલ્પ ઉકાળો ગળા નીચે ઉતારવામાં તેઓ જાણે ધગધગતું સીસું ઊતરતું હોય તેવી પીડા અનુભવી રહ્યા.

તેમાં વળી બપોરે ફરાળની થાળી લઈ સ્વામીશ્રી પાસે પહોંચેલા સંતો-ભક્તોએ વિનંતી કરી કે 'આપની તબિયત નરમ છે, રોગ છે તો થોડું સ્વીકારો.'

વડીલોનો આવો પ્રેમાગ્રહ અતિશય થયો એટલે સ્વામીશ્રીએ નજીવું ફરાળ ગ્રહણ કર્યું, પણ પુનઃ આંખમાંથી અશ્રુ સરવાં લાગ્યાં. નીચું મુખ રાખીને જ તેઓએ ભોજન પતાવી દીધું. કોઈની સામું દૃષ્ટિયે ન મેળવી અને ભોજન બાદ ઊભા થતાં-થતાં સ્વામીશ્રી બોલ્યા : 'મહાદુઃખ થયું... મહાદુઃખ કર્યું... આજે એકાદશીએ આવું...'

આજનું ભોજન તેઓને અંગારા આરોગવા પડ્યા હોય તેવું વસમું લાગ્યું. તેથી સંતોએ કહ્યું : 'બાપા ! આજે આપનું બ્લડ પ્રેશર નીચું છે, એટલે...'

'...તોય સાંજ સુધી તો ખેંચી શકાત. એની ચિંતા ન કરવાની હોય.'

વ્યક્તિમાત્ર જેની પળોજણમાંથી નવરા ન પડે તે શરીરની સ્વામીશ્રીને લેશ પરવા નહોતી. તેથી ઉપવાસ ન થઈ શક્યા બાબતની ઉદાસીનતા ધારણ કરીને જ તેઓ અક્ષરધામની મૂર્તિઓના કામ માટે ગાંધીનગર ગયા.

ત્યાંથી રાત્રે અમદાવાદ પરત ફર્યા પણ હજી પેલી વ્યગ્રતા મટી નહોતી. ત્યાં જ રાત્રિનું ફરાળ લઈ હાજર થયેલા અંબાલાલકાકાએ કહ્યું : 'તમે આજે અમારું બહુ રાખ્યું તો ગુણાતીત દ્વિશતાબ્દીએ અમે તમારું રાખશું.'

'તમે તો અમારું રાખ્યું જ છે, પણ આ તો નિયમની એકાદશી. તેમાં બે-ચાર વખત ફરાળ ન હોય. એકાદ વખત બરાબર. બહુ ઠીક નહીં. નિર્જળા ઉપવાસ નહીં તો પ્રવાહી લેત. આ તો ઉપવાસ કહેવાય નહીં ને કાંઈ નહીં.' આટલું બોલતાં સ્વામીશ્રી પુનઃ ગળગળા થઈ ગયા.

છેક બીજા દિવસની સાંજ સુધી તેઓને આ વાત ખટકતી રહી. તેથી ત્યાં સુધી તેઓના મુખ પર ઉદાસીનતાની ઝાંય છવાઈ રહી. તે કારણે આ સમય દરમ્યાન કોઈ વિશેષ વાત-વિનોદ ન થયાં. ઊઠવા-બેસવામાં પણ સ્વામીશ્રીએ કોઈના ટેકા ન લીધા !

આ પ્રસંગ બન્યાના થોડા દિવસ બાદ હૃષીકેશ ભગતે સ્વામીશ્રીને કહ્યું કે 'બાપા ! આપ કશું ગ્રહણ ન કરો તો ભક્તોના ભાવ કેવી રીતે પૂરા થાય ?'

'ભાવ પૂરા કરવાના, પણ ભાવ તૂટી જાય તેવું નહીં કરવાનું.' સ્વામીશ્રીએ જણાવ્યું. વળી ઉમેર્યું : 'ભાવથી વિનંતી કે આગ્રહ કરવો તે બરાબર, પણ પછી રુચિ સમજીને કરવું. થોડી તો રુચિ સમજવી જોઈએ.'

સ્વામીશ્રીના તપ-ત્યાગની આ છટા સૌ માટે પ્રેરક અને પ્રભાવક

બની રહી.

આયોજન અને આભારની અદલાબદલી

તા. ૨૩/૭ની સાંજે અમદાવાદથી બોચાસણ આવી પહોંચેલા સ્વામીશ્રીનું અહીં છ મહિના પછી આગમન થતું હતું. આ સમયગાળામાં તેઓએ દૂર રહીને પણ આ મંદિરની રોનક ફેરવી દીધી હોવાથી સેંકડો ભક્તો-સંતોએ તેઓનું ઉમળકાભેર સ્વાગત કર્યું.

આ પ્રસંગે પેટલાદના નાયબ પોલીસ નિયામક શ્રી ભટ્ટે તો સ્વામીશ્રીનાં ચરણોમાં ઢળતાં કહ્યું: 'આપનાં પ્રથમ દર્શન કરું છું પણ એવો અનુભવ થાય છે કે આપ કોઈ ઈશ્વરીય વિભૂતિ છો.'

આવા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૪/૭ના રોજ ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી ઊજવાઈ રહેલો. આ પ્રસંગે ગુરુપૂજન માટે એકત્રિત થયેલી માનવ-મેદનીથી સભામંડપની દીવાલો ભીંસાઈ રહેલી. તેમાંય સ્વામીશ્રીના શ્રીમુખે ગવાયેલાં ભજનોની કેસેટ 'ઔષધ અમૃત પાયા'નું વિમોચન થયું ત્યારે તો તાળીઓના પ્રચંડ ગડગડાટે ગગન ભરી દીધું.

આવી અલૌકિક સભામાં નારાયણમુનિદાસ સ્વામીએ સ્વામીશ્રીને સભા-કાર્યક્રમથી માહિતગાર કર્યા કે 'અત્યારે કીર્તન ગવાઈ રહ્યું છે તે પૂરું થાય એટલે આપે આશીર્વાદ આપી તરત જ ઉતારે પધારવાનું છે.'

'કેમ ? હરિભક્તોને મળવાનું નથી રાખ્યું ?'

'આપ હજી હમણાં જ સ્વસ્થ થયા છો, તેથી આપને ભીડો ન પડે તે માટે વ્યક્તિગત દર્શન-પૂજન ગોઠવ્યું નથી.'

'ગોઠવાય તો સારું.'

'પણ હમણાં તો આપના આશીર્વાદ શરૂ થશે. માટે હવે એ વ્યવસ્થા શક્ય થાય તેવું નથી.'

'અરે, શું ન થાય? ધારીએ તો થાય. ૫૦-૫૦ હરિભક્તો વચ્ચે એક સ્વયંસેવક ગોઠવી દેવાનો. તે પાછો ડાફાડોળિયા મારે તેમ નહીં. બધાને બરાબર જોતો જાય. કોઈ અમથો ઊભો થાય તો તરત બેસાડી દે.'

'પણ આપ કહો છો તેવા તૈયાર સ્વયંસેવક અત્યારે ક્યાંથી મળે ? અને આ સભા ખીચોખીચ ભરાઈ છે. તેમાં સ્વયંસેવકોને કેવી રીતે ગોઠવવા ?'

'તમે અમથા ડરો છો. ધારીએ તો બધું થાય.'

'તે બધી વાત સાચી, પણ અત્યારે કઈ રીતે શક્ય થાય ?'

'ટ્રાય તો કરો.'

'આપ કહો છો તેથી ટ્રાય કરું, પણ સફળ થાય તેમ લાગતું નથી.'

આટલા વાર્તાલાપમાં તો કીર્તનગાન પૂરું થયું. સ્વામીશ્રીના આશીર્વાદની જાહેરાત કરી પેલા વ્યવસ્થાપક સંત સભા-વ્યવસ્થાના મુખ્ય કાર્યકર શ્રી અરુણભાઈ પટેલને મળ્યા. તેઓને સ્વામીશ્રીની રુચિથી વાકેફ કર્યા. તે જાણી એ કાર્યકર્તાએ ચુનંદા સ્વયંસવેકોને એકત્રિત કરી સૂચના આપી દીધી. તે મુજબ સ્વયંસેવકો સભામાં ગોઠવાઈ ગયા અને કોઈ જાતની ધક્કામુક્કી વગર દર્શનનો કાર્યક્રમ સંપન્ન થયો.

તે જોઈ પેલા સંત તો ચકિત જ રહી ગયા. તેઓ વ્યક્તિગત દર્શનમાં ભીડભાડ ન થાય તેનો ઉકેલ ઘણા સમયથી શોધતા હતા; તે આજે સ્વામીશ્રીએ વાત-વાતમાં આપી દીધેલો !

સ્વામીશ્રીની આ સૂઝને તેઓ મનમાં મમળાવી રહેલા ત્યાં જ સ્વામીશ્રી મંચ પરથી નીચે ઊતરવા પગથિયાં પાસે આવી પહોંચ્યા અને નારાયણમુનિદાસ સ્વામીને કહ્યું : 'તમે બહુ સરસ આયોજન કર્યું. તમારો આભાર.'

આટલું કહી સ્વામીશ્રી તો નીકળી ગયા, પણ એ સંતનું મન તો 'કોનું આયોજન અને કોનો આભાર !' એમ વિચારતું સ્વામીશ્રીમાં જ રમી રહ્યું.

કોઈનાય મનમાં ન ઊઠે તેવા લક્ષ્યવેધી વિચારો સ્વામીશ્રીના મનમાં ઊઠતા રહેતા અને કોઈનાય હૃદયમાં ન ઊઠે તેવી મર્મવેધી ભાવનાઓ પણ તેઓના હૃદયમાં ઊછળતી રહેતી. દિલ અને દિમાગથી કામ કરનારા તેઓ સર્વાંગ સંપૂર્ણ નેતા હતા.[૬]

ક્રોધાગ્નિને ઠારતી આશીર્વાદની અમૃતધારા

ગુરુપૂનમના સમૈયે સ્વામીશ્રીની ઇચ્છાથી યોજાયેલા વ્યક્તિગત દર્શનના કાર્યક્રમ અંતર્ગત એક પછી એક ભક્તો સ્વામીશ્રીનો દિવ્ય સ્પર્શ પામી કૃતાર્થ થવા માંડેલા. તે સૌના ચહેરા પર આનંદ છલકાતો હતો, પણ

---

૬. સ્વામીશ્રીની નિશ્રામાં ઊજવાયેલી આ ગુરુપૂર્ણિમાની ઝલક પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

ધીરે ધીરે સ્વામીશ્રી ભણી સરકી રહેલા શ્રી નટુભાઈ ચૌહાણનું અંતર આજે અરેરાટી અને અંતર્દૃષ્ટિથી ઊભરાતું હતું.

આ મુરબ્બી વ્યવસાયે તો શિક્ષક હતા, પરંતુ પંડમાં ગુસ્સો પ્રવેશે ત્યારે તેઓ દુર્વાસાની આધુનિક આવૃત્તિ જેવા બની બેસતા. એક વાર તો લીંબાસીના પોતાના ખોરડે આડે પડખે થયેલા તેઓને દીકરી દ્વારા વાગતો રેડિયો વિક્ષેપરૂપ લાગતાં તેઓએ તેને બંધ કરવા બરાડો પાડેલો. તેથી ફફડી ઊઠેલી એ માસૂમ બાળાએ તરત જ રેડિયાનું ગળું દાબી દીધેલું, પરંતુ પા-એક કલાક વીતતાં જ વળી તેની કચડાયેલી કામના સળવળી અને તેણે પિતાને સૂઈ ગયેલા ધારી ધીમા અવાજે રેડિયો પુનઃ ચાલુ કર્યો.

આ સાદ નિદ્રામાં બાધક નીવડે એવો તો નહોતો જ, છતાં દીકરી દ્વારા પોતાના આદેશનું ઉલ્લંઘન કરવાની ગુસ્તાખી આ ભાઈને ન પચી અને તેઓએ ઊભા થઈ પેલા રેડિયાને રીતસર ટીપી નાંખેલો. તેની મરામત કરાવવા આ સાધનને મિકેનિક પાસે લઈ જવાયું ત્યારે તેણે પણ કહી દીધેલું: 'હવે આ રીપેર થાય એવો રહ્યો નથી.'

શરીરમાં પ્રાણ હોય ત્યારે જ સ્વાસ્થ્ય સુધારવાના ઉપચાર કારગત નીવડે ને!

એક વાર દીકરી જેવો જ દાવ દીકરાને દેવો પડ્યો. આ તરુણ તેની પરીક્ષા નજીક આવતી હોવા છતાં સાઇકલ ફેરવવાના શોખ પર સવાર થઈ અહીં-તહીં ઘૂમી રહેલો. આમ રખડવું બંધ કરવાનું ફરમાન આ ક્રોધી પિતા દ્વારા છૂટી ગયું. છતાં સાઇકલ ફેરવવાની દીકરાની ઘેલછા પર બ્રેક ન વાગતાં બાપ વીફરેલા. તેઓના બેકાબૂ ગુસ્સાએ છોકરાની સાથે સાઇકલનેય ન છોડી. તેની એ કક્ષાની તોડ-ફોડ કરી કે જોનારા અચરજ પામી જાય કે આ સાઇકલ કેવા કમકમાટીભર્યા અકસ્માતનો ભોગ બની હશે!

ગુસ્સાની આવી ઘટનાઓની તો ભરમાર ચાલેલી, પરંતુ આજની ગુરુપૂર્ણિમાએ અનુભવાયેલી સ્વામીશ્રીનાં વાણી-વદનની સૌમ્યતા અને સાધુતા આ આગંતુકને પોતાના ભીતરમાં ડોકિયું કરાવી ગયાં. તેથી સ્વામીશ્રી સમક્ષ આવી ઊભેલા તેઓએ કહ્યું: 'સ્વામી! આજે ગુરુપૂનમ છે. આપ મારા ગુરુ છો, તો આપ કૃપા કરો કે મારો ક્રોધ ટળે.'

'મહારાજ કૃપા કરશે. ગુસ્સો આવે ત્યારે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું. જોગી મહારાજને સંભારવા. બધું ટળી જશે.'

આ આશીર્વાદ સાથે સ્વામીશ્રીનો વરદહસ્ત પેલા શિક્ષકના સદા તપેલા રહેતા મસ્તક પર પડ્યો અને પથ્થર પીગળી ગયો. તે એટલી હદે કે આજ દિન પછી જીવનની આખરી ક્ષણ સુધી કદીયે એ શિક્ષકના મગજમાં ગુસ્સાના ગઠ્ઠા જ ન જામ્યા !

સ્વામીશ્રીનાં શબ્દ, સ્પર્શ અને સાંનિધ્યમાં આવી શક્તિ રહેતી.

સેવાની સરગમ

તા. ૨૫/૭ની સવારે સ્વામીશ્રી બોચાસણથી બોરસદ થઈને પુનઃ અમદાવાદ આવી પહોંચ્યા ત્યારે પૂજારી જગત્પાવનદાસ સ્વામીએ ઠાકોરજીને પહેરાવેલો પ્રાસાદિક હાર તેઓના કંઠમાં આરોપ્યો. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'શું કામ હાર કાઢ્યો ? ત્યાં ઠાકોરજીના કંઠમાં હોત તો બધાને દર્શન થાત. આ તો હવે નકામો થઈ ગયો. માટે હાર ઠાકોરજી પાસે રાખી મૂકવાનો.'

સ્વામીશ્રીના રસનો વિષય હાર નહીં, પણ હરિ. તો જ આવું સૂચન સૂઝે ને !

આમ, ભગવાનમાં જ રસબસ સ્વામીશ્રી તા. ૨૬/૭ની સાયંસભામાં પધાર્યા ત્યારે યુવક મંડળે 'દૂષણનું મૂળ ધન છે કે નહીં ?' તે વિષયક ચર્ચા રજૂ કરી. તેમાં બંને પક્ષે ખંડન-મંડનની ચોટદાર દલીલો બાદ અંતે ન્યાયનું ત્રાજવું સ્વામીશ્રીના હાથમાં મૂક્યું. તે વખતે સ્વામીશ્રીએ અદલ ન્યાય તોળતાં કહ્યું :

'દ્રવ્યની જરૂર તો છે, પણ તે ભગવાન ને સંતને અર્થે વપરાય તો નિર્ગુણ થઈ જાય. દ્રવ્ય જરૂર કમાઓ, પણ એમાં મોટાપુરુષનો આદેશ ભુલાવો ન જોઈએ. આપણું જે કંઈ છે તે ભગવાનને અર્થે વપરાયા કરે તો દૂષણરૂપ, દુઃખરૂપ, બંધનરૂપ ન થાય.'

આ જ રીતે સ્વામીશ્રીએ તા. ૨૯/૭ના રોજ પ્રેમાભાઈ હૉલમાં યુવક મંડળે યોજેલા વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા.

એ જ ક્રમમાં તા. ૨/૮ની સાંજે મંદિરમાં સેવા આપતા યુવાનોની પણ ખાસ સભા ગોઠવાઈ. તેમાં સેવાલક્ષી અનુભવપૂર્ણ માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

''આ સેવા ભગવાન અને સંતની છે. આ સેવા કોઈ દિ' મળી નથી. આ દર્શન, આ કથા, આ સભામાં બેસવા મળ્યું એ પણ ભાગ્ય ! આ સેવાથી

અત્યારે ન દેખાય પણ અંતે બહુ લાભ છે, સુખ છે. અહીં આપણું કુટુંબ છે. જેમ જગતમાં કોઈને કોઈ કુટુંબીનો અભાવ આવતો નથી. ભૂલ કરે તો પણ દરગુજર કરીને ચલાવીએ છીએ. તેમ અહીં પણ ચલાવી લેવું.

મશીનની ઘોડ્યે(જેમ) સેવા કરીએ પણ જીવમાં મહિમા ન હોય તો એ ઠીક નહીં. માટે ગમે એવું કામ હોય પણ કથાવાર્તા ન છોડવી. તે જીવન છે. તેનો ટાઈમ અચૂક સાચવી લેવો. નાનો છોકરો વાંચતો હોય તોય જવાનું જ. 'ફલાણા છે એટલે નથી જવું' એમ નહીં. આપણે સંતને સાંભળવા નથી જતા. મહારાજની કથા સાંભળવા જઈએ છીએ. આરતીનો ડંકો થાય એટલે પહોંચી જ જવું. દરેકે 'સેપ્રેટ' (separate – અલગ) પૂજા રાખવી. તિલક-ચાંદલો અવશ્ય કરવો જ. તેનાથી શું ફાયદો થાય એ આપણે જોવાનું નથી. ફાયદો છે જ.

સ્ત્રી-પુરુષ મર્યાદામાં પણ ખૂબ કાળજી રાખવાની. કોઈ દિવસ આપણને ડાઘ ન લાગે એ જોવાનું. બીજું, સાથે રહીએ એટલે મહિમાનો ઘસારો થાય, સંતોનો મહિમા ઘટી જાય; પણ એ બધા ઘર-બાર છોડીને આવ્યા છે, એટલે આપણા કરતાં વિશેષ તો છે જ. સ્વભાવ તો સત્પુરુષના પંજામાં પડ્યા છે એટલે જશે. કંઈ લાગે તો મોટા સંતને કહેવું. આપણે કાંઈ ધણી નથી.

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના સંકલ્પો મોટા છે. બ્રહ્માંડોને સત્સંગ કરાવવાની વાત છે. એકદમ મોટી વાતને ન પહોંચીએ તો એકને સત્સંગ કરાવીએ એય બ્રહ્માંડને સત્સંગ કરાવ્યા બરાબર છે. એક જણને પાડ્યો તે બ્રહ્માંડ ભાંગ્યું. લાખનો લાભ ને લાખની ખોટ. માટે મારું-તારું કાંઈ નહીં. આપણે તો સેવા, સેવા ને સેવા. મહિમા, મહિમા ને મહિમા. સત્સંગ એટલે સત્સંગ. નિયમ એટલે નિયમ. પ્રામાણિકતા એટલે પ્રામાણિકતા..."

મંદિરના કણ-કણ અને જણ-જણ, બંનેને સ્વામીશ્રી જાણતા. તેથી તેઓ જ્યારે સેવાનો નકશો આંકવા બેસે ત્યારે એક ટપકા જેટલી વિગત પણ છૂટવા ન પામતી. આજે એ રીતે જ તેઓએ મંદિર-સેવકનો મુદ્રાલેખ છાપી આપ્યો.

તા. ૩/૮ના રોજ પણ તેઓના શ્રીમુખેથી સેવાની સરગમ આમ જ ઘૂંટાઈ રહી કે "જે કાર્ય, સેવા આપણને સોંપાયાં છે તે ખૂબ ઉમંગ, ઉત્સાહ ને મહિમાથી કરવાનાં છે. થાય - ન થાય એવું નહીં. જવાબદારીપૂર્વક થવું જોઈએ. 'સ્વામી આવ્યા છે એટલે ભેગા આવીને બેસી ગયા, સેવા મૂકીને...'

એમ નહીં. સેવા થઈ જાય પછી જ અમારી સામે બેસવું. સેવામાં કહેવું ન પડે કે 'તમે આવજો.' પહોંચી જ જવાય. ફરી કહેવું જ ન પડે. ત્યાગવલ્લભ સ્વામીને અત્યાર સુધી ફરી કહેવું પડ્યું નથી. જ્યાં જાય ત્યાં રસોડાની સેવામાં લાગી જ જાય. માટે ખબડદાર થઈને કરવું. ટાઇમ ટુ ટાઇમ તૈયાર રહેવું. અત્યારે ખબર નહીં પડે પણ પછી એનો સ્વાદ આવશે. આપણું જીવન આમાં પૂરું કરવું એવો દઢાવ રાખીએ. મન પ્રફુલ્લિત રાખવું. સહન કરતાં શીખીએ.''

વિકાસનો મંત્ર

તા. ૬/૮ની સંધ્યાએ અમદાવાદના થનગનતા યુવાનો સાથે મીઠી ગોઠડી માંડીને બેઠેલા સ્વામીશ્રીને પુછાયું કે 'બાપા ! છેલ્લાં કેટલાંય વર્ષોથી અહીં યુવક મંડળ ચાલે છે, પણ યુવકોની સંખ્યામાં વધારો ઓછો થાય છે. નવા નવા યુવકો આવે છે, પણ કુલ સંખ્યા એટલી જ રહે છે તેનું શું કારણ હશે ? આયોજનમાં ખામી છે કે કોઈ બીજું કારણ છે ?'

આ પ્રશ્નનો ખુલાસો કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'બધા આજ્ઞા પ્રમાણે કરો છો એટલે એમાં ખામી નથી, પણ મહિમાએ સહિત પ્રયત્ન ન થાય એ એનું કારણ છે. આપણને અહીં ઉત્સાહ રહે છે પણ દરવાજા બહાર એટલો ઉત્સાહ રહેતો નથી, તેણે કરીને એવું થાય છે. તે માટે સંપર્ક. 'રામ રામ...' કહીએ, 'એ આવજો...' એમ કહીએ, પણ આ વસ્તુ માટે પ્રયત્ન નથી થતો. પણ અઠવાડિયામાં એક-બે કલાક કાઢવા. એમાં પાંચ જણને મળવું જ. એવું કરીએ તો વધાય. એ રીતનો પ્રયત્ન થાય તો હું ધારું છું કે સંખ્યા જરૂર વધશે.'

મંડળની અભિવૃદ્ધિનો આ રામબાણ ઇલાજ સ્વામીશ્રીએ બતાવ્યો ત્યારે યુવકોએ પૂછ્યું : 'સ્વામી ! યુવક મંડળમાં દરેકની રુચિ જુદી જુદી હોય છે. કોઈ કીર્તનમાં, કોઈ પ્રવચનમાં રુચિ ધરાવે. તેથી તે સિવાય બીજું કાર્ય સોંપાય ત્યારે તે ન સ્વીકારે અને તે પ્રવૃત્તિમાં સમ્યક્ રીતે જોડાઈ ન શકે. આ બાબતમાં તેમને તેમની રુચિ પ્રમાણે ચાલવા દેવા કે પછી...? આપનો શું અભિપ્રાય છે ?'

આ અવઢવના અંકોડા ખોલતાં પણ સ્વામીશ્રીએ કહ્યું : 'પોતપોતાની રુચિ હોય એ સારી વાત છે, પણ બીજી પ્રવૃત્તિમાં જોડાવું નહીં – એ ન રાખવું જોઈએ. આપણી કળાને વિસ્તૃત કરવી એ બરોબર છે, પણ આપણને જે આદેશ થાય એમાં પણ એવી રીતે રસ લેવો જોઈએ કે જેથી કાર્ય થાય,

સંગઠન વધે ને એકતા સ્થપાય. આપણી રુચિ ગમે તે હોય, પણ ભગવાન ને સંતની રુચિ એ આપણી રુચિ. મનમુખી નહીં, પણ ગુરુમુખી થવું. એનો જ આ સત્સંગ છે. કહે કે 'આ કરવું' તો એમાં ઝંપલાવવું. કોઈ વસ્તુ પકડી ન રાખતાં એમાં ભળી જવું. આપણે આપણી રીતે નહીં, પણ એ કહે એ રીતે રાજી કરવાના છે. એ જ આપણું જીવન છે, એ જ આપણો મંત્ર છે. એનાથી આપણો વિકાસ થાય છે.'

આમ, મનુષ્યના અને મંડળના વિકાસની રૂપરેખા સ્વામીશ્રીએ આપી દીધી.

સેવક થવામાં સુખ

તા. ૮/૮ના રોજ જ્યારે સ્વામીશ્રી મૂકસેવક શ્રી રવિશંકર મહારાજના ખબર-અંતર પૂછવા પધાર્યા ત્યારે આ 'દાદાજી' તો સંપૂર્ણ પથારીવશ જ હતા, પરંતુ સ્વામીશ્રીનાં દર્શનથી તેઓની રોમાવલિ જરૂર ખડી થઈ ગઈ. સ્વામીશ્રીએ પણ તેઓને ઠાકોરજીનો પ્રાસાદિક હાર પહેરાવી શુભેચ્છા પાઠવી અને સાથે મંદિરના પ્રસાદરૂપે મગજની લાડુડી ધરી.

રવિશંકર મહારાજ છેલ્લાં ૪૦ વર્ષથી લેશ ખાંડ આરોગતા નહીં. ભૂલેચૂકે પણ ખાંડનો એક દાણો મોંમાં જાય તો ચોવીસ કલાકનો ઉપવાસ ખેંચી કાઢતા. છતાં આજે તેઓએ પોતાના આ નિયમને કોરાણે મૂકી સ્વામીશ્રીના હસ્તે પ્રસાદ લીધો! સ્વામીશ્રીનું સ્થાન સમાજના સ્તંભ સમા મહારથીઓના જીવનમાં પણ કેટલું ઊંડું અને ઊંચું છે, તેનું આ દર્શન સૌને સાકર જેવું જ મીઠું લાગ્યું!

સ્વામીશ્રીના આવા પ્રભાવશાળી વ્યક્તિત્વની છત્રછાયામાં, ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ કરવાના હેતુસર તા. ૧૦/૮ના રોજ પ્રેમાભાઈ હૉલમાં વિશિષ્ટ કાર્યક્રમ યોજાયેલો.

તેનાથી ઊભી થયેલી દ્વિશતાબ્દીની આબોહવામાં વિશેષ પ્રાણ ફૂંકતાં સ્વામીશ્રીએ તા. ૧૧/૮ના રોજ સંતોને હાકલ મારી કે –

"શૂરાતન ચઢી જાય એવી આ વાત છે. તમે બધા શૂરા થઈ જાઓ. શૂરાતનથી ગાઈએ એ બરાબર, પણ કામ કરવામાં એ જ શૂરાતન રાખવાનું છે. કથા-વાર્તા, ભજન-કીર્તન, સાધુતા-સહનશીલતામાં એવા કરવા છે કે કોઈ પાછા ન પડે. 'યા હોમ...' એમ કુરબાન થઈ જવાય. દુનિયા ડોલાવવી છે, તો

એવા શૂરવીર થઈ જાઓ. બીજો વિચાર નહીં કે 'શું થશે ?' ભગવાન માટે કુરબાન થાય એવા યુવાનો તૈયાર કરવા, તો દ્વિશતાબ્દીએ કામ થઈ જાય.

જૂના સંતો મંડ્યા તો તમે બધા આવી ગયા. હવે તમે એવા તૈયાર કરો કે એમાં જોવું ન પડે. ત્યાગવલ્લભ સ્વામી એવા. એમાં આપણને ચિંતા જ ન થાય કે 'શું થશે ?' એમનેય ચિંતા નહીં ને અમારેય ચિંતા નહીં. એમનાં દર્શને શાંતિ થાય. સૌ એમ થઈ જાય. આપણો પ્રયત્ન હોય તો થાય. અહીં મુંડાવ્યા પછી માથું કપાવવાનું છે. દેહને ઘસી જ નાખવાનો છે. ખાવા-પીવાનું બધું છે. છે છતાં મૂકવાનું છે. એક શ્રીજીમહારાજ ને સ્વામીનું બંધન રાખવું."

ગુણાતીત દ્વિશતાબ્દીની આ મશાલ સૌનાં હૃદયમાં ચેતાવી સ્વામીશ્રી સારંગપુર પધાર્યા.

અહીં પણ એ જ કેફથી વાત કરતાં તેઓ બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજે એવા પાયા નાખ્યા છે તે કોઈ ગમે-તેમ હચમચાવે તોય હવે હલે-હચમચે તેમ નથી.'

હંમેશાં શૂરવીરતા જ સિંચતી રહેતી સ્વામીશ્રીની આવી વાણીની એક સરવાણી તા. ૧૨/૮ના રોજ પણ આમ વહી નીકળી કે 'કોઠીમડું કાચું હોય ત્યારે કડવું હોય. પછી પાકી જાય એટલે મીઠું થાય. તેમ યુવાવસ્થામાં દોષ પીડે, પણ પછી ધીરે ધીરે મહારાજ-સ્વામીની દયાથી બધું શાંત થઈ જાય. ભગવાન ને સંત મળ્યા છે એટલે એકાંતિક, બ્રહ્મરૂપ થવાના જ છીએ. તેમનાં એક વખતનાં દર્શન પણ અનેક જન્મ ટાળી નાખે. તેમના જે શબ્દો તે અક્ષરધામના તેમ મનાય તો આનંદ, આનંદ ને આનંદ. આપણે સેવક થવું તો સંતો-ભક્તોની સેવા થાય. ગુરુ થવામાં માલ નથી. માથે પાટા પડે. સેવક થવામાં સુખ.'

અમદાવાદ જેવું શહેર હોય કે સારંગપુર જેવું ગામ – સ્વામીશ્રીના સંદેશ અને સ્વરભાર એકસમાન રહેતા. સિદ્ધાંતોને સ્થાન સાથે શું સંબંધ ?!

બ્રહ્મના આનંદની મજા

આ અરસામાં રાજકોટના રેડિયો સ્ટેશન પરથી ગોંડલના ગુરુકુળનો પરિચય તથા તેમાં ભણતા બાળકોના કંઠે ગવાયેલાં ભજનો પ્રસારિત થયાં હતાં. તેનું ધ્વનિમુદ્રણ તા. ૧૭/૮ની રાત્રે સ્વામીશ્રીને સંભળાવવામાં આવ્યું. તેનું શ્રવણ પૂરું થયું ત્યારે એક સંત કીર્તનના લહેકામાં જ બોલ્યા: 'મજા

આવે, મજા આવે, સ્વામી પાસે મજા આવે...'

'બ્રહ્મનો આનંદ આવે તે મજા જ આવે ને! બાળકોને ને મોટાનેય આનંદ આવે તેવું છે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓ જ્યાં જાય ત્યાં બ્રહ્મનો નિર્ભેળ અને નિર્દોષ આનંદ લૂંટાવતા રહેતા. આ બ્રહ્માનંદ સૌને પમાડવાના હેતુસર જ સ્વામીશ્રી તા. ૧૯/૮ની સાંજે સારંગપુરનાં પ્રાસાદિક સ્થાનોની યાત્રાએ નીકળ્યા.

આ સમયે શ્રાવણની વર્ષાએ ધરતી પર લીલી ચાદર બિછાવી દીધેલી, તો આકાશમાં સંધ્યાએ ગુલાબી ઓઢણી ફેલાવી દીધેલી. તેમાં અહીં-તહીં રખડતી કાળી-ધોળી વાદળીઓ ટીબકડીની ભાત ઉપસાવતી હતી. સમી સાંજે ખેતરેથી પાછા વળતા બળદોના ઘૂઘરા અને માળામાં ઠરતાં પંખીઓના કલરવ પણ વાતાવરણને ભરી રહેલા. ચૂલે ચડેલા વાળુના આંધણથી પ્રસરતી મીઠી સોડમ શેરીઓ મહેકાવી રહેલી.

આવા નૈસર્ગિક માહોલમાં સંતમંડળ સાથે નીકળેલા સ્વામીશ્રી પરમહંસો સંગે વિહરતા શ્રીજીની જેમ શોભી રહ્યા. પ્રથમ તેઓ જીવા ખાચરના દરબારમાં પધાર્યા. ત્યાંથી નારાયણ કુંડે પગલાં પાડ્યાં. અહીં એક વરવી વાસ્તવિકતા રજૂ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'પહેલાં તો માણસોમાં, જમીનમાં અને અનાજમાં મીઠાશ હતી. હવે માણસનાં મન ઓછાં(સંકુચિત) થયાં તો બીજું પણ ઓછું(મોળું) થયું.'

સાંપ્રત સમાજનું આટલું અવલોકન રજૂ કરી તેઓએ ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને જ્યાં હાર પહેરાવેલો તે સ્થાને દર્શન કર્યાં. ત્યાંથી સ્મૃતિમંદિરના પરિસરમાં ઊભેલા પ્રાસાદિક ખીજડા પાસે પધાર્યા. અહીં મસ્તક ટેકવી સ્મૃતિમંદિરે આરતી ઉતારી સ્વામીશ્રીએ યાત્રાની સમાપ્તિ કરી.

હૃદય ચોખ્ખું રાખજો તો રહીશું

તા. ૨૦/૮ની સવારે સ્વામીશ્રી પોતાના ઓરડે પત્રવ્યવહારમાં પરોવાયેલા ત્યારે તેઓ પાસે ભાનુપ્રસાદ અને ધનસુખ નામના બે બાળકો દોડી આવ્યા. રઢુથી આવેલા તેઓએ આવતાંવેંત પ્રાર્થનાનો સૂર કાઢ્યો કે 'બાપા! અમારા હૃદયમાં રહેજો.'

'જગ્યા છે?'

'હા.'

'તો રહીશું. હૃદય ચોખ્ખું રાખજો ને હૃદયમાં જગ્યા રાખજો, તો રહીશું.' સ્વામીશ્રીએ કહ્યું.

શિશુના મિષે સૌને એક ઉપયોગી ઉપદેશ આપી તેઓએ એ બાળકોને ફિલ્મ ન જોવી, ભજન-ભણતર વ્યવસ્થિત કરવાં, બાળસભામાં જવું, 'બાળકિલ્લોલ' કેસેટમાંથી ભજનો શીખી ગાવાં, બાળમંડળ ચલાવતાં શીખી જવું – આ પંચામૃતનો પ્રસાદ પીરસ્યો. તેની સાથે મીઠાઈ આપીને પણ રાજી કર્યા.

લેવાનું કાંઈ નવ કહેતો

સારંગપુરના રોકાણ દરમ્યાન અહીં રહેતા સંતો-પાર્ષદો પ્રવચન, પ્રશ્નોત્તરી, ચર્ચાસત્ર વગેરે આયોજનો દ્વારા સ્વામીશ્રીનો લાભ લેતા, તો સ્વામીશ્રી પણ પોતાના અમૃતતુલ્ય જ્ઞાનોપદેશથી સંતોને પોષણ આપતા.

આ ક્રમમાં તા. ૨૪/૮ના રોજ 'ભક્તિમાર્ગમાં બુદ્ધિની જરૂર છે કે નહીં?' તે વિષય પર પાર્ષદોએ રજૂ કરેલી ચર્ચાનો નિવેડો લાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'ભક્તિમાર્ગમાં આવ્યા પછી બુદ્ધિની જરૂર નથી. પહેલાં તો જાણવું જોઈએ, એટલે આ માર્ગમાં આવવા માટે બુદ્ધિની જરૂર છે. પછી ભગવાનની આજ્ઞા, ઇચ્છા, મરજી પ્રમાણે વર્તવું તે શ્રેષ્ઠ. તેમાં બુદ્ધિ વાપરવાની જરૂર નથી. પહેલાં બુદ્ધિથી ચકાસણી કરી લીધી. પછી તેમાં સંશય કરવાની જરૂર નથી.'

વિવેકબુદ્ધિનો આવો ઉમદા પાઠ શીખવનારા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૪/૯ના રોજ નવનિર્મિત સંતનિવાસ અને રસોડાનું વાસ્તુ યોજાયેલું. તેનો વિધિ સંતોને સંસ્કૃત ભણાવતા એક શાસ્ત્રી જ કરાવી રહેલા. દેશ-પરદેશના તાલેવંત ભક્તો આ કાર્યમાં સામેલ થયા હોવાથી આરતી વગેરે દરમ્યાન સારા પ્રમાણમાં રોકડ રકમની દક્ષિણા ઠાકોરજીનાં ચરણે એકત્રિત થઈ. તે જોઈ વેદવિધિ કરાવનારા ભૂદેવનું મન પલળ્યું. તેથી તેઓ મહાપૂજા બાદ જ્યારે સ્વામીશ્રી દરેક ખંડોમાં પુષ્પો છાંટવા નીકળ્યા ત્યારે પણ વિશેષ દક્ષિણાની આશા સેવી સાથે જ ચાલ્યા.

આ લાગ જોઈને મહાપૂજામાં એકત્રિત થયેલી આર્થિક રકમ કેટલાકે મંદિરની દાનપેટીમાં પધરાવી દીધી. તેથી પેલા ભૂદેવ સ્વામીશ્રી સાથે બધે પુષ્પો વરસાવી પરત આવ્યા ત્યારે તેઓને રૂપિયા તો ઠીક, પરચૂરણ પણ હાથ ન લાગ્યું. છેવટે તેઓ ફળ-ફળાદિથી સંતોષ માની વિદાય થયા.

આ વિગતની જાણ બપોરના ભોજન દરમ્યાન સ્વામીશ્રીને થઈ ત્યારે

તેઓ ખેદ વ્યક્ત કરતાં બોલ્યા : 'એવું શું કામ કર્યું? એમને દક્ષિણા શા માટે લેવા ન દીધી? બ્રાહ્મણ છે ને વળી ગુરુજી છે. મહારાજ પણ બ્રાહ્મણોને જમાડતા અને દક્ષિણા અપાવતા.'

આ લાગણી સાથે સ્વામીશ્રીએ એક હરિભક્તને આજ્ઞા કરી કે 'એ શાસ્ત્રીજીને દક્ષિણા આપી આવો.'

હંમેશાં લૂંટાવવામાં જ લાભ માનનારા હતા સ્વામીશ્રી. તેથી તેઓના દરબારમાંથી કોઈ ખાલી ખોબે ન જતું.

હું મારું કામ પતાવીને ઊઠીશ

તા. ૬/૯ની પ્રાતઃકથામાં સ્વામીશ્રીએ સંભળાવેલી જાણપણા સંબંધી મનનીય વાતોના સંદર્ભમાં શ્રી ઈશ્વરભાઈ દેસાઈએ કહ્યું : 'બાપા! જાણપણે રહેવા છતાં અંદરખાનેથી કંઈક રહી જાય છે.'

'પણ અંદરખાનું રાખ્યું છે શા માટે?' સ્વામીશ્રીએ માર્મિક પ્રશ્ન પૂછ્યો.

તેઓને આવો સવાલ ઊઠવો સ્વાભાવિક હતો, કારણ કે જીવનને કોઈ ખાનામાં વહેંચ્યા સિવાય આખેઆખું અને ખુલ્લેખુલ્લું જીવનારા હતા તેઓ.

આ શૈલી સાથે સ્વામીશ્રી આજે બપોરની કથા દરમ્યાન પત્રલેખન કરી રહેલા, પરંતુ થોડી વારે કથાની ઇતિશ્રી થઈ છતાં સ્વામીશ્રીની કલમ તો રેલાતી જ રહી. આ રીતે લખતાં-લખતાં જ તેઓ કથા સાંભળવા આવેલા સંતોને ઉદ્દેશી બોલ્યા : 'તમારે સૌને જમવાનું બાકી હોય તો જાઓ. મારે હજી પત્રો લખવાના બાકી છે, તે હું મારું કામ પતાવીને ઊઠીશ.'

આ પણ હતી સ્વામીશ્રીની જીવનશૈલી. તેઓ ક્યારેય કશું અધૂરું ન છોડતા.

સભા-શિસ્તનો સદાગ્રહ

તા. ૮/૯ના દિવસે વરસાદની ઝરમર વરસી રહી હોવાથી સાયં-ભ્રમણના રૂપમાં રોજ થતી સ્મૃતિમંદિરની પ્રદક્ષિણા સ્વામીશ્રીથી આજે થાય તેવું ન રહ્યું. તેથી વચગાળાના માર્ગ તરીકે કો'કે ઘુમ્મટમાં ભ્રમણ કરવાનું સૂચન ધર્યું, પરંતુ તેમ ફરવા-કરવામાં શાસ્ત્રીજી મહારાજને પીઠ આવે તેમાં સ્વામીશ્રીને ગુરુની મર્યાદાનો ભંગ થતો જણાયો. જો કે અન્ય કોઈ ઉપાય ન દેખાતાં છેવટે ઘુમ્મટમાં જ ભ્રમણ શરૂ થયું, પણ તેમ કરતાં સ્વામીશ્રી

શાસ્ત્રીજી મહારાજને પોતાની પીઠ ન આવે તેની ખૂબ તકેદારી રાખતા રહ્યા.

આ રીતે ભ્રમણ સંપન્ન કરી તેઓ શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પાસેનાં પગથિયાં પર કંઈ જ પાથર્યા વિના બિરાજી ગયા. તે સમયે સંતોએ પગ નીચે રાખવાનું આસન પાથરી તે પર સ્વામીશ્રીને આગ્રહપૂર્વક બેસાડ્યા, પણ ત્યાં જ વિદ્યાવિશારદ શ્રી નર્મદાશંકર શાસ્ત્રી આવ્યા.

તેઓને સ્વામીશ્રીએ પોતાની પાસે બોલાવ્યા અને પોતાના કરતાં સારું આસન બેસવા માટે પથરાવ્યું. સ્વામીશ્રીનું આ સૌજન્ય જોઈ એ પંડિત તો ગળગળા જ થઈ ગયા.

એકેય શબ્દ ઉચ્ચાર્યા વિના, કેવળ પોતાના શિષ્ટ અને સ્નેહસભર વ્યવહારથી સ્વામીશ્રી વિદ્વાનોને પણ વીંધી દેતા.

આવી રૂડી રીત સાથે તેઓ તા. ૮/૯ની રાત્રિસભામાં બિરાજ્યા ત્યારે સંતો વિવિધ ભાષામાં પ્રવચનો રેલાવવા માંડ્યા. તેનું શ્રવણ કરતાં-કરતાં સ્વામીશ્રી પત્રવ્યવહારમાં પણ પરોવાયા.

બરાબર આ જ સમયે સભાના એક ખૂણે બેઠેલા કો'ક સંત અને પાર્ષદ કંઈક વાતચીત કરવામાં મશગૂલ થયા. તેઓની આ ગેરશિસ્તને પત્રમાંથી મસ્તક પણ ઊંચું કર્યા સિવાય જાણી ગયેલા સ્વામીશ્રીએ તેઓને ચાલુ કથાએ વાતો ન કરવા સૂચના આપી. એટલું જ નહીં, આ ભૂલના પ્રાયશ્ચિત્તરૂપે સભામાં પાંચ મિનિટ ઊભા રહેવાની હળવી શિક્ષા પણ કરી!

સ્વામીશ્રી કથાને ભગવાનની મૂર્તિ કહેતા. તેથી કથામાં વાતો કરવી એ તેઓને મન ભગવાનનું અપમાન કરવા જેવું ખૂંચતું.

શ્રીજી સાથે શાશ્વત સંબંધ

તા. ૧૦/૯ની રાત્રિસભામાં ગોઠવાયેલા એક વિશેષ આયોજનના ભાગરૂપે 'આપણી સંસ્થા રોબોટ વસાવે તો તેની પાસેથી કયાં કયાં કામ લેવાં?' અંગે સૌ શ્રોતાઓ પોતાનો અભિપ્રાય આપવાના હતા. તેથી આ કાર્યક્રમ શરૂ થતાં જ દરેકના દિમાગમાંથી અવનવા તુક્કા ફૂટવા લાગ્યા.

અંતે સ્વામીશ્રીને પણ આ અંગે મંતવ્ય આપવા વિનંતી થઈ ત્યારે તેઓ બોલ્યા:

'અસલ એ અસલ ને નકલ એ નકલ. અત્યાર સુધી નકલની વાત થઈ. ભગવાન ભળે ત્યારે કોઈ પણ કામ થાય છે ને અસલ વસ્તુ ભગવાને

આપી છે તેનો ઉપયોગ કરવો. યંત્રમાનવ(રોબોટ)ની આશા રાખવી નહીં. આપણે છેલ્લી અવસ્થા સુધી રોબોટની જરૂર જ ન પડે. ને ભગવાને હાથ, પગ, આંખ વગેરે અવયવો આપ્યા છે તેનો ઉપયોગ કરી દૃષ્ટિ ભગવાન તરફ જ રાખીએ, પણ રોબોટ તરફ નહીં. આત્મકલ્યાણ અને ભક્તિમાં ઉપયોગી થતી હોય તેવી વસ્તુનો ઉપયોગ કરવો; પણ જેનાથી આળસ વધી જાય અને ભક્તિ ઘટી જાય તેની શી જરૂર છે? રોબોટની આશા રાખ્યા કરતાં ભગવાને આપ્યા છે તે આંખ વગેરેથી સેવા-ભક્તિ વધુ સારી કરી શકીએ તે પ્રાર્થના.'

સ્વામીશ્રીને મન ભક્તિ એ ઉપકરણો નહીં, પણ ઉર-ઉમંગ સાથે સંબંધ ધરાવતો વિષય હતો. તેથી તેઓના જીવનમાં માનવીય શ્રમ-સેવાની મહત્તા સવિશેષ રહેતી. તેને ગળી જતી યાંત્રિકતા તેઓને ખાસ ન રુચતી.

એટલે જ તા. ૨૦/૯ના રોજ રામપરાના એક ઘેર પધરામણીએ ગયેલા સ્વામીશ્રીએ અહીં સ્વયં જ *'હે હરિ હરિ! પ્રભુ કરુણા કરી...'* કીર્તન ગાવાનું શરૂ કરી દીધું. આ ઉત્સાહ સાથે તેઓ રામનગર થઈને તાજપુર પહોંચ્યા.

અત્રે મંદિરે યોજાયેલી સભામાં પણ ધૂન-ભજન બાદ 'હું પાંચ મિનિટ વાત કરું' એમ કહી કથાની કમાન સંભાળતા તેઓએ સતત પચાસ મિનિટ સુધી અમૃતધારા વરસાવી સૌને તૃપ્ત કરી દીધા.

આ સમયે સ્થાનિક મંદિરના પૂજારી શ્રી ભવાનભાઈની ઉંમર ૯૫ વર્ષની થયેલી, છતાં તેઓ ભક્તિમાં કોઈ ઓટ-ખોટ આવવા નહોતા દેતા. આ જાણી રાજીપાના રૂપે સ્વામીશ્રી તેઓને ભેટ્યા. તે વખતે એ વયોવૃદ્ધ હરિભક્તે પ્રાર્થના કરી કે 'બાપા! હવે ધામમાં લઈ જાવ.'

'હા, અમે મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને વાત કરશું.' સ્વામીશ્રી સહજ સ્વભાવે બોલી ગયા. તે દ્વારા શ્રીજીમહારાજ સાથેનો તેઓનો સીધો અને શાશ્વત સંબંધ ઉદ્‌ઘાટિત થઈ રહ્યો. તેની સત્યતાનો પુરાવો ત્યારે મળ્યો જ્યારે આ વાર્તાલાપ થયા પછી માત્ર ચાર જ મહિનામાં પેલા હરિભક્ત અક્ષરવાસ પામ્યા.

ખરેખર, ભગવાન પાસે આપણી તરફદારી કરે એવા ગુરુ હતા સ્વામીશ્રી.

એ કામ આપણું નહીં

તા. ૨૧/૯ના રોજ સ્વામીશ્રી સમક્ષ વંચાઈ રહેલા ભગતજી મહારાજના જીવનચરિત્ર અંતર્ગત જગન્નાથપુરીમાં ફાટી નીકળેલા બાવાઓના ધિંગાણાની

વાત આવી. તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ સામે બેઠેલા એક પાર્ષદને પૂછ્યું : 'તમે કોઈને ધમકાવેલા ?'

'હા.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આપણે કોઈને ધમકાવવા નહીં. આપણને કોઈ ધમકાવે તો સહન કરવું, પગે લાગવું. ભૂલ હોય તો સુધારવી. બીજાને ધમકાવવાનું કામ આપણું નહીં. વાણી ઘીની પેઠે વાપરવી. ઘીની ચમચી નાની હોય અને તે પાછી અધૂરી ભરી થોડી જ નમાવે. પાણી તો '*દે દાળમાં પાણી*'ની જેમ બે લોટા વધારે પડે તોય વાંધો નહીં.'

સ્વામીશ્રીના હોઠેથી ફૂટી નીકળતા આવા શબ્દો ટાંકણાની ગરજ સારતા. તે દ્વારા સંતશિલ્પો ઘડાતાં રહેતાં.

માનાપમાનો સઘળાં સહે છે

તા. ૨૨/૯ના રોજ પાળિયાદ, બોટાદ થઈને ગઢડા જવા નીકળેલા સ્વામીશ્રીએ આજની પૂનમના સંદર્ભમાં અડધે રસ્તે સૂચના આપી કે 'આજે મુગટનાં દર્શન થશે, એટલે જૂના મંદિરે થઈને જઈએ.'

અંગોઅંગમાં શ્રીજીમહારાજને ધાર્યા હોવા છતાં સ્વામીશ્રીને મૂર્તિ-દર્શનનો આવો ખપ રહેતો !

પરંતુ આ આતુરતા સાથે તેઓ ગોપીનાથજીના મંદિરમાં સર્વ સ્થળે દર્શન કરીને અક્ષર ઓરડી આગળ પધાર્યા ત્યારે માયાએ પોત પ્રકાશ્યું. અહીં એક બાઈ ઝાડુ વાળતી હોય તેમ અક્ષર ઓરડીના પગથિયે ઊભા રહી બોલવા લાગી : 'દર્શન નહીં થાય.'

આ વિગત જાણી સ્વામીશ્રીએ સાથેના હરિભક્તોને કહ્યું : 'આપણે તો બહારથી જ દર્શન કરવાં છે, ક્યાં અંદર જવું છે !'

પરંતુ સ્વામીશ્રીએ પોતાના કરેલા પરાભવનું વેર વાળવું હોય તેમ આજે માયા ખરેખરી વકરેલી. તેથી તેણે બિલકુલ મચક ન આપી. આ સમયે લેશ અકળામણ અનુભવ્યા સિવાય સ્વામીશ્રી 'ચાલો, આપણે દૂરથી દર્શન થઈ ગયાં...' એમ કહેતાં પાછા વળી ગયા. માયાએ તેની જાત બતાવી તો સત્પુરુષે 'સમર્થ થકા જરણા' કરવાની પોતાની છાપ ઉપસાવી. એક જ પ્રસંગથી બંનેનાં રૂપ ઉઘાડાં થઈ ગયાં.

ભક્તવત્સલ જાંહાં બિરદ ગાજે

ગોપીનાથજીના મંદિરેથી લક્ષ્મીવાડીએ પધારેલા સ્વામીશ્રીને અહીં પૂજારીએ ચીકુ, તુલસીપાન વગેરે આપી આદર અભિવ્યક્ત કર્યો. તેની સાથે ઠાકોરજીનું પ્રાસાદિક જળ પણ આપ્યું. તે સ્વામીશ્રીએ મૂર્તિઓથી આઘા ખસીને અંગીકાર કર્યું અને પીતાં વધેલું જળ પ્યાલામાં સાથે લેવડાવ્યું.

આમ, મર્યાદા અને મહિમા – બંનેનું દર્શન કરાવતાં તેઓ લક્ષ્મીવાડીનાં અન્ય પ્રસાદીભૂત સ્થાનો તરફ નીકળ્યા. તેમાં વચ્ચે યોગ્ય ઠેકાણે પેશાબ કરી તેઓએ હાથ ધોવા પાણી માંગ્યું. તે વખતે કો'ક અજાણતામાં પેલું પ્રસાદીભૂત જળ આપવા ગયું. ત્યાં જ સ્વામીશ્રીની ટકોર છૂટી કે 'એ પ્રસાદીનું છે તે રહેવા દો. અહીં નળ છે ત્યાંથી પાણી લાવો.'

આ રીતે પળે-પળે ભક્તિની ફોરમ વેરતાં, સઘળે ઘૂમી રહેલા સ્વામીશ્રીના શરીરમાં આ સમયે શરદીએ ઉપાડો લીધેલો. તેથી અહીં એક સ્થળે નાક સાફ કરી તેઓએ કહ્યું : 'નળમાંથી પાણી લાવો.'

આ સાંભળી હકા બાપુ અને એક યુવક પાણી લેવા ધસી ગયા, પરંતુ તેમાં હકાભાઈ ફાવ્યા. તેઓ હાથમાં જળ લઈ આવ્યા અને નળ સુધી ગયેલા પેલા યુવકને ખાલી હાથે પાછા ફરવું પડ્યું. તે જોઈ સ્વામીશ્રીએ તેને કહ્યું : 'જા, તુંય પાણી લઈ આવ. તારી પણ સેવા થઈ જાય ને !'

આ સાંભળતાં જ તે યુવાન પાણી લેવા દોડ્યો. તે પાછો ફર્યો ત્યારે તેની હથેળીઓ જળથી ભરેલી હતી અને હૈયું લાગણીથી. નાની અમથી વાતમાંય સ્વામીશ્રી કોઈને ઓછું આવવા ન દેતા. તેઓની કાળજી સૌનાં હાથ-હૈયાં ભરેલાં જ રાખતી.

આ શૈલી સાથે વિચરતા સ્વામીશ્રી લક્ષ્મીવાડીએથી સાંજે સાત વાગ્યે આપણા મંદિરે પધાર્યા. હૃદયરોગની બીમારી બાદ તેઓ અહીં પ્રથમ વાર આવતા હોવાથી હરિભક્તોની સંખ્યા ઘણી હતી. તે સૌને સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા બાદ પોતાની અમૃતવર્ષાથી સંતોષ્યા.

હજી તેઓને નિત્ય નિયમ મુજબનું ભ્રમણ કરવાનું બાકી હતું. બહાર વરસાદનાં છાંટણાં થતાં હોવાથી ભ્રમણ માટે પટ્ટા પાથરવા વગેરેની તજવીજ સભામંડપમાં જ શરૂ થઈ. પરંતુ સંખ્યા વધી જવાથી કેટલાક ભક્તોને સભા-મંડપમાં ઉતારો અપાયેલો. તેથી સ્વામીશ્રીએ વિચારી લીધું કે 'જો રાત્રે દસ

વાગ્યે પોતે ત્યાં ભ્રમણ શરૂ કરે તો તે ભક્તોને વિશ્રામમાં વિલંબ થશે.' એટલે તેઓએ કહ્યું : 'આપણે સભામંડપમાં ચાલવું નથી. હરિભક્તો આરામ કરે ને !'

સ્વામીશ્રીની આ કાળજીએ વધુ એક વાર ભક્તોનાં હૈયાં છલકાવી દીધાં. પોતાના સ્વાસ્થ્ય કરતાંય સત્સંગીઓની દરકાર ઝાઝી કરનારા હતા સ્વામીશ્રી.

અંતે સભામંડપમાં એક તરફ હરિભક્તો સુએ અને બીજી બાજુ ભ્રમણ થઈ શકે તેવી ગોઠવણ સંતોએ કરતાં સ્વામીશ્રીએ નિત્યક્રમ આટોપ્યો.

એવો કોણ બીજો ક્ષમાધારી

સ્વામીશ્રી પધાર્યા ત્યારથી *'આનંદ ઉત્સવ અતિ ઘણો, થાય શ્રીગઢપુર મોઝાર...'*ની અનુભૂતિ સૌને રોકડી થવા માંડેલી. તેની વચ્ચે સ્વામીશ્રી તા. ૨૩/૯ની સવારે મંદિરના સભાગૃહમાં પ્રાતઃપૂજા કરવા બિરાજ્યા.

તે વખતે દર્શન માટે બેઠેલા કેટલાક સંતો-ભક્તો ભાન ભૂલ્યા અને તેઓએ અજાણતાં જ સભામંડપના સિંહાસનમાં પધરાવેલી મૂર્તિઓને પીઠ આવે તે રીતે બેઠક જમાવી. તે જોઈ સ્વામીશ્રીએ તેઓને ઠાકોરજીની મર્યાદા જળવાય તેમ બેસવા જણાવ્યું.

ભક્તિની આ ભાત ઉપસાવતા સ્વામીશ્રી આજની પૂજા સંપન્ન કરી મંદિરમાં દર્શન બાદ પ્રદક્ષિણામાં પધાર્યા. અહીંથી તેઓએ ઘેલા નદી પર દૃષ્ટિ કરી. આ સમયે તાજેતરમાં થયેલા વરસાદથી નદીમાં પાણી પૂરપાટ વહેતું હતું. તેથી રાજી થતાં સ્વામીશ્રી બોલ્યા : 'ઘેલો ખરેખર ઘેલો થયો છે.'

ઘેલાનો આ ઊછળતો ભાવ જોઈ તેમાં સ્નાન કરવા સ્વામીશ્રી આજની સાંજે પગથિયાં ઊતરીને ચાલતાં ચાલતાં જ નદીકાંઠે પધાર્યા.

અત્રે તટવર્તી પથરાઓ ઉપરથી વેગવાન બનીને ધસી રહેલું પાણી જોઈને જ કેટલાકને તો ન્હાવાનો સંકલ્પ પાણીમાં બેસી ગયો, પણ સ્વામીશ્રીએ કહ્યું : 'સ્નાન કરવું છે એટલે કરવું. આમ કાંઈ જોયે વળે નહીં.'

આમ કહેતાં તેઓ ઠાકોરજી સાથે સ્નાન કરવા પગથિયાં ઊતર્યા અને શરદી હોવા છતાં મહિમા સમજી અડધો કલાક સુધી ન્હાયા. તે સમયે તેઓએ તમામ મંદિરોના સંતો-સત્સંગીઓને સંભારી ધૂન પણ કરી.

આ સ્નાનવિધિ બાદ સ્વામીશ્રી જ્યારે મંદિરે પધાર્યા ત્યારે અત્રે દાદા-ખાચરના વંશજ શ્રી ભાણખાચર દર્શન માટે આવી પહોંચ્યા. ગઢડાના આ આગેવાને બે દિવસ પહેલાં સ્વામીશ્રીને અક્ષર ઓરડીમાં દર્શન ન કરવા દીધાં

તે ઘટના બદલ દિલગીરી વ્યક્ત કરી કે 'આમ ચલાવી લેવાય જ નહીં. આ તો ચીલો પડી જાય. તે ભૂંસી નાંખવો જોઈએ. ઉંદર ઘૂસી ગયા હોય તેને કાઢવા કેવી રીતે ? તો એક ઉંદરડાને પકડીને રંગી નાખવો. તો બીજા ભાળે ને ભાગે. એમ આને રંગી નાખવો પડશે. અમે આપની માફી માગીએ છીએ.'

ભાણ બાપુનો મિજાજ આજે ઊગતા ભાણની જેમ જ લાલચોળ હતો. પરંતુ સ્વામીશ્રીએ તેને ટાઢો પાડતાં કહ્યું : 'અમારે તો અપમાન જેવું કશું નથી. ઇરાદાપૂર્વક કોઈએ ન કર્યું હોય. દરબારમાં બધે મંદિરના કોઠારી, મહંત વગેરેએ અમને દર્શન કરવાં જ દીધાં હતાં...' એમ જણાવી સ્વામીશ્રીએ 'નદી પર પુલ થઈ ગયો તે બહુ સારું થયું' કહેતાં વાતને વળાંક આપી દીધો.

સમર્થ થઈને સહન કરવું, સહન કરીને ભૂલી જવું, ભૂલી જઈનેય ભૂલભરેલાનું ભલું કરવું – ક્ષમાભાવનાનાં આ ત્રણેય શિખરો સ્વામીશ્રીએ આજે સડસડાટ સર કરી લીધાં. તે જોઈ સૌનાં હૈયાં પોકારી ઊઠ્યાં : *'એવો કોણ બીજો ક્ષમાધારી...'*

સ્વામી છો સર્વજ્ઞ સુજાણ

ક્ષમાભાવનાનો એક ઉચ્ચ દાખલો બેસાડી સભામંડપમાં સાયંભ્રમણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ અહીં પૂજારી ગુણાતીતજીવનદાસ સ્વામીને જોતાં જ કહ્યું : 'આરતીમાં અમે દસ મિનિટમાં આવીએ છીએ.'

આ સાંભળતાં જ એ સંતની તો રોમાવલિ ખડી થઈ ગઈ, કારણ કે 'આ વખતના રોકાણમાં સ્વામીબાપા એક વાર ઠાકોરજીની આરતી ઉતારે' એવો તેમનો સંકલ્પ સ્વામીશ્રીએ આમ ચાલતાં-ચાલતાં પૂરો કરી દીધેલો. તેથી એ સંત પોતાના અંતરની આરતીથી તો સ્વામીશ્રીને ત્યાં ને ત્યાં જ વધાવી રહ્યા !

આમ, સૌના કોડ પૂરા કરતા સ્વામીશ્રી તા. ૨૪/૯ની સવારે બુક સ્ટોલ, રસોડું વગેરે વિભાગોનું નિરીક્ષણ કરી સભામંડપ તરફ આવી રહેલા. તે વખતે એક જૂના હરિભક્તને જોતાં જ તેઓએ પ્રેમથી સાદ કર્યો કે 'એય ધના ! કેમ છે ?'

આ લહેકો સાંભળી ધનાના શરીરમાં ઝણઝણાટી વ્યાપી ગઈ. એક મિત્રની અદાથી તેઓનો હાથ ઝાલીને સ્વામીશ્રી સભામંડપમાં આવી બિરાજ્યા ત્યારે તો સુદામા જેવા એ દુર્બળ ધનજી સ્વામીશ્રીમાં સાક્ષાત્ દ્વારકાધીશનાં જ દર્શન પામી રહ્યા !

આ રીતે સભામાં સૌને લાભ આપી સ્વામીશ્રી ગઢડાથી સારંગપુર જવા નીકળ્યા ત્યારે ગાડીમાં બેસતાં જ તેઓએ કહ્યું : 'જૂના મંદિરે ગાડી લઈ લો. ત્યાં દર્શન કરતાં જઈએ.'

બે દિવસ પહેલાં જ અહીં થયેલી અવહેલનાનો સ્વામીશ્રીને કોઈ ક્ષોભ નહોતો. 'આજે વળી એવું થશે તો ?' એવો કોઈ ભય પણ નહોતો. તેઓને તો નિસ્બત હતી એક ઠાકોરજી સાથે. તેથી ત્યાં પ્રેમપૂર્વક દર્શન કરી સ્વામીશ્રી બોટાદને લાભ આપતાં સારંગપુર જવા નીકળ્યા.

પરંતુ બોટાદની બજાર વીંધતાં જ તેઓએ અચાનક કહ્યું : 'ગાડી ઊભી રાખો.' આ સૂચના મુજબ ગાડી થોભતાં સ્વામીશ્રી નીચે ઊતરીને એક દુકાનમાં જઈ પહોંચ્યા અને સાથેના સંતોને કહેવા લાગ્યા : 'બહુ વર્ષોથી મંદિર માટે માલ અહીંથી લઈએ છીએ. આ બદરૂભાઈની દુકાન અને આ એમના દીકરા.'

આ સાંભળતાં જ પાસે ઊભેલા આત્મસ્વરૂપદાસ સ્વામી રણઝણી ઊઠ્યા. તેઓને બજારમાંથી પસાર થતી વખતે જ સંકલ્પ થયેલો કે 'શાસ્ત્રીજી મહારાજના વખતમાં સ્વામીશ્રી જ્યાંથી ખરીદી કરતા તે દુકાન ક્યાં હશે ?' આ મનોરથ ઘડીના છઠ્ઠા ભાગમાં જ સ્વામીશ્રી દ્વારા પૂરો થઈ રહેલો !

તેઓના સહવાસમાં ડગલે ને પગલે બનતી રહેતી આવી ઘટનાઓથી આનંદ અને આશ્ચર્યનું વાતાવરણ અખંડ જામેલું રહેતું.

નામ લીધું છે તો કામ થશે

બોટાદથી સારંગપુર ભણી જઈ રહેલા સ્વામીશ્રીને જોઈ રસ્તામાં ઊભેલો એક બાળક જોશથી, પણ ટીખળના ભાવથી બોલ્યો : 'જો, સ્વામિ-નારાયણિયા જાય.'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'વાહ ! નામ લીધું છે તો તેનું કામ થશે. મહારાજનું નામ લીધું છે તો તેનું બે-ચાર કે દશ જન્મે પણ કામ થઈ જશે.'

'अरुच्यमपि रोगघ्नं निसर्गादेव भेषजम् ।'[૭] ઔષધ ગમતું ન હોય છતાં તે રોગ ટાળે છે. તેની જેમ આજે સ્વામીશ્રીએ ભાંડનારાનું પણ ભલું કરી દીધું.

આ ઉદારતા સાથે તેઓ સારંગપુર પધારતાં અહીંના સંતો તો ખાન-પાનનું ભાન ભૂલી સ્વામીશ્રીમાં ગુલતાન બની ગયા.

આ વખતે ચાતુર્માસના દિવસોમાં સ્વામીશ્રીનું રોકાણ અત્રે થયું હોવાથી

---

૭. शिशुपालवधम् : ૧૯/૮૯.

રક્ષાબંધન, જન્માષ્ટમી, સામશ્રાવણી, જળઝીલણી વગેરે ઉત્સવોનો લાભ અહીંના ભક્તોના ભાગ્યે આવ્યો. તેની ચરમસીમારૂપે તા. ૨૬/૯ના રોજ શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ પણ ધામધૂમથી ઊજવાયું.

ત્યારબાદ આ જ દિવસની બપોરે સ્વામીશ્રી સારંગપુરથી વિદાય થવાના હોવાથી મંદિરે પધાર્યા. અહીં તેઓએ દર્શન બાદ રૂપચોકીમાં બેસીને કેટલાક પત્રો લખ્યા.

તે પછી જામનગર જવા માટે ગાડીમાં બેસતાં તેઓ બોલ્યા: 'ફોર (four - ચાર) વાગ્યે નીકળ્યા છીએ.' એમ અંગ્રેજી શબ્દ ઉચ્ચારી સ્વામીશ્રીએ આનંદની આબોહવા સર્જી દીધી.

દ્વારાપુરીના ચોકમાં

જામનગર ખાતે 'રામચંદ્ર કુટિર'માં રોકાયેલા સ્વામીશ્રી તા. ૨૭/૯ની સવારે શહેરમાં આવેલા જૂના સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા પહોંચ્યા, ત્યારે તેઓએ એક પુરાણી સ્મૃતિ વાગોળી કે 'શાસ્ત્રીજી મહારાજ અત્રે પધારેલા ત્યારે અહીંના કોઠારીએ ઘુમ્મટમાં બેસાડીને બિરંજ, પૂરીની રસોઈ જાતે પીરસેલી.'

આમ, ગુરુસ્મૃતિમાં ગરકાવ સ્વામીશ્રી જામનગરથી આજની બપોરે વિદાય લઈ કુવાડિયાને પાવન કરતાં રાત્રે આઠ વાગ્યે દ્વારકા પહોંચ્યા.

અત્રે સ્વામિનારાયણ મંદિરમાં સ્થાનિક સંતોનું સ્વાગત સ્વીકારી તેઓ દ્વારકાધીશનાં દર્શને પધાર્યા.

આ સમયે જરિયાની પીછવાઈ અને ગુલાબી સાડી વીંટાળેલી પાટલીની પાર્શ્વભૂ સાથે દ્વારકાધીશ જરિયાની વાઘા, બે પીંછાવાળા જરિયાની ગોપમુકુટ, સળંગ કંઠમાળ, શંખ-ચક્ર-ગદા-પદ્મને ધારણ કરી શોભતા હતા. આગળ ગાદી, તકિયા, ચાદર, ગાદી પર રજતની તાસક અને સુવર્ણની ચાખડી તથા ભગવાન પોઢે તે પહેલાં ચોપાટ રમીને પોઢે છે તે ભાવના સાથે ચાંદીનાં સોગઠાં પણ ગોઠવ્યાં હતાં.

આ દર્શન કરતા સ્વામીશ્રીએ સંતોને કહ્યું: 'આ મૂર્તિનું વર્ણન લખી લેજો.' ત્યારબાદ તેઓએ પંચોપચારે સુવર્ણપાદુકાઓનું પૂજન કરી તેને મસ્તકે ચઢાવી.

અહીંથી ત્રિવિક્રમ, ગણપતિજી, ગરુડજી, પાર્વતી, જાંબવતી, રાધિકા,

દેવકી, લક્ષ્મીનારાયણ વગેરેનાં મંદિરોમાં વંદન-નમન કરતાં સ્વામીશ્રીએ શંકરાચાર્યની શારદા પીઠમાં પણ પગલાં પાડ્યાં. ત્યાંથી ગોમતીજીના દરવાજે થઈ તેઓએ 'જય રણછોડ' ધર્મશાળામાં ઠાકોરજી જમાડ્યા અને સરકીટ હાઉસના રૂમ નં. ૪માં ઉતારે આવી પહોંચ્યા.

અત્રે તા. ૨૮/૯ની સવારે જાગ્રત થયા બાદ સ્વામીશ્રી પ્રાતઃભ્રમણ માટે 'સનસેટ પોઇન્ટ'ની જગ્યાએ પધાર્યા. અહીં તેઓએ ગોળ ઊંચા પ્લૅટફોર્મની આસપાસ વર્તુળાકારે ભ્રમણ કર્યું. તે દ્વારા ભારતના પશ્ચિમ ભાગના આ છેવાડાના સ્થાનને પાવન કરી સ્વામીશ્રી ઓખા બંદરે જવા નીકળ્યા.

આ માર્ગમાં વચ્ચે આવેલું આરાંભડા ગામ જોઈ સાંપ્રદાયિક ઇતિહાસનું એક પાનું ઉઘાડતાં સ્વામીશ્રી બોલ્યા: 'અહીં સચ્ચિદાનંદ સ્વામીને છાપો મારવા માટે રોકેલા અને પૈસા માંગેલ.' પછી તેની પુષ્ટિમાં સ્વામીશ્રીએ 'ભક્તચિંતામણિ'ની કડી પણ ગાઈ કે *'જેવી ગણીએ ગોમતી, એવું આરાંભડુ ગામ; બેટ પણ બીજું નહીં, જાણું ત્રણેય ધર્મનાં ધામ.'*[૮]

વર્ષો પહેલાં વાંચેલા ગ્રંથોની પંક્તિઓ સ્વામીશ્રી આમ કડકડાટ બોલી બતાવતા ત્યારે સૌ તેઓની સતેજ યાદશક્તિ અને ગ્રંથોના ગહન અભ્યાસની સૂઝ જોઈ અચંબો પામી જતા.

મીઠાપુરમાં મીઠપનાં પૂર

તા. ૨૮/૯ની સવારે સવા નવ વાગ્યે 'દરિયાસાગર' બોટ દ્વારા બેટ દ્વારકા આવી પહોંચેલા સ્વામીશ્રીને અત્રે નૌકામાંથી ઊતરીને મંદિર સુધી ચાલવાનું અંતર ઘણું હોવાથી તેઓ માટે વાહન-વ્યવસ્થા ગોઠવી રાખેલી. પરંતુ 'ઠાકોરજી આગળ તો ચાલતાં જઈએ તો સારું' એમ કહી સ્વામીશ્રી પગલાં માંડતાં જ મંદિરે પધાર્યા. તેઓના એ પ્રત્યેક પગલે ભક્તિની છાપ ઊપસતી રહી.

આ રીતે મંદિરે પહોંચેલા સ્વામીશ્રીને 'બેટ દેવસ્થાન સમિતિ'ના વ્યવસ્થાપકોએ તુલસીના હાર તથા ખેસ પહેરાવી સત્કાર્યા. 'શ્રીકૃષ્ણ સંસ્કૃત પાઠશાળા'ના પ્રાચાર્યે પણ આ લહાવો લૂંટ્યો. ત્યારબાદ દ્વારકાધીશની શણગાર આરતી તથા આસપાસ આવેલાં મંદિરોમાં દર્શન કરી સ્વામીશ્રીએ ઠાકોરજીને સમુદ્રસ્નાન કરાવ્યું અને પુનઃ ઓખા બંદરે થઈને મીઠાપુરને પાવન કર્યું. આ

---

૮. પ્રકરણ: ૯૩/૧.

નગરમાં તેઓના પ્રથમ વારના આગમનને ભાવિકોએ ઉમળકાભેર વધાવ્યું.

, અહીં અમૃતભાઈ ચોકસીના ઘરઆંગણે બાંધેલા સભામંડપમાં ૪૦૦થી વધુ મુમુક્ષુઓને સત્સંગનો લાભ આપી, સ્વામીશ્રી સાંજે ટાટા કેમિકલ્સના વિશાળ સંકુલમાં પગલાં કરવા નીકળ્યા. તે વખતે ઘણા સમયથી ઠેલાતા આ કંપનીના રાસાયણિક ખાતરના કારખાના માટે કાર્યવાહકોને આશીર્વાદ આપી, તેઓ એફ.એચ.ટી.પી.ના મેદાનમાં યોજાયેલી જાહેર-સભામાં પધાર્યા. અત્રે 'પ્રમુખસ્વામી સત્કાર સમિતિ'ના નેજા હેઠળ ૨૫ જેટલી વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓએ તેઓને સત્કાર્યા.

આ સન્માન ઝીલી સ્વામીશ્રીએ અહીં યોજાતી અઠવાડિક સત્સંગ-સભાના સ્થળ સમા બાવનજીભાઈ ટાંકના ઘેર પણ ધર્મલાભ આપ્યો.

આમ, મીઠાપુરમાં મીઠપનાં પૂર વહેવડાવી તેઓ સૂરજકરાડી ગામને ધન્ય કરતાં રાત્રે સાડા અગિયાર વાગ્યે દ્વારકા પરત ફર્યા.

આજે વહેલી સવારથી મોડી રાત સુધી તેઓએ ઘણો શ્રમ ઉઠાવેલો. છતાં ડૉક્ટરોની સલાહને અનુસરતાં સ્વામીશ્રી રાત્રે સાડા અગિયાર વાગ્યે સોમરસ માર્ગ તરફ નિત્ય વ્યાયામના ભાગરૂપ ભ્રમણ માટે પધાર્યા.

આ માર્ગની બંને બાજુ જુદાં જુદાં ગામોમાંથી મળી આવેલા પ્રાચીન ખાંડણિયા મૂકેલા. 'તેમાં સોમરસ વાટવામાં આવતો' તેવી માન્યતા પણ એ ખાંડણિયાઓ જેટલી જ પુરાતની. આજે સવારે સ્વામીશ્રી અહીં પ્રાતઃભ્રમણ માટે આવેલા ત્યારે સુવર્ણતીર્થ ગામેથી લાવેલા ખાંડણિયાનો સ્પર્શ કરી તેને પ્રસાદીભૂત કરેલો. અત્યારે પણ એ જ માર્ગે ચાલવા નીકળેલા તેઓએ અહીં થોડું ભ્રમણ કર્યું ત્યાં જ એક સંતે કહ્યું: 'સ્વામી ! હવે વધુ ન ચાલશો. આમેય આજે ચાલવાનું ઘણું થયું છે.'

'એવું ગમે એટલું ચાલીએ પણ તેથી લાભ ન થાય. ચાલવાનું તો કન્ટિન્યૂઅસ (continuous - સતત) થવું જોઈએ.' કોઈ નિષ્ણાત ડૉક્ટરની અદાથી આટલો જવાબ વાળી સ્વામીશ્રીએ ભ્રમણ ચાલુ જ રાખ્યું.

એક વાર જે આદેશ મળે તેને યથાતથ પાળવાની શૈલી ધરાવતા તેઓના જીવનની ક્ષણેક્ષણમાંથી શિસ્તની શીખ પામી શકાય એમ છે.

રૂડી દીઠી તમારી મેં રીત

તા. ૨૯/૯ના રોજ દ્વારકાધીશ અને સ્વામિનારાયણ મંદિરોમાં પુનઃ

દર્શન કરીને સ્વામીશ્રી જામ ખંભાળિયા પધાર્યા ત્યારે અત્રે તેઓ પ્રથમ વાર જ પધારતા હોવાથી હરખનો માહોલ છવાઈ ગયો. તેની વચ્ચે કાનજી ચતુર ધર્મશાળામાં જાહેર-સભા પણ હકડેઠઠ યોજાઈ રહી. ત્યારબાદ ભોજન, વિશ્રામ લઈ સ્વામીશ્રી સાંજે ભાદરા જવા નીકળ્યા.

આ માર્ગે ૧૧૪ કિ.મી.નું અંતર કાપી તેઓની મોટર સાંજે સવા સાત વાગ્યે ભાદરાના જૂના રેલવે સ્ટેશને આવી પહોંચી ત્યારે સ્વામીશ્રી ગાડીમાંથી ઊતરી જતાં બોલ્યા: 'હું વૉકિંગ કરતો આવું છું.' આમ કહી એક સંતને સાથે લઈ તેઓ ચાલતાં-ચાલતાં મંદિરે પહોંચ્યા.

અત્રે બીજા દિવસની સવારે ઊંડ નદીમાં જળક્રીડા બાદ વડ નીચે સભા યોજીને સ્વામીશ્રીએ વાત કરી કે 'કલકત્તા બાજુ ગંગા-સાગરનો સંગમ, દ્વારકામાં ગોમતી-સાગરનો સંગમ અને અહીં મહારાજ-સ્વામીનો સંગમ!'

ભાદરાનાં આ ભાગ્ય વર્ણવી તેઓ તા. ૩/૧૦ની બપોરે સાડા ત્રણ વાગ્યે રાજકોટ જવા નીકળવાના હતા. તે પૂર્વે સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરવા મંદિર ઉપર જવાના દાદરે પહોંચ્યા ત્યારે અહીં તેઓએ પોતાનાં પગરખાં કાઢી નાંખ્યાં. તે જોઈ મંદિરમાં સેવા કરતો એક યુવાન બોલ્યો: 'બાપા! તાપ બહુ છે. પગથિયાં તપી ગયાં છે. માટે ચંપલ પહેરી રાખો. નહીં તો પગ બળશે.'

'ઠાકોરજી માટે પગ બળે તેમાં શું?' એમ કહી સ્વામીશ્રી ગરમ પગથિયાં પર જ પગનાં તળિયાં મૂકતાં દાદરો ચઢી ગયા.

તેઓની આવી રૂડી રીતનો એક નવો અધ્યાય ખૂલ્યો આજની સાંજે.

આ સમયે ડાંગરા અને માધાપરને પાવન કરતાં સ્વામીશ્રી રાજકોટની રાષ્ટ્રીય શાળામાં આવી પહોંચ્યા.

અહીં ગાંધી જયંતી નિમિત્તે યોજાયેલા વિશિષ્ટ સમારોહમાં પધારતાં પૂર્વે શાળાના સંચાલકો તેઓને 'ગાંધી ઉપવાસ ગૃહ'માં લઈ ગયા. આ સ્થળે ગાંધીજી અનશન વ્રત ધારણ કરીને રહેલા. તે ઓરડાની દીવાલો પર તત્કાલીન તસવીરો લગાડેલી.

તેની સમજૂતી આપતાં વ્યવસ્થાપક શ્રી પુરુષોત્તમદાસ ગાંધીએ એક છબીમાં દર્શાતી વિખ્યાત મહિલા સમક્ષ અંગુલિનિર્દેશ કરી વાત માંડી. પરંતુ ભગવાન સ્વામિનારાયણની બ્રહ્મચર્ય સંબંધી આજ્ઞા અનુસાર વર્તનારા સ્વામીશ્રી આ સમયે દૃષ્ટિ નીચે ઢાળી આગળ સરકી ગયા. જો કે તેઓની આ રૂડી રીત જોનારા તો ત્યાં જ સ્થિર થઈ ગયા.

અમૃતના ઓડકાર હોય નહીં

રાજકોટના સમીપવર્તી રૈયા ગામની સીમમાં આવેલા શાંતિલાલ તેજુરાના બંગલાની આગળ ખુલ્લા મેદાનમાં ભાગવત પારાયણનું આયોજન સ્થાનિક મંડળ દ્વારા કરવામાં આવેલું. આમ તો આ સ્થળ તત્કાલીન રાજકોટની સુધરાઈના ક્ષેત્ર બહારનું; છતાં પારાયણનો લાભ લેવા સતત સત્તર દિવસ સુધી માનવપ્રવાહ ઊમટતો જ રહ્યો. સ્વામીશ્રીની ઉપસ્થિતિ હોવાથી કથા અને સેવા બંને માટે સૌનો ઉત્સાહ અનન્ય હતો.

આ પારાયણ દરમ્યાન જ સ્વામીશ્રી તા. ૧૧/૧૦ની સવારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આયોજિત એક કાર્યશિબિર અને તા. ૧૮/૧૦ની સાંજે રાષ્ટ્રીય શાળાના રંગભવનમાં યોજાયેલા યુવક મંડળના સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ અમૃતધારા વરસાવી આવ્યા.

અંતે તા. ૧૯/૧૦ના રોજ વિદાય લેતાં પૂર્વે તેઓએ જણાવ્યું: 'રાજકોટ એ ગુણાતીત જ્ઞાનનો અખાડો. ધાર્યા બહારનું આયોજન થઈ ગયું. હૃદયનો પ્રેમ હતો તો સહેજે આયોજન થઈ ગયું. અમૃતના ઓડકાર હોય નહીં.'

સૌ પર આ પ્રસન્નતા વરસાવતા સ્વામીશ્રી રાજકોટથી ગોંડલ પધાર્યા ત્યારે અત્રે તેઓના વરદહસ્તે તા. ૨૦/૧૦ની સવારે નવનિર્મિત ટાંકી 'બ્રહ્મ-સલિલ'નું ઉદ્‌ઘાટન નિર્ધારેલું. તે માટેની સઘળી તૈયારીઓ પણ થઈ ગયેલી. પરંતુ સ્વામીશ્રીએ કહ્યું: 'ઉદ્‌ઘાટન કાલે કરશું. કાલે શરદપૂનમ છે ને!'

તેઓના પ્રત્યેક નિર્ણયમાં કંઈક મર્મ જરૂર રહેતો. ઉપસ્થિત પ્રસંગને કોઈ સ્મરણીય તિથિ, વાર, સમય વગેરે સાથે સાંકળીને તેને અવિસ્મરણીય બનાવી આપવાની સ્વામીશ્રીની ખાસિયત.

તે મુજબ તા. ૨૧/૧૦ની સવારે ૯૦ ફૂટ ઊંચી અને દોઢ લાખ લિટર પાણીની ક્ષમતા ધરાવતી તોતિંગ ટાંકીનું ઉદ્‌ઘાટન થયું. તે માટે બાંધકામનો માલ ચડાવવાની લિફ્ટ દ્વારા સ્વામીશ્રી ઠાકોરજી સાથે ટાંકીની ટોચે પહોંચ્યા. અહીંથી તેઓએ સમગ્ર સંકુલ અને શહેર પર બ્રહ્મદૃષ્ટિ ઠેરવી.

તેને અનુસરતાં આજની રાત્રે યોજાયેલી ૧૯૮મા ગુણાતીત જન્મોત્સવની સભા સુદીર્ઘ રહી. આ સભામાં સ્વામીશ્રીને આશીર્વાદ આપવાનો વારો આવ્યો ત્યારે સમય થયેલો રાત્રિના પોણા એક વાગ્યાનો!

છતાં અત્યંત તાજગીપૂર્વક તેઓએ કહ્યું: 'બ્રહ્મની મસ્તીમાં દેહ ભુલાઈ

જાય છે. આ મંદિર થયું ત્યારથી આ ઉત્સવ અહીં ઊજવીએ છીએ. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં તે સંસ્મરણો અહીં આવીએ ત્યારે તાજાં થાય છે. તેમની રમ્ય મૂર્તિ યાદ આવી જાય છે. ગુણાતીત દ્વિશતાબ્દીનું ખૂબ મોટું આયોજન છે. આપણાં અહોભાગ્ય છે કે આ સેવા મળી! આપણે સોના-રૂપાના બંગલામાં રહીને આવ્યા છીએ. પણ કોઈ વખત ભગવાન ને સંત નહોતા મળ્યા તે આ જન્મે મળ્યા. માટે આ જન્મે જ કાર્ય કરી લેવું. બધે આ વાત ગુંજતી કરજો.'

દ્વિશતાબ્દીની આ આહ્‌લેક જગાવી નિજનિવાસમાં પધારેલા સ્વામીશ્રી રાત્રે એક વાગ્યા બાદ ચેષ્ટાગાન કરવા બિરાજ્યા! તે પછી રાત્રે પોણા બે વાગ્યે નિદ્રાધીન થયા!!

'અમૃતના ઓડકાર હોય નહીં...' એમ સ્વામીશ્રી જે ઉચ્ચરતા તેમ તેઓ આચરતા પણ ખરા.[૯]

આપણા માથા પર સંસ્થા છે

તા. ૨૨/૧૦ની સવારે પ્રાતઃપૂજા બાદ પોતાના ઓરડે એક પ્રસંગના સંદર્ભમાં સંપની શીખ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'એક બાજુ અમને અંતર્યામી, સર્વકર્તા કહે અને એક બાજુ 'કોઈના કહેવાથી કહે છે' તેમ કહેવું એ બરાબર નહીં. માટે તેવી વાત સમજવી નહીં. જે કહ્યું તે અમે જ કહ્યું છે તેમ સમજવું. આમાં બીજો વિચાર આવી જાય તો એક ઉપવાસ કરી નાખવો.'

મોક્ષમાર્ગના પ્રવાસી માટે આ એક લાલ બત્તી ધરી આપી સ્વામીશ્રી ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવ અંગેની બેઠકમાં બિરાજ્યા.

તેમાં ઉપસ્થિત વડીલ સંતો, ભક્તો, કાર્યકરો ક્રમશઃ આગળ આવીને નિશ્ચિત જગ્યાએ ગોઠવેલા માઇક પરથી પોતાનાં મંતવ્યો રજૂ કરવા લાગ્યા. પરંતુ ત્યાં કંઠી-માળાનો એક થેલો એવી રીતે પડેલો કે આવતાં-જતાં દરેકને

---

૯. સ્વામીશ્રીની નિશ્રામાં સંપન્ન થયેલા 'બ્રહ્મસલિલ'ના ઉદ્‌ઘાટન અને ૧૯૮મા ગુણાતીત જન્મોત્સવની ઝાંખી મેળવવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

તે અડચણરૂપ બને. બે-ત્રણ વાર આમ થયું એટલે સ્વામીશ્રી પોતાના આસન પરથી ઊભા થયા અને તે થેલો લઈને બાજુમાં મૂકી દીધો. ત્યારબાદ પુનઃ પોતાના આસન પર બેસી ગયા. તેઓનો સ્વભાવ જ એવો કે 'દરેકની અડચણો દૂર કરવી.'

સ્વામીશ્રીનાં આ સ્વભાવ, સૂઝ અને સેવકભાવની ત્રિવેણીમાં આજે સૌ તરબતર થઈ ગયા ત્યાં જ સ્વામીશ્રીની અમૃતધારા વરસી પડી કે –

"આપણે તો 'લગ્ને લગ્ને કુંવારા'ની જેમ ઉત્સવ પર ઉત્સવ આવે, પણ કોઈને તેનો બોજ લાગ્યો નથી, કારણ કે જોગી મહારાજે બધામાં મહિમા ખૂબ રેડ્યો છે. મહારાજનો ઉત્સવ ઊજવાયો તેથી સવાયો ઉત્સવ કરવો. તે માટે સવાયો પ્રેમ જોઈએ. સવાઈ સેવા પણ જોઈશે. આવાં કાર્યો પાછળ બખડજંતર પણ બહુ ચાલે છે. પણ આપણામાં એકતા હશે તો દુનિયાની કોઈ તાકાત કાંઈ કરી શકશે નહીં. એક રુચિ, એક વિચાર રાખવો. એક જ સંસ્થા અને આપણે એક જ ગુરુના ચેલા છીએ. આપણા માથા ઉપર સંસ્થા છે. આપણે કોઈ સાધુ-સત્સંગીનું ખોટું બોલીએ તો આપણું જ ખોટું બોલીએ છીએ. તેમને ગાળ દઈએ તે આપણને જ લાગે છે, કારણ કે આપણે એક છીએ. હજારો, લાખો કાર્ય થાય પણ ભગવાન કર્તા છે, એમના પ્રતાપે થાય છે, એમ માનવું."

એકતાનો આ એકડો ઘૂંટાવતા સ્વામીશ્રીએ ઉત્સવચક્રને વધુ વેગવાન બનાવી દીધું.

હું તો ખાલી નિમિત્ત છું

તા. ૨૨/૧૦ની સવારથી જ અક્ષર મંદિરના આંગણે તૃતીય સંતશિબિર નિમિત્તે સંત-સંઘ આવવા લાગ્યા.

તેઓની ઉપસ્થિતિમાં આજની સાંજે દીપપ્રાગટ્ય કરી જ્ઞાનનો ઉજાસ ફેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'તમને બધાને દુઃખ થાય એવું કરવાનો મારો કોઈ આશય ખરો? તમને મારા હુકમની અંદર રાખવા એમાં મારું શું સારું થવાનું? મારે તો એક જ છે કે આપણે બધા મળીને શાસ્ત્રીજી મહારાજનું કાર્ય સારું થાય, સર્વોપરી થાય, સંપ્રદાયની પ્રણાલિકા અનુસાર આપણા સાધુતાના નિયમો પ્રમાણે અંદર-બહાર સારું થાય, સંગઠન વધે, એ આશય છે. બીજો કોઈ આશય નથી.'

આવા શુભ અને શુદ્ધ આશય સાથે આરંભાયેલી આ શિબિર દરમ્યાન સ્વામીશ્રીએ એવો પ્રેમ વરસાવ્યો કે આ જ્ઞાનસત્ર સ્નેહસત્ર પણ બની રહ્યું. તેને ચિરંજીવ કરવા સંમેલનના દ્વિતીય દિન તા. ૨૩/૧૦ની સવારે સૌ સંતો સાથે સ્વામીશ્રીની છબી અક્ષરદ્વારના આંગણે લેવામાં આવી. તે સમયે *'તારા વિષે શોભિત ચંદ્ર જેમ...'*ની રીતે બિરાજેલા સ્વામીશ્રી સૌનાં કાળજડે કોરાઈ ગયા.

ત્યારબાદ સંતો શિબિરના સત્રમાં પધાર્યા ત્યારે ડૉક્ટર સ્વામીએ સ્વામીશ્રીના સ્વાસ્થ્યની જાળવણી અંગે કેટલીક સૂચનાઓ આપી. પરંતુ તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'મારા શરીરની બધા ચિંતા રાખે છે, પણ મારા કરતાં મહંત સ્વામીનું શરીર પણ નબળું છે. તેમને પણ વૈદ્યની દવા ચાલુ જ હોય છે. તેમના પ્રોગ્રામ પણ તેમનું ધ્યાન રાખીને ગોઠવવા.'

આવી જ ખેવના તા. ૨૬/૧૦ના રોજ શિબિરની સમાપન વેળાએ પણ સ્વામીશ્રીના મુખેથી સરી પડી. આ ક્ષણે રોસ્ટ્રમ પાસે આવી ઊભાં ઊભાં તેઓએ વહાલપનાં વેણ વેર્યાં કે –

'જે કાંઈ તકલીફ પડી હોય તે માફ કરજો. તમને બધાને મારા માટે પ્રેમ તો છે જ, બધા મને યશ આપો છો પણ એ બધો યશ તમારો છે. તમારું સન્માન થાય તો મારી છાતી ગજગજ ફૂલે. હું તો ખાલી નિમિત્ત છું. સિંહને લઈને જંગલ અને જંગલને લઈને સિંહ. મોરને લઈને પીંછાં અને પીંછાંને લઈને મોર. એમ આપ બધા જો સાથે ન હો તો કાંઈ કાર્ય થઈ શકે નહીં.'

સ્વામીશ્રીના આ શબ્દોનો સ્વાદ સાકર પણ ફિક્કી સાબિત કરે તેવો રહ્યો, છતાં વહેંચવામાં કદી ન થાકનારા સ્વામીશ્રીએ આશીર્વાદ બાદ સૌ સંતોને અડદિયો તથા ગુલાબ – મીઠાશ અને મહેક આપ્યાં. એટલું જ નહીં, વિદાય વેળાએ સંતોને વળાવવા માટે તેઓ છેક વાહનો સુધી પધાર્યા. તે માટે સ્વામીશ્રીએ બપોરનો આરામ પણ ઠેલી દીધો.

તેઓની આ લાગણીથી લથબથ સંતો સ્વામીશ્રીથી છૂટા પડતાં ગાઈ ઊઠ્યાં: *'માતા પિતા સત્ય તમે અમારાં...'*

હું મૂંઝાઉં નહીં

તા. ૨૬/૧૦ની રાત્રે વાળુ વેળાએ ચાલી રહેલી વાતોમાં પોતાની સ્વાભાવિક પ્રકૃતિ જણાવતાં સ્વામીશ્રી બોલ્યા:

"મને દૂધ ભાવતું જ નહીં. છતાં પરાણે પિવરાવે તે અડધું જ પીઉં. એકાદશીએ જ ઉકાળો પીવાનો. બાપા(મોતીભાઈ) અને હું, બે જ પીતા. શાસ્ત્રીજી મહારાજ કહે, 'શરીર સારું જોઈએ.' તે તબિયત સારી થઈ. રાત-દિવસ ગમે તેટલા ઉજાગરા થાય પણ થાક ન લાગે. અમૃત મહોત્સવ અને ભાદરા સમૈયે ઘણો ભીડો, છતાં માથું દુખ્યું નથી! ઉજાગરા છતાં ખાધું પચી જાય. ઉત્સાહ પણ એટલો ને એટલો.

ગમે તેટલું કામ હોય પણ હું મૂંઝાઉં નહીં. ફટ્... ફટ્... કામ ઊકલી જાય. મહારાજ-સ્વામીની દયાથી ઉકેલ આવી જાય. અત્યારે શરીર ઢીલું પડ્યું. અત્યારે શરીરમાં થોડું કંઈ થાય તો ખબર પડી જાય, એટલો ફેર પડ્યો."

સ્વામીશ્રીના આ શબ્દપ્રવાહમાં તેઓની ક્ષમતા, સ્થિરતા, નિર્ભિકતા, કુશળતા, લગાતાર ભીડાથી ભીંસાતા રહેલા શરીરને પહોંચેલી હાલાકી વગેરે ઘણું ઘણું વહેતું રહ્યું.

કરી નિજ જનની જતન રે

આ અરસામાં 'ફીટ'ની બીમારીથી પીડાતા એક નાના અને નવા પાર્ષદને ડૉક્ટરોએ ઉપચારના ભાગરૂપે શ્રેપ્ટિન બિસ્કિટ ખાવાની સલાહ આપેલી. સ્વામીશ્રીની જાણમાં આ વિગત ખરી. તેથી અત્રે ગોંડલમાં તા. ૨૭/૧૦ના રોજ એ પાર્ષદને જોતાં જ તેઓએ પૂછ્યું: 'શ્રેપ્ટિન ખાય છે?'

'ના.'

'કેમ?'

'મોંઘા આવે છે. એક ડબ્બાના ત્રીસ રૂપિયા. તેથી ખર્ચ વધે.'

'ખરચની ચિંતા તું ન કર. પૈસા તારે આપવાના છે કે મારે? હું આજ્ઞા કરું છું, માટે તું ખાજે.' સ્વામીશ્રીએ કહ્યું.

આશ્રિતોની પ્રત્યેક ચિંતા પોતાના શિરે લેનારા સ્વામીશ્રીની મમતા સ્વજનના સ્નેહને ભુલાવી દે એવી હતી.

મારાથી જ છેકા મરાય

તા. ૨૯/૧૦ની સાંજે ગોંડલીમાં જળવિહાર કરવા પધારેલા સ્વામીશ્રીની બોટને આ વખતે યાંત્રિક કરામતથી સજ્જ કરી હોવાથી તેની ગતિ વિશેષ હતી. તેમાં વિહાર દરમ્યાન સ્વામીશ્રીએ બીજા આંટામાં મહંત

સ્વામી તથા બાલમુકુંદ સ્વામીને પણ નૌકામાં સાથે લીધા. આ સંતો તો નદીમાં ન્હાતા હતા, છતાં તેઓને ભીનાં ધોતિયે બોટમાં બેસાડી સ્વામીશ્રીએ છેક 'ચૅકડૅમ' સુધીનો ચકરાવો લગાવ્યો. તેમાં વચ્ચે ઠાકોરજીને સ્નાન પણ કરાવ્યું.

ત્યારબાદ તેઓ ઉતારે પધાર્યા ત્યારે અહીં બ્રહ્મપ્રકાશદાસ સ્વામીના નામનું એક પરબીડિયું આવીને પડેલું. તેમાં રહેલો પત્ર વાંચીને સ્વામીશ્રીએ ત્યારે ને ત્યારે જ પ્રત્યુત્તર પાઠવી દીધો, પણ તેમાં ખૂબીની વાત એ રહી કે પરબીડિયા પર પોતાનું જે નામ, સરનામું લખેલું તે પર સ્વામીશ્રીએ જાતે જ છેકા માર્યા અને એક ખૂણામાં ત્રૂટક-ત્રૂટક લીટી વડે ખાનું કરી તેમાં જ પત્ર મોકલનારા સંતનું નામ લખી જવાબ રવાના કરી દીધો.

થોડા સમય પછી આ સંત જ્યારે સ્વામીશ્રીને મળ્યા ત્યારે સ્વામીશ્રીએ મોકલેલું પરબીડિયું સ્વામીશ્રી સમક્ષ જ ધરતાં તેઓએ મર્મમાં કહ્યું: 'મેં આના પર કોનું નામ લખ્યું હતું તેની ખબર છે આપને? સાક્ષાત્ ભગવાનના ધારક સંતનું, પ્રગટ બ્રહ્મસ્વરૂપનું નામ લખ્યું હતું. તેના પર આપનાથી આવા છેકા મરાય?'

'મારાથી જ છેકા મરાય. તમારાથી કે બીજા કોઈથી થોડા મારી શકાય છે?' ખુમારીપૂર્વક હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા.

પરંતુ આ રમૂજી વાર્તાલાપમાંથી તેઓના સ્વરૂપનો ઉઘાડ ફૂટી નીકળ્યો.

જેમ પરબ્રહ્મ જેવું કોઈ ન થઈ શકે, તેમ અદ્વિતીય અક્ષરબ્રહ્મની મોટપ પણ કોઈ મિટાવી શકે તેમ નથી. 'તે અક્ષરબ્રહ્મ પોતે છે' એ મુદ્દો સ્વામીશ્રીએ આજે સમજાવી દીધો.

ગમ્મતની ગોળીમાં જ્ઞાનને ભરી આપવાની તેઓની કળા જેટલી મજેદાર હતી એટલી જ મોક્ષદાયી પણ ખરી.

એકને લઈને બધાની મોટપ

તા. ૩૦/૧૦ની સાંજે રાજકોટના માર્ગે ઊભેલી ભુવનેશ્વરી પીઠની વાડીને પાવન કરી પુનઃ ગોંડલ પરત ફરેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં, તા. ૪/૧૧ના રોજ દિવાળીનો ઉત્સવ ઉમંગભેર ઊજવાયો.

આ પ્રસંગે થયેલા શારદા પૂજન પછી સ્વામીશ્રીએ હરિભક્તોનાં ચોપડા અને પાનાંઓમાં લગભગ બે હજાર સહીઓ કરી! વર્ષનો પહેલો દિવસ હોય કે છેલ્લો, તેઓની ભીડાભક્તિ એકધારી રહેતી. તે મુજબ તા. ૫/૧૧થી

શરૂ થતી નૂતન વિક્રમ સંવત ૨૦૪૦ના રોજ પણ સ્વામીશ્રીએ બહોળા ભક્ત-સમુદાયને આશીર્વાદ પાઠવી કંઈકનાં દિલમાં દીવા પ્રગટાવી દીધા.

આ અરસામાં તેઓ દાક્તરી સલાહ અનુસાર ટેબલ-ખુરશી પર બેસી પત્રલેખન કરતા. તે અનુસાર પત્રવ્યવહાર અને મોડા આવેલા ભક્તોના ચોપડાઓમાં હસ્તાક્ષર કરી સ્વામીશ્રી તા. ૭/૧૧ના રોજ મોટા માંડવા જવા નીકળ્યા.

પરંતુ તે પૂર્વે ગોંડલમાં જ કરવાની ત્રણ પધરામણીઓ માટે તેઓએ છોટુભાઈ વકીલને પોતાની મોટરમાં ભેગા આવવાનું કહ્યું. ત્યારે તે હરિભક્તે જણાવ્યું : 'બાપા ! અમે બેસીએ તેથી આપને સાંકડ પડશે.'

'શાસ્ત્રીજી મહારાજના વખતથી સાંકડમાં જ રહ્યા છીએ એટલે વાંધો નહીં.' સ્વામીશ્રી સહજભાવે બોલ્યા.

તેઓના આ શબ્દોમાં છેલ્લા સાડા ચાર દાયકા દરમ્યાન તેઓએ વેઠેલી સંજોગોની ભીંસણનું સરવૈયું હતું. સાંકડમાં જ રહેવા છતાં સ્વામીશ્રી અન્યને મોકળાશ આપી શક્યા એ તેઓના વ્યક્તિત્વનું વિચારણીય પાસું !

તે સાથે ગોંડલથી નીકળતાં પૂર્વે પુરુષોત્તમદાસના ખબર-અંતર પૂછવા પહોંચેલા સ્વામીશ્રીને જોતાં જ આ હરિભક્તની આંખો અશ્રુભીની થઈ રહી. અક્ષર દેરીમાં વર્ષો સુધી મહાપૂજા કરવાની સેવા કરનારા તેઓ હવે શરીરથી પરાધીન બની ગયેલા.

પરંતુ આજે સ્વામીશ્રી અણતેડ્યા આવી જતાં આ સત્સંગી ગદ્‌ગદ થઈ પૂછી બેઠા : 'સ્વામી ! સત્સંગનો આ બધો વિકાસ જોઈ હું વિચારતો હતો કે શાસ્ત્રીજી મહારાજ મોટા કે યોગીજી મહારાજ મોટા કે આપ મોટા ?'

'એક મહારાજને લઈને બધાય મોટા.' સ્વામીશ્રી તરત જ બોલ્યા. પછી ઉમેર્યું : 'એકને લઈને બધાની મોટપ.'

મહારાજ છે, છે ને છે

ગોંડલથી સ્વામીશ્રી મોટા માંડવા પહોંચ્યા ત્યારે અહીં પ્રતિષ્ઠા નિમિત્તે નગરયાત્રાનાં વાજાં વાગી ચૂકેલાં. તેને અનુસરતાં જયજયકાર સાથે સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થઈ ગયા. ૧,૮૦૦ની જન-સંખ્યાના આ ગામમાં આજે કોઈના ઘેર ચૂલો ન પ્રગટ્યો. સૌ સમૂહમાં જ મંદિરનો મહાપ્રસાદ જમ્યા. સ્વામીશ્રી પણ અત્રે જ ભોજન, વિશ્રામ લઈ,

વડિયાને પાવન કરતાં પુનઃ ગોંડલ આવી ગયા. અહીં અક્ષર મંદિરે જતાં પહેલાં તેઓએ ગામમાં આવેલા જૂના સ્વામિનારાયણ મંદિરે દર્શન કર્યાં.

ત્યારબાદ તા. ૮/૧૧ના રોજ ગોંડલથી નીકળતાં પૂર્વે વિદાયના ભાથામાં મહારાજના મહિમાનો મેવો પીરસતાં સ્વામીશ્રીએ કહ્યું: 'બીજા કોઈને લઈને શ્રીજીમહારાજને ભગવાન કહેવાતા નથી. તેઓ તો સ્વયં ભગવાન છે. શાસ્ત્રીજી મહારાજે મહારાજની જરાય ગૌણતા આવવા ન દીધી. સ્વામીએ વાતમાં સંતને સર્વથી મોટા કહ્યા છે તેનો અર્થ સમજવો. પુરુષોત્તમ નારાયણને સંતે પોતાના હૃદયમાં પ્રેમભક્તિથી, દાસભક્તિથી ધાર્યા એટલે સંતને મોટા કહ્યા છે. મહારાજ છે, છે ને છે. ગુણાતીત સંત દ્વારા કલ્યાણ ચાલુ જ છે. આવી ઉપાસના સમજી ત્યાગી-ગૃહીએ પોતપોતાના ધર્મ પાળવા.'

આજ્ઞા-ઉપાસનાનો આ બોધ આપી નીકળેલા સ્વામીશ્રી ગઢપુર અને સારંગપુરને પાવન કરતાં તા. ૯/૧૧ની સવારે બોટાદની વડોદરિયા હૉસ્પિટલમાં પધાર્યા. અત્રે તેઓના વરદહસ્તે ઍમ્બ્યુલન્સની ભેટ અસ્પતાલને મળી. ત્યારબાદ કારિયાણી, રતનવાવ તથા પાટણાને લાભ આપતાં સ્વામીશ્રી સાંજે રોહીશાળા આવી પહોંચ્યા.

તમ વિના બની ન શકે, કોઈ બીજા થકી એહ કામ

રોહીશાળા મુકામે તા. ૯/૧૧ની રાત્રિસભામાં સ્વામીશ્રીએ વાત કરી કે 'કુસંપથી ઘરના ગોળાનું પાણી સુકાઈ જાય. ગમે તેટલા મોટા હોય પણ કુસંપ પેસે તો સર્વપ્રકારે નાશ થાય. સો વર્ષ પહેલાં કોઈ નહોતા અને સો વર્ષ પછી કોઈ નહીં હોય. છતાં તુચ્છ વસ્તુ માટે ક્લેશ થાય છે તે અજ્ઞાન. કોઈનું સારું કરવા પ્રયત્ન કરવો. કોઈને હેઠા પાડી ઊંચા અવાય નહીં. સૌના ભલામાં આપણું ભલું છે.'

સ્વામીશ્રીએ વહાવેલી આ અમૃતધારા તેઓ રોહીશાળામાં જે કાર્ય કરવા પધારેલા તેની પ્રસ્તાવના સમાન હતી.

આ ગામમાં શાળાના મુદ્દે બે જૂથ વચ્ચે વેરનાં વાવેતર થયેલાં. તેમાં નવેક મહિના પહેલાં એક જણનું લોહી રેડાતાં તો વેરની વિષવેલી હદ બહાર વકરેલી. પરંતુ આવેશ-આક્રોશની આગ અનેકને લપેટમાં લેતી હોવાથી, એક પત્નીની નજર સામે જ થયેલી તેના પતિની પેલી હિચકારી હત્યાએ આ ખુશહાલ ગામને ખુન્નસના ખપ્પરમાં હોમી દીધેલું.

જન્મથી એકમેક સાથે જોડાયેલાં દ્વિદળ કઠોળનાં એક વાર બે ફાડિયાં થઈ જાય પછી તે સંધાતાં નથી. તેવું જ કંઈક અહીં બનેલું. પેલા ખૂની બનાવ બાદ બે પક્ષે વહેંચાઈ ગયેલા આ ગામમાં, હથિયાર વિના ઘરની બહાર નીકળવું અઘરું થઈ પડે એ રીતે ભયના ઓળા પથરાઈ ગયેલા. હત્યારા સામે ભાવનગરની અદાલતમાં ખટલો તો મંડાયેલો, પણ ન્યાયાધીશ ચુકાદો આપે તે પહેલાં હિસાબ ચૂકતે કરવાના આશયથી કેટલાક પ્રતિપક્ષીઓનાં તલવાર-તમંચા હત્યારાનું લોહી પીવા તરસ્યાં બનેલાં. તેની સામે હુમલાખોરના તરફદારોએ પણ બાંયો ચડાવી બાવડાં ખુલ્લાં કરી દેતાં વાત વળ ખાઈ ગયેલી. દિવસે દિવસે કુસંપના કાદવમાં ગામ વધુ ને વધુ ખદબદવા માંડેલું.

પરસ્પર વધેલાં આ વૈમનસ્યને વિદારવાં તાલુકા, જિલ્લા અને રાજ્યના અગ્રણીઓએ ઝુકાવેલું, કારણ કે આ જઘન્ય કૃત્ય આચરાયા પૂર્વે ગામનાં સંપ-સમૃદ્ધિ દાખલો લેવાં જેવાં હતાં. પરંતુ આ સંવેદનશીલ મામલો પ્રતિશોધીઓ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની જતાં શાંતિ-સુલેહના સગડ મળવા મુશ્કેલ થઈ પડેલા.

તેની વચ્ચે કૉર્ટના કઠેડા પાછળ આગળ વધી રહેલી કાયદાકીય કાર્યવાહી અપરાધીના ગળાની આસપાસ જન્મટીપનો ગાળિયો ભીંસવા લાગેલી. ઘટેલી દુર્ઘટનાની પ્રત્યક્ષ સાક્ષી સમી દિવંગતની પત્ની દોષિતને આકરી સજાનો કોરડો ફટકારવામાં મહત્ત્વપૂર્ણ કડી બને એમ હતી.

તેના અનુસંધાનમાં જ મૃતકના એક દીકરાએ અમદાવાદમાં બિરાજતા સ્વામીશ્રી પાસે જઈ કહેલું: 'બાપા! આશીર્વાદ આપો કે કૉરટમાં ચાલતો કેસ જીતી જવાય. અમારા કુટુંબના બે માણસો તો ખૂનીને હણી નાંખવા રાત-દા'ડો ફરે છે.'

ધ્રૂજતા હોઠ અને હાથ સાથે આટલું કહી એ નવજુવાન ચૂપ થયો ત્યારે સ્વામીશ્રીએ તેને જણાવેલું: 'જો, ભ'ઈ! તારા બાપાનું મૃત્યુ થયું છે, પણ એ તો ભગવાનના ધામમાં અમારી પાસે બેઠા છે. એને તો ભગવાનનું અખંડ સુખ છે... ભગવાનની ઇચ્છા પ્રમાણે દેહનું આયુષ્ય હોય. પેલાને મારવાથી તારા બાપા કાંઈ પાછા બેઠા થવાના છે?... વેરથી વેર નહીં શમે. એમાં તો વધુ ભડકશે ને બીજા કેટલાય હોમાઈ જશે. તમારું આખું ગામ ખલાસ થઈ જશે...'

સાંત્વન અને શાણપણના કિનારા વચ્ચેથી સ્વામીશ્રીનો આ શબ્દપ્રવાહ વહી છૂટેલો. છેલ્લે તેઓ બોલેલા: 'આપણે કોઈની સામે કાંઈ કરવું નથી. એને માફ કરી દો અને ભગવાનનું ભજન કરો...'

પરંતુ ચડતું લોહી ધરાવતા પેલા યુવાન માટે સ્વામીશ્રીની આ વાત પચાવવી અઘરી હતી. તેથી તેણે દલીલો તો ચલાવેલી, પણ છેવટે તેઓ ગુરુનું વચન શિરોધાર્ય કરવા બાબતે સંમત થયેલા. છતાં એ યુવકે દહેશત વ્યક્ત કરેલી કે 'સ્વામી! કદાચ મારી બા આ નહીં માને તો? તેણે તો નજર સામે મારા બાપુજીને રહેંસી નંખાયા એ જોયું છે.'

'તું તારી બાને સમજાવજે. સ્વામીની ઇચ્છા નથી એમ કે'જે.' સ્વામીશ્રીએ આ દિશા ચીંધેલી.

તેને અનુસરતાં પેલી બાઈએ દીકરાને કહી દીધેલું: 'સ્વામીબાપાની સલાહ પ્રમાણે આપણે રહીએ તો જ સુખી થવાશે. માટે એ રીતે જ કરવું જોઈએ.'

એક વિધવા નારીમાં સ્વામીશ્રીએ સિંચેલા સદ્‌ગુણોની આ કક્ષા કોઈને પણ હેરત પમાડે તેવી છે. અનુયાયીઓને ઉશ્કેરી, બહેકાવી સમાજની શાંતિને જોખમમાં મૂકી દેવામાં ધર્મગુરુની મહત્તા નથી. ધર્માચાર્યની મહાનતા તો વસે છે – ઠારવા-વારવામાં અને સંસારને શાંત-સ્થિર રાખવામાં.

સ્વામીશ્રીનાં આવાં ઉચ્ચ આદર્શ અને આચરણને વરેલાં પેલાં સત્સંગી મહિલાએ અજોડ ઉદારતા દાખવી આખી આલમને અચરજમાં મૂકી દીધેલી. રંજાડનારાને પણ માફ કરવાની વાતનું કુળ સત્‌-યુગનું; તે કળિયુગમાં ક્યાંથી દેખાય? પરંતુ તે વિગતને આજે સ્વામીશ્રીએ સૌની નજર સામે રમતી કરી દીધેલી.

જો કે તે ઘણાને હજમ થવી અઘરી પડી. એટલે જ ગુનાના પ્રત્યક્ષ સાક્ષી સમી બાઈ શાંત થઈ ગઈ તોયે કલહના કડાયામાં ઓરાયેલા બે પક્ષોમાંથી કેટલાકની ગરમી ઘટી નહીં. તેમાંના અમુક બદલો લેવા સમજાવવા માંડ્યા, તો કેટલાકે વેરની વસૂલાત કરવામાં પોતાની તાકાતને ઊણી ન આંકવાની વાત કહીને પણ પાનો ચડાવી જોયો. પરંતુ સત્સંગી બાઈના અંતરમાં દૃઢપણે વળી ગયેલી ક્ષમાની ગાંઠ ન છૂટી તે ન જ છૂટી.

આ રીતે જેનો કોઈ જ અંત દેખાતો નહોતો એવા આ મામલા પર આવેલું પૂર્ણવિરામ સમગ્ર સમાજ માટે એક ધરખમ બીના બની રહેલી. તેથી સૌ *'તમ વિના બની ન શકે, કોઈ બીજા થકી એહ કામ...'* નું ગાણું ગાઈ સ્વામીશ્રીને વધાવી રહેલા. છતાં વટની વાટે ચડી ગયેલી વાતના તણખા સાવ જ બુઝાઈ જાય તે માટે ગામના કેટલાક ડાહ્યા મનુષ્યોએ સ્વામીશ્રી સમક્ષ હાથ જોડેલા.

તેઓની આ વિનંતી સ્વીકારી ઝેરના ઝાડને સમૂળું ઉખાડી નાંખવા સ્વામીશ્રી રોહીશાળા આવી પહોંચેલા.

મનધાર્યું મૂકવામાં કરોડગણી પ્રાપ્તિ

સ્વામીશ્રીને મન અધ્યાત્મ એટલે માત્ર માળા-મૌન કે મઠ-મંદિર, પર્વત-પર્ણકુટી કે પ્રવચન-પારાયણનો વિષય નહોતો. કોઈ પણ ઉપદ્રવથી રિબાતા માનવીને પોતાની ખાંભી ન ખોડાય ત્યાં સુધી ખભો દેતા જવું, એ અધ્યાત્મના પરિઘમાં જ આવતી બાબત છે. આ સત્ય સ્વામીશ્રીએ જેટલું અજવાળ્યું તેટલું ભાગ્યે જ કોઈએ પ્રકાશ્યું હશે! તેથી ગામને પીસતી એક મડાગાંઠને ઉકેલવા તેઓએ લાભ પાંચમના દિવસે રોહીશાળામાં મુકામ ઠરાવેલો. આ સમયે સ્થાનિક ધારાસભ્ય, નામાંકિત વકીલો સહિત ઘણા પ્રતિષ્ઠિતો પણ હાજર હતા.

એક બાજુ સ્વામીશ્રી કથા-વાર્તા કરતા ગયા અને બીજી બાજુ પક્ષ-પ્રતિપક્ષ સાથે બેઠકો યોજતા ગયા. સત્ય-તથ્યથી ભરેલી તેઓની વાતો સહિત શુદ્ધ-પ્રબુદ્ધ વિચારો અને નિષ્પક્ષ-નિઃસ્વાર્થ વ્યવહારની બંને પક્ષો પર ઘેરી અસર થઈ. તેથી બેય પક્ષના મોભીઓની આંખોમાંથી વહેલા અશ્રુપ્રવાહમાં ઘર કરી ગયેલી ગ્રંથિઓ ઓગળી. દાઝ-દ્વેષ તણાયાં. સ્વામીશ્રીનાં સૂચિત સમાધાનો સર્વાનુમતે સ્વીકારાયાં. આ સંવાદિતા કાયમ જળવાઈ રહે તે માટે સ્વામીશ્રીએ અસરગ્રસ્ત બંને પક્ષોમાંથી કેટલાકને અમદાવાદ, તો કેટલાકને સુરત, તો અમુકને બોટાદ મુકામે વસવાટ કરવાની ભલામણ કરી, જેથી ભવિષ્યમાંયે કોઈ વિવાદ વકરે નહીં. તેઓની આ સલાહ પણ સૌએ શિરોધાર્ય કરી.

આમ, સ્વામીશ્રીની સિદ્ધિ કહો કે ક્ષમતા એ વ્યક્તિગતની જેમ સામૂહિક પરિવર્તન લાવવામાં હતી.

તે દ્વારા આજે અહીં આંટીને સ્થાને એખલાસનું વાતાવરણ સ્થપાયેલું જોઈ આ ઘટનાના સાક્ષી બનેલા વકીલ શ્રી જયરાજભાઈ તો બોલી ઊઠ્યા: ‘પૂજ્ય સ્વામીશ્રી આમાં ન ભળ્યા હોત તો આ મામલાનો સુપ્રીમ કૉર્ટ સુધીયે અંત ન આવત અને ઘણી ખરાબી થઈ જાત. પૂજ્ય સ્વામીશ્રીએ થોડી જ વારમાં ન્યાય કરી દીધો. કૉર્ટમાં ચુકાદા અપાય છે, પણ ન્યાય મળતો નથી. કૉર્ટો બંધ કરી આવા સંતને જ ન્યાયનું કામ સોંપવું જોઈએ.’

તે જ કાર્ય જાણે હાથ પર ધરતાં હોય તેમ સ્વામીશ્રીએ સમાધાનની

બેઠકો બાદ તા. ૧૦/૧૧ની સવારે યોજાયેલી સભામાં હિતોપદેશ આપ્યો કે –

'જે થઈ ગયું તે થઈ ગયું. બધું ભૂલી જવું. જૂનું સંભાર્યા કરીએ તો અંત ન આવે. આમાં ઘણાને મનધાર્યું મૂકવાનું થયું છે. ઘણાને ભોગ આપવો પડ્યો છે. અમારું વચન બધાએ કબૂલ્યું છે તે નિષ્ઠાની કસોટીમાં પાસ થયા છે. ગામના ભલા માટે પોતાનો સ્વાર્થ મૂક્યો છે. વ્યક્તિગત વિચારથી શાંતિ ન થાય. આપણે મનધાર્યું મૂકીને કંઈ ગુમાવતા નથી પણ કરોડગણું પામીએ છીએ. આમાં કરોડગણી શાંતિ આવશે. મન નોખું કરનાર ઘણા મળશે પણ સાથે બેસાડનાર નહીં મળે.'

મૃતઃપ્રાય સંબંધોને સજીવન કરી આપનારી સ્વામીશ્રીની આ અમૃત-ધારાથી રોહીશાળામાં શાંતિનું વાતાવરણ જામી ગયું. તેની વચ્ચે મંગલતાનો માંડવો ખોડાઈ ગયો. તેના આંગણે સૌહાર્દના સાથિયા પુરાઈ રહ્યા. બંને પક્ષ દ્વારા મંદિરે રસોઈઓ અપાઈ. દરેકને રાજીપાના ગોળ-ધાણા વહેંચાયા. સ્વામીશ્રીએ સૌને સાથે બેસી જમાડ્યા. આ ગામ ખરેખર, તેઓનું સદાયનું ઋણી બની રહ્યું.

વરસતો વરસાદ એક-બે ઘર નહીં, પણ ગામોગામને લીલાંછમ કરી મૂકે. સ્વામીશ્રી એ રીતે જ વરસતા-વિચરતા.

સવારથી ઊઠી આ જ વિચાર

રોહીશાળાથી વિદાય થયેલા સ્વામીશ્રી માર્ગમાં બરવાળા અને ધંધુકાને લાભ આપતાં તા. ૧૦/૧૧ની રાત્રે અમદાવાદ આવી પહોંચ્યા ત્યારે અત્રે તેઓના આગમન સાથે નૂતન નિવાસસ્થાનનું વિધિવત્ ઉદ્‌ઘાટન થઈ ગયું.

તેની સાથે અહીંના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ ગુણાતીત દ્વિશતાબ્દીની આહ્‌લેક લગાવતાં કહ્યું : 'હવે બે જ વર્ષ બાકી છે. અમદાવાદમાં તે ઊજવાશે. અમદાવાદ ભાગ્યશાળી છે કે શ્રીજીમહારાજનો ઉત્સવ થયો ને હવે તેમના ભક્ત ગુણાતીતાનંદ સ્વામીનો ઉત્સવ થશે. મહારાજની અમદાવાદ ઉપર દૃષ્ટિ છે. પહેલું મંદિર તેમણે અહીં કર્યું. બાપ કરતાં બેટા સવાયા. મહારાજને રાજી કર્યા, હવે ગુણાતીતાનંદ સ્વામીને સવાયા રાજી કરવા. સવારથી ઊઠી આ જ વિચાર કરવો. આજે લોકો ક્રિકેટરને જોવા જાય છે, તેમાં મોટાં ભાગ્ય માને છે. પણ આપણને આ અવસર મળ્યો છે તે ભાગ્ય માનવાં. રણશિંગું વાગે તો શૂરવીર હોય તે તૈયાર થઈ જાય.'

સ્વામીશ્રીએ ફૂંકેલું આ ઉત્સવનું રણશિંગું સાંભળીને સૌ ભક્તો સેવા નોંધાવવામાં અપૂર્વ ઉત્સાહ દાખવવા લાગ્યા.

તે ક્રમમાં તા. ૧૩/૧૧ની ચિક્કાર સભામાં ઉદ્‌ઘોષકે જાહેરાત કરી કે 'દ્વિશતાબ્દી માટે સ્વામીબાપાને સુવર્ણની સેવા અર્પવાની છે તે નામો...'

હજી તો જ્યાં આટલું બોલાયું ત્યાં જ સ્વામીશ્રીએ સુધારો સૂચવ્યો કે 'સાધુને સોનું અર્પણ કરવામાં તો બંધન થાય. માટે શ્રીજીમહારાજ ને ગુણાતીતને અર્પવાનું છે તેમ બોલો.'

આ સુધારા દ્વારા સ્વામીશ્રીનાં ધર્મ-ભક્તિ પણ સુવર્ણની જેમ ચમકી ઊઠ્યાં.

માને અલ્પને મેરુ સમાન

સ્વામીશ્રીની સાધુતાની ચમકથી તા. ૧૫/૧૧ના રોજ ગાંધીનગર-સ્થિત મુખ્યમંત્રીનો બંગલો પણ ઝગમગી ઊઠ્યો. અત્રે શ્રી માધવસિંહ સોલંકીનો યથોચિત સત્કાર ઝીલનારા સ્વામીશ્રી 'અક્ષરધામ'નું નિર્માણકાર્ય નિહાળી પુનઃ અમદાવાદ આવી પહોંચ્યા ત્યારે અહીં તા. ૧૬/૧૧ના રોજ દેવપ્રબોધિની એકાદશીનો તખ્તો ગોઠવાઈ ગયો. આ સમયે સ્વામીશ્રીને સખત શરદી થયેલી. કફ પણ પાકી ગયેલો. ગળું તો સાવ બેસી ગયેલું. છતાં તેઓએ ભક્તોને આશીર્વચન પાઠવ્યાં. શાકની હાટડીએ પધારી આરતીયે ઉતારી.

આ દિવસે હ્યુસ્ટનથી લાભ લેવા આવેલા બે યુવાનો સુરેશ પટેલ અને કિરણ પટેલને સ્વામીશ્રીએ દૂરથી જોઈ લીધેલા, પણ તેઓ આ યુવકોને વ્યક્તિગત મળી શક્યા નહોતા. તેથી સવારની મુલાકાતો બાદ સ્વામીશ્રીએ 'આ લોકો છેક અમેરિકાથી આવ્યા છે ને તેને મળવાનું જ રહી જાય છે' એમ કહેતાં એ બંને યુવાનોને પોતાના ઓરડામાં બોલાવ્યા અને શાંતિથી મળ્યા.

તેઓની આ મમતાથી અભિભૂત થઈ ગયેલા એ યુવાનોએ કેટલીક વસ્તુઓ સ્વામીશ્રીને ધરી. સ્વામીશ્રીએ તે ઠાકોરજીને ધરવા જણાવ્યું. આ સમયે બેગના ખૂણે ભરાઈ રહેલી પ્લાસ્ટિકની એક નાની ચમચી પણ કિરણભાઈના નાના દીકરાએ કાઢી સ્વામીશ્રીને આપી. તેની આ ભેટ-ભાવનાથી રાજી થયેલા સ્વામીશ્રીએ સંતોને કહ્યું : 'મસાલા કાઢવા આ ચમચી વાપરજો.'

બાળક નાનો હતો, તેની વસ્તુ સામાન્ય હતી, પણ સ્વામીશ્રીનો વર્તાવ કેવો અસામાન્ય !

જેતલપુરના ગંગામાએ આપેલો હાથ પનાનો દોઢ હાથ લાંબો કકડો શ્રીજીમહારાજે છ મહિના સુધી વાપર્યો હતો. આવું જ કંઈક આજે પણ બની ગયું. તે એના એ જ મહારાજ અને એના એ જ પ્રેમનું દર્શન કરાવી રહ્યું.

હું બ્રહ્મ, અક્ષર છું...

તા. ૧૬/૧૧ની બપોરે સ્વામીશ્રીએ પત્ર-પરિચારક પાસે અગિયાર દિવસ પૂર્વે આવેલો એક કાગળ માગ્યો. આ પત્રમાં લખાયેલી અંગ્રેજી કવિતાના અંતે જિજ્ઞાસા રજૂ થયેલી કે 'બાપા ! આપ જ કહો કે આપ કોણ છો ?' આમ પૂછી સ્વામીશ્રીને લખવા સારુ 'I AM' બાદ ખાલી જગ્યા પણ કાગળમાં છોડેલી.

આજે તે પત્રને મંગાવવાની સાથે સ્વામીશ્રીએ પત્ર મોકલનારા તિલક ભગતને પણ બોલાવ્યા અને પ્રત્યુત્તર પાઠવતાં લખી આપ્યું :

"I AM BRAHMA,
AKSHAR
SHRIJI MAHARAJS
DAS

(હું બ્રહ્મ, અક્ષર છું. શ્રીજીમહારાજનો દાસ છું.)

સ્વામીશ્રીએ આપેલી આ સ્વ-ઓળખમાંથી 'अक्षरमहं पुरुषोत्तम-दासोऽस्मि...'નું ગાન ગુંજી ઊઠ્યું.

આ બ્રહ્મનાદ ગજવી અમદાવાદથી વસો પહોંચેલા સ્વામીશ્રીનો નિવાસ અહીં ૧૭૫ વર્ષ પુરાણી દરબાર સાહેબની હવેલીમાં હતો. અત્રે તા. ૧૭/૧૧ની સવારે તેઓ ચોખંડી ઓસરીમાં ભ્રમણ કરવા પધાર્યા ત્યારે તે ઓસરીની વચ્ચે આવેલા ચોકમાં બેસી પાર્ષદો દર્શન કરતાં-કરતાં કીર્તનો ગાવા લાગ્યા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'પાર્ષદોની પ્રદક્ષિણા થાય છે. ભલે વચ્ચે બેસે.'

પોતાની મહિમાદૃષ્ટિથી તેઓએ કસરતના કર્મને પણ ભક્તિરૂપ બનાવી દીધું ! સ્વામીશ્રી કશું અમથું ન કરતા. પોતાના ઉમદા અને ઉન્નત વિચારોથી તેઓ દરેક ક્રિયાને ઊંચાઈ આપી દેતા.

વસોમાં ઠાકોરજીનો વાસ

તા. ૧૭/૧૧ના રોજ પ્રાતઃપૂજાથી પરવારીને સ્વામીશ્રી વસો કેળવણી મંડળના સંકુલમાં તૈયાર કરાયેલા 'નારાયણ નગર'માં પધાર્યા. મંદિર-પ્રતિષ્ઠા નિમિત્તે અત્રે ઊભી થયેલી યજ્ઞશાળામાં તેઓએ મૂર્તિઓ, સુવર્ણકળશ, ધ્વજદંડ, રજતના શિરછત્ર વગેરેનું પૂજન કર્યું. તેની સાથે પલાણાના મંદિરમાં બિરાજનારી ચિત્રપ્રતિમાઓને પણ ચાંદલા કરી, સ્વામીશ્રીએ યજ્ઞમાં બેઠેલા બસો યજમાનો પાસે જઈ જઈને તેઓનાં મસ્તકે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. અંતે આ ગામના ગુણો સંભારતાં તેઓએ જણાવ્યું :

''વસો ગામ ઉપર શ્રીજીમહારાજની દૃષ્ટિ છે. શાસ્ત્રીજી મહારાજને આ ગામ સાથે ખૂબ સંબંધ. હું નાનો હતો ત્યારે શાસ્ત્રીજી મહારાજ સાથે આવેલો. યોગીજી મહારાજ આ ગામમાં પધારતા. લુહારવાડામાં રમણભાઈની દુકાનમાં નાનું મંદિર થયું. રતિલાલ માસ્તર રિટાયર્ડ થઈ સત્સંગ કરાવે છે. ભક્તિબાની ખૂબ ઇચ્છા કે 'મહેન્દ્રભાઈને સત્સંગ થાય.' યોગીજી મહારાજ કહેતા : 'વસોમાંથી અમને બકુભાઈ અને મહેન્દ્રભાઈ એ બે હીરા મળ્યા !'

અત્રે યજ્ઞવિધિ થાય છે. આ વિધિમાં ભલે કંઈ સમજીએ નહીં, પણ આ મંત્રોચ્ચાર મહાપાપનો નાશ કરે છે ! માટે તેમાં શ્રદ્ધા રાખવી. લોકોનાં મગજ સ્થિર રહે તેવી પ્રાર્થના.''

ગામને ઉપયોગી આ આશીર્વાદ આપી સ્વામીશ્રી મુસ્લિમ બિરાદરોની ઇચ્છાથી જુમ્મા મસ્જિદમાં પધાર્યા. અત્રે આ ધર્મસ્થાનને ધજા-પતાકા, રંગબેરંગી રોશની અને સ્વાગત-સૂત્રોથી સજાવવામાં આવ્યું હતું. તેમાં ઉપસ્થિત લગભગ દોઢસો બંદાઓએ સ્વામીશ્રીની દુઆ મેળવી.

ત્યારબાદ તા. ૧૮/૧૧ના રોજ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા વસોના નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠા પણ દબદબાભેર સંપન્ન થઈ. આ ઐતિહાસિક અવસરની સ્મૃતિમાં મંદિર આગળના રસ્તાનું નામ 'ભગવાન સ્વામિનારાયણ માર્ગ' રાખવામાં આવ્યું. આ નિમિત્તે બાર હજારની વસ્તીના આ ગામને સાગમટે જમવાનું નોતરું હતું. તેમાં મુસ્લિમોએ પણ મંદિરના મહાપ્રસાદનો ઓડકાર ખાધો. આવા ગામધુમાડા બંધનો ઇતિહાસ આ ગામમાં ૧૭૫ વર્ષ પછી પુનરાવર્તિત થયો.

આમ, વસોમાં ધામધૂમપૂર્વક ઠાકોરજીનો વાસ કરાવી સ્વામીશ્રી

ડભાણને પાવન કરતાં બોચાસણ પધાર્યા.

નિજજનના છો પ્રતિપાળ

બોચાસણમાં તા. ૨૦/૧૧ના રોજ ઉમંગભેર ઊજવાયેલા કાર્તિકી પૂર્ણિમાના ઉત્સવે લગભગ દસ હજારની ભક્તમેદની સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદથી કૃતાર્થ થઈ.

આ સમૈયા બાદ તા. ૨૨/૧૧ના રોજ સ્વામીશ્રી બોરસદ જવા તૈયાર થયા. ત્યાં સારવાર અર્થે આવેલા રવિશંકર મહારાજ બે દિવસથી સ્વામીશ્રીને સંભારી રહેલા.

પરંતુ તેઓને મળવા જતાં પહેલાં સ્વામીશ્રીએ ગામ બહારના એક ખેતર તરફ મોટર હંકારવાની સૂચના આપી. તે સાંભળી સૌનાં મન ચકરાવે ચડી ગયાં. 'ત્યાં કોણ હશે?... અત્યારે શા માટે?... ત્યાં વ્યવસ્થા કેવી હશે?...' વગેરે વિચારોમાં સૌ અટવાતા હતા એટલામાં તો પૂનમભાઈનું ખોરડું આવી ગયું.

અહીં ગાડીમાંથી ઊતરતાં જ સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'આ આપણા મંદિરના જૂના ખેડૂત. તેઓએ ઘણી સેવા કરેલી છે.' આમ બોલતાં તેઓ એ બીમાર ખેડુના ખાટલા પાસે પહોંચી ગયા. ત્યાં જ બેસી ગયા અને એ ધરતીપુત્રના માથે પ્રેમથી હાથ ફેરવી આશીર્વાદ આપ્યા. તેઓને નવી કંઠી ધારણ કરાવી તથા ચાંદલો કરી પોતાની સાથે લીધેલો હાર પણ પહેરાવ્યો. સ્વામીશ્રીનો આ પ્રેમ પામી પૂનમભાઈની આંખો ઊભરાઈ આવી.

રવિશંકર મહારાજ જેવા મોટા ગજાના માનવીને મળવા નીકળેલા સ્વામીશ્રીની નજરમાંથી ખેતરના ખોરડામાં ખાટલે સૂતેલા ખેડૂતની પણ બાદબાકી થતી નહોતી. તેઓનાં આ સ્નેહ અને સમતા સૌને ભીંજવી ગયાં.

પારસમણિથી અધિક

બોરસદમાં રવિશંકર મહારાજને મળી સ્વામીશ્રી ધર્મજ થઈને પલાણા પધાર્યા ત્યારે અહીં ભજનચોક આગળ સુંદર મંદિર-સંકુલ તૈયાર થઈ ગયેલું. તેમાં તા. ૨૪/૧૧ના રોજ સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજતાં જ ભજનચોકનું નામાભિધાન 'અક્ષરચોક' થયું.

ત્યારબાદ પલાણાથી દાવડા પહોંચેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા

અહીં પણ તા. ૨૫/૧૧ની સવારે પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો.

આ ગામના ભક્તોએ ભક્તિનાં જળ સીંચીને ખીલવી દીધેલા આ કલાત્મક મંદિરના ઉદ્‌ઘાટન નિમિત્તે દાવડા, દંતાલી અને બામણોલી એ ત્રણેય ગામોના માનવપ્રવાહનો ત્રિવેણી સંગમ અહીં સર્જાયેલો. તેના તટે બેસી આઠેક હજાર ભાવિકોએ મહાપ્રસાદ લીધો એ દૃશ્ય એવું હૃદયંગમ સર્જાયું કે એક અઠંગ વ્યસની નરસિંહભાઈ સ્વામીશ્રી પાસે ખેંચાઈ આવ્યા! તેઓએ સ્વામીશ્રીનાં દર્શનમાત્રે પોતાની દારૂની લતને લાત મારી અને માતબર રકમની સેવા પણ કરી.

પારસમણિ તો લોઢાને અડે ત્યારે લોઢું કંચન થાય, જ્યારે સ્વામીશ્રીનાં તો કેવળ દર્શનથી આવાં આમૂલ પરિવર્તનો થઈ જતાં. પાંચ દિવસ પૂર્વે સ્વામીશ્રીના યોગમાં આવેલા જંબુસર તાલુકાના રાજુભાઈ પણ તેના જ એક સાક્ષી બની રહ્યા.

કાર્તિકી પૂર્ણિમાના એ દિવસે એકઠી થયેલી જંગી મેદનીમાં ઊભેલા આ ત્રાહિત જનનું જીવન દારૂની મહેફિલ, માંસાહારની જ્યાફત અને સિગારેટોની ફૂંકોના ત્રિભેટે અટવાતું હતું. પરંતુ બોચાસણના એ સમૈયામાં આશરે બસો ફૂટ દૂરથી સ્વામીશ્રીનાં દર્શન થતાં આ વ્યસનીનું જીવન પલટો મારી ગયેલું! મંદિરમાં પગ નહીં મૂકવાની ગાંઠ વાળીને આવેલા એ મુરબ્બી, કંઠીબદ્ધ સત્સંગી બનીને ઘેર ગયેલા !!

આમ, પારસમણિથી અધિક પુરવાર થતા સ્વામીશ્રીના વરદહસ્તે આજે દાવડા ગામની ભાગોળે આવેલા રામજી મંદિરમાં પણ રામ-લક્ષ્મણ-જાનકીની મૂર્તિઓ પ્રતિષ્ઠિત થઈ.

તમે સંતની કરો છો સા'ય રે

દાવડાથી વિદ્યાનગર પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૨૫/૧૧ની સાંજે શ્રી નટુભાઈ પટેલના ઘેર પત્રલેખન કરી રહેલા ત્યારે સંતોએ તેઓને સમાચાર આપ્યા કે 'બોચાસણમાં રહેતા હરિસેવાદાસ સ્વામીને હૉસ્પિટલમાં દાખલ કર્યા છે. મહંત સ્વામી તેઓની ખબર કાઢવા ગયા છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ એકદમ આકળા થઈ કહ્યું: 'મને કેમ અત્યાર સુધી જણાવ્યું નહીં?'

'બાપા! આપને બીજા પ્રોગ્રામ હોય એટલે...'

'બીજા પ્રોગ્રામ કેન્સલ કરીને પહેલું આ...' સ્વામીશ્રી બોલ્યા અને માથે પાઘ મૂકી તેઓ આણંદ જવા નીકળી ગયા.

જ્યારે સ્વામીશ્રી હૉસ્પિટલે પહોંચ્યા ત્યારે પેલા સંત તો બેભાન અવસ્થામાં હતા. છતાં સ્વામીશ્રીએ તેઓના મુખમાં ઠાકોરજીના પ્રાસાદિક જળની બે-ત્રણ ચમચીઓ પધરાવી. મસ્તકે હાથ મૂકી ધૂન કરી. તે વખતે એક જૂના સંતની સેવાનું ઋણ ચૂકવ્યાનો સંતોષ સ્વામીશ્રીના મુખ પર ઝળકી રહ્યો.

તે સાથે વિદાય થયેલા સ્વામીશ્રી ઉતારે પધાર્યાના ગણતરીના કલાકોમાં જ પેલા બીમાર સંત દેહ છોડી અક્ષરવાસી થયા. તે વખતે સૌને સ્વામીશ્રીએ કરેલી ઉતાવળનું રહસ્ય સમજાયું.

નહીં મારું-તારું લવલેશ

તા. ૨૬/૧૧થી વિદ્યાનગરના શાસ્ત્રી મેદાનમાં શરૂ થયેલા ભાગવતના ભવ્ય પારાયણમાં વિદ્યાનગરના શૈક્ષણિક, ઔદ્યોગિક, સામાજિક જગતના અનેક મહાનુભાવો તથા નાગરિકો તેમ જ વિદ્યાર્થીઓથી સભામંડપ ખીચોખીચ ભરાયેલો રહેતો. સ્વામીશ્રી પણ પારાયણનાં સવાર તથા સાંજનાં સત્રમાં પધારી આશીર્વાદની અમૃતધારા વહાવતા.

તેનું આચમન કરવા તા. ૩૦/૧૧ના રોજ આવેલા સામાજિક આગેવાન શ્રી શંકરભાઈ વાઘેલાએ આ વર્ષે ખેંચાયેલા વરસાદના સંદર્ભમાં કહ્યું : 'બાપા ! દ્વિશતાબ્દીનાં બે વર્ષ બરાબર બટાટા પાકે તેમ કરો.'

'બે વરસ શું કામ ? અમે તો કાયમ સારા પાકે તેવી પ્રાર્થના મહારાજને કરીએ છીએ.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા. તેઓનો આ ઉદ્‌ગાર સૌને સંતહૃદયની વિશાળતાનો પરિચય કરાવી ગયો.

અમે ભગવાન ભજ્યા એ વિશેષતા

તા. ૩૦/૧૧ની રાત્રે ઉતારે બિરાજેલા સ્વામીશ્રીની આસપાસ સંતો-ભક્તોની મંડળી એકત્રિત થઈ ગયેલી. તેઓ સાથે ચાલી રહેલા આત્મીય વાર્તાલાપમાં સત્યવ્રત ભગતે પૂછ્યું : 'સ્વામી ! આપની વિશેષતા શું ?'

'અમે ભગવાન ભજ્યા એ વિશેષતા, બીજું શું ?' સ્વામીશ્રી બોલ્યા.

કોઈને પણ આશ્ચર્ય ઉપજાવે તેવી આ વાત છે. જેઓ દ્વારા નિર્માણ પામેલાં મંદિરો, જેઓ દ્વારા દીક્ષિત સંતો, જેઓ દ્વારા ઊજવાયેલા ઉત્સવો,

જેઓ દ્વારા થયેલી સમાજસેવાઓ, જેઓના હરિભક્તો, જેઓનું વિચરણ, જેઓનાં વક્તવ્ય, જેઓનો પ્રભાવ વગેરે એક-એક, દંતકથાઓના વિષય બની ગ્રંથોના ગ્રંથો આરક્ષિત કરે તેટલી વિશેષતાઓથી સભર હોય, તેના સર્જક, પ્રેરક, ધારક તરીકે સ્વામીશ્રીની વિશેષતાઓની યાદી તો કેટલી લાંબી થાય!

પરંતુ સ્વામીશ્રીએ તો માત્ર ત્રણ જ શબ્દોમાં સમેટી લીધું: 'અમે ભગવાન ભજ્યા...' બસ! આટલું જ. તેઓ સ્વ-પ્રવૃત્તિથી કેટલા અળગા અને સ્વ-ગુણોથી પણ કેટલા અલિપ્ત રહેલા તેનો પુરાવો છે આ ઉત્તર.

નીરખ્યો અમે નેહ ઘણેરો

વિદ્યાનગરમાં પારાયણની પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી તા. ૩/૧૨ની રાત્રે આણંદમાં શ્રી રજનીભાઈ પટેલના ઘેર ભોજન લેવા બિરાજ્યા ત્યારે તેઓની સાથે વડીલ સત્સંગીઓની પણ પંગત પડી. પરંતુ તેમાં સરતચૂકથી બાબુભાઈ કાપડિયાને ફ્રૂટસલાડની વાટકી પીરસવી રહી ગઈ!

તે જોઈ એ વાટકી મંગાવવાનું કહેવા સ્વામીશ્રી જાતે ઊઠ્યા. એટલું જ નહીં, જ્યારે ફ્રૂટસલાડ ભરેલી વાટકી આવી ત્યારે તેઓએ પોતાના હાથે તે વાટકીને નીચેથી સાફ કરીને બાબુભાઈને આપી!

સ્વામીશ્રીની આ ક્રિયામાં, માતા દ્વારા સંતાનને અપાતી વસ્તુ વખતે જે સ્નેહપૂર્ણ ચીવટ હોય તે નીતરી રહી. દૂધની સાથે વહાલ ભરેલી આ વાટકીથી પેલા સત્સંગીને તો જાણે અમૃતકટોરી જ મોઢે માંડી હોય તેવું સુખ આવ્યું.

જેમ એક સૂર્યમાંથી કેટલાં કિરણો ફૂટી નીકળે તેની કોઈ ગણતરી નહીં. તેમ અનેક સ્વરૂપે પ્રકાશતી સ્વામીશ્રીની ભક્તવત્સલતાનાં લેખાં-જોખાં કરવાનું ગજું પણ કોઈ પાસે નહીં મળે.

આત્માના બંગલાનું આયોજન

તા. ૪/૧૨ના રોજ આણંદના મંદિરે યોજાયેલી સત્સંગ-સભાને આશીર્વર્ષાથી ભીંજવતાં સ્વામીશ્રીએ કહ્યું:

"સત્સંગનો પાયો કથાવાર્તા છે. માટે રવિવારની સભામાં પહોંચી જ જવું. આત્માના બંગલાનું આયોજન અત્યારથી વિચારવું. ચંદ્રલોકમાં જવાની તૈયારી અહીંથી થઈ હતી તેમ અક્ષરધામમાં જવાની તૈયારી અહીંથી કરવી. બહારનું જાણવાની તત્પરતા ઘણી છે, પણ આપણાં શાસ્ત્રો વાંચવાની

તત્પરતા નથી.

કોઈને પૂછીએ કે 'ભગવાન જોયા?' તો કહે: 'અમારાં ક્યાંથી એવાં ભાગ્ય કે ભગવાનનાં દર્શન થાય?' પણ મહારાજ કહે છે: 'એકાંતિક સંતમાં દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શન અને પરમાત્માનાં સાક્ષાત્ દર્શનનું સાધન છે.' આ સમજાય તો પરમાત્મા અણુમાત્ર છેટા નથી. એવા સંતનાં દર્શન એ ભગવાનનાં દર્શન. એની વાત એ ભગવાનની વાત છે. સંત દ્વારા પ્રગટપણું છે, છે ને છે. તેમનું શરીર આપણા જેવું છે, તેથી મનાતું નથી."

ભગવાનના પ્રગટ સ્વરૂપને ઓળખવાની આવી સચોટ વાતો સંભળાવી સ્વામીશ્રી તા. ૬/૧૨ના રોજ આશી પહોંચતાં અહીં તો દશેરાની અસવારી જેવા સામૈયાનો માહોલ છવાઈ ગયો. આ ધામધૂમ વચ્ચે જ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા સવારે સાડા દસ વાગ્યે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજી ગયા.

આ રીતે આશીમાં અવિનાશીને પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રી સૂરકૂવા થઈને તા. ૭/૧૨ની સવારે 'વડોદરા એક્સપ્રેસ' દ્વારા મુંબઈ પધાર્યા ત્યારે તેઓનાં દર્શન માટે સમગ્ર મંદિર પરિસર ચિક્કાર થઈ ગયેલું. તે જોઈ કો'કે કહ્યું: 'બાપા! આપનું આકર્ષણ એવું છે કે હજારો ખેંચાઈ આવ્યા છે.'

'અમારું આકર્ષણ કંઈ નહીં; આકર્ષણ ભગવાનનું. એની પ્રેરણાથી સૌ આવે છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનો પ્રત્યેક ઉદ્‌ગાર અહંની એઠથી અભડાયા વિનાનો જ રહેતો.

પ્રગતિનો પાયો

મુંબઈની સ્વાગત-સભામાં બિરાજેલા સ્વામીશ્રી સૌ પર અમીદૃષ્ટિ ઢોળી રહેલા તે વખતે અહીં યોજાયેલા પ્રતિષ્ઠા મહોત્સવના સંદર્ભમાં વાત કરતાં કોઈએ કહ્યું: 'સ્વામી! દેશ-પરદેશથી આવનારા હરિભક્તોને સારો લાભ મળશે.'

'હા, એમને લાભ મળશે ને આપણને સેવા મળશે. એમની સેવા એ આપણો લાભ.' સ્વામીશ્રી બોલ્યા.

આ વલણ સાથે તેઓ ચાર દિવસ પછી થનારી મુંબઈના શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે આવી રહેલા હરિભક્તોને આવકારવા લાગ્યા.

તે ક્રમમાં જોહાનિસબર્ગના સંઘ સાથે આવેલા પાદરી શ્રી હચિન્સને

તા. ૮/૧૨ની સવારે સ્વામીશ્રીની સરભરાનો સ્વાદ માણ્યો. તેથી અભિભૂત થયેલા આ ખ્રિસ્તી ઉપદેશકે કેટલાક પ્રશ્નો પૂછી પોતાની જિજ્ઞાસા પણ સંતોષી.

તેમાં તેઓએ પૂછ્યું કે 'આપની આધ્યાત્મિક પ્રગતિ કેવી રીતે થઈ?'

'ગુરુની સેવા, દૃષ્ટિ અને આશીર્વાદ.' સ્વામીશ્રીએ ટૂંકમાં જ જણાવ્યું.

તેઓની સિદ્ધિ-પ્રસિદ્ધિ જોઈને આવું પૂછનારા વખતોવખત સ્વામીશ્રીને મળતા; પરંતુ તે દરેક વખતે તેઓનો ઉત્તર આવો જ નીકળતો. તેમાં ક્યારેય પોતાની આપસૂઝ, આવડત, અનુભવ, પુરુષાર્થ વગેરેનો જરા સરખો પણ ઉલ્લેખ સ્વામીશ્રી દ્વારા ન થતો.

હું હરિભક્તોનું જ ધ્યાન રાખતો

મુંબઈમાં ઊજવાનારા પ્રતિષ્ઠા મહોત્સવનું આકર્ષણ સમગ્ર સત્સંગમાં ફરી વળેલું, કારણ કે સ્વામીશ્રી દ્વારા પરંપરાગત શિલ્પ-સ્થાપત્ય અનુસાર નિર્મિત આ સૌપ્રથમ ત્રિશિખરીય મંદિરમાં તેઓ સ્વયં પ્રતિષ્ઠા કરવાના હતા.

'મુંબઈ જેવું જાહોજલાલીવાળું શહેર છે. તેવા જ, તેને શોભે તેવા ઠાઠથી મૂર્તિપ્રતિષ્ઠા થવી જોઈએ. મૂર્તિઓ પ્રથમથી જ સોનાનાં સિંહાસનોમાં બેસવી જોઈએ.'

– સ્વામીશ્રીના આ વચન અનુસાર, સુવર્ણ-સિંહાસનમાં વિરાજમાન મૂર્તિઓની પ્રતિષ્ઠાનો પ્રસંગ પણ સંસ્થાના ઇતિહાસમાં પ્રથમ વાર નોંધાતો હતો. તેની સાથે સ્વામીશ્રીનો ૬૩મો જન્મજયંતી મહોત્સવેય ઊજવાવાનો હતો.

આમ, અરબી સમુદ્રના કાંઠે સર્જાયેલા આ ત્રિવેણી સંગમમાં ડૂબકી મારવા સૌ આતુર હતા.

તે માટે વડાલા-સ્થિત સિદ્ધાર્થ કૉલેજનું છ એકરનું મેદાન 'બ્રહ્મધામ'માં ફેરવાઈ ગયેલું. વાંસ-નેતરમાંથી નિર્મિત ઘંટ, દીપ, શંખ વગેરે માંગલિક ઉપકરણોની રચનાથી શોભતા આ 'ધામ'ના પ્રવેશદ્વારમાં પેસતાં જ સૌને ખરેખર બ્રહ્મસૃષ્ટિનો અનુભવ થતો. યજ્ઞશાળા, ભોજનશાળા, પાકશાળા, સભામંડપ, બાગ-બગીચા, કાર્યાલયો, કલાત્મક સુશોભન વગેરેથી 'બ્રહ્મધામ'નો ખૂણેખૂણો ચેતનવંતો ભાસતો હતો.

અહીં તા. ૧૦/૧૨ના રોજ નિરીક્ષણ અર્થે પધારેલા સ્વામીશ્રીએ દરેક ભક્તની કક્ષા મુજબ યજ્ઞશાળામાં બેઠક-વ્યવસ્થા ગોઠવવાની વાત કરી. તે સાંભળી શ્રુતિપ્રકાશદાસ સ્વામી બોલ્યા: 'બાપા! આ બધું કંટાળો ચડે એવી

ગૂંચવાળું છે. હું તો થાકી ગયો.'

પરંતુ આ શિથિલ સ્વર સ્વામીશ્રીને માફક ન આવ્યો. તેથી તેઓએ કહ્યું: 'અત્યારથી નાહિંમત ન થવું. પાછા ન પડવું. હું કદી પાછો પડ્યો જ નથી. તમે તો નાના છો. ચડતું લોહી છે. શાનો કંટાળો આવે?'

બળના આ બોલ દ્વારા ઝાંખા પડેલા એક દીવામાં દિવેલ પૂરી આગળ વધેલા સ્વામીશ્રીએ પ્રતિષ્ઠાવિધિ વખતની બેઠક-વ્યવસ્થાનું માર્ગદર્શન આપતાં પણ સંબંધિત સંતોને કહ્યું:

'આ સેવા માટે જેમને રાખો તે ચપળ ને જાણકાર હોવા જોઈએ. મૂર્તિનાં દર્શન કર્યે રાખે (એટલે કે પોતાની સામે જોઈ રહે) તેનું કામ નહીં. યોગીબાપા પ્રતિષ્ઠા કરતા હોય કે યજ્ઞવિધિ કરતા હોય ત્યારે હું હરિભક્તોનું જ ધ્યાન રાખતો. પછી યોગીબાપાનાં દર્શન છે જ.'

સ્વામીશ્રીને મન સમૈયો એટલે સત્સંગીઓની સેવા-સંભાવના જ!

જે કામ સરકાર નથી કરતી, તે પ્રમુખસ્વામીજી કરે છે

તા. ૧૧/૧૨ના બ્રાહ્મમુહૂર્તમાં વૈદિક મહાયાગથી પ્રારંભ પામેલા પ્રતિષ્ઠા-ઉત્સવના સહભાગી ૧,૦૦૦ યજમાનો વિવિધ યજ્ઞકુંડ પર ગોઠવાઈ ગયેલા. તેઓ સમક્ષ નિશ્ચિત સમયે સ્વામીશ્રી અને કોઠારી સ્વામીએ અરણી-મંથન દ્વારા અગ્નિપ્રાગટ્ય કર્યું. તે હુતાશનને રૂમાં ઝીલી કુંડમાં સ્થાપવામાં આવતાં જ સમગ્ર યજ્ઞમંડપ બ્રહ્મજ્યોતિથી ઝળાંહળાં થઈ ઊઠ્યો. તેના ઉજાસમાં ચાર યુવાનોને દીક્ષિત કરી સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા: 'જેણે આ લાભ લીધો છે તેને અક્ષરધામની પ્રાપ્તિ થશે.'

તે પછી આગળ વધેલા યજ્ઞનો ઘોષ શમ્યો ત્યાં જ સાંજે નગરયાત્રાનો નાદ ગુંજી રહ્યો. માટુંગામાં આવેલા પાંચ બગીચાથી શરૂ થયેલી એક માઇલ લાંબી આ શોભાયાત્રાને દર્શન દેવા સ્વામીશ્રી 'આસ્તિક સમાજ'નાં દ્વારે ગોઠવાયેલા ઊંચા આસન પર બિરાજ્યા. તેઓને જોતાં જ સૌનાં હૈયાં હિલોળે ચડ્યાં અને બુલંદ જયઘોષથી બૃહદ મુંબઈ ગાજી ઊઠ્યું.

આ જયજયકાર ઝીલતાં આરંભાયેલી આજની રાત્રિસભામાં વિખ્યાત વ્યાખ્યાતાઓ પૂજ્ય ચિન્મયાનંદ સ્વામી તથા પૂજ્ય પાંડુરંગ આઠવલેએ ધર્મલાભ આપ્યો.

તેને અનુસરતાં ફૂટેલા તા. ૧૨/૧૨ના મંગલ પ્રભાતથી જ મંદિર

ધમધમવા માંડ્યું. આ સમયે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પોને સાકાર થવાની ઘડીઓ ગણાઈ રહેલી. ભક્તોના ભાવ પૂરા કરવા નયનરમ્ય મૂર્તિઓ મંદિરના ખંડમાં વિરાજિત થઈ ગયેલી. તેમાં સ્વામીશ્રી પ્રાણ પૂરે તેની જ પ્રતીક્ષામાં બેઠેલી ભક્તમેદનીથી, મંદિર-સંકુલ તો છલકાઈ જ ગયેલું, પણ મંદિર બહાર માર્ગ અને ચોકમાં ઊભા રહીને માનવ-સમુદાય આ ઐતિહાસિક ક્ષણોના સાક્ષી બનવા થનગની રહેલો. તે સૌને દર્શનની સાનુકૂળતા રહે તે માટે અમુક-અમુક અંતરે ઊભી રખાયેલી ટેક્સીઓનાં છાપરે સી.સી.ટી.વી.ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આવા ઉત્સાહભર્યા વાતાવરણ વચ્ચે બરાબર ૧૦:૨૦ વાગ્યે સ્વામીશ્રીએ નિજમંદિરમાં પ્રવેશ કરી મૂર્તિઓમાં ચૈતન્યનો સંચાર કર્યો. તેના પુરાવારૂપે ભગવાન સન્મુખ ધરાયેલો કાચ તૂટ્યો અને મોટો ઝબકાર થયો! તેથી સૌ ભગવાન વિરાજી ગયાનો વિશેષ અનુભવ પામ્યા. આ અવસરે સુપ્રસિદ્ધ કથાકાર પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રી તથા માન્યવર મઠાધિપતિ પૂજ્ય રામસ્વરૂપ શાસ્ત્રીએ પણ સ્વામીશ્રી સાથે લાભ લઈ ધન્યતા અનુભવી.

આવી જ અનુભૂતિ પામ્યા મુંબઈના મેયર શ્રી મનમોહનસિંહ બેદી. પ્રતિષ્ઠાવિધિ બાદ ઉત્તુંગ અક્ષર ભુવનની છાયામાં બંધાયેલા સભામંચ પર સ્વામીશ્રી પધાર્યા ત્યારે અત્રે ઉપસ્થિત આ નગરપતિએ પોતાના અનુભવને વર્ણવતાં કહ્યું: 'જે કામ સરકાર નથી કરતી, નગરપાલિકા નથી કરતી તે કામ પ્રમુખસ્વામીજી કરી રહ્યા છે.'

આ અહોભાવ સાથે આજના ઉત્સવની દીર્ઘસ્મૃતિ માટે તેઓએ મંદિર આગળથી પસાર થતા માર્ગને 'શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી પથ' તરીકે ઘોષિત કર્યો.

આ ચિરસ્મરણીય પ્રસંગે સ્થળસંકોચને કારણે સૌ હરિભક્તો મંદિરના નિકટવર્તી માર્ગ પર તડકે ઊભા રહી લાભ લેતા હતા. તેઓને આશીર્વર્ષાથી શાતા પમાડતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'પ્રથમ તો આપ સૌની માફી માગવાની કે અમે આપને તડકે બેસાડી રાખ્યા. અમે છાંયડે બેઠા. આ ભીડો વેઠ્યો તેની અને મંદિરની સ્મૃતિ રહેશે. ભલે ઉપરથી તડકો લાગે પણ અંતરમાં ટાઢું થઈ જશે. ભગવાન મંદિરમાં બિરાજી ગયા. હવે આપણા હૃદયમાં વિરાજમાન કરવાના છે. આ ઉત્સવમાં જેણે-જેણે ભાગ લીધો છે તે સૌને ભગવાન અક્ષરધામમાં સુખિયા કરે. આવા ઉત્સવ આપણે અનંત ઊજવી શકીએ. આ કરતાં હજારગણી સેવા સૌ કરી શકો એ આશીર્વાદ છે.'

૬૩મી જન્મજયંતીની શાનદાર ઉજવણી

મંદિર-પ્રતિષ્ઠાના દિગ્વિજય બાદ સંતો-ભક્તો તલસી રહેલા પ્રગટ ગુરુહરિની જન્મજયંતી માટે.

તેનો પ્રથમ સમારંભ યોજાયો – તા. ૧૨/૧૨ની રાત્રે. તેમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી સહિત અનેક ભક્તો-મહાનુભાવોએ સ્વામીશ્રીનાં ગુણગાન ગાઈ અંજલિઓ સમર્પિત કરી. વિવિધ હારતોરાથી તેઓને વધાવ્યા. અનેક પ્રકારના ઉપહારો ચરણોમાં મૂક્યા. સમૂહ આરતીનાં અર્ઘ્યથી નવાજ્યા.

પરંતુ પ્રશંસાનાં આ પૂરથી સાવ જ અલિપ્ત રહીને સ્વામીશ્રી બોલ્યા :

'આશીર્વાદ મારે આપ સૌની પાસેથી લેવાના છે. સૌ એવા આશીર્વાદ મને આપો કે આ સેવા મળી છે તે સારી રીતે કાયમ કરી શકાય. આ શરીર તેના માટે ઉપયોગી બની રહે. બધાનો પ્રેમ એવો ને એવો રહે. આ શરીર મહારાજની સેવામાં આવ્યું છે. હજી વધારે આવે એ પ્રાર્થના.'

સ્વામીશ્રીની આ વિનમ્ર વાણીને અનુસરતાં આવેલી તા. ૧૩/૧૨ની સવારે જન્મજયંતીની દ્વિતીય સભા પણ દિવ્ય અને દેદીપ્યમાન બની રહી. આ સમારોહ બાદ સ્વામીશ્રી ભક્તોને વ્યક્તિગત મળવા માટે સતત અઢી કલાક સુધી મંચ પર બિરાજમાન રહ્યા ! આ અરસામાં ડૉક્ટરોએ તેઓના સ્વાસ્થ્યની જાળવણી માટે સંસ્થાકીય સામયિક 'પ્રકાશ'માં સૂચના જારી કરેલી કે 'સભામાં સ્વામીશ્રીને એક કલાકથી વધુ ન બેસાડવા.' પરંતુ આ સલાહ તો આજની ભાવગંગામાં ક્યાંય ખેંચાઈ ગઈ ![૧૦]

પ્રથમ અંતરના સમાચાર લેવા

પ્રતિષ્ઠા-જયંતીની ઉજવણી બાદ પણ સ્વામીશ્રી મુંબઈમાં રોકાવાના હોવાથી ભક્તોએ પારાયણની પરંપરા ખડકી દીધી. આ કથા-વાર્તા મંદિરના સભાગૃહમાં જ થવાની હોવાથી સ્વામીશ્રીનો નિવાસ હવે માટુંગાના રાજુભાઈ ત્રિવેદીના ઘેરથી મંદિરે ખસેડાવાનો હતો.

---

૧૦. મુંબઈ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ અને ૬૩મા જન્મોત્સવને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પરંતુ તે પૂર્વે સ્વામીશ્રી તા. ૧૪/૧૨ના રોજ માટુંગા-સ્થિત શંકરમઠમાં પધાર્યા. અહીંના વ્યવસ્થાપકોએ શ્રીફળ સહિત કળશ આપી તેઓને સત્કાર્યા. ત્યારબાદ મઠમાં બધે જ પગલાં કરાવ્યાં. તે વખતે દરેક સ્થળે ભાવપૂર્વક દર્શન કરતા સ્વામીશ્રી પંડિત શ્રી દીક્ષિતારજીની છબી પાસે આવી પહોંચ્યા. અત્રે આ વિદ્વાનની તસવીરનો સ્પર્શ કરી તેઓ બોલ્યા: 'અમારા સંતોને આ ગુરુજીએ ભણાવ્યા છે.'

સંતની સેવાનો કેવો મહિમા!

તે સાથે મઠમાંથી વિદાય લેતા સ્વામીશ્રીને સંકુલના ટ્રસ્ટીઓએ ભેટ ધરી, પણ કોઈનો પાડ ન રાખવાની સુટેવ ધરાવતા સ્વામીશ્રી તેમાં વિશેષ રકમ ઉમેરાવી તેઓને જ એ ભેટ સુપ્રત કરી દાદર મંદિરે પધારી ગયા.

અત્રે રાજભોગ આરતીનાં દર્શન બાદ સત્સંગ-સભામાં ખરેખરા વરસેલા તેઓએ સૌને ભીંજવતાં કહ્યું:

'મહિમા વગરની ભક્તિ લૂખી લાગે. મીઠા વગરનું શાક કેવું લાગે? *'તલમાં ભળ્યા કોદરા, ન થાય ઘેંસ કે ન થાય ઘાણી.'* આમાં સુખ ન આવે. કોઈના કદાચ ૯૯ અવગુણ હોય પણ એક ગુણ તો હોય જ. તે જોવો.'

મહિમાનો આ મેઘ વરસાવી સ્વામીશ્રીએ નવો વિષય ખોલ્યો કે –

''સો કામ પડતાં મૂકી જમી લેવું. હજાર કામ પડતાં મૂકી ન્હાઈ લેવું. પરદેશવાળા તો ન્હાતા જ નથી. ન્હાયા વગર ચા પીવે, છાપું વાંચે, રેડિયો વગાડે. પણ પ્રથમ આપણા અંદરના, અંતરના સમાચાર લેવા. લાખ કામ મૂકી દાન કરવું; નહીંતર મન ફરી જાય.

એક વાણિયો ગંગા કિનારે સ્નાન કરવા ગયો. ત્યાં બ્રાહ્મણે વિધિસર સ્નાન કરાવ્યું. વાણિયાને ઉત્સાહ આવી ગયો અને તેણે લાખ ગાયોનું દાન કરવાનો સંકલ્પ કરી દીધો. પણ થોડી વાર પછી વિચાર આવ્યો કે 'આ તો બહુ પૈસા થઈ જાય. આટલું ન અપાય.' પછી પચાસ હજારનું મનમાં ગોઠવ્યું. પછી તે પણ વધારે લાગ્યું, એટલે પચીસ હજાર ગાયો આપવા વિચાર્યું. એમ કરતાં કરતાં એક ગાય આપવી એમ નક્કી કર્યું. તેમાં પણ થયું કે 'એક ગાયના તો બસો રૂપિયા થાય!' છેવટે સવા રૂપિયો આપી ગૌદાનનો સંકલ્પ પૂરો કર્યો. મન આવું છે! માટે ધર્મનું કામ તત્કાળ કરવું.''

ધર્મકર્મનો આ મર્મ રોચક રીતે સમજાવી સ્વામીશ્રી નિજનિવાસમાં પધાર્યા.

ભગવાન ભજે ભલી ભાતે

મુંબઈના નવનિર્મિત મંદિરે બિરાજમાન સ્વામીશ્રી પાસે તા. ૨૧/૧૨ના રોજ આવી ચડેલા હરિભક્ત શ્રી જયંતીભાઈના હાથમાં ગુલાબથી ગૂંથેલો મોટો, ભરાવદાર અને કલાત્મક હાર હતો. જેવો તે હાર તેઓ સ્વામીશ્રીના કંઠમાં આરોપવા ગયા કે તેઓને રોકતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ હાર ઘનશ્યામ મહારાજને પહેરાવીએ. આખો દિવસ દર્શન થાય.'

...અને એ સુંદર હાર ઠાકોરજીને અર્પણ થયો. તેથી તે આખો દિવસ ભગવાનના ગળામાં ઝૂલતી સ્વામીશ્રીની ભક્તિનાં દર્શન કરી સૌ ધન્ય થતા રહ્યા.

આ ધન્યતા અનુભવનારા એક સંત તા. ૨૧/૧૨ના રોજ સભામાં બિરાજેલા સ્વામીશ્રી પાસે પહોંચી ગયા. તેઓની મનોકામના હતી કે 'સ્વામીશ્રી મારી માળા ફેરવીને પ્રસાદીની કરી આપે.' આ સંકલ્પ પૂરો કરવા સ્વામીશ્રીએ તેઓની માળા તો લીધી, પણ તે માળા જમીનને અડી ન જાય તે માટે સ્વામીશ્રીએ નીચે નેપકીન મૂક્યો અને પછી તેને ફેરવવા લાગ્યા !

તેઓમાં રહેલી ભક્તિની આવી સૂક્ષ્મ સૂઝનું વધુ એક દર્શન આજની સભામાં લાધ્યું.

તેમાં એક મુમુક્ષુએ સ્વામીશ્રી પાસે આવીને કહ્યું : 'બાપા ! મેં આજે નિત્યપૂજા ખરીદી છે.'

આમ જણાવી એ યુવાને પોતે ખરીદેલી પૂજા કાઢી અને મૂર્તિઓ સ્વામીશ્રી સમક્ષ ધરી. પરંતુ તેમાં સૌથી ઉપર સ્વામીશ્રીની પ્રતિમા હતી. તેથી સ્વામીશ્રીએ તે લઈને તેને સૌથી નીચે સરકાવી દીધી !

ભક્તિના નવ જ નહીં, પણ નિત નવા રંગો દર્શાવતું સ્વામીશ્રીનું જીવન ભક્તિના નિધિ સમાન હતું.

લંડન મંદિર 'ઇન્ટરનેશનલ' સ્થાન થઈ જશે

તા. ૨૫/૧૨ના રોજ લંડન મુકામે યોજાયેલા યુવક અધિવેશનમાં એકત્રિત થયેલા કાર્યકર્તાઓને ટેલિફોન દ્વારા આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'યોગીજી મહારાજની ઇચ્છા હતી કે યુવકો દ્વારા અંગ્રેજોને સત્સંગ થાય. તો યુવકો ! બળ ને ઉત્સાહ રાખજો. ત્યાં મંદિરનું કાર્ય ઉપાડ્યું છે, તેમાં પણ યુવકોએ કમર કસવાની છે. સંપ, શિસ્ત અને સંગઠન છે તેથી મંદિર નાનું

પડશે. લંડન મંદિર 'ઇન્ટરનેશનલ' (આંતરરાષ્ટ્રીય) સ્થાન થઈ જશે. તો યુવકો! તૈયાર થાવ.'

સ્વામીશ્રીના મુખેથી સરી પડેલી આ આર્ષવાણી આજે સાકાર થયેલી સૌ જોઈ રહ્યા છે.

આવા વચનસિદ્ધ તેઓના સાંનિધ્યમાં તા. ૨૭/૧૨ના રોજ મુંબઈના ઉત્સવમાં સેવા કરનારા ૬૫૦થી વધુ સ્વયંસેવકોની સભા યોજાયેલી. આ યુવાશક્તિને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ચંદ્રલોક સુધી જનારને કેટલો ઇશક હશે! આપણે અક્ષરધામમાં પહોંચવું છે. માટે ઇશક રાખવો. કુટુંબ, ઘરબાર મૂકવું પડે તોય મૂકવું. ટાણું ચૂકવું નહીં. તમે સર્વેએ સાચા દિલથી સેવા કરી છે એટલે યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ ઘણા રાજી છે. ચેકમાં રૂપિયા દેખાય નહીં પણ વટાવીએ તો ઢગલો થાય. તેમ તમને સેવાનું ફળ મળ્યું છે. અંતરનો રાજીપો મળ્યો છે.'

મુંબઈના પ્રતિષ્ઠા-જયંતી ઉત્સવ માટે કેટલાકે કામકાજને ટલ્લે ચડાવેલાં, તો કેટલાકે શરીરને રગદોળેલું; કેટલાકે નાણાંકોથળી મોકળી મૂકેલી, તો કેટલાકે કંઈક વ્રત-તપ આદરેલાં. વિધવિધ ભાતનું આ સેવા-સમર્પણ સ્વામીશ્રીના આજના આશીર્વાદથી સૌને સાર્થક થતું અનુભવાયું.

આ સાર્થકતા સન ૧૯૮૩ તો છેલ્લા ૩૬૫ દિવસથી સતત અનુભવી રહેલી. તેથી જ મુંબઈથી વિદાય થયેલા સ્વામીશ્રી અતુલ થઈને તા. ૩૧/૧૨ની રાત્રે પોણા દસ વાગ્યે સુરત આવી પહોંચ્યા ત્યારે આ સાંપ્રત સાલ ગદ્‌ગદની સાથે ગમગીન પણ બની ગઈ; કારણ કે હવે તેના ભાગ્યમાં સુખદાયક સ્વામીશ્રીનો સંગ છૂટવાની કઠણ પળ પાકી ગયેલી. ભગવાને જ ઠરાવેલા આ અવશ્યંભાવી ક્રમને કોઈ ઉલટાવી-અટકાવી શકે એમ નહોતું.

તેથી તા. ૩૧/૧૨ની રાત્રે બાર વાગ્યે સન ૧૯૮૩ વ્યથિત હૈયે વિદાય તો થઈ, પરંતુ જતાં જતાં પોતાને મળેલા સ્વામીશ્રીના સાંનિધ્યનું સરવૈયું માંડતાં તે ગાતી પણ ગઈ કે *'જાણે ન જેમ જળજંતુ સમુદ્ર પાર, લૈયે ન તેમ તવ અંત અમે લગાર...'*

સાક્ષાત્ કાળદેવતા પણ જેની કળાને કળી ન શકે એવા અપાર અને અગાધ હતા સ્વામીશ્રી!



ડંકો દેશ બધા માંહિ દીધો...

સન ૧૯૮૪

ભગવાનને ભક્તિથી છેતરવા

સન ૧૯૮૪ની અમૃતધારાનો પહેલો ઘૂંટડો ગટગટાવવાનો લાભ સુરતના ભાગ્યમાં આવ્યો હોવાથી અહીંના ભક્તો હરખભેર ઘૂમી રહેલા. રોજેરોજ ઊમટતા ભક્તો-ભાવિકોથી, સ્વામીશ્રીનો નિવાસ જ્યાં ઠરાવેલો તે ઉમરા ગામની હદમાં આવેલું પન્નાલાલ બચકાનીવાલાનું મકાન ભરચક જ રહેતું. અત્રે પંદર દિવસ સુધી પ્રાતઃપૂજા, સવાર-સાંજની કથા તથા સ્વામીશ્રીની મુલાકાતનો ત્રિવેણી સંગમ સૌને ધન્યતાનો અનુભવ કરાવતો રહ્યો.

તેની વચ્ચે તા. ૮/૧ના રોજ રાંદેરના માર્ગે આવેલા આનંદ એપાર્ટમેન્ટ્સના પ્રાંગણમાં પધારી સ્વામીશ્રીએ સૌને ડાબરા ઉત્સવનો પણ લાભ આપ્યો; તો તા. ૧૨/૧ના રોજ યોજાયેલી કીર્તન આરાધનામાં તો તેઓએ ગાયક સંતો વચ્ચે મંચ પર જ પલાંઠી વાળતાં, એકસાથે ચાર પદો લલકારી સૌને રસતરબોળ કરી મૂક્યા.

સુરતની આગવી ઓળખ એટલે પોંક અને પતંગ. તેનાં આયોજનોમાં પણ કશી મણા ન રહેતાં તા. ૧૩/૧ની સાંજે અડાજણ પાટિયા આગળ આવેલા ગાયત્રી ઍપાર્ટમેન્ટમાં પોંક ઉત્સવ ઊજવાયો અને તા. ૧૪/૧ના રોજ

ઉત્તરાયણ પર્વ સ્વામીશ્રીના નિવાસસ્થાને યોજાયું. તેમાં સ્વામીશ્રીએ ગજાવેલી '*નારાયણ હરે...*'ની આહ્‌લેકને, પ્રચંડ પ્રતિસાદ આપતાં સુરતી ભક્તોએ સેવાની સરિતા વહાવી દીધી.

તેના પ્રવાહમાં તણાઈ આવેલો તા. ૧૫/૧નો દિવસ વાસી ઉત્તરાયણનો ગણાય, પરંતુ સ્વામીશ્રી પાસે કદી વાસીપણાનો અનુભવ હોય? અહીં તો આ દિવસે પણ સર્વત્ર તાજગી જ પ્રસરતી હતી.

તેમાં આજે આવેલા પારાયણની પૂર્ણાહુતિના પ્રસંગે અમૃતધારા રેલાવતાં સ્વામીશ્રી બોલ્યા :

"ભગવાનને ભક્તિથી છેતરવા. તેમની આગળ બીજી છેતરામણ ન કરવી. તેમાં તો આપણને જ નુકસાન જાય.

એક છોકરો હતો. તેની માએ તેને જોડો સિવડાવવા મોચી પાસે મોકલ્યો. મોચીએ પાંચ રૂપિયા કહ્યા. આ છોકરાએ મોચીને જોડાનું માપ આપતાં પગનાં આંગળાં સંકોચી લીધાં, એટલે માપ નાનું થયું. એટલે ચાર રૂપિયામાં જોડો સીવી આપવાનું નક્કી કર્યું.

ઘેર જઈને છોકરાએ તેની માને કહ્યું : 'મા! મા! મેં મોચીને છેતર્યો. પાંચ રૂપિયાને બદલે ચાર રૂપિયામાં જોડાનું નક્કી કર્યું!'

'કેવી રીતે કર્યું?' માએ પૂછ્યું.

'મોચી માપ લેતો હતો ત્યારે મેં પગ સંકોચી લીધા.' છોકરો બોલ્યો.

ત્યારે તેની માએ કહ્યું: 'તેમાં મોચી નહીં, પણ તું છેતરાયો. હવે તે જોડો તને કામ નહીં આવે. મોચીને તો તેની મજૂરી મળી જ જવાની..."

કળ-છળ રહિત ભક્તિનો આ બોધ આપી સ્વામીશ્રીએ પખવાડિયાના જ્ઞાનપર્વનું સમાપન કર્યું.

ઘણા વખતનો સંકલ્પ પૂરો થયો

તા. ૧૬/૧ના રોજ સુરતમાં નિર્માણાધીન જે. જે. ઍરકન્ડિશન્ડ માર્કેટનો ખાતવિધિ કરી સ્વામીશ્રી અંકલેશ્વરને પાવન કરતાં ડભાણ આવી પહોંચ્યા ત્યારે અત્રે તળાવ કિનારે ખડા થયેલા કલાત્મક મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે મહાયાગના મંત્રો ગુંજી રહ્યા. આ યજ્ઞથી ઊઠેલી ધૂમ્રસેરો વડે છવાયેલાં ગામ-ગગનને જોઈ સૌને શ્રીજીમહારાજે અહીં કરેલા વિષ્ણુયાગની સ્મૃતિ થઈ આવી.

તેને અનુસરતાં સાંજે શોભાયાત્રા પણ ઉમંગભેર નીકળી. આ નિમિત્તે ગામનાં જાહેર સ્થળો, વૃક્ષો વગેરેને રોશનીથી શણગારેલાં. ચારેકોર અત્તરના ફુવારા ઊડતા હતા. આ નગરયાત્રાને સમાવવામાં ગામની ગલીઓ ટૂંકી પડી. યાત્રાનો પનો એવો લંબાયો કે તેના આદિ અને અંત ભેગા થઈ ગયા!

આવા અપ્રતિમ ઉત્સાહના વાતાવરણમાં તા. ૧૮/૧ના રોજ સ્વામીશ્રીના વરદહસ્તે નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. આરસમાંથી નિર્મિત વાઘા સહિતની આવી મૂર્તિ સંસ્થામાં પહેલી જ વાર પ્રતિષ્ઠિત થઈ.

તેના સાક્ષી બનવા ઉપસ્થિત રહેલા કલેક્ટર, પોલીસ અધીક્ષક, ધારાસભ્ય વગેરેથી ઊભરાતા પાંત્રીસ હજારના માનવ મહેરામણને આશીર્વર્ષાથી ભીંજવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભગવાનને રાજી કરવાની તમન્નાવાળું આ ગામ છે. અક્ષરની મૂર્તિ આજે ડભાણમાં શ્રીજીમહારાજની સાથે બિરાજે છે. ડભાણના હરિભક્તોને ધન્યવાદ કે આ સેવા તેમને મળી. મોતીભાઈ, અંબાલાલભાઈ, મૂળજીભાઈ બધાનો ઘણો ઉત્સાહ હતો. તે બધા ધામમાં ગયા પણ ત્યાં રહ્યાં થકાં આજે રાજી થતા હશે! ઘણા વખતનો સંકલ્પ પૂરો થયો. હવે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરી લેવી.'

ગામોગામ અક્ષર-પુરુષોત્તમ પધરાવવાના સંકલ્પની પરિપૂર્તિની દિશામાં આજે એક વધુ પગલું મંડાતાં સ્વામીશ્રી આનંદમાં હતા.

આત્મીયતાના અધ્યાય

ડભાણમાં પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રી એ જ દિવસની સાંજે વિદાય લેતાં પૂર્વે મંદિરે દર્શન કરી પ્રદક્ષિણામાં પધાર્યા ત્યારે ત્યાં રઈજીભાઈ પગી ઊભેલા. તેઓ દ્વારા મંદિર-નિર્માણમાં શરૂઆતથી જ રખાયેલી દેખરેખ સ્વામીશ્રીની જાણ બહાર નહીં. તેઓની આ સેવાનું જાણે ફળ આપતા હોય તેમ તેઓ એ પગીની પાસે ગયા અને પ્રેમથી મળ્યા.

એ જ રીતે મંદિરેથી નીકળતી વખતે કેટલાક વૃદ્ધ સત્સંગીઓને જોઈ સ્વામીશ્રી હેતથી બોલ્યા: 'આવો, નરશીભાઈ...! દાસભાઈ...!'

સ્વામીશ્રીની આ વહાલભરી વાણી સાંભળી એ ડગમગતા ઘડપણને પાંખો ફૂટી આવી! તેઓ તરત સ્વામીશ્રી પાસે દોડી આવ્યા.

તેઓને માથે વરદહસ્ત પ્રસારી સ્વામીશ્રી ગામમાં આવેલા જૂના સ્વામિનારાયણ મંદિરે પહોંચ્યા. ત્યાં તે મંદિરના એક વૃદ્ધ હરિભક્ત બેઠેલા.

તેઓને જોતાં જ સ્વામીશ્રીએ પ્રેમથી સાદ કર્યો : 'આવો, બકોરભાઈ...!'

'અહોહો, સ્વામી ! આપે નામ યાદ રાખ્યું છે !...' કહેતાં એ વડીલ તો ઊભા જ થઈ ગયા, સાથે તેઓના રોમ-રોમ પણ !

આમ, આજે એક પછી એક સ્વામીશ્રીની આત્મીયતાના અધ્યાયો લખાતા ગયા. તેમાંથી તેઓની સતેજ સ્મૃતિનો અણસારેય મળતો રહ્યો. સંપ્રદાય તો ઠીક, સંપ્રદાયેતર વ્યક્તિઓનાં પણ નામ, ઠામ, કામ, ગામ વગેરે વર્ષો પછીયે સ્વામીશ્રીના મનમાં અકબંધ જોવાં મળતાં. ખરેખર, સંશોધકો માટે અભ્યાસનો વિષય બની રહે તેવી યાદશક્તિ હતી સ્વામીશ્રીની.

મોટાપુરુષ ભીખ મગાવીને પણ બ્રહ્મરૂપ કરે

ડભાણથી નીકળેલા સ્વામીશ્રી પીપલગમાં ખરીદ-વેચાણ સંઘની કચેરીમાં પગલાં કરી મનુભાઈ પટેલના ઘેર દ્વિશતાબ્દીની સેવાનો ખરડો કરવા (આર્થિક સેવાની લખણી કરવા) બિરાજ્યા. અહીં તેઓ કેટલાયના સંશયોનું નિવારણ કરતા હોય તેમ બોલ્યા : 'આવું ખરડાનું તો ચાલ્યા જ કરશે. દીકરા-દીકરી પછી ભાણા-ભાણીનાં લગ્નના ખર્ચા ચાલ્યા કરે છે, તેમ આ ચાલવાનું.'

આ રીતે ચાલતી ખરડો નોંધવાની પ્રક્રિયામાં ગામના એક આગેવાન હરિભક્ત આવ્યા નહોતા. તે જાણતાં સ્વામીશ્રીએ બે સંતોને મોટર સાથે તેઓને લેવા મોકલ્યા. એકનું અનંતગણું કરી આપવા માટે કેવો આગ્રહ !

આ કરુણા સાથે વિચરતા સ્વામીશ્રી અહીંથી વિદાય લેતાં પૂર્વે શ્રી દેસાઈભાઈ પટેલના ખબર-અંતર પૂછવા પગે ચાલીને જઈ પહોંચ્યા. તેઓના આ અનુગ્રહે એ માંદગીગ્રસ્ત ભક્ત સહિત સૌને ગળગળા કરી મૂક્યા.

આમ, ભક્તજનને ભલાં સુખ આપી નીકળેલા સ્વામીશ્રીએ તા. ૧૯/૧ના રોજ નડિયાદમાં કહ્યું : ''ભગવાન આપણને આસક્તિ તોડાવશે જ. દીકરામાં આસક્તિ હશે તો દીકરો એવો અવળો પાકે કે તેમાં હેત ન રહે.

એક છોકરો અવળો હતો. તેના બાપને હેરાન કર્યા કરે. એક દિવસ બાપ-બેટો નદીએ ન્હાવા ગયા. દીકરાએ કહ્યું : 'બાપા ! નદીમાં ડૂબકી મારું ?'

બાપે કહ્યું : 'માર ને !' બાપના મનમાં એમ કે 'જે બે-પાંચ મિનિટ તેનું મોઢું જોવું મટ્યું.' દીકરાથી આવો ત્રાસી ગયેલો !

આ રીતે ભગવાન આસક્તિ ટાળે. પાટો ન ગોઠવા દે. શરીરમાં આસક્તિ હોય તો દેહમાં રોગ મૂકી દે, એટલે કંટાળો આવે ને પ્રાર્થના કરે કે

'આમાંથી વહેલી તકે કાઢો.' પૈસા આપીને પણ કસર ટાળે ને ન આપીને પણ ટાળે. તેમણે જેમ ધાર્યું હોય તેમ કરે.

મોટાપુરુષ કહે તેમાં જ્ઞાન, ભક્તિ બધું આવી જાય. એમની ઇચ્છા-રુચિ પ્રમાણે ચાલવું તે જ્ઞાન. છ ગામના પટેલના છોકરાને સાધુ કરે અને તેની પાસે ભીખ મગાવે. ભીખ મગાવીને પણ બ્રહ્મરૂપ કરે. માટે તેમના થયા છીએ તો કસર રહેવા નહીં દે. શ્રદ્ધા રાખવી.''

સત્પુરુષની અલૌકિક રીતનું દિગ્દર્શન સ્વામીશ્રીએ આજે આગવી શૈલીમાં કરાવી દીધું.

એ જ છે

સત્સંગ-સભા બાદ નડિયાદની નગરપાલિકાના પ્રમુખને ઘેર ઠાકોરજી જમાડવા પધારેલા સ્વામીશ્રી અહીંથી ઉતારે જવા માટે પોતાની ગાડીમાં બેસે એવી ઇચ્છા એક હરિભક્તને હતી. પરંતુ સ્વામીશ્રી પધારે તે પહેલાં તો એ સત્સંગીની જાણ બહાર તેઓનાં મહિલા સંબંધીઓ ગાડીમાં ગોઠવાઈ ગયાં!

જ્યારે આ મુરબ્બી સ્વામીશ્રીને લઈ મોટર પાસે આવ્યા ત્યારે જ તેઓને આ વિગતનો ખ્યાલ આવતાં તેઓએ હાકોટો માર્યો કે 'ચલો, જલદી સૌ ઊતરી જાઓ.'

પરંતુ આ જાણી સ્વામીશ્રી બોલ્યા : 'બેઠેલાને ઉતારવા નહીં. આપણે થોડી વાર પછી જાત.'

તેઓના આ સહાનુભૂતિભર્યાં વલણની જાણ જ્યારે મહિલાઓને થઈ ત્યારે તેઓ વિશેષ અહોભાવ સાથે સ્વામીશ્રીને નમી પડ્યા.

આમ, પોતાની પ્રત્યેક ક્રિયાથી સૌનો અધિક અને અધિક આદર મેળવતા સ્વામીશ્રી તા. ૨૧/૧ના રોજ ડી.ડી.આઇ.ટી. કૉલેજના સંકુલમાં પગલાં કરી ભીમજીભાઈ સોનીના ઘેર જમવા બિરાજ્યા.

આ સમયે ઠંડીનો ચમકારો વિશેષ વર્તાતો હોવાથી તેઓએ ગાંઠ મારીને ગાતરિયું ઓઢ્યું હતું. તે જોઈ ભગવત્ચરણદાસ સ્વામીએ કહ્યું : 'સ્વામી! સારંગપુર મંદિરના રંગમંડપમાં શાસ્ત્રીજી મહારાજની ગાતરિયું બાંધીને બેઠેલી મૂર્તિ છે. તેવા જ તમે લાગો છો.'

'એ જ છે!' સ્વામીશ્રી સહજભાવે બોલ્યા. તેઓના આ શબ્દો પ્રગટપણાનો પડઘો પાડી ગયા.

સત્સંગ કાજે સદા વિચરતા

તા. ૨૨/૧ની સાંજે નડિયાદથી વિદાય થયેલા સ્વામીશ્રી વરતાલ અને મહેળાવમાં દર્શન કરી રાત્રે સોજિત્રા પધાર્યા ત્યારે અહીં નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠા નિમિત્તે તૈયાર થયેલા ભવ્ય 'ગુણાતીતનગર'માં યજ્ઞશાળા, ભોજનશાળા અને જ્ઞાનશાળાની ત્રિવેણી રચાઈ ગયેલી. તેમાં આજની સવારે થયેલા વેદોક્ત યજ્ઞના મંત્રોચ્ચારથી ગામનું ગગન ભરાયેલું, તો સાંજે શોભા-યાત્રાનાં પડઘમથી ગામની ગલીઓ ગાજી રહેલી. તે જોઈ જૂના ગ્રામજનો બોલી ઊઠેલા: 'છેલ્લાં ૬૦-૭૦ વર્ષ દરમ્યાન ગામમાં આવી નગરયાત્રા નીકળી નથી.'

આવી જ ધામધૂમ સાથે તા. ૨૩/૧ના રોજ અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરીને સ્વામીશ્રી આજની સાંજે પોરડા પહોંચ્યા. અત્રે તેઓનાં કરકમળો દ્વારા ગામનું પ્રવેશદ્વાર 'અક્ષરદ્વાર' તરીકે ઉદ્‌ઘાટિત થયું.

ત્યારબાદ બોચાસણ અને ભાદરણને લાભ આપતાં સ્વામીશ્રી તા. ૨૫/૧ના રોજ કાવીઠા પધાર્યા. અહીંના વિશ્વમંદિરમાં આજે તેઓએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ સહિત અન્ય ચાર મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી.

એ જ રીતે બોરસદ તથા વાસણા થઈને ભાદરણ પહોંચેલા સ્વામીશ્રીએ તા. ૨૬/૧ની સવારે બાઈઓના નવનિર્મિત હરિમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. આ પ્રસંગે જાણીતા ધર્માચાર્ય શ્રી દાદા ભગવાન સહિત ઘણા અગ્રણીઓ ઉપસ્થિત રહેલા. તેઓના સાંનિધ્યમાં ઉત્સવ-સભા સંપન્ન કરી સ્વામીશ્રી તે જ દિવસની રાત્રે અમદાવાદ પધારી ગયા.

આમ, હૃદયરોગના હુમલા પછી પણ તેઓ એક દિવસમાં ત્રણ-ચાર ગામોની સરેરાશથી ઘૂમતા રહેતા. સ્વામીશ્રીની શૈલીમાં રોગાદિકના ઉપદ્રવ કોઈ રુકાવટ સર્જી શક્યા નહોતા.

આ તો બ્રહ્મનો પ્રવેશ છે

ગુણાતીત દ્વિશતાબ્દી નિમિત્તે નિર્માણ પામી રહેલા સંસ્કૃતિના સનાતન સ્થાન 'અક્ષરધામ'માં, સમાજની પ્રત્યેક વ્યક્તિ યોગદાન આપી શકે તેવા ઉમદા હેતુથી સંસ્થા દ્વારા 'અક્ષરપત્રિકા' અને 'અક્ષરકુંભ'ની યોજના વિચારવામાં આવેલી. આ નૂતન આયોજન સંબંધી તમામ સમજૂતી આપવા

ભારતભરમાં કાર્યરત સત્સંગ મંડળોના અઢી હજાર કાર્યકરોની એક શિબિર અમદાવાદમાં ચાલી રહેલી.

'એસ્યા હાઉસ'ના પ્રાંગણમાં આયોજિત આ સંમેલનમાં સ્વામીશ્રીએ તા. ૨૯/૧ના રોજ 'પત્રિકા' અને 'કુંભ'નું વિમોચન કરતાં હાકલ લગાવી કે –

''ઉત્સાહ વગર કોઈ કાર્ય થવાનું નથી. જેટલી આપણી નિષ્ઠા, જેટલી શ્રદ્ધા, જેટલું પવિત્ર જીવન, તેટલું આપણું કાર્ય સુંદર થવાનું છે. એમાં કોઈને કશુંય કહેવું નહીં પડે. અક્ષરબ્રહ્મનો પ્રવેશ સર્વત્ર દેખાશે. આપણે પડાપડી નથી કરવી, પણ આયોજનપૂર્વક, વિચારપૂર્વક કાર્ય કરીએ. અક્ષરની દ્વિશતાબ્દી ઊજવવાની વાત કરીએ છીએ ત્યારે પહેલાં તો 'આપણે અક્ષરરૂપ થવું જ છે' એ નિષ્ઠાથી આપણે કાર્ય કરવું છે. આપણને કોઈ બોલાવે કે ન બોલાવે, કોઈ આવકાર કે આમંત્રણ આપે કે ન આપે, આપણને સભામાં આગળ બેસવાનું મળે કે પાછળ, પણ આપણે કાર્ય કરવું જ છે.

કાર્યકર્તાઓ કંઈ પૂર્ણ નથી કે જેથી કોઈ ભૂલ ન થાય. હમણાં કૅમેરાવાળો ફોટો લેતો હોય તો એ કૅમેરાવાળામાં કેટલી બુદ્ધિ હોય? એને જે ઠીક લાગ્યું હોય તે લીધું. ફિલ્મવાળાની પણ લિમિટેડ(મર્યાદિત) બુદ્ધિ. પણ 'મારું ન લીધું' એમ થઈ જાય. ભગવાન પૂર્ણ છે. અક્ષર પૂર્ણ છે. એ આપણને જુએ છે. એની ફિલ્મમાં આપણે આવી ગયા છીએ એટલે બીજી ફિલ્મમાં ન આવીએ તેની જરા પણ ચિંતા ન કરવી. નામ આવે કે ન આવે, આવો કોઈ સંકલ્પ પણ ન થવો જોઈએ. બાકી મોટો લાભ લેવા આવ્યા છીએ તેને બદલે ઊંડા ખાડામાં ચાલ્યા જઈશું અને ક્યાં જઈશું એની પણ ખબર નહીં પડે!

આ સેવા આપણે કરવી છે, કરવી છે ને કરવી જ છે. કોઈ કહે તોય કરવી છે ને ન કહે તોય કરવી છે. આ ઉત્સવ-સમૈયા એવી રીતે થશે કે આપણને ખબર નહીં પડે. આ તો બ્રહ્મનો પ્રવેશ છે એટલે દરેકમાં સરસ વિચાર આવી જાય, આપણને કોઈને ખબર ન પડે એમ! આ રીતે અક્ષરકુંભ અને અક્ષરપત્રિકાની વાત ઘરોઘર પહોંચાડવી છે. પાંચ જીવને મળ્યા સિવાય આપણે ભોજન પણ ન લેવું, ઊંઘવું પણ નહીં. આવો એક સંકલ્પ કરવો. શ્રીજીસ્વરૂપ સ્વામી, નિખિલેશ સ્વામી વગેરેએ પત્રિકા છાપવામાં દાખડો કર્યો છે, તો એ છાપવાવાળા થાકે એવું કરવું.

શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મોળા પડ્યા નથી. આપણે એમ કહીએ કે એ તો દિવ્ય પુરુષ હતા, એટલે એ તો કરી શકે.

તો આપણે દિવ્ય નથી થવું ? એમણે આપણને એમના જીવનમાં બતાવી દીધું છે કે તમે પણ આ રીતે જીવન જીવો. ના કેમ થઈ શકે ? આપણે પણ એમના જ અનુયાયી છીએ. માટે આ વખતે એવો ડંકો મારી દેવો કે જબરજસ્ત કામ થઈ જાય. એવા ધ્યેયથી આપણે આગળ વધે જ જવું છે, આગળ વધે જ જવું છે, આગળ વધે જ જવું છે અને ઠેઠ મહારાજના અક્ષરધામમાં જઈને બેસવું છે. એમાં નિષ્ફળતા મળે તો એ સફળતા જ છે.''

પ્રવચન-પીઠિકા આગળ આવી ઊભાં-ઊભાં બોલાયેલા સ્વામીશ્રીના આ શબ્દો સૌમાં અનેરો જુસ્સો જન્માવી ગયા. જે અક્ષરબ્રહ્મ માટે શાસ્ત્રીજી મહારાજે અપાર કષ્ટો સહન કરેલાં, તે અક્ષરની દ્વિશતાબ્દી ઊજવવાનો અકલ્પ્ય અને અદમ્ય ઉત્સાહ તેઓમાં જોવા મળતો. જાણે આ ઉત્સવ દ્વારા તેઓ શાસ્ત્રીજી મહારાજને પણ એક અક્ષર-અંજલિ આપવા માગતા હતા.

આપ છો ભૂલા પડેલા માટે દીવાદાંડી સમાન

આ અરસામાં શતાયુના આરે પહોંચેલા રવિશંકર મહારાજ વિષે તૈયાર થયેલા દળદાર પુસ્તક 'જેણે જીવી જાણ્યું'નો ઉદ્‌ઘાટન સમારંભ તા. ૧/૨ના રોજ આપણા મંદિરમાં યોજાયેલો.

રવિશંકર મહારાજ શતાબ્દી સમિતિ દ્વારા આયોજિત આ અવસરે પોતાનો અભિપ્રાય રજૂ કરતાં પુસ્તકના લેખક શ્રી પન્નાલાલ પટેલે જણાવ્યું કે –

''રવિશંકર મહારાજને મેં પૂર્ણ માનવ તરીકે જોયા છે. મેં સો જેટલાં પુસ્તકો લખીને મિત્રો અને સાહિત્યકારોને અર્પણ કર્યાં છે. પરંતુ આ પુસ્તક કોને અર્પણ કરવું તે પ્રશ્ન હતો, કારણ કે આ પુસ્તકનો ભાર ઝીલે એવો પુરુષ કોણ ? પણ તામિલનાડુના પૂર્વ રાજ્યપાલ શ્રી પ્રભુદાસભાઈ પટવારીએ સૂચન કર્યું કે 'આ પુસ્તક પ્રમુખસ્વામીને અર્પણ કરો.' અને આજે આ પુસ્તક તેમને અર્પણ કરું છું. આ પુસ્તકના અર્પણપાના પર મેં છાપ્યું છે :

'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બોચાસણવાસી શ્રી અક્ષર-પુરુષોત્તમ સંસ્થાના પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને –

આપ છો જાણે ભવાટવીમાં ભૂલા પડેલા ભક્તો માટે દીવાદાંડી સમાન,
તો વળી રવિદાદા સદા દાસ દીન-દુખિયાંની હોડી સમા,
આપને અર્પી દાદાના આ ગુણની ગાથા,
ભગવન્ ! હું ચાહું છું ધન્ય થવા.''

આ ભાવગંગા ઝીલતા સ્વામીશ્રીએ સર્જક અને સર્જન, બંનેને ચાંદલા કરી પુસ્તકને ઉદ્ઘાટિત કર્યું. આ ઘટનાને ગાંધી વિચારસરણીને વરેલા અનેક મહાનુભાવો સહિત વિશાળ મેદનીએ તાળીઓના પ્રચંડ ગડગડાટથી વધાવી લીધી. સ્વામીશ્રીનું કદ સમાજમાં કેટલું વિસ્તર્યું છે તેનો ખ્યાલ સૌને આ સમારંભથી આવ્યો.

આત્માની શાંતિ માટે સત્સંગ

અમદાવાદથી પીપળાવ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અત્રે તા. ૪/૨ના રોજ નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. આ અવસરે સ્વામીશ્રી બોલ્યા : 'દેહને તરસ લાગે ત્યારે પાણી જ જોઈએ; હીરા-મોતી ન ચાલે. તેમ આત્માની શાંતિ માટે સત્સંગ. સદ્વાંચન અને સત્પુરુષનો સંગ આત્માને સ્પર્શે છે.'

આ સુવર્ણરજ વેરી અત્રેથી વિદાય થયેલા સ્વામીશ્રી પેટલાદ થઈને બોચાસણ પહોંચ્યા ત્યારે તેઓ પ્રથમ વલ્લભ વિદ્યાલયના સમીપવર્તી દવાખાનામાં આરામ કરતા રવિશંકર મહારાજને મળવા ગયા. અહીં તેઓની શતાબ્દી નિર્વિઘ્ને ઊજવાઈ જાય તે માટે ધૂન કરી સ્વામીશ્રી મંદિરે પહોંચ્યા ત્યારે અમૂલ ડેરીના ૭૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ બે બસ ભાડે કરીને લાભ લેવા આવી ચૂકેલા.

તેઓને સ્વામીશ્રીએ પોતાની સીધી-સાદી વાણીમાં આપેલા સદુપદેશની ચોટ એક મુસ્લિમ પટાવાળાને એવી લાગી કે તેણે તે જ ક્ષણે ધૂમ્રપાન અને માંસાહાર છોડ્યા. આ વૃંદમાં સામેલ એક મરાઠી ભાઈને પણ સ્વપ્નું આવેલું કે 'સ્વામીશ્રીએ તેની બીડી છોડાવી છે.' તેને લક્ષમાં રાખી આજે તેઓએ રોજની ચાલીસ સિગારેટ પીવાના વ્યસનને ઠોકરે ચડાવ્યું. આ રીતે 'અમૂલ'ના કંઈક કર્મચારીઓ આમૂલ પરિવર્તન પામ્યા.

કોડી એક ન વાવરે વ્યર્થ

'અમૂલ'ના સંઘને વિદાય આપી નિત્યક્રમથી પરવારેલા સ્વામીશ્રી રાત્રે સાડા અગિયાર વાગ્યે આરામમાં જઈ રહેલા. મોતિયાના ઑપરેશન પછી સૂતી વેળાએ આંખો સાફ કરવાનો તેઓનો રોજિંદો ક્રમ થઈ ગયેલો. તેથી આ સમયે સેવકો સ્વામીશ્રીને ટિસ્યૂ પેપર આપે. તે વડે તેઓ આંખમાં

નાંખેલાં ઔષધીય ટીપાંનું પ્રવાહી લૂછે. તે પછી એ કાગળ સ્વામીશ્રી ઓશીકાની નીચે મૂકે.

આ મુજબ આજે પણ તેઓએ ઓશીકા તળે રાખેલું ટિસ્યૂ પેપર ઉપાડ્યું, પરંતુ તે જોઈ સેવક ઝડપથી નજીક ધસી ગયા અને નવું ટિસ્યૂ પેપર ધરતાં કહ્યું: 'લ્યો, આ સારું છે. એ તો...'

'ના, આ ચાલે તેમ છે.'

'પણ એ એક વખત વપરાઈ ગયેલું છે. એના કરતાં આ જરા સારું છે.'

'સારું હોય તો રાખી મૂકો. કાલે સવારે એ ચાલશે.' એમ કહેતાં સ્વામીશ્રીએ વપરાઈ ગયેલા ટિસ્યૂ પેપરથી જ આંખ સાફ કરી ત્યારે સૌની આંખોમાં તેઓની કરકસર અંજાઈ ગઈ. તેથી સ્વામીશ્રી વિશેષ ચમકી ઊઠ્યા.

એ ચમક વધુ તેજલ તો ત્યારે બની જ્યારે બીજા દિવસની સવારે પણ સ્વામીશ્રીએ વપરાઈ ગયેલું જ ટિસ્યૂ પેપર માંગ્યું અને તે જ વાપર્યું!

આપણે તો અક્ષરધામમાં જ બેઠા છીએ

બોચાસણથી અટલાદરા પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૭/૨ના રોજ વસંત પંચમી ધામધૂમથી ઊજવાઈ. તેના પગલે તા. ૮/૨ની રાત્રે લક્ષ્મીવિલાસ પૅલેસના દરબાર હૉલમાં યોજાયેલી સંતોની કીર્તન આરાધનામાં પણ સ્વામીશ્રીની સંગત વિશેષ રંગત લાવી.

અટલાદરાના આ રોકાણ દરમ્યાન જ સ્વામીશ્રી તા. ૧૧/૨ના રોજ ઘોઘંબામાં કરણ નદીના કાંઠે નિર્માણાધીન મંદિરનું ખાતમુહૂર્ત કરી આવ્યા. આ ફેરામાં તેઓએ સમલાયા, પાધરદેવી અને અરાદને પણ લટકાંનો લાભ આપી દીધો. *'વાટે નિજજનનું ગામ આવે, દૈને દર્શન સુખ ઉપજાવે...'*ની જ સ્વામીશ્રીની શૈલી.

તે અનુસાર ઘૂમતા તેઓ તા. ૧૫/૨ના રોજ વડોદરાના હરિનગરમાં શ્રી ગિરીશભાઈ પટેલના ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા. અહીં ભોજન લેતી વખતે સામે બેઠેલા એક સત્સંગી વાતવાતમાં બોલ્યા: 'હવે તો વહેલું-મોડું અક્ષરધામમાં જ જવાનું છે ને! ઉંમર થઈ છે.'

તેઓનો આ ઉદ્‌ગાર સાંભળી સ્વામીશ્રીએ તરત જ કહ્યું: 'ભાઈકાકા! આમ કેમ બોલો છો? આપણે તો અક્ષરધામમાં જ બેઠા છીએ. ક્યાં જવા-આવવાનું છે!'

સ્વામીશ્રીનાં આ વચનોમાં શ્રીજીનો સૂર હતો. ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે 'તે સંત થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ અણુમાત્ર છેટે નથી...'[૧૧] એટલે જ્યાં આવા સંત ત્યાં જ અક્ષરધામ.

આ મર્મ સ્વામીશ્રીએ ભોજનના કોળિયા સાથે સૌના ગળે ઉતારી દીધો.

જેનો પ્રેમ પ્રભુપદે ઝાઝો

આ અરસામાં સ્વામીશ્રી જ્યાં જતા ત્યાં દ્વિશતાબ્દીની સેવાનો ઠેલ મારતા. તેના ફલસ્વરૂપે 'અક્ષરપત્રિકા' ઘરોઘર પહોંચવા માંડેલી અને 'અક્ષર-કુંભ' છલકાવા લાગેલા.

તે ક્રમમાં તા. ૧૬/૨ની રાત્રે અટલાદરાના બાળકો દ્વિશતાબ્દી નિમિત્તે ૩૨૨ રૂપિયાનો ફાળો એકત્રિત કરી ઠાકોરજીને આપવા આવ્યા. તેઓનો આ ભક્તિભાવ જોઈ સ્વામીશ્રી રાજી થયા અને રામે જેમ ખિસકોલીની પીઠ પસવારેલી તેમ તેઓએ પણ આ ભૂલકાંઓને આશીર્વાદ આપ્યા.

પરંતુ ત્યારબાદ દરેક બાળકે કાળજે કોતરી રાખવા જેવો બાળબોધ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમે નિયમિત મંદિરે આવો, તિલક-ચાંદલો કરો, મા-બાપને પગે લાગો, નિશાળમાં નિયમિત જાવ, પૂજા કરો, ભક્તિ કરો એ બધી તમારી સેવા. આ બધા તમારા પૈસા.'

બાળકોને તેઓનાં આ અસલ મૂડી-મિલકત ઓળખાવી સ્વામીશ્રી તા. ૧૭/૨ની સવારે સાડા સાત વાગ્યે મંદિરે દર્શન કરવા પધાર્યા. તે પછી પ્રાતઃપૂજા અને અલ્પાહારથી પરવારી નવ વાગ્યે મંદિરેથી વિદાય થતાં પૂર્વે તેઓ પુનઃ પગથિયાં ચઢી ઠાકોરજીનાં દર્શન કરવા ઊપડ્યા!

આ જોઈ એક અંતેવાસીએ કહ્યું: 'હમણાં જ તો દર્શન કર્યાં છે.'

'વિદાય વખતે ફરી જવું જ પડે. પરદેશ જતાં પહેલાં અવાય - ન અવાય! માટે દર્શન કરી લેવાં.'

સ્વામીશ્રીની ભક્તિ આમ નીતરી રહી.

પરમારથ અર્થે છે ફરવું

અટલાદરાથી નીકળેલા સ્વામીશ્રી કંડારી, કરજણ અને પાલેજને પાવન કરતાં ભરૂચ પહોંચ્યા ત્યારે અહીં જી.એન.એફ.સી.ના સંકુલમાં જાહેર-સભા

૧૧. વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૦.

યોજાયેલી. તેમાં આ નિગમના નિયામક શ્રી એન. વિઠ્ઠલે સ્વામીશ્રીને નવાજતાં કહ્યું :

'દરેક પળે ભગવાન અભિમુખ સંત આજે અહીં ઉપસ્થિત છે. આપણે ગમે તે ક્ષેત્રમાં કામ કરતા હોઈએ, પણ તેમાં તેઓ સહાયરૂપ છે. અમે અત્રે મૅનેજમૅન્ટના સિદ્ધાંતોની વાતો કરીએ છીએ, પણ પૂજ્ય સ્વામીશ્રી તે કરી બતાવે છે. અમદાવાદમાં દ્વિશતાબ્દી પ્રસંગે આ મેં નજરે જોયું છે. આ લોકમાં સુખી રાખે અને પરલોકમાં ભગવાન તરફ લઈ જાય એમ બંને લોકનું તેઓ સુખ કરી આપે છે.'

'વિઠ્ઠલજી' આ જે બોલી રહેલા તેનો અદલ અનુભવ સભામાં બેઠેલા 'લાલાજી' કરી રહેલા. આ હુલામણા નામથી ઓળખાતા ભરૂચના શ્રી નવીનભાઈને પરિવારમાં દીકરીઓ જ હોવાથી તેઓએ સ્વામીશ્રીને પુત્રપ્રાપ્તિ માટે પ્રાર્થના કરેલી. તે મનોકામનાની પરિપૂર્તિ માટે સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપેલા.

આ પ્રસંગ બન્યાને સાત વર્ષનાં વહાણાં વહી ગયાં બાદ તાજેતરમાં જ નવીનભાઈના ઘરમાં પુત્રનું પારણું હીંચકતું થયેલું. તા. ૧૮/૨ની સવારે તેઓ પોતાના એ દીકરાને વર્તમાન ધરાવવાં લઈ આવ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આજથી અમારી એક માળા ઓછી થઈ.'

આ શબ્દોનો મર્મ તત્ક્ષણ તો કોઈ પકડી ન શક્યું, પણ ઊંડા ઊતરતાં માલૂમ પડ્યું કે આ હરિભક્તના ઘેર પુત્રજન્મ થાય તે માટે સ્વામીશ્રી પોતાની પૂજામાં સતત સાત વર્ષ સુધી રોજ એક માળા વધુ ફેરવતા હતા! આ જાણી સૌ પરમાર્થી સ્વામીશ્રીનાં સ્નેહ અને શ્રદ્ધાના પ્રદેશમાં ખોવાઈ જ ગયા.

આદિવાસીને અક્ષરમુક્તની પદવી

ભરૂચથી વિદાય લઈ સ્વામીશ્રી અંકલેશ્વર અને સાદકપોરને પાવન કરતાં તા. ૧૯/૨ના રોજ આછવણી મુકામે સંસ્થા દ્વારા આયોજિત 'શિક્ષક જ્ઞાન શિબિર'ના અંતિમ સત્રમાં પધાર્યા.

આદિવાસી ઉત્કર્ષના ભાગરૂપે ચાલી રહેલી આ શિબિરમાં સ્વામીશ્રી આવતાં જ પ્રાણ પુરાયો હોય તેવી તાજગી પ્રસરી ગઈ. તેઓની વાતો સાંભળી કંઈ કેટલાય આદિવાસી શિક્ષકોએ વ્યસનો છોડ્યા, તો કેટલાયે વિદ્યાર્થીઓને દત્તક લઈ ભણાવવાના શપથ લીધા. તેની સાથે જરૂરિયાતમંદોને પાટી-પેન,

પુસ્તક-કપડાં વગેરે પૂરાં પાડવાંનીયે પ્રતિજ્ઞાઓ લેવાઈ. જેઓના ફળિયામાં આ આયોજન થયેલું તે યજમાન તો ૧,૫૦૦ આદિવાસીઓના ગુરુ હતા, પરંતુ તેઓએ પણ સ્વામીશ્રીરૂપે પ્રભુ મળ્યાની પ્રતીતિ સાથે કંઠી ધારી.

આમ, સમાજ પર સંજીવની છાંટી સ્વામીશ્રી પણંજ તથા ધરમપુરને ધર્મલાભ આપતાં આંબા તલાટ પહોંચ્યા.

ધોડિયા અને વર્લી જાતિના વનવાસીઓનું આ ગામ. તેઓ સ્વામીશ્રીને ગાડામાં બેસાડીને ભક્તિભાવપૂર્વક એક નાના મંડપ સુધી લઈ આવ્યા. અહીં તેઓનું સ્વાગત-સન્માન સ્વીકારી સ્વામીશ્રીએ આદિવાસી શ્રી ખલપુ લાછિયાના ઝૂંપડાને પાવન કર્યું.

તેઓનો આ અલ્પ પ્રસંગ ખલપુભાઈના જીવનમાં અનેરા રંગ પૂરનારો સાબિત થયો. આ પધરામણી બાદ ત્રણેક વર્ષે એ આદિવાસીની આવરદાનો આરો આવ્યો ત્યારે સ્વામીશ્રીએ દિવ્ય દર્શન આપી તેઓને જણાવેલું કે 'આજથી ત્રીજા દિવસે હું તમને અક્ષરધામમાં લઈ જવા માટે તેડવા આવીશ.'

આ સમયે ખલપુભાઈ તો નખમાં પણ રોગ ન મળે એવા સ્વસ્થ હતા. છતાં સ્વામીશ્રીના વચને તેઓએ પોતાના સંબંધીઓને કહી દીધેલું કે 'આજથી ત્રીજા દિવસે હું નહીં રહું.'

અને એમ જ બન્યું. ધામગમનના દિવસે ખલપુભાઈ એકત્રિત સ્વજનોને કહેવા માંડેલા કે 'સ્વામીબાપા મને લેવા પધારી ચૂક્યા છે. માટે સૌને જય સ્વામિનારાયણ.'

આ સાંભળનારા સૌને એ જ વખતે ચારેકોર તેજ વ્યાપી વળ્યાનો અનુભવ થયો. તેની વચ્ચે ખલપુભાઈ દેહ છોડી અક્ષરધામ સિધાવી ગયા.

આમ, પોતાના યોગમાં આવનારા સૌને અક્ષરમુક્તની પદવી પમાડનારા સ્વામીશ્રી વિચરણના આગામી ક્રમમાં આંબા તલાટથી સાતેક કિ.મી. દૂર આવેલા સિદુંબર મુકામે જઈ પહોંચ્યા.

અત્રે ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ દ્વારા યોજાયેલા 'વનવાસી પરિવાર સંમેલન'માં ૧,૦૦૦થી વધુ વનવાસીઓ તેઓનાં દર્શન-આશીર્વાદ પામી કૃતાર્થ થયા. સ્થાનિક સાંસદે તો કહી જ દીધું કે 'પ્રમુખસ્વામીની જ્યાં નજર પડે ત્યાં જંગલમાં મંગલ થઈ જાય. મને આ શ્રદ્ધા છે.'

આ અહોભાવ ઝીલનારા સ્વામીશ્રી વનવાસી કલ્યાણ પરિષદના ૨૭ એકરના સંકુલમાં પગલાં કરી બપોરે બે વાગ્યે વનવાસીઓની સાથે જ જમવા

બિરાજ્યા ! આ લાભ પામી ભોળા વનવાસીઓ ધન્યતા અનુભવી રહ્યા.[૧૨]

સુંખદાયક સહુ જનના

સિદુંબરમાં ભોજન બાદ વનવાસી કલ્યાણ પરિષદ દ્વારા સંચાલિત છાત્રાલયમાં જ સ્વામીશ્રી બપોરનો વિશ્રામ લે તેવું આયોજન ગોઠવાયેલું.

પરંતુ આ સ્થાન હતું વ્યવસ્થાશૂન્ય. તેમાં સ્વામીશ્રીને યોગ્ય આરામ મળે એવો ઓરડો મળવો તો મુશ્કેલ હતો જ, પણ ગાદલાં-ઓશીકાંનોય મેળ પડે એમ નહોતો. છતાં સંતોએ પોતાનાં ગાતરિયાં બાંધી ઓરડા જેવું ઊભું કરી દીધું અને ક્યાંકથી એક પાતળું ગાદલું લઈ આવી તે પાથર્યું. જો કે એકવડા સુતરાઉ કપડાંની આડશ અવાજ અને અજવાળાંને કેટલાં રોકી શકે ?

આવી અગવડ વચ્ચે જ વિશ્રામ કરી આગળ વધેલા સ્વામીશ્રી ભોમા પારડી, વલસાડ, ડુંગરી, બલવાડા થઈને તા. ૨૨/૨ના રોજ બિલિમોરા પધાર્યા.

આ પધરામણીના મૂળમાં હતી – એક તદ્દન અપરિચિત વ્યક્તિની એવી જ એક અજાણી વ્યક્તિ માટેની ભલામણ !

તાજેતરમાં જ આછવણી ગામે યોજાયેલી શિક્ષક શિબિરમાં વડોદરાથી આવેલા આચાર્ય શ્રી જયેન્દ્રભાઈ શાહ સ્વામીશ્રીને મળેલા, પહેલી જ વાર. તેઓએ એ પ્રથમ પરિચયમાં સ્વામીશ્રીને વાત કરેલી કે 'મારા મિત્ર શ્રી મનુભાઈ મહેતાને બિલિમોરાના એક દવાખાનામાં દાખલ કર્યા છે. તેને આપ આશીર્વાદ આપવાની કૃપા કરજો.'

આ ભલામણ કરનારી વ્યક્તિ સ્વામીશ્રીને પહેલી વાર મળતી હતી, તો જેની ભલામણ થઈ રહેલી તેથી પણ સ્વામીશ્રી બિલકુલ અજાણ હતા. છતાં આ વિનંતી સ્વીકારીને સ્વામીશ્રીએ ડૉ. અશોક દેસાઈના દવાખાનાનું સરનામું લીધેલું અને આજે તેઓ પોતાના વિચરણનો નકશો ફેરવી અહીં આવી પહોંચેલા.

પરંતુ તેઓ પેલી બીમાર વ્યક્તિને આશીર્વાદ આપવા દવાખાને ગયા ત્યારે ખબર પડી કે 'દર્દીનો ઓરડો તો પહેલા માળે છે.'

---

૧૨. સ્વામીશ્રીએ ખેડેલા આદિવાસી વિસ્તારોના આ પ્રવાસમાં ઝળકતી તેઓની પ્રતિભાને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

આ અરસામાં સ્વામીશ્રીને દાદરા ચઢવાનો શ્રમ લેવાની ડૉક્ટરોએ સ્પષ્ટ મનાઈ ફરમાવેલી. છતાં તેઓ પોતાના સ્વાસ્થ્યને જોખમમાં મૂકી એક માળ ચઢી ગયા અને પેલા બીમારના બિછાને જઈ પહોંચ્યા. તેઓના આ પ્રેમ તથા પરિશ્રમે એ પથારીવશની આંખો છલકાવી દીધી.

મોટે ભાગે માનવી પરિચયને કેન્દ્રમાં રાખીને જે-તે કાર્યમાં પોતાનાં તન અને મનને નિચોવે છે. પરિચિત સાથે કલાકોના કલાકો તાળીઓ દેતાં ફરતા ઘણા લોકો અપરિચિત સામે તો જોવાની પણ દરકાર લેતા નથી, પરંતુ સ્વામીશ્રીની રીત જગતથી જુદી હતી. તેઓને મન મહત્તા પરિચયની નહોતી. એક માનવીની બીજા માનવી માટેની ભલામણ જ તેઓ માટે પૂરતી થઈ રહેતી; કારણ કે તેઓ માનવીને ચાહનારા હતા ને!

સમાજની ત્રાહિત વ્યક્તિની અરજને પણ આટલા આદરથી વધાવતા સ્વામીશ્રીની કરુણાનો છેડો આવે એમ નથી.

થાય અધમનો આંહિ ઉદ્ધાર

બિલિમોરાથી સ્વામીશ્રી દોણજા, કૂકેરી (ટોરવણ ફળિયું), રાનવેરી કલ્લા, વલવાડા અને કરચેલિયાને પાવન કરતાં ઉકાઈ પધાર્યા ત્યારે તત્કાલીન ગુજરાતના મોટામાં મોટા હાઇડ્રો તેમ જ થર્મલ પાવર સ્ટેશન ધરાવતા આ સ્થાનમાં, મંદિર, છાત્રાલય, અતિથિગૃહ વગેરેનું નિર્માણ સંપન્ન થયેલું. આશરે પાંચ એકરની ભૂમિ પર વિસ્તરેલાં આ તમામ સંકુલોનો ઉદ્‌ઘાટનવિધિ તા. ૨૬/૨ના રોજ સ્વામીશ્રીના વરદહસ્તે ઉલ્લાસભેર યોજાયો. આ અવસરે ઉકાઈ બંધની કાર્યવાહી સાથે સંલગ્ન અનેક ઈજનેરો, હોદ્દેદારો, રાજ્યના મંત્રીઓ વગેરે સહિત મોટી મેદની ઉપસ્થિત રહી.

જેમ નદીમાં પાણી વહેતું રહે તેમ ઉકાઈમાં પણ મોટા ભાગના મનુષ્યોનો વસવાટ સ્થિર નહીં. નોકરીઓમાં બદલી થતાં અહીં આવવાનું થાય કે અહીંથી જવાનું થાય. પરંતુ પૂર્વે અત્રે રહી સત્સંગનો સ્વાદ ચાખી ચૂકેલા કંઈક સત્સંગીઓ પણ આ પ્રસંગે આવી પહોંચતાં, યજ્ઞ, શોભાયાત્રા અને પ્રતિષ્ઠા-ઉત્સવની ત્રિવેણી શોભી ગઈ.

આમ, ઉકાઈમાં મોક્ષનું દ્વાર ઉઘાડી સ્વામીશ્રી સોનગઢ અને વ્યારાને લાભ આપતાં નવસારી પહોંચ્યા.

અત્રે તા. ૨૮/૨ના રોજ તેઓએ હરિજન ભાઈઓની વસાહત

'ઠક્કરબાપા વાસ'માં નૂતન 'સંસ્કાર ભવન'નો ખાતવિધિ કર્યો. 'પરીક્ષિત મૃજમુદાર સ્મારક ટ્રસ્ટ' દ્વારા નિર્મિત આ સંકુલના શ્રીગણેશ ટાણે સ્વામીશ્રીએ ત્રિકમના પાંચ ટચકા મારી ભૂમિખનન પણ કરી આપતાં હરિજન બંધુઓને તો આનંદના ઓઘ વળી ગયા. આ નિમિત્તે આયોજિત સભામાં આ જ્ઞાતિનાં વિવિધ સામાજિક સંગઠનો વતી સ્વામીશ્રીને પુષ્પહાર અર્પણ થયા. તે તમામ હાર સ્વામીશ્રીએ તેઓને તરત પરત પહેરાવ્યા ત્યારે સૌ ગદ્‌ગદ થઈ ગયા, કારણ કે તેઓને આમ સન્માનિત કરનારા સ્વામીશ્રી પ્રથમ જ હતા!

આવી જ લાગણી 'બાળ સંરક્ષણ ગૃહ'ના બાળકોએ પણ અનુભવી. સંગદોષ, અજ્ઞાન કે આવેશને કારણે પોતાની માસૂમિયતને હણી, ગુના આચરી બેઠેલા બાળ ગુનેગારોનું આ રિમાન્ડ હોમ ઠક્કરબાપા વાસની નજીકમાં જ હતું. સ્વામીશ્રીની કરુણાનું વહેણ ત્યાં પણ જઈ પહોંચ્યું. તે જોઈ આ સંરક્ષણ-ગૃહની મહિલા સંચાલિકા ભાવવિભોર બની ગયાં.

પ્રત્યેક બાળકોના માથે હાથ મૂકી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા ત્યારે આવો પ્રેમાળ સ્પર્શ અને અમીનજર પ્રથમ વાર જ માણવાં મળતાં બાળકો પણ ખુશીના માર્યા ઝૂમી ઊઠ્યા. એક બાળક તો દોડતો-દોડતો બગીચામાં જઈ ફૂલો ચૂંટી લાવ્યો અને તે સ્વામીશ્રીને ધર્યાં. સ્વામીશ્રીના સંગે એ બાળકોની ગુનાઈત મનોભૂમિમાં પણ જાણે ભક્તિનાં ફૂલો ખીલી ઊઠ્યાં!

ભક્તિની આ ફૂલવેલી ખીલવી હરિજનવાસના અંબાજી મંદિરે પધારેલા સ્વામીશ્રીએ અહીં આરતી ઉતારી સૌને ધન્ય કર્યા.

મહારાજ-સ્વામી માટે ભીખ માગવી છે

નવસારીના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ ખડસૂપા, પારડી, સીસોદરા, કણબાડ, કુરેલ, કાછિયાવાડી, ટોળી, વસર, વિહાણ, શામપુરા વગેરે ગામોને પણ પાવન કર્યાં. તેની વચ્ચે તેઓએ તા. ૨૯/૨, મહાશિવરાત્રિના શુભ દિવસે ઈલેક્ટ્રિક ગ્રીડની નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર શ્રી ડાહ્યાભાઈ પટેલે સમર્પિત કરેલી ભૂમિ પર નૂતન બી.એ.પી.એસ. મંદિરનું ખાતમુહૂર્ત કર્યું.

તે દ્વારા નવસારીમાં નવું અને સારું કામ શરૂ કરી સ્વામીશ્રી તા. ૨/૩ના રોજ સાંકરી પધાર્યા. અહીં અઠવાડિયાનો લાભ આપ્યા બાદ તેઓ નિર્માણાધીન કામરેજ સુગર ફેક્ટરીની જગ્યા પર પુષ્પો પધરાવી પુરુષોત્તમપુરા, નાયકા, લીંબડી, ચોટીલા, ભાદરા, ડાંગરા, પડધરી, રાજકોટ, ગોંડલ, બાબરા, ગઢડાને

લાભ આપતાં તા. ૧૫/૩ના રોજ સારંગપુર આવી પહોંચ્યા.

અત્રે તા. ૧૬/૩ના દિવસે ઊજવાયેલી પ્રાગજી ભક્ત જયંતીને અનુસરતાં આવેલી તા. ૧૭/૩ની સવારે સ્વામીશ્રીએ આઠ પાર્ષદોને ભગવાં ઉત્તરીય ઓઢાડતાં આશીર્વાદ આપ્યા કે 'આ આઠ સંતો આઠ દિશા ગજવે એવા બળિયા થાય, જીવન શોભાડે.'

નવદીક્ષિતોની ગળથૂથીમાં હિંમતનું આ હીર સીંચી સ્મૃતિમંદિરેથી મંદિરે પધારેલા સ્વામીશ્રીએ અહીં ગર્ભગૃહના ઉંબરા પર ઊભા રહી ઘુમ્મટમાં એકત્રિત થયેલા હરિભક્તોને રંગ્યા.

રંગવર્ષણની આ લીલા બાદ આજની રાત્રે યોજાયેલી એક સંતસભામાં દ્વિશતાબ્દીનો નાદ ગજવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'શબ્દો અધ્ધર ઝીલવાની આ વાત છે. સૂઈ ગયા હોય તેને બેઠા કરો. ચાલતાને દોડતા કરો. મનમાં ધાર્યું હોય તો બધું જ થાય. કષ્ટ નડે જ નહીં. મંડી પડવું. સાધુતા પૂરેપૂરી રાખવી. ગુણાતીતે માર ખાધો છે. ગુણાતીતની સેવા કરવી છે તો માર ખાવો પડે. શાસ્ત્રીજી મહારાજે ગુણાતીત માટે માથું આપ્યું છે. આપણે તૈયાર થાવ. ઉપાધિઓથી ડરવું નહીં. કાર્યકર્તા ઊભા કરો. બસો ગામમાં સાફસૂફી અને યજ્ઞ ગોઠવવાં છે. તે કાર્ય કરવામાં ગભરાઈ ન જવું. કોઈએ કોઈની વાતથી અભિપ્રાય બાંધવો નહીં. પૈસાની ખેંચ રહે છે તે પણ સારું છે. મહારાજ-સ્વામી માટે ભીખ માગવી છે.'

ગુણાતીત દ્વિશતાબ્દી ઊજવવાનો અવર્ણનીય ઉત્સાહ સ્વામીશ્રીના ઉપરોક્ત શબ્દોમાં પડઘાઈ રહ્યો.

આત્મબુદ્ધિ ન હોય તો બધું નકામું

તાજેતરમાં ભોપાલ ખાતે યોજાયેલા 'અખિલ ભારતીય પશુધન પ્રદર્શન'માં સારંગપુરની 'યજ્ઞપુરુષ ગૌશાળા'નાં પશુઓ ઘણાં પારિતોષિકો જીતી લાવેલાં. તેઓને વધાવવા સ્વામીશ્રી તા. ૧૮/૩ની સવારે ગૌશાળામાં જઈ પહોંચ્યા. અહીં તેઓએ તમામ વિજેતા પશુઓને ચાંદલા કરી આશીર્વાદ પાઠવ્યા. અક્ષર-પુરુષોત્તમનું ગૌરવ વધારનાર પશુ પણ તેઓ માટે પૂજનીય!

ગુણાતીતનું આ ગૌરવગાન દિગંતમાં પ્રસરાવવા સ્વામીશ્રી હવે ટૂંક સમયમાં પરદેશયાત્રાએ પધારવાના હોવાથી તા. ૧૮/૩ની સવારે વિદાય-સભા યોજવામાં આવી. તેમાં ઉદ્‌બોધન કરતાં મહંત સ્વામીએ કહ્યું કે –

'પ્રાર્થનાને અંતરની પ્રાર્થના કહેવાય, પણ વિદાયને અંતરની વિદાય ન કહેવાય. બહારથી વિદાય આપીને અંતરમાં તો સ્વામીશ્રીને રાખવાના છે. આપણામાં તપ, ત્યાગ, જ્ઞાન ઘણું બધું હોય પણ પ્રમુખસ્વામી વિશે આત્મ-બુદ્ધિ ન હોય તો બધું નકામું. શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજને રાજી કર્યા હોય પણ પ્રમુખસ્વામીની મરજી ન જાણીએ અને તે પ્રમાણે ન વર્તીએ તો પેલો રાજીપો જતો રહે. દેહાભિમાન ટાળવા સત્પુરુષની રુચિમાં ભળી જવું.'

આ પ્રેરક પ્રવચન બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'જાઓ અને આવજો – આ બે શબ્દોમાં વિદાય આવી જાય. સમારંભની શી જરૂર? જેમ દેશમાં ફરીએ છીએ તેમ પરદેશમાં ફરવાનું છે. કંઈ ફેર નથી.'

અક્ષરની આંખે દુનિયાને દેખતા સ્વામીશ્રીને શું દેશ કે શું વિદેશ!

દેહની દયા ખાવી જ નહીં

સારંગપુરથી સ્વામીશ્રીને ભાવનગર જ પહોંચવાનું હતું, પરંતુ માર્ગમાં આવતા લાઠીદડ, ઝમરાળા અને વલ્લભીપુરને ખેડીને. તેથી ભાવનગર ભલે થોડું મોડું પહોંચાય, પણ બપોરે સ્વામીશ્રીને આરામ મળી રહે તે રીતે તેઓનો કાર્યક્રમ ગોઠવવાની સંતોને ઇચ્છા થઈ. પરંતુ તેની જાણ થતાં જ સ્વામીશ્રીનો અભિપ્રાય આમ છૂટ્યો કે 'આ દેહની દયા ખાવી જ નહીં. સૂવા રહીએ તો સેવા ન થાય.'

આ રીત અનુસાર તેઓ રસ્તામાં આવતાં ગામોને પાવન કરતાં તા. ૧૮/૩ની સાંજે ભાવનગર પધાર્યા ત્યારે અહીંની રવિસભા ભક્તોથી ભરચક હતી. તેઓને સંતોષ આપી સ્વામીશ્રી આજની રાત્રે દસ વાગ્યે ભોજન ગ્રહણ કર્યા બાદ મુલાકાતોમાં પરોવાયા. તેથી પરવારી બાર વાગ્યે પોઢેલા તેઓનો તા. ૧૯/૩નો દિવસ પણ ભીડાભર્યો જ રહ્યો.

આજની બપોરે સ્વામીશ્રી દોઢ વાગ્યે ભોજન ભેગા થયા. તે પછીયે પધરામણીઓ કરનારા તેઓ ધંધુકા અને ખડોળને લાભ આપતાં તા. ૧૯/૩ની સાંજે ડુંગરીટીંબા લાટમાં પહોંચ્યા.

અહીં યોજાયેલા એક દિવસીય પારાયણનું શ્રવણ કરવા આસપાસના ભક્તો સહિત કંઈક નામાંકિતો ઉપસ્થિત હતા. તેમાંના એક શ્રી બંસીભાઈ પંડ્યા 'ધી નેશનલ કો-ઓ. હાઉસિંગ ફેડરેશન'ના ઉપપ્રમુખ અને ધારાસભ્ય

પણ ખરા. તેઓએ પારાયણના સત્રમાં સ્વાનુભવ વહેંચતાં કહ્યું કે 'પ્રમુખ-સ્વામીને બહુ સારી રીતે ઓળખી લેજો. નહીં ઓળખો તો જીવન બરબાદ કરશો. તેઓ આપણી બધી મૂંઝવણો દૂર કરે છે. મારો આ અનુભવ છે. હું જ્યારે જ્યારે મૂંઝવણમાં મુકાયો છું ત્યારે મેં તેમનાં ચરણ પકડી લીધાં છે. મને અંધકારમાંથી પ્રકાશ મળ્યો છે. માટે આ મોકો ચૂકશો નહીં. પ્રમુખસ્વામી પાસે બેસવાથી શાંતિ મળે છે. તેઓ વચનસિદ્ધ સંત છે. તેમને ભૂલશો નહીં, મૂકશો નહીં, ચૂકશો નહીં.'

આવા સ્વામીશ્રી પારાયણ બાદ જ્યારે ઉતારે પધાર્યા ત્યારે તેઓની સાથે આવનારા જાણે ભઠ્ઠામાં પ્રવેશ્યા હોય તેવો અનુભવ કરી રહ્યા, કારણ કે સ્વામીશ્રીને જ્યાં બપોરે વિશ્રામ લેવાનો હતો તે તો પતરાંનું ઘર હતું! છતાં ગરમીના ઊંચા પારાથી બરાબર તપેલાં એ પતરાં નીચે સ્વામીશ્રી શાંતિથી પોઢ્યા.

વિદેશયાત્રા શરૂ થવાને આડે હવે માત્ર ત્રણ જ દિવસ બાકી બચેલા ત્યારે પણ તેઓ આવાં ધૂળિયાં ગામડાં ખૂંદી રહેલા. સંતની સમતાનું આ ગરવું દર્શન સૌને ગદ્‌ગદ કરી ગયું.

શિશુ અને સિદ્ધાંતની મમતાભરી માવજત

ડુંગરીટીંબા લાટથી અમદાવાદ પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૨૧/૩ના રોજ પ્રાતઃપૂજામાં પરોવાયા ત્યારે કીડિયારું ઊભરાયું હોય તેમ ગોઠણે-ગોઠણ અડાડીને સૌ દર્શનમાં એકતાર બનેલા. હવે છેક છ મહિના બાદ આ સંતમૂર્તિ પ્રત્યક્ષ થવાની હોવાથી હજારો ભક્તો છેલ્લો લાભ લૂંટવા દોડી આવેલા.

તેમાં એક નાનકડો બાળક સ્વયંસેવકોની નજરમાંથી આબાદ છટકીને આઝાદ પંખીની જેમ સ્વામીશ્રી પાસે જઈને ઊભો રહી ગયો. ચિક્કાર મેદની ચીરીને આમ આવી ચડેલો તે ઘણાને ખૂંચ્યો-ખટક્યો, પણ સ્વામીશ્રીને નહીં. તેઓએ પ્રેમપૂર્વક તેની વાત સાંભળી તેના કપાળમાં ચાંદલો કર્યો, માથે હાથ મૂક્યો અને ઠાકોરજી સમક્ષ ધરેલાં ફળોમાંથી એક નારંગી લઈ તેને આપી. તેથી ફેરો સફળ થયાનો આનંદ એ બાળકના અંતરમાં વ્યાપી વળ્યો. તે ખુશી ખિલખિલાટ દ્વારા તેના મોઢા પર ઊપસી આવી.

સ્વામીશ્રીની આ મમતાભરી માવજત જોઈ એક હરિભક્તની ઊર્મિઓ ઊછળી આવી અને તેઓ આરતી ઉતારવા મંચની ધારે ગોઠવાઈ ગયા. જો કે

તેમાં કોઈને કશું વાંધાજનક ન જણાયું, પણ સ્વામીશ્રીને કંઈક ખટક્યું. તેઓએ એક સંતને નજીક બોલાવી કહ્યું: 'આ હરિભક્તે ભેગું જે પાટિયું રાખ્યું છે તેમાં 'ભગવાન પ્રગટ છે' એમ લખ્યું છે તે બરાબર નથી. 'ભગવાન સંત દ્વારા પ્રગટ છે' એમ લખેલું હોવું જોઈએ. ભગવાનનું પ્રગટપણું સંત દ્વારા છે એટલે એમ જ હોવું જોઈએ. આ વાંચી લોકો મૂંઝવણમાં પડી જાય કે 'શું ભગવાન પ્રગટ થયા છે?' એટલે એ સુધારી નંખાવવું કાં કાઢી નંખાવવું.'

સ્વામીશ્રીને પોતાની આરતી ઊતરે તેમાં રસ નહોતો. તેઓના રસનો વિષય હતો – સિદ્ધાંતની સ્પષ્ટતા અને સુરક્ષા. નજીવી બાબતોમાં પણ તેઓ સિદ્ધાંતોનો છેદ ઊડવા ન દેતા.

આપણે ક્યાં આવવા-જવાનું છે!

તા. ૨૧/૩ની પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી 'અક્ષરધામ'ના નિર્માણકાર્યનું નિરીક્ષણ કરી આજની સાંજે સૈજપુરના રાજ્ય સુરક્ષા દળ(એસ.આર.પી.)ની મુખ્ય વસાહતમાં પધાર્યા. અત્રે સત્સંગ-લાભ આપી તેઓ હવાઈમાર્ગે અમદાવાદથી મુંબઈ પહોંચી ગયા.

અહીં તા. ૨૨/૩ની સાંજે યોજાયેલા વિદાય સમારંભમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'વિદાય સમારંભ તો કર્યો, પણ આપણે ક્યાં આવવા-જવાનું છે! અક્ષરધામની દૃષ્ટિએ આવવાનું પણ નથી ને જવાનું પણ નથી. સત્સંગ વધે છે એને સાચવવો, એની પુષ્ટિ કરવી તે આપણી સેવા છે. શાસ્ત્રીજી મહારાજે, યોગીજી મહારાજે જે બી વાવ્યાં છે તે બગીચો ખીલેલો રહે અને એમાંથી અનેકને સુવાસ મળે એ સેવા આપણે કરવાની છે. આપ સૌ રાજી રહેજો ને પ્રાર્થના કરજો, આશીર્વાદ આપજો કે સારી રીતે કાર્ય કરીને પાછા આવી શકીએ ને ભગવાનને રાજી કરી શકીએ.'

આ આશીર્વર્ષાથી સૌનાં વિરહ-સંતપ્ત હૈયાંને શાતા પમાડી સ્વામીશ્રી નિજનિવાસમાં પધાર્યા.

અત્રે શુભેચ્છા પાઠવવા દોડી આવેલા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી વસંતદાદા પાટીલનો આદર ઝીલી તેઓ રાત્રે અગિયાર વાગ્યે વ્યાયામના ભાગરૂપ રોજના ભ્રમણ માટે પધાર્યા! પરદેશ-ગમનને ગણતરીના કલાકો જ બાકી હોવા છતાં સ્વામીશ્રી પોતાના દૈનિક ક્રમમાં કેટલા નિયમિત! પ્રવૃત્તિની ભરમારથી કેટલા અલિપ્ત!!

આપણા માટે અક્ષરધામનાં દ્વાર ખૂલેલાં જ છે

તા. ૨૩/૩ની સાંજે ચાર વાગ્યે ઍર ઇન્ડિયાનું 'કામેટ' વિમાન પોતાનાં ચક્રોને ઉદરમાં સમાવીને અનંત સાથે એકાકાર થયું ત્યારે સ્વામીશ્રીની નવમી વિદેશયાત્રાનો પ્રારંભ થયો.

ગુણાતીતની દ્વિશતાબ્દીએ અક્ષરને ઓળખાવવાના મુખ્ય હેતુસર વિશ્વના પાંચેય ખંડો પર પદાર્પણ કરવા નીકળેલા સ્વામીશ્રીને લઈ ઊપડેલું વિમાન થોડી વારમાં તો ૩૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચી ૮૦૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે આકાશના આંગણે રમવા લાગ્યું. છ કલાકના તેના ગગનવિહાર બાદ સ્વામીશ્રી સ્થાનિક સમય અનુસાર સાંજે સાડા સાત વાગ્યે નૈરોબીની ધરતી પર ઊતર્યા ત્યારે તેઓને સત્કારવા કેન્યાના માહિતી-પ્રસારણ ખાતાના ઉપમંત્રી શ્રી એરિક ખાસા ખાલા ખાસ ઉપસ્થિત હતા. તેઓની સાથે અનેક સામાજિક આગેવાનો અને નૈરોબીના સંનિષ્ઠ સત્સંગીઓએ સ્વામીશ્રીને ઉમળકાભેર વધાવ્યા.

આ યાત્રામાં આફ્રિકા ખાતે કેવળ નૈરોબીમાં જ સ્વામીશ્રીનો નિવાસ હોવાથી આ ખંડના અન્ય દેશોમાંથી પણ સેંકડો હરિભક્તો અહીં ઊમટી પડેલા. તે સૌનું સ્વાગત સ્વીકારતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

અત્રે ઠાકોરજીનાં દર્શન બાદ ઉપસ્થિત ભક્તમેદનીને તેઓએ આશીર્વાદ આપ્યા કે 'આપ સૌનાં દર્શન થયાં એટલે આનંદ થયો છે. કેન્યા અને ટાન્ઝાનિયાની બૉર્ડર ખૂલી ગઈ છે.[૧૩] તેમ આપણા માટે પણ આજે અક્ષરધામનાં દ્વાર ખૂલેલાં જ છે.'

સ્વામીશ્રીનું આ વિધાન ખૂબ માર્મિક હતું. તેમાં મોક્ષના દ્વારરૂપે તેઓનો પરિચય પણ સમાયેલો.

આ સ્વાગત-સભા બાદ સ્વામીશ્રી મંદિરના બેઠકરૂમમાં બિરાજ્યા. તે વખતે ઠાકોરજીને થાળ ધરાવાઈ રહેલો હોવાથી ભોજનને હજી પાંચેક મિનિટની વાર હતી. આ સમયનો સદુપયોગ કરતાં સ્વામીશ્રીએ સામે બેઠેલા એક મુમુક્ષુને પૂછ્યું : 'કાંઈ વ્યસન-બ્યસન પેઠું છે ?'

'હા, સ્વામી ! સિગારેટ વગેરે પીઉં છું. ક્લબનો મૅમ્બર છું એટલે

---

૧૩. તત્કાલીન રાજકીય પરિસ્થિતિના સંદર્ભમાં બંધ થયેલી આ સરહદ ટૂંક સમય પહેલાં જ ખુલ્લી થયેલી તે સંદર્ભમાં.

બધાની સાથે થોડું પીવું પડે.'

આ સાંભળતાં જ સહેજ ટટ્ટાર થઈ સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'સાચી ક્લબ આ છે અને સાચી સોસાયટી પણ આ મંદિર છે. ભગવાન અને ભક્તના મહિમાની વાતો થાય એ સોસાયટી સાચી. આ દેશને સહકાર આપવો, પરંતુ આપણી સંસ્કૃતિનું પાલન તો કરવાનું જ છે. દારૂ, માંસ, સિગારેટ વગેરે આપણા માટે છે જ નહીં. વેપાર વધારવો ભગવાનના હાથમાં છે. એ આપણી સહાયમાં બેઠા છે. લોભે કરીને પણ ધર્મ ન મૂકવો.'

એક મોક્ષભાગીને ધર્મનો આ મર્મ ઘૂંટાવી સ્વામીશ્રી ભોજન માટે ઊભા થયા.

સેવે શ્રીજીને અંગે ઉમંગે

નૈરોબીમાં શ્રી રશ્મિકાંત કાનાબારના ઘેર રખાયેલા સ્વામીશ્રીના નિવાસસ્થળે તા. ૨૪/૩ની સવારે ભ્રમણ બાદ બેસવા માટે હિંડોળો તૈયાર રાખેલો. તે પર બેસવા યજમાન સહિત તેઓના ભાઈઓ શ્રી હરીશભાઈ તથા કિરીટભાઈએ વિનંતી કરી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'ઠાકોરજી લઈ આવો.'

પરંતુ હરિકૃષ્ણ મહારાજ તો પ્રાતઃપૂજા માટે મંદિરે સિધાવી ગયેલા. તેથી પટપ્રતિમા લાવવાની તજવીજ હાથ ધરાઈ. તે છબી ન આવી ત્યાં સુધી સ્વામીશ્રી ભ્રમણના થાકથી હાંફતા હોવા છતાં ઊભા જ રહ્યા. થોડી વારમાં મૂર્તિ આવી. તેને હિંડોળા પર પધરાવી ત્યારે સ્વામીશ્રીએ જાતે જ *'આજ મારે ઓરડે રે...'* પદ ઉપાડ્યું. આમ, ઠાકોરજીને વિધિવત્ પધરાવ્યા બાદ જ તેઓ હિંડોળે બિરાજ્યા.

અત્રે થોડો વિશ્રામ લઈ મંદિરે પધારેલા સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા પછી મંદિરના નિકટવર્તી 'અક્ષરબાગ'ને પાવન કર્યો.

અહીં ફાઈબર ગ્લાસમાંથી નિર્મિત અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિ પધરાવેલી. જેમ સન ૧૯૮૦માં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે કરેલી વિદેશયાત્રામાં સ્વામીશ્રીએ શ્રીજીમહારાજની ઉત્સવ-મૂર્તિ સાથે રખાવેલી, તેમ ગુણાતીત દ્વિશતાબ્દી નિમિત્તે યોજાયેલા સાંપ્રત વિદેશ-પ્રવાસમાં તેઓ આ અક્ષર-પુરુષોત્તમ મહારાજ સાથે રાખવાના હતા.

તેનું વિધિવત્ પૂજન કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'પરદેશ પ્રવાસમાં મહોત્સવનું સૌપ્રથમ ઉદ્ઘાટન કરીએ છીએ. ગુણાતીતાનંદ સ્વામીનો મહોત્સવ

ઊજવવાનો અવસર આવ્યો છે તો તે ચૂકવો નહીં. જેની દાળ સુધરી તેનો વરો સુધરી ગયો. જેનું અથાણું સુધર્યું તેનું વરસ સુધરી ગયું. તેમ આ અવસર સુધરશે તો જન્મ સુધરી જશે.'

આ શબ્દો સાથે સ્વામીશ્રીએ વિદેશમાં ઉત્સવ-ઉજવણીનું ચક્ર ચાલતું કરી દીધું. તેના પ્રત્યેક ચીલે તેઓની વિશિષ્ટ છાપ ઊપસતી રહેવાની હતી.

...તો આપણી માયા ગઈ સમજજો

ઉત્સવ-ઉદ્‌ઘાટનના સમારંભ બાદ સ્વામીશ્રી ભોજન કરવા બિરાજ્યા ત્યારે સામે વડીલ ભક્તોની પંગત પણ બેઠેલી. તેમાંના એક શ્રી નટુભાઈનો નિર્દેશ કરતાં સ્વામીશ્રીએ નિર્ગુણદાસ સ્વામીને કહ્યું : 'એ હરિભક્તને રોટલી, ખાખરાની પ્રસાદી આપી આવો.'

સ્વામીશ્રીની આ આજ્ઞામાં સેવક સંતને થોડી 'મીઠાશ' ઉમેરવાનું મન થયું. તેથી તેઓએ હાથમાં ઘારી પણ ઉપાડી. પરંતુ તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'જે માણસને જે પ્રસાદી અપાતી હોય તે અપાય. એમને ગળ્યું નથી ફાવતું.'

પેલા હરિભક્તની આ રુચિ સન ૧૯૮૦માં સ્વામીશ્રી અહીં આવ્યા ત્યારે તેઓની જાણમાં આવેલી. તેને લક્ષમાં રાખી તેઓએ આજે એ ભક્તની સંભાવના કરી જાણી. વર્ષો વીતતાં પણ સ્વામીશ્રીની સતેજ સ્મૃતિ અને અપાર આત્મીયતા કદી કટાતાં નહીં.

આવા સ્વામીશ્રી તા. ૨૫/૩ની સવારે પ્રાતઃપૂજા માટે ઉતારેથી મંદિરે જવા નીકળ્યા ત્યારે નિવાસસ્થાને એક પાંજરામાં રાખેલાં વિવિધ પક્ષીઓ તેઓની નજરે ચડ્યાં. એ પંખી-પરિવારને જોઈ સ્વામીશ્રી તેઓ પાસે ગયા અને પોતાના હાથે ચણ જમાડતાં બોલ્યા : 'સત્સંગમાં જન્મ લેજો.'

આ રીતે જીવ-પ્રાણીમાત્રને સત્સંગનો યોગ કરાવવાના શુભાશય સાથે વિચરતા સ્વામીશ્રી વાંઝા ટેમ્પલમાં પહોંચ્યા. અત્રે એક અઠવાડિયા સુધી સૌ સત્સંગીઓના ભોજનની વ્યવસ્થા રાખેલી. ત્યાં ભક્તોની વિનંતીથી સ્વામીશ્રીએ એક કુશળ કંદોઈની અદાથી જલેબીઓ પાડી સૌને મીઠી સ્મૃતિ આપી.

ત્યારબાદ આજની સાયંકથામાં તેઓએ એવી જ મીઠી વાણીમાં ઉપદેશામૃત વહાવ્યું કે 'જેમ જળકૂકડી જળમાં રહીને નિર્લેપ રહે છે તેમ જગતનું કાર્ય કરીને એમાં ન લેવાય તે કામ કર્યું કહેવાય. કોલસાનો વેપાર કરી ડાઘ ન પાડવો એ બુદ્ધિશાળી. આ પુરુષમાં નિષ્ઠા દૃઢ થશે તો આપણી

માયા ગઈ સમજજો. એ પૃથ્વીનું વેજું છે. પછી નિશાન ખાલી જાય ?'

સ્વરૂપનિષ્ઠાની આ ખુલ્લી વાત સાંભળી સૌ મુગ્ધ બની રહ્યા.

આવી જ અન્ય એક સભા તા. ૨૭/૩ના રોજ દીનદયાળ હૉલમાં યોજાઈ. તેમાં ભારતીય એલચી શ્રી કિસન રાણા સહિત હિંદુ કાઉન્સિલના અગ્રગણ્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા. તેને અનુસરતાં તા. ૨૮/૩ના રોજ વીસા ઓસવાલ મહાજન વાડીમાં જાહેર-સભા સંપન્ન થઈ.

અમે તો મમરાના રસિયા

નૈરોબીમાં દ્વિશતાબ્દી યાત્રાનું ઉદ્ઘાટન કરતાં સ્વામીશ્રી બોલેલા: '...એટલું બળ કરવું કે આખી દુનિયામાં અવાજ ગાજતો થઈ જાય...'

આ મુજબ તેઓએ અહીંના રોકાણ દરમ્યાન અક્ષરનાં નગારાં જોર-શોરથી ગગડાવી દીધેલાં. તેના નાદથી તા. ૨૯/૩ની સવારે રાજદ્વારી ભવન 'જોગો હાઉસ' પણ ગુંજી ઊઠ્યું. આ સમયે સ્વામીશ્રીની મુલાકાત કેન્યાના ઉપરાષ્ટ્રપતિ અને ગૃહપ્રધાનની બેવડી ધુરા વહન કરી રહેલા શ્રી મ્વાઈ કીબાકી સાથે યોજાયેલી.

તેઓને હાર પહેરાવી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'અમારા ગુરુ યોગીજી મહારાજે આ દેશને સ્વતંત્રતા મળે તે માટે પ્રાર્થના કરી હતી.'

કેન્યાની રાજનીતિ સાથે સંકળાયેલી કોઈ પણ વ્યક્તિને મળતાં તેઓ આ વાત તો અવશ્ય કરતા જ. ગુરુના ગુણને સામેવાળાના અંતરમાં ઉતારવાની સ્વામીશ્રીની ધગશ રાષ્ટ્રપતિથી માંડીને રોડપતિ સુધી એકસમાન રહેતી.

તે અનુસાર તેઓ તા. ૩૦/૩ની સવારે 'રૂઈરૂ ચૅરિટેબલ ક્લિનિક'ના નિર્માણાધીન સંકુલમાં પધાર્યા. અહીં તેઓએ કીકુયુ જાતિના સ્થાનિક આફ્રિકન બાળકોને 'અક્ષર'નો ઉપદેશ આપ્યો. ત્યારબાદ આ જ દિવસની બપોરે શ્રી વિનુભાઈ તથા દિનુભાઈ ભટ્ટેસાની 'સ્પેશિયલ સ્ટીલ મિલ'ના ઉદ્ઘાટન પ્રસંગે, દેશના ઉદ્યોગ-પ્રધાન શ્રી એન્ડ્રુ ઓમાન્ગા, નાયબ નાણાંમંત્રી શ્રી સ્ટીવન વગેરે મહાનુભાવો સાથે સ્વામીશ્રીની મુલાકાત થઈ. તેઓને પણ સ્વામીશ્રીએ સંસ્થા અને સિદ્ધાંતથી સુપરિચિત કર્યા.

આ જ હેતુસર તેઓ અહીંથી વિદાય લઈ એક હરિભક્તના ઘેર પગલાં પાડવા પહોંચ્યા ત્યારે આ યજમાને ઠાકોરજીને ધરાવવા પિઝા બનાવેલા. સ્વામીશ્રીને પણ તેનો આગ્રહ કરતાં તેઓએ કહ્યું: 'બાપા! આપ પિઝા

જમો ને !'

'એ પિઝાના રસિયા જુદા. અમે તો મમરાના રસિયા છીએ.' સ્વામીશ્રી અલમસ્તાઈથી બોલ્યા. તેઓને સ્વાદુ કરતાં સાદું વધુ ફાવતું.

છતાં સાત દિવસમાં પોતાના સાંનિધ્યથી સૌને બ્રહ્મરસમાં તરબોળ કરી સ્વામીશ્રી તા. ૩૦/૩ની રાત્રે નૈરોબીથી નીકળ્યા ત્યારે દોઢ હજારથી વધુ હરિભક્તો સાથે કેન્યાના વાહન-વ્યવહાર અને સંદેશા-વ્યવહારના પ્રધાન શ્રી જોસેફ મટુરિયા પણ તેઓને વિદાયમાન આપવા ઍરપોર્ટ પર આવી પહોંચ્યા. તે સૌની ભાવભીની વિદાય લઈ સ્વામીશ્રી ગગનગામી થયા ત્યારે રાત્રિના ૧૨:૨૫ વાગ્યા હતા.[૧૪]

જેનો સ્નેહ પ્રભુપદે સાચો

સ્વામીશ્રીને લઈ અધ્ધર આકાશમાં તરવા માંડેલા વિમાનમાં રાત્રિનો એક વાગ્યો ત્યારે સંતોએ સ્વામીશ્રીને પોઢવા માટે બેઠકો વચ્ચે આવેલા હાથા ઊંચા લઈ, ત્રણ બેઠકને સળંગ જોડતી એક પથારી તૈયાર કરી દીધી અને કહ્યું : 'બાપા ! આપ હવે પોઢો.'

'ચેષ્ટા બોલ્યા ?' પોઢવાને બદલે સ્વામીશ્રીનો આ પ્રશ્ન આવ્યો.

સૌને આ આહ્નિક બાકી હોવાથી સ્વામીશ્રીએ ચેષ્ટાગાન કરાવ્યું. તે પછી જ તેઓ સૂતા.

આ ભક્તિભાવ સાથે સ્વામીશ્રી હવે યુરોપ ભણી જઈ રહેલા. આ પ્રવાસમાં ઍથેન્સના ઑલિમ્પિક ઍરપોર્ટ પર પોણો કલાકનો વિસામો લીધા બાદ વિમાન જ્યારે ઇટાલીની ધરતી પરથી ઊડી રહેલું ત્યારે પાયલોટે સ્વામીશ્રીને કૉકપિટમાં પધરાવ્યા.

તે પછી તા. ૧/૪ની સવારે નવ વાગ્યે વિમાને લંડનની ધરતીનો સ્પર્શ કર્યો ત્યારે તાપમાનનો પારો ત્રણ ડિગ્રી સુધી નીચે ઊતરી ગયેલો. તેની સાથે સૂર્યની ગેરહાજરી અને વીંઝાતો વાયરો હવામાનને વધુ ટાઢું કરી રહેલા. આવી કાતિલ ઠંડીમાં પણ અનેકને હૂંફ આપવા સ્વામીશ્રી આવી પહોંચ્યા.

---

૧૪. આફ્રિકામાં થયેલા ગુણાતીત દ્વિશતાબ્દીના ભવ્ય ઉદ્‌ઘોષની ગુંજ સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

કોઈકનાં નજરથી ચિત્ત ચોરી લીધાં

ઍરપોર્ટથી સીધા નિસડન પધારેલા સ્વામીશ્રીએ અહીં નવા હૉલનું ઉદ્‌ઘાટન કર્યા બાદ જણાવ્યું : '(સન) ૧૯૮૨માં જે દિવસે આવ્યા હતા એ જ દિવસે આજે આવવાનું થયું ! આ સેન્ટર જ એવું પસંદ કર્યું છે કે જ્યાં જવું હોય ત્યાં પહેલાં અહીં આવવું જ પડે ને તમારો સત્સંગ પણ એવો છે કે અહીં આવ્યા વિના રહેવાતું નથી.'

સ્વામીશ્રીના આ લાગણીસભર શબ્દોથી સૌનાં હૈયાં ગદ્‌ગદ થઈ ગયાં. તેઓની આવી ભાવના જ સત્સંગીઓ સાથે અંગ્રેજોને પણ ઘેલું લગાડતી.

તેથી તા. ૩/૪ના રોજ તો સ્વામીશ્રીના બારણે ટી.વી.-રેડિયોના ખબર-પત્રીઓની કતાર લાગી ગઈ. આજે આવેલા બી.બી.સી., થેમ્સ ટી.વી., આઇ ટી.વી. જેવી સંસ્થાઓના સંવાદદાતાઓ પૈકીના એક શ્રી એન્ડ્રુઝે પૂછ્યું : 'આપ આ શનિવારે પોપને મળવાના છો. તેથી પ્રજાના ઉત્કર્ષ માટે શું લાભ થશે ?'

આ પ્રશ્નનો ઉત્તર વાળતાં સ્વામીશ્રીએ કહ્યું : 'બે ધર્મગુરુઓ સાથે બેસીને દુનિયાની શાંતિ માટે વિચાર કરે ત્યારે એકબીજા ધર્મ પ્રત્યે રહેલી ઘૃણા ઘટે છે. મનુષ્યો વધારે ને વધારે ધર્મ તરફ વળે અને પોતે જે ઇષ્ટને માનતા હોય એમાં વધારે ને વધારે દૃઢતા થાય એનો આ મુલાકાતમાં વિચાર કરીશું, જેથી સમગ્ર પ્રજાને ઘણો લાભ થશે.'

આ પ્રશ્નોત્તરીને અનુસરતાં આજની સાંજે સવા પાંચ વાગ્યે આવેલા શ્રી પીટર સ્નોડન હતા – પોતે ખેંચેલી છબીઓ ઇચ્છે ત્યાં મોકલીને કમાણી રળનારા. તેઓને કોઈ અખબારના ખીલાનું બંધન નહીં.

પરંતુ સ્વામીશ્રીનાં દર્શન થતાં જ તેઓની સ્થિતિ *'વા'લા મારી સૂધબૂધ તેં હરી લીધી રે...'* જેવી થઈ રહી. તેઓ ન કંઈ બોલે કે ન કંઈ ચાલે. બસ ! કેવળ મુગ્ધભાવથી સ્વામીશ્રીને નીરખી જ રહ્યા.

થોડીક પળો આમ વીતી એટલે આ યાત્રામાં દુભાષિયાની સેવા બજાવતા વિવેકજીવનદાસ સ્વામીએ પેલા ફોટોગ્રાફરને પૂછ્યું : 'તમારે કાંઈ કહેવું છે ?'

'સ્વામીજીનાં દર્શન કર્યાં પછી મને કાંઈ સૂઝતું જ નથી. મારે શું પૂછવું તેનો ખ્યાલ જ નથી આવતો.'

એ ખ્રિસ્તી છબીકારના હોઠ નહીં, પણ હૈયું આમ ખૂલી ગયું. તેમાંથી

ભાવોર્મિઓ વહી રહી : 'આમ તો હું બેપ્ટિસ્ટ છું એટલે મારા માટે તો અહીં આવવું જ અશક્ય છે, પણ આજે જાણે હું સાચા માર્ગ પર હોઉં એવું લાગે છે.'

આ અનુભૂતિ સાથે એ તસવીરકારે ઉમેર્યું : 'સ્વામીજીની આંખો એટલી આકર્ષક છે કે આવી આંખો મેં બીજા કોઈની જોઈ નથી. એમની આંખોથી મારી આંખનું બધું જોતા હોય એવું મને લાગે છે.'

આટલું કહી આ પરદેશી છબીકારે સ્વામીશ્રીની કેવળ આંખોની જ એક તસવીર લઈ લીધી. પછી તે કહેવા લાગ્યા : 'સ્વામીજીનાં દર્શન કર્યાં ને મારું મન શાંત પડી ગયું. તેઓ એકદમ શાંત અને પૂર્ણપુરુષ છે એવો મને અનુભવ થયો. આ અદ્ભુત અનુભવ હું કોઈ દિવસ ભૂલી શકીશ નહીં. હું કાલે ચર્ચમાં પણ આ વાત જરૂર કરીશ.'

આમ, લોહચુંબક ભણી લોઢું ખેંચાય તેમ સૌ સ્વામીશ્રીમાં આકર્ષાઈ રહ્યા. તેથી જ તો આજની સવારે પ્રસાર માધ્યમો દ્વારા સૂચના પણ વહેતી મુકાઈ હતી કે 'અત્યારે નિસડન વિસ્તારમાં એક હિંદુ ધર્મગુરુ આવ્યા છે અને તેઓનાં દર્શન કરવા ઘણા લોકો જાય છે. એટલે ત્યાં ટ્રાફિક જામ થઈ ગયો હોવાથી એ બાજુથી કોઈએ નીકળવું નહીં.'

સ્વામીશ્રીનું કેવું અજબ આકર્ષણ !

અમે તો જીવન-પરિવર્તનમાં માનીએ છીએ

તા. ૩/૪ના રોજ અવિરત ચાલુ રહેલી અખબારી આલમના આદમીઓની અવરજવરમાં સાંજે પોણા સાત વાગ્યે દોડી આવેલા 'ડેઈલી ટેલિગ્રાફ'ના પત્રકાર એક માર્મિક પ્રશ્ન પૂછી બેઠા કે 'સ્વામીજી ! અમને અમારા ખ્રિસ્તી ધર્મમાંથી સંતોષ નથી થતો, આપ અમને ખ્રિસ્તી ધર્મથી વિશેષ શું આપી શકશો ?'

સંવાદદાતાની આ સમસ્યાનું સમાધાન આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'જે જે ધર્મગુરુઓએ ધર્મો સ્થાપ્યા છે તેના સિદ્ધાંતોને આપણે અનુસરતા નથી, એટલે જ આપણને અસંતોષ રહે છે ને લાભ નથી થતો. જો નિયમ પ્રમાણે અનુસરવા માંડે તો સંતોષ થાય જ.'

સ્વામીશ્રીના આ ખુલાસાથી ચકિત થયેલા ખબરપત્રીએ કહ્યું : 'આપનો હેતુ ધર્મ-પરિવર્તનનો નથી લાગતો.'

'અમારો હેતુ તો વ્યક્તિ જે ધર્મમાં માનતો હોય તેમાં દૃઢપણે વર્તે એ

જ છે. એના માટે પોતાનો ધર્મ છોડી બીજા ધર્મમાં પરિવર્તિત થાય એની જરૂર નથી.' આટલું જણાવી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'અમે તો ધર્મ-પરિવર્તન નહીં, જીવન-પરિવર્તનમાં માનીએ છીએ.'

સ્વામીશ્રીના આ ઉમદા આશયથી અભિભૂત એ પત્રકારે છેલ્લી જિજ્ઞાસા વ્યક્ત કરી કે 'આપ આ કાર્ય માટે આટલું બધું વિચરણ કરો છો તો થાક નથી લાગતો? એમ નથી થતું કે એક બાજુ બેસીને ધ્યાન કરીએ?'

'આ શરીર ભગવાને આપ્યું છે ને આ કાર્ય ભગવાનનું છે, એટલે એમાં થાક ન લાગે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સતત ગતિશીલ રહેલા તેઓની કાર્યશૈલીનું રહસ્ય આજે અનાયાસે છતું થઈ રહ્યું.

આ મહેમાન જુદા છે

તા. ૪/૪ની સાંજે લંડનથી વિદાય થયેલા સ્વામીશ્રીએ ફ્રેન્કફર્ટના ઍરપોર્ટ પર વિમાનમાં જ પોણા કલાકનું અલ્પ રોકાણ કરી રાત્રે ૧૦:૩૫ વાગ્યે રોમની ધરતી પર પદાર્પણ કર્યું. અત્રે તેઓના આ પ્રથમ વારના આગમનને વધાવતાં ભારતીય રાજદૂત શ્રી જગદીશચંદ્ર અજમાનીએ તા. ૫/૪ના રોજ 'ઇન્ડિયા હાઉસ'માં સ્વામીશ્રીને પધરાવી ધન્યતા અનુભવી.

આ મુલાકાત બાદ સ્વામીશ્રી રોમથી પચીસ કિ.મી. દૂર આવેલા પોતાના ઉતારે પહોંચ્યા.[૧૫] અહીં તેઓને આવકારતાં મકાનના ઈટાલિયન માલિક શ્રી માર્કુચીએ કહ્યું: 'આપણો સંબંધ આજથી શરૂ થાય છે. માટે અવાર-નવાર આવતા રહેજો.'

તેઓનો આ પ્રેમભાવ સ્વીકારતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમારે ઘેર બીજા ઘણા મહેમાન આવતા હશે, પણ આ મહેમાન જુદા છે!'

સ્વામીશ્રીના આ મર્મભરેલા શબ્દોનો અનુભવ અહીંના રોકાણ દરમ્યાન સૌને થતો રહ્યો.

તા. ૬/૪ની સવારે જ્યારે તેઓ કેથલિકોના કાશી સમા વેટિકનમાં આવેલા સેંટ પીટર ચર્ચમાં ગયા ત્યારે ત્યાં પવિત્ર જળ(holy water)ને આંખે અડાડીને આગળ વધવાની પરંપરા હતી. સ્વામીશ્રીએ તે જળમાં હરિકૃષ્ણ

૧૫. આ સ્થાન 'આઝીએન્દા આગ્રિકોલા કાચ્ચારેલા'(Azienda Agricola Cacciarella)નું સરનામું ધરાવતું હતું.

મહારાજને પધરાવતાં સંકલ્પ કર્યો કે 'આ પાણી જેને-જેને અડે તેનું કલ્યાણ થાય ને સત્સંગી થાય.'

તેઓની આ કલ્યાણભાવના જોઈ સૌને થયું : 'આ મહેમાન જુદા છે !'

ત્યારબાદ ઈસુના બાર અપોસલ પૈકીના એક સેંટ પીટરની સ્મૃતિમાં રચાયેલા આ દેવળમાં ઊભેલી તેઓની પ્રતિમાને વંદન કરી સ્વામીશ્રીએ આ સ્થાનના પુણ્યસંચયમાં અભિવૃદ્ધિ કરી. આ દેવળના ઘુમ્મટમાં ગોઠવાયેલાં માઈકલ ઍન્જેલોનાં ચિત્રો પર નજર કરી આ ખ્યાતનામ કલાકારની કલાને પણ તેઓએ સાર્થક બનાવી. એ જ રીતે સાંજે અહીંના આકર્ષણ સમાં પ્રસિદ્ધ ફુવારા, કૉલેઝિયમ વગેરે સ્થાનોએ સૌ સ્વામીશ્રીને લઈ ગયા.

તે પછી ઉતારે પધારેલા સ્વામીશ્રીને મળવા આતુર હતા – પ્રતિષ્ઠિત અને પ્રમાણભૂત સમાચાર સંસ્થા 'રૉઇટર્સ'ના ખબરપત્રી શ્રી ફિલિપ પુલેલા.

આવતીકાલે ખ્રિસ્તી ધર્મના વડા પોપ જ્હોન પોલ(બીજા) સાથે યોજાયેલી સ્વામીશ્રીની મુલાકાત અંગે આ પત્રકારના દિમાગમાં ઘણું કુતૂહલ હતું. તેઓના પ્રશ્નો તેમાંથી જ ઊઠી રહેલા. જેમ કે તેઓએ પૂછ્યું : 'વેટિકન સુખ-સાહ્યબીથી ભરેલું છે અને તેના માલિક પોપ છે. તમારી પાસે તો ખાલી બે ધોતિયાં જ છે. તો તમને કઈ લાગણીઓ થાય છે?'

'એમાં કંઈ લાગવા જેવું છે જ નહીં.' સ્વામીશ્રી બોલ્યા. તેઓને મન આવી બાબતો ગૌણ હતી. તેથી તેઓએ ઉમેર્યું : 'અમારે રાજા કે ગરીબ-તવંગર એવું કાંઈ નથી. ભગવાનના માર્ગે ચાલતા હોય ને ચલાવતા હોય એ અમને ગમે છે.'

સ્વામીશ્રીનો આ વેધક જવાબ સાંભળી વિશેષ આકર્ષાયેલા એ પત્રકારે આગળ પૂછ્યું : 'પોપ અહીંના રાજકારણમાં પ્રવેશ કરે છે. તમે કરો છો?'

'દેશ-પરદેશમાં કોઈ જગ્યાએ રાજકીય બાબતોમાં અમે રસ લેતા નથી. લોકોની ધર્મમાં શ્રદ્ધા વધે એ માટે અમારું વિચરણ છે. કોઈને અનુકૂળ હોય ને એ રસ લેતા હોય એમાં અમારે કંઈ વાંધો નથી.'

સ્વામીશ્રીની આ સ્પષ્ટતાથી પ્રભાવિત થયેલા એ સંવાદદાતાએ જિજ્ઞાસા વ્યક્ત કરી કે 'બીજા જે પોપને મળે છે તે તો રાજકારણની વાતો કરે છે. તમે પોપને મળો ત્યારે શું વાત કરશો?'

'દુનિયા સારી રીતે ભગવાનને માર્ગે વળે ને ભગવાનમાં ભક્તિ થાય ને દુનિયા વધારે સુખી થાય એ જ વાત અમારે કરવી છે. અમારે રાજકારણની

કોઈ વાત કરવી નથી.' સ્વામીશ્રીએ મુલાકાતનો હેતુ સ્પષ્ટ કરી આપ્યો.

તેઓના પ્રત્યેક ખુલાસા પેલા યુરોપિયન ખબરપત્રી સહિત સૌને અનુભવ કરાવી રહ્યા કે 'આ મહેમાન જુદા છે, તેઓના હેતુ જુદા છે, તેઓની રહેણી-કહેણી જુદી છે!'

વિશ્વના ધર્મ-ઈતિહાસનું સુવર્ણપૃષ્ઠ

તા. ૭/૪નો દિવસ પશ્ચિમનાં અનેક પ્રસાર માધ્યમો માટે રસનો વિષય બની રહેલો, કારણ કે જગતભરના કેથલિક ધર્માનુયાયીઓના વડા નામદાર પોપ જ્હોન પોલ(બીજા) પ્રથમ વાર ભગવાંધારી હિંદુ ધર્મગુરુને મળી રહેલા. તેથી જ આ ઘટના પર વિશ્વભરના લોકોની આંખ મંડાયેલી.

આખરે આજની બપોરે ૧:૨૦ વાગ્યે એ ઐતિહાસિક ક્ષણ આવી પહોંચી જ્યારે સેંટ પીટર દેવળના સંકુલમાં આવેલા મુલાકાત કક્ષમાં સ્વામીશ્રી અને નામદાર પોપનું મિલન થયું. તે વખતે આ ખ્રિસ્તી ધર્મવડાના મુખમાંથી ઉદ્‌ગારો નીકળી ગયા કે 'આપને મળતાં આનંદ થાય છે.'

આ ખુશી સાથે સ્વામીશ્રીના સંતોને જોઈનેય આશ્ચર્યનો ભાવ ઘોળતાં તેઓએ કહ્યું: 'બહુ જુવાન છે!'

આ અહોભાવ ઝીલી સ્વામીશ્રીએ પણ પુષ્પ અને સુખડનો હાર તથા શાલ અર્પણ કરી નામદાર પોપને સન્માન્યા. તેની સાથે આ નોંધનીય તવારીખની સ્મૃતિરૂપે અક્ષર-પુરુષોત્તમ મહારાજની ચાંદીના ઉપાડની મૂર્તિ ભેટ ધરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'અમે સાધુ હોવાથી અમારી પાસે કોઈ ભૌતિક સંપત્તિ નથી, એટલે અમે બીજું શું આપી શકીએ? જે ભગવાન તમારા હૃદયમાં છે એ જ ભગવાન મારા હૃદયમાં છે. એ ભગવાન આપને અર્પણ કરીએ છીએ.'

આમ જણાવી સ્વામીશ્રી મૂર્તિનો પરિચય કરાવતાં બોલ્યા: 'આ ભગવાન સ્વામિનારાયણ છે અને જેમ સેંટ પીટર ઈસુનો સંદેશો લઈ આખા જગતમાં પ્રચાર કરવા નીકળ્યા હતા એવા શ્રીજીમહારાજના પ્રચારક ઉત્તમ ભક્ત આ ગુણાતીતાનંદ સ્વામી છે.'

સ્વામીશ્રીના આ અમૂલ્ય ઉપહારથી નામદાર પોપ પ્રસન્ન થયા. તેઓએ પણ સ્વામીશ્રીને રજતમુદ્રા ભેટ ધરતાં કહ્યું: 'આપે મુલાકાત આપી એ બદલ આભાર. આપને, આપના અનુયાયીઓને, આપના સંપ્રદાયને મારી

શુભેચ્છા. તમે જે શાંતિનો આદર્શ, ન્યાય અને સત્ય પ્રવર્તાવો છો તે ખૂબ જ અગત્યનાં છે અને હૃદયની નજીક છે.'

જ્યારે સરખી યોગ્યતાવાળા મહાનુભાવ મળે ત્યારે ઊભાં ઊભાં જ વાર્તાલાપ કરવાનો નામદાર પોપનો શિરસ્તો હતો. આજે તેઓ આ રીતે જ સંવાદ સાધી રહેલા. તેથી તેનું આશ્ચર્ય તો તેઓના કાર્ડિનલને નહોતું, પણ તેઓ વિસ્મય એ બાબતે અનુભવી રહેલા કે 'નામદાર પોપ પર હુમલો થયા બાદ તેઓ કદી કોઈ સાથે ઝાઝો સમય ઊભા રહેતા નથી. તે આજે સ્વામીશ્રી સાથે વીસ મિનિટથી ઊભા રહ્યા છે!'

વળી, સ્વામિનારાયણ સંપ્રદાયની સ્ત્રી-સાધુ મર્યાદા સ્વામીશ્રી પૂર્ણપણે જાળવી રહ્યા છે તે જાણી, તેઓના આ ધર્મપાલનને આદર આપતાં કોઈનીયે ભલામણ વિના અત્રે બે-ચાર જગ્યાએ સ્વામીશ્રીની મર્યાદા સચવાય તેવી સૂચનાઓ મૂકવામાં આવેલી.

આમ, સ્વામીશ્રી સૌમાં અહોભાવ પ્રગટાવી રહ્યા. તેની વચ્ચે બંને ધર્માચાર્યોએ પરસ્પર એકબીજાને સ્વાસ્થ્યની શુભકામનાઓ પાઠવી. સ્વામીશ્રીએ નામદાર પોપને ગુણાતીત દ્વિશતાબ્દીમાં પધારવાનું આમંત્રણ પણ આપ્યું, અને સાંપ્રદાયિક સાહિત્ય તથા સુવર્ણમુદ્રા અર્પણ કરીને તેઓ વિદાય થયા ત્યારે સેંટ પીટરના દેવળમાં અક્ષર-પુરુષોત્તમના ડંકા ગુંજી રહ્યા!

અમારાથી પણ આવું કાર્ય થઈ શકતું નથી

વેટિકનથી વિદાય લઈ સ્વામીશ્રી તા. ૭/૪ની રાત્રે જ બેલ્જિયમની રાજધાની બ્રસેલ્સને પાવન કરતાં ઍન્ટવર્પ આવ્યા.

આ સમયે અહીં વિખ્યાત જૈન મુનિશ્રી સુશીલકુમારજીનો પણ મુકામ છે – તે વિગત જાણી, સ્વામીશ્રીએ તેઓને પ્રસ્તાવ મોકલાવ્યો કે 'આપણે સંયુક્ત સભા કરીએ.'

આ ધર્માચાર્ય તો સ્વામીશ્રી દ્વારા આવેલી ધર્મ-સમન્વયની વાત સાંભળી હર્ષિત થઈ ગયા અને તા. ૮/૪ની બપોરે ત્રણ વાગ્યે કલ્ચર સેન્ટર ઑફ બર્ખેમમાં સત્સંગ-સભા યોજાઈ.

તેમાં શ્રી સુશીલકુમારજીએ જણાવ્યું: ''મને તો એમ લાગે છે કે જૈન ધર્મનો – ભગવાન મહાવીરના શાકાહારનો સૌથી વધારે ઝંડો ઉઠાવ્યો હોય તો સ્વામિનારાયણ સંપ્રદાયે. અમારાથી પણ આવું કાર્ય થઈ શકતું નથી. હું

હમણાં જર્મની ગયો ત્યારે મને એક યુવક મળ્યો.[૧૬] એ સ્વામિનારાયણ(નો) હતો. મેં એને પૂછ્યું : 'તું પ્રમુખસ્વામી મહારાજને ઓળખે છે?' એણે કહ્યું : 'હું પ્રમુખસ્વામી મહારાજનો જ શિષ્ય છું અને મીટ(માંસ) કે દારૂ કાંઈ લેતો નથી.' આમ, પ્રમુખસ્વામી મહારાજ અમારું કામ કરી રહ્યા છે.''

મુનિશ્રીના શબ્દે શબ્દે સ્વામીશ્રી પ્રત્યેનો અહોભાવ છલકાઈ રહ્યો.

સ્વામીશ્રીએ પણ સભાસદોને રોસ્ટ્રમ પાસે જઈ ઊભાં ઊભાં આશીર્વાદ આપ્યા. તે સાંભળી સૌને આ વિભૂતિમાં એટલો રસ પડી ગયો કે સતત ચાર કલાક સુધી સભા ચાલી તોય કોઈ ટસનું મસ ન થયું! એટલું જ નહીં, સભા બાદ કંઈક જૈન અગ્રણીઓના ફોન સ્વામીશ્રીના સહયાત્રીઓ પર આવવા લાગ્યા, જેમાં તેઓ ઇચ્છી રહેલા કે 'અમારે સ્વામીશ્રીને ઘેર પધરાવવા છે અને જમાડવા છે.'

જનના માફ કરો ગુના તમે

જાહેર સત્સંગ-સભા બાદ સ્વામીશ્રી શામજીભાઈ પટેલના ઘેર રખાયેલા ઉતારે પધાર્યા ત્યારે અત્રે લંડનથી લાભ લેવા આવેલા યુવકો-ભક્તો સાથે હળવી ગોષ્ઠી યોજાઈ ગઈ.

તેમાં ડૉ. શ્રી શાહે ચાલુ વાર્તાલાપમાં જ પૂછ્યું કે 'બાપા! અમારે તો કોઈની સાથે ઘર્ષણ થયું હોય તો તે સામે મળે ત્યારે એ જ યાદ આવે. આપ તો દરેકના સ્વભાવ જાણો છો. છતાં કઈ દૃષ્ટિ રાખો છો?'

'એ દૃષ્ટિએ જોઈએ તો કોઈની જોડે બેસાય નહીં. પણ ભગવાન ને સંત કોઈના ગુના સામું જોતા નથી. જાણવા છતાં નહીં જોવાનું, દેખવા છતાં આંધળા થવાનું, સાંભળવા છતાં બહેરા થવાનું. સામેની વ્યક્તિમાં ૯૯ અવગુણ હોય પણ એક તો ગુણ હોય ને! એને જેમ જેમ સમજાતું જશે તેમ તેમ નીકળતું જશે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓના આ જવાબમાં ભારોભાર ઉદારતા હતી. આવા સંતના સંગમાં તો પથરા પણ તરી જાય તેમાં શું નવાઈ!

સદા સેવા વિષે સજ્જ થતા

તા. ૯/૪ની સવારે સ્વામીશ્રી શૌચ બાદ હસ્તપ્રક્ષાલન કરી રહેલા

---

૧૬. તેઓનું નામ શ્રી પ્રકાશભાઈ પટેલ હતું.

ત્યારે અન્ય શૌચાલયમાં દેહક્રિયા આટોપીને આવેલા યોગીચરણદાસ સ્વામી પણ હાથ ધોવા માટે તેઓની પાછળ આવીને ઊભા રહ્યા. તેની નોંધ હાથ ધોતાં-ધોતાં સ્વામીશ્રીએ લઈ લીધી. તેથી પોતાના હાથ ધોવાઈ ગયા બાદ તેઓએ પોતાની પાછળ પ્રતીક્ષા કરી રહેલા સેવક માટે પણ હાથ ધોવાની ધૂળ કાઢીને વૉશ બેસીન પર મૂકી દીધી !

નેતાઓના નેતા જેવા સ્વામીશ્રી સેવકના સેવક બનીને રહેતા.

આ શૈલી સાથે વિચરતા તેઓની કરુણાગંગા આ વખતના પરદેશ-પ્રવાસમાં ઘણા નવા નવા કિનારાને સ્પર્શી રહેલી. તે ક્રમમાં રોમ અને બેલ્જિયમ પછી તા. ૧૦/૪ના રોજ ભાગ્ય ખૂલ્યાં હૉલેન્ડનાં.

આ દેશમાં પ્રથમ બ્રેડાને પાવન કરતાં સ્વામીશ્રી અહીં શ્રી પી. ડી. પટેલની ફેક્ટરીમાં પુષ્પો વેરી આ સંકુલના બેઠકખંડમાં બિરાજ્યા. અત્રે તેઓ કામકાજ સંભાળતા ડચ ઇજનેરોને મળી મોટેલ બ્રેડાના આંગણે જઈ પહોંચ્યા.

આ સ્થળે સ્વામીશ્રી માટે ફરાળી ભોજનની વ્યવસ્થા રાખેલી. પરંતુ આજે શ્રીજીમહારાજનો જન્મદિન - ચૈત્ર સુદ નોમ હોવાથી સ્વામીશ્રીની ઇચ્છા તો કેવળ પ્રવાહી પર જ ઉપવાસ ખેંચવાની હતી. છતાં ભક્તોની વિનંતીથી તેઓ જમવા બિરાજ્યા, પણ તેઓના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યો કે 'નોમને દિવસે મનને મારીને ખાવું પડે છે.'

તેઓના આ શબ્દો સ્વામીશ્રીની તપસ્વી છબી ઝળકાવી ગયા.

હૉલેન્ડમાં હેતની હેલી

બ્રેડાથી ૧૨૦ કિ.મી. દૂર આવેલા ફુરબર્ગ મુકામે સ્વામીશ્રીને લઈ જવા આવી પહોંચેલા ડચ સત્સંગી શ્રી હન કૉપ અને તેના મિત્ર પેટ્રિકના મનમાં ઇચ્છા તો હતી કે 'સ્વામીશ્રી આપણી ગાડીમાં બેસીને આવે તો કેવું ?' પણ આ મનોરથ પ્રગટ કરતાં તેઓ ખચકાતા હતા, કારણ કે તેઓની ગાડી નાની હતી. છતાં હૈયે હોય તે હોઠે ફૂટ્યા વિના ન રહે. તેથી એકના મુખેથી શબ્દો નીકળી ગયા : 'સ્વામી ! અમારી ગાડી નાની છે, પણ...'

'ગાડી ભલે ને નાની હોય, તારો પ્રેમ ક્યાં નાનો છે !' પેટ્રિકનો વાંસો થાબડતાં સ્વામીશ્રી બોલ્યા અને તેની નાનકડી ગાડીમાં જ તેઓએ બપોરના ત્રણ વાગ્યે મુસાફરી આરંભી.

આ પ્રવાસ બને એટલો વહેલો પૂર્ણતાના આરે પહોંચે તેની પ્રતીક્ષા

કરી રહેલાં બે સજળ નયનો. રામની રાહ જોતાં બેઠેલી શબરીના જેવી જ આતુરતાથી ફુરબર્ગમાં સ્વામીશ્રીની વાટે બેઠેલા પેટ્રિકની માતા જીનેટે સન ૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના મુખ્ય દિવસે જ સંકલ્પ કરેલો કે 'સ્વામીશ્રી મારે ઘેર પધારે.'

તેઓનો આ મનોરથ જાણી ગયેલા અંતર્યામી સ્વામીશ્રી આજે તે પૂરો કરવા શ્રીહરિ જયંતીના દિવસે જ બંને યુવાનો સાથે વાતો કરતાં-કરતાં પ્રેમથી પંથ કાપતા રહ્યા.

અંતે સાંજે ચાર વાગ્યે ફુરબર્ગ આવી ગયું. આ સમયે આંગણે પધારેલા સ્વામીશ્રીને નીરખી જીનેટની સ્થિતિ તો *'આવ્યાં નેહથી નેણમાં નીર...'*ની બની રહી. આવા ભાવસભર વાતાવરણમાં જ હન અને પેટ્રિકે સ્વામીશ્રીને ઘરમાં પધરાવ્યા. આ પધરામણી નિમિત્તે તેઓ છેલ્લા એક અઠવાડિયાથી ઘરની સાફસૂફી કરી રહેલા. જીનેટે તો ઘરની સાથે તિજોરીને પણ સાફ કરી દીધેલી! આ વખતે પધરામણીની ભેટરૂપે ૩૫૦ પાઉન્ડ ઠાકોરજીનાં ચરણે ધરતાં તેઓ બોલ્યા: 'હવે મારી પાસે બીજું કશું જ બચ્યું નથી.'

આ ભક્તિભાવ જોઈ હરિકૃષ્ણ મહારાજના મુખ પર પણ સ્મિત ફરકી ગયું. આ યુરોપિયન મહિલાના પ્રેમની દોરીએ તેઓને જાણે બાંધી દીધા.

તેથી જ પધરામણી બાદ ગોઠવાયેલું ક્યુકન હૉફનો વિશ્વપ્રસિદ્ધ બગીચો જોવા જવાનું આયોજન રદ કરી સ્વામીશ્રી દોઢ કલાક સુધી અહીં જ રોકાયા. અત્રે તેઓએ પેટ્રિક અને હનના ઓરડાઓમાં પગલાં કર્યાં. જીનેટના ઘરમાં 'પેઈંગ ગેસ્ટ' તરીકે રહેતા હને ખૂબ મહેનત કરીને માણકીના અસવાર શ્રીજીમહારાજની સુંદર મૂર્તિ દોરી હતી. તે તેણે ભેટ ધરી ત્યારે સ્વામીશ્રીના અંતરમાંથી આશીર્વાદની વાદળી વરસી પડી કે 'આ ભગવાન તારા હૃદયમાં બેસશે.'

જ્યારે સ્વામીશ્રી પેટ્રિકના ઓરડામાં પહોંચ્યા ત્યારે આ યુવાને ભગવા રંગનો મુલાયમ ધાબળો અર્પણ કર્યો. તે જોઈ સાથેના સૌ સંતો આશ્ચર્યચકિત થઈ એકબીજા સામું જોવા લાગ્યા. હજી ગઈ કાલે જ ઍન્ટવર્પમાં સ્વામીશ્રી બોલેલા કે 'હવે શરીર ખોખલું થઈ ગયું છે. યોગીબાપાની જેમ ઠંડી સહન થતી નથી.' અને આજે તો પેટ્રિકે ગરમ બ્લૅન્કેટ તેઓને ધરી દીધું! તેથી સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'તારી ટાણાંની સેવા થઈ ગઈ.'

આ અવસરે હન અને પેટ્રિકે તેઓના પંદરેક મિત્રોને બોલાવેલા.

તે સૌ પણ સ્વામીશ્રીની પ્રેમવર્ષાથી પલળ્યા. તેમાં કેટલાકનાં તો વ્યસનોયે વહી ગયાં.

આમ, પ્રેમી ભક્તોને લાડ લડાવવાનું પ્રયોજન પૂર્ણ કરીને સ્વામીશ્રી ઍન્ટવર્પ જવા વિદાય થયા ત્યારે હૉલેન્ડમાં વરસેલી તેઓના હેતની હેલી સૌનાં આંખ અને અંતરને ભીંજવી રહી.

સર્વે ઉપકારી દયા ઘણી રે

હૉલેન્ડથી નીકળેલા સ્વામીશ્રી ઍન્ટવર્પમાં તા. ૧૦/૪ની રાત્રે શ્રીજીમહારાજનો પ્રાકટ્યોત્સવ ઊજવી તા. ૧૧/૪ની સાંજે સાડા સાત વાગ્યે લિસ્બન મુકામે આવી પહોંચ્યા.

પોર્ટુગલની આ રાજધાનીમાં મહેન્દ્રભાઈ મશરૂના ઘેર રોકાયેલા તેઓને તા. ૧૨/૪ના રોજ સૌ ભક્તો '25 de April' પુલ અને ઈસુ ખ્રિસ્તની આભને આંબતી પ્રતિમા જે સ્થળે ઊભી છે ત્યાં લઈ ગયા.

અહીં બે ભુજા પ્રસારી સૌને પોતાના બાહુપાશમાં સમાવવા તત્પર ઊભેલા ઈસુનાં દર્શન જાણે સ્વામીશ્રીમાં થયાં હોય તેમ એક પોર્ટુગીઝ પિતા પોતાના ત્રણેક વર્ષના દીકરા બર્નાડીનોને લઈને સ્વામીશ્રી પાસે દોડી આવ્યા.

બાલ્યાવસ્થાના ઉંબરે ઊભેલા આ સંતાનનું ભવિષ્ય મા-બાપને અંધકારમય જણાતું હતું, કારણ કે તે બાળક મૂંગો અને મંદબુદ્ધિ હતો. વળી, તે શારીરિક સંચરનાની દૃષ્ટિએ પણ અવિકસિત જ રહેવાનો હોય તેમ જણાતું હતું. આ ઉપાધિમાંથી ઊગરવા તે દંપતીએ ઘણાં ઉપચારો અને બાધા-આખડી કરેલાં; પરંતુ સરવાળો શૂન્ય જ મળતો રહેલો. આજે તેઓની નજરે સ્વામીશ્રી દેખાતાં એ બાળકના પિતા પોતાના દીકરાને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. સ્વામીશ્રીએ વિગત જાણી તે બાળકના માથે હાથ મૂકતાં જ જાણે તેનું ભાગ્ય ખૂલી ગયું !

સ્વામીશ્રીને મળીને ઘેર પહોંચ્યાની પ્રથમ ક્ષણથી જ તે માઈ(mae એટલે કે બા), પાઈ(pai એટલે કે બાપુજી), ઈરમા(irma એટલે કે બહેન) વગેરે શબ્દો ઉચ્ચારવા લાગ્યો. 'પાણી લાવો...' ઇત્યાદિ ટૂંકા વાક્યો તેની જીભ પર રમવા લાગ્યાં. ધીરે ધીરે તેનો બૌદ્ધિક અને શારીરિક વિકાસ પણ થતો ગયો. તેથી આ પોર્ટુગીઝ પરિવાર માટે તો ખુશીનો ખજાનો જ ખૂલી ગયો.

સ્વામીશ્રીની આ કરુણાથી અભિભૂત થયેલાં એ દંપતીએ પાંચેક

મહિના બાદ તા. ૫/૯/'૮૪ના રોજ આભાર માનતો એક પત્ર સ્વામીશ્રીને લખેલો. પરંતુ તે પોર્ટુગીઝ ભાષામાં હોવાથી તેનું ભાષાંતર કરવા તેને એલચી કચેરીમાં મોકલવામાં આવેલો. તે વખતે તરજુમો કરનારે જણાવેલું કે 'આ પત્ર લખનારે સ્વામીશ્રી પ્રત્યે એટલી લાગણી દર્શાવી છે કે તે ભાવનાઓનું ભાષાંતર શક્ય નથી.'

એ પત્રમાં બાળકની પ્રગતિના વૃત્તાંતની સાથે 'ભગવાન તથા પોપે પણ સ્વામીશ્રીને ધન્યવાદ આપવાં જોઈએ' તે ભાવાર્થનું લખાણ હતું. વળી, 'અમારું ઘર નાનું છે, પરંતુ અમારી ઇચ્છા છે કે આપ અમારે ઘેર પધારી અમારી સાથે રહો...' તેવો મનોરથ પણ આ દંપતીએ ઉચ્ચારેલો.

સ્વામીશ્રી સમક્ષ આ વાત થઈ ત્યારે તેઓ હસતાં હસતાં બોલેલા: '૧૯૮૪માં આખી દુનિયા ફર્યા ત્યારે આ એક પરચો થયો!' આમ કહી તેઓએ દુંદુભિ વગડાવીને ગજવી શકાય એવી ઘટનાને કોઈ દાદ દીધેલી નહીં. ઊલટાનું ઉમેરેલું કે 'પરચાથી નિષ્ઠા કે આશરો ન રહે. બીજે પરચો જુએ તો જીવ ત્યાં ચોંટે. પછી વળી ત્રીજે જુએ ત્યાં જાય. ઝાઝા ઘરનો પરોણો ભૂખે મરે, તેમ બધેથી લબડે. એક નિષ્ઠાવાળો ઊગરે.'

પોતાના પગલે-પગલે પરચા પૂરતા રહેવા છતાં સ્વામીશ્રી આવી વાતોને કદી ઊંચે આવવા ન દેતા. કદાચ પ્રસંગોપાત્ત તે સપાટી પર તરી આવે તો તેની હાંસી ઉડાવી તેને હાંસિયામાં ધકેલી દેતા અથવા નિષ્ઠા દૃઢ કરવાની વાતોના ઢાંકણથી તેને ઢાંકી દેતા. આ પણ તેઓનો એક મહામોટો પરચો જ ને!

જેનાં દર્શનથી સુખ શાંતિ મળે

તા. ૧૩/૪ના રોજ સ્વામીશ્રી પોર્ટુગલ હિંદુ યુનિયનના પ્રમુખ શ્રી કાંતિભાઈ સૌજાણીના ઘેર પધાર્યા ત્યારે આ ગુણભાવી સજ્જને પોતાનું અવલોકન રજૂ કરતાં કહ્યું: 'મેં અત્યાર સુધી ઘણા મહાત્માઓને જોયા છે. ઘેર જમવા પણ બોલાવ્યા છે. પરંતુ આ પ્રમુખસ્વામીમાં મને કંઈક વિશિષ્ટ શક્તિનાં દર્શન થાય છે. એમનાં દર્શનથી અંતરમાં શાંતિનો અનુભવ થાય છે. જુઓ, એમનું જીવન કેટલું સાદું છે!'

સાદગીસભર સ્વામીશ્રીના સાંનિધ્યમાં અંતરનો સંતાપ ક્ષણવારમાં જ ઓગળી જતો.

તેથી જ તા. ૧૩/૪ની રાત્રિસભામાં તેઓનો લાભ લેવા ૧,૨૦૦ ભાવિકો વેળાસર આવીને સભાગૃહમાં ગોઠવાઈ ગયા. આયોજકોને મન આ બીના આશ્ચર્યકારી એટલા માટે હતી કે ત્રણ દિવસ પૂર્વે જ ગયેલા રામ-નવમીના ઉત્સવ પ્રસંગે માંડ ૮૦ વ્યક્તિઓ અહીં એકત્રિત થયેલી, જ્યારે આજે પહેલી વાર આટલી વિપુલ માત્રામાં ગુજરાતીઓ કોઈ ધર્માચાર્યનો લાભ લેવા એકઠા થઈ ગયેલા. સ્વામીશ્રીની કોઈ આકર્ષક વેશભૂષા નહીં, કોઈ પ્રભાવક વક્તવ્ય નહીં, નહીં અહીં કોઈ ખાન-પાનનો જલસો કે નાચ-ગાનનો ભભકો... છતાં તેઓ જ્યાં જાય ત્યાં તેઓનું અદમ્ય આકર્ષણ સૌ અનુભવતા.

આ પરંપરા સ્વામીશ્રી લિસ્બનથી લંડન પધાર્યા ત્યારે પણ જળવાઈ રહી.[૧૭]

અહીં મંદિરમાં યોજાયેલી તા. ૧૫/૪ની રવિસભામાં અમેરિકન પ્રાધ્યાપક રેમન્ડ વિલિયમ્સે તૈયાર કરેલા પુસ્તક 'A New Face of Hinduism: The Swaminarayan Religion'નું ઉદ્‌ઘાટન થયું. આ પ્રસંગે લેખકે સ્વામીશ્રીના અનુભવો વર્ણવી કૃતજ્ઞતા વ્યક્ત કરી કે 'ગુરુની હાજરીની અતિશય આવશ્યકતા હું સમજું છું અને આ સંપ્રદાયમાં એવું નેતૃત્વ છે.'

લેખકની આ અનુભૂતિ સૌને એ જ સભામાં સત્ય થતી જણાઈ, જ્યારે આ સત્સંગમાં બેઠેલાં એક શીખ મહિલા સ્વામીશ્રીમાં ગુરુ નાનકનાં દર્શન પામ્યાં. આ દિવ્યતા આટલેથી જ ન અટકતાં આરતી વખતે તો તે બાઈને શ્રીજીમહારાજની મૂર્તિમાંથી સ્વામીશ્રી બહાર પધારતા હોય તેવાં દર્શન પણ થયાં.

તેઓની આ કેફિયત સાંભળી સૌ સ્વામીશ્રીને અહોભાવથી વંદી રહ્યા.

અગત્યનું

લંડનમાં બે દિવસનું ટૂંકું રોકાણ કરી સ્વામીશ્રી તા. ૧૭/૪ની સવારે વેલિંગબરો પધાર્યા ત્યારે અહીં તેઓના સ્વાગતમાં મંડળના અગ્રણી શ્રી ચીમનભાઈ હાર પહેરાવવા આવ્યા; પણ તે હાર ગૂંચવાઈ ગયેલો. તેથી તેને

---

૧૭. સ્વામીશ્રીએ કરેલી યુરોપની આ યાદગાર યાત્રામાં સંપન્ન થયેલાં ઐતિહાસિક કાર્યોના સાક્ષી બનવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

ઉકેલવાની મથામણમાં એ હરિભક્ત પડ્યા.

તે જોઈ સ્વામીશ્રીએ તેઓને નજીક બોલાવી કહ્યું : 'તમારો પ્રેમ સરખો છે એટલે હાર ગૂંચાયેલો છે તોય વાંધો નહીં.' એમ કહેતાં તેઓએ હારને પોતાના હાથમાં લઈ હળવેથી તેની ગૂંચ ક્ષણાર્ધમાં ઉકેલીને એ હાર હરિભક્તને જ પહેરાવી દીધો ! સ્વામીશ્રીની આ કાળજી અને કુશળતા જોઈ સભામાં આનંદનું વાતાવરણ જામી ગયું.

ગૂંચ હારની હોય કે હૈયાની, પણ તેને ઉકેલવાની સ્વામીશ્રી પાસે આગવી ફાવટ.

તેથી જ આજની સાંજે એક સ્થાનિક અખબારના પત્રકાર શ્રી રોબર્ટ ગીબાડ પણ કેટલાક પ્રશ્નો સાથે મુલાકાતે આવી ચડ્યા. તેઓએ પ્રશ્નોત્તરી દરમ્યાન સ્વામીશ્રીને પૂછ્યું કે 'લંડન તમને કેવું લાગ્યું ?'

'અમે ક્યાં શહેર જોવા ગયા છીએ ? અહીં ઘણા લોકો મંદિરમાં સત્સંગ કરવા આવે છે તે અમારે મન અગત્યનું છે ને સુંદર છે.' સ્વામીશ્રીએ જણાવ્યું. તેઓને મન મહત્તા અને સુંદરતા ભજન-ભક્તિની જ રહેલી.

હવે આ શરીર ઢીલું પડ્યું

વેલિંગબરોના હિંદુ મંદિરે યોજાયેલી સાયંસભામાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે આ ધર્મસ્થાનના વ્યવસ્થાપકો કૃતજ્ઞતાના ભાવથી નમેલા હતા, કારણ કે આ મંદિરની પ્રતિષ્ઠા બાદ બે વાર મૂર્તિઓ ખંડિત થયેલી. તેથી અવઢવમાં અટવાતા આ કાર્યકર્તાઓ સ્વામીશ્રી પાસે આવેલા.

તેઓની વીતક-કથા સાંભળી સ્વામીશ્રીએ આશીર્વાદ આપેલા : 'જાઓ, હવે કાંઈ નહીં થાય.' બસ ! ત્યારથી આ મૂર્તિઓ અખંડિત રહેલી.

સ્વામીશ્રીનો આ ઉઘાડો પ્રભાવ આજે સૌના રોમરોમમાંથી સ્વાગતરૂપે ઊછળી રહ્યો. તેથી મંદિરમાં સભા પણ ભવ્ય થઈ.

તેમાં સેંકડો મુમુક્ષુઓને ધર્મલાભ આપી શ્રી રમણભાઈ પટેલના ઘેર ઉતારે પધારેલા સ્વામીશ્રી ભોજન લઈ રાત્રિવિશ્રામ માટે તૈયાર થયા ત્યારે તેઓના સ્વાસ્થ્ય સંબંધી વાતો નીકળી. તેના અનુસંધાનમાં સ્વામીશ્રી જ બોલી ગયા : 'પહેલાં તો થાક જણાતો જ નહોતો. હવે આ શરીર ઢીલું પડ્યું એટલે થોડી વારમાં થાકી જવાય છે. અંદરથી કામ કરવાનો, ગામડે ફરવાનો ઘણો ઉત્સાહ જાગે, પણ દેહે થાકી જવાય એટલે પાછું પડવું પડે.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં વેદના હતી, વિચરણ મંદ પડ્યું તેની ! જો કે સશક્ત આદમી હાંફી જાય તેવી ત્વરા સાથે તેઓ આજેય કાર્યરત તો હતા જ; છતાં રોગોના હુમલાને કારણે ઘટેલી ગતિ તેઓને કઠી રહેલી.

સાચે જ, સંસ્થા, સિદ્ધાંત અને સંસ્કૃતિના સીમાડા વિસ્તારવાની સ્વામીશ્રીની ધગશ અતુલનીય હતી.

ટેલ નીચામાં નીચી કરીશ

વેલિંગબરોથી વિદાય લઈ સ્વામીશ્રી લેસ્ટર, બર્મિંગહામ અને આસ્ટનને લાભ આપતાં પ્રેસ્ટન પધાર્યા ત્યારે અહીં તા. ૨૧/૪ની સાંજે ગિલ્ડ હૉલના અંગભૂત ચાર્ટર્ડ હૉલમાં યોજાયેલી જાહેર-સભા ભરચક રહી.

તેમાં સૌને અમૃતધારાનો આસ્વાદ પમાડી તેઓ મંદિરે આવ્યા ત્યારે અત્રે તેઓના ઉતારામાં સોફાની આગળ કાગળના કેટલાક ટુકડા વેરાયેલા પડેલા. તેની પર નજર પડતાં જ સ્વામીશ્રી નીચા નમીને તે વીણવા લાગ્યા.

આ સમયે સેવકો પાછળ જ હતા. જો સ્વામીશ્રીએ ધાર્યું હોત તો તેઓને આ ટુકડા ઉપાડવાનું કહી શકત, પરંતુ સેવાધર્મમાં તો તેઓની જ સરસાઈ. તેથી આવતીકાલે સ્વામીશ્રીનાં જે કરકમળો મૂર્તિમાં પ્રાણ પૂરવાના હતા તે જ હાથ આજે કાગળના ટુકડા ઉપાડી રહ્યા !

સ્વામીશ્રીનો સેવકભાવ સદા અબાધિત રહેતો.

શુદ્ધતા, નિર્દોષતા અને સત્યનું પ્રતીક

તા. ૨૨/૪ની સવારના મંગલમય વાતાવરણમાં સ્વામીશ્રીના વરદહસ્તે પ્રેસ્ટનના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજતાં જ ઇંગ્લેન્ડમાં આ પાંચમું ધામ રચાયું. આ અવસરે યુ.કે.નાં જુદાં જુદાં નગરોમાંથી ૧,૬૦૦ ઉપરાંત ભક્તો લાભ લેવા દોડી આવેલા. તે ઉપરાંત ગૃહમંત્રી શ્રી ડેવિડ વોડિંગ્ટન સહિત કંઈક અંગ્રેજ મહાનુભાવો પણ ઊમટેલા.

તેમાં એક હતા લેંકેશાયર રેડિયોના સંવાદદાતા શ્રી રોનાલ્ડ ક્લાર્ક. તેમણે આજની પ્રતિષ્ઠાવિધિનો સંપૂર્ણ કાર્યક્રમ કચકડે મઢ્યો; પરંતુ સ્વામીશ્રી તો જાણે તેઓના કાળજડે જ જડાઈ ગયા. આ ખબરપત્રીએ ઉત્સવની અનુભૂતિ વર્ણવતાં કહ્યું :

'આમ તો ગુજરાતી ભાષામાં અહીં કાર્યક્રમ પ્રસારિત થતો નથી, પરંતુ

આ વખતે મારો બૉસ મને કાઢી મૂકે તો પણ હું ગુજરાતીમાં અપાયેલા સ્વામીશ્રીના આશીર્વાદ પ્રસારિત કરીશ. સ્વામીજી પોતે શુદ્ધતા તથા નિર્દોષતા અને સત્યનું પ્રતીક છે. એ વર્ણન કરવા અઘરા છે, પણ એટલો અનુભવ થાય છે કે કાંઈક શક્તિ અને સૌ પ્રત્યે પ્રેમ એમનામાં છે.

સ્વામીજી ખૂબ જ નિર્માની છે અને પોતે એવા ગુરુ છે જે સૌને મદદ કરે છે. તેઓ આપણા હોય એવી લાગણી અનુભવાય છે. તેઓ જેવું આચરે છે એવું બોલે છે. મેં મારી આટલી જિંદગીમાં હજી એટલા બધા માણસો જોયા નથી, જે લોકો ઉત્સાહથી એક જ પુરુષ તરફ જોઈ રહ્યા હોય! પશ્ચિમના ધર્મે આ ધર્મમાંથી ઘણું શીખવાનું રહેશે.'

એક રેડિયો રિપોર્ટરના હૃદયનો રેડિયો આજે બરાબર બજી ગયો. તેમાંથી એક જ સૂર ઊઠતો રહ્યો કે '*દેખતાં દગ ઠર્યાં દોય રે, આવાં મેં ન દીઠાં કોઈ રે...*'

મોટું મન રાખી કાર્ય કરવું

તા. ૨૩/૪ની સવારે સ્વામીશ્રી પ્રેસ્ટનથી વિદાય લઈ રહેલા ત્યારે લાગણીના તંતુમાં પરોવાયેલા કંઈક હાર તેઓને અર્પણ થયા. તે સ્વીકારી સ્વામીશ્રીએ વિદાયની મૌલિક શીખ આપતાં કહ્યું :

'પ્રતિષ્ઠા કરવી છે, કરવી છે – એમ વાતચીત ચાલતી હતી ને થઈ પણ ગઈ ને હવે હાલ્યા. ભગવાન અહીં જેવા પ્રેમથી બેઠા છે એવા જ પ્રેમથી સેવા કરવી. આપણે પૈસાથી, દેહે કરીને પણ સેવા કરી છે તો ભગવાન આપણને સર્વપ્રકારે સુખિયા કરશે. મોટું મન રાખી, એકબીજાનું સહન કરી કાર્ય કરવું, જેથી બહારના લોકોને પણ અહીં આવવાની રુચિ થાય. ભગવાન બેઠા એટલે આપણી જવાબદારી હવે વધી છે.'

મંદિરનિર્માણ બાદ મંદિર-વિકાસનો આ નકશો આંકી આપી સ્વામીશ્રી ડંસ્ટેબલ ટાઉન જવા નીકળ્યા.[૧૮]

આ અંતર આશરે ૩૫૦ કિ.મી.નું હોવાથી તેઓએ સામયિક 'પ્રકાશ'નો

---

૧૮. સ્વામીશ્રીએ ખેડેલા મિડલેન્ડ્ઝના આ ધર્મપ્રવાસમાં વરસેલી તેઓની મહેરની લહેરથી ભીંજાવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પાઠ આરંભ્યો. તે પૂર્ણ થયા બાદ ચાલુ ગાડીએ જ નખ કાપ્યા. તે વખતે ગાડી-ચાલક શ્રી અનુપ મોરઝરિયાએ સ્વામીશ્રી સમક્ષ ટિસ્યૂ પેપર ધરતાં કહ્યું: 'તમારા નખ આમાં મૂકી દો. હું પછી ફેંકી દઈશ.'

પરંતુ માનવીય મગજ કરતાં હંમેશાં બે ગજ આગળ દોડતા સ્વામીશ્રીથી એ યુવાનનો આશય અછતો કેમ રહે? તેઓએ તરત જ કહ્યું: 'નખ રાખીને શું કામ છે?' પછી છાતી પર હાથ મૂકી બોલ્યા: 'અહીં હૃદયમાં રાખવાના છે.'

પ્રાપ્તિના જતનની રીત સ્વામીશ્રીએ બતાવી દીધી.

રાજ તો મહારાજનું

ડંસ્ટેબલ ટાઉનમાં અમૃતવાદળી વરસાવી સ્વામીશ્રી તા. ૨૪/૪ના રોજ લંડનમાં આવી જતાં અહીંનું મંદિર ધમધમતું થઈ ગયું. રોજ સવારે ચાર હજારથી વધુ ભાવિકો તો પૂજાદર્શન માટે ઊમટી પડતા. ત્યારબાદ જામતી પ્રાતઃકથા અને સાયંસભાની રમઝટમાં પણ ઘણી ભીડ એકત્રિત થતી.

આ સૌ ભક્તોની ગાડીઓનાં પાર્કિંગની સેવા ઘણી કષ્ટદાયક રહેતી. ગાત્રો થીજવતી ઠંડી વચ્ચે ખુલ્લા મેદાનમાં ત્રણ-ચાર કલાક સતત ઊભા રહેવાની કસણી તો જે વેઠે તે જ જાણે. તેમાંય કેટલાક આગંતુકોનો ગરમ મિજાજ દઝાડી પણ જાય. છતાં અહીંના યુવાનો આ સેવા હોંશપૂર્વક બજાવતા.

તે જોઈ પ્રસન્નતા વરસાવતાં સ્વામીશ્રી કહેતા: 'જ્યારે પરીક્ષા આવે ત્યારે ખબર પડે કે વાંચ્યું છે કે નહીં? તેમ સમજણ પણ સમય આવ્યે ઓળખાય છે. એક બાજુ ઠંડી, બીજી બાજુ મોટરો અને હરિભક્તોનો ધસારો – આમ બધી બાજુથી પરીક્ષા. આવે વખતે માઈન્ડ(મન) વ્યવસ્થિત રહે તો 'પાસ'. હરિભક્તોની સેવા કરીએ એ બહુ મોટી વાત છે. આપણા માટે એ જ દર્શન ને એ જ પ્રવચન. આપણે દૂર ઊભા છીએ છતાં નજીક છીએ. તમારા વર્તનથી ભગવાનનો અને ગુરુનો ગુણ આવી જાય એ મોટી વાત છે. 'આપણે સેવક છીએ' એમ જ માનવું. કીર્તિ-વખાણ માટે સેવા ન કરવી. આપણે સેવા કરી હોય તોય આપણી પ્રશંસા ન કરે ને ન કરી હોય તેની કરે તોય ગ્લાનિ ન થવી જોઈએ. મહારાજના ચોપડે આપણી સેવા લખાઈ જાય.'

આ રીતે કથાલાભ આપ્યા બાદ સ્વામીશ્રી આખા દિવસની પ્રવૃત્તિના અંતે જ્યારે રાત્રિભ્રમણ કરવા નીકળે ત્યારે ઘણા યુવકો એકબાજુ બેસીને ચેષ્ટા ગાતા જાય અને દર્શન કરતા જાય. તે જોઈ રાજી થયેલા સ્વામીશ્રી ભ્રમણ

પછી થોડી પળો આ યુવાનો સાથે વિતાવી સૌને આનંદ કરાવે. તેથી આ છેલ્લો 'પીરિયડ' ભરવા યુવકો રાત સુધી રોકાય.

તા. ૨૫/૪ના રોજ પણ આવી જ એક ગોષ્ઠી માંડતાં સ્વામીશ્રીએ સામે બેઠેલા યુવક નૈનેશને પૂછ્યું : 'કેમ છે ?'

'આપના રાજમાં સારું છે.'

'લ્યા, સાધુને વળી રાજ શાના ? રાજ તો મહારાજનું કહેવાય. મહારાજ અનંત બ્રહ્માંડોના રાજા છે. એમના રાજમાં આપણે બધા મજા કરીએ છીએ. રાજ્યના કાયદામાં રહીએ તો વધારે સુખ આવે, તેમ મહારાજના કાયદામાં, નિયમોમાં રહેવું તો સુખિયા થવાશે.' સ્વામીશ્રી બોલ્યા.

વાત નાની હતી, ગમ્મતની હતી; છતાં સ્વામીશ્રીનો દાસભાવ અછતો ન રહ્યો.

આ વાત જીવમાં ઉતારવી જ પડશે

આ સમયની વિદેશયાત્રામાં ગુણાતીત દ્વિશતાબ્દી નિમિત્તે મહદંશે ગુણાતીતાનંદ સ્વામીનાં જીવન-કવન સંબંધી જ કથા-પારાયણ યોજાતાં રહેતાં. તે જ તંતુને આગળ વધારતા સ્વામીશ્રી પણ ગુણાતીત રીતની વાતો કરતા.

તેની એક ઝલક દર્શાવતાં તા. ૨૭/૪ની સાયંસભામાં તેઓએ કહ્યું :

''આપણે બીજાનું જોવા કરતાં આપણું જોવું. આપણને બીજાના અવગુણો જોવાનો સ્વભાવ છે એટલે જ ખળભળાટ થાય છે. નાના-મોટા દરેક પ્રત્યે સારો ભાવ, મહિમાની દૃષ્ટિ રહેવી જોઈએ. નિરંતર આપણા સામું જોયે રાખીએ તો જ સત્સંગનું જેવું છે તેવું સુખ આવે. સત્સંગ કર્યા પછી પણ જો આવું જાણપણું ન આવે તો સત્સંગ કર્યો શું કામનો ? આ બાબતનું જરાક જાણપણું ગુમાવીએ એટલે સત્સંગ ખોવાનો વારો આવે. પછી આપણે જેના માટે અહીં આવતા હોઈએ, જેની માળા ને ભજન કરતા હોઈએ એનો પણ અભાવ આવી જાય.

આપણને 'હું બરાબર જ છું' એમ લાગે છે, પણ આપણે એમ જ માનવું કે 'હું બરાબર નથી જ.' સત્સંગ મળ્યા પછી જ આ જાણપણું રાખવાનું છે. જેની પાસે કંઈ છે નહીં એને વળી તિજોરી શી રાખવી ? પરંતુ જેની પાસે ધન છે તેને ધ્યાન રાખવાનું છે કે લૂંટાવાય નહીં. આપણે ગુણાતીત થવું છે તો આ વાત જીવમાં ઉતારવી જ પડશે. આપણે કોઈનો અમહિમા ગાઈને કે બીજાને

ગબડાવીને કોઈ દિવસ ઊંચા આવી શકવાના નથી. માટે બીજાનો મહિમા કહેતાં શીખો. મહિમા કહેવાથી પોતાને શાંતિ મળશે અને સત્સંગ પણ વધશે.''

સ્વામીશ્રીની આજની આ પરાવાણીના પ્રવાહમાં જીવન અજવાળે એવા કંઈક જ્ઞાનદીપકો તરતા રહ્યા.

મંદિરો છે એટલે જ બધું છે

તા. ૨૮/૪ના રોજ યોજાયેલી યુ.કે.નાં તમામ યુવક મંડળોની સંયુક્ત-સભાને સંબોધવા સ્વામીશ્રી આસન પરથી ઊભા થઈ ગયા.

અલબત્ત, તેઓ બેઠાં-બેઠાં બોલે કે ઊભાં-ઊભાં, પણ *'વદે વાણી વિચારીને...'*ની રીતે આવતા તેઓના શબ્દો એકસરખા જ અસરકારક પુરવાર થતા. છતાં જ્યારે કંઈક વિશેષ પ્રેરણા આપવાની હોય ત્યારે સ્વામીશ્રીના રોમરોમમાં વ્યાપેલો ઉમંગ તેઓને ઠરવા ન દેતો અને તેઓ ક્યારેક રોસ્ટ્રમ પાસે આવીને તો ક્યારેક માઇક પાસે આવીને ઊભાં-ઊભાં જ અમૃતધારા વહેવડાવી દેતા. રોસ્ટ્રમ પાસે આવીને સ્વામીશ્રી બોલતા ત્યારે તે પીઠિકાનો ટેકો ભાગ્યે જ લેતા. મહદંશે રોસ્ટ્રમથી અળગા રહીને જ બોલતા.

બોલતી વખતે હાથનું હલન-ચલન અને હાવભાવ વાતના મુદ્દા મુજબ રહે. નિશ્ચયાત્મક વાત દૃઢાવતી વખતે જમણા હાથની મુઠ્ઠી વાળી તેને સહેજ ઝટકાવે. ક્યારેક જમણા હાથની તર્જની ઊંચી કરી કૃતનિશ્ચયતા દર્શાવે. આંતરિક દૃઢતા અને પ્રતીતિની વાત કરતાં જમણા હાથની પાંચેય આંગળીઓને એકબીજાથી સહેજ-સહેજ અળગી રાખી તે હથેળી છાતી પર મૂકે. ક્યારેક પાંચેય આંગળીઓનાં ટેરવાંને ભેગાં કરી તે બેય હાથનાં ટેરવાંઓને એકબીજાં સાથે હળવેથી ટકરાવતાં જતાં વાતો કરે. આગળ ફક્ત માઇક જ મુકાયું હોય તો ક્યારેક તેના દાંડાને એક હાથે કે બેય હાથે હળવેથી પકડીને પણ વાણી વહાવે. આમ, ઊભાં-ઊભાં બોલવાની તેઓની છટા ઘણી દર્શનીય જણાતી.

આજે એ જ રીતે સ્વામીશ્રીએ અમૃતવાણી રેલાવી કે –

''ગુણાતીત દ્વિશતાબ્દીનો ઉત્સવ નજીક આવે છે તો હવે બેસી કેમ રહેવાય? ઘરબાર વગેરે સમૈયા સુધી તો છોડી જ દેવું છે – એવો નિશ્ચય રાખવો. સંસ્થા અને સ્વામી માટે શું કરવું – એ વિચાર રહેવો જોઈએ. આપણે લંડનમાં મહારાજ અને સ્વામીનો સંદેશો પહોંચાડવા જ આવ્યા છીએ, પોસ્ટ ઑફિસ કે દુકાનો માટે નહીં. આપણે અક્ષર-પુરુષોત્તમ સંસ્થાના છીએ.

'મંદિરો શા માટે છે?' એવો પ્રશ્ન જ ન થવો જોઈએ. 'બિન્ગો, ક્લબો, નિશાળો શા માટે છે' – એવો પ્રશ્ન થાય છે? મંદિરો છે એટલે જ બધું છે. એને લઈને આપણે હાલી-ચાલી શકીએ છીએ. એના સિવાય એક ડગલુંય આગળ વધી ન શકાય. આપણા સંસ્કારોમાં ઊણપ છે એટલે આવો પ્રશ્ન થાય છે. મંદિરોને લઈને તો આપણે જીવીએ છીએ. આપણે ભારતીય છીએ. મંદિરો આપણું જીવન છે. જેમ અભ્યાસ કરો છો તેમ બાર વર્ષ સુધી અભ્યાસ કરશો તો ખબર પડશે કે મંદિરોની શી જરૂર છે.''

સ્વામીશ્રીની આજની અમૃતધારામાં ઊભરી આવેલો મંદિર-મહિમા સાંભળી સૌ યુવાનો થનગનતા થઈ ગયા.

ગ્રામોદ્ધારનો ગોવર્ધન

પરદેશની જેમ દેશમાં પણ ગુણાતીત દ્વિશતાબ્દીએ યોજાઈ રહેલા અનેકવિધ કાર્યક્રમો અંતર્ગત તા. ૧૫/૫ થી ૨૭/૫ દરમ્યાન ૭૫૦ યુવાનો ગુજરાત-મહારાષ્ટ્રનાં ૨૦૮ ગામો ખેડવાના હતા. 'આપણું ગામ સંસ્કાર-ધામ'ના આ આયોજનમાં ભળેલા યુવાનોને તા. ૨૯/૪ના રોજ વિદેશથી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'કાર્યક્રમ સારી રીતે કરજો. નક્કર કાર્ય કરજો. અગવડ-સગવડ વેઠીને કાર્ય કરજો. સ્થાનિક લોકો રાજી થાય તે રીતની સેવા કરવાની છે. દ્વિશતાબ્દીનું કાર્ય સારી રીતે કરજો.'

આ શુભાશિષના બળે અધ્ધર થયેલા ગ્રામોદ્ધારના ગોવર્ધનની છાયા તળે ૮૯૦ જાહેર-સ્થળો સ્વચ્છ થયાં અને ૧૧,૦૦૦ વ્યક્તિઓ વ્યસનમુક્ત થઈ – માત્ર તેર જ દિવસમાં! તેથી રાજ્યના મજૂરથી માંડી મુખ્યમંત્રી સુધીના સૌ ડોલી ગયા.

My service is very good (મારી સેવા ખૂબ સારી છે)

લંડનમાં નિવાસ દરમ્યાન સ્વામીશ્રીની મુલાકાતે કાઉન્સિલર, મેયર, કેન્દ્રીય મંત્રીઓ, ઈંગ્લેન્ડની લોકસભાના પૂર્વ-અધ્યક્ષ વગેરે સહિત અનેક અંગ્રેજ રાજનીતિજ્ઞો આવતા રહ્યા. તેની સાથે આમ આદમી પણ સ્વામીચરણે આદરની અંજલિઓ ઢોળી જતા.

તે ક્રમમાં તા. ૩૦/૪ના રોજ સ્વામીશ્રીને મળવા આવી ચડેલા એક ગ્રીક નાગરિકે કહ્યું: ''અમારા શાસ્ત્રોમાં લખ્યું છે કે 'સો વર્ષે આપના જેવા

એક સારા પુરુષ જન્મે છે અને મૂર્ખાઓ મિનિટે-મિનિટે જન્મે છે.' મેં આપનું કાર્ય જોયું છે એટલે આપને અભિનંદન આપવા આવ્યો છું અને મારું સરનામું આપું છું. અનુકૂળતા હોય તો મારા ઘેર જમવા પધારજો.''

દુનિયાની કોઈ પણ ભાષામાં જે સારું લખાયું હોય તે સ્વામીશ્રીમાં જોવા મળતું. આ હકીકત કેટલી રોમાંચકારી છે!

આ જ અનુભવ આજની સવારે સ્વામીશ્રીનું શારીરિક પરીક્ષણ કરવા આવેલા કાર્ડિયોલોજિસ્ટ ડૉ. ફાઉલર પણ કરી રહ્યા. તેઓએ તપાસ બાદ સ્વામીશ્રીને સલાહ આપી કે 'આપની તબિયત તો સારી છે છતાં બહુ પરિશ્રમ ન લેવો.'

'તેઓ બહુ પરિશ્રમ નથી ઉઠાવતા, પણ હરિભક્તોના પ્રશ્નો સાંભળે છે.' સંતોએ જણાવ્યું.

ત્યારે ડૉક્ટર બોલ્યા : 'એમાં પણ પરિશ્રમ પડે. '

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'હરિભક્તોની વાતો લઈને આપણે ભગવાનને આપી દીધી એટલે આપણે ફ્રી (છૂટા).'

આ ખુલાસાથી રાજી થતાં ડૉક્ટર બોલ્યા : 'That is very good.' (એ ઘણું સારું.)

'My service is very good.' સ્વામીશ્રીએ પણ અંગ્રેજીમાં જ ઉચ્ચાર્યું.

તેઓની આ વાતને ત્રિભુવનમાં કોણ નકારી શકે એમ છે!

પહેલો - છેલ્લો દિવસ

તા. ૩/૫ના રોજ સ્વામીશ્રીનાં પદારવિંદથી પાવન થયેલી સેંટ જેમ્સ સ્કૂલમાં આવતાં જ આગંતુકને ભારતના કોઈ પ્રાચીન ગુરુકુળમાં આવી ગયાનો અનુભવ થાય. અહીં પાણિનીય અષ્ટાધ્યાયીનાં સૂત્રો શીખવતા અંગ્રેજ શિક્ષકો, તો સંસ્કૃતમાં સ્તુતિ ગાતાં અંગ્રેજ ભૂલકાંઓ વિદેશમાં વૈદિક સંસ્કૃતિની સુવાસ પ્રસરાવી રહેલાં. આ શાળામાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે આચાર્ય અને શિક્ષકોએ તેઓને હાથ જોડી સત્કાર્યા અને બાળકોએ 'પૂર્ણમદઃ ...' તથા 'ૐ સહનાવવતુ ...' મંત્રો ગાઈ વધાવ્યા. સ્વામીશ્રીએ પણ રાજીપાના આશીર્વાદ વરસાવ્યા.

દ્વિશતાબ્દીની ભરચક પ્રવૃત્તિ વચ્ચે આવા સામાજિક અવસરો પણ સાચવવાના થતાં સ્વામીશ્રીના ખભે કાર્યભાર હંમેશાં લદાયેલો જ રહેતો. તેની

તળે કચડાવાનો વારો આવતો – તેઓનાં આરામ અને ભોજનને ! તા. ૪/૫ને તેનો પૂરો અનુભવ થઈ રહ્યો. આજની બપોરે સ્વામીશ્રી સવા ત્રણ વાગ્યે આરામમાં જવા પામ્યા તો રાત્રિભોજનનો મેળ પડ્યો રાત્રે સાડા દસ વાગ્યે અને મધરાતે એક વાગ્યે તેઓ નિદ્રાધીન થયા !

તા. ૫/૫ના રોજ પણ પારાયણની પૂર્ણાહુતિ, વિદાય સમારંભ અને શનિવારની ત્રિવેણી સર્જાઈ હોવાથી ભક્તમેદનીએ માઝા મૂકેલી. તે સૌ પર આશીર્વાદનું અમી ઢોળતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'પૂર્ણાહુતિ છે જ નહીં. છેલ્લો દિવસ હોય કે પહેલો દિવસ હોય, ભગવાન બેઠા છે એટલે પહેલો જ દિવસ છે. ભગવાનને મૂકીને કામ કરીશું તો છેલ્લો જ દિવસ છે.'

આ જ્ઞાનદૃષ્ટિથી વિરહનું દુઃખ હળવું કરતા સ્વામીશ્રી તા. ૬/૫ની બપોરે દોઢ વાગ્યે અમેરિકા જવા ઊડ્યા ત્યારે લંડનવાસી ભક્તોના હોશકોશ પણ ઊડી ગયા. એ વિમાન હવા ચીરતું નહીં, પણ સૌનાં હૈયાં ચીરતું ગગનમાં ગાયબ થઈ ગયું.

કર્મઠ અને કલ્યાણકારી

લંડનથી ન્યૂયોર્ક સુધીનું આશરે ૫,૬૦૦ કિ.મી.નું અંતર વિમાનની ગતિ સાડા છ કલાકમાં કાપવાની હોવાથી વિશ્રામ માટે પૂરતો સમય હતો. પરંતુ સ્વામીશ્રીએ આરામને બદલે કામ પસંદ કર્યું. તેઓએ વિમાનના ઉડ્ડયન પહેલાં 'સીટ બેલ્ટ' બાંધ્યો તે બાંધ્યો, તે પછી સતત પાંચ કલાક સુધી સ્વામીશ્રી પત્રોનું વાંચન-લેખન કરતા રહ્યા !

આ સમયે તેઓ વિમાનના વિશેષ સુવિધાજનક વર્ગમાં મુસાફરી ન કરતાં 'ઈકોનોમી ક્લાસ'માં જ પ્રવાસ ખેડતા. તેથી એકધારું બેસી રહેવામાં બેઠકની સંકડાશ ઘણી કઠે. પણ સ્વામીશ્રીને તો સેવામાં પરોવાય પછી દેહભાન જ ક્યાં રહેતું ! તેથી પ્રવાસ દરમ્યાન સહયાત્રીઓ કેટલીય વાર પગફેર માટે ઊભા થયા, પરંતુ સ્વામીશ્રી તો 'જૈસે થે'ની સ્થિતિમાં જ વાંચતા-લખતા રહ્યા.

તે જોઈ સંતોએ એક વાર વિનંતી પણ કરેલી કે 'બાપા ! ઘડીક તો આરામ કરો !'

ત્યારે સ્વામીશ્રીએ જણાવેલું : 'આ દેશનું કામ આ દેશમાં પૂરું કરવું જ પડે. કારણ, ન્યૂયોર્ક પહોંચીશું તો ત્યાં ટપાલો આવી જ ગઈ હશે ! જો

રોજેરોજનું કામ ન કરું તો ટપાલનું એક વાહન ભેગું ફેરવવું પડે.'

કર્મઠતાની આ કક્ષા સાથે ચાલી રહેલા પત્ર-કારભારમાં એક કાગળ સ્વામીશ્રીની પ્રતિભાને ઉજાગર કરનારો નીકળ્યો. તે લખનાર હતા શ્રી ડેનિયલ આરપ ટનુઈ. કેન્યાના રાષ્ટ્રપ્રમુખના આ ભત્રીજાએ વર્તમાન વિદેશયાત્રા દરમ્યાન સ્વામીશ્રી આફ્રિકા પધારેલા ત્યારે તેઓ સમક્ષ માંસાહાર છોડવાની પ્રતિજ્ઞા કરેલી. પરંતુ તેઓ એક વાર મોમ્બાસા ગયા ત્યારે મિત્રોની મો'બતમાં તણાઈને નિયમભંગ કરી બેઠેલા. એ જ દિવસે તેઓની તબિયત લથડતાં તાબડતોબ હૉસ્પિટલમાં ખસેડવા પડેલા. ત્યાં ડૉક્ટરોએ નિદાન કરી ચરી આપેલી કે 'તમારે પ્રોટીનયુક્ત કંઈ જ ન ખાવું.'

આ ચેતવણી સાંભળી શ્રી ટનુઈને સ્વામીશ્રી યાદ આવી ગયેલા! તેથી તેઓએ પત્ર લખી જણાવેલું: 'આપે મને માંસ ન ખાવાનો નિયમ આપ્યો હતો. છતાં મેં ખાધું તેથી મને આવું થયું! હવેથી હું કોઈ દિવસ નહીં ખાઉં.'

સ્વામીશ્રીનો એક જ વારનો સંપર્ક પણ કેટલો કારગત અને કલ્યાણકારી નીવડતો તેની સાક્ષી પૂરી – એક વિદેશી રાજદ્વારી કુટુંબના નબીરાની આ કબૂલાતે.

સ્નેહ-શક્તિના સ્રોત સમા સ્વામી

તા. ૬/૫ની બપોરે સ્થાનિક સમય અનુસાર ૩:૩૫ વાગ્યે સ્વામીશ્રી ન્યૂયોર્ક પધાર્યા ત્યારે અહીં તેઓના આ ચોથી વારના આગમનને સૌએ ઉમળકાભેર વધાવ્યું. બાઉની સ્ટ્રીટનું મંદિર પણ અમેરિકાનાં દૂર-દૂરનાં સત્સંગ-કેન્દ્રોમાંથી આવેલા ભક્તોથી છલકાતું હતું. તેઓનું અભિવાદન ઝીલી સ્વામીશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલના ઘેર પોઢ્યા ત્યારે તેઓની શરીર-ઘડિયાળ રાત્રિના સાડા ત્રણ વાગ્યાનો સમય બતાવી રહેલી. સ્વામીશ્રીને હંમેશાં ભીડાનો બરછટ કામળો ઓઢીને જ પોઢવાનું થતું.

છતાં સદા આનંદમાં રહેતા તેઓની સ્વાગત-સભા તા. ૭/૫ની સાંજે મંદિરમાં યોજાઈ. તેમાં શાંતિ આશ્રમના સ્થાપક શ્રી શાંતાનંદ સરસ્વતીજીએ સૌના અનુભવને જ વાચા આપી કે 'जब प्रमुखस्वामीजी यहाँ पधारते हैं तब प्रेम का अनजाना स्रोत बह रहा हो ऐसी अनुभूति होती है।'

હા, સ્વામીશ્રીનો પ્રેમપ્રવાહ અહીં સવારના પહોરથી જ વહેવાનો શરૂ થઈ જતો. તેની પ્રથમ છાલક વાગતી પ્રાતઃપૂજામાં. તે વખતે પેલા પ્રેમના

પ્રવાહમાં સંતો-યુવકોની સૂરધારા પણ ભળતી. ત્યારબાદ જામતા કથા-કિલ્લોલ દરમ્યાન સ્વામીશ્રીનાં અમૃતબિંદુઓ સૌને ભીંજવતાં.

તે પછી અલ્પાહાર કરી સ્વામીશ્રી ભક્તોને મળતા અને દરેકના પ્રશ્નોનું નિરાકરણ લાવતા. આ કાર્યમાંથી પરવારીને તેઓ પત્રોના કામકાજમાં પરોવાય. તેની વચ્ચે ફોન દ્વારા પણ તેઓનું સ્નેહસૂત્ર દૂર-દૂર સુધી વિસ્તરતું રહે.

આમ, સમગ્ર દિવસ દરમ્યાન સ્વામીશ્રીનાં નેહનીર ખળકતાં જ રહેતાં. તેમાં સ્નાન કરી સૌ ધન્ય થઈ જતા. સૌને અમેરિકામાં નહીં, પણ અક્ષરધામમાં જ છીએ તેવું અનુભવાતું.

આવી અનુભૂતિમાંથી પસાર થઈ ભારતીય વિદ્યાભવન(અમેરિકા)ના નિયામક શ્રી પી. જયરામન પણ બોલી ઊઠ્યા કે 'આજે હું ન્યૂયોર્કમાં બેઠો હોઉં એવું મને લાગતું જ નથી. હું ક્યારનો પ્રમુખસ્વામીજીની સામે જ જોઈ રહ્યો હતો. મને એમાંથી શક્તિનો વણજાણ્યો સ્રોત વહી રહ્યો હોય એવો અનુભવ થયો.'

કાયમનો આદેશ

તા. ૧૦/૫ની સાંજે મંદિરમાં થયેલી 'હરિલીલામૃત'ની કથાના અનુસંધાનમાં એક હરિભક્ત સ્વામીશ્રી સમક્ષ બોલ્યા કે 'બાપા! વિવેકસાગર સ્વામીએ રંગ રાખી દીધો!'

'વિવેકસાગર સ્વામીએ તો રંગ રાખ્યો જ છે, પણ આપણે રંગ રાખવો જોઈએ. આવી વાતો સાંભળીને અંતર રંગાઈ જવું જોઈએ. પણ રેઈનકોટ પહેરીને બેસે તો કશું અડે જ નહીં. 'ચમડી તૂટે પણ દમડી ન છૂટે' એવું થાય! ૮૦ વર્ષેય મૂકે નહીં. નથી કહેતા કે 'મરતાં સુધી માંચડો મૂકે નહીં.' સરકાર રિટાયર્ડ કરે તો બીજું કાંઈક ગોતે પણ ભગવાન ન ભજે.'

સ્વામીશ્રી આમ રંગ રાખવાની વાત કરી રહેલા ત્યાં જ કો'ક હરિભક્તે પૂછ્યું: 'સ્વામી! કોઈ આદેશ હોય તો કહો.'

'કથા-વાર્તા કરવી અને રોજ મંદિરે આવવું એ આપણો કાયમનો આદેશ છે જ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ આદેશ સૌમાં દૃઢ કરાવવા તેઓ તા. ૧૧/૫ના રોજ ન્યૂયોર્કથી હોબોકેન થઈ ન્યૂજર્સીને પણ લાભ આપી આવ્યા.

સત્સંગની કવાયતનો હેતુ

તા. ૧૨/૫ના રોજ ચાલી રહેલી વ્યક્તિગત મુલાકાતોના પ્રવાહમાં વહેતા એક હરિભક્તે સ્વભાવજન્ય સમસ્યાઓનું સમાધાન માંગ્યું ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'આપણા સ્વભાવ ઘસાય એટલા માટે જ ભગવાન વિરોધી સ્વભાવવાળાને આપણી ભેગા રાખે છે. એ વિના આપણા સ્વભાવ આ પ્રકારના છે એની ખબર કેવી રીતના પડે? આપણા સ્વભાવ ટાળવા માટે જ આ સત્સંગ છે.'

આવા સત્સંગની દૃઢતા સૌના જીવમાં સિંચવા સ્વામીશ્રી તા. ૧૩/૫ની સાંજે ફિલાડેલ્ફિયાના 'હોલી ટ્રિનિટિ આર્મેનિયન ચર્ચ'માં ધર્મલાભ આપી તા. ૧૫/૫ના રોજ ટેમ્પાના સેમિનોલ ગાર્ડન સેન્ટરમાં પધાર્યા.

અહીંની સભામાં માઇક હતું પણ મોટું સ્ટેન્ડ નહીં. તેથી તબલાં પર માઇક ગોઠવી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા! મોભા-મરતબા અને સુખ-સુવિધાથી તદ્દન નિઃસ્પૃહ તેઓની આવી જીવનશૈલીનો પડઘો ખૂબ ગાજ્યો.

તેમાં જ સ્વામીશ્રીનો બ્રહ્મનાદ ભળ્યો કે 'પરદેશમાં પૈસા કમાવા આવ્યા એ સારી વાત છે, પણ જીવનને સંસ્કારી બનાવવું એ વધારે આવશ્યક છે. આપણી સંસ્કૃતિ મહાન છે, પરંતુ પશ્ચિમનું જોઈને આપણી વાત સમજવાનો પ્રયત્ન આપણે છોડી દીધો છે. આપણા દેશની અસ્મિતા કેમ ન હોવી જોઈએ? જો આ બધું ગુમાવશો તો આ બાળકો અને પૈસા પણ તમારા હાથમાં નહીં રહે.'

સ્વામીશ્રીની આ વેધક વાણીમાં કોઈ ચીમકી-ધમકી નહોતી, પણ વાસ્તવિકતાનું બયાન હતું. તેઓના આવા પડકારા મોહનિદ્રામાં સૂતેલાઓને જગાડતા રહેતા.

તેને તો રસનું નથી ભાન

તા. ૧૬/૫ની સવારે ટેમ્પાથી વિદાય થયેલા સ્વામીશ્રીએ હેઇન્સ સિટીમાં આવેલી એક મોટેલમાં ભોજન-વિશ્રામ લઈ આજની સાંજે ડેટોના બીચને પાવન કર્યું. અત્રે સત્સંગ-સભાનો લાભ આપી તેઓ જેક્સનવિલ પહોંચ્યા.

અહીં તેઓનું નિવાસસ્થાન રહેલા રઘુભાઈ બારોટના ઘેર તા. ૧૭/૫ના રોજ અન્નકૂટ ગોઠવાતો હતો. દોઢસો - પોણા બસો કિ.મી. દૂરથી આવેલાં બાઈ હરિભક્તો વિવિધ વાનગીઓ બનાવીને લાવેલાં. તેને ઠાકોરજી સમક્ષ

મુકાતી જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'લાવો, ત્યાં સુધી એક-બે પત્રો લખી નાખીએ.'

આમ કહેતાં તેઓએ પત્રલેખન આરંભ્યું, પણ હજી બીજો પત્ર લખવો શરૂ થયો ત્યાં જ થાળગાન આરંભાયું. તેથી સ્વામીશ્રી કલમ પર ઢાંકણું ચઢાવતાં સીધા જ ઠાકોરજી આગળ પહોંચી ગયા અને ત્યાં કોઈ આસન પાથરે એ પહેલાં તો ભોંય પર બેસીને જ થાળ ગાવા લાગ્યા.

તેઓના જીવનમાં અવિરત વહેતા આ ભક્તિપ્રવાહમાં જ્ઞાનધારા ભળી આજની રાત્રે.

આ સમયે યોજાયેલી સભામાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ऋते ज्ञानान्न मुक्तिः। જ્ઞાન વગર મુક્તિ નથી. એ જ્ઞાન તે 'ગીતા'માં જે અક્ષર-પુરુષોત્તમ યોગ આપ્યો છે એ. એ જ્ઞાન દૃઢ થાય તો આપણી મુક્તિ થાય છે. બ્રાહ્મી સ્થિતિવાળા પુરુષનો પ્રસંગ થશે ત્યારે એ થશે. બાકી કરોડ રૂપિયા હશે તોય દા'ડામાં દસ વખત મોઢું બગડી જશે.'

સ્વામીશ્રીએ આ જે જ્ઞાનવાર્તા કરી તે પ્રવચન પૂરું થયાના અડધો કલાકમાં જ તેઓના જીવનમાં મૂર્તિમાન જોવા મળી.

આ કથા બાદ તેઓ રાત્રે સાડા દસ વાગ્યે નલિનભાઈના ઘેર જમવા બિરાજ્યા. બ્રાહ્મણ હોવાને નાતે આ યજમાન સ્વામીશ્રીને જમાડવા સારુ તેઓની સામે જ ગોઠવાયા અને 'મેં જોધા ભરવાડનો પ્રસંગ વાંચ્યો ત્યારથી આપને દૂધપાક જમાડવાનો સંકલ્પ કરેલો' એમ કહેતાં તેઓએ બે-ત્રણ વાર સ્વામીશ્રીને દૂધપાક પીરસ્યો.

સ્વામીશ્રી તો તે જમી ગયા, પણ તેઓના ભોજન બાદ જ્યારે સંતો જમવા બેઠા ત્યારે ખ્યાલ આવ્યો કે 'દૂધપાક તો અતિશય ખાટો છે.' તેનો ઘૂંટડો પણ કોઈ ગળા હેઠે ન ઉતારી શક્યું. આ વખતે સૌ સ્વામીશ્રીની બ્રાહ્મી સ્થિતિનો સ્વાદ બરાબર મમળાવી રહ્યા.

ધાર્યા ધર્મ-નિયમ તે ન મૂકે

સ્વામીશ્રીના સાંનિધ્યમાં રોજ સવારે તેઓની પૂજાવિધિ બાદ યોજાતી કથામાં સોમપ્રકાશદાસ સ્વામી, પ્રેમપ્રકાશદાસ સ્વામી, વિવેકજીવનદાસ સ્વામી વગેરે સંતો લાભ આપતા. તે દરમ્યાન સ્વામીશ્રી નારાયણભૂષણદાસ સ્વામીને સાથે રાખી પત્રવ્યવહાર ચલાવે. ક્યારેક મુલાકાતો પણ હોય. પરંતુ તા. ૧૮/૫ની સવારે તેઓને ઉમળકો આવી ગયો અને 'ચાલો! આજે કથા

કરીએ...' કહેતાં વચનામૃત(વર. ૧૦)ના આધારે કથામૃત રેલાવવા માંડ્યા.

તે પછી રોજિંદા ક્રમમાં પરોવાયેલા સ્વામીશ્રી આજની સાંજે 'કાઉન્ટી ડે સ્કૂલ'માં યોજાયેલી જાહેર-સભામાં પધાર્યા. અત્રે નગરપતિના પ્રતિનિધિ દ્વારા તેઓને 'કી ટુ ધ સિટી'નું બહુમાન આપી સન્માનિત કરવામાં આવ્યા.

આ જ રીતે તા. ૧૯/૫ના રોજ વાલ્ડોસ્ટા શહેરમાં પધારેલા સ્વામીશ્રીને સ્થાનિક મેયરે પ્રેસ્બિટેરિયન ચર્ચમાં યોજાયેલી સાયંસભામાં આવકારતાં આનંદ અનુભવ્યો. ત્યારબાદ અત્રે 'સ્કોચીસ ઇન' મોટેલમાં રાત્રિરોકાણ કરી સ્વામીશ્રી તા. ૨૦/૫ના રોજ એટલાન્ટા પહોંચ્યા. અહીં આજની સાંજે ડ્રેસ્ડન એલિમેન્ટરી સ્કૂલમાં સત્સંગ-સભાનો લાભ આપી તેઓએ તા. ૨૧/૫ની રાત્રે બર્મિંગહામને પાવન કર્યું.

આ નગરમાં મણિભાઈ પટેલની મોટેલમાં સ્વામીશ્રીનો નિવાસ હતો. આ જ મોટેલની લૉબીમાં તા. ૨૨/૫ની સવારે ભ્રમણની વ્યવસ્થા કરવામાં આવેલી, પરંતુ ત્યાં ડગલાં માંડતાં પૂર્વે સ્વામીશ્રીએ 'તે લૉબીના કોઈ ઓરડામાં મહિલા ઉતારુ તો નથી ને !' તેવી તપાસ કરાવ્યા બાદ જ ભ્રમણ આદર્યું.

આમ, પરદેશમાં પણ ધર્મપથ કદી ન ચૂકનારા તેઓએ નિત્યવિધિથી પરવારીને વચનામૃત(ગ.અં. ૮)ના આધારે પરાવાણી વહાવી કે –

'ભગવાન અને સંત કેમ રાજી થાય, એની મરજી શું છે અને ઇચ્છા શું છે એ જ કરવાનું છે. આપણા મનથી સારામાં સારું કાર્ય લાગતું હોય ને એનાથી લાખો માણસને સત્સંગ થતો હોય તો પણ સંત કહે તો મૂકી દેવું. એટલું ન કરીએ તો મોટાપુરુષ રાજી ન થાય ને અંતર ડહોળાઈ જાય. આપણને એટલું જ થાય કે 'આ (સત્પુરુષ) આટલું ન સમજ્યા' તો થઈ રહ્યું ! આ દુનિયાનું જે થવાનું હોય તે થાય, પણ ભગવાન અને સંત થકી મન નોખું ન પડવું જોઈએ. એ નિશાન છે. લાખો રૂપિયાની સેવા કરી હોય ને ભક્તિ કરી હોય પણ જો આ નિશાન ચૂક્યા તો ખલાસ !'

આવું જ એક અન્ય નિશાન દૃઢાવતાં સ્વામીશ્રીએ આજની સાંજે બર્મિંગહામથી ૧૯૦ કિ.મી. દૂર વસેલા રોમની જાહેર-સભામાં જણાવ્યું :

'ભગવાનનો રસ એવો છે કે જેનાથી જીવન બને છે ને જીવન મળે છે. આપણે ટાઈ-શૂટ પહેરીને બની-ઠનીને ઇન્ટરવ્યૂ આપવા જઈએ તો નોકરીમાં રાખી ન લે. એના માટે ડિગ્રી જોઈએ. તેમ બહારથી ગમે તેટલું કરીએ, પૈસા કમાઈએ, પણ ભારતીય સંસ્કારો નહીં હોય તો નકામું. આપણા સંસ્કાર

આપણે સાચવીશું તો બાળકો સાચવશે, નહીં તો આપણનેય ભૂલી જશે. મારી ખાસ વિનંતી છે કે આપણાં ધર્મ, ભાષા, સંસ્કાર જરૂર સાચવશો. પૈસા ખરચીને પણ તે કરજો. સમય આપવો પડે તોય બાળકોને સંસ્કાર આપજો.'

સંસ્કૃતિ-જતનની આ શીખ આપી પુનઃ બર્મિંગહામ પધારેલા સ્વામીશ્રી આજની રાત્રે સાડા દસ વાગ્યે જમ્યા!

આપણો છેડો ભગવાન

તા. ૨૩/૫ની સવારે બર્મિંગહામમાં વચનામૃત(ગ.પ્ર. ૩૨)ની રેલમછેલ કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'જોવા જેવા ભગવાન અને સંત છે. બીજા લાંબા વેંતમાં પડવા જેવું નથી. જગતમાં તો પૈસા જાય ને કચરો ભરીને આવવાનું. આપણે ભારતથી અમેરિકા ચારો કરવા આવ્યા. પરંતુ ચારો કરીને પક્ષીની જેમ ભગવાન, સંત અને સત્સંગરૂપી માળામાં આવી જવું. 'ધરતીનો છેડો ઘર' તેમ આપણો છેડો ભગવાન. સાંજ પડ્યે ભગવાનના ખીલે આવી જવું.'

સાંસારિક પ્રવૃત્તિની આ રીત સ્વામીશ્રી દર્શાવી રહેલા ત્યારે સ્થાનિક સત્સંગી શ્રી મહેન્દ્રભાઈ બોલ્યા : 'ઢોરને તો ખીલે જવું પડે છે, જ્યારે અહીં તો ખીલો (ભગવાન અને સંત) સામેથી આવે છે.'

તે સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું :

'ભગવાન ને સંત દયાળુ છે એટલે અહીં ઠેઠ આવે છે. આપણે એના થઈએ તો એ આપણને શોધવા આવે. ત્રણ વસ્તુ બરાબર રાખવી. એક, ભગવાનની આજ્ઞા મુજબ ખાવું. બીજું, ધંધો-કામ કરવાનું વ્યસન. ત્રીજું, ભજનનું વ્યસન. આ ત્રણ સિવાય જે કાંઈ બીજું થાય છે તે ફેલ છે. કેટલીક વખત સંકલ્પોને લઈને બધું ડહોળાઈ જાય છે, પણ સંકલ્પોથી મૂંઝાવું નહીં. વંટોળિયા તો આવે ને જાય. હિંમત હશે તો ભગવાન મદદમાં આવશે.'

સ્વામીશ્રીના આ શબ્દોથી સૌ અનેરી હાશ-હૂંફનો અનુભવ કરી રહ્યા.

મારી ક્યારેય ફરિયાદ ન હોય

સ્વામીશ્રી ભજનમાં જેમ બ્રહ્માનંદ રેલાવતા તેમ ભોજન વખતે પણ એવી જ છોળ્યો ઉડાડતા. તેઓનું ભોજનસત્ર એટલે આનંદસત્ર. તા. ૨૩/૫ના રોજ તેનો એક વધુ અનુભવ સૌ કરી રહ્યા.

આ અરસામાં વાત એવી બનેલી કે છેલ્લા કેટલાક દિવસથી સ્વામીશ્રીના વાળુમાં બાજરીનો રોટલો આવતો હતો. તે જોઈ આજે તેઓ બોલ્યા: 'જે ભાવતું નહોતું તેનો જ વારો આવ્યો.'

'કેમ એમ ? બાજરીનો રોટલો પહેલાં ક્યારેય નહોતા ખાતા ?' સંતોએ પૂછ્યું.

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'મેથીનાં થેપલાં, ઢેબરાંમાં બાજરો ભાવે પણ રોટલો નહીં. જુવારનો રોટલો ભાવે, કારણ કે નાના હતા ત્યારથી ખાધેલો.'

'ચાણસદમાં જુવાર થાય ?'

'હા, ઘણો પાક થાય અને સરસ થાય. લીલી જુવારનો પોંક પણ બહુ સરસ થાય. અમે નાના હતા ત્યારે પોંક પાડતાં શીખેલા.'

આમ કહી સ્વામીશ્રી પોંક પાડવાની રીત દર્શાવવા સ્વયં ગોઠણભેર બેસી ગયા અને તે ગોઠણ પર કોણી ટેકવી, બાજુમાં પડેલા નેપકીનની આંટી મારી પોંક પાડવાની પ્રક્રિયા કરી બતાવી. તે અંતર્ગત, શરૂઆતમાં ઝૂડતાં ન આવડે તો આંગળા પર કેવું વાગે તેનું પણ નિદર્શન કરી દેખાડ્યું.

જમતાં જમતાં સ્વામીશ્રીએ આપેલી આ સ્વાદિષ્ટ સ્મૃતિથી હરખાયેલા સંતોએ ગમ્મતમાં પૂછ્યું: 'બાપા ! આપે ક્યારેય મોતીકાકાના હાથનો 'પોંક' ખાધેલો ?'

સંતોની આ પૂછપરછમાં રહેલો મર્મ સ્વામીશ્રી સમજી ગયા. તેથી તેઓએ કહ્યું: 'ઘરમાં બીજાનો વારો પડતો પણ હું પહેલેથી શાંત. મારી ક્યારેય ફરિયાદ ન હોય. એટલે માર ખાવાનો વારો નહોતો આવતો.'

કેવી અનોખી જીવનશૈલી રહેલી સ્વામીશ્રીની! તેઓ માટે બીજાને કોઈ ફરિયાદ નહીં અને તેઓને પણ કોઈ માટે ફરિયાદ નહીં!

સ્વામી પંડે અક્ષર

બર્મિંગહામના રોકાણ દરમ્યાન 'સેન્ટ થોમસ ચર્ચ લાઇફ સેન્ટર'માં પ્રતિદિન યોજાતી સત્સંગ-સભાઓના ક્રમમાં તા. ૨૫/૫ના રોજ સ્થાનિક મેયરના પ્રતિનિધિએ સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' આપી સન્માન્યા. આ બહુમાન સ્વીકારી હન્ટ્સવિલ જવા હંકારી ગયેલા સ્વામીશ્રી રાત્રે એક વાગ્યે ઉતારે પહોંચ્યા.

અહીં એક દિવસના મુકામ દરમ્યાન તેઓ તા. ૨૬/૫ની સાંજે

ઍડવ્હાઇટ સ્કૂલના સભાગૃહમાં અમૃતધારા વરસાવી તા. ૨૭/૫ની બપોરે જેક્સન પધાર્યા. અત્રે 'ગોલ્ડન કોચ ઇન' મોટેલમાં ઊતરેલા તેઓએ તા. ૨૮/૫ના દિવસે ડાયર્સબર્ગને પાવન કર્યું.

અહીં 'બેસ્ટ વેસ્ટર્ન' મોટેલમાં સ્વામીશ્રીનાં દર્શને ઇન્દ્રસિંહ આવી પહોંચ્યા. લીંબડીના આ ભાવિકે મળતાંવેંત વાત કરી કે 'સ્વામીજી! હું એક મહિના પહેલાં જ અત્રે આવ્યો છું અને અહીં આવતાં પહેલાં અક્ષર દેરીમાં પણ દર્શને ગયો હતો.'

'એ જ અક્ષર, એ જ ગુણાતીતાનંદ સ્વામી અત્યારે તમારી સાથે વાત કરી રહ્યા છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ શબ્દો અતિ સ્પષ્ટ હતા. આ વાત જો કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય એમ હતું.

આવા ગુણાતીત-સ્વરૂપ સ્વામીશ્રી આજની રાત્રે ટ્રેન્ટનમાં ડૉ. હસમુખભાઈના ઘેર ભોજન લઈ રહેલા ત્યારે જ યજમાનનો દીકરો હાથમાં રમકડાંની બંદૂક લઈને આવી ચડ્યો. તે જોઈ હસતાં-હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'બંદૂક મૂકી દે ને દરરોજ માળા ફેરવજે. અત્યારથી જો બંદૂક લેતાં શીખીશ તો પછી આગળ જતાં મહાદુઃખમ્.'

બાળસંસ્કાર બાબતે ખૂબ સતર્ક સ્વામીશ્રી બાળકના કુમળા મન પર કુસંગ કે કુટેવોના કુઠારાઘાત ન થાય તે અંગે ઘણી માવજત લેતા. તેની સોમા ભાગની દરકાર પણ જો વાલીઓ રાખે તો ઘેર-ઘેર ધ્રુવ-પ્રહ્‌લાદ પાકે.

પ્રભાવશાળી અને બુદ્ધિશાળી

તા. ૨૯/૫ના રોજ જેક્સનથી પારસન્સ પધારેલા સ્વામીશ્રીની સત્સંગ-સભા અહીંના ફર્સ્ટ યુનાઇટેડ મેથોડિસ્ટ ચર્ચમાં યોજાઈ. આ સભા બાદ દેવળના ભોંયરામાં જ તેઓએ ઠાકોરજી જમાડ્યા. તેને અનુસરતાં આ ચર્ચના પાદરી શ્રી ડેલ મિલ્સ સાથે વાર્તાલાપમાં પરોવાયેલા સ્વામીશ્રીની પ્રતિભા આ ખ્રિસ્તી ઉપદેશકને એટલી સ્પર્શી ગઈ કે તેઓ બોલી ઊઠ્યા : 'Swamiji is impressive and intelligent.' – સ્વામીજી પ્રભાવશાળી અને બુદ્ધિશાળી છે.

આમ, જ્યાં જાય ત્યાં સૌના અહોભાવનો વિષય બનતા સ્વામીશ્રીએ તા. ૩૦/૫ની સવારે ૯:૫૯ વાગ્યાથી બપોરે ૧:૦૩ વાગ્યા સુધી જેક્સનમાં

સૂર્યગ્રહણનો સમૈયો કર્યો. આ ગ્રહણ બાદ 'ગોલ્ડન કોચ ઇન' મોટેલમાં જ સ્નાન, પૂજાથી પરવારીને તેઓ છેક ચાર વાગ્યે જમવા બિરાજ્યા. તે પછી આટલું મોડું થયું હોવા છતાં અને હજી ૨૫૦ કિ.મી. દૂર આવેલા લેબેનોન સુધીની મુસાફરી ખેડવાની હોવા છતાં સ્વામીશ્રીએ નિત્ય નિયમાનુસાર બપોરની કથાના ભાગરૂપે વચનામૃત તો વંચાવ્યું જ!

તેઓના કથા-વાર્તાના ઇશકને કદી ગ્રહણ લાગ્યું નહોતું.

'ફૂલગુલાબી' કરકસર

જેક્સનથી લેબેનોન પધારેલા સ્વામીશ્રી તા. ૩૧/૫ની સાંજે 'સેડર ઑફ લેબેનોન સ્ટેટ પાર્ક હૉલ'માં જાહેર-સભા કરવા પહોંચ્યા ત્યારે સેડર નામનાં ઊંચાં ઊંચાં વૃક્ષોથી ઘેરાયેલા આ સ્થળે ઉપસ્થિત ભાવિકોની સંખ્યા ઘણી હતી. અહીં હરિભક્તો તો આંગળીના વેઢે ગણાય એટલા જ હોવા છતાં બહોળા પ્રમાણમાં ઊમટેલો જનસમુદાય આશ્ચર્યનો વિષય થઈ પડ્યો.

જો કે આ અનુભવ બધાં સત્સંગ-કેન્દ્રોમાં થતો. સત્સંગીઓ આયોજન કરીને અવઢવમાં હોય કે 'સભામાં લોકો આવશે કે કેમ?' પરંતુ સ્વામીશ્રી પધારતાં જ *'જેમ ચમક ભણી ચળે લોહ, તેમ જન મન પામે છે મોહ...'*ની રીતે સૌ ખેંચાઈ આવતા. તેથી પાર્કિંગ ઊભરાઈ જતાં અને ભોજન ખૂટી પડતાં. તે જોઈ સૌને 'જે કંઈ થાય છે તે સ્વામીશ્રી જ કરે છે'ની પ્રતીતિ દૃઢ થતી.

આજની સભા પણ તેની સાક્ષી બની રહી. તેમાંના કેટલાક અતિથિઓએ સ્વામીશ્રીને પુષ્પહારથી સન્માન્યા. પરંતુ તે વખતે સ્વામીશ્રીની નજરે નોંધી લીધું કે 'ગુલાબનો એક હાર વધ્યો છે અને તે એમ જ પડી રહ્યો છે.'

તેથી આરતી બાદ નીકળતી વખતે સ્વામીશ્રીએ નીચા નમી જાતે જ એ હાર લઈ સ્થાનિક વ્યવસ્થાપક શ્રી શંકરભાઈને આપતાં કહ્યું: 'આને સાચવી રાખજો. આવતીકાલે કામ લાગશે.'

સ્વામીશ્રીની આ 'ફૂલગુલાબી' કરકસરને સૌ જોઈ જ રહ્યા. સન્માન અને અપમાન માનવીના ગુણોનો લય ખોરવી નાખે છે; પરંતુ ગુણાલય ગુરુ સ્વામીશ્રીના જીવનમાં ચિત્ર કંઈક જુદું જ જોવા મળતું! સન્માનના સમયે પણ તેઓના ગુણો અકબંધ રહેતા.

લાગી તેની પ્રભુપદ લગની

તા. ૧/૬ના રોજ લેબેનોનમાં સભા બાદ સ્વામીશ્રી શંકરભાઈના ઘેર ઉતારે પધાર્યા ત્યારે અહીં રાત જામી ગઈ હોવાથી અંધારું હતું. તેથી માથેથી પાઘ કાઢતાં સ્વામીશ્રીએ સંતોને કહ્યું : 'આરતી કરો.'

આ સાંભળી સંતો અટવાયા. તેઓને થયું : 'આરતી તો સભામાં કરીને જ આવ્યા છીએ. છતાં સ્વામીશ્રી ફરી વાર આરતી કરવા શા સારુ કહી રહ્યા હશે ?'

પરંતુ એટલામાં સ્વામીશ્રી જ બોલ્યા : 'લાઈટ કરો.'

આ સાંભળતાં સંતોને 'લાઈટ' થઈ કે સ્વામીશ્રી 'બત્તી કરો' ને બદલે 'આરતી કરો' એમ બોલી રહેલા.

ભજન-સ્મરણમાં સદા રમમાણ રહેનારા સ્વામીશ્રીના મનમાં હંમેશાં ભક્તિ-સંબંધી જ વિચારો ઘોળાતા રહેતા. તેથી અવારનવાર આમ બની જતું. એક વાર તો ફોનનું રિસીવર ઉપાડીને 'હલ્લો...' કહેવાને બદલે સ્વામીશ્રી 'સહજાનંદ સ્વામી મહારાજની જય...' બોલી ગયેલા. કથામાં કાયમ 'હરે... હરે...' બોલતા શ્રીજીમહારાજ ક્યારેક જમતી વખતે 'હરે...' બોલી જતા. પછી જ્યારે ખ્યાલ આવે ત્યારે હસી પડતા. આજે પણ એવી જ લીલા થઈ રહી.

જીવનનો હેતુ

તા. ૨/૬ની સવારે મરફીસબરોની 'રમાડા ઇન' મોટેલમાં સત્સંગ-લાભ આપી પુનઃ લેબેનોન પરત ફરેલા સ્વામીશ્રીએ અહીં બપોરે પોણા બે વાગ્યે ઠાકોરજી જમાડ્યા. ત્યારબાદ સાંજે વિદાય થયેલા તેઓ રાત્રે એક વાગ્યે નોક્સવિલ પહોંચ્યા.

અત્રે 'અમેરિકન હેરિટેજ ઇન' મોટેલમાં રાત્રિરોકાણ કરી સ્વામીશ્રી તા. ૩/૬ની બપોરે પોણા એક વાગ્યે સ્પાર્ટનબર્ગ પધાર્યા.

અહીં શ્રી જયંતભાઈ પટેલના ઘેર રોકાયેલા તેઓની મુલાકાતે આજની સાંજે અમેરિકન પત્રકાર શ્રી માર્ક ફિનલી આવી ચડ્યા. તેઓ સાથે યોજાયેલી પ્રશ્નોત્તરી દરમ્યાન આ સંવાદદાતાએ પૂછ્યું : 'શું સંપત્તિ એકત્રિત કરવી એ જ જીવનનો હેતુ છે ?'

ત્યારે તેઓને સાચી દિશા ચીંધતાં સ્વામીશ્રીએ કહ્યું : 'જીવનનો હેતુ તો

ભગવાનની ભક્તિ કરવી તેમ જ બીજાને મદદરૂપ થવું અને પવિત્ર જીવન જીવવું એ છે.'

આ હેતુ અનેકના જીવનમાં સિદ્ધ કરાવવા સ્વામીશ્રી સાંજે છ વાગ્યે વેસ્ટ વ્યૂ એલિમેન્ટરી શાળામાં પધાર્યા ત્યારે અહીં યોજાયેલી સાયંસભા ચુંબકીય બની રહી. સતત અઢી કલાક સુધી ચાલેલી આ સભામાં તો કોઈએ ઊઠ-બેસ ન જ કરી, પરંતુ સભા બાદ પણ ઘણા ભાવિકો ભોજન લેવું વિસારી સ્વામીશ્રીના ઉતારે ખેંચાઈ આવ્યા. તેથી અહીં પણ સ્વામીશ્રીએ તેઓને જ્ઞાનવાર્તા સંભળાવી. છેવટે સંતોએ 'હવે જમવા જાઓ' એમ કહ્યું ત્યારે જ સૌ વીખરાયા.

આ જ રીતે તા. ૪/૬ની સવારે સ્વામીશ્રીએ ડીલનને ડોલાવ્યું. અત્રે એક મોટેલનો ખાતવિધિ અને સભા કરી પુનઃ સ્પાર્ટનબર્ગ પધારેલા તેઓ બપોરે દોઢ વાગ્યે જમ્યા. ત્યારબાદ તા. ૫/૬ના રોજ ગેસ્ટોનિયાને પાવન કરતાં સ્વામીશ્રી બપોરે સાડા બાર વાગ્યે સૉલ્સબરી પહોંચ્યા.

જેનો પ્રેમ ન કાંઈ અધૂરો

સૉલ્સબરીમાં શ્રી કે. સી. પટેલની મોટેલમાં રોકાયેલા સ્વામીશ્રીને મેયર શ્રી વીલી લેશે 'સીલ ઑફ સૉલ્સબરી'નું સન્માન આપી આવકાર્યા. જે વ્યક્તિએ સરકાર માટે પાંચ વર્ષ વફાદારીપૂર્વક ફરજ બજાવી હોય કે કોઈ મહાન વ્યક્તિ શહેરની અતિથિ બની હોય તેને જ આ બહુમાન એનાયત થાય છે. આજે તે સ્વામીશ્રીના સંગે ધન્ય થયું. એ જ રીતે આજની સાંજે નજીકમાં આવેલા રોકવેલ સિટીના મેયર સહિત અન્ય શિક્ષિત અમેરિકનોએ સ્વામીશ્રીનો સત્સંગ માણી ધન્યતા અનુભવી. આ અમેરિકન આગંતુકોએ એક કલાક સુધી સંપ્રદાય સંબંધી વિમર્શ કરી જાણકારી મેળવી.

તેઓની વિદાય બાદ મોટેલના આંગણે જ યોજાયેલી સત્સંગ-સભામાં લાભ આપી સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા. સાથે થોડા-ઘણા હરિભક્તોની પંગત પણ બેઠી. તે સૌને સ્વામીશ્રીએ ઘારી પીરસાવી. આ રીતે જમી-જમાડી તેઓ ચળું કરીને પોતાના ઓરડા તરફ જતા હતા ત્યાં જ ચંદુભાઈ કોઠારી સામા મળ્યા. આ હરિભક્ત જમવા જઈ રહેલા. તેથી થોડા આગળ વધી ગયેલા સ્વામીશ્રી પાછા વળ્યા અને 'ચંદુભાઈને ઘારી બહુ ભાવે છે, માટે બે ઘારી લાવો,' એમ કહી એ સત્સંગીને સ્વહસ્તે પ્રસાદ પીરસ્યો.

કોને શું ફાવે-ભાવે – તેનું અતિ સૂક્ષ્મ ધ્યાન સ્વામીશ્રીને રહેતું. તે અનુસાર સૌની સરભરા કરતા તેઓ પાસે પૂર્ણ પ્રેમનો અનુભવ કાયમ થતો.

સંપૂર્ણ જોડાણની વાત

તા. ૬/૬ની સવારે સૉલ્સબરીથી વિદાય લઈ સ્વામીશ્રી એલ્બમર્લમાં પગલાં પાડતાં ગ્રીન્સબરો પધાર્યા. અહીં 'નોર્થ ગેઇટ ઇન' મોટેલમાં રોકાયેલા તેઓએ આજની સાંજે 'ડાઉન ટાઉનર મોટર ઇન' મોટેલમાં ગોઠવાયેલા સત્સંગના આયોજનને સાર્થક કર્યું.

ત્યારબાદ તેઓ તા. ૭/૬ની સવારે રીચમંડ જવા નીકળ્યા ત્યારે રસ્તામાં આવતાં લિચબન અને ઑક્સફર્ડને પણ લાભ મળી ગયો.

રીચમંડમાં પણ બે દિવસ સુધી રોકાયેલા સ્વામીશ્રી તા. ૭/૬ની સાંજે શ્રી મહેશભાઈ પટેલના ઉદ્યાનમાં યોજાયેલી સભામાં અમૃતધારા વહાવતાં બોલ્યા: 'આપણને સત્પુરુષનાં સ્વભાવ, દર્શન, વાણી ગમે ત્યારે સમજવું કે આપણે એમનામાં સંપૂર્ણ જોડાયેલા છીએ, એમનામાં ખરેખર હેત છે.'

આવી જ રસલહાણ તા. ૮/૬ની સાંજે 'ડેલ રેરીટન બિલ્ડિંગ' ખાતે આયોજિત સભામાં કરી સ્વામીશ્રીએ 'બજેટ મોટેલ'માં રાત્રિરોકાણ કર્યું.

અહીં જ તા. ૯/૬ની સવારે પ્રાતઃપૂજા કરી તેઓ 'ક્લોવલીફ ઇન' મોટેલમાં અલ્પાહાર માટે પહોંચ્યા.

અત્રે અગાઉથી આવી ગયેલા સંતોએ કરેલી વ્યવસ્થા અનુસાર ઉકાળા-પાણી કરી સ્વામીશ્રી આજની બપોરે બાલ્ટીમોર પધાર્યા.

ક્ષુધા તૃષા તેહ ગણે ન કાંઈ

બાલ્ટીમોરમાં ડૉ. રમેશભાઈ શાહના ઘેર રોકાયેલા સ્વામીશ્રી તા. ૯/૬ની સાંજે ફ્રેન્કલિન સિનિયર સ્કૂલ ખાતે યોજાયેલી સભામાં પધાર્યા ત્યારે ઘડિયાળમાં સાડા છ વાગ્યા હતા. પરંતુ આ સભા પૂર્ણ થઈ ત્યારે રાત્રિના પોણા અગિયાર વાગ્યાનો સમય થયેલો!

સતત સવા ચાર કલાક સુધી ચાલેલી આ સભાના મધ્યમાં 'ઇન્ડિયા ફોરમ'ના પ્રમુખે સ્વામીશ્રીને 'મેયર સાઈટેશન' (મેયર દ્વારા લખાયેલું સન્માન-પત્ર) અર્પણ કર્યું; જેમાં નગરપતિ દ્વારા તેઓને શહેરનું માનદ નાગરિકત્વ અર્પણ થયાનો ઉલ્લેખ હતો. તે સ્વીકારનારા સ્વામીશ્રીએ આજની

રાત્રે પોણા બાર વાગ્યે ભોજન ગ્રહણ કર્યું ત્યારે તેઓની ભીડાભક્તિનું નૂતન શિખર રચાઈ ગયું. ગુણાતીત દ્વિશતાબ્દીનો ઉદ્‌ઘોષ કરવા નીકળેલા તેઓ ભૂખ-તરસની પરવા તજી વિચરી રહેલા.

આ શૈલી સાથે સ્વામીશ્રી તા. ૧૦/૬ની સવારે ઉતારાના વિશાળ ખંડમાં પ્રાતઃપૂજા કરવા પધાર્યા ત્યારે શ્રીનિવાસદાસ સ્વામીએ પૂજાને સુંદર રીતે પાથરીને તૈયાર રાખેલી. છતાં સ્વામીશ્રીને તે ગોઠવણ ન ગમી, કારણ કે તે મુજબ બેસવામાં ઘરમંદિરના ઠાકોરજી તરફ પોતાની પીઠ આવે તેમ હતું. તેથી તેઓ બોલ્યા : 'પૂજા બીજી દિશામાં ફેરવી લો.'

'પણ તેમ કરવાથી હરિભક્તોને આપનાં દર્શનનું સુખ નહીં આવે.'

'એમાં વાંધો નહીં.' આમ કહેતાં પૂજાની દિશા બદલાવનારા સ્વામીશ્રીએ સૌને ભક્તિની સાચી દિશા ચીંધી દીધી.

સ્નેહ સ્વામીજીનો સૌથી સારો

બાલ્ટીમોરથી વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રીએ તા. ૧૦/૬ની સાંજે અમેરિકાની રાજધાની વોશિંગ્ટનને ધન્ય કરી. અત્રે સ્પ્રિંગબ્રુક હાઈસ્કૂલમાં વધુ એક સફળ સભા સંપન્ન કરી તેઓ તા. ૧૧/૬ની બપોરે ગ્રીન્સબર્ગ પહોંચ્યા.

અહીં દોઢ વાગ્યે ભોજન ગ્રહણ કર્યા બાદ અલ્પ વિશ્રામ લઈ સ્વામીશ્રી આજની સાંજે 'હિંદુ મંદિર'માં આયોજિત સભામાં પધાર્યા.

અત્રે તેઓની પ્રતીક્ષા કરતા એક ભાવિકના મનમાં એવી માન્યતા ઘર ગયેલી કે 'સંતો તો ધ્યાનયોગમાંથી જાગ્યા હોવાથી તેઓનો સ્પર્શ આપણાથી ન થાય.' તેથી તેઓ દૂર જ ઊભા રહેલા. પરંતુ એ મુમુક્ષુ પાસે સામે ચાલીને પહોંચેલા સ્વામીશ્રીએ તેઓના ખભે હાથ મૂક્યો ત્યારે આ આગંતુક દિવ્ય સ્પર્શથી રણઝણી ઊઠ્યા !

આ સમયની અનુભૂતિ વર્ણવતાં તેઓ બોલ્યા : 'મારા પિતા કરતાં પણ વધુ હેત સ્વામીજી કરે છે એવો મને અનુભવ થયો.'

આવી જ કંઈક અનુભૂતિ આજની સભામાં ઉપસ્થિત માનવમેદની પણ કરી રહી. આ સભાના અંતે શરૂ થયેલી આરતી સ્થાનિક મંદિરની પરંપરા મુજબ અડધા કલાક સુધી ચાલી. તેથી પરવારી સ્વામીશ્રી મહેન્દ્રભાઈ પટેલના ઘેર ઉતારે પરત ફર્યા ત્યારે રાત્રિના પોણા બાર વાગી ચૂકેલા. આ સમયે તેઓએ ઠાકોરજી જમાડ્યા !

...તે અમારા માટે આરામ છે

દિવસ-રાત એકાકાર કરીને અમેરિકાને ધમરોળવા માંડેલા સ્વામીશ્રી તા. ૧૨/૬ની સવારે ગ્રીન્સબર્ગથી વિદાય લઈ ક્લીવલેન્ડ આવી પહોંચ્યા.

અત્રે શ્રી કનુભાઈ પટેલના ઘેર રોકાયેલા તેઓને તા. ૧૩/૬ની સાંજે 'ન્યૂઝ હેરાલ્ડ' અખબારના ખબરપત્રી શ્રી ટૉમ બ્રેકનરીઝ પૂછી બેઠા કે 'સ્વામીજી! આપ દરરોજ પૂજા કરો છો, હરિભક્તો સાથે બેસો છો, પત્રો લખો છો, આટલી પ્રવૃત્તિઓમાં આરામ ક્યારે કરો છો?'

'ભગવાનનો સંદેશો પહોંચાડવો અને ભક્તોને આ માર્ગે લઈ જવા તે અમારા માટે આરામ છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને મન ભગવાનનું કામ આરામની અને ભક્તોની ભીડ એકાંતની ગરજ સારતા. તેથી જ શ્રી ટૉમે જ્યારે બીજો પ્રશ્ન પૂછ્યો કે 'તમે આટલી બધી જવાબદારી વહન કરો છો તો તમને આ બધું ભારરૂપ નથી લાગતું?'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાન કર્તા છે. અમે તો લોકોને ભગવાનનો સંદેશો કહીએ છીએ. સત્સંગ થવો એ ભગવાનની ઇચ્છા પર આધારિત છે. અમે એમની ઇચ્છા અને આદેશ પ્રમાણે રહીએ છીએ એટલે કશું ભારરૂપ લાગતું નથી. જ્યારે માણસ એમ માને કે 'આ બધું હું કરું છું' ત્યારે બધું ભારરૂપ લાગે છે.'

સ્વામીશ્રીના આ ઉત્તરમાં તણાવમુક્ત જીવન(stress-free life)ની જડીબુટ્ટી સમાયેલી છે.

એ તો 'પ્યોર' વસ્તુ છે

ક્લીવલેન્ડના રોકાણ દરમ્યાન ફર્સ્ટ બેપ્ટિસ્ટ ચર્ચ અને ઇન્ડિયન કમ્યુનિટી સેન્ટરમાં પ્રાતઃપૂજા તથા સાયંસભાના કાર્યક્રમો યોજાતા રહ્યા. તેમાં ભક્તો-ભાવિકોના મોટા સમુદાયને લાભ આપનારા સ્વામીશ્રી પોતાની જોડે ફરતા યુવાનોની કાળજી પણ ખંતપૂર્વક લેતા. સમયે-સમયે તેઓને સત્સંગ-સાગરના ઊંડાણમાં પડેલાં મોતી-માણેક જેવાં સિદ્ધાંત-સમજણ દૃઢાવતા. તે માટે સ્વામીશ્રી મોટે ભાગે રાત્રે ચેષ્ટાગાન પછીનો સમય પસંદ કરતા.

આ મુજબ તા. ૧૪/૬ની રાત્રે ચેષ્ટાનું આહ્નિક પૂરું થયું ત્યારે તેમાં છેલ્લે *'આ સ્વામીના પ્રતાપથી કોઈ વાતે ખામી નવ રહી...'* પંક્તિ આવી. તે

પરથી જ વાત ઉપાડતાં સ્વામીશ્રીએ યુવકોને કહ્યું :

'અનંત જન્મથી ભગવાન અને સંત મળ્યા નથી તે આ વખતે મળ્યા. હવે કોઈ વાતે ખામી નથી રહી. હવે ભગવાન અને સંતને વિષે અભાવ, અરુચિ ન થઈ જાય તે જોવાનું. આપણા સ્વભાવને લઈને એમાં દોષ આવી જાય. જેમ તબિયત નરમ થઈ હોય તો કશું ભાવે નહીં, તેમ અભાવ આવ્યો હોય પછી મન નોખું પડી જાય. પછી સાચવવાને બદલે ખોઈ બેસીએ. સંત ચૈતન્ય છે, એમાં કોઈ ખામી નથી. 'એ તો 'પ્યોર'(શુદ્ધ) વસ્તુ છે' એમ સમજીએ તો વાંધો ન આવે. આટલું જ કરીએ તો એ કાંઈ ખામી ન રહેવા દે. એમના વિષે જેટલું જોડાણ થાય ને એમના આદેશો દૃઢ થતા જાય તેમ અંદરના રોગનું ઑપરેશન થતું જાય. સત્પુરુષમાં જેટલી દૃઢતા થતી જાય એટલી હૃદયમાં દૃઢતા થતી જાય.'

સ્વામીશ્રી ખૂબ સરળતાથી સિદ્ધાંતોના સળ-વળ ખોલતા. તેથી માથે પીંછા જેટલો ભાર પણ તેઓનાં વક્તવ્યનો ન અનુભવાતો. તેમ છતાં જેમ દરિયામાં નાંગળ ખૂંતે તેમ તેઓની વાતો ધીરે ધીરે જીવમાં ધરબાઈ જતી.

અમેરિકા 'પ્રમુખસ્વામી દિન' ઊજવે છે

તા. ૧૫/૬ની સાંજે ક્લીવલેન્ડની ફોરેસ્ટ પાર્ક મિડલ સ્કૂલમાં યોજાયેલી સત્સંગ-સભાનો માહોલ સભામાં વીજળી ફરી વળી હોય તેમ સૌને ઝણઝણાવતો હતો. શ્રોતાવર્ગમાં તો હૈયે-હૈયું દળાય તેવી ગિરદી હતી જ, પરંતુ મંચ પર પણ જાણે નામાંકિતોની નક્ષત્રમાળા ઘૂમી રહેલી. ક્લીવલેન્ડ, ઈસ્ટ લેક, યૂક્લિડ, ક્લીવલેન્ડ હાઇટ્સના નગરપતિઓની પંક્તિ સહિત ઓહાયો હાઉસના પ્રતિનિધિ, અમેરિકન કોંગ્રેસમેન વગેરે કંઈક મહાનુભાવોથી મંચ ખીચોખીચ હતો.

આમ અને ખાસ આદમીઓની આ મેદની ઊમટી પડવાનું કારણ જણાવતાં હોય તેમ સભાના પ્રારંભમાં ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી શશી શાહે કહ્યું : 'ગઈકાલે હું સ્વામીશ્રીની સભામાં આવ્યો હતો. મને મારી જિંદગીમાં પહેલી વાર આવો અવર્ણનીય, સુખદ અનુભવ થયો. સ્વામીશ્રીની વાણી એકદમ ચુંબકીય હતી. એમનો અભિગમ વ્યવહારુ હતો. બધા જ સમજી શકે.'

આવા કંઈક સ્વાનુભવો ઉપસ્થિત અમેરિકન અગ્રણીઓએ પણ વર્ણવ્યા. તેઓના એક-એક ઉદ્ગારે સભામાં આનંદની લહેરો ઊંચે ને ઊંચે

ચડતી ગઈ, પણ તેમાં જબરજસ્ત ભરતી તો ત્યારે આવી કે જ્યારે કોંગ્રેસ સભ્ય શ્રી એડવર્ડ ફેગને તા. ૧૫ જૂનને 'His Holiness Pramukh Swami Maharaj Day' – 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દિન' તરીકે ઘોષિત કરી. અમેરિકન રાજનેતા દ્વારા હિંદુ ધર્મનેતાના સન્માનની આ ક્ષણોને સૌએ પ્રચંડ જયનાદોથી વધાવી લીધી.

આ નાદ શમ્યો ત્યાં જ ક્લીવલેન્ડના મેયર શ્રી જ્યોર્જ વોઇનોવિચે સ્વામીશ્રીના આ શહેરમાં નિવાસને ચિરસ્મરણીય બનાવવા આજના દિવસને 'Peace and Brotherhood Day' – 'શાંતિ અને ભાઈચારાના દિન' રૂપે જાહેર કર્યો. સ્વામીશ્રીએ વિશ્વમાં પ્રસરાવેલી આ ભાવનાઓને અંજલિ આપતાં આવું નામાભિધાન કરાયું હતું. આ જાહેરાતને પણ સૌએ તાળીઓના ગડગડાટથી બિરદાવી.

સ્વામીશ્રીનું આ સન્માન જોઈ સત્સંગીઓની છાતી તો ગજ-ગજ ફૂલી રહી.

આવો જ આહ્‌લાદક અનુભવ આ અરસામાં એક અમેરિકનને પણ થઈ રહેલો. ગુજરાતી ભાષાથી તદ્દન અજાણ હોવા છતાં તેઓની હાજરી સ્વામીશ્રીની પ્રત્યેક પૂજા અને સભામાં રહેતી. તેથી સૌનાં મનમાં કુતૂહલ ઊપજતું. તેનો તાગ કાઢવા તા. ૧૬/૬ની સવારે એક કાર્યકરે આ અમેરિકન આગંતુકને પૂછ્યું, ત્યારે તેઓ બોલ્યા : 'પ્રમુખસ્વામીને જોતાં જ મને પૂજ્યપાદ ભક્તિવેદાંત સ્વામી સાંભરી આવે છે, એટલે હું આવું છું.'

જેમ સરિતાઓ સાગરમાં મળે તેમ પોતપોતાના દિવંગત ગુરુઓની ઝાંખી સ્વામીશ્રીમાં પામનારા સાધકો ઠેર ઠેર મળી આવતા.

તેના એક ઉદાહરણરૂપે આવતા પેલા અમેરિકન 'ઈસ્કોન'ના અનુયાયી હતા. તેઓએ પોતાનું નામ બદલીને અગ્નિદેવ રાખેલું અને શ્રીજીમહારાજના દ્વિશતાબ્દી મહોત્સવે રજૂ થયેલા 'હરિદર્શન' પ્રદર્શનના આલ્બમમાંથી એક વીડિયો શૉ પણ તૈયાર કરેલો. તેને અલ્પાહાર દરમ્યાન નિહાળીને સ્વામીશ્રીએ આ મુમુક્ષુની ભક્તિ સાર્થક કરી.

'તકની નગરી'માં મોક્ષની તક

અમેરિકાના ખૂણે-ખૂણે સત્સંગનાં વન ખીલવવા બહુધા મોટરમાર્ગે જ પ્રવાસ કરતા સ્વામીશ્રી તા. ૧૬/૬ના રોજ ક્લીવલેન્ડથી એન-આર્બર પહોંચ્યા.

અહીં ફોર્ડ કંપનીના વિશાળ હૉલમાં જાહેર-સભાનો લાભ આપી તેઓ તા. ૧૭/૬ની બપોરે કેનેડાના લંડન શહેરમાં પધાર્યા.

અત્રે 'નોર્થ ઇન્ડિયન ફ્રેન્ડશિપ સેન્ટર'માં અમૃતવર્ષા વરસાવી તા. ૧૮/૬ની સવારે સ્વામીશ્રીનો પ્રવેશ ટોરોન્ટોમાં થતાં જ, 'તકની નગરી' (City of Opportunity) તરીકે ઓળખાતા આ શહેરમાં સ્વામીશ્રીરૂપે જાણે મોક્ષની તક જ પ્રવેશી ગઈ!

તેને ઝડપી લેતાં શહેરના મેયર શ્રી આર્થર એગ્લેટને સ્વામીશ્રીની પધરામણી પોતાની કચેરીમાં કરાવી. આ સમયે આ આંતરરાષ્ટ્રીય નગર તેની દોઢસોમી જયંતી ઊજવી રહેલું. તે નિમિત્તે નગરપતિએ ખાસ મહાનુભાવોને અર્પણ કરાતું પુસ્તક 'ટોરોન્ટો ઇન આર્ટ' સ્વામીશ્રીને ભેટ ધર્યું અને નગર-વિકાસના આશીર્વાદ માગ્યા. સ્વામીશ્રીએ પણ શહેરની અતિથિપોથીમાં હસ્તાક્ષર કરી ટોરોન્ટોને ધન્ય કર્યું.

આ રાજનેતાની જેમ તા. ૧૯/૬ના રોજ સ્વામીશ્રી ડંડાસ પહોંચ્યા ત્યારે અત્રે હેમિલ્ટન વિસ્તારમાં આવેલા ચર્ચના બિશપ શ્રી એન્થની ટોનસે પણ સ્વામીશ્રીને મળવાનો મોકો ઉમદા રીતે ઝડપી લીધો. તેઓના પૂર્વસૂરી શ્રી ડેરલને સ્વામીશ્રી ચાર વર્ષ પૂર્વે મળેલા. તેઓ સ્વર્ગવાસી થતાં નવા નિમાયેલા આ બિશપ પોતાની ગાડીમાં બેસાડીને સ્વામીશ્રીને એ પૂર્વસૂરીના સમાધિસ્થાને લઈ ગયા.

અહીં સ્વામીશ્રીએ સદ્‌ગત આત્માને પુષ્પનિર્મિત 'ક્રોસ-વીથ'ની અંજલિ આપી, ધૂન-પ્રાર્થના-ચાંદલા કર્યાં અને સંતો દ્વારા વૈદિક મંત્રોનું ગાન કરાવ્યું.

સ્વામીશ્રીની આ વિશાળ પ્રેમભાવનાનો સ્પર્શ પામી વર્તમાન બિશપનું હૈયું ભરાઈ આવ્યું. તેઓએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'આપ આપની પૂજામાં મારા માટે પ્રાર્થના કરજો કે હું સારી રીતે સેવા કરી શકું.' યોગાનુયોગ આજે તેઓના હોદ્દાગ્રહણનો પ્રથમ દિન જ હતો. પોતાની કારકિર્દીના મૂળમાં તેઓએ સ્વામીશ્રીના આશીર્વાદનું અમૃત રેડી દીધું.

શ્રીજીના સંદેશવાહક

ડંડાસથી ટોરોન્ટો પરત ફરેલા સ્વામીશ્રીના આશીર્વાદ સ્થાનિક 'મલ્ટિ-કલ્ચરલ ટી.વી.' પ્રસારિત કરવા માગતું હોવાથી સ્વામીશ્રી તા. ૨૧/૬ના રોજ ટી.વી. સ્ટુડિયોમાં પહોંચ્યા. અહીં સંતોનાં ભજનોનું ધ્વનિમુદ્રણ થયા બાદ

હરિભક્ત શ્રી ભગવાનજીભાઈએ જાહેરાત કરી કે 'હવે પરમ પૂજ્ય પ્રમુખ-સ્વામી મહારાજ આશીર્વચન આપશે.'

'આશીર્વચન નહીં, પરંતુ 'ભગવાન સ્વામિનારાયણનો ધર્મસંદેશો પાઠવશે' એવું એનાઉન્સ કરો.' સ્વામીશ્રીએ સુધારો સૂચવ્યો.

કેવી દાસત્વભક્તિ !

તે દ્વારા હજારો ઘરોમાં શ્રીજીમહારાજનો સંદેશો ગુંજાવી સ્વામીશ્રી એ જ કાર્ય માટે તા. ૨૨/૬ના રોજ કીચનર પધાર્યા.

અત્રે 'ગોલ્ડન યોગ સેન્ટર'માં ધર્મલાભ આપી પુનઃ ટોરોન્ટો પધારેલા તેઓનું ભવ્ય સન્માન વિવિધ ગુજરાતી સંસ્થાઓએ કર્યું.

તા. ૨૩/૬ની સાંજે 'સી. ડબલ્યુ. જેફરીઝ સેકન્ડરી સ્કૂલ'માં યોજાયેલા આ સમારંભમાં વડાપ્રધાનનો સંદેશો લઈને કેનેડાના સોલિસિટર જનરલ શ્રી કપ્લાન પણ ઉપસ્થિત રહ્યા. તેઓએ સ્વામીશ્રીને 'પ્લેક' અર્પણ કર્યો. તે સ્વીકારતા સ્વામીશ્રીએ માતૃભાષા ગુજરાતીના શિક્ષણને વેગ આપવા 'ફેડરેશન ઑફ ગુજરાતી ઍસોસિયેશન'ને માતબર રકમની આર્થિક સહાય કરી. સ્વામીશ્રીની આ ઉદાર છબીને સૌએ કૃતજ્ઞતાપૂર્વક વધાવી લીધી.

આ તસવીરનાં તેજ તા. ૨૪/૬ના રોજ મોન્ટ્રીઅલમાં પ્રસર્યાં. આ અરસામાં પોતાની દ્વિશતાબ્દી ઊજવી રહેલા આ શહેરમાં સ્વામીશ્રીના પ્રથમ આગમનને ભાવિકોએ હરખભેર વધાવ્યું. હિંદુ મિશનના હૉલમાં યોજાયેલી જાહેર-સભા પણ હકડેઠઠ રહી. તેમાં ઘણા મુમુક્ષુઓને વર્તમાન ધરાવી મોક્ષ-માર્ગના પ્રવાસી બનાવતા સ્વામીશ્રી તા. ૨૫/૬ની બપોરે કેનેડાથી વિદાય થયા ત્યારે આ દેશની આબોહવામાં ગુણાતીત દ્વિશતાબ્દીની લહર પ્રસરી ગયેલી.

અશક્ય વસ્તુ શક્ય બની

કેનેડાથી ન્યૂયોર્ક પધારેલા સ્વામીશ્રીની એક જાહેર સત્સંગ-સભા તા. ૨૭/૬ની સાંજે બ્રોન્ક્સ વિસ્તારમાં વસેલી રોબર્ટો ક્લીમેન્ટે શાળામાં યોજાઈ. તેમાં ઉપસ્થિત એક અમેરિકન શ્રી વાઇન વેલિંગ્ટન હતા – W T.V.ના સંવાદદાતા. પરંતુ સ્વામીશ્રીનાં દર્શન પામી ભાવવિભોર થઈ ગયેલા તેઓએ ભરસભામાં ઊભા થઈને જણાવ્યું કે 'મેં ઘણા અદ્‌ભુત પુરુષો જોયા છે, પરંતુ એમાંથી કોઈએ મને શુભ પ્રેરણાઓ અને દિવ્ય શાંતિ તથા આત્મ-વિશ્વાસ પ્રેર્યો નથી, જે આ સ્વામીએ પ્રેર્યો છે.'

સ્વામીશ્રીનો આવો લાભ અનેક અમેરિકનો પામે તે હેતુથી આ ખબરપત્રી તા. ૨૮/૬ના રોજ તો સ્વામીશ્રીને W T.V.ના સ્ટુડિયોમાં લઈ ગયા. અહીં પણ તેઓ ઇન્ટરવ્યૂની પૂર્વભૂમિકા બાંધતાં બોલ્યા: 'અમેરિકા માટે શાંતિની સમસ્યાનો ઇલાજ આ સ્વામીશ્રી છે.'

આવા સ્વામીશ્રીનાં કરકમળો વડે હવે ન્યૂયોર્કના મંદિરમાં આરસના અક્ષર-પુરુષોત્તમ મહારાજને બિરાજવાનું મંગલ મુહૂર્ત આવી પહોંચતાં ઉત્સવ-ઉજવણીનો શાનદાર શુભારંભ થઈ ગયો.

તેના પ્રથમ ચરણરૂપે તા. ૨૯/૬ના રોજ યોજાયેલા યાગથી ઊઠેલી ધૂમ્રસેરોએ અમેરિકાનાં આકાશ અને આબોહવાને બદલી નાંખ્યાં. ભૌતિકની સામે ખડા થયેલા આ વૈદિક વાતાવરણમાં જ તા. ૩૦/૬ના રોજ નગરયાત્રા નીકળવાની હતી, પરંતુ તેમાં ભક્તો દ્વારા બૅન્ડ-વાજાં વાગે તે પહેલાં મેઘ-નગારાં ગગડવા લાગ્યાં. તેને અનુસરતાં આવી પહોંચેલી ઇન્દ્રની અસવારીએ વિશ્વ-વ્યાપારના હૃદય સમા મેનહટન વિસ્તારમાં એક-એક ફૂટ પાણી ભરી દીધું. અહીં જ આવેલી ૫૮મી સ્ટ્રીટ, ૭મા એવેન્યુથી શોભાયાત્રા શરૂ થવાની હતી. વરસાદનું જોર જોતાં કોઈ પણ આયોજકનું પાણી ઊતરી જાય એમ હતું. છતાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની ૯૦૦ કિલોની આરસપ્રતિમા સહિત રાધાકૃષ્ણ દેવ અને અન્ય સાત રથને ભક્તોએ રસ્તા પર ગોઠવી દીધા.

નિશ્ચિત સમયે સ્વામીશ્રી પણ આવી પહોંચતાં સૌનો ઉત્સાહ આસમાનને આંબી ગયો. આ જ સમયે મુશળધાર વર્ષા પણ અચાનક અટકી જતાં ચારેકોર વિસ્મયનો માહોલ છાઈ વળ્યો. તેની વચ્ચે સરકવા માંડેલી દોઢેક કિ.મી. લાંબી નગરયાત્રામાં સામેલ દોઢેક હજાર ભક્તો ગુણાતીત દ્વિશતાબ્દીનો જયજયકાર ગજવવા લાગ્યા. તેથી વર્લ્ડ ટ્રેડ સેન્ટર, એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ વગેરે વિશ્વવિખ્યાત ઇમારતોના કણેકણમાં ઉપાસનાની ઊર્જા સમાવા માંડી.

નગરયાત્રાનો આ નજારો જગ-મશહૂર મેડિસન સ્ક્વેર ગાર્ડન હૉલમાં સભારૂપે ફેરવાયો ત્યારે વરસાદના વિઘ્નને વળોટીને આવેલા સાડા ત્રણ હજાર ભાવિકોથી સભાગૃહ ચિક્કાર ભરાઈ ગયું. તેમાં અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'આજે વરસાદે તો બરાબર જોર કર્યું. તેમાં કાર્ય કરવું અશક્ય હતું, પણ યુવકોને ખૂબ શ્રદ્ધા હતી કે નગરયાત્રા કાઢવી જ છે, તો ઘણાનાં પ્લેન

મોડાં પડ્યાં, ગાડીઓ અટર-પટર થઈ ગઈ છતાં અશક્ય વસ્તુ શક્ય બની. ધર્મ અને ભગવાન એ શ્રદ્ધાનો વિષય છે. ધર્મ એ જીવન છે, તે મંદિરોથી ટક્યો છે.'

ન્યૂયોર્કમાં નિર્મિત આવા મંદિરમાં તા. ૧/૭, રથયાત્રાના રોજ સ્વામીશ્રીના વરદહસ્તે મૂર્તિપ્રતિષ્ઠા થતાં જ સર્વત્ર હર્ષોલ્લાસ વ્યાપી વળ્યો. આજેય ગાજવીજ સાથે મેઘરાજાની સવારી તો આવી પહોંચેલી, પણ તે ભક્તોના શ્રદ્ધા-સેતુને તોડી ન શકી. તે જોઈ સમારંભના અતિથિવિશેષરૂપે ઉપસ્થિત ભારતીય કોન્સલ જનરલ શ્રી પટવર્ધને જણાવ્યું: 'મને એ વાતનો સંતોષ છે કે અહીં એકઠા થયેલા લોકો આપણી સંસ્કૃતિ ભૂલ્યા નથી.' આમ કહી તેઓએ ઉમેર્યું: 'સ્વામીજીના ચાર શબ્દો સાંભળવાથી કંઈક નવી જ ચેતના મળે છે.'

આ અહોભાવ ઝીલનારા સ્વામીશ્રી આજની બપોરે પોણા ત્રણ વાગ્યે જમવા માટે બિરાજ્યા. હકીકતે તેઓની આવી ભીડાભક્તિ જ જે અશક્ય હોય તેને શક્ય કરતી રહેતી.

સરળતાની સીમા

આ અરસામાં અમેરિકાની આબોહવામાં પ્રસરી રહેલી સ્વામીશ્રીની સાધુતાની સુગંધ અનેક મુમુક્ષુઓને આકર્ષી રહેલી. તે પૈકીના એક અમેરિકન શ્રી માઇકલ ડુન્ઝે તો તા. ૨/૭ની સાંજે સ્વામીશ્રી પાસે આવતાં જ તેઓને સાષ્ટાંગ પ્રણિપાત કરતાં કહ્યું: 'મને આપનાં દર્શનથી અનંત શાંતિનો અનુભવ થયો છે અને હું આપને પોપ કરતાં પણ વધારે મહાન સમજું છું.'

આ પ્રેમભાવ સ્વીકારી સ્વામીશ્રી મંદિરે આયોજિત સાયંસભામાં બિરાજ્યા ત્યારે બાળકો કીર્તનભક્તિ રેલાવી રહેલા. તેને સ્વામીશ્રી પણ માળા ફેરવતાં ફેરવતાં માણવા લાગ્યા.

પરંતુ આ જ વખતે લંડનથી એક અનિવાર્ય ફોન આવતાં તે સ્વામીશ્રીને આપવામાં આવ્યો. તેઓના આ વાર્તાલાપમાં વિક્ષેપ ન થાય તે હેતુથી શ્રોતાવર્ગમાં બેઠેલા હરિભક્તોએ બાળકોને ભજન ગાવાનું બંધ રાખવા ઇશારો કર્યો, પણ ચકોર સ્વામીશ્રી તે ચેષ્ટા પારખી ગયા. તેથી પોતે જ બહાર જવા ઊભા થયા અને જતાં જતાં બાળકોને કહ્યું: 'તમે કીર્તન ચાલુ રાખો.'

તેઓની આ ગતિવિધિમાં સૌ સરળતાની સીમા જોઈ રહ્યા. પળે-પળે

પોતાની અગવડોનો નહીં, પણ બીજાની લાગણીનો જ વિચાર કરતા રહેતા સ્વામીશ્રી. તેઓના જેવું ઋજુ-સમજુ હૃદય સૌનું થાય તો !

યોગીના યોગી

ન્યૂયોર્કના રોકાણ દરમ્યાન તા. ૪/૭ના રોજ લૉંગ આઇલેન્ડમાં પધારેલા સ્વામીશ્રીએ તા. ૬/૭ની સાંજે બેલવીલ ટાઉનમાં પગલાં પાડ્યાં.

અહીં નેવાર્ક પ્રેસ્બિટેરિયન ચર્ચમાં આયોજિત જાહેર-સભામાં શહેરના મેયર વતી સ્થાનિક કાઉન્સિલરે તેઓને 'પ્રોક્લેમેશન' (સન્માન-પત્ર) આપી નવાજ્યા.

વિચરણના આ ક્રમમાં સ્વામીશ્રી તા. ૭/૭ના રોજ મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં યોજાયેલા વિશ્વ હિંદુ પરિષદના વિશ્વસ્તરીય સંમેલનમાં પણ પધાર્યા. અહીં તેઓએ પચાસ દેશોમાંથી આવેલા પાંચેક હજાર પ્રતિનિધિઓને ધર્મ-સંદેશ આપ્યો.

તેઓની આવી પરાવાણી તા. ૮/૭ના રોજ આપણા મંદિરે યોજાયેલા ભારતીય ડૉક્ટરોના સ્નેહ-સંમેલનમાં પણ રેલાઈ રહી. આ સમયે આવી ચડેલા એક અમેરિકને સ્વામીશ્રીને લાગલું જ પૂછ્યુ :

'મારે જે પ્રશ્ન પૂછવા છે તેના ઉત્તર, મારી બુદ્ધિમાં છે એ રીતે મળશે કે પછી એનાથી ઊંધા મળશે કે પછી ૫૦-૫૦% મળશે ?'

આ કૂટપ્રશ્નનો જવાબ આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'અમે તો મહારાજને સંભારીને એમની પ્રેરણા પ્રમાણે ઉત્તર આપીએ છીએ.'

આટલું જણાવી તેઓએ ઉમેર્યું : 'આ બુદ્ધિ તો માયાની બનેલી છે, એટલે આધ્યાત્મિક ઉત્તરો તમારી બુદ્ધિમાં બેસે કે ન પણ બેસે. મોટાપુરુષો જે કહેતા હોય છે તે અનુભવથી કહે છે, જ્યારે બુદ્ધિની તો મર્યાદા હોય છે, એટલે બુદ્ધિમાં માનેલું ખોટું પણ પડે. જેમ જેમ સમાગમ થતો જાય તેમ તેમ બુદ્ધિમાં બેસતું જાય.'

સ્વામીશ્રીના આ સ્પષ્ટ પ્રતિભાવથી પેલા અમેરિકનનું હૈયું વીંધાઈ ગયું. તેઓએ સ્વામીશ્રીને કહ્યું : 'અહીંયાં અમેરિકામાં ગુરુ મેળવવા બહુ મુશ્કેલ છે. આપ મને પહેલા યોગી મળ્યા.'

આવા જ ભાવ સાથે તા. ૧૧/૭ની સવારે સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા બુઆ સ્વામી. હજારોનો શિષ્ય-સમુદાય ધરાવતા આ યોગગુરુને

ઈરાનના શાહે પાંચ વર્ષ સુધી પોતાના મહેમાન બનાવીને રાખેલા. શતાયુ થવા છતાં ઘણી સ્ફૂર્તિ-શક્તિ ધરાવતા તેઓ અહીં યોગાભ્યાસના વર્ગો ચલાવતા.

તેઓએ સ્વામીશ્રી પાસે આવીને સીધું જ કહ્યું : 'મને કંઠી પહેરાવો.'

તેઓની આ વિનંતી સ્વીકારી સ્વામીશ્રીએ એ પીઢ, બુઝુર્ગ યોગગુરુના કંઠમાં તુલસીની બેવડી કંઠી આરોપી ત્યારે વાતાવરણમાં યોગીના યોગી તરીકે તેઓના મહિમાની મહેક પ્રસરી રહી.

પ્રેમભક્તિ જેને ઘટ આવી

એક યોગગુરુને ભગવાનનો યોગ કરાવી ન્યૂજર્સી, ન્યૂયોર્ક અને મેસેચ્યુસેટ્સ રાજ્યોમાં દસ દિવસના વિચરણ માટે વિદાય થયેલા સ્વામીશ્રી સાલેમ, પેન્સવિલ, બર્લિન, બ્રન્સવિકને લાભ આપતાં તા. ૧૨/૭ની સાંજે રોઝલ પાર્ક પધાર્યા.

અત્રે એલ્ડિન સ્કૂલ ખાતે યોજાયેલી જાહેર-સભામાં આવેલા અમેરિકન શ્રી શાર્કી અહીંની એક પ્રખ્યાત વીમા કંપનીના પ્રમુખ હતા. તેઓએ સ્વામીશ્રીને પુષ્પહાર પહેરાવી સભા સમક્ષ જણાવ્યું : 'જેમ વૃક્ષનો મહિમા ફળ છે એમ સ્વામીજીના હરિભક્તોના વર્તનથી મને એમનો મહિમા સમજાયો છે.'

વિદેશના વિલાસ વચ્ચે ઝળહળતાં ભક્તરત્નોમાં સ્વામીશ્રીનો પરિચય આજેય મળી રહ્યો છે.

આ આગવી ઓળખ સાથે વિચરતા તેઓ કેનિંગવર્થને પાવન કરી તા. ૧૩/૭ના રોજ મુનિ શ્રી સુશીલકુમારજીના આશ્રમમાં પહોંચ્યા. અહીં આ જૈનાચાર્યનો આદર ઝીલી સ્વામીશ્રી સ્ટેટન આઈલેન્ડની 'રોક્કો લાઉરી ઈન્ટરમીડિયેટ સ્કૂલ' ખાતે યોજાયેલી ગુરુપૂનમની સભામાં પધાર્યા.

આ સમારોહમાં સ્ટેટન આઈલેન્ડ બરૉના પ્રમુખ શ્રી એન્થની ગેટાએ સ્વામીશ્રીને સન્માન-પત્ર અર્પણ કરી આજનો દિવસ 'નારાયણ સ્મૃતિ ડે(દિન)' તરીકે ઘોષિત કર્યો.

આ જાહેરાતને હર્ષોલ્લાસથી વધાવી રહેલા ભાવિકોના આનંદને બેવડાવતાં મુનિ શ્રી સુશીલકુમારજીએ પણ સભાસદોને જણાવ્યું : 'आप लोग बहुत खुशकिस्मत हो, क्योंकि आपको प्रमुखस्वामी जैसे गुरु मिले हैं।'

આ ખુશકિસ્મતી તા. ૧૪/૭ના રોજ બેયોન અને પિસ્કાટ્વેને પણ માણવા મળી. પિસ્કાટ્વે હાઈસ્કૂલમાં યોજાયેલી હકડેઠઠ સભામાં તો મેયર શ્રી

બોબ સ્મિથે સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી'થી સન્માનિત કર્યા. તે બહુમાન સ્વીકારી સ્વામીશ્રી ગાર્ફિલ્ડને ઘેલું કરતાં પસેક પધાર્યા. અહીં સત્સંગ-સભાનો લાભ આપી તેઓ તા. ૧૫/૭ની રાત્રે વૂડક્લિફ લેક પહોંચ્યા.

અત્રે શ્રી અશોકભાઈ પટેલના ઘેર ભોજન લેવાનું હતું, પરંતુ પસેકથી ઠાકોરજી લઈને અગાઉથી નીકળી ગયેલા સંતોની ગાડી માર્ગમાં અટવાતાં હજી ઠાકોરજી આવ્યા નહોતા. તેથી સ્વામીશ્રી રીતસર અકળામણ અનુભવવા લાગ્યા. મકાનની બહાર આવેલી હરિયાળીમાં ભ્રમણ કરતાં-કરતાં જે મળે તેને તેઓ પૂછે : 'ઠાકોરજી આવ્યા ?... ઠાકોરજી ક્યાં મૂકી આવ્યા ?...'

ભ્રમણ બાદ સ્વામીશ્રી ખુરશીમાં બેઠા, પણ તેઓનો ઉચાટ તો ઊભો જ રહ્યો.

છેવટે રાત્રે સવા દસ વાગ્યે સંતો ઠાકોરજીને લઈ આવી પહોંચતાં સ્વામીશ્રીને હાશ થઈ. આ સમયે ઠાકોરજીને પ્રેમથી થાળ ધરાવ્યા બાદ જ તેઓ જમ્યા. તેઓની આ પ્રેમલક્ષણા ભક્તિ સૌને ભીંજવી ગઈ.

અંતરને અજવાળતી 'અક્ષર'જ્યોત

વૂડક્લિફ લેકથી વિદાય લઈ સ્વામીશ્રી તા. ૧૬/૭ના રોજ બ્લેર્સ ટાઉનમાં ૧૦૮ એકરનું ક્ષેત્રફળ ધરાવતા 'સિદ્ધાચલમ્' મુકામે પધાર્યા. મુનિ શ્રી સુશીલકુમારજીનો આ આશ્રમ. તેઓએ અહીં પોતાના ધ્યાનકક્ષ સહિત બધે જ સ્વામીશ્રીનાં પગલાં કરાવ્યાં. આ મુલાકાતની સ્મૃતિરૂપે આ ધર્માચાર્યે સ્વામીશ્રીના આશીર્વાદ પણ ધ્વનિમુદ્રિત કરાવી લીધા. અહીંથી સ્વામીશ્રી પૂજ્ય શાંતાનંદજીના આશ્રમમાં પહોંચ્યા.

આમ, સતત સરકતા વિચરણના આ દોરમાં તેઓ શોર્ટ હિલને લાભ આપી તા. ૧૭/૭ની બપોરે એડિસન પધાર્યા.

અહીં મનુભાઈના નિવાસસ્થાને સાયંસભા બાદ આરતીનો કાર્યક્રમ હતો, પરંતુ તેજ પવન દિવેટો ઓલવી નાંખતો હતો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'બધી દિવેટો એક કરી દો ને !' તેમ કરતાં જ દિવેટો પ્રગટી ગઈ. તેથી સૌનાં અંતરમાં પણ અજવાળું થઈ ગયું કે 'એક થવાથી જ તેજસ્વી બનીએ છીએ.'

અંતરને અજવાળતી આવી 'અક્ષર'જ્યોત ત્રણ દિવસ સુધી એડિસનમાં જલતી રાખનારા સ્વામીશ્રીએ વિચરણના આગામી ક્રમમાં બોસ્ટન અને ન્યૂયોર્ક બાદ તા. ૨૪/૭ની રાત્રે શિકાગોને પાવન કર્યું.

શિકાગોમાં શાંતિના સ્થાનનું સર્જન

શિકાગો આવી પહોંચેલા સ્વામીશ્રીના અહીંના આગમનનું નિમિત્ત હતો -- મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ.

ઓ'હેર ઍરપોર્ટથી ચાલીસેક કિ.મી.ના અંતરે આવેલા ગ્લેન એલન વિસ્તારમાં અહીંના મંડળે ચાર એકરની ભૂમિ પર સુંદર મંદિર તૈયાર કરેલું. તેની પ્રતિષ્ઠાના પ્રસંગે પધારેલા સ્વામીશ્રીને તા. ૨૬/૭ના રોજ ઈલીનોય રાજ્યના સમસ્ત કેથલિક ચર્ચના વડા શ્રી બર્નાડિને પોતાના કાર્યાલય 'આર્કડાયોસિસ ઑફ શિકાગો'માં પધરાવ્યા.

આ પધરામણીના પગલે પગલે આવેલી તા. ૨૭/૭ના રોજ શિકાગો શહેર યજ્ઞની ધૂમ્રસેરોથી છવાયું. તે જ તા. ૨૮/૭ની સંધ્યાએ નગરયાત્રાનો દબદબો જોઈ હરખાયું. મિશિગન વેકર્સ ડ્રાઇવથી મિશિગન કોંગ્રેસ વિસ્તાર સુધીની આ શોભાયાત્રાએ સાચે જ શિકાગોના ડાઉન-ટાઉનને સ્થિર કરી દીધું.

નગરયાત્રા બાદ 'મેક્કોર્મિક પ્લેસ'માં યોજાયેલી સભા માટે આરક્ષિત રખાયેલું બે હજારની ક્ષમતાવાળું સભાગૃહ શરૂઆતથી જ સાંકડું સાબિત થઈ રહ્યું. આ સભામાં મેયર અને ગવર્નરના પ્રતિનિધિઓ ઉપરાંત ઇન્ડિયન કોન્સલ જનરલ સહિત વિવિધ સામાજિક સંગઠનના અનેક અગ્રણીઓ હાજર રહ્યા. તેની વચ્ચે મેયરના પ્રતિનિધિએ આજના દિવસને 'પ્રમુખસ્વામી દિન' જાહેર કર્યો ત્યારે સમગ્ર સભાગૃહ બુલંદ જયનાદોથી ગાજી ઊઠ્યું.

આ જયજયકારમાં તા. ૨૯/૭ના રોજ ધામધૂમપૂર્વક થયેલા આરસની મૂર્તિઓના પ્રતિષ્ઠાવિધિનો હર્ષોલ્લાસ ભળતાં શિકાગો ઝૂમી ઊઠ્યું.

અસરદાર શબ્દના સોદાગર

શિકાગોના નવનિર્મિત મંદિરની છત્રછાયામાં જ તા. ૩૦/૭ થી તા. ૨/૮ દરમ્યાન ૧૫૪ બાલ-બાલિકા, ૧૫૦ કિશોર-કિશોરી અને ૧૩૫ બાઈ-ભાઈનું રાષ્ટ્રીય અધિવેશન યોજાયું.

'પાર્ક વ્યૂ' શાળા ખાતે આયોજિત આ અધિવેશનના પ્રથમ દિવસની પ્રથમ સભામાં સ્વામીશ્રી આશીર્વાદ આપી રહેલા તે વખતે ગુજરાતી ભાષા ઓછી સમજાવાને કારણે કેટલાક બાળકો અરસપરસ ગુસપુસ કરવા લાગ્યા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'તમને કદાચ મારી ભાષા નહીં સમજાય પણ

અસર જરૂર થશે. એમાં વાંધો નહીં આવે.'

જી હા, સૂર્યમાં ચાલતી હિલિયમ અને હાઈડ્રોજનની લીલાને ન સમજી શકનારો પણ ઉજાસ તો પામે જ છે ને! તેમ સ્વામીશ્રીના સત્ત્વશીલ શબ્દો કદાચ ન સમજાય તોય એટલા જ અસરદાર નીવડતા.

આવા શબ્દોની શીળી છાયા તળે ચાલેલા અધિવેશન દ્વારા સતત ચાર દિવસ સુધી અમેરિકામાં અનેરું વાતાવરણ સર્જાઈ રહ્યું, કારણ કે અહીં સ્પર્ધા હતી પણ સ્પર્ધાભાવ નહોતો. અહીં સૌ હરિભક્તો હતા, કોઈ હરીફ નહોતો. અહીં સૌની નજર ઇનામ સામે નહીં, ઈમાન સામે હતી.

આવા આ અધિવેશનમાં સ્વામીશ્રી પણ સમયે-સમયે પધારી સૌને પ્રસન્ન કરતા. શિકાગો અને ટેક્સાસ મંડળ વચ્ચે ખેલાયેલી બાસ્કેટ બોલની અંતિમ(final) રમત તો તેઓએ સંપૂર્ણ નિહાળી સૌમાં પ્રોત્સાહનનું પૂર લાવી દીધું.

આ મૅચ પૂરી થયા બાદ સૌએ સ્વામીશ્રીને બાસ્કેટમાં બોલ નાખવા સાગ્રહ વિનંતી કરી ત્યારે તેઓએ બે-ત્રણ વાર નાખેલો બોલ દરેક વખતે રીંગને અડ્યા વિના સીધો જ બાસ્કેટ સોંસરો નીકળી ગયો! તેઓનું આ પ્રભુત્વ જોઈ સૌ ઘેલા બની ગયા.

અહીં તો ભગવાનની હવા મળશે

અધિવેશન બાદ તા. ૨/૮ની સાંજે 'સિવિક સેન્ટર'માં ધર્મલાભ આપી જયદેવભાઈ દવેના ઘેર રખાયેલા ઉતારે પરત પધારેલા સ્વામીશ્રી અહીં વાળુ-ચળુંથી પરવારી મીટિંગમાં પરોવાયા ત્યાં જ એક જૈન મુરબ્બી આવી ચડ્યા. તેઓ સ્વામીશ્રીને મળતાંવેંત ખૂબ રાજી થઈ બોલવા લાગ્યા :

'સમાજના આગેવાન તરીકે હું ઘણા કાર્યક્રમોમાં જાઉં છું પણ સત્સંગ જેવું તો અહીં જ લાગ્યું. કોઈ એકબીજાને ઓળખે – ન ઓળખે તોય સામા મળે એટલે ભાવથી 'જય સ્વામિનારાયણ' કહે. તેથી આનંદ આનંદ થઈ જાય. આપ સંતોને પણ શોધી શોધીને લાવ્યા લાગો છો. અમારી આજુબાજુ રહેતા ગુજરાતીઓ પણ આવું જ કહે છે.'

સ્વામીશ્રીએ સર્જેલી સંત, સત્સંગ અને સત્સંગીની ત્રિવેણી એવી હતી કે તેની છાલક જેને વાગે તે *'શાંતિ પામે ને હરખે સદાય...'*ની સ્થિતિમાં આવી જ જાય.

આ અનુભવથી રેસીનને પણ તરબતર કરવા તેઓ તા. ૩/૮ની સવારે અહીં આવી પહોંચ્યા.

અત્રે સ્વામીશ્રી સીધા 'ઇન રેસીન ટેલી કેબલ ચેનલ 4B'ના સ્ટુડિયો પર જ પહોંચ્યા. તેઓની પ્રતિભાથી આકર્ષાઈને આ ચેનલ સ્વામીશ્રીની ખાસ મુલાકાત પ્રસારિત કરવા સજ્જ હતી.

તે માટે સંવાદદાતા શ્રી નોબર્ટ ટ્રીટીઅરે પૂછેલા કેટલાક પ્રશ્નોમાં એક જિજ્ઞાસા આ હતી કે 'સ્વામીજી ! આપ સંગીતકાર ન થયા, કોઈ સારા વકીલ કે ડૉક્ટર કે ખેડૂત ન થયા ને સાધુ શા માટે થયા ?'

'સાધુ થવાથી ભગવાનના માર્ગે સારી રીતે જઈ શકાય અને સમાજના પ્રશ્નો પણ સારી રીતે સમજી શકાય અને સેવા પણ સારી રીતે થઈ શકે. સાથે સાથે પોતાનું જીવન પણ સારું થાય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આવા પ્રતીતિકર ઉત્તરો આપી સ્ટુડિયોમાંથી વિદાય થયેલા સ્વામીશ્રી આજની સાંજે કેનેશા રેસીનમાં આવેલા મેસોનિક ટેમ્પલમાં જાહેર-સભા કરી ગ્લેન એલન પરત ફર્યા.

અત્રે તા. ૪/૮ની સાંજે થયેલા રક્ષાબંધનના પ્રતીક ઉત્સવમાં તેઓની પ્રાસાદિક રાખડી સૌને બાંધવામાં આવી, પરંતુ આ નિમિત્તે આયોજિત સભામાં સ્વામીશ્રીને આશીર્વાદ આપવાનો વારો આવ્યો ત્યાં જ માઇક ઠપ થઈ ગયું. તેથી બીજું માઇક ધરવામાં આવ્યું. પણ તેય પહેલાના કુળનું જ નીકળ્યું. તેથી વ્યવસ્થા સંભાળતા ચાર-પાંચ કાર્યકરો એમ્પ્લિફાયર પાસે જઈ તેને ઠમઠોરવા લાગ્યા.

પરંતુ આ ગરબડથી લેશ અકળામણ અનુભવ્યા વિના સ્વામીશ્રીએ તો આશીર્વાદ શરૂ કરી દીધા કે 'થોડુંક કામ બગડ્યું એમાં જુઓ ને, કેટલા બધા ઍન્જિનિયરો આવી ગયા ! થોડાક કામમાં આટલો બધો ખટકો રાખવો પડે તો આ તો પરલોક પામવાની વાત છે. એમાં કેટલો ખટકો રાખવો પડે ? મોટો લાભ લેવો છે ને !...'

આમ, પ્રસંગ સાથે પ્રવચનને સાંકળીને સ્વામીશ્રીએ સૌને હળવા કરી મૂક્યા. પછી એ જ હળવાશની હવામાં તેઓએ વાત વહેતી મૂકી કે –

"ચંદ્ર ઉપર ગયા ત્યારે કેટલી તૈયારી કરવી પડી ! સહેજ પણ વજન વધારે ન ચાલે. તો આ તો અક્ષરધામની વાત છે. આપણે તો થોડોય પ્રયત્ન કરવો નથી. રવિવારે આવવાનું કહીએ તો કહે : 'No time.' તો પછી

ભગવાનને પણ ક્યાં ટાઈમ છે? એય... ધામમાં ધીરે ધીરે આવજો ને! આપણે તો સ્વિચ દાબીએ ને તરત લાઇટ થાય, એમ તરત પ્રકાશ જોઈએ છે. પણ વીજળી શોધનારે પહેલાં કેટલો દાખડો કર્યો! એ રીતે ધીરજ તો રાખવી જ પડે. અહીં મંદિર થયું છે તો બધા લાભ લેજો. રવિવારના દિવસે હવા ખાવા ગયા છીએ એમ માનીને અહીં આવી હવા ખાજો. અહીં તો ભગવાનની હવા મળશે. પેલામાં તો ખાલી દરિયાની જ મળશે.''

સૌને રુચે તેમ સ્વામીશ્રીએ આજે રવિસભાનો સંદેશ ઘૂંટાવી દીધો. તેઓની પ્રવચનશૈલી એવી હતી કે કઠણ પડતી વાત હોય તોય *'સાંભળે સઉ અધિક ઉમંગે...'*નું વાતાવરણ જળવાઈ રહે.

આપ કાંઈ ઓછા ભગવાનના બાપ છે?

તા. ૫/૮ની સવારે સ્વામીશ્રી નવનિર્મિત મંદિરમાં જ પૂજા-અલ્પાહારથી પરવારી હૉલમાં પધાર્યા ત્યારે અહીં યુવકોએ બેસવા માટે સંખેડાનો હિંડોળો તૈયાર રાખેલો. પરંતુ સ્વામીશ્રી બોલ્યા : 'ઠાકોરજીને ઝુલાવો, પછી બેસીએ.'

સંતોએ તેમ કર્યું ત્યારે હિંડોળે બિરાજેલા ભગવાનને સ્વામીશ્રીએ પણ પ્રેમથી ઝુલાવ્યા.

તે પછી યુવકોએ વિનંતી કરી કે 'બાપા! હવે આપ બિરાજો.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'કેટલો સુંદર હિંડોળો છે! આ હવે દરેક ઉત્સવ વખતે ઠાકોરજી માટે રાખવો. ઠાકોરજી માટે આ હિંડોળો થઈ ગયો એટલે હવે આપણાથી ન બેસાય. આ આપણી પ્રથા છે. એનો ભંગ ન થાય.'

સ્વામીશ્રીનો આ ખુલાસો સાંભળી અરવિંદભાઈ પટેલે પ્રેમ વ્યક્ત કર્યો કે 'બાપા! આપ અમારા ઠાકોરજી. બિરાજો ને!'

પરંતુ સદા ભગવાનના દાસ થઈને વર્તતા સ્વામીશ્રીને આ સરખામણી વસમી લાગી. તેથી તેઓ સહેજ આકળા થઈને બોલ્યા : 'આપ... આપ... શું કરો છો? આપ કાંઈ ઓછા ભગવાનના બાપ છે?'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાં તેઓનો સેવકભાવ પ્રકાશી રહ્યો.

તે સાથે તેઓ તા. ૫/૮ની સાંજે શિકાગોના ડાઉન-ટાઉનમાં આવેલી 'લેન ટેક હાઈસ્કૂલ'માં પહોંચ્યા ત્યારે અત્રે યોજાયેલો તેઓનો વિદાય સમારંભ ભક્તભીડથી ભરપૂર હતો. તેમાં સૌને આશીર્વાદ આપી સ્વામીશ્રી તા. ૭/૮ની રાત્રે ડલાસ પધાર્યા.

જાણ્યો પ્રેમ તમારો અપાર

ડલાસમાં છ દિવસના મુકામ દરમ્યાન શ્રી ઇન્દ્રવદન ભટ્ટના ઘેર રોકાયેલા સ્વામીશ્રી પ્રાતઃભ્રમણ માટે કેરલ્ટન પબ્લિક પાર્કને પાવન કરતા, તો પ્રાતઃપૂજા અને સત્સંગ-સભાનો લાભ આપવા શ્રી નવીનભાઈ પટેલના ઘરઆંગણે બંધાયેલા મંડપમાં બિરાજતા.

આ ક્રમમાં તેઓએ તા. ૧૦/૮ની સાંજે કીર્તન આરાધના નિમિત્તે ફ્રેટ્સ પબ્લિક રિક્રીએશન સેન્ટરને ધન્ય કર્યું. તેને અનુસરતાં તા. ૧૧/૮ની સવારે રક્ષાબંધનનો ઉત્સવ શ્રી વિનુભાઈ પટેલના વિશાળ બંગલામાં યોજાયો.

અહીં આ પવિત્ર પર્વના પ્રભાતે સ્વામીશ્રી સૌને રાખડી બાંધી રહેલા ત્યારે એક યુવક તેઓ આગળથી પસાર થયો. તેને જોતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'લે, આ રાખડી બાંધતો જા.'

'બાપા ! મેં શિકાગોમાં આપના હાથે રાખડી બંધાવી દીધી છે.'

'... પણ આ સાચો દિવસ છે.' એમ કહીને રાખડી બાંધતાં સ્વામીશ્રી બોલ્યા : 'તું પાછો આઘો-પાછો ન થઈ જાય એ અમારે જોવું પડે ને ! એટલે આ રાખડી બાંધી છે.'

આમ, સામે ચાલીને એક-એકને પ્રીતના તાંતણે બાંધનારા તેઓના સાંનિધ્યમાં *'જાણ્યો પ્રેમ તમારો અપાર...'*ની અનુભૂતિ કાયમ થતી. આ અનુભવ આજે બે અમેરિકન યુવાનો જ્હોન અને ગેરીને પણ થયો, જ્યારે સ્વામીશ્રીએ તેઓને યજ્ઞોપવીત અર્પણ કરી.

જ્ઞાનવાન શુદ્ધ બોધે શૂરા

તા. ૧૧/૮ની સાંજે ન્યૂ મેન સ્મિથ હાઈસ્કૂલમાં સત્સંગ-સભા સંપન્ન કરી તા. ૧૨/૮ની બપોરે ડલાસથી હ્યુસ્ટન પધારેલા સ્વામીશ્રીની સ્વાગત-સભા અહીં ફોન્ડ્રન જુનિયર હાઈસ્કૂલના હૉલમાં યોજાઈ. અત્રે વિવિધ સામાજિક સંસ્થાના અગ્રણીઓનો સત્કાર સ્વીકારી સ્વામીશ્રીએ તા. ૧૩/૮ના રોજ હ્યુસ્ટનના સિનેગોગમાં પણ પગલાં પાડ્યાં.

અત્રે રબાઈ શ્રી વોલ્ટેરે તેઓને સઘળે ફેરવી પોતાની પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા. તે દરમ્યાન જ આ ધર્મવડા બોલ્યા : 'અમારો ધર્મ રણમાં ઉદ્‌ભવ્યો અને ત્યાં વનસ્પતિ ઊગે નહીં. તેથી માંસાહારનો અમારા શાસ્ત્રમાં

નિષેધ નથી કર્યો.'

'પણ અત્યારે તો શાકભાજી કે અન્ય વનસ્પતિજન્ય આહાર ન મળી શકે એવું રહ્યું નથી. તો હવે શું કામ માંસાહાર કરવો ?'

સ્વામીશ્રીનો આ વેધક તર્ક સાંભળી રબાઈ પણ આ બાબતે વિચારી રહ્યા અને સ્વામીશ્રીએ હ્યુસ્ટનમાં મંદિર-નિર્માણ માટે વિચારાધીન જમીન પર જવા પ્રયાણ કર્યું.

તેઓનો આ ક્રમ જ રહેતો કે એક નગરમાં પ્રતિષ્ઠા, તો બીજે ખાત-વિધિ, તો ત્રીજે મંદિરનો સંકલ્પ. ગામોગામ અને શહેરે-શહેરે મંદિરો બાંધી તેઓ ઠેર-ઠેર મંગલતાના માંડવા નાંખી ગયા છે. આજે તેની ગતિવિધિ હ્યુસ્ટનમાં પણ આરંભાઈ ગઈ.

તે નિમિત્તે મંદિર માટેની સંભવિત ભૂમિના માલિક શ્રી એલન બારનીસ સ્વામીશ્રીના યોગમાં આવ્યા. આ અમેરિકન સ્વામીશ્રીનું કેવળ સ્મિત જોઈ બોલી ઊઠ્યા : 'આવું હાસ્ય મેં હજી સુધી જોયું નથી !'

'મધુર મધુર મુખ હાસ કરીને, લીધા છે પ્રાણ હરીને રે...' તે આનું જ નામ ને !

સદાગ્રહમાં રહે અહોનિશ

હ્યુસ્ટનના રોકાણ દરમ્યાન વેસ્ટ ઑક મૉલના કમ્યુનિટી હૉલ, મેમોરિયલ હાઈસ્કૂલ તથા યુનાઇટેડ મેથોડિસ્ટ ચર્ચના હૉલમાં પ્રાતઃપૂજા તેમ જ સાયંસભાના કાર્યક્રમોનો લાભ આપી સ્વામીશ્રી તા. ૧૫/૮ની રાત્રે બાર વાગ્યે બ્રાયન પહોંચ્યા.

અહીંથી તા. ૧૬/૮ની સવારે ઑસ્ટિન પધારેલા તેઓની મુલાકાત આજની બપોરે બાર વાગ્યે ગવર્નર શ્રી માર્ક વ્હાઇટ સાથે થઈ. 'કેપિટલ હાઉસ'માં થયેલા આ મિલનથી આનંદ પામેલા આ રાજ્યપાલે સ્વામીશ્રીને પોતાના અંગત કક્ષમાં લઈ જઈ ઘણો વાર્તાલાપ કર્યો. છેલ્લે સ્વામીશ્રીના આશીર્વાદ માગી ધન્ય થતાં કહ્યું : 'તમારે કાંઈ પણ કામ હોય તો જરૂર જણાવજો. હું મારો બનતો પ્રયત્ન કરીશ.'

ગવર્નરનો આ સ્નેહ સંપાદિત કરી સ્વામીશ્રી આજની સાંજે બ્રાયનની એ. ઍન્ડ એમ. મૅડિકલ કૉલેજમાં સભાનો લાભ આપતાં તા. ૧૭/૮ની બપોરે પુનઃ હ્યુસ્ટન આવી પહોંચ્યા.

અત્રે બે વાગ્યે તેઓની મુલાકાત શહેરના કેથલિક ચર્ચના બિશપ શ્રી જ્હોન માર્કોવ્સ્કી સાથે યોજાઈ. ચર્ચના દ્વારે પધારેલા સ્વામીશ્રીનું સ્વાગત કરવા આ ધર્મગુરુ પોતાના કક્ષમાંથી ઠેઠ નીચે સુધી આવી ગયા. અહીંથી તેઓ સ્વામીશ્રીને મુલાકાત ખંડમાં લઈ આવ્યા. ત્યાં પોતાની પ્રવૃત્તિઓની માહિતી આપી રહેલા બિશપશ્રીએ તેઓ દ્વારા થતાં શાળા, યુનિવર્સિટી, હૉસ્પિટલ વગેરેનાં સંચાલનની પણ વાત કરી.

તે સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું : 'સ્કૂલો વગેરેનાં સંચાલન માટે આર્થિક ભંડોળ કેવી રીતે ઊભું કરો છો ?'

'અમે એના માટે બિન્ગો[૧૯] ચલાવીએ છીએ.'

બિશપની આ વાત સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું: 'બિન્ગો રમવાનું બાઈબલમાં લખ્યું છે ?'

'એવો કોઈ ઉલ્લેખ નથી.'

'તો પછી એક ધાર્મિક સંસ્થા તરીકે લોકોને બિન્ગો રમાડીને એની હરામવૃત્તિઓને પોષવી એ યોગ્ય કહેવાય ખરું? આજે આપણે ધર્મના લોકો જ બિન્ગો રમાડીશું તો જુવાનિયાઓને તો એમ જ થશે કે ધર્મમાં પણ બિન્ગો રમવાની છૂટ છે. ભલે અત્યારે એ એક ડૉલરનું રમતો હોય પણ પછી એમાંથી એને વધારે રમવાની લાલચ જાગશે. માણસમાં પછી એક પ્રકારની ચોરી કરવાની વૃત્તિ થાય.' સ્વામીશ્રી ઘણી દીર્ઘદૃષ્ટિ સાથે બોલ્યા.

ત્યારે બિશપે કહ્યું : 'માણસ એ આખરે માણસ છે. એને કાંઈક મનોરંજન તો જોઈએ જ અને બિન્ગોમાં વધારે પડતા ઘરડાઓ જ આવતા હોય છે.'

'...પણ એના મનોરંજન માટે બીજું ન રાખી શકાય ? સામાજિક જીવન જોઈતું હોય તો ચર્ચમાં ભેગા થવું જોઈએ. બહાર ભલે એ ગમે તે કરતો હોય પણ ધર્મમાં તો આ ન જ ચાલવું જોઈએ. ધર્મે તો લોકોને ચોરી, જુગાર, ડ્રગ્સમાંથી પાછા વાળવા જોઈએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ ધર્મનો મર્મ સમજાવવામાં કદી સંકોચ ન રાખતા.

સ્વામીશ્રીની વાત સાંભળી શ્રી માર્કોવ્સ્કીએ કહ્યું : 'સ્વામીજી ! આપનો આદર્શ ખૂબ જ ઊંચો છે. એ પ્રમાણે વર્તવું જોઈએ.'

સ્વામીશ્રીના આચાર-વિચારની ઊંચાઈ બિશપને પણ પ્રભાવિત કરી ગઈ.

---

૧૯. એક પ્રકારનું જુગારખાનું.

...તો જ શાંતિ અને આનંદ રહેશે

આ વિદેશયાત્રા દરમ્યાન સ્વામીશ્રીને દરેક સત્સંગ-કેન્દ્રમાં સમયની ખેંચ વર્તાતી રહેતી. મુલાકાતીઓ અને કાર્યક્રમોની સંખ્યાને, રોકાણના દિવસોની સંખ્યા સાથે કદી મેળ ન ખાતો. તેથી સ્વામીશ્રી સમય ઊભો કરી-કરીને સૌને સંતોષ આપવા મથતા. તે મુજબ તા. ૧૭/૮ની સાયંસભામાં તો તેઓએ સંતોની કથા વખતે ઉત્સવમૂર્તિના સિંહાસનની પાછળ બેસી હરિભક્તોને મુલાકાત આપી! કેટલી કરુણા!

તે સાથે હ્યુસ્ટનમાં બિરાજેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૯ અને ૨૦ના રોજ જન્માષ્ટમી પણ ધામધૂમથી ઊજવાઈ. તેને અનુસરતાં તા. ૨૧/૮ની સવારે આવેલી વિદાય વેળાએ અમૃતધારા વહાવતાં સ્વામીશ્રી બોલ્યા:

"જેમ વ્યવહારમાં એકબીજાનો ખપ છે તો સહન કરીએ છીએ, નમી દઈએ છીએ. કોઈ ઓછું-વત્તું કામ કરતો હોય તો ચલાવી લઈએ છીએ. આમ કરીએ ત્યારે વ્યવહારનું ગાડું સારું ચાલે છે. તેમ આ સત્સંગમાં ભગવાન અને સંતને રાજી કરવાનો ખપ હોય તો એક-બીજાનું સહન કરવામાં વાંધો ન આવે. કામકાજ છે એટલે ભૂલ થવાનો સંભવ તો છે જ; પરંતુ એ સહન કરવું. ઘણી વખત આપણે સાચા હોઈએ તો પણ જો બધા રાજી થતા હોય તો આપણું મૂકી દેવું.

ભગવાન અને સત્પુરુષને શું ગમે છે તે જોવાનું છે. 'એમને જે ગમે છે એમ જ મારે કરવું છે' એવું હંમેશાં રાખવું. તેઓને સ્વભાવ ગમતા જ નથી. મહારાજ અને સ્વામી રાજી થાય એના ઉપર નિશાન રાખીને હંમેશાં કથા-કીર્તન કરવાં. આ સત્સંગ દિવ્ય છે. ભગવાન અને સંતમાં પણ કોઈ દોષ નથી. આપણે તો સેવા કરવા આવ્યા છીએ. પેલું (સ્વભાવ-પ્રકૃતિ) રાખીએ તો એમાં એમનું કશું જતું નથી, પણ ઊલટી આપણી સેવા જાય છે. આપણે એમની આગળ સારા દેખાવાનું છે, તો જ શાંતિ અને આનંદ રહેશે."

આ અદ્ભુત શીખ આપી સ્વામીશ્રીએ સૌનાં હૈયાં ઠારી દીધાં.

ભાવ છે એ મોટી સગવડ

હ્યુસ્ટનથી વિદાય લઈ તા. ૨૧/૮ની રાત્રે પોણા નવ વાગ્યે ન્યૂ ઓર્લિયન્સ પધારેલા સ્વામીશ્રી અત્રે તા. ૨૨/૮ની સાંજે સધર્ન યુનિવર્સિટીના

સાયન્સ સેન્ટરમાં સત્સંગ-લાભ આપી તા. ૨૩/૮ની રાત્રે સાનફ્રાન્સિસ્કો પહોંચ્યા.

અહીં તેઓએ ભારતીય મંડળના હૉલમાં બે દિવસ સુધી સત્સંગની વાદળી વરસાવી. તેની સાથે એલિસ હૉટલને પણ મહાપૂજા વગેરે કાર્યક્રમોથી પાવન કરી સ્વામીશ્રી તા. ૨૬/૮ના રોજ વિદાય લેતા હતા, ત્યારે તેઓ જેઓના ઘેર રોકાયેલા તે શ્રી ઈશ્વરભાઈ કોઠારીએ ગદ્ગદ કંઠે કહ્યું: 'સ્વામી! કાંઈ અગવડ પડી હોય તો માફ કરજો.'

'અરે! આનાથી વળી વિશેષ સગવડ કઈ હોય?' સ્વામીશ્રી કેફથી બોલ્યા. પછી ઉમેર્યું: 'તમારો જે ભાવ છે તે અમારે મન મોટી સગવડ છે.'

સગવડો વિષે સ્વામીશ્રીનો આ જ માપદંડ રહેલો. જો એમ હોય તો જ તેઓ જેવું વિચરણ શક્ય બને ને!

બહુ લાંબે નજર ન દોડાવીએ પણ છેલ્લા બે દિવસ પર નજર ઠેરવીએ તોય આ વિગત સમજાશે.

તા. ૨૩/૮ની રાત્રે સાનફ્રાન્સિસ્કો પધારેલા સ્વામીશ્રી અત્રે માત્ર ઉકાળો જ ગ્રહણ કરીને પોઢેલા. સૂવાના સમયે તેઓની શરીર-ઘડિયાળ રાત્રિના સવા એક વાગ્યાનો સમય બતાવી રહેલી. તે પછી તા. ૨૪/૮ની સવારે ઉતારામાં લાંબે પટ્ટે પ્રાતઃભ્રમણની કોઈ સગવડ થાય તેમ ન હોવાથી તેઓએ એક ઓરડામાંથી બીજા ઓરડામાં ભ્રમણ કરેલું. ત્રણ દિવસ આમ જ રહેલું.

તા. ૨૫/૮ની સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા થયેલી ભારતીય મંડળના સભાગૃહમાં. આ સભાસ્થળના મંચની બાજુમાં જ તેઓનો અલ્પાહાર ગોઠવાયેલો. આ દિવસે સ્વામીશ્રી બપોરનું ભોજન જમેલા એલિસ હૉટલના ભોંયરામાં અને સભાના સમય પણ રહેલા – એક દિવસે સવારે દસ વાગ્યે, તો બીજા દિવસે સાંજે ચાર વાગ્યે, તો ત્રીજા દિવસે સાંજે છ વાગ્યે. પર્વતની હારમાળામાં વસેલા સાનફ્રાન્સિસ્કોના રસ્તા જેવા ચઢાણ-ઢોળાવવાળા, તેમ સ્વામીશ્રીનો કાર્યક્રમ પણ અહીં એવો જ રહ્યો. છતાં પર્વત ચીરીને વહી નીકળતી સરિતાના પ્રવાહની રીતે તેઓ તેમાં સોંસરા નીકળી ગયેલા.

*'ખબર રાખીશ હું ખરી, બહુ વિચરી દેશ-વિદેશ...'*ની લાગણી સાથે સ્વામીશ્રીએ ભક્તો માટે વેઠેલો ભીડો ઇતિહાસમાં અમર થઈ જાય એવો છે એમ નહીં, પણ તે સ્વયં ઇતિહાસ બની ગયો છે.

અક્ષરધામનું ભાથું

તા. ૨૬/૮ના રોજ સાનફ્રાન્સિસ્કોથી લૉસ એન્જેલસ પધારેલા સ્વામીશ્રીએ અહીં પ્રથમ વ્હિટિયરમાં આવેલા આપણા મંદિરે દર્શન કર્યાં. ત્યારબાદ તેઓ રાધાકૃષ્ણ મંદિરે યોજાયેલી સ્વાગત-સભામાં સૌનું અભિવાદન સ્વીકારી, તા. ૨૮/૮ના રોજ રોપ-વે દ્વારા જઈ પહોંચ્યા – દસ હજાર ફૂટની ઊંચાઈએ આવેલા 'પામ સ્પ્રિંગ' પર્વત પર.

ઊર્ધ્વગતિ થાય એટલે વાતાવરણ આપમેળે બદલાતું હોય છે – મનનું અને જગતનું પણ. તેથી આટલે ઊંચે આબોહવા આહ્‌લાદક બની ગઈ હોવાથી થોડી વાર સુધી ભક્તો પર્વતના ખભે ખેલ્યા. તે પછી એક સુયોગ્ય સ્થાને ડાબરા ઉત્સવની સભા શરૂ થઈ. તેમાં સ્વામીશ્રીની આસપાસ સૌ ગોઠવાઈ ગયા એટલે સંતોએ કીર્તનની રમઝટ બોલાવી. તેને અનુસરતાં પ્રાસંગિક પ્રવચનો થયાં.

અંતે પર્વતની ટોચ પરથી અમૃતધારા વહેતી કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'સર્વોપરીપણાની બહુ સારી વાતો થઈ. આ વાત આજે સમજો કે ગમે ત્યારે સમજો પણ સમજ્યે જ છૂટકો છે. આ વાત સમજાઈ જશે પછી વાંધો નહીં આવે. હરદ્વાર આવતાં ગંગાનું પાણી એટલું બધું નીતર્યું થઈ જાય કે પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય. એમ શ્રીજીમહારાજને વિષે દૃઢ નિષ્ઠા થાય પછી બ્રહ્મનો પ્રકાશ થાય ને એક વખત વસ્તુ બરાબર બેઠી પછી એની પાછળ તનતોડ મહેનત થાય. જ્યાં આવીને બેસવું ત્યાં સંશય રહે તો અક્ષરધામમાં જવાય નહીં.'

આટલું કહી સામે બેઠેલા એક હરિભક્તને ઉદ્દેશી સ્વામીશ્રી બોલ્યા : 'શું ગોવિંદ (વઘાસિયા) ! અક્ષરધામ જોયું ?'

'હા, આ સામે બેઠું એ જ !'

આ ઉદ્‌ગારના પ્રતિભાવમાં સ્વામીશ્રી હસી પડ્યા. એ હાસ્યનો પડઘો ચોતરફ ફેલાયેલી પર્વતમાળાએ પાડ્યો. તેમાંથી જાણે એક જ ધ્વનિ સંભળાઈ રહ્યો : 'એટલું જ સમજવાનું છે.'

આ પડઘો શમ્યો ત્યાં તો સ્વામીશ્રીની વાણી ખળખળ વહેવા માંડી કે –

'પોતાને અક્ષરરૂપ માન્યા પછી અક્ષર ક્યાં છેટું છે ? ઉપર છે એ દેખાતું નથી ને અહીં બેઠા છે તે મનાતા નથી. આમાં પ્રતીતિ આવી પછી અક્ષરધામમાં જ બેઠા છીએ. મનુષ્ય શરીર ધરીને બેઠા હોય ત્યારે આપણી જેમ જ ઊઠતા, બેસતા હોય, એટલે મનાય નહીં. પણ આપણને જે મળ્યા છે

તેનાથી અક્ષરધામની પ્રાપ્તિ થવાની જ છે. ભગવાન ને સત્પુરુષ વિષે આત્મ-બુદ્ધિ થઈ એટલે નિરાવરણ. આજે આ દિવ્ય સ્મૃતિ મળી. આટલું સાંભરે તોય અક્ષરધામનું ભાથું.'

પર્વતની જેમ સ્વામીશ્રીની વાતોએ પણ આજે ઊંચાઈ પકડેલી. ખુલ્લા આકાશની જેમ તેઓ પણ સ્વ-સ્વરૂપની ખુલ્લી વાતો કરી રહ્યા. વહેતા પવનને જેમ સૌ શ્વાસોમાં ભરી રહેલા તેમ આ વાતોને પણ સૌએ હૈયાંમાં ભંડારી દીધી, કારણ કે જીવ માટે તો તે શુદ્ધ હવાથીયે વિશેષ જીવનદાયી હતી ને!

સ્વામીશ્રીની આવી અમૃતવાણી બપોરના દોઢ વાગ્યે વિરમી ત્યાં જ સંતોના કંઠે કીર્તન ઊપડ્યું: *'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે...'* તે સાંભળી પોરસાઈ ઊઠેલા સ્વામીશ્રી પુનઃ અક્ષરબ્રહ્મના સગુણ-નિર્ગુણપણાની તથા શ્રીજીમહારાજના સર્વોપરીપણાની વાતોનો મેઘ વરસાવવા લાગ્યા.

આ વાતોમાં 'અવતારમાત્ર એક પગે ઊભા રહીને મહારાજની સ્તુતિ કરે છે' એ વાક્ય બોલતાં-બોલતાં તો સ્વામીશ્રી સ્વયં ઊભા થઈ ગયા અને તેઓએ એક પગે ઊભા રહી, બે હાથ ઊંચા કરવાના અભિનય સાથે સર્વોપરીપણાની સમજણ દૃઢાવી. તેઓનું આ અલૌકિક દર્શન પણ સૌ માટે અક્ષરધામનાં ભાથાં સમાન બની રહ્યું!

ઘરધણી થયા એ સારું કર્યું

પામ સ્પ્રિંગને તીર્થત્વ આપી સ્વામીશ્રી 'સિટી ઑફ ઑરેન્જ'ના મેયર શ્રી જેમ્સ બીમનું આમંત્રણ સ્વીકારી તેઓની કચેરીમાં પધાર્યા. અહીં પોતાના સાથીઓ સાથે નગરપતિએ સ્વામીશ્રીને ઉમળકાભેર આવકારી સન્માન-પત્ર અર્પણ કર્યું. સ્વામીશ્રીએ પણ સૌને આશીર્વાદ પાઠવી વિદાય લીધી ત્યારે ચોતરફ પ્રસરેલી તેઓની ભગવી આભાથી 'સિટી ઑફ ઑરેન્જ' નામ સાર્થક ઠરી રહ્યું.

આ ઘટના બન્યાના બીજા દિવસે તા. ૨૯/૮ના રોજ સાયંસભા સંપન્ન કરી સ્વામીશ્રી મંદિરમાં જ રખાયેલા તેઓના ઉતારે પધાર્યા. અહીં તેઓ ભોજન, પત્રલેખન, ચેષ્ટાગાન વગેરે રોજિંદો ક્રમ પૂરો કરી આરામમાં જઈ રહેલા ત્યારે જ કાર્યકર શ્રી રવીન્દ્રભાઈ દર્શન કરવા આવી પહોંચ્યા. તેઓને જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'લ્યો, હજી હમણાં આવ્યા ?!'

'હા, બાપા! બહાર ખુરશીઓ વગેરે પડ્યું હતું તે બધું ભેગું કરીને

મંદિરમાં મૂકી આવ્યો. તેથી...'

'સારું... ઘરધણી થયા એ સારું કર્યું. નહીં તો બધા ઉલાળિયા કરે ત્યારે ભેગેભેગો આપણે પણ ઉલાળિયો કરવા માંડીએ તો મંદિરનું બગડે.' આમ કહી સ્વામીશ્રીએ તેઓને તથા સાથી કાર્યકર શ્રી યશવંતભાઈ સુથારને આશીર્વાદ આપ્યા.

જે મમત્વપૂર્વક મંદિરની સેવા કરે તેની પર સ્વામીશ્રીની પ્રસન્નતા વરસી પડતી.

હૃદયમાં ફોટો પાડી લે

એલ.એ.માં સ્વામીશ્રીના રોકાણના દિવસો જેમ-જેમ વીતી રહેલા તેમ-તેમ અહીં થનારી મૂર્તિપ્રતિષ્ઠાની તૈયારીઓ વિશેષ વેગ પકડી રહેલી. ક્યાંક યજ્ઞ તો ક્યાંક નગરયાત્રા, ક્યાંક સભા તો ક્યાંક સરભરા, ક્યાંક રસોડું તો ક્યાંક સુશોભન – એમ વિધવિધ સેવાઓનો ધમધમાટ ચોતરફ પ્રવર્તી રહેલો. હરિભક્તોને દિવસ આખો તો વ્યવસાય હોય; છતાં તેઓ રાત્રે સેવા કરવા દોડી આવતા. તેથી રાજી થતા સ્વામીશ્રી પણ તા. ૩૧/૮ની રાત્રે ચેષ્ટા-ગાન બાદ સેવાકાર્યોનું નિરીક્ષણ કરવા નીકળ્યા. આ વખતે ક્યાંક સ્મિત તો ક્યાંક સૂચન, ક્યાંક રમૂજ તો ક્યાંક આશીર્વાદ – એમ અનેરી સ્મૃતિઓ આપતાં તેઓ એકેએક વિભાગમાં ફરી વળ્યા.

ત્યારબાદ સ્વામીશ્રી ઉતારા તરફ આવી રહેલા ત્યારે એક યુવાન રાત્રિના અંધારામાં ફ્લેશ લાઇટના ઝબકારે તેઓની તસવીર ખેંચવા સામે આવીને ઊભો રહ્યો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'એવો ફોટો પાડી લે કે એ પછી કોઈ દિવસ ભૂંસાય જ નહીં. ફરીથી બીજો પાડવો જ ન પડે એવો હૃદયમાં ફોટો પાડી લે. આ બધા તો બહાર નીકળીને ગુમ થઈ જશે.'

સ્વામીશ્રી સ્વયં અવિનાશી અક્ષરબ્રહ્મ, એટલે તેઓના મુખેથી હંમેશાં અવિનાશી ફળ લેવાની જ વાતો નીકળતી. તેના ઉજાસથી આજની રાત અજવાળી રહી.

એ તો સદા ભક્ત હિતકારી

પ્રશાંત મહાસાગરના ઊછળતા જળરાશિમાં સ્નાન કરીને બહાર આવેલા તા. ૧/૯ની સવારના સૂર્યનું મુખ અમેરિકાના આકાશમાં ફેલાયેલી

યજ્ઞની ધૂમ્રસેરો જોઈ રતૂમડું થઈ ગયું. હા, ભોગવાદની ભઠ્ઠીઓમાંથી આવો પવિત્ર ધુમાડો ક્યાંથી નીકળે! જવ, તલ, ઘી વગેરે હુતદ્રવ્યોના હોમથી પ્રસરતી આવી મીઠી સોડમ પણ આ દેશના ભાગ્યમાં ક્યાંથી?! પરંતુ એલ.એ.ના મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે આજે યોજાયેલા યજ્ઞની શેષરૂપે આ સૌભાગ્ય અમેરિકાને સાંપડ્યું.

૮૦ યજમાનો સાથે ધામધૂમથી સંપન્ન થયેલા આ પ્રસંગે સ્વામીશ્રીએ સ્મરણીય આશીર્વાદ આપ્યા કે 'આપણે ન ધાર્યું હોય એવું કાર્ય ભગવાન આપણા હાથે કરાવે છે. એલ.એ.માં આવું કાર્ય થાય એ કોને ખબર હતી? અહીંના ભક્તોનો પ્રેમ હતો તો સુંદર જગ્યા મળી ગઈ.'

આમ, મંદિર-નિર્માણ માટેના પોતાના પરિશ્રમને સ્વામીશ્રીએ ભગવાનના કર્તાપણા અને ભક્તોના પ્રેમના પાલવ પાછળ છુપાવી દીધો.

પોતાની આ કાયમી રીત સાથે તેઓએ આજની સાયંસભામાં નવનિર્મિત મંદિર દ્વારા થનારાં કાર્યોની આલબેલ પોકારતાં જણાવ્યું: 'અહીં મંદિરમાં તો વગર ફીએ શિક્ષણ મળે છે. હવે તો ઊલટી ગંગા જેવું થશે. છોકરાંઓ બાપને સત્સંગ કરાવશે!'

સ્વામીશ્રીના મનમાં સત્સંગ-વિકાસનો નકશો બિલકુલ સ્પષ્ટ હતો. સૌ તેનો અણસાર પામી આનંદિત થઈ ઊઠ્યા. એ આનંદના શિખર પર ઉલ્લાસની ધજા ત્યારે ફરફરી ઊઠી જ્યારે સ્વામીશ્રીએ આશીર્વાદ બાદ *'આજ પ્રગટ્યા પૂરણ બ્રહ્મ રે...'* કીર્તન પોતાના મધુર સ્વરે લલકાર્યું.

તેને અનુસરતાં તા. ૨/૯ના મધ્યાહ્ને નીકળેલી નગરયાત્રા પણ દબદબાભરી બની રહી. અમેરિકાની પ્રાદેશિક વેશભૂષામાં સજ્જ અશ્વચાલકો હાથમાં વિજયધ્વજ લઈ, એલ.એ.ના મધ્ય ભાગ પ્રૉક્ટર સ્ટ્રીટમાંથી બહાર નીકળ્યા, તે સાથે જ શુભારંભ પામેલી આ શોભાયાત્રાથી ભારતીય સંસ્કૃતિની સુવાસ પ્રસરવા લાગી. મયૂરાકાર મનોહર રથમાં બિરાજેલા સ્વામીશ્રી પણ કીર્તનભક્તિમાં લીન બની સૌનાં ચિત્ત ચોરવા માંડ્યા.

આ નગરયાત્રા બાદ તેઓ બપોરે ત્રણ વાગ્યે આરામમાં પધારી રહેલા ત્યારે જ એક મુમુક્ષુ તેઓને મળવા આવી પહોંચ્યા. તે વખતે પોતાના આરામને હડસેલી સ્વામીશ્રી એ આગંતુકના પ્રશ્નો હલ કરવા બેઠા. તેમાં એક કલાકનો સમય વીતતાં તેઓને આરામનો કોઈ જ મેળ ન પડ્યો.

ભક્તો સુખ-ચેનથી સૂઈ શકે તે માટે પોતાના આરામને હરામ કરનારા

સ્વામીશ્રીની આ હિતકારી મૂર્તિ સૌનાં મનમંદિરમાં બિરાજી ગઈ.

હૃદયસ્પર્શી જીવન

તા. ૩/૯ના દિવસને પ્રશાંત મહાસાગરના એક-એક બુંદ પર સુવર્ણરંગે આલેખવા આજનો સૂર્ય આકાશમાં હાજર થઈ ગયેલો. સ્વયં સાગર પણ આજના દિવસને મોતીડાંથી વધાવતો હોય તેમ એક પછી એક તરંગમાળા કિનારા તરફ મોકલી રહેલો. દેશોદેશની સુગંધ ભરીને પવન પણ આવી પહોંચેલો. ચંદ્ર તો મધરાતથી જ તા. ૩/૯ના દિવસને અમૃતના અભિષેકથી વધાવવા માંડેલો. આમ, સૃષ્ટિ આજે થનગની રહેલી, કારણ કે પ્રશાંત મહાસાગરના કાંઠે સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજી રહેલા.

આ ઐતિહાસિક ક્ષણને હૈયે ભરવા ત્રણ-ત્રણ હજાર માઈલના મહત્તમ અંતર કાપીને અમેરિકાના ખૂણે-ખૂણેથી ૨,૦૦૦ હરિભક્તો આવી ગયેલા. તે સૌના અપાર ઉત્સાહ વચ્ચે સ્વામીશ્રીએ મૂર્તિમાં પ્રાણ પૂર્યા ત્યારે સૌનાં આંખ અને અંતર ભરાઈ આવ્યાં. ભાવવાહી જયનાદોથી ગગન ગાજી ઊઠ્યું. પશ્ચિમ અમેરિકામાં પણ બી.એ.પી.એસ.નું થાણું સ્થપાઈ ગયું.

તે નિમિત્તે ઉત્સવ-સભાનો માહોલ પણ અનેરો જામ્યો. તેની હવામાં પોતાના સ્વાનુભવને તરતો મૂકતાં 'સિટી ઑફ અઝુઝી'ના મેયર શ્રી યુજિનક મોસેસે કહ્યું : 'મને મારા જીવનમાં એક તો મહાત્મા ગાંધીનું જીવન બહુ સ્પર્શ્યું છે અને બીજું આ સ્વામીશ્રીનું જીવન સ્પર્શ્યું. સ્વામીશ્રીનું વાક્ય – 'બીજાના સુખમાં પોતાનું સુખ રહેલું છે' એ મને ખૂબ અસર કરી ગયું છે.'

સ્વામીશ્રીની પ્રશસ્તિના આવા કંઈક પડઘાથી ધમધમવા લાગેલા નવનિર્મિત મંદિરમાં નિત્ય ઉત્સવનું વાતાવરણ અનુભવાતું.

આ ક્રમમાં તા. ૬/૯ના રોજ ન્યૂ પોર્ટ બીચના સાગરકાંઠે જળઝીલણી એકાદશી ઉમંગભેર ઊજવાઈ. આ અવસરે ઠાકોરજીને સ્નાન કરાવી સ્વામીશ્રીએ પણ દરિયામાં ડૂબકી લગાવી સૌને તરબતર કરી મૂક્યા.

આ રીતે કેવળ આજે જ નહીં, પરંતુ છેલ્લા ચાર-ચાર મહિનાથી સ્વામીશ્રીએ અમેરિકાને અઢળક લાભ આપી રસબસ કરેલું. પરંતુ હવે તેઓની કલ્યાણયાત્રા પશ્ચિમમાંથી પૂર્વ તરફ વળાંક લેવાની હોવાથી અમેરિકા-વાસી ભક્તો વિષાદનાં વાદળો વચ્ચે અટવાયા. આ વાદળાં તા. ૮/૯ની સવારે

નવ વાગ્યે સ્વામીશ્રીએ વિદાય લેતાં જ વરસી પડ્યાં. તેથી ચારે બાજુ ફરી વળેલાં વિરહનાં પૂરથી સૌ ગમગીનીમાં ગરકાવ થઈ ગયા.[૨૦]

હવાઈમાં 'હોલી મેન'ની હવા

અમેરિકામાં અક્ષર-પુરુષોત્તમના ડંકા ગજવી 'એર પેસિફિક'ના વિમાન દ્વારા એલ.એ.થી નીકળેલા સ્વામીશ્રી તો હવાઈયાનમાં બેસતાંવેંત પત્રવ્યવહારમાં પરોવાઈ ગયા. આકાશ હોય કે અવની – તેઓની દુનિયામાં દીન-દુખિયાની સેવા સિવાય બીજી કોઈ વાત જ નહોતી.

આમ, હવાઈમાર્ગે નહીં પણ સેવાના માર્ગે ૨,૬૦૦ માઈલનું અંતર કાપી સ્વામીશ્રીએ હવાઈ ટાપુના હોનોલુલુમાં ઉતરાણ કર્યું ત્યારે સ્થાનિક સમય મુજબ બપોરના અઢી વાગ્યાનો ટકોરો પડ્યો.

અહીં કોઈ સત્સંગી નહીં, છતાં ત્રણ કલાકનું રોકાણ હોવાથી સ્વામીશ્રી ઍરપોર્ટ નજીક આવેલી પ્લાઝા હૉટલમાં અલ્પનિવાસ માટે પધાર્યા. ચારેબાજુ રળિયામણા દરિયાકિનારાથી ઘેરાયેલો અને પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર આ ટાપુ વિશ્વભરના સહેલાણીઓ માટે આકર્ષણરૂપ; પરંતુ એક પ્રભુમાં જ લોભાયેલા સ્વામીશ્રીને તેથી શું નિસ્બત? તેઓ તો ઉતારે પોતાના કાર્યમાં જ વ્યસ્ત રહ્યા.

હા, પર્લ હાર્બરના શહીદ સ્મારકે સૌ સ્વામીશ્રીને જરૂર લઈ ગયા. અહીં યુદ્ધો વિરામ પામે અને શાંતિ સ્થપાય તે માટે પ્રાર્થના કરી સ્વામીશ્રીએ સાંજે પોણા છ વાગ્યે વિદાય લીધી ત્યારે આ 'હોલી મેન'(પવિત્ર પુરુષ)ની હવા હવાઈમાં પ્રસરી ગયેલી.

પેસિફિકના પ્રદેશમાં પ્રથમ પગલાં

હોનોલુલુથી ઊડેલા સ્વામીશ્રીએ જ્યારે ફીજી દેશમાં ઉતરાણ કર્યું ત્યારે સ્થાનિક સમય અનુસાર તા. ૯/૯ની રાત્રિના દસ વાગી ચૂકેલા. અહીંના નાંદી ઍરપોર્ટ પર કાંતિભાઈ, વિનોદભાઈ વગેરે સ્થાનિક અગ્રણીઓનું અભિવાદન

---

૨૦. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અમેરિકાના આંગણે ગાજેલી ગુણાતીત દ્વિશતાબ્દીની આલબેલ સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સ્વીકારી તેઓ ૪૫ કિ.મી. દૂર આવેલા શહેર 'બા'માં પધાર્યા.

અત્રે કિરીટભાઈના ઘેર રખાયેલા ઉતારે તા. ૧૦/૯ની પ્રાતઃપૂજામાં ઉપસ્થિત થયેલા રામકૃષ્ણ મિશનના પૂજ્ય ભાસ્કરારણ્યજીને બે દિવસનું જ સ્વામીશ્રીનું સાંનિધ્ય માણી સ્વામીશ્રી વિષે ગાઢ અનુરાગ પ્રગટી ગયો.

તેથી આ ધર્માત્માએ તા. ૧૧/૯ની સાંજે રાધાકૃષ્ણ મંદિરના આંગણે આયોજિત જાહેર-સભામાં સ્વામીશ્રીને સંબોધતાં કહ્યું : 'बिनहु हरिकृपा मिलहि न संता... आप कल प्रस्थान करेंगे तब हमको बहुत शोक होगा। आप यहाँ एक सप्ताह रहें ...'

આ આદરણીય સંન્યાસીએ સ્વામીશ્રીની વિદાય બાદ યજમાન ભક્તને પણ ફોન કરીને જણાવેલું કે 'સ્વામીશ્રીના બે દિવસના આત્મીયતાભર્યા સહવાસ પછી જાણે મેં કોઈ વિશાળ કુટુંબ ગુમાવ્યું હોય એવી લાગણી અનુભવી રહ્યો છું.'

આ રીતે સ્વામીશ્રીની સાધુતાનો સ્પર્શ સૌને પુલકિત કરતો રહ્યો. તેઓનાં દર્શન-વાતોથી સૌને તેઓ વિષે અતૂટ સ્નેહગાંઠ બંધાઈ ગઈ.

જીવનમાં ઊગ્યું પ્રભાત

સ્વામીશ્રીનું ફીજીમાં થયેલું આગમન જાણી તેઓનાં દર્શને દોડી આવેલા શ્રી રતિલાલ ચૌહાણ અહીંના લટુકા શહેરનું મેયરપદ શોભાવી ચૂકેલા. તેઓ સન ૧૯૭૬માં જ્યારે નગરપતિ તરીકે કાર્યભાર સંભાળી રહેલા ત્યારે જ તેઓને કામ પ્રસંગે ભારત આવવાનું બનેલું. તે વખતે ગઢડાના સમીપવર્તી ગામ ઘોઘાસમડીમાં બિરાજતા સ્વામીશ્રીનો યોગ આ પદાધિકારીને અનાયાસે સાંપડેલો. પરંતુ સ્વામીશ્રીનો એ સહવાસ આ મુરબ્બી માટે નવજીવનનું પરોઢ ખીલવનારો સાબિત થયેલો.

તે વેળાએ સ્વામીશ્રીના સંસર્ગથી શ્રી રતિલાલભાઈનાં તમામ વ્યસનો દૂર થઈ ગયેલાં. અલ્પ સમયમાં પણ સ્વામીશ્રીએ કરેલું આ કાર્ય એટલું તો નક્કર હતું કે વ્યસનમુક્તિની એ ઘટનાને આજે આઠ વર્ષ વીતી જવા છતાં દૂર દેશમાં વસતા આ ભાવિક હજીયે વ્યસનથી વેગળા રહી જીવન ગુજારતા હતા.

તેઓ આજે પોતાના તારણહાર સમા સ્વામીશ્રીને મળતાં અત્યંત ભાવવિભોર બની ગયા. એ જ અવસ્થામાં તેઓ આભાર અને અભિવાદનના મિશ્ર ભાવો વ્યક્ત કરવા લાગ્યા. તેના શબ્દે શબ્દે એક જ પંક્તિ ઘૂંટાઈ રહી :

'જીવનમાં ઊગ્યું પ્રભાત પ્રમુખસ્વામી, મળ્યો જ્યારથી તમારો સહવાસ...'

આ મિલનના સાક્ષી બનેલા સૌને પણ આજે સ્વામીશ્રીના એક જ વારના સ્પર્શ-સંપર્કમાં રહેલી અપ્રતિમ શક્તિનો વિશેષ અનુભવ થયો.

જાહિ સદા આનંદ

તા. ૧૨/૯ના રોજ સ્વામીશ્રી સહિત સૌને 'બા' થી 'સુવા' શહેર તરફ જવા માટે જે બસની વ્યવસ્થા કરવામાં આવેલી તેની દશા જોઈને જ કેટલાક સહપ્રવાસીઓના તો મોતિયા મરી ગયા. ખખડધજ વાહનથી પહોંચતી આ હાલાકીમાં ઉમેરો કર્યો – ઊબડ-ખાબડ રસ્તાઓએ ! તેથી જાણે કાઠિયાવાડના કો'ક કાંકરાળા માર્ગે ટ્રેક્ટરમાં બેસીને જતા હોઈએ તેવો અનુભવ સૌને થવા માંડ્યો.

તેમાં સ્વામીશ્રીને તકલીફ ન પડે તે માટે સંતો ચાલકને હળવી ગતિએ વાહન હંકારવા વારંવાર સૂચના આપતા રહ્યા. રસ્તો દરિયાકિનારાને ઘસાઈને જ જતો હોવાથી અવારનવાર દરિયાદર્શન કે લીલાં નાળિયેર પીવાના મિષે હરિભક્તો બસને થોભાવતા રહ્યા. તે ઉપરાંત લટુકા, સિંગાટોકા અને નાંદીમાં પણ રોકાણ થયું.

આ રીતે 'બા'થી સવારે નીકળેલા સ્વામીશ્રી 'સુવા' પધાર્યા ત્યારે બપોરના બે વાગી ચૂકેલા. અહીં તેઓ લક્ષ્મીનારાયણ મંદિરમાં રખાયેલા ઉતારે જમવા બિરાજ્યા ત્યારે આજની હાડમારીભરી વાતો જ સૌના શબ્દોમાં ઊછળતી રહી, જેનો સૂર એક જ હતો કે 'અમેરિકા પછી તરત આજની યાત્રા કઠણ પડી ગઈ !'

'એમાં શું કઠણ પડવાનું ? જ્યારે જે મળે તે ચલાવી લેતાં શીખી જઈએ તો કઠણ ન પડે.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા. તેઓના શબ્દોમાં ખેદ નહીં, પણ ખુમારી હતી; કારણ કે, તેઓના જીવનમાં સ્વભાવ નહીં, પણ સમભાવ હતો.

આ સમભાવની સડકે વિચરતા તેઓ તા. ૧૩/૯ની બપોરે અને સાંજે અનુક્રમે સિંગાટોકા અને નાંદી પધાર્યા. ત્યાં તે તે નગરોના મેયરો શ્રી કાંતિભાઈ સોની તથા શ્રી મનુભાઈનો સત્કાર ઝીલનારા સ્વામીશ્રીએ, નાંદી મુકામે સોની સમાજના હૉલમાં અમૃતધારા વહાવી. ત્યારબાદ આ જ દિવસની રાત્રે સાડા ત્રણ વાગ્યે તેઓએ ઑસ્ટ્રેલિયા જવા વિદાય લીધી ત્યારે ફીજીમાં પણ ગુણાતીત જ્ઞાન ગુંજતું થઈ ગયું.

ઑસ્ટ્રેલિયામાં 'અક્ષર'નાં ઓવારણાં

તા. ૧૪/૯ના સુપ્રભાતે છ વાગ્યે સ્વામીશ્રીએ સીડનીના આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર પદાર્પણ કર્યું ત્યારે વિશ્વના પાંચેય ખંડોને પાવન કરનારા તેઓ પ્રથમ ગુણાતીત સત્પુરુષ બન્યા! ધરતીના માથેથી વાંઝિયાપણાનું મહેણું સદંતર નાબૂદ થઈ ગયું.

યોગાનુયોગ આજનો દિવસ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો હતો. અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાનો જે વિજયધ્વજ લઈને તેઓ નીકળેલા તેને આજે વિશ્વના બધા ખંડો પર ફરકાવીને સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજને યથાર્થ અંજલિ આપી દીધી!

આ ભક્તિઅર્ઘ્યને વિસ્તારવા સ્વામીશ્રી સીડનીમાં આવેલા શ્રી શિવપ્રસાદ ભટ્ટના ઘેર પરવારી અહીંથી ૨૦૦ કિ.મી. દૂર વસેલા ન્યૂ કાસલના નિકટવર્તી કેવ્સ બીચ પહોંચ્યા.

અત્રે ડૉ. ઇન્દ્રવદન મહેતાના ઘેર રાત્રિરોકાણ કરી તેઓ તા. ૧૫/૯ની સવારે લેક મેક્વારી શહેરમાં આવ્યા ત્યારે એક સપ્તાહ પૂર્વે જ શહેરનો દરજ્જો પામેલા આ નગરના પ્રથમ આદરણીય અતિથિ સ્વામીશ્રી બન્યા. આ શહેરની અતિથિ-પોથીના પ્રથમ પાને પણ તેઓના જ હસ્તાક્ષર અંકાયા. તેથી ખુશ થયેલા મેયર શ્રી જેફરી પેસ્ટરફિલ્ડે તેઓને પુષ્પગુચ્છ અને 'પ્રોક્લેમેશન' આપી સત્કાર્યા.

આ અભિવાદન ઝીલી સ્વામીશ્રી સાંજે સીડનીના શ્રી મંદિરમાં સત્સંગ-લાભ આપી તા. ૧૬/૯ની સવારે આ શહેરના કેથલિક ચર્ચના બિશપ શ્રી ક્લેન્સીને મળ્યા. તે પછી સીડનીના સુવિખ્યાત ઑપેરા હાઉસને પોતાની દૃષ્ટિથી પાવન કરી તેઓ મેલબર્ન જઈ પહોંચ્યા.

અત્રે હરિદાસભાઈ ભોજાણી અને તેઓનાં પત્ની-પુત્રોએ 'સ્પેકર્સ પાર્ક સ્પોટ્ર્સ ક્લબ'માં જાહેર-સભા સહિત તમામ તૈયારીઓ કરેલી. તેને પોતાની ઉપસ્થિતિથી સાર્થક કરવા પધારેલા સ્વામીશ્રીએ આજની બપોરે સવા ત્રણ વાગ્યે ભોજન અંગીકાર કર્યું. ત્યારબાદ સત્સંગ-સભાનો લાભ આપી તેઓ આજની રાત્રે દસ વાગ્યે પુનઃ સીડની આવી ગયા.

અહીંથી તા. ૧૭/૯ના રોજ ન્યૂ કાસલ પહોંચેલા સ્વામીશ્રીને 'ઇન્ડિયન ઍસોસિયેશન' તથા 'વેદ સમિતિ'એ ભવ્ય સન્માન સમારંભ યોજી નવાજ્યા.

આ આદર સ્વીકારી સ્વામીશ્રીએ તા. ૧૯/૯ની સાંજે સાડા છ વાગ્યે 'કિંગ્સ ફોર્ડ સ્મિથ ઍરપોર્ટ' પરથી જાપાન પ્રતિ પ્રયાણ આરંભ્યું ત્યારે ઑસ્ટ્રેલિયા પણ 'અક્ષર'નાં ઓવારણાં લઈ રહ્યું.

ઊગતા સૂરજના દેશમાં

જાપાન એટલે પુરુષાર્થનો પર્યાય. બીજા વિશ્વયુદ્ધમાં મરણતોલ ઘા વાગ્યા પછી પણ હરણફાળ ભરતા થયેલા આ દેશના પુરુષાર્થી વલણ પર તા. ૨૦/૯ની સવારે પ્રભુકૃપાનું અવતરણ થયું, જ્યારે સ્વામીશ્રીએ ટોકિયોના નરીતા હવાઈ મથક પર ઉતરાણ કર્યું. તેઓના આગમનથી ઊગતા સૂરજના આ દેશમાં આજે સોનાનો સૂરજ ઝળહળી રહ્યો! તેના અજવાળે થોડો વિશ્રામ લઈ સ્વામીશ્રી હવાઈમાર્ગે ઓસાકા પધાર્યા.

અહીંથી તેઓ સવા દસ વાગ્યે કોબે પહોંચ્યા ત્યારે શ્રી પોપટભાઈ ચોકસી તથા તેઓના પુત્રો શ્રી બિપીનભાઈ અને શ્રી શૈલેશભાઈએ સ્વામીશ્રીને સત્કાર્યા. આ જ યજમાનો તેઓને આજની સાંજે શહેરના નવનિર્મિત જૈન મંદિરે લઈ ગયા. અત્રે સઘળું નીરખી સ્વામીશ્રીએ અહીં જ સંધ્યા આરતી કરી. તેને અનુસરતાં તેઓએ તા. ૨૧/૯ની સવારે નારા શહેરને ધન્ય કર્યું.

પૂર્વે જાપાનની રાજધાની રહેલી આ નગરીનું પ્રમુખ આકર્ષણ એટલે ટોડાઈજીનું કાષ્ઠનિર્મિત કલાત્મક મંદિર. ૧૮૭ x ૧૬૫ x ૧૫૯ ફૂટના આ ઉત્તુંગ મંદિરમાં બિરાજેલી વૈરોચન બુદ્ધની મૂર્તિને સ્વામીશ્રીએ અંજલિ આપી. અહીં ભારતના ઋષિ-આશ્રમોની જેમ કેટલાંય હરણાંઓ મંદિરના પ્રાંગણમાં ઘૂમી રહેલાં. તે મંદિર-મૃગોને પણ સ્વામીશ્રીએ સ્વહસ્તે પ્રસાદ ખવડાવી મુક્તિના માર્ગે દોડતાં કરી દીધાં.

સૌને મુક્તિના માર્ગે ચડાવવાના આ કાર્ય માટે જ તેઓએ નારા બાદ ક્યોટોને પાવન કર્યું. અહીં પ્રસિદ્ધ પેગોડા કિન્કાકુજીનાં દર્શન કરી સ્વામીશ્રી બુલેટ ટ્રેન દ્વારા પુનઃ કોબે આવી પહોંચ્યા. અત્રે રાત્રે ભારત ક્લબ ખાતે આયોજિત જાહેર-સભામાં અમૃતધારા વહાવી તેઓએ ભારતીય કોન્સલ જનરલ શ્રી મહાજન સહિત ઘણા ભાવિકોને તરબોળ કરી મૂક્યા.

કરમુક્ત દેશમાં ભજનનો વેપાર

તા. ૨૨/૯ની સવારે સ્વામીશ્રી હોંગકોંગમાં પધારતાં જ કરમુક્ત

બજારને કારણે વિશ્વના વ્યાપારી મથક તરીકે વિકસેલા આ દેશમાં ભજનના વેપારને વેગ મળી ગયો. જાપાનથી અત્રે આવી પહોંચેલા તેઓની આજે સાંજે યોજાયેલી સ્વાગત-સભામાં સત્કાર માટે ઉપસ્થિત ભારતીય રાજદૂત શ્રી દુદામણિને સ્વામીશ્રીએ ચાઇનીઝ ભાષામાં અનુવાદિત 'શિક્ષાપત્રી' ભેટ ધરી. ત્યારબાદ તા. ૨૩ અને ૨૪/૯ના રોજ લક્ષ્મીનારાયણ મંદિરમાં યોજાયેલી સત્સંગ-સભાઓમાં પણ કંઈક ભાવિકો સ્વામીશ્રીના યોગમાં આવ્યા. કેટલાક તો શ્રી બચુભાઈ ગોહિલના ઘેર રખાયેલા ઉતારે પણ દોડી આવ્યા.

નવો દેશ હોવા છતાં સ્વામીશ્રીની વૈશ્વિક સંતપ્રતિભાથી ખેંચાઈ આવતા આ આગંતુકોને સંતોનાં કથા-કીર્તન તથા શુદ્ધ વર્તનથી ભાવ થતો. કેટલાક તો પોતાના ઘેર પધરામણી માટે પણ નિમંત્રણ આપતા. તેમાંથી જ્યાં અનુકૂળતા હોય ત્યાં સ્વામીશ્રી જતા. પહોંચી વળાય એમ ન હોય ત્યારે તેઓ સંતોને મોકલતા.

આ નવા-સવા દેશોમાં 'પાણી વિના મોલ સુકાય' તેમ સત્સંગ વિના મોટે ભાગે સંસ્કારોની સુકવણી જ જોવા મળતી. તેથી સત્સંગની શરૂઆત આહારશુદ્ધિના એકડાથી કરવી પડતી. તેને પ્રેમપૂર્વક ઘૂંટાવી સ્વામીશ્રી જીવને 'અક્ષર'જ્ઞાનના પંથે ચડાવી દેતા.

પેગોડાંઓના પુરમાં

હોંગકોંગથી તા. ૨૫/૯ની સવારે વિદાય લઈ ૧૦:૫૫ વાગ્યે બેંગકોક પહોંચેલા સ્વામીશ્રીના સાંનિધ્યથી પેગોડાંઓના પુર સમા આ નગરનાં કેટલાંક પ્રસિદ્ધ પેગોડાંઓ પાવન થયાં. અત્રે અંબાલાલભાઈના ઘેર રોકાયેલા સ્વામીશ્રીએ તા. ૨૬/૯ના રોજ યોજાયેલી તીર્થયાત્રામાં વાટ-ફા-થોંગના સુવર્ણબુદ્ધ, વાટ-ફા-નોમના શયનાધીન બુદ્ધ તથા વાટ-ફા-કેવના નીલમ-નિર્મિત બુદ્ધનાં દર્શન કર્યાં. અહીંથી તેઓ ૧૦૮ ફૂટ ઊંચી બુદ્ધપ્રતિમાના સ્થળે પણ પધાર્યા.

ત્યારબાદ આજની સાંજે વિષ્ણુ મંદિરમાં ધર્મલાભ આપી સ્વામીશ્રીએ તા. ૨૭/૯ના રોજ બેંગકોક પાસે રચાતા પિંગ, વાંગ અને ચૌ-ફાય નદીઓના ત્રિવેણી સંગમે પગલાં પાડ્યાં. આ સંગમમાં જ નૌકાવિહાર દ્વારા તેઓએ ભારતના સૂર્યવંશી રાજાઓએ બંધાવેલા વાટ-અરુણ મંદિરને ધન્ય કર્યું. તે પછી સાંજે દેવમંદિરમાં સત્સંગ-લાભ આપી સ્વામીશ્રીએ તા. ૨૮/૯ના દિવસે

પ્રાચીન નગરને તીર્થત્વ આપ્યું, જ્યાં થાઈલેન્ડના પુરાતન વારસાને આબેહૂબ જાળવી રાખેલો છે.

પૃથ્વીની પરિક્મ્માની પૂર્ણાહુતિ

તા. ૨૯/૯ની બપોરે બેંગકોકથી વિદાય લઈ સાંજે સવા પાંચ વાગ્યે મલેશિયાના મુખ્ય નગર પિનાંગ પહોંચેલા સ્વામીશ્રીએ અહીં માત્ર બે જ દિવસના અલ્પ રોકાણમાં પણ ભાવિકોને ભરપૂર લાભ આપ્યો.

તેનો પ્રારંભ થયો આજની સાયંસભા દ્વારા. તેમાં સ્વામીશ્રીની સરળ છતાં સબળ પરાવાણીએ અનોખાં કામણ કર્યાં. તેનાં આંદોલનો તા. ૩૦/૯ની સવારે 'પિનાંગ બુદ્ધ મંદિર'ના પ્રાંગણમાં પણ પ્રસર્યાં. અત્રે દર્શન કરી શ્રી હેમંતભાઈના ઘેર ઉતારે પરત ફરેલા સ્વામીશ્રીએ સાડા અગિયાર વાગ્યે રાધાકૃષ્ણ મંદિરમાં અમૃતધારા વહાવી સૌને તૃપ્તિ પમાડી.

તેને અનુસરતાં તેઓએ આજની સાંજે સાડા પાંચ વાગ્યે આ દેશના કાંઠે ઊછળતાં સમુદ્રજળમાં ઠાકોરજીને સ્નાન કરાવી દરિયાલાલને પણ પાવન કર્યા.

આવો જ સુખરાશિ રેલાવવા તા. ૧/૧૦ની સાંજે સાડા સાત વાગ્યે સિંગાપોર આવી પહોંચેલા સ્વામીશ્રીને ભક્તો તા. ૨/૧૦ની સાંજે પાંચ વાગ્યે માઉન્ટ હિબર પર લઈ ગયા. અહીંથી સમગ્ર સિંગાપોરને દૃષ્ટિપૂત કરી સ્વામીશ્રીએ આજની સાંજે ગુજરાતી સમાજના સભાગૃહમાં લાભ આપ્યો.

એ જ રીતે તા. ૩/૧૦ના રોજ સૌએ સ્ટીમ લૉચમાં સ્વામીશ્રીને પધરાવી હિંદ મહાસાગરમાં જળવિહારનો લહાવો લૂંટ્યો. તેને અનુસરતાં યોજાયેલી સાયં સત્સંગ-સભા પણ હિલોળે ચડી રહી.

આમ, સિંગાપોર ખાતે શ્રી ગોપાલભાઈના ઘેર રોકાયેલા સ્વામીશ્રી ત્રણ દિવસના મુકામમાં ત્રિલોકીનો આનંદ આપી તા. ૫/૧૦ની મોડી રાત્રે ૧૨:૫૫ વાગ્યે મુંબઈ પધાર્યા.

અત્રે ૧૯૫ દિવસ બાદ થયેલાં તેઓનાં દર્શનથી સંતો-ભક્તોની સ્થિતિ *'મળે રાંકને તો રિદ્ધિ જેમ, ભૂલે ભાન ભૂલ્યાં ભાન તેમ...'*ની થઈ રહી. એ જ અવસ્થામાં હિલોળતા સૌ ઉમળકાભેર સ્વામીશ્રીને મંદિર સુધી લઈ આવ્યા.

અહીં પાંચ ખંડ, પંદર દેશ અને ૯૫ શહેરોને પાવન કરનારા સ્વામીશ્રી ૭૮,૪૦૦ કિ.મી.નો વિશ્વપ્રવાસ પૂર્ણ કરીને પોઢ્યા ત્યારે તેઓના સત્સંગ, સાધુતા અને સંદેશથી આખું પૂર્વ-પશ્ચિમ જગત ઝળાંહળાં થઈ રહેલું.

ભક્તવત્સલ એવું બિરુદ છે તારું

*'ડંકો દેશ બધા માંહિ દીધો...'*ની રીતે સત્સંગ અને સંસ્કૃતિનો દિગ્વિજય કરીને પધારેલા સ્વામીશ્રીનો ભવ્ય સન્માન સમારંભ તા. ૫/૧૦ની સાંજે ભાઈદાસ હૉલમાં યોજાયો.

અહીં હજારોની સ્વાગતોર્મિઓ ઝીલી સ્વામીશ્રી તા. ૬/૧૦ની સાંજે હવાઈમાર્ગે અમદાવાદ પહોંચવાના હતા.

તે માટે નીકળવા તેઓ મંદિરે તૈયાર થઈને બેઠેલા, પણ ક્યાં? ફૂટપાથ પર ખુરશી નંખાવીને! પરદેશમાં ડંકો મારી આવ્યાના બીજા જ દિવસે!! સૌનાં મનમાં અચંબો જગાવતું આ દૃશ્ય સર્જેલું સ્વામીશ્રીની સંતવત્સલતાએ.

હા, સ્વામીશ્રી પરદેશથી પરત ફર્યા ત્યારે તેઓને વરિષ્ઠ સંત બાલમુકુંદદાસ સ્વામીની ગંભીર માંદગીના સમાચાર મળેલા. તેથી તેઓએ તાત્કાલિક ધોરણે સારવાર માટે આ સંતને મુંબઈ તેડાવેલા. સ્વામીશ્રીની ઇચ્છા હતી કે 'તેઓને મળીને જ નીકળવું.' તેથી તેઓ એ સંતને લઈ આવનારી ઍમ્બ્યુલન્સની રાહ જોઈને બેઠેલા.

થોડી વારમાં રુગ્ણવાહિની આવતાં જ સ્વામીશ્રી ઊભા થઈ તે વાહન પાસે પહોંચ્યા. અહીં તેઓનાં દર્શન માટે બાલમુકુંદદાસ સ્વામી ઊતરવા ગયા ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'તમે રહેવા દો, હું જ આવું છું.'

ભક્તભીડ ભાંગવા સામેથી દોડી જવાની તેઓની ખાસિયત આમ ઊછળી આવી!

આ એક સંત માટે નહીં, પણ પ્રત્યેક સંત-સત્સંગી પાસે સ્વામીશ્રી 'તમે રહેવા દો, હું જ આવું છું' કહીને ધસી ગયેલા ને!

અત્રે પણ એ જ રીતે તેઓ સ્વયં ઍમ્બ્યુલન્સમાં ચડ્યા અને બીમાર સંતના ભાલમાં ચાંદલો કરી આશીર્વાદ આપ્યા.

તે પછી તેઓને ઠાકોરજી દર્શાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'મહારાજનાં દર્શન થઈ ગયાં. હવે સારું થઈ જશે.'

આમ કહી એ સંતને હૉસ્પિટલ તરફ રવાના કરતા સ્વામીશ્રી પોતે અમદાવાદ જવા વિદાય થયા ત્યારે ગાજી રહેલા તેઓના જયનાદો વચ્ચે *'ભક્તવત્સલ એવું બિરુદ છે તારું...'* પંક્તિ પણ ગુંજી રહી.

મધ્યાહ્‌ને સૂર્ય આવી ગયો

મુંબઈથી અમદાવાદ પધારેલા સ્વામીશ્રીનો દબદબાભર્યો સન્માન સમારંભ અમદાવાદની નગરપાલિકાએ તા. ૭/૧૦ની સવારે ટાઉન હૉલમાં યોજેલો. તેમાં મેયરથી માંડી મુખ્યમંત્રી સુધીના પદાધિકારીઓએ સ્વામીશ્રીને બિરદાવ્યા.

આ અહોભાવ ઝીલી સ્વામીશ્રી આજની બપોરે ભાદરા જવા નીકળી રહેલા. તેથી મંદિર પરિસરમાં ચારેકોર ભક્તમેદની છલકાતી હતી. તે સૌ પર દૃષ્ટિ ઠેરવી સ્વામીશ્રીએ દરેકને કૃતાર્થ કર્યા, પરંતુ મંદિર છોડતાં પહેલાં તેઓએ પૂછ્યું : 'નીલકંઠ મહેતા અને કિરણ પીઠવા કેમ દેખાતા નથી ?'

સ્વામીશ્રીની આ પૂછપરછે સૌને સ્તબ્ધ કરી દીધા. અમદાવાદમાં માત્ર બાર-પંદર કલાકનું રોકાણ, તેય ભરપૂર ભીડ અને ભરચક કાર્યક્રમોથી ભરેલું; તેની વચ્ચે સ્વામીશ્રીની નજરમાં આ બે સમર્પિત કાર્યકરોની ગેરહાજરી નોંધાઈ ગયેલી ! ભક્તો સાથે કેવી પારમપાર પ્રીતિ !![૨૧]

આ પ્રીતિના પંથે પ્રયાણ કરતા સ્વામીશ્રી ભાદરા આવી પહોંચ્યા ત્યારે અત્રે ઊજવાનારા ગુણાતીતાનંદ સ્વામીના ૧૯૯મા જન્મોત્સવે ગામની શિકલ ફેરવી દીધેલી. આ સમૈયા માટે ૧૫,૦૦૦ની જનમેદનીને સમાવતા સભામંડપ તથા યજ્ઞશાળા અને ભોજનાલય વગેરે સુવિધાઓથી સજ્જ 'બ્રહ્મધામ' ખોબા જેવા ભાદરામાં ખડું થઈ ગયેલું. સમગ્ર સત્સંગમાંથી ઊમટેલા સ્વયં-સેવકો જુદા જુદા સેવા-વિભાગોમાં ખડે પગે સેવા બજાવી રહેલા. મહંત સ્વામીની દોરવણી હેઠળ તૈયાર થયેલો શંખ, કળશ, શ્રીફળ, આરતી, પુષ્પ-માળા, દીવડો વગેરે માંગલિક ઉપકરણોથી સુશોભિત પ્રવેશદ્વાર 'બ્રહ્મધામ'ના આકર્ષણરૂપ હતો.

આ તમામ શોભા અને સેવાને સાર્થક કરતા સ્વામીશ્રીના પદાર્પણને સૌએ ગગનભેદી જયનાદોથી વધાવ્યું. આ વધામણી ઝીલતા સ્વામીશ્રીએ ખુલ્લી જીપમાં બેસી સમગ્ર 'બ્રહ્મધામ'ને પાવન કર્યું.

---

૨૧. આ કાર્યકર્તાઓ ભાદરામાં ઊજવાનારા ઉત્સવની સેવામાં ગયેલા. તેઓને સ્વામીશ્રી જ્યારે ભાદરા પહોંચીને મળ્યા ત્યારે બોલેલા : 'અમે તમને અમદાવાદમાં યાદ કરેલા.' આ સાંભળતાં જ એ કાર્યકરોની આંખોમાં ધન્યતાનાં મોતીબિંદુ ઝળકી ગયેલાં.

તેઓની પાવનકારી નિશ્રામાં તા. ૮/૧૦ના રોજ ઊગેલો મહોત્સવનો પ્રથમ દિન સવારે 'અક્ષરલીલામૃત'ના પારાયણ, મધ્યાહ્ને વિશ્વશાંતિ બ્રહ્મ-યાગ અને રાત્રે કીર્તન આરાધનાના ત્રિવેણી સંગમે ચમકતો રહ્યો. સ્વામીશ્રીએ પણ ૨૦૦ યજમાનો સાથે યજ્ઞનારાયણને આહુતિ આપી ત્યારે ભાદરાનાં ગગન-ભવન હુતદ્રવ્યોની મીઠી સોડમથી ભરાઈ રહ્યાં.

આ અવસરે આશીર્વર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'ગુણાતીતાનંદ સ્વામીનો જેવો છે તેવો મહિમા આપણને અખંડ રહેવો જોઈએ. તેમાં ફેરફાર નહીં. કોઈ ભડકાવે, ઉથલાવે, બહેકાવે, કોઈ છાપે ચડાવે, તો પણ દૃઢતા હોય તો વાંધો આવે નહીં. હવે તો મધ્યાહ્ને સૂર્ય આવી ગયો. આજે કાર્ય થઈ રહ્યું છે તે જ બતાવે છે કે મહારાજ ને સ્વામીનો કેવો પ્રતાપ છે! કરોડો રૂપિયા મળી જાય તે કરતાં આ વિશેષ છે.'

૧૯૯મો ગુણાતીત જન્મોત્સવ

મહોત્સવના પ્રારંભિક દિને જ સર્જાઈ ગયેલા ભવ્યતાભર્યા માહોલને કારણે મહોત્સવના મુખ્ય દિવસ સમા તા. ૯/૧૦ના પ્રભાતથી જ સૌની ઉત્કંઠા ચરમસીમાએ હતી. તેને સંતોષતાં આજે અક્ષરબ્રહ્મના ૧૯૯મા જન્મોત્સવ નિમિત્તે યોજાયેલી ભવ્ય મહાપૂજામાં સ્વામીશ્રીએ સૌની સુખાકારીના સંકલ્પો સાથે ધૂન ગજવી. તેની સાથે ભળેલા વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે તેઓના વરદહસ્તે ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્યસ્થાનના ઓટા પાસે સુખશય્યા પ્રતિષ્ઠિત થઈ.

આ પ્રતિષ્ઠાની પૂર્ણાહુતિ સાથે જ આરંભાયો – સ્વામીશ્રીનો સન્માન સમારંભ. આ સમારોહમાં ઉપસ્થિત કંઈક મહાત્માઓ અને મહાનુભાવોએ સ્વામીશ્રીને બિરદાવ્યા.

તેને અનુસરતાં રાત્રે પાંચ આરતીઓનાં અર્ઘ્ય અને કથા-કીર્તનોની રમઝટ સાથે અક્ષર જન્મોત્સવની સભા પણ ભવ્યતાથી સંપન્ન થઈ. તેમાં મંજીરાના તાલ ગુંજાવતા સ્વામીશ્રીએ કીર્તનભક્તિમાં લયલીન બની સૌને અક્ષરસુખની લહાણ કરાવી દીધી.[૨૨]

---

૨૨. ભાદરામાં ઊજવાયેલા ગુણાતીતાનંદ સ્વામીના ૧૯૯મા જન્મોત્સવમાં સામેલ થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

એ જ કાર્ય માટે તેઓ તા. ૧૧/૧૦ની સવારે ડાંગરા પધાર્યા. અહીં ગ્રામવાસીઓનો સત્કાર ઝીલતા સ્વામીશ્રીએ જીર્ણોદ્ધાર પામેલા ૯૦ વર્ષ પુરાણા સ્વામિનારાયણ મંદિરમાં ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા કરી. મંદિરની આ કાયાપલટમાં તેઓનાં જ મદદ અને માર્ગદર્શન કારણરૂપે હોવાથી ભક્તોએ મંદિરમાં બિરાજેલા અર્ચાસ્વરૂપોની સાથે સ્વામીશ્રીનો પણ જયજયકાર બોલાવી ગગન ગજવી મૂક્યું.

તેની વચ્ચે ગુરુસ્મૃતિનો ગુલાલ ઉડાડતાં સ્વામીશ્રીએ કહ્યું :

"અહીં શાસ્ત્રીજી મહારાજને જાગા સ્વામીએ પોતાની અંતિમ સેવા આપેલી, કારણ કે ભગતજી મહારાજ ધામમાં ગયા ત્યારે તેમની અંતિમ સેવા શાસ્ત્રીજી મહારાજને મળેલી નહીં. એ સંકલ્પ રહી ગયેલો. જાગા સ્વામીએ વચન આપેલું કે 'મારી સેવા તમને આપીશ' અને તે આપી. એવી આ પ્રસાદીની જગ્યા છે. શાસ્ત્રીજી મહારાજ આ પ્રસંગનો ઉલ્લેખ કરીને કહેતા કે આ બધાં ચરિત્રો કોઈ સંભારશે તો તેના કામાદિક દોષો ટળી જશે.' એવો આ સ્થાનનો મહિમા છે."

આ આશીર્વાદ વરસાવી ગામ બહાર જાગા સ્વામીના સ્મૃતિસ્થાને પધારેલા સ્વામીશ્રી અત્રે જાગા ભક્તનો જન્મોત્સવ ઊજવી ગોંડલ પહોંચ્યા.

અહીં તેઓએ સૌનું સ્વાગત સ્વીકારી અમૃતવાણી વહાવી કે –

'પૃથ્વી ફરે છે પણ માણસ ત્યાંનો ત્યાં છે. અમે વિદેશ ગયા ત્યાં સ્ત્રી-ધનના ત્યાગ માટે કોઈને કાંઈ શંકા ન થઈ અને અહીં ભારતનાને કંઈનું કંઈ થાય છે. પણ શ્રીજીમહારાજે આપેલ નિયમ ત્રિકાલાબાધિત છે. એમાં ક્યારેય બાંધછોડ થાય જ નહીં. માણસોને કહેવું હોય તેમ કહે. કહેનારા પોતાનો સિદ્ધાંત સ્પષ્ટ સમજી શકતા નથી ને બીજાને 'સમય પ્રમાણે આમ રહેવું જોઈએ' વગેરે ઉપદેશ આપે. એનું કેટલું પ્રમાણ? પૂર્ણ પુરુષોત્તમ નારાયણના વચનમાં એને ક્યાં વિશ્વાસ છે? પહેલો ધર્મ...'

સ્વામીશ્રીએ આવતાંવેંત ધર્મનો ઢોલ સુણાવી દીધો. ધર્મ વિષયક તેઓની વિચારધારા સૂચનોના સુસવાટાથી ન ડગે તેવી પર્વતપ્રાય હતી.

બધાને સુખિયા કરવા છે

તા. ૧૨/૧૦થી ગોંડલમાં પ્રારંભ પામેલા ચતુર્થ સંત સંમેલનનો હેતુ જણાવતાં હોય તેમ સ્વામીશ્રી તા. ૧૩/૧૦ના રોજ બોલ્યા :

"ચાલતાં-ચાલતાં રાત-દિવસ એનું ચિંતન રહે છે કે 'સંતોને કેમ હશે ? શું હશે ?' તેવો વિચાર રાત-દિવસ બેઠા હોય, મીટિંગ કરતા હોય ત્યારે સતત હોય છે. પોતાનું ઘરબાર મૂકીને આવ્યા છે તેને માટે આપણે સતત જાગ્રત રહેવું જોઈએ. રહેવા-ખાવા-પીવા તથા કીર્તન-ભજનની દરેક પ્રકારની સગવડતા થાય, તેનું ધ્યાન રાખીએ છીએ. 'આપણા વચને આવ્યા છે તો બધાને સુખિયા કરવા છે' – એવું સતત થાય છે.

આપણું આટલું બધું મનન-ચિંતવન કરી ધ્યાન રાખનાર કોણ છે ? ભગવાન ને સંતને આપણી ખૂબ ચિંતા છે. એ આપણું ધ્યાન સેકન્ડે-સેકન્ડે રાખે છે. એ ધ્યાન રાખતા આવ્યા છે ને રાખવાના છે."

સ્વામીશ્રીના શબ્દેશબ્દ *'શીઘ્ર રહો છો સ્વામી મારા, સંતનાં સંકટ ટાળવાં...'* તરીકે તેઓનો પરિચય આપી રહ્યા.

ઓછું લાવવાની જરૂર નથી

સંત સંમેલનનાં સત્રોમાં સમયે-સમયે હાજરી આપતા સ્વામીશ્રી શિબિરની સમાંતર હરિભક્તોને પણ લાભ આપતા રહેતા.

આવી રીતે સરકતા તેઓના કાર્યક્રમ અંતર્ગત એક સભામાં સ્વામીશ્રીને પ્રશ્ન પુછાયો કે 'આટલા મોટા સમુદાયમાં આપનો વ્યક્તિગત લાભ ઓછો મળે એ સ્વાભાવિક છે. તો અમારે કેવી સમજણ કરવી કે જેથી જીવનભર આવો લાભ ન મળે છતાં સંકલ્પ-વિકલ્પ ન થાય અને સતત લાભમાં જ છીએ એવી પ્રતીતિ રહે.'

સાધકના આ સવાલનું સચોટ સમાધાન આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

"ભેગા ફરવાથીયે કાંઈ વિશેષતા નથી. ભેગા ફરે તોય એમ ને એમ રહે છે. ભેગા હોય તોય નથી બેસતા લાભ લેવા. અમે અહીં કથાવાર્તા કરતા હોઈએ ને એ ક્યાંય ફરતા હોય ! માટે પોતાને ઈશક છે તે બરાબર લાભ લઈ શકે છે. આપણી સમજણ જો સારી હોય તો લાભ મળ્યા જ કરે. કદાચ કોઈને બોલાવે - ન બોલાવે, પ્રસાદ ન આપે, સાથે ન ફરાય, તો એ રીતે મનમાં ઓછું લાવવાની જરૂર પણ નથી.

આજ્ઞાથી જ્યાં રહ્યા ત્યાં સાથે જ છે. સમજણથી આ બધી વસ્તુ મેળવવાની છે. નહીં તો આવા વિચારોથી આપણને અશાંતિ થાય, ઉદ્વેગ થાય ને મનમાં થાય કે 'કેટલાક લાભ લે છે ને આપણે રહી ગયા !' ઈચ્છાઓ રહે

છે એ સારી, પણ એ ન થાય તો એનાથી દુઃખી ન થવું. સમજણથી સુખિયા રહેવાની વસ્તુ છે. ૫૦૦ પરમહંસોને સમજણ આવી ગઈ પછી મહારાજની સાથે ફરવાની ઇચ્છા રહી નહીં. મળ્યા કે ન મળ્યા...''

યથાર્થ લાભની સમજ સ્વામીશ્રીએ સંભળાવી દીધી.

બસ ! આ જ રીતે સર્વના સંશય હરનારી વાતો દ્વારા તેઓ સંતોને સુખિયા કરતા રહ્યા.

એકતા તૂટે તો એ મોટો ભીડો

તા. ૧૪/૧૦ના રોજ યોજાયેલી એક સભા બાદ ઉદ્‌ઘોષકે જાહેરાત કરતાં કહ્યું કે ''આપણે 'સ્વામીને ભીડો આપવો નથી... આપવો નથી...' એમ કહીએ છીએ, પરંતુ આપણે જ ભીડો આપીએ છીએ...''

હજી તો જ્યાં આમ બોલાયું ત્યાં જ સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ ભીડો પડે એનો વાંધો નથી. એકતા તૂટે તો એ મોટો ભીડો. આ ભીડામાં વાંધો નહીં આવે. પણ એકતા સચવાય તે કરવાનું છે. એકતામાં વાંધો ન આવે તે મુખ્ય છે.'

એકતાનો આ એકડો ઘૂંટાવી સ્વામીશ્રી રાજકોટ જઈ પહોંચ્યા. અત્રે રાષ્ટ્રીય શાળાના પ્રાંગણમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજાયેલા તેઓના સન્માન સમારંભમાં મેયરશ્રી સહિત જુદી જુદી ૧૭ સંસ્થાઓ અને કંઈક શ્રેષ્ઠીઓએ સ્વામીશ્રીને બિરદાવ્યા.

કાતરવાળા ઘણા, સોય-દોરાવાળા ઓછા

રાજકોટથી નીકળેલા સ્વામીશ્રી રાણપુર, સારંગપુર, બોટાદ અને ગઢડાને પાવન કરતાં તા. ૧૮/૧૦ના રોજ માનગઢ તથા ચોમલ ગામે પહોંચ્યા ત્યારે આ બંને ગામોમાં તીખી અદાવતને કારણે ઘણી તંગદિલી પ્રવર્તતી હતી. વેરની આગમાં દસ જણા તો ભડથું થઈ ગયેલા. તે દરેકના ઘેર સ્વામીશ્રીએ પગલાં કર્યાં. મૃતકોનાં કુટુંબીજનોને સંસ્થા તરફથી જંગી રકમની સહાય પણ કરી.

અંતે સ્વામીશ્રી બંને ગામોના ગલઢેરાઓને મળ્યા. આ સમયે ઝરેલા તેઓના સ્નેહ અને સદ્‌ભાવે વૈમનસ્યના વિષને ઓગાળી નાખ્યું. બંને પક્ષ સમાધાન માટે તૈયાર થઈ ગયા. તે વખતે તેઓને ગાંઠે બાંધી રાખવા જેવો

હિતોપદેશ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આપના દુઃખ સાથે અમારું દુઃખ છે. કાતરવાળા ઘણા હોય, પણ સોય-દોરાવાળા ઓછા. તોડનારા ઘણા, પણ સાંધનારા ઓછા. ઉગ્રતા ન આવે તેવા વિચારો રાખવા. બધામાં શાંતિ રાખી સહન કરવું. વેરથી વેર શમે નહીં. કોઈ પણ આત્માને દુઃખી કરી આપણે સુખી થવાના નથી.'

આ શબ્દ-સોય વડે બંને ગામોને શાંતિ-સંવાદિતાના સૂત્રમાં પરોવી સ્વામીશ્રી ગારિયાધાર, નાની વાવડી, દામનગર, લાઠી થઈને પુનઃ ગોંડલ પધાર્યા.

તે ધર્મ પાળે થઈ શુદ્ધ સારા

ગોંડલમાં સ્વામીશ્રી તા. ૧૯/૧૦ની સવારે નાગરિક સહકારી બેંકના ભવન 'સમર્પણ'નું ઉદ્ઘાટન કરવા પધાર્યા ત્યારે અહીં ભારતીય જનતા પક્ષના અધ્યક્ષ શ્રી અટલબિહારી વાજપેયી તેઓને મળી ઘણા પ્રભાવિત થયા.

આ પ્રસંગે ટાઉન હૉલમાં યોજાયેલી સભામાં સ્વામીશ્રીની બાજુમાં જ બેઠેલા તેઓએ 'પોપ સાથે શું વાત થઈ?' એમ પૂછપરછ કરી, ત્યારે સ્વામીશ્રીએ એ ઐતિહાસિક ઘટના વર્ણવી શ્રી વાજપેયીની જિજ્ઞાસા સંતોષી.

અંતે તેઓને સંસ્થાનું બ્રૉશર(પરિચય પુસ્તિકા) આપ્યું ત્યારે તેની છપાઈ અને સજાવટ જોઈ શ્રી વાજપેયી ચકિત થઈ ગયા. તેઓએ જ્યારે જાણ્યું કે 'સંસ્થાના છાપખાનામાં જ આ છપાયું છે,' ત્યારે તો તેઓના આશ્ચર્યમાં અનેકગણો વધારો થઈ ગયો.

આ અચરજ સાથે જ શ્રી વાજપેયી બપોરે એક વાગ્યે અક્ષર મંદિરે પણ આવ્યા. અહીં દેરી, મંદિર તથા સ્મૃતિમંદિરની ત્રિવેણી જોઈ પ્રસન્ન થયેલા તેઓને સ્વામીશ્રીએ ગુણાતીત દ્વિશતાબ્દીમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપ્યું.

આમ, પોતાના કાર્યથી એક કાબેલ રાષ્ટ્રીય નેતાને મુગ્ધ કરનારા તેઓએ આજે પોતાના જીવનથી પણ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી બાબુભાઈ પટેલને પ્રભાવિત કરી દીધા.

આજની સભામાં ઘણાં નામાંકિત બાઈ-ભાઈ નગરજનો ઉપસ્થિત હતાં. છતાં મંચ અને સભાની ગોઠવણી સ્વામિનારાયણ સંપ્રદાયની બાઈ-ભાઈ મર્યાદા મુજબ જ કરવામાં આવેલી. આ વ્યવસ્થા જોઈને સંપ્રદાયની રીતિ-નીતિના જાણકાર શ્રી બાબુભાઈએ ખુશ થતાં સ્વામીશ્રીને અભિનંદન આપ્યાં કે 'આવી મોટી જાહેર-સભામાં પણ આપે સંપ્રદાયની પ્રણાલિકા સારી જાળવી.'

નિયમભંગ કરીને સન્માન ઝીલવાનો ઉત્સાહ સ્વામીશ્રીએ કદી દાખવ્યો નહોતો. તેથી જ ઝીલી ન શકાય એ હદે સન્માનોની વર્ષા તેઓ પર વરસતી રહેલી.

ગામડાં ઘૂમવાનો ઉત્સાહ

ગોંડલ મુકામે દિવાળી-અન્નકૂટના ઉત્સવ દ્વારા વિક્રમ સંવત ૨૦૪૧ને વધાવનારા સ્વામીશ્રી તા. ૨૭/૧૦ના રોજ સંગ્રામજી હાઈસ્કૂલના મેદાનમાં નગરપાલિકાનું સન્માન સ્વીકારી તા. ૨૮/૧૦ની સવારે વીરપુર પહોંચ્યા.

અહીં પ્રસિદ્ધ અન્નક્ષેત્રમાં તેઓ પૂજ્ય જયસુખરામ બાપાને મળ્યા ત્યારે આ ધર્માત્માએ તો સ્વામીશ્રીને જ પોતાના આસન પર બેસાડી દીધા અને સ્વયં નીચે બેસી ગયા ! તેઓના આ આદર-પ્રેમ ઝીલી સ્વામીશ્રી જેતપુર થઈને જૂનાગઢ પધાર્યા.

અત્રે તેઓ શ્રીજી-નિર્મિત મંદિરે દર્શન કરવા પહોંચ્યા ત્યારે પ્રકાંડ પંડિત શ્રી કૃષ્ણવલ્લભાચાર્યજી સાથે મુલાકાત થઈ. આ વિદ્વાન પ્રત્યે પોતાનો આદર અભિવ્યક્ત કરતાં સ્વામીશ્રીએ તેઓને દંડવત્ કર્યાં.

આ પંડિતપ્રવરે પણ પ્રશસ્તિવચનો ઉચ્ચારતાં સ્વામીશ્રીને કહ્યું : 'તમે ઘણું સારું કામ કરો છો.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમારા સંતો તમારા જેવા વિદ્વાન થાય તેવા આશીર્વાદ આપો.'

આવા ઉષ્માસભર મિલન બાદ જૂનાગઢથી પુનઃ ગોંડલ પધારેલા સ્વામીશ્રીનાં દર્શને કેન્યાની મિવાની સુગર મિલના મૅનેજર આવ્યા. તેઓએ વાતચીત દરમ્યાન સ્વામીશ્રીને હેતપૂર્વક કહ્યું : 'હવે શરીર સંભાળો. ગામડાં ફરવાનો મોહ ઓછો કરો.'

'મારે ગામડાં ફરવાનો ઘણો મોહ હતો, પણ હાર્ટ અટેકે ઓછો કરી દીધો છે. અમારે તો કરવો નહોતો પણ હવે શું થાય ?' સ્વામીશ્રીએ જણાવ્યું.

બીમારીને કારણે સત્સંગની સેવા કરવામાં આવેલી ઓટ તેઓને ઘણી ખટકતી.

હોળી-દિવાળીનો તફાવત

તા. ૨૯/૧૦ના રોજ આવેલી લાભ પાંચમથી વિચરણનું ચક્ર ચાલતું

કરી દેનારા સ્વામીશ્રી જસદણ, વીંછિયાને પાવન કરતાં રાત્રે સારંગપુર આવી પહોંચ્યા.

*'જેમ પૂર્વ ને પશ્ચિમમાંય, રવિ વારે વારે આવે જાય...'*ની જેમ સ્વામીશ્રી અહીં આવતા-જતા રહેતા. તેઓના પ્રત્યેક આગમને સારંગપુરમાં અનેરો ઉમંગ છલકાય. આજે પણ આતશબાજીથી તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

તે સ્વીકારી સભામંડપમાં પધારેલા સ્વામીશ્રીએ અહીં એકત્રિત થયેલા સંતો-ભક્તોને આશીર્વાદ આપતાં જણાવ્યું :

'આજે લાભ પાંચમ. નિષ્ઠા, મહિમા દૃઢ કરીએ અને સાચવીએ તે લાભ. ભગવાન ને સંત મળ્યા તે દિવાળી. ઉત્સાહ કાયમ રહે તો દિન દિન દિવાળી; નહીં તો હોળી. અહોહોપણું ને આનંદ રહે તે દિવાળી. સત્પુરુષમાં મનુષ્યભાવ આવે અને દોષ દેખાય તે હોળી. ભગવાન ને સંત ઐશ્વર્ય બતાવે કે ન બતાવે પણ તેમાં ઐશ્વર્ય છે જ, એમ સમજવું તે દિવાળી અને અખંડ પ્રકાશ.

ગુણાતીત દ્વિશતાબ્દી ધામધૂમથી ઊજવવી છે. કંટાળી ન જવું, 'બોર' (bore) ન થઈ જવું. આ નાનાં છોકરાંઓ ચાર-ચાર વાર દર્શને આવે છે. તેઓ 'બોર' થતાં નથી. કવિ, ચિત્રકાર, દાક્તર પોતાના કાર્યમાં જેમ લીન થઈ જાય છે, ખાવા-પીવાનુંય ભૂલી જાય છે, તેમ દ્વિશતાબ્દીનો ઉત્સાહ રાખવો.'

આ અરસામાં સ્વામીશ્રીના પ્રત્યેક પ્રવચનમાં દ્વિશતાબ્દીનો દોરો સોંસરો ચાલ્યો આવતો. 'અક્ષર'ના ઉદ્‌ઘોષથી અવની-આકાશ ભરી દેવાના 'મૂડ'માં જ તેઓ રહેતા.

બીજાનો આનંદ જોઈ આનંદ પામીએ

તા. ૩૦/૧૦ની સવારે સ્વામીશ્રી સારંગપુરથી તાજપુર પધાર્યા ત્યારે અહીં ટ્રેક્ટરમાં તેઓની નગરયાત્રા નીકળી. પાકટ વયે અને બટકણી તબિયતે પણ તેઓ ગામડાંના ઊબડ-ખાબડ રસ્તે ટ્રેક્ટરોની ઊછળકૂદ વેઠતા રહેતા. આજે આ રીતે જ સૌને રાજી કરતાં સ્વામીશ્રી મંદિરે આવ્યા.

અત્રે તેઓએ આપેલા આશીર્વાદ સરકારના ગ્રામ વિકાસ મંત્રાલયે અને ગ્રામોદ્ધાર મંડળોએ દરેક ગામમાં મોકલવા જેવા બની રહ્યા.

તેમાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'ગામ એક કુટુંબ છે એમ સમજવું. આપણું ગામ આદર્શ ગામ બને,

એકબીજાનું સારું થાય એમ ઇચ્છીએ, સારું કરીએ; આવા વિચારો હોય તો શક્તિ સવળી વપરાય. આવું વર્તીએ તો અહીં રોડ ઉપર હીરા-માણેક જડાય. ગામમાં નાના-મોટા ગમે તે કોમના હોય પણ તે બધા મારા છે, મારે બધાનો ઉત્કર્ષ કરવો છે, એવા ઉચ્ચ વિચારો રાખવા. આપણા ગામમાં ભલે ગમે તે ધર્મને પાળનાર હોય પણ આપણે બધા એક છીએ. બીજાના ભલામાં આપણું ભલું. બીજાના સુખમાં આપણું સુખ સમાયેલું છે.

મોટો આધાર ભગવાન અને સંતનો છે. 'હવે શું થશે?' એવો પ્રશ્ન થવો ન જોઈએ. 'સારું જ થશે' એમ માનવું.

જબ આયા તું જગત મેં, જગ હસે તુમ રોય;
કરણી ઐસી કિજીએ, તુમ હસે જગ રોય.

કુટુંબના સુખ માટે દેહનું સુખ જતું કરવું. સમાજ માટે કુટુંબનો લાભ જતો કરવો. દેશ માટે સમાજનો લાભ જતો કરવો. બીજાનો આનંદ જોઈ આનંદ પામીએ. ગમે તે કોમના હોઈએ પણ આ ભાવનાથી જીવવું. બધા નજીક બેસીએ તેમ કરવું.'

અવારનવાર સાંભળવા મળે છે કે 'સાચું ભારત ગામડાંમાં વસે છે'; પણ એ ગામડાંને સાચું શીખવનારા હતા સ્વામીશ્રી. ગામડે-ગામડે ઘૂમીને તેઓએ ગ્રામીણ જનોના રગ-રગમાં સિંચેલી શુભ ભાવનાઓથી ભારતનું કેવું ભલું થયું છે તે દર્શાવતો બનાવ ટૂંક સમયમાં જ બન્યો.

સૌના સહિયારા ગુરુ

સુખી-સમૃદ્ધ તાજપુર ગામમાં પેઠેલો કલહ સ્વામીશ્રીની નજર બહાર નહોતો. તેથી તેઓએ સભા બાદ મંદિરના મેડે કુસંપગ્રસ્ત બે પક્ષોને ભેગા કરી સમાધાનની વાતો માંડતાં કહ્યું:

''આ આપણું કુટુંબ છે. તેમાં મનદુઃખ હોય તે દૂર કરવું. દેરીમાં પ્રાર્થના કરી છે. તમને બધાને હાથ જોડી પગે લાગી આ વાત કરવી છે. ચડસા-ચડસીમાં પૈસા જાય. માણસો ખોઈ બેસીએ. ખરાબ વિચાર આવી ગયા છે, પણ તેને દબાવી શક્યા છીએ તે સત્સંગનો પ્રતાપ. વાતાવરણ બદલી નાંખવું છે. ભોં સૂંઘણિયો રાજા થઈ ગયો. તેણે અત્તરના હોજ કર્યા પણ નામ બગડ્યું તે બગડ્યું જ. માટે કંઈ થઈ જાય તો ગામનું નામ હંમેશ માટે બગડે. 'બધાં કુટુંબો એક જ છીએ' તેમ માનવું. આદર્શ ગામ બનાવવું. પ્રસંગો સાથે મળી ઉકેલવા.

ભૂલવું જ છે તેમ માનો. જે વસ્તુ થઈ ગઈ તે મડદા જેવી સમજવી."

આમ, સ્વામીશ્રીએ એવી અસ્ખલિત વાણી વહેવડાવી કે કુસંપનો કાદવ ધોવાઈ ગયો. તે પછી બંને પક્ષ પાસે સ્વામીશ્રીએ બબ્બે શબ્દ બોલાવ્યા. તેમાં બધાનો સૂર એક જ રહ્યો કે 'પ્રમુખસ્વામી આપણા સૌના સહિયારા ગુરુ છે. માટે બધું ભૂલી જવું છે. તેઓ કહે તેમ કરવું.' આમ કહી સૌએ પરસ્પર પગે લાગી માફી માંગી.

ખટરાગને સ્થાને સ્થપાયેલા આ એકરાગથી સ્વામીશ્રી રાજી થયા. તેઓએ સૌને જમવા બેસાડ્યા અને સ્વયં બરફી પીરસવા પંગતમાં ફર્યા. દરેકને પીરસ્યા બાદ પંગતમાં ઊભાં-ઊભાં તેઓ બોલ્યા: 'આવી રીતે સાથે બેસી જમજો.'

આ સૂત્ર ઉચ્ચારી સ્વામીશ્રી નીકળ્યા ત્યારે પક્ષી-પ્રતિપક્ષી બંનેનાં મોંમાં મીઠાશ હતી, પણ સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે બપોરના પોણા બે વાગી ચૂકેલા! તાજપુરને તારાજ થતું અટકાવવા તેઓએ આજે પોતાના ભોજનને હડસેલો મારી દીધેલો. ઠાકોરજી જમાડ્યા બાદ વિશ્રામ કરીને સ્વામીશ્રી અમદાવાદ જવા વિદાય થયા ત્યારે આજની છઠના દિવસે આ ગામ માટે છઠ્ઠીના લેખ નવેસરથી લખાઈ ગયા!

આ રીતે અનેક ગામોની ભાગ્યરેખાઓ બદલનારા સ્વામીશ્રીનું કાર્ય સાચે જ અવર્ણનીય છે.

હૈયું ઠાલવવાનું સ્થાન અહીં છે

તાજપુરથી અમદાવાદ પધારેલા સ્વામીશ્રીએ તા. ૩૧/૧૦ની બપોરે ભોજન પૂર્ણ કર્યું તે વખતે જ વડાંપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીના કરુણ નિધનના સમાચાર તેઓને મળ્યા. તે સાંભળી સ્વામીશ્રીએ સદ્‌ગતના આત્માની શાંતિ માટે પાંચ મિનિટ ધૂન કરાવી. વળી, આ ઘટનાથી દેશમાં કોઈ અંધાધૂંધી ન ફેલાય તે પ્રાર્થના પણ કરી.

આ જ હેતુસર તા. ૨/૧૧ના રોજ આકાશવાણીના સંવાદદાતાઓ દોડી આવ્યા. પ્રધાનમંત્રીના આકસ્મિક અવસાનથી દેશમાં વિપરીત પ્રત્યાઘાત ન ઊઠે તે માટે તેઓએ પણ સ્વામીશ્રીના આશીર્વાદ ધ્વનિમુદ્રિત કર્યા. આ ધ્વનિ-મુદ્રણ એ જ દિવસની સાંજે રેડિયો પરથી પ્રસારિત કરવામાં આવ્યું.

આજે વળી એક ઉપયોગી ઉપદેશ આપતાં સ્વામીશ્રીએ સંતોને જણાવ્યું:

"કોઈની મુશ્કેલી વગેરેની વાત સાંભળવા તૈયાર છીએ. અમે પણ સમજીએ છીએ કે હૈયું હલકું કરવાનું, હૈયું ઠાલવવાનું સ્થાન અહીં છે. તેમાં રાતના બાર - બે વાગે તોય ખાનગી(અંગત મુલાકાત)માં બેસવા તૈયાર છું. તેમાં પરિશ્રમ, ભીડો છે જ નહીં. પણ આપણે એક વાત દૃઢ કરવાની છે કે એક વાર સમજાવ્યા પછી મનનું સેકન્ડમાં મૂકી દેવું. પણ એમ નહીં કે 'મારી વાત નથી સાંભળતા. મારું કહ્યું કર્યું નહીં.'"

આધ્યાત્મિક ઉન્નતિ માટે પાયાનો એક સિદ્ધાંત સ્વામીશ્રીએ જણાવી દીધો.

સમાજસેવાની નવતર દિશા

તા. ૩/૧૧ના રોજ સ્વામીશ્રી 'અક્ષરધામ'ના નિર્માણકાર્યનું નિરીક્ષણ કરવા ગાંધીનગર પધાર્યા ત્યારે અહીં 'ઇસરો' સંસ્થા તરફથી ટી.વી.ના સંવાદદાતાઓ આવી પહોંચ્યા. વડાંપ્રધાનની કરપીણ હત્યાના સંદર્ભમાં તેઓ સ્વામીશ્રીની શાંતિ-અપીલનું ધ્વનિમુદ્રણ કરવા માંગતા હતા. આપત્તિમાં સૌને સ્વામીશ્રી પાસે *'શરણું તમારું સુખરૂપ...'*ની અનુભૂતિ થતી. તેથી સૌ આમ દોડી આવતા.

તે ક્રમમાં તા. ૪/૧૧ના રોજ આવેલી પ્રબોધિની એકાદશીએ તો કેટલાય વાલીઓએ પોતાના વહાલસોયા પુત્રોને સ્વામીશ્રીનાં ચરણે સમર્પિત કર્યા.

આ ત્યાગભાવનાથી પ્રસન્ન થઈ ઊઠેલા સ્વામીશ્રી પૂજાની પાટ પરથી એકાએક ઊભા થઈ ગયા અને માઇકને જાતે જ વ્યવસ્થિત ગોઠવી આશીર્વાદ આપવા લાગ્યા કે –

'લાખો રૂપિયાની સેવા થઈ જાય, પણ દીકરાને અર્પણ કરવો કઠણ પડે. પણ આ ભગવાન સ્વામિનારાયણનો પ્રતાપ છે. આપણને એમ થાય કે 'મારો વંશ નહીં રહે તો શું થશે?' પણ અત્યારે તો વંશ બોળે એવા ઘણા છોકરાઓ થાય છે. પોતાના બાપની આબરૂ બોળે છે. તેને બદલે આ ભગવાનના માર્ગે જાય તો તે આપણું નામ ઉજ્જ્વળ કરશે.

આ સમાજની એક બહુ મોટી સેવા છે. આપણને થાય કે આમાં શું સેવા? પણ સમાજમાંથી દૂષણો કાઢવાં, ધર્મભાવના ફેલાવવી, શાંતિ સ્થાપવી, માણસનું જીવન-પરિવર્તન કરવું એ એક મોટી સેવા છે. આપણને થાય કે આ મંદિરોમાં પથરા ખડકે છે, એની શું જરૂર છે? આ બધા સમૈયા-ઉત્સવમાં

ભેગા થાય ને લાડવા ખાઈને છૂટા પડે એની શી જરૂર છે? પરંતુ આ એક સમાજની સેવા છે. આ દ્વારા લોકોમાં ધર્મભાવના વધશે, સારી પ્રેરણાઓ મળશે અને બહાર જઈ સારું કાર્ય કરશે. આ પથ્થર છે એને પણ ભગવાનનો સંબંધ છે. આ પથ્થર નથી પણ એમાં આપણાં સંસ્કારો-સંસ્કૃતિ છે. આ પથ્થરો નથી, પણ ચૈતન્ય વસ્તુ છે. આપણે બધાએ આ પ્રેરણા લેવાની છે. આપણા દીકરાઓ હોય એને પ્રેરણા જરૂર કરવી. પછી જો એની ઇચ્છા હશે તો થશે. એમને પ્રેરણા કરવી એ પણ મોટી સેવા છે.'

આજે સ્વામીશ્રીએ સેવાની એક નવતર દિશા ખોલી આપી. આ માર્ગે તેઓએ પાથરેલો પ્રકાશ અપરિમિત છે.

ટૂંકો રસ્તો

તા. ૪/૧૧ના રોજ પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી નિવાસસ્થાનમાં આવ્યા ત્યારે વડીલ સંતોએ તેઓને પ્રબોધિની એકાદશીનું ફરાળ અંગીકાર કરવા પ્રાર્થના કરી. પરંતુ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાના આ નિર્જળ ઉપવાસમાં સ્વામીશ્રીએ લેશ મચક ન આપી. આ તપશ્ચર્યાની અવધિ તો ત્યારે આવી જ્યારે સ્વામીશ્રીએ સવારના દસ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી એક જ આસને બિરાજી લગાતાર મીટિંગોનો દોર ચલાવ્યા કર્યો!

પરંતુ મગજના એક-એક કોષને કસનારી મહત્ત્વપૂર્ણ બેઠકોનું આ સુદીર્ઘ સત્ર આટોપીને તેઓ શાકની હાટડીનો ઉત્સવ કરવા મંદિર પર પધાર્યા ત્યારે એકદમ પ્રફુલ્લિત હતા!! તે વખતે સ્વામીશ્રીની કાર્યક્ષમતાની કક્ષા હદ બહારની જણાઈ.

આવા સ્વામીશ્રીથી આકર્ષાઈને આજના પવિત્ર દિને દર્શન માટે આવેલા કલેક્ટર શ્રી અનિલભાઈ જોષીએ સ્વામીશ્રીને પૂછ્યું: 'ટૂંકો રસ્તો કયો?'

'સંત સમાગમ.'

'એ તો છે જ. છતાં કેમ ફેરફાર દેખાતો નથી?'

'તેની આજ્ઞા પાળવી. તે કહે તેમ કરવું.'

'પણ કાંઈ અનુભૂતિ થાય તો આજ્ઞા પળે ને!'

'સત્સંગ કરવાથી ધીમે ધીમે તે થાય.'

આમ, સ્વામીશ્રીએ *'સંત સમાગમ કીજે હો નિશદિન...'*નો સૂર જ

છેડેલો રાખ્યો.

શ્રીજીમહારાજે પણ કહ્યું છે ને કે 'ત્રીસ લક્ષણેયુક્ત એવા જે સંત તેનો જે સંગ મન-કર્મ-વચને કરીને રાખે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે.'[૨૩]

ઉર મેં લેશ ન આશ

તા. ૫/૧૧ના રોજ અમદાવાદથી વિદાય લઈ રહેલા સ્વામીશ્રી આંબલીવાળી પોળે પધાર્યા. અહીં શાસ્ત્રીજી મહારાજ સાથે હાથ જોડીને બેઠેલા કિશોરવયના તેઓની પ્રસિદ્ધ છબીના આધારે તૈયાર થયેલી ચિત્ર-પ્રતિમાનો પ્રતિષ્ઠા-ઉત્સવ સંપન્ન થયો. આ નિમિત્તે મ્યુનિસિપલ કૉર્પોરેશને આંબલીવાળી પોળનું નવું નામાભિધાન 'યજ્ઞપુરુષ પોળ' તરીકે જાહેર કર્યું.

આ અવસર માણવા આખી પોળ ભરચક થઈ ગયેલી. તે સૌને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ પોળમાં જ્યારે જ્યારે આવીએ ત્યારે ત્યારે જૂનાં સંસ્મરણો તાજાં થઈ જાય છે. આ પોળમાં ઘરે ઘરે શાસ્ત્રીજી મહારાજ રહ્યા છે. પોળ નાની પણ વિચારો બહુ મોટા. અહીં રહેતા બધાએ 'न भूतो न भविष्यति...' જેવું સુખ લીધું છે, જે ભુલાય તેવું નથી.'

આમ કહી પુરાણી સ્મૃતિઓ વાગોળતા સ્વામીશ્રી અહીંથી વિદાય લઈ ખેડા, વસો તથા બોરસદને પાવન કરતાં બોચાસણ પધાર્યા. અહીં તા. ૮/૧૧ના રોજ દેવદિવાળીનો ઉત્સવ ઊજવી તેઓ પારાયણ નિમિત્તે ધર્મજ આવી પહોંચ્યા.

અત્રે તા. ૧૦/૧૧ની બપોરે ભોજન બાદ થઈ રહેલા વચનામૃત(વર. ૧૬)ના વાંચનમાંથી ચમત્કારોની વાત ફૂટી નીકળી. તે સંદર્ભમાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણી પાસે (ઐશ્વર્ય) છે નહીં એટલે શું દેખાડીએ? બીજા બધા ઐશ્વર્ય લઈને ફરે છે એટલે બતાવે છે. મહારાજ આપણને આપી નથી ગયા એટલે શું બતાવવું?'

મનુષ્યભાવનાં આટલાં વેણ ઉચ્ચરી સ્વામીશ્રીએ કહ્યું: 'મોટાને પરચો દેખાડવાની પાછળ પદાર્થની લાલસા સિવાય બીજું શું છે? આપણને એ ઇચ્છા નથી, પછી શું પરચા દેખાડવા?'

અઢળક ઐશ્વર્યના ધણી હોવા છતાં સ્વામીશ્રીએ કદી પરચાની વાતોને

---

૨૩. વચનામૃત વરતાલ પ્રકરણ ૪.

અગ્રસ્થાન લેવા દીધું નહોતું. *'ઉર મેં લેશ ન આશ...'*ની તેઓની સ્થિતિ આવા પ્રસંગે વિશેષ પરખાતી.

आचारवाले महात्मा

ધર્મજમાં મધ્યાહ્ન કથા બાદ સ્વામીશ્રી આરામમાં પધાર્યા હતા. તે વખતે જ બપોરે સાડા ત્રણ વાગ્યાના સુમારે અખિલ ભારત સાધુ સમાજના પ્રમુખ પૂજ્ય રામસ્વરૂપ શાસ્ત્રીજી આવી પહોંચ્યા. આ સમયે સ્વામીશ્રીને જાગ્રત થવાને હજી વાર હોવાથી સંતોએ આ આદરણીય અતિથિને યથાયોગ્ય આસન આપી બેસાડ્યા અને ફળ-જળ તથા દૂધ ધર્યાં. પણ તેનો સવિનય અસ્વીકાર કરતાં તેઓ બોલ્યા : 'स्वामीजी के दर्शन बाद लेंगे।'

સ્વામીશ્રી વિષે એક માન્યવર મઠાધિપતિનો આ આદર સૌને અભિભૂત કરી ગયો. છેવટે ચાર વાગ્યે સ્વામીશ્રી જાગ્યા ત્યારે આ બંને મહાપુરુષોનું મિલન થયું.

તે સમયે બંનેએ એકબીજાને નીચા નમી પ્રણામ કર્યા. ત્યારબાદ થયેલા પ્રાસંગિક વાર્તાલાપમાં પૂજ્ય રામસ્વરૂપજીએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'एक बार आप हरिद्वार पधारें। हम तो वहाँ सबको कह कहकर थक गये हैं। बोलनेवाले महात्मा तो बहुत है, लेकिन आचारवालों की ज़रूरत है...'

સ્વામીશ્રીની વિશેષતા તેઓના અણિશુદ્ધ આચરણથી હતી. તેને સંસારી કે સંન્યાસી, સૌનાં હૈયાં કબૂલ કરતાં.

શુભ ગુણ સર્વે શ્રીહરિ તણો

ધર્મજની પારાયણ બાદ પેટલાદ પધારેલા સ્વામીશ્રીનો સન્માન સમારંભ અહીં તા. ૧૩/૧૧ની સાંજે નગરપાલિકાએ યોજેલો. તેમાં ઊમટેલી ભાવિકોની ભીડથી સમગ્ર ટાઉન હૉલ હકડેઠઠ હતો. ધારાસભ્ય, તાલુકા પંચાયત પ્રમુખ, કૉલેજોના આચાર્યો-અધ્યાપકો વગેરે શ્રેષ્ઠીઓની મેદની પણ મોટી હતી.

આવી ઠસ્સાદાર સભા બાદ નગરપાલિકાના પ્રમુખ શ્રી અંબાલાલભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'આ ટાઉન હૉલનું કામ પતે એવું હતું જ નહીં, પણ કેવળ આપના આશીર્વાદથી જ પૂરું થયું. ત્યારથી હું આપનો સેવક થઈ ગયો છું. અહીં દરવાજામાં જ આપનો ફોટો રાખ્યો છે. ત્યાં આગળ દીવો

કર્યા પછી જ હું અંદર પગ મૂકું છું. આયોજકોને પણ એમ જ કહું છું.'

પરંતુ પ્રશંસાનાં આ પૂરને ઠાકોરજીનાં ચરણોની દિશામાં વાળતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ અમારી સાથે લાલજી છે તે ખૂબ ચમત્કારી છે. એમનાં પગલાં થયાં એટલે આવું થયું ! આ બધો એમનો પ્રતાપ છે.'

લાભ હાનિ જેહિ સમ સદા

પેટલાદથી બોચાસણ પધારેલા સ્વામીશ્રીએ તા. ૧૪/૧૧ની સાંજે આ ગામમાં એકધારી ૫૭ પધરામણીઓ કરી !

આ રીતે અનેક જીવના રૂડા માટે દેહને વાટતા સ્વામીશ્રી તા. ૧૫/૧૧ના રોજ હાલોલ પહોંચ્યા.

અહીં તેઓનો નિવાસ સરકીટ હાઉસમાં ઠરાવેલો; પરંતુ વડોદરાથી આવેલા કલેક્ટરનું રોકાણ લંબાતાં સ્વામીશ્રીને એક ફેક્ટરીમાં ઊતરવાનું થયું.

અત્રે તો વિશ્રામ માટે પંખાની સુવિધાવાળો એક સાદો ઓરડો જ હતો. તેથી ત્યાં ફરજ બજાવતો યુવક પ્રવીણ બોલ્યો : 'બાપા ! તૈયારી બધી જ કરી છે, પણ એ.સી. નથી.'

'જન્મ્યા ત્યારે આપણે ક્યાં એ.સી. ભેગા લાવ્યા'તા ?' સ્વામીશ્રીએ કહ્યું.

અગવડ કે ઉપાધિને તેઓ અત્યંત સહજતાથી અને સમતાથી અપનાવી શકતા.

આવા સાધુ મેં ન દીઠા ક્યાંય

હાલોલથી નીકળેલા સ્વામીશ્રી ચંદ્રપુરા થઈને અટલાદરા પધાર્યા ત્યારે અહીંના રોકાણ દરમ્યાન વડોદરાની નગરપાલિકાને તેઓનો ભવ્ય સન્માન સમારંભ જાહેર સ્થળે યોજવાનો મનોરથ હતો, પરંતુ સ્વામીશ્રીએ વડાપ્રધાનના અવસાન નિમિત્તે રાષ્ટ્રીય શોકનું કારણ આગળ ધરીને તેને ઠેલી દીધેલો.

તેથી રાષ્ટ્રીય શોક પૂરો થયા બાદ આજે તા. ૧૫/૧૧ના રોજ આ સમારોહ યોજવાની નેમ નગરપાલિકાની હતી; પરંતુ સન્માનથી સદા દૂર ભાગતા સ્વામીશ્રીએ તેમાં પણ અતિશય અનિચ્છા બતાવતાં, આજે મંદિરમાં જ નગરપાલિકા વતી સન્માન સમારંભ ગોઠવાઈ ગયો.

જો કે મંદિરમાં પણ જંગી જનમેદની ઊમટી પડી. તેમાં મેયર, ધારાસભ્ય, જિલ્લા પંચાયતના પ્રમુખ સહિત અનેક નામી મહાનુભાવો પણ

ઉપસ્થિત હતા. તે સૌના મુખેથી સ્વામીશ્રી માટે એક જ સૂર નીકળી રહ્યો : *'આવા સાધુ મેં ન દીઠા ક્યાંય...'*

સ્વામીશ્રીની આવી બિરદાવલીઓ ગવાઈ રહેલી તે જ વખતે એક મુમુક્ષુ તેઓનાં દર્શને જવા તત્પર થયા, પરંતુ તેઓ લકવાગ્રસ્ત હોવાથી તેઓના સહાયક વ્હીલચૅરને ઠેલતાં મંચ તરફ આવી રહેલા. આ જોતાં જ સ્વામીશ્રી પોતાના આસન પરથી ઊભા થઈ ગયા અને સ્વયં નીચે ઊતરી પેલા વિકલાંગ ભાવિકને પ્રેમથી મળ્યા. તેઓને હાર પણ પહેરાવ્યો. તે વખતે વાતાવરણમાં વારંવાર ઘૂંટાતી પંક્તિ *'આવા સાધુ મેં ન દીઠા ક્યાંય...'*ને આ અપંગ આગંતુક વધુ તીવ્રતાથી અનુભવી રહ્યા.

પોતાનાં માન-સન્માનના મેળાવડામાં મોભા-મરતબાની તમા રાખ્યા વિના આમ ધસી ગયેલા સ્વામીશ્રીને જોઈ, એકેએક સભાસદ પણ અનુભવી રહ્યો : *'આવા સાધુ મેં ન દીઠા ક્યાંય...'*

પાળો ત્યાગી તણો ધર્મ ખરો

અટલાદરામાં સન્માન ઝીલી સ્વામીશ્રી છાણી, તારાપુર, સાયલાને પાવન કરતાં લીંબાસી પધાર્યા.

અહીં તેઓએ તા. ૧૭/૧૧ની પ્રાતઃકથામાં ભગવાનનું કર્તાપણું દૃઢાવતાં ક્રમબદ્ધ અને તર્કબદ્ધ વાત કરી કે 'દાણા વાવીએ પણ સવળા ઉગાડવા એ ભગવાનના હાથની વાત છે. ખેડીને સરખું કરીએ પણ દાણા લાવવા ભગવાનના હાથમાં છે. લણી કરીને દાણા ઘરે લાવીએ, પણ રાંધ્યા પછી પચાવવું ભગવાનના હાથમાં છે. ભગવાનની સહાય વિના આપણે કાંઈ કરી શકતા નથી.'

લીંબાસીવાસીને અમૃતધારાનો આ આસ્વાદ પમાડી સ્વામીશ્રી ત્રાજ તથા ઉંઢેલા થઈને માતર પહોંચ્યા.

અહીં ચીમનભાઈના ઘેર રોકાયેલા તેઓને તા. ૧૮/૧૧ની સવારે દેહક્રિયા માટે ઉતારાની બાજુમાં આવેલા મકાનના શૌચાલયમાં જવાનું હતું. પરંતુ સવારે કોન્ટેક્ટ લેન્સ પહેર્યા ન હોવાથી સ્વામીશ્રી સેવકોના સહારે તે તરફ જઈ રહેલા. તે વખતે તેઓની ઝાંખી નજરે બે ઘર વચ્ચેની ઓસરીમાં ખાટલા પર ઓઢીને સૂતેલી એક વ્યક્તિ જોઈ લીધી. તે બાઈ હોય કે ભાઈ એ કોણ જાણે? તેથી સ્વામીશ્રી ઓસરી આગળથી ન જતાં બાજુમાંથી જવાનો

પ્રયત્ન કરવા લાગ્યા.

ધર્મ-નિયમ પાળવાની તેઓની આ ખટક સૌનાં હૈયે અહોભાવનો ઉજાશ પાથરી ગઈ. સૌને થયું કે 'જેને ભગવાનનો સાક્ષાત્કાર હોય તેને જ ભગવાનનાં આવાં નાનાં વચન પાળવામાં પણ તત્પરતા રહે.'

અહીં તો દાસના દાસ થવાની જ વાત

માતરથી વિદાય લઈ સ્વામીશ્રી ખડિયારાપુરા, ખાંધલી અને સોખડામાં વિચરતાં રઢુ પધાર્યા ત્યારે અહીંના મંદિરમાં તા. ૧૯/૧૧ની સવારે તેઓના મુખેથી જ્ઞાન-સરવાણી ફૂટી નીકળી કે –

"કોઈ પણ પ્રકારનું માન ન આવે તે ગુણાતીત. તમે બધા રાત-દિ' મહેનત કોના માટે કરો છો? બૈરાં-છોકરાં માટે જ ને! છતાં સાંજે થાક્યા-પાક્યા ઘેર જાઓ ત્યારે બૈરાં હાર લઈને બારણે ઊભાં રહે છે? છતાં હરખ-શોક થતો નથી. જાતે જઈને ગોળાનું પાણી પી લઈએ છીએ. કારણ, આપણે એને ઘર સમજીએ છીએ. એમ સત્સંગ ઘર સમજાયું હોય તો એમ ન થાય કે 'દસ મણ ચોખા આપીએ છીએ ને આવું કેમ?' આપણે કોઈને સેવા કહી બતાવવાની નથી.

સરકારને ટેક્સ ભરીએ છીએ કે નહીં? તોય રજા વગર ગયા હોઈએ તો ઑફિસમાંય ન ઘૂસવા દે. જ્યારે અહીંયાં બોલાવ્યા ન હોય તો તરત ધોખો થઈ જાય. કારણ, મહિમા સમજાયો નથી. સમજાયો હોય તો બે વર્ષ બેસાડી રાખે તોય ધોખો ન થાય. ભગવાન અને સંતના આશીર્વાદ વિના મોટું કોણ થાય છે?

એક જણ ગામની બહાર ગપ્પાં મૂકવા ગયો ને આવીને કહે, 'હું ગયો ત્યાં વાઘ ભટકાયો એટલે હું ચણાના ઝાડ ઉપર ચઢી ગયો.' આ સ્વભાવ મૂક્યો કે વધાર્યો ? એવી રીતે ભગવાન અને સંત પાસે સ્વભાવ મૂકવા આવ્યા હોઈએ ને ઊલટા લઈને જઈએ તો શું વળે? અહીં તો દાસના દાસ થવાની જ વાત છે. દરવાજા બહાર બધી ડિગ્રીઓ લઈને ફરવાનું છે.

બાઉદીન ગુણાતીતાનંદ સ્વામી પાસે આવે ત્યારે સ્વામી એના માટે ચાકળો નાંખી દે. તો એ ફગાવી દે ને કહે, 'તમારો હું દાસ છું.' આપણને એ દાસભાવ ન હોય તો જ્ઞાન પચ્યું જ નથી. એક સામાન્ય માણસ જેટલોય સ્વામીનો મહિમા સમજ્યા નથી.

સાંકરી બાજુ જે બધા આદિવાસીઓ રહે છે એને ત્યાંના ઉજળિયાતો દૂબળા કહે છે. આપણે ત્યાં પૂછીએ કે 'ગામની વસ્તી કેટલી?' તો કહે, 'સો ઘર.' પછી કહીએ કે 'એમ કેમ? આ બધા આદિવાસીઓનાં ઘરો છે ને!' તો કહે, 'એ લોકો તો દુબલ છે.' એને માણસમાં જ ન ગણે!

તેમ ભગવાન અને સંત આગળ માન વગેરે ઇચ્છતા હોઈએ અને આસક્તિ ન નીકળે તો આપણે દૂબળા જ છીએ. જે વસ્તુ મળી છે એનો મહિમા નથી સમજાયો, કેફ નથી ચઢ્યો, તો દૂબળા જ છીએ."

તુમ સાચે હિતકારી

આ અરસામાં ગુજરાત સરકાર તરફથી શરૂ થયેલી મધ્યાહ્ન ભોજનની યોજનાના ભાગરૂપે શિક્ષકો અને ધારાસભ્યની વિનંતીથી સ્વામીશ્રીએ તા. ૧૯/૧૧ના રોજ રઢુની શાળામાં પધારીને સૌ બાળકોને લાડુ પીરસ્યા.

ત્યારબાદ ખેડાની એચ. એન. ડી. પારેખ હાઈસ્કૂલમાં યોજાયેલા જાહેર સન્માન સમારંભમાં ઉપસ્થિત રહી તેઓ હાડેવા, નાયકા, શ્રીજીપુરા, ચિત્રાસર, ધરોડા, નવાગામ, ગોબલજને લાભ આપતાં તા. ૨૨/૧૧ના રોજ બારેજા પહોંચ્યા.

અત્રે ચોખાનો ખરડો કર્યા બાદ રબારીવાસમાં દરેકના ખોરડે વિધિસર મૂર્તિઓ પધરાવી સ્વામીશ્રી મહીજડા પધાર્યા.

અહીંના એક-એક સત્સંગીના ઘેર સ્વામીશ્રીનાં પગલાં પાંચ-પાંચ વાર તો થયાં જ હશે! છતાં આજે ફરી વાર પધરામણી માટે કેટલાકે આગ્રહ કર્યો. પરંતુ સંતોએ સ્વામીશ્રીના સ્વાસ્થ્યની વાત આગળ ધરીને સૌને સવિનય સમજાવતાં તત્ક્ષણ પૂરતું તો તેઓનું મન ઠરીઠામ થયું, પણ તા. ૨૩/૧૧ની સવારે પ્રાતઃભ્રમણ કરી રહેલા સ્વામીશ્રીને જોઈ કો'કનું અજ્ઞાન ઊછળી આવ્યું અને તેઓ સંતો પાસે બોલી ગયા કે 'વૉકિંગ કરતાં વાંધો નથી આવતો ને પધરામણી કરતાં શું વાંધો આવે છે?'

આ અણસમજણ ઓકનારને કદાચ ખ્યાલ નહીં હોય કે વેરવું અને વાવવું એ બંનેમાં દાણા ફેંકવાની જ વાત છે, છતાં તે બંને ક્રિયામાં ફેર છે. એકમાં નુકસાન છે, બીજામાં નફો છે. તેમ પધરામણી અને કસરત માટે ચાલવાનું જ હોય, છતાં એક ક્રિયા તબિયત માટે હાનિકારક અને બીજી લાભદાયક છે. જો કે આવેશની પણછના ઠેલથી છૂટી ગયેલું વાગ્બાણ

સ્વામીશ્રીના સ્વાસ્થ્યનો ભોગ લઈને જ રહ્યું.

હરિભક્તની પેલી મૂર્ખતાભરી વાત સ્વામીશ્રી સાંભળી ગયેલા. પરંતુ તેઓ હતા શાણા. તેથી જ તો મૂર્ખાઓની મૂર્ખાઈ નભી જતી ને!

આજે પણ એવું જ બન્યું. પ્રાતઃભ્રમણ મોકૂફ રાખી સ્વામીશ્રી પૂજા કર્યા પહેલાં સવા કલાક સુધીમાં ૪૦ ઘરો ઘૂમી વળ્યા! આ શ્રમનો કંઠશોષ સહેતાં તેઓ સવા આઠ વાગ્યે પૂજા કરવા બિરાજ્યા ત્યારે રોજ ગવાતાં જુદાં જુદાં કીર્તનોને બદલે આજે સૌનો અંતરતાર એક જ તાન છેડી રહ્યો:

'જન અવગુન મેરુ સમ હોવે, તાકું ગિનત રતિ અનુસારી... હો 'ગુરુ'હરિ, તુમ સાચે હિતકારી...'

માહાત્મ્ય જાણે મહારાજનું

મહીજડાથી તા. ૨૩/૧૧ની સવારે વસઈ પધારેલા સ્વામીશ્રી અહીં અંબાલાલભાઈ પટેલના મેડે સભા કર્યા બાદ મણિભાઈના ઘેર જવા માટે નીચે ઊતરતા હતા. તે વખતે ડાંગર ભરેલો એક ઓરડો બતાવીને સાથે ફરતા યુવકે રમૂજ કરતાં કહ્યું કે 'બાપા! આ રૂમમાં ડાંગરનો ઢગલો છે. એના ઉપર આસન કરીને આરામ થાય...'

'અમે તો ડાંગર ઉપરેય સૂતા છીએ ને ટ્રેક્ટર ઉપરેય સૂતા છીએ ને ગાડાંમાંય સૂતા છીએ ને પરાળમાં પણ... અમને તો બધે જ ઊંઘ આવી જાય.' અલમસ્તાઈ છલકાવતાં સ્વામીશ્રી બોલ્યા.

આ શૈલી સાથે આજે વસઈથી નાજ પહોંચેલા તેઓ ગામવાસીઓનો સત્કાર સ્વીકારી રાધાકૃષ્ણ મંદિરમાં ભરાયેલી ચિક્કાર જાહેર-સભામાં પધાર્યા. અત્રે અમૃત વરસાવી તેઓએ તા. ૨૪/૧૧ના રોજ 'સંસ્કારદીપ અંધ-અપંગ તાલીમ કેન્દ્ર'માં પધરામણી કરી જિંદગીનો પડકાર ઝીલી રહેલા સૌને આશીર્વાદ આપ્યા.

અહીંથી એક ખેતરમાં પધરામણી કરવા ગયેલા સ્વામીશ્રી ઉતારે આવ્યા ત્યારે તેઓના ધોતિયા પર ઝીણા કાંટાવાળા ભઠિયા ચોંટી ગયેલા. સંતો તે કાઢવા લાગ્યા ત્યારે સ્વામીશ્રી હળવાશથી બોલ્યા: 'ચોકળો ખમે એ ગોળ ખાય ને ભઠિયા ખમે તે ચોખા મેળવે.'

આમ, 'સાધના વિના સિદ્ધિ નહીં'નો સિદ્ધાંત સદૃષ્ટાંત સમજાવતાં તેઓ નાજથી અસલાલી પધાર્યા ત્યારે અત્રે ગામના સીમાડેથી નગરયાત્રા યોજાઈ.

તેમાં જોડાયેલા સ્વામીશ્રી મર્સીડીઝ ગાડીમાંથી ઊતરીને ચાલતાં-ચાલતાં પૂર્ણાહુતિ સ્થળે પહોંચ્યા.

આ રીતે દરેકના ભક્તિભાવને પૂરો કરતા તેઓ અસલાલીથી સમાદરા, ભાલિયાપરા, વાસણા(મારગિયા) થઈને સાંખેજ આવ્યા.

આ સમયે ડાંગરના પ્રદેશમાં ચાલતા સ્વામીશ્રીના વિચરણમાં દરેક ગામે ચોખાનો ખરડો નોંધાતો. તેમાં ભાવિકો ઉત્સાહથી સેવા લખાવતા.

સાંખેજમાં પણ તા. ૨૫/૧૧ની સવારે થઈ રહેલી ડાંગરના ધર્માદાની લખણી વખતે સ્વામીશ્રી પાસે એક પછી એક ભક્તો-ભાવિકો આવી રહેલા. આ સમયે સ્વામીશ્રીની બાજુમાં બેઠેલા સ્થાનિક સત્સંગી શ્રી અશોકભાઈ જે તે મુમુક્ષુની સ્થિતિ મુજબ ડાંગરનો ધર્માદો લખાવતા જતા હતા.

આ ક્રમમાં એક મુમુક્ષુએ સાત ગુણ ચોખા આપવાનો સંકલ્પ કર્યો. તે જોઈ પેલા સ્થાનિક હરિભક્તે કહ્યું: 'બાપા! આ તો તમે છો એટલે આપના પ્રતાપે આટલા આપ્યા! બાકી અમને આટલા ન આપે.'

'અમનેય કોણ આપે એમ છે! આ તો ભગવાનને બધા આપે છે. અમે જો ભગવાનને મૂકીને હાલીએ તો અમનેય કોઈ ન આપે.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

જેઓના એક વચને સૌ દાણા-નાણાંના ઢગલા ખડકતા રહેલા, તે સ્વામીશ્રીના મુખેથી નીકળેલા આ શબ્દો સુવર્ણની વીંટીમાં જડેલા હીરાની જેમ ચમકી રહેલા જણાય છે. તેઓમાં સધાયેલો સામર્થ્ય અને સેવકભાવનો સુમેળ સાચે જ અનન્ય હતો.

સ્વામીશ્રીનો સહજ સ્વભાવ

સાંખેજમાં ખરડો નોંધાઈ ગયા બાદ સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા તે વખતે સાથે ફરતા હરિભક્તો મૂળજીભાઈ પટેલ, ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટ તથા વાહનચાલકો સામે ઊભા રહી દર્શન કરી રહેલા.

તેઓને જોઈ સ્વામીશ્રીએ સંતોને પૂછ્યું : 'આ બધાને જમાડ્યા કે નહીં ?'

'એ લોકો અમારી સાથે જમવા બેસી જશે. તમારે એમની ચિંતા ન કરવી.'

'ચિંતા કેમ ન કરીએ ? આપણી સાથે ફરે છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ પણ એમનો સહજ સ્વભાવ. જે જે સંતો-ભક્તો તેઓની સાથે

વિચરણમાં ફર્યા હશે તેઓનો આ એક અનુભવ. ભોજન, વાહન, પાગરણ, માંદગીમાં ઔષધ-આહાર વગેરે તમામ દરકાર સ્વામીશ્રી જાતે જ લે. એક સાથે અનેકની.

તે મુજબ તેઓ સાંખેજથી નેનપુર પધાર્યા ત્યારે અહીં સંસ્થાની જમીન પર રબારીઓનાં ૮૫ ગામના ગોળનું સંમેલન ચાલી રહેલું. તે નિમિત્તે ઉપસ્થિત ૭૦૦ જેટલા રબારીઓને વ્યક્તિગત મળી સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા અને એક-એક રબારીને હજારીનું પુષ્પ સ્મૃતિરૂપે આપ્યું.

તેઓના આ પ્રેમથી પલળેલા એક રબારીભાઈને પોતાના આંગણે સ્વામીશ્રીને પધરાવવાનો ઉમળકો જાગી ગયો. સ્વામીશ્રી પણ તેઓનો મનોરથ પૂરો કરવા આજની રાત્રે તે રબારીના ગામ સાદરા પહોંચ્યા.

પરંતુ અહીં તો પધરામણીનું પૂર ઊમટ્યું. એક પછી એક વિનવણી થવા માંડી. સ્વામીશ્રી પણ કોઈને ન તરછોડતાં સૌનો ભાવ પૂરો કરવા ઘણા ખોરડામાં ફર્યા. ત્યાં દરેકને કંઠીઓ બાંધી કેટલાયનાં વ્યસન છોડાવ્યાં.

આ રીતે સાદરાને લાભ આપી પુનઃ નેનપુર પહોંચેલા તેઓએ અહીં યોજાયેલી સભામાં આ ગામની વિશેષતા વર્ણવતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજના વખતમાં બે ગામ એવાં હતાં કે શાસ્ત્રીજી મહારાજ ત્યાં લખણી કરે અને તેઓ વિદાય લે તે પહેલાં તો હરિભક્તો સેવા જમા પણ કરાવી જાય. એક આ નેનપુર અને બીજું નગાસર.'

ગામોગામની વિશેષતાઓ સ્વામીશ્રીના મનમાં જડાયેલી. જ્યારે જ્યાં જાય ત્યાં તેઓ તેને સંભારે. તેથી પોતે તો આનંદ પામે, પણ સાંભળનારા ગામવાસીઓ તો પોતાના ગામનું સ્થાન સ્વામીશ્રીના હૃદયમાં જોઈ ગદ્‌ગદ જ થઈ જાય.

માટે તમે સર્વ શરણ્ય એક

નેનપુરથી નીકળેલા સ્વામીશ્રી આમસરણ ગામને પાવન કરતાં અમદાવાદ પધાર્યા ત્યારે અહીં તેઓ પાસે તા. ૨૭/૧૧ના રોજ રાજ્યના મુખ્ય સચિવ શ્રી કે. શિવરાજ આવી પહોંચ્યા. તેઓ સંત શ્રી રમણ મહર્ષિની સ્મૃતિમાં મંદિર બાંધી રહેલા એક ટ્રસ્ટના પ્રમુખ પણ હતા. તે મંદિરનો ખાતવિધિ સ્વામીશ્રીના વરદહસ્તે થાય એવી તેઓની ઇચ્છા હતી. તેનું કારણ જણાવતાં તેઓએ જ સ્વામીશ્રીને કહ્યું :

'रमण महर्षि तो अभी इस लोक में नहीं हैं, लेकिन मुझे सब लोग जो उपस्थित होनेवाले हैं उनको बताना है कि ऐसे संत अभी भी हमारे बीच हैं। इसलिये आप ज़रूर आना।'

સ્વામીશ્રીના સાંનિધ્યમાં કોઈનેય પોતાના ગુરુ કે ઇષ્ટદેવ પરોક્ષ લાગતા જ નહીં. આજે આ અનુભવ એક શિક્ષિત સનદી અધિકારીનો પણ બની રહ્યો.

આવા સ્વામીશ્રી સચિવનું આમંત્રણ સ્વીકારી તા. ૨૮/૧૧ની સવારે યુનિવર્સિટી વિસ્તારમાં નિર્માણ પામનારા મંદિરની ખાતવિધિમાં પધાર્યા.

આ ટાણું સાચવી તેઓ વાસણા, કોચરબ થઈને આજની સાંજે મહેસાણા જવા નીકળ્યા. આ ગંતવ્ય સ્થાન ચારેક કિ.મી. દૂર હશે ત્યારે સ્વામીશ્રીએ મોટર થોભાવી દીધી અને નિત્ય નિયમ અનુસાર બે કિ.મી.નું અંતર ચાલીને સાયંભ્રમણનો નિયમ સાચવી લીધો. ત્યારબાદ હાઈ-વે પર જ ઠાકોરજીની સંધ્યા આરતી ઉતારીને તેઓ મહેસાણા આવી પહોંચ્યા.

મહેસાણા હિલોળે ચઢે છે

મહેસાણામાં સ્વામીશ્રીના આગમનનું નિમિત્ત હતો – ૬૪મો જન્મ-જયંતી મહોત્સવ. આ ઉપક્રમે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા પંદર લાખ ચો.ફૂ.ના ઍરોડ્રોમ ગ્રાઉન્ડે 'સ્વામિનારાયણ નગર'ના સ્વાંગ-શણગાર સજી દીધેલા. પૃથ્વીના ગોળા પર ધર્મ-દિગ્વિજયની ધજા ફરકાવતાં ઊભેલો યુવાન, શણ-વાંસ અને નેતરની કલા-કારીગીરીથી શોભતો અર્ધગોળાકાર પ્રવેશદ્વાર, ૬૦ ફૂટ ઊંચું ભવ્ય મંદિર, તેમાં બિરાજિત ૧૧ ફૂટ ઊંચા અક્ષર-પુરુષોત્તમ મહારાજ, વાજિંત્રધારી પરમહંસોની આકર્ષક મૂર્તિઓ, આંખ ઠારતા રંગબેરંગી છોડવાઓથી શોભતા ગમનપથ, યજ્ઞપુરુષ સભાગૃહ, ગુણાતીત યજ્ઞશાળા, આવાસ-નિવાસના મંડપો, અન્નપૂર્ણા સમી ભોજનશાળા વગેરેને સમાવતું આ 'નગર' ઉત્તર ગુજરાતનું ઘરેણું બનીને શોભી રહેલું. સેંકડો બાઈ-ભાઈ સ્વયંસેવકોની ભક્તિ જ જાણે તેમાં ઝગમગી રહેલી.

આ ભક્તિને સાર્થક કરવા પધારેલા સ્વામીશ્રીના આગમનને વધાવવાનો પ્રથમ લહાવો લીધો – નગરપાલિકા તથા જાયન્ટ્સ ગ્રૂપે. તેઓએ શહેરના પ્રતિષ્ઠિતોની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીને સન્માન-પત્ર આપી સત્કાર્યા. દૂધસાગર ડેરીનો સભાગૃહ આ સમારંભ માટે સાંકડો પુરવાર થઈ રહ્યો.

તેને અનુસરતાં તા. ૨૯/૧૧ની સવારે સ્વામીશ્રીનું પદાર્પણ 'નગર'માં થતાં જ જબ્બર જયજયકાર ગુંજી ઊઠ્યો. તેની વચ્ચે પ્રવેશદ્વાર અને મંદિરનાં ઉદ્‌ઘાટનો કર્યા બાદ સ્વામીશ્રીએ મહિલા મંડળે સજાવેલી ૬૪ કલાત્મક આરતીઓના પ્રદર્શનને પણ ખુલ્લું મૂક્યું. તે સાથે આજની સવારે તેઓના હસ્તે વૈદિક મહાયાગનો પ્રારંભ થયો, જેમાં ૬૪ કુંડ પર ગોઠવાયેલા ૪૬૪ યજમાનો વિધિસર આહુતિઓ આપવા લાગ્યા.

યજ્ઞનો પ્રારંભ કરાવીને ઉત્સવની સભામાં પધારેલા સ્વામીશ્રી સાથે કેટલાક અગ્રણી ધર્મગુરુઓ પણ ઉપસ્થિત હતા. તેઓ પૈકીના એક પૂજ્ય શ્રી બલરામદાસજીએ ભાવોર્મિ વહાવી કે 'જેમ સ્ત્રી ગમે ત્યાં ફરતી હોય પણ પતિને લક્ષ્યમાં રાખીને જ ફરે, તેમ પ્રમખસ્વામીજી ભગવાનને લક્ષમાં રાખીને જ બધી ક્રિયા કરે છે.'

સ્વામીશ્રીનું પ્રભુકેન્દ્રી જીવન સૌને અસર કરી જતું.

તેનો પ્રભાવ આજની સાંજે મહેસાણાના માર્ગો પર યોજાયેલી શોભાયાત્રામાં પણ જોવા મળ્યો. 'શહેરની જ નહીં પણ ઉત્તર ગુજરાતની તવારીખમાં આવી નગરયાત્રા ક્યારેય થઈ નથી' – નગરવાસીઓનો આ ઉદ્‌ગાર શોભાયાત્રાનાં દુંદુભિની સાથે સતત ગુંજતો રહ્યો. તેની સાક્ષી પૂરતાં રાત્રિસભામાં હાજર રહેલા જિલ્લા પંચાયત પ્રમુખે કહ્યું કે 'ગઈકાલે પ્રમુખસ્વામી મહારાજશ્રીની પધરામણી થઈ ત્યારથી આખું મહેસાણા હિલોળે ચઢ્યું છે.'

નિઃસ્વાદી તમે જીવન મારા

હિલોળે ચઢેલા મહેસાણામાં જબરજસ્ત ભરતી આવી – તા. ૩૦/૧૧ના રોજ. આ દિવસે સ્વામીશ્રીને તેઓના ૬૪મા જન્મદિને વધાવવા હજારો ભક્તોનો મહેરામણ ઊમટી પડ્યો.

આ ભક્ત-સમુદાય સભાગૃહમાં સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શનથી ધન્ય થયો ત્યાં જ જન્મજયંતીના સભા-કાર્યક્રમની સાંકળ જડાઈ ગઈ.

તે દરમ્યાન શ્રી મહેન્દ્રભાઈ સુખડિયાના ઘેર અલ્પાહાર કરવા પધારેલા સ્વામીશ્રીને સંતોએ કાકડી પણ પીરસી. તે સ્વામીશ્રી કશું જ બોલ્યા વગર જમ્યા. પરંતુ તે વખતે બાજુમાં બેઠેલા મહંત સ્વામીએ કાકડીની કડવાશ અંગે સેવકોનું ધ્યાન દોર્યું. તે સાંભળી સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'કાકડી કડવી છે ?'

'હા.'

બસ, આટલું જ! નહીં કોઈ ટીકા-ટિપ્પણ કે નહીં કોઈ ઠપકો અને પૂર્વવત્ સ્થિરતાથી ભોજન ચાલુ!!

'જિહ્વા છે પણ નથી જાણતા, ષટ્-રસ ખાવાની રીત...' સમા સ્વામીશ્રીની આ નિઃસ્વાદી વૃત્તિ જોઈ આજની જન્મજયંતી સૌનાં દિલમાં વસી ગઈ.

પ્રમુખસ્વામીને સદેહે જોયા તે કેટલા ભાગ્યશાળી !

અલ્પાહાર બાદ સ્વામીશ્રી જન્મજયંતીની સભામાં પધાર્યા ત્યારે તેઓને વધાવવા આતુર રાજ્યના મંત્રીઓ સહિત કંઈક આગેવાનોએ પ્રથમ વાક્પુષ્પો અને ત્યારબાદ પુષ્પહારોથી સ્વામીશ્રીને પૂજ્યા. આ અવસરે મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ જણાવ્યું :

'કોઈ વાર વિચાર આવે છે કે પ્રાચીનકાળમાં જે સંતો સદેહે વિચરણ કરતા હશે તે વખતનાં પ્રજાજનોમાંથી કોઈને બુદ્ધનું, કોઈને મહાવીરનું, કોઈને ઈસુનું સાંનિધ્ય સાંપડ્યું હશે! એ સાંપડનારા કેટલા ભાગ્યશાળી હશે!! હવે પછી આવનારી પેઢી અને સદીઓમાં તે વખતની નવી પ્રજા વિચાર કરશે કે જેઓએ પ્રમુખસ્વામીને સદેહે જોયા હશે તે કેટલા ભાગ્યશાળી હશે!'

મુખ્યમંત્રીના ઉદ્ગારોમાંથી વહેલી આ જ અનુભૂતિ આજે હજારો હૈયાં કરી રહેલાં.

પરંતુ પોતાની મહત્તાનાં આ મોજાંઓને ખાળતાં સ્વામીશ્રી તેઓની જન્મજાત નમ્રતા સાથે એટલું જ બોલ્યા કે 'જે કાંઈ થાય છે, થયું છે, થવાનું છે, તે ભગવાનની કૃપાનું ફળ છે અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો સંકલ્પ છે. જે જવાબદારી સોંપી છે તે એકલે હાથે થઈ શકે તેમ નથી. આપ સર્વની જે દૃષ્ટિ છે તે મારા ઉપર હંમેશ માટે રાખો, જેથી કાર્ય થઈ શકે.'

તેઓની આ હૃદયભાવનાને ઉપસ્થિત ૫૦,૦૦૦થી વધુ ભક્તમેદનીએ તાળીઓના પ્રચંડ ગડગડાટથી વધાવી લીધી. તે સૌને વ્યક્તિગત દર્શનદાન આપીને સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે બપોરના સાડા ત્રણ વાગ્યાનો ડંકો પડ્યો!

આશીર્વાદ તો માર્યા ફરે છે

બપોરનું ભોજન આટોપ્યા બાદ અલ્પ વિશ્રામ લઈને મહેસાણાની

શેરીઓ પાવન કરવા નીકળેલા સ્વામીશ્રી જન્મજયંતીના આ દિવસે ૨૨ પ્રધરામણીઓ બાદ કૃષ્ણ સોસાયટીમાં આવી પહોંચ્યા.

અહીં સમૈયા દરમ્યાન જેઓએ સ્વામીશ્રીનો લાભ જતો કરીને સેવાનો લાભ ઉઠાવેલો તેવાં બાઈ-ભાઈ સ્વયંસેવકોની સભા ગોઠવાયેલી. તેમાં આશીર્વાદ આપવાનો વારો આવ્યો તે વખતે બેઠેલા સ્વામીશ્રી ઊભા થઈ ગયા અને સ્વયંસેવકો પર રાજીપો વરસાવવા લાગ્યા કે "સમૈયો સુંદર, વ્યવસ્થિત થઈ ગયો. બધા કહે છે કે 'સ્વામીના આશીર્વાદથી થયું.' પણ આશીર્વાદ તો માર્યા ફરે છે. મૂળ તો તમારી નિષ્ઠા અને ભગવાનની કૃપાથી ધાર્યા કરતાં સર્વોપરી ઉત્સવ થયો. બધાંનું અંતઃકરણ બોલે છે. વ્યક્તિગત કોઈનું નામ આવે - ન આવે પણ મહારાજ રાજી થઈ ગયા છે."

સ્વામીશ્રીના આ પ્રમાણપત્રથી સૌને સેવાની સાર્થકતા જણાઈ રહી. તેની સાથે સ્વામીશ્રીની નમ્ર-મૂર્તિ પણ મનમંદિરમાં બિરાજી ગઈ.[૨૪]

એકાગ્રતાનું ઍવરેસ્ટ

મહેસાણાથી વિદાય લઈ અમદાવાદ, મહેળાવ, કરમસદ થઈને આણંદ પધારેલા સ્વામીશ્રીનો સન્માન સમારંભ અહીં તા. ૫/૧૨ના રોજ ટાઉન હૉલમાં યોજાઈ ગયો. નગરપાલિકા દ્વારા યોજાયેલા આ સમારોહમાં પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલે સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' અર્પણ કરી બિરદાવ્યા ત્યારે સ્વામીશ્રીએ શહેરને શુભાશિષ પાઠવતાં કહ્યું : 'આણંદ અમારે તો ઘર અને કુટુંબ સમાન છે. આણંદનો સંબંધ હંમેશનો છે અને રહેશે.'

આણંદને આ આનંદ આપી સ્વામીશ્રી વિદ્યાનગર, ચિખોદરા અને વઘાસીને પાવન કરતાં અટલાદરા પહોંચ્યા.

અહીંના રાબેતા મુજબના કાર્યક્રમો દરમ્યાન તેઓ તા. ૧૦/૧૨ની સવારે તેઓના ઓરડામાં બિરાજી પત્રલેખન કરી રહેલા. તે દરમ્યાન જ ઓરડામાં ઘૂસી આવેલી એક ઉંદરડીને જોનારા સંતો એને બહાર કાઢવા પ્રયત્નશીલ થયા; પરંતુ આમ-તેમ દોડાદોડી કરનારી એ ઉંદરડી કોઈના

---

૨૪. મહેસાણામાં ભવ્યતાપૂર્વક ઊજવાયેલા સ્વામીશ્રીના ૬૪મા જન્મજયંતી મહોત્સવમાં સહભાગી થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

લાગમાં આવતી નહોતી. થોડી વારમાં તો તેની દોડાદોડી પણ દેખાતી બંધ થઈ ગઈ. તેથી તેની તલાશ માટે સંતો વિશેષ પ્રયત્નશીલ બન્યા. છતાં નિરાશા સિવાય કાંઈ હાથ ન લાગ્યું, કારણ કે ઉંદરડીએ સૌથી સલામત સ્થાન શોધી કાઢેલું. સ્વામીશ્રીના ગંભીર ઉદરની આસપાસ તે સળવળ્યા કરતી હતી. તેથી ક્યાંથી હાથમાં આવે ?

પરંતુ તેની આ સળવળથી લેશ ચલાયમાન થયા વિના સ્વામીશ્રી તો પત્રો લખતા રહેલા ! અંતે તેઓ જ્યારે બોલ્યા કે 'એ (ઉંદરડી) અહીંયાં (પોતાની કેડ આગળ) જ છે', ત્યારે એકાગ્રતાના એવરેસ્ટ સમા અને દેહભાવથી રહિત સ્વામીશ્રીને સૌ અહોભાવથી જોઈ જ રહ્યા.

એ કોઈ દિવસ ઢીલું થાય જ નહીં

તા. ૧૧/૧૨ની સવારે 'વડોદરા એક્સપ્રેસ' દ્વારા મુંબઈ આવી પહોંચેલા સ્વામીશ્રી તા. ૧૨/૧૨ના રોજ મંદિરના પ્રથમ પાટોત્સવની વિધિમાં પરોવાયા.

તે સમયે તેઓનાં ચરણ પર ઢળેલું પંચામૃત જોઈ એક સંત પાણી વડે તેને સાફ કરવા ગયા, ત્યારે સ્વામીશ્રીએ તેઓને તરત જ રોક્યા કે 'અલ્યા, અહીં ઠાકોરજી આગળ આવું ન હોય.' અતિ સક્રિયતામાં પણ સ્વામીશ્રીની દાસત્વભક્તિ કદી લડથડતી નહીં.

જો કે માત્ર દાસભાવ જ નહીં, પરંતુ સ્વામીશ્રીનો એકેય સદ્‌ગુણ શિથિલ થતો નથી તેનો પુરાવો મળ્યો – તા. ૧૩/૧૨ના રોજ.

આ દિવસે સાયંસભા પૂર્ણ કરી સ્વામીશ્રી લિફ્ટ તરફ જઈ રહેલા ત્યારે હરિભક્ત શ્રી શામજી અદાએ તબિયતના સંદર્ભમાં તેઓને કહ્યું : 'હવે તો બ્રહ્મ હાલવા-ચાલવામાં ઢીલું થઈ ગયું છે.'

'એ (બ્રહ્મ) કોઈ દિવસ ઢીલું થાય જ નહીં. નહીં તો આ બધું વ્યવસ્થિત ચાલે કઈ રીતે ?' સ્વામીશ્રી ભાવપૂર્વક અને ભારપૂર્વક બોલ્યા.

તેઓના આ ખુલાસામાં અવિકારી અક્ષરબ્રહ્મરૂપે પોતાની ઓળખ હતી.

તેના પડઘા હજી ગુંજી રહેલા ત્યાં જ તા. ૧૪/૧૨ની સાંજે અક્ષર ભુવનની અગાશીમાં ભ્રમણ કરી રહેલા સ્વામીશ્રીને અમલનેરથી આવેલો એક ફોન આપવામાં આવ્યો. તે હાથમાં લેતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'કોણ ?'

આ સાંભળી ફોન જોડનાર પોતાનું નામ બોલ્યા. તે જાણી સ્વામીશ્રીએ પૂછ્યું : 'બેંકમાં કામ કરો છો એ જ ને ?'

'હા.'

'તમારો પત્ર મળ્યો છે ને કામ થઈ જશે. આશીર્વાદ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ વાર્તાલાપ સાંભળનારા સૌ ચકિત થઈ ગયા, કારણ કે સ્વામીશ્રી અમલનેર ગયાને આજે બે વર્ષથી વધુ સમય પસાર થઈ ગયેલો. તે દરમ્યાન તો તેઓ હજારોને મળેલા. છતાં બે વર્ષ પૂર્વે મળેલી વ્યક્તિનું કેવળ નામ સાંભળીને, તેના વ્યવસાય વગેરે પણ ઇદં યાદ આવી જવા તે કેવી સતેજ સ્મૃતિ ! સૌને સ્વામીશ્રીએ ગઈકાલે જ ઉચ્ચારેલા શબ્દો યાદ આવી ગયા : 'એ (બ્રહ્મ) કોઈ દિવસ ઢીલું થાય જ નહીં !'

ધરતી તપે પછી સુગંધ આવે

મુંબઈના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીનો નિત્યક્રમ હતો કે પ્રાતઃપૂજા બાદ અક્ષર ભુવનના ત્રીજા માળે આરામ કરી રહેલા સંતવલ્લભ સ્વામીને મળ્યા પછી જ અલ્પાહાર માટે જવું. પરંતુ તા. ૧૫/૧૨ના રોજ લિફ્ટચાલક દ્વારા પાંચમા માળની ચાંપ દબાઈ જતાં સ્વામીશ્રી સીધા પોતાના ઉતારે આવી પહોંચ્યા. તેની જાણ થતાં જ સ્વામીશ્રીએ લિફ્ટ નીચે લેવડાવી અને સંત સ્વામી પાસે જઈ પહોંચ્યા.

આ વરિષ્ઠ સદ્‌ગુરુ તો સ્વામીશ્રીની લાગણી જોઈ ગદ્‌ગદ થઈ ગયા. એ જ ભાવમાં તેઓ બોલ્યા : 'આપની દૃષ્ટિ અને આશીર્વાદથી આખા વિશ્વમાં સત્સંગ થઈ ગયો. આપ સાક્ષાત્ શ્રીજીમહારાજનું સ્વરૂપ છો.'

'મહારાજની દૃષ્ટિ, યોગીબાપાનો સંકલ્પ અને આપ સંતોના સહકારથી થયું છે.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, યશના હકદાર ઈષ્ટદેવ, ગુરુદેવ અને શિષ્યસંઘને બનાવી વિદાય થયેલા તેઓનું સ્વાસ્થ્ય-પરીક્ષણ તા. ૧૮/૧૨ની સવારે લગભગ અઢી કલાક સુધી ચાલ્યું. તે પૂરું થતાં જ સ્વામીશ્રી જુહુ પધાર્યા. અહીં શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી દ્વારા નિર્માણાધીન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમની મૂર્તિ પધરાવવાની હતી. તેની પ્રતિષ્ઠાનું સ્થાન નિશ્ચિત કરવા માટે જ સ્વામીશ્રીને ખાસ બોલાવવામાં આવેલા. તે કાર્ય આટોપી સ્વામીશ્રી નાણાવટી હૉસ્પિટલમાં દાખલ કરેલા મંદિરના મૂકસેવક શ્રી હરીશભાઈ ભટ્ટના ખબર-અંતર પૂછવા તેઓના ખાટલે જઈ બેઠા.

હજી પોતાના સ્વાસ્થ્યની તપાસ પૂરી થયે માંડ દોઢ કલાક વીતેલો, ત્યાં તો સ્વામીશ્રી હરિભક્તની ખબર કાઢવા દોડી ગયા! તેઓની આવી ભક્તવત્સલતા જોયા વિના સૂર્ય કદી આથમ્યો નહોતો.

આજના દિવસને પણ આ સુખદ અનુભૂતિ કરાવતા સ્વામીશ્રી મંદિરે પરત ફરી ભોજનની પળો પહેલાં ખુરશી પર બિરાજ્યા. તે વખતે આજે થયેલી તેઓની શારીરિક તપાસના સંદર્ભમાં એક પાર્ષદ બોલ્યા: 'આ ડૉક્ટરો લોહી તપાસે તેમાં લોહી બહુ જતું રહે.'

'શરીર સારું કરવું હોય તો આટલું કષ્ટ વેઠવું જ પડે ને!' સ્વામીશ્રીએ કહ્યું. વળી, ઉમેર્યું:

'કષ્ટ વગર સુખ નથી. વ્યાવહારિક, સામાજિક કે ધાર્મિક ક્ષેત્રે જે માણસો આગળ આવ્યા છે એ બધાએ કષ્ટ વેઠ્યું જ છે. કષ્ટ વેઠે એની વાત આપોઆપ બહાર આવે. ધરતી તપે પછી સુગંધ આવે. તમારેય સહન કરવું. કોઈ વઢે, ધખે, એ બધું સહન કરીએ તો સાધુતા બહાર આવે.'

સાધુતાનો સંદેશ સ્વામીશ્રીએ આગવી રીતે સંભળાવી દીધો.

વેઠે કષ્ટો પરહિતકારી

તા. ૧૯/૧૨ના રોજ આપણા મંદિરે પધારેલા ગણેશપુરીના પૂજ્ય નિત્યાનંદ બાબા સાથે થયેલી મુલાકાત બાદ સ્વામીશ્રી તા. ૨૦/૧૨ની બપોરે જમવા બિરાજ્યા.

આ વખતે તેઓને પીરસાયેલી દાળમાં મીઠું નાંખવાનું ચુકાઈ ગયેલું. તેમ છતાં સ્વામીશ્રી તો કશું જ બોલ્યા વિના તે જમી ગયા, પરંતુ આ સંદર્ભમાં સેવકોએ ભોજન પછી આરામમાં જઈ રહેલા સ્વામીશ્રીને પૂછ્યું: 'બાપા! આજે દાળમાં મીઠું નહોતું તોય આપ કેમ કશું બોલ્યા નહીં?'

'એમાં શું કહેવું?' આટલું કહી પોઢી ગયેલા સ્વામીશ્રીની સાધુતાનો સ્વાદ સૌ મમળાવી રહ્યા.

આવી અલૌકિક સ્થિતિમાં અખંડ રહેતા સ્વામીશ્રીએ તા. ૨૨/૧૨ની સવારે મલાડ સહકારી બૅંકની નૂતન શાખાનો ઉદ્‌ઘાટન-પ્રસંગ શોભાવ્યો. અહીંથી જ તેઓ બપોરે એક વાગ્યે નવી મુંબઈમાં આવેલા વૃદ્ધાશ્રમ 'નર્મદા નિકેતન'માં પહોંચ્યા. આ સંકુલનો પણ ઉદ્‌ઘાટન સમારોહ સંપન્ન કરી સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે બપોરે ચાર વાગ્યે તેઓને ભોજનનો મેળ પડ્યો.

જ્યારે લોકોને બપોરનું ભોજન પચી ગયું હોય ત્યારે સ્વામીશ્રીને તો હજી તે પીરસાતું હતું!

જનકલ્યાણની તેઓની આ શ્રદ્ધાનો મુકાબલો કરી શકે એવા કેટલા?

સૌના મનોરથો પૂરા કરવા ધરતીની જેમ આટલી હદ સુધી તપેલા સ્વામીશ્રીના જીવનમાંથી સાધુતાની સુગંધ ફોરતી જ રહે ને!

પહેલેથી જ કોઈ જાતનું બંધન નથી

તા. ૨૫/૧૨ની સાંજે મુંબઈથી વિદાય થયેલા સ્વામીશ્રી દહાણુ પહોંચ્યા ત્યારે અત્રે 'દશા શ્રીમાળી વણિક સમાજ વાડી' તેઓના સ્વાગતમાં ભરચક થઈ ગયેલી.

આ ભક્ત-સમુદાયને ધર્મલાભ આપી ગુણાનુરાગી શ્રી પ્રતાપભાઈના ઘેર ઉતારે પધારેલા સ્વામીશ્રી રાત્રિ આરામ માટે પલંગ પર પોઢ્યા, પરંતુ તાજેતરના તબીબી પરીક્ષણ પછી ડૉક્ટરોએ મસ્તક ઊંચું રાખ્યા સિવાય સૂવાની સલાહ આપી હોવાથી આજે સ્વામીશ્રીના મસ્તક નીચે ઓશીકું નહોતું.

આ જોઈ કૃષ્ણવલ્લભદાસ સ્વામીએ પૂછ્યું: 'બાપા! આજે ઓશીકા વિના ઊંઘ આવશે?'

'મને કોઈ પ્રકારની ટેવ પડી નથી. પહેલેથી જ કોઈ જાતનું બંધન નથી. એક વખત ત્યાગ કરવાનો વિચાર કરીએ પછી એનો ત્યાગ તરત થઈ જાય.'

સ્વામીશ્રીની અનાદિસિદ્ધ અનાસક્ત સ્થિતિ આમ અચાનક ઉજાગર થઈ રહી!

તેનો ઉજાસ ઘોલવડને અજવાળતો તા. ૨૬/૧૨ની સાંજે સેલવાસમાં પથરાયો. અત્રે સાડા ત્રણ હજારથી વધુ આદિવાસી બાઈ-ભાઈ સત્સંગીઓએ સ્વામીશ્રીને પ્રેમથી આવકાર્યા.

આ ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રીએ તા. ૨૭/૧૨ની સવારે મસાટ ગામ અને 'સમાજ-કલ્યાણ કુમાર છાત્રાલય'ને પાવન કર્યાં.

સ્વામીશ્રી પધાર્યા ત્યારે આ છાત્રાલયના ૫૦૦ છાત્રો વૃક્ષના છાંયે મર્યાદા મુજબ બેઠા હતા. સ્વામીશ્રીએ પણ ત્યાં બિરાજી સૌને શીખ આપી તે વખતે ભારતના પ્રાચીન તપોવનની ઝાંખી થઈ રહી. આ છાત્રાલયના જે ઓરડામાં નિયમિત રવિસભા થતી તેને છાત્રોએ સ્વામીશ્રીની પધરામણી નિમિત્તે જાતે જ રંગકામ કરીને સજાવ્યો હતો. ત્યાં આરતી ઉતારી સ્વામીશ્રીએ

સૌની ભક્તિ સાર્થક કરી. ત્યારબાદ છાત્રાલયના દરેક ઓરડામાં તેઓએ પગલાં કર્યાં.

તે દ્વારા આદિવાસી ઉત્કર્ષના જ કદમ ઉઠાવી પુનઃ ઉતારે પધારેલા સ્વામીશ્રીએ અત્રે મંદિરની સામે આવેલી ભૂમિ પર 'ગુણાતીત લઘુઉદ્યોગ'ના સંકુલનું ભૂમિપૂજન કર્યું. ત્યારબાદ તેઓ વાપી, પારડી વગેરે રસ્તાનાં નગરોને દર્શનલાભ આપતાં નવસારી પહોંચ્યા.

અત્રે સ્વામીશ્રીના આગમનને શહેરના મેયર તથા પ્રતિષ્ઠિત મહાનુભાવોએ આવકાર્યું. આ નિમિત્તે શહેરની શોભા સમા ટાટા મેમોરિયલ હૉલમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેને ધન્ય કરી સ્વામીશ્રીએ તા. ૨૮/૧૨ના રોજ 'તપોવન આશ્રમ'માં પધરામણી કરી. અહીં મુનિ શ્રી ચંદ્રશેખરવિજયજીનો આદર ઝીલી તેઓએ વિદ્યાર્થીઓ સાથે પ્રેરક સંવાદ સાધ્યો. તે દ્વારા સૌને પ્રેરણાપાથેય પૂરું પાડી વિદાય થયેલા સ્વામીશ્રીએ નવસારી મુકામે નિર્માણાધીન મંદિરની ભૂમિ પર સભા કરી સ્થાનિક સત્સંગને પણ પુષ્ટિ આપી દીધી.

સેવાના સિંધુડા

નવસારીને બે દિવસનો લાભ આપી સ્વામીશ્રી તા. ૨૯/૧૨ના રોજ સાંકરી જવા વિદાય લેવાના હતા; પરંતુ તે પૂર્વે તેઓ એક પત્ર લખવા બિરાજ્યા. આ સમયે પત્ર-પરિચારકે તો તેઓને રોજના ક્રમ મુજબ લેટરપૅડ આપી દીધું, પણ સ્વામીશ્રીને જરૂર હતી નાના કાગળની. તેથી તેઓએ લેટરપૅડમાંથી નવું પાનું ન ફાડતાં અડધા લખાયેલા એક કાગળમાંથી નીચેનો કોરો ભાગ ફાડીને તેમાં ચિઠ્ઠી લખી દીધી!

કરકસરની આ કક્ષા સાથે નવસારીથી નીકળેલા સ્વામીશ્રી કરચકાને લાભ આપતાં સાંકરી પધાર્યા ત્યારે અહીં તા. ૩૦/૧૨ના રોજ દ્વિશતાબ્દી નિમિત્તે 'સમયદાન યજ્ઞ'ની વિશેષ સભા યોજાયેલી. તેમાં અતિ બળપ્રેરક બોલ ઉચ્ચારતાં તેઓએ કહ્યું :

"જે સંકલ્પ કર્યો છે તે દૃઢ કરજો. શરમે-શરમે નામ લખાવી દીધું એમ નહીં. વિઘ્નને તલવારના ઝાટકે કાઢીને નીકળી જવું. લગ્નમાં જવાનું હોય તોય ના પાડી દેવી. અરે! આપણું લગ્ન આવતું હોય તોય પડ્યું મૂકવું. કહી દેવું : 'અમારે મહારાજ અને સ્વામીના દિવ્ય પ્રસંગમાં મહાલવું છે.' આપણે

હોરે હોરે યુદ્ધે નથી ચઢવું, ને ચઢ્યા પછી તો આ પાર કે પેલે પાર. માયા પર પગ મૂકીને પણ અક્ષરધામમાં જવું છે એવો સંકલ્પ રાખજો.''

સ્વામીશ્રીએ સેવાના સિંધુડા ગજવી દીધા. ઠામોઠામ આ રીતે જ તેઓ દ્વિશતાબ્દીની સેવા માટે હાકલ મારતા રહેતા.

તે અનુસાર અહીં બીજા દિવસે યોજાયેલી સત્સંગ-સભામાં પણ સેવાનો સૂર વહેતો મૂકતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણે એવી ભક્તિ કરવી કે આખું ગુજરાત ને ભારત રાજી થઈ ડોલી ઊઠે.'

ભજન કરીએ તો શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ૩૧/૧૨ની રાત્રે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે તાજેતરમાં યોજાયેલી દેશવ્યાપી ચૂંટણીનાં પરિણામોની વાતો નીકળી. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'રાજકારણ એ તો હાર-જીતની જ રમત છે. એક ભગવાન ભજવામાં હાર-જીતનો કોઈ પ્રશ્ન નથી. એમાં તો સદા વિજય જ છે. પેલું તો ચાર દિ'નું ચાંદરણું. માટે આપણે ભજન કરી લેવું.'

સ્વામીશ્રી આમ કહી રહેલા ત્યાં જ ભોજનનો થાળ આવ્યો. તેથી 'શ્રીમદ્‌સદ્‌ગુણ...' અને 'ૐ સહનાવવતુ...' એ ભોજન પૂર્વેના શ્લોકોનું ગાન થયું. તેમાં છેલ્લે આવ્યું: 'ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ...'

તે સાંભળી સ્વામીશ્રી પણ વિશિષ્ટ લહેકા સાથે બોલ્યા: 'ભજન કરીએ તો શાંતિઃ શાંતિઃ શાંતિઃ...'

આ હતી સન ૧૯૮૪ના વર્ષની તેઓની અંતિમ શીખ. તે સૌમાં દૃઢ કરાવવા જ આ વર્ષે સ્વામીશ્રી આખી પૃથ્વી ઘૂમી વળેલા. હાર્ટ અટેક આવ્યા પછીના તરતના જ આ વર્ષે દિવસના લગભગ એક ગામની સરેરાશથી ૩૩૭ ગામો-નગરોમાં ફરીને સ્વામીશ્રીએ આ જ ઘૂંટાવેલું કે 'ભજન કરીએ તો શાંતિઃ શાંતિઃ શાંતિઃ...'



ગુણાતીતના ગૌરવગાને ગગન ભરી દઈએ...

સન ૧૯૮૫

અક્ષરજ્યોતનાં અજવાળે આરંભ

સન ૧૯૮૫નો સૂર્ય ઊગ્યો ત્યારે તેના ચહેરા પર કોઈ યૌવનની લાલી ભૂંસી ગયું હોય તેવો તે લાલ હતો. તેને ઠેર ઠેરથી યુવાનને આહ્‌વાન આપતાં શબ્દો સંભળાઈ રહેલા, કારણ કે સંયુક્ત રાષ્ટ્રસંઘે આ વર્ષને 'આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ' તરીકે ઘોષિત કરેલું.

તેની સાથે આ વર્ષ ગુણાતીત દ્વિશતાબ્દીનું હોવાથી ગુણાતીતના ગરવા ગાનનો ગુંજારવ પણ સન ૧૯૮૫ના કાનમાં રમવા લાગ્યો.

તેની વચ્ચે તા. ૧/૧ની સવારે સાંકરીથી સુરત સુધી યોજાયેલી યુવા રેલીના આગેવાન તરીકે સ્વામીશ્રી સ્વયં 'અક્ષરજ્યોત' લઈને ઊભા. તેઓની પાછળ ગણવેશધારી ૭૦ યુવાનો હતા. તેઓને દોરતાં સ્વામીશ્રી થોડાં ડગલાં ચાલ્યા અને પછી જ્યોત ગઈ યુવાનોના હાથમાં. યુવા વર્ષના પ્રભાતે બ્રહ્મનો આ પ્રકાશ પામી સચેતન થઈ ગયેલી યુવાની આગળ સરકવા લાગી.

આમ, અક્ષરજ્યોતનાં અજવાળે નવા વર્ષનો શાનદાર શુભારંભ કરી સ્વામીશ્રી આજની સાંજે ભ્રમણ કરવા મંદિરથી થોડે દૂર આવેલી નહેર તરફ જઈ રહેલા. પરંતુ અંધકારના ઓળા, ઠંડીનો ચમકારો અને ઊબડ-ખાબડ રસ્તો

– આ ત્રણેય ભ્રમણમાં બાધારૂપ નીવડે તેવા હતા. સ્વામીશ્રી પણ બોલી ઊઠ્યા : 'રસ્તો ખરબચડો છે.'

'તો ચાલો, પાછા વળીએ.'

'ના, હોરે હોરે જુદ્ધે નવ ચઢીએ, ને ચઢીએ તો કટકા થઈ પડીએ...' આમ કહેતાં સ્વામીશ્રી નિશ્ચિત ભ્રમણ પૂર્ણ કરીને જ પરત ફર્યા.

તેઓએ જાણે 'યુવા વર્ષ'ના પ્રારંભે પોતાના વર્તન દ્વારા યુવાનોને સંદેશ આપી દીધો : *'પાછાં તે પગલાં નવ ભરીએ...'*

બત્તી બંધ, પણ અજવાળું ખરું

તા. ૨/૧ની સવારે લગભગ સાડા સાત વાગ્યાનો સમય થયો હશે. તે વખતે મંદિરની અગાશી આગળ બળતી ટ્યૂબલાઈટ દર્શન માટે મંદિર તરફ જઈ રહેલા સ્વામીશ્રીની નજરે ચઢી. તેથી તેઓએ તરત જ એક પાર્ષદને મોકલી એ બત્તી બંધ કરાવતાં સ્વામીશ્રીની કરકસરનું અજવાળું ચોતરફ ફેલાઈ ગયું !

ભીતર ઝળાંહળાં કરતો તેઓના સદ્‌ગુણોનો આ ઉજાસ આજે કડોદ, વઢવાણિયા અને વિહાણ ગામોમાં પણ પથરાયો.

'અક્ષર'નું આ અજવાળું માણવા યુવા વર્ષ અને દ્વિશતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે ઠેર ઠેરથી સત્સંગી યુવાનો પદયાત્રા, સાઈકલયાત્રા વગેરે દ્વારા સ્વામીશ્રી પાસે ઊમટી રહેલા. તે ક્રમમાં કકવાડી ગામનો યુવાસંઘ તા. ૩/૧ની સવારે મંદિરના પ્રાંગણમાં આવી ઊભો રહી ગયો.

તેને સ્વામીશ્રી અલ્પાહાર બાદ મંદિરેથી ઉતારા ભણી જઈ રહેલા ત્યારે મળ્યા. તે વખતે આ સંઘમાંનો એક યુવાન હજી તો કંઈ કહેવા જાય તે પહેલાં સ્વામીશ્રી તેની કાંડા ઘડિયાળનો સમય જોઈ બોલ્યા : 'અત્યારે પોણા નવ થવા જોઈએ. તારી ઘડિયાળમાં સાડા આઠ કેમ છે ?'

આ સાંભળનારા સૌ સ્વામીશ્રીના નિરીક્ષણની સૂક્ષ્મતા, આસપાસ બની રહેલી ગતિવિધિઓને નોંધવાની ઝડપ અને સમય-સંબંધી ચોકસાઈની ત્રિવેણીમાં ડૂબી જ ગયા. યુવા વર્ષ નિમિત્તે યુવાનોને ટકોરાબંધ કામ કરવાનો સંદેશ સ્વામીશ્રીના ઉપરોક્ત સવાલમાંથી આપમેળે મળી ગયો.

કપટ કરવા જઈએ તો ચપટ થઈ જવાય

કકવાડીના યુવાનોને મળી પોતાના ઉતારે ગોઠવાયેલી સભામાં પધારેલા

સ્વામીશ્રીએ અહીં 'સ્વામીની વાતો' (૨/૪૬) નિરૂપતાં અમૃતધારા વહાવી કે –

'જ્ઞાન ન હોય તો સહેજ-સહેજમાં સુકાઈ જાય. ગામડે ગયા હોય ને કાંઈક થાય તો તરત પોટલાં લઈને પાછા આવે. જ્ઞાન થયું હોય તો માન-અપમાન થાય તોય સોંસરા પડીને પાછા આવે. બ્રહ્મરૂપ થવાય એ માટે આ દેહનો ઉપયોગ બરાબર કરી લેવો. ૫૦૦ પરમહંસો મહારાજના વચન ઉપર ઘસાઈ ગયા. વિચાર ન કર્યો કે 'આ શરીરનું શું થશે?' આપણે પણ એની રીતે રીત રાખવું. સવારે ઊઠીએ ત્યારથી કથા-વાર્તા, કીર્તનમાં મચી પડવું. કથા-વાર્તા ન રાખે તો જીવ શુષ્ક થઈ જાય. કથા, કીર્તન, વાતું વગેરે બધું આવડતું હોય, બધામાં તૈયાર થયો હોય તો ગમે તેવા મોરચે મૂકીએ ત્યાં એને વાંધો ન આવે, મન આઘું-પાછું ન થાય, ગ્લાનિ ન પમાય ને હંમેશાં બળ રહે.

ભગવાન અને સંત આગળ કપટ કરવા જઈએ તો ચપટ થઈ જવાય. ભગવાન ને સંત તો બધું જાણે જ છે. આપણને તેઓ નભાવે છે. તેઓ તો ઉદાર છે પરંતુ આપણે જ ખોવાનું આવે છે.'

આમ, સ્વામીશ્રીએ જ્ઞાનની કવાયત એવી કરાવી દીધી કે વિવિધ મોરચે કોઈ સંત-સત્સંગી પાછા જ ન પડે.

દાસનો દીન છું, ભક્ત-આધીન છું

સાંકરીમાં આઠ દિવસના રોકાણ દરમ્યાન ગોજી, બાબલા, વાંકાનેર, શીકેર, સ્યાદલા, કડોદરા, ઊંભેણ, બારડોલી સુગર મિલ વગેરેને લાભ આપતાં સ્વામીશ્રી તા. ૬/૧ની સાંજે ડભાણ પધાર્યા.

અહીં તેઓ અંબાલાલભાઈના ઘેર ઠાકોરજી જમાડવા પહોંચ્યા તે જ વખતે બોચાસણના સંતો, પાર્ષદો, સાધકોનો સંઘ પણ પદયાત્રા કરતો આવી પહોંચ્યો. તેઓની આ ભક્તિ જોઈ સ્વામીશ્રી રાજી થઈ ગયા અને બાજુમાં ઊભેલા નારાયણમુનિદાસ સ્વામીને એકદમ નીચા નમી પગે લાગતાં બોલ્યા: 'અહોહો! પદયાત્રા કરીને આવ્યા. લાવો, તમારા ચરણસ્પર્શ કરીએ.'

ગુરુ હોવા છતાં સ્વામીશ્રીની જીવનશૈલી તો '*દાસનો દીન છું...*'ની જ રહેલી.

હેતની હૂંફ

ડભાણમાં તા. ૭/૧ના રોજ જ્યારે મંદિરનો પ્રથમ પાટોત્સવ અને પાથેય

પર્વ ઊજવાયું ત્યારે નગરની ૪૦થી વધુ સંસ્થાઓએ સ્વામીશ્રીને સન્માન્યા.

આ સત્કાર સ્વીકારી નડિયાદ પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૮/૧ની સવારે મંદિરમાં દર્શન કરી ગર્ભગૃહમાંથી જ બહાર ઘુમ્મટ નીચે આવ્યા. અત્રે તેઓનો ઇરાદો દંડવત્ કરવાનો હતો. આમ તો તબીબોએ સ્વામીશ્રીને દંડવત્ કરવાનો શ્રમ લેવાની મનાઈ ફરમાવેલી, પણ મંદિરમાં આગમન, મંદિરેથી વિદાય, ઉત્સવ-સમૈયા, પર્વ-પ્રસંગ જેવા નિમિત્તે દંડવત્ કરતા રહી સ્વામીશ્રીએ પોતાની આ ભક્તિધારા કદી સુકાવા દીધી નહોતી.

તે મુજબ આજે તેઓ દંડવત્ કરવા નીચા નમ્યા. પરંતુ ફર્શ ઘણી ઠંડી હોવાથી બાજુમાં ઊભેલા સર્વમંગલદાસ સ્વામીએ તેની પર પોતાની ગરમ શાલ પાથરી.

આ જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'શાલ પાથરી, પણ તમે ખુલ્લા થઈ ગયા. સાધુને આમ કેમ રખાય ! લ્યો, અમારું ગાતરિયું ઓઢો.' આમ કહેતાં તેઓ પોતાના ગાતરિયાનો અડધો ભાગ ખોલી તે સંતને ઓઢાડવા ગયા.

સ્વામીશ્રીના હેતની આ હૂંફ અનુભવી સૌ ઉષ્માસભર બની ગયા.

તેઓના આવા પારદર્શક પ્રેમનો અનુભવ આજે શહેરમાં ચાલતા 'એસ. જી. બધિર વિદ્યાવિહાર'ના બાળકોને પણ થયો. સવારે દસ વાગ્યે સ્વામીશ્રી અહીં પધાર્યા ત્યારે આ બહેરા બાળકોના અંતરના તારે વાચા ફૂટી ગઈ. તેથી તેઓનાં મુખ ખીલી ઊઠ્યાં. એ જ મલકાતા ચહેરા જાણે સ્વામીશ્રીના સ્વાગતમાં પુષ્પો બની પથરાઈ રહ્યાં. સ્વામીશ્રીએ તે સૌને માથે હાથ મૂકી આશીર્વાદનો લાભ આપ્યો ત્યારે અનુભવાયેલા હેતની હૂંફથી સૌ બધિર બાળકોમાં 'मूकं करोति वाचालम् ...'નો વિશ્વાસ પ્રગટી ગયો.

અહીંથી હવે સ્વામીશ્રીને એક હૉસ્પિટલમાં પધરામણી કરવા જવાનું હતું. ત્યાં સુધી તેઓને લઈ જવા માટે મર્સીડીઝ અને નાનકડી મારુતિ - એમ બે ગાડી તૈયાર ઊભેલી. પરંતુ પોતાની હૉસ્પિટલમાં પધરામણી કરાવવાની ઇચ્છા રાખનારા પેલા ડૉક્ટરની બીજી મનોકામના આ પણ હતી કે 'સ્વામીશ્રી મારી મારુતિ ગાડીમાં બેસીને જ મારે ત્યાં આવે.'

તેઓનો આ મનોરથ પૂરો કરવા પોતાની સુવિધાને કચરતાં સ્વામીશ્રી એ ડૉક્ટરની સાંકડી ગાડીમાં પ્રેમથી બિરાજ્યા. તે જોનારા સૌને સમજાયું કે સ્વામીશ્રી સુવિધાસજ્જ વાહનોનાં પૈડાં પર નહીં, પણ માનવીની ભાવનાઓના ચક્ર પર ઘૂમે છે.

પ્રભુને ભજે તે રૂડી પેર

તા. ૮/૧ની સાંજે 'લાયન્સ ઑપન એર થિયેટર'માં નડિયાદની નગરપાલિકાએ સ્વામીશ્રીનો સન્માન સમારોહ યોજેલો. તેમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓને બેસવા માટે તો ઢોલિયો બિછાવેલો, પણ ઠાકોરજી માટે કોઈ અલાયદું આસન નહોતું. તેથી એક સંત સ્વામીશ્રીના ઢોલિયા પર જ સ્વામીશ્રીની આગળ ઠાકોરજી પધરાવવા ગયા. તે વખતે સ્વામીશ્રીએ પોતાનાં ઢીંચણિયાં માટે રખાયેલો એક સમથળ તકિયો તરત જ ઠાકોરજી માટે ગોઠવી દીધો.

આ ભક્તિભાવ સાથે તેઓએ આજના સન્માન સમારંભમાં સંસદસભ્ય, ધારાસભ્ય, જિલ્લા-તાલુકા પંચાયત સભ્યો, પાલિકાના વહીવટદારો સહિત શહેરની ૧૮ જેટલી અગ્રગણ્ય સંસ્થાઓનું બહુમાન ઝીલ્યું. તેના બીજા જ દિવસે પાંત્રીસ પધરામણીઓ કરતાં સ્વામીશ્રી તા. ૧૦/૧ની બપોરે પુરુષોત્તમપુરા પહોંચ્યા.

અહીં રહેતા ડાહ્યાભાઈ, રમણભાઈ, તુલસીભાઈ, લલ્લુભ.ઈ, કાંતિભાઈ, ભાઈલાલભાઈ વગેરે ભક્તો દર વર્ષે સ્વામીશ્રી તથા સંતોને પોતાના આંગણે પધરાવતા. સ્વામીશ્રી પણ અત્રે બે-ત્રણ દિવસ રોકાઈને આ સ્થાનમાં માણેલાં ગુરુચરિત્રો ઊલટથી સંભળાવે. તેની સાથે આ ભૂમિનો મહિમા પણ રેલાવે.

તે ક્રમમાં આ વખતે તેઓએ કહ્યું: 'આ અક્ષરધામનું હિલ-સ્ટેશન છે. અહીં તો ધૂળેય અક્ષરધામની છે.'

ગુરુ-પદરજથી અંકિત જગ્યાનો સ્વામીશ્રીને મન અનેરો મહિમા.

દુનિયાને જે સંતો જોઈએ છે તે અહીં છે

પુરુષોત્તમપુરાથી વિદાય લઈ સ્વામીશ્રી ઈશ્વરપુરા, વાસણા(બુઝુર્ગ), શાંતિપુરા લાટ, વાવડી, ડામરીને પાવન કરતાં ડુંગરીટીંબા લાટમાં પધાર્યા.

આ પણ શાસ્ત્રીજી મહારાજનું ગોકુળિયું ગામ. તેમાં આવતાં સ્વામીશ્રીએ ન કેવળ શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરી, પરંતુ તેઓ ગુરુના પગલે ચાલી નીકળ્યા – ઝોળી માંગવા!

હા, અહીં તા. ૧૪/૧ની સવારે તેઓએ સ્વયં ઇચ્છા પ્રગટ કરી કે 'મારે ઝોળી માંગવા નીકળવું છે.'

...અને આ લાટને લાભની લોટરી લાગી ગઈ! ગામના ઘેર ઘેર જઈ સ્વામીશ્રીએ આહ્‌લેક લગાવી. તેથી આખું ગામ સ્વયં એક પતંગ બની આનંદના આકાશમાં લહેરાવા લાગ્યું. એ જ રીતે એક ભક્ત માટે સ્વામીશ્રી ઈશ્વરપુરામાં પણ ઝોળી માંગવા પહોંચ્યા!

સૌને આ અકલ્પ્ય અને અલભ્ય લાભ આપી તેઓએ શેત્રા થઈ વડાળાને પાવન કર્યું.

અહીં ગામની પ્રાથમિક શાળાના પ્રાંગણમાં યોજાયેલી સભા સેંકડો ભક્તોથી ભરચક હતી. તેમાં કંઈક રાજકીય, સામાજિક આગેવાનો પણ ઉપસ્થિત હતા. તે પૈકીના એક શ્રી ગોરધનભાઈ પટેલે ભાવોર્મિ વહાવતાં જણાવ્યું કે –

'અધ્યાત્મવાદ તરફ મારું જીવન ઢળેલું નથી. કેટલીય આધ્યાત્મિક ચીજો ગળે ઊતરતી નથી. છતાંય પ્રમુખસ્વામી તરફ મને અતિશય આકર્ષણ રહે છે. આજે દુનિયાને જે સંતો જોઈએ છે તે અહીં છે. ૧,૦૦૦ રાજકીય માણસો જે ન કરી શકે તે એક સંત કરી શકે છે તે નિર્વિવાદ સત્ય છે. આ દૃષ્ટિએ પ્રમુખસ્વામી પ્રત્યે મને અહોભાવ રહેલો છે. હું પ્રમુખસ્વામીનો શિષ્ય છું.'

સ્વામીશ્રીની મહત્તા રણમાં ગુલાબ ખીલવી દેવામાં હતી. અધ્યાત્મનું અપાકર્ષણ ધરાવનારને પણ તેઓ પ્રત્યે આકર્ષણ થાય એ સ્વામીશ્રીનું વ્યક્તિત્વ કેવું!

સાંધો સહજાનંદ સાથે

વડાળામાં સભા બાદ ૪૫ પધરામણીઓ કરીને સ્વામીશ્રી ઢડાલ તથા ગોવિંદપુરાને લાભ આપતાં પીપલગ પહોંચ્યા ત્યારે આજે તેઓ એક દિવસમાં સાત ગામો ફરી વળેલા. હાર્ટ અટેક આવ્યા પછી તેઓનું વિચરણ અટકશે – એ ધારણા દિવસે ને દિવસે ખોટી પુરવાર થતી હતી.

તેઓને આમ અવિરત વિચરતા જોઈ તા. ૧૫/૧ની સવારે જનમંગલદાસ સ્વામીએ પૂછ્યું: 'બાપા! તમને ગામડે ફરવાનું ગમે છે? મંદિરોમાં રહેવાની રુચિ નથી થતી?'

'એમાં વળી રુચિ શું રહેવાની? આપણે ગામડે ફરીએ કે મંદિરોમાં રહીએ, જ્યાં જઈએ ત્યાં ભજન-ભક્તિ, કથા-વાર્તા સિવાય બીજું કરવાનું શું

છે? જેને આ સિવાય બીજો ધ્યેય હોય એને એમ રહે કે અહીંયાં ફાવશે ને અહીંયાં નહીં ફાવે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓને સાંધો સહજાનંદ સાથે હતો, સગવડ સાથે નહીં. તેથી જ સ્વામીશ્રીને બધે ફાવતું, બધા સાથે ફાવતું.

પ્રેરક અને પ્રભાવક જીવન

પીપલગથી સુરત પહોંચેલા સ્વામીશ્રીનાં દર્શને તા. ૧૬/૧ના રોજ કલેક્ટર શ્રી રાય ચૌધરી આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓને બેસવા માટે ખુરશી મંગાવી. પરંતુ ભોંય પર જ પલાંઠી વાળતાં આ કલેક્ટર બોલ્યા: 'આપનાં દર્શન વગર પણ હું આપનો ભગત છું. આપના જીવને મારા પર ઘણો પ્રભાવ પાડ્યો છે.'

કાંઠાથી દૂર આવેલા ખેતરને પણ નદી લીલું રાખે છે. ઓરડામાં આવ્યા વિના પણ દૂર ક્યારામાં ખીલેલા જૂઈ, મોગરા ઘરને સુગંધથા ભરી દે છે. તેમ સ્વામીશ્રી સીધા સંપર્ક વિના પણ કંઈક જીવનમાં હરિયાળી પાથરતા રહેતા, પછી ભલે ને તે કારીગર હોય કે કલેક્ટર.

તે લાભ ઉઠાવવા તેઓના સુરતના નિવાસ દરમ્યાન 'કૃષિમંગલ'માં કથા-સપ્તાહનું આયોજન થયેલું. અહીં રોજ સવાર-સાંજ યોજાતાં પારાયણમાં સ્વામીશ્રીના મુખે કથામૃતનું પાન કરવા હજારો ભાવિકો ઊમટતા.

તેની સાથે સ્વામીશ્રી આ રોકાણ દરમ્યાન મોતીબાગ, જદાખાડી વિસ્તારમાં આવેલી 'સુરત દશા લાડ વણિક સમાજ'ની વાડી, બાલાજી માર્ગ પર આવેલો સનાતન હૉલ, સાંઈ મંદિર, હંસ સોસાયટી, કુબેરનગર સોસાયટી વગેરે સ્થળોએ ધર્મલાભ આપવા પધાર્યા. અડાજણ પાસે નિર્માણાધીન નૂતન પુલની નજીક સંસ્થા-સંપાદિત જમીન પર પણ તેઓએ તા. ૧૭/૧ના રોજ સંસ્કારધામનું ભૂમિપૂજન કર્યું.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'સુરતની વાત જ જુદી. સુરતીલાલા મોટા દિલના માણસ. એ જમી જાણે, જમાડી જાણે. આનંદ કરે ને કરાવી જાણે. આ ભૂમિ પણ સંસ્કારવાળી. ભવિષ્યમાં એનો વિકાસ થવાનો છે.'

આમ, સુરતમાં એક પછી એક સંપન્ન થઈ રહેલાં અલૌકિક કાર્યોના ક્રમમાં ઓટ આવે તેવી બીના બની – તા. ૧૮/૧ની સવારે.

તન કરી રાખ્યું છે તૃણ તોલે

તા. ૧૮/૧ના રોજ પ્રાતઃપૂજા પૂર્ણ કરી સ્વામીશ્રી પારાયણના વિધિમાં બેસવા જતા હતા ત્યાં જ તેઓના જમણા પગના થાપામાં રગ ચડી જતાં સખત દુખાવો ઊપડ્યો. છતાં આ દર્દ કોઈને કળાવા દીધા સિવાય તેઓએ અલ્પાહાર, મુલાકાત અને પારાયણના કાર્યક્રમો સંપન્ન કર્યા. પરંતુ દુખાવો વધતાં છેવટે પરિસ્થિતિ એવી વણસી કે પલંગમાંથી પગ ઉતારવો હોય તોય મહાપરાણે ઊતરે. તેથી રાંદેરથી હાડવૈદ્ય બોલાવાયા. તેઓએ કસીને પાટાપિંડી કર્યા. જો કે ચાલવામાં તો સ્વામીશ્રીને તકલીફ રહી જ. તેથી ચોરડીના નાડી-પરીક્ષક શ્રી સવજીભાઈને બોલાવવામાં આવ્યા. પૂર્વે બે-એક વાર તેઓએ સ્વામીશ્રીને વળગેલા આવા દુખાવા મટાડેલા. આ વખતે પણ તેઓ આવીને ઉપચાર કરવા લાગ્યા.

આવી પરિસ્થિતિમાં સ્વામીશ્રી તા. ૧૯/૧ના રોજ સચીન ખાતે નિર્માણાધીન ઉદ્યોગનગરમાં પુષ્પો વેરવા પધાર્યા. અહીંથી વાંઝ ગામમાં જઈને તેઓએ પધરામણીઓ કરી. ત્યાંથી પાછા આવીને સુરતમાં પણ તેઓએ છ પધરામણીઓ કરી. સાંજે વિવિધ-ક્ષેત્રીય મહાનુભાવોના સ્નેહ-સંમેલનનેય પોતાની હાજરીથી શોભાવ્યું.

તા. ૨૧/૧ના રોજ તો સ્વામીશ્રીએ રાંદેર, અંભેટા, અરિયાણા, કુદિયાણા, વરાછા ગામોના કાર્યક્રમો પૂર્ણ કર્યા. અરિયાણામાં યુવક મંડળ પણ સ્થાપી દીધું. સૌને દહેશત હતી કે 'પગના સખત દુખાવામાં સ્વામીશ્રી કેવી રીતે પધારશે ?' પરંતુ હવે સૌ ચકિત અને ગદ્ગદિત હતા કે 'પગના દુખાવામાં પણ સ્વામીશ્રી કેવી રીતે આવી ગયા ?!'

આ આશ્ચર્યનો ઉકેલ આણતા હોય તેમ સ્વામીશ્રી અરિયાણાની સભામાં બોલ્યા : 'આપ બધાનો પ્રેમ જોઈને અમારે અહીં આવવાનું થયું.'

હા, ભક્તો માટે તો તેઓએ પોતાના તનને તરણાંની તોલે તોળી રાખેલું !

ભક્ત વહાલા સદા, દાસનાં દુઃખ હરો

દુખતા પગે પણ એક દિવસમાં પાંચ ગામ ઘૂમીને સુરત પરત ફરેલા સ્વામીશ્રીએ અત્રે 'નારાયણ નિવાસ'માં રાખેલા પોતાના ઉતારાની ડાબી બાજુએ ભ્રમણ તો શરૂ કર્યું, પણ રાત્રિના એ પ્રહરમાં ઠંડી હવા વધુ વેગથી

ફૂંકાતી હોવાથી સેવકોએ સ્વામીશ્રીને કહ્યું: 'પવન છે તો આપ અંદર ચાલો.'

છતાં સ્વામીશ્રીએ તો 'બરાબર છે' કહી ભ્રમણ ચાલુ જ રાખતાં તેઓને ઓઢવા માટે ગરમ શાલ આપી. તેય સ્વામીશ્રીએ ન સ્વીકારી.

પરંતુ આશ્ચર્ય ! બે-ત્રણ મિનિટમાં જ સ્વામીશ્રી બોલ્યા: 'ચાલો, અંદર ચાલીએ.' તેઓનો આ પ્રસ્તાવ સાંભળી સૌને આશ્ચર્ય થયું કે 'સ્વામીશ્રીએ આમ અચાનક નિર્ણય શાથી ફેરવ્યો ?' ત્યાં તો ખુલાસો આપતા હોય તેમ સ્વામીશ્રી જ સ્વગત બોલ્યા: 'આ બધા સંતો-પાર્ષદો ઠંડીથી ધ્રૂજે છે ને ટાઢે ઠરે છે.'

સૌને હવે ઘેડ બેઠી કે 'સ્વામીશ્રી નિર્ણય લે છે તે પોતાની નહીં, પણ સંતો-ભક્તોની સુખાકારી જોઈને. તેઓ લીધેલા નિર્ણયમાં બાંધછોડ કરે છે તેય પોતાની નહીં, પણ સંતો-ભક્તોની સગવડને નજરમાં રાખીને.'

પળે-પળે પોતાની આવી ખેવના રાખતા સ્વામીશ્રીને જોઈને જ દર્શનાર્થી સંતો-ભક્તોની ટાઢ ઊડી ગઈ.

જેને પૂરણ બ્રહ્મ શું પ્રીત

તા. ૨૨/૧નો દિવસ પારાયણની પૂર્ણાહુતિનો હોવાથી વિશાળ સંખ્યામાં ઊમટેલી જનમેદનીને ભજન-ભોજનનો લાભ આપી સ્વામીશ્રીએ શહેરની નામાંકિત બી. એમ. કેન્સર હૉસ્પિટલમાં પગલાં પાડ્યાં.

આ જ રીતે તા. ૨૩/૧ના રોજ તેઓ ભારતની સૌપ્રથમ ઍરકન્ડિશન્ડ ટેક્ષટાઈલ માર્કેટનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા.

'માત્ર એક જ વર્ષમાં આ વિરાટ નિર્માણ પૂર્ણ થયું તે સ્વામીશ્રીના આશીર્વાદનો જ પ્રતાપ છે' – એ આસ્થા સાથે જે. જે. ઍરકન્ડિશન્ડ માર્કેટના માલિકો શ્રી જગદીશભાઈ અને જીવણભાઈએ સ્વામીશ્રીને વધાવ્યા. જે હાથે આ સંકુલનો ખાતવિધિ થયેલો, એ જ હાથે ઇમારતનાં દ્વાર ખૂલતાં તેઓના આનંદનો અવધિ ન રહ્યો.

તેઓએ અહીં માર્કેટમાં પણ સ્વામીશ્રી માટે સુંદર ગાલીચો બિછાવીને બેઠક તૈયાર રાખેલી. પરંતુ સ્વામીશ્રીએ જોયું કે 'હરિકૃષ્ણ મહારાજ માટે માત્ર નકશીદાર ખુરશી છે. તેની ઉપર ગાદી વગેરે કાંઈ નથી.'

તેથી તેઓએ તરત જ તોડ કાઢતાં કહ્યું: 'હું ખુરશી પર બેસું છું. ઠાકોરજીને ગાલીચાવાળા સોફા પર પધરાવો.'

પ્રતિષ્ઠિત મહાનુભાવોથી ખીચોખીચ સભામાં સ્વામીશ્રીને પોતાના

મોભાની નહીં, પરંતુ ઠાકોરજીની મર્યાદા સંબંધી ચિંતા હતી.

છેવટે વ્યવસ્થાપકોએ ઠાકોરજી માટે પણ મખમલી ચાદર મંગાવવાની બાંયધરી આપી ત્યારે સ્વામીશ્રી સોફા પર બિરાજ્યા. જો કે તે પહેલાં તો તેઓ પોતાની આ ભક્તિથી સામે બેઠેલા મુરબ્બીઓનાં હૃદય-સિંહાસન પર ક્યારનાય આરૂઢ થઈ ગયેલા.

'દૂધધારા'માં સ્નેહધારા

ટેક્ષટાઈલ માર્કેટના ઉદ્‌ઘાટન બાદ ઉતારે આવી મીટિંગમાં પરોવાયેલા સ્વામીશ્રીના બપોરના આરામને આ બેઠક જ ચાવી ગઈ. તેથી પરવારી સાંજે સાડા ચાર વાગ્યે વિદાય થયેલા સ્વામીશ્રી સુરતથી અંકલેશ્વર પહોંચ્યા.

અહીં તેઓએ જી.આઈ.ડી.સી.માં આવેલા એક શોપિંગ સેન્ટરના આંગણે બંધાયેલા શમિયાણામાં સૌને સત્સંગ-લાભ આપ્યો. ત્યારબાદ કોસમોસ ટેક્ષટાઈલ મિલ્સના સંકુલમાં ઠાકોરજી જમાડી તેઓ ભરૂચ પધાર્યા.

અહીંથી બીજે દિવસે પુનઃ અંકલેશ્વર જઈ સ્વામીશ્રીએ કેટલીક ફેક્ટરીઓનાં ઉદ્‌ઘાટન કર્યાં, તેની સાથે 'સરદાર પટેલ રોટરી જનરલ હૉસ્પિટલ'માં પણ પધરામણી કરી પાછા ભરૂચ આવ્યા.

અત્રે 'દૂધધારા' ડેરીના કાર્યવાહકોને શ્રદ્ધા હતી કે 'સ્વામીશ્રીની કૃપાથી જ ઉત્પાદન વધ્યું છે.' તેથી તેઓએ તા. ૨૪/૧ની સાંજે સ્વામીશ્રીને નવીન યંત્રસામગ્રીઓ ગોઠવેલા મકાનમાં પધરાવ્યા. સ્વામીશ્રીએ પણ સમગ્ર સંકુલને પુષ્પો વેરી પ્રસાદીભૂત કર્યું. તે દરમ્યાન તેઓની આસપાસ ઘૂમતા મૅનેજરો સઘળી કાર્યવાહી સમજાવતા ગયા.

આ રીતે બધે ફરી સ્વામીશ્રી સંકુલની બહાર નીકળ્યા ત્યારે ત્યાં ડેરીનો મજૂર વર્ગ ઊભો હતો. સ્વામીશ્રીએ તેઓને પણ પાસે બોલાવી આશીર્વાદ આપ્યા અને અંદર ઠાકોરજીને ધરાવેલો પ્રસાદ આ નોકરોને વહેંચવાની સૂચના આપી. મજૂરથી મૅનેજર સુધીના સૌની એકસમાન માવજત લેનારી સ્વામીશ્રીની આ સ્નેહધારા સૌને દૂધધારા કરતાંયે વધુ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક લાગી.

એ પ્રશ્નનો એક જ ઉત્તર

દૂધધારા ડેરીનો કાર્યક્રમ પૂર્ણ કરી મંદિરે પધારેલા સ્વામીશ્રી અહીં નવા હૉલમાં યોજાયેલી જે સભામાં આવ્યા તે જાહેર-સભા હોવાથી તેમાં ભરૂચના

ભાવિકોની સંખ્યા વિશેષ માત્રામાં હતી. તેમાં આ પંથકના એક જાણીતા રામાયણી કથાકાર શ્રી કનુભાઈ પણ બેઠેલા.

તેઓ અહીં સ્વામીશ્રીને મળ્યા ત્યારનો અનુભવ સભામાં વર્ણવતાં બોલ્યા કે 'હું જ્યારે તાજપુર હતો ને ચડ્ડી પહેરતો ત્યારે પ્રમુખસ્વામી સારંગપુરમાં હતા. આજે ૩૦-૩૦ વર્ષ વહી ગયાં છતાં મને જોઈને તેઓ તરત ઓળખી ગયા! આ મારે મન તો ચમત્કાર જ કહી શકાય.'

આમ, પગલે-પગલે પ્રેમના પરચા પૂરતા સ્વામીશ્રી ભરૂચથી માણેજા થઈને અટલાદરા પધાર્યા.

અત્રે તા. ૨૬/૧ના રોજ ધામધૂમથી ઊજવાયેલા યજ્ઞપુરુષ જયંતીના સમૈયામાં વડોદરાના કલેક્ટર શ્રી પ્રીતમલાલ વ્યાસે જણાવ્યું કે 'વિવેકાનંદ પછી વિદેશમાં ભારતીય સંસ્કારોનો આટલો બધો પ્રસાર કોણ કરતું હશે? એ પ્રશ્નનો એક જ ઉત્તર હોઈ શકે. પૂજ્ય પ્રમુખસ્વામીનું એક જ નામ લઈ શકાય.'

સ્વામીશ્રીની આ બિરદાવલી સાંભળી હરખાયેલી આજની વસંત પંચમીની સાંજે દ્વિશતાબ્દી નિમિત્તે મંદિરની ભોજનશાળામાં 'સમયદાન'ની સભા યોજાઈ. તેના પ્રારંભમાં એક બાળકે કરેલું છટાદાર પ્રવચન સાંભળી રાજી થઈ ગયેલા સ્વામીશ્રી સ્વયં ઊભા થઈ પ્રવચન-પીઠિકા આગળ આવ્યા અને આશીર્વાદ વરસાવવા લાગ્યા કે 'આ બાળકે બહુ મોટી હિંમત આપી દીધી છે. આટલા બાળકમાં પણ હિંમત છે એ જોઈને આનંદ છે. આપણા સત્સંગના સંસ્કાર કેટલા ઊંચા છે તે આ છોકરાની વાત પરથી ખબર પડે છે! હિંમત ઓછી કરનારા ઘણા મળશે, પણ ચાર મહિના દ્વિશતાબ્દીમાં સેવા કરશો તો ઠેઠ અક્ષરધામનું ભાથું બંધાઈ જશે.'

આ બળભરી વાતો કરી સ્વામીશ્રીએ તા. ૨૭/૧ના રોજ 'અપંગ બાળગૃહ'ની મુલાકાત લીધી. અહીં પણ સૌ બાળકોને હૂંફ-હિંમત આપી તેઓએ સાંજે નજરબાગથી જ્યુબિલી બાગ સુધી યુવક મંડળે યોજેલી યુવા-રેલીમાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

આમ, બાળ-યુવા પેઢીના નાના-મોટા તમામ કાર્યક્રમોમાં સ્વામીશ્રી ભરચક પ્રવૃત્તિમાંથી પણ સમય કાઢીને ઉપસ્થિત રહેતા.

વૃક્ષમાંથી વંશવૃક્ષનો વિસ્તાર

તા. ૨૯/૧ની રાત્રે સ્વામીશ્રીનું ભોજન 'બૉમ્બે શોપિંગ સેન્ટર'ના

૧૩મા માળે રહેતા મનુભાઈ પટેલના ઘેર ગોઠવાયેલું. પરંતુ સરિતાને કદી આદિથી અંત સુધી સડસડાટ વહી જવું ન ફાવે. તે વચમાં આમતેમ ઘૂમતી કેટલાયનાં કામ કરતી જાય. તેમ સ્વામીશ્રી પણ આ ભોજન પૂર્વે કેટલાયને ભજનનો રસ ચખાડવા પધરામણીઓમાં નીકળી પડ્યા.

આ ક્રમમાં તેઓને કમલેશભાઈ પટવાના ઘેર જવાનું હતું, પરંતુ તેઓ તો આ ઘરને એક કોરે મૂકી બાજુના એસ્ટેટમાં રહેતા જશભાઈના ઘેર પહોંચ્યા.

સ્વામીશ્રીને આમ અચાનક પધારેલા જોઈ આ ભક્ત તો ઘેલા ઘેલા થઈ ગયા. તેઓને થયું: 'બાપા મારી મૂંઝવણ ટાળવા જ સામે ચાલીને આવ્યા કે શું ?!'

આ સત્સંગીને નવું મકાન બનાવવું હતું, પરંતુ તેના બાંધકામમાં આડા આવતા બે ઘેઘૂર લીંબડાનું 'શું કરવું ?'ની વિમાસણમાં તેઓ પડેલા. તે જ વખતે સ્વામીશ્રી આવી પહોંચતાં તેઓએ આ વિગત સ્વામીશ્રીને જણાવી. તે સાંભળી સ્વામીશ્રીએ પેલાં બંને વૃક્ષોને વર્તમાન ધરાવતાં હોય તેમ તેની પર પાણી છાંટ્યું. તે જોઈ કોઈ બોલ્યું: 'સ્વામી! આ એક લીંબડાને કમલેશભાઈના ઘેર મોકલો અને બીજાને ઉન્મેષભાઈને ઘેર મોકલો. તે બંનેને ઘેર સંતાન નથી.'

આ વિનંતી પ્રમાણે સંકલ્પ કરી સ્વામીશ્રીએ પેલાં વૃક્ષો પર પુનઃ જળ પધરાવ્યું. તેના પ્રતાપે એ બંને વૃક્ષોના જીવ કાળક્રમે પેલા બે મુમુક્ષુઓના ઘેર પુત્રરૂપે જન્મ્યા. એકના ઘેર લગ્નનાં પંદર વર્ષ બાદ અને બીજાના ઘેર આઠ વર્ષ બાદ પારણાં બંધાયાં. તેથી વ્યાપેલો પુત્રજન્મનો ઉમંગ જોઈ સ્વયં ડૉક્ટરો દિગ્મૂઢ બની ગયા, કારણ કે તેઓ જ આ દંપતીના ઘેર સંતાનના જન્મની શક્યતા નકારતા રહેલા. પરંતુ વિધાતાના લેખને પણ ફેરવે તેવા સ્વામીશ્રીને જોઈ તે શિક્ષિત આલમ આજે અચંબિત બની ગઈ.

અલબત્ત, *'છો આપ નિત્ય સુખસંપત્તિ આપનાર, કર્મે લખ્યાં અસુખને પણ કાપનાર...'* જેવા સ્વામીશ્રીનાં સામર્થ્યને અનુભવનારાં દંપતીઓની સંખ્યા હજારોમાં થવા જાય. તારા-ગ્રહો જોઈને જ્યોતિષીઓએ ભાખેલાં ભવિષ્યકથનો કે શારીરિક સંરચના તપાસી તબીબોએ કાઢેલાં તારણોની ઉપરવટ થઈને વહેતી સ્વામીશ્રીની કૃપા, વર્ષોથી ખાલી રહેલા કંઈક ખોળાને સંતાન-રત્નથી ભરતી રહેલી.

તેઓની આવી દયાથી આજે શહેરી વિકાસ પ્રાધિકરણ(વુડા)ના એક

કાર્યવાહક શ્રી મણિભાઈનું અંતર જરા જુદી રીતે ઊભરાઈ આવ્યું. આજની પધરામણીઓના ક્રમમાં જ્યારે સ્વામીશ્રી આ ભાવિક ભૂદેવના ઉંબરે જઈ ઊભા ત્યારે એ અધિકારી બોલી ઊઠ્યા: 'બાપા! આજથી પાંચ વર્ષ પહેલાં આપે મને મારા ઘેર આવવાનું કહ્યું હતું. એ વચન આજે આપે પૂરું કર્યું!'

વિના નોંધે આવું તો કેટકેટલું યાદ રાખી વિચરતા હતા સ્વામીશ્રી!

ગણું સનમાનને અપમાન

તા. ૩૧/૧ની સવારે છાણીના નગરજનો વતી યોજાયેલા સન્માન સમારંભમાં સૌનો આદર ઝીલી સ્વામીશ્રી આણંદને પાવન કરતાં તા. ૧/૨ના રોજ મીરસાપુરા પહોંચ્યા.

અહીંનો ભક્ત-સમાજ આર્થિક રીતે દીન-દુર્બળ, પણ નિષ્ઠામાં શૂરો-પૂરો. તેથી તેઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમે લોકો સંસ્થાના પાયાના માણસો છો. જ્યારે કોઈ ન'તું ઓળખતું તે વખતે તમે શાસ્ત્રીજી મહારાજને પધરાવ્યા અને તન, મન, ધનથી સેવા કરી. તમારો મહિમા ખૂબ છે.'

સ્વામીશ્રીનાં આ વચનોએ ગામવાસીઓને ગદ્‌ગદ અને ગૌરવાન્વિત કરી મૂક્યા. સભા બાદ પણ જૂના હરિભક્તો સાથે બેઠેલા સ્વામીશ્રીએ પુરાણાં સંસ્મરણો વાગોળ્યાં.

લાભની આ લહાણ બાદ તેઓ આજની સાંજે લાલજીપુરા થઈને વાસણા(કોતરિયા) આવી પહોંચ્યા ત્યારે અહીં તો તેઓને વધાવવા ૭,૦૦૦ની જનમેદની ઉપર-તળે થઈ રહેલી. તેની સાથે 'મોતીરામ' ગજરાજ પણ થનગની રહેલો. તેની પર સ્વામીશ્રી બિરાજમાન થતાં જ પાદરે આવેલા ભાથીજીના દેરાથી નગરયાત્રા શરૂ થઈ. તેના ભાગરૂપ ભજન-મંડળીઓએ રમઝટ બોલાવવી શરૂ કરી. બૅન્ડવાજાંએ ગામ ગજવી મેલ્યું. શેરીએ-શેરીએ માંગલિક દ્રવ્યોનો વરસાદ વરસી રહ્યો.

આ દબદબાભરી શોભાયાત્રાનું સમાપન જે અંબાલાલભાઈ પંડ્યાના ખેતરે થયું, તેઓએ અહીં સભા યોજવા માટે ખેતરમાં લહેરાતો લીલો મોલ વાઢી રાજીપાની લણણી કરી લીધેલી!

અલબત્ત, આવો ભક્તસમૂહ ગામોગામ જોવા મળતો.

સ્વામીશ્રીના કાર્યને દીપાવવા કો'ક ચણાયેલાં મકાનો પાડી તે જમીન ભેટ ધરી દેતા, તો કોઈ મબલખ પાક કાપી ખેતરો સોંપી દેતા. કો'ક દાગીના

તો કો'ક દીકરાના દાન દઈ દેતા. કો'ક વાહનો તો કો'ક વારસાઈને અર્પણ કરી દેતા.

તેની સાક્ષીરૂપ આજની સભા બાદ સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે ભોજન માટે હરિભક્તોની પંગત પડી ગયેલી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'આપણે પછી જમીશું.' એમ કહી તેઓ સંતો સાથે બેઠા.

તે વખતે કો'ક બોલ્યું: 'આજે નગરયાત્રા સારી નીકળી!'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહેવા લાગ્યા:

"હાથી કરતાં આ આમ બેઠેલાં દર્શન થાય તે સારાં. મૂળ તો આપણી સાધુતા રહેવી જોઈએ. એમાં જ મજા છે. આપણે તો જૂનાગઢના જોગીની રીત રાખવી. સાધુતા રહે તે શોભા છે. આમ તો એક ઘેર પધરામણી કરવાની હોય તોય તમે લોકો બૂમાબૂમ કરો છો કે 'સ્વામીને તકલીફ પડે છે.' ને આવું ગોઠવો એમાં તો દૈહિક અને માનસિક બેય તકલીફ! સો ઘેર પધરામણી કરીએ ને તકલીફ ન પડે એના કરતાં વધારે તકલીફ પડી.

હાથીએ કરીને કાંઈ મોટપ વધી જતી નથી. મેં હજાર વાર 'ના' પાડી હશે કે મને આ પસંદ નથી. ખોટો ખર્ચો કરવાની શું જરૂર હતી? આપણે દેખાદેખી કરવી નહીં. નછૂટકે બેસવું પડ્યું છે. માટે આજથી બધા સમજી રાખો. ઉત્સાહ-ઉમંગ સારી વસ્તુ છે પણ એમાં સાધુતાની વાત સાચવવી જોઈએ."

સન્માન જાણે સાપની જેમ ડંખ્યું હોય તેવી વેદના સ્વામીશ્રીના શબ્દોમાંથી ઝરી રહી. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે '...બીજા જેમ નરસામાં મૂંઝાય તેમ એ સાધુ સારામાં મૂંઝાય. કેમ જે, એણે આગળથી જ રાખ જેવું કરી મૂક્યું હોય પછી શું કઠણ પડે!...'[૨૫]

આ વાત આજે સ્વામીશ્રીના જીવનમાં સૌ મૂર્તિમાન જોઈ રહ્યા.

ઠાકોરજીને લઈને આપણે છીએ

તા. ૨/૨ના રોજ સ્વામીશ્રી વાસણાથી વિદાય લઈ આસોજ અને કુણપાડને પાવન કરતાં અંજેસર પધાર્યા.

અહીં નાની નિશાળના ચોકમાં સભા બાદ સૌ ભક્તો 'ફોટો ફંક્શન' માટે તેઓની આસપાસ ગોઠવાઈ ગયા. પરંતુ આ ભક્તભીડ પાછળ ઢંકાઈ ગયેલી ઠાકોરજીની મૂર્તિ જોઈ સ્વામીશ્રી બોલ્યા:

---

૨૫. સ્વામીની વાત : ૬/૧૨૬.

'ઠાકોરજી આવે એવી રીતે ફોટો પાડો. આપણને બસ! આપણું જ તાન છે, પણ ઠાકોરજીને લઈને આપણે છીએ.' આમ કહી તેઓએ હરિકૃષ્ણ મહારાજ દેખાય એ રીતે સૌને ગોઠવ્યા.

આ ભક્તિભાવ સાથે સ્વામીશ્રી અહીં રાત્રિમુકામ કરી તા. ૩/૨ના રોજ સાવલી, મુવાલટેન્ક, વસનપુરા, રામપુરાને પાવન કરતાં આજની સાંજે સાડા સાતેક વાગ્યે નહારપુરા પહોંચ્યા.

અત્રે તા. ૪/૨ની સવારે પૂજાવિધિ બાદ તેઓ ભાવિકોના મનોરથ પૂરા કરવા નીકળ્યા. પરંતુ આ ગામ નવું, તેથી પધરામણીની રીત-રસમથી અજાણ; છતાં સ્વામીશ્રીએ એકેય ઘરને બાકાત ન રાખ્યું! દરેક ઘરમાં અંદર પધારીને ફૂલો છાંટ્યાં. જો ખૂણે-ખાંચરે રહેલું કોઈ ઘર છૂટી જાય તો 'પેલું ઘર રહી ગયું... પેલું ઝૂંપડું છૂટી ગયું...' એમ કહેતાં ત્યાં પહોંચ્યે પાર કરે. વળી, શેરી-ફળિયાંમાં ચાલતાં-ચાલતાં પોતે જ ધૂન બોલાવતા જાય. તેમાં હાંફ ચડે, પણ તેની ગણતરી ન રાખે. કોઈ ધૂન ગાતું બંધ થઈ જાય તો તરત ટકોરે: 'મૂંગા મૂંગા શું ચાલો છો? ધૂન બોલો.'

આમ, *'કૃપાસિંધુ ફર્યા ઠામ ઠામ, પ્રસાદીનું કર્યું આખું ગામ...'*ની રીતે સ્વામીશ્રી સો ઘર ઘૂમી વળ્યા! હાર્ટ અટેક આવ્યા પછી તેઓએ એકસાથે કરેલી પધરામણીઓનો આ સૌથી મોટો જુમલો બની રહ્યો. તે નોંધાવ્યા પછી સ્વામીશ્રીએ અલ્પાહારનો પ્રથમ ગ્રાસ મુખમાં મૂક્યો!

ત્યારબાદ મનુભાઈ પટેલના ઘેર સત્સંગ ભુવનની સ્થાપના કરી નીકળેલા તેઓ સાંઢાસાલ, પાંડુ, વાલાવાવ, રાજુપુરા, અટલાદરા, ઘાયજ, સરસવણી, ગોરિયાદ, આમળા થઈને રાત્રે ભોજ પહોંચ્યા ત્યારે એ એક જ દિવસમાં અગિયાર ગામો સ્વામીશ્રીની પદરજથી પાવન થઈ ગયાં!

આપણે આપણા સિદ્ધાંત પ્રમાણે રહેવું

તા. ૫/૨ની સવારે ભોજ ગામમાં સ્વામીશ્રી નિત્યપૂજા કરવા બિરાજ્યા ત્યારે પૂજા પાથરનારા સંતે સ્વામીશ્રીની ચિત્રમૂર્તિ પણ પ્રસાદીભૂત કરવા મૂકેલી. એક હરિભક્તે તે મોકલાવેલી. પરંતુ સ્વામીશ્રીએ બેસતાંવેંત તે મૂર્તિને ઊંધી કરી દીધી.

મનુષ્યમાત્રને પોતાની છબીઓ ઊંચી અને સીધી કરવાનો મોહ હોય, પણ સ્વામીશ્રીનાં તો શૈલી-સમજ જ જુદાં. જો કે તેથી અજાણ એક પાર્ષદ

પૂજામાં પુષ્પો ગોઠવવા આવ્યા. તેઓએ સ્વામીશ્રીની મૂર્તિને છતી કરી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'અલ્યા, ઊંધી કરી નાંખ.'

'પણ સ્વામી ! એ પ્રસાદીની કરવા મૂકી હશે.'

'બુક સ્ટોલમાં આવા બધા ફોટા પ્રસાદીના જ હોય છે. આપણે આપણા સિદ્ધાંત પ્રમાણે રહેવું.' સ્વામીશ્રીએ ચુકાદો આપી દીધો.

તેથી એ આખી પૂજા દરમ્યાન તેઓની મૂર્તિ ઊંધી જ રહી. પરંતુ આ પ્રસંગને કારણે સ્વામીશ્રીની મોટપ તો ખરેખરી છતરાઈ થઈ રહી.

દીવો ઊંધો કરીએ તોય જ્યોત તો ઉપર જ આવે ને !

'હરિજન'ને ઘેર બેઠાં તીરથ

પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી ગામના મહાદેવ મંદિરે દર્શન કરવા પધાર્યા ત્યારે આ ગામના કેટલાક હરિજનોએ પોતાની વસાહતમાં પધારવા તેઓને નિમંત્રણ આપ્યું. તેને તરત જ સ્વીકારતાં સ્વામીશ્રી મંદિરેથી સીધા હરિજન-વાસમાં જઈ પહોંચ્યા. અહીં તેઓએ હરિજન બંધુઓની વચ્ચે જ એક પાટ પર આસન માંડ્યું અને સાથે વાત પણ. સ્વામીશ્રીએ જણાવ્યું :

"કોઈ પણ વર્ણના મનુષ્ય હોય પણ સારાં કર્મ કરે તે બધા સારા જ છે. શબરી, રોહિદાસ વગેરે નીચા કુળમાં હતાં છતાં ભક્તિ કરી અને ભગવાને આપેલા નિયમોનું પાલન કર્યું તો શાસ્ત્રોમાં નામ લખાઈ ગયાં. મેં આપ સૌના હિતેચ્છુ એવા પ્રામાણિક માણસો પાસેથી સાંભળ્યું છે કે આપનામાં કેટલાકને અનેક પ્રકારનાં વ્યસનો પેસી ગયાં છે. જુઓ, આપના ઘરનાં છાપરાં હજી ઊંચાં નથી થયાં. આપ સૌ પણ આર્થિક દૃષ્ટિએ ઊંચા નથી આવી શક્યા. ઊંચું માથું રાખી શકીએ એવું જીવન આપણે કરવું જોઈએ. દારૂ-બીડી જેવું વ્યસન જો આપ મૂકશો તો આપનો આત્મવિશ્વાસ વધશે અને પૈસા પણ બચશે. એ પૈસા કોઈ બીજા નથી લઈ જવાના, આપના જ ઘરમાં રહેવાના છે. પરંતુ ગણતરી નથી એટલે જીવન ગમે-તેમ વેડફાઈ જાય છે. પછી એમ થાય કે 'ઊંચા નથી અવાતું.' પણ ક્યાંથી અવાય ?

સંસ્કાર સારા ન હોય તો ગમે તેવો પૈસાદાર હોય કે રાજા હોય તોય એના ઘરનો. ને સંસ્કાર હશે તો ભલે સામાન્ય હશે, ઝૂંપડામાં રહેતો હશે તોય વંદનીય છે. આખું ગામ એને માનની દૃષ્ટિએ જોશે. તમારામાં સંસ્કારો પડેલા જ છે પરંતુ એને બહાર લાવવાના છે. આ ઠાકોરજી તમારે ત્યાં આવ્યા છે, એની

નિષ્ઠા રાખજો. આપણે બધા હિંદુ છીએ, ભલે જ્ઞાતિએ કરીને જુદા હોઈએ.''

સ્વામીશ્રીએ આજે પ્રેરણાની ભાગીરથી વહાવી દીધી. તેમાં સ્નાન કરનારા કંઈક હરિજનોએ વ્યસનમુક્તિના નિયમો લઈ કંઠીઓ ધારણ કરી. 'હરિજન'ને સાચે જ 'ઘેર બેઠાં તીરથ' જેવું થઈ રહ્યું !!

તારું દીનબંધુ બિરુદ સાચું

હરિજનવાસમાંથી સ્વામીશ્રી આર. બી. પટેલ વિદ્યાલયના પ્રાંગણમાં પધાર્યા ત્યારે અત્રે સ્થાનિક કેળવણી મંડળના પ્રમુખે યોજેલી જાહેર-સભામાં જિલ્લા તથા રાજ્યકક્ષાના શિક્ષણક્ષેત્રે સક્રિય આગેવાનો, સરકારી પદાધિકારીઓ, તાલુકાની શાળાના આચાર્યો સહિત જંગી મેદની ઉપસ્થિત હતી. તે સૌને અમૃતધારાનું આચમન કરાવી, સ્વામીશ્રી અણખી, જાફરપુરા, જંબુસર, ભાણખેતર, નોબાર, ઉબેર થઈને નોંધણા પહોંચ્યા.

અહીં તેઓએ તા. ૭/૨ના રોજ ગામના ટાવરનું ઉદ્ઘાટન કરી અમનપુર, ટુંડજ અને ભોદરને લાભ આપતાં સાંજે ભીમપુરાને ધન્ય કર્યું.

સ્વામીશ્રીની પધરામણી થતાં જ આ આખા ગામમાં આનંદની લહેર ફરી વળી. ઘણા સમયનો સંકલ્પ પૂરો થતાં સૌએ તેઓને ઉમંગભેર વધાવ્યા. રાત્રિસભા પણ ભવ્ય થઈ.

ત્યારબાદ સરપંચ શ્રી ચુનીભાઈના ઘેર રાત્રિરોકાણ માટે પધારેલા સ્વામીશ્રીને આરામમાં કોઈ ખલેલ ન પહોંચે તે હેતુસર સ્થાનિક કાર્યકરે વસાવા શાખના કેસૂરભાઈ અને શનુભાઈને દેખરેખ રાખવા મૂક્યા. આ બંને આજે સભા બાદ સ્વામીશ્રીએ આપેલાં વ્યક્તિગત દર્શનના લાભથી વંચિત રહી ગયેલા. તેથી ઉતારાની બહાર બેઠાં-બેઠાં તેઓ પરસ્પર વસવસો વ્યક્ત કરી રહેલા.

પરંતુ એ જ સમયે તેઓએ આરામમાં ગયેલા સ્વામીશ્રીના ઓરડાની બત્તી ચાલુ થયેલી જોઈ. તેથી તે બંને ઊભા થઈ ગયા. તેઓ કંઈક તપાસની તજવીજ કરે તે પહેલાં તો સ્વામીશ્રી જ બારણું ખોલી બહાર પધાર્યા અને આ બંને યુવકોને જોતાં તેઓનો પરિચય પૂછ્યો. વિગત જાણી સ્વામીશ્રીએ 'આવો, બેસીએ' કહેતાં ભોંય પર જ પલાંઠી વાળીને આસન જમાવી દીધું !

તે જોઈ પેલા યુવાનો તો આભા જ બની ગયા. તેઓની પળ પહેલાંની દિલગીરી સાવ જ ગાયબ થઈ ગઈ. આ સમયે આકાશમાં ઝગમગતા તારાઓ

પણ વિચારી રહ્યા કે 'સ્વામીશ્રીની જેમ મધરાતે આદિવાસીઓ સાથે આમ ગોઠડી માંડીને બેઠા હોય તેવા વૈશ્વિક મહાપુરુષો અત્યાર સુધી કેટલા થયા ?!' તેઓને જવાબમાં આટલું જ હાથ લાગ્યું હશે કે *'એની બરાબરી નો'ય કોઈ બીજું...'*

આ બાજુ સ્વામીશ્રી પેલા બે યુવાનોને પૂછવા લાગ્યા: 'માળા કરો છો ?... બીડી પીઓ છો ?... માંસ ખાઓ છો ?...' અંતે તેઓએ કહ્યું: 'કાલે સવારે બાલુભાઈને ત્યાં આવજો. વર્તમાન ધરાવશું અને આશીર્વાદ પણ મળશે. ઘેર છોકરાંઓ છે તેને પણ સાથે લાવજો. હવે આપણે સત્સંગી થયા તો જીવન શુદ્ધ રાખવું. તો છેલ્લો જન્મ થઈ જાય.'

આમ, રાત્રિના શીતળ અને નીરવ પ્રહરમાં લગભગ અડધો કલાક ગાળી સ્વામીશ્રી સૂવા માટે ગયા ત્યારે તેઓને જોઈ પેલા અબુધ આદિવાસીઓનું હૈયું પોકારી ઊઠ્યું: *'તારું દીનબંધુ બિરુદ સાચું...'*

આપણું ઘર અક્ષરધામ

ભીમપુરામાં તા. ૮/૨ના રોજ સત્સંગ ભવનની સ્થાપના કરી સ્વામીશ્રી આમોદ, ચકલાદ, નીણમ, ગમણાદને લાભ આપતાં ઓચ્છણ પધાર્યા.

અહીં રાત્રે સભા બાદ તેઓ મોટરમાં બેસી ઉતારા તરફ જઈ રહેલા. આ રસ્તે જ ગુજરાત રાજ્યના એક શિક્ષણ અધિકારી શ્રી ત્રિવેદીનું ઘર આવતું હતું. તેઓએ તે મકાન બતાવીને સ્વામીશ્રીને કહ્યું: 'બાપા ! આ મારું ઘર.' આ સાંભળી સ્વામીશ્રી થોડુંક થોભ્યા અને ઘર પર દૃષ્ટિ કરી આગળ વધ્યા.

તે વખતે ગાડીચાલક યુવકે પૂછ્યું: 'સ્વામી ! તમારું ઘર કયું ?'

'આપણું ઘર અક્ષરધામ.' પળનાય વિલંબ વિના સ્વામીશ્રી બોલ્યા. પછી ઉમેર્યું: 'સંતને ભગવાન સિવાય બીજું કયું ઘર હોય ?'

નિરંતર ભગવાનમાં જ રમતા-વિરમતા સ્વામીશ્રીને અન્ય આશ્રય હોય જ ક્યાંથી !

ચેષ્ટા માણસ કેરી કરો છો

તા. ૯/૨ના રોજ સ્વામીશ્રી ઓચ્છણથી દાંદા જઈ રહેલા ત્યારે રસ્તામાં એક યુવકે 'ખેતરમાંથી સોંસરા નીકળી જવાશે' કહી નવો રસ્તો ચીંધ્યો. તેથી ગાડીચાલકે તે માર્ગે ગાડી લીધી, પણ તે ફસાઈ ગઈ. તેને બહાર

કાઢવા પ્રયત્ન પૂરા થયા, છતાં ગાડી ન હલે કે ન ચાલે. તે વખતે સૌની સાથે સ્વામીશ્રી પણ ગાડીને ધક્કો મારવા લાગ્યા!

સૌએ તેમ કરતાં તેઓને વાર્યા પણ તેઓ તો ફરજ બજાવતા જ રહ્યા. છેવટે ગાડી કળણમાંથી માંડ માંડ નીકળતાં સૌ સ્વામીશ્રીને બિરદાવવા લાગ્યા ત્યારે તેઓ હસતાં-હસતાં બોલ્યા: 'લ્યો, આ બ્રહ્મસ્વરૂપ! આવું કામ છે અમારું તો!'

તે સાંભળી ગુણનિધિદાસ સ્વામી બોલ્યા: 'બાપા! આપ તો અંતર્યામી છો. આવી ખબર જ હતી તો પહેલેથી કેમ કહેતા નથી?'

'એ તો યોગીજી મહારાજ કહેતા ને કે આ બધી સ્મૃતિ યાદ રાખવી.' હાસ્ય ફરકાવતાં સ્વામીશ્રી બોલ્યા.

તેઓની ફસાયેલી ગાડીની સ્મૃતિ આપણી ભવોભવની ફસામણી દૂર કરે તેમ છે – એ મર્મ તેઓના શબ્દોમાં હતો.

તે સંભળાવી દાંદાથી દોરા ગામે પહોંચેલા સ્વામીશ્રીએ તેર વર્ષ પહેલાં અહીંના સાર્વજનિક વિદ્યાલયનું ઉદ્‌ઘાટન કરેલું. તેના પ્રાંગણમાં જ આજની જાહેર-સભા ગોઠવાયેલી.

તેમાં સ્વામીશ્રીના આશીર્વાદ બાદ આભારવિધિ કરતાં ગામના કેળવણી મંડળની કારોબારીના એક સભ્યે જણાવ્યું: 'મારો દીકરો જ્યારે નાનો હતો ત્યારે પ્રમુખસ્વામી અહીં આવ્યા હતા. તેઓએ દરેક બાળક પાસે સ્વૈચ્છિક બે નિયમો લેવડાવ્યા હતા. એમાં મારા દીકરાએ પિક્ચર ન જોવાં વગેરે બે નિયમ લીધા હતા. આજપર્યંત એણે એ નિયમ લોપ્યા નથી.'

સૂર્યનું ઊગવું કદી નિરર્થક ન હોઈ શકે. તેમ સ્વામીશ્રીનું વિચરણ કે શબ્દો પણ કદી થોથાં પુરવાર થતાં નહીં. જ્યારે આવા સ્વાનુભવો સાંભળવા મળે ત્યારે તેની આગવી અસરકારકતાનો અનોખો અંદાજ પરખાતો.

જીવ અધ્ધર કરતી સ્મૃતિ

દોરાથી નીકળેલા સ્વામીશ્રી ઠીકરિયા, સીમલિયા, પાલેજ અને સાંસરોદને લાભ આપતાં તા. ૧૦/૨ની સાંજે સારીંગ પધાર્યા.

અત્રે ગામના પાદરે યોજાયેલી જાહેર-સભાને સંબોધતાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ભીમસિંહ કોળીએ સ્વાનુભવ વર્ણવ્યો: "હું છોટા ઉદેપુર ગામમાં ગયો ત્યારે મેં જોયું કે 'આ સંપ્રદાયમાં આવ્યા પછી કોઈ દુ:ખી રહેતું

નથી.' ત્યાંના લોકોએ વાત કરી કે 'પ્રમુખસ્વામીજીના આશીર્વાદથી અમારું આર્થિક તેમ જ સામાજિક ઉત્થાન થયું છે.' મેં કારણ પૂછ્યું તો કહ્યું કે 'અમે ખોટાં વ્યસનોમાંથી મુક્ત બન્યા. તેથી સારા માણસોની સોબત મળી. તેથી સારા વિચારો આવવા લાગ્યા અને અમારો ખેતીનો અભિગમ બદલાયો.''

સ્વામીશ્રીના સત્સંગનું આ પરિણામ અને તે જ તેનો પરિચય પણ ખરો.

તે પામી આજે ધન્ય બનેલા સારીંગવાસીઓની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીએ મુક્તરાજ મનુભાઈના અંતિમ સંસ્કારના સ્થળે તૈયાર થયેલા ઓટા પર તા. ૧૧/૨ની સવારે ચરણારવિંદ પ્રતિષ્ઠિત કર્યાં. ત્યારબાદ તેઓ શાહપુરા, ભરથાણા, ઉપરાલી, કવીઠા, ડભાલી, અડોલ, પારખેત તથા બોરીને પાવન કરતાં તા. ૧૩/૨ના રોજ કુવાદર પહોંચ્યા.

આ સમયે સ્વામીશ્રી હાર્ટ અટેક આવ્યા પહેલાંના વિચરણની સ્મૃતિ કરાવતા હોય તેમ એક-એક દિવસમાં ચાર-પાંચ ગામો ખૂંદી રહેલા. દિવસની સભાઓ પણ એટલી જ સંખ્યામાં રહેતી અને પધરામણીઓનો આંક તો ૪૦-૫૦ સુધી પહોંચી જતો. ક્યારેક તેને પણ આંબી જાય. કેટલાંક તો સાવ નવાં જ ગામ હતાં. વળી, તદ્દન ગરીબ. છતાં સ્વામીશ્રી *'મુજને તો વૈષ્ણવ વહાલા રે...'*ની જેમ વિચરતા.

આ ક્રમ મુજબ કુવાદરમાં પણ તેઓની પધરામણીઓ શરૂ થઈ, પરંતુ એમાં એક આંગણે બાંધેલી કદાવર ભેંસ ભગવાં લૂગડાં જોતાં જ ભડકી અને ખીલો તોડી ભયંકર વેગથી કૂદકા મારતી આગળ ધસવા લાગી. તે જોઈ કોલાહલ મચી ગયો. હજી સૌ આજુબાજુ ખસે તે પહેલાં તો વિકરાળ બનેલા એ જનાવરે સ્વામીશ્રી ભણી જ ગતિ સાંધી. જો કે તેઓ તો નિધડકપણે ચાલ્યે જતા હતા. પાછળ વીફરેલી વાઘણ જેવી ભેંસ આવી રહી છે તેનો સ્વામીશ્રીને ખ્યાલ જ નહોતો.

પરંતુ કંઈ અજુગતું બને તે પહેલાં જ સાથે ચાલતા કાર્યકર શ્રી સુભાષભાઈએ સ્વામીશ્રીને બાથમાં લઈ રસ્તાની કોરે ખેંચી લીધા. તેથી સ્વામીશ્રી પડતાં-પડતાં બચી ગયા અને ધસમસતા ઍન્જિનની જેમ આગળ વધી ગયેલી પેલી ભેંસની હડફેટે ચડી ગયા કાર્યકર શ્રી કાશીભાઈ પટેલ. ચત્તાપાટ પડી ગયેલા તેઓની બાજુમાં જ ભેંસનો થાંભલા જેવો પગ પડતાં ત્યાં ખાડો પડી ગયો. તે જોઈ એ હરિભક્ત પડ્યાં પડ્યાં વિચારી રહ્યા કે 'ઢોરની એ ખરી જો અડધો ફૂટ જ મારી બાજુ ખસી હોત તો ?!' તો ખરેખરી થાત !!

પરંતુ હવે સારાસારી થઈ ગયેલી. જેઓના બચવાની કોઈ શક્યતા નહોતી તે હરિભક્તને ઘા સરખોય પડ્યો નહોતો. 'આબાદ નિશાનેબાજ કાળ પણ આજે નિશાન ચૂકી ગયો તે સ્વામીશ્રીના સંગનો જ પ્રતાપ' – એમ સૌ વિચારી રહ્યા.

પરંતુ આ વખતે સ્વામીશ્રી તો રસ્તાની એક કોરે ઊભાં-ઊભાં જાણે કાંઈ બન્યું જ ન હોય એમ મરક-મરક હસતા હતા. છેવટે તેઓએ પૂર્વવત્ ગામની ગલીઓ ઘૂમવાનું શરૂ કરવા ચરણ ઉપાડ્યાં, પણ તે વખતે રમૂજમાં બોલ્યા: 'આ ગામના લોકોને આ મોટી સ્મૃતિ મળી ગઈ!'

તે સાંભળી ગુણનિધિદાસ સ્વામીએ કહ્યું : 'પણ આવી સ્મૃતિ તે હોતી હશે? બધાના જીવ અધ્ધર થઈ ગયા હતા.'

'જીવ અધ્ધર થઈ જાય તો જ વધુ સ્મૃતિ રહે ને!' આમ કહેતાં સ્વામીશ્રી આગળ ચાલી નીકળ્યા.

સુધારણાનું અસાધારણ આંદોલન

કુવાદરથી સ્વામીશ્રી સમની, ત્રાલસી, કેલોદ, ભરૂચ, ઝાડેશ્વર અને ઝઘડિયાને પાવન કરતાં તા. ૧૫/૨ના રોજ રાજપારડી પધાર્યા ત્યારે અહીં ડી. પી. શાહ વિદ્યામંદિરમાં યોજાયેલી સભા ભરચક હતી. તેમાં સભાસમય દરમ્યાન રજા આપી સ્વામીશ્રીનો લાભ લેવા બેસાડવામાં આવેલા શાળાના વિદ્યાર્થીઓ આશીર્વાદ પામી ધન્ય થયા. આ ગામના સત્સંગી બાળકોએ સ્વામીશ્રીને વધાવવા સીંગદાણા અને ગોરસ આંબલીનો હાર ભક્તિભાવથી બનાવેલો. તે પ્રેમ સ્વામીશ્રીએ સ્વીકાર્યો.

ભરૂચ જિલ્લામાં આ વર્ષે તુવેરનો પાક સારો થયો હોવાથી દ્વિશતાબ્દી નિમિત્તે જરૂરી તુવેર અહીંથી જ પૂરી પાડવાનો સૌનો સંકલ્પ હતો. તેના પ્રતીકરૂપે તુવેરનો હાર પણ સ્વામીશ્રીને અર્પણ થયો. આમ, આબાલવૃદ્ધ સૌમાં શુભ ભાવનાઓ સીંચતા સ્વામીશ્રી રાજપારડીથી સારસા, પછાતિયા અને ઉમલ્લા થઈને પાણેથા પધાર્યા.

અહીં તેઓના આગમનને ગ્રામવાસીઓએ ઉમળકાભેર વધાવ્યું. આ વધામણી ઝીલતાં સ્વામીશ્રી નવનિર્મિત હૉસ્પિટલની સામે બંધાયેલા સભામંડપ સુધી સુશોભિત બળદગાડામાં બેસીને પધાર્યા! વિમાનમાં ઊડવા છતાં બળદગાડાનો સંબંધ હજીયે તેઓએ છોડ્યો નહોતો.

સમતાના આ આસન પર બિરાજી જાહેર-સભામાં અમૃતધારા વહાવ્યા બાદ સ્વામીશ્રી શ્રી ઘનશ્યામભાઈના ઘેર ઉતારે આવી પત્રવ્યવહારમાં પરોવાયા. તે સમયે રાત્રિના અગિયાર તો વાગી ચૂકેલા. છતાં ગામના અગ્રણીઓ અમુક પ્રતિષ્ઠિતોને લઈ સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા અને તેઓને વ્યસનો છોડાવવા કહ્યું. તે સાંભળી સ્વામીશ્રીએ કલમ-કાગળ કોરાણે મૂક્યાં અને રાત્રિના અગિયાર વાગ્યાથી બાર વાગ્યા સુધી વ્યસનમુક્તિની એકધારી વાતો કરી.

આજના દિવસે કરેલાં છ ગામનાં વિચરણનો શ્રમ, ન તો તેઓના શબ્દોમાં દેખાયો કે ન તો તેઓના હાવભાવમાં વર્તાયો.

સ્વામીશ્રીની આ કરુણાથી ભીના થઈ ગયેલા એ ગામવાસીઓ બોલી ઊઠ્યા: 'આવા પરગજુ સંત હજી આ ગામમાં આવ્યા નથી.' જેણે વ્યસનો છોડ્યાં તેઓ તો ગળગળા જ થઈ ગયા.

આ સમયે રાત્રિના બારના ટકોરાની સાથે જનસુધારણાનું અસાધારણ આંદોલન ચલાવનારા સ્વામીશ્રીના ડંકા પણ સર્વત્ર ગુંજી રહ્યા. રાત્રિના અંધારે, ગામડાંઓના ખૂણે બેસી આવી તો કેટકેટલીયે જનસેવા કરી હશે સ્વામીશ્રીએ!

કષ્ટના કડવા ઘૂંટ

તા. ૧૬/૨ની સવારે પાણેથાથી નીકળેલા સ્વામીશ્રી સીસોદરા થઈને ઓરી પધાર્યા ત્યારે અહીં તેઓએ બપોરે બે વાગ્યે ભોજન કરતી વખતે જમવામાં અરુચિ દર્શાવી. તે જોઈ સૌને ખ્યાલ આવ્યો કે 'સ્વામીશ્રીના શરીરમાં તાવ-કળતર છે.' તેથી તેઓને તરત જ સુવડાવી દેવાયા. પણ સાંજે પાંચ વાગ્યે તો સ્વામીશ્રી નિશ્ચિત કાર્યક્રમ મુજબ પાટણાને લાભ આપતાં તરોપા પહોંચ્યા.

અહીં આદિવાસી બંધુઓએ હસ્તલિખિત સન્માન-પત્ર દ્વારા તેઓને સન્માન્યા, કારણ કે સન્માન-પત્ર છપાવવા-મઢાવવા-સજાવવાની ત્રેવડ આ આદિવાસીઓ પાસે ક્યાંથી? જો કે તે સૌને સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવવાની ઘણી હોંશ હતી, પરંતુ સમય ન હોવાથી સ્વામીશ્રીએ સૌનાં મસ્તકે જળ છાંટી વર્તમાન ધરાવી દીધાં. એ જળ ઝીલનારા સૌ 'અક્ષર'ના અધિકારી થઈ રહ્યા.

આમ, તરોપામાં કંઈકનો તરાપો બની સ્વામીશ્રી રાજપીપળા પહોંચ્યા તોયે તાવ-કળતરે હજી તેઓનો કેડો મૂક્યો નહોતો. છતાં તેઓ હરસિદ્ધિ માતાના મંદિરે યોજાયેલી સભામાં તો પધાર્યા જ. અત્રે આશીર્વાદ પાઠવી સ્વામીશ્રી ઉતારે જઈ સાધારણ જમ્યા અને આડે પડખે થયા; પરંતુ તાવની સતામણીએ આંખ મળવા ન દીધી. તેથી દોઢેક કલાક બાદ તેઓ ઊઠ્યા અને રાત્રે બાર વાગ્યાથી પોણા વાગ્યા સુધી સંતો સાથે ગોષ્ઠી કરી! ત્યારબાદ પુનઃ રાત્રે એક વાગ્યે સૌની વિનંતી સ્વીકારી સ્વામીશ્રી પોઢ્યા.

આ યોગનિદ્રામાંથી જાગી તેઓ બીજા દિવસે આવેલી શિવરાત્રિ નિમિત્તે આશીર્વાદ આપતાં બોલ્યા: 'શિવજીએ પોતે ઝેર પીધું ને લોકોનું કલ્યાણ કર્યું. તેઓ આપણને પ્રેરણા આપે છે કે ધીરજ રાખીને કડવા ઘૂંટ ઉતારવા. કર્મવશ થઈને આપણે કુટુંબમાં, નોકરી-ધંધામાં કડવા ઘૂંટડા પીએ જ છીએ. તેમ સમાજનું સારું થતું હોય તો આપણે કડવા ઘૂંટ ઉતારવા જોઈએ.'

સ્વામીશ્રીની આ કહેણી તેઓની રહેણીમાં અદલ ઊતરેલી સૌ સ્પષ્ટપણે જોઈ શકતા હતા. લોકકલ્યાણ માટે કષ્ટના કડવા ઘૂંટડા ગટગટાવનારા તેઓ આ વિચરણના આગામી ક્રમમાં લાછરસ, વાવડી થઈને તા. ૧૭/૨ના રોજ કરજણ કૉલોની પધાર્યા.

અત્રે બંધાનારા મંદિરનો ખાતવિધિ તા. ૧૮/૨ના રોજ કરી સ્વામીશ્રી સરદાર સરોવરની જગ્યાએ પહોંચ્યા. અહીંના ઇજનેરોએ તેઓને સમગ્ર પ્રોજેક્ટ સમજાવ્યો. સ્વામીશ્રીએ તે નિર્વિઘ્ને પૂરો થાય તે માટે ધૂન કરી, પ્રાસાદિક પુષ્પો જળમાં પધરાવ્યાં અને ઠાકોરજીને સ્નાન પણ કરાવ્યું. ત્યારબાદ આ કાર્ય માટે યોગીજી મહારાજના પુરુષાર્થને યાદ કરી નીકળેલા તેઓએ કોસીન્દ્રા, રાજબોડેલી અને કાશીપુરા થઈને ભાટપુરને પાવન કર્યું.

આ ગામમાં તેઓ પધાર્યા ત્યારે નગરયાત્રાની તડામાર તૈયારીઓ થઈ ચૂકેલી. સ્વામીશ્રીના સ્વાસ્થ્યને અનુલક્ષી આ આયોજન રદ થાય તે હિતાવહ હતું, પણ ઉત્સાહના ઘોડા શિસ્તની આ પાળને ઠેકી ગયા અને સામૈયું શરૂ થયું. તે વખતે સ્વામીશ્રીએ સાથે રહેલા વ્યવસ્થાપક સંત દિવ્યસ્વરૂપદાસ સ્વામીને કહ્યું: 'ભવિષ્યમાં આવું વિચરણ મોટેરા સદ્‌ગુરુ સંતોનું પણ ન ગોઠવવું.'

આ ઉદ્‌ગારમાં તેઓએ વેઠેલો ભીડો દેખાઈ રહ્યો. સૌ તેમાં જ ખોવાઈ ગયા અને શોભાયાત્રા બાદ ભાટપુરમાં જ રાત્રિરોકાણ કરી સ્વામીશ્રી

તા. ૧૯/૨ના રોજ ટીંબા, પીપળિયા, હાંડોદ, બહાદરપુર, જાંબુઘોડાને પાવન કરતાં મોટી બેજ આવી પહોંચ્યા.

આપનામાં મને સાક્ષાત્ ભગવાનનાં દર્શન થાય છે

મોટી બેજમાં સ્વામીશ્રીના આગમનને વધાવવા આશરે પાંચેક હજાર આદિવાસી ભક્તોનો સમુદાય ઊમટી પડેલો. આખો દિવસ મજૂરી કરી હોવા છતાં કેટલાક તો દસ-દસ કિલોમીટરનાં અંતર પગપાળા કાપીને આવેલા. હરિભક્ત શ્રી માધવસિંહના આંગણે આવેલા વિશાળ ચોકમાં યોજાયેલી આ સભામાં સ્વામીશ્રીને આશીર્વાદ આપવાનો વારો આવ્યો ત્યારે ઘડિયાળ રાત્રિના સાડા બાર વાગ્યાનો સમય બતાવી રહેલી!

એ મધરાતે સ્વામીશ્રીની અમૃતધારા આમ વહી છૂટી:

'આજે આ સભાનાં દર્શન કરીને આનંદ થાય છે. ભલે બીજા આપણને પછાત કહેતા હોય, આદિવાસી-વનવાસી-ગિરિજન કહેતા હોય, પણ આજે આપનામાં મને સાક્ષાત્ ભગવાનનાં દર્શન થાય છે. જ્યાં આવું શુદ્ધ અંતઃકરણ છે ત્યાં આનંદ છે. તમે લોકોએ આખો દિવસ મહેનત કરી છે, ને સવારે ઊઠીને પાછા મહેનત કરવા જવાના છો, છતાં મોડી રાત્રે દૂર-દૂરથી આવીને લાભ લો છો તે આનંદની વાત છે. આપ સૌનો ભક્તિભાવ અને શ્રદ્ધા જોઈ નતમસ્તક થવાય છે. તમારી શિસ્ત જોઈ આનંદ થયો. સૌથી આદિ ભગવાન છે. તેના સંબંધે ત્યાંના વાસી એવા તમે આદિવાસી છો. આજે શહેરમાં જે આનંદ નથી તે આનંદ અહીં રહો છો છતાં લૂંટો છો. ભગવાન બધાને તન, મન, ધનથી સુખી કરે.'

આ આશીર્વચન સમાપ્ત થયા ત્યારે સ્વામીશ્રી અને શ્રોતાસમૂહ બંને ગદ્ગદ હતા. બંને એકબીજામાં ભગવાનનાં દર્શન કરી રહેલા. બંને એકબીજાને એકસમાન આત્મીયતાથી નિહાળી રહેલા. શ્રોતા અને વક્તાનું આવું ભાવૈક્ય નીરખી આજની રાત્રિ વિચારી રહી કે 'દુનિયાના કયા મહાપુરુષ આદિવાસીઓ સાથે આટલા એકાકાર થયા હશે?!'

કંઠીનાં કામણ

સ્વામીશ્રીના આશીર્વાદ બાદ શરૂ થયેલા આભારવિધિ વખતે સભામાં બેઠેલા મામલતદાર શ્રી નરેન્દ્રસિંહ દસોંદી સ્વયંભૂ પ્રેરણાથી ઊભા થયા અને

તેઓએ મંચ પર આવી અંગત રીતે સ્વામીશ્રીનો આભાર માનવાની અનુમતિ માંગી. તેઓને 'ના' પાડવાનું કોઈ કારણ નહોતું, કારણ કે રાત્રિનો એક વાગી ચૂકેલો છતાં સૌ સવારોસવાર સુધી બેસી રહેવાના મિજાજમાં હતા.

તેથી એ મામલતદારે અંતરની ઊર્મિઓને વહેતી મૂકતાં કહ્યું:

''જ્યારે અમદાવાદમાં દ્વિશતાબ્દી મહોત્સવ ચાલી રહેલો ત્યારે હું સિક્યુરિટી ઑફિસર તરીકે ફરજ બજાવતો હતો. હું સુભાષ બ્રિજ આગળથી અવારનવાર પસાર થતો, પણ મારા સ્વભાવ અને રીતભાત પ્રમાણે મને ધર્મમાં શ્રદ્ધા ન હોવાથી ઉત્સવની બધી તૈયારીઓને સામાન્યપણે જોતો હતો. પરંતુ પ્રમુખસ્વામીનાં દર્શન કરતો ત્યારે હું 'માર્ક' કરતો કે 'તેઓ લાખો માણસોને નિયમનમાં રાખી શકે છે.' એમની આયોજનશક્તિ મેં જોઈ. એ મારું મુખ્ય આકર્ષણ હતું. હું પ્રમુખસ્વામી પાસે ગયો. ખાલી દર્શન કરવાની ઈચ્છા હતી. મારે કંઠી તો પહેરવી જ નહોતી. છતાં હું પગે લાગ્યો ત્યારે તેઓએ મને કંઠી પહેરાવી અને કહ્યું: 'તમે બધું અભક્ષ્ય ખાઓ છો છતાં સુધરી જશો.'

જો કે કંઠી આવી છતાં હું ખાતો હતો. પરંતુ મને છ મહિના સુધી માનસિક આઘાત લાગ્યા કરતો હતો. ૧૭મી ડિસેમ્બરે મારો જન્મદિવસ આવે. એ દિવસથી કંઠીને લીધે મેં નક્કી કર્યું કે 'આજથી અભક્ષ્ય ખાવા-પીવાનું બંધ કરું.' એ દિવસે સવારે મેં છોડ્યું ને બપોરે જ ચમત્કાર. મેં આઠ વર્ષથી મામલતદારની અરજી કરી હતી ને એનો કેસ ચાલતો હતો. એ જ દિવસે બપોરે સ્વયં ગવર્નરની સહી સાથે મામલતદારની નિમણૂક અંગેનો પત્ર મારા ઉપર આવ્યો. આજે તાલુકાના બધા જાણે છે કે હું ચા કે કૉફી પણ નથી પીતો. હું પ્રમુખસ્વામીનો આભાર માનું એટલો ઓછો છે. મારા બાપા ને આપણા બધાના બાપા અહીં બેઠા છે. આપણે એમને બધી ચિંતા સોંપી દીધી છે...''

જેમ જેમ આ સ્વાનુભવના શબ્દો બોલાતા ગયા તેમ તેમ વાતાવરણમાં સ્વામીશ્રીના પ્રભાવનો પરિમલ પ્રસરતો ગયો. તેથી સૌ તરબતર થઈ રહ્યા.

ઘણી વાર કો'કને કુતર્ક થઈ આવતા કે 'આ સ્વામીશ્રી શું દરેકના ગળામાં કંઠી પહેરાવ્યે જાય છે? આ વ્યક્તિ કદી સુધરે તેમ નથી...' પરંતુ સ્વામીશ્રીની શ્રદ્ધા અને કરુણા આખરે રંગ લાવતાં. એ કંઠી સાથે આવેલી તેઓની આધ્યાત્મિક શક્તિ વ્યક્તિના આસુરી ભાવને ઉખાડ્યા વિના રહેતી નહીં. તેઓના વરદહસ્તે પહેરેલી કંઠીનાં કામણ અનોખાં જ રહેતાં.

હરિભક્તો ખુશી થાય તે કરો

મોટી બેજમાં સભા બાદ રાત્રે જ જાંબુઘોડા આવી ગયેલા સ્વામીશ્રી અહીં તા. ૨૦/૨ની સવારે મહારાજાના મહેલમાં પધરામણી કરી બોડેલી થઈને મોટા હબીપુરા પધાર્યા.

અત્રે નિર્માણાધીન સાર્વજનિક હાઈસ્કૂલનો ખાતવિધિ કરી તેઓ સાઠોદ, સીમરી, મોટા કરાળા અને ડભોઈને લાભ આપતાં તા. ૨૧/૨ની સાંજે વિદ્યાનગર જવા નીકળ્યા ત્યારે સ્વામીશ્રી વડોદરા, પંચમહાલ અને ભરૂચ જિલ્લાનાં ૯૫ ગામો માત્ર ૨૧ દિવસમાં ઘૂમી વળેલા! શિથિલ સ્વાસ્થ્યમાં પણ તેઓએ અપૂરતી સગવડોવાળાં આ ગામોમાં અપાર પરિશ્રમ વેઠેલો. તેને નજરોનજર જોઈને આ કાર્યક્રમના આયોજક તરીકે દિવ્યસ્વરૂપદાસ સ્વામીનું અંતર વલોવાઈ રહેલું.

સ્વામીશ્રી વિદ્યાનગર જઈ રહેલા ત્યારે તેઓ પણ સાથે જ હતા. આ મુસાફરીમાં મોકો મળતાં જ આ સંતે કાળજાને કોરી ખાતા વિષાદની વાત માંડતાં કહ્યું: 'બાપા! આપને ખૂબ કષ્ટ પહોંચાડ્યું. અસહ્ય ભીડો વેઠીને આપે અમો સૌને રાજી કર્યા. પરંતુ અમારી ગુરુભક્તિમાં તો ખામી આવી ગઈ.' આટલું કહેતાં એ સંતનું અંતર ભરાઈ આવ્યું. તેઓ શૂન્યમૌન બની ગયા.

તે સમયે વાત્સલ્યભાવથી એ સંતના ખભે હાથ મૂકતાં સ્વામીશ્રીએ કહ્યું: 'તમારે બધાને શું સ્વાર્થ છે? સત્સંગ વધે તે માટે બધા પ્રયત્ન કરો છો. તેમાં તમારો કોઈ વાંક નથી. ઘણા લાંબા સમય પછી અમારું વિચરણ ગોઠવાય એટલે હરિભક્તોને ભાવખેંચ રહે. તેથી પધરામણીઓ વધી જાય. માટે મનમાં દુ:ખ રાખવું નહીં. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને રાજી કરવા તમો સંતો સેવા કરો છો, જેથી નારાજ થવાની વાત નથી.'

સ્વામીશ્રીની આ સ્નેહસભર સહાનુભૂતિમાંથી તેઓની આગવી જીવનશૈલી ઉપસી આવી. તેમાં પોતે વેઠેલી તકલીફો સંબંધી હરફ સુધ્ધાં નથી. તેમાં છે કેવળ – અન્યને રાજી રાખવાની ભાવના, અન્યને સાચા ઠેરવવાની વાત અને અન્યને બિરદાવવાનો જ ઇરાદો!

પહેલેથી જ ભગવાનપરાયણ જીવન

તા. ૨૨/૨ના રોજ વિદ્યાનગરના છાત્રાલયમાં નિર્માણ પામેલા નૂતન

બ્લૉકનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રીએ અન્ય નવા બ્લૉકનું ખાતમુહૂર્ત પણ કર્યું. ત્યારબાદ તેઓએ ગામડીમાં ડી. સી. પટેલ પ્રાથમિક શાળાનો ઉદ્‌ઘાટન વિધિ અને 'પ્રાથમિક મિશ્રશાળા'નો શતાબ્દી મહોત્સવ શોભાવ્યો.

અહીંથી તેઓ કુંજરાવ, ચકલાસી, ભૂમેલ, કણજરી અને બોરિયાવીને પાવન કરતાં ડાકોર પધાર્યા.

અત્રે રણછોડરાય મંદિરના વ્યવસ્થાપકોની વિનંતીથી સ્વામીશ્રી તા. ૨૪/૨ની સવારે આ ધર્મસ્થાનમાં દર્શને ગયા. ત્યાંથી તેઓએ ડંકેશ્વર મહાદેવ તથા પુનિત આશ્રમને પણ પાવન કર્યાં અને બપોરે મલાઈ, સાંજે રાજુપુરા તેમ જ રાત્રે ઠાસરાને લાભ આપી તા. ૨૫/૨ના રોજ બોરસદ પધાર્યા.

અહીં રામનાથ સોસાયટીના પટાંગણમાં માંડવો નાંખી ત્રિદિવસીય પારાયણ યોજાયેલું. તે દરમ્યાન તા. ૨૬/૨ની રાત્રે સ્વામીશ્રી પાસે 'જન્મભૂમિ પ્રવાસી' દૈનિકના ખબરપત્રી શ્રી જિતુભાઈ સોમપુરા આવી પહોંચ્યા.

તેઓએ પ્રશ્નોત્તરી દરમ્યાન સ્વામીશ્રીને પૂછ્યું કે 'આપને જીવનમાં પહેલી વાર કઈ પળે અનુભવ થયો કે ઈશ્વર છે ?'

'પહેલેથી જ એ અનુભૂતિ છે.' સ્વામીશ્રી તત્ક્ષણ બોલ્યા. પછી ઉમેર્યું: 'પહેલેથી જ ભગવાનપરાયણ જીવન હતું જ. શાસ્ત્રીજી મહારાજ અને યોગી-બાપા જેવાનો યોગ થતો ગયો એમ વિશેષ અનુભૂતિ થઈ.'

સ્વામીશ્રીના આ ઉત્તરમાં તેઓની અનાદિસિદ્ધ સ્થિતિ ઝળકી ઊઠી.

તેથી અભિભૂત થયેલા પત્રકારે વળી પૂછ્યું: 'સારા માણસ બનવા માટે કઈ પાંચ ચીજોનો ખ્યાલ રાખવો જોઈએ ?'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'પહેલું, સત્પુરુષનો સંગ; બીજું, સદ્‌ધર્મનું આચરણ; ત્રીજું, સત્શાસ્ત્રનું વાંચન; ચોથું, ભગવાનને વિષે ભક્તિ; અને પાંચમું, ભગવાનનો મહિમા.'

સજ્જનનું પંચામૃત જ સ્વામીશ્રીએ પીરસી દીધું.

આ બે સૂત્રો બરાબર યાદ રાખવાં

તા. ૨૭/૨ની સવારે સ્વામીશ્રી બોરસદ-સ્થિત અનડા મહાવિદ્યાલયના વાર્ષિકોત્સવમાં લાભ આપી પારાયણની પૂર્ણાહુતિમાં પધાર્યા. અત્રે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતાં તેઓએ જણાવ્યું:

''શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે કે ધામ, ધામી ને મુક્ત સિવાય

બધું નાશ પામી જાય છે. છતાં આપણને થઈ જાય છે કે 'બધું બરાબર છે.' તમે બધા મહેમાન થાઓ છો કે નહીં? ત્યાં ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે બેસતા હોઈએ. છતાં કોઈ પૂછે કે 'આ ઘર તમારું છે?' તો તરત કહીએ: 'ના, હું તો મહેમાન છું.' તેમ આ જગતમાં આપણે ૫૦-૬૦-૭૦ વર્ષના મહેમાન છીએ. આ સમજાય તો મોહ, મમતા, આસક્તિ નીકળી જાય.

અક્ષરધામ આપણું સાચું ઘર છે. આપણને એ મનાતું નથી એટલે તાણાતાણી કરીએ છીએ. પાણીમાં બાચકા ભરીએ છીએ, પણ એમાંથી માખણ મળે? કો'કને કદાચ મળતું હશે, કેમ? ન જ મળે. ફિંહોટા થાય.

આપણે તો ભગવાન જેમ રાખે તેમ રહેવું છે ને એ જેમ રાજી થાય એમ કરવું છે – આ બે સૂત્રો બરાબર યાદ રાખવાં."

જીવન-સાફલ્યની જડીબુટ્ટી સ્વામીશ્રીએ સહજ-સહજમાં આપી દીધી.

ભક્તપાળક એવું બિરુદ તારું

બોરસદથી વિદાય લઈ સ્વામીશ્રી ભાદરણ અને વાલવોડને ધન્ય કરતાં તા. ૨૮/૨ની સાંજે ખંભાત પધાર્યા ત્યારે અત્રે માદળા તળાવ પાસે ટેકરી બાગના પ્રાકૃતિક વાતાવરણમાં તેઓનો સન્માન સમારંભ યોજાયો. તેમાં મેયર, ઉપમેયર, પૂર્વમેયર, ધારાસભ્ય, પંચાયત-પ્રમુખ વગેરે ૧૦૦ જેટલા મહાનુભાવો અને વિવિધ સંસ્થાઓએ સ્વામીશ્રીને સત્કારી કૃતાર્થતા અનુભવી. વર્ષો પહેલાં જે નગરની ગલીએ-ગલીએ સ્વામીશ્રીની ભિક્ષાની આહ્લેક ગુંજતી ત્યાં આજે તેઓના જયનાદો ગુંજી રહ્યા!

તે ઝીલતાં ખંભાતથી બોચાસણ આવેલા સ્વામીશ્રી તા. ૨/૩ની સવારે પોતાના નિત્યક્રમમાં એક કલાક વહેલા ચાલી રહેલા. સેવકો મંગળા આરતીનાં દર્શને ગયા ત્યારે તો તેઓ જાગીને દેહક્રિયા આટોપવા માંડ્યા.

આ રીતે સ્વામીશ્રી સ્નાનવિધિથી પરવારી રહ્યા ત્યારે સંતોએ કહ્યું: 'નિયત સમય અનુસાર મંદિર-દર્શન અને પ્રાતઃપૂજામાં નહીં જઈએ તો હરિભક્તો લાભથી વંચિત રહી જશે. માટે થોડો આરામ કરો.'

'પરવારી ગયા પછી હવે કાંઈ આરામ હોતો હશે? વહેલા છીએ તેમાં શું? ભજન કરશું.' એમ કહી સ્વામીશ્રી ભ્રમણ, દર્શન, પૂજા વગેરે નિત્યકર્મમાં પરોવાઈ ગયા.

તે ક્રમમાં જેવો અલ્પાહાર પૂરો કર્યો ત્યાં જ તેઓએ જણાવ્યું: 'વડોદરા

જવું છે; ભાદરણના ડાહ્યાભાઈની ખબર જોવા.'

આટલું કહેતાં શાસ્ત્રીજી મહારાજના એક નિષ્ઠાવાન ભક્તનો અંતકાળ સુધારવા સ્વામીશ્રી વડોદરા જઈ પહોંચ્યા.

પોતે જ્યાં હૃદયરોગની સારવાર લીધેલી તે જ હૉસ્પિટલમાં જઈ તેઓ ડાહ્યાભાઈને મળ્યા. અહીં શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિમાં ડૂબી ગયેલા સ્વામીશ્રીએ ખાસ્સો એક કલાક જેટલો સમય ગાળ્યો. તે પછી તેઓએ પથારીવશ હરિભક્તને ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં. સાથે લીધેલો પ્રાસાદિક હાર પણ પહેરાવ્યો અને ધૂન કરતાં-કરતાં આખા શરીરે હાથ ફેરવી આશીર્વાદ આપ્યા.

આમ, એક ભક્તને અંતકાળનું ભાથું બંધાવી સ્વામીશ્રી અહીંથી વિદાય થયાના બે જ દિવસ બાદ ડાહ્યાભાઈ અક્ષરનિવાસી થયેલા. તે સમયે સૌને સ્વામીશ્રીની આજની ઉતાવળ વિશેષ સમજાયેલી.

રંગોત્સવ મેદાનમાં !

વડોદરાથી વિદાય લઈ સ્વામીશ્રી વાસદ, દાવોલ, બોચાસણ, પીપળી, બામણગામ, લાલપુરા, કોસીન્દ્રા, ભાદરણ, ધોળકા, ભીમનાથ અને રોજીદને લાભ આપતાં સારંગપુર પધાર્યા ત્યારે અહીં તા. ૮/૩ના રોજ પુષ્પદોલોત્સવ આવી પહોંચ્યો.

પ્રતિવર્ષ આ દિવસે સૌને સ્વામીશ્રી મંદિરના ઘુમ્મટમાં રંગતા. પરંતુ આ વર્ષથી રંગોત્સવ મેદાનમાં આવી ગયો !

મંદિરની જૂની ગૌશાળા આગળ આવેલા ખુલ્લા ચોકમાં બંધાયેલા સભામંડપના બરાબર મધ્યમાં લાકડાંની પાટો ગોઠવી બનાવેલા ભ્રમણપથ પર ચાલતાં-ચાલતાં સ્વામીશ્રીએ બંને બાજુ બેઠેલા હરિભક્તો પર રંગ છાંટ્યો. આ નવીન યોજનાથી સૌને રંગ અને દર્શનનું અપ્રતિમ સુખ અનુભવાયું.

આ સુખ સુદીર્ઘકાળ સુધી સુલભ થતું રહે તે માટે આ ઉત્સવમાં ડૉક્ટર સ્વામીએ સ્વામીશ્રીના સ્વાસ્થ્યની સંભાળ રાખવા વિષે સૌને ભારપૂર્વક અનુરોધ કર્યો. તેની સાથે તેઓએ સ્વામીશ્રીનો કાર્યક્રમ ગોઠવવા અંગે નક્કી થયેલાં નવાં ધારાધોરણો પણ જાહેર કર્યાં. તે અનુસાર હવેથી સ્વામીશ્રી પાસે ઉદ્‌ઘાટનો, પધરામણી વગેરે કરાવવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો.

પરંતુ આ જાહેરાત થયાના બીજા જ દિવસે સ્વામીશ્રી તો ડૉ. પ્રાગજીભાઈ વાઘાણીના દવાખાનાનું ઉદ્‌ઘાટન કરવા માટે નિંગાળા જવા નીકળી ગયા !

તેઓની પ્રેમલધારા પોતાના સ્વાસ્થ્ય-સંબંધી વ્યવસ્થાની પાળોને વળોટીને વહી છૂટતી.

માનાપમાને નહિ હર્ષ-શોક

તા. ૯/૩ની સવારે સ્વામીશ્રી નિંગાળા ગામના સમીપવર્તી એક સ્થળે આવેલા ધર્મસ્થાનમાં દર્શન માટે પધાર્યા હતા. પરંતુ આશરે દોઢસો વર્ષ પુરાણા આ મંદિરના ઘુમ્મટ તળે તેઓ પહોંચ્યા ત્યારે ત્યાં કોળી મંડપમાં પ્રવેશવાની જાળીને તાળું લટકતું હતું. જો કે પરોળિયાએ સ્વામીશ્રીને જોઈ દરવાજો ખોલી દેતાં તેઓ અંદર પ્રવેશી દર્શન કરવામાં તલ્લીન થઈ ગયા.

પણ એ જ વખતે આવી ચડેલા મંદિરના પૂજારીને આ ન ગમતાં તેઓ સ્વામીશ્રી સામું જોયા વગર જ બરાડવા માંડ્યા કે 'આ જાળીનું તાળું કોણે ખોલ્યું ? આ જાળી શું કામ ખોલી આપી ?' આમ કહેતાં એ દેવપૂજકે અત્યંત તોછડાઈ સાથે ઠાકોરજીનો પડદો બંધ કરી દીધો. તે જોઈ સ્વામીશ્રી સાથે આવેલા વિદ્યાનગરના ચાલીસેક યુવાનો તો સમસમી ઊઠ્યા.

પરંતુ *'સારો શાંત સ્વભાવ, ભાવ પ્રભુમાં...'* ધરાવતા સ્વામીશ્રી તો એટલા જ પ્રેમપૂર્વક હાથ જોડીને ત્યાં ઊભા રહ્યા. અંગોઅંગમાં મહારાજ વસ્યા હોવા છતાં તેઓને પ્રત્યક્ષ દર્શનની તાલાવેલી હતી. તેથી પડદો બંધ હતો તોય ઠાકોરજીને સાક્ષાત્ નિહાળતા હોય તેવા ભક્તિભાવ સાથે દંડવત્ કરી સ્વામીશ્રી મંદિરના સંકુલમાં જ આવેલાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શને જવા નીકળ્યા.

આ સમયે તેઓની અવહેલનાથી વ્યથિત એક સહવાસીએ પૂછ્યું : 'બાપા ! પેલા પૂજારીનું આવું ગેરવર્તન જોઈને આપના મનમાં શું થયું ?'

'એમાં શું થવાનું હતું ? આવા તો અનંત પ્રસંગો થઈ ગયા. અહીં તો અમારા પાઘડાયે ફેંકી દીધા હતા. અમદાવાદ(ના એક મંદિર)માં અંદરથી (કોળી મંડપમાંથી) બહાર કાઢી મૂકેલા. અહીંયાં તો એવું ક્યાં કંઈ થયું છે ?'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી *'માનાપમાને નહિ હર્ષ-શોક...'*ની તેઓની સ્થિતિ ઝળકી ઊઠી. એક તરફ દેશ-દુનિયાના મહાનુભાવોનો સત્કાર ઝીલનારા સ્વામીશ્રી બીજી બાજુ આવા તુચ્છ જીવોના ધુત્કાર પણ લેશ વ્યગ્ર થયા વિના સહન કરી લેતા. તે સમયે માટીપગા મનુષ્યો અને મૂઠી ઊંચેરા મહાત્માનું દર્શન એકસાથે લાધતું.

આ અવસર ચૂકવા જેવો નથી

તા. ૯/૩ની સવારે નિંગાળામાં મંદિરના પાટોત્સવને ધન્ય કરી દડવા પધારેલા સ્વામીશ્રીએ અત્રે તૈયાર થયેલા નૂતન મંદિરમાં તા. ૧૦/૩ના રોજ અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કર્યા.

તે પછી અહીં રાંદેલ માના સ્વયંભૂ પ્રાકટ્યના સ્થાને બનેલા મંદિરે પણ પગલાં પાડી, તેઓ તરપાળા, ચોગઠ અને વલ્લભીપુરને પાવન કરતાં તા. ૧૨/૩ના રોજ મોટા ઝીંઝાવદર પધાર્યા.

અત્રે ભક્તોની શ્રદ્ધા નાજુક મંદિરનો આકાર પકડી ચૂકેલી. તેમાં સવારના શુભ મુહૂર્તમાં સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ પધરાવી દીધા. આ મંગલ અવસરે કેટલાંય ગ્રામજનોએ સ્વેચ્છાથી વ્યસન-ત્યાગની પ્રતિજ્ઞાઓ લેતાં, પ્રસન્ન થયેલા સ્વામીશ્રી એ દરેક પ્રતિજ્ઞાધારીઓ પાસે જઈ તેઓનાં મસ્તકે જળ છાંટતાં બોલ્યા: 'આજે અહીં જે પ્રતિષ્ઠાવિધિ થઈ એની આ સાર્થકતા છે.'

આમ, એક મંદિરની સાથે અનેકનાં હૃદયમંદિર તૈયાર કરતા સ્વામીશ્રી સાંગાવદર થઈને ભાવનગર પધાર્યા.

આ શહેરમાં તા. ૧૩/૩ની સવારે દ્વિશતાબ્દીની હાકલ મારતાં તેઓએ જણાવ્યું: 'ગુણાતીત દ્વિશતાબ્દીનો આ અવસર ચૂકવા જેવો નથી. આપણા જીવનની એક અમૂલ્ય તક કહો કે જે કાંઈ કહો તે આ છે. દરેકે એકમના થઈને, એક રુચિથી, એક ચિત્તથી આ કાર્ય કરવાનું છે. આપણે સેવા કરી હોય ને કદાચ કોઈ ન બોલાવે તો તે વખતે ખોટું ન લગાડવું. એવું થાય પણ ખરું! આ તો ગુણાતીત થવાનો જ ઉત્સવ છે. આપણે તો ઘરના ધણી છીએ. ધણીને ઘરમાં આવવાનું આમંત્રણ હોય? છોકરો કહે છે કે 'બાપ! તમે મારાં લગ્નમાં આવશો?' એમાં આમંત્રણ ન હોય. આ સેવા શ્રીજીમહારાજની જ છે. પછી ભલે એ સેવા તમે નાનાં છોકરાંની કરો.'

સ્વામીશ્રીની વાતોમાં સેવાનો મહિમા અને રીતિ – બંનેનું નિદર્શન રહેતું. તે મુજબ સેવા કરનારો નિશ્ચિતપણે મોક્ષના મેવા મેળવતો.

હવે કહું સંત નિરલોભી

ભાવનગરથી વિદાય લઈ ત્રિદિવસીય પારાયણ માટે તાજપુર પધારેલા સ્વામીશ્રી અહીં રોજ સવારે 'વચનામૃત' સંભળાવતા. આ અમૃતધારાના

કિનારે ઊભા રહી તેઓએ તા. ૧૬/૩ના રોજ ગામમાં યજ્ઞેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા કરી. આ ધર્મસ્થાનના નિર્માણમાં સ્વામીશ્રીએ સંસ્થા અને સત્સંગીઓ દ્વારા ઘણું મોટું આર્થિક અનુદાન અપાવેલું.

તેના ઉદ્‌ઘાટન પ્રસંગે આશીર્વાદ આપતાં તેઓએ કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિથી જ આ ગામનો વિકાસ થયો છે. એમનું નામ યજ્ઞપુરુષદાસ હતું. એમના નામ ઉપરથી આ 'યજ્ઞેશ્વર મહાદેવ'નું નામ પડ્યું છે. શાસ્ત્રીજી મહારાજનું નામ યાદ કરીને જે સંકલ્પ કરશું તે મહાદેવ જરૂર પૂરા કરશે.'

આમ, મહાદેવ-ગુરુદેવને અંજલિ આપી નીકળેલા સ્વામીશ્રી લાઠીદડ સ્ટેશને આવેલા બાલા હનુમાન મંદિરને પાવન કરતાં સારંગપુર થઈને જાળીલા પધાર્યા. અત્રે તેઓના વરદહસ્તે તા. ૧૬/૩ના રોજ જ્ઞાનયજ્ઞ હાઈસ્કૂલનું ખાતમુહૂર્ત થયું. ત્યારબાદ તેઓ ચંદરવા અને અમદાવાદને લાભ આપતાં તા. ૧૮/૩ની સાંજે મુંબઈ આવી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રી તા. ૧૯/૩ના રોજ પૂજાવિધિ બાદ નિજનિવાસ તરફ ગતિ કરી રહેલા તે વખતે દોડી આવેલા એક યુવાને સાધુ થવા માટે આશીર્વાદ માંગ્યા, પરંતુ તેની આ મુમુક્ષુતાને ટકોરાબંધ કરવા સ્વામીશ્રીએ કહ્યું: 'સાધુ થવામાં સહન કરવું પડશે. સો જાતની મુશ્કેલીઓ આવશે. તેમાંથી પાર ઊતરવાની તૈયારી, સમજણ હોય તો જ વાત કરજે.'

આ અભિપ્રાય સાથે વિચરતા તેઓ આ અરસામાં જ્યાં જતા ત્યાં દ્વિશતાબ્દીની સેવાનાં પડઘમ ગજાવતા રહેતા. તે સાંભળી ગુજરાતથી આવેલા હરિભક્ત શ્રી જશવંતભાઈ પરમારના અંતરમાં સેવાનો ઊભરો આવી જતાં તેઓએ આજે એક કોરો ચેક જ સ્વામીશ્રીના હાથમાં ધરી દીધો. તેમાં સ્વામીશ્રી જે આંકડો પાડે તેટલી સેવા કરવાનો તેઓને ઉમંગ હતો.

પરંતુ મોકળું મેદાન મળ્યું એટલે સ્વામીશ્રી દોડવા ન માંડ્યા. તેઓએ તેમાં દ્વિશતાબ્દી મહોત્સવને લક્ષમાં રાખી સ્વહસ્તે માત્ર ૨,૨૨૨નો આંકડો પાડ્યો અને નીચે હસ્તાક્ષર પણ કરી આપ્યા. એ ચેક સ્વામીશ્રીના નિર્લોભી-પણાનો દસ્તાવેજ બની રહ્યો.

મરુભૂમિમાં મમતામેઘ

મુંબઈમાં દોઢ દિવસનું ટૂંકું રોકાણ કરી સ્વામીશ્રી જ્યારે તા. ૨૦/૩ની સવારે ૭:૧૦ વાગ્યે 'ગલ્ફ ઍર'ના વિમાનમાં બેસી ગગનગામી બન્યા ત્યારે

તેઓની દસમી વિદેશ-ધર્મયાત્રાનો મંગલ પ્રારંભ થયો.

આ વખતે તેઓનો મમતામેઘ અખાતી પ્રદેશોની મરુભૂમિ પર વરસવાનો હતો. તે પૂર્વે અધ્ધર આકાશમાં જ આ અમૃતવર્ષાથી ભીંજાવાનું સદ્‌ભાગ્ય ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓને મળ્યું. તાજેતરમાં જ ઑસ્ટ્રેલિયા ખાતે રમાયેલી 'બેન્સન ઍન્ડ હેજીસ' નામની એકદિવસીય સ્પર્ધામાં વિશ્વ-વિજેતા બનેલી આ ટીમ હવે રોથમેન્સ કપની સ્પર્ધા ખેલવા ઊડી રહેલી. તેને અચાનક સ્વામીશ્રીનો યોગ સાંપડી જતાં ટીમના આધારભૂત ખેલાડીઓ સ્વામીશ્રીના આશીર્વાદ પામી ધન્ય થયા.

એ જ રીતે મસ્કતના ઍરપોર્ટ પર પોણો કલાકનો વિશ્રામ લઈ આ દેશને પણ પાવન કરતાં સ્વામીશ્રી સ્થાનિક સમય મુજબ દસ વાગ્યે શારજાહના વિમાની મથકે ઊતર્યા. અત્રે સ્વાગતમાં ઉપસ્થિત સ્થાનિક આગેવાન શ્રી ભગવાનદાસ ભાટિયા વગેરે મહાનુભાવો તથા સત્સંગીઓનો ઉમળકાભર્યો આવકાર ઝીલી સ્વામીશ્રી પોણા બાર વાગ્યે ડેરા દુબઈમાં આવેલા મંદિરે પધાર્યા. અહીં એકઠો થયેલો ભક્ત-ભાવિક વર્ગ પણ સ્વામીશ્રીનાં દર્શનમાત્રથી રણમાં વસંતની આહ્‌લાદકતા અનુભવી રહ્યો.

આ અનુભૂતિ તા. ૨૩/૩ના રોજ રાસ-અલ-ખૈમાના મુમુક્ષુઓને પણ હાથ લાગી. અત્રે નગીનભાઈ પટેલના ઘેર સત્સંગ-સભાનો લાભ આપનારા સ્વામીશ્રીએ તા. ૨૪/૩ના રોજ શારજાહને પાવન કર્યું. અહીં ભીખુભાઈ ધાનકના કારખાનામાં યોજાયેલી જાહેર-સભામાં તેઓનાં દર્શન પામી શીખ બંધુ કરતારસિંઘ બોલી ઊઠ્યા: 'आज तक मैंने कहीं भी ऐसी शांति नहीं पाई, जो आज स्वामीजी के दर्शन से मिली!'

સ્વામીશ્રીનાં દર્શનની આ ફલશ્રુતિ માણનારા અનેક મળી આવે.

જેને લાગી પ્રભુપદે લગની

દુબઈમાં આગેવાન સત્સંગી શ્રી રોહિતભાઈ પટેલના ઘેર રોકાયેલા સ્વામીશ્રી દિવસ દરમ્યાન મુમુક્ષુઓનાં ઘેર પગલાં પાડતા. આ સમયે અરબસ્તાનની ગરમી અને અવારનવાર ઊડતી ઝીણી રણરેતથી તેઓની આંખોને સાચવવા સ્વામીશ્રીને ગોગલ્સ ધારણ કરાવવામાં આવતા.

તે અનુસાર તા. ૨૬/૩ના રોજ પણ તેઓને ગોગલ્સ આપવામાં આવ્યા, પરંતુ તેને ન પહેરતાં સ્વામીશ્રીએ આ વસ્તુ હાથમાં જ પકડી રાખી.

આ રીતે ખાસ્સો સમય વીત્યો એટલે એક સંતને થયું: 'સ્વામીશ્રીને ગોગલ્સ નહીં પહેરવા હોય!'

આમ વિચારી તેઓ તે પાછા લેવા ગયા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આ નવા (ગોગલ્સ) છે, માટે ઠાકોરજીને ધરાવીને મને આપજો.'

બળબળતાં રણ હોય કે લીલાંછમ વન, પરંતુ સ્વામીશ્રીની ભક્તિધારા અખંડિત વહેતી.

એવો જ એકધારો રહેતો તેઓના વૈરાગ્યનો વેગ. તેના પ્રવાહમાં તા. ૨૭/૩ની સવાર ખેંચાઈ ગઈ.

આ વખતે અલ્પાહારની વાનગીઓને રજતપાત્રોમાં મૂકી જ્યાં સેવક હાજર થયા ત્યાં જ સ્વામીશ્રીની સૂચના આવી કે 'ચાંદીની થાળીમાં નાસ્તો ન લાવવો. હવેથી ફરી વાર આ અંગે કહેવું ન પડે.' આમ કહેતાં સ્વામીશ્રીએ આજે પણ એ કિંમતી વાસણોને ઠેલી દીધાં. તે સમયે તેઓનું વૈરાગ્યવંત સ્વરૂપ ચમકતી ચાંદી જેવું જ દેદીપ્યમાન ભાસી રહ્યું.

અબુધાબીમાં અમૃતધારા

તા. ૨૭/૩ની રાત્રે અબુધાબીમાં થયેલું સ્વામીશ્રીનું આગમન બે વર્ષથી વર્ષા માટે ટળવળતા આ દેશમાં વરસાદ લઈને આવતાં સૌને તે શુકનિયાળ લાગ્યું. તેની અસર અહીંના ત્રણ દિવસના કાર્યક્રમ પર પણ વર્તાતી રહી. તેથી તા. ૨૮/૩ની સાંજે 'ઇન્ડિયન સોશિયલ ક્લબ'માં યોજાયેલી સભા ચિક્કાર થઈ ગઈ, તો તા. ૨૯/૩ની સવારે 'દિવ્ય જીવન સંઘ' અને 'સ્વાધ્યાય'ના કાર્યવાહકો પોતાનાં સત્સંગ-કેન્દ્રો પર સ્વામીશ્રીને લઈ ગયા.

એટલું જ નહીં, અત્રે શ્રી રમણિકભાઈ દેપાલાના ઘેર યોજાતી સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં પાથરવા માટે અલેઈન શહેરના એક મુસ્લિમ બિરાદરે તો ટોપલો ભરીને ગુલાબ મોકલી આપ્યાં. પૂર્વનિર્ધારિત કાર્યક્રમ મુજબ સ્વામીશ્રી આ મુરબ્બીને ઘેર પધારવાના હોવાથી તેઓએ પોતાનું સમગ્ર ઘર સ્વચ્છ કરી દીધેલું, પરંતુ સંજોગોવશાત્ કાર્યક્રમ રદ થતાં આ પાક બંદાએ પોતાનો ભાવ ગુલાબોમાં ભરીને મોકલી આપ્યો. કોઈ પણ ધર્મના બાગમાં ભક્તિનાં ફૂલ ખીલવી શકતો સ્વામીશ્રીનો સહવાસ કેવો અનન્ય હતો!

આવા અનોખા અનુભવોથી અબુધાબીને આનંદ આપી સ્વામીશ્રી તા. ૩૦/૩ની સવારે વિદાય થયા ત્યારે તેઓને વળાવવા આવેલા ભક્તો-

ભાવિકોની આંખોમાં આંસુ સાથે અહોભાવ પણ હતો. જે દેશમાં વરસાદ પડે તેની પ્રાર્થના કરવા માટે ચાર મહિના પહેલાં ખાસ જાહેર રજા ઘોષિત કરવામાં આવેલી, તે દેશમાં સ્વામીશ્રીના નિવાસના ત્રણેય દિવસ દરમ્યાન આકાશ વાદળછાયું રહેલું અને ગઈકાલની રાત્રે તો ધોધમાર વરસાદ પણ વરસી ગયેલો!

પ્રકૃતિને પલટવામાં અક્ષરબ્રહ્મને શું દાખડો! પછી ભલે ને તે પ્રકૃતિ આંતરિક જ હોય કે બાહ્ય!

બ્રહ્મચારીઓમાં સર્વપ્રથમ

અબુધાબીથી દુબઈ પરત ફરેલા સ્વામીશ્રીની પધરામણી અને સભા તા. ૩૦/૩ની સાંજે વાઈસ કોન્સલ શ્રીવાસ્તવના ઘેર રાખવામાં આવેલી. તે માટે આ રાજદ્વારી સ્વયં પોતાની ગાડી લઈને સ્વામીશ્રીની સેવામાં હાજર થઈ ગયેલા. તેઓના ઘેર પણ પ્રતિષ્ઠિતોની પરિષદનો માહોલ રચાયેલો. પરંતુ મહાનુભાવોના આ મેળાવડામાં નોખી ભાત પાડી રહેલા પૂજ્ય પુષ્પરાજજી સ્વામીશ્રી પધારતાં જ ભાવોર્મિ વ્યક્ત કરવા લાગ્યા કે 'આપના વિષે ઘણું સાંભળ્યું હતું. દર્શનની ઇચ્છા ખૂબ હતી.'

ત્યારબાદ જાહેર-સભામાં પણ આ ધર્માચાર્યે જણાવ્યું: 'પ્રમુખસ્વામી કયા દેવને માને છે અને એમનો સિદ્ધાંત શું છે એવા ઊંડાણમાં ન જતાં હું તો તેમના આચરણને જોઉં છું. જો કોઈ એક દિવસ પણ બ્રહ્મચર્યનું પાલન કરે તો દેવતાઓ તેમનાં ચરણે શીશ ઝુકાવી જાય છે. તો પછી પ્રમુખસ્વામીએ તો આખું જીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું છે. બ્રહ્મચારીઓમાં જો હું પ્રમુખસ્વામીને સર્વપ્રથમ સ્થાન આપું તો તેમાં જરા પણ અતિશયોક્તિ નથી. તેઓ જ્યાં પગલાં પાડે છે તે ધરતી પવિત્ર થઈ જાય છે.'

આમ, પોતાના ધર્મનિષ્ઠ જીવનથી સૌને ડોલાવતા સ્વામીશ્રી આ સભા બાદ દુબઈ ખાતે નિયુક્ત ભારતીય કોન્સલ જનરલ શ્રી અરુણકુમારના નિવાસસ્થાને સત્સંગ-લાભ આપી રાત્રે અગિયાર વાગ્યે ભોજન ભેગા થયા!

દેશ હોય કે પરદેશ, તેઓની ભીડાભક્તિનો તાલ કદી તૂટતો નહીં.

તેથી જ આ યાત્રા દરમ્યાન તા. ૨૧/૩ના રોજ સ્વામીશ્રી બોલી ગયેલા કે 'માખી જેમ નિચોવાઈ જાય એમ હવે આખું શરીર નિચોવાઈ ગયું છે. ખૂબ થાક લાગે છે.'

સત્સંગ અને સમાજ માટે તેઓએ દિન-રાત વેઠેલા પરિશ્રમના સરવૈયા સમું આ વિધાન સૌને દ્રવિત કરી ગયું, પરંતુ આજે આશ્ચર્ય એ થાય છે કે આવા 'ખૂબ થાક' અનુભવતા શરીરે પણ વધુ ૩૧ વર્ષ સુધી ઉમંગભેર સેવા કરતા રહેનારા સ્વામીશ્રીની ક્ષમતા કેટલી! એ સ્વામીશ્રીની કરુણા કેટલી!! એ સ્વામીશ્રીએ વેઠેલી તકલીફો કેટલી!!! આ ત્રિવેણીનું તળિયું કોઈના હાથમાં આવે એમ નથી.

हिन्दुस्तान यहाँ खड़ा हो गया

આ વર્ષે શ્રીહરિ જયંતીનો ઉત્સવ ઊજવવાનું લાંભું દુબઈના ભાગે આવ્યું હોવાથી સિંધી શેઠ શ્રી લખા લૂલા અને તેઓના પરિવારે પોતાની આલીશાન હૉટલને જ આ અવસરનું આંગણું બનાવી દીધું. તેઓની 'એસ્ટોરિયા' પંચતારક હૉટલમાં તા. ૩૧/૩ની રાત્રે જ્યારે 'સ્વામિનારાયણ જયંતી'નો ઉત્સવ પૂરો થયો ત્યારે તેમાં હાજર રહેલા કોન્સલ જનરલ, વાઈસ કોન્સલ સહિત પ્રત્યેક સભાજનના હૈયેથી ફૂટી નીકળેલો ઉદ્‌ગાર હતો: 'हिन्दुस्तान यहाँ खड़ा हो गया।'

મંચની સજાવટ, 'રઘુપતિ રાઘવ...'ની ધૂન, 'પ્રેમવતી સુત જાયો...' કીર્તનના સૂર-સ્વર, 'રામ અને ઘનશ્યામ' વિષયક સંતવાણી, સ્વામીશ્રીના આશીર્વાદ, જન્મોત્સવની આરતી, પારણે ઝૂલતા ઠાકોરજી, 'ધર્મ ઘેર આનંદ ભયો...'ના ઘોષ, તેના તાલે ઝૂમતાં બાળકો અને પંચાજીરીનો પ્રસાદ – આ સમગ્ર સાજે આજે સૌને ભુલાવી દીધું કે 'આપણે દુબઈની ફાઈવ સ્ટાર હૉટલમાં બેઠા છીએ.' આજની આધ્યાત્મિક આબોહવાએ સૌને છપૈયાની ખેપ કરાવી દીધી.

પરદેશમાં વિચરતા સ્વામીશ્રીનું આ જ કાર્ય રહેતું – જ્યાં જઈએ ત્યાં ભારત ખડું કરી દેવું, સંસ્કૃતિનાં મૂલ્યો પ્રસરાવી દેવાં, વતનથી દૂર ગયેલાને વતનની હવામાં લાવી દેવા.

તે માટે જ તા. ૪/૪ના રોજ દુબઈથી મસ્કત પધારેલા સ્વામીશ્રી અત્રે કનકશીભાઈના વિશાળ બંગલામાં આવી પહોંચ્યા ત્યારે આ યજમાને સ્વાગતમાં રખાયેલું લીંબુનું શરબત તેઓ સમક્ષ ધર્યું. પરંતુ બીજી ગાડીમાં આવી રહેલા હરિકૃષ્ણ મહારાજ હજી પધાર્યા નહોતા. તેથી સ્વામીશ્રીએ કહ્યું: 'ઠાકોરજી આવે પછી ધરાવીને પીએ.'

થોડી વારમાં ઠાકોરજી આવતાં તેઓને ધરાવીને સ્વામીશ્રીને શરબત આપવામાં આવ્યું, પરંતુ તેઓએ તે પ્રવાહી ગ્રહણ ન કરતાં કહ્યું: 'આ ચાંદીનો વાટકો છે. સ્ટીલના વાટકામાં લાવો.'

આમ, આજે સ્વામીશ્રીના સાંનિધ્યમાં વીતતી એક-એક પળ અદ્‌ભુત અનુભવ કરાવતાં પસાર થઈ રહી.

આ જ અનુભૂતિ આજની રાત્રે જમનાદાસ ખીમજીના કેમ્પમાં યોજાયેલી સભામાં હાજર રહેલા હજારેક ભાવિકો પણ કરી રહ્યા. તે સૌએ સ્વામીશ્રીના આગમનને કાંસીજોડાં, નરઘાં વગેરેના તાલે નાચતાં-કૂદતાં વધાવ્યું.

એ જ રીતે તા. ૫/૪ના રોજ ઘાલા કેમ્પમાં સભા યોજાઈ, તો તા. ૬/૪ની સાંજે ઇન્ડિયન સેન્ટ્રલ સ્કૂલમાં ભરાયેલી જાહેર-સભામાં આવી ભારતીય રાજદૂત ડૉ. ઈસાક પણ ધન્યતા અનુભવી રહ્યા.

તેને અનુસરતાં તા. ૭/૪ના દિવસે 'મસ્કત ફાર્મસી'માં ગોઠવાયેલી સત્સંગ-સભામાં તો આ સભા-સ્થળના માલિક શ્રી શામળદાસ મહેતાએ સ્વામીશ્રીને કહી દીધું કે 'આપ જેવા સંતે આ ભૂમિ પર પ્રથમ વાર જ પગલાં કર્યાં. બીજા કદાચ આવ્યા હશે, પણ જેણે બોલાવ્યા હોય એના ઘેર બે-ત્રણ દિવસ રોકાઈને જતા રહે, પરંતુ આ રીતે જાહેરમાં ભવ્ય કાર્યક્રમ કોઈએ કર્યા નથી.'

આ અહોભાવ સાથે ઘણા મસ્કતવાસી મુમુક્ષુઓ સ્વામીચરણે મસ્તક નમાવતા રહ્યા.

बाहरीन में 'बहार'

તા. ૮/૪ના રોજ મસ્કતથી નીકળેલા સ્વામીશ્રી દોહાના ઍરપોર્ટ પર અલ્પ રોકાણ કરી રાત્રે નવ વાગ્યે બાહરીન પધારતાં જ, જેના કાંઠે દરિયો હિલોળા લઈ રહ્યો છે એવા આ દેશમાં ભક્તોના દિલદરિયા પણ રમણે ચડ્યા.

અત્રે સ્વામીશ્રીના પ્રથમ આગમનને ભક્તોએ હરખભેર વધાવ્યું. તેને પ્રતિસાદ આપતાં સ્વામીશ્રીએ અહીંના રોકાણ દરમ્યાન તા. ૧૧/૪ના રોજ 'ઇન્ટરનેશનલ હૉસ્પિટલ ઑફ બાહરીન', ઇન્ડિયન સ્કૂલ તથા શ્રીનાથજીની હવેલીમાં પગલાં પાડ્યાં.

આ જ હવેલીમાં તા. ૧૨/૪ની સાંજે પણ સભા યોજાઈ. તેની સમાપ્તિ થતાં સ્વામીશ્રીને મળવા દોડી આવ્યા એક પાકિસ્તાની પોલીસ. હવેલીના દ્વારે ફરજ બજાવવા ઊભા રહેતા આ સુરક્ષાકર્મીએ બે દિવસ દરમ્યાન સ્વામીશ્રીને

અહીં આવતા-જતા જોયેલા. તેની અનુભૂતિ વર્ણવતાં આજે તેઓ બોલ્યા : 'સ્વામીજીનાં દર્શનથી મારા અંતરમાં શાંતિ થઈ ગઈ.'

આમ, દર્શનમાત્રથી સૌનાં હૈયાં ઠારતા સ્વામીશ્રી તા. ૧૩/૪ની સાંજે ચંદ્રકાંતભાઈ પટેલના ઘેર જઈ પહોંચ્યા. આ સ્થળે જ મંડળની અઠવાડિક સભા દર શુક્રવારે યોજાતી. તે સ્થાનમાં અમૃતધારા વહાવી સ્વામીશ્રી આજની રાત્રે શ્રી ધ્રુવકુમારના બંગલે આરામમાં પધારતી વખતે બોલ્યા :

"હવે તો કાંઈ સેવા થતી નથી. પહેલાં તો ખૂબ મજા આવતી. હું શાસ્ત્રીજી મહારાજની સેવામાં હતો ત્યારે તેમનીય સેવા કરતો તથા હરિભક્તોનીય કરતો. પહેલેથી સેવા-સરભરાનું અંગ પડી ગયેલું. મને શાસ્ત્રીજી મહારાજે કહેલું કે 'સાથે ફરતા હરિભક્તો ને સમૈયામાં આવેલા હરિભક્તોનું ધ્યાન રાખવું.' અત્યારે તો રૂમમાં બેસીને જમી લેવાનું. 'કોણ શું જમે છે ?' તે ખ્યાલ જ ન આવે. પહેલાં અમે બધુંય કરતા. હવે કાંઈ થતું નથી."

સ્વામીશ્રીના મુખેથી અનાયાસે સ્વવૃત્તાંતની આ સરવાણી ફૂટી નીકળી. તેમાં તેઓના સેવામય જીવનનું પ્રતિબિંબ ઝિલમિલતું સૌ જોઈ રહ્યા.

અંતે સંતોને પણ સેવાધર્મ શીખવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'તમારે અત્યારે તો પતિવ્રતાની ભક્તિ. બસ ! સ્વામીનું આવી ગયું એટલે બધું જ આવી ગયું. પણ સાથે ફરતા હરિભક્તોનો ખ્યાલ રાખવો. જમવા-ઉતારાની સંભાળ લેવી.'

ધનિક બાપને ધનવાન બેટો જ ગમે ને ! શિક્ષિત પિતા ભણેલો દીકરો જ ઇચ્છે ને ! તેમ સેવાભાવી સ્વામીશ્રીને પણ સેવાભાવી સંતાનોની જ કામના રહે ને !

સર્વે લોક હસ્તામળ જેને

સમયની દૃષ્ટિએ ટૂંકી પણ અસરોની રીતે દૂરગામી બની રહેનારી અખાતી દેશોની વિદેશયાત્રાએથી, સ્વામીશ્રીને સ્વદેશ પરત લાવનારા 'કાવેરી' વિમાનનાં પૈડાં ભારતની ભૂમિને સ્પર્શ્યાં ત્યારે તા. ૧૪/૪ની રાત્રિનો દોઢ વાગેલો,[૨૬] પરંતુ સ્વામીશ્રીનાં દર્શનથી મુંબઈવાસી ભક્તોના અંતરમાં

૨૬. અખાતી પ્રદેશની રણરેતમાં સ્વામીશ્રીએ મહોરાવેલી સત્સંગની વસંતનો વૈભવ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

અજવાળું વ્યાપી વળ્યું. તે સૌનું સ્વાગત સ્વીકારી સ્વામીશ્રી મુંબઈ મંદિરે જઈ પોઢ્યા ત્યારે મધ્યરાત્રિના અઢી વાગી ચૂક્યા.

છતાં બીજા દિવસની સવારથી જ ભક્તોનો ધસારો અને સંસ્થાકીય મીટિંગોનો મારો ચાલુ થઈ ગયો. તેમાં સ્વામીશ્રીએ અમદાવાદથી આવેલા સંતોને જોયા એટલે પૂછ્યું: 'તમે પાછા ક્યારે જવાના છો?'

'રાત્રે આઠ વાગ્યે નીકળવાનું થશે.'

'ટપાલ લખી રાખીશ. લઈને જજો.'

આ વાર્તાલાપ બાદ સાંજ ઢળતાં વાર ન લાગી. પરંતુ સંતોને આઠને બદલે નવ વાગ્યે નીકળવાનું થયું. તેથી સભામાં પત્રલેખન કરી રહેલા સ્વામીશ્રીને પુરુષોત્તમચરણદાસ સ્વામી કહેવા ગયા: 'અમે એક કલાક મોડા નીકળવાના છીએ. માટે નિરાંતે પત્ર લખજો.'

'તમારે જ્યારે નીકળવું હોય ત્યારે નીકળજો. અમારી બધી ટપાલો તૈયાર છે.' આમ કહી સ્વામીશ્રીએ પગ નીચેથી ટપાલોનો થોકડો કાઢી તેઓને આપ્યો.

તે જોઈ ટપાલ લેનારા એ સંત ચકિત થઈ ગયા કે 'વિદેશયાત્રાનો થાક, રાત્રિનો ઉજાગરો, મુલાકાતીઓની ભીડ અને મીટિંગોના દોરમાંથી ક્યારે સમય કાઢીને સ્વામીશ્રીએ આ ટપાલોની થપ્પી લખી દીધી હશે!'

મર્યાદિત સમયમાં હદ બહારનાં કામોને થાળે પાડવાની સ્વામીશ્રીની ક્ષમતા સૌ માટે હંમેશાં આશ્ચર્યનો વિષય જ રહેલી.

પરંતુ ટપાલ લેનારનું આ વિસ્મય બેવડાયું તો તેઓ અમદાવાદ પહોંચ્યા ત્યારે! સ્વામીશ્રીએ આપેલા પત્રોની થોકડીમાં એક કાગળ હતો બ્રહ્મપ્રકાશદાસ સ્વામીનો. તેઓને જ્યારે એ પત્ર આપવા પેલા સંત ગયા ત્યારે તેઓ બીમાર હોવાથી સૂતા હતા, પણ પત્ર સ્વામીશ્રીનો હોવાથી જગાડીનેય આપ્યો.

તે જોતાં જ એકદમ હરખાઈ ઊઠેલા પેલા બીમાર સંત બોલ્યા: 'હમણાં જ હું સ્વપ્નમાં સ્વામીબાપાને મીઠો ઠપકો આપતો હતો કે તમે પરદેશ ગયા ને અમને ભૂલી ગયા? અમને એક પત્ર પણ લખ્યો નહીં? ત્યાં તો તમે આવ્યા ને બાપાનો આ પત્ર મને આપ્યો!'

આ સાંભળનારા સૌને સ્વામીશ્રી *'જાણે મનની વારતા તેને, સર્વે લોક હસ્તામળ જેને...'* સમા જણાયા.

ઇન્દ્રિય જીતી ભજે જગદીશ

મુંબઈના રોકાણ દરમ્યાન તા. ૧૭/૪ની રાત્રે વાળુ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ એક સંતે ગમ્મતમાં મમરો મૂક્યો કે "શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે – 'આજ્ઞા ભેળી મૂર્તિ આવે છે.' પરંતુ તે કરતાં આપણે જ મૂર્તિ ભેળા જઈએ તો મૂર્તિને તકલીફ ઓછી ને !"

'એમાં (સત્પુરુષની જોડે ફરવામાં) સારું લાગે, પણ સુખ ન આવે. થોડા દિવસમાં રંગ ઊતરી જાય; અને પેલું તો અખંડ સુખ અને શાંતિ રહે.' સ્વામીશ્રી બોલ્યા.

આ રીતે મજાકમાં પણ મજકૂર પીરસતા તેઓ મુંબઈમાં છ દિવસનું રોકાણ કરી કોસંબા પધાર્યા ત્યારે અહીં દ્વિશતાબ્દી નિમિત્તે વિચરણ કરતા ચાર પાર્ષદોએ વિરાટ યજ્ઞનું આયોજન કરેલું. તેમાં તા. ૨૧/૪ની સવારે પૂર્ણાહુતિનું શ્રીફળ હોમી સ્વામીશ્રી ચીખલી, બિલિમોરા, અમલસાડ અને દેવધાને લાભ આપતાં તા. ૨૨/૪ની સાંજે નવસારી આવી પહોંચ્યા.

અહીં તા. ૨૩/૪ના રોજ આવેલી અખાત્રીજના શુભ દિવસે નૂતન મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે યજ્ઞ યોજાયો હતો. પરંતુ તેના પ્રારંભ પૂર્વે જ વરસાદ શરૂ થયો. તે જોઈ સૌને ફાળ પડી ત્યારે સ્વામીશ્રી હસતાં-હસતાં બોલ્યા: 'શાસ્ત્રમાં યજ્ઞ પછી વરસાદનું લખ્યું છે. આ પહેલાં થયો. શુકન થયાં.'

જ્યાં માનવી મુશ્કેલી જુએ ત્યાં સ્વામીશ્રી મહેર જોતા. તેઓના અખંડ આનંદનું એક રહસ્ય આ પણ હતું.

અલબત્ત, તેઓની કૃપાથી આ કમોસમી વરસાદ ઝાઝો ન ટક્યો અને યજ્ઞ નિર્વિઘ્ને પૂરો થયો. પરંતુ સાંજે નીકળનારી શોભાયાત્રાને માથે પણ વિઘ્ન તોળાઈ રહેલું, કારણ કે આ અરસામાં સમગ્ર ગુજરાતમાં ફાટી નીકળેલા અનામત આંદોલનની આગમાં નવસારી હોમાયું હતું. ધમાલે ચડેલા યુવાનોએ આ શહેરની શાંતિને બાનમાં લીધી હતી, પણ આશ્ચર્ય સાથે આ યુવાનોએ જ ઘોષણા કરી દીધી કે 'સ્વામિનારાયણની નગરયાત્રા હોવાથી આંદોલન સંબંધી કાર્યક્રમો એક દિવસ પૂરતાં બંધ રહેશે.'

સ્વામીશ્રીની શુભ ભાવનાઓ અને પ્રવૃત્તિઓનાં આંદોલનો દેવ-માનવ સહિત સૌની પ્રકૃતિમાં પરિવર્તનો લાવી દેતાં.

તેથી સુગમ થયેલી શોભાયાત્રા રેલવે સ્ટેશનથી શરૂ થઈ. તેમાં

આદિવાસીથી પરદેશી સુધીના આશરે ૭,૦૦૦ ભક્તો હોંશે હોંશે જોડાયા.

આ નગરયાત્રાનું વિરામ-સ્થળ જ્યાં હતું તે ધીરુભાઈ દેસાઈના બંગલે પટાંગણમાં જ સ્વામીશ્રીને બેસવા માટે ટ્રેક્ટરની ટ્રોલી પર સુંદર આસન સજાવવામાં આવેલું. પરંતુ ત્યાં જતાં પૂર્વે સ્વામીશ્રીને શૌચ-સ્નાનની ક્રિયા કરી લેવાની ઈચ્છા હતી. છતાં નગરયાત્રાનાં નગારાં સંભળાયાં એટલે આ દેહક્રિયા મુલતવી રાખી સ્વામીશ્રી સૌને દર્શનદાન દેવા બહાર આવ્યા.

અત્રે નગરયાત્રાના સમાપન બાદ સૌને મંદિરે લઈ જવાની ગોઠવણ કરેલી, પણ ફૂલ આગળથી ભમરાઓ ઝટ ખસે ? સૌ સ્વામીશ્રીના મુખકમળની માધુરીનું પાન કરતાં ત્યાં જ ચોંટી રહ્યા. તેથી સ્વામીશ્રીએ સભા કરવાનો આદેશ આપ્યો અને પોતે પણ શૌચ-સ્નાન ઠેલીને સભામાં બેઠા.

આ સભા બાદ શરૂ થયેલી સંધ્યા આરતીમાંયે સ્વામીશ્રી રોકાયા. આરતીનો વિધિ પૂરો થયો ત્યાં મુલાકાતીઓની હારમાળા ખડકાઈ ગઈ. તેમાંથી તેઓ પરવાર્યા ત્યાં તો કીર્તન આરાધનામાં જવાનો સમય થઈ ગયો. આ કાર્યક્રમમાં હાજરી આપી સ્વામીશ્રી ઉતારે પરત ફર્યા ત્યારે સ્થાનિક કાર્યકરો મીટિંગ માટે ઉપસ્થિત થઈ ગયેલા. તે બેઠક આટોપી સ્વામીશ્રી કાચ વાગવાને કારણે ઈજાગ્રસ્ત થયેલા આચાર્ય સ્વામીના [illegible] જોવા પહોંચ્યા. ત્યાંથી તેઓ રાત્રે પોણા બાર વાગ્યે ઉતારે આવ્યા ત્યારે તેઓને શૌચ-સ્નાન કરવાનો મેળ પડ્યો !

સતત સાત-સાત કલાક સુધી પોતાની દેહક્રિયાઓ દાબીને સ્વામીશ્રીએ એકેએક કાર્યક્રમને સાચવી લીધો !

નવસારીને નમણું નજરાણું

તા. ૨૪/૪ની સવારે અમદાવાદ અને મુંબઈને જોડતા રાષ્ટ્રીય રાજમાર્ગ પરથી પસાર થતાં વાહનોની ગતિ નવસારી આવતાં જ આપમેળે મંદ પડી જવા માંડી, કારણ કે આ શહેરની પૂર્વ ક્ષિતિજે જાણે બીજો સૂર્ય ઊગ્યો હોય તેવો ઝળહળાટ વ્યાપી વળ્યો.

હા, અહીં નવનિર્મિત મંદિર પર ચઢેલા કળશોની કાંતિ સૌને આંજી રહેલી. છેલ્લાં પચીસેક વર્ષો દરમ્યાન ખીલેલો અહીંનો સત્સંગ આજે એ કળશ અને તેને ધરી રહેલા મંદિર દ્વારા નીખરી રહેલો. કંઈક ભક્તોની સેવા-ભક્તિએ મહોરાવેલા આ મંદિરમાં સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા

ત્યારે અપૂર્વ હર્ષોલ્લાસ છવાઈ રહ્યો.

સ્વામીશ્રીએ જ્યારે આ મંદિરની જમીન પ્રથમ વાર જોયેલી ત્યારે તેઓ બોલેલા: 'અહીં સર્વોપરી મંદિર થશે.' એ વચનો આજે સૌને પૂર્ણ થતાં લાગ્યાં. પરંતુ એક સ્વામીશ્રી જ જાણતા હતા કે 'આ તો હજી શરૂઆત છે.'

આમ, મંદિરરૂપે નવસારીને નમણું નજરાણું આપી તેઓ એ જ દિવસે કુરેલ પધાર્યા.

અહીં તેઓનો નિવાસ ડાહ્યાભાઈના જે નવા મકાનમાં હતો તેનું નિર્માણ હજી સંપૂર્ણ થયું ન હોવાથી બારી-બારણાં જડાયાં નહોતાં. તેથી તે બાખાંઓને ગાદલાં-ધાબળાં રાખીને બંધ કરાયેલાં. છતાં સ્વામીશ્રીએ અહીં સામે ચાલીને ઉતારો રખાવેલો. તેઓનો આ સ્નેહ જોઈ યજમાન ભક્ત તો ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

આવા સ્નેહાળ સ્વામીશ્રી રાત્રે સભા બાદ જ્યારે ઉતારે આવ્યા ત્યારે રજાઈઓ ખંખેરી રહેલા એક સંતને જોઈ તેઓએ પૂછ્યું: 'શું કરો છો?'

'રજાઈઓમાં ધૂળ વળગી હોય તો તે સાફ કરું છું.'

'આ શરીરેય ધૂળનું જ છે ને!' સ્વામીશ્રીના મુખમાંથી સમજણ સરી પડી.

શરીરને ધૂળના ઢગલાથી વિશેષ ન સમજતા તેઓને શરીર-સંભાળ માટે થતી નાની-શી તજવીજ પણ ખૂંચતી.

અમોઘ અને અદ્ભુત બાંયધરી

તા. ૨૫/૪ની સવારે સ્વામીશ્રી ડાહ્યાભાઈના મકાનનું વાસ્તુ કરતાં પૂર્વે રણછોડભાઈના ઘેર અલ્પાહાર માટે પધાર્યા. આ ભાવિક નવસારીમાં યોજાયેલા યજ્ઞમાં મુખ્ય યજમાનપદે બેઠેલા. તે સમયના સ્વામીશ્રીનાં દર્શને આ જૈન સંપ્રદાયના અનુયાયી પર અમીટ છાપ છોડેલી.

તેથી આજે અલ્પાહાર બાદ તેઓ સ્વામીશ્રીને ધાબળો ઓઢાડવા આવ્યા ત્યારે ગદ્ગદ કંઠે બોલ્યા: 'બાપા! તમે બહુ દયા કરી. બાપા! અંતરમાં બહુ ભાવ આવી ગયો છે. મારા અંતકાળે જરૂર તેડવા આવજો.'

આ જ રીતે આજની સાંજે સ્વામીશ્રીની વિદાય વેળાએ પણ તેઓએ કહ્યું: 'બાપા! મને આપનો હાથ પકડવા દો. મારો હાથ છોડશો નહીં.'

'ભૂત વળગ્યું એ પણ મૂકતું નથી, તો આ સ્વામિનારાયણના સાધુ ક્યાંથી મૂકશે?' સ્વામીશ્રીના મુખેથી અમોઘ અને અદ્ભુત બાંયધરી સરી પડી.

તે કેવળ એક વ્યક્તિ માટે જ નહીં, પરંતુ તેઓના સમસ્ત આશ્રિતો માટે છે. *'ધામ અક્ષરમાં લઈ જૈશ, વાસ મારા સમીપમાં દૈશ...'*નું શ્રીજીનું વરદાન સ્વામીશ્રી દ્વારા ફળીભૂત થતું રહેલું.

આ હેતની વાત છે

કુરેલથી વિદાય લઈ બાજીપુરા અને સાંકરીને લાભ આપતાં સુરત પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૨૭/૪ની સવારે ૮:૫૦ વાગ્યે અનેક નામાંકિત અગ્રણીઓની ઉપસ્થિતિમાં નૂતન શિખરબદ્ધ મંદિરનો ખાતવિધિ સંપન્ન કર્યો. અડાજણમાં સવા બે એકરની જમીન પર વિસ્તરનારા આ પ્રકલ્પના શ્રીગણેશ થયા ત્યારે સુરતનો ઘણો ખરો વિસ્તાર અનામત આંદોલનની ડમરીને કારણે સંચારબંધી હેઠળ હતો, પરંતુ ખાતમુહૂર્ત નિર્વિઘ્ને પૂર્ણ થયું. તેના બીજા જ દિવસે આંદોલનની આંધી વધતાં શહેર લશ્કરને હવાલે કરાયું.

આમ, એક બાજુ લશ્કરી કવાયત ચાલી રહી ત્યારે તેને સમાંતર સ્વામીશ્રી મોક્ષની કવાયત ચલાવવા લાગ્યા.

આ વખતે કાંતિભાઈ પટેલના બંગલે રોકાયેલા તેઓનો લાભ લેવા સરદારનગર સોસાયટીના સાર્વજનિક મેદાનમાં સભામંડપ બાંધેલો. અત્રે તા. ૨૯/૪ના રોજ પરાવાણી રેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

''આપણને ભગવાનમાં હેત છે પણ ભગવાનને કરોડગણું હેત આપણા ઉપર છે. મહારાજ કહે: 'અમે ઠેઠ અક્ષરધામથી અહીં આવ્યા.' આપણા ઉપર કેટલું હેત હશે? આપણને રાજી રાખવા એ કેટલો બધો દાખડો કરે છે! આ બધો દાખડો હેત વગર થાય? આપણો વિચાર કેવળ દૈહિક હોય છે, જ્યારે એ જીવનો વિચાર કરે છે. 'મા'ને બાળક પ્રત્યે કેટલું હેત! એ હરતો હોય, ફરતો હોય, ઊઠતો હોય, જાગતો હોય કે ગમે ત્યાં હોય, તોય એનું બધું ધ્યાન એ રાખે; એમ ભગવાન અને સંત આપણું બધું ધ્યાન રાખે છે, જેની આપણને ખબર ન હોય.

કોઈને આ વાત સમજાય એ માટે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ પોટલું માથે લઈને ફરતા. આપણે કો'કને સમજાવતા હોઈએ તો થઈ જાય કે 'એને ના સમજવું હોય તો કાંઈ નહીં, પડશે ખાડામાં. આપણે શું?' જ્યારે શાસ્ત્રીજી મહારાજ એક હરિભક્ત હોય તો પણ રાતોરાત વાત કરતા. આટલો દાખડો કોણ કરે? કોઈ ન કરે. એમને શું સ્વાર્થ હતો? એમને ક્યાં

કંઈ ઓછું થવાનું હતું ? પણ આ હેતની વાત છે. ગમે તેવા પ્રસંગો બને તોય જો ભગવાનને ન મૂકીએ તો ભગવાન આપણને ભૂલતા નથી.''

આ કથામૃત પીરસી સ્વામીશ્રી તા. ૩૦/૪ની સવારે નાણાવટ વિસ્તારમાં આવેલા આપણા મંદિરે પધાર્યા.

આ વખતે સંચારબંધીના સકંજાને લીધે સુરતી ભક્તો સ્વામીશ્રીનો પૂરતો લાભ લઈ શક્યા નહોતા, પરંતુ આજે કરફ્યુના અમલમાં છૂટછાટ આપવામાં આવતાં સ્વામીશ્રીએ જ નિર્ણય કરેલો કે 'મંદિરે જઈએ, જેથી સૌને મળી શકાય.'

તે અનુસાર આવી પહોંચેલા તેઓએ અહીં અમૃતવાણી વરસાવી સૌનાં અંતર ઠારી દીધાં. છેલ્લે દરેકના માથે વાત્સલ્યસભર હાથ મૂકી લાભ ગુમાવ્યાનો રંજ સાવ જ ઓગાળી દીધો.

અનાથ તણા તમે નાથજી

સુરતથી તા. ૩૦/૪ની સાંજે કુરાઈ પધારેલા સ્વામીશ્રીના અહીંના ત્રણ દિવસના રોકાણ દરમ્યાન તા. ૩/૫ની સવારે પારાયણની પૂર્ણાહુતિ તથા સપ્તકુંડી વિશ્વશાંતિ મહાયાગ સંપન્ન થયાં. વૈશાખની વરસતી લૂમાં યજ્ઞકુંડોની અગ્નિજ્વાળાઓ ભળતાં ગરમીએ ખરેખરી માઝા મૂકી. તેથી સ્વામીશ્રીનું શરીર પરસેવા અને પરિશ્રમથી રેબઝેબ થઈ ગયું. તાપનો થાક અને થાકનો તાપ, બેય સ્વામીશ્રીને ભીડી રહ્યા. આવી પરિસ્થિતિમાં તેઓ બપોરે જેઠાભાઈના ઘેર નૃસિંહ ચૌદશનું ફરાળ અંગીકાર કરી ઉતારા ભણી આવી રહેલા.

બરાબર તે જ વખતે એક અસ્થિર મગજનો યુવાન સ્વામીશ્રી પાસે આવીને બોલ્યો: 'ચાલો, મારે ઘેર.'

'હવે એ શક્ય નથી.' સૌ એક અવાજે બોલી ઊઠ્યા.

કો'કે કારણ ધર્યું: 'અત્યાર સુધી ક્યાં ગયો'તો ?'

કો'કે સ્વામીશ્રીના સ્વાસ્થ્યની ચિંતા કરી કે 'આજે સ્વામીશ્રીને ખૂબ ભીડો પડ્યો છે. હવે ફરી આવે ત્યારે વાત.'

કો'કે માથે આવેલો સૂર્ય બતાવી 'ના' પાડી, તો કો'ક 'હજી ત્રણ ગામ ફરવાનાં છે' કહી આ કહેણને ઠેલવા લાગ્યું. દરેકનું કારણ વાજબી હતું.

પરંતુ સૌનો આ ઊહાપોહ શમ્યો ત્યારે સ્વામીશ્રીએ એ ગાંડા યુવકને

કહ્યું: 'ક્યાં છે તારું ઘર? તું આગળ ચાલ. અમે તારી પાછળ ચાલીએ.'

સ્વામીશ્રીનો પ્રતિભાવ પરિબળોના આધારે નહીં, પણ પ્રેમના આધારે આવતો.

તેથી તેઓનો ચુકાદો પોતાની તરફેણમાં આવતાં પેલા ગાંડા યુવાનને કોઈની બીક ન રહી. તે કેફપૂર્વક સ્વામીશ્રીને દોરવા લાગ્યો અને આખી દુનિયાને દોરનારા સ્વામીશ્રી એ ગાંડા યુવકની પાછળ દોરાતાં તેના ઘેર પહોંચ્યા.

આ અરસામાં ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય યુવા વર્ષે યુવાનીને આટલો આદર કોણે આપ્યો હશે? સ્વામીશ્રી કેવળ ગુલબાંગો પોકારનારાની પંગતના નહોતા. તેઓની કક્ષા તો નક્કર કાર્ય કરી બતાવનારાઓની હતી.

અખિયાં હરિદર્શન કી પ્યાસી

કુરાઈથી કરજણ અને વડોદરાને લાભ આપતાં સ્વામીશ્રી તા. ૩/૫ની રાત્રે અટલાદરા પહોંચ્યા.

અહીંથી તેઓ બીજા દિવસની સવારે કથાલાભ આપીને વિદાય લેવાના હતા. છતાં યુવકોએ આખી રાત જાગી સ્ટેજ, સિંહાસન અને સભામંડપની સુંદર સજાવટ કરી દીધી. સૌની આંખો તે જોતાં ધરાતી નહોતી. પરંતુ આ સુશોભન જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'કલાક બેસવું ને આવા શણગાર શું કામ કર્યા?'

ભક્તોને માટે જેટલું કરે તેટલું સ્વામીશ્રીને ઓછું જ લાગતું, પણ પોતાના માટે જે થાય તે તેઓને હંમેશાં વધારે પડતું જ જણાતું.

પોતાની આ કાયમી શૈલી સાથે અટલાદરાથી બોચાસણ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૪/૫ની રાત્રે પોણા બાર વાગ્યાથી પરોઢિયે સવા ત્રણ વાગ્યા સુધી ચંદ્રગ્રહણનો સમૈયો ઊજવાયો.

આ ઉત્સવ-સભા બાદ સ્નાનાદિકથી પરવારેલા સ્વામીશ્રીએ મળસ્કે ચાર વાગ્યે પ્રાતઃભ્રમણ કર્યું! આ ભ્રમણ કરતી વખતે સમગ્ર રાતનો ઉજાગરો હોવા છતાં સ્વામીશ્રીની સ્ફૂર્તિ અને સ્વસ્થતામાં કોઈ ફર્ક ન જણાયો.

આવા નિદ્રાજિત તેઓ મંદિરમાં પધાર્યા ત્યારે અહીં દર્શન બાદ સંતોએ પારણાં કરવા શરબત ધર્યું, પરંતુ તેને ઠેલતાં તેઓ રંગમંડપમાં દર્શને પહોંચ્યા. ત્યાં શરબત આપ્યું ત્યારે પણ સ્વામીશ્રી સહેજ અકળાઈને બોલ્યા: 'હજી પૂરેપૂરાં દર્શન તો કરવા દો. દર્શન વિના પાણીની વાત ક્યાં કરો છો?'

તેઓને કદી પાણી-પીણાંની તરસ નહોતી. તેઓ તો તરસતા રહેતા

ઠાકોરજીનાં દર્શન માટે!

આવો જ તલસાટ રહેતો સ્વામીશ્રીને સંત-સત્સંગીની સંભાળ રાખવાનો.

તેથી આખી રાતના ઉજાગરા બાદ તા. ૫/૫ની સવારે સાડા છ વાગ્યે પોઢવા જઈ રહેલા સ્વામીશ્રીએ સૂતાં પહેલાં સૂચના આપી: 'આઠ વાગ્યે જગાડી દેજો. ઘણા હરિભક્તોને પાછું જવું હોય ને આપણે સૂતા હોઈએ તો બિચારા મળી ન શકે.'

તેઓને પોતાના આરામની ચિંતા નહોતી, પણ દરકાર હતી ભક્તોની.

વીજમથકમાં મોક્ષનું મથક

બોચાસણથી રાસ થઈને સ્વામીશ્રી ધુવારણ પધાર્યા ત્યારે અત્રે જી.ઈ.બી.માં ફરજ બજાવતા સત્સંગી નોકરિયાતો તથા આસપાસના ગામવાસી હરિભક્તોએ ભેગા મળીને આકર્ષક મંદિર તૈયાર કરેલું. તેમાં તા. ૬/૫ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રીએ વીજમથકમાં મોક્ષનું મથક સ્થાપી દીધું.

આ અવસરે સૌની ભક્તિને બિરદાવતાં તેઓએ આશીર્વાદ આપ્યા કે 'આ એરિયામાં સામાન્ય ભક્તો રહે છે. આ મંદિર એ સામાન્ય વર્ગનાઓએ કર્યું એ બહુ મોટી વાત છે. સામાન્ય ભક્તોએ, નાના માણસોએ જે કામ કર્યું છે તે કરોડોથીયે અધિક છે.'

આ અમૃતવાદળી વરસાવી સાંજે વિદાય લેતાં પૂર્વે સ્વામીશ્રી નવનિર્મિત મંદિરે સંધ્યા આરતી ઉતારવા પુનઃ પહોંચ્યા. અહીં તેઓએ આરતીનાં આવર્તન બાદ કાર્યકરોને કહ્યું: 'આખા મંદિરમાં પંખા 'ફિટ' કરેલા છે, પણ ઠાકોરજીને પંખો નથી. માટે એક પંખો અહીં મુકાવજો.' આમ જણાવી ઉમેર્યું: 'પંખો ૩૬ ઇંચની સાઇઝનો લાવવાનો અને અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજમાન છે ત્યાં સિલિંગ ફેન મૂકવાનો.'

સ્વામીશ્રીની આ ભક્તિ અને નિરીક્ષણ-શક્તિને સૌ નીરખી જ રહ્યા. સૌએ પ્રતિષ્ઠાના આયોજનમાં ઝીણી ઝીણી વિગતોનો ખ્યાલ રાખેલો, પરંતુ આ બાબત કોઈની નજરે આવી નહોતી.

ઘણો હરિજનમાં છે સ્નેહ રે

ધુવારણથી બદલપુર પધારેલા સ્વામીશ્રી મંદિરે દર્શન કરી સભામાં

આવ્યા ત્યારે ડૉક્ટર સ્વામી કથાલાભ આપી રહેલા. તેઓના વક્તવ્ય બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'ડૉક્ટર સ્વામીનો એક-એક શબ્દ કરોડ રૂપિયાથી પણ વધારે છે.'

આવા મહિમામૂર્તિ તેઓની પ્રાતઃપૂજામાં તા. ૭/૫ના રોજ બદલપુરના મંડળે ગાયન-વાદનની પોતીકી લાક્ષણિકતાનો પરિચય કરાવ્યો. ઉપાડવાળાં કીર્તનોની સાથે ચલતીમાં વાગતાં નરઘાં, કાંસીજોડાં અને કીર્તનની સમાપ્તિ ટાણે ગુંજી ઊઠતી ભૂંગળો તથા એકમાં વણાઈને શરૂ થઈ જતું બીજું ભજન વગેરેથી પૂજાનું વાતાવરણ હૃદયંગમ બની રહ્યું.

આવા જ ઉત્સાહભર્યા માહોલમાં આજે ખડોધી ગામે મૂર્તિપ્રતિષ્ઠા કરનારા સ્વામીશ્રીએ તા. ૮/૫ના રોજ નારાયણપુરામાં મંદિર અને જૂના બદલપુરમાં ઉત્તર બુનિયાદી વિદ્યામંદિરના ખાતવિધિ સંપન્ન કર્યા.

ત્યારબાદ વહેરા થઈને કાવીઠા પધારેલા સ્વામીશ્રીના આગમનથી ગામવાસી ભક્તોને જેટલો હરખ થયો તેથી અધિક આનંદ સાથે આશીના હરિજન રામજીનું હૈયું ઊછળી ઊઠ્યું. આ ભક્તે પોતાની દીકરીનાં લગ્ન અંગે સ્વામીશ્રીની સલાહ લેતાં મનોરથ સેવેલો કે 'આ લગ્ન પ્રસંગે સ્વામીશ્રી નજીકના ગામમાં હોય તો સારું, જેથી તેઓના આશીર્વાદ લેવા જઈ શકાય.'

આ ઓરતો કરતી વખતે આ સત્સંગીના મનમાં નિકટવર્તી ગામ તરીકે બોચાસણ રમતું હતું. પરંતુ ભક્તોના સંકલ્પોને સવાયા સિદ્ધ કરવાની પ્રકૃતિ ધરાવતા સ્વામીશ્રી તો દીકરીનાં લગ્નની તિથિએ ગામથી તદ્દન નજીક વસેલા કાવીઠામાં જ આવી જતાં રામજીભાઈ હરખપદુડા થઈ દોડી આવેલા તેઓ પાસે.

તા. ૯/૫ની એ સવારે સ્વામીશ્રી ભ્રમણ કરી રહેલા ત્યારે આ ભક્તને જોતાં જ તેઓએ પૂછ્યું: 'રામજી ! કેમ આવ્યો ?'

'બાપા ! આજે દીકરીનાં લગન છે.'

આ જવાબ સાંભળી સ્વામીશ્રીએ એ હરિજનને પોતાની સાથે લીધા અને ચાલુ ભ્રમણે જ પૂછવા લાગ્યા: 'તમારી જ્ઞાતિમાં આપવા-લેવાનો શું રિવાજ છે ? જમાઈને શું આપવાનું હોય ? દીકરીને શું આપવાનું હોય ? તારી પાસે કેટલું છે ? લગનમાં કેટલા માણસો આવવાના છે ? કઈ કઈ જ્ઞાતિના આવશે ? એ બધાને જમાડવાની શું વ્યવસ્થા કરી છે ? રસોઈમાં શું રાંધ્યું છે ? મિષ્ટાન્નમાં શું કર્યું છે ? પતરાવળાં લાવ્યાં છો ? જો લાવ્યાં હોય તો એકબાજુ

દબાવીને મૂકી દેજો અને ઉપર પાણી છાંટી દેજો...'

ઉપરોક્ત પ્રશ્નાવલી દ્વારા સગો બાપ પણ ન લે એટલી ઝીણવટથી સ્વામીશ્રી એક દરિદ્રીની દરકાર લઈ રહ્યા. આ પૂછપરછ ડગલાં ભરી રહેલા તેઓનો હાંફ વધારી રહેલી, પણ હરિભક્તને હેત-હૂંફ આપવામાં ડૂબેલા સ્વામીશ્રી આ તકલીફથી તદ્દન બેપરવા બનેલા.

તેઓના આ પ્રેમપ્રવાહે પેલા હરિજન ભક્તનાં આંખ-અંતર છલકાવી દીધાં. ભ્રમણનાં દર્શન માટે બેઠેલા ચરોતરના પાટલૂનધારી પાટીદારો પણ એક અભણ ગામઠી સત્સંગીની સ્વામીશ્રી દ્વારા લેવાઈ રહેલી આ કાળજી જોઈ આનંદાશ્ચર્ય અનુભવી રહ્યા.

પરંતુ પેલા હરિજન ભક્ત સહિત સૌ ગદ્‌ગદ તો ત્યારે થઈ ગયા કે જ્યારે સ્વામીશ્રી બોલ્યા : 'રામજી ! મારે આજે મીટિંગમાં અમદાવાદ પહોંચવાનું છે, નહીંતર હું આવત. પણ હું મોટેરા સંતોને મોકલું છું.'

આ લાગણીસભર શબ્દોએ બળબળતા વૈશાખમાંય હરિભક્તને હૈયે ઠંડક કરી દીધી.

નાના-મોટા તમામ સત્સંગીઓ સાથે સ્વામીશ્રીને આવો સ્નેહ-સંબંધ રહેલો. તેથી જ તો તે હરિભક્તોનાં હૈયાં ગાઈ ઊઠતાં કે *'ગુરુ એ ઇષ્ટદેવ અમારા, અમે એનું ભજન કરનારા...'*

'અતિ ઊંચા' લેવલની વાત

કાવીઠાથી આણંદ થઈને અમદાવાદ પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૧૦/૫ના રોજ પ્રાતઃભ્રમણ કરવા લૉનમાં પધાર્યા ત્યારે તે હરિયાળી પર પગ મૂકતાં જ પૂછ્યું : 'આ લૉનની જમીનનું 'લેવલ' ઊંચું કર્યું છે ?'

'ના.' એક સ્થાનિક પાર્ષદે જણાવ્યું. પરંતુ વિશેષ તપાસ કરતાં માલૂમ પડ્યું કે 'બાજુમાં બંધાતા મકાનના પાયા ગાળતા નીકળેલી માટી અહીં પૂરી છે.'

આશરે બે-એક મહિના પૂર્વે અહીં ભ્રમણ કરનારા સ્વામીશ્રી ત્યારબાદ તો દેશ-વિદેશનાં કેટલાંયે સ્થાનોમાં અને ઘરોમાં ઘૂમેલા; છતાં આજે અહીં પગ મૂકતાંવેંત ઊંચું થયેલું 'લેવલ'(સ્તર) તેઓ પામી ગયા.

સૂઝ-શક્તિના આ 'અતિ ઊંચા' સ્તર સાથે વિચરતા સ્વામીશ્રી આજે મંદિરમાં દર્શન કરવા પધાર્યા ત્યારે હરિકૃષ્ણ મહારાજને ચંદનના વાઘા ધારણ કરાવેલા. તેની કલા-કારીગીરીથી રાજી થઈ સ્વામીશ્રીએ તે ચંદનના વાઘાનો

સ્પર્શ કર્યો. તે જોઈ કો'ક બોલી ઊઠ્યું: 'વાહ! ચંદન પ્રસાદીનું થઈ ગયું.'

'એમ નહીં, 'આપણે પ્રસાદીના થયા,' આમ બોલો. ઠાકોરજીએ અંગીકાર કરેલાં ચંદનનો સ્પર્શ કરવાનો આપણને લાભ મળ્યો.'

સ્વામીશ્રીના આ શબ્દોમાંથી તેઓની દાસત્વભક્તિ નીખરી રહી.

અધિકૃત અને સર્વસ્વીકૃત

તા. ૧૦/૫ની સાંજે અમદાવાદથી નીકળેલા સ્વામીશ્રી બે દિવસમાં હિંમતનગર, કુકડિયા અને બામણવાડાને પાવન કરતાં તા. ૧૨/૫ની સાંજે પુનઃ અમદાવાદ આવી ગયા. અહીં તત્કાલીન પતંગ હૉટલની સામે આવેલા મહાલક્ષ્મી બિલ્ડર્સના કાર્યાલયમાં શાંતિ-સ્થાપના સંબંધી એક બેઠક યોજાયેલી.

ગુજરાતમાં પ્રવર્તમાન અશાંત પરિસ્થિતિમાંથી બહાર આવી, જાહેર જીવન પૂર્વવત્ ધબકતું થાય તે માટે ધાર્મિક-સામાજિક ક્ષેત્રના ત્રીસેક અગ્રણીઓ આ મીટિંગમાં એકત્રિત થયેલા. તેમાં એક સ્વામીશ્રી પણ ખરા.

આ બેઠકમાં અધ્યક્ષપદેથી બોલતાં 'સંન્યાસ આશ્રમ'ના પૂજ્ય અતુલાનંદજીએ કહ્યું: **'इस सभा में साधिकार बोल सकें ऐसे एक प्रमुखस्वामीजी हमको दिखते हैं।'** અન્ય સૌનો પણ આ જ સૂર રહ્યો. સ્વામીશ્રીની સાધુતાનું પોત કેવું પવિત્ર અને પારદર્શી છે તેનો અનુભવ સૌને આ પ્રસંગથી થયો.

આ સાધુતા સાથે ઘૂમતા સ્વામીશ્રી તા. ૧૩/૫ના રોજ ગેડી પધાર્યા.

અહીંના એક પોલીસ અધિકારી શ્રી મહેન્દ્રસિંહ ગુજરાતમાં ફાટી નીકળેલા આંદોલનની આગમાં હોમાયા હતા. તેઓના પરિવારને સ્વામીશ્રીએ આશ્વાસન અને આશીર્વાદ આપ્યાં. આ સહાનુભૂતિથી દિવંગત અધિકારીના પિતાજી તો અત્યંત ગદ્ગદિત થતાં બોલ્યા: 'લાખ રૂપિયા આપતાં પણ આવા સંત અમારે ઘેર ક્યાંથી આવે?' ગામના સૌ દરબારો પણ સ્વામીશ્રીના આ સૌજન્યથી નતમસ્તક થઈ ગયા.

સૌનો આ આદર ઝીલી સ્વામીશ્રી વિદાય લઈ રહેલા ત્યારે શહીદ પોલીસના પિતાએ કહ્યું: 'સ્વામી! મારા પુત્રવધૂ સગર્ભા છે. તેઓની કૂખે દીકરો જન્મે તેવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રીએ તેઓની આ મનોકામના પૂર્ણ થવાના આશિષ પાઠવ્યા. આ આશીર્વાદને પ્રતાપે એ કુટુંબમાં સમય જતાં પુત્રજન્મ પણ થયો.

આમ, સમાજના હિત માટે જાતનું બલિદાન આપનારા એક વીર

સપૂતને સદ્‌ગતિ પમાડી સ્વામીશ્રી લીંબડી થઈને ગોંડલ આવી પહોંચ્યા.

સમો જોઈને કરે છે સેવ

તા. ૧૫/૫ની સવારે સ્વામીશ્રી શણગાર આરતી કરવા પધાર્યા ત્યારે ઘનશ્યામ મહારાજને કાઠિયાવાડી ભરતકામ કરેલા આખા વાઘા ધરાવેલા. તેનાં ધરાઈને દર્શન કર્યાં બાદ સ્વામીશ્રીએ જતાં-જતાં સૂચના આપી કે ‘આવી ગરમી હોય ત્યારે આવા (ચુસ્ત) વાઘા ન ધરાવવા. જરા પાતળા અને ખૂલતા વાઘા ધરાવવા.’

આ ભક્તિભાવ સાથે પ્રાતઃપૂજા કરીને સ્વામીશ્રી આજે એકાદશીનું ફરાળ અંગીકાર કરવા બિરાજ્યા ત્યારે નૃસિંહ જયંતી, વામન જયંતી વગેરે દિવસે આવતા ફરાળી ઉપવાસની વાત નીકળી. તે સાંભળી કો’ક બળાપો કાઢતાં બોલ્યું : ‘આપણે વળી આ બધા ઉપવાસ શા સારુ કરવા ?’

તે વખતે આ ઉકળાટ પર ટાઢું પાણી રેડતાં સ્વામીશ્રીએ કહ્યું : ‘આપણે તો મહારાજની આજ્ઞા છે અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કરી ગયા છે એટલે કરવું જ. એમાં પ્રશ્ન ન હોય કે ‘કેમ?’ શંકા-કુશંકા નહીં કરવાની. ‘गुरोराज्ञा ह्यविचारणीया।’ યાહોમ કરીને મંડવું. એમાં તર્ક-વિતર્ક, દલીલ નહીં.’

પ્રખર બુદ્ધિકક્ષા હોવા છતાં સદા ગુરુગમ અનુસાર જ ચાલતા રહેલા સ્વામીશ્રી.

તેણે કર્યો છે સ્વાદનો ત્યાગ

તા. ૧૬/૫ના રોજ આવેલી યોગી જયંતીએ દૂર-સુદૂરથી લાભ લેવા આવી પહોંચેલા ભક્તોને પ્રાતઃપૂજાનાં દર્શનનું સુખ આપી સ્વામીશ્રી અલ્પાહાર માટે બિરાજ્યા. તેમાં તેઓને દૂધીનાં ઢેબરાં પીરસાયાં.

આ વાનગી જમવાનો પ્રેમાગ્રહ ત્રણ-ચાર વખત સેવક દ્વારા થયો. તેને સ્વામીશ્રીએ પ્રેમપૂર્વક પ્રતિસાદ પણ આપ્યો. પરંતુ જ્યારે વધુ એક વાર વિનંતી થઈ ત્યારે બાજુમાં બેસીને જમતા મહંત સ્વામીએ સેવકને કહ્યું : ‘ઢેબરાંમાં મીઠું વધારે છે.’

આ વિગતની જાણ થતાં સૌએ પૂછ્યું : ‘સ્વામી ! ઢેબરાંમાં મીઠું વધારે છે, કેમ ?’

આ સાંભળી હસતાં-હસતાં સ્વામીશ્રી બોલ્યા : "આ (સેવક) મને આગ્રહ કરતા'તા કે 'ગરમ ઢેબરાં ખાઓ.' પણ મને એમ કે 'એ ખાશે ત્યારે જાણશે."

સ્વામીશ્રીની આ રીત કાયમની હતી. અન્યના ભોજનની ઝીણામાં ઝીણી ખેવના રાખનારા તેઓને પોતાનાં ભાણાં-ભોજન સંબંધી કદી રાવ-ફરિયાદ રહી નહોતી !

મેવાસામાં મોક્ષના મેવા

ગોંડલમાં યોગી જયંતીનો સમૈયો ધામધૂમથી ઊજવી સ્વામીશ્રીએ રીબ, રાજકોટ, ભાદરા, ધ્રોળ, ડાંગરાને લાભ આપતાં મોટા દેવળિયાને પાવન કર્યું.

અત્રે જીર્ણોદ્ધાર થયેલા મંદિરમાં તા. ૧૮/૫ની સવારે પુનઃ મૂર્તિસ્થાપન કરી તેઓ ગોંડલ થઈને મેવાસા આવી પહોંચ્યા.

અહીં મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે તા. ૨૧/૫ના રોજ યોજાયેલા યજ્ઞ અને નગરયાત્રાને શોભાવતા સ્વામીશ્રી આજની સાંજે નદી તરફ આવેલા શ્રીજીમહારાજના પ્રાસાદિક ઓટે પધાર્યા.

અત્રે શ્રીજીલીલા વર્ણવતો આખો લેખ સ્વયં વાંચ્યા બાદ તેઓ છાપરવડી નદીનું પ્રસાદીભૂત જળ સૌનાં શિરે ચડાવી નદીના ખડકાળ અને ચઢાણવાળા રસ્તેથી આગળ વધ્યા. આ માર્ગે સ્વામીશ્રી પુલ નીચે થઈને ગામની પ્રદક્ષિણા કરતાં હોય તેમ અન્ય છેડે આવેલા બસ સ્ટેન્ડે પહોંચ્યા. અહીં ઝાડ નીચે જમીનમાં ખૂંપેલા એક પથરા પર જ આસન જમાવતાં તેઓએ એક કલાક સુધી શાસ્ત્રીજી મહારાજનાં લીલાચરિત્રો વર્ણવી સૌને રસતરબોળ કરી દીધા.

આ રસલહાણ તા. ૨૨/૫ની સવારે પણ ચાલુ રાખતા તેઓએ ત્રણ હજારથી વધુ ભક્તોના ઉમંગ-ઉલ્લાસ વચ્ચે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. આ નિમિત્તે ગામધુમાડો બંધ હોવાથી મેવાસા-વાસીઓને મિષ્ટાન્ન અને મોક્ષના મેવા જમાડી સ્વામીશ્રી માણાવદર પહોંચ્યા.

ધર્મનાં બંધન એ મુક્તિનાં સાધન

આ અરસામાં સ્વામીશ્રીએ ગુણાતીતની પદરજથી પાવન થયેલી સોરઠની ધરા પર વસેલાં પ્રાસાદિક સ્થાનોની તીર્થયાત્રા યોજેલી.

તે મુજબ તા. ૨૩/૫ના રોજ માણાવદર પધારેલા તેઓનું જાહેર સન્માન કરી અહીંની નગરપાલિકાએ કૃતાર્થતા અનુભવી. નગરવાસીઓનો

આ આદર ઝીલી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ એક મનનીય મુદ્દો જણાવ્યો કે 'ધર્મનાં બંધન એ બંધન નથી, પણ મુક્તિનાં સાધન છે.'

આ શાશ્વત સંદેશ વહાવી તેઓ વંથળી આવ્યા. અત્રે કલ્યાણભાઈના પ્રાસાદિક ઘરને ઠેકાણે બંધાયેલા મંદિર, સૂર્યકુંડ વગેરેનાં દર્શન કરી સ્વામીશ્રી જૂનાગઢ પહોંચ્યા.

આ ગુણાતીત ગઢમાં પણ નગરપાલિકાએ ગુણાતીત-સ્વરૂપ સ્વામીશ્રીને સન્માની ઉચિત અંજલિ આપી ત્યારે ટાઉન હૉલમાં યોજાયેલો આ સમારંભ ખીચોખીચ બની રહ્યો. આ પ્રસંગે શહેરની પ્રતિષ્ઠિત સંસ્થાઓના કંઈક આગેવાનોએ પુષ્પહારો તથા સન્માન-પત્ર આપી ધન્યતા અનુભવી.

આમ, સોરઠની સ્મરણયાત્રા અને સ્વામીશ્રીની સન્માનયાત્રા લગોલગ ચાલી રહ્યાં.

ભજન કરવું છે ને કરાવવું છે

તા. ૨૪/૫ની સવારે જૂનાગઢના શ્રીજીનિર્મિત મંદિરમાં દર્શને પધારેલા સ્વામીશ્રીને અત્રે સેવા-પૂજા કરતા શ્રી પ્રભુતાનંદ બ્રહ્મચારીએ હાર પહેરાવતાં પૂછ્યું : 'આપને સિત્તેર વર્ષ થયાં ?'

'ના, ૬૪ થયાં.'

'તમારું આયુષ્ય લાંબું છે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એ તો મહારાજની જેવી ઇચ્છા. મહારાજ જ્યાં સુધી આ દેહ રાખે ત્યાં સુધી અક્ષર અને પુરુષોત્તમની સેવા કરવી છે. ભજન કરવું છે ને કરાવવું છે.'

સ્વામીશ્રીને ઝાઝા કરતાં સારામાં રસ. આયુષ્ય લાંબું હોય પણ જો અક્ષર-પુરુષોત્તમની સેવા ન થઈ તો તેનો શો અર્થ ? ઊંચું વૃક્ષ લીલું ન હોય તો તેનો શો અર્થ ?

ભક્તપાળક દયાળ તું શામળો

શ્રીજીમહારાજના પ્રાસાદિક મંદિરે દર્શન કરીને પાછા વળતાં સ્વામીશ્રી પાનના એક ગલ્લે પધરામણી કરવા પહોંચ્યા !

જેમ પધરામણીઓની સંખ્યાની દૃષ્ટિએ કોઈ તેઓને આંબી શકે એમ નથી, તેમ પધરામણીઓનાં વિભિન્ન સ્થળની દૃષ્ટિએ પણ કોઈ સ્વામીશ્રીને

મહાત નહીં કરી શકે. તેઓની પધરામણીઓનો પનો પાનના ગલ્લાથી પૅલેસ-પાર્લામેન્ટ સુધીનો! તેના એક છેડે આવીને આજે સ્વામીશ્રી ઊભા હતા.

ગોંડલના સંસ્થાકીય ગુરુકુળમાં ભણેલા વિદ્યાર્થી જગમાલ પીઠિયાએ તેઓ પાસે આવીને એક વાર પોક મૂકેલી કે 'બાપા! અમે ચાર ભાઈઓ દુકાને બેસીએ છીએ પણ બરકત થાતી નથી. દેવું વધી ગયું છે.'

આ કરુણ કથની સાંભળી કરુણામય બની ગયેલા સ્વામીશ્રીએ તેઓને કહેલું: 'અમે તારી દુકાને આવીશું.'

આ વાયદા અનુસાર તેઓ આજની સવારે એ 'ડીલક્ષ પાન હાઉસ'ના દરવાજે પહોંચી ગયા. અહીં તેઓએ ધૂન-પ્રાર્થના કર્યાં, આશીર્વાદ આપ્યા અને જાણે બસો વર્ષ પૂર્વેનો માવા-મુસાનો ઇતિહાસ પુનર્જીવિત થવા લાગ્યો!

સ્વામીશ્રીના આશીર્વાદના એ અક્ષરોએ આ આહિર કુટુંબની કુળકથાને નવેસરથી લખી દીધી!!

તેને કારણે પાનના ગલ્લાના એ માલિકોએ કાળક્રમે કંઈક ઉદ્યોગોમાં કાઠું કાઢ્યું. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જૂનાગઢ વગેરે ગુજરાતનાં મુખ્ય શહેરોમાં તેઓનો કારોબાર વિસ્તર્યો. વિશેષ તો પરિવાર બહોળો થવા છતાં તે સંપ અને સત્સંગનાં સૂત્રે સુગ્રથિત રહ્યો – એ આ કુટુંબ માટે મોટી મૂડી બની રહી!

ભક્તવત્સલ ભગવંતસ્વરૂપ

આ અરસામાં ઉનાળાની ગરમી અને વિચરણના ભીડાને કારણે સ્વામીશ્રીને ઝાડાની અસર વર્તાઈ રહેલી. વળી, ગઈકાલથી જમણી આંખમાં આંજણીની શરૂઆત થઈ હોવાથી તે આંખ પણ ભારે જણાતી હતી.

આવી પરિસ્થિતિમાં તા. ૨૪/૫ની સાંજે ભેંસાણ જવાનું મુલતવી રાખવાની ચર્ચા ઊપડે તે સ્વાભાવિક હતું. પરંતુ તેની સામે સ્વામીશ્રીનો ઉત્તર પણ એટલો જ સાહજિક હતો કે 'એમ ન થાય. એ લોકોએ આપણા માટે કેટલી તૈયારી કરી રાખી હોય!'

બીજા પોતાની પરિસ્થિતિ સમજે તેમ સ્વામીશ્રી ક્યારેય ન ઇચ્છતા, પરંતુ પોતે જ બીજાની પરિસ્થિતિ સમજવા હંમેશાં તત્પર રહેતા. જીવનની વાડીમાં અનેક સદ્‌ગુણોનું સિંચન થયું હોય, તો જ પાંગરે તેવા આ વલણ સાથે સ્વામીશ્રી ભેંસાણ પહોંચ્યા ત્યારે અહીં તો નગરયાત્રાનાં વાજાં ગગડવાં લાગ્યાં.

આ વખતે સમય થયો હશે – સાંજના છ-સાત વાગ્યાનો. પરંતુ ઋતુ ઉનાળાની હોવાથી આખા દિવસના તપેલાં અવની-આકાશ હજી આગ ઓકી રહેલાં. આ સંજોગોમાં શોભાયાત્રા મોકૂફ રાખવાની વાટાઘાટ ચાલી. પરંતુ તેમાંય મધ્યસ્થી કરીને સ્વામીશ્રીએ ભક્તોની તૈયારી તરફ પલ્લું ઝુકાવ્યું. તેથી ધૂળ-ધૂપનાં સામ્રાજ્યમાં નીકળેલી એ નગરયાત્રાએ સ્વામીશ્રીના શરીરને વધારે રગદોળ્યું.

તે કારણે જ તાલુકા પંચાયતની શાળામાં સભા શરૂ થઈ ત્યારે અધવચાળે જ તેઓને શૌચ-સ્નાન માટે જવા ઊભા થવું પડ્યું. આ અંગે સભાસ્થળની પાછળના ભાગમાં આયોજક ડૉ. નરસિંહભાઈ ચોટલિયાએ રાખેલી વ્યવસ્થા કામમાં આવી ગઈ. પરંતુ અતિસારને લીધે સ્વામીશ્રીને અશક્તિ અનુભવાતી હોવાથી એક ઓરડામાં પલંગ બિછાવી તેઓને સુવડાવવામાં આવ્યા.

આ બાજુ સભામાં તો મામલતદાર, તાલુકા અધિકારીઓ વગેરે પોતાનાં વક્તવ્યોમાં 'ભગવંતસ્વરૂપ' તરીકે સ્વામીશ્રીને બિરદાવવા લાગ્યા. તેનો અનુભવ આરામ કરી રહેલા સ્વામીશ્રીના ઓરડાના બારણે ઊભેલા વલ્લભભાઈ નંદાણિયાને આશ્ચર્યકારી રીતે થયો.

આ યુવક વિચારી રહેલા કે 'સંતો સ્વામીશ્રીને અંતર્યામી કહે છે, પણ એક વાર આપણી ઓળખાણ કોઈએ બાપા સાથે કરાવી હોય તો કહેવા થાય ને કે...'

એ યુવાન હજી તો આમ વિચારતા જ હતા ત્યાં સ્વામીશ્રી સૂતાં-સૂતાં બોલ્યા : 'પેલા દરવાજે ઊભેલા યુવકને બોલાવો.'

આ સાંભળતાં જ એ યુવાનના શરીરમાં વીજળી દોડી ગઈ! તે રણઝણી ઊઠ્યા. સ્વામીશ્રીએ તેઓનો પરિચય પૂછી આશીર્વાદ આપ્યા. આમ, સૂતાં-સૂતાં એકનું કામ કાઢીને તેઓ થોડી વારે સુવાણ થઈ એટલે પુનઃ સભામાં આવ્યા.

આ સમયે પણ તેઓના શરીરમાં ઝીણો તાવ તો વર્તાતો જ હતો. છતાં સ્વામીશ્રીએ આશીર્વચન ઉચ્ચાર્યાં. સભા પૂરી થયા બાદ સૌને મળી પણ લીધું.

હવે તો વહેલી તકે જૂનાગઢ જતાં રહેવું જ હિતાવહ હતું; પરંતુ સ્વામીશ્રી જાણતા હતા કે 'જમવાનું અહીં ગોઠવાયું છે.' તેથી તેઓએ એ પણ વિચારી લીધું કે 'જમ્યા વિના જતા રહીશું તો હરિભક્ત કચવાશે.'

એટલે પોતાને જમવાની રુચિ જ ન હોવા છતાં સ્વામીશ્રી નરસિંહભાઈના

ઘેર ઠાકોરજી જમાડવા બિરાજ્યા, પરંતુ ભોજન કરતાં હરિભક્ત સાથે વાતોમાં વિશેષ સમય વિતાવ્યો. યજમાનના દીકરાઓનેય આશીર્વાદ આપ્યા.

આમ, ભાંગતી તબિયતે પણ ભક્તોએ કરેલી તમામ તૈયારીઓને સાર્થક કરી સ્વામીશ્રી જૂનાગઢ જવા નીકળ્યા ત્યારે વાતાવરણ *'ભક્તવત્સલ ભગવંતસ્વરૂપ...'* સમા તેઓની કરુણાથી તરબતર હતું.

પૂરણ બ્રહ્મ ને સદા હિતકારી

તા. ૨૫/૫ની સવારે જૂનાગઢમાં ભાગવત પારાયણની પૂર્ણાહુતિ કરીને નીકળેલા સ્વામીશ્રીએ મેંદરડા, વિસાવદર, ધારી, કેશોદ અને અગતરાઈને લાભ આપતાં તા. ૨૭/૫ના રોજ કાલવાણીને પાવન કર્યું.

અહીં પાંચસો પરમહંસોના દીક્ષાસ્થાને ધૂન કરાવતાં તેઓએ સંકલ્પ કર્યો કે 'ગુણાતીત દ્વિશતાબ્દી સર્વોપરી ઊજવાઈ જાય અને જેવી રીતે ૫૦૦ પરમહંસોએ જગતની આકરી કસોટીમાં પણ મહારાજનું ભજન કર્યું અને ગામડે ફરીને ભજન કરાવ્યું, એવા જ બધા સંતો બળિયા થાય.'

આ સંકલ્પને પૂરો કરવાનો પરિશ્રમ ઉઠાવતા સ્વામીશ્રી કાલવાણીથી ચોરવાડ આવી પહોંચ્યા.

અત્રે આજથી જ આરંભાયેલા ત્રિદિવસીય પારાયણને કારણે રોકાણ લાંબું હોવાથી સાંજે સમુદ્રકિનારે સાયંભ્રમણની ગોઠવણ કરેલી. આ અણધાર્યો લાભ મળતાં, દરિયાનું દિલ ઊછળવાં લાગ્યું. ઢળતા સૂર્યની ભગવી આભા, સાગર-સંગીતનો સથવારો અને વહેતા પવનના શીતળ સ્પર્શની ત્રિવેણીમાં ડૂબીને સૌએ સ્વામીશ્રીની મૂર્તિનું અમૃત ખોબે ખોબે પીધું. એ રસધારા ભ્રમણ બાદ પણ વહેતી રહી, કારણ કે આ સમયે સ્વામીશ્રી પર્ણકુટી આકારના એક વિશ્રામસ્થાનમાં નીચે કંઈ પણ પાથર્યા સિવાય બેસી ગયા.

તે વખતે આજના અવિસ્મરણીય લાભથી રાજી થયેલો એક યુવાન બોલ્યો: 'આ અનામત આંદોલન ચાલુ થયું તેથી કૉલેજો બંધ રહી, તો આ લાભ મળ્યો.'

પરંતુ તેનો આ સ્વાર્થ સ્વામીશ્રીને ખૂંચ્યો. તેઓએ તરત જ કહ્યું: 'આવો સંકલ્પ ન થવો જોઈએ. આપણે તો લાખો માણસોનું સારું થાય એમાં જ આપણું સારું છે. વહેલી તકે શાંતિ થાય, સમાધાન થાય, પરીક્ષાઓ થઈ જાય – એવા સંકલ્પો કરવા. બિચારા લોકો કેટલા હેરાન થાય છે?'

જન-જન સાથે તાદાત્મ્ય અનુભવતા સ્વામીશ્રી કોઈનુંયે દુઃખ સહન કરી શકતા નહીં.

એ તો સાગર છે બુદ્ધિબળના

ચોરવાડનો દરિયો જેમ એક પછી એક તરંગમાળા ગૂંથ્યે જતો હતો તેમ પર્ણકુટી સમા સ્થાનમાં બેઠેલા સ્વામીશ્રી પાસે પણ એક પછી એક વાતો ખૂલતી જતી હતી.

અત્યારે તેઓ સાથે આશરે ૩૬ જેટલા સંતો-પાર્ષદો અને દસેક યુવાનો વિચરણનો લાભ લઈ રહેલા. તેઓને આવી ગમ્મતગોષ્ઠી ઘણા દા'ડે હાથ લાગી હોવાથી સૌ પોતાની જિજ્ઞાસા સંતોષતા રહ્યા. તેમાં જ રાત્રિના નવ વાગી ગયા. તેથી સ્વામીશ્રી બોલ્યા: 'નવનો આંકડો પૂરો કહેવાય. ૯ X ૧ = ૯, ૯ X ૨ = ૧૮ એટલે કે ૧ + ૮ = ૯, ૯·X ૩ = ૨૭ એટલે કે ૨ + ૭ = ૯...' એમ ઘણે લાંબે સુધી સ્વામીશ્રીએ ગણતરી કરી બતાવી.

તે જોઈ કો'ક બોલ્યું: 'બાપા ! તમને તો બહુ આવડે છે ને !'

'અમને જેટલું આવડે છે એટલું તો...' હસતાં હસતાં આટલું કહી સ્વામીશ્રી અટકી ગયા. પરંતુ તેઓનું એ અધૂરું વાક્ય સૌનાં મનમાં *'એ તો સાગર છે બુદ્ધિબળના...'*રૂપે સ્વામીશ્રીની તસવીર છાપી ગયું.

આવા જ્ઞાનસાગર સ્વામીશ્રી તા. ૨૮/૫ની સાંજે સોમનાથ પધાર્યા ત્યારે દરવાજેથી મંદિર સુધી તેઓ અડવાણે પગે જ ચાલ્યા.

આ ભક્તિભાવ સાથે દર્શન બાદ મંદિરના પૂજારીઓએ વૈદિક સૂક્તો ગાઈને કરેલું પૂજન સ્વીકારી સ્વામીશ્રી ગીતા મંદિર, લક્ષ્મીનારાયણ મંદિર, ભાલકા તીર્થ વગેરે સ્થાનોમાં વિચરતાં વેરાવળ પહોંચ્યા. અહીં 'દિલીપ સ્મૃતિ હૉલ'માં જાહેર-સભાનો લાભ આપી તેઓ પુનઃ ચોરવાડ આવી ગયા.

અત્રે તા. ૨૯/૫ની સવારે સ્વામીશ્રી અજમેરા પરિવારના સંકુલમાં પૂર્વમુખે પ્રાતઃપૂજા કરવા બિરાજ્યા ત્યારે તેઓની પાછળ જ પશ્ચિમ ક્ષિતિજે મેઘધનુષની કમાન રચાઈ ગઈ; પણ આ અદ્ભુત દર્શનને સૌ હૃદયમાં ભરે ત્યાં તો કાળાંડિબાંગ વાદળાં ધસી આવ્યાં અને ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. તેથી પાથરણાં માટે બિછાવેલું પ્લાસ્ટિક લઈ સ્વામીશ્રી પર ધરી દેવામાં આવ્યું. તેની છાયામાં સમાયા એટલાએ ત્યાં આશ્રય લીધો. કેટલાક છત-છાપરાં નીચે, તો કોઈક વૃક્ષની છાયા હેઠે જઈ પહોંચ્યા. આમ, પળ વારમાં જ

વ્યવસ્થા વેરવિખેર થઈ ગઈ. છતાં સ્વામીશ્રી તો સ્થિરતાથી માળા ફેરવ્યે ગયા. સ્મૃતિના ચોપડે ચિરંતન સ્થાન લઈ લે એવાં એ દર્શન હતાં.

આવો સ્મૃતિદાયક લાભ આપવા જ વિચરતા સ્વામીશ્રી આજની સાંજે ભંડુરી થઈને માળિયા(હાટીના) પધાર્યા.

અહીંના આંબાવાડિયામાં તેઓએ ગુણાતીતાનંદ સ્વામીના પ્રસાદીભૂત નવ આંબાનાં દર્શન કર્યાં. આ સમયે વાડીના માલિકોએ હનુમાનજીની મૂર્તિ પણ સ્વામીશ્રીના વરદહસ્તે પ્રતિષ્ઠિત કરાવી. તેનો વિધિ સ્વામીશ્રીએ ત્યાં પડેલી શિલા પર કશું જ પાથર્યા વિના બેસીને કર્યો. ત્યારબાદ તેઓ ગુણાતીતાનંદ સ્વામીના પ્રાસાદિક જાંબુડા નીચે બિરાજી જાંબુ જમ્યા.

આમ, *'અતિ આનંદમાં દિન જાય...'*ની રીતે સરકી રહેલી સોરઠની આ સ્મરણયાત્રામાં સ્વામીશ્રીએ તા. ૩૦/૫ના રોજ પંચાળાને પાવન કર્યું.

અત્રે પ્રાસાદિક સ્થાનોનાં દર્શનની સાથે તેઓએ ૯૯ વર્ષીય સદ્‌ગુરુ અક્ષરપુરુષદાસ સ્વામીને પણ દંડવત્ કરી આદર અભિવ્યક્ત કર્યો. તેથી ગદ્‌ગદ થઈ ઊઠેલા આ વયોવૃદ્ધ સંતે સ્વામીશ્રીને કહ્યું: 'આજે એકાદશી છે એટલે ફરાળ કરીને જ જજો.'

'આપનાં તથા દરબારનાં દર્શન થયાં એ અમારે મન ફરાળ કરતાં પણ ઉત્તમ છે.' સ્વામીશ્રી બોલ્યા.

તે દ્વારા વ્રત અને વડીલનો આદર – બંનેને સાચવતા તેઓ પંચાળાથી લોજ પધાર્યા.

અહીં પણ સર્વ પ્રસાદીભૂત સ્થળે દર્શન કરી સ્વામીશ્રી વાવની સામે આવેલા વડ નીચે બિરાજ્યા ત્યારે સૌનાં મન *'લોજની વાવ ઉપર અવતારી...'* કીર્તન ગાવા લાગ્યાં. અત્રે પલાંઠી વાળી બેઠેલા સ્વામીશ્રીએ ગરમીને કારણે ગાતરિયું ઉદર પર રાખેલું. એ જ અવસ્થામાં તેઓએ આ સ્થળે શાસ્ત્રીજી મહારાજે પીરસેલા ઘસિયાના પ્રસંગનો આસ્વાદ સૌને ચખાડ્યો.

ત્યારબાદ તેઓ માંગરોળના દરિયાકિનારા સહિત સઘળાં પ્રાસાદિક સ્થાનોમાં દર્શન કરી રાત્રે સાડા અગિયાર વાગ્યે પોરબંદર પહોંચ્યા.

અતિ સુખ આપો નિજ જનને

આ અરસામાં પલટાયેલા ગુજરાતના હવામાનથી સૌરાષ્ટ્રના દરિયાકાંઠે વાવાઝોડાનું આક્રમણ ત્રાટકવાનું હતું. તેમાંય આ ચક્રવાત પોરબંદર પર

કેન્દ્રિત બનવાનો હોવાથી સૌનાં હૈયે સ્વામીશ્રીના અહીંના કાર્યક્રમ અંગે દહેશત હતી. વળી, તેઓનો ઉતારો દરિયાથી બસો-ત્રણસો ફૂટના અંતરે જ આવેલા જગદીશભાઈના બંગલે હતો. આ મકાનમાં પવનની થપાટો અને ઘૂઘવતાં મોજાંના પછડાટ ફફડાટ જગાવે તે રીતે અનુભવાતા હતા. પરંતુ સ્વામીશ્રીએ સૂતાં-સૂતાં સંકલ્પ કર્યો: 'વાવાઝોડું બીજે ફંટાઈ જાય અને નુકસાન ન થાય.'

તેઓના આ શબ્દોથી જાણે એક ઢાલ રચાઈ ગઈ. દરિયો આખી રાત ઘૂઘવ્યો, વાયુડો વીંઝાયો પણ તેઓનું જોર કોઈ ખાસ નુકસાન ન કરી શક્યું.

પ્રકૃતિના તાંડવને શમાવતા સત્પુરુષના અમોઘ ઐશ્વર્યના આ અનુભવ સાથે તા. ૩૧/૫ની સવાર ઊઘડી. તેથી સ્વામીશ્રીએ સ્વયં આવીને પોરબંદરને બચાવી લીધું એવી વાયકા પણ લોકજીભે ઊપડી.

સૌનો આ વિશ્વાસ ઝીલતાં સ્વામીશ્રીએ આજની પ્રાતઃપૂજા 'તાજાવાલા પ્રાર્થના મંદિર'માં કરી. અલ્પાહાર અને સભા પણ અહીં જ કર્યા બાદ તેઓ શ્રી હેમેન્દ્રભાઈ ભગદેવના ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા.

અહીં ભોજન બાદ સેવક થાળ ઉપાડવા ગયા ત્યારે સ્વામીશ્રી કોઈકને કાંઈક પ્રસાદી આપવાની ઇચ્છા હોય તેમ થાળ સામું જોઈ રહ્યા. તેથી સેવકે પૂછ્યું: 'કોઈને કંઈ આપવું છે?'

'આ કોઠારી સ્વામી જમ્યા પછી દાળ પીએ છે, એટલે આ વાટકી દાળ એમને આપો.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ દરકાર સૌને સવાયા સ્નેહનો સ્વાદ પમાડી ગઈ.

હજારોની રહેણી-કહેણી, રસ-રુચિ, પ્રકૃતિ-પ્રવૃત્તિને એકકાળાવચ્છિન્ન જાણતા અને તેને સમયે-સમયે સાચવતા સ્વામીશ્રી આજે પણ સૌ માટે એક વિસ્મયકારી વિભૂતિ બની રહ્યા છે.

પાપપુંજહારી પગલાં

તા. ૩૧/૫ની સાંજે સ્વામીશ્રી પોરબંદરના 'ભારતીય પ્રજ્ઞાચક્ષુ ગુરુકુળ' તથા 'ગીતા ભુવન'માં ધર્મલાભ આપતાં રાત્રે રાણાવાવ આવી પહોંચ્યા.

અહીં તા. ૧/૬ના રોજ રામજી મંદિર ખાતે યોજાયેલી જાહેર-સભામાં નગરવાસીઓનું સન્માન સ્વીકારી તેઓ કુતિયાણા પધાર્યા.

અત્રે બાલા હનુમાન મંદિરના વ્યવસ્થાપકોનો પ્રેમાગ્રહ ઘણો હોવાથી

સ્વામીશ્રી તા. ૨/૬ના રોજ ત્યાં દર્શન કરવા ગયા. પરંતુ બાર વાગી જવાથી રામચંદ્રજીની મૂર્તિ પોઢાડી દેવામાં આવેલી. છતાં સ્વામીશ્રીની ભક્તિ જાગ્રત; તેથી તેઓ આ મૂર્તિ જ્યાં બિરાજેલી તે ઉપલા માળે પધાર્યા અને શીશ ઝુકાવ્યું. ત્યારબાદ સ્વામીશ્રી સામે હનુમાનજીનાં દર્શન ખુલ્લાં હોવાથી ત્યાં જવા નીકળ્યા.

આ વખતે કો'ક અજાણી વ્યક્તિ તેઓને ઉદ્દેશી બોલી: 'ત્યાં રામજીનાં દર્શન કરવા જાઓ. મૂળ એ છે.'

'ભક્તને પહેલાં લાવીએ, પછી ભગવાન તણાતા આવે જ.' સ્વામીશ્રીએ કહ્યું. તેઓના આ અભિપ્રાયમાં ઉપાસનાનો મુદ્દો હતો.

તે સમજાવી તેઓ મેઘપુર અને પીપલાણાને પાવન કરતાં તા. ૩/૬ની સવારે બેલા પધાર્યા.

આ ગામ સન ૧૯૮૩ની જળહોનારતમાં તણાઈ ગયેલું, પરંતુ 'ગુજરાત રાજ્ય રાહત સમિતિ' તથા 'સદ્-વિચાર પરિવાર' દ્વારા તેનું પુનર્નિમાણ કરી નવું નામાભિધાન 'રવિનગર' કરવામાં આવેલું. સૌની ઇચ્છા હતી કે આ નવા ગામનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રી જ કરે. તેથી આજે તે વિધિ સંપન્ન થવાનો હતો.

સ્વામીશ્રી પધારતાં જ તેઓને સુશોભિત બળદગાડામાં બિરાજમાન કરવામાં આવ્યા. તેઓની સાથે તામિલનાડુના પૂર્વ રાજ્યપાલ શ્રી પ્રભુદાસ પટવારી પણ બેઠા. આ સામૈયું ગામની શાળાના ખુલ્લા પ્રાંગણમાં વિરમ્યું. અત્રે યોજાયેલી સભાના પ્રારંભમાં સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય દ્વારા ગામને ઉદ્‌ઘાટિત કર્યું. ત્યારબાદ તેઓ સમસ્ત ગામવાસીઓને આશીર્વાદ આપી, જેતપુર થઈને ગોંડલ આવી પહોંચતાં અહીં સોરઠની પંચતીર્થીનું સમાપન થયું.

આ વિચરણનો હેતુ જણાવતાં સ્વામીશ્રી બોલ્યા હતા કે 'મનુષ્યોનાં પાપનું નિવારણ થાય એટલા માટે આ વિચરણ છે.' આ પ્રયોજન અનુસાર તેઓએ તીર્થયાત્રાના પગલે પગલે કેટલાંય પાપપુંજ પ્રજાળી દીધાં.

મહિમા ઘણો અંતરે આણે

ગોંડલમાં સ્વામીશ્રી તા. ૪/૬ની સવારે સ્મૃતિમંદિરે દર્શન કરીને પરત ફરી રહેલા ત્યારે રસ્તામાં દેવચડીના નાનજી આતા મળ્યા. શાસ્ત્રીજી મહારાજના સમકાલીન આ જૂના હરિભક્તને જોતાં જ સ્વામીશ્રી એકદમ નીચા નમી તેઓને પગે લાગતાં બોલ્યા: 'અહોહો! તમે આવ્યા! બહુ સારું

કર્યું. આપનાં દર્શન થઈ ગયાં. બહુ આનંદ થયો.'

આ સમયે નાનજી આતા પણ જૂની યાદદાસ્ત તાજી કરતાં કહેવા લાગ્યા: 'શાસ્ત્રીજી મહારાજના ૬૦ સાધુમાં આ પ્રમુખસ્વામી સૌથી નાના હતા. મેં એમને જોયેલા...'

આટલું સાંભળતાં સ્વામીશ્રી કળી ગયા કે 'હવે આ હરિભક્તના મુખેથી પોતાની પ્રશંસાનું પૂર ઊમટશે.' તેથી પાણી પહેલાં જ પાળ બાંધતાં તેઓ બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ અને આપ સૌની દૃષ્ટિથી આ બધું સરસ ચાલે છે!'

આટલું કહી સ્વામીશ્રી આગળ વધી ગયા ત્યારે પ્રભાતનું વાતાવરણ તેઓના જીવનમાંથી ફોરતી મહિમાની મહેકથી મઘમઘી રહ્યું.

સંત સહુના સુખનિવાસ

ગોંડલથી રાજકોટ થઈને અમદાવાદ પધારેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૫/૬ની સવારે પોણા નવ વાગ્યે શહેરના યુનિવર્સિટી મેદાન પર ત્રિકમ વડે ભૂમિના ઉત્ખનન દ્વારા દ્વિશતાબ્દીના માંડવાનાં મંડાણ કરી દીધાં.

શ્રીજીમહારાજની દ્વિશતાબ્દીની જેમ આ વખતે પણ શહેર અશાંતિગ્રસ્ત હતું. કદાચ તેથી જ આ ઉત્સવ વધુ પ્રસ્તુત હતો. અંધકાર હોય ત્યાં જ સૂર્યની તાતિ જરૂર રહે છે, તેમ અશાંતિને હણવા માટે આવા ઉત્સવોની આવશ્યકતા રહે છે.

સ્વામીશ્રીનું દૃઢ મનોબળ પણ સૌને વધુ એક વાર જોવા મળ્યું. વિપરીત પરિસ્થિતિ જોઈને તેઓ હાથ ધરેલાં કાર્યોને કદી ન છોડતા.

આ અવસરે તેઓએ દ્વિશતાબ્દીના યજ્ઞમાં પોતાની નોકરી તથા કારકિર્દીની આહુતિ આપી એક વર્ષની સેવામાં આવી ગયેલા ૨૬ યુવકોને સ્વહસ્તે ચાંદલા કરી આશીર્વાદ આપ્યા. જાણે પાયાની ઈંટોનું પૂજન થઈ રહ્યું.

આ વિધિ બાદ પ્રાસંગિક સભામાં સૌને બળના બોલ સંભળાવી સ્વામીશ્રીએ જીપમાં બેસી 'નગર'નું આયોજન નજરમાં લીધું.[૨૭]

---

૨૭. ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવની નિર્માણ-પ્રક્રિયાના આ શ્રીગણેશને નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

આ રીતે એક તરફ તેઓ ઉત્સવનું ઉદ્યાન ખીલવી રહેલા ત્યારે બીજી બાજુ ગુજરાતમાં ફાટી નીકળેલા અનામત આંદોલનની હોળી માનવજીવનને દઝાડી રહેલી. આ આગમાં કોમી વૈમનસ્યનું પેટ્રોલ છાંટી પોતાના રોટલા શેકવાની પેરવીમાં પણ કેટલાક તકસાધુઓ પડેલા. તેથી આ હોળીની ઝાળ વિકરાળ બની હતી.

આ કટોકટીની પળે સૌની નજરમાં 'અગ્નિશામક' તરીકે સ્વામીશ્રી જ ઊભરી આવ્યા. કોઈ પણ પ્રકારના સીધા કે આડકતરા સ્વાર્થ વિનાની તેઓની લોકહિતની ભાવના પર સૌને ભરપૂર ભરોસો હતો. સ્વામીશ્રી પણ આ આંદોલનના ભાગરૂપ વાલી, વિદ્યાર્થી અને સરકાર – એમ ત્રણેય પક્ષો સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી સમાધાન માટે પ્રયત્નશીલ હતા.

આ ક્રમમાં તેઓ તા. ૬/૬ની બપોરે એક વાગ્યાથી સાડા ત્રણ વાગ્યા સુધી વાલી મહામંડળના આગેવાનોને મળ્યા. તે જ દિવસની રાત્રે સાડા નવ વાગ્યાથી પોણા બાર વાગ્યા સુધી મુખ્યમંત્રી સાથે પણ મંત્રણાનો દોર ચલાવ્યો.

તા. ૭/૬ની બપોરે પણ આ જ કાર્ય માટે સ્વામીશ્રી પોતાના બેઠક-ખંડમાં બિરાજી રહેલા ત્યારે એક પાર્ષદે પૂછ્યું: 'આરામ નથી કરવો?'

'લોકો બિચારા આટલા દુઃખી થાય છે એ નથી દેખાતું? અત્યારે આરામ કેવો?' આમ કહી પોતાના આરામને કચરતાં સ્વામીશ્રી ગુજરાતની શાંતિ માટેની મીટિંગમાં પરોવાયા.

આંદોલન શમે તો નેતાઓની ખુરશીઓ સલામત રહેવાની હતી. આંદોલન ફળે તો વિદ્યાર્થીઓની કારકિર્દી ઉજ્જ્વળ બનવાની હતી. જ્યારે સ્વામીશ્રીને શું મળવાનું હતું? પરંતુ સૂર્ય-ચંદ્ર પોતાના માટે ક્યાં પ્રકાશે છે!

એક અનોખો વિદાય સમારંભ

તા. ૮/૬થી ઉત્તર ગુજરાતમાં સ્વામીશ્રીનું તાલુકાવાર વિચરણ શરૂ થતું હતું. જે તાલુકા-સ્થાનમાં તેઓ જાય ત્યાં નિકટવર્તી ગામોના હરિભક્તો કથા-દર્શનનો લાભ લેવા આવી જવાના હતા.

આ ક્રમમાં સ્વામીશ્રીએ કલોલ, માણસા, વીસનગર, વડનગર, ખેરાળુ, મહીઅલ, સિદ્ધપુર, રાજપુર, ડીસા, મહેસાણા, કડી, કુંડાળ, વડસર, ગાંધીનગરને પાવન કર્યાં. તે દરમ્યાન ઠેર ઠેર તાલુકાના અગ્રણીઓએ સ્વામીશ્રીને સન્માન્યા. આંદોલનોને કારણે ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિમાં પણ લોકો

સ્વામીશ્રીને સાંભળવા ટોળાબંધ ઊમટી પડ્યા.

તેનું કારણ જણાવતાં હોય તેમ તા. ૧૨/૬ના રોજ ડીસાના લબ્ધપ્રતિષ્ઠ કોન્ટ્રાક્ટર શ્રી દિનેશભાઈ અગ્રવાલે સ્વામીશ્રીને જ કહ્યું: 'ગામડાંની જનતા હોય કે ગમે તે જનતા હોય, પણ આપની વાણીની જે અસર થાય છે એ બીજા બે વર્ષ વાતો કરે તોય થતી નથી.'

વર્તન સહિતની વાણીનાં આવાં કામણ પાથરતા સ્વામીશ્રી પુનઃ અમદાવાદ પધાર્યા ત્યારે અહીં તા. ૧૭/૬ની સાંજે તેઓનો ભવ્ય વિદાય સમારંભ રાખવામાં આવેલો. આવતા મહિને સ્વામીશ્રી લંડન પધારવાના હતા. ત્યાં 'ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ'ની ઉજવણી અને સુવર્ણતુલાના કાર્યક્રમો યોજાવાના હતા. પશ્ચિમી ધરાતલ પર આવું પ્રથમ વાર જ બની રહેલું. વિદેશમાં આવો ડંકો મારવા જઈ રહેલા સ્વામીશ્રીને દબદબાભેર વિદાયમાન આપવાની ઇચ્છા કોને ન હોય! તેથી તેઓના વિદાય સમારંભનું કદ અને સ્તર ઘણું જ જાજરમાન બનેલું.

નિયત સમયે મંદિરના પ્રાંગણમાં આ સમારોહ શરૂ થઈ ગયો, તે પ્રારંભ પહેલાં જ ચિક્કાર હતો. એક પછી એક થઈ રહેલી આકર્ષક પ્રસ્તુતિઓથી સમારંભનો મિજાજ આકાશને આંબવા મથી રહ્યો. આ માહોલમાં સ્વામીશ્રી પધારશે ત્યારે તો કાર્યક્રમની બુલંદી ગગન ભેદી નાંખશે તેમ લાગતું હતું.

પરંતુ અનામત આંદોલનની હોળી ઠારવા વાટાઘાટોનો દોર ચલાવી રહેલા સ્વામીશ્રીનું વિદાય-સભામાં આગમન ઠેલાતું ચાલ્યું. તેથી મૂંઝાતા આયોજકો વારેવારે આવીને સ્વામીશ્રીના ઓરડે આંટા મારી જાય. તે વખતે સ્વામીશ્રી તો સંબંધિત નેતાઓ સાથે નિરાકરણ માટે મથી રહેલા જણાય.

છેવટે તે નેતાઓ સુધી જ વિદાય સમારંભની વાત પહોંચાડવામાં આવતાં તેઓએ સ્વામીશ્રીને વિદાય-સભામાં જઈ આવવા કહ્યું, ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'એ કરતાં આ અગત્યનું છે.'

...અને વિશ્વ-ઇતિહાસમાં કદાચ પ્રથમ વાર વિદાય લેનારની અનુપસ્થિતિમાં વિદાય સમારંભ સંપન્ન થયો!

એ વખતે હજારો હૈયાંનાં અરમાનો એમ ને એમ મુરઝાઈ ગયાં, હજારોની સ્થિતિ *'લાગ્યાં આંખેથી આંસુડાં ઝરવા...'*ની બની રહી. ગુજરાતને ઠારવા સ્વામીશ્રીએ આરામ તો હરામ કર્યો જ હતો, પણ આજે પોતાના માન-સન્માનનોય બલિ ચઢાવી દીધો!

ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતાં જાણીતા લેખક શ્રી ચંદ્રવદન મહેતાએ કહ્યું છે કે 'સહજાનંદ સ્વામી ન હોત તો આપણે ગુજરાતને 'ગરવી' કહીએ એવું ન હોત, ગુજરાતમાં જે સદાચાર છે તેને સ્થાને એ જોવું ન ગમે તેવું ગંદું હોત. સહજાનંદ સ્વામી ન હોત તો ગુજરાતનું નામ સાંભળતાં આપણે શરમના માર્યા નીચું જોવું પડત. અણીના વખતે આવીને ગુજરાતનો ઉદ્ધાર કરનાર સહજાનંદને દરેક ગુજરાતીનાં વંદન છે.'

સન ૧૯૮૫ના ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં સ્વામીશ્રી માટે પણ આવો જ અહોભાવ ભવિષ્યમાં ઉચ્ચારાશે ત્યારે કોઈનેય નવાઈ નહીં લાગે.

ઘણા દ્રવિત હૃદયે આજે કહેવું પડે છે

ગુજરાતની શાંતિ અને સ્થિરતા માટે સતત પ્રયત્નશીલ સ્વામીશ્રીનો સમાજ પરનો પ્રભાવ ગુજરાતના વ્યવહારદક્ષ સચિવોથી અજાણ્યો નહોતો. તેથી મુખ્ય સચિવ શ્રી એમ. શિવજ્ઞાનમ્ અને ગૃહસચિવ શ્રી પ્રેમશંકર ભટ્ટની વિનંતીથી વિવિધ ધર્મગુરુઓની એક બેઠક તા. ૧૮/૬ની સવારે આપણા મંદિરે યોજાઈ.

તેમાં ટૂંક સમય બાદ આવી રહેલા રથયાત્રા અને રમજાનના પ્રસંગે રાજ્યમાં કોઈ તંગદિલી ન ફેલાય તે માટે હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, જૈન, પારસી, શીખ વગેરે ધર્મોના વડાઓએ પોતાની સહી સાથે એક સંયુક્ત નિવેદન તૈયાર કર્યું. દૂરદર્શન અને આકાશવાણી પરથી પ્રસારિત થનારા આ લખાણનું વાંચન, સૌ વતી સ્વામીશ્રી આ બેઠકમાં કરવાના હતા. તે પૂર્વે દરેક ધર્મગુરુઓએ પોતાની વ્યક્તિગત શાંતિ-અપીલ પણ રજૂ કરી. આ ક્રમમાં સ્વામીશ્રીએ જણાવ્યું:

''આપણે બધા એક જ છીએ. ધર્મ અને આદેશોથી આપણે જુદા પડતા નથી. સૌ સાથે જીવીએ, સાથે કામ કરીએ, હળી-મળીને રહીએ. ભગવાન સ્વામિનારાયણે પણ શાંતિનો સંદેશો આપ્યો છે. તેઓએ 'જેટલું સારું એટલું મારું' એ રીત રાખી છે, કારણ કે 'મારું એટલું સારું' કરવામાં જ ક્લેશ અને અશાંતિ થાય છે. આ જે કાંઈ અપીલ બહાર પાડવા સૌ ભેગા થયા છે એ અંગે ગુજરાતની તમામ જનતાને વિનંતી છે. સૌ શાંતિથી સાંભળીને, વિચારીને જીવનમાં ઉતારે. ઘણા દ્રવિત હૃદયે આજે કહેવું પડે છે. દરેકનો આત્મા કકળી ઊઠ્યો છે. માટે સૌ આ અપીલને ધ્યાનમાં લેશો.''

ખૂબ લાગણીસભર રીતે સ્વામીશ્રીએ પોતાનું આ નિવેદન કહી સંયુક્ત અપીલ પણ વાંચી સંભળાવી.

આ જ ઉપક્રમે સ્વામીશ્રી આજની સાંજે સમર્થેશ્વર મહાદેવના પ્રાંગણમાં પધાર્યા. અત્રે શહેરના પ્રતિષ્ઠિત આશ્રમોના સંતોએ 'સાધુ-સંત શાંતિ પરિષદ' સ્થાપી ચાર દિવસના 'ઉપવાસ પર્વ'નું આયોજન કરેલું. આજે તેના છેલ્લા દિવસે સ્વામીશ્રીની ઉપસ્થિતિની તેઓને આકાંક્ષા હતી, જેને પૂર્ણ કરતાં સ્વામીશ્રીએ અહીં પણ શાંતિનો સદ્‌બોધ વહાવ્યો. તેની સાથે રમખાણોના અસરગ્રસ્તો માટે માતબર રકમની આર્થિક સહાય સંસ્થા વતી જાહેર કરાવી. ગુજરાતની શાંતિ માટે તેઓ બનતું બધું કરી છૂટ્યા.

લાતની વાત

અમદાવાદથી ખેડા, નરસંડા થઈને તા. ૧૯/૬ના રોજ વરતાલ પધારેલા સ્વામીશ્રીએ આ વખતે રાબેતા મુજબ સર્વ પ્રાસાદિક સ્થાનોનાં દર્શનની સાથે શ્રીજીમહારાજના પ્રસાદીભૂત નારાયણગિરિના સ્થાને પણ પગલાં પાડ્યાં. અહીંથી તેઓ સરપંચના આગ્રહને વશ થઈ ગામની પંચાયત કચેરીને પાવન કરતાં ગઢડા, બોટાદ થઈને તા. ૨૦/૬ની રાત્રે સારંગપુર આવી પહોંચ્યા.

અત્રે તેઓ ઉતારામાં પ્રવેશી રહેલા ત્યારે ત્યાં ઈજાગ્રસ્ત હર્ષદભાઈ ચાવડા લાકડીના ટેકે ઊભેલા. તેઓના ખબર-અંતર પૂછતી વખતે સ્વામીશ્રીએ લાકડી પોતે ઝાલી. તે જોઈ કો'કે જિજ્ઞાસા પ્રગટ કરી કે 'શાસ્ત્રીજી મહારાજ લાકડી રાખતા ખરા ?'

'છેલ્લી અવસ્થામાં નેતરની લાકડી રાખતા. મંદિરમાં ને મંદિરમાં ક્યાંય જોવા જવાનું હોય તો તો સાધુનો હાથ પકડીને જાય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજના કેટલાક સ્મૃતિદાયક પ્રસંગો સંભળાવી પોતાની પણ એક વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'એક વખત હું સારંગપુર મંદિરના ભંડકીએ સૂતો હતો. ત્યાં કોઈ ચોર આવ્યા હોય એવી શંકા મને ગઈ. એટલે મેં પરભુ(સ્વામી)ને જગાડ્યા. પરંતુ તે ખરેખરા ઊંઘમાં હતા. તેથી તેને થયું કે 'આ એકદમ શું થયું ?' એટલે એણે મને લાત મારી. એ લાત મને સીધી છાતી પર વાગી એટલે હું તો પડી ગયો. થોડી વાર પછી બેઠો થયો ને પરભુને જગાડી કહ્યું કે 'એ તો હું છું.' પછી તે જાગ્યા ને બધી તપાસ કરી.''

સ્વામીશ્રીના મુખેથી ક્યારેક ક્યારેક વેરાઈ જતાં આવાં સ્મૃતિરત્નો જોઈ સૌ વિચારી રહેતા કે 'કેવી કેવી વિપરીતતાઓમાંથી પસાર થયું છે એમનું જીવન!'

છતાં આનંદ અકબંધ, સંબંધો સ્નિગ્ધ અને ઉત્સાહ ઊંચો! કેવી અજાયબ જીવનશૈલી!!

આ વાતો સાંભળતાં સંસાર નીકળી જાય

તા. ૨૧/૬ના રોજ રથયાત્રા પર્વે સ્મૃતિમંદિરે પધારેલા સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના મસ્તકે બાંધેલી સુંદર પાઘ જોઈ રાજી થતાં બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજ જ્યારે હતા ત્યારે આવી પાઘ માથે મૂકી જ નથી. એ તો ઊઠતી વખતે આમથી તેમ વીંટીને હાલતા થાય.'

જેમ વ્યક્તિ ભાવતા ભાણે બેસે ત્યારે કદી એક કોળિયે તૃપ્ત ન જ થાય, તેમ સ્વામીશ્રી પણ શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરવા લાગે એટલે એક વિગતથી કદી ન અટકે. તેઓના મુખેથી ગુરુસ્મૃતિની ધારા વહેવા જ માંડે. આજે પણ એમ જ બન્યું!

પાઘની વાત બાદ શાસ્ત્રીજી મહારાજની આંખો સામે જોઈ સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'એમને છેલ્લાં પંદરેક વર્ષથી ડાબી આંખે દેખાતું જ નહોતું, પણ જમણી આંખ ખૂબ 'પાવરફૂલ' હતી. રાત્રે તારા પણ જોઈ શકતા. છેક સુધી એમણે ચશ્માં કે ચોકઠાં પહેર્યાં જ નહીં.'

આમ, રથયાત્રાના દિવસે સ્મૃતિઓનો રથ દોડાવી સ્વામીશ્રીએ ઉત્સવ પણ ધામધૂમથી ઊજવ્યો. ઉત્સવ-સભા વખતે જ પછેડીપલાળ પ્રથમ વરસાદ પડતાં સૌ રાજી થઈ ગયા.

આ ઉમંગમાં પ્રાપ્તિનું અમૃત ઘોળતાં સ્વામીશ્રીએ તા. ૨૨/૬ના રોજ જણાવ્યું: 'મહારાજ જ્યારે પ્રગટ હતા એ દા'ડે જે મહિમા સમજ્યા તેને જ સુખ આવ્યું. મહારાજ તે દા'ડે જેવા બેઠા હતા એવા ને એવા આજે પણ બેઠા છે. જો મહિમા સમજાય તો ભેટંભેટા. આ વાતો એવી છે કે જો મહિમા સમજાય તો બડવાળ નીકળી જાય. લૂંટારુ પણ ભગત થઈ ગયા. આજે આ યુવાનો અહીં આવીને બેસે છે, એમનામાં દેહભાવ દેખાય છે, પણ એમ કરતાં-કરતાં અસ્તર મુકાઈ જશે. હવે તો ઇંજેક્શન મારીને વાતો કરતાં-કરતાં ઑપરેશન કરી નાંખે છે. આ પણ એવું છે. આ વાતો સાંભળતાં-સાંભળતાં

સંસાર નીકળી જાય. આ કાંઈ (મૂરખ) બનાવવાની વાત નથી.'

*'વાતન કી વાત, બડી કરામત...'*નો મર્મ સ્વામીશ્રીએ સમજાવી દીધો.

ભાંગ્યાના ભેરુ

તા. ૨૨/૬ની સાંજે ૧૨૫ જેટલા નવયુવાનો 'અક્ષરજ્યોત' સાથે દોડયાત્રા કરીને બોટાદથી સારંગપુર પહોંચ્યા. અત્રે ગુણાતીતના ગગનભેદી સૂત્રોચ્ચારો સાથે તેઓની યાત્રા મંદિરની પ્રદક્ષિણા ફરીને સ્વામીશ્રીના ઉતારાની પાછળ આવીને વિરમી.

તેનો નાદ સ્વામીશ્રીના કાને પડતાં જ તેઓ ઓરડાની બહાર આવ્યા અને હાથમાં જ્યોત ઝાલી સૌને દોરતાં સ્મૃતિમંદિરે પધાર્યા. અહીં પાંચ પ્રદક્ષિણા ફર્યા બાદ તેઓએ સભા ભરી સૌને બળપ્રેરક વાતો કરી.

આમ, ગુણાતીત દ્વિશતાબ્દીના નાના-શા આયોજનને પણ સ્વામીશ્રી પાસે પૂરતો આવકાર મળતો.

જો કે તેઓ તો આકાશની જેમ સૌનાં છત-છાપરું. એટલે જ તા. ૨૩/૬ની સવારે એક અજાણ્યો આદમી પણ સ્વામીશ્રી પાસે આવી ચડ્યો.

અનામત આંદોલનની આગમાં ઓરાયેલા આ અમદાવાદીએ તોફાનોમાં પોતાનાં મકાન-મિલકત ગુમાવેલાં. તેથી શહેર છોડી સપરિવાર રઝળતા તેને વીસનગરના એક મહાત્માએ સલાહ આપેલી કે 'તમે પ્રમુખ-સ્વામી પાસે જાઓ. એ તમને મદદ કરશે.' આ શબ્દોને અનુસરતો તે આજે સ્વામીશ્રી સમક્ષ આવી ઊભેલો.

તેની વીતક સાંભળી સ્વામીશ્રીએ ત્યાં ને ત્યાં જ તેને ત્રણેક મહિના આસાનીથી વીતી જાય એટલા અનાજની જોગવાઈ કરી દીધી. પરંતુ સાથે સલાહ પણ આપી કે 'તમે તપાસ કરી બોટાદમાં કંઈ કામકાજ શોધી લો. ત્યાં સુધીમાં આંદોલન શાંત પડી જશે. ભગવાન બધું સારું કરશે.'

સ્વામીશ્રીની મદદ પરિશ્રમને પોષે તેવી રહેતી, આળસને સંકોરે તેવી નહીં. તેને કારણે તેઓ પાસેથી મદદ મેળવનારો સરકતા સમયે સક્ષમ બનતો; એદી કે માયકાંગલો નહીં.

Complete zero(સંપૂર્ણ શૂન્ય)ની વાત

તા. ૨૪/૬ની સવારે અમૃતરસની અદ્ભુત લહાણ કરાવતાં

સ્વામીશ્રીએ જણાવ્યું:

'શાસ્ત્રીજી મહારાજે અક્ષર-પુરુષોત્તમનો એક જ દેશ રાખ્યો. મધ્ય મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ સિવાય બીજાને બેસાર્યા જ નહીં. એટલે ખેંચતાણ થાય જ નહીં. આપણે તો સત્પુરુષ એ જ મમત્વ. તે જે મંદિરમાં કહે ત્યાં રહેવું. કોઠારી, સદ્‌ગુરુઓ સાથે હેત રાખવું એ બધું બરાબર છે, પણ સત્પુરુષ આજ્ઞા કરે ત્યાં પછી બધું ગૌણ થઈ જવું જોઈએ. ત્યારે જાણવું કે 'કારણમાં બંધાયા છીએ.' સત્પુરુષની આજ્ઞાથી કોઠાર મળ્યો ને પછી મૂકવાનું થાય એમાં દુઃખ શું થાય? સત્પુરુષ-પ્રધાન થયા હોઈએ તો કોઈ વસ્તુ નડે નહીં. મૂકવાનું થાય તો એટલા જ ઉત્સાહથી મૂકવું.

'ફલાણાના કહેવાથી સ્વામીએ કર્યું' એવા વિચાર ન આવવા જોઈએ. સત્પુરુષ બધું સમજે છે. સંજોગ પ્રમાણે બધું કરે છે. આપણો અહં-મમત્વ કાઢવો હોય. એ જે કહે એમ કરવું એનાથી અધિક કોઈ નથી. સ્થાન, વસ્તુ કે પદાર્થનું મમત્વ જ નહીં. મહારાજ કહે, 'આ વાત બુદ્ધિ પરની છે.' કમ્પ્લીટ ઝીરો. બીજો વિચાર નહીં. એ જે કહે તે સર્વોપરી. આ સમજ્યા હોઈએ તો મમત્વ થાય નહીં.''

સ્વામીશ્રીના કોમળ અને કરુણાસભર અંતરમાંથી જ્યારે સત્સંગની સમજણોનો ઝરો વહેતો ત્યારે તેમાં ન્હાવાનો આનંદ અનેરો જ રહેતો. આજે સૌ તેમાં ડૂબી ગયા.

તમે મારા જીવમાંથી નીકળવાના નથી

ગઈકાલે સ્વામીશ્રીએ ઘૂંટાવેલો અધ્યાત્મનો એકડો હજી સૌના મનમાં રમી રહેલો ત્યાં જ તા. ૨૫/૬ની સવારે સ્વામીશ્રી વ્યાવહારિક સંવાદિતાનો 'સા' દૃઢાવવા લાગ્યા.

આ સમયે એક ગામનાં બે કુટુંબો વચ્ચે વકરેલા વિખવાદનું શમન કરવા બિરાજેલા તેઓએ જે અમૃત વહાવ્યું તે પ્રત્યેક પરિવારે ખોબે-ખોબે ગટગટાવવાં જેવું છે. આ પ્રસંગે સ્વામીશ્રીએ કહ્યું:

''આપણે ધર્મની દૃષ્ટિએ જોઈએ તો શાસ્ત્રીજી મહારાજ આપણાં મા-બાપ છે. 'આપણે એક સત્સંગી કુટુંબના છીએ' એમ માનો. કાંઈ પણ ઝઘડા જેવું થાય તો ભેગા મળીને વિચાર કરીશું તો જ અંત આવશે. મારી નમ્રભાવે વિનંતી છે. આપ સૌને સગાં-સ્નેહી માન્યાં છે. તમે મારા જીવમાંથી

નીકળવાના નથી. 'આ સાધુ આનું રાખે છે ને અમારું નહીં' એવું અમારે છે જ નહીં.

તમારી સમૃદ્ધિ વધે અને શાંતિ મળે એમાં અમે વધારે રાજી છીએ. બૈરાં-છોકરાંઓ બોલી જાય તો એને પ્રમાણ ગણીને આગળ ન વધારવું. આવેગમાં ગમે-તેમ બોલી શકાય છે, પણ એ પ્રમાણે કરવું એ સહેલું નથી. 'આમ કરવામાં કશો વાંધો નથી આવવાનો' એવો ગર્વ ન રાખવો. થાય ત્યારપછી કોઈ બચશે નહીં. માટે ઓલવવા પ્રયત્ન કરવો. ખોટા માણસોને ચઢાવવાની પ્રવૃત્તિ કોઈએ કરવી નહીં. હજારગણો લાભ દેખાતો હોય તોય નહીં.''

સ્વામીશ્રીના મુખમાંથી આજે શબ્દો નહીં, પણ મૂલ્યવાન મોતીઓ ખરી રહ્યાં. તેની માળા બનાવીને પહેરનારી વ્યક્તિનાં સંસાર અને સદન બંને શોભે એમ છે.

પેખ્યો આપનો પૂરણ પ્રેમ

સારંગપુરથી નીકળેલા સ્વામીશ્રી લાખિયાણી અને નસીતપરને પાવન કરતાં તા. ૨૬/૬ની રાત્રે બોચાસણ આવી ગયા.

અત્રે દર્શન બાદ ઉતારે પધારી શૌચ-સ્નાનથી પરવારેલા તેઓ એક હરિભક્તને મુલાકાત આપી પત્રલેખન કરવા બિરાજ્યા, પરંતુ થોડી વારમાં જ સ્વામીશ્રીએ પત્ર-પરિચારકને કહ્યું: 'એ.સી. બંધ કરી દો. હવે થોડાક આડા પડવું છે.' આમ કહેતાં સ્વામીશ્રી પલંગ પર પોઢ્યા.

તેઓની આ અણધારી ચેષ્ટાથી સૌને શિથિલ સ્વાસ્થ્યની શંકા પડી, જે સત્ય ઠરી. સ્વામીશ્રી બોચાસણ તરફ આવી રહેલા ત્યારથી જ તેઓને કસર-કળતર અનુભવાઈ રહેલાં. ઠંડી પણ પીડી રહેલી. છતાં તેઓએ શૌચ બાદ સ્નાન કરતી વખતે ગરમ પાણી માગ્યું નહોતું. તે બાબતે અત્યારે સેવકોએ પૂછ્યું: 'આપને ઠંડી લાગતી'તી તો ગરમ પાણી કેમ માગ્યું નહીં?'

'મને એમ કે અત્યારે જ આવ્યા છીએ એટલે ગરમ પાણી તૈયાર નહીં હોય. એટલે થયું કે ઠંડાથી નાહી લઈએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

પોતાની અગવડ કરતાં બીજાની સગવડનો વિચાર તેઓને માંદગીમાં પણ ન ટળતો !

તેથી સંતોએ પૂછ્યું: 'અત્યારે એ.સી. બંધ કરાવ્યું તો પહેલેથી જ બંધ કરાવી દેવું'તું ને!'

'તેમાં પેલા હરિભક્ત આવેલા એને ગરમી લાગે ને!' ટાઢથી ધ્રૂજતાં-ધ્રૂજતાં સ્વામીશ્રી આટલું બોલ્યા. તે સાંભળી સૌ દ્રવી ઊઠ્યા.

આ પરિસ્થિતિમાં સ્વામીશ્રીના શરીરમાં પેઠેલો તાવ ધીરે ધીરે પોતાનું વર્ચસ્વ જમાવતો હતો. એક જ કલાકમાં તો તે ૧૦૨°ના આંકને આંબી ગયો. તેથી શરીર સખત તૂટવા લાગ્યું. આખી રાત આમ જ વીતી. સવારના ઠંડા પહોરે સ્વામીશ્રીને કંઈક નિદ્રા આવી, પણ સવા સાત વાગ્યે તેઓ જાગી ગયા.

ત્યારબાદ નિત્યવિધિથી પરવારેલા સ્વામીશ્રી સોફા પર પગ લંબાવીને માથું એકદમ પાછળ ટેકવી બેઠા હતા તે વખતે જ એક હરિભક્ત આવ્યા. તેઓના ભાઈના દીકરાના દીકરાને વિદ્યાનગરની કૉલેજમાં પ્રવેશ જોઈતો હતો. તે અંગેનો પ્રશ્ન આ અવસ્થામાં સ્વામીશ્રીએ શાંતિથી સાંભળ્યો. એટલું જ નહીં, તેને ઉકેલ્યો પણ ખરો.

તે જોઈ એ સત્સંગી સહિત સૌ સ્વામીશ્રી વિષે *'પેખ્યો આપનો પૂરણ પ્રેમ...'* નો અનુભવ કરી રહ્યા.

સારી મતિ સુહિતકારી સહુ તણી

કોઈ વિશિષ્ટ દિવસ હોય ત્યારે સત્સંગલક્ષી અને સમાજલક્ષી કાર્યોની પરિપૂર્તિ માટે ઠાકોરજી સમક્ષ ધૂન કરાવવાની સ્વામીશ્રીની ખાસિયત.

તે મુજબ તા. ૨૯/૬ના રોજ આવેલી દેવપોઢી એકાદશીએ પણ તેઓએ 'દેશમાં સર્વત્ર સારો વરસાદ થાય અને લંડનમાં સી.એફ.આઈ.નો સમૈયો ધામધૂમથી ઊજવાય' તે અંગે ધૂન કરવા કહ્યું. તેથી પ્રાર્થનાનો દોર શરૂ થયો.

ત્યાં જ એક સંત વચ્ચે બોલ્યા: 'સ્વામીબાપાની તબિયત સારી થઈ જાય એની પણ ધૂન કરો.'

'આ વળી અત્યારે ક્યાં લાવ્યા? પેલું થશે તો આ સારું થવાનું જ છે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓ એવા મહાપુરુષ હતા કે જેઓના શરીરની તંદુરસ્તી સમાજની સુખાકારી સાથે સંકળાયેલી હતી. જેમ દીકરાની આંગળી પીલાતાં જ બાપ ચીસ પાડી ઊઠે, તેમ સમાજ ભીંસમાં આવતાં જ સ્વામીશ્રીના સ્વાસ્થ્યનો લય ખોરવાઈ જતો.

આવા પરગજુ તેઓની નિશ્રામાં આજે ધૂન ગાજી રહેલી તે વખતે જ વેદજ્ઞદાસ સ્વામી બોલ્યા: 'સ્વામી! વરસાદ ગુરુપૂનમને દિવસે સાંજથી શરૂ

થાય એવી પ્રાર્થના કરજો.'

આમ બોલનાર આ વ્યવસ્થાપકના મનમાં આ વખતની ગુરુપૂર્ણિમાએ ખુલ્લા મેદાનમાં કરેલી હરિભક્તોને જમાડવાની વ્યવસ્થા સચવાઈ જાય તેવી ગણતરી હતી.

પરંતુ સ્વામીશ્રીનાં તો ગજ-ગણિત જ જુદાં. તેઓ તરત બોલ્યા : 'એમ કેમ કહ્યું ? ભલે ને સવારથી ધોધમાર વરસાદ વરસે. જમાડવાનું તો સૌ થશે. આપણે અગવડ વેઠવી પડે તો વેઠી લઈશું, પણ વરસાદ પડે તો સૌ ખેડૂતો સુખી થાય ને !' આમ કહી સ્વામીશ્રીએ વરસાદ સંબંધી ધૂન ચાલુ જ રખાવી.

તેના ઘોષમાંથી સ્વામીશ્રીની પરોપકારી પ્રતિભાનો પડઘો સંભળાતો રહ્યો.

પ્રસંગોનું તો મનન કર્યા જ કરવું

દેવપોઢી એકાદશીની બપોરે સ્વામીશ્રી ફરાળ અંગીકાર કરવા બિરાજ્યા, પરંતુ બગડેલી તબિયતને કારણે આજે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાના ઉપવાસમાં પણ 'જમવું પડ્યું'નો ખેદ તેઓના ચહેરા પર સ્પષ્ટપણે ઊભરાઈ આવ્યો. તે તેઓના મુખમાંથીયે આમ સરી પડ્યો કે 'આજે હરિભક્તો પણ નિર્જળા ઉપવાસ કરે ને આપણે લહેરથી જમીએ છીએ. બીજાને ઉપવાસ કરવાનું કહીએ ને આપણે ખાઈએ એમાં દુઃખ થાય જ ને ! બધું મનનું છે. બાકી ઉપવાસ કરવા હોય તો થાય.'

સૂર્ય કદી ઠંડો ન પડે તેમ સ્વામીશ્રીની તપની રુચિ પણ કદી મંદ નહોતી થઈ.

આવા તેઓએ તા. ૩૦/૬ના રોજ હિતોપદેશ આપતાં કહ્યું :

"સત્પુરુષ દેહનું ને જીવનું બેય સાચવે છે પણ જીવનું ન બગડે એ ખાસ જુએ છે. વ્રત, ઉપવાસ વગેરે દેહમાંથી આસક્તિ કાઢવા જ કરાવે છે. આ શરીરને તો કારસો જ આપવાનો છે. ભગવાન ને સંત કષ્ટ વગર રાજી થતા નથી. કષ્ટ સહન કર્યા વિના આપણામાં તેજ આવતું નથી. માટે સહન કરવું એ મોટી વસ્તુ છે. જો કે અત્યારે તો આપણને 'મનધાર્યું કામ ન થાય' એટલો જ ભીડો છે. ભીડો સમૂહમાં જ છે. આપણે જુદાં જુદાં ઘરના હોઈએ ને સ્વભાવ પણ ન મળ્યા હોય તોય સહન કરી લેવું. સંસારના ભીડા કરતાં આ કરોડગણા ઓછા છે."

આટલું કહ્યા બાદ સ્વામીશ્રીની અમૃતધારા વાંચન-વિવેકના વળાંકે

જઈને આમ વહી રહી કે –

"...આડું-અવળું વાંચવું નહીં. એમાં દેહાભિમાન વધે. આ માર્ગમાં જે જે પુરુષો આગળ વધ્યા છે એમના જીવન વાંચીને પ્રેરણા મેળવીએ. એવાં પુસ્તકોને મૂકીને બીજાં મેગેઝિન વાંચીએ તો વૃત્તિ ચારેબાજુ થઈ જાય. દષ્ટિ વકરી જાય. ઉદ્ધતાઈ આવી જાય. પછી મન અહીં બેસે નહીં. માટે આ માર્ગમાં ઉપયોગી ન હોય એને હાથ જ ન અડાડવો. આપણું 'બેઝ' (પાયો) તૈયાર થયું નથી એટલે ગમે તે વાંચો એમાં ફગાઈ જવાય. મહારાજ, ગુણાતીત સ્વામી ને પરંપરાના પ્રસંગો હોય એ બધા ઊંડાણથી વાંચ-વાંચ જ કરવા. 'પ્રથમ પાઠ શુદ્ધિનો.' એમ એક વખત વાંચો એટલે ફક્ત વાંચનની જ શુદ્ધિ થાય. માટે પ્રસંગોનું તો મનન કર્યા જ કરવું."

બિરુદ મોટું ઘણું ભક્તવત્સલતણું

બોચાસણમાં ગુરુપૂનમનો સમૈયો ઊજવી સ્વામીશ્રી તા. ૩/૭ના રોજ અટલાદરા જવા તૈયાર થયા.

તેઓની આવી વિદાય વેળાએ થતો ધસારો તો જેણે જોયો હોય તે જ જાણે. વ્યવસ્થાના બધા બંધ તૂટી-છૂટી જાય એવો ભાવપ્રવાહ તે સમયે વહેતો હોય. દરેક છેલ્લી ઝાંખી લેવા તલસતું હોય. તે માટે કો'ક અગાશી-અટારીએ ચઢ્યું હોય, તો કો'ક છત-છાપરે; કો'ક મંદિરના થાંભલે વીંટળાયું હોય, તો કો'ક મંદિરની જાળીએ; કો'ક પગના પંજા પર ઊંચું થયું હોય, તો કો'ક કો'કના ખભાના ટેકે હાથ દઈ ઊંચું થયું હોય. આ વખતે શરીરથી કોઈ ભાગ્યે જ સ્થિર હોય, છતાં મનથી સૌ સ્વામીશ્રીમાં સ્થિર જણાય.

આવા સમયે સ્વામીશ્રી સ્વાભાવિક રીતે ચપળ જણાતા. તેઓ વ્યવસ્થાપકોને વ્યવહાર સંબંધી છેલ્લી ઘડીનાં માર્ગદર્શન ચાલતાં-ચાલતાં જ આપતા જાય, સંતો-ભક્તોને લટકે-મટકે દર્શનની સ્મૃતિ વહેંચતા જાય, ઠાકોરજીનાં દર્શન હાથમાં પાઘ પકડી કરતા હોય. આ સમયના દંડવત્ પણ વિશેષ ત્વરાથી થતા જણાય. તે વખતે કો'ક છડી પોકારે તો કો'ક જયનાદ ગુંજાવે. આમ, વિદાય વખતની એક અલૌકિક કવિતા ગૂંથાતી જતી હોય.

આજે બોચાસણ પણ તેનું સાક્ષી બની રહેલું. તેની વચ્ચેથી માગ કાઢતા સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરીને જે પગથિયાં ઊતરી રહેલા તેના છેડે જ વાહન તૈયાર ઊભું હતું. દર વખતના ક્રમ મુજબ તેઓ હવે તેમાં બેસે

એટલી વાર... પણ આજે એમ ન બન્યું.

સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરી સીધા સભામંડપ તરફ ગયા. સૌ માટે આ બીના નવીન હોવાથી સમુદાય તેઓને અનુસર્યો.

આ સમયે સ્વામીશ્રી સભામંડપના એક થાંભલે જઈ પહોંચ્યા. તેના ટેકે એક અંધ, વૃદ્ધ, ગરીબ હરિભક્ત બેઠેલા. તેઓના હાથમાં માળા ફરી રહેલી. મંદિરનાં પગથિયાં ઊતરતાં સ્વામીશ્રીને તો આ વ્યક્તિ દેખાય તેમ જ નહોતી. પરંતુ તેઓ હતા અંતરની આંખે જોનારા. તેથી જ અહીં આવી પહોંચેલા સ્વામીશ્રીએ તે હરિભક્ત પાસે જઈને કહ્યું : 'જય સ્વામિનારાયણ, મણિભાઈ !'

ચારે બાજુ થઈ રહેલા કોલાહલમાં મણિભાઈને આ સાદ ઓળખાયો નહીં. તેથી ઠાસરાના એ વયસ્ક ભક્તે પૂછ્યું : 'કોણ ?'

'હું, પ્રમુખસ્વામી.'

સ્વામીશ્રીનો રણકો સાંભળતાં જ એ અંધ ભક્ત એકદમ પોતાના હાથ લાંબા કરી સ્વામીશ્રીનાં ચરણ શોધવા માંડ્યા. તેઓનો અવાજ રૂંધાઈ ગયો. સ્વામીશ્રીએ ખાસ્સા નીચા વળીને એ પ્રજ્ઞાચક્ષુના માથે હાથ મૂક્યા અને પ્રેમથી પૂછ્યું : 'કેમ છો ?'

મણિભાઈ તો મુખથી કશું જ બોલી શકે એમ નહોતા. સ્વામીશ્રીનો આ સ્નેહ જોઈ અન્ય સૌ પણ લાગણીસભર ભાવાવરણમાં ડૂબી ગયા.

તેની વચ્ચે થોડી વારમાં સ્વામીશ્રી વિદાય થયા ત્યારે મણિભાઈએ સંતોને કહ્યું : 'ગઈકાલે ગુરુપૂનમે હું ગિરદીને કારણે બાપાને વ્યક્તિગત મળી શક્યો નહોતો. તેનો અંતરમાં ખૂબ વસવસો હતો. આજે સામેથી આવીને બાપાએ અઢળક સુખ આપ્યું.'

આટલું કહેતાં તો એ વૃદ્ધ ફરી ગળગળા થઈ ગયા; તેઓને સાંભળનારા પણ. સ્વામીશ્રીના એક અનુભવે સૌને પલાળી મૂક્યા.

...એનો જુસ્સો જુદો હોય

બોચાસણથી સ્વામીશ્રી અટલાદરા પધાર્યા ત્યારે સ્વાગત-સભા હકડેઠઠ ભરાયેલી. તે જ વખતે પૂર્વ આઇ.જી.પી. શ્રી ઝાલાએ મંદિરમાં પગ મૂક્યો, પણ સભામાં કોઈને ખલેલ ન પહોંચે તે હેતુથી તેઓ પોણો કલાક સુધી છેલ્લે ઊભા રહી દર્શનલાભ લેતા રહ્યા. તેની જાણ સભા બાદ થતાં સંતોએ દિલગીરી વ્યક્ત કરી, ત્યારે આ અધિકારી બોલ્યા : 'અહીંયાં જ ખરું ઊભા રહેવા જેવું

છે. અહીં ન ઊભા રહીએ તો બીજે જઈએ ક્યાં ?'

એક ઊંચા દરજ્જાના પોલીસ અમલદારના મુખેથી સરી પડેલો આ ભાવ સાંભળી લોકહૃદયમાં કોતરાઈ ગયેલી સ્વામીશ્રીની છબી સૌને વિશેષ ઉજ્જ્વળ ભાસી રહી. ઘણી વાર મહાન પુરુષોની મહત્તા અખબારોના લેખો કે પુસ્તકોનાં પાનાંઓ કરતાં પણ જન-જનના આવા ઉદ્‌ગારોમાંથી વધુ સમજાય છે.

આવા મહાન સ્વામીશ્રી સભા બાદ ઠાકોરજી જમાડીને સંતો-યુવકો સાથે ગોષ્ઠી કરી રહેલા, ત્યારે જનમંગલદાસ સ્વામીએ પૂછ્યું: 'બાપા ! તમને એક જગ્યાએ રહેવાનું બહુ ન ગમે ?'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા:

''મહારાજે કહ્યું છે ને કે 'અમે ગોદોહનમાત્ર એક ઠેકાણે રહ્યા નથી.' ફરવાથી સત્સંગની સેવા થાય અને શરીર પણ સારું રહે. સાધુ તો ચલતા ભલા. માટે આપણે તો ફર-ફર જ કરવું. બેસી રહેવાથી શું લાભ ? સેવાથી મેવા અને જીવને બળ મળે.

તમે જો જો... જે હરિભક્ત તન, મન, ધનથી સેવા કરતો હોય તે મંદિરે આવે ત્યારે છાતી કાઢીને ફરતો હોય. નહીં તા રાકના જેમ બેસી રહે. ત્યાગીને પણ એવું. જે આરતી, ઘંટડી કે પૂંજોય વાળતો ન હોય એનામાં જુસ્સો નહીં હોય, અને ખાલી સભામંડપ વાળીને બેસી રહેતો હોય તોય એનો જુસ્સો જુદો હોય.''

સત્સંગની સેવાથી મળતા શિરપાવની વાત સ્વામીશ્રીએ ઉમંગથી કરી દીધી.

અમેય ઉપરથી આવ્યા

અટલાદરાથી નીકળેલા સ્વામીશ્રી 'વડોદરા ઍક્સપ્રેસ' દ્વારા તા. ૫/૭ની સવારે મુંબઈ પધારી ગયા. વિદેશયાત્રા પૂર્વે અહીં પાંચ દિવસનો કાર્યક્રમ ભરચક હતો. તેના જ એક ભાગરૂપે સ્વામીશ્રી તા. ૭/૭ની સવારે અક્ષર ભુવનના પાંચમા માળે રખાયેલા પોતાના ઉતારેથી નીકળી ચોથા માળે યોજાયેલી બાળસભામાં પહોંચ્યા.

અત્રે તેઓના આગમનને વધાવતાં બાળકોએ બુલંદ અવાજે પરંપરાનો જયનાદ કર્યો. તે સાંભળી રાજી થતાં સ્વામીશ્રી બોલ્યા: 'છોકરાં નાનાં છે,

પણ અવાજ બહુ મોટો છે. બારણાં ધ્રુજાવી નાંખ્યાં!'

સ્વામીશ્રીના આ પ્રોત્સાહનને પ્રતિભાવ આપતાં બાળકોએ કિલકિલાટ કરી મૂક્યો. એ કિલ્લોલને વધુ ઊંચે ચઢાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

"ઠેઠ અક્ષરધામમાં પોગી જાય એવો અવાજ તમારો છે. સત્સંગમાં આવો છો એટલે આ બળ મળ્યું છે. એવું બળ રાખવું કે આપણો અવાજ ઠેઠ ભગવાનને પહોંચવો જોઈએ. ભગવાન દોડીને આવે કે 'અહોહો! બાળકો બોલાવે છે!' જુઓ, તમારો અવાજ અમને પોગ્યો તો અમેય ઉપરથી આવ્યા! એમ ભગવાન પણ તમારી પાસે આવે."

આમ, બાળસુલભ શૈલીમાં વાતો કરી સ્વામીશ્રીએ સૌને આનંદ સાથે આદેશ આપી દીધો. તેમાં 'અમેય ઉપરથી આવ્યા...' તે વાક્ય દ્વારા તેઓના કરુણાપૂર્ણ અવતરણનો મર્મ પણ સમાયેલો છે, પરંતુ તેને બાળમાનસ શું સમજી શકે?

હજી ઘણું બાકી છે

બાળમંડળની સભા પૂર્ણ કરી સ્વામીશ્રી યુવક મંડળની સભામાં પધાર્યા. ત્યાં જ ઉદ્‌ઘોષકે જાહેરાત કરી કે 'હવે પરમ પૂજ્ય સ્વામીશ્રી આશીર્વાદ આપશે.'

આ ઘોષણાને જ આશીર્વાદની આધારશિલા બનાવતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા:

"આશીર્વાદ લેવાની વાત આવી, પણ યોગીબાપાએ કેટલાય દા'ડાથી આશીર્વાદ આપ્યા જ છે. મોટાપુરુષે તો આપણને નજરમાં લીધા, પણ આપણે એમની નજરમાં આવવું જોઈએ. તમે બધા ઉત્સાહી છો. કાર્ય પણ કરો છો, પરંતુ હજી ઘણું બાકી છે. યોગીબાપાનો સંકલ્પ છે કે 'આખા બ્રહ્માંડમાં સત્સંગ થાય.' ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે 'પાંદડે પાંદડે સત્સંગ કરાવવો છે.' માટે ખાલી સત્સંગ મંડળમાં આવવાથી સંતોષ ન પામવો જોઈએ. મિલકત વધારવામાં સંતોષ થાય છે? એમ આ સત્સંગ કરવો અને કરાવવો. એમાં એમ ન થવું જોઈએ કે 'ચાલો! બહુ થઈ ગયું.' યોગીબાપાના સંકલ્પ પૂરા ન થાય ત્યાં સુધી કટિબદ્ધ થવાનું છે.

સત્સંગ મંડળમાં પણ નિયમિત આવવું જોઈએ. માંદા હોય તો ખાટલામાં નાંખીને લાવવો જોઈએ. વોટ આપવા માટે ચૂંટણીવાળા ખાટલામાં નાંખીને લઈ જાય છે એમ. બ્રહ્માંડમાં સત્સંગ કરાવવો છે, પછી બેસી રહે શું વળે? ધંધા-

નોકરીના સમયમાં પણ 'આજે પાંચ જણને વાત કરવી છે' એવી દૃઢતા રાખી હોય તો કામ થાય. નોકરી પછી અડધો કલાક ઘેર મોડા જાઓ એમાં કાંઈ ખાટું-મોળું નથી થઈ જતું. નવો ને નવો આનંદ ને કેફ રહેવો જોઈએ.''

સ્વામીશ્રી આજે અનરાધાર વરસી પડ્યા. તેઓએ સત્સંગના સીમાડા ઘણા વિસ્તારેલા છતાં સત્સંગ-પ્રસારના અહોનિશ આલોચથી જ ઊછળતું રહેતું તેઓનું અંતર.

જાણે છે પ્રભુની પ્રભુતાઈ

મુંબઈમાં પાંચ દિવસના રોકાણ બાદ તા. ૧૦/૭ની રાત્રે બે વાગ્યે 'ઍર ઇન્ડિયા'ના 'વિક્રમાદિત્ય' વિમાન દ્વારા સ્વામીશ્રી લંડન જવા પ્રસ્થાન કરવાના હતા, પરંતુ તે સામે વાંધો ઉઠાવતા લંડનના અગ્રણી હરિભક્તો ફોન દ્વારા વિનંતી કરી રહેલા કે 'સ્વામી! આપ 'ઍર ઇન્ડિયા'નું બુકિંગ રદ કરી બીજી ઍર લાઇન્સમાં પધારો.'

ભક્તોની આ અરજ તત્કાલીન સંજોગો મુજબ બિલકુલ બરાબર હતી. જૂનના ચોથા અઠવાડિયામાં કેટલાક ત્રાસવાદીઓએ 'ઍર ઇન્ડિયા'ના હવાઈ જહાજને બોંબ મૂકી અધ્ધર આકાશમાં જ ફૂંકી મારેલું. તે કારણે બધા જ પ્રવાસીઓ દરિયાના પેટાળમાં સમાઈ ગયેલા. આ જઘન્ય કૃત્યનો વિકૃત આનંદ મનાવતા એ આતંકવાદીઓએ ધમકી ઉચ્ચારેલી કે 'ઍર ઇન્ડિયાનું દરેક પ્લેન જોખમમાં છે.'

તેઓની આ દમદાટીને કારણે 'ઍર ઇન્ડિયા'નાં બુકિંગો ધડાધડ રદ થવા લાગેલાં. બસ, આ જ ઓથાર તળે રહીને ભક્તો સ્વામીશ્રીને વીનવી રહેલા કે 'આપ 'ઍર ઇન્ડિયા'નું બુકિંગ રદ કરી બીજી ઍર લાઇન્સમાં પધારો.'

પરંતુ સ્વામીશ્રીનો જવાબ આશ્ચર્યજનક આવ્યો. તેઓએ જણાવ્યું કે 'તમને ભગવાન પર વિશ્વાસ નથી? ભગવાન ઉપર વિશ્વાસ રાખો. કાંઈ ચિંતા કરવા જેવી નથી.'

સ્વામીશ્રી માટે ભગવાન એ કોઈ વક્તવ્યનો વિષય નહોતા, એ લેખની લીટીમાં સમાવવાનું તત્ત્વ નહોતું, એ કોઈ જ્ઞાનચર્ચાનો મુદ્દો પણ નહોતો, એ સુખ-સુવિધા કે માન-સન્માનની ઉઘરાણી માટેનું મદદરૂપ સાધન નહોતું, એ પોતાનાં પાસાં પોબારા પાડવા માટે ઉપયોગમાં લેવાતી સલામતીની ઢાળ નહોતી.

સ્વામીશ્રી માટે ભગવાન હતા સર્વસ્વ, જીવનથીયે વિશેષ. તેઓ પરની અટલ આસ્થાના બળે સ્વામીશ્રી જીવનને જોખમમાં મૂકતાં ખચકાયા નહીં અને તા. ૧૦/૭ની એ રાત્રે બે વાગ્યે તેઓએ 'ઍર ઇન્ડિયા'ના જ વિમાનમાં બેસી પ્રયાણ કર્યું ત્યારે તેઓની અગિયારમી વિદેશ-ધર્મયાત્રાનો મંગલ પ્રારંભ થઈ રહ્યો.

વિલાયતમાં હિંદુસ્તાનની હવા

ભગવાનના ભરોસે સ્વામીશ્રી ઊડેલા વિલાયતમાં હિંદુસ્તાનની હવા ફેલાવવા.

હા, ગુણાતીત દ્વિશતાબ્દી ઉપક્રમે વિદેશમાં સંસ્કૃતિની સુગંધ પ્રસરે, ધર્મનો મર્મ સમજાય અને સૌનાં શીલ-શૈલી સમૃદ્ધ બને તે હેતુસર સ્વામીશ્રીએ ભારત બહાર ભારતીયોનો સૌથી મોટો ઉત્સવ યોજેલો. કેવળ સત્સંગીઓની સૂઝ-શક્તિ, શ્રદ્ધા-શ્રમ અને સમય-સંપત્તિના સહારે તેઓએ પગરણ માંડેલાં – 'ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ' (Cultural Festival of India – CFI)નાં. તે માટે લંડનની ઉત્તરે આવેલા 'એલેક્ઝાન્ડ્રા પૅલેસ'(એલીપેલી)ની ઉતાર-ચઢાવવાળી અને સઘન વૃક્ષોથી સભર પચીસ એકરની હરિયાળી 'ભવ્ય ભારત'માં ફેરવાઈ ગયેલી.

આ 'ભારત'ભૂમિ પર આકાર પકડેલો સ્વાગત દ્વાર, સૂરસંગમ દ્વાર, મયૂરદ્વાર, ગજદ્વાર અને દીપદ્વારની ભવ્યતાએ.

આ ભવ્યતામાં ભળેલી – અક્ષર-પુરુષોત્તમ મંદિર, રાધાકૃષ્ણ મંદિર, શિવશક્તિ મંદિર અને સીતારામ મંદિરની દિવ્યતા.

તેને સંગત આપતાં ખડી થયેલી વિવિધ કલા-ચિહ્નોની રમ્યતા. તેના ભાગરૂપે તૈયાર થયેલાં – 'સુસ્વાગતમ્'ની ભાવના પ્રગટ કરતા બે જોડાયેલા હાથ, અશોકસ્તંભ, ગજરાજ, ગાડાં અને અશ્વ પર વિરાજિત શ્રીહરિ તથા નટરાજ, લક્ષ્મી, સરસ્વતી સહિત સંત-ભક્ત કવિઓની આબેહૂબ પ્રતિકૃતિઓ. તેની સાથે શંખ, ઘંટ, શ્રીફળયુક્ત કળશ વગેરે માંગલિક ઉપકરણો પણ અતિ આકર્ષક ભાસતાં હતાં.

રમ્યતા, ભવ્યતા અને દિવ્યતાની ઉપરોક્ત ત્રિવેણીના કાંઠે સર્જાયેલી ત્રીસેક હાટડીઓની સુંદરતા પણ એવી જ બેનમૂન હતી. આ હાટમાં ચાખવા મળતો ભારતીય હસ્તકળા, ફૂલછોડ, સાહિત્ય ઇત્યાદિનો આસ્વાદ

સૌને ઘેલું લગાડતો.

આમ, ઉત્સવના આંગણે રચાયેલા આ રમ્યતા, ભવ્યતા, દિવ્યતા અને સુંદરતાના ચંદરવા તળે ભારતીય નૃત્ય-સંગીત, ભારતીય દેવો-મંદિરો, ભારતીય ભાષા-ભૂષા, ભારતીય વ્યંજન-વાદ્યો અને ભારતીય ભક્તિ-ભાવનાના પંચામૃતનો પ્રસાદ ખોબે ખોબે વહેંચાતો હતો. તેથી જ તો આ ઉત્સવમાં આવેલા હેરીન્ગેના મેયરશ્રી જીમ ગાર્ડનર બોલી ઊઠેલા: 'લંડનનો આ ખૂણો ભારતમાં ફેરવાઈ ગયો! હું ભારત નથી ગયો પણ અહીં અદ્ભુત સર્જનો જોઈ ભારતનાં દર્શન પામ્યો!'

અલબત્ત, આવી અનુભૂતિ કરનારા તેઓ એકલા નહોતા. આ ઉત્સવમાં આવનારા છ લાખ જેટલા અતિથિઓના આ જ ઉદ્ગાર હતા. તેમાંથી 'સંસ્કૃતિના પારણે' (Cradle of Civilization) ઝૂલેલા એક લાખ આગંતુકો તો 'ભવ્ય ભારત'ને જાણી અભિભૂત જ થઈ ગયા. ૩,૨૫૦ ચો.મી.ના ક્ષેત્રફળમાં ખડું થયેલું આ પ્રદર્શન રામાયણ, મહાભારત, ભાગવતનાં કથાનકો સહિત સ્વામિનારાયણ સંપ્રદાયની ગુણગરિમા તથા ભારતીય કૌશલ્ય-સ્થાપત્ય, વેશ-વાહનો, પર્વ-પરંપરા તેમ જ વિવિધ રાજ્યોની ભાતીગળ વિશેષતાઓને ધ્વનિ-પ્રકાશ, ફોટા-ફિલ્મ અને શિલ્પ-સજાવટના સંયોજનથી આબેહૂબ રજૂ કરતું હતું.

આ સમગ્ર ગોઠવણી એવી જીવંત હતી કે તેને ઊભી કરવામાં મદદરૂપ થનારી 'પાલ્મર્સ સ્કેફોલ્ડિંગ' કંપનીનો એક કર્મચારી તો આંખમાં આંસુ સાથે બોલી ઊઠેલો: 'આને કાયમ ન રાખી શકાય? આ આટલું સુંદર સર્જન એક મહિનામાં છોડવું પડશે?'

આમ, જન-મનનો કબજો લઈ લેતી હિંદુસ્તાની હવા વિલાયતમાં પ્રસરાવી દેનારા આ ઉત્સવમાં પ્રાણ પૂરવા સ્વામીશ્રી સ્થાનિક સમય અનુસાર તા. ૧૦/૭ની બપોરે સાડા બાર વાગ્યે નિસડનના મંદિરે આવી પહોંચ્યા.

અમે આત્માના ડૉક્ટર

સ્વામીશ્રીને વધાવવા ઈંગ્લેન્ડવાસી ભક્તો ઉપરાંત આ ઉત્સવ પ્રસંગે ભારત, અમેરિકા, આફ્રિકાથી આવેલા સેંકડો ભક્તો પણ થનગની રહેલા.

તે સૌનો પ્રેમ ઝીલી સ્વામીશ્રીએ દર્શન-દંડવત્ બાદ સૌને આશીર્વર્ષાથી તૃપ્ત કરતાં જણાવ્યું: 'ઠાકોરજીનાં દર્શન થયાં એટલે સ્વાગત થઈ ગયું. મુસાફરી

લાંબી રહી એ બરાબર, પણ તમારા સૌના પ્રેમ આગળ મુસાફરીનો હિસાબ નથી રહ્યો. 'કલ્ચરલ ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયા' ઊજવવા જઈએ છીએ તો ઇન્ડિયાના પ્લેનમાં જવું જોઈએ, ભલે મોડું થાય. હજારો, લાખો માણસો લાભ લે, 'વેધર' સારી રહે, મહોત્સવ સર્વોપરી થઈ જાય તે મહારાજને પ્રાર્થના.'

આ ટૂંકા પણ આનંદદાયી આશીર્વાદ આપી સ્વામીશ્રી સામે બેઠેલા ડૉ. શાહનો નિર્દેશ કરી બોલ્યા: 'આ દેહના ડૉક્ટર, અમે આત્માના ડૉક્ટર.'

તેઓનો આ ઉદ્‌ગાર સાંભળી આખો હૉલ તાળીઓથી ગુંજી ઊઠ્યો.

લંડનમાં ભારતનું પરોઢ

તા. ૧૨/૭ની બપોરે ભોજન પૂર્વે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની એક પ્રાસાદિક તસવીર સ્વામીશ્રીને દર્શાવવામાં આવી.

તે જોઈ પુરાણી સ્મૃતિ કરાવતાં તેઓ બોલ્યા: 'શાંસ્ત્રીજી મહારાજે મને ચાર-પાંચ કીર્તન લખી આપ્યાં હતાં. એમને બધું જ મોઢે, એટલે મોઢે બોલી લખતા. જોઈને બોલવું ફાવે જ નહીં. મારાં કાગળિયાં ક્યાં ગયાં તે ખબર નથી! શાસ્ત્રીજી મહારાજને અવસ્થાને લઈને ગાવાનું ઓછું ફાવતું. ચરોતરી રીતે ગાતા. યોગીજી મહારાજ તો ઠેઠ સુધી મોટા અવાજે ગાતા. મને પહેલું કીર્તન મુંબઈમાં નેમાણીની વાડીમાં સ્વામીએ સવારે લખી આપ્યું'તું – '*સુખદાયક રે...*' એક પદ બપોર સુધીમાં મોઢે કરી નાંખવા કહેલ; પણ રસોઈ વગેરેની સેવા ખૂબ, એટલે રાત્રે તૈયાર કરવાનું કહ્યું. પછી રાતની સભામાં બોલાવ્યું હતું.'

આમ, આજના દિવસને સ્વામીશ્રીએ સ્મૃતિના રંગે રંગી દીધો.

જો કે આ આજનો નહીં, પણ રોજનો ક્રમ હતો.

તે અનુસાર તા. ૧૪/૭ની સવારે અક્ષરબ્રહ્મ વિશ્વશાંતિ મહાયાગની પાવક ધૂમ્રસેરોથી લંડનનું ગગન છવાયું. આ પ્રસંગે અક્ષર-પુરુષોત્તમ મંદિરના વિશાળ પ્રાંગણમાં ૧૫૧ કુંડોની ફરતે બેસીને ૫૦૦ યજમાનોએ શાંતિના સ્ફુલિંગો વિસ્તાર્યા.

આ જ દિવસની સવારે 'India Dawns in London' (લંડનમાં ભારતનું પરોઢ) સૂત્ર સાથે આકર્ષક નગરયાત્રા પણ લંડનના રાજમાર્ગો પર વહેતી થઈ. રથ, ગરુડ, શેષનાગ, નૌકા, નૃસિંહ, હંસ, ગજરાજ, મયૂર, મત્સ્ય, માણકીની પ્રતિકૃતિના દસ કલામંડિત રથ-સમૂહને સ્વામીશ્રીએ લીલી ઝંડી

આપી. આ પ્રત્યેક રથ-રચનાને તેઓએ કિંગ્ઝબરી રોડના ચોક પાસે ઊભા રહી નિહાળી પણ ખરી.

સતત સાત કલાક સુધી સરકતી રહેલી આ શોભાયાત્રા સાંજે પાંચ વાગ્યે ઉત્સવ-સ્થળે વિરમી. અહીં દરેક સંરચનાને 'નગર'માં યથાયોગ્ય સ્થાને ગોઠવવામાં આવી.

આ નગરયાત્રાનાં દર્શન બાદ સ્વામીશ્રી હેરો વિસ્તારમાં નૂતન મંદિર માટે સંપાદિત કરેલી પાંચેક એકર જમીન પર પુષ્પ છાંટવા પધાર્યા. લંડનમાં એક મહિના પૂરતી જ નહીં, પરંતુ કાયમ માટે ભારતની અનુભૂતિ થતી રહે તેવું સ્થાપત્ય ખડું કરવાની તેઓની નેમ હતી.

પ્રેમપૂર્ણ પરિશ્રમનો પરિપાક

તા. ૧૬/૭ના રોજ ઉત્સવ નિમિત્તે ઉદ્‌ઘાટિત થનારું 'સ્વામિનારાયણ નગર' હતું – પ્રેમપૂર્ણ પરિશ્રમનો પરિપાક.

જ્યાં માલેતુજાર દુકાનમાલિકોએ હાથમાં પાવડા ઝાલીને બાવડાં વીંઝતાં માટી ખોદેલી;

જ્યાં આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં ઉચ્ચ હોદ્દા ધરાવનારા ઇજનેરોએ ધૂળનાં તગારાં ફેરવેલાં;

જ્યાં તેજસ્વી શિક્ષણ પામેલા યુવાનોએ વાંસ-વળીઓ ઊંચકેલાં;

જ્યાં બંગલામાં સાહ્યબી માણનારાઓએ કાદવ ખૂંદેલા;

જ્યાં મર્સીડીઝ ચલાવનારાઓએ માલની હેરફેર માટે ટ્રકો હંકારેલી;

જ્યાં સોનાના દાગીના ઘડનારાઓએ સ્કેફોલ્ડિંગની પાઈપો જોડેલી;

જ્યાં મોટા ઔદ્યોગિક ગૃહોમાં મૅનેજમૅન્ટ કરનારાઓએ વાસણો ઊટકેલાં...

હા, *'કોડે કરવા લાગ્યાં તેહ કામ, જાણી ભક્તિનો સમય આ ઠામ...'*ની રીતે, સેવામાં મંડી પડેલાં હજારો બાઈ-ભાઈ ભક્તોનાં પ્રસ્વેદબિંદુઓ જ 'નગર'ની ભૂમિનાં તૃણ-કણમાં મોતી બની ઝગમગી ઊઠેલાં.

આવા ઝળહળતા 'નગર'નો શાનદાર શુભારંભ થયો – તા. ૧૬/૭ની બપોરે ૩:૨૦ વાગ્યે.

આ સપરમા અવસરે આમંત્રિત સંતો તથા સત્તાધીશોની જાણે નક્ષત્રમાળા ચમકી રહી. ભારતના મૂર્ધન્ય સંતો પૂજ્ય ચિદાનંદ સ્વામી, પૂજ્ય

હરિનારાયણાનંદ સ્વામી વગેરે સાથે બ્રિટિશ રાજનેતાઓ પણ અહીં ઉપસ્થિત હતા. તેઓની હાજરીમાં વૈદિક મંત્રોચ્ચારથી પૂજન બાદ સ્વામીશ્રી તથા ઈંગ્લેન્ડના વિજ્ઞાન અને શિક્ષણ વિભાગના મંત્રી શ્રી કીથ જોસેફે રિબન કાપી 'નગર'ને જાહેર જનતા માટે ખુલ્લું મૂક્યું. ખુશનુમા વાતાવરણમાં સંપન્ન થયેલી આ ઐતિહાસિક ક્ષણને સૌએ જયનાદો ગુંજાવી સ્મરણીય બનાવી દીધી.

આ પ્રસંગે એલેક્ઝાન્ડ્રા પેવેલિયન ખાતે યોજાયેલી ઉદ્‌ઘાટન સભામાં ભારતીય રાજદૂત શ્રી પી. સી. એલેક્ઝાન્ડર, કોમનવેલ્થ રાષ્ટ્રસમૂહના મહામંત્રી શ્રીદથ રામફાલ, ગૃહમંત્રી શ્રી ડેવિડ વોડિંગ્ટન, બ્રેન્ટના મેયર શ્રી રોજર સ્ટોન વગેરે અગ્રણી નેતાઓએ પોતાની ભાવોર્મિ વહાવી. સ્વામીશ્રીએ પણ આશીર્વાદમાં ઉત્સવનો હેતુ જણાવતાં કહ્યું : 'આ પ્રસંગથી ભારતે આપણને શું આપ્યું છે, તેનો વારસો શું છે તેનો ખ્યાલ આવશે. એક ભવ્ય દેશ અને સંસ્કૃતિમાંથી આપણે આવ્યા છીએ તે સમજાશે.'

આવા ઉમદા આશય સાથે આરંભાયેલા આ ઉત્સવના સભા-કાર્યક્રમોનો મંગલદીપ પ્રજ્વલિત કર્યો – લેબર પાર્ટીના અગ્રણી નેતા શ્રી રોય હેટર્સલીએ. રાત્રે આઠ વાગ્યે પ્રગટેલા આ દીપનાં અજવાળે રજૂ થયાં – પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજી તથા અન્ય અતિથિવિશેષોનાં વક્તવ્યો. ત્યારબાદ સંતૂરસમ્રાટ શિવકુમાર શર્મા અને તબલાં-નવાઝ ઝાકીર હુસૈનની જુગલબંદીએ સૌને ડોલાવી દીધા.

ઉત્સવ-ગંગાને કલાનો કિનારો

ઉત્સવ-ઉદ્‌ઘાટનના બીજા જ દિવસથી રોજના આઠ-દસ હજાર લેખે દર્શકો 'નગર'નાં દ્વારે ઊમટવા માંડ્યા. શનિ-રવિના દિવસોમાં તો આ આંકડો હરણફાળ ભરતો ચાલીસ-પચાસ હજાર સુધી પહોંચી જતો. પાંચ-છ ડગલાં ભરો અને એક વ્યક્તિનો સ્પર્શ થાય તે હદે 'નગર' માનવમેદનીથી ઊભરાતું હતું. તેનાં પ્રમુખ આકર્ષણોમાં એક હતો – પ્રદર્શનના પ્રાંગણમાં ઊભેલો રંગમંચ. તેને નૃત્ય, સંવાદ અને પપેટ શૉની રમઝટથી યુવાવર્ગ ધમધમાવતો.

આ યુવાનો તો હતા સત્સંગી ગુજરાતી જ, પણ તેઓ મહારાષ્ટ્રનું કોળી નૃત્ય કરે ત્યારે મરાઠી માનુષ જ લાગે અને પંજાબના ભાંગડાની ભંગિમા પ્રસ્તુત કરે તો પંજાબી પુતર જ જણાય! મણિપુરના શિકારી નૃત્ય કે રાજસ્થાનના તેરાતાલી નૃત્યની રજૂઆતમાં તેઓ મણિપુરી કે રાજસ્થાની જ

દીસે. સહજ સ્ફૂર્તિ, લયબદ્ધ ગતિ અને મધુર અભિવ્યક્તિના ત્રિભેટે રંગબેરંગી વેશભૂષા, અનુકૂળ હાવભાવ અને કર્ણપ્રિય તાલ-ગીત સાથે રજૂ થતાં આ નૃત્યો સૌ પર કામણ પાથરતાં.

નૃત્યના આ પ્રવાહમાં ગીત-સંગીતની ધારાઓ પણ સતત તેર દિવસ સુધી ભળતી રહી.

ભારતીય સંસ્કૃતિએ હોઠની ભાષા સાથે હૃદયની ભાષા સમા સંગીતને મહત્ત્વ આપ્યું છે. આ સંગીતના સથવારે શ્રીજીમહારાજના પાંચસો પરમહંસો અને તુલસી, કબીર, મીરાં, નાનક જેવા જ્યોતિર્ધરોનાં ભજનોનો રસથાળ પીરસવા પ્રસિદ્ધ પાર્શ્વગાયકો 'પદ્મભૂષણ' શ્રી ભીમસેન જોશી તથા 'પદ્મશ્રી' મન્ના ડે વગેરે સાથે સિતારના સૂરેશ્વર નિખિલ બેનરજી, વિખ્યાત ગિટારવાદક શ્રી બ્રિજભૂષણ કાબરા પણ ઉપસ્થિત રહ્યા. ગીત-સંગીતના સાજ સજેલી આવી સોહામણી સંધ્યાને વધાવવા ગુણીજનોનાં ટોળેટોળાં ઊમટતાં રહ્યાં. રોક-પોપ મ્યુઝિકમાં મહાલતા અંગ્રેજો પણ ઉત્સવ-ગંગાને સાંપડેલા આ કલાના કિનારે બેસી ઝૂમી ઊઠ્યા.

પ્રભુનું સત્ય અહીં છે

એલેક્ઝાન્ડ્રા પૅલેસના શમિયાણામાં આ વખતે પહેલી જ વાર પ્રેરક પારાયણો-પ્રવચનોની પવિત્ર ભાગીરથીનું અવતરણ થયેલું. બે અઠવાડિયાં સુધી વહેલી આ પરમ-પાવની જાહ્નવીમાં શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી દ્વારા ભાગવત તથા સંતોના મુખે 'સ્વામીની વાતો' વિષયક પારાયણોનો લાભ સૌને મળ્યો.

તેની સાથે બી.બી.સી.ના ચૅરમેન શ્રી સ્ટુઅર્ટ યંગ, 'લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ'ના નિયામક શ્રી આઈ. જી. પટેલ વગેરે કંઈક મહાનુભાવોએ પણ આ 'નગર'ને અંજલિ આપી.

આ ક્રમમાં આવેલા 'હાઉસ ઑફ કોમન્સ'ના પૂર્વ અધ્યક્ષ શ્રી જ્યોર્જ થોમસે તો સ્વામીશ્રીને જ કહી દીધું: 'આપ ભગવાનના 'સ્પૉક્સમેન' છો. આપના દ્વારા ભગવાન બોલે છે.'

એક આગંતુક શ્રી બેરી સ્ટેડને પણ અનુભૂતિ વ્યક્ત કરી કે 'મને શબ્દો મળતા નથી. છેલ્લાં દસ વર્ષથી પ્રભુનું સત્ય શોધવા મેં વિશ્વભરમાં પ્રવાસ કર્યો છે. હજારો પાઉન્ડના ખર્ચ પછી અને હજારો માઈલના ભ્રમણ પછી હું અંતઃકરણપૂર્વક માનું છું કે મારી લાંબી ખોજ પૂર્ણતાને આરે આવી છે. પ્રભુનું

સત્ય અહીં છે.'

આમ, સ્વામીશ્રીના આ ઉત્સવ દ્વારા સૌ મંત્રમુગ્ધ થતાં ચાલ્યાં.[૨૮]

અમે તમને રાજી કરીશું

સન ૧૯૭૦માં 'એલેક્ઝાન્ડ્રા પૅલેસ'ની મુલાકાતે પધારેલા યોગીજી મહારાજ અહીંની રળિયામણી ટેકરી જોઈ બોલેલા કે 'આ સ્થાન તો અક્ષરધામ જેવું છે!' તેઓના આ સંકલ્પને સાકાર કરતા હોય તેમ સ્વામીશ્રીએ તે સ્થળે જ બેનમૂન 'નગર' ખડું કરી દીધેલું. આ 'નગર'માં ધમધમી રહેલા ઉત્સવની ચરમસીમારૂપે આયોજિત થયેલી – સ્વામીશ્રીની સુવર્ણતુલા.

પૂર્વનિર્ધારિત ક્રમ મુજબ આ તુલાવિધિ તા. ૧૪/૭ના રોજ વૅમ્બલી એરિનામાં થવાનો હતો, પરંતુ ઉત્સવમાં ઊમટેલા ભક્તોની સંખ્યા જોતાં ૮,૦૦૦ની ક્ષમતાનું એ સ્થળ સાંકડું સાબિત થાય એમ જણાતાં ૨૨,૦૦૦ની ક્ષમતા ધરાવતા ક્વીન્સ પાર્ક રેન્જર્સ (QPR) સ્ટેડિયમમાં સુવર્ણતુલાનો ઉત્સવ ઊજવવાનું નક્કી થયેલું. અહીં દિવસ તો તા. ૧૪/૭નો જ રાખવાનો હતો, પણ પરવાનગીની પ્રક્રિયાને કારણે તેને તા. ૨૦/૭ના રોજ તબદીલ કરવો પડેલો.

પરંતુ આ દિવસ શનિવારનો હોવાથી 'એલીપેલી'ના 'નગર'માંયે મુલાકાતીઓનો ધસારો ઘણો રહેવાનો હતો. તેથી ત્યાં પૂરતા પ્રમાણમાં સ્વયંસેવકો રાખવા પડે તે અનિવાર્ય હતું. તેમાં તકલીફ એક જ હતી કે 'નગર'ના આ સ્વયંસેવકોએ સુવર્ણતુલામાં વિશેષ દાન નોંધાવેલું. તેઓ જો QPR સ્ટેડિયમમાં સુવર્ણ અર્પણ કરવા આવે તો 'નગર'ની વ્યવસ્થા ખોરવાઈ જાય. આ દાનવીરોને સુવર્ણતુલામાં આવવાની 'ના' પાડવી એ પણ તેઓના જીવનની સુવર્ણ ક્ષણને તાળું મારવા જેવી વાત હતી. તેથી મૂંઝાયેલા આયોજકોએ સ્વામીશ્રીને આ વિગત જણાવી.

કોઈ પણ નેતાના નેતૃત્વની કસોટી કરે તેવી આ વાત હતી. જે પળને માણવા હદ બહારનું સમર્પણ કર્યું હોય, જે ઘડીની રાહ મહિનાઓથી જોવાતી હોય, જે જીવનના સર્વોચ્ચ સુખની ક્ષણ હોય, તેને છોડવાની વાત કરવી

---

૨૮. ઈંગ્લેન્ડમાં ભારતની આભા ઉપસાવનારા આ ઉત્સવના વિવિધ કાર્યક્રમોને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

એટલે નેતાએ પોતાના અનુયાયીઓનો વિશ્વાસ કેટલો જીત્યો છે તેનું પારખું કરવાની પળ!

તા. ૧૯/૭ના રોજ આવેલી એ ક્ષણે સ્વામીશ્રીએ સૌ બાઈ-ભાઈ સ્વયંસેવકોને સંબોધતાં કહ્યું:

'આવતીકાલે પ્રસંગ છે. દરેકને ઇચ્છા થાય. એને માટે તૈયારી કરી, મહેનત કરી, તેનો લાભ ન મળે તો મનમાં લાગી આવે. પણ શનિવારનો દિવસ છે. કોઈ રસ્તો ન દેખાયો તેથી અહીં બેઠાં લાભ મળે તેવું વિચાર્યું. ત્યાં આવવાની ઇચ્છા ન રાખવી. કાલે બધાં પોતપોતાના સ્થાન પર રહી સેવા કરે. 'ના' કહેવું તે દુઃખની વાત છે, પણ મોટામાં મોટો લાભ મૂકીએ છીએ તો તેનું ફળ ભગવાન બીજી રીતે આપશે. આ પ્રેમની વાત છે.'

સ્વામીશ્રીના આ શબ્દોને એકેય સ્વયંસેવકે હેઠા પડવા ન દીધા. સૌએ સેવામાંથી તસુભાર ન ખસવાની બાંયધરી બુલંદ અવાજે આપી ત્યારે સ્વયં સ્વામીશ્રી ગળગળા થઈ ગયા. તેઓએ જણાવ્યું:

'લાખો લાભ લેશે તેનું ફળ-પુણ્ય તમને મળશે. આથી અંતે મહારાજ તમને અક્ષરધામમાં બેસાડશે. તમે અમને રાજી કર્યા છે. અમે તમને રાજી કરીશું. આ સભા તો તમને નારાજ કરવાની થઈ છે.'

આટલું બોલતાં સ્વામીશ્રીની આંખોમાં પાણી આવી ગયાં. એ ભીનાશ આગળ બહાર વરસતો વરસાદ પણ સૌને સાવ સૂકો જણાયો!

આમ, સદા યાદ રહી જાય એવા આ ભાવસભર માહોલમાં આજની સભા પૂર્ણ થઈ ત્યારે નેતૃત્વની એરણ પર સ્વામીશ્રી શુદ્ધ સુવર્ણ સમાન પુરવાર થઈ ચૂકેલા.

આપ તણી આજ્ઞા જ પ્રમાણે વરસે છે વરસાદ

જેમ નદીઓ હર્ષ-વેગથી સમુદ્ર તરફ ધસમસતી વહી જતી હોય, તેમ તા. ૨૦/૭ની ભરબપોરે બાર વાગ્યાથી આબાલવૃદ્ધ બાઈ-ભાઈનાં વૃંદ QPR સ્ટેડિયમ ભણી ધસી રહેલાં. પગમાં અનોખું જોમ, આંખોમાં દર્શનની પિપાસા અને હૃદયમાં ભક્તિનું અર્ઘ્ય લઈને વહેતો એ ભક્તસમાજ, પોતાના પ્રાણપ્યારા ગુરુહરિ સ્વામીશ્રીને સોનાનાં ફૂલડે વધાવવા જઈ રહેલો. અઢી વાગ્યે સ્ટેડિયમનાં દ્વાર ખૂલતાં જ ચારેબાજુ જાણે માનવપૂર ફરી વળ્યાં.

પોતાની ચોકસાઈ માટે પંકાયેલા બ્રિટિશ હવામાન ખાતાએ આ સમયે

– આજની બપોરે ત્રણથી છ વાગ્યા સુધીમાં ભારે વરસાદની આગાહી કરેલી. છતાં અત્રે ઉપસ્થિત હજારો ભક્તોના સમુદાયમાં ભાગ્યે જ કોઈ રેઈનકોટ કે છત્રી લઈને આવેલું, કારણ કે સ્વામીશ્રી બોલેલા: 'બધાંએ ખૂબ દાખડો કર્યો છે, સેવા કરી છે, તો સુખ આવે તે માટે – લંડનનો ઘણો મોટો વિસ્તાર છે ત્યાં બીજે આજુબાજુમાં ભલે વરસાદ પડે, પણ ઉત્સવના સ્થળે ન પડે.'

ગુરુના આ વચનમાં સૌને અતૂટ વિશ્વાસ હતો, અને બન્યું પણ એમ જ! ઇન્દ્રદેવ વારંવાર વાદળોની સવારી લઈને અહીં ડોકિયાં કરી જતા હતા, પણ સ્વામીશ્રીનાં તેજ-પ્રભાવ આ સ્ટેડિયમ પર એવાં પથરાયેલાં કે ઇન્દ્રનો કોઈ ગજ વાગતો નહોતો. તેથી તેઓ લંડનના બીજા વિસ્તારોમાં પોતાનો અસંતોષ મુશળધાર વૃષ્ટિથી ઠાલવી રહ્યા, પરંતુ ઉત્સવ-ભૂમિને લેશ ભીંજવી ન શક્યા.

સ્વામીશ્રીનો આ પ્રૌઢ પ્રતાપ જોઈ ભક્તો ઘેલા ઘેલા બની રહ્યા.

આ એક જ પ્રસંગથી પ્રસિદ્ધ પાર્શ્વગાયક શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયના અંતર-તાર તો આમ રણઝણી ઊઠ્યા કે 'પ્રમુખસ્વામી જેવા સંત આ સદીમાં એક જ છે. જેમ ગાંધીજી એક તેમ સ્વામીજી એક જ. મારાં બહેન ઘણાં સ્થળોમાં ફર્યાં, ઘણા ધર્મગુરુને મળ્યા, પણ સ્વામીબાપાનાં દર્શને એમણે જે શાંતિ અને આનંદ અનુભવ્યો તેવો હજી ક્યાંય નથી મળ્યો. તેઓ ત્યારથી આ સત્સંગમાં આવે છે. અરે! QPR સ્ટેડિયમમાં શનિવારે વરસાદની અતિ આગાહી હતી અને વાદળો ઘેરાયાં હતાં છતાં એક ટીપું પણ પાણી ન પડ્યું! આ શું ચમત્કાર નથી ?!'

ઇતિહાસ સર્જતી સુવર્ણ ક્ષણ

સ્વામીશ્રીએ સર્જેલા ચમત્કારના ચંદરવા તળે ઊજવાઈ રહેલા સુવર્ણતુલા મહોત્સવ માટે આજે QPR સ્ટેડિયમે અનેરી શોભા સજેલી. તેની પૂર્વ બાજુએ ઊભા થયેલા મંચ પર સોલા-જરીની સુંદર પિછવાઈ શોભી રહેલી, તો નૃત્યમંચ, ઉપમંચ અને મુખ્યમંચને લાલ જાજમથી આચ્છાદિત કરેલા. જાણે ભક્તિભર્યા કુમકુમનો ગાલીચો જ ન બિછાવી દીધો હોય! સ્ટેડિયમની હરિયાળી પર, મંચથી મુખ્ય પ્રવેશદ્વાર સુધી પાથરેલી લાલ જાજમ પણ લીલુડી વસુંધરાએ સૌભાગ્યનો સેંથો પૂર્યો હોય તેમ શોભી રહેલી!

આ સમગ્ર શોભાને સાર્થક કરવા સ્વામીશ્રી બરાબર ૩:૫૦ વાગ્યે

પધાર્યા. વેદમંત્રોનાં ગુંજન વચ્ચે વિધિવત્ કળશ-શ્રીફળ પધરાવ્યાં બાદ તેઓ મંચ પર બિરાજ્યા. હવે વીસ હજાર ભાવિકોની મેદની તેઓનું શાનદાર સન્માન કરવા તત્પર હતી, પણ સ્વામીશ્રી તો હાથમાં માળા લઈ મહારાજમાં મગ્ન બની ગયા.

આવા અવિરત ભક્તિરત તેઓને પીતાંબરધારી યુવકોએ પૂજાનૃત્ય દ્વારા અંજલિ આપી. તેને અનુસરતાં શરૂ થયેલા સ્વામીશ્રીના ગુણાનુગાનના ક્રમમાં 'મિનિસ્ટર ઑફ સ્ટેટ ફોર નોર્ધન આયર્લેન્ડ'નો હોદ્દો ધરાવતા શ્રી ર્‌-હોડ્ઝ બોયસને જણાવ્યું કે 'સમગ્ર યુરોપમાં હિંદુઓની આવી જંગી સભા સૌપ્રથમ જ હશે! આ સંપ્રદાયના સ્થાપક આજની તારીખે આ સિદ્ધિ જોઈને ગૌરવ અનુભવતા હશે. બીજાનો પ્રેમ અને આદર પ્રાપ્ત કરવા એ મોટામાં મોટી સિદ્ધિ છે. સ્વામીજીએ તે પ્રાપ્ત કર્યા છે.'

આવા સ્વામીશ્રીની સુવર્ણતુલા બિલકુલ સમુચિત છે તે જણાવતાં 'ભારત સાધુ સમાજ'ના મહામંત્રી પૂજ્ય હરિનારાયણાનંદજીએ પણ કહ્યું કે 'સ્વામીજીને તો સુખ-દુઃખ અને માન-અપમાન સમ છે, પરંતુ પ્રમુખસ્વામીજીનું આ રીતે સન્માન કરવું તે આપણું કર્તવ્ય છે.'

આ શબ્દ-સુમનોની સાથે સ્વામીશ્રી પર *'સુવર્ણ મહોત્સવ હો, સ્વામીને હર્ષે વધાવીએ...'* તથા *'ઘણું જીવો હો જીવન આધાર, નારાયણસ્વરૂપ તમે...'* જેવાં કીર્તન-કુસુમો પણ વરસી રહ્યાં. તેથી મઘમઘી ઊઠેલા વાતાવરણમાં સ્વામીશ્રીને સમગ્ર સત્સંગ વતી સન્માન-પત્ર એનાયત થયું.

અભિનંદનોની આ વર્ષામાં પોતાની વાગ્ધારા ભેળવતાં મહંત સ્વામીએ કહ્યું કે 'આજનો સર્વોત્તમ પ્રસંગ ભવ્ય અને દિવ્ય છે, પણ આજે એક 'સુવર્ણ મહારાજ'ને મૂંઝવણ થાય છે. તેઓ વિચાર કરે છે કે આ પુરુષ સામે હું કઈ રીતે બેસી શકું ?' આ ભાવોર્મિ સાથે મહંત સ્વામી 'નગર'માં સેવા કરી રહેલા સ્વયંસેવકોને ખાસ યાદ કરી બોલ્યા : 'ખરા ધન્યવાદ તેમને છે, ખરી સેવા તેમની છે.'

આ વક્તવ્યના અંતે પ્રજ્વલિત થઈ ઊઠેલી આરતીની ઝળહળ જ્યોતથી સ્વામીશ્રીએ ઠાકોરજીને અર્ઘ્ય અર્પણ કર્યું. આરતીનાં એ આવર્તન વિરમતાં જ સ્વામીશ્રીને તુલામાં બિરાજવા પ્રાર્થના થઈ ત્યારે તેઓ પોતાના સદાના સાથી ઠાકોરજીને લઈ એક પલ્લે બિરાજ્યા અને ૬:૫૦ વાગ્યે સાકર, શ્રીફળ તથા પુષ્પો દ્વારા તેઓને તોલવાનો વિધિ શરૂ થયો.

તે અંતર્ગત આમંત્રિત મહાનુભાવો તથા લગભગ બસો જેટલા સંતો-ભક્તો નાડાછડી બાંધેલા સાકરના પડા પલ્લામાં મૂકવા માંડ્યા. તે વખતે પાર્ષદોના કંઠે ગુંજવા લાગેલા પુરુષસૂક્તના સસ્વર ગાનથી ખરેખરું વૈદિક અને માંગલિક વાતાવરણ જામી ગયું. પરંતુ આ સન્માનથી અલિપ્ત સ્વામીશ્રી તો આ ક્ષણે પણ નતમસ્તકે માળા જ ફેરવી રહ્યા !

આખરે સૌના પ્રેમભાવથી તેઓનું પલ્લું ઊંચકાયું[૨૯] અને ગગનભેદી જયનાદો ગાજી રહ્યા. સૌનાં હૈયે આ સુવર્ણ ક્ષણ જડાઈ ગઈ.

ત્યારબાદ સ્વામીશ્રી તુલામાંથી નીચે ઊતરી પોતાના સભાસન પર જઈ બિરાજ્યા અને સાકર સામે સુવર્ણ મુકાવા લાગ્યું. આ સમયે પણ પુરુષસૂક્તના મંત્રો અને 'શીશ સમર્પીએ સો સો વાર, પ્રમુખસ્વામીનો જયજયકાર...'ના ઊર્મિનાદ ગાજી રહ્યા. થોડી વારમાં જ સાકર તથા સુવર્ણ ભારોભાર થતાં બુલંદ જયઘોષથી ધરાતલ ધ્રૂજી ઊઠ્યું.

આ વખતે સી. એમ. પટેલ, ચિત્તરંજનભાઈ, ગુણવંતભાઈ એસ. પટેલ, જશભાઈ વગેરે વડીલ ભક્તોએ સ્વામીશ્રીને સુવર્ણના સામા પલ્લે બેસવા ખૂબ પ્રેમાગ્રહ કર્યો, પણ તેઓએ મક્કમતાપૂર્વક 'ના' પાડી દીધી ત્યારે સ્વામીશ્રીની સુવર્ણ સમી સાધુતા ઝળહળી ઊઠી. તેથી શોભતા તેઓને મહંત સ્વામી તથા આગેવાન સત્સંગીઓએ કલાત્મક પુષ્પહારોથી સન્માન્યા.

સુવર્ણથી મૂલ્યવાન શબ્દો

અલૌકિક દિવ્યતામાં સરી પડેલા સુવર્ણતુલાના ઉત્સવે સૌનાં સ્નેહ-સન્માન સ્વીકારનારા સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

'પ્રથમ તો પરબ્રહ્મ સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ ભગવાન સ્વામિનારાયણને વંદન, કારણ કે જેમણે મને આ શરીર આપ્યું. પછી મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુ યોગીજી મહારાજ, જેમના આશીર્વાદ મને મળ્યા અને જેમણે મને સ્વીકાર્યો. તેમની કૃપા અને આશીર્વાદ છે તો તેના લીધે તમારી સામે ઊભો છું. તેમને લાખો વંદન. તેમની કૃપા ન હોત તો હું આ સ્થળે ન હોત.'

આટલું બોલતાં તો સ્વામીશ્રી ગળગળા થઈ ગયા. પરંતુ પુનઃ સ્વસ્થતા પ્રાપ્ત કરી તેઓએ જણાવ્યું :

---

૨૯. આ પ્રસંગે સ્વામીશ્રીનું વજન ૭૨.૬ કિલોગ્રામ હતું.

'તેમણે આશીર્વાદ અને સેવા કરવા તક આપી. ભગવાન આગળ ઘણા હાથ જોડી ઊભા છે, પણ આ સેવા કરવા મને તક આપી તે મારાં અહોભાગ્ય. મારી શક્તિ બહારની વાત, પણ મને શક્તિ આપી, જેથી હું સેવા કરી શક્યો. વળી, ભારતના સંતોના આશીર્વાદ છે. આપ સર્વએ મને ખૂબ સાથ આપ્યો છે. બીજાનું સારું કરીને આપણું સારું કરવાનું છે. બીજાનું ભલું કરીને આપણું ભલું કરવાનું છે. ભારતના સર્વ અવતારો, આચાર્યો, સંતોને પ્રાર્થના કરીએ જેથી બધાનું સારું થાય.'

નમ્રતાથી નીતરતા આ આશીર્વાદ સમાપ્ત થતાં જ સંતોના સૂરીલા કંઠે કીર્તન ગુંજ્યું: *'લાગો છો પ્યારા પ્યારા પ્રમુખસ્વામી...'* તે દ્વારા જાણે સૌનાં હૈયાંના ભાવને જ વાચા મળી.

તેથી યુવકો ભાવોન્માદમાં આવી ગયા અને સ્વામીશ્રીને પોતાના ખભે ઊંચકીને ઉપમંચ પર લઈ આવ્યા. અહીં સ્વામીશ્રી મંચ પર થોડા આગળ ચાલ્યા અને કોઈને અણસારેય ન આવે તેમ યુવકોના ભક્તિ-મુજરામાં ભળી ગયા. અતિ સુંદરતાથી તેઓ થોડાં ડગલાં નર્તન કરી પગથિયાં ઊતરી ગયા, પણ ક્ષણોની એ સ્મૃતિ શાશ્વતીમાં જડાઈ ગઈ! એક અમર ઇતિહાસ રચાઈ ગયો! સત્સંગના મુગટમાં આ અવસર ઝળહળતા રત્નની જેમ અંકિત થઈ ગયો![૩૦]

માનાપમાને સમતા સદાય

સુવર્ણ-સન્માન ઝીલ્યા બાદ લેસ્ટરના બાળ મંડળે બૅન્ડવાદન દ્વારા આપેલી વિદાય સ્વીકારીને નીકળેલા સ્વામીશ્રી ગાડીમાં બેસતાંવેંત ભક્તોના પત્રોમાં ડૂબી ગયા!

તેથી અચરજ અનુભવતાં આ પ્રસંગના સાક્ષી મહંત સ્વામી લખે છે:

'કારમાં હું સાથે હતો. સ્વામીશ્રી એકાગ્રતાથી, ઉત્સુકતાથી, બહુ જ ધીરજથી પત્રો વાંચી રહ્યા હતા. સુવર્ણતુલાના કેટલાક અભિનંદનપત્રો હતા, જે જોવા જોઈએ, તેને તરત બાજુમાં ખસેડી દીધા. અભિનંદનનો

---

૩૦. હજારો હરિભક્તોની ગુરુભક્તિ વ્યક્ત કરતા સ્વામીશ્રીના આ શાનદાર સુવર્ણતુલા સમારોહના સાક્ષી બનવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

એક પણ પત્ર જોયો નહીં. સ્વામીશ્રીને તો હરિભક્તોને માર્ગદર્શન આપવામાં વિલંબ ન થાય, વાટ ન જોવી પડે તે જ ભાવના. કેવી રીતે એમને રાજી કરી લઉં, દુઃખ ટાળી દઉં, મારી સેવા થઈ જાય, ભક્તિ થઈ જાય એમ માનીને સ્વામીશ્રી પત્રો વાંચતા હતા. આ અદામાં પણ હળવાશ નીતરતી હતી.'[૩૧]

મીણ પરથી પાણી સરી જાય તેમ સ્વામીશ્રી પરથી સુવર્ણ-સન્માન સરી ગયું! પોતે તો રહ્યા તેથી ન્યારાના ન્યારા! મંચ પર અને તુલામાં બિરાજેલા સ્વામીશ્રીની જેમ, આજે પત્રો વાંચતાં ગાડીમાં જઈ રહેલા સ્વામીશ્રી પણ સૌને અધિક મહાન જણાયા!

પરંતુ તેઓની મહાનતાનું ઉન્નત શિખર તો ત્યારે દેખાયું જ્યારે આ સન્માન બાદ બીજા દિવસની બપોરે એક પૂર્વગ્રહ-પીડિત વ્યક્તિ આવીને તેઓનું અપમાન કરી ગઈ!

સ્વામીશ્રી સમક્ષ બેફામ બકવાસ કરી રહેલા એ અસંતુષ્ટને સંતો-ભક્તો વારવા ગયા, પણ તેઓને રોકતા સ્વામીશ્રી ઉકળાટનો ઊભરો સ્વશિરે સહેતા રહ્યા. આ પ્રસંગે તેઓની મુખરેખામાં લેશ ફર્ક ન પડ્યો. અરે! તેઓએ તો પોતાને અપમાનિત કરનારા આ આગંતુક માટે પણ અંતેવાસીઓને ભલામણ કરી કે 'આમને જમાડીને મોકલજો.'

જેમ સોનાનાં સત્-પત ન બદલાય તેમ સ્વામીશ્રીની સ્થિતિ પણ સદા એકસમાન!

એક અવિસ્મરણીય અનુભૂતિ

તા. ૨૩/૭ના રોજ 'નગર'ના આંગણે આવેલા અમેરિકન પ્રાધ્યાપક ડૉ. રેમન્ડ વિલિયમ્સ આ અગાઉ સ્વામિનારાયણ સંપ્રદાય વિષયક એક સંશોધનાત્મક પુસ્તક લખી ચૂક્યા હોવાથી સ્વામીશ્રીથી પરિચિત તો ખરા જ; પરંતુ આ વખતે ભક્તોના સલાહકાર તરીકે સ્વામીશ્રીની ભૂમિકા જાણવાનો ઇરાદો સેવી તેઓ ઉપસ્થિત થયા હતા. તેના અનુસંધાનમાં આ વિદ્વાન લેખકે સ્વામીશ્રી સાથે જે સંવાદ સાધ્યો તેની માહિતી અને અનુભૂતિ તેઓ માટે અવિસ્મરણીય બની ગઈ.

તે સમયાંતરે તેઓની જ કલમેથી આમ નીતરી રહી:

---

૩૧. 'જેવા મેં નીરખ્યા રે...' ભાગ - ૪; પ્રકાશક: સ્વામિનારાયણ અક્ષરપીઠ.

'હું એક વાત ચોક્કસ કહી શકું કે પ્રમુખસ્વામી મહારાજ સંપ્રદાયના ધાર્મિક વડા હોવા ઉપરાંત લાખો ભક્તોના રોજિંદા અંગત જીવન સાથે પણ ગાઢ રીતે સંકળાયેલા છે. ઘણી મહિલાઓ તો એમ જણાવે છે કે તેઓ આધ્યાત્મિક રીતે સ્વામીજીની ઘણી નજીક છે. તેથી સ્વામીજી તેમનો પ્રશ્ન જાણે જ છે અને જાહેર પ્રવચનોમાં અમને અમારા પ્રશ્નોના ઉત્તરો મળી જ રહે છે!

હરિભક્તો કહે છે કે સ્વામીશ્રી ખૂબ સારી રીતે નિર્ણયો લઈ શકે છે, કારણ કે તેઓ દીર્ઘદ્રષ્ટા છે, ભવિષ્યનું જોઈ શકે છે. જો કે સ્વામીજી એવો કોઈ દાવો કરતા નથી. પ્રમુખસ્વામી મહારાજ પોતાની માલિકીનું કશું જ રાખતા નથી અને માલિકીનો દાવો પણ કરતા નથી. તેથી શિષ્યોને એવું દૃઢ છે કે સ્વામીજીની સલાહમાં સ્વાર્થ નથી અને ભક્તોના ફાયદા માટે જ તે સલાહ હોય છે.

જ્યારે પ્રમુખસ્વામી મહારાજને પૂછવામાં આવ્યું કે 'કયા હરિભક્તને કેવો ઉપદેશ આપવો અને કયો ઉત્તર આપવો તે તમે કેવી રીતે જાણી શકો છો?' ત્યારે તેઓએ કહ્યું કે 'જવાબ ભગવાન સુઝાડે છે.' ભગવાન સાથેની અખંડ એકતાને કારણે તેઓ જવાબ આપી શકે છે.

પ્રમુખસ્વામી મહારાજને ખૂબ ટૂંકા વાર્તાલાપોમાં વ્યાવહારિક, સંસ્થાકીય, સાંપ્રદાયિક કે ભક્તોના ગૂંચવણભર્યા અનેક પ્રશ્નોનો તાત્કાલિક અને સચોટ ઉકેલ આપવાનો હોય છે, છતાં તેમના ઉત્તરો ખૂબ જ આત્મવિશ્વાસપૂર્ણ હોય છે. જ્યારે તેઓશ્રીને પૂછવામાં આવ્યું કે 'તમને ક્યારેય ઉત્તર આપી દીધા પછી તે નિર્ણય ખોટો હોવાનું દુ:ખ થયું છે?' ત્યારે તેમણે દૃઢતાપૂર્વક કહ્યું: 'ના, ક્યારેય નહીં.' તેમણે જણાવ્યું કે 'તેમને પોતે આપેલા ઉત્તર કે ઉપદેશમાં સતત વિશ્વાસ રહે છે, કારણ કે તે ભગવાનની પ્રેરણાથી જ આપવામાં આવે છે.'

એક વિરોધાભાસ એ લાગે છે કે પ્રમુખસ્વામી મહારાજ એક આધ્યાત્મિક ગુરુ છે, તેમણે સંસારનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે, છતાં તેઓ શિષ્યને આ લોકની તુચ્છ વાતો કે સાવ સામાન્ય લાગતી બાબતોમાં કૌટુંબિક, વ્યાવહારિક અથવા અંગત બાબતોમાં સચોટ ઉત્તરો આપી શકે છે!

જેઓ તેમના શિષ્યો નથી તેઓ પૂછી શકે છે કે 'જે બાબતોમાં પ્રમુખસ્વામી મહારાજને કોઈ જ સીધો સંબંધ નથી કે અનુભવ નથી તેવી બાબતોમાં તેઓ કેવી રીતે સલાહ આપે છે?' આનો ઉત્તર પ્રમુખસ્વામી મહારાજે આપેલા ઉત્તરમાંથી મળી આવે છે કે તેમની સલાહ કેવળ ભગવાનની પ્રેરણાથી જ મળે છે.

તેમના પ્રમુખ તરીકેના કે વહીવટકર્તા તરીકેના અનુભવોથી તેઓ ઉત્તર આપતા નથી, પણ તેઓ ભગવાનનું ધામ છે અને આધ્યાત્મિક સિદ્ધિઓની પ્રાપ્તિને કારણે તેઓ ઉત્તર આપી શકે છે.

મારા એક ઈન્ટરવ્યૂમાં પ્રમુખસ્વામી મહારાજે કહેલું કે 'ભક્તોને વ્યાવહારિક સલાહ આપવાનું કારણ એ નથી કે હરિભક્તો વ્યવહારમાં સ્થિર થાય કે લાખોપતિ થાય, પણ હકીકત એ છે કે તેઓ સંસારલક્ષી ચિંતાઓને દૂર કરી અધ્યાત્મલક્ષી બને. પોતે ભક્તોના વ્યવહારમાં ધ્યાન આપે છે તેને કારણે ગુરુ-શિષ્ય વચ્ચે સ્નેહ-સેતુ રચાય છે. પરિણામે, ભક્તનો આધ્યાત્મિક વિકાસ સરળ બને છે.

જે ઉપદેશ અપાય છે તે હરિભક્તોની આધ્યાત્મિક સ્થિતિને લક્ષ્યમાં રાખીને આપવામાં આવે છે. તમે કીડીને ખવડાવવા કીડી પર લાડુ ન મૂકી શકો, કારણ કે કીડી મરી જશે. તે તો ભુક્કો કરીને જ પાથરવો પડે. તેમ અંતિમ ધ્યેય તો એ જ છે કે સંસારના વિષયોમાંથી મુક્તિ અપાવવી અને સ્વભાવોને દૂર કરવા.

મેં હરિભક્તો કે સાધુઓનાં જે જે ઈન્ટરવ્યૂ લીધાં તેમાં એવો કોઈ હરિભક્ત મળ્યો નહોતો કે જેને પ્રમુખસ્વામી મહારાજનાં ઉપદેશ-સલાહથી અસંતોષ હોય. અને એવું પણ જાણી શકાયું નહીં કે કોઈએ સ્વામીજીને ફરિયાદ કરી હોય કે તમારી સલાહને કારણે મારું આ કામ બગડ્યું! એવો એકપણ પુરાવો હું મેળવી શક્યો નહીં કે જેમાં ગુરુ-શિષ્ય વચ્ચે પ્રશ્નોત્તર બાબતમાં વિખવાદ જન્મ્યો હોય!! આનું કારણ એ હોઈ શકે કે પ્રમુખસ્વામી મહારાજ કોઈ પણ હરિભક્ત સાથે પ્રગાઢ આત્મીયતાથી હૃદય ખોલીને વાત કરે છે.

સંસ્થાના ઝડપી વિકાસનું કારણ એ કહી શકાય કે પ્રમુખસ્વામી મહારાજ અહીં સૌના યોગક્ષેમના નિષ્ણાત વાહક છે.'

એક સુજ્ઞ સંશોધકના આ તારણમાં સ્વામીશ્રીનું વિલક્ષણ વ્યક્તિત્વ

ઊભરી રહેલું જણાય છે.

સ્વયં ભગવાન જ જેઓના શ્રીમુખેથી સમસ્યાઓનાં સમાધાન આપતા, તેવા સ્વામીશ્રીને પામી સત્સંગીઓ કૃતાર્થપણાની અનુભૂતિ કરી રહે તેમાં શું આશ્ચર્ય !

પ્રતાપ જોતાં અતિશે જણાય

તા. ૨૩/૭નો પૂર્વાર્ધ એક વિદેશી વિદ્વાન પર પડેલા સ્વામીશ્રીના ઉપરોક્ત પ્રભાવને હજી વાગોળી રહેલો ત્યાં જ આજની સંધ્યાએ ઉત્સવના આકાશમાં કંઈક સિતારાઓ ચમકી ઊઠ્યા.

તેમાંના એક શ્રી બેન કિંગસ્લી એટલે વિશ્વપ્રસિદ્ધ 'ગાંધી' ફિલ્મમાં ગાંધીજીનું પાત્ર ભજવી દુનિયાની દાદ મેળવનારા સિને કલાકાર. તેઓને ઉત્સવ નિમિત્તે રચાયેલા 'નગર'નું દર્શન કરતાં જ આ અભિનવ સૃષ્ટિના સર્જક સ્વામીશ્રીને મળવાની અદમ્ય ઝંખના જાગી ગયેલી. તેથી તેઓ દોડી આવેલા સ્વામીશ્રી પાસે! અહીં સ્વામીશ્રીને જોતાંવેંત રૂપેરી પડદાના આ અભિનય-સમ્રાટ બોલી ઊઠ્યા: 'સ્વામીજી ખરેખર પ્રભાવશાળી વ્યક્તિ છે.'

ત્યારબાદ રાત્રિસભામાં ઊમટેલી પંદરેક હજારની મેદનીને સંબોધતાં પણ તેઓએ જણાવ્યું: 'આજે અહીં આવ્યો અને આ બધું જોઈને આશ્ચર્ય અનુભવું છું. ભારતનું હૃદય વ્યક્તિ માટે નહીં, પણ વિશ્વશ્રેયને પ્રાર્થે છે. ભારત પાસે સંસ્કૃતિનો ભવ્ય વારસો છે. તેણે જગતને પીઠ બતાવવાની જરૂર નથી, સામી છાતીએ ગૌરવભેર ચાલવાનું છે.'

એક મશહૂર અભિનેતાનો આ અભિપ્રાય સ્વામીશ્રી દ્વારા ઊજવાતા મહોત્સવથી વધેલા ભારતના ગૌરવનો પુરાવો બની રહ્યો.

આવી જ કંઈક લાગણી અનુભવી જગવિખ્યાત ક્રિકેટર શ્રી સુનિલ ગાવસ્કરે. રમત-ગમતના ક્ષેત્રે અનેક વિશ્વવિક્રમોના ધારક તેઓ આજે 'નગર'માં આવી જે ધન્યતા માણી રહેલા, તેને સંગત આપી સુપ્રસિદ્ધ ગાયક શ્રી અનુપ જલોટાએ.

હા, આજે સ્વામીશ્રીના આકર્ષણનું અજવાળું એવું પથરાયું હતું કે મહોત્સવના મંચ પર જગપ્રસિદ્ધ કસબીઓની ત્રિવેણી રચાઈ ગઈ. અલબત્ત, કોઈક પાસે રહેલા કાંડાના કસબ, કોઈક પાસે રહેલા કંઠના કસબ, કોઈક પાસે રહેલા અભિવ્યક્તિના કસબ વચ્ચે સ્વામીશ્રીની સાધુતાનો કસબ કંઈક નોખો

જ તરી આવતો હતો.

તેને માણવા આજે ઊમટેલી માનવભીડને નાથવા માટે પોલીસને પણ ભારે પરિશ્રમ કરવો પડ્યો, તે 'હિંદુઓના કાર્યક્રમમાં ક્યારેય આટલી મોટી સંખ્યામાં ગાડીઓ આવતી નથી...' જેવા તેઓના ઉદ્‌ગાર દ્વારા વ્યક્ત થઈ રહ્યો !

સાધુધર્મ તો સત્ય તમારા

મહોત્સવના ભાગરૂપ એલીપેલીમાં ચાલતી રહેલી કાર્યક્રમોની હારમાળાથી આકર્ષાઈને જેમ અનેક મહાનુભાવો સ્વામીશ્રીને મળવા દોડી આવતા, તેમ આમ આદમીઓ પણ તેઓને મળવાનો લહાવો લૂંટતા.

આ ક્રમમાં તા. ૩૦/૭ના રોજ નામધારી શીખ સંપ્રદાયના અનુયાયી શ્રી અમરજિતસિંઘ સાથે દર્શને આવેલા તેઓના અંગ્રેજ મિત્ર સ્વામીશ્રીને મળતાં જ બોલી ઊઠ્યા: 'દરેકમાં ભગવાન છે, પણ સ્વામીશ્રીમાં ભગવાન સિવાય બીજું કાંઈ નથી.'

સ્વામીશ્રીના આ ભગવત્સ્વરૂપની છાલકથી ભાવિક ભૂદેવ શ્રી મૂળશંકર જરા જુદી રીતે ભીંજાયા. સાંપ્રદાયિક રીતિ-નીતિથી અજાણ આ મુમુક્ષુ તા. ૩૧/૭ના રોજ આવ્યા ત્યારે *'સંતને કંઈક ભેટ ધરવી જોઈએ'* તેમ માની તેઓએ સ્વામીશ્રીના હાથમાં જ પાઉન્ડનો સિક્કો મૂકી દીધો !

તેથી સ્વામીશ્રીને તો જાણે ધગધગતો અંગારો હાથમાં મુકાઈ ગયા જેવું વસમું લાગ્યું. તેઓ તરત જ ઊભા થઈ બાથરૂમમાં ગયા. અહીં શ્રીજી-મહારાજની આજ્ઞા અનુસાર પચીસ વાર હાથ ધોઈ પરત ફર્યા.

તે વખતે પોતાની હરકતથી સ્વામીશ્રીને પહોંચેલી હાલાકી જોઈ પેલા મુલાકાતીએ માફી માંગી કે 'સ્વામીજી ! મારી ભૂલ થઈ ગઈ.'

'તમે અજાણ્યા એટલે તમારી ભૂલ ન કહેવાય, પણ અમારે તો અમારા નિયમ મુજબ અડાય નહીં અને આ અડાઈ ગયું તેથી હાથ ધોઈ આવ્યા.' સ્વામીશ્રી સુજનતાથી બોલ્યા.

તેઓનું આ અણિશુદ્ધ વર્તન જોઈ એ આગંતુકનું હૈયું સ્વામીશ્રીને કહી રહ્યું: *'સાધુધર્મ તો સત્ય તમારા...'*

સહુને છે તમારી સહાયતા

લંડનમાં ઊજવાઈ રહેલા ઉત્સવ દરમ્યાન વડોદરાની ગાયકવાડ

હૉસ્પિટલમાં ભરતી કરાયેલા હરિભક્ત શ્રી ગોરધનભાઈ તલાટીનો કિસ્સો ઇન્ટેન્સિવ કૅર યુનિટનો હતો. આ દર્દીના આયુષ્યની દોરીનો છેડો આવી ગયા જેવી પરિસ્થિતિથી તેઓની સેવામાં રહેલી દીકરીનાં આંસુ સુકાતાં નહોતાં. આ સંજોગોમાં બીમાર પિતાના ખાટલે બેઠેલી એ પુત્રીએ સ્વામીશ્રીને સંદેશો પહોંચાડવાનું વિચાર્યું.

પરંતુ સ્વામીશ્રી તો હતા પરદેશ. તેથી 'સંપર્કસૂત્ર કેવી રીતે સ્થાપવું ?'ના વિચારમાં એ યુવતીએ સહારો લીધો પ્રાર્થનાનો અને જાણે અંતરતાર દ્વારા સંદેશ સ્વામીશ્રી સુધી પહોંચી ગયો !

એ જ રાત્રિએ બે વાગ્યે સ્વામીશ્રી ગોરધનભાઈને આશીર્વાદ આપવા પધારી રહ્યા હોય તેવાં દર્શન પેલી યુવતીને થયાં. તેથી તે તરત જ ઓરડાના ઝરૂખામાં ચાલી ગઈ, પણ ત્યાં રહીને તેણે જોયું કે સ્વામીશ્રી પોતાના પિતાને કહી રહેલા: 'તમને કાંઈ થયું નથી. આ બધી નળીઓ કાઢી નાંખો. અહીંથી રજા લઈને ઘેર જાઓ. જતી વખતે રસ્તામાં ઘોઘંબા ઊતરી મોતીસિંહ બાપુના ઘેર જમીને જજો. હું તેમને જણાવી દઉં છું. ઘેર જઈ ભજન કરજો.' આટલું કહી સ્વામીશ્રી ચાલી નીકળ્યા.

દીકરી તો દિગ્મૂઢ થઈ આ જોઈ જ રહી. તેને સ્વામીશ્રીની સર્વવ્યાપક અને સર્વાંતર્યામી શક્તિનો પૂરેપૂરો પરિચય થઈ ગયો.

બીજા દિવસે રાબેતા મુજબ દર્દીની તપાસ કરવા ડૉક્ટર આવ્યા ત્યારે તેઓ તો સ્તબ્ધ જ થઈ ગયા! ઇન્ટેન્સિવ કૅર યુનિટના આ દર્દી તેઓની તબિયત સુધરી જતાં શરીર પર લગાડેલી નળીઓ કાઢીને રજા લેવા તત્પર હતા! તેઓ પાસેથી રાત્રિની ઘટના જાણી ડૉક્ટર અચંબો પામી ગયા. તેઓના પુસ્તકિયા દિમાગના ચોકઠામાં ન બેસે તેવી આ વાત હતી.

પરંતુ ગોરધનભાઈ તો તેઓની દીકરીને લઈ સિધાવી ગયા ઘોઘંબાની વાટે. તેઓ જ્યારે મોતીસિંહના ઘેર પહોંચ્યા ત્યારે આ યજમાને સામેથી કહ્યું: 'સ્વામીબાપા મને રાત્રે દર્શન આપી કહી ગયા છે કે બે હરિભક્ત કાલે તમારે ઘેર જમવા આવવાના છે. હું તમારી રાહે જ બેઠો છું.'

આ વાત સાંભળી આશ્ચર્યકારી ઘટનાના તંતોતંત મળી જતાં હવે કોઈ તાળો મેળવવાની જરૂર ન રહી. બાપ અને દીકરી કોળિયે કોળિયે સ્વામીશ્રીની મમતાને જ મમળાવતાં રહ્યાં. આ હકીકત સ્વયં ગોરધનભાઈએ દેવગઢ-બારિયાની રવિસભામાં જણાવી ત્યારે સૌ શ્રોતાઓ પણ ભક્તવત્સલ સ્વામીશ્રી

પર ઓવારી ગયા.

માતૃત્વની મૂર્તિ

ઉત્સવના દિવસો દરમ્યાન હરિભક્ત શ્રી પ્રતાપસિંહ પરમાર રોજ સ્વામીશ્રીને પોતાના ભાઈની 'રોલ્સ રોયસ' ગાડીમાં બેસાડી મંદિરથી એલીપેલી સુધીની આવ-જા કરતા. ગાડીચાલકના એ ભાઈએ આ સેવા માટે જ નવી ગાડી ખરીદેલી.

તેઓના આ સૌજન્યની કદર કરતાં સ્વામીશ્રીએ પણ તા. ૧/૮ની બપોરે ગાડીના માલિક શ્રી પ્રભાતસિંહને પોતાના ઉતારે જમવા નોતરેલા.

તે અનુસાર બપોરે સાડા બાર વાગ્યે ભોજન માટે બેસવાની તૈયારી થઈ રહેલી ત્યારે સ્વામીશ્રીએ ગાડીના માલિકને બોલાવવાની સૂચના આપી, પરંતુ આસપાસમાં તેઓનો પત્તો ન લાગતાં સ્વામીશ્રીએ ફોન જોડાવ્યો. આ રીતે સંપર્ક સધાયો ત્યારે તેઓ બોલ્યા: 'બાપુ! જમવા આવો. અમે રાહ જોઈએ છીએ, સાથે જમીશું.' આમ કહેનારા સ્વામીશ્રીએ લગભગ પોણા બે કલાક સુધી પેલા ભાવિકની વાટ જોઈ!

પરંતુ એ મુમુક્ષુ આજના ઊઘડતા મહિનાના કોઈ કામમાં વ્યસ્ત થઈ ગયા હોવાથી આવી શકે એમ ન રહ્યું. તે નક્કી થયા પછી જ સ્વામીશ્રીએ બપોરે ૨:૧૦ વાગ્યે પોતાના મોંમાં કોળિયો મૂક્યો!

તેઓની આ રીતભાતમાં માતૃત્વની તમામ વિભાવનાઓનું દર્શન સમાયેલું છે.

એક નક્કર નિશાની

ઉત્સવ દરમ્યાન સ્વામીશ્રીના યોગમાં આવવાથી પ્રભાવિત થયેલા બી.બી.સી.ના ચૅરમેને તા. ૨/૮ના આખા દિવસ દરમ્યાન ટી.વી. સંવાદ-દાતાઓની એક ટુકડીને 'નગર'નાં દૃશ્યો અને સ્વામીશ્રી સાથેની પ્રશ્નોત્તરીનું ધ્વનિમુદ્રણ કરવા મોકલેલી.

તે કાર્યક્રમ આટોપીને સ્વામીશ્રીએ તા. ૩/૮ની સાંજે પૂર્વ ફીંચલીમાં સભા માટે લીધેલા નવા હૉલમાં ગુણાતીતનો સંદેશ ગુંજાવ્યો.

સત્સંગનાં આવાં કાર્યોની સાથે હરિભક્તોના વ્યવહારનીયે ખૂબ ખેવના રાખતા સ્વામીશ્રી તા. ૫/૮ની સવારે એક સત્સંગીના ઘેર દીકરાના લગ્નપ્રસંગે

આશીર્વાદ આપવા પણ પહોંચ્યા.

ત્યાંથી તેઓ પરત ફર્યા ત્યારે એક સંતે કહ્યું: 'બાપા! બહુ જલદી આવી ગયા!'

'અમે થોડા મ્હાલવા ગયા'તા. અમે તો આશીર્વાદ આપવા ગયા'તા.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ વ્યવહારમાં ભળતા, પણ ખૂંપી ન જતા. આવશ્યકતાથી અધિક કશું જ સ્વામીશ્રીના જીવનમાં ન મળે. તેઓની પ્રવૃત્તિ પ્રકૃતિને વશ થઈને નહીં, પણ પરમાત્માને વશ થઈને ચાલતી, તેની આ એક નક્કર નિશાની!

આશ્ચર્યનો વિષય

ગુણાતીત દ્વિશતાબ્દીએ ગુણાતીતના ગાનથી ગગન ભરી દેવા સ્વામીશ્રીએ ખોલી દીધેલા અનેકવિધ મોરચાઓમાં એક એટલે સાહિત્ય પ્રકાશન. આ પ્રવૃત્તિ અંતર્ગત ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા ગુંજતો રહે તેવાં કંઈક પુસ્તકો આ વર્ષે પ્રકાશિત થતાં રહેતાં.

તે ક્રમમાં ગુણાતીતાનંદ સ્વામીની ચૂંટેલી વાતોનો અંગ્રેજી અનુવાદ ધરાવતું પુસ્તક 'On the Shores of Wisdom' (શાણપણના કિનારે-કિનારે)નું વિમોચન તા. ૪/૮ની રાત્રિસભામાં સ્વામીશ્રીના વરદહસ્તે થયું.

આ સમયે તિલક ભગતે કહ્યું: 'બાપા! આપના જીવન પર પણ લખવું છે.'

'પહેલાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પર લખો.' સ્વામીશ્રી બોલ્યા.

ગુરુનાં લખાણમાં પોતાનાં વખાણ આવી ગયાં એમ જ તેઓ સમજતા.

તેથી જ એક સવારે અજબ ઘટનાએ આકાર પકડ્યો. આ સમયે સ્વામીશ્રી ઉત્સવ-સ્થળે તૈયાર કરેલી પોર્ટા-કેબિનમાં બેઠા હતા ત્યારે પેલા પાર્ષદના હાથમાં રહેલું પુસ્તક જોઈને તેઓએ પૂછ્યું: 'આ શું છે?'

'વિશ્વપ્રસિદ્ધ મોટરકાર કંપની ક્રાઈસ્લરના ચૅરમેનશ્રી લી આયાકોકાનું આ ચરિત્ર છે.'

'અંદર શું લખ્યું છે?'

'તેમાં તેઓના ગુણો અને પ્રસંગો વર્ણવ્યા છે.'

'પુસ્તક કોણે લખ્યું?'

'આ આત્મકથા છે. તેમણે પોતે જ લખ્યું છે.'

'એમ ? પોતે પોતાના ગુણ લખે ?!' સ્વામીશ્રી આશ્ચર્યમાં પડી ગયા.

તેઓના આ વિસ્મયમાં નરી નિર્દોષતા ભરેલી. તેઓના મનમાં જ બેસતું નહોતું કે 'વ્યક્તિ પોતાની વિશેષતાઓની વાતો સ્વયં લખે.'

જે વિભૂતિએ પોતાના ગુણો વિષે બોલવા-લખવાની વાત તો જવા દો, પણ વિચાર સુધ્ધાં કર્યો ન હોય, તે સ્વામીશ્રીને આ સમયે આશ્ચર્ય થાય તેમાં શું આશ્ચર્ય ! અને ગુણોથી ભરેલા હોવા છતાં તે ગુણોથી અજાણ રહી જીવેલા તેઓ વિષે થોકબંધ લખાય એમાં પણ શું આશ્ચર્ય !!

આભાર માનવાના મારી પાસે શબ્દો નથી

તા. ૫/૮ના રોજ એક સ્વર્ણિમ ઇતિહાસ જ જાણે પુનરાવર્તિત થવા જઈ રહેલો. પખવાડિયા પૂર્વે થયેલી સુવર્ણતુલા વખતે પોતાના વચને દર્શનનો લોભ છોડી જે સ્વયંસેવકો ઉત્સવની સેવામાં રોકાયેલા, તેઓ જ સ્વામીશ્રીને તુલાવિધિ દરમ્યાન સાંભરેલા. ત્યારથી તેઓના મનમાં જે વિચાર રમી રહેલો તેણે જ આજે સાકાર સ્વરૂપ પકડેલું.

તે ઉપક્રમે તા. ૫/૮ની સવારે દસ વાગ્યે 'નગર' ખૂલે તે પહેલાં એલીપેલીના પેવેલિયનમાં સ્વયંસેવકોના લાભાર્થે તુલાવિધિ ગોઠવાયેલો. તેમાં તા. ૨૦/૭ના સુવર્ણતુલા સમારોહની જ પ્રતિકૃતિ હોય તેમ મંચ-માંડવો વગેરે સજાવવામાં આવેલા. વાતાવરણની દિવ્યતા પણ એવી જ હતી. તેની વચ્ચે પ્રાસંગિક પ્રવચનો અને હારતોરા બાદ તુલાવિધિ શરૂ થયો. સ્વયંસેવકોએ ક્રમબદ્ધ આવી સાકરના પડા પધરાવ્યા અને થોડી વારમાં ભક્તિનું પલ્લું નમતાં સ્વામીશ્રી તોળાયા. જીવનની આ અનુપમ ઘડીને સૌએ હરખભેર વધાવી લીધી.

આ તુલાવિધિ બાદ પણ પાંત્રીસેક મિનિટ સુધી પલ્લામાં જ બિરાજી રહેલા સ્વામીશ્રીના ચહેરા પર યુવકોને રાજી કર્યાનો આનંદ છલકાઈ રહ્યો. એ આનંદના સૂરોને હાથમાં માઇક લઈ વહેતા કરતાં તેઓ તુલામાં બેઠાં બેઠાં જ બોલવા લાગ્યા :

'આપ બધાની પણ જય. આજે બધાને ખૂબ આનંદ છે. અમને પણ છે. બધાએ ખૂબ તન, મન અને ધનથી સેવા કરી, જેનું વર્ણન થઈ શકે એમ નથી. બીજાને દૂરથી અને તમને નજીકથી લાભ મળ્યો. તમે અમારી આજ્ઞા પાળી

તેથી અંતરમાં શાંતિ રહેશે. સ્મૃતિ કાયમ રહેશે. આ સેવાથી તમે મહારાજના ધામમાં સેવામાં બેસી જ ગયા છો. બધાની એકસરખી સેવા છે. બધાનાં નામ ક્યાં દેવાં? હું બધાનો આભાર માનું છું. તમે આજ્ઞા પાળી છે તેથી આભાર માનવાના મારી પાસે શબ્દો નથી. તમને thank you! આભાર.'

આ આશીર્વાદ બાદ પણ હજી સૌ મોજનાં મોજાં પર જ સવાર હતા. તેથી એ જ ઉત્સાહમાં કાર્યકર અશોકભાઈ પટેલે પૂછ્યું: 'બાપા! આપ ખરેખર રાજી થયા છો?'

પ્રતિભાવમાં સ્વામીશ્રીએ હાથ ઊંચો કરી હકાર ભણ્યો.

'બાપા! ખરેખર રાજી થયા હો તો કૉલ આપો કે અક્ષરધામ આપીશું.'

આ અરજીનો પ્રતિસાદ આપતાં પણ સ્વામીશ્રી હાથ ઊંચો કરી 'હા' બોલ્યા.

જેમ જેમ તેઓ યુવાનોના કાલાવાલામાં ભળી રહેલા તેમ તેમ યુવકોનો ઉમંગ બેવડાતો જતો હતો. એ જ ઉમંગના અશ્વો પર સવાર થતાં સૌએ ગીત ઉપાડ્યું: 'For he's a jolly good fellow and so say all of us...' અને છેલ્લે 'Three cheers for Pramukh Swami Maharaj' કહી યુવકોએ જબરજસ્ત ઉદ્‌ઘોષ કર્યો.

તે શમ્યો ત્યાં જ *'લાગો છો પ્યારા પ્યારા...'* કીર્તનની ગુંજ રેલાઈ. તેણે ભાવમાં ભરતી ચઢાવી. તેથી સ્વયં સ્વામીશ્રી પણ યુવકોના ખભે ઊંચકાયા અને સૌ તેઓને લઈ આવ્યા – ચગેલા રાસમંડળની મધ્યમાં. તેથી *'ચહુકોરે સખાની મંડળી રે, ઊભા વચમાં છેલા અલબેલ...'*ની શોભા બની રહી. સ્વામીશ્રી પણ કીર્તનના તાલે મુજરા કરવા લાગ્યા. થોડી વાર સુધી તો હાથમાં દાંડિયા લઈ *'ખાંતે માંડ્યો રસીલે ખેલ...'*નો અનુભવ પણ સૌને કરાવી દીધો.

ધીમે ધીમે બધા ગોળાકારે બેસી ગયા અને વચ્ચે એકલા સ્વામીશ્રી રમી રહ્યા. પરંતુ આનંદમાં સૌને સહભાગી કરવાનો તેઓનો સહજ સ્વભાવ. તેથી તેઓએ વિશિષ્ટ લટકું કરીને એ. પી. પટેલ, સુરેશભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ વગેરે કાર્યકરોને પણ ઊભા કર્યા. આમ, અવિસ્મરણીય સુખની લહાણી કરી સ્વામીશ્રીએ કોઈનાય અંતરમાં રંચમાત્ર રંજ રહેવા ન દીધો.

તેથી સવા દસ વાગ્યે આ સમૈયો સમાપ્ત થયો ત્યારે ચારેકોર આ જ

એક અનુભવ રમી રહ્યો : *'લે છે સુખો અક્ષરમુક્ત જેવાં, લીધાં જને ભૂતળ માંહિ તેવાં...'*

શ્વાનની સેવાની સરાહના

સ્વયંસેવકોને અક્ષરસુખની લહાણી કરાવી સ્વામીશ્રી વિદાય લઈ રહેલા ત્યારે બહાર નીકળતાં જ સામે 'સાયબા' મળ્યો. કાર્યકર શ્રી જગદીશભાઈની માલિકીનો આ શ્વાન સંપૂર્ણ શાકાહારી! ગુજરાતી પણ સમજે! 'ઊઠ... ઊભો થા... હાથ જોડ... દંડવત્ કર...' વગેરે આદેશો અક્ષરશઃ પાળી બતાવે.

આ શ્વાન તેના માલિકની સાથે જ સલામતીની સેવામાં આવતો. આખી રાત ઉત્સવ-સ્થળે ચોકી કરે. તેની આ સામાન્ય સેવા પણ પોતાના વિરાટ કાર્યમાં સ્વામીશ્રી ન ભૂલ્યા. તેઓએ તેને માથે હાથ ફેરવી આશીર્વાદ આપ્યા અને સંતોને કહ્યું: 'આ કૂતરાએ ખૂબ સારી સેવા કરી છે. આ 'પ્રકાશ'માં આવવું જોઈએ. આના ફોટાઓ 'પ્રકાશ'માં છાપવા મોકલો. એ ગુજરાતી સમજે છે અને વળી 'પ્યોર વેજિટેરિયન' છે.'

'અનંત આકાશમાં કો'ક ખૂણે ઝબૂકતા તારાની નોંધ લેવાનું પણ ન ચુકાય એ કેવું મગજ! એ કેવી મમતા! એ કેવી માવજત!' – આમ વિચારતાં સૌ સ્વામીશ્રીમાં ખોવાઈ જ ગયા અને સ્વામીશ્રી ઉત્સવ-સ્થળેથી ઉતારે આવી પહોંચ્યા.

અત્રે તેઓ સમક્ષ બપોરની કથામાં 'વચનામૃત' વંચાઈ રહેલું. તે વખતે કેટલાક સંતો સમૈયા બાદ ભારત પરત ફરેલા તેના સંદર્ભમાં કો'કે કહ્યું: 'બાપા! આજે ઘણા-બધા સંતો જતા રહ્યા.'

'એવું ન કહેવું. બાર જ સંતો ગયા છે. ચોવીસ તો રહ્યા છે. 'પ્યાલો અડધો ખાલી છે' એમ ન કહેવું. 'અડધો ભરેલો છે' તેમ કહેવું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ હંમેશાં સવળું જોવાનું જ શીખવતા, જેથી આંખોની સાથે આયખું પણ સફળ થઈ જાય.

જેમ તેમ કરી પોષે પ્રાણ

સ્વામીશ્રીની નિશ્રામાં ઊજવાઈ રહેલા ભવ્ય સાંસ્કૃતિક મહોત્સવથી વિદેશમાં વસતો પ્રત્યેક ભારતીય ટટ્ટાર થઈ ગયેલો. તેની નસેનસમાં અસ્મિતા

દોડવા માંડેલી. તેથી જુદી જુદી જ્ઞાતિ, સમાજ, સંગઠનના કાર્યવાહકો સ્વામીશ્રી પાસે ઉત્કર્ષનાં માર્ગદર્શન લેવા આવી રહેલા. વિદેશીઓનેય 'જે જરૂરનું છે તે અહીં છે'ની અનુભૂતિ થઈ રહેલી. તે કારણે તેઓ પણ સ્વામીશ્રીને બિરદાવવા આવી જતા. કેટલાક અંગ્રેજો તો સ્વામીશ્રી દ્વારા બંધાનારા નવા મંદિરમાં પોતાની આર્થિક સેવા પણ આપી જતા. આમ, સ્વામીશ્રીનો આખો દિવસ ભરચક વીતતો.

આવા જ એક દિવસ તા. ૫/૮ની રાત્રે વાળુ કરવા બિરાજેલા સ્વામીશ્રીનું ભોજન હજી તો અડધે જ પહોંચેલું, છતાં તેઓને થયું કે 'જમી લીધું.' તેથી તેઓએ અડધા ભાણે ચળું કરી દીધું! તે જોઈ સંતોએ કહ્યું: 'સ્વામી! હજી મગ-ભાત તો પીરસવાના બાકી છે!' આમ જણાવી તે વાનગી પીરસાઈ ત્યારે સ્વામીશ્રી તેને જમ્યા.

આમ, ભોજનમાં તો તેઓની રીત *'આવે સહેજે તે જમે સુજાણ, જેમ તેમ કરી પોષે પ્રાણ...'*ની જ રહેતી.

ભક્તિ કરવાની ભક્તને રીત, પોતે શીખવે ધારીને પ્રીત

તા. ૮/૮ની સવારે સાત વાગ્યે સ્વામીશ્રી ભ્રમણ કરી રહેલા ત્યારે રસોડાનું બારણું અધખોલું રહી ગયેલું. તેમાંથી તેઓની ચકોર નજરે ચાલતાં-ચાલતાંય નોંધી લીધું કે 'પાટલા ઉપર ઠાકોરજીનો થાળ તૈયાર થઈને મૂકેલો છે.'

પરંતુ સમય આવ્યે જ બોલવાની સ્વામીશ્રીની સુટેવ. કદાચ તેથી જ તેઓના શબ્દો વેધક બની રહેતા. એટલે તેઓ અત્યારે કાંઈ ન બોલ્યા, પણ આરતીના સમયે તેઓએ થાળ ભરનારા સંતને કહ્યું: 'કલાક પહેલાં થાળ ભરી રાખ્યો તેનો શું અર્થ?'

આ જ વાત અલ્પાહાર વખતે પણ દોહરાવતાં તેઓએ ટકોર કરી કે 'પાંચ મિનિટ પહેલાં જ થાળ ભરવો. આ તો કલાક વહેલા ભરી રાખ્યો. આપણને ટાઇમ મળે ત્યારે ભરી રાખીએ એટલે કે એક કામ પત્યું એમ થયું! પણ તેમાં ભક્તિ શું થઈ?'

જાણપણાની આ વાત દ્વારા સ્વામીશ્રીએ આજે ભક્તિમાર્ગની નૂતન દિશા ચીંધી આપી.

કાર્યપદ્ધતિની કક્કાવારી

તા. ૯/૮ની બપોરે સ્વામીશ્રીના ભોજન દરમ્યાન ચાલી રહેલા અહેવાલ-કથનમાં ઋષિરાજદાસ સ્વામીની વાત નીકળતાં કો'ક બોલ્યું: 'તેઓ આખો દિવસ 'નગર'ની સેવામાં હોય. તેથી જમવાનું નિયમિત રહેતું નથી.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'કામ કરતા હોય તેણે ખાવામાં ધ્યાન રખાય જ નહીં. ખાવાનું જોવા જાય તો કામ થાય નહીં. મારેય એવું થતું. શાસ્ત્રીજી મહારાજની શતાબ્દી અને યોગીબાપાના અમૃત મહોત્સવમાં ખૂબ ઉજાગરા થયા પણ મહારાજની દયા કે કોઈ દિવસ કંટાળો આવ્યો નથી કે નથી બીમાર પડ્યા! કામ કરવામાં ક્યાંય વાંધો ન આવે, પાર પડે. તાવનું તો '૭૭માં બીમાર પડ્યા ત્યારથી ચાલ્યું.'

સ્વામીશ્રીના જીવનમાં કાર્યપદ્ધતિની કક્કાવારી સાવ જ જુદી. તેમાં આરામનો 'આ' છેક છેલ્લે આવે. ખાવાના 'ખ'નું સ્થાન પણ ત્યાં જ. પ્રમાદનો 'પ' તો શોધ્યો ન જડે. વિશ્રામનો 'વ' સેવાના 'સ' પછી આવે. આવા અનોખા કક્કા મુજબ કામ કરવામાં તેઓ એક્કા હતા.

પ્રમુખસ્વામી તત્ત્વજ્ઞાની છે

તા. ૯/૮ની સાયંસભામાં ઉપસ્થિત થયેલા પૂજ્ય પાંડુરંગ આઠવલેજી પ્રાસંગિક પ્રવચનમાં મર્મસભર વાત કરતાં બોલ્યા: 'અહીં શરૂઆતમાં કહેવાયું કે બે તત્ત્વજ્ઞાનીઓ સાથે બેઠા છે. પણ તેમાં હું તો તત્ત્વજ્ઞાનનો અભ્યાસી છું અને પ્રમુખસ્વામી તત્ત્વજ્ઞાની છે.'

આ આદરાંજલિને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.

પરંતુ સ્વામીશ્રીની વિશેષતા હતી – શિખરે બેસીને પણ તળેટીના તણખલાને જોઈ શકવામાં. તત્ત્વજ્ઞાનને આત્મસાત્ કરનારા તેઓ વ્યાવહારિક બાબતોમાંયે ઘણું ઝીણું વિચારતા. તેનું દર્શન આજની રાત્રિને સાંપડ્યું.

આ સમયે વાળુ-ચળું કરીને પત્રવ્યવહારમાં પરોવાયેલા સ્વામીશ્રી સામે પડેલો પત્રોનો ખડકલો જોઈ બોલ્યા: 'કિલોનું વજન તો આનું હશે!'

તે સાંભળી એક સંતે હોંશપૂર્વક કહ્યું: 'થોડા દિવસ પહેલાં જ પાંચ કિલો ટપાલ તો એક હરિભક્ત સાથે દેશમાં મોકલી આપી.'

આ બોલનારાને ઉત્સાહ હતો – પોસ્ટેજ ખર્ચ વિના ટપાલ પહોંચાડવાનો.

પરંતુ તે જાણી સ્વામીશ્રી બોલ્યા: 'હરિભક્તોને પોતાના સામાનનું વજન હોય, માટે આપણે બધું ન આપવું.'

કેટલી સૂક્ષ્મ સંભાળ! જેમ ધૂળ સાથે એકરસ થયા વિના બીજમાંથી છોડ ન પાંગરે, તેમ ભક્તો સાથે ઓતપ્રોત થયા વિના મગજમાં આવો વિચાર પણ ન ફૂટે. સ્વામીશ્રીની કરકસર કોરી નહીં, પણ સ્નેહભીની હતી. તેથી જ તે કોઈનેય ચચરતી નહીં.

પ્રેમ એટલે આજ્ઞા પાળવાની રુચિ થાય એ

સ્વામીશ્રી દ્વારા આયોજિત ઉત્સવથી લંડનમાં સર્વત્ર હિંદુ ધર્મ વિષે નવચેતનાનો સંચાર થઈ ગયેલો. તેથી ધાર્મિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ પણ તેઓને પોતાનાં સંકુલોમાં પધરાવવા આતુર રહેતી. તે આમંત્રણ સ્વીકારીને સ્વામીશ્રી તા. ૧૦/૮ના સવારે ક્રોઈડનમાં આવેલી હિંદુ સ્વયંસેવક સંઘની શાખા તથા તા. ૧૧/૮ના દિવસે વિશ્વ હિંદુ મંદિરે પધાર્યા.

તે પછીના દિવસ તા. ૧૨/૮ના રોજ એકાદશી હતી, પણ ઠાકોરજી પાસે તેની સૂચના આપતું લખાણ મૂક્યું નહોતું. તેથી દર્શન કરવા આવેલા સ્વામીશ્રીએ પૂજારીને પૂછ્યું: 'આજે એકાદશીનું બૉર્ડ કેમ મૂક્યું નથી?'

આ સવાલના ઉત્તરમાં પૂજારી મૌન રહ્યા. પરંતુ પુનઃ પૂછપરછ થતાં તેઓ બોલ્યા: 'મને 'ટેમ્પરરી' (કામચલાઉ) લઈ લેવા કહ્યું હતું એટલે લઈ લીધું છે.'

ડૉક્ટરોની મનાઈ હોવા છતાં સ્વામીશ્રી દર એકાદશીએ ઠાકોરજી સમક્ષ દંડવત્ કરતા; પરંતુ આજે કેટલાક સંતોને વિચાર આવેલો કે ઠાકોરજી આગળ એકાદશીનું જાણપણું આપતું બૉર્ડ જ ન મૂકવું, જેથી સ્વામીશ્રી દંડવત્ કરવાનું કષ્ટ ન ઉઠાવે.

પોતાની આવી કાળજી સ્વામીશ્રીને કાંટાની જેમ ખૂંચી. તેઓ નારાજ થઈ ગયા. દંડવત્ કરતાં-કરતાં બોલવા લાગ્યા: 'એકાદશીનું બૉર્ડ ન હોય તો લગાડવાનું કહેવું જોઈએ, એને બદલે કઢાવનારે આ સેવા કરી.'

તેઓના સ્વરમાં વેધક વ્યંગ હતો.

અલ્પાહાર દરમ્યાન પણ આ પુણ્યપ્રકોપ ચાલુ રહ્યો અને તેઓએ સામે બેઠેલા સંતોને પૂછ્યું: 'આ એકાદશીનું બૉર્ડ કોણે કઢાવી નાખ્યું?'

સ્વામીશ્રીને ઉત્તરની અપેક્ષા નહોતી. તેથી આટલું પૂછી તેઓએ

બોલવાનું ચાલુ જ રાખ્યું કે 'જેણે આ કર્યું હોય તે ઉપવાસ કરી નાંખજો અને મારી પાસે આવી જજો.'

અલ્પાહાર બાદ હાથ ધોતાં-ધોતાં પણ એ જ વાત કરી કે 'આ પ્રેમ ન કહેવાય. પ્રેમ એટલે આજ્ઞા પાળવાની રુચિ થાય એ. એ ભક્તિ સાચી. બાકી ખોટા-ખરાં કરીએ એ ભક્તિ-સેવા નથી.'

પ્રેમગલીની સાચી દિશા સ્વામીશ્રીએ આજે ચીંધી દીધી.

૨૩ વર્ષની શોધ સમાપ્ત

તા. ૧૩/૮ની સવારે ચાલી રહેલી સ્વામીશ્રીની પૂજામાં શિક્ષિત સન્નારી ડૉ. બીના દેવીએ મહિલાવર્ગમાં સ્થાન લીધેલું, કારણ કે સ્વામીશ્રીએ તે મહિલાના હૃદયમાં સ્થાન લીધેલું. ઈંગ્લેન્ડના રાજનેતાઓ અને શાહી કુટુંબ સાથે ગાઢ ઘરોબો ધરાવનારાં એ અપરિણિત બંગાળી મહિલાની ઉંમર પચાસેક વર્ષની હતી. પિકાડેલી સરકસ જેવી મોકાની જગ્યા પર તેઓનું ત્રણ માળનું મકાન હતું. ત્યાં રહીને જાહેર-સેવાની પ્રવૃત્તિઓ ધમધમાટ ચલાવતાં તેઓ ગઈકાલે ઉત્સવનું 'નગર' જોવા આવેલાં.

તે જોતાં જ તેઓના હોઠ પરથી હૈયું આમ ઠલવાઈ ગયું કે '૨૩ વર્ષથી જે હું શોધતી હતી તે મને આજે અહીં મળ્યું! મારી આખી જિંદગીમાં મને આવી શાંતિ થઈ નથી!! મારા મનમાં જે કરવાની ઇચ્છા હતી તે મેં અહીં મૂર્તિમાન જોયું.'

આટલું કહી આ મહિલાએ 'નગર'નું પ્રદર્શન પોતાના વિશાળ બંગલામાં ગોઠવી દેવાની મહેચ્છા વ્યક્ત કરેલી અને આજે તેઓ 'નગર'ના સર્જક સ્વામીશ્રીનાં દર્શને પણ દોડી આવેલાં.

અહીં પણ સ્વામીશ્રીને જોતાં જ તેઓ એટલાં ભાવાર્દ્ર બની ગયાં કે તા. ૧૫/૮ના રોજ તો આ મહિલા ફ્રાન્સની રાજકુમારી તથા ભારતના ગવર્નર જનરલ રહી ચૂકેલા લૉર્ડ માઉન્ટબેટનની પૌત્રીને પણ 'નગર'ની મુલાકાતે લઈ આવ્યાં. તેઓના હાથે જ આ બાઈએ 'નગર'ના મેદાનમાં ભારતીય ધ્વજ લહેરાવડાવ્યો અને ટૂંક સંબોધન પણ કરાવ્યું.

સ્વામીશ્રીનો ઉત્સવ ભારતના ધ્વજને કેટલો ઉન્નત કરી રહ્યો છે તે રોજેરોજ બનતા આવા પ્રસંગોથી વિશેષ સમજાતું. CFI સાચે જ સંસ્કૃતિની શાન પુરવાર થઈ રહેલો.

પરાવાણીના પ્રવાહમાં પીગળતો પૂર્વગ્રહ

તા. ૧૪/૮ની સાંજે પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રી એક ગુણભાવીનું ઘર શોધી રહેલા. ઘણી મથામણ છતાં લત્તાનો પત્તો ન લાગતાં સહપ્રવાસીઓએ પધરામણી માંડવાળ કરવા કહ્યું; પરંતુ સ્વામીશ્રીએ પ્રયત્ન ચાલુ રાખ્યો. અંતે તેઓની શ્રદ્ધા ફળી. ઘર મળ્યું, પણ ત્યાં તાળું લટકતું હતું! છતાં સ્વામીશ્રી નિરાશ ન થયા. કચવાયા પણ નહીં. તેઓએ પત્ર નાંખવાના ફાંકામાંથી પ્રાસાદિક પુષ્પો ઘરમાં પહોંચાડી ફેરો સફળ કર્યો!

જીવનું રૂડું કરવાની આ શ્રદ્ધા સાથે ભવન-ભવનને પાવન કરતાં સ્વામીશ્રી તા. ૧૭/૮ના રોજ 'ભારતીય વિદ્યાભવન'માં પધાર્યા.

ભારતીય મૂલ્યોના પ્રસાર માટે કાર્યરત આ આંતરરાષ્ટ્રીય સંસ્થાના નિયામક શ્રી કૃષ્ણમૂર્તિ માથુર ઉત્સવ જોઈ પ્રભાવિત થયેલા. તે ઘટના જ આ પધરામણીનું નિમિત્ત બનેલી.

અહીં સ્વામીશ્રીના આગમનને 'ભવન'ના હોદ્દેદારોએ અક્ષત, શ્રીફળ, કળશ વગેરેથી વધાવ્યું. ત્યારબાદ તેઓએ સમગ્ર સંકુલમાં સ્વામીશ્રીને લઈ જઈ પ્રવૃત્તિથી માહિતગાર કર્યા. અંતે સૌ ગ્રંથાલયના હૉલમાં સ્વામીશ્રીને દોરી લાવ્યા. અત્રે પ્રાસંગિક સભા ગોઠવાયેલી. આ સમારોહમાં એક પછી એક હૃદયોર્મિઓ વહી રહી. એક શિક્ષકે તો સંસ્કૃત ભાષામાં સ્વરચિત સ્વાગત-ગીત પણ લલકાર્યું!

પરંતુ આ ભાવપ્રવાહથી કોરા રહેવાનો પ્રયત્ન કરી રહેલા 'ભવન'ના ચૅરમેન શ્રી માણેક દલાલ. તેઓને સાધુ-સંતો પ્રત્યે અભિરુચિ ઓછી. તેથી જ તો તેઓ ઘરઆંગણે ઊજવાતા સી.એફ.આઇ.માં પણ ગયા નહોતા.

આજે તેઓએ શિષ્ટાચારની રૂએ સ્વાગતોપચાર સંપૂર્ણ કરેલા, પણ સ્વામીશ્રીથી માનસિક અંતર જાળવીને બેઠા હોય તેમ જણાઈ રહેલું. જ્યારે સ્વામીશ્રીનું વક્તવ્ય શરૂ થયું ત્યારે તેમાં પણ તેઓ ઝાઝો રસ દાખવતા ન હોય તેવું જ લાગ્યું.

પરંતુ જેમ જેમ સ્વામીશ્રીની અમૃતધારા રેલાઈ રહી તેમ તેમ આ મુરબ્બીના પૂર્વગ્રહનાં પડળ પીગળતાં ચાલ્યાં. જ્યારે સ્વામીશ્રીની વાણી વિરમી ત્યારે તો તેઓની ગાંઠ સંપૂર્ણ ગળી ગઈ હોય તેમ તેઓ કહેવા લાગ્યા:

'સ્વામીજી! આપનો કેવી રીતે આભાર માનવો? તમારા પ્રવચનથી હું

ઘણો જ પ્રભાવિત થયો છું. ભગવા અંચળા નીચેનું તમારું દિવ્ય આધ્યાત્મિક જ્ઞાન અમને સ્પર્શી ગયું. આપનો ઉપરનો દેખાવ સાદો દેખાય, પણ અંદરની આધ્યાત્મિકતા અને જ્ઞાન ઘણું છે. તે કહેવા મારી પાસે શબ્દો નથી. તમારાં હૃદય અને મનની ભવ્યતા ઘણી મજબૂત અને સુસ્થિર છે. તમે સારું બોલ્યા. વળી, તદ્દન સાહજિક બોલ્યા. અહીં કોઈના ઉપર પ્રવચનની અસર પાડવા ન બોલ્યા. તમારા જેવા પુરુષ અમારા માર્ગદર્શક બને. અમે હંમેશાં આ પ્રસંગ યાદ કરીશું.'

સ્વામીશ્રીની નિરાડંબર વાણીએ શ્રી દલાલનાં દિલ-દિમાગ પર પૂરેપૂરો કબજો જમાવી દીધો. તેઓ સ્વામીશ્રીને વિદાય આપ્યા બાદ એ જ દિવસની સાંજે ઉત્સવ જોવા દોડી ગયા. તે જોતાં જ તેઓ બોલી ઊઠ્યા : 'પૂજ્ય પ્રમુખ-સ્વામીએ અદ્ભુત કાર્ય કર્યું છે. હું અહીં ન આવ્યો હોત, તો હું ઘણું ગુમાવત.'

સ્વામીશ્રી દ્વારા થયેલો એક બુદ્ધિશાળીનો આ હૃદયપલટો જોઈ સૌ ગાઈ ઊઠ્યા : *'એવું ઈશ્વર વગર ન થાય, સમજુને તરત સમજાય...'*

મૃદુ-મધુર વાણીનાં કામણ

તા. ૧૫/૮ના દિવસે ભારતીય સાંસ્કૃતિક મહોત્સવની પૂર્ણાહુતિ થવાની હતી; પરંતુ લોકલાગણીનો જુવાળ પ્રચંડ હતો. ચારેબાજુથી આ 'નગર'ની અવધિ લંબાવવાની વિનંતી આવતાં તે વધુ ત્રણ દિવસ સુધી ધમધમતું રહ્યું. અંતે આ મર્યાદા પણ આવી જતાં તા. ૧૮/૮ના રોજ આ 'નગર'નાં દ્વાર બંધ થયાં. પરંતુ તે પહેલાં તેણે કેટલાંય હૃદયદ્વાર ખોલી નાંખેલાં. આ છેલ્લા દિવસે સ્વામીશ્રીએ 'નગર'માં પગલાં કરી તેને ભવ્ય વિદાય આપી ત્યારે ૩૪ દિવસના એક સુવર્ણકાળનું સમાપન થયું.

પરંતુ વરસાદ બંધ થયા પછી તેની ભીનાશને સુકાતાં વાર લાગે છે. સૂર્ય ઢળે એટલે તરત અંધારું નથી થતું. પુષ્પ આંખથી ઓઝલ થાય પણ તેની સુગંધ ઝટ નથી ખસતી. તેમ ઉત્સવ અલોપ થયો છતાં તેનાં સ્પંદનો હજીયે હૈયાંઓને રણઝણાવતાં હતાં.

એવું જ હૈયું લઈને તા. ૧૯/૮ના રોજ સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા – એક લબ્ધપ્રતિષ્ઠ ઉદ્યોગપતિ.

એમનું નામ શ્રી સી. કે. પીઠાવાલા. સુરત પાસે વસેલા ડુમ્મસના એ રહીશ. દેશ-પરદેશમાં ધીકતા ઉદ્યોગના ધણી. રાજકીય નેતાઓ સાથેના

સંબંધોથી વગદાર. સમાજસેવાઓમાં દિલદાર. તે કારણે જ મોભાદાર.

અહીં લંડનમાં તેઓ પોતાના મિત્ર શ્રી હીરાભાઈ પટેલના ઘેર બેઠેલા. ત્યાં તેઓએ સ્વામીશ્રીની સુવર્ણતુલાનો વીડિયો જોયો. તેમાં છેલ્લે સ્વામીશ્રીનું પ્રવચન સાંભળતાં જ શ્રી પીઠાવાલા ઘાયલ થઈ ગયા. 'આ પ્રવચનમાં બધી જ આધ્યાત્મિકતા આવી જાય છે'ની અનુભૂતિ આ કરોડોપતિને થઈ. તેથી ખેંચાઈને તેઓ આજે આવી ગયેલા સ્વામીશ્રી પાસે. સ્વામીશ્રી સાથે તેઓનો આ સંબંધ આજથી ધીરે ધીરે ગાઢ થતો ગયો અને સમય જતાં એ માલેતુજાર મહાનુભાવ એક અદના સત્સંગી બની રહ્યા.

સ્વામીશ્રીના વક્તવ્યમાં ઝાકઝમાળ કે છાકમછોળ જોવા નહોતાં મળતાં; છતાં એ મૃદુ-મધુર વાણી કાળજાં ભેદતી.

દયાવાળા દલના ઉદાર

તા. ૨૦/૮ની સાંજે આગેવાન સત્સંગી શ્રી આઈ. કે. પટેલના ઘેર યોજાયેલી સભામાં વિવિધ જ્ઞાતિ અને ધર્મના ઘણા અગ્રણીઓ એકત્રિત થયેલા. તેમાં સ્વામીશ્રી પધારતાં જ યજમાને તેઓનો સત્કાર કર્યો. તે વખતે તેઓએ પોતાના પૌત્ર પૂજનને સ્વામીશ્રીના ખો[illegible]ધો.

આ બાળકને ચાંદલો કરવાનું સ્વામીશ્રીને મન થઈ આવ્યું, પરંતુ કંકુ ન મળ્યું. જો કે સ્વામીશ્રી તો સૂઝના સ્વામી; તેથી તેઓએ પોતાના ભાલે કરેલા ચાંદલામાં આંગળી ઘસી એ પ્રાસાદિક કંકુથી બાળકને ચાંદલો કર્યો.

બસ! આ રીતે જ પોતાના ભાગનું પણ બીજાને આપી સૌને લાડ લડાવતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં, ૪૪ દિવસ તો જોતજોતાંમાં વીતી ગયા અને વિદાયદિન આવી પહોંચ્યો.

તે નિમિત્તે તા. ૨૧/૮ની સાંજે મંદિરમાં યોજાયેલી વિદાય-સભામાં હાજર રહેલી સંખ્યા જોતાં ઉત્સવનો પ્રભાવ સ્પષ્ટ વર્તાતો હતો. સત્સંગીઓ ઉપરાંત કંઈક ગુણભાવીઓ પણ સ્વામીશ્રીને વિદાયમાન આપવા ઉપસ્થિત હતા.

આ સભામાં સ્વામીશ્રીએ સુવર્ણ મહોત્સવના ફાળામાંથી ઘણી મોટી રકમ કરમસદમાં તૈયાર થતી મૅડિકલ કૉલેજમાં સંસ્થા વતી દાનરૂપે આપવાની જાહેરાત કરાવી. પોતાનાં ચરણે ભક્તોએ વહાવેલી સેવાની સરિતા સ્વામીશ્રીએ સંપ્રદાયના નહીં, પણ સમાજના ઉત્કર્ષ માટે વાળી દીધી. તેઓની આ નિઃસ્પૃહિતા જોઈ સૌ નતમસ્તક થઈ ગયા.

આ રીતે સેવા-સખાવત દ્વારા ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ(CFI)નું શાનદાર સમાપન કરતા સ્વામીશ્રી તા. ૨૧/૮ની રાત્રે ૧૧:૨૦ વાગ્યે પુનઃ ભારત પધારી ગયા ત્યારે દેશ-પરદેશમાં એક જ સૂર ગુંજી રહ્યો :

'જન જોવાને આવિયા હજારો, સમૈયો થયો ત્યાં પણ સારો...'

વિલાયતની ધરતી પર સ્વામીશ્રીએ ઊજવેલા ઉત્સવ(CFI)નું આ ગૌરવગાન આજે પણ જૂનું નથી થયું.[૩૨]

આપણે ભગવાનના છીએ

મુંબઈના ઍરપોર્ટ પર સ્વામીશ્રીને વધાવવા માટે મધરાતે ઊમટી પડેલા અસંખ્ય ભક્તોએ સ્વામીશ્રીને હર્ષભેર આવકાર્યા. વ્યવસ્થામાં સાબદા ઊભેલા અધિકારીઓ પણ જે રીતે સ્વામીશ્રીની આગતા-સ્વાગતા કરી રહેલા તે ઈંગ્લેન્ડના ઉત્સવનો પડઘો ભારતમાંયે બુલંદ રીતે ગાજ્યો છે તેની સાક્ષી પૂરતા હતા.

સૌનો આ પ્રેમ ઝીલતા સ્વામીશ્રી રાત્રે સાડા બાર વાગ્યે મંદિરે પધાર્યા ત્યારે અહીં દિવાળીની જેમ ફટાકડા ફૂટી રહ્યા. એકત્રિત ભક્તોને દર્શનદાન દેવા સ્વામીશ્રી નીચેના હૉલમાં થોડી વાર બિરાજ્યા. ત્યારબાદ તેઓ અક્ષર ભુવનના પાંચમા માળે પોતાના ઉતારામાં પધાર્યા ત્યારે અત્રે સૂતાં પહેલાં સંતો સાથે આનંદ-કિલ્લોલ ચાલી રહ્યો.

તેમાં એક અંતેવાસીએ રમૂજમાં કહ્યું : 'સ્વામી ! આપણે જીપ્સી જેવા. રોજ ઉતારા બદલવાના.'

'જીપ્સી કહો કે જોગી કહો, પણ આપણે ભગવાનના છીએ.' સ્વામીશ્રી બોલ્યા. તેઓને મન આ ઓળખાણ જ મહત્ત્વની અને કાયમી હતી.

ચમત્કારથી વિશેષતા માની નથી

મુંબઈ મુકામે તા. ૨૪/૮ની રાત્રિસભામાં લંડનના ઉત્સવની વિશેષતાઓ વર્ણવતાં વિદેશયાત્રાના સહપ્રવાસી સંતોએ સ્વામીશ્રીના પ્રૌઢ પ્રતાપને ભરપેટ

---

૩૨. સતત એક મહિના સુધી અનેકને મંત્રમુગ્ધ કરનારા આ ભારતીય સાંસ્કૃતિક મહોત્સવનો નજારો માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

વાગોળ્યો. તે સાંભળી સમગ્ર સભા હિલોળે ચડી ગઈ.

પરંતુ સ્વામીશ્રીએ તો શ્રીજીમહારાજના કર્તાપણાનો સૂર રેલાવતાં કહ્યું :

''સંતોએ ઘણા પ્રસંગો કહ્યા, ઘણા ચમત્કારની વાત કરી, પણ ભગવાનનું ધાર્યું જ થાય છે. (સુવર્ણતુલા વખતે) QPRમાં વરસાદ ન પડ્યો તેનું કારણ દેરીની પ્રાર્થના. અક્ષર દેરીના પ્રતાપે આ થયું! ચમત્કારથી વિશેષતા માની નથી. ભગવાન આપણી વિનંતી સાંભળીને કરવું હોય તે કરે. સમૈયો સરસમાં સરસ થયો તેની ના નહીં. દરેકને લાભ મળ્યો. ભગવાન ભગવાનનું કાર્ય કરે છે. ચમત્કારો જે થાય છે તે (વચ.ગ.) પ્ર. ૨૭ પ્રમાણે મને મળ્યા જે પરમાત્મા તે થકી થાય છે. 'મેં સત્સંગ કરાવ્યો' એવું નથી. આપણામાં રહીને ભગવાન કામ કરે છે. મૂળ ભગવાનના ભજનનો આગ્રહ રાખવો.''

આ જ રીતે તા. ૨૬/૮ની રાત્રે ભાઈદાસ હૉલમાં યોજાયેલા સન્માન સમારંભમાં પણ સ્વામીશ્રીએ ઈષ્ટદેવના મસ્તકે ઉત્સવની સફળતાનો યશકળશ મૂકી દીધો.

તે પછીના દિવસે મુંબઈથી વિદાય લઈ તેઓ અતુલ, નવસારી અને સાંકરીને લાભ આપતાં સુરત પધાર્યા.

અહીં તા. ૨૯/૮ના રોજ મહાનગરપાલિકા દ્વારા ગાંધી સ્મૃતિ ભવનમાં તેઓનો સન્માન સમારોહ યોજાયો. તેમાં મેયર, કમિશનર વગેરે પ્રતિષ્ઠિત મહાનુભાવોનો સત્કાર ઝીલી સ્વામીશ્રીએ તા. ૩૧/૮ની સવારે ડુમ્મસને પાવન કર્યું.

અહીંના રહેવાસી શ્રી સી. કે. પીઠાવાલાએ લંડનમાં પાઠવેલું આમંત્રણ સ્વીકારીને સ્વામીશ્રી અત્રે પધારી ગયા ત્યારે યજમાનશ્રી તથા તેઓના પુત્રો અશોકભાઈ, અજિતભાઈ, ચંદ્રવદનભાઈ અને મહેશભાઈએ સ્વામીશ્રીને ભાવથી આવકાર્યા.

આ આગમન નિમિત્તે આજની સાંજે પીઠાવાલા હાઈસ્કૂલમાં યોજાયેલી સભામાં ત્રણેક હજારની મેદનીથી મેદાન આખું ભરચક થઈ ગયું. તે સૌને ધર્મલાભ આપી સ્વામીશ્રી રાત્રે સુરત પરત ફર્યા.

આજ્ઞા-ઉપાસનાનો રેઈનકોટ

સુરત મુકામે દિવાળી બાગમાં આવેલા ભાવિક ભૂદેવ શ્રી તરુણભાઈના ઘેર રોકાયેલા સ્વામીશ્રીએ અહીં તા. ૨/૯ની રાત્રે યુવક મંડળની વિશિષ્ટ

સભામાં અમૃતધારા વહાવી કે –

"યોગીજી મહારાજની યુવકો પર દૃષ્ટિ પડી છે. 'આપણે યોગીજી મહારાજનાં ક્યાં દર્શન કર્યાં છે?' એમ માનવાનું નથી. એમના આદેશો મુજબ ચાલીએ તો એમનાં દર્શન છે. ભગવાનનું પ્રગટપણું મનાય તો આનંદ રહે. 'દાદાખાચર અને ૫૦૦ પરમહંસોને લાભ મળ્યો હતો, પણ આપણે કંઈ નથી,' એમ માનીએ તો દુઃખ રહે. પણ અત્યારેય છે, છે ને છે જ! નથી મનાતું એટલે નીરસ લાગે.

આ સત્સંગની વાત માટે આપણો અવતાર છે. માટે બીજાને પણ વાત કરવી. ખાવા-પીવાની બંધી કરતા નથી, પણ અશુદ્ધ ખોરાક ન લેવો. આંધળા થવાની જરૂર નથી, પણ જે જોવાથી સારી છાપ પડે તે જુઓ. અભાવ-અવગુણની વાત સાંભળવી નહીં. ચારેબાજુ ભલે વિષયની છોળ્યો ઊડે, પણ આજ્ઞા અને ઉપાસનાનો રેઈનકોટ પહેરી લેવો.

આપણી સેવા ભગવાનના ચોપડે નોંધાય છે. તેમનું કમ્પ્યૂટર મોટું છે. ભલે આપણું નામ ન છપાય કે ન બોલાય, પણ ભગવાન જાણે છે. સંગઠન રાખવું. એક રુચિ, એક જ વાત. આત્માની દૃષ્ટિ રાખીએ તો સંગઠન ન તૂટે."

જીવન-ઘડતરના આ અમૂલ્ય પાઠ સ્વામીશ્રીએ યુવાનોને ભણાવ્યા.

આ પ્રસંગે વિદેશમાં ડંકો મારીને આવેલા તેઓને વધાવવા યુવકોએ રાખડીનો મુગટ તૈયાર કરેલો, પરંતુ તેને સ્વામીશ્રીની શિર-સેવાનું સદ્‌ભાગ્ય ન મળ્યું. યુવકો જેવો તે મુગટ પહેરાવવા ગયા કે સ્વામીશ્રીએ ઝાટકો મારી તેને નીચે ગબડાવી દીધો. નિયમ બહારના કોઈ સન્માનની કારી તેઓ આગળ કદી ફાવી નહોતી.

અગ્રગણ્ય છતાં નગણ્ય

તા. ૩/૯ની સાંજે 'ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રી' તરફથી આ સંસ્થાના સંકુલ 'સમૃદ્ધિ'માં જ સ્વામીશ્રીનો સન્માન સમારંભ યોજાયેલો. તેમાં અનેક નામાંકિત ઉદ્યોગપતિઓનો સત્કાર સ્વીકારી રાત્રે ઉતારે પધારેલા સ્વામીશ્રીનું નિત્યક્રમ અનુસાર બ્લડ પ્રેશર માપવામાં આવ્યું.

તે જોઈ ગમ્મત કરતાં તેઓ બોલ્યા : 'આપણે રોજ બી.પી. મપાય છે, પણ આ (મકાનની બાજુમાં આવેલી) ઝૂંપડપટ્ટીવાળાનું બી.પી. કોણ માપતું હશે ? બી.પી. માપીએ એટલે ચિંતા થાય...'

તેઓની આ રમૂજમાંથી જ દ્વિશતાબ્દીની વાતનો ફણગો ફૂટતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે તો અહીં ફરીએ છીએ અને ચિંતા ડૉક્ટર સ્વામી તથા ઈશ્વર સ્વામી કરે છે. મારે તો ફૂલહાર પહેરવાના અને ખુરશી શોભાડવાની છે.'

અગ્રગણ્ય હોવા છતાં નગણ્ય થઈને રહેવાની સ્વામીશ્રીની શૈલી અનેરી અને આશ્ચર્યકારી હતી.

સાવધ સાધક

તા. ૪/૯ના રોજ સ્વામીશ્રી નાણાવટમાં આવેલા લક્ષ્મીનારાયણના પુરાતન મંદિર તથા પાલનપુર પાટિયા પાસે નિર્માણાધીન મહાલક્ષ્મીજીના મંદિરે થઈ 'કૃષિમંગલ' હૉલમાં ચાલતા ભાગવત પારાયણમાં પહોંચ્યા.

અત્રે અમૃતવાદળી વરસાવી તેઓ ઉતારે પધાર્યા ત્યારે એક સંતે પૂછ્યું: 'બાપા! સાધુતા એટલે શું?'

'આ બેઠા મૂર્તિમાન.' સામે બેઠેલા કોઠારી સ્વામી તરફ નિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા. પછી ઉમેર્યું: 'ખમવું તે સાધુતા.'

આ સાધુતાનો જ એક નવો આયામ આજે સ્વામીશ્રીએ પોતાના વર્તન દ્વારા પણ ખોલી આપ્યો.

અહીં તેઓને જ્યારે લંડનથી આવેલું દ્રાક્ષાસવ 'રાઈબીના' પીવા માટે આપ્યું ત્યારે સ્વામીશ્રી 'ના' પાડવા લાગ્યા. આ નકારનું કારણ જણાવતાં તેઓએ જ કહ્યું: 'મારા માટે આ ન જોઈએ. પછી તો લંડનથી મંગાવ્યા કરે. બીજાને પણ ટેવ પડે. માટે પીવું નથી.'

'આ આવેલું બોક્સ પૂરું કરી નાંખો, પછી નહીં મંગાવીએ.'

સંતો તરફથી આ ખાતરી મળતાં સ્વામીશ્રીએ એ શરબત અંગીકાર કર્યું. પણ સૌને આજે ગુણાતીત રીત યાદ આવી ગઈ.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'ઘીની હાંડલી હું રાખું તો સૌ રાખે ને હું જેમ ચડાવી દઉં તેમ ચડી જાય, પણ મારે તો કેવળ પ્રભુ સાંભરે એટલું જ કરવું છે...'[૩૩]

સ્વયં સિદ્ધ હોવા છતાં સ્વામીશ્રી શિષ્યોના રૂડા માટે સાવધ સાધકની રીતે જ વર્તતા.

---

૩૩. સ્વામીની વાતો: ૬/૧૨૭.

આપણી લાજ ભગવાનને હાથ

તા. ૫/૯ના રોજ લંબે હનુમાન રોડ પર આવેલા 'દિવ્ય વસુંધરા' ફ્લેટ્સના સાર્વજનિક મેદાનમાં કમ્યુનિટી હૉલ તથા સંસ્કાર ભવનનો ખાતવિધિ કરી સ્વામીશ્રી કરંજ અને અંકલેશ્વરને લાભ આપતાં ભરૂચ પધાર્યા.

આ વર્ષે તારીખિયા મુજબ જન્માષ્ટમી તા. ૮/૯ના રોજ હતી, પરંતુ વૈષ્ણવ સંપ્રદાયોએ તે તા. ૭/૯ના રોજ ઊજવવાનું છેલ્લી ઘડીએ જાહેર કરતાં, સ્વામીશ્રીએ આજની બપોરે મંદિરના હૉલમાં જન્માષ્ટમી ઊજવી અને સાંજે અટલાદરા આવી પહોંચ્યા.

આજે તેઓ જન્માષ્ટમી હોવાથી નહીંવત્ ફરાળ જમેલા. તેથી સાંજે વિશેષ શ્રમિત જણાતા હતા. તે જોઈ સંતોએ કહ્યું : 'કથાને હજી વાર છે, માટે થોડો આરામ કરી લ્યો.'

'આપણે કાંઈ ઊંઘવા થોડા આવ્યા છીએ ?' સ્વામીશ્રી બોલ્યા. કસમયે સૂવાની કુટેવ તેઓના લોહીમાં જ નહીં. તેથી આરામ પર ચોકડી મૂકી તેઓ સંતો સાથે ગોષ્ઠી કરવા લાગ્યા.

તેમાં ખેંચાયેલા વરસાદના સંદર્ભમાં કો'કે કહ્યું : 'બાપા ! વરસાદ પાડો; નહીં તો ગુણાતીત દ્વિશતાબ્દીનો આટલો મોટો ઉત્સવ ઊજવીએ છીએ એમાં લોકો કેટલુંય બોલશે.'

લોકાભિપ્રાયના આ ભયને વિખેરતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'આપણે ભગવાનને રાજી કરવા ઉત્સવ કરીએ છીએ. માટે આપણી લાજ ભગવાનના હાથમાં છે. એમનો વિશ્વાસ રાખીને મંડ્યા છીએ. તેઓ જે કરતા હશે તે સારા માટે કરતા હશે.'

સ્વામીશ્રીની પ્રત્યેક પ્રવૃત્તિનું પ્રેરકબળ રહેતું – પ્રભુ-પ્રસન્નતા. તેથી જ તેઓ કદી ફંટાયા-ફંગોળાયા નહોતા, ખરડાયા-ખોરવાયા નહોતા, અટવાયા-અકળાયા નહોતા.

સમદૃષ્ટિને સર્વસમાન

તા. ૭/૯ની રાત્રે અટલાદરા ખાતે આયોજિત જન્માષ્ટમીની સભામાં વડોદરા, ભરૂચ અને પંચમહાલ જિલ્લામાં વહેતી સત્સંગધારાનો જાણે ત્રિવેણી સંગમ સર્જાયો હતો. તેમાં ડૂબકી મારી ધન્ય થવા ગામોગામથી ઊમટી પડેલા

ભક્તો કથા-કીર્તનના કિલ્લોલ બાદ સ્વામીશ્રીના આશીર્વાદ સાંભળવામાં તલ્લીન બન્યા, ત્યાં જ મંચ પર ચઢી આવેલા ડભાસાના ડોસા ચતુરલાલે સ્વામીશ્રીને 'જય સ્વામિનારાયણ' કહ્યા. તે જોઈ પોતાની વાણીને વિરામ આપતાં સ્વામીશ્રીએ પણ એ વૃદ્ધના પ્રણામ ઝીલ્યા.

તે સાથે જ હજારોની મેદની વચ્ચે જાણે ગોષ્ઠી શરૂ થઈ ગઈ. પેલા વડીલે સ્વામીશ્રીને કહ્યું: 'મારે આવવું પડ્યું.'

'એ તો આવવું જ પડે ને! આ જુઓને, અમારેય આવવું પડ્યું.' કોઈ કંટાળા વિના સ્વામીશ્રી સાહજિકતાથી બોલ્યા.

મહેલના સિંહાસન પર બેસી સુદામા સાથે ગોઠડી માંડી રહેલા કૃષ્ણનાં જ દર્શન આજે સૌ સ્વામીશ્રીરૂપે જન્માષ્ટમીની સભામાં કરી રહ્યા. કોઈ પણ વક્તાની કમાન છટકે એવા અણછાજતા વર્તનને પણ સ્વામીશ્રી પાસે પ્રેમભર્યો પ્રતિસાદ મળતો. આવા જ ઉમળકાથી તેઓએ આજે ઉત્સવમાં આવી પહોંચેલા મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરીને પણ આવકારેલા. *'સમદૃષ્ટિને સર્વસમાન...'*ની શૈલી સ્વામીશ્રીને સર્વાંગે વરેલી હતી.

દુઃખ દૂર કરવા તો આવ્યા છીએ

તા. ૯/૯ની સાંજે ગાંધી નગરગૃહમાં વડોદરા મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા સ્વામીશ્રીનું સન્માન કરવામાં આવ્યું ત્યારે તેઓને બિરદાવતાં મેયર શ્રી ડૉ. જતીન મોદીએ જણાવ્યું: 'કામ કરવું એ તો સહેલું છે, પરંતુ અહંકાર વિના કામ કરવું એ બહુ જ અઘરું છે. પ્રમુખસ્વામી એવું કામ કરી રહ્યા છે. એના પ્રતાપે પ્રમુખસ્વામી જ્યાં જાય છે ત્યાં શાંતિ પથરાય છે.'

ઠેર ઠેર આવો આદર ઝીલતા સ્વામીશ્રી તા. ૧૨/૯ની રાત્રે પોણા આઠ વાગ્યે બોચાસણ પધાર્યા.

અત્રે તેઓ રંગમંડપમાં દર્શન કરવા ગયા ત્યારે ત્યાં ઊભેલા જૂના હરિભક્તો શ્રી ત્રિભાકાકા તથા શ્રી જી. કે. સ્વામીને જોતાં જ બોલ્યા: 'બેય પુરુષોને જોઈ શાંતિ થાય છે.'

સ્વામીશ્રીના અંતરમાં અખંડ વહ્યા કરતી મહિમાની ધાર ભક્તોને જોતાં જ આમ ઊભરાઈ આવતી.

તેથી સદાય તરબતર રહેતા સ્વામીશ્રીને મળવા અત્રે બોચાસણમાં તા. ૧૪/૯ના રોજ એક ગુણભાવી સજ્જન આવ્યા. મુલાકાત પૂર્વેનો

સ્વામીશ્રીનો નિત્યક્રમ જોતાં તેઓને મનમાં જે સંશય સળવળેલો તે જ તેઓએ પ્રગટ કર્યો કે 'સ્વામી! આખો દિવસ આપ મુલાકાત, મીટિંગ વગેરે પ્રવૃત્તિમાં કાઢો છો તો ભક્તિ ક્યારે કરો છો?'

'ભક્તિ તો અખંડ કર્યા જ કરીએ છીએ. પળે પળે મહારાજ-સ્વામી યાદ આવે છે. પણ અમારે બંને રાખવું પડે. સમાજનું પણ સંભાળવું પડે. લોકોનાં દુઃખ દૂર કરવા તો આવ્યા છીએ. તે માટે સાધુ થયા, ભેખ લીધો છે. માટે પ્રશ્ન પણ સાંભળવા પડે.' સ્વામીશ્રીએ ખુલાસો કરી દીધો.

હાથમાં કામ અને હૈયામાં રામ – આ હતી તેઓની શૈલી.

સાધુતાનો મારગ બરાબર શોભાડવો

તા. ૧૫/૯ની બપોરે જમવા બિરાજેલા સ્વામીશ્રીની બાજુમાં મહંત સ્વામી પણ બેઠેલા. બંનેની સામે મૂકેલા પાટલા પર થાળ અને પત્તર ગોઠવાઈ ગયેલાં. પરંતુ ભોજનમાં જળની અંજલિ નાખવા માટે હજી પાણી ભરેલું પાત્ર આવ્યું ન હોવાથી મહંત સ્વામી તેની રાહ જોઈ રહેલા. તેથી સ્વામીશ્રીએ પણ જમવાનું શરૂ ન કરતાં પોતાની પાસે મુકાયેલો પાણીનો પ્યાલો મહંત સ્વામીને આપ્યો. ત્યારબાદ જ તેઓએ પોતાના મોંમાં કોળિયો મૂક્યો.

સ્વામીશ્રીની આ ચેષ્ટા ઘણી સૂચક અને સ્નેહસભર બની રહી.

એ જ સ્નેહ સાથે તેઓએ આજની સાંજે સંતો-સાધકોને સાધુતાનો 'સા' ઘૂંટાવતાં જણાવ્યું :

''આપણે બધું જ સહન કરવું છે. શ્રીજીમહારાજે ૫૦૦ પરમહંસોને એ રીતે જ વર્તાવ્યા. સચ્ચિદાનંદ સ્વામી વીઘાનો બાજરો ખાઈ શકતા હતા, પણ તેઓનેય પાશેરનો ગોળો જ ખવડાવ્યો. તેમાં મરચું-મીઠું જ નહીં, પાણીમાં બોળે પછી જ ખાવાનો! 'ફલાણી ફેક્ટરીનો માલ હોય એમાં કહેવાપણું જ ન હોય, કોઈ દગો હોય જ નહીં,' એવું આપણું હોવું જોઈએ. કથાવાર્તા, સાધુતા, ચેષ્ટા, નિત્ય-નિયમમાં પોણી સોળ થવું ન જોઈએ.

સેવામાં પણ ખબરદાર રહેવું. દયાએ કરીને ભગવાને જોગ આપ્યો છે, રાજી કરવાની તક આપી છે. માટે અપમાનમાં દુઃખી ન થવું ને માનમાં હરખાઈ ન જવું. માન તો શ્રીજીમહારાજને લઈને છે. એમનેમ ગયા હોઈએ તો કોઈ શેર ભાજીય ન આપે. આ બધાં ઘરેણાં યોગીબાપાનાં છે. આપણી બુદ્ધિથી કોઈ આપણને બોલાવે એમ નથી. મંદિરનો વ્યવહાર સારામાં સારી

રીતે કરતો હોય તોય 'આપણે કાંઈ જ નથી' એવી રીતે વર્તવાનું હોય.

બીજા અપમાન કરે તોય એનો વિચાર જ નથી કરવાનો. દુનિયામાં તો લોકો એવું બોલે છે કે તેત્રીસ કરોડ રૂંવાડાં ઊભાં થઈ જાય. આ ભગવાન અને સંતના સંગે તો રોટલો ને ભાજી મળે તોય ભાગ્ય માનવાં. લોભ પણ ન રાખવો. પદાર્થના લોભમાં ખટપટો કરવી પડે. ભગવાન આપણને ઓછા ભૂખ્યા રાખશે? ભેગું કરવાનો વિચાર જ ન આવવો જોઈએ. એવો ક્ષુદ્ર વિચાર કરવો જ નહીં. મિત્ર આપતો હોય તોય ધક્કો મારવો. ભગવાનની ભક્તિ થાય એના માટે જ મિત્રતા. મન બગડે એવી ભાઈબંધીની જરૂર નથી.

'આ ઓરડો મારો' એવુંય ન થવું જોઈએ. આ શરીર ઉપર વસ્ત્ર પણ ઠાકોરજીનું છે. જે વ્યવસ્થા મળે એમાં જ રહેવાનું. ન ફાવે ને જુદો ઝંડો ચઢાવે – એવું ન થવું જોઈએ. 'ચરોતરમાં ફરીએ છીએ એટલે કાઠિયાવાડ કે સુરતમાં નહીં ફરીએ' એવી બધી મમતા નહીં. જ્યાં જઈએ ત્યાં હરિભક્તોને ઓળખતા થઈ જવાય. દરેક સાથે હળવું-મળવું, પણ ચોંટી જવાય એવું નહીં. એકમાં વધારે પડતું હેત થાય તો બધાને વિષે અભાવ આવે.

થાળમાં આવે એ જમી લેવું. સ્વાદ માટે જુદું થાય એવો વિચાર કદાપિ આવવા દેવો નહીં. કદાચ રુચિ પડતું ન હોય તો એક ટાઈમ ભૂખ્યા રહેવું. ત્રણ ટાઈમમાંથી એક ટાઈમ તો રુચિ પડતું આવી જ જાય. *'હાં જી ભલા સાધુ...'* કીર્તન દરરોજ વાંચવું, બોલવું ને વિચાર કરવો. સાધુતાનો મારગ બરાબર શોભાડવો.''

આ શબ્દોના ટાંકણે સંતશિલ્પોના ઘાટ ઘડીને સ્વામીશ્રી તા. ૧૭/૯ની સાંજે અમદાવાદ આવી પહોંચ્યા.

દાસભાવનાં દુંદુભિ

અમદાવાદમાં સ્વામીશ્રીના આગમન સમયે મંદિર ભક્તોની ભીડથી સાચે જ ભીંસાતું હતું. વિદેશગમન પૂર્વે વિદાયમાન આપવાનો મેળ આ ભક્તોને પડ્યો નહોતો. તેથી આજે સ્વાગતમાં તેઓએ કોઈ કસર ન છોડી. સભા પણ હકડેઠઠ ભરાઈ ગઈ. તેમાં ઉદ્‌ઘોષક રહેલા અક્ષત ભગતે જાહેરાત કરી કે 'પશ્ચિમમાં ભારતીય સંસ્કૃતિની વિજયપતાકા લહેરાવીને પધારેલા પરમ પૂજ્ય સ્વામીશ્રી હવે લાભ આપશે.'

આ ઘોષણાને જ પ્રવચનની પીઠિકા બનાવતાં સ્વામીશ્રી બોલ્યા:

"ધજા-પતાકાની વાતો કરી, પણ આપણાથી તો શેક્યો પાપડ ભાંગે એમ નથી. આ તો શ્રીજીમહારાજનો સંકલ્પ છે એટલે થાય છે. બાકી વિજય-ધ્વજ ને ડંકા વગાડવા એ કાંઈ સહેલી વાત નથી. આપણે તો ઘરમાંય ડંકો વગાડી શકતા નથી. આવ્યા ત્યારથી આ વરસાદની ફરિયાદો ચાલે છે. જો થતું હોત તો દેશ-કાળ સારા ન થઈ જાત. માટે જે કાંઈ ડંકા-બંકા વાગે છે એ તો મહારાજની ઇચ્છાથી વાગે છે.

લંડનના હરિભક્તોએ એક સંપ, વિચાર અને રુચિથી રાત-દિવસ પરિશ્રમ ઉઠાવ્યો છે. બાકી આપણે તો ત્યાં જઈને તૈયાર માલે ઊભા રહ્યા એટલું જ. અહીં પણ આ તમામ સંતો, બાઈ-ભાઈ-યુવકો જ બધું કરે છે ને! આપણે તો ગાદીએ આવીને બેસી ગયા. મહારાજ અને સ્વામીનું કાર્ય તેઓ જ કરવાના છે. આ કાર્ય સર્વોપરી બનવાનું જ છે."

સ્વામીશ્રીએ પોતાના સ્વાગતમાં દાસભાવનાં દુંદુભિ ગગડાવી દીધાં.

અમને તો એવી મૂંઝવણ થઈ નથી

ગુણાતીત દ્વિશતાબ્દીના દિવસો નજીક આવતા જતા હતા તેમ સ્વયંસેવકોના સંઘ સેવા માટે ઊતરી રહેલા. મુંબઈથી સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા તે દરમ્યાન દરેક સત્સંગ-કેન્દ્રમાં તેઓએ કાર્યકરોની સભાઓ કરી સૌમાં હામ પૂરી હતી. તેના પ્રતાપે હવે પાણીના રેલાની જેમ આવી રહેલા સ્વયંસેવકો માટે મોટા રસોડાનો પ્રારંભ થવાનો હતો. તેનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીએ તા. ૧૮/૯ના રોજ 'નગર'માં પધારી કર્યું. આ નિમિત્તે યોજાયેલા વિધિમાં પ્રગટેલી આરતીથી જ તેઓએ લાકડાંની ભારી જલાવી ચૂલો પેટાવ્યો.

દ્વિશતાબ્દીના ઉત્સવ દ્વારા ફેલાનારા ઉજાસની આ એક ચિનગારી પ્રગટાવી મંદિરે પધારેલા સ્વામીશ્રી અત્રે તા. ૨૧/૯ની રાત્રે વાળુ કરવા બિરાજ્યા. તે વેળાએ અક્ષરજીવનદાસ સ્વામીને સાહિત્ય વિષયમાં મળેલી આચાર્ય પદવીની વાત નીકળતાં કો'કે રમૂજમાં સ્વામીશ્રીને કહ્યું: 'આ પાસ થયા તો મારે પાર્ટી જોઈએ.'

'તમારી એ સકામ ભક્તિ કહેવાય.'

'આ જમાનો જ સકામ ભક્તિનો છે. સકામની વાત કરીએ તો સત્સંગમાં રહેવાય એવું છે. બાકી નિષ્કામ ભક્તિ રાખીએ તો મૂંઝવણ થાય.'

'અમને તો એવી મૂંઝવણ થઈ નથી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

*'એક શ્રીજીને કરવા છે રાજી, અન્ય ફળની ન કાંઈ ઇચ્છા જી...'*ની રીતે જ ભક્તિ કરનારા હતા તેઓ.

આવી જ નિષ્કામ ભક્તિનો કક્કો ઘૂંટાવતાં તેઓએ તા. ૨૨/૯ની સવારે 'નગર'માં ભરાયેલી સ્વયંસેવક સભામાં પણ કહ્યું: 'સેવા એટલે સેવા. એમાં બીજી કોઈ ભાવના જ નહીં. આપણે આપણી ચિંતા નહીં કરીએ તો ભગવાન આપણી ચિંતા કરશે.'

આ સભા બાદ સ્વામીશ્રી આજે 'નગર'ના રસોડે જ જમ્યા. તેઓના આ ભોજન સાથે મહોત્સવની પાકશાળાનો પ્રારંભ થઈ રહ્યો.

નવી લીલા કરે સખા સાથ

તા. ૨૨/૯ની સાંજે રવિવાર હોવાથી મંદિર પરિસર ઊભરાઈ જતાં સ્વામીશ્રી મંદિરની લૉનને બદલે તેઓના નિવાસસ્થાનના હૉલમાં જ ભ્રમણ કરી રહેલા. પરંતુ રોજની નિશ્ચિત સમય-મર્યાદા ઓળંગીને તેઓએ ભ્રમણ લંબાવેલું જણાતાં બ્રહ્મપ્રકાશદાસ સ્વામી સહેજ ઊંચા સાદે બોલ્યા: 'બાપા! ટાઈમ થઈ ગયો છે.' પરંતુ સ્વામીશ્રીએ નકારમાં હાથ હલાવતાં ભ્રમણ ચાલુ રાખ્યું.

તેથી તેઓને રોકવા માટે પેલા સંત સ્વામીશ્રીના ભ્રમણપથ પર વચ્ચોવચ્ચ આવીને બેસી ગયા. સ્વામીશ્રી સામે છેડે જઈ પાછા વળ્યા ત્યારે તેઓએ માર્ગમાં બેઠક જમાવી ચૂકેલા એ સંતને જોઈ લીધા. છતાં તેઓની દિશા અને ગતિમાં કોઈ ફર્ક ન પડ્યો. તેથી બેસી ગયેલા સંતે વિચાર્યું કે 'જો સ્વામીશ્રી ડાબી-જમણી બાજુથી પસાર થવા જાય તો જે તે બાજુ આડા પડી જઈ તેઓના પગ પકડી લેવા અને રોકી રાખવા.'

પરંતુ વિઘ્નો જોઈને કદી માર્ગ ન બદલનારા સ્વામીશ્રીએ આજે પણ સીધી જ દિશામાં ચાલવાનું શરૂ રાખ્યું અને પહોંચી ગયા પેલા સંત પાસે. તેથી 'હવે શું થશે?'નું કુતૂહલ ચારેકોર ફરી વળ્યું.

થોડી વારે સ્વામીશ્રીએ તે સંતને મસ્તકે હાથ મૂક્યો. તેને રાજીપાની નિશાની ગણી એ સંત મલકાયા. ત્યાં તો સ્વામીશ્રીએ બીજો હાથ પણ તેઓના માથે મૂક્યો. તે જોઈને એ સંત 'આપણી કારી ફાવી'ના ગેલમાં આવી સ્વામીશ્રીનાં ચરણોમાં મસ્તક ઝુકાવવા ગયા. તે જ વખતે તેઓના મસ્તક પર એકદમ ભારે દબાણ આવ્યું અને તેઓનું માથું વધારે ઝૂકી ગયું, પણ થોડી

વારમાં તો ભાર ગાયબ! તેઓએ માથું ઊંચું કરી સામે જોયું તો સ્વામીશ્રી પણ અદૃશ્ય! આ સમયે આખો હૉલ તાળીઓના ગડગડાટ અને હાસ્યના ધ્વનિથી ગાજી રહેલો.

તે જોઈ રસ્તો રોકી બેઠેલા પેલા સંતને ખ્યાલ આવ્યો કે 'સ્વામીશ્રી તો તેઓને કૂદીને આગળ નીકળી ગયા છે.' તેથી તેઓએ સ્વામીશ્રી ક્યાં પહોંચ્યા તે જોવા ગરદન ઘુમાવી તો સ્વામીશ્રી એ આંટો પૂરો કરી પરત ફરી રહેલા. તેઓ પુનઃ એ સંત પાસે આવ્યા અને 'હવે સમય પૂરો થયો' એમ કહેતાં ઓરડામાં ચાલ્યા ગયા.

સ્વામીશ્રીનો આ કલ્યાણકારી વિનોદ સૌનાં મનમાં વસી ગયો.

ભૂલ્યે ભૂંડો ભાવ નથી

તા. ૨૪/૯ના રોજ આવેલો જળઝીલણી એકાદશીનો ઉત્સવ ગાંધીનગરમાં આવેલા સરિતા ઉદ્યાનમાં ઊજવાવાનો હતો. તેથી સ્વામીશ્રીની પ્રાતઃપૂજા બાદ આશરે ૧,૫૦૦ ભક્તો અને ૧૦૦ સંતોનો સંઘ વિવિધ વાહનો દ્વારા ઉત્સવ-સ્થળે જવા રવાના થઈ ગયો.

તે વખતે આશરે નવેક વાગ્યાના સુમારે શુકદેવ ભગત અને તિલક ભગત સ્વામીશ્રીના ઓરડામાં સાફસૂફી કરી રહેલા. ત્યાં જ અચાનક સ્વામીશ્રી પધાર્યા અને ખુરશી પર બિરાજ્યા. તેઓને પણ ઉત્સવમાં લાભ આપવા નીકળવાનું જ હોવાથી પત્ર-પરિચારકે કલમ-કાગળ સમેટી લીધેલાં. તેથી કોઈ વિશેષ કામ ન રહેતાં સ્વામીશ્રી તેઓની સાહજિક ધીર-ગંભીર મુદ્રામાં દર્શન દઈ રહેલા.

તે જોઈ તિલક ભગતે પૂછ્યું: 'બાપા! શું વિચાર કરો છો?'

'ભગવાન ભજવાનો અને ભજાવવાનો.'

'બાપા! આપ પૃથ્વી પર જન્મ્યા ત્યારથી આજ સુધી કયો વિચાર વારે વારે આવ્યો છે?'

આ સાંભળી સ્વામીશ્રી એ પ્રશ્ન પૂછનાર પાર્ષદ સામે જોઈ રહ્યા. તેથી ઉપસ્થિત બંને ભગતોના અંતરમાં ઉત્કંઠા વધી. ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'એટલું કહું – કયો વિચાર અમને ક્યારેય નથી આવ્યો?'

'હા.'

'અમને ક્યારેય કોઈનુંય અહિત કરવાનો વિચાર આવ્યો નથી.'

આટલું કહેતાં સ્વામીશ્રી ઉત્સવમાં જવા નીકળી ગયા.

તે વખતે તેઓની આંતર-બાહ્ય પવિત્રતાના પ્રકાશથી ઓરડો જ નહીં, પણ પાતાળ, પૃથ્વી અને પરલોક – ત્રણેય ઝળહળી રહ્યાં.

ન સંભળાય - ન સહેવાય એવી પરિસ્થિતિ

સરિતા ઉદ્યાનમાં પધારી સ્વામીશ્રીએ ઉલ્લાસભેર જળઝીલણી ઊજવતાં વિધિસર ગણેશ પૂજન-વિસર્જન કર્યાં. સાબરમતીનાં નીરમાં ઠાકોરજીને સ્નાન કરાવી તેઓ સ્વયં પણ ન્હાયા.

સરિત્સ્નાન કે સમુદ્રસ્નાન વખતે સ્વામીશ્રીના મુખેથી શુભ સંકલ્પોની સરવાણી ન વહે તે કેમ બને? આજેય તેઓએ 'દ્વિશતાબ્દી ઉત્સવ સર્વોપરી થાય... વરસાદ ખૂબ સારો પડે... હાથિયો નક્ષત્ર ચારે બાજુથી વરસાદ ખેંચી લાવે... હિમાલયમાંથી પણ વરસાદ આવશે... ધૂન કરો...' એમ કહેતાં ધૂનનો ધોધ વહાવી દીધો.

ત્યારબાદ ઉત્સવ-સભાનું સમાપન કરી તેઓ 'અક્ષરધામ'ની મુલાકાતે પહોંચ્યા. અત્રે જરૂરી માર્ગદર્શન પૂરું પાડી અમદાવાદ પરત ફરેલા સ્વામીશ્રી અહીં પણ તા. ૨૫/૯ના રોજ 'નગર'નું નિરીક્ષણ કરવા પધારતાં સેવારત સ્વયંસેવકોમાં પ્રેરણાનો પવન ફૂંકાઈ ગયો.

આ અરસામાં વરસાદની ખેંચને કારણે સમગ્ર ગુજરાત પાણીની સખત તંગી અનુભવી રહ્યું હોવાથી કઈ બાજુનો કાર્યક્રમ ગોઠવવો તેની અવઢવમાં સ્વામીશ્રી હતા, કારણ કે તેઓ જ્યાં જાય ત્યાં ભક્તોનો ધસારો થાય. તેમાં સ્થાનિક તંત્ર પાણીની બાબતે પહોંચી વળે કે કેમ? તે જોવું પડે.

છેવટે સ્વામીશ્રીએ ગોંડલ જવાનું નક્કી કરતાં તે સમાચાર આપવા ચક્ર ગતિમાન થયાં ત્યાં તો સ્વામીશ્રી બોલ્યા: 'એમાં શું જણાવવાનું? એ તો ઘર છે. જઈશું તો કાંઈ ઓછા કાઢી મૂકવાના છે?' એમ કહી તેઓએ ટેલિફોન કરવાની 'ના' પાડી દીધી.

પરંતુ સૂર્ય કદીયે ચુપચાપ ઊગી શકે? તેની આભા જ તેના આગમનની આલબેલ પોકારી દે. તેમ સ્વામીશ્રી તા. ૨૬/૯ની રાત્રે પોણા નવ વાગ્યે ગોંડલ પહોંચ્યા ત્યારે અહીં ખાસ્સો ભક્ત-સમુદાય એકત્રિત થઈ ગયેલો.

સૌએ તેઓને ઉમળકાભેર વધાવ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા:

''મહારાજની ઇચ્છાથી આવવાનું થયું છે. ગઈકાલે રાત્રે વિચાર કરતા

હતા કે 'ક્યાં જવું?' પછી થયું કે 'ગોંડલ જવાનું રાખીએ.' અક્ષર દેરીનાં દર્શન થાય અને પ્રાર્થના થાય. અમારો એક સંકલ્પ તો ત્યાં (લંડનમાં) સિદ્ધ થયો. QPRમાં વરસાદ ન પડ્યો. અહીં વરસાદ સારા થાય એ પ્રાર્થના છે. ન સંભળાય ને ન સહેવાય એવી પરિસ્થિતિ અત્યારે છે. ઉત્સવ ઊજવવો છે. 'કેમ થાય?... શું થાય?' એ બધું તો એ (ભગવાન) જાણે. આપણે તો એમના વિષે આસ્થા વધે એ કરવાનું છે.''

સ્વામીશ્રીના શબ્દોમાંથી સામાજિક વિપત્તિની વેદના સાથે ભગવાન પરનો દૃઢ વિશ્વાસ ઝળકી ઊઠ્યો.

આટલું કહ્યા બાદ સામે બેઠેલા ગુરુકુળના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને સારો અભ્યાસ કરવાની પ્રેરણા આપી તેઓ બોલ્યા: 'આપ સૌએ આજે અમારી સભા શોભાડી તેથી આપ બધાનો આભાર.' આમ કહી સૌને આનંદ કરાવતાં સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

જાણ્યું પામ્યા છે શાસ્ત્રનો સાર

ગુણાતીત દ્વિશતાબ્દી નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા 'અક્ષરબ્રહ્મ' વિષયક ૩૫ mmની એક દસ્તાવેજી ફિલ્મ તૈયાર કરવાની યોજના હાથ ધરાયેલી. આ ફિલ્મના અંતે સ્વામીશ્રીનો સંદેશો પણ બતાવવાનો હોવાથી તેનું ફિલ્માંકન કરવા સંબંધિત સંતો-કાર્યકરો તા. ૨૭/૯ના રોજ ગોંડલ આવ્યા.

તેઓ સ્વામીશ્રીને બોલવાનો જે મુસદ્દો તૈયાર કરીને લાવેલા તે સંદર્ભમાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'લખાણ બધું બરાબર છે ને? કંઈ ભૂલ નથી ને?'

'ના, બધું બરાબર છે.' સંતોએ ખાતરીપૂર્વક જણાવ્યું, કારણ કે આ લખાણ વડીલ અને વિદ્વાન સંતોએ ચકાસી લીધેલું.

છતાં સ્વામીશ્રી કહે: 'લાવો, જોઈ તો લઈએ.'

તેથી તેઓને એ લખાણ આપવામાં આવ્યું, જેમાં લખેલું:

'धर्म, ज्ञान, वैराग्य और भक्तियुक्त संत अक्षरब्रह्म गुणातीतानंद स्वामी ने हमें सिखाया है कि हम सब दुर्गुणों से तथा विषय, व्यसन और वहम से मुक्त होकर याने ब्रह्मरूप होकर भक्ति करें और संप, सुहृद्‌भाव तथा एकता से रहें उसी में कल्याण है।

उनका दिव्य संदेश फैलाने के लिये उन्हीं के नाम से एक भव्य स्मारक 'अक्षरधाम' का निर्माण गांधीनगर में किया गया है, जहाँ सारे

विश्व को भारतीय संस्कृति की प्रेरणा मिलेगी।'

ઉપરોક્ત લખાણ વાંચી સ્વામીશ્રી બોલ્યા: 'આ બરાબર નથી.' આમ કહી તેઓએ બીજા ફકરાના પહેલા શબ્દ 'उनका' પર છેકો મારી 'भगवान स्वामिनारायण का' એમ સુધારો કર્યો અને એ જ ફકરામાં આવતા સાતમા શબ્દ 'उन्हीं के' પર છેકો મારી 'अक्षरधामावतार गुणातीतानंद स्वामी के' એમ સુધારો કર્યો.

તેની સ્પષ્ટતા કરતાં પણ સ્વામીશ્રીએ કહ્યું: ''સંદેશ કંઈ ગુણાતીતાનંદ સ્વામીનો પોતાનો નહોતો. જે હતું તે શ્રીજીમહારાજનું હતું, એટલે 'શ્રીજી-મહારાજનો દિવ્ય સંદેશ ફેલાવવા માટે' એમ લખાય. અને 'उन्हीं के' શબ્દનો પાછો એવો અર્થ ઘટાવે કે મહારાજના નામ પરથી 'अक्षरधाम' નામ પડ્યું. પણ 'अक्षरधामावतार गुणातीतानंद स्वामी' એમ લખીએ તે બરાબર છે.''

સ્વામીશ્રીએ કરેલી આ સ્પષ્ટતા સૌનાં હૈયાંએ કબૂલી. દિન-રાત વ્યાવહારિક પ્રવૃત્તિઓમાં રમમાણ જણાતા સ્વામીશ્રીની તત્ત્વજ્ઞાનના વિષયમાં પણ ચોક્કસ અને ચોખ્ખી બુદ્ધિ હતી.

અક્ષરધામની ડિગ્રીનો અભ્યાસક્રમ

તા. ૨૮/૯ની ભાદરવી પૂનમે ગુણાતીત જન્મોત્સવની પ્રતીક ઉજવણી કરીને સ્વામીશ્રી તા. ૨૯/૯ની સવારે રાબેતા મુજબની સભામાં પધાર્યા ત્યારે બાલમુકુંદદાસ સ્વામી ગઢડા અંત્ય પ્રકરણના સાતમા વચનામૃત પર નિરૂપણની શરૂઆત કરવા જ જઈ રહેલા. પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : 'લાવો, હું સમજાવું...' એમ બોલતાં તેઓ એ 'વચનામૃત'ની રસલહાણ કરાવવા લાગ્યા:

''આટલું જ સમજવાનું કે એક વખત ભગવાનના આશ્રિત થયા એટલે આપણને દુ:ખ આપનારોય કોઈ નથી ને સુખ આપનારોય કોઈ નથી. આ તો 'બાઈ બાઈ ચારણી...'ની જેમ બધે માંગતા ફરે. પછી 'ઝાઝા ઘરનો પરોણો ભૂખે મરે' એવું થાય. માટે આ જે મળ્યા છે એથી બીજે ક્યાંય ફાંફાં ન મારવાં. આ લોકમાં કદાચ દુ:ખ આપે, પણ અંતે અક્ષરધામ આપવું છે. એમનો અભાવ ન આવવા દેવો, કારણ કે એ તો આપણી બેસવાની ડાળ છે. સુખ-શાંતિની ડાળ છે. એ ન ભાંગે એ જોવું. પછી મનમાં બીક ન રાખવી કે 'હું ભૂત થઈશ કે શું થઈશ?' ભૂત હોય તેય આપણાથી ભાગે, તો પછી આપણે ક્યાંથી થવાના?''

આ અમૃતધારા રેલાવી દ્વિશતાબ્દીની સેવામાં જઈ રહેલા સ્વયં-

સેવકોની સભામાં પહોંચેલા સ્વામીશ્રીએ અહીં પણ જણાવ્યું: 'આ બધી સેવા ગુણાતીતાનંદ સ્વામીની છે. એમાં નાની કે મોટી સેવા હોય તોય ડિગ્રી તો એક જ મળવાની છે. ડિગ્રી કઈ? અક્ષરધામની. આ લક્ષ્ય રાખીને સેવા કરશું એ નિષ્કામ ભક્તિ છે.'

અક્ષરધામની 'ડિગ્રી'(પદવી)નો અભ્યાસક્રમ સ્વામીશ્રીએ બતાવી દીધો.

વ્યાપનો વિવેક

તા. ૨૯/૯ની સાંજે સ્વામીશ્રી રવિસભામાં કથા કરી રહેલા તે વખતે જ વરસાદ ચાલુ થયો. સૌને તે દ્વારા સ્વામીશ્રીની કરુણા જ વરસી રહેલી જણાઈ, કારણ કે તેઓ ગોંડલ પધાર્યા ત્યારથી જ વરસાદ વરસે તે માટે રોજ સાંજે એક કલાક સુધી ધૂન કરતા હતા. વળી, અક્ષર દેરીમાં પ્રદક્ષિણા પણ ખરી. ક્યારેક તો તેનો આંકડો બસો સુધી પહોંચી જતો!

આજે પણ તેઓ સાંજના છ વાગતાં જ દેરીમાં પ્રાર્થના-પ્રદક્ષિણા માટે જવા સભામંડપમાંથી ઊભા થયા. તે વખતે એક સંતે વરસાદને કારણે તેઓ પર છત્રી ધરી. તે જોઈ સ્વામીશ્રી હસતાં-હસતાં બોલ્યા: 'પલળવા સારુ તો આ ધંધા (પ્રાર્થના-પ્રદક્ષિણા) કરીએ છીએ. એના માટે તો દેરીમાં જઈએ છીએ, ને તમે ક્યાં છત્રી વચ્ચે લાવો છો?' આમ કહી તેઓએ છત્રી કઢાવી નાંખી અને પલળતાં-પલળતાં જ દેરીમાં પધાર્યા.

આ દેરીના પ્રાંગણમાં તા. ૨/૧૦ના રોજ સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો સમૈયો ઊજવ્યો. આ પર્વ નિમિત્તે અમદાવાદના 'નગર'માં કાર્યરત સ્વયંસેવકોને પણ દૂધપાક જમાડવામાં આવેલો. પરંતુ તે વખતે ટ્રકોની હડતાલને લીધે દૂધ લાવવામાં નડેલી તકલીફની વાત સંતોએ સ્વામીશ્રી સમક્ષ કરી. તે સાંભળી તેઓ બોલ્યા: 'આ બધું ડીંડવાણું તો હાલ્યા જ કરવાનું. કોઈને સરખાઈએ કામ કરવું નથી અને કાયદા પણ એવા થાય છે એટલે સહેજ સહેજમાં હડતાલ પડે છે. 'જેટલો વ્યાપ એટલો સંતાપ' એ લખી રાખવું.'

આ વાતમાં ટાપશી પૂરતાં એક સેવક બોલ્યા: 'આપણેય હવે તો વ્યાપ થાય જ છે ને!'

પરંતુ તેઓએ ગોળ-ખોળ એક કરી નાંખ્યું તે સ્વામીશ્રીને ખૂંચ્યું. તેથી વ્યાપનો વિવેક સમજાવતાં તેઓએ કહ્યું: 'તમેય ભલા માણસ! આ કાંઈ વ્યાપ

કહેવાય? આપણે તો ભગવાનનું ભજન કરીએ છીએ ને કરાવીએ છીએ. એમાં વ્યાપ શું આવ્યો? એનાથી તો ઊલટી શાંતિ થાય. આ તો સંસારમાં ધંધા વધારતા જાય એ વ્યાપની વાત છે.'

શ્રીજીમહારાજ કહે છે કે '...એ વાર્તા છે તે સુધી અટપટી છે. તે જો પૂરી સમજાણી ન હોય તો ભગવાનના ભક્ત હોય તેનો પણ સર્વ અજ્ઞાની જીવના સરખો દેહનો વ્યવહાર જોઈને તે ભગવાનના ભક્તનો અવગુણ લે. તેણે કરીને અવગુણનો લેનારો નારકી થાય છે અને ભગવાનના ભક્તની ને વિમુખ જીવની ક્રિયામાં તો ઘણો ફેર છે...'[૩૪]

આ ભેદરેખા સ્વામીશ્રીએ આજે સ્પષ્ટ કરી આપી.

અતિ ભાવ ભક્તિના ભરિયા

આ અરસામાં ગોંડલના ઠાકોરજીને ધરાવાતા મયૂરાકાર મુગટમાં હીરા જડવામાં આવેલા. આ કામગીરી કરનારા કારીગર એ મુગટ બતાવવા સ્વામીશ્રી પાસે પહોંચ્યા ત્યારે સ્વામીશ્રીએ પ્રસન્નતા તો બતાવી, પણ પૂછ્યુંયે ખરું કે 'આ મુગટનું વજન કેટલું હશે?'

'ત્રણેક કિલો.'

'ત્રણ કિલો વજન માથા પર શી રીતે પહેરી રખાય?' ઠાકોરજીની તકલીફ પોતે અનુભવી રહ્યા હોય તેવી સંવેદના સાથે સ્વામીશ્રી બોલ્યા.

તે સાંભળી પેલા કારીગરે કહ્યું: 'બાપા! ભગવાન તો આખા બ્રહ્માંડનો ભાર ઉપાડે છે ને!'

પરંતુ જ્ઞાનનો આ અપચો સ્વામીશ્રીને ન ગમ્યો. તેઓએ જણાવ્યું: 'એ વાત તો સાચી પણ તમે ત્રણ કિલો ભાર માથા ઉપર કલાક સુધી રાખી જુઓ ને!'

ભક્ત અને ભગવાનની સેવા-સરભરામાં જે જ્ઞાન આડું આવે તે સ્વામીશ્રીને માન્ય નહીં. ભક્તિની બાબતમાં તેઓ હૃદય વાપરતા, મગજ નહીં.

રાખે શ્રીજીચરણ અતિ સ્નેહ

ગોંડલથી વિદાય લઈ સ્વામીશ્રી રાજકોટ અને ડાંગરાને પાવન કરતાં તા. ૫/૧૦ની રાત્રે ભાદરા પહોંચ્યા.

---

૩૪. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૧.

અહીં તેઓ મંદિરમાં દર્શન કરી રહેલા ત્યારે શ્રીજીપ્રિયદાસ સ્વામી ઠાકોરજીને ધરાવેલો પવિત્રાંનો હાર પહેરાવવા આવ્યા, પરંતુ તે ન સ્વીકારતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ હાર તો ઠાકોરજીને ધરાવવા કામ લાગશે, માટે (મને) પહેરાવવો નહીં.'

આવા પ્રભુપ્રેમી તેઓ તા. ૬/૧૦ની સાંજે ઓરડામાં બિરાજેલા તે વખતે લંડનના ઠાકોરભાઈ પટેલ દર્શને આવ્યા. તેઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'આપણે ગઈ વખતે અહીં જ મળ્યા હતા, યાદ છે ?!'

સ્વામીશ્રીનો આ સ્નેહ અને સ્મૃતિ જોઈ તે ભક્ત તો ગદ્ગદ જ થઈ ગયા.

સ્વામીશ્રીનું શસ્ત્ર

તા. ૭/૧૦ની સવારે સ્વામીશ્રી ધોતિયું ધારણ કરી રહેલા ત્યારે કો'કે સમાચાર આપ્યા કે 'ભાવનગરમાં બાર ઈંચ વરસાદ થયો છે. સમગ્ર જિલ્લામાં રાતોરાત પાણીનો પ્રશ્ન હલ થઈ ગયો.'

આ ખુશખબર સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'મહારાજે બહુ જ દયા કરી. જો સાબરમતી બેય કાંઠે આવી જાય તો રંગ રહી જાય.'

...અને તા. ૮/૧૦ની સવારે સ્વામીશ્રી સ્નાન કરી રહેલા ત્યારે સમાચાર આવી ગયા કે 'અમદાવાદ વગેરે જિલ્લાઓમાં ભારે વરસાદ થયો છે. તેથી સાબરમતી નદી બેય કાંઠે વહી રહી છે !'

આ બનાવ સ્વામીશ્રીની શ્રદ્ધા-ભક્તિના સબૂત સમાન જ હતો. જે સમયે અખબારો પહેલાં પાને દુષ્કાળનાં મથાળાં ચમકાવી રહેલાં, જે સમયે વેધશાળાઓએ વર્ષામાપક યંત્રોને અભરાઈએ ચઢાવી દીધેલાં, જે સમયે ઈન્સેટ ઉપગ્રહો દ્વારા લેવાતી તસવીરો ગુજરાતના આકાશમાંથી વરસાદની શક્યતાઓને શૂન્ય બતાવી રહેલી, જે સમયે સમાજના શ્રેષ્ઠીઓ દકાળિયા દા'ડામાં દ્વિશતાબ્દીનો માંડવો સંકેલવાની સુફિયાણી સલાહો આપવા સ્વામીશ્રી પાસે આવી રહેલા, તે સમયે પણ સ્વામીશ્રી જ્યાં જાય ત્યાં ઠાકોરજીને વરસાદ વરસે તેવી પ્રાર્થના કરતા રહેલા.

આ અરસામાં ગુજરાતના એક અગ્રિમ દૈનિકના તંત્રીમંડળમાં સ્થાન ધરાવતા પત્રકાર શ્રી દેવેન્દ્રભાઈએ તો સ્વામીશ્રીને પૂછેલું પણ ખરું કે 'અત્યારે આવી દુકાળની પરિસ્થિતિમાં આપ આ મહોત્સવનું આયોજન કરો છો, તો બહાર સમાજમાં કેવું લાગશે ?'

'મને શ્રદ્ધા છે. અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ, જરૂર વરસાદ પડશે.' માળા ફેરવતાં-ફેરવતાં સ્વામીશ્રીએ કહેલું.

તેઓના આ વિશ્વાસના તાંતણે ખેંચાઈને જ વર્ષા આવી પહોંચેલી. તેની પ્રચંડ ધારામાં સઘળી શંકાઓ ધોવાઈ ગઈ. ચારેબાજુ આનંદનાં પૂર ઊમટી પડ્યાં. પ્રત્યેક હૈયાભૂમિ પર હરખની હરિયાળી લહેરાઈ ઊઠી.

તેથી સંતોએ સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! આ આપની પ્રાર્થનાનો જ પ્રતાપ છે, પણ જો અત્યારે કહેવા જઈએ તો કોઈ માને નહીં.'

'આપણે ક્યાં કોઈને મનાવવું છે? લોકોનું દુઃખ જોવાતું નહોતું એટલે આપણે તો મહારાજને પ્રાર્થના કરતા હતા.'

'આપ બધું જ જાણતા હતા, એટલે જ આપના પેટનું પાણી હલતું ન હતું. આવું હોય ત્યારે તમારે અગાઉથી છાપાંમાં નિવેદન આપી દેવું, જેથી લોકોને યથાર્થ મહિમા તો સમજાય.'

'આ બધું તો મહારાજે કર્યું છે.' આમ કહી યશધારાઓ શ્રીજીના શિરે ઢોળી દેતાં સ્વામીશ્રીએ કહ્યું:

'આપણું તો શસ્ત્ર શું? ભગવાનને પ્રાર્થના કરીએ. આપણાથી તો ક્યાં કાંઈ થાય છે? ભગવાનની ઇચ્છાથી બધું થાય છે.'

પ્રભાવનાં પ્રચંડ પૂરમાં પણ ન ડૂબે એટલું ઊંચું હતું સ્વામીશ્રીના સેવકભાવનું શિખર!

પૂજા તણું પાત્ર છો

ભાદરાથી નીકળેલા સ્વામીશ્રી તા. ૮/૧૦ની રાત્રે ગઢપુર પધાર્યા ત્યારે અહીં ઘેલા નદી બંધના પાળા વળોટીને કુંડમાં ઠલવાઈ રહેલી. તેનો રમ્ય ઘોષ સ્વામીશ્રીની ધવલકીર્તિને પડઘાવી રહેલો. તેની સાથે એકત્રિત થયેલા સેંકડો ભક્તો પણ 'બાપા! આપે બહુ દયા કરી'ના ઉદ્ગારો સાથે સ્વામીશ્રીને આવકારી રહ્યા. વરસાદ વરસ્યાની ખુશાલી સૌના મુખ પર છવાયેલી હતી.

તેની વચ્ચે સ્વામીશ્રી તા. ૯/૧૦ના રોજ શ્રીજીમહારાજનાં પ્રાસાદિક સ્થળોએ દર્શન કરવા પહોંચ્યા. તે વખતે મંદિરના પૂજારીએ તેઓને ઠાકોરજીનાં પ્રસાદીભૂત પુષ્પો, તુલસીપત્રો વગેરે ભેટ ધર્યાં. તેમાંથી તુલસીપત્રોને રોજ પોતાના ઉકાળામાં નાંખવાની સૂચના સ્વામીશ્રીએ સેવકોને આપી. શ્રીજી-મહારાજની પ્રસાદીનો તેઓને ખૂબ મહિમા. તેઓ તેને કદી વેડફાવા ન દે.

આ રીતે સઘળે ઠેકાણે દર્શન બાદ સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે અહીં સાંજે નગર પંચાયત દ્વારા તેઓનો સન્માન સમારોહ ગોઠવાયેલો. તેમાં અગ્રણી કાર્યવાહકોએ સ્વામીશ્રીને બિરદાવ્યા બાદ છેવટે નગરપતિ દેવકુભાએ જણાવ્યું કે "રામાયણની શરૂઆતમાં તુલસીદાસે દરેક પાત્રોની પ્રશંસા કરી છે. કો'કે તેઓને પૂછ્યું કે 'તમે બધાની પ્રશંસા કરી પણ સમર્પિત સન્નારી ઊર્મિલાની પ્રશંસા કેમ ન કરી?' ત્યારે તુલસીદાસે કહેલું, 'જગતમાં અમુક જ પાત્રો એવાં હોય છે કે જે પ્રશંસાનાં નહીં પણ પૂજાનાં પાત્રો હોય છે.' એમ આ પ્રમુખસ્વામી પૂજાનું પાત્ર છે."

આવા સ્વામીશ્રી તા. ૧૦/૧૦ના રોજ ઘેલામાં સ્નાન કરીને સારંગપુર પધાર્યા.

અહીં તેઓ તા. ૧૧/૧૦ની સવારે મંદિરના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કરતાં-કરતાં ગૌશાળામાં પહોંચ્યા ત્યારે ત્યાં પશુઓને પણ પ્રેમથી પંપાળ્યાં. તેમાં એક ઘોડી સંબંધી સૂચના આપતાં સ્વામીશ્રીએ ગોપાલક તપોધન ભગતને કહ્યું: 'આ ઘોડી લંગડી થઈ ગઈ છે તો તેને આપણે વેચવી નહીં. ભલે બિચારી સુખેથી ખાઈને અહીં જીવન વિતાવે. અમથા ઢોરને હેરાન કરવાં નહીં.'

મૂંગાં પશુઓ માટે પણ સ્વામીશ્રીને ભારોભાર લાગણી. તેથી જ કદાચ પંખી-પ્રાણીઓનેય તેઓનું સાંનિધ્ય ગમતું.

અહીં સારંગપુરમાં સ્વામીશ્રી સાંજે સ્મૃતિમંદિરની પ્રદક્ષિણા કરવા પધારે ત્યારે અચૂક આવતો એક મોર તેનો સાક્ષી. આજે પણ સ્વામીશ્રીનું પદાર્પણ થતાં જ તે આવી ગયો. તેને જોઈ હાથમાં ઘઉંના દાણા સાથે સ્વામીશ્રી તેની પાસે ગયા. તેઓને આવતાં જોઈ મોર પણ શાંતિથી ઊભો રહ્યો. સ્વામીશ્રીએ હાથ લાંબો કરતાં પટ્... પટ્... દાણા ચણવા લાગેલો તે મોર પણ મુક્તની પંગતમાં આવી ગયો.

દાતણની દરકાર

સ્મૃતિમંદિરેથી ઉતારે પરત ફરેલા સ્વામીશ્રી લઘુશંકા કરવા પોતાના બાથરૂમમાં ગયા ત્યારે ત્યાં શૌચાલયમાં સેવકો એક નાનો પંખો લગાવી રહેલા. તે જોતાં જ સ્વામીશ્રી સીધા ત્યાં પહોંચ્યા અને ઊંચા સ્વરે આદેશ આપવા લાગ્યા કે 'હું અહીં ઊભો છું. તમે અત્યારે ને અત્યારે આ પંખો ઉશેડી

મૂકો. પાંચ મિનિટ બેસવું એમાં આ વળી પંખાની શી જરૂર?' આમ કહી તેઓએ પંખો કઢાવ્યે પાર કર્યો.

પશુ-પંખીની ઝીણામાં ઝીણી ચિંતા કરી જાણનારા સ્વામીશ્રીને પોતાના પંડની લેશ પડી નહોતી.

ઉત્તમ વૈરાગ્યની આ શૈલી સાથે તેઓ આજની રાત્રે જમવા બિરાજ્યા, પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી તેઓને શરદીનો પ્રકોપ પીડી રહ્યો હોવાથી અત્યારે વિશેષતઃ રાબ જ અંગીકાર કરી.

આ ભોજન પૂરું થયે એક પાર્ષદ નડિયાદના ગુણભાવી સજ્જનને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા અને ઓળખાણ કરાવતાં કહ્યું: 'આ ભાઈ દર પૂનમે અહીં દર્શને આવે છે. દર અઠવાડિયે બે વાર ૩૦૦-૩૦૦ લીલાં દાતણ ત્યાંથી મોકલે છે. શાકભાજી પણ લાવે છે.'

આ વિગત સાંભળી સ્વામીશ્રીએ પરિચય આપનારા પાર્ષદને પૂછ્યું: 'અઠવાડિયે ૬૦૦ દાતણ આવે છે તેમાંથી બધાં વપરાય છે ખરાં?'

'અત્યારે સંતો બહુ નથી એટલે બધાં ન પણ વપરાય.'

'તો પછી જેટલાં જરૂર હોય એટલાં મંગાવતાં હો તો! જે પડ્યાં રહે એ લાકડાંને અમથા સંઘરવાં અને આમને ખર્ચો થાય એ જુદું. એટલા પૈસા બગડે નહીં? માટે જરૂર હોય એટલાં જ મંગાવવાં.'

જે સ્વામીશ્રી માત્ર દસ જ દિવસ બાદ બે મહિનાનો વિરાટ મહોત્સવ શરૂ કરી રહેલા, તેઓએ આજે દાતણની દરકાર લીધી!

જે સ્વામીશ્રી સમૈયામાં આવનારા લાખો ભાવિકોના ભોજન માટે ટનબંધ લાકડાં વાપરવાનું આયોજન કરી રહેલા, એ જ સ્વામીશ્રીએ આજે નાનાં સાંઠીકડાં ન વેડફાય તેની પણ ગણતરી રાખી!

સ્રોત-સામગ્રી(resource)ના મૅનેજમેન્ટમાં તેઓની ચીવટને કોઈ હરાવી-હંફાવી શકે એમ નથી.

સદ્ધર્મથી જીત સદૈવ થાય

તા. ૧૩/૧૦ના રોજ સ્વામીશ્રીનાં દર્શને આવેલા બોટાદ મહાજનના અગ્રણીઓએ મહાજન વતી સન્માન સમારંભ યોજવાનો મનોરથ પ્રગટ કર્યો; પરંતુ સ્વામીશ્રીએ દ્વિશતાબ્દી મહોત્સવની વ્યસ્તતાને આગળ ધરી તેને ઠેલવાનો પ્રયત્ન કરતાં કહ્યું: 'આ બધો સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ છે.'

'પ્રતાપ ભલે ભગવાનનો હોય, પણ એના ફેલાવનારામાં પણ કાંઈ દૈવી અંશ જોઈએ ને!' મહાજન બોલ્યું.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'જો વર્તન સારું રાખીએ તો દુનિયામાત્ર ભગવાનમાં માનશે. કંચન અને કામિનીનો ત્યાગ હશે તો સામેથી દુનિયાને ભાવના થશે. બીજું, સાધુતા. સામો જવાબ ન આપતાં બધું સહન કરવું. આ લઈને દુનિયાના ખૂણે જાઓ તોય બધા નમે.'

ધર્મપ્રચાર માટે વર્તનના જોર પર મદાર રાખેલો સ્વામીશ્રીએ. તેઓનું નેતૃત્વ સિદ્ધાંતકેન્દ્રી હતું.

હું તારા જેવો નથી

તા. ૧૪/૧૦ની સવારે યોજાયેલી સભામાં સત્સંગલક્ષી સોનેરી શીખ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'શબ્દોનું મોસાળ-પિયર ઓળખવું. ખબર પડવી જ જોઈએ કે આ શબ્દ અહીંથી ને આવી રીતે આવ્યો છે. નહીં તો મોળા શબ્દો પડતા જાય અને ધીરે ધીરે શબ્દો અસર કર્યા વગર રહે નહીં એટલે પછી સત્સંગ મૂકી દે. શબ્દજાળ જ એવી છે. એટલે જ મહારાજે નાસ્તિકના શબ્દો સાંભળવાની ના પાડી ને! સમર્થ હોવા છતાં છાંટા ઊડે. માટે એ જાણપણું રાખે તો વાંધો ન આવે.'

શબ્દવેધી બનવાનો આ સંદેશ આપી સ્વામીશ્રી કથા, ભોજન, મુલાકાત વગેરે નિત્યક્રમથી પરવારી બપોરે આરામ માટે પલંગ પર આડે પડખે થયા. તે સમયે તેઓને થયેલી શરદીના સંદર્ભમાં સામે ઊભેલા યુવક હિતેષ ચગે પૂછ્યું: 'સ્વામી! તમે કેમ આમ વારે ઘડીએ માંદા પડો છો?'

'હવે કાંઈ અમારે તારી જેમ ચઢતું લોહી ઓછું છે! હવે શરીરમાં પ્રતિકાર શક્તિ ઓછી થતી જાય એટલે તરત શરદી થઈ જાય કે બીજું-ત્રીજું થઈ જાય.'

'પણ તમે અમારા જેવા ક્યાં છો?'

'તારી વાત બરાબર છે. હું તારા જેવો નથી. છતાં માણસનો દેહ છે એટલે ખાવું, પીવું, ઊંઘવું, બધું માણસ જેવું જ હોય. એટલે આવું થાય...!'

આટલું કહી સ્વામીશ્રી પોઢી જતાં ઓરડાની બત્તી બંધ થઈ, પણ સૌનાં અંતરમાં અજવાળું પ્રસરી ગયું. તેના ઉજાસમાં *'આ છે સ્વામી અક્ષરધામવાસી, મનુષ્યનું રૂપ રહ્યા પ્રકાશી...'* તરીકે સ્વામીશ્રીનું સ્વરૂપ ઝળકી ઊઠ્યું.

સન્માનના સમયે સામાન્યની સેવા

તા. ૧૪/૧૦ની સાંજે સ્વામીશ્રી સારંગપુરથી ભાવનગર પધાર્યા ત્યારે અત્રે સ્વાગત-સભામાં તેઓને આદમકદનો હાર પહેરાવવામાં આવ્યો. તેનાં દર્શનનું સૌને સુખ આવે તે માટે ઊભા થવાની વિનંતી કરવામાં આવતાં સ્વામીશ્રી તરત ઊભા થઈ ગયા.

સરળતાની સડકે ચાલવામાં તો તેઓ સદા તૈયાર !

એ જ રસ્તે સરકતા સ્વામીશ્રી સભા બાદ મંદિરમાં ગાળેલા નવા કૂવા પાસે આવ્યા અને તેનું નામ 'અક્ષર કૂવો' રાખી 'પાણી કોઈ દિવસ ન ખૂટે' એવો સંકલ્પ કર્યો.

ત્યારબાદ બીજા દિવસની સવારે નિત્યક્રમથી પરવારી પધરામણીએ નીકળેલા સ્વામીશ્રી બપોરે સાડા બાર વાગ્યે મંદિરે પાછા આવ્યા, પરંતુ અહીં ગાડીમાંથી ઊતર્યા બાદ તેઓ દરવાજે થોડી ક્ષણ વિચાર કરતા હોય તેમ ઊભા રહી ગયા. તે જોઈ અંતેવાસીએ પૂછ્યું: 'કેમ ઊભા ? કંઈ કામ છે ?'

'આ તો જરા ડ્રાઈવરને અહીં જમાડવાનું કહેવાનું છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આજનાં સ્થાનિક અખબારોએ આખાં પાનાં ભરીભરીને સાંજે થનારા સ્વામીશ્રીના સન્માન સમારંભની વિગતો છાપી હોવાથી સમગ્ર શહેરમાં સ્વામીશ્રીની હવા પ્રસરી ગયેલી, પરંતુ નગરના માનવંતા મહેમાન બનેલા તેઓ ડ્રાઈવરની સંભાળ માટે અટક્યા તે જોઈ સૌ દંગ રહી ગયા. સન્માનના સમયે પણ સ્વામીશ્રી સામાન્યને ભૂલતા નહીં. આ જ વિશેષતાએ તેઓને અસામાન્ય બનાવી મૂક્યા છે.

આવા અસાધારણ સ્વામીશ્રીનો દબદબાભર્યો સન્માન સમારંભ ટાઉન હૉલમાં સાંજે છ વાગ્યે શરૂ થયો. તેમાં નગરના શ્રેષ્ઠીઓ દ્વારા બિરદાવલીઓની બેસુમાર વર્ષા સ્વામીશ્રી પર વરસવા માંડી. તેની ચરમસીમારૂપે મેયર શ્રી રમણિકભાઈ પંડ્યા 'કી ટુ ધ સિટી' અર્પણ કરવા આવ્યા. સમગ્ર સૌરાષ્ટ્રમાં કોઈ સંતનું આવું સન્માન સૌપ્રથમ વાર થઈ રહેલું.

પરંતુ તે વખતે સ્વામીશ્રી તરત ઊભા થઈ ગયા અને તે બહુમાનના પ્રતીકરૂપ ચાવી ઠાકોરજીને ધરવા કહ્યું. સૌને તેમાં તેઓની ભક્તિ જણાઈ, પણ તે ભક્તિ ધર્મયુક્ત છે તેની જાણ થોડી ક્ષણો પછી થઈ.

સામાન્ય રીતે તો સ્વામીશ્રી પ્રાસાદિક ચાવી સ્વહસ્તે ગ્રહણ કરતા, પણ અહીં અર્પણ થઈ રહેલી ચાવી ચાંદીની બનેલી. તેથી સ્વામીશ્રીએ તે ન સ્વીકારતાં ઠાકોરજી આગળ જ મુકાવી દીધી!

'ધર્મે લેવું ને દેવું વળી...' તે આનું નામ. આવા સંતને વધાવવામાં તો શત-સહસ્ર સન્માનનો ગજ પણ ટૂંકો પડે.

મુખ પરથી પરખ

ભાવનગરથી વિદ્યાનગર પધારેલા સ્વામીશ્રી તા. ૧૭/૧૦ના રોજ એન.ડી.ડી.બી.(નેશનલ ડેરી ડેવલપમેન્ટ બૉર્ડ)ના ચૅરમેન શ્રી વી. કુરિયનના આમંત્રણથી તેઓના સંકુલમાં પહોંચ્યા. અહીં આ યજમાન પોતે જ સ્વામીશ્રીને સમગ્ર પરિસરમાં ફેરવી સઘળી કાર્યવાહી બતાવવા લાગ્યા.

તે વખતે સાથે ચાલતા વિવેકસાગરદાસ સ્વામીએ શ્રી કુરિયનને સ્વામીશ્રીના જીવનથી માહિતગાર કરવા વાત માંડી; પરંતુ તે સાંભળી આ મહાનુભાવે કહ્યું: 'પ્રમુખસ્વામીના મુખ સામે જોતાં જ જણાઈ આવે છે કે એમનામાં માન-અપમાન કે મારું-તારું એવા કોઈ ભાવો જ નથી. દરેક એમને માટે સમાન છે.'

સૂર્ય-ચંદ્રનો પરિચય આપવાનો ન હોય. તે ઊગતાંવેંત પરખાઈ આવે. તેમ સ્વામીશ્રીનાં ચાલ-ચહેરો જોઈને જ સૌને *'સાધુ સ્વભાવવાળા સુબુદ્ધ...'* તરીકે તેઓની પ્રતિભા પરખાઈ જતી.

તે સાથે એન.ડી.ડી.બી.ના સંકુલમાંથી વિદાય લઈ સ્વામીશ્રી 'ઈરમા'ના પરિસરને પાવન કરતાં સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રાંગણમાં પહોંચ્યા.

અહીં તેઓએ અનેક પ્રતિષ્ઠિતોની ઉપસ્થિતિમાં 'પ્રમુખસ્વામી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઈલેક્ટ્રોનિક્સ સાયન્સ'ની ઇમારતનો શિલારોપણ વિધિ કર્યો. સંસ્થાના આર્થિક અનુદાનથી આ પ્રશાખાનો પ્રારંભ થઈ રહેલો. એક આધ્યાત્મિક ગુરુ દ્વારા શ્રીગણેશ પામેલી વિજ્ઞાનના સંવર્ધનની આ પ્રવૃત્તિ સૌએ ઉમળકાભેર વધાવી.

હું તો ફરતારામ જેવો છું

તા. ૧૮/૧૦ના રોજ વિદ્યાનગરથી બાકરોલ પધારેલા સ્વામીશ્રી અહીં એક ગુણભાવી સજ્જનને જન્મદિવસના આશીર્વાદ આપી વડોદરા પહોંચ્યા.

અત્રે તેઓ 'લેડી પીલર હૉસ્પિટલ'માં બીમારીના બિછાને સૂતેલા એક હરિભક્તની ખબર-અંતર પૂછવા દોડી ગયા.

એક આંતરરાષ્ટ્રીય કક્ષાના મહોત્સવનો પ્રારંભ થવાને આડે હવે ફક્ત ત્રણ જ દિવસની વાર છે અને તેની સઘળી જવાબદારી પોતાના શિરે છે ત્યારે પણ સ્વામીશ્રી ભક્તો-ભાવિકોનાં કેવાં નાનાં-નાનાં કામોમાં રસ લઈ રહેલા! આ ગતિવિધિમાંથી ઉપસતી તેઓની આત્મીયતા અને આયોજન-ક્ષમતા 'તમ જેવા તો તમે છો એક રે...'ની હકીકત પુરવાર કરી રહી.

...અને છતાં જુઓ તો ખરા! હૉસ્પિટલમાં ચાલી રહેલા સાહજિક વાર્તાલાપમાં સ્વામીશ્રી બોલ્યા:

'અત્યારે દ્વિશતાબ્દીમાં તો બધા ખૂબ તૈયાર થઈ ગયા. મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ઈશ્વર સ્વામી જેવા સંતોએ બહુ મહેનત કરી. હું તો ફરતારામ જેવો છું, પણ બધા તૈયાર થઈ ગયા છે કે આપણી અનુકૂળ રીતે ને ઈચ્છા મુજબ કરે છે. યોગીબાપાએ એવો સાજ તૈયાર કર્યો છે કે આ સંસ્થા ભવિષ્યમાં પણ સારી રીતે ચાલી શકે. આ તંત્ર ચલાવવું સહેલું નથી. છતાં હરિભક્તો અને સંતોના સહકારથી ચાલે છે.'

સ્વામીશ્રીની આ નમ્રતા જોઈ ફરી એક વાર કહેવાનું મન થઈ જાય એમ છે કે *'તમ જેવા તો તમે છો એક રે...'*

મહોત્સવના માંડવાને પરોપકારનો પાયો

તા. ૧૯/૧૦ની સાંજે વિદ્યાનગરથી અમદાવાદ જતાં સ્વામીશ્રી માર્ગમાં વરતાલ પધાર્યા. અહીં તેઓ મંદિરમાં દર્શન કર્યાં બાદ પ્રાસાદિક વસ્તુઓના મંડપમાં પણ બે માળ ચઢીને ગયા.

ત્યારબાદ સ્વામીશ્રી 'શિક્ષાપત્રી' ભુવનમાંથી નીચે ઊતરતા હતા ત્યારે જ સંધ્યા આરતી શરૂ થતાં તેઓના મુખેથી 'વાહ...' ઉદ્‌ગાર સરી પડ્યો. પરંતુ મંદિરમાં ગિરદી ઘણી હોવાથી ત્યાં ફરી વાર જવાય તેમ રહ્યું નહોતું. તેથી દર્શનના ક્રમમાં સ્વામીશ્રી આગળ 'વચનામૃત'વાળા ઓટે પધાર્યા, પણ અહીં તેઓ જ્યાં સુધી આરતી પૂરી ન થઈ ત્યાં સુધી પ્રદક્ષિણા ફરતા રહ્યા.

આ રીતે ઠાકોરજીને આરતીની અંજલિ આપી નીકળેલા સ્વામીશ્રી હરિયાળાને પાવન કરી રાત્રે આઠ વાગ્યે અમદાવાદ આવી પહોંચ્યા.

અત્રે તા. ૨૦/૧૦ની સવારે ગુજરાત વિદ્યાપીઠના પ્રાંગણમાં પૂજ્ય

ડોંગરેજી મહારાજની રામાયણ-કથાના શ્રીગણેશ કરાવીને તેઓ દ્વિશતાબ્દી નિમિત્તે આકાર પકડી રહેલા 'નગર'નું નિરીક્ષણ કરવા પધાર્યા.

આ નિરીક્ષણ-યાત્રા દરમ્યાન મોટરમાં બેઠાં-બેઠાં જ દરેક વિભાગો પર દૃષ્ટિ કરતા જતા સ્વામીશ્રી જરૂરી સૂચનો પણ જણાવતા રહેતા.

તે ક્રમમાં અહીં વરસાદને કારણે ધરાશાયી થઈ ગયેલા સભામંડપના માળખાની વાત નીકળી. ૩૫,૦૦૦ વાંસની ગૂંથણીથી બંધાયેલો એ મંડપ ખોલતાં જ ૧૫ દિવસ વીતી જાય એમ હતું, પરંતુ સ્વયંસેવકોના સહિયારા પુરુષાર્થે અડધા દિવસમાં જ તે કામ ઉકેલી દીધેલું. આવી તો કેટલીયે અણધારી આફતો વરસાદને કારણે ઊભી થયેલી. તે સંદર્ભમાં અક્ષય ભગતે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા ! વરસાદે બધો નિર્માણક્રમ ખોરવી નાંખ્યો.'

'આપણને ભલે નુકસાન થયું, પણ બધાને શાંતિ થઈ ગઈ ને !' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની આવી પરોપકારી પ્રકૃતિના પાયા પર ઊભો થઈ રહેલો ગુણાતીત દ્વિશતાબ્દીના મહોત્સવનો માંડવો !

પ્રભુના જીવનમાંથી પ્રેરક શીખ

તા. ૨૦/૧૦ની સાંજે શાહીબાગ-સ્થિત મંદિરે આયોજિત રવિસભામાં અમૃતધારા વરસાવીને સ્વામીશ્રી ઉતારે જવા નીકળતા જ હતા તે વખતે પરપ્રાંતથી બે સંતો આવી પહોંચ્યા. બનવાજોગ તેઓ પાસે રહેલી ઠાકોરજીની ચલ મૂર્તિના વાઘા અને સ્વામીશ્રી સાથે રહેતા હરિકૃષ્ણ મહારાજના વાઘા એકસમાન નીકળ્યા.

તેથી હર્ષિત થયેલા એ સંતોએ આ યોગાનુયોગનો ઉલ્લેખ સ્વામીશ્રી સમક્ષ કર્યો, ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાનને તો એકતા છે, પણ તમારે છે ? જુઓ, આ ઠાકોરજી જેવું ખવડાવે એવું ખાઈ લે છે; જેવા વાઘા પહેરાવે, જેવી રીતે પહેરાવે એવા પહેરી લે છે. આ શિખવાડવા માટે તો તેઓ અહીં ઊભા છે. આપણે એવો સંપ અને એકતા રાખવાનું ભગવાનના જીવનમાંથી શીખવું જોઈએ ને !'

પ્રભુના જીવનમાંથી સ્વામીશ્રીએ પ્રેરક શીખ તારવી આપી. એકતાનો એકડો ઘૂંટાવવાની તો એકેય તક તેઓ ચૂકતા નહીં.

એક અનોખી શાળાનો શુભારંભ

તા. ૨૧/૧૦ના રોજ મહોત્સવની સેવામાં આવેલા દસ હજાર સ્વયંસેવકોની સભામાં પધારતાં પૂર્વે સ્વામીશ્રી 'નગર'માં નિરીક્ષણ કરવા નીકળ્યા. તે સમયે દરેક ઠેકાણે યુદ્ધના ધોરણે ચાલી રહેલી કાર્યવાહીમાં તેઓની સૂક્ષ્મ નજર ભળતાં આગવો ઓપ આવવા માંડ્યો.

જેમ કે, પ્રદર્શન વિભાગમાં રચાઈ ગયેલી જીવંત કદનાં સેંકડો પૂતળાંઓની સૃષ્ટિમાંથી રામાનુજાચાર્યની પ્રતિમા જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'એમના શિર ઉપર શિખા કેમ નથી?'

વિરાટ આયોજનના પડછાયામાં ઝીણામાં ઝીણી વિગત પણ તેઓની દૃષ્ટિમાંથી છટકતી નહીં.

આવા કુશળ સ્વામીશ્રીએ પ્રદર્શનમાંથી વિદાય લઈ જ્યારે સ્વયંસેવક સભાના મંચ પર પગ મૂક્યો ત્યારે હજારો સ્વયંસેવકોએ બુલંદ જયનાદોથી તેઓને વધાવ્યા. એ ઘોષમાં સેવા અને સમર્પણનો દરિયો ઘૂઘવતો હતો.

મહોત્સવના મેરુદંડ સમા આ સમર્પણવીરોમાંથી કો'કે દમામદાર નોકરીઓને તિલાંજલિ આપેલી, તો કો'કે ધીકતા ધંધા ઠુકરાવેલા; કો'કે લગ્નને ઠેલેલાં, તો કો'કે ઊભા મોલને છોડેલા; કો'કે સ્વાસ્થ્યની પરવા તજેલી, તો કો'કે સંબંધીની.

સેવાના મોરચે ઝઝૂમતા આ સ્વયંસેવકોમાં કો'ક હતા વકીલ, તો કો'ક વેપારી; કો'ક રોજમદાર, તો કો'ક અમલદાર; કો'ક ઈજનેર, તો કો'ક ઉદ્યોગપતિ; કો'ક આર્કિટેક્ટ તો કો'ક અકાઉન્ટન્ટ... આવા તો હજારોની આ સ્વયંસેવક સેના કુટુંબ-કારકિર્દીને કોરાણે મૂકી મહોત્સવના માંડવે ખેલવા આવી ગયેલી.

જ્યાં સુપરિન્ટેન્ડન્ટ ઍન્જિનિયરો એઠી ભોજનશાળાને સાવરણાથી વાળતા;

જ્યાં સો-સો વીઘાંના જમીનદારો ખભે થેલા લટકાવી કંઠી-કેલેન્ડર, માળા-મૂર્તિ, પુસ્તક-પાનાં વેચવા નગરનો ખૂણેખૂણો ઘૂમી વળતા;

જેની કચેરીએ ચાર-ચાર ચોકિયાતો બેઠા હોય તેવા ધંધાના ધણીઓ જ્યાં ફૂલ-છોડને પાણી પાતા;

જેઓ સરકારમાં ઘણી ઊંચી પદવીઓ ધરાવતા હોય તેવા અફસરો જ્યાં

સાદડી-શેતરંજી પર સૂતા;

પચીસ-પચીસ લાખની ઉઘરાણીઓ વસૂલવાનું આયોજન છોડી હીરાના વેપારીઓ જ્યાં સંડાસ સાફ કરવાની ગણતરીઓ માંડતા;

તે આ 'નગર'ની નાડી સમા સ્વયંસેવકોને જોઈ સ્વામીશ્રીએ પણ હાથ જોડ્યા, શીશ નમાવ્યું અને પોતાના આસન પર બિરાજ્યા.

ત્યારબાદ થયેલા પ્રાસંગિક પ્રવચનો તેમ જ 'સ્કાર્ફ' અને 'બેજ'ની અર્પણવિધિના અંતે મહોત્સવના મેદાન પર સ્વામીશ્રીની સૌપ્રથમ અમૃતધારા વહી છૂટી :

"ખરેખર, આજે સૌ બળમાં છે. બધાનાં મુખ પર ઉત્સાહ છે. તે જોઈ આનંદ થાય છે. આ કામ બહુ જ વિશાળ અને વિરાટ છે. પણ વિરાટ કામની પાછળ વિરાટ એવા ભગવાન અને ગુણાતીત સ્વામીની શક્તિ છે. આપણાથી કોઈ પ્રશ્ન ઊભા ન થાય એ જ આપણી સફળતા છે. જો આપણે પ્રશ્નો ઊભા ન કરીએ તો બીજા પ્રશ્નો છે જ નહીં. હજારો કામ કરનારા છે એટલે પ્રશ્નોના ગૂંચવાડા થાય જ. પણ એકબીજા અહં મૂકીને એક ભગવાનનો અહં રાખવો. આ બે મહિના સુધી જો પ્રશ્ન ઊભો નહીં થાય તો પછી જિંદગીમાં પણ નહીં થાય. સેવાનું આ ફળ છે ને મોટો લાભ છે. આ ને આ જીવનમાં બ્રહ્મરૂપ થવાની અને સ્વભાવો ઘસવાની શાળા આવતીકાલથી શરૂ કરીએ છીએ."

આમ, એક અનોખી શાળાના શુભારંભનો ઘંટનાદ સ્વામીશ્રીએ કરી દીધો.

મહોત્સવનું મંગલાચરણ

તા. ૨૨/૧૦ના રોજ હતી વિજયાદશમી. જે દિવસના આઠેય પ્રહર શુભ-લાભનાં જ ચોઘડિયાં વાગતાં રહે છે તેવી આ તિથિ. તે દા'ડે અમદાવાદના ડ્રાઈવ-ઈન રોડ પર આવેલા યુનિવર્સિટી મેદાનની ૨૦૦ એકર ઉજ્જડ ભૂમિ પર ઉપવન ખડું થઈ ગયેલું. તેને સૌ 'સ્વામિનારાયણ નગર'ના નામે સંબોધી રહેલા.

સમાજની શોભા-સુગંધ, શાંતિ-સ્થિરતા તથા વિકાસ-વિસામા માટે જરૂરી સઘળી સામગ્રી અહીં હાજર હતી. તેથી જ દશેરાની સવારે સાડા દશ વાગ્યે સ્વામીશ્રીની પાવનકારી નિશ્રામાં તેનાં દ્વાર ખૂલ્યાં ત્યારે ગરીબથી ગવર્નર સુધીના સૌની ત્યાં હાજરી હતી. ગુજરાતના રાજ્યપાલ શ્રી બી. કે. નહેરુએ લાલ પડદાથી આચ્છાદિત પ્રવેશદ્વારને અનાવરિત કર્યો તે સાથે જ

દુનિયા સામે એક અભિનવ સૃષ્ટિ ખડી થઈ ગઈ.[૩૫]

તેમાં સૌપ્રથમ નજરે ચડ્યું – ૨૦૦ x ૧૦૦ x ૭૧ ફૂટનું પરિમાણ ધરાવતું કલાત્મક અક્ષરદ્વાર. આકાશમાં દીપતી ધવલરંગી બીજલેખાની જેમ અર્ધવર્તુળાકાર આ દ્વારની બંને પાંખોમાં પાંચ-પાંચ અવતારોની પ્રતિમા વિલસતી હતી. તેથી જ તે ભિન્ન-ભિન્ન ભાવુકોની શ્રદ્ધાના નૈવેદ્યસ્થાન સમું બની રહેલું. પોતાના ખુલ્લા મોંમાંથી જલધારા વહાવતા સાત-સાત ફૂટ ઊંચા બે વનરાજો, હાથમાં પુષ્પથાળ લઈને ઊભેલી માંગલ્યદેવીઓ, સુવર્ણકળશથી મંડિત આઠ-આઠ ઘૂમટીઓ, તેની નીચે ઊડતા શ્વેત રાજહંસો વગેરેથી દર્શનીય બનેલા આ દ્વારનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રી તથા રાજ્યપાલ ખુલ્લી જીપમાં ઊભા રહી આગળ વધ્યા.

આ રીતે ભાતીગળ ફુવારાઓથી શોભતા ગમનપથને વટાવી તેઓ પહોંચ્યા – અક્ષર-પુરુષોત્તમ મંદિર પાસે.

૧૧૦ x ૮૦ x ૮૫ ફૂટનું પરિમાણ ધરાવતું આ મંદિર જગન્નાથપુરીના મંદિરને યાદ કરાવે તેવી શોભા ધરાવતું હતું. જો કહેવામાં ન આવે કે તે વાંસ-વળી, કંતાન-કાગળમાંથી બનેલું છે તો દર્શનાર્થીને તે બંસીપહાડપુરના ગુલાબી પથ્થરમાંથી જ કંડારેલું લાગે! તેના ઉત્તુંગ શિખર નીચે બિરાજમાન તેર-ચૌદ ફૂટ ઊંચા અક્ષર-પુરુષોત્તમ મહારાજ સમક્ષ દીપપ્રાગટ્ય તથા પૂજન-આરતી દ્વારા આ મંદિર પણ જાહેર જનતા માટે ખુલ્લું મુકાયું.

આ મંદિરનાં દર્શન મહોત્સવ દરમ્યાન ગુજરાતની ત્રીજા ભાગની વસ્તીએ કર્યાં. રોજના બાર-બાર મણ સાકરિયાનો પ્રસાદ અહીં વહેંચાતો. ત્યાં આજે સ્વામીશ્રીએ ગવર્નરને ગોળ-ધાણાનો પ્રસાદ આપ્યો અને મૂર્તિઓ બતાવતાં-બતાવતાં અક્ષર-પુરુષોત્તમની વૈદિક ઉપાસના પણ સુંદર રીતે સમજાવી. અક્ષર વિના પુરુષોત્તમને કોણ ઓળખાવે!

અક્ષર-પુરુષોત્તમની ઓળખ આપતા આ મુખ્ય મંદિરની પાર્શ્વભૂમાં જ ડાબા હાથે ૪૦ x ૯૦ x ૫૦ ફૂટનો વિસ્તાર ધરાવતું ગુફામંદિર હતું. તેમાં સીતા-રામ બિરાજેલાં. જમણી બાજુએ ૪૦ x ૩૦ x ૫૭ ફૂટનો ઘેરાવો

---

૩૫. ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવના ઉદ્‌ઘાટનની આ અલૌકિક અને ઐતિહાસિક ક્ષણોના સાક્ષી બનવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

ધરાવતા ગજનિયંત્રિત રથમંદિરમાં રાધા-કૃષ્ણનાં દર્શન થતાં હતાં. આ બે મંદિરોની વચ્ચે ખડી થયેલી અગિયાર પર્વતોની હારમાળાની ટોચ પરથી સરતી જલધારાઓ મંદિરે સર્જેલા પવિત્ર વાતાવરણમાં આહ્‌લાદકતા ઘોળતી હતી.

આવી મનોહારી મંદિરસૃષ્ટિ પર દૃષ્ટિ કરી સ્વામીશ્રી અને ગવર્નરશ્રીએ ગતિ સાધી 'જીવન-દર્શન પ્રદર્શન' ભણી.

બંને બાજુ શ્વેતવર્ણી પારેવાંઓ ધરાવતાં ૧૦૫ ફૂટ લાંબા અને ૬૫ ફૂટ ઊંચા 'મૈત્રીદ્વાર'ને વટાવતાં જ આવતું આ પ્રદર્શન ખુલ્લું મુકાતાં દર્શનનો ચંદરવો નજર સામે ઝૂલવા લાગ્યો.

સંતદર્શન, જીવનદર્શન, યુવાદર્શન અને ભારતદર્શન – એમ ચાર ખંડમાં વહેંચાયેલાં આ પ્રદર્શનમાં સંતોની સૂઝ-શક્તિ ભળેલી. તેની સાથે રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકાર પ્રદીપ પાલે તૈયાર કરેલાં હૂબહૂ પૂતળાં, દેવેન્દ્ર સોન્નદેએ સર્જેલી રંગસૃષ્ટિ અને રેખાચિત્રો, દૃશ્યને અનુરૂપ ખડાં કરાયેલાં વાતાવરણ, ધ્વનિ-પ્રકાશનાં સુચારુ સંયોજન વગેરેથી આ પ્રદર્શન સૌનાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું. તેમાં પ્રવેશ મેળવવા લોકો બબ્બે કલાક સુધી પ્રતીક્ષા કરતાં ઊભા રહેતા. દર્શનાર્થીઓની બબ્બે કિલોમીટર લાંબી હારમાળા ખડકાતી.

આ ઉપરાંત, નિજમાં નિમગ્ન નટરાજ, રાસ-વેદિકા, મહામંત્ર-વેદિકા, બાળનગરી, વ્યસનમુક્તિ યજ્ઞ, ભારતની ભવ્યતા-દિવ્યતાને દર્શાવતા સંત-ઝરૂખા, યજ્ઞશાળા, ભોજનશાળા, ૩૬ સેવા-વિભાગોનું કાર્યાલય સંકુલ વગેરેથી આખું 'નગર' મનમોહક જણાતું હતું.

તેનું ઊડતી નજરે અવલોકન કરી સ્વામીશ્રી તથા ગવર્નરશ્રી ગુણાતીત સભાગૃહમાં પધાર્યા ત્યારે 'જ્ઞાનદ્વાર'માંથી પ્રવેશેલા ભાવિકોએ અહીં પોતાનું સ્થાન મેળવી લીધેલું. હજારોની એ મેદની સમક્ષ દીપપ્રાગટ્ય દ્વારા મહોત્સવનું મંગલાચરણ થયું.

તેમાં ગવર્નરના ઉદ્‌બોધન બાદ સ્વામીશ્રીએ જણાવ્યું: 'મહોત્સવનો આજે આરંભ થયો છે. ગુણાતીત સ્વામીએ જગત ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે. એવા સંતનો ઉત્સવ ઊજવીએ એમાં ભગવાનનો મહિમા ઘટી જાય છે એવું નથી. આ ઉત્સવ ઊજવાશે એમાં અનેકને લાભ થશે.'

આમ, પૂરા દમામ અને દિવ્યતા સાથે ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવનો પ્રારંભ થઈ ગયો. અનામત આંદોલનની આંધી, દુષ્કાળના ઓળા કે વરસાદનાં વિઘ્નોને પોતાના અમોઘ ઐશ્વર્યથી વિદારી સ્વામીશ્રીએ ઉત્સવ-

ચક્રને ફરતું કરી દીધું.[૩૬]

સમાજસેવાનો વિરાટ યજ્ઞ

ઉત્સવના પ્રારંભ સાથે જ સ્વામીશ્રીની દૈનિક પ્રાતઃપૂજાનો લાભ 'નગર'ના મંચ પર મળવા માંડતાં વહેલી સવારથી 'નગર' ધમધમવા લાગતું. રોજની રાત્રિસભાઓ પણ રોનકદાર રહેતી. તદુપરાંત, રોજ સૂરજ ઊગે અને કાર્યક્રમોનો કંઈક નવીન રસથાળ આવી પહોંચતો. તે ક્રમમાં દ્વિતીય દિવસે જ 'સંતદર્શન' શોભાયાત્રા નીકળવાની હતી.

ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં વણાઈ ગયેલા કીર્તન *'વૈષ્ણવજન તો તેને રે કહીએ...'*ની કડીઓના આધારે પૌરાણિક પાત્રોની મૂર્તિઓ ધરાવતા તેર રથ તૈયાર કરવામાં આવેલા. ૫૫ કિ.મી.નું અંતર કાપીને સમગ્ર શહેરમાં ફરનારી આ યાત્રા દ્વિશતાબ્દીનો સંદેશ ગુંજાવવાની હતી. તેનો પ્રારંભ કરાવવા સ્વામીશ્રી 'નગર'ના મંદિરની ડાબી બાજુએ સવારના સવા દસ વાગ્યે પધારી ગયા. અહીં તેઓના વરદહસ્તે પ્રથમ રથનું પૂજન થયા બાદ અન્ય રથ ક્રમશઃ સ્વામીશ્રી આગળથી પસાર થયા.

આ રીતે શોભાયાત્રાને લીલી ઝંડી આપી સ્વામીશ્રીએ રક્તદાન યજ્ઞનું ઉદ્ઘાટન કર્યું. 'રક્તદાન જીવતદાન' સૂત્રના નેજા નીચે યોજાયેલી આ પ્રવૃત્તિ હેઠળ, મહોત્સવ દરમ્યાન ૬,૧૯,૫૦૦ સીસીનું વિક્રમસર્જક રક્તદાન નોંધાયેલું. તેથી એશિયાની સૌથી મોટી સિવિલ હૉસ્પિટલની બ્લડ બેંક પણ છલકાઈ ઊઠી. તેની સાથે પચાસ જેટલા તબીબોના સહયોગથી ઉત્સવ દરમ્યાન આશરે ૨૭ રોગનિદાન યજ્ઞો યોજાયા, જેનો લાભ ૭૫,૦૦૦થી વધુ વ્યક્તિઓએ લીધો. તે દ્વારા આ દ્વિશતાબ્દી ઉત્સવ સમાજસેવાનો વિરાટ યજ્ઞ પણ બની રહ્યો.

'ડાયનૅમિક' અને 'સ્પિરિચ્યુઅલ' વ્યક્તિત્વ

દ્વિશતાબ્દી નિમિત્તે આયોજિત 'અક્ષરબ્રહ્મ વિશ્વશાંતિ મહાયાગ' માટે

---

૩૬. દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે સર્જાયેલા 'સ્વામિનારાયણ નગર'ની સોહામણી સૃષ્ટિને નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

રચાયેલી 'ગુણાતીત યજ્ઞશાળા' તા. ૨૫/૧૦ના રોજ હોમ-હવન સંબંધી તમામ શોભા-સામગ્રીથી સજ્જ થઈ ચૂકેલી. મુખ્ય યજમાન તરીકે રહેલા નૈરોબીના શ્રી નાગજીભાઈ પટેલ સહિત ૧,૩૮૫ યજમાનો પણ ૧૩૯ યજ્ઞકુંડોની ફરતે બેસી ગયેલા. તેઓના હર્ષોલ્લાસની વચ્ચે સ્વામીશ્રીએ અગ્નિ-પ્રાગટ્ય માટે અરણીમંથન આરંભ્યું અને માત્ર સવા મિનિટમાં તો સાક્ષાત્ અગ્નિદેવ હાજર થઈ ગયા !

તેઓની પ્રદક્ષિણા કર્યા બાદ સ્વામીશ્રીએ ઘીની આહુતિ દ્વારા અગ્નિ-શિખાઓને વધુ પ્રજ્વલિત કરી અમૃતધારા વરસાવી કે 'શુભ થવાનું હોય ત્યારે બધું જ શુભ થાય છે. આજે યજ્ઞનારાયણ તરત જ પ્રગટ થઈ ગયા. યજ્ઞમાં જે બેઠા છે કે નથી બેઠા એ બધાનો ભાવ અહીં પ્રગટ થયો. યજ્ઞમાં બેસનાર સૌને અંતે આની સ્મૃતિ રહેશે અને અક્ષરધામની પ્રાપ્તિ થશે.'

આ અમીવર્ષણ સાથે શરૂ થયેલા યજ્ઞમાં અમદાવાદના મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી ઘનશ્યામ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મૂર્તિઓ સમક્ષ ૧૬,૯૦,૬૦૦ મંત્રોની આહુતિ અપાઈ.

આવા વિરાટ યજ્ઞનો પ્રારંભ કરાવ્યા બાદ સ્વામીશ્રી શ્રી કિરીટભાઈના ઘેર ઉતારે પધાર્યા ત્યારે ત્યાં આવી પહોંચેલા કેનેડાના પૂર્વ સોલિસિટર જનરલ શ્રી બોબ કપ્લાનને સ્વામીશ્રી વિષે *'નહીં બીજો તેહ સમાન...'*નો ભાવ. તેથી જ તો ચીનના રાજકીય પ્રવાસે જવા નીકળેલા તેઓ દિલ્હી ઊતરી ગયેલા અને ત્યાંથી અહીં દોડી આવેલા.

અત્રે તેઓએ જણાવ્યું: 'ડાયનેમિક(ક્રિયાશીલ) અને સ્પિરિચ્યુઅલ (આધ્યાત્મિક) વ્યક્તિત્વનો મેળ મળવો બહુ દુર્લભ. અમે રાજકારણીઓ ડાયનૅમિક હોઈએ, પણ આધ્યાત્મિકતા દૂર ભાગતી હોય; જ્યારે પ્રમુખસ્વામીમાં હું આ બેય વસ્તુ નિહાળું છું.'

તે કારણે જ સ્વામીશ્રીને મળતાં આ વિદેશી મહાનુભાવ ગળગળા થઈ ગયા.

એ જ સ્થિતિ હાડેવાના દેસાઈકાકાની પણ થઈ રહી. સૂટેડ-બૂટેડ શ્રી કપ્લાનની વિદાય બાદ સ્વામીશ્રી પાસે આવેલા આ હરિભક્ત વ્યવસાયે ખેડૂત અને વળી ગામડિયા. તેથી *'જાડી પાઘડી, ધોતિયું જાડું'* જેવો તેઓનો પહેરવેશ. બોલે ત્યારે *'જુઓ બોલી અમારી એ જાડી'* એમ કહેવું ન પડે, પરંતુ સ્વામીશ્રી તેઓને રસપૂર્વક સાંભળે. તેથી દેસાઈકાકા પણ સખાભાવે વાત કરે.

તે મુજબ આજેય વાતે વળગેલા તેઓએ અંતર ખોલતાં સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! મેં પાપ બહુ કર્યાં છે.'

'પાપ બધાં અહીં પડ્યાં રહેશે ને મહારાજ તેડી જશે.' આટલું કહેતાં સ્વામીશ્રી ઊભા થયા અને દેસાઈકાકાને પણ હાથના ટેકે ઊભા કરતાં બોલ્યા: 'તમને તો અમારે આવી રીતે ઝાલીને લઈ જવા છે.'

સ્વામીશ્રીની કેટલી દયા! કેવું સામર્થ્ય! આશ્રિતોને હાથ પકડીને અક્ષરધામમાં લઈ જાય એવા હતા તેઓ!

પરલોકની આવી ખેવના સાથે તેઓ આ લોકનીયે સંભાવના કરી જાણતા એ તેઓની વિશેષતા. તેનો સ્વાદ પણ આજની બપોરને ચાખવા મળ્યો, જ્યારે સ્વામીશ્રી હાડેવાના પેલા ગામઠી ભક્તનાં ભોજન અને આરામની વ્યવસ્થા અહીં પોતાના જ ઉતારે કરાવી સવા બે વાગ્યે પોઢ્યા.

સતસંગની શોભા વધારી

તા. ૨૫/૧૦ની સાંજે સાડા પાંચ વાગ્યે મહાયાગની પૂર્ણાહુતિનું શ્રીફળ હોમી સ્વામીશ્રી પોલિટેકનિક કૉલેજના સંકુલમાં પધાર્યા ત્યારે અત્રે તેઓને ગુજરાત રાજ્યના માહિતી ખાતા તરફથી તૈયાર થયેલી 'અક્ષરબ્રહ્મ' વિષયક ફિલ્મ દર્શાવવામાં આવી. તેર મિનિટની આ દસ્તાવેજી ફિલ્મ આજથી જ અમદાવાદ અને રાજકોટ જેવાં શહેરોનાં થિયેટરોમાં રજૂ થવા માંડેલી અને આગામી છ મહિના સુધી રાજ્યભરનાં વિવિધ સિનેમાગૃહોમાં પ્રદર્શિત થવાની હતી.

તે દ્વારા ઠેર ઠેર અક્ષરબ્રહ્મનો ઉદ્‌ઘોષ કરનારા સ્વામીશ્રી તા. ૨૬/૧૦ની સવારે સાત વાગ્યે અમદાવાદના મંદિરે પધાર્યા ત્યારે અહીં પ્રતિષ્ઠાનાં પડઘમ વાગી રહેલાં.

આજે આ મંદિરના દક્ષિણ દેરામાં ઘનશ્યામ મહારાજ તેમ જ પ્રદક્ષિણાનાં ગુરુશિખરોમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં અર્ચાસ્વરૂપો બિરાજવાનાં હતાં. આ માંગલિક મુહૂર્તે ઊમટેલા ભક્તોથી મંદિરનું પરિસર ઊભરાતું હતું. તેની વચ્ચે મૂર્તિઓમાં પ્રાણ પૂરી સ્વામીશ્રી નવ વાગ્યે 'નગર'ના આંગણે પહોંચ્યા ત્યારે અત્રે પણ એક ઐતિહાસિક અવસર તેઓની પ્રતીક્ષા કરી રહેલો.

આજે સ્વામીશ્રીના વરદહસ્તે દીક્ષિત થવા ૨૦૨ મુમુક્ષુઓએ

સભાગૃહના મંચ પર સ્થાન લઈ લીધેલું. અત્યાર સુધી યજ્ઞશાળામાં જ યોજાતો. દીક્ષા સમારોહ આ વખતે પ્રથમ વાર સભામંડપમાં ગોઠવાયેલો. તેથી તેની ગરિમા કંઈક આગવી જ અનુભવાતી હતી. વાતાવરણમાં ગુંજી રહેલા *'આપો ભગવો ભેખ અમને...'* જેવાં કીર્તનો વૈરાગ્યની વેલીને વધુ લીલી કરી રહેલાં.

એ વેલીનાં અમરફળ બનનારા ૧૧૬ પાર્ષદોને ભાગવતી દીક્ષા, ૫૭ યુવાનોને પાર્ષદી દીક્ષા અને ૨૯ યુવકોને સાધક દીક્ષા આપવાનો સંકલ્પ કરતી વખતે સ્વામીશ્રી સોફા પરથી ઊતરી નીચે બેસી ગયા!

તે જોઈ નારાયણમુનિદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! આપને આમ નીચે જ બેસવું'તું તો પહેલેથી કહેવું હતું ને! અમે આસન લાવી રાખત.'

'આસને કરીને ક્યાં આપણી મોટપ છે!'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાં તેઓની ગુણાતીત સ્થિતિ ઝળકી ગઈ. આચરણની મોટપ ધરાવનારા તેઓને ગાદી-તકિયાનું લેશ વળગણ નહોતું.

આવી સ્થિતિ સૌને પમાડવાના તાન સાથે મંડેલા સ્વામીશ્રીએ આજે નવદીક્ષિતોને વણસીવ્યાં ઉત્તરીય ઓઢાડ્યાં ત્યારે સર્વત્ર ભગવી આભા પ્રસરી ગઈ.

પ્રફુલ્લિત વદને એક-એક દીક્ષાર્થીનાં ભાલ, વક્ષ:સ્થળ અને બંને બાહુને ચંદનથી અંકિત કરતા, ગુરુમંત્ર આપતા, પીઠ પર પ્રેમથી આશીર્વાદનો ધબ્બો આપતા સ્વામીશ્રીએ એક ઇતિહાસ સર્જી દીધો!

ઉચ્ચ શિક્ષણ પામેલા, વિદેશી નાગરિકત્વ ધરાવતા, લખલૂટ સંપત્તિના વારસદારો આટલા મોટા સમૂહમાં સંસારના અંચળા ઉતારી દે તે વિગત સ્વામીશ્રીના પ્રેમ-પ્રભાવનો પરિચય આપી રહી.

આ દિવ્ય અવસરે તેઓએ આશીર્વાદ વરસાવતાં જણાવ્યું:

'આજે આવા યુવાનો દીક્ષા લે છે તેથી આપણું ભવિષ્ય ઊજળું છે. આજે જે સાધુ થનાર છે તે ભગવાનના ખોળે બેઠા છે એટલે આપણે હવે કાંઈ ચિંતા કરવાની નથી. આપણું કુટુંબ એટલે ભગવાન. માતા-પિતાએ પણ કાંઈ ચિંતા કરવાની જરૂર નથી. અનંત કોટિ બ્રહ્માંડના રાજા જે ભગવાનના શરણે આ છોકરાં ગયાં છે એટલે તે સુખી થવાનાં જ છે. આ કાર્યમાં જે જે ભળ્યા છે, જેણે જેણે અનુમોદન આપ્યું છે, જે જે રાજી થયા છે, એ બધા ઉપર ભગવાન સ્વામિનારાયણની કૃપા થશે.'

સ્વામીશ્રીના આ દીક્ષા-પ્રદાનના કાર્યથી વાકેફ થયેલા જૂનાગઢની નગરપાલિકાના પ્રમુખ શ્રી નારસિંહ પઢિયાર તો આ ઉત્સવની મુલાકાત દરમ્યાન બોલી ઊઠ્યા:

'આજે જ્યારે દેશ વિપરીત સંજોગોમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે વિચાર આવતો કે 'જેનો ભવ્ય ભૂતકાળ છે એવા આર્યાવર્તનું શું થશે?' પણ અહીંનો પ્રસંગ જોયા પછી લાગે છે કે ચિંતા કરવાની જરૂર નથી. આ આયોજન નાનું-સૂનું નથી. જેમાં ઈશ્વરનો વાસ છે એવા પ્રમુખસ્વામીના આશીર્વાદથી જ આ થઈ શકે. સત્તા કે પૈસાથી થઈ શકે નહીં. સો વિવેકાનંદ તો શું, પ્રમુખસ્વામીની નિશ્રામાં અનેક વિવેકાનંદો દીક્ષા લઈ રહ્યા છે ત્યારે દેશનું ભાવિ ઉજ્જ્વળ કેમ ન હોય?'

આમ, *'સતસંગની શોભા વધારી, વાહ વાહ કહે સૌ નર નારી...'* સમું સ્વામીશ્રીનું વ્યક્તિત્વ દ્વિશતાબ્દીના દ્વારે ડંકા મારી રહ્યું.[૩૭]

આજ પ્રગટ્યા પૂરણ બ્રહ્મ રે

સ્વામીશ્રીના સાંનિધ્યમાં દ્વિશતાબ્દી મહોત્સવ દિવસે અને દિવસે અધિક-અધિક ઉજાસ ફેલાવતો જતો હતો. તેથી આકર્ષાયેલા ગુજરાત રાજ્યનાં વિવિધ ખાતાંના મંત્રીઓ તથા અમદાવાદના મેયર-ઉપમેયરથી માંડીને પૂજ્ય ડોંગરેજી મહારાજ જેવા વંદનીય મહાત્માઓ મહોત્સવના પ્રારંભિક પાંચ દિવસોમાં જ 'નગર'ની મુલાકાતે આવી ગયા. આ હારમાળામાં તા. ૨૭/૧૦ની સવારે કેન્દ્રીય નાણાંમંત્રી શ્રી વી. પી. સિંઘ[૩૮] પણ પરોવાયા.

આ દિવસ વળી અક્ષરબ્રહ્મની દ્વિશતાબ્દીનો હોવાથી સત્સંગીઓનો મહેરામણ ભારે માત્રામાં ઊમટેલો. ઉત્સવની મુખ્યસભા રાત્રે પોણા આઠ વાગ્યે શરૂ થઈ ત્યારે તો સવા લાખની ભક્તમેદનીથી ગુણાતીત સભાગૃહ છલકાઈ ઊઠ્યું.

ધ્વનિ અને પ્રકાશના સંયોજનથી રજૂ થતા વિશિષ્ટ કાર્યક્રમથી

---

૩૭. મહોત્સવના આંગણે રચાયેલી યજ્ઞ, મૂર્તિપ્રતિષ્ઠા અને દીક્ષા સમારોહની ત્રિવેણીમાં અવગાહન કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

૩૮. તેઓ સમય જતાં ભારતના વડાપ્રધાન પણ બનેલા.

આરંભાયેલી ગુણાતીતાનંદ સ્વામીના ૨૦૦મા જન્મોત્સવની આ સભા વૈદિક કાળથી આજ દિન સુધીની યાત્રા કરાવનારી બની રહી. તેમાં સમયાંતરે અક્ષરબ્રહ્મ તત્ત્વની ઓળખ, તેનો મહિમા અને ગુણાતીતાનંદ સ્વામીના જીવનપ્રસંગોની સાંકળ ગૂંથાતી ગઈ. વચ્ચે વચ્ચે આરતીનાં અર્ઘ્યથી અક્ષર સહિત પુરુષોત્તમની વધામણી થતી રહી.

આવી આ દ્વિશતાબ્દી સભાનું વાતાવરણ એટલું ચુંબકીય બની રહ્યું કે કેન્યાના જમીન અને રહેઠાણ વિભાગના મંત્રી શ્રી જોસેફ મટુરિયા તો બોલી ઊઠ્યા : "અત્યારે કેન્યાની પાર્લામેન્ટ ચાલુ છે, છતાં પ્રેસિડેન્ટ મોઈએ આ ઉત્સવમાં આવવા માટે મને ખાસ રજા આપી. મને અહીં ઘર જેવું લાગે છે. હું ખ્રિસ્તી છું. અમારા ધર્મમાં શરાબ પીવાની મનાઈ નથી, છતાં આજે હું જાહેર કરું છું કે 'હું હવેથી શરાબ નહીં પીઉં.'"

આ અવસરે અન્ય અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત કેનેડિયન રાજનીતિજ્ઞ શ્રી બોબ કપ્લાને પણ કહ્યું કે 'આજે દુનિયામાં જે તત્ત્વ ખૂટે છે એ મને સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોવા મળે છે. તે છે – માણસ-માણસ વચ્ચેની આત્મીયતા અને ભાઈચારો. જીવનનો ઉત્કર્ષ કરનારો આ ધર્મ ખૂબ 'ડાયનૅમિક' છે.'

આમ, દ્વિશતાબ્દી સભાની આભામાં ખેંચાઈ ગયેલા દેશી-પરદેશી સૌ અવર્ણનીય આનંદની અનુભૂતિ કરી રહેલા, તે વખતે જ ગજરાજ પર શોભતા ગુણાતીતાનંદ સ્વામીની સવારી સભા સોંસરી શરૂ થઈ.[૩૯] તે ધીરે-ધીરે પ્રેક્ષકો વચ્ચે જ બિરાજેલા સ્વામીશ્રી પાસે આવી ત્યારે સ્વામીશ્રીએ ગુણાતીતાનંદ સ્વામીનું પૂજન કર્યું અને સવારીનો ભાગ બનીને ગુણાતીતાનંદ સ્વામીની સાથે જ મંચ પર પધાર્યા. તે જ ક્ષણે ઉત્સવની પંચમ આરતીની જ્યોત ઝગમગી ઊઠી. સ્વામીશ્રીએ શરૂ કરેલાં એકવીસ દીવાની આરતીનાં આવર્તનને અનુસરતાં સભામાં પણ સવા લાખ દીવા પ્રગટી ગયા. જાણે 'અક્ષર'નાં અજવાળાંથી આખી અવની ઝળહળવા લાગી!

આ આરતીના સમાપન સાથે જ દ્વિશતાબ્દીના ગગનભેદી જયનાદો ગુંજ્યા. *'અક્ષર અવતાર ભયો, જય ગુણાતીત ધામ કી...'*ના નારા ગાજ્યા. તેની વચ્ચે ફૂલહિંડોળે બિરાજેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજને સ્વામીશ્રી

---

૩૯. આ ગજરાજ લગભગ અડધા સભામંડપ સુધી ગુણાતીતાનંદ સ્વામીને વહન કરી ચાલેલો.

ઝુલાવવા લાગ્યા. થોડી વારમાં તો તેઓનો મધુર સ્વર પણ રેલાઈ રહ્યો:
'આજ પ્રગટ્યા પૂરણ બ્રહ્મ રે, સ્વામી સુખકારી...'

આ સૂરે સૌનાં અંગોમાં મસ્તી ચડાવી દેતાં સંતોએ ભક્તિમુજરા શરૂ કર્યા. બીજા કીર્તને તો સ્વયં સ્વામીશ્રી હાથમાં કરતાલ લઈ મુજરા કરવા ઊભા થયા. ક્યારેક બે હાથ ઊંચા કરીને તો ક્યારેક નીચા લળીને, ડાબેથી જમણે જનોઈવત્ હાથની ગતિ લેતાં તેઓ જમીન પર ચરણ ટપારતાં કરતાલ ગુંજાવતા જાય, કીર્તન ઝિલાવતા જાય અને હરખાતા જાય.

તે જોઈ સમગ્ર સભામાં *'સુખ અક્ષરમુક્તોને જેવું, થયું સૌ જનને સુખ તેવું...'*નો માહોલ છવાઈ જતાં કાળ પણ થંભી ગયો, પરંતુ ભાવોર્મિઓ તો હજીયે ઊછળી રહેલી. તે જ સ્વામીશ્રીના મુખેથી અમૃતધારારૂપે વહેવા લાગી.

આ સંસ્થાના પાયા મજબૂત છે

અક્ષર જન્મોત્સવના અત્યંત ઉલ્લાસસભર વાતાવરણમાં સ્વામીશ્રીએ ઊભાં-ઊભાં જ આશીર્વાદ આપ્યા કે –

''આપણે આ ઉત્સવ ઊજવવા પાંચ વર્ષથી આયોજન કર્યું હતું. લાખો લોકો લાભ લે એ તમન્ના હતી. તે ગુણાતીત સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાએ પૂર્ણ કરી. કપ્લાને કહ્યું કે 'આ ધર્મ સૌથી વધુ આગળ વધી રહ્યો છે.' આનું કારણ ભગવાન અને સંતનું પ્રગટપણું છે. યુવાન સંતો થયા છે એટલે વિશ્વાસ છે કે શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલી સંસ્થાના પાયા મજબૂત છે અને મજબૂત રહેવાના છે. કોઈ શિખરની કાંકરી પણ હલાવી શકે એમ નથી. અત્યાર સુધી બહુ ધમપછાડા થયા છે, પરંતુ પાયાની એક ઈંટ પણ ખસી શકે એમ નથી. દુનિયામાં જ્યાં જ્યાં અજવાળું છે તે અક્ષરને લીધે છે. આ સભા અક્ષરધામની છે.''

આટલું કહી સ્વામીશ્રી બેઠા પણ કંઈક યાદ આવતાં તેઓ પુનઃ ઊભા થયા અને બોલ્યા:

''એક વાત રહી ગઈ. આજે આપણો સમૈયો સાર્થક બન્યો છે; કારણ, મટુરિયા સાહેબે દારૂ ન પીવાની પ્રતિજ્ઞા લીધી. આટલા બધા માણસોની વચ્ચે આ પ્રતિજ્ઞા કરી છે. ભલે કદાચ તેઓએ એકે પ્રતિજ્ઞા કરી હોય, પણ આ જ સમૈયાની સાર્થકતા છે.''

સ્વામીશ્રીને મન ઉત્સવનો હેતુ પોતાની પ્રસિદ્ધિ વધે તે નહીં, પણ

મનુષ્યોનું પરિવર્તન થાય તે. તેઓની આ પવિત્ર ભાવના સાથે ઊજવાઈ રહેલા મહોત્સવમાં આશીર્વાદ બાદ ઉપસ્થિત સવા લાખની મેદનીને દૂધ-પૌંઆનો પ્રસાદ વહેંચાયો. આમ, સૌને બ્રહ્મકિલ્લોલ પમાડી સ્વામીશ્રી પોઢ્યા ત્યારે રાત્રિના દોઢ વાગી ચૂકેલા ![૪૦]

દ્વિશતાબ્દીનો અમર સંદેશ

તા. ૨૭/૧૦ની રાત્રે દોઢ વાગ્યે પોઢેલા સ્વામીશ્રી તા. ૨૮/૧૦ની સવારે સાત વાગ્યે તો 'નગર'ના મંચ પર આવી પૂજાવિધિમાં પણ પરોવાઈ ગયા ! ગુણાતીત દ્વિશતાબ્દીનો સમૈયો સવાયો સારો ઊજવવાનો નિર્ધાર તેઓને જાણે જંપવા દેતો નહોતો. આ ઉત્સાહ સાથે આજે પ્રાતઃપૂજા કર્યા બાદ તેઓએ મંચ પર પધરાવેલી '૨૦૦'ના અંકધારી કેક કાપી સૌની ભાવના પૂર્ણ કરી.

તે પછી 'સ્વાગત કક્ષ'માં જ અલ્પાહાર લઈ પરવારેલા સ્વામીશ્રી સાથે સંસ્થાના દૃશ્ય-શ્રાવ્ય વિભાગ દ્વારા રસપ્રદ પ્રશ્નોત્તરી યોજાઈ ગઈ. તેમાં આનંદસ્વરૂપદાસ સ્વામીએ પૂછ્યું કે –

- આવા ઉત્સવોથી આપની દૃષ્ટિએ મોટામાં મોટો લાભ શું છે?
  "આવા ઉત્સવોથી લોકોમાં ધર્મભાવના વધે, સંસ્કાર ટકે, પ્રેરણા મળે. એટલે દરેક રીતે ફાયદો તો છે જ. સંપ્રદાયની દૃષ્ટિએ વિચાર કરીએ તો સત્સંગીઓને સેવા મળતાં તેઓના જીવને બળ મળે, ભક્તિ વધે. વળી, આ ઉત્સવથી દેશ-પરદેશમાં કરોડોને ખ્યાલ આવ્યો કે 'ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજને રહેવાનું ધામ છે.' આ મોટામાં મોટો લાભ."
- વર્તમાનકાળે યુવકોને ધર્મમાં રસ જણાતો નથી, પરંતુ આ સંસ્થામાં ઘણા યુવાનો સેવા-સમર્પણ ભાવનાથી જોડાયેલા છે. તેનું કારણ શું?
  'કારણ એક જ – આ સંસ્થામાં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા સાધુતાવાળા, ત્યાગભાવનાવાળા સંતો થયા. તેઓમાં

---

૪૦. મહોત્સવની કલગી સમાન ગુણાતીતાનંદ સ્વામીના ૨૦૦મા જન્મોત્સવનો બ્રહ્મકિલ્લોલ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સમર્પણભાવના હતી. જેમ લોકો દેશ માટે સમર્પણ. કરે છે, જ્યારે આ ભાવના એનાથી ઊંચી હતી. ભગવાન માટે જીવન જીવવું એ બહુ ઓછા માણસો કરી શકે. તે ભાવના શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજમાં હતી, જેમાં કોઈ સ્વાર્થ નહોતો. તેથી બધાને સારી ભાવના થઈ છે.'

- ભૌતિકવાદ કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે તે સંદર્ભમાં સંસ્થાનું ભવિષ્ય શું છે?

  'અત્યારે ભૌતિકવાદ ગમે તેટલો વધ્યો હશે ને વધશે, છતાં જે સત્ય વાત છે એ હંમેશને માટે રહી જ છે અને રહેવાની છે. માટે નિરાશ થવાની જરૂર નથી. આ સંસ્થાનું ભવિષ્ય ઊજળું છે, કારણ કે શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાએ સદાચારના એવા મજબૂત પાયા નાંખ્યા છે. એટલે ભવિષ્ય નબળું નહીં પડે. મૂળ તો પાયામાં ઉપાસના દૃઢ છે અને ગુરુનું જીવન હંમેશ માટે પ્રેરણારૂપ રહે છે એટલે વાંધો આવતો નથી.'

- આપનો કોઈ સંદેશ?

  ''ગુણાતીતાનંદ સ્વામીનો દ્વિશતાબ્દી મહોત્સવ તો સફળતાપૂર્વક ઊજવાયો, પણ હવે તો એટલું કરવાનું છે કે 'અક્ષરરૂપ થઈને પુરુષોત્તમમાં જોડાવું' એ વાત બધે કરવી. 'આ દેહ તે હું નહીં, હું તો આત્મા છું,' એ દૃઢ કરવાનું. એક સંગઠન, એક રુચિ રાખીને રહીએ. દરેકના માટે પ્રેમ, સહાનુભૂતિ રાખવી. પોતાનું મમત્વ મૂકીને, બધાને અનુકૂળ થઈને અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન વધે અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ રાજી થાય તે કરવાનું છે.

  આપણા ગુરુ જે વાત કરે, જે આદેશ આપે, એ લક્ષ્યમાં રાખીને એ પ્રમાણે મંડી પડવાનું. આપણે એકસાથે આગળ વધવાનું છે. મન મોળું ના પડી જાય એ રીતે મંડી પડવાનું છે. દરેકને આગળ લેવા પ્રયત્ન કરવો, તો બહુ સારો લાભ થશે. ભવિષ્યમાં ઉત્સાહ વિશેષ વધતો જાય, ઘટવો ન જોઈએ. સંગઠન તૂટવું ન જોઈએ. આપણી નિષ્ઠા અને સમજણ ફરવી ન જોઈએ. ભગવાન રાજી થાય એવું જીવન બનવું જોઈએ.''

સ્વામીશ્રીએ આપેલા આ દ્વિશતાબ્દી-સંદેશમાં તેઓનાં જીવન અને

ભાવનાઓ – બંનેનું પ્રતિબિંબ છે.

સૌથી પ્રભાવશાળી વિભૂતિ

તા. ૨૮/૧૦ની રાત્રે ચંદ્રગ્રહણના સમૈયા બાદ તા. ૨૯/૧૦ની સવારે ૭૮ બટુઓને યજ્ઞોપવીત અર્પણ કરનારા સ્વામીશ્રીના સાંનિધ્યમાં આજના પ્રભાતથી જ 'માનવ-ઉત્કર્ષનું આંતરરાષ્ટ્રીય અધિવેશન' આરંભાઈ ગયું. ૧૧:૦૫ વાગ્યે દીપપ્રાગટ્ય દ્વારા તેનું ઉદ્‌ઘાટન કરતાં વિશ્વપ્રસિદ્ધ બૌદ્ધગુરુ શ્રી દલાઈ લામાએ જણાવ્યું :

'હું અહીં આવીને ખૂબ પ્રસન્ન છું. આપ સર્વેનું વૃત્તાંત સાંભળીને પ્રતીતિ થાય છે કે આપની સંસ્થા દ્વારા બહુજનસુખાય ઘણું મોટું કામ થઈ રહ્યું છે. નવયુવાનો આ સંસ્થામાં જે પ્રવૃત્તિઓ કરે છે તેથી હું ખૂબ આનંદિત થયો છું.'

અધિવેશન-આરંભના આ અવસરે સ્વામીશ્રીએ પણ વિકાસની રૂપરેખા દોરી આપી કે –

'આપણા જીવનમાં સંયમ અને આત્મજ્ઞાન આવે એ જ સાચો વિકાસ છે. પાછી વૃત્તિ વાળીને અંદર રહેલા દોષો દૂર કરીએ તો સાચો વિકાસ થયો કહેવાય. સહન જ કરવું એ વિકાસ છે. આ વિકાસ થશે તો જ દુનિયામાં સુખ અને શાંતિ થશે. ભારત આજે ભૌતિક રીતે આગળ વધવા પ્રયત્ન કરે છે, પણ જો એ નહીં હોય ને આત્માનો વિકાસ થયો હશે તો ઝૂંપડીમાં પણ શાંતિ થશે. આપણો વિકાસ ભગવાન અને સંત દ્વારા થાય છે.'

સ્વામીશ્રીનાં આ અમીસિંચન સાથે શરૂ થયેલા માનવ-ઉત્કર્ષ અધિવેશનના પ્રથમ વક્તા હતા – 'રામકૃષ્ણ મિશન'(રાયપુર)ના પૂજ્ય આત્માનંદ સ્વામી. તેઓએ બે દિવસ દરમ્યાન 'वर्तमान विज्ञान को आध्यात्मिक ललकार' તથા 'जीवन-उत्कर्ष के लिए संतों का प्रदान' વિષયક મનનીય વક્તવ્યો રજૂ કર્યાં.

આ અવસરે તેઓએ સ્વામીશ્રીની સ્વાનુભૂતિ વાગોળતાં પણ કહ્યું કે –

'મારા જીવનમાં મળેલી સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓ પૈકીના એક તેઓ (સ્વામીશ્રી) છે. તેઓ અતિ સમર્પિત, આધ્યાત્મિક રીતે ખૂબ ઊંચાઈએ પહોંચેલા અને સાથે સાથે અદ્‌ભુત આયોજનશક્તિ ધરાવનારા છે. તેઓ ખૂબ શાંત હોવા છતાં અસંખ્ય લોકોને સક્રિય બનાવે છે. આ એક આશ્ચર્યકારી

વિશેષતા છે.'[૪૧]

સ્વામીશ્રીની આ વિશેષતાનો પરિમલ હજીયે દિવસે ને દિવસે વધુ ને વધુ પ્રસરતો રહ્યો છે.

માત એ તાત એ ભ્રાત એ...

તા. ૩૦/૧૦ની સાંજે ઉતારે બિરાજેલા સ્વામીશ્રીને મળવા આવનારા એક હરિભક્ત હતા તો યોગીજી મહારાજના સમયના; પરંતુ સન ૧૯૬૬ના અરસામાં કેટલાંક સંસ્થા-વિરોધી તત્ત્વોના પક્ષમાં ભળી જતાં તેઓ સ્વામીશ્રીનો સંગ ગુમાવી ચૂકેલા. એટલું જ નહીં, સ્વામીશ્રીની ટીકા-નિંદા કરવાની કુપ્રવૃત્તિથીયે ખરડાયેલા. આ બાબતનો વલોપાત કરતાં તેઓએ આજે આંખમાં આંસુ સાથે સ્વામીશ્રીને કહ્યું: 'હું અત્યારે પૂરેપૂરો પસ્તાઉં છું. તેઓ (સંસ્થા વિરુદ્ધ પ્રવૃત્તિ કરનારા અને તે કારણે જ સંસ્થામાંથી વિમુખ કરાયેલા) તો રોજ જુદા જુદા વેશ કાઢે છે. એ લોકોએ અમને બહુ છેતર્યા. હવે આપ અમારા ઉપર દૃષ્ટિ રાખજો.'

હીરાને વખોડવાથી તેનું મૂલ્ય ઘટતું નથી, પણ નિંદક પોતે જ મૂર્ખની કક્ષા પ્રાપ્ત કરી લે છે. આ સ્થિતિમાં મુકાઈ ગયેલી પેલી વ્યક્તિને સ્વામીશ્રીએ એટલું જ કહ્યું: 'આપની સાથે તો અમારે કાંઈ જ (દ્વેષ-દાઝ) નથી.'

આ ઉદારતા સાથે તેઓ આજની રાત્રે અગિયાર વાગ્યે 'નગર'ના કાર્યક્રમોથી પરવારીને ઉતારે જવા નીકળ્યા, પરંતુ તેઓએ અચાનક ગાડીને 'હરિ નર્સિંગ હોમ' તરફ લેવાની સૂચના આપી. અહીં સેવામાં ઈજાગ્રસ્ત થયેલા સ્વયંસેવક ભૂપેન્દ્રસિંહ સારવાર લઈ રહેલા. ઉત્સવના આગલા જ દિવસે અકસ્માતમાં ઘવાતાં હૉસ્પિટલના બિછાને આવી પડેલા આ યુવાનને શરદ પૂર્ણિમાની સભાના લાભથી વંચિત રહી જવાનો વસવસો પીડી રહેલો. પરંતુ સ્વામીશ્રીએ દર્શન આપીને તે વિષાદને આનંદમાં પલટાવી દીધો.

આ જ રીતે તેઓ પાણી વિભાગની સેવામાં ઘાયલ થયેલા સ્વયંસેવક શ્રી વસંતભાઈને મળવા પણ હૉસ્પિટલે જઈ પહોંચેલા.

---

૪૧. He is one of the most impressive men I have met in life. Very dedicated, very spiritually high, at the same time wonderful organizing capacity. So silent, yet at the same time making so many people so active. This is a wonderful capacity.

એક તરફ વિશાળ શમિયાણાના સુશોભિત મંચ શોભાવનારા સ્વામીશ્રી ખૂણે પડેલા ખાટલામાં સૂતા સ્વયંસેવકને પણ ભૂલતા નહીં. તેઓનો આવો પ્રેમ સૌને તેઓ વિષે *'માત એ તાત એ ભ્રાત એ...'*ની અનુભૂતિ કરાવતો રહેતો.

અસલી સંતનો અનુભવ

ઉત્સવના કાર્યક્રમોની વ્યસ્તતા વચ્ચે સ્વામીશ્રીએ તા. ૩૧/૧૦ની સવારે 'ટાગોર મેમોરિયલ હૉલ'ને પાવન કર્યો. અહીં ગુજરાતની બહાર વસતા ગુજરાતીઓનું અધિવેશન યોજાયેલું. તેમાં અમૃતધારા વરસાવી સ્વામીશ્રી આજની સાંજે 'નગર'માં પધાર્યા ત્યારે કાશ્મીરના રાજવીશ્રી ડૉ. કરણસિંઘ તેઓને મળતાં અહોભાવ અનુભવી રહ્યા.

તેને જ શબ્દરૂપ આપતાં સંસ્કૃત ભાષાના આ પ્રખર વિદ્વાને કહ્યું :

'स्वामीजी ! आप जो दहेज का निषेध कर रहे हों वो बहुत अच्छी बात है। असली संत *'आत्मनो मोक्षाय जगद्धिताय च'* (आत्मा का मोक्ष और जगत का कल्याण) दोनों कार्य करते हैं।'

જે કોઈ સ્વામીશ્રી પાસે આવે તે અસલી સંતનો આ અનુભવ પામી અભિભૂત થયા વિના રહેતા નહીં. તેઓનો આ પ્રભાવ અને પરિચય ડૉ. કરણસિંઘે આજની રાત્રિસભામાં આપેલા વક્તવ્ય 'अणुयुग में वेदांत'માંયે પડઘાતો રહ્યો.

તેઓના આ વિષયને પુષ્ટિ આપતાં સ્વામીશ્રીએ પણ અમૃતમેઘ વરસાવ્યો કે –

''જેમ નવી નવી વાનગીઓ રુચિકર બને એમ આપણને દરરોજ નવી નવી વ્યક્તિઓ દ્વારા નવા નવા વિચારો જાણવા મળે છે. મૂળ મૂલ્યો ઉપર જેટલો ભાર એટલું જીવન સરળ. તે ભૂલી જઈએ એટલાં દુ:ખ અને ક્લેશ. વૈદિક શાસ્ત્રો અને એવા મોટાપુરુષને નજર સમક્ષ રાખીને જીવન જીવીએ તો ભૌતિક વિકાસ પણ અસર ન કરે. આગ્રહ હશે તો જરૂર આ વાત બનશે. એટલે જ કહ્યું કે 'ધર્મનું અનુશાસન હોવું જોઈએ.' અનુશાસન એટલે 'તમારે આ કરવું જ પડશે... ભક્તિ કરવી જ પડશે...' આ રીતનો આગ્રહ સંતોએ રાખ્યો છે. આપણને આ શાસન બંધન જેવું લાગે, પણ સંતોને અનુશાસન કરીને ક્યાં મિલકત ભેગી કરવી છે?''

સંતના શુભાશયની આટલી વાત સંભળાવી સ્વામીશ્રી 'સ્વાગત કક્ષ'માં

થોડું રોકાઈને ચાલતાં-ચાલતાં જ નગર-દર્શન માટે નીકળી પડ્યા. તે જોઈ સંતોએ કહ્યું: 'બાપા! આપ ચાલતાં જશો તો વચ્ચે સ્ટેશન ઘણાં આવશે. હરિભક્તો પગે લાગ-લાગ કરશે.'

'ભલે ને લાગે. દરરોજ કોઈને ક્યાં લાભ મળે છે? આજે ભલે લેતા.'

આમ, સૌના લાભાર્થે સ્વામીશ્રી ચાલતાં-ચાલતાં જ 'ફ્રેન્ડ્સ કૉર્નર'ની જગ્યાએ જઈ બાળનગરી તરફ વળ્યા. અહીં ચાલી રહેલો પપેટ શૉ જોવા કાર્યકરોએ પ્રેમાગ્રહ કરતાં તેઓને રાજી કરી ઉતારે જવા વિદાય થયા.

આપણે ધન્ય બની ગયા છીએ

આકાશમાં ઝળહળતી આકાશગંગાની જેમ 'નગર'ના માંડવે મહાનુભાવોની નક્ષત્રમાળા સતત ઘૂમવા માંડેલી. તેમાં શશી-સૂર્યની જેમ શોભતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી તા. ૧/૧૧ની રાત્રિસભામાં ખ્યાતનામ ગાયક શ્રી એ. હરિહરને પોતાની કલા પાવન કરી.

આ સભા બાદ સ્વામીશ્રી જ્યારે તેઓના ઉતારે પધાર્યા ત્યારે અહીં સંતસભાનો કાર્યક્રમ યોજાઈ ગયો. યજમાન શ્રી કિરીટભાઈના પ્રેમાગ્રહથી ગોઠવાયેલા આ આયોજનમાં મચેલી કીર્તનભક્તિની રમઝટના અંતે સૌના હાથમાં મજકૂર મૂકતાં સ્વામીશ્રીએ કહ્યું:

"આપણને યોગીબાપા મળી ગયા એ સારું થયું, નહીં તો દુનિયામાં એવા રખડત કે ખબર જ ન પડત. અહીં આવીને જનમ સુધર્યો છે, તો હવે બગાડવો નથી. મોટાપુરુષે કૃપા કરીને જોગમાં લીધા છે. માટે હવે સાધુતાનો માર્ગ ચુકાવો ન જોઈએ. ઉત્સાહથી કાર્ય થાય એ ભક્તિ કહેવાય, તો જ આનંદ આવે. નહીં તો એમ થાય કે 'ચારે બાજુથી ચોંટ્યા એટલે કરવું પડ્યું.' ભીડો ક્યારે વેઠાય? મહિમા હોય ત્યારે. હરિભક્તો તો આપણને રમાડે-જમાડે છે, પણ આપણેય ખરેખરા સંત બનીને ભગવાનને રાજી કરવા છે એવો સંકલ્પ રાખવો. આપણે ધન્ય બની ગયા છીએ. કથા-વાર્તા, કીર્તનનો ઉત્સાહ હંમેશાં રાખવો. મનનો, દેહનો ભીડો તો પડે. મૂળ તો આપણને ગુણાતીત કરવા છે."

મહોત્સવની પ્રવૃત્તિના ભરવેગ પૂરમાં પણ સ્વામીશ્રી કથાનો કિનારો છોડતા નહીં. આ ઘાટેથી તેઓ આજે જ્ઞાન-ઘન વરસાવી રાત્રિ-વિશ્રામ માટે પોઢ્યા ત્યારે પોણા એક વાગ્યાનો સમય થઈ ચૂકેલો.

ભારતીય ધર્મનું સર્વોચ્ચ સ્વરૂપ

તા. ૨/૧૧ની સવારે મહોત્સવના મહેમાન બનેલા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા અર્થશાસ્ત્રી શ્રી નાની પાલખીવાલાએ સ્વામીશ્રીને મળતાંવેંત અહોભાવ ઉચ્ચાર્યો કે –

'તમારું પ્રદર્શન ઘણું જ અદ્‌ભુત છે. જે કોઈ જુએ એને અસર થાય જ. This is the real Hindu religion – આ અસલ હિંદુ ધર્મ છે. આપનું કાર્ય સર્વજીવહિતાવહ છે. આપ જીવનનું પરિવર્તન કરો છો એનાથી મહાન કશું નથી. માનવતાની આપ બહુ જ સારી સેવા કરો છો. This is the highest form of Indian religion – ભારતીય ધર્મનું આ સર્વોચ્ચ સ્વરૂપ છે. મને આમાંથી ઘણું શીખવા મળ્યું.'

સ્વામીશ્રીના કાર્ય માટે એક વિચક્ષણ ધારાશાસ્ત્રી આજે એક પછી એક ચુકાદા આપી રહ્યા. ત્યારબાદ તેઓએ આજની સાયંસભામાં 'Priceless Heritage of India' (ભારતનો અમૂલ્ય વારસો) વિષયક વક્તવ્ય પણ રજૂ કર્યું.

कभी भी आवेश का प्रवेश नहीं

'નગર'ના આંગણે તા. ૩/૧૧ની સવારે નવ વાગ્યે પૂજ્ય હરિનારાયણાનંદજીના હાથે પ્રગટેલો 'ગુજરાત સાધુ સમાજ'ના અધિવેશનનો મંગલદીપ વિવિધ મહંતોનાં જ્ઞાનસિંચનથી વિશેષ પ્રજ્વલિત થઈ ઊઠ્યો.

તેના ઉજાશમાં સ્વામીશ્રીની પ્રતિભાનું દર્શન કરાવતાં સંન્યાસ-આશ્રમના અધ્યક્ષ પૂજ્ય વિશ્વદેવાનંદજીએ જણાવ્યું કે –

'मैं पहला ऐसा संमेलन देख रहा हूँ, जहाँ युवकों की भीड़ देखी जा रही है। इस संत ने आज युवकों की 'ट्युनिंग' (tuning) को बदल दिया है। प्रमुखस्वामी ने आज समाज के सामने युवकों का एक प्रज्वलित दीप रख दिया है। यह बहुत बड़ा संकेत है।'

સમાજ માટેના આ શુભ સંકેતને વિશેષ સ્પષ્ટ કરતાં ગૌભક્ત પૂજ્ય શંભુ મહારાજે પણ પોતાનું અવલોકન રજૂ કર્યું કે –

'પ્રમુખસ્વામીનું કાર્ય સફળ થતું જાય છે તે એમની નિષ્ઠાનું પરિણામ છે. ગમે તેવી પરિસ્થિતિમાં પણ પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં ધ્યેય, નિષ્ઠા અને

સિદ્ધાંતો ઊંચાં ને ઊંચાં જ રહે છે. થોડા સમય પહેલાં જ્યાં અશાંત વાતાવરણ હતું ત્યાં આવું દિવ્ય વાતાવરણ સર્જાશે એવું માન્યામાં આવતું નથી.'

સ્વામીશ્રી વિષે આવું જ એક આશ્ચર્ય અનુભવી ભાવવિભોર થઈ ગયા – નૃસિંહ મંદિરના કાર્યવાહક પૂજ્ય વ્રજવિહારીશરણજી. તેઓએ હૃદયોર્મિ વહાવી કે –

'स्वामीजी की विशेषता जो मैंने देखी वो यह है कि '*तृणादपि सुनीचेन...*'[४२] श्लोक के एक एक अक्षर हमारे पूज्य प्रमुखस्वामीजी के अंदर (हम) प्राप्त करते हैं। कभी भी आवेश का प्रवेश नहीं! मधुरभाषी, हाथ में माला और Simple Living and High Thinking (सादगीयुक्त जीवनशैली तथा उच्च विचारशैली) वाले वे लाखों को भगवत्-सन्मुख बना रहे हैं।'

આમ, અધિવેશન જેમ જેમ આગળ સરકતું ગયું તેમ તેમ સ્વામીશ્રીનું સ્વરૂપ વિશેષ દેદીપ્યમાન જણાતું રહ્યું. છતાં તેઓ તો વિનમ્રભાવે અંતે એટલું જ બોલ્યા કે –

'આ મહોત્સવ અંગે જે કંઈ યશ છે તે આપ જેવા સંતોના આશીર્વાદથી જ છે. ગુરુઓની કૃપાથી આ કાર્ય થાય છે.'

આ નમ્રતા સાથે સ્વામીશ્રીએ ચાલીસેક આશ્રમોમાંથી પધારેલા પૂજનીય સંતોને ગુલાબના ભરાવદાર હારતોરા તથા શાલ, માળા અને દક્ષિણા અપાવી નવાજ્યા. ત્યારબાદ 'નગર'ના રસોડેમાં જ સૌ આમંત્રિત સંતોએ ભોજન કર્યું ત્યારે તેઓની સાથે સ્વામીશ્રીએ પણ ઠાકોરજી જમાડતાં અનોખું સંતસત્ર યોજાઈ ગયું.

આ જ સત્રનું સૂત્ર લંબાવતા હોય તેમ આજની રાત્રિસભામાં પૂજ્ય ચિદાનંદ સરસ્વતીએ 'साधना के पथ पर श्रद्धा और तर्क' વિષયક પ્રવચન પ્રસ્તુત કર્યું.

ગ્રંથોના ગ્રંથો ભરાય એવી ગુણગાથા

તા. ૪/૧૧ની રાત્રિસભામાં સુપ્રસિદ્ધ ગાયક શ્રી પ્રફુલ્લ દવેએ કંઠ્ય સંગીતનાં કામણ પાથર્યાં બાદ, તા. ૫/૧૧ના રોજ સંતવાણી સંભળાવવા

---

૪૨. तृणादपि सुनीचेन, तरोरिव सहिष्णुना। अमानिना मानदेन कीर्तनीयो हरिः सदा॥
– જે તૃણથીયે નમ્ર છે, વૃક્ષ સમાન સહિષ્ણુ છે, સ્વયં નિર્માની રહીને બીજાને માન આપે છે, તે જ ભગવાનનું ભજન કરવાને યોગ્ય છે.

ઉપસ્થિત થયા – પૂર્વ શંકરાચાર્ય પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજી.

તેઓ 'संघर्ष और समन्वय' વિષયક વક્તવ્ય આપતાં પહેલાં 'સ્વાગત કક્ષ'માં સ્વામીશ્રીને મળ્યા ત્યારે જ નગર-દર્શનથી અભિભૂત જણાયા. એ જ અવસ્થામાં તેઓ બોલવા લાગ્યા :

'પ્રમુખસ્વામીના જીવનનું એક પુસ્તક નહીં, પણ ગ્રંથોના ગ્રંથો લખાશે. રામાયણમાં કહ્યું છે કે *'गिरा अनयन, नयन बिनु बानी...'* આંખ જુએ છે પણ બોલી શકતી નથી અને જીભ બોલે છે પણ જોઈ શકતી નથી. અર્થાત્ અહીં જે જોયું તેનું વર્ણન થઈ શકે તેમ નથી.'

એક મૂર્ધન્ય મહાત્માના મુખે સ્વામીશ્રીનાં આ ગુણગાન ગવાઈ રહેલાં તે જ વખતે લઘરવઘર વેશ-કેશવાળા એક ડોસા ધૂસી આવ્યા. તેઓ સ્વામીશ્રીને દંડવત્ કરતાં કરતાં મોટેથી બોલતા ગયા કે 'સ્વામી ! હું ગજેરા ગોમનો કવિરાજ છું. મને આ સભામાં પોંચ મિનિટ ગાવા આલો ને !'

તેઓની આવી ઉભાંગડ રીત-ભાત અને બેહૂદી માગણીથી આસપાસ બેઠેલા કાર્યકરો તો વ્યગ્ર-વ્યથિત થઈ ઊઠ્યા. પરંતુ સ્વામીશ્રીએ તેઓને શાંતિથી સાંભળ્યા અને ઘટતું કરવાની ખાતરી આપી.

આ પ્રસંગે તેઓની સમતા-સ્થિરતા જોઈ સૌ 'गिरा अनयन, नयन बिनु बानी...'નો વધુ એક અનુભવ કરી રહ્યા. શાસ્ત્રવચનોને સાકાર થતાં જોવા માટે સ્વામીશ્રી પાસે ઝાઝી પ્રતીક્ષા કરવી પડતી નહીં.

તેની પ્રતીતિ સાથે નામાંકિત ઉદ્યોગપતિ શ્રી વી. એચ. દાલમિયા પણ ઝૂમી ઊઠ્યા. નગર-દર્શન અને 'અક્ષરધામ'ની મુલાકાત બાદ તા. ૬/૧૧ની બપોરે આ મહાનુભાવ સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે સ્વામીશ્રી યજમાન હરિભક્ત શ્રી જશભાઈ પટેલના ઘેર સંતોની પંક્તિમાં અડદિયા પીરસી રહેલા. *'ફરે પંગતમાં બહુ ફેરા, પીરસે પાક પોતે ઘણેરા...'*નું એ દૃશ્ય આગંતુક અતિથિના મનમાં વસી ગયું. તે જ વખતે સ્વામીશ્રીએ પણ તેઓને હેતથી બોલાવતાં કહ્યું : 'आइये शेठजी ! इस संत लोग का दर्शन करो।'

સ્વામીશ્રીના અંતરમાં રમતો સંત-મહિમા આમ ઊછળી આવ્યો !

પરંતુ શ્રી દાલમિયાના ભીતરમાં તો સ્વામીશ્રી જ રમી રહ્યા હશે. તેથી તેઓ સ્વામીશ્રીને કહેવા લાગ્યા : ''अक्षरधाम तो 'Wonder of the World' (विश्व का अजूबा) है। लोग कहते हैं कि देलवाड़े का काम अभी नहीं हो सकता, वैसे ये काम भी करके तो बताओ ! ये भी नहीं हो सकता। और इतनी

जल्दी तो संत के आशीर्वाद बिना हो ही नहीं सकता।'

સ્વામીશ્રીનું પ્રત્યેક કાર્ય સૌને અજાયબીભર્યું જ અનુભવાતું.

Morality in Action(મૂર્તિમાન નૈતિકતા)નો અનુભવ

તા. ૬/૧૧ની રાત્રિસભાના વક્તા તરીકે ઉપસ્થિત હતા – 'ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન'(દિલ્હી)ના અધ્યક્ષ શ્રી આર. આર. દિવાકર.

તેઓએ 'Peace Through Moral and Spiritual Values' (નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો દ્વારા શાંતિ) વિષયક વક્તવ્ય રજૂ કર્યું ત્યારે આ ૯૨ વર્ષીય વિદ્વાન નગર-રચના જોઈને તરવરાટ અનુભવી રહ્યા હોય તેવું તેઓના પ્રવચન પરથી જણાયું.

તે વક્તવ્ય બાદ પ્રવચન-પીઠિકા પર આવ્યા – ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી રામલાલ પરીખ. તેઓએ તો આ 'નગર'માંથી ચેતનાની સાથે એક અમર આશા પણ મેળવી હોય તેમ જણાવ્યું:

''અત્યારે કબૂલ કરવું જોઈએ કે એક નવા જ પ્રકારના અનુભવમાંથી પસાર થઈ રહ્યા હોઈએ એવું લાગે છે. અહીં આવીએ છીએ ત્યારે યુવાનો તથા બધા જ કોઈ કલાકાર હોય તો પોતાની કળા, ધનિકો પોતાનું ધન, યુવકો પોતાનો સમય, શક્તિ અને હુન્નર, કુનેહ પૂજ્ય સ્વામીશ્રીનાં ચરણે સમર્પે છે. ત્યારે વિચાર આવે છે કે 'આ શું છે?'

જે વિદ્યાર્થીઓ શાળાની પચીસ પૈસા ફી વધારવાની 'ના' પાડે છે, જે વિદ્યાર્થી શાળાની ગંદકીમાં હાથ અડાડવાની 'ના' પાડે છે; એ જ વિદ્યાર્થી, એ જ યુવકશક્તિ આ 'નગર'માં આવીને આખું 'નગર' ઊભું કરવા પોતાનો પરિશ્રમ, પરસેવો ને લોહી રેડવા તૈયાર થાય છે! આ વસ્તુ બતાવે છે કે ધર્મમાં જે તાકાત છે તે શિક્ષણમાં નથી. આજની શિક્ષણનીતિનો સુધારો કરવાનું ગજું શિક્ષાતંત્રનું નથી, પણ સ્વામીજીએ જે રાહ બતાવ્યો છે તેમાં જ છે, એની મને દૃઢ પ્રતીતિ થઈ છે.

સ્વામીજીએ તો બહુ જ અદ્યતન – પ્રગતિશીલ વૈજ્ઞાનિક અને તત્ત્વ-જ્ઞાનીઓ વિચારે એના કરતાં પણ વધારે આગળનું વિચાર્યું છે. 'Morality in action' – જીવનમાં નૈતિકતાની વાતો આજે ગુંજે છે. અમે તેની પર પીએચ.ડી. કરાવીએ છીએ, પણ એનો અનુભવ કરાવી શકતા નથી, જ્યારે અહીં એ પ્રત્યક્ષ થાય છે.''

પાંત્રીસ વર્ષથી શિક્ષણક્ષેત્રમાં રસબસ થયેલા કેળવણીકારના આ સ્વાનુભવ પરથી એટલું તો જરૂર ફલિત થયું કે સ્વામીશ્રીના સર્જન સમું 'નગર' એ કેવળ મનોરંજનની દુનિયા નહોતી, પરંતુ અહીં માનવસર્જક મૂલ્યોનો પ્રસાદ પણ છૂટે હાથે વહેંચાઈ રહેલો. મૂલ્યોની કેળવણીમાં મનોરંજનની મેળવણી કરીને સ્વામીશ્રીએ ઉત્સવ-ઉજવણીની એક નવી દિશા આ 'નગર' દ્વારા ખોલી આપેલી. એ દિશામાં ડગ માંડતાં એક મિનિટના ૪૫૦ વ્યક્તિઓની સંખ્યા લેખે લોકો 'નગર'માં પ્રવેશ મેળવી રહેલા.[૪૩]

સેવા, સત્સંગ અને સાધુતા વધે એ જોવાનું

તા. ૬/૧૧ની રાત્રિસભા બાદ 'નગર'ના નિકટવર્તી 'સંત-આશ્રમ'માં પધારેલા સ્વામીશ્રી અત્રે 'અક્ષર સભાગૃહ'માં બિરાજ્યા; પરંતુ તેઓ બેઠા - ન બેઠા ત્યાં જ એકદમ ઊભા થઈ જતાં બોલ્યા : 'હું જરા વાત કરી લઉં.'

આમ કહી સ્વામીશ્રી સંતોને ભોજનની વાનગી પીરસાય તે પૂર્વે જ્ઞાનામૃત પીરસવા લાગ્યા કે –

'આપણે તો ભગવાનને સંભારીને સેવા, સત્સંગ અને સાધુતા વધે એ જોવાનું છે. હરિભક્તો પૈસાથી સેવા કરે, તો આપણે દેહથી કરવી. ગુણાતીતાનંદ સ્વામીએ દેહને ખાસડાં જેવું કરી નાંખ્યું. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે પણ સેવા, સેવા ને સેવા. દેહને માટે કશું માંગ્યું નથી. માટે આપણે પણ આપણી સાધુતા શોભે એવો વિચાર કરવો. નિયમમાં રહીને ખાવું, પીવું, ઊઠવું, બેસવું. સાધુનો નિયમ જડબેસલાખ. એમાં જરા પણ ચૂક ન થવું.

સાધુતાને લાંછન ન લાગે એનું ખૂબ ધ્યાન ખાતાં, પીતાં, ના'તાં, ધોતાં રાખવાનું છે. જે કામ જેને સોંપ્યું છે એમાં પણ 'પર્ટિક્યુલર' (ચોક્કસ) રહેવું. ભજન કરશું તો બધું સામેથી આવશે, પણ આવે એટલું ભોગવવું નહીં. લોકોને ગુણ આવે એ રીતે રહેવું.'

સમૈયામાં પણ સ્વામીશ્રી સમયે-સમયે જ્ઞાનવાર્તા કરતા રહેતા. તેય તેઓની ગુણાતીત સ્થિતિની નિશાની. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે ને કે

૪૩. 'નગર'ના આંગણે આયોજિત માનવ-ઉત્કર્ષના આંતર-રાષ્ટ્રીય અધિવેશન સહિત વિવિધ કાર્યક્રમોનો આસ્વાદ પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

'બીજાથી તો આટલી પ્રવૃત્તિમાં વાતું થાય નહીં...'[૪૪]

આઠમી અજાયબીનું આકર્ષણ

તા. ૭/૧૧ની બપોરે હરિભક્ત શ્રી ભાનુભાઈ પટેલના ઘેર ઠાકોરજી જમાડી બિરાજેલા સ્વામીશ્રી પાસે એક જ્યોતિષી પહોંચી ગયા. તેઓએ આવતાંવેંત કહ્યું: 'સ્વામીજી! મને આપની જન્મતારીખ આપો. મારે આપનું ભવિષ્ય જોવું છે.'

'અમારે તો ભગવાન રાખે ત્યાં સુધી રહેવું છે ને ભગવાનનું ભજન કરવું છે.' સ્વામીશ્રી બોલ્યા.

*'ધાર્યું એક ધણીનું જ થાશે...'*ના વિશ્વાસ સાથે શ્વાસ ભરતા તેઓને ભવિષ્યનો ભય નહોતો. તેથી તે બાબતે કોઈ જ ઉત્સુકતા કે ઉચાટ સ્વામીશ્રીમાં જોવાં ન મળતાં.

આવા અલમસ્ત તેઓના સાંનિધ્યમાં આજની સાંજે ૩૨મી 'પ્રાચ્યવિદ્યા પરિષદ'નું સમાપન થયું. આ પ્રસંગે ઉપસ્થિત આશરે ૨,૦૦૦ વિદ્વાનો-સંશોધકો છેલ્લા બે દિવસથી ગુજરાત યુનિવર્સિટીના હૉલમાં પરિષદ યોજી રહેલા. તે સૌને પૂર્ણાહુતિમાં સ્વામીશ્રીના આશીર્વાદ, નગર-દર્શન અને મહાપ્રસાદની ત્રિવેણીમાં સ્નાન કરવાનું મળતાં પરિષદના મહામંત્રી શ્રી આર. એમ. દાંડેકર, ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી કે. એસ. શાસ્ત્રી વગેરેએ સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી.

તેને અનુસરતાં આવેલી તા. ૮/૧૧ની રાત્રિસભામાં નાથ સંપ્રદાય(ગોરખપુર)ના વડા પૂજ્ય અવૈદ્યનાથજીના 'हिन्दूत्व: अनेकता में एकता' વિષયક વક્તવ્ય તથા પૂજ્ય પાંડુરંગ આઠવલેજીના 'વિજ્ઞાન અને ધર્મ' સંબંધી પ્રવચનનો સંગમ સર્જાઈ જતાં આજની રાત્રિ જ્ઞાનસભર બની રહી.

તેમાં સ્વાનુભૂતિ ભેળવતાં કાપડ ઉદ્યોગના અગ્રણી શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈએ કહ્યું: 'હું અહીં આવ્યો એ પહેલાં મેં સાત અજાયબીઓ તો જોયેલી. પરંતુ અહીં મેં આઠમી અજાયબી જોઈ. માણસોને ખૂબ પગાર આપીને, જુલમ કરીને બાંધવામાં આવેલી અજાયબીઓ જોઈ છે, જ્યારે અહીં હું જ્યાં ફર્યો ત્યાં સહકાર, સેવા અને પ્રેમ જોઈ શક્યો છું.'

જેમ પર્વતનો ભાર પૃથ્વી જાણે, તેમ વિશાળ કારોબાર ધરાવનારા

૪૪. સ્વામીની વાતો : ૧/૨૨૬.

મહાનુભાવો સ્વામીશ્રીના કાર્યનું મૂલ્યાંકન વધુ સારી રીતે કરી શકતા.

તેથી જ જાણીતા ધારાશાસ્ત્રી શ્રી ચંદ્રકાંતભાઈ ગાંધીએ પણ આજે સ્વાનુભવ વર્ણવ્યો કે –

"હું (સન) ૧૯૮૩માં યુરોપ ગયેલો ત્યારે નિસડનમાં આવેલા પ્રમુખસ્વામીના મંદિરની મુલાકાત પણ લેતો. ખરેખર! ત્યાં પૂજા કરનારા ભાઈઓ અમારી સાથે એવી રીતે વર્તે કે આપણને લાગે જ નહીં કે આપણે બીજા દેશમાં છીએ. જ્યારે જ્યારે પ્રમુખસ્વામીની વાત નીકળે ત્યારે એમના પ્રત્યે એટલો બધો પ્રેમ અને આદર દેખાય કે મારે વર્ણન કરવાના કોઈ શબ્દો નથી.

ત્યાંથી અઢાર યુવકોએ દીક્ષા ગ્રહણ કરી છે. એમાં એક પણ યુવાન એવો નહોતો કે જે બે લાખની મોટર ન ચલાવતો હોય. લંડન જેવા વાતાવરણમાં આ શી રીતે બને? મને આશ્ચર્ય થયું. મેં તેઓનાં મા-બાપને પૂછ્યું પણ ખરું કે 'તમે કોઈ દબાણને વશ થઈ દીકરાઓને સાધુ કરવા આપ્યા છે?' ત્યારે તેઓ કહે, 'પ્રમુખસ્વામીના ઉપદેશ અને જીવનથી યુવાનો એટલા બધા પ્રભાવિત થયા છે કે જીવન આપી દીધું છે.' પ્રમુખસ્વામીનો આટલો આદર છે એ જેવી-તેવી વાત નથી. ખરેખર, આવા ભક્તો હોય અને આવા મહાન ગુરુ હોય એ ધર્મ જગતમાં સારો પ્રસરે એમાં નવાઈ નથી."

આમ, દ્વિશતાબ્દી મહોત્સવની પ્રત્યેક પળને સ્વામીશ્રીનો નૂતન પરિચય મળતો જતો.[૪૫]

આ વચનામૃત જીવમાં દૃઢ કરવા જેવું છે

દ્વિશતાબ્દી મહોત્સવની સફળતામાં અનન્ય ફાળો આપનારી મહિલા-શક્તિ પણ જુદા જુદા ૧૬ વિભાગોમાં કાર્યરત ૧,૬૨૫ સ્વયંસેવિકાઓના હાથ દ્વારા 'નગર'ના આંગણે સેવાના સાથિયા પૂરી રહેલી.[૪૬] તેઓનું કળા-

---

૪૫. મહોત્સવના માંડવા તળે પ્રસરેલા સુપ્રસિદ્ધ સંત-શ્રેષ્ઠીઓના સ્વાનુભવોનો આસ્વાદ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

૪૬. દ્વિશતાબ્દી મહોત્સવના મંચ-મંડપ ગજવનારા મહિલા સંમેલનનો માહોલ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

કૌશલ્ય તા. ૯, ૧૦ નવેમ્બરના રોજ મહોત્સવનો મંચ પણ ગજવવાનું હોવાથી સ્વામીશ્રીએ આ દિવસો દરમ્યાન 'નગર'ના નિકટવર્તી 'સંત આશ્રમ'માં સંત સંમેલન ગોઠવી દીધું.

પ્રવૃત્તિની ધમધમાટી વચ્ચે કથા-કીર્તનની કડકડાટી બોલાવવાનું આ આયોજન આપનારા તેઓ જળ ઉપર કમળ રહે તેમ પ્રવૃત્તિથી નિર્લેપ રહેતા. તેની નિશાની આ સંત-શિબિર બની રહી.

તા. ૯/૧૧ની સવારે આ શિબિરનું દીપ પ્રગટાવીને વિધિવત્ ઉદ્‌ઘાટન કરતાં સ્વામીશ્રીએ કહ્યું:

"જેમ ગુણાતીતાનંદ સ્વામીએ વરતાલમાં છાવણી કરી તેમ આ છાવણી છે. આ આશ્રમ એવો ગોઠવાઈ ગયો છે કે જગતનું કાંઈ અડે જ નહીં. 'નગર'માં સેવા કરીએ છીએ, પણ સાધુતા શોભાડવાનો વિચાર રાખવો. આપણે ભવિષ્યમાં બહુ પ્રચાર કરવાનો છે અને દેશ-પરદેશમાં ડંકા મારવા છે. પણ જો 'બેઝ' (પાયો) પાકો હોય તો વાતાવરણ અસર ન કરે. આપણે રુચિ સારી રાખવી. આ બખ્તર પહેરી લીધું હોય પછી દુનિયાનું કોઈ વાતાવરણ અસર ન કરે.

અનંત જન્મ ધરીશું તોય આ લાભ મળશે નહીં. માટે દેહ ચૂરેચૂરા કરવાનો વિચાર કરવો. તમારી સેવા-ભક્તિ બધું જ ભગવાન જાણે છે. પછી અમારા જેવા ન જાણતા હોય તો એની જરૂર નથી. કોઈનો શબ્દ લાગવો જોઈએ નહીં. ભગવાનનાં ચરણારવિંદમાં રાખ થઈ જવાનો સંકલ્પ રાખવો. બહાર ગમે તેટલું સારું દેખાતું હશે પણ એમાં દુઃખ છે, છે ને છે. સંકલ્પ-વિકલ્પ હશે એનો અહીં નાશ થશે. શાંતિ પણ અહીં થવાની છે. આ વાક્યોમાં બરાબર શ્રદ્ધા-વિશ્વાસ રાખવાં. શ્રદ્ધામાં તર્ક કામ આવતા નથી.. તર્ક બુદ્ધિનો વિષય છે અને આ વાત બુદ્ધિથી પર છે."

આ અસ્ખલિત પુરોવચન કહ્યા બાદ ગઢડા મધ્ય પ્રકરણના ૪૭મા વચનામૃતનું નિરૂપણ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ વચનામૃત સતત મનન કરીને જીવમાં દૃઢ કરવા જેવું છે.'

આમ, 'નગર'ના માંડવે જ્ઞાનવિલાસનું વાતાવરણ ખરેખરું જામી ગયું.

ભજન કરવું એટલે કહે તેમ કરવું

સંત સંમેલનના એક કાર્યક્રમરૂપે તા. ૯/૧૧ની રાત્રે યોજાયેલી

પ્રશ્નોત્તરીમાં જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ પૂછ્યું કે 'બાપા! આપનાં પ્રવચનમાં, પત્રોના જવાબમાં ભજનનો આગ્રહ હોય છે, તો એ ભજન એટલે શું?'

'ભજન કરવું એટલે (ભગવાન અને સંત) કહે તેમ કરવું.' સ્વામીશ્રીએ ટૂંકમાં જ સ્પષ્ટતા કરી આપી.

ગ્રંથો ભરાય એવા વિષયોને એક વાક્યમાં કહી દેવાની તેઓની વિશેષતા મસ્તક ઝુકાવી દે તેવી હતી.

તે સાથે વરસતાં સ્વામીશ્રીએ તા. ૧૦/૧૧ની સવારે પણ વચનામૃત (વર. ૧૨) રેલાવી દીધું કે –

'બાપનો નિશ્ચય મા કરાવે છે, એવી જ રીતે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય સત્પુરુષ થકી જ થાય છે. એ સિવાય ભેળસેળ થઈ જાય. અને આ નિશ્ચય થયા પછી જીવ વૃદ્ધિને પામે છે. પછી તો દિવસે-દિવસે બળ અને ઉત્સાહ જ રહે. એ છક કાયમ રહ્યા જ કરે. આ સત્પુરુષ મળ્યા છે એનો નિશ્ચય હોય તો પણ દિવસે દિવસે વધતો જાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, સાધુતા વગેરે વૃદ્ધિ પામ્યાં જ કરે. જ્યારે ઉઠાડો ત્યારે આનંદ. ઉદાસીનતા આવે જ નહીં. જ્યાં સુધી કોઈ સંશય કે તર્ક થાય ત્યાં સુધી નિર્ભય થયો નથી.

પૂર્ણિમા જેવો થયો હોય તોય ગાફલતા રાખવાની જરૂર જ નથી. ગમે એવો બળિયો હોય એને ભમરી બુડાડે જ. વંટોળિયો એને ફગાવે જ. એટલે ગમે તેવા ધ્યાની, ભજની કે જ્ઞાની હોઈએ, તોય જે મોળી વાત કરતો હોય એની પાસે જવું જ નહીં. એની વાત સાંભળવી જ નહીં. વાતની ગમે એટલી છટા હોય તોય ઝેર છે. કોઈ જતા હોય તો એનેય બચાવી લેવા. નિશ્ચયની બાબતમાં તો બહુ સાવધાન રહેવું. આપણને મહારાજનો સાક્ષાત્ જોગ થઈ ગયો છે પછી મોળા કેમ પડાય?'

મનની કચાશ કાઢે એવી વાતો સંભળાવી સ્વામીશ્રીએ સૌને સાધના-માર્ગે સાબદા કરી દીધા.

સંસ્થા અને સત્પુરુષ એક જ છે

તા. ૧૦/૧૧ની સાંજે યોજાયેલું 'સંતશિબિર'નું સમાપન-સત્ર પણ પ્રશ્નોત્તરીથી રસપ્રદ બની રહ્યું. તેના રસ-સંદેશને વધુ ઘૂંટતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'સંસ્થા અને સત્પુરુષ એક જ છે. એમાં અર્થના અનર્થ કરવાની જરૂર

નહીં. આ સંસ્થા માટે જ આપણે મરી છૂટવું છે. સૌ મળીને સંસ્થા છે. દેહાભિમાન મૂકીને પણ સૌની સાથે કામ કરવું છે. સત્પુરુષ માટે મનધાર્યું મૂકીને પણ પ્રયત્ન કરવો.

દરેક વિભાગે ખંતથી સેવા કરી તો સુંદર કાર્ય થઈ ગયું. મુશ્કેલી આવી પણ એમાંય એક અવાજ હતો તો છેલ્લી ઘડીએ પણ કામ પૂરું થઈ ગયું. દરેકે મહિમાથી કામ કર્યું છે, છતાં અજાણતામાં કેટલીક ભૂલો થઈ જાય. જેમ રસોઈ કરીએ એટલે દાઝવાનું તો થાય જ. પણ તે વખતે ચોંટેલાને ઉખેડવાનો પ્રયત્ન કરવો. દરેકની આ ફરજ છે. આપણું જ કુટુંબ છે. આપણી જ વાત છે. આટલી વાત કરશો તો અનંત ગણો સમાસ થશે. માટે મહિમાની જ વાતો કરવી.

લોકો ગુણ લઈને જાય એવી ક્રિયા, વર્તન અને વાતું હોવી જોઈએ. સેવા ન થાય તો કાંઈ નહીં પણ અસેવા તો ન જ થવી જોઈએ. તોય મોટામાં મોટી સેવા મહારાજ અને સ્વામી માની લેશે. ગમે તેવા પ્રસંગ કદાચ બને પણ એક સંપ અને સંગઠન તૂટવું ન જોઈએ. આ સંસ્થા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ માટે જ આપણે જન્મ્યા છીએ.'

આવાં બળપ્રેરક વચનો સંભળાવીને સ્વામીશ્રીએ બે દિવસ સુધી તો પ્રવૃત્તિના પારાવાર વચ્ચે જ્ઞાન-ધ્યાનનો ટાપુ રચી દીધો.

આ કાર્ય ખરેખર અદ્ભુત છે

મહોત્સવના દિવસો દરમ્યાન સ્વામીશ્રીનો નિવાસ શહેરના જુદા જુદા શ્રેષ્ઠીઓના ઘેર બદલાતો રહેતો.

તે રીતે સૌને લાભ આપતા સ્વામીશ્રી તા. ૧૧/૧૧ની સાંજે શ્રી રમણભાઈ પટેલના ઘેરથી 'નગર'માં પધાર્યા ત્યારે પૂર્વ નાણાંમંત્રી શ્રી એચ. એમ. પટેલ તેઓને મળવા આતુર હતા. 'નગર'ને પૂર્ણતયા માણી ચૂકેલા આ વિચક્ષણ મહાનુભાવ સ્વામીશ્રીને મળતાં જ બોલી ઊઠ્યા: 'આપની પ્રેરણાથી જેમણે આ કાર્ય કર્યું તે ખરેખર અદ્ભુત છે.'

'આ બધા ભણેલા સંતોએ આયોજન કર્યું છે.'

'ભણ્યા એ તો ફક્ત જ્ઞાન થયું કહેવાય, પણ જ્ઞાનનો સદુપયોગ કેવી રીતે કરવો એ તો આપ જેવા શિખવાડે. Dedication (સમર્પણ) અને determination (દૃઢ નિર્ધાર) તો આપમાંથી આવે છે.'

આવા જ અહોભાવના સૂર શ્રી પટેલે આજની રાત્રિસભામાં પણ રેલાવ્યા. તેની સંગતમાં સુરતના યુવક મંડળે રજૂ કરેલો સંવાદ 'બંધ દરવાજા' તો રાજ્યસ્તરે આયોજિત નાટ્ય-સ્પર્ધામાં પ્રથમ સ્થાન પામેલો! તેની પ્રસ્તુતિએ સૌનાં હૃદયદ્વારને ખોલી નાંખ્યાં.

તેમાં પ્રવેશેલી તા. ૧૨/૧૧ના રોજ દિવાળી હોવાથી 'નગર'ના આંગણે પણ દીવડા પ્રગટી ઊઠ્યા. આજના આ સપરમા દા'ડાની સવારે 'નગર'ના સમીપવર્તી 'માનવ મંદિર'માં દર્શન કરનારા સ્વામીશ્રીએ સાંજે 'નગર'ના મંચ પર બિરાજી ચોપડા પૂજન કર્યું. તેના અંતે ત્રણ હજારથીયે વધુ ચોપડાઓ પર તેઓના પ્રાસાદિક પુષ્પ-અક્ષત વરસતાં જ સૌ માટે શુભ-લાભનાં પાનાં ઊઘડી ગયાં.

આ માંગલિક વિધિને અનુસરતાં યોજાયેલી રાત્રિસભામાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલ એક પૂર્વસ્મૃતિમાં સરી પડી કહેવા લાગ્યા:

''હું એક દિવસ સાંજે લાલ દરવાજે ગાંધીનગર જવા બસ સ્ટેન્ડે ઊભો હતો. મારે એક ભાઈ સાથે વાત થઈ કે 'આ વખતે શું થશે? ગુજરાત બચશે? અનાજ ને ઘાસ તો ગમે ત્યાંથી લવાય પણ પાણી વગર શું થશે?'

'વરસાદ આવવાનો છે.'

'પણ કોઈ ચિહ્‌ન તો દેખાતું નથી.'

'પ્રમુખસ્વામીએ કહ્યું છે.'

'તોય મનાય કેમ? કોઈ વાતાવરણ નથી.'

'એ બધું આપણને ન સમજાય. તેઓ અંતર્યામી છે.'

...અને ખરેખર વરસાદ થયો, ગુજરાત ભયંકર દુષ્કાળમાંથી બચ્યું.''

આ સ્વાનુભવ વર્ણવી શ્રી બાબુભાઈ પટેલે ઉમેર્યું:

''હિંદુસ્તાનમાં ભાગ્યે જ એવો ધર્મ છે જેનો વિકાસ આ સંસ્થા જેવો થયો હોય. આ સંસ્થાએ લોકોને ખૂબ આકર્ષ્યા છે. આ ધર્મમાં જગતભરના પ્રશ્નોનો ઉકેલ આપવાની શક્તિ છે. હું જ્યારે લંડનમાં ગયો ત્યારે ત્યાં લક્ષાધિપતિઓ પડીકાં વાળતા હતા. અહીં પણ ઠેકાણે ઠેકાણે એવા માણસો કામ કરી રહ્યા છે. માથું નમે છે. અમે રોટલા ખાઈએ ત્યારે આપણા કરતાં સુખી ઘરના સજ્જનો અમારી થાળી ઉપાડે, પીરસે, જમાડે. યોગીઓને પણ અગમ્ય એવો સેવાધર્મ આ લોકોનાં દિલમાં ઉતારવામાં આવ્યો છે.''

સ્વામીશ્રીએ જન-જનનાં હૃદયમાં સેવા અને શ્રદ્ધાના દીવડાઓ

પ્રગટાવી દીધેલા. તેનો પ્રકાશ ઉપરોક્ત અભિપ્રાયમાં ઝળહળી ઊઠ્યો છે. એક સંતે જે કાર્ય કરવાનું હોય તેમાં સ્વામીશ્રી કેટલી હદે સફળ રહેલા તેનો આ પુરાવો છે.

તે જોઈ સૌ દિવાળીનાં મંગળ વધુ બુલંદ સ્વરે ગાઈ રહ્યા.

એ તો સુફળ થઈ એની વાણી

તા. ૧૩/૧૧ના રોજ 'નગર'ના આંગણે જ વિક્રમ સંવત ૨૦૪૨નો શુભારંભ કરતાં સ્વામીશ્રીએ નૂતન વર્ષની પ્રથમ મહાપૂજામાં વિવિધ સંકલ્પોની પરિપૂર્તિ માટે ધૂન કરાવી. તેમાં તેઓએ ઉચ્ચારેલો એક ઉદ્ગાર સાંભળી ચારેકોર આશ્ચર્ય ફરી વળ્યું. આ સમયે સ્વામીશ્રી બોલ્યા: 'ન્યૂજર્સીની ૧૬૦ એકર જમીનમાં સુંદર આયોજન થાય...'

સ્વામીશ્રીનો આ સંકલ્પ આજે સવાયો સિદ્ધ થયેલો જોઈ શકાય છે. સત્સંગના સીમાડાઓને વિસ્તારવાનું કેટલું સ્પષ્ટ આયોજન હતું તેઓ પાસે!

આવી અપ્રતિહત ક્રિયાશક્તિ અને ઇચ્છાશક્તિ ધરાવતા તેઓ મહાપૂજા તથા પ્રાતઃપૂજાના સંગમમાં સૌને ઝબકોળી પહોંચ્યા – શાહીબાગ-સ્થિત મંદિરે. અત્રે ઠાકોરજી સમક્ષ ગોઠવાયેલા અન્નકૂટની આરતી ઉતારી પુનઃ 'નગર'માં પધારેલા સ્વામીશ્રીએ અહીંના મંદિરમાંય અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રેમપૂર્વક અન્નકૂટ ધરાવ્યો.

જો કે સ્વામીશ્રી આવતાં જ થાળ ગાતાં સંતો અટક્યા, પણ સ્વામીશ્રીએ બે થાળ વધુ ગવડાવી મહારાજ-સ્વામીને વિશેષ જમાડ્યા. આ જ ભક્તિભાવથી તેઓએ એકવીસ દીવાની સોનેરી રંગની આરતી હાથમાં લઈ ઠાકોરજીને ઝળહળતું અર્ઘ્ય ધર્યું.

પરંતુ આ આરતી તાત્કાલિક ધોરણે તૈયાર કરી હોવાથી તેને લગાડેલો સોનેરી રંગ બરાબર સુકાયો નહોતો. તેથી તે સ્વામીશ્રીની હથેળીમાં ઠીક-ઠીક ચોંટ્યો. તે જોઈ બાજુમાં બેઠેલા લંડનના અગ્રણી હરિભક્ત શ્રી સી. એમ. પટેલે પૂછ્યું: 'બાપા! આ શું થયું?'

'*યોગી આવો તે રંગ મુને શીદ લગાડ્યો...* યોગીબાપાનો રંગ લાગી ગયો છે.'

મંદ મંદ સ્મિત વેરતાં સ્વામીશ્રીએ કરેલી આ સ્પષ્ટતામાંથી તેઓની ગુરુમય સ્થિતિ પ્રકાશી રહી.

તેના ઉજાસમાં યોજાયેલી આજની રાત્રિસભામાં 'રામકૃષ્ણ મિશન'(હૈદરાબાદ)ના પૂજ્ય રંગનાથાનંદજીએ 'Preparing Ourselves for the 21st Century' (૨૧મી સદી માટે સ્વયંને સજ્જ કરો) વિષયક વિચાર-પૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું.

'નગર' અંગે પણ પ્રતિભાવ આપતાં તેઓએ જણાવ્યું: 'આ રચનાથી હું અત્યંત પ્રભાવિત થયો છું. આપણી સંસ્કૃતિ આદર્શો, કળાઓ અને આધ્યાત્મિકતાથી સમૃદ્ધ છે. તે બધાંનું નિદર્શન અહીં થયું છે.'

વાત્સલ્ય અને વ્યવસ્થાશક્તિ

તા. ૧૪/૧૧નો દિવસ બાળકોને સમર્પિત હોવાથી સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી માંડી રાત્રિસભામાં નિર્દોષ ભૂલકાંઓની ભોળી રજૂઆતોનો દબદબો રહ્યો. તેમાં પણ પૂરતો રસ લઈ સ્વામીશ્રીએ સૌને પ્રોત્સાહિત કર્યાં. એક તરફ 'નગર'માં રોજેરોજ ઊમટતા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાના મહાનુભાવોની સાથે તેઓએ આજે જે રીતે શિશુઓનેય સાંભળ્યા-સંભાળ્યા તે જોઈ 'દક્ષિણામૂર્તિ' સંસ્થાના આચાર્ય શ્રી દીપકભાઈ મહેતા વિસ્મય અનુભવી રહ્યા.

તે પ્રગટ કરતાં તેઓએ સભાના સંબોધનમાં કહ્યું:

"અમારી સંસ્થાનો ધ્યાનમંત્ર છે: 'गुरोस्तु मौनं व्याख्यानम्।' ગુરુનું મૌન પણ પ્રેરક પ્રવચનની ગરજ સારે છે. અહીં મને મારા એક ખાસ મિત્રે પૂછ્યું કે 'અત્રે બધા જ સ્વયંસેવકોને જાતે કામ કરતા જોઈને તમને નવાઈ નથી લાગતી?' એના જવાબમાં મેં ના પાડી.

ત્યારે તેઓએ વળી પૂછ્યું: 'અહીં ડૉક્ટરો, વકીલો વગેરે મળીને નાનામાં નાનું કામ કરે છે, તોય તમને નવાઈ નથી લાગતી?'

મેં કહ્યું: 'મને કાંઈ નવાઈ નથી લાગતી, કારણ કે જેના ધર્મગુરુ પોતે નાનામાં નાની સેવા કરતાં અચકાતા નથી, તો એમના શિષ્યો આ કામ કરે એમાં શું નવાઈ લાગે?"

સ્વામીશ્રીના નમ્ર અને સેવાભાવી જીવનનો આ પડઘો હજી તો શમ્યો નહોતો ત્યાં જ તા. ૧૫/૧૧ની સવારે નવ વાગ્યે તેનો વધુ એક સૂર ગુંજી ઊઠ્યો.

આ સમયે 'નગર'ના સ્વાગત-કક્ષના બારણે ખડકાયેલી મુલાકાતીઓની હારમાળા બપોરના બાર વગાડે તેવી લાંબી હતી. તેમાં લંડનવાસી એક ભક્તે

પોતાનો વારો આવ્યો ત્યારે પોતાના મનમાં રમી રહેલા પંચતીર્થીના કાર્યક્રમ અંગે સ્વામીશ્રીની સલાહ માંગી. તે વખતે સ્વામીશ્રીએ તેઓને કયા મંદિરેથી યાત્રાની શરૂઆત કરવી, તે પછી કેવી રીતે આગળ વધવું, ક્યાં રાત્રિ-રોકાણ કરવું, ક્યાં જમવું વગેરે બાબતો ખૂબ ઊંડાણપૂર્વક સમજાવી. એટલું જ નહીં, તેઓએ જાતે જ સમગ્ર કાર્યક્રમ તે સત્સંગીને લખી આપ્યો પણ ખરો!

ક્યાં એક તરફ બસો એકરમાં પથરાયેલો વિરાટ મહોત્સવ અને ક્યાં બીજી તરફ એક ટચૂકડી તીર્થયાત્રાની વિગત! ક્યાં એક બાજુ ઉત્સવના આંગણે રોજેરોજ ઊમટતા હજારો મનુષ્યોની વ્યવસ્થાનો કારોબાર અને ક્યાં બીજી બાજુ બે-પાંચ વ્યક્તિ સાથે સંલગ્ન આ મામૂલી મામલો!

છતાં આ બંને અંતિમોને અદલ ન્યાય આપનારા સ્વામીશ્રીનાં વાત્સલ્ય અને વ્યવસ્થાશક્તિ કેવાં અમાપ જણાય છે!

મજબૂત ખભાના મહામાનવ

તા. ૧૫/૧૧ની રાત્રિસભાના એક અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત હતા – શ્રી મોહનભાઈ પટેલ. મુંબઈ મહાનગરના શેરીફનું પદ શોભાવતા આ ખ્યાતનામ ઉદ્યોગપતિએ સંસ્થાનો સત્કાર સ્વીકાર્યા બાદ જણાવ્યું કે –

"અહીંનું આયોજન અને અદ્ભુત વ્યવસ્થાશક્તિ જોઈ ત્યારે થયું કે 'દેશભરમાં જે 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ'ની કૉલેજો છે તેના પ્રિન્સિપાલ તરીકે થોડોક વખત જો પ્રમુખસ્વામી જેવા સંતની નિમણૂક કરવામાં આવે તો વ્યવસ્થાશક્તિના ઘણાખરા પ્રશ્નો ઊકલી જાય.'

પ્રમુખસ્વામીમાં જે સાદાઈ અને સહજતા છે તે સ્પર્શી જાય એવાં છે. ભાષાનો કોઈ આડંબર નહીં કે વિચારોનું ભારેખમપણું નહીં. જેવું હૃદયમાંથી નીકળે એવું જ બોલે. ઊંચા સ્થાને બેઠેલો માણસ નીચેનાને વાત કરે છે એવો ભાવ નહીં.

પ્રમુખસ્વામીને એક નિવેદન છે. હિંદુ ધર્મમાં ઘણું જુદું જુદું કહેવાતું આવ્યું છે. 'હિંદુ ધર્મનો નિચોડ શું?' એમ પૂછે છે ત્યારે સમજાવી શકાતું નથી. બધા જ મતો પોતપોતાની રીતે ફાવે એમ છણાવટ કરતા હોય છે. એટલે આપ બધા ફિરકાઓને ભેગા કરીને, રાહબરી લઈને, દેશ-કાળ અને ધર્મ સમજીને પૂરો નિચોડ કાઢીને હિંદુઓ સમક્ષ મૂકો અને કોઈ જુદું મંતવ્ય આવે તો આપ જેવા મધ્યસ્થી એનો 'ફાઇનલ ઓપિનિયન' (અંતિમ

અભિપ્રાય) આપે. પ્રમુખસ્વામીના ખભા પર આવો ભાર નાંખવા જેવો છે. એમના ખભા કેટલા મજબૂત છે! તેઓ જે કામ હાથમાં લે તે પૂરું થાય જ!''

સમાજના સામાન્ય જનોથી માંડી શ્રેષ્ઠી સુધી સૌના વિશ્વાસપાત્ર બની રહેલા સ્વામીશ્રી!

તે સાથે સૌના એટલા જ પ્રીતિપાત્ર તેઓ આજની રાત્રિસભા બાદ જ્યારે ઉતારે જવા નીકળ્યા ત્યારે તેઓની ગાડીની ચોતરફ સંતો દર્શન માટે ઊભા રહી ગયા. સ્વામીશ્રીએ તે સૌને 'જય સ્વામિનારાયણ' પાઠવ્યા. તે વખતે કો'ક બોલ્યું: 'બાપા! આજે પેલી ખભાની વાત સારી થઈ.'

'હા, પણ અમારા ખભા કોણ? તમે બધા. તમે સૌ કાર્ય કરવા મંડી પડો.'

આ મહિમાસભર મર્મવાક્ય સુણાવી સ્વામીશ્રીએ વિદાય લીધી.

તેના મનમાં છે મોટો ઉમંગ

તા. ૧૬/૧૧ની પ્રાતઃપૂજા બાદ હરિભક્તોએ ખરીદેલાં પુસ્તકોમાં સ્વામીશ્રી હસ્તાક્ષર કરવા લાગ્યા ત્યારે સામે સાહિત્યનો ખડકલો ખાસ્સો હતો. તે જોઈ એક સંતે સૂચવ્યું: 'બાપા! બધાં પુસ્તકોમાં હસ્તાક્ષર કરવાની કાંઈ જરૂર નહીં.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'હમણાં શિબિરમાં સૌ સંતોને 'સેલ્સમેન' બનવાની વાત થઈ હતી ને! આમ તો હું દોડાદોડી ન કરી શકું એટલે પછી મેં આવી રીતે જાહેરાત કરાવી કે 'જે પુસ્તકો લેશે એને હું સહી કરી આપીશ.' હું આ રીતે સેવા કરું છું. વળી, સંતોની આજ્ઞા પળાય ને!'

સેવાની ધગશ અને અનુશાસનમાં રહેવાની વૃત્તિ સ્વામીશ્રીમાં ગજબની હતી.

પરંતુ તે જોઈ જ્ઞાનયજ્ઞદાસ સ્વામીએ તેઓને ગઈકાલે કહેલું : 'બાપા! મોટાં પુસ્તકો બરાબર છે, પણ નાની-નાની પુસ્તિકાઓમાં સહી કરવાની જરૂર નહીં.'

'ભગવાનનું પુસ્તક, તેમાં વળી નાનું શું ને મોટું શું?' સ્વામીશ્રીએ જણાવેલું.

તેઓના અંતરમાં શ્રીજીમહારાજના મહિમાનો મહાસાગર નિરંતર ઘૂઘવ્યા કરતો. તેથી સ્વામીશ્રીના ઉમંગમાં કદી ઓટ આવતી જ નહીં.

ખૂબ જ સરળ અને આધુનિક દૃષ્ટિકોણવાળા

તા. ૧૬/૧૧ની રાત્રે ૭:૫૦ વાગ્યે સ્વામીશ્રી 'નગર'માં પધાર્યા ત્યારે અત્રે મુખ્યમંત્રીના અંગત સચિવ તેઓની પ્રતીક્ષામાં હતા. આ અરસામાં રાજ્યના શિક્ષણખાતાએ 'નગર' અને 'જીવન-દર્શન પ્રદર્શન'નો વીડિયો પ્રકાશિત કરવાનું વિચારેલું. પિસ્તાલીસ મિનિટની આ ફિલ્મમાં સમાવવા માટેના આશીર્વાદ લેવા આવેલા સરકારી સચિવની ઇચ્છા પૂર્ણ કરી સ્વામીશ્રી રોજિંદી રાત્રિસભામાં પધાર્યા.

તેમાં અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત 'ગુજરાત ગ્રાહક સંશોધન મંડળ'ના પ્રમુખ શ્રી મનુભાઈ શાહે સ્વામીશ્રીનો સ્વાનુભવ વર્ણવ્યો કે 'પરદેશમાં ન્યૂયોર્ક, લંડન, ટોરોન્ટો વગેરે શહેરોમાં ભારતીય કુટુંબોના સંસ્કાર માટે પડકારરૂપ વિપરીત અસરોને બહુ સારી રીતે ખાળી શક્યો હોય તો આ સંપ્રદાય. રવિવારની સાંજે (બી.એ.પી.એસ.) સ્વામિનારાયણ મંદિરમાં જાઓ અથવા સત્સંગીઓનાં ઘેર જાઓ ત્યારે ચોક્કસ પ્રતીતિ થાય કે પશ્ચિમની ભોગ-સંસ્કૃતિને કેટલી આસાનીથી આ સંપ્રદાય ખાળી શક્યો છે! સાંપ્રત સમાજમાં ધર્મના જે વડાઓ છે તેમાંથી પ્રમુખસ્વામી મહારાજ ખૂબ જ સરળ અને આધુનિક દૃષ્ટિકોણવાળા છે.'

પોતાના પ્રેમ અને પરિશ્રમનું પાણી સીંચીને સ્વામીશ્રીએ મહોરાવેલો પરદેશનો સત્સંગ પણ સૌને તેઓ વિષે અહોભાવ જન્માવતો.

પરંતુ આવી બિરદાવલીઓથી બિલકુલ નિર્લેપ સ્વામીશ્રી તો શ્રીજી-મહારાજની નવધા ભક્તિમાં જ અખંડ રાચતા. તેની એક આહ્‌લાદક ઝાંખી આજની રાત્રિ કરી રહી.

આ સમયે સભામાં રજૂ થયેલા પ્રસિદ્ધ ગાયક શ્રી આશકરન શર્માના ભજનગાન બાદ, સ્વામીશ્રીને સભામંડપથી 'નગર'ના સ્વાગત કક્ષ સુધી લઈ જવા માટે ડૉ. મધુભાઈ પટેલની 'ફીઆટ' ગાડી તૈયાર હતી. પરંતુ આ વાહન નવું હોવાથી સ્વામીશ્રીએ પૂજન કરવાની ઇચ્છા બતાવી, ત્યારે સંતોએ કહ્યું: 'બાપા! અહીં સભા હમણાં જ છૂટી છે અને ગિરદી ઘણી છે. તેમાં આપ પૂજન કરવા ઊભા રહેશો તો ધસારો વધી જશે. માટે આમાં બેસી મિલન-કક્ષ સુધી પહોંચી જાઓ અને ત્યાં પૂજન કરજો.'

સંતોની આ વાત વાજબી તો હતી, છતાં સ્વામીશ્રીએ તે ન સ્વીકારી.

તેઓએ ઠાકોરજી મંગાવી તેઓ સમક્ષ ગાડીનું પૂજન કર્યું અને તે પછી જ તેમાં બિરાજી આગળ વધ્યા. સંજોગો ભલે વિપરીત હોય, પણ તે સ્વામીશ્રીની ભક્તિમાં મોળપ લાવી ન શકતા.[૪૭]

પ્રમુખસ્વામીએ જબરજસ્ત યુવાશક્તિ ઊભી કરી છે

તા. ૧૭/૧૧ની સવારે મહોત્સવના મહેમાન બનેલા મહાનુભાવોમાં એક હતા – શ્રી ધર્મવીર ભારતી. હિંદી પાક્ષિક 'धर्मयुग'ના આ તંત્રીએ 'आज मेरे बड़े भाग्य कि आपके दर्शन हुए...'નો અહોભાવ વ્યક્ત કરતાં પૂછ્યું: 'स्वामीजी! कौन-सा बिंदु ऐसा है जहाँ श्रद्धा अंधविश्वास में बदल जाती है?'

આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ કહ્યું: 'मानव जब इस लोक में भौतिक प्रलोभनों की कामना से मंदिर में आता-जाता है तब तक वो अंध-विश्वास में ही रहता है। जिसको कुछ स्वार्थ नहीं है, वे लोग श्रद्धालु रहते हैं।'

સ્વામીશ્રીના આ સચોટ સમાધાનથી સંતોષ પામેલા એ વિદ્વાન પત્રકારે વધુમાં પૂછ્યું: 'गुरुओं के साथ चमत्कार जुड़े जाते हैं, तो यह भावना समाज को नुकसानकारक नहीं है?'

'इसलिये ही भगवान स्वामिनारायण ने अपने सिद्धांतों में चमत्कारों को बहुत स्थान नहीं दिया है। चमत्कार से जीवन में स्थिरता नहीं आती। भगवान की मूर्ति में चमत्कार है ऐसा हम मानते हैं, लेकिन मानव का जीवन-परिवर्तन हो, उसे ही हम सच्चा चमत्कार समझते हैं।'

આવા ચમત્કારના ચમકારા 'નગર'ના ખૂણે-ખૂણે દૃષ્ટિગોચર થઈ રહેલા.

તેના પુરાવારૂપ એક વ્યક્તિ આજની રાત્રે સ્વામીશ્રીના મુલાકાત-કક્ષ પાસે આવીને બેસી ગયેલી. આ અતિથિને રાત્રે સવા દસ વાગ્યે સ્વામીશ્રીને મળવાનો મેળ પડ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે આશરે એકાદ કલાકથી પ્રતીક્ષા કરી રહેલા એ રાઘુભાઈ તો ભાલ પ્રદેશમાં વસતી ભરવાડ જ્ઞાતિના એક બહોળા સમુદાયનું ગુરુપદ સંભાળે છે!

'ભગત'ની પદવીથી પ્રસિદ્ધ આ મુરબ્બી અહીં આવતાં પહેલાં

---

૪૭. નગરના આંગણે ઊજવાયેલા દિવાળી-અન્નકૂટના પર્વ તથા મહોત્સવની અન્ય આકર્ષક ઝલક માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

'નગર'ના મુખ્ય દ્વારની વાયવ્ય દિશામાં ઊભેલા 'અક્ષરબ્રહ્મ મહાયાગ મંડપ'માં પહોંચી ગયેલા. પોતાની ડાબી બાજુ 'સત્સંગ મંડપ' અને જમણી બાજુ 'મીરાં કીર્તન મંડપ' તથા સામે મંત્રવેદિકા ધરાવતા આ 'મહાયાગ મંડપ'માં વ્યસનમુક્તિનો નિત્યયજ્ઞ ચાલતો હતો.

તા. ૭/૧૧ની સવારથી સ્વામીશ્રીએ ધખતી કરેલી તેની ધૂણીનો ધુમાડો કંઈક મનુષ્યોને પાવન કરી રહેલો. તેથી કો'કે 'હવેથી પત્ની પર ગુસ્સો નહીં કરું...'ની પ્રતિજ્ઞા લીધેલી; તો કો'કે 'હવેથી દૂધમાં પાણી નહીં નાંખું...' એમ જીભ કચરેલી; તો કોઈએ 'હવેથી ખિસ્સા નહીં કાપું...'ના નિયમ પણ લીધેલા. પરિવર્તનની પરંપરા સર્જતા આવા આ 'ચમત્કારી' સ્થાનમાં પેલા ગાદીપતિ રાઘુભાઈ તો કેવળ કુતૂહલવશ જ પહોંચેલા, પરંતુ તેઓનેય 'ચમત્કાર'ની ચિનગારી અડી ગઈ.

ત્યાં બેઠેલા એક સ્વયંસેવક શ્રી લક્ષ્મણભાઈએ આ 'ગુરુ'ને તેઓની બીડીનું વ્યસન કાઢવાની વાતો કરતાં જેમ જલતી બીડી-સિગારેટ પર હળવે હાથે આંગળી ઠપકારો ને ગલ ગળે, તેમ આ 'ભગત'નું વ્યસન ખરી પડ્યું. તેથી તેઓને થયું કે 'આ સ્વયંસેવકો આવા છે તો ગુરુ કેવા હશે!'

આ વિચારથી સ્વામીશ્રીનાં દર્શને દોડી આવેલા એ રાઘુભાઈએ અહીં સ્વામીશ્રીનો આભાર માનતાં કહ્યું: 'બીજું બધું તો પહેલાં મૂક્યું હતું, આજે બીડી પણ છોડી દીધી. અહીં મને લાગ્યું કે આ બધો નશો નકામો છે. મારે તો બસ! હવે આપની શક્તિ અને ભક્તિ જોઈએ છે.'

'ભગવાનની ભક્તિ કરજો, એ શક્તિ આપશે.'

'મને આપનું સંભારણું જોઈએ છે. કંઠી આપો તો તો બહુ સારું.'

તેઓની આ ઇચ્છા જોઈ સ્વામીશ્રીએ તેઓને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. સુખડની માળા પણ ભેટ આપી નિત્ય સ્મરણ કરવા કહ્યું.

આવા તો ૧૨,૫૦૦થી વધુ માનવીઓ હતા, જે આ ઉત્સવ દરમ્યાન વ્યસનમુક્ત થઈને નવજીવનના માર્ગે વળ્યા. તેથી આ સમૈયો સાચે જ જીવન-ઉત્કર્ષનો ઉત્સવ સાબિત થઈ રહ્યો.

આવો જ કંઈક અભિપ્રાય તા. ૧૭/૧૧ની રાત્રિસભામાં 'Aim in an Aimless Society' (ધ્યેયવિહીન સમાજમાં ધ્યેય) વિષયક વક્તવ્ય રજૂ કરવા પધારેલા પૂજ્ય ચિન્મયાનંદ સ્વામીએ ઉચ્ચાર્યો હતો. નગર-દર્શનથી પ્રભાવિત થઈને તો તેઓ બોલી ઊઠ્યા: 'क्या बनाया है!'

તેઓના આ સૂરમાં સૂર મિલાવતાં દેના બેંકના ચેરમેન શ્રી પી. વી. ગાંધીએ પણ ભાવોર્મિ વહાવી દીધેલી કે 'મારાં ૬૩ વર્ષમાં આવું અદ્‌ભુત 'નગર' અને પ્રદર્શન જોયું હોય એવું યાદ નથી. એમાં કુશળ યોજના, વ્યવસ્થાશક્તિ અને ભક્તિ દેખાય છે. પ્રમુખસ્વામીએ જબરજસ્ત યુવાશક્તિ ઊભી કરી છે.'

'અક્ષરધામ'ના આંગણે

ગુણાતીત દ્વિશતાબ્દીની ચિરંતન સ્મૃતિરૂપે સ્વામીશ્રીએ ગાંધીનગરમાં સર્જેલા 'અક્ષરધામ'નો પ્રાસાદ-પ્રવેશ વિધિ તા. ૧૮/૧૧ની સવારે યોજાયો હતો.

આ ઐતિહાસિક અવસરને નજરમાં ભરવા માટે હજારો હરિભક્તો 'અક્ષરધામ'ના આંગણે ઊમટી પડેલા. તેઓના ચહેરા પર ઉત્સાહની સાથે ગૌરવ પણ છલકાતું હતું. તે સાથે મહિલા મંડળે આખી રાતની મહેનત કરીને મુખ્ય પ્રવેશદ્વારથી માંડી છેક ગર્ભગૃહ સુધીનો ગમનપથ પુષ્પ-પાંખડીઓથી સજાવેલો.

આ શોભાને સાર્થક કરતા સ્વામીશ્રીએ પોણા દસેક વાગ્યાના સુમારે પુષ્પસેજ પર પગલાં પાડ્યાં. અહીંથી તેઓ ઠાકોરજી સાથે ડગ ભરવા માંડ્યા તે વખતે સૌ જયજયકાર દ્વારા તેઓને વધાવવા લાગ્યા, તો વાજિંત્રોના નાદ ગગન ગજાવતા રહ્યા ! આ સત્કાર ઝીલતા સ્વામીશ્રીએ 'અક્ષરધામ'ના પ્રથમ સોપાન પર શ્રીફળ વધેરી જળકળશને હાથમાં ધાર્યો.

એ જ અવસ્થામાં તેઓએ અક્ષરધામની પ્રદક્ષિણા ફરી ૯:૫૭ વાગ્યે મુખ્ય ઉદુંબરને પૂજ્યો અને તે પર શ્રીફળ વધેર્યું. તે પછી સ્વામીશ્રીએ સકળશ જમણો ખભો દ્વારશાખને અડાડતાં જમણા ચરણને પ્રથમ પધરાવી પ્રાસાદ-પ્રવેશ કર્યો ત્યારે ચોમેર હર્ષોલ્લાસ વ્યાપી વળ્યો. તેની વચ્ચે જ વાસ્તુવિધિના યજ્ઞકુંડ પાસે જઈ સ્વામીશ્રીએ યજ્ઞનારાયણને હવિ અર્પણ કર્યા બાદ એકવીસ દીવાની આરતી ઉતારી.

આ અવસરે આયોજિત પ્રાસંગિક સભામાં સ્વામીશ્રીનું આસન સ્મારકની અગાશીમાં ગોઠવેલું. વિશાળ જનમેદની સામેના ખુલ્લા મેદાનમાં બેઠેલી. આવી આ સભામાં પધારેલા સ્વામીશ્રીએ 'અક્ષરધામ' અને 'અક્ષર દેરી'ના પ્રતીક ધરાવતા ફુગ્ગાના ગુચ્છને આકાશમાં તરતા મૂકી એક અમર આશીર્વાદ આપતાં જણાવ્યું :

'અમને એટલા ઊંચે બેસાડી દીધા છે કે જાણે અક્ષરધામમાં બેઠા હોઈએ એમ લાગે છે! આપ બધા પણ જાણે અનેક મુક્તો મહારાજની સમીપે બેઠા હોય એવો ભાવ થાય છે. દુનિયાના તમામ માણસો અહીં આવશે, વિશેષતા વધશે, ગાંધીનગરનું મુખ્ય સ્થળ બનશે. એની મહત્તાનું કારણ અનેક ભક્તો, કાર્યકર્તાઓનું એમાં ભક્તિ, સમર્પણ છે. આ મહત્તાનો ખ્યાલ ધીરે-ધીરે વધતો જશે.'

અક્ષરધામની અટારીએથી સ્વામીશ્રીની આ આર્ષવાણી વિરમી ત્યારે *'હરિભક્તને હરખ કરંતી...'* વધુ એક ઘટના સંપન્ન થઈ.

આ સેવા ને આ સાધુ નહીં મળે

તા. ૧૮/૧૧ની રાત્રિસભામાં પધારેલા વિખ્યાત જૈનમુનિ શ્રી ચિત્રભાનુજીએ 'મિત્રતા – આદર્શ અને વાસ્તવિકતા' વિષયના આધારે મૈત્રીનો મર્મ સંભળાવવાની સાથે સ્વયંસેવકોની સરાહના પણ કરી કે 'આ લોકોનું સમર્પણ આ કાળમાં દૃષ્ટાંતરૂપ છે. આ બધા આત્માઓ ઊંચા છે. જંગલમાં મંગલ કરી દીધું છે.'

આવા જ અહોભાવનો સૂર રેલાવતાં આજની સભાના અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત ઉદ્યોગપતિ શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસે કહ્યું: 'પ્રમુખસ્વામી મહારાજની કામ કરવાની ઢબ, સાદાઈ અને સાથે બેસીએ ત્યારે ખૂબ ભાવ થાય તેવી વર્તણૂક – આ ગુણો બહુ ઓછા ધર્મગુરુઓમાં જોવા મળે છે.'

આવો દુર્લભ ગુણગણ ધરાવતા સ્વામીશ્રી તા. ૧૯/૧૧ની સવારે 'નગર'ના સભામંડપમાં આયોજિત સ્વયંસેવક સભામાં પધાર્યા ત્યારે તેઓના આગમનને વધાવતાં કેટલાક ખાસ ગણવેશધારી સ્વયંસેવકોએ સલામી આપી. તેઓનું આ અભિવાદન સ્વામીશ્રીએ સ્વીકાર્યું તો ખરું, પણ વ્યવસ્થાપકોને સૂચનાયે આપી દીધી કે 'સ્વયંસેવકોને કહી દેજો – આપણને સલામી ન શોભે, હાથ જોડવા.'

પૂર્વની પ્રણાલિકાઓના પુરસ્કર્તા હતા સ્વામીશ્રી.

સૌમાં આ સંસ્કારો સિંચવા ઉત્સવ ઊજવી રહેલા તેઓના વિરાટ કાર્યમાં ટેકો ધરનારાં બાઈ-ભાઈ સ્વયંસેવકોએ સ્વામીશ્રીના આગમનને તાળીઓના ગડગડાટથી વધાવ્યું. રાત-દિવસ એક કરીને સેવામાં જોડાયેલા આ કાર્યકરોને સ્વામીશ્રીનો લાભ મળે તે હેતુ આજની સ્વયંસેવક સભાની

પાર્શ્વભૂમાં હતો. ઉત્સવ પણ મધ્યાહ્ને પહોંચ્યો હોવાથી કેટલાક સ્વયંસેવકો વિદાય લઈ રહેલા અને કેટલાક આવી રહેલા.

તે સૌ પર રાજીપો વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

''વાત કરતાં-કરતાં હવે આપણે અડધે પોગી ગયા છીએ. આપ બધાંની સેવા અને ભોગ ખૂબ છે. સોનાને ખૂબ ગરમ કરવું પડે છે, ત્યારે કિંમત વધે છે. માટલું બનતાં પહેલાં એને કેટલી કસણી ખમવી પડે છે! પથ્થરનો આકાર ઘડવા સલાટ કેટલા ટોચા મારે છે! તે રીતે આપણો પણ બ્રહ્મરૂપ આકાર કરવાનો છે. એ માટે આ ક્રિયા, આયોજન અને ઉત્સવ છે. સમૈયામાં જો સ્વભાવ નીકળી જશે તો આખી જિંદગીનું સુખ થઈ જશે.

આપ સૌ પોતપોતાની ક્રિયામાં રત છો, પણ અંદરોઅંદર એકબીજાની પ્રકૃતિને અનુકૂળ થવાનું છે. વાણીનો સંયમ રાખવાનો છે. આ જો નહીં હોય તો કરેલી વસ્તુનો અર્થ નહીં રહે. અંદરોઅંદર મહિમા સમજીને મોટું મન રાખવાનું છે. બીજો ન સમજે તો ભલે, આપણે તો સમજવાનું જ છે. દરેક ક્રિયામાં 'મારી ભૂલ તો નથી થતી ને?' એ વિચારવાનું છે. પ્રસંગ બને તો વીસરી જવો. તે જ ઘડીએ એકબીજાને નમન કરીને પાણીમાં લીટો! ભજન કર્યા સિવાય બીજું કરીએ છીએ એટલે જ ગુસ્સો થાય છે. માટે નમ્રતાથી મનનું સમાધાન કરવું. બીજે તો સ્વભાવને પુષ્ટિ અને આદર મળશે. સ્વભાવ અહીં જ ટળવાના છે.

અહીં તો ઍન્જિનિયર હોય અને રસોડામાં જવું પડે! પણ બધી જ લાઈન ભગવાનની છે. જેમાં જઈએ એમાં પાસ જ છીએ. 'મારા તરફથી કોઈ પ્રશ્ન આવવો ન જોઈએ' એવો દરેકે નિશ્ચય કરી લેવો. ઉતારામાં, ખાવામાં, સભામાં – દરેકમાં બેસવા મળ્યું કે નહીં એવી માથાકૂટ ન કરવી. સમાવેશ કરતાં શીખીશું તો વાંધો નહીં આવે. સેવા સામેથી ગોતવી. બીજું બધું તો મળશે, પણ આ સેવા ને આ સાધુ નહીં મળે. આ સમય જો ચુકાઈ ગયો તો ફરીથી સાંધો જડે એમ નથી. માટે ભગવાન ને સંતની સેવામાં જ આરામ છે. બીજા આરામ અનંત જન્મો ઊભા કરશે. બાકીના મહિનામાં એવું કરી લેવું કે સુખ, સુખ ને સુખ, આનંદના ફુવારા છૂટે.''

સ્વામીશ્રીના આ આશીર્વાદ પામી સ્વયંસેવકો સેવાની સાર્થકતા અનુભવી રહ્યા. જે નવાગંતુક હતા તેઓને સેવા પહેલાં મેવા મળ્યાનો આનંદ થઈ રહ્યો.

આ આનંદધારામાં પોતાની વાગ્ધારા ભેળવતાં, આજની રાત્રિએ પ્રસિદ્ધ બૌદ્ધભિક્ષુ પૂજ્ય ભદંત આનંદ કૌશલ્યાયનજીએ 'क्रोध और करुणा' વિષયક વિદ્વત્તાપૂર્ણ વક્તવ્ય આપ્યું.

મૃત્યુ મંગળ થઈ ગયું

તા. ૨૦/૧૧ની સવારે અલ્પાહારથી પરવારીને બિરાજમાન થયેલા સ્વામીશ્રીને સમાચાર મળ્યા કે 'પ્રભુદાસ પટવારીની તબિયત ગંભીર છે.' ગાંધીજીની ટોપીને શોભાડનારા મહાનુભાવો પૈકીના એક આ સદ્‌ગૃહસ્થે રાજ્યપાલ સહિતના કંઈક મહત્ત્વપૂર્ણ હોદ્દાઓ પર ફરજ બજાવેલી. પરંતુ સ્વામીશ્રીના તો તેઓ અનન્ય ગુણાનુરાગી બનીને રહેલા. તેથી તેઓના સ્નેહીજનોની પણ ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી સ્વાસ્થ્ય જોવા પધારે.'

પરિસ્થિતિની ગંભીરતા જોતાં સૌએ તાત્કાલિક જ નીકળવાનું કહ્યું, પરંતુ સ્વામીશ્રીએ અગિયાર વાગ્યા બાદ જવા જણાવ્યું. આ સાંભળી કેટલાકને 'પછી મોડું થઈ જશે' એવી ધાસ્તી લાગી, પણ સ્વામીશ્રી તો છેક ૧૧:૨૦ વાગ્યે 'નગર'માંથી નીકળ્યા અને સાડા અગિયાર વાગ્યે એલિસબ્રિજમાં આવેલા 'પરિમલ' મકાનમાં જઈ પહોંચ્યા.

અહીં પટવારીજીને જોતાં જ સૌને સ્થિતિ ડામાડોળ જણાઈ રહી. તેઓનો શ્વાસોચ્છ્‌વાસ સરળતાથી નહોતો ચાલતો. આંખો પણ સહેજસાજ ખુલ્લી હતી. તેઓના પલંગ પર સ્વામીશ્રીએ જ આપેલી અક્ષર-પુરુષોત્તમ મહારાજની પટપ્રતિમા બિરાજેલી.

તેથી રાજી થયેલા સ્વામીશ્રી પટવારીજીની નજીક ગયા અને સમગ્ર શરીર પર અભયહસ્ત પ્રસારવા લાગ્યા. તે જ વખતે પથારીવશ પ્રભુદાસભાઈને પહેલું ડચકું આવ્યું. થોડી વારે બીજું. તે જોઈ સમય પારખી ગયેલા સ્વામીશ્રીએ સંતોને ધૂન ગાવા કહ્યું અને પોતે ગુલાબનો હાર પટવારીજીને પહેરાવ્યો. તે પછીયે તેઓનો પાવન હાથ બીમારના શરીર પર પ્રસરી રહ્યો. તે જ વખતે દર્દીએ એક જબરજસ્ત આંચકો ખાધો. સ્વામીશ્રીએ પણ એ જ ક્ષણે જાણે તેઓના માટે અક્ષરદ્વાર ખોલી નાંખ્યાં.

તે પછી તેઓ મકાનના દીવાનખંડમાં આવ્યા અને કીર્તનો ગાવા આજ્ઞા કરી. બે કીર્તનો ગવાયાં બાદ ઇશારા દ્વારા ત્રીજું પદ પણ ગાવા કહ્યું. તે જ સમયે ઓરડામાંથી બહાર આવેલા ડૉક્ટરે જણાવ્યું: 'પટવારીજીના પ્રાણ

પ્રયાણ કરી ગયા છે.'

સદ્‌ગતને તેઓના શુદ્ધ જીવનનું ફળ સ્વામીશ્રીએ અંતકાળે હાજરાહજૂર આવીને આપી દીધેલું. સૌ તેઓને અહીં વહેલા આવવાનું કહી રહેલા, પણ સ્વામીશ્રી વિલંબ કરી રહેલા તેનો તાળો અત્યારે જડ્યો!

'દેહ તજાવી દાસને, આપે છે અક્ષરવાસ...' પંક્તિઓ આજે તેઓની નિશ્રામાં અક્ષરશઃ સત્ય સાબિત થઈ.

આ દિવસે 'નગર'ની રાત્રિસભામાં પ્રસિદ્ધ પાર્શ્વગાયક શ્રી સી. આનંદકુમારના ભજનગાન બાદ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ આપતાં સ્વામીશ્રી બોલ્યા કે 'હિંદુસ્તાન નહીં, પણ સમસ્ત માનવજાતને મોટી ખોટ પડી છે. આવા સારા માણસો મળવા અઘરા. એમનું જીવન જ સંત જેવું હતું. જગતમાં મૃત્યુ તો સૌનું છે, પરંતુ એમનું મૃત્યુ મંગળ થઈ ગયું. અંતરની ભક્તિ હોય એના આશીર્વાદ જુદા મળે છે.'

સ્વામીશ્રીના સાંનિધ્યમાં કલ્યાણનો ઉધારો નથી – એનો આ પ્રત્યક્ષ દાખલો જોઈ સૌ ભક્તો મગ્ન બની ગયા.

સત્સંગમાં પાર ઊતર્યા એ બુદ્ધિશાળી

તા. ૨૧/૧૧ની સવારે પૂજાવિધિ બાદ સ્વામીશ્રી એક હરિભક્તનો મનોરથ પૂરો કરવા તેઓની મારુતિ વાનમાં બિરાજી 'નગર'માં આવેલી સંત-ભોજનશાળામાં પધાર્યા.

અહીં તેઓએ અલ્પાહાર ગ્રહણ કર્યા બાદ અમૃતધારા વહાવી કે –

"આપણું નિશાન બરોબર રહેવું જોઈએ. ભગવાન ને સંત સામી દૃષ્ટિ હોય તો નિશાન ફગે નહીં. વિશેષતા તો જે ભીડામાં રહ્યા એની છે. બ્રહ્માનંદ સ્વામી સત્સંગમાં સર્વોપરી સંત હતા. બુદ્ધિશાળીમાં બુદ્ધિશાળી હતા. એમને મહંતાઈ છોડવી પડી, છતાં સત્સંગ ન મૂક્યો. કેટલાકને થાય કે 'મારી વાતને કેમ કોઈ સમજતા નથી?' પણ આપણે ધાર્યું કરવા કે આપણી રીતે સૌને વર્તાવવા નથી આવ્યા.

બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે બધા ભગવાન થઈને પૂજાય એવા હતા. છતાં આગ્રહ નથી રાખ્યો કે 'મારી વાત કોઈ સમજતું નથી.' શ્રીજીમહારાજ સામું જ એક નજર હતી. સમજ્યા વગરની વાત કરીએ તો દુઃખ આવીને ઊભું રહે. ગયા એ બુદ્ધિશાળી ને અહીં રહ્યા એ મૂરખા બેઠા

છે? નિર્ગુણ સ્વામી આખો સત્સંગ ચલાવે એવા હતા. એમને શાસ્ત્રીજી મહારાજ એક ધોતિયું ન આપે તોય બીજું મન ન થાય. તો આજે એમની મહત્તા ગાઈએ છીએ.

સત્સંગના ગમે તે ભીડામાં રહીને સત્સંગમાં પાર ઊતર્યા એ બુદ્ધિશાળી. નિશાન ચૂક્યા એટલે બુદ્ધિ ગઈ. ભગવાન ને સંતનો અભાવ આવે, ભાવ બદલાઈ જાય એ બુદ્ધિ છે? ભૂલ હોય તોય આપણે સહન કરીને રહેવું છે એવો નિર્ધાર રાખવો. આ ત્યાગવલ્લભ સ્વામી, કોઠારી સ્વામી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી છે તે શું એમનું ધાર્યું બધું જ થાય છે? છતાં તેઓને એમ છે કે એકબીજાને મળીને કાર્ય કેવી રીતે થાય. અંતે ધાર્યું તો ભગવાન અને સંતનું જ થાય છે. આપણે સૌ એને આધીન છીએ.

બીજે ગરજના માર્યા સહન કરે છે, એમ અહીં ભગવાન અને સંતને રાજી કરવા સહન કરવું. સહન કરીને આપણે કાંઈ પાતાળમાં જતા નથી રહેવાના. બધાને આગળ લાવવા છે, માટે આપણો આગ્રહ ન રાખવો. ભગવાન ને સંતનો આગ્રહ રાખવો. એ જે આજ્ઞા કરે તે જ આપણો આગ્રહ. એથી અલગ આપણો આગ્રહ હોય ત્યારે જ મુશ્કેલીઓ ઊભી થાય. બીજે જઈને કાંઈ વધારે મેળવી શકાશે નહીં. બધે જ માટીના ચૂલા છે. જગતમાં પણ આપણું ધાર્યું થવાનું છે? એના કરતાં આ સત્સંગ શું ખોટો! ભગવાન ને સંતનું ભજન તો થાય. દુનિયા કરતાં સાચા સંતનો ધક્કો ખાવો શું ખોટો છે! આપણને મોટામાં મોટી ગરજ ભગવાનની છે અને દુનિયાના મંચ ઉપર પણ ભગવાન જ આપણા છે.

સત્સંગમાં સેવા ઓછી થશે તો વાંધો નથી, પણ ઘસાતું બોલે તેની કિંમત રહે નહીં. ભગવાન ને સંતને ન ગમે એ ન કરવું એ ચોખ્ખી વાત છે. એની ઇચ્છા હશે તો સત્સંગ વધો કે ઘટો. આપણે તો ધ્યાન ને ભજનનો આગ્રહ રાખવો. જેને જે ઉચાળો હોય તે કાઢી નાંખવો. માટે બળ અને હિંમત રાખજો. જે વસ્તુ મળી છે તે દિવ્ય છે.''

સ્વામીશ્રીના આ અસ્ખલિત વાક્પ્રવાહમાં ઝબકોળાયેલા સૌ જન-મન શાંતિ અને સ્પષ્ટતા અનુભવી રહ્યાં.

...એ અમારું કામ

તા. ૨૧/૧૧ની રાત્રિસભામાં અડમાર મઠના મધ્વાચાર્ય પૂજ્ય

વિબુધેશતીર્થજીએ 'Humble Devotion at the Feet of the Lord' (ભગવાનનાં ચરણકમળમાં વિનમ્રભાવે ભક્તિ) વિષયક વક્તવ્ય આપ્યું.

તેને અનુસરતાં તા. ૨૨/૧૧ની સવારે સ્વામીશ્રીનાં દર્શને અમદાવાદની 'સિટિઝન્સ કાઉન્સિલ'ના સભ્યો આવી પહોંચ્યા. શહેરની આ સંસ્થા શિસ્ત, સ્વચ્છતા અને સુઆયોજનના આદર્શોને વરેલી. આ બધી બાબતોને 'નગર'માં ભરપેટ માણીને તૃપ્ત થયેલા આ કાઉન્સિલના ચૅરમેન શ્રી હરિપ્રસાદ વ્યાસે સ્વામીશ્રી સમક્ષ અહોભાવ ઉચ્ચાર્યો કે –

'અમને તો આ એક ચમત્કાર જેવું જ લાગે છે કે આટલો બહોળો લોક-સમુદાય અહીં આવતો હોય છતાં શાંતિ અને એટલી જ સ્વચ્છતા. આપણે ત્યાંનું ખાતું એવું છે કે આંખો ન કાઢે ત્યાં સુધી કોઈ કામ જ ન કરી આપે; જ્યારે અહીં કોઈ લાલ આંખ કરતું નથી. બધું જ પ્રેમથી બતાવે છે.'

એકશ્વાસે આટલું બોલી આ મુરબ્બીએ 'નગર'ની પૂર્વ-મુલાકાતના સંદર્ભમાં ઉમેર્યું :

''આ પહેલાં એક વખત અહીં આવ્યા પછી મારે ગાંધીનગરના 'સરકીટ હાઉસ'માં જવાનું બનેલું. મેં ત્યાં મારા મિત્રમંડળમાં કહ્યું કે 'પ્રમુખ-સ્વામીજીના 'નગર'માં ગયા પછી એવી છાપ પડી છે કે આ સંસ્થાને ગુજરાત પાંચ વર્ષ માટે 'લીઝ' પર આપી દો. આપણે એક દિવસમાં થનારા કામને પૂરું કરવામાં સો દિવસ થાય છે, જ્યારે અહીં બધું તાત્કાલિક થઈ જાય છે. વળી, કામમાં એટલું જ પરફેક્શન (ચોકસાઈ).''

કોઈ પણ વ્યક્તિ પીગળી જાય એવું આ પ્રશસ્તિનું પૂર લેશ પલળ્યા વિના ઝીલતાં સ્વામીશ્રી બોલ્યા : 'અમારું કામ તો ભગવાન ભજવા અને ભજાવવા એ જ છે, અને સાથે સાથે લોકોમાં સદાચાર થાય અને શાંતિ થાય એ અમારું કામ છે.'

પ્રવૃત્તિ, પ્રસિદ્ધિ કે પ્રશંસા – કોઈ સ્વામીશ્રીને ભજનમાંથી લેશ ચલિત કરી શક્યું નહોતું. આટલી સ્પષ્ટ વિચારધારા ધરાવતું નેતૃત્વ જે સંસ્થા પાસે હોય તે સ્વસ્થ, સ્થિર અને સુવિકસિત રહે તેમાં શું આશ્ચર્ય !

જોને કઠણ તપ કરે તને

'નગર'માં રોજ યોજાતી રાત્રિસભાઓમાં માનવ-ઉત્કર્ષ, યુવા પેઢી, ધર્મગ્રંથો વગેરેને લક્ષમાં રાખી વિવિધ સત્રોનું આયોજન થયેલું. આ સત્રોના

જે તે વિષયને અનુરૂપ લોકનૃત્યોની રમઝટ સાથે સંવાદ-સંગીત અને વાદન-વક્તવ્યના સંગમ પણ એવા અનેરા સર્જાતા કે માનવી ઘર-ઘડિયાળ ભૂલી જાય. મનને આહ્‌લાદ અને આત્માને શાંતિ – બેય અહીં મળે.

તા. ૨૨/૧૧ના રોજ યોજાયેલી આવી જ એક સભામાં શીખ ધર્મના વિદ્વાન પ્રાધ્યાપક શ્રી કે. જગજિતસિંઘનું વક્તવ્ય 'ગુરુ ગ્રંથસાહેબ'ના શબ્દો અનુસાર સંત-મહિમાને ગુંજાવતું રહ્યું. તેનો અદલ તાળો સ્વામીશ્રીમાં મળતો જોઈ સત્સંગ-સમુદાય તો કૃતકૃત્યતા અનુભવી રહ્યો.

આ અહોભાવમાં ઉછાળ આવે એવી ઘટના ઘટી – તા. ૨૩/૧૧ની સવારે. આ દિવસ હતો પ્રબોધિની એકાદશીનો.

આ તિથિએ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા અનુસાર ઉપવાસ કરવાનો આગ્રહ સદા સેવતા. પરંતુ આજે તો ઉત્સવની વ્યસ્તતા જોતાં તેઓ જમે તે જરૂરી હોવાથી પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી સ્વાગત કક્ષમાં આવ્યા ત્યારે ત્યાં સંતોએ ફરાળી વાનગીનો થાળ તૈયાર રાખેલો.

પરંતુ તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'તમને ખબર તો છે કે મોટી એકાદશીએ હું ફરાળ લેતો નથી. પછી થાળી લાવીને શું કામ મૂકો છો? લાવો, ગોળી અને ઉકાળો.' આમ કહી તેઓએ માત્ર ઉકાળો જ ગ્રહણ કર્યો.

તેમ છતાં ઉત્સવનાં ટાણાં સાચવવામાં કોઈ મોળપ આવવા ન દેનારા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૩/૧૧થી ત્રિદિવસીય 'ભક્ત-ભગવાન સંબંધ પરિષદ'નો પ્રારંભ થયો. વિવિધ જ્ઞાનમાર્ગના વિશિષ્ટ વિશારદો તથા નિમંત્રિત પ્રાધ્યાપકોની આ પરિષદને પૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી બી. ડી. જત્તીએ ઉદ્‌ઘાટિત કરી.

આ અવસરે પરિષદનો પાયો જણાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'જેવી રીતે સીતા-રામ, લક્ષ્મી-નારાયણ, મહાલક્ષ્મી અને મહાવિષ્ણુ, રાધા-કૃષ્ણ, શિવ-શક્તિ તેવી જ રીતે અક્ષર અને પુરુષોત્તમ અનાદિ કાળથી પ્રેમ અને ભક્તિના ઉત્કૃષ્ટ દિવ્ય સંબંધનું નિદર્શન કરાવે છે. વૈદિક અને સર્વશાસ્ત્ર-સંમત આ સિદ્ધાંત છે. અક્ષરબ્રહ્મના ભાવને, સાધર્મ્યને પામીને જ પુરુષોત્તમ નારાયણની સેવા થઈ શકે છે. આ વિચારના ફળરૂપે અમે આ પરિષદનું આયોજન કરવા પ્રેરાયા છીએ.'

સ્વામીશ્રીના આ આશીર્વાદ પામી શરૂ થયેલી પરિષદનાં શેષ-વિશેષ સત્રો 'નગર'ના સમીપવર્તી 'ગાંધી લેબર ઇન્સ્ટિટ્યૂટ'ના હૉલમાં યોજાવાં લાગ્યાં.

આ છે ઉત્સવ ઉત્તમ સર્વથી

ભક્ત-ભગવાન પરિષદનો પ્રારંભ કરાવ્યા બાદ સ્વામીશ્રી તા. ૨૩/૧૧ની બપોરે બે વાગ્યે ઉતારે પહોંચ્યા ત્યારે સંતોએ તેઓને ફરાળી આહાર અંગીકાર કરવા સાગ્રહ વિનંતી કરી, પરંતુ સ્વામીશ્રી ઉપવાસ કરવા બાબતે અડગ જ રહ્યા.

*'ઉપોષણે દેહ દમે વિશેષ...'*ની પોતાની આ શૈલી સાથે તેઓએ આજની સાંજે અમદાવાદના મંદિરે પધારી શાકની હાટડીનો પારંપરિક ઉત્સવ ઊજવ્યો.

ત્યારબાદ 'નગર'ની રાત્રિસભામાં પહોંચેલા સ્વામીશ્રીનાં દર્શન માટે દેશના લબ્ધપ્રતિષ્ઠ ઉદ્યોગપતિ શ્રી રામકૃષ્ણ બજાજ ઉપસ્થિત હતા. તેઓ 'નગર', પ્રદર્શન અને 'અક્ષરધામ'ની ત્રિવેણીમાં સ્નાન કરી ચૂકેલા.

તેથી પોતાના વક્તવ્યમાં શ્રી બજાજે જણાવ્યું : 'अक्षरधाम तो आज के ज़माने में संभव न हो ऐसा है। प्रदर्शनी देखकर गद्‌गद हो गया। यहाँ संप्रदायवाद का नहीं, सच्चे धर्म का दर्शन होता है। खास करके कलियुग के युवा धर्ममार्ग की ओर आकर्षित नहीं होते हैं। मगर यहाँ वह देखने को मिलता है, यह प्रमुखस्वामीजी की पुण्याई का फल है।'[૪૮]

સ્વામીશ્રીની આવી પુણ્યપ્રતિભાની છાયા તળે તા. ૨૪/૧૧ની સવારે 'નગર'ના આંગણે સમૂહ લગ્નોત્સવનાં ધોળ-મંગળ ગુંજી રહ્યાં. આ શુભ અવસરે આશીર્વાદનું અમૃત વરસાવવા સ્વામીશ્રીને પહોંચવાનું હોવાથી તેઓ અલ્પાહાર દરમ્યાન સહેજ ઉતાવળા જણાતા હતા. છતાં સંતો દ્વારા અપાઈ રહેલા સેવા-વિભાગોના અહેવાલને સાંભળવામાં સ્વામીશ્રી લેશ બેધ્યાન નહોતા.

આવા સમયે કો'ક બોલ્યું : 'બાપા ! આપ સંતોનું ખૂબ ધ્યાન રાખો છો.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'સંતોની ચિંતા તો કરવી જ પડે ને ! કથા-વાર્તા, ધર્મ, જ્ઞાન વગેરે સંતોના જીવનમાં દૃઢ થાય અને સંતો હંમેશાં આનંદમાં રહે એની ચિંતા તો કરવી જ પડે ને !'

---

૪૮. 'અક્ષરધામ'ના પ્રાસાદ-પ્રવેશ સહિત મહોત્સવની અન્ય વિરલ સ્મૃતિઓના સાક્ષી બનવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારમાંથી સંતોની સંભાળ લેવાનો તેઓનો સહજ સ્વભાવ ઝળકી ઊઠ્યો. પરંતુ સંતુલન એ તેઓની વિશેષતા; તેથી સંતોની કાળજી લેનારા સ્વામીશ્રી સંસારીની દરકાર કરવા જઈ પહોંચ્યા – સમૂહલગ્નના માંડવે.

અત્રે પૂર્વ ઉપરાષ્ટ્રપતિ શ્રી બી. ડી. જત્તી, રાજ્યના નાણામંત્રી શ્રી અરવિંદ સંઘવી વગેરે મહાનુભાવો પણ ઉપસ્થિત હતા. તે સૌ બ્રાહ્મણથી માંડીને હરિજન સુધીની જ્ઞાતિનાં યુવા-યુવતીઓને એક જ મંડપ નીચે પ્રભુતામાં પગલાં પાડતાં જોઈ અચંબિત થઈ ગયા. સ્વામીશ્રીએ વિકસાવેલી આવી સામાજિક એકતા અને ચેતનાની સાથે આ સમૂહ લગ્નોત્સવના અન્ય એક પ્રેરક પાસાને પણ બિરદાવતાં નાણાંમંત્રી તો બોલી ઊઠ્યા:

'દહેજના મોટા દૂષણને ડામવાની ચર્ચાઓ ખૂબ થાય છે, પણ એનો અમલ કરવાનું શ્રેય આ સ્વામિનારાયણ સંપ્રદાય અને પરમ પૂજ્ય સ્વામીજીને મોટા પ્રમાણમાં જાય છે. અનેક જ્ઞાતિનાં યુવક-યુવતીઓને ભેગા કરી એમણે ભવ્ય કામગીરી કરી છે.'

આમ, દરેક ક્ષેત્રે ઉત્તમ અને ઉમદા પુરવાર થતો સ્વામીશ્રીનો સમૈયો સૌને પ્રભાવિત કરતાં સરકી રહેલો.

સ્થિરમતિ અતિશય ધીર

તા. ૨૪/૧૧ના રોજ રવિવાર હોવાથી 'નગર'માં હૈયેહૈયું દળાય એમ સવા લાખથી વધુ દર્શનાર્થીઓ હિલોળા લઈ રહેલા. પરંતુ તે દિવસની બપોરે આશરે સાડા ત્રણ વાગ્યે 'નગર'ના મુખ્ય પ્રવેશદ્વારની ડાબી પાંખ અચાનક આગમાં લપેટાઈ. તે જોઈ સૌ હેબતાઈ જ ગયા. ચારેકોર નાસભાગ અને રીડિયારમણ મચી રહ્યાં.

કાગળ, કંતાન, કાપડ તથા વાંસ-વળીનું આ બાંધકામ તેમ જ વહેતો વાયરો એકમેક સાથે મળી ફાટી નીકળેલી આગને બેકાબૂ બનાવવા લાગ્યાં. તેને ઓલવવા અગ્નિશામક દળ આવે તે પહેલાં તો સ્વયંસેવક દળ કામે લાગી ગયું. સૌની સહિયારી મથામણના અંતે આશરે અડધા કલાકમાં આગના લપકારા શમ્યા. પરંતુ તેણે જે કરવાનું હતું તે કરી દીધેલું; પ્રવેશદ્વારની ડાબી બાજુ ખાક થઈ ચૂકેલી.

આ દુર્ઘટનાના સમાચાર સ્વામીશ્રીને પહોંચાડવામાં આવ્યા ત્યારે તેઓ

દિનેશભાઈ અને દેવેન્દ્રભાઈ ચૌહાણના ઘેર રખાયેલા પોતાના ઉતારે પત્રલેખન કરી રહેલા, પરંતુ વિગત સાંભળી ન તો સ્વામીશ્રીની કલમ થંભી કે ન તો કાળજું, કારણ કે તેઓને ભગવાનના કર્તાપણામાં દૃઢ વિશ્વાસ હતો. વળી, સંતો-સ્વયંસેવકો પર પણ સ્વામીશ્રીને ભરપૂર ભરોસો. તેથી ઘટનાસ્થળે પહોંચી જવાનીયે કોઈ ઉત્સુકતા તેઓમાં ન જણાઈ. તેઓ એ પણ સમજતા હશે કે જો પોતે 'નગર'ના દ્વારે દોડી જશે તો ત્યાં નાહકનું ટોળું ભેગું થઈ જશે. તેથી સ્વામીશ્રી સાંજે રોજના નિયત સમયે જ 'નગર'માં પધાર્યા. અહીં આવીને પણ સ્વાગત કક્ષમાં અતિથિઓને મળવું, સભામાં જવું, સભા પછીયે પુનઃ સ્વાગત કક્ષમાં જવું – એ જ રોજિંદા ક્રમને તેઓ અનુસર્યા.

આમ, પોતાનું નિયત કર્મ પૂર્ણ કરીને તેઓ રાત્રે 'નગર'માંથી વિદાય થતાં પૂર્વે ભસ્મીભૂત થયેલા દરવાજે પહોંચ્યા.

અહીં પણ સંપૂર્ણ સ્વસ્થતાથી તેઓએ બધું જોયું. તે વખતે 'હવે શું કરવું?'ના ઉત્તરરૂપે જુદાં જુદાં સૂચનો આવવાં લાગ્યાં. બંગાળી કલા-કારીગીરીથી ભરપૂર અડધો દરવાજો નવેસરથી તૈયાર કરવો તે ખાવાના ખેલ નહોતા. તેથી કો'કે બાકી બચેલી જમણી પાંખને પણ જમીનદોસ્ત કરવાનું કહ્યું. પરંતુ સૌનું સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું: 'ફરીથી એવો ને એવો જ દરવાજો ઊભો કરી દેવો.'

આ આદેશ સાથે જરૂરી માર્ગદર્શન આપી તેઓ ઉતારે પધાર્યા.

આમ, હોનારત સર્જાયા પછીના સ્વામીશ્રીના દૈનિક ક્રમમાં કોઈને કશો જ ઉચાટ, રઘવાટ કે કચવાટ જણાયો નહીં. તેઓની પર્વતપ્રાય આધ્યાત્મિક સ્થિતિને આગની આંચ સ્પર્શી શકી નહોતી. કટોકટીના સંજોગોમાં સ્વયં સ્વસ્થ રહી સૌને સ્વસ્થ રાખતું સ્વામીશ્રીનું નેતૃત્વ જીભે વર્ણવ્યું ન જાય એવું છે.

આવી સેવા તો જન્મોજન્મ મળે એવું ઇચ્છીએ

તા. ૨૪/૧૧ના રોજ વડોદરાના વહીવટદારોનું વૃંદ 'નગર'નું અતિથિ બનેલું. પંદરેક કૉર્પોરેટરોના કાફલા સાથે આવેલા મેયર સહિતના એ હોદ્દેદારો પણ નગર-દર્શન કરી *'કર્યો ઉત્સવ સરસ ઘણેરો...'*નું ગાણું ગાવા લાગ્યા.

તેમાં સહેજ બુલંદ સ્વરે સ્વામીશ્રીનું મહિમાગાન કરતાં વડોદરાના પૂર્વ મેયર અને રાજ્યના પૂર્વ સ્વાસ્થ્યમંત્રી ડૉ. ઠાકોરભાઈ પટેલે જણાવ્યું:

'મારું આજનું નિરીક્ષણ એ છે કે સ્વામીશ્રીનો સ્વયંસેવક અમારા

કરતાં ઉચ્ચ કોટીનો છે. આ દેશને આગળ લઈ જવો હોય તો આવા શિસ્તબદ્ધ લોકોની જરૂર છે. શિસ્તબદ્ધ જ નહીં, પણ પ્રેમપૂર્વક આદરથી લોકોની સેવા કરવી એ આ ધર્મનો ઉદ્દેશ છે. પ્રમુખસ્વામી હંમેશાં આપણી આગળ નાના હોય એવું જ વર્તન રાખે છે. પ્રમુખસ્વામીના આશીર્વાદથી તેઓના સ્વયંસેવકો અને ભક્તોની સેવા કરવાનો મોકો મને મળે અને હું એ સેવા કરી શકું એવું પ્રભુ મને બળ આપે.'

સ્વામીશ્રીનો સમૈયો હોય કે સ્વયંસેવક – સૌને તેઓ માટે ઊપજતા આદર અને અહોભાવની કક્ષા ઘણી ઊંચી રહેતી.

આ ઊંચાઈને આંબનારા ઉત્સવના આગામી ક્રમમાં તા. ૨૫/૧૧ની સાંજે સાડા પાંચ વાગ્યે સ્વામીશ્રી 'ગાંધી લેબર ઇન્સ્ટિટ્યૂટ'ના હૉલમાં પધાર્યા ત્યારે અહીં તેઓની નિશ્રામાં 'ભક્ત-ભગવાન પરિષદ'નું સમાપન થયું. ત્યારબાદ 'નગર'માં પહોંચેલા તેઓના આશીર્વાદ પામી ખ્યાતિપ્રાપ્ત ઉદ્યોગપતિ શ્રી વાલચંદ હીરાચંદ ધન્ય થયા.

આવી ધન્યતા અનુભવતાં તા. ૨૬/૧૧ની રાત્રિસભામાં રામાનુજ સંપ્રદાયના આચાર્ય પૂજ્ય જીઅર સ્વામીએ પણ 'વિશિષ્ટાદ્વૈત અને યુવાનો માટે ભક્તિ' વિષયક પ્રવચન કરી સભાને જ્ઞાનસમૃદ્ધ બનાવી દીધી. આ પ્રસંગે તેઓએ સ્વામીશ્રી સમક્ષ ભાવના વ્યક્ત કરી કે 'આપનું કાર્ય અદ્ભુત છે. હું પણ આવી રીતે પ્રચાર કરવાનો પ્રયત્ન કરીશ.'

આમ, સૌ માટે પ્રેરણાસ્રોત બની ચૂકેલા સ્વામીશ્રીએ તા. ૨૮/૧૧ના રોજ સ્વયંસેવકોને સંબોધતાં કહ્યું: 'હવે તો બહોત ગઈ ને થોડી રહી. આવી સેવા તો જન્મોજન્મ મળે એવું ઇચ્છીએ છીએ. આપણું જીવન આમાંથી જ ધન્ય બને છે. કદાચ આખી જિંદગી સેવા કરવાનું પ્રાપ્ત થાય તોય અહો-ભાગ્ય માનવું જોઈએ. આ સેવામાં પોતાનો જ ઉત્કર્ષ છે. આ ભાવ કાયમ રહેવો જોઈએ.'

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે '...અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે. અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો.'[૪૯]

શ્રીજીમહારાજની આ રુચિ અનુસાર સ્વામીશ્રીએ પણ ભગવાનના ભક્તની સેવા જન્મોજન્મ માગી લીધી. સત્સંગની સેવાનો કેવો મહિમા !

૪૯. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮.

देश के उत्कर्ष की नींव प्रमुखस्वामी

તા. ૨૪/૧૧થી 'નગર'ના દ્વારે આરંભાઈ ગયેલા 'ગ્રંથસપ્તાહ' અંતર્ગત તા. ૨૮/૧૧ના રોજ પધારેલા પૂજ્ય વિદ્યાનંદગિરિજી હૃષીકેશમાં સેવારત કૈલાસ આશ્રમના અધ્યક્ષ. તેઓએ 'वर्तमान संदर्भ में मानव-उत्कर्ष के लिए वेद' વિષય પર પ્રકાશ પાથર્યા બાદ તા. ૨૯/૧૧ની રાત્રિસભામાં માનવ-ઉત્કર્ષ માટે ઉપનિષદની પણ ઉપયોગિતા વર્ણવી.

આ ક્રમમાં તા. ૩૦/૧૧ની રાત્રે હરિદ્વાર-સ્થિત 'પરમાર્થ આશ્રમ'ના મહંત પૂજ્ય ધર્માનંદ સરસ્વતીજીએ 'वर्तमान संदर्भ में मानव-उत्कर्ष के लिए श्रीमद्‌भगवद्‌गीता' વિષયક પ્રેરક પ્રવચન કર્યું. તેમાં તેઓએ જણાવ્યું કે – 'आज मैंने 'नगर' देखा। भारत के सभी संत इस प्रकार का आयोजन करें तो देश का बड़ा उत्कर्ष होगा। उसकी नींव प्रमुखस्वामी है।'

આમ, સૌ માટે એક આધારભૂત સંત તરીકે ઊભરેલા સ્વામીશ્રીએ તા. ૩૦/૧૧ના રોજ 'ગુજરાત સમાચાર' અખબારના કાર્યાલયને પાવન કર્યું. ત્યારબાદ તેઓએ તા. ૧/૧૨ની સવારે વેદ-વિજ્ઞાનને પણ મજબૂત સધિયારો પૂરો પાડ્યો. આ સમયે 'નગર'ના મંચ પર 'મહર્ષિ વેદ-વિજ્ઞાન અકાદમી' દ્વારા આયોજિત કાર્યક્રમમાં આશીર્વાદનું અમી સીંચી તેઓ તા. ૨/૧૨ની રાત્રિસભામાં પધાર્યા.

અહીં તેઓના આગમન સાથે જ વાદ્ય-વિશારદ શ્રી શિવકુમાર શર્માએ સંતૂરના તાર રણઝણાવી 'મારુ બિહાગ' રાગના રાત્રિસ્વરોના આલાપ અને જોડ-ઝાલા બાદ રૂપક તાલમાં ગત શરૂ કરી. થોડી વારમાં ત્રિતાલની દ્રુતગતિ સાથે તિહાઈ આરંભાઈ. સંગીતની આ ખૂબીઓએ શ્રોતાઓને સૂરસમાધિમાં લીન કરી દીધા.

તે વખતે જ ગુણાનુરાગી શેઠ શ્રી બારદાનવાલા સ્વામીશ્રી પાસે આવ્યા. તેઓને મળતાં-મળતાં સ્વામીશ્રીએ સંતો પાસે નાળિયેરનું પાણી મંગાવ્યું. આ જળ જ્યારે શેઠને આપવામાં આવ્યું ત્યારે એ ધનાઢ્ય સદ્‌ગૃહસ્થ ગદ્‌ગદ થઈ ઊઠ્યા, કારણ કે તેઓનો ધારો એવો હતો કે ઘરની બહાર નીકળ્યા બાદ નાળિયેરનાં પાણી સિવાય કંઈ જ ન પીવું. વર્ષો પૂર્વે જાણેલી શેઠની આ ખાસિયત અનુસાર તેઓની સરભરા કરવાનું, સ્વામીશ્રી વિશ્વકક્ષાના કલાકારનો કાર્યક્રમ માણતાં માણતાં પણ ન ચૂક્યા!

લાખોની મેદની અને હજારો કામની વચ્ચેય આટલી સૂક્ષ્મતાથી એક-એકને સંભાળતા તેઓ !

ઉદાહરણરૂપ ઉત્સવ

ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવ હવે તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ગયેલો. રસની મધુરતા અને સંદેશની સુંદરતાથી સભર કાર્યક્રમોમાં ચાલીસ દિવસ તો પલકારામાં પસાર થયાનો સૌ અનુભવ કરી રહેલા. સતત બાર-બાર કે પંદર-પંદર કલાકની સેવા કર્યા છતાં અહીં કોઈનાય મુખ પર થાક-કંટાળો નહોતા જણાતા. તાજગીથી તરવરતા એકેએક સંત-કાર્યકરને જોઈ અતિથિઓ અચંબો પામી જતા. સમાજનું એક એવું ક્ષેત્ર બાકી રહ્યું નહોતું કે જેના અગ્રણીઓના શિરે આ 'નગર'ની ધૂલિ ન ચડી હોય. એકેય એવું ક્ષેત્ર બચ્યું નહોતું, જેને આ 'નગર'થી લાભ ન થયો હોય !

આ 'નગર'ના સંદર્ભમાં અમદાવાદના ડેપ્યુટી કમિશનર શ્રી વિઠ્ઠલભાઈ પટેલે સ્વામીશ્રીને જણાવેલું કે 'આ તો એટલો સરસ પ્રસંગ છે કે અહીં વાડા-વાડી જેવું કશું રહ્યું જ નથી. અનામત આંદોલનને કારણે ત્રણ મહિના સુધી અમારે (શહેરી ટ્રાન્સપોર્ટમાં વપરાતી) બસની આવક નહોતી થઈ. પરંતુ એની ખોટ આ 'નગરે' સરભર કરી આપી. અહીં તો રાત પડતી હોય એવું લાગતું જ નથી. મોટી વ્યવસ્થા કરવાની હોય એને આ દાખલારૂપ છે.'

ભાવનગરના મેયરશ્રીએ પણ કહેલું કે 'સ્વામીજી ! અમારે ચોરાશી કરવી છે અને ૫૦,૦૦૦ બ્રાહ્મણો જમાડવાના છે. છતાંય તારીખો પાછી ઠેલ્યા કરીએ છીએ, જ્યારે અહીં તો બધું કુદરતી રીતે જ થતું હોય એવું લાગે છે.'

આમ, ચારેકોર સ્વામીશ્રીનો ઉત્સવ સૌનાં હૃદયમાં સ્થાન જમાવી રહેલો. તેના ફળસ્વરૂપે પ્રસરી ચૂકેલા સ્વામીશ્રીના પ્રભાવને અનુભવી તા. ૩/૧૨ની રાત્રિસભામાં વૃંદાવનથી પધારેલા પૂજ્ય શ્રી વૈરાગી બાબાએ જણાવ્યું કે 'मेरे जीवन में मुझे दो महापुरुषों के दर्शन का मौका मिला। योगीजी महाराज का दर्शन प्रथम बार मुंबई में किया और दूसरे महापुरुष प्रमुखस्वामीजी। कैसी निश्छलता! जिसका हृदय जितना ही निष्कपट है उसको उतनी ही प्रसन्नता मिलती है।'

સ્વામીશ્રીની નિર્દંભ પ્રતિભા 'વૈરાગી' બાબાને પણ અનુરાગ પ્રગટાવી ગઈ. તેને અનુસરતાં આજની સભામાં વિખ્યાત ગિટારવાદક શ્રી બ્રિજભૂષણ

કાબરાએ 'યમન' રાગની જમાવટ દ્વારા પોતાની કલાને પાવન કરી.

ધન્ય બુદ્ધિ તમારી વિશાળ

તા. ૪/૧૨ની સવારે 'નગર'ના અતિથિ બનેલા માહિતી અને પ્રસારણ ખાતાના કેન્દ્રીય મંત્રી શ્રી વી. એન. ગાડગીલે આજની ઉત્સવ-સભામાં જણાવ્યું : 'यहाँ २८ साल की औसतवाले ४०० साधु हैं और जवान लड़कों ने दहेज नहीं लेने की शपथ ली है। प्रमुखस्वामीजी ने कईं जवान लड़कों को motivate (प्रेरित) किया है उससे मुझे खुशी हुई है और सबसे बड़ी बात – यहाँ धर्म की संकुचित दृष्टि नहीं रखी गई है।'

સ્વામીશ્રીની આ વિશાળતાનો અનુભવ આજની રાત્રિસભામાં પારસી વિદ્વાન દસ્તૂર શ્રી મિનોચર હોમજીએ પણ 'આર્ય સંસ્કૃતિ અને તેનું મૂલ્યાંકન' વિષયક વક્તવ્યમાં વાગોળ્યો. તેઓને મળી સ્વામીશ્રી 'નગર'ના સ્વાગત કક્ષમાં પધાર્યા.

અત્રે મહોત્સવના વિવિધ કાર્યક્રમો અને પૂર્વતૈયારીઓને ગૂંથતી ફિલ્મ જોવા બિરાજેલા તેઓ સમક્ષ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા થયેલા વાલેરા વરુના પરિવર્તનનું દૃશ્ય આવ્યું. પડદા પર તો એ અમુક સેકન્ડો પૂરતું જ રહ્યું. છતાં તે જોતાં જ સ્વામીશ્રીએ તરત પૂછ્યું : 'ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિને કંઠી કેમ નથી પહેરાવી ?!'

આ સાંભળી સૌ કસબીઓ દંગ રહી ગયા. ફિલ્મના 'ઍડિટિંગ' વખતે આ દૃશ્ય તેઓએ વારંવાર જોયેલું, પણ જે વિગત તેઓની નજર બહાર રહી ગયેલી તે તરફ સ્વામીશ્રીએ ધ્યાન ખેંચેલું !

આખા દિવસના સખત પરિશ્રમ પછી રાત્રે બાર વાગ્યે પણ આટલા સજાગ રહી કાર્ય કરનારા હતા સ્વામીશ્રી ! તેય ૬૫મા વર્ષે !!

શૂરા સરદારની સબળ શીખ

તા. ૫/૧૨ની સવારે સ્વામીશ્રી સ્વયંસેવક સભામાં પધાર્યા ત્યારે *'સ્વામીની સેનામાં આવજો રે, એના યોગીજી શૂરા સરદાર...'* કીર્તન ગગન ગાજે તેમ ગવાતું હતું. તેના અંતે શરૂ થનારા આશીર્વાદ વખતે સ્વામીશ્રી બેસીને બોલે તે માટે વ્યવસ્થાપકે નાનું માઇક-સ્ટેન્ડ તૈયાર રાખેલું. પરંતુ સ્વામીશ્રી તો ઊભા થઈને બોલવા તત્પર થઈ ગયા. તેથી તાત્કાલિક મોટા

સ્ટેન્ડમાં માઈક્રોફોન ગોઠવવામાં આવ્યું. તેમાં સ્વામીશ્રીનો સૂર રેલાયો :

'શૂરા સરદારની વાતો કરીએ અને બેઠાં બેઠાં વાતો કરીએ, લાંબા થઈને સૂઈ જઈએ તો કેમ ચાલે ?!'

આ પૂર્વભૂમિકા બાંધી તેઓએ અમૃતધારા રેલાવી કે –

'યોગીજી મહારાજ અનંત કોટિ બ્રહ્માંડ ધ્રુજાવી દે એવા શૂરા સરદાર હતા. તેઓ શૂરવીરતાથી અને ખબડદાર થઈને જ વાતો કરતા. આ 'નગર'માં આજે સ્વયંસેવકોમાં જે કાંઈ દર્શન થાય છે તે એમના પાઠ છે. આ ગુણાતીત વારસો સેવાનો છે. નાનામાં નાની સેવા મળે એ કરી લેવી. આ નગરમાં ઘણા ડૉક્ટરો, ઍન્જિનિયરો, હોદ્દેદારો નાનામાં નાની સેવા કરે છે એ યોગીબાપાના પાઠ છે.

મને બધા મળે છે ત્યારે સૌ કહે છે કે 'વન્ડરફૂલ' (અદ્‌ભુત). તમે જે નમ્રતા અને વિનયથી કામ લો છો એટલે માણસ સારી ભાવના લઈને જાય છે, પણ આપણે આવી સેવા 'નગર' પૂરતી નથી. કાયમ સ્વામીને નજર સમક્ષ રાખીને સેવા કરવાની છે. 'સ્વામી કેમ પ્રસન્ન થાય ? કેમ વધારે યાદ આવે ?' એવી રીતે સેવા કરવાની છે. આપણે ભગવાનનો સાક્ષાત્કાર કરવો છે, માટે શ્રદ્ધા-ધીરજ ન ગુમાવવી. આવા ઘણા ઉત્સવો કરવાના હોય તોય શ્રદ્ધા રાખવાની છે. *'નિઃશંક થઈને તમે આવજો...'* એમાં કોઈ શંકા રાખવાની નથી. એમની પાસે જવાથી મુક્તિ છે જ અને સંતના કાર્યમાં સંશય થાય તો અધોગતિ જ છે. એ દિવ્ય છે એટલે એકેએક કાર્ય, વાત, વચન બધું દિવ્ય છે.'

સ્વામીશ્રીની આજની આ વાણી સૌનાં કાળજે કોતરાઈ ગઈ. સમયે-સમયે તેઓ દ્વારા થતા રહેતા આવા અમૃતસિંચનથી ઊછરેલો સ્વયંસેવક-સમુદાય 'નગર'નું નજરાણું બની સૌને મંત્રમુગ્ધ કરી રહેલો.

स्वामीजी की नज़र से तकदीर बदल जाती है

તા. ૫/૧૨ની રાત્રિસભામાં ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ગોકુલકૃષ્ણન્‌ના વક્તવ્ય બાદ મંચ પરથી પંજાબના પૂર્વ સ્વાસ્થ્ય તેમ જ ખાદ્ય મંત્રી શ્રી મહંત રામપ્રકાશદાસજીનું વક્તવ્ય આરંભાયું. રાજનેતાની સાથે એક ધર્મનેતા તરીકે પણ પ્રસિદ્ધ તેઓએ 'मज़हब सिखाता है – आपस में स्नेह रखना' વિષયક વિચારો રજૂ કરતાં કહ્યું :

'आज के युग में सही मानव का निर्माण इस संस्था से हो रहा है,

इसलिए सारे हिंदुस्तान को इसका धन्यवाद करना चाहिए और हिंदुस्तान में जितने ही संत-महात्मा हैं, उन सबको इस संस्था का अनुकरण करना चाहिए।'

અહોભાવનો આવો જ આલાપ છેડતાં તા. ૬/૧૨ની રાત્રિસભામાં પણ પંજાબની વૈષ્ણવાચાર્ય ગાદીના આ અધ્યક્ષશ્રીએ જણાવ્યું :

'जिस ढंग से मानव-समाज की सेवा इस संस्था के द्वारा हो रही है इसकी मिसाल संसारभर में नहीं मिलती। प्रमुखस्वामी का शील और स्वभाव देखकर बड़ी प्रसन्नता हुई। इस महापुरुष की नज़र से तकदीर बदल जाती है। उनके अंदर इतना आकर्षण है कि मैं पंजाब से यहाँ आ गया!'

સમાજના એક મોભાદાર મોવડીનું આ મંતવ્ય સાંભળી સૌ સંતો-ભક્તો તો *'અહો અહો ભાગ્ય સ્વામી અમારાં, પામ્યાં અમે દર્શન જે તમારાં...'*નો ભાવ અનુભવી રહ્યા.

તેમાં ભરતી ત્યારે ચડી જ્યારે આજની ઉત્સવ-સભામાં નામાંકિત મિલમાલિક શ્રી રમણિકભાઈ શાહે ભાવોર્મિ વહાવી કે 'અહીં સ્વયંસેવકો રાત-દિવસ જોયાં વિના અવિરત કાર્ય કરે છે એ એમના ગુરુનો પ્રતાપ છે. પ્રમુખસ્વામી આ સંસ્થા કે ગુજરાત કે ભારતના નહીં, પરંતુ સમસ્ત વિશ્વના છે. પ્રમુખસ્વામી વિશ્વવિભૂતિ અને વિશ્વની સંપત્તિ બની ચૂક્યા છે.'[૫૦]

આવી વૈશ્વિક અને વિરલ વિભૂતિ સમક્ષ આજે પોતાની કલા પ્રસ્તુત કરવાની તક મળતાં જાણીતા લોક-સાહિત્યકાર શ્રી રામ કાગ અને હાસ્ય-કલાકાર શ્રી શાહબુદ્દીન રાઠોડ, બંને પોતાને ધન્યભાગી સમજી રહ્યા. તેથી તેઓએ ઊલટપૂર્વક રેલાવેલા હાસ્યરસમાં સમગ્ર સભા તરબોળ થઈ રહી.

કશું ભૂલે નહીં, કોઈને ભૂલે નહીં

તા. ૭/૧૨થી શરૂ થયેલા એક આયોજન અનુસાર 'નગર'ના મંદિર આગળ વિવિધ સેવા-વિભાગોના મુખ્ય કાર્યકરોની સ્વામીશ્રી સાથે સમૂહછબી લેવાતી હતી. કેટલાક દિવસ સુધી ચાલેલા આ કાર્યક્રમમાં એક વાર સૌની વચ્ચે બિરાજી ગયેલા સ્વામીશ્રીએ તસવીરકાર ચાંપ દબાવવાની તૈયારીમાં જ

---

૫૦. દ્વિશતાબ્દીના અનેકવિધ રચનાત્મક કાર્યક્રમો સહિત વિવિધ પ્રેરક-રોચક પ્રસ્તુતિઓ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

હતા ત્યાં પાછળ નજર ફેરવતાં પૂછ્યું: 'અરવિંદ ક્યાં છે?'

'આ રહ્યો, બાપા!' પાછલી હરોળમાં ઊભેલા અરવિંદભાઈ સ્વામિનારાયણે સાદ દીધો.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'સારું, આવી ગયો ને! મને એમ કે રહી જશે.'

કેટલી ચીવટ રાખતા સ્વામીશ્રી! સાથે આત્મીયતા પણ ખરી! તેથી જ તેઓના વડપણ હેઠળ ચાલતી કાર્યવાહીમાં કોઈ કપાઈ-ચુકાઈ ન જતું.

આવો જ એક અનુભવ શ્રી ડુંગરભાઈ પટેલ કરી રહ્યા. તેઓએ અહીં 'નગર'માં સ્વામીશ્રીને સમાચાર આપતાં કહેલું: 'બાપા! મારી નોકરીમાં પ્રાંતિજનું 'પોસ્ટિંગ' આવ્યું છે.'

'એમ! પહેલાં કરતાં નજીક આવ્યું ને!'

સ્વામીશ્રી જ્યાં આમ બોલેલા તે જ ક્ષણે પેલા કાર્યકર ચોંકી ઊઠેલા.

એક વર્ષ પૂર્વે અમદાવાદના આ કાર્યકર્તાએ નોકરી માટે આવેલા સિદ્ધપુરના 'પોસ્ટિંગ'ની વાત સ્વામીશ્રીને કરેલી ત્યારે તેઓએ જણાવેલું: 'તમારી ઇચ્છા છે તો મહારાજ સારું કરશે. તમને નજીકમાં પોસ્ટિંગ મળી જશે.'

આશરે ૩૬૫ દિવસ પહેલાંની આ વિગત આટલા વિરાટ મહોત્સવની ગતિવિધિ વચ્ચે હજીયે સ્વામીશ્રીના મગજમાં અકબંધ હતી! તેઓ કશું ભૂલતા નહીં, કોઈને ભૂલતા નહીં.

આવા સ્વામીશ્રી સમક્ષ આજની રાત્રિસભામાં ભક્તિસંગીતનો કાર્યક્રમ રજૂ કરવાનો મોકો મળતાં શ્રુતિમંડળના કલાકારો શ્રી રાસબિહારી દેસાઈ, જનાર્દન રાવળ, ક્ષેમુ દીવેટિયા, સુરેશ જાની વગેરે કૃતાર્થતા અનુભવી રહ્યા.

આપ પ્રભુ છો અંતરજામી

ઉત્સવની વ્યસ્તતા વચ્ચે પણ સ્વામીશ્રી એક અચરજકારી કાર્યવાહી ચલાવી રહેલા – પધરામણીઓની!

હા, સમૈયા દરમ્યાન પણ તેઓનું આ આગવું અંગ તેઓથી અળગું થયું નહોતું. 'નગર' અને ઉતારાની આવન-જાવનમાં તેઓ વચ્ચે કંઈકનાં ભવનો પાવન કરતા રહેતા. આ પધરામણીઓનો પનો 'નગર'ની નિકટવર્તી વસાહતોથી માંડી દૂર દૂરના વિસ્તારો સુધી પથરાતો.

આ જ ક્રમમાં તા. ૮/૧૨ના રોજ તો બપોરના અઢી વાગી જતાં

સંતોએ સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! હવે વધારે પધરામણીઓ કરશો તો આરામમાં મોડું થશે.'

'એકાદ કલાક આરામ કરવાનું મોડું થાય એમાં ક્યાં વાંધો છે? ભગવાનની એટલી સેવા થશે.' સ્વામીશ્રીએ ઉત્તર વાળ્યો.

સેવાના આ તાન સાથે તેઓ આજની રાત્રિસભામાં પધાર્યા ત્યારે અહીં પંડિત શ્રી રામનારાયણના સારંગીવાદન, શ્રી બ્રિજનારાયણના સરોદવાદન અને સાહિત્યકાર શ્રી સુંદરમ્‌ના વક્તવ્યની ત્રિવેણી રચાઈ ગઈ. 'પદ્મશ્રી' અને 'પદ્મભૂષણ' જેવા ખિતાબોથી વિભૂષિત આ કવિ-કલાકારોએ રેલાવેલા રસ-રાગથી શ્રોતાવર્ગ હર્ષિત થઈ ઊઠ્યો. પરંતુ તે ડોલી ઊઠ્યો તા. ૯/૧૨ની સવારે – સ્વામીશ્રીનો એક કસબ નિહાળીને!

આ વખતે સમૈયા અને પૂર્વતૈયારીના દિવસો વધારે હોવાથી 'નગર'માં જ જાણે એક નગર ખડું થઈ ગયેલું. તેમાં સ્વયંસેવકો માટે દરજી, વાળંદ, મોચી, ધોબી, પ્રોવિઝન સ્ટોર વગેરેની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવેલી. આ વિવિધ વિભાગોમાં સ્વયંસેવકો જ પોતપોતાના હુન્નર મુજબ સેવા આપતા.

તે સૌ પર દૃષ્ટિ કરવા નીકળેલા સ્વામીશ્રી સ્વયંસેવકોના ઉતારા 'સંતહૃદય'માં પધારે તે પૂર્વે અહીં એક વાળંદ શંકરને તેના મિત્રો બીડી છોડવાની વાત સમજાવી રહેલા. પરંતુ બે-ત્રણ વખત આવો આગ્રહ થયો ત્યારે એ યુવાને શરત મૂકેલી: 'જો પ્રમુખસ્વામી મહારાજ અહીં મારી પાસે આવે અને મને બીડી મૂકવાનું કહે તો હું મૂકી દઉં!'

તેની આ શરારતી શરત સામે એક મિત્ર આમ તાડૂકેલો કે 'સ્વામીબાપા તારા માટે નવરા છે કાંઈ?' ત્યાં જ બીજો બોલેલો: 'સ્વામીશ્રી સભામાં વ્યસન છોડવાનું કહે જ છે ને! તેમાંથી સમજી લેવાનું હોય.'

જો કે આ સમજાવટ લક્ષમાં ન લેતાં પેલો વ્યસની યુવક પોતાની શરતને અડી જ રહેલો. પરંતુ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરતાં કરતાં 'સંતહૃદય'માં પધારેલા સ્વામીશ્રી અત્રે ઓચિંતો માર્ગ બદલીને સીધા જઈ પહોંચ્યા પેલા વાળંદ પાસે!

અહીં પણ તેની સાથે કશી જ ચર્ચા કર્યા વિના તેઓ બોલ્યા: 'જો, અમે સામે ચાલીને આવ્યા છીએ, હવે તું સામેથી બીડી મૂક.'

સ્વામીશ્રીની આ વાત સાંભળી શંકરનાં નેત્રો વિસ્ફારિત થઈ ગયાં. તેણે તત્ક્ષણ જ વ્યસન-ત્યાગની પ્રતિજ્ઞા લઈ લીધી.

આમ, એક જીવના રૂડા માટે પોતાનું અંતર્યામીપણું વાપરી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે ચારેકોર એક જ અહોભાવ સર્જાઈ રહ્યો: *'નથી છાનું તમારાથી સ્વામી, આપ પ્રભુ છો અંતરજામી...'*

આ આયોજન તો જીવતો-જાગતો ચમત્કાર

તા. ૯/૧૨ની રાત્રિસભાના પ્રારંભમાં મશહૂર શાસ્ત્રીય ગાયક શ્રી શ્રીકાંત બાકરેએ કરાવેલી ગીત-સંગીતની રસલહાણને અનુસરતાં વક્તવ્ય આપવા ઊભા થયા – આણંદ-સ્થિત ખેતીવાડી સંકુલના નિયામક શ્રી ડાહ્યાભાઈ પટેલ. આ પ્રતિષ્ઠિત સજ્જને સ્વામીશ્રી વિષે ઈશ્વરીય વિભૂતિનો ભાવ અનુભવતાં જણાવ્યું:

''આવડું મોટું દ્વિશતાબ્દીનું આયોજન કરવું તે માણસની શક્તિની બહાર છે. આપણે ચમત્કારની વાતો સાંભળીએ છીએ કે કોઈ ઘડિયાળ આપે, કોઈ રાખ ખેરવે... આ બધી જાદુગરીથી આપણે છેતરાઈએ છીએ. જ્યારે આ આયોજન તો જીવતો-જાગતો ચમત્કાર છે. સરકારને આ તંત્ર ગોઠવવું હોય તો કરોડો રૂપિયા જોઈએ, છતાં સંતોષ ન થાય. જ્યારે આ તંત્રમાં સંતોના નેજા હેઠળ સ્વયંસેવકોએ નિઃસ્વાર્થભાવે કામ કર્યું છે.

મારું જો ચાલતું હોય તો ગુજરાત સરકારના બધા કર્મચારીઓને અહીં ફરજિયાત મોકલ્યા હોત. અહીંની સ્વચ્છતા બાબતે જાણ્યું કે જેણે જિંદગીમાં આવું કામ કર્યું નથી તેઓએ આ કર્યું છે. ભારતનો નાગરિક ચોવીસ કલાકમાંથી બે જ કલાક જો આવી રીતે કામ કરે તો ૭૩ કરોડની સંખ્યાનો દેશ બધા કરતાં આગળ આવી જાય.''

સમાજના જવાબદાર અને મોભાદાર મનુષ્યોને સ્વામીશ્રીના સમૈયા કઈ હદ સુધી સ્પર્શી જતા તેનો ચિતાર ઉપરોક્ત સ્વાનુભવમાં છે.

તેમાં પ્રખર 'માનસ'-મર્મજ્ઞ પૂજ્ય શ્રી રામકિંકરજી મહારાજની વાગ્ધારા ભળતાં આજની ઉત્સવ-સભાનું વાતાવરણ વધુ ભાવવિભોર બન્યું. 'તુલસી તત્ત્વાનુસંધાન કેન્દ્ર'(કાનપુર)ના આ સૂત્રધારે 'वर्तमान संदर्भ में मानव-उत्कर्ष के लिए रामचरितमानस' વિષયક મનનીય પ્રવચન રજૂ કર્યું. તેમાં દાર્શનિક દૃષ્ટિકોણ અને સામાજિક ઉપયોગિતાનો સુંદર સમન્વય હોવાથી સૌ 'માનસ'નો મર્મ સુપેરે પામી શક્યા.

આ સ્મૃતિ આપણને અક્ષરધામમાં મૂકી દે

'જોયા દેશ વિદેશ અને, જોયાં કેટલાંય મુખ;
પણ એની તોલે ના આવે, જેનું નામ છે સ્વામી પ્રમુખ...
જેનાં નામ-સ્મરણથી, થાતાં દુખડાં દૂર;
'બાપા'ના આશિષથી સઘળે, સહજાનંદના સૂર...'

આ હૃદયોર્મિ સાથે તા. ૧૦/૧૨ની રાત્રિસભામાં સૂરસરિતા વહેતી મૂકનારા વિખ્યાત સંગીત-નિર્દેશક શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય સ્વયં ઝૂમી ઊઠ્યા.

તેની સમાંતર અમૃતસરિતા વહાવતાં સ્વામીશ્રીએ તા. ૧૧/૧૨ની સવારે આયોજિત સ્વયંસેવક સભામાં જણાવ્યું :

"*રે શ્યામ તમે સાચું નાણું...* કીર્તન સાંભળ્યું. આ વસ્તુની આપને દૃઢતા થઈ છે તો નાનાં-મોટાં, બાઈ-ભાઈ વ્યવસાય છોડીને, સગાં-વહાલાં મૂકીને અહીં સેવામાં આવી ગયાં છો. આ વસ્તુ અખંડ આપણી સાથે રહેશે. આ વિચાર જો આપણા જીવનની અંદર હોય તો ભગવાનના આદેશોથી આપણે કોઈ દિવસ દૂર ન થઈએ. દુનિયાની વસ્તુની કિંમત આપણને સમજાઈ છે તો એની કેટલી બધી ખાંખત રાખીએ છીએ ! એને માટે પ્રયત્ન કરીએ છીએ. એમ આ વસ્તુ દૃઢ થાય તો આપણને એમ ન થાય કે 'ચાલો, પૂજા મૂકી દઈએ, દર્શન મૂકી દઈએ, વચનામૃતનું વાંચન મૂકી દઈએ.'

જીવનો સત્સંગ કરવો. માન-મોટપ કે આગતા-સ્વાગતા માટેની આ વસ્તુ નથી. આપણે મહારાજને રાજી કરવા માટે આ ઉત્સવ ઊજવ્યો છે. આ સેવા એ આપણા જીવનનું ભાથું છે. આપણા જીવનનો એક આનંદ છે. આ એક અક્ષરધામની સ્મૃતિ આપણા માટે થઈ ગઈ કે ગુણાતીત દ્વિશતાબ્દી ઉત્સવમાં આપણે ગયા'તા, સેવા કરી'તી. આ એક એવી સ્મૃતિ છે કે આપણને પૃથ્વી બહાર, બ્રહ્માંડની બહાર અક્ષરધામમાં મૂકી દે. ફરીથી જન્મ-મરણ જ થાય નહીં.

અત્યારે ઠંડીનો પણ સમય આવ્યો છે, પણ એ ગણવાનું નથી. ઠંડી હોય કે બંડી, આપણે ગુણાતીતની બંડી પહેરી છે. એટલે ઠંડીનો ચમકારો દેખીને ગભરાવાનું નથી. એ ચમકારો પાછો પડશે, પણ આપણો ચમકારો પાછો પડવો ન જોઈએ. આપણો ચમકારો એવો હોવો જોઈએ કે ટાઈમે-ટાઈમે સેવામાં જોડાઈ જવાનું. દરેકને ગુણ આવે તેવી ક્રિયા આપણે કરવાની છે."

સ્વામીશ્રીના મુખેથી આજે સમૈયાની સેવાનો અપરંપાર મહિમા રેલાઈ રહ્યો.

આ તો પ્રત્યક્ષ પુરુષ છે મોટા

આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ નિમિત્તે તા. ૧૧/૧૨થી 'નગર'માં આરંભાયેલા 'યુવાસત્ર'ના આજના પ્રથમ દિવસની રાત્રિસભામાં ઉપસ્થિત થયેલા ડૉ. શ્રી કુરિયન એટલે 'શ્વેત ક્રાંતિ'ના પ્રણેતા. તેઓની કાર્યદક્ષતા તેમ જ પ્રદાનોને જોઈ આ મહાનુભાવને ભારત સરકારે 'પદ્મશ્રી', 'પદ્મભૂષણ' તથા 'કૃષિરત્ન' જેવા પ્રતિષ્ઠિત ખિતાબોથી નવાજેલા. આ ઉપરાંત, 'રેમન મેગ્સેસે' જેવા કંઈક ઇલ્કાબો તેઓએ મેળવેલા. સમયાંતરે તો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનાં નિગમો, સંસ્થાઓ વગેરે દ્વારા તેઓને મળેલા ઍવોર્ડ્સની સંખ્યા ૭૫ના આંકડાને આંબી ગયેલી. તેની સાથે સત્તર જેટલી યુનિવર્સિટીઓએ તેઓને 'ડૉક્ટરેટ'ની ડિગ્રી આપી નવાજેલા.

છતાં ડૉ. શ્રી કુરિયને આજે ભર સભામાં જણાવ્યું કે 'મેં જે કાંઈ આત્મસાત્ કર્યું છે એ બધું સ્વામીશ્રી સામે જોઉં છું ત્યારે નહીંવત્ લાગે છે. અક્ષરધામ અને આ સમગ્ર આયોજન જોઈને હું આભો બની ગયો છું. સ્વામીશ્રીની જે સિદ્ધિ છે એને જોતાં મારી સિદ્ધિ કાંઈ જણાતી નથી. આપણને ભાગ્યે જ ખ્યાલ આવે કે આવી પવિત્રતા, શુદ્ધતા અને સમર્પણ શું કરી શકે છે! એમનાં કેટલાંક મૂલ્યો મને પણ પ્રાપ્ત થાય એવી હું આશા રાખું છું.'

શ્રી કુરિયનની આ અનુભૂતિ વિશ્વપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી રૂડયાર્ડ કીપલિંગના ઉદ્‌ગાર યાદ કરાવી ગઈ. નોબલ પારિતોષિક મેળવનારા આ લેખકે કહ્યું છે કે 'Do not pay too much attention to fame, power and money. Some day you will meet a person who cares for none of these, and then you will know how poor you are. – કીર્તિ, સત્તા અને સંપત્તિ પર ઝાઝા કેન્દ્રિત ન બનશો. કોઈક દિવસ તમે એવી વ્યક્તિને મળશો કે જેને આમાંથી કશાયની સ્પૃહા નહીં હોય, તો તે વખતે તેની આગળ તમે તમારી જાતને કંગાલ અનુભવશો.'

આ વાત સ્વામીશ્રી પાસે સૌને સત્ય જણાતી. વિશ્વજિત વિભૂતિઓને પણ અહીં અનુભવ થતો કે *'આ તો પ્રત્યક્ષ પુરુષ છે મોટા...'*

સ્વામીશ્રી વિષે આવો જ અહોભાવ ઘૂંટતાં જાણીતા રામાયણી કથાકાર

પૂજ્ય રામકૃષ્ણ શાસ્ત્રીજી પણ આજની સભામાં બોલી ઊઠ્યા:

'જ્યારે પ્રમુખસ્વામીએ લંડનમાં કાર્યક્રમ કર્યો ત્યારે થયું કે ભારતમાં પ્રથમ કક્ષાના આચાર્ય હોય તો પ્રમુખસ્વામી. મેં અહીં પ્રવેશ કર્યો અને પ્રમુખસ્વામીનાં દર્શન કરતાં જ મને મારું દુઃખ ગયું હોય એવું લાગે છે. માનવજાતને ચાલવાની શક્તિ આપી તે બદલ પ્રમુખસ્વામીને ધન્યવાદ. પ્રમુખસ્વામી કેટલા નિર્મળ સંત છે! વિશ્વની એક-એક વ્યક્તિ આજે એમની તરફ મીટ માંડીને બેઠી છે, છતાં હનુમાનજીની જેમ તેઓ કેટલા નમ્ર છે! આજે વિશ્વને આવા નમ્ર મહાત્માની જ જરૂર છે.'

આવો જ કંઈક સૂર રેલાવતાં 'યુવાસત્ર'ના વક્તા પૂજ્ય વિદિતાત્માનંદજીએ આજની સભામાં 'શ્રદ્ધા અને યુવાનો' વિષયક વક્તવ્ય આપ્યું.[૫૧]

दर्शन-भेंट से होत निहाल

પ્રતિદિન પ્રભાતના પહોરથી જ દર્શનાર્થીઓની ચહલ-પહલને કારણે ધમધમતું થઈ જતું 'નગર' તા. ૧૨/૧૨ની સવારે સાવ સૂમસામ હતું. તેની આસપાસ સદા ઊભરાતા રહેતા રસ્તાઓ પણ ખાલીખમ હતા. આ જોઈ આવનારને ચોક્કસ સંશય સળવળે કે 'આટલું સોહામણું 'નગર' અચાનક સમેટાઈ ગયું કે શું?'

આ શંકા આમ તો સાચી હતી. 'નગર' આજે સમેટાઈ ગયેલું – સભામંડપમાં. આજ રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી જ્ઞાની ઝૈલસિંઘ 'નગર'ની મુલાકાતે આવવાના હોવાથી સુરક્ષાકર્મીઓની સૂચના અનુસાર સૌએ સભાગૃહમાં સ્થાન ગ્રહણ કરી લીધેલું.

આ બંદોબસ્ત વચ્ચે સવારના ૧૧:૫૦ વાગ્યે રાષ્ટ્રપતિ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરી સાથે 'નગર'નાં દ્વારે આવી પહોંચ્યા ત્યારે મંદિર આગળ જ સ્વામીશ્રીએ તેઓને પુષ્પહાર પહેરાવી આવકાર્યા અને મંદિરમાં દર્શન કરાવ્યાં. તે સમયે ભક્તિનમ્ર આ રાષ્ટ્રપતિએ અક્ષર-પુરુષોત્તમ

---

૫૧. 'નગર'ના મંચ પર રચાયેલી સાહિત્ય, સંગીત અને સંત-વાણીની ત્રિવેણીમાં અવગાહન કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

મહારાજ સમક્ષ શીશ ઝુકાવ્યું અને 'भगवान और संत के दर्शन के लिए जाते वक्त खाली हाथ नहीं जाना चाहिए' કહી ૫૦૧ રૂપિયાની ભેટ ધરી.

આ ભાવ સાથે તેઓ મંદિરેથી 'પ્રદર્શન' જોવા પહોંચ્યા. અત્રે તેઓના સચિવોએ માત્ર દસ જ મિનિટ ફાળવેલી, પરંતુ શ્રી ઝૈલસિંઘ તો જોવામાં એટલા મશગૂલ થઈ ગયા કે સમય-મર્યાદા વીતવા લાગી. તેથી તેઓને સવિનય તે સંબંધી જાણ કરવામાં આવી, ત્યારે રાષ્ટ્રપતિએ કહ્યું: 'किसने कहा मुझे समय नहीं है? मुझे समय है और मैं देखना चाहता हूँ।' એમ કહી તેઓ આખા પ્રદર્શનમાં ફરી સ્વાગત કક્ષમાં આવ્યા.

અત્રે પણ તેઓએ સ્વામીશ્રી સાથે નિરાંતે વાર્તાલાપ સાધ્યો. વિશેષ તો તેઓ સ્વામીશ્રીના સુશિક્ષિત સંતો અને સ્વયંસેવક વૃંદથી અભિભૂત હતા. તેથી તેની વાત કર્યા બાદ શ્રી ઝૈલસિંઘ બોલ્યા: 'बगैर आत्मिक शक्ति किसी को कोई खींच नहीं सकता।'

રાષ્ટ્રપતિનો ઇશારો એમ હતો કે 'સ્વામીશ્રીએ સૌને ખેંચ્યા છે.' પરંતુ તે મર્મ પામી ગયેલા સ્વામીશ્રીએ તરત જ જણાવ્યું: 'ये सब भगवान की शक्ति है।'

તે સાંભળી શ્રી ઝૈલસિંઘે દૃષ્ટાંત આપ્યું કે 'जो बल्ब है उसमें ज्योत प्रज्वलित तब होगी जब स्वीच ऑन की जाए। वह कार्य आपके जैसे महापुरुष करते हैं। ये सब (संत और स्वयंसेवक) तो बल्ब के समान हैं और आप 'करन्ट' के समान हो, स्वीच के समान हो, जिससे बल्ब प्रकाशित होता है।'

આમ કહી તેઓએ અહોભાવ ઉચ્ચાર્યો કે 'स्वामीजी! आप बड़ा उत्तम काम कर रहे हैं। मुझे बहुत पसंद आया। आप भारतीय संस्कृति की रखवाली कर रहे हैं। कितनी ऊँचे दरज्जे की बात है कि किसी सरकार की मदद से नहीं किया। आपके विचारों में जात-पाँत के भेद को तो कोई स्थान नहीं है।'

આમ સંવાદ ચાલી રહેલો ત્યારે જ નાળિયેરનું પાણી ધરવામાં આવ્યું. તેમાંથી એક પ્યાલો લઈ સ્વામીશ્રીએ ઠાકોરજીને ધરાવ્યો અને તે પ્રાસાદિક પાણી રાષ્ટ્રપતિના પ્યાલામાં થોડું ઠાલવી તેઓને પણ પ્રસાદીનો લાભ આપ્યો.

સ્વામીશ્રી પાસે બેસતાં જ શ્રી ઝૈલસિંઘ બોલેલા: 'संत के संग नहीं किस घाल, दर्शन-भेंट से होत निहाल...' તેનો અનુભવ તેઓ પૂરેપૂરો કરી રહ્યા હોય તેમ જણાતું હતું.

જાણ્યું જીવનમુક્તા તો આ છે

સ્વાગત કક્ષમાંથી વિદાય લઈ સ્વામીશ્રી અને રાષ્ટ્રપતિશ્રી ૧૨:૫૦ વાગ્યે સભાગૃહમાં પહોંચ્યા ત્યારે અહીં સત્કારની ઔપચારિક વિધિમાં સ્વામીશ્રીએ શ્રી ઝૈલસિંઘને ગુલાબનો ભવ્ય હાર પહેરાવ્યો. તે વખતે રાષ્ટ્રપતિને એવો ઉમળકો જાગી ગયો કે તેઓએ એ હાર સ્વામીશ્રીને જ પહેરાવી દીધો!

આ જ ઉત્સાહનો ભાવ અકબંધ રાખી રાષ્ટ્રપતિએ વક્તવ્ય શરૂ કર્યું કે –

'हमारे देश में जितने महापुरुष हुए उनके माननेवालों ने उनके आदेशों को समय के साथ बदल दिया। लेकिन इस संप्रदाय ने हमारे महामुनि गुणातीतानंद स्वामी के आदेशों को बदला नहीं। परंपरा को दृढ़ विश्वास से कायम रखना वह बहुत बड़ी करामात है। हमारे देश में हो गए अवतार, ऋषि-मुनि और महात्माओं जैसा आदर्श जीवन जो किसी ने कायम रखा हो तो वे प्रमुखस्वामीजी जैसे पुरुष ही हैं।

उनमें एक आकर्षण-शक्ति है, जिसकी वजह से लोग आकर उनकी बात को सुनते भी हैं और मानते भी हैं। सरकार को उनकी ज़रूरत है, इनको सरकार की ज़रूरत नहीं है।

यहाँ पर जितने बुद्धिशाली हैं वो शायद और मत में होंगे तो सही, लेकिन एक जगह पर त्यागी के रूप में नहीं होंगे। अपना सब कुछ छोड़कर इस काम में लग जाना वह बड़े ऊँचे दरज्जे का काम है। मैं देख रहा हूँ कि स्वामीजी के मन में अहंकार नहीं है। न काम, न क्रोध; न लोभ, न मोह; न भोग, न भय। इस अवस्था पर मनुष्य पहुँच जाता है तो वो जीवन्मुक्त होता है। स्वामीजी गरीबों के घर में भी जाते हैं। कुछ तो ऐसे महापुरुष होते हैं जो अमीरों के होते हैं...'

સ્વામીશ્રીની જીવનમુક્ત સ્થિતિમાં રાષ્ટ્રપતિશ્રી પૂરેપૂરા ખેંચાઈ ગયા.

આ સભા બાદ દોઢ વાગ્યે તેઓને વિદાય આપી સ્વામીશ્રી સ્વાગત કક્ષમાં બિરાજ્યા. તે વખતે ત્યાં ઈશ્વરચરણદાસ સ્વામી પ્રવેશ્યા. તેઓએ આજના આયોજનમાં ઘણી જહેમત લીધેલી. તેથી તેઓને જોતાં જ સ્વામીશ્રી ઊભા થઈ ગયા અને તેઓનો હાથ ખેંચી પોતાના સમકક્ષ આસન પર આ વડીલ સંતને સાગ્રહ બેસાડી રાજીપો વ્યક્ત કર્યો. તે જોઈ સૌને – 'स्वामीजी के मन में अहंकार नहीं है' એ રાષ્ટ્રપતિના અવલોકનનો વધુ એક

અનુભવ થઈ રહ્યો.

પ્રમુખસ્વામીના પ્રેમનો પ્રભાવ

રાષ્ટ્રપતિના રોકાણને કારણે તા. ૧૨/૧૨ની સવારથી જ આમ જનતા માટે બંધ થઈ ગયેલા દ્વિશતાબ્દીનાં દ્વાર બપોર પછી ખૂલી જતાં 'નગર'માં પ્રવેશવા માંડેલો માનવપ્રવાહ *'સમુદ્રની જે ભરતી ચડે છે, ઘણો કરે તે ઘુઘવાટ એ છે...'*નું દશ્ય તાદશ કરી રહ્યો. આ ભક્ત-ભરતીનાં પૂર સભાગૃહમાંયે ફરી વળતાં આજની રાત્રિસભા ચિક્કાર બની ગઈ.

એ સમુદાયને સંબોધતાં 'અખિલ ભારતીય દર્શન પરિષદ'ના અધ્યક્ષ ડૉ. રામજીસિંહે 'अहिंसा और युवान' વિષયક પ્રેરક પ્રવચન કર્યું. તેમાં તેઓએ કહ્યું:

''यहाँ मैंने एक युवक, जो साधु थे, उनसे पूछा कि, 'आपको क्या प्रेरणा मिली जिससे विलास का जीवन छोड़कर साधु हो गए?' उसने एक ही उत्तर दिया: 'प्रमुखस्वामी के प्रेम ने हमको बदल दिया।' प्रेम ही क्रांति का साधन है। प्रमुखस्वामीजी वृद्ध होने पर भी युवान हैं, क्योंकि तरुण वो है जो सृष्टि को तारता है।''

સ્વામીશ્રીએ કરેલી આ ક્રાંતિની છડી પોકારતાં રાજકોટના મેયર શ્રી વજુભાઈ વાળાએ પણ ભાવોર્મિ વહાવી:

'અધાર્મિક આચરણનું અનુકરણ કરવાવાળા પણ જ્યારે આ 'નગર'માં પગ મૂકે છે ત્યારે નજરોનજર નિહાળ્યું છે કે તેઓ કેટલા શાંતિમય બની જાય છે! પ્રદર્શનમાં અનેક યુવાનો-યુવતીઓ સાથે હતાં છતાં કોઈ પણ જાતના ચેન-ચાળા વગર પૂજ્યભાવ રાખીને નિરીક્ષણ કરતાં હતાં. તે વખતે થયું કે યુવાનોને પણ યોગ્ય વાતાવરણ આપવામાં આવે તો તેઓના જીવનમાં પરિવર્તન લાવી શકાય છે. આ પરિવર્તન રાજકારણી નહીં લાવી શકે, તે આ પ્રમુખસ્વામી મહારાજ લાવી શકશે. આજે 'ડિસ્કો'યુગમાં દીક્ષા લેનારા તૈયાર કરવા એ અઘરી વસ્તુ છે. આજે જ્યારે બીજા સંપ્રદાયમાં દીક્ષા લેનારની સંખ્યા ઘટતી જાય છે, ત્યારે અહીં કતાર જામે છે.'

આમ, ગુણાતીત દ્વિશતાબ્દી નિમિત્તે સ્વામીશ્રીએ સર્જેલું 'નગર' દિવસે-દિવસે સૌનાં માનસપટ પર એક પરમ પવિત્ર ભૂમિકાના રૂપમાં છવાવા માંડેલું. તેનો વધુ એક અનુભવ આજની રાત્રિસભામાં આર.એસ.એસ.ના

સરકાર્યવાહ શ્રી રજ્જૂ ભૈયાએ પણ 'सेवा और युवान' વિષયક વક્તવ્યમાં વાગોળ્યો.

વૈજ્ઞાનિક વિશ્વકર્મા

તા. ૧૩/૧૨ની સવારે પોણા દસ વાગ્યે રાષ્ટ્રપતિ શ્રી ઝૈલસિંઘ 'અક્ષરધામ'ની મુલાકાતે આવી પહોંચ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓને પુષ્પહારથી સત્કારી સઘળે ઠેકાણે દર્શન કરાવ્યાં. તે વખતે સ્મારકનું સ્થાપત્ય અને સ્વામીશ્રીનું સૌજન્ય – આ બંનેથી પ્રભાવિત થયેલા રાષ્ટ્રપતિ બોલી ઊઠ્યા : 'यहाँ मैं यदि नहीं आता तो गलती रह जाती।'

સ્થાવર અને જંગમ 'અક્ષરધામ'નો આ સુખદ અનુભવ હૈયે સંઘરી શ્રી ઝૈલસિંઘ વિદાય થયા બાદ આગામી કાર્યક્રમોમાં પરોવાયેલા સ્વામીશ્રી બાપુનગર પહોંચ્યા.[૫૨]

અત્રે 'સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ' દ્વારા આયોજિત સમૂહ-લગ્નના સમારોહમાં જેવાં તેઓનાં પગલાં પડ્યાં કે સૌ 'સમાજસુધારક દાદાની જય'ના બુલંદ ઘોષથી સ્વામીશ્રીને વધાવવા લાગ્યા. સૌનાં હોઠ-હૈયેથી ફૂટી નીકળેલો સ્વામીશ્રીના કાર્યનો આ પડઘો ઘણો ગાજ્યો.

તેની વચ્ચે જ વરરાજાઓને આશીર્વાદ પાઠવી વિદાય થયેલા સ્વામીશ્રી તા. ૧૪/૧૨ની રાત્રે 'નગર'ની સભામાં પધાર્યા ત્યારે અત્રે ઉપસ્થિત વિખ્યાત વ્યાખ્યાતા મુનિ શ્રી સુશીલકુમારજીએ તેઓની એક આગવી ઓળખ આપી.

વિશ્વવ્યાપી ધર્મપ્રવૃત્તિ ચલાવનારા આ આંતરરાષ્ટ્રીય વક્તાએ 'युवानों के लिए संयम और प्रेम' વિષયક વક્તવ્યમાં સ્વામીશ્રીને બિરદાવતાં કહ્યું :

''प्रमुखस्वामी बहुत बहुत सादे व्यक्ति हैं, लेकिन वास्तव में उनकी छोटी-सी काया में आज के वैज्ञानिक विश्वकर्मा मौजूद हैं। आज प्रदर्शन में सब कुछ देखने के बाद मैं देखता रहा कि, 'स्वामीजी कहीं नहीं, कहीं नहीं...' उन्होंने अपने नाम के लिए कभी कुछ नहीं किया!''

સાચે જ, સ્વામીશ્રીની અહંશૂન્યતાએ પૂરા વિશ્વને વશ કરી લીધેલું.

---

૫૨. દ્વિશતાબ્દીનાં દ્વારે ઉપસ્થિત થયેલા ભારતના રાષ્ટ્રપતિની મુલાકાતના કાર્યક્રમમાં સહભાગી થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

તેથી જ આજની સભાના અન્ય એક અતિથિવિશેષ શ્રી જથ્થેદાર રછપાલસિંઘે પણ પોતાના સંબોધનમાં જણાવ્યું: 'प्रमुखस्वामीजी जैसे महापुरुष कभी कभी ही दुनिया में आते हैं। करोड़ों में एक ऐसा सेवक मिलता है! जिसको नारायण याद रहता है, वो ही ऐसा काम कर सकता है।'

'શિરોમણિ અકાલી દળ'ના પ્રમુખનો આ અભિપ્રાય હજી તો હવામાં ગુંજી રહેલો, ત્યાં જ સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી કે. એન. શાહે પોતાનો અનુભવ વહેતો કરી દીધો કે – '૫૯ દિવસ સુધી આ 'નગર'માં ૧૦,૦૦૦ યુવકો જીવનનાં મૂલ્યો સમાજ સમક્ષ મૂકે એ અજાયબ કામ છે. આ કામ જોનારને લાગે જ કે બધું જ સુંદર, વ્યવસ્થિત. કોઈ ખામી નહીં. આ કામ ઈશ્વરનું છે. પ્રમુખસ્વામી દ્વારા તેઓ આ કામ કરાવે છે એટલે એમાં સફળતાને કોઈ શંકા હોઈ શકે નહીં. આટલું કામ હોવા છતાં પ્રમુખસ્વામી નિશ્ચિંતતાથી બેઠા છે. પરંતુ એકેએક વસ્તુ-વિગતોનો તેઓને ઊંડો ખ્યાલ હોય છે.'

આ રીતે એક પછી એક રેલાયેલાં વક્તવ્યો રોજની જેમ આજે પણ સ્વામીશ્રીનો આગવો પરિચય આપતાં રહ્યાં.

સમતા સરલ સ્વભાવ જુત

'નગર'માં તૈયાર કરાયેલા જાપાનીઝ ઉદ્યાનમાં તા. ૧૫/૧૨ની સવારે ભ્રમણ કર્યા બાદ નિત્યક્રમથી પરવારી સ્વામીશ્રી પધરામણીઓ કરવા નીકળ્યા.

આજે તેઓને 'મહાકાંત શોપિંગ સેન્ટર'માં એક ડીઝલ સ્ટોરનું ઉદ્ઘાટન કરવાનું હતું, પણ અહીં આમંત્રણ આપનારા દુકાનદારોને સ્વામીશ્રી અને રાષ્ટ્રપતિની મુલાકાતના સમાચાર જાણ્યા-વાંચ્યા ત્યારથી મનમાં દ્વિધા ઊભી થયેલી કે 'રાષ્ટ્રપતિ જેનાં દ્વારે આવે તે સ્વામીશ્રી આપણા આંગણે આવશે કે કેમ?'

પરંતુ સ્વામીશ્રી જ્યારે ઘડિયાળના ટકોરે દુકાનના દરવાજે હાજર થઈ ગયા ત્યારે તે દુકાનધારીઓની આંખો હર્ષાશ્રુથી ઊભરાઈ આવી.

આ જ અનુભવમાંથી આજે પસાર થયો – એક ડ્રાઈવર.

ડીઝલ સ્ટોરનું શટર ઉઘાડી સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના સમકાલીન હરિભક્ત શ્રી ચંપકભાઈના ઘેર જવા નીકળ્યા. ગુરુના સંબંધે પાવન થયેલું આ સ્થાન તો તેઓનું જાણીતું. તેથી તેઓ જાતે જ રસ્તો ચીંધતાં ચીંધતાં ગાડીને છેક ઘર સુધી લઈ આવ્યા! અહીં આ મહાપ્રાસાદિક મકાનને જોતાં જ

સ્વામીશ્રી બોલ્યા : 'આ બંગલામાં રંચમાત્ર ફરક થયો નથી.'

એટલામાં જ તેઓની નજર આ શેઠના ડ્રાઈવર પર પડી. તેને સ્વામીશ્રી તરત ઓળખી ગયા અને વહાલથી પોતાના આશ્લેષમાં લેતાં બોલ્યા : 'અહો ! આ તો શેઠનો જૂનો ડ્રાઈવર. જગન્નાથ ! તું ઘણાં વર્ષે મળ્યો. બહુ આનંદ થયો !'

સ્વામીશ્રીની આ આત્મીયતાથી આજે 'જગન્નાથ' પણ ભીંજાઈ ગયો. આ દૃશ્ય જોનારા સૌની પણ એ જ સ્થિતિ બની રહી.

તેની વચ્ચે સ્વામીશ્રીએ મકાનમાં પધારી જૂની સ્મૃતિઓ સંભારી. છેલ્લી માંદગીમાં શાસ્ત્રીજી મહારાજ અત્રે રોકાયેલા. તે ઓરડો બતાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'અહીં મહિનો રહ્યા. પછી સ્વામી (શાસ્ત્રીજી મહારાજ) બંગલે (શાહીબાગ) ગયા. ત્યાંથી અટલાદરા ગયા અને પછી સારંગપુર દેહ મૂક્યો.'

જાણે કોઈ તીર્થમાં આવ્યા હોય તેમ સઘળે દર્શન કરી સ્વામીશ્રી વિદાય થયા.

क्रिया के द्वारा प्रेरणा देनेवाले महापुरुष

તા. ૧૫/૧૨ની રાત્રિસભામાં 'યુવાસત્ર' ઉપક્રમે ઉપસ્થિત થયેલા લબ્ધપ્રતિષ્ઠ લેખક શ્રી યશવંત શુક્લે 'યુવાનો – શિક્ષણ અને સમીપનું ભાવિ' વિષયક પ્રવચન દ્વારા પ્રેરણા આપી.

ત્યારબાદ 'ભારત સાધુ સમાજ'ના અધ્યક્ષ પૂજ્ય રામસ્વરૂપ શાસ્ત્રીજીએ સંબોધનનું સુકાન સંભાળતાં જણાવ્યું :

'प्रमुखस्वामी के संपर्क में आकर विलक्षण अनुभूति हो रही है। उनके द्वारा जो दिव्य आयोजन किया गया है उसे देखकर कहना होगा कि अहमदाबाद के भाग्य खुल गए हैं। चार वर्ष में यहाँ दूसरा कुम्भ हो रहा है।[૫૩] अहमदाबाद के वासियों! आप भाग्यशाली हों। तुम्हारे अहं-मद को निवृत्त करने के लिए स्वामीजी का यह आयोजन है। प्रमुखस्वामी जैसे महापुरुष क्रिया के द्वारा प्रेरणा दे रहे हैं। स्वयं निर्मान होकर सबको सम्मान देते हैं।'

સ્વામીશ્રીની આવી વિલક્ષણ અનુભૂતિઓ કેવળ માન્યવર મહાત્માઓ જ નહીં, પણ મજૂરથી માંડી માંધાતા સુધીના સૌ વાગોળતા રહેતા, કારણ કે

---

૫૩. સન ૧૯૮૧માં અમદાવાદ મુકામે ઊજવાયેલા 'ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ' બાદ ચાર વર્ષે અહીં પુનઃ આ ઉત્સવ ઊજવાતો હોવાથી.

સ્વામીશ્રી અને સમૈયો સૌને અઢળક આપી રહેલા. સંતોયે તેથી બાકાત નહીં.

હા, રોજ રાત્રિસભા વિરમે એટલે સ્વામીશ્રી સ્વાગત કક્ષમાં પધારતા. ત્યાં કો'ક આગંતુક અતિથિ હોય તો તેને તેઓ મળે. તે મુલાકાત પછી સંતો વ્યક્તિગતરૂપે સ્વામીશ્રીને મળતા.

આ મિલન ગુરુ-શિષ્ય કરતાંયે પિતા-પુત્ર કે મા-દીકરાના સંબંધની સુવાસથી મહેકતું જણાય. સંતો દ્વારા સાધના-સંબંધી કે સેવાલક્ષી જિજ્ઞાસા અગર તો સમસ્યા રજૂ થતી જાય; તેને સ્વામીશ્રી પોતાની કરુણા અને કોઠા-સૂઝથી સંતોષે-શમાવે. આ ક્રમ હોય તો પાંચેક મિનિટ પૂરતો, પરંતુ તે પૂરો થાય ત્યારે સંતોનો સાધનામાર્ગ વધુ સુગમ બની ગયો હોય અને સ્વામીશ્રી વિષેની આત્મબુદ્ધિનો અંકોડો વધુ સુદૃઢ થઈ ગયો હોય. દિવસભરની ભરચક પ્રવૃત્તિ પછીયે એક-એક સંત માટે મોડી રાત્રે આવો સમય ફાળવતા સ્વામીશ્રીના સ્નેહનો સીમાડો શોધ્યો જડે એમ નથી.

ભક્તવત્સલ એહેને જ કહેવા

તા. ૧૬/૧૨ની સવારે પ્રાતઃપૂજાથી મુલાકાત સુધીનો રોજિંદો નિત્યક્રમ સંપન્ન કરી સ્વામીશ્રીએ મહોત્સવની શિરા-ધમની જેવા રસોડા વિભાગમાં પગલાં પાડ્યાં. તેના એક અંગરૂપ શાકભાજીના ભંડારમાં ખેડા જિલ્લાના સ્વયંસેવકો અને આશરે બસો મહિલા ભક્તો રોજ સવારે વહેલા પહોરથી હજારો મુલાકાતીઓ માટેનું શાક સુધારવાં પલાંઠી વાળી દેતાં. તે પૈકીના એક કાર્યકરના આમંત્રણને સ્વીકારી સ્વામીશ્રી આજે અત્રે આવી પહોંચેલા. *'કોઈ તેડાવે ત્યાં અમે જૈયે...'*ની તેઓની પ્રકૃતિ ખરી ને !

જ્યાં ઘડીની નવરાશ ન મળે એવા કાર્યક્રમોની હારમાળામાંથી સમય સેરવી પધારેલા સ્વામીશ્રીને વધાવવા આ વિભાગના સ્વયંસેવકોએ પણ શાકના શણગારથી મંડપને સજાવેલો. તેમાં ઊભા કરેલા સભાના એક દૃશ્યમાં તો શ્રોતા, વક્તા, માઇક, વાયર, સ્પીકર વગેરે બધું જ શાકમાંથી સર્જેલું.

તે જોઈ પ્રસન્નતા વરસાવતા સ્વામીશ્રી આજની બપોરે શહેરના જાણીતા બિલ્ડર શ્રી હર્ષદભાઈના ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા ત્યારે અહીં ઘણા પ્રતિષ્ઠિત શહેરીજનો એકત્રિત થયેલા. તે સમૂહમાં શાસ્ત્રીજી મહારાજના સમકાલીન હરિભક્ત શ્રી વિનાયકરાવ ત્રિવેદીના દીકરાને જોતાં જ સ્વામીશ્રીએ હેતભર્યા અવાજે પૂછ્યું : 'અરે ! તમને દર્શને લાવવા મેં દસ જણા

સાથે કહેવડાવ્યું હતું. તમે કેમ આવ્યા નહીં?'

સ્વામીશ્રી આમ બોલ્યા ત્યારે જ સૌને ખ્યાલ આવ્યો કે ઉત્સવમાં એકત્રિત થતા લાખોના જમેલામાં પણ તેઓની નજર 'કોણ આવ્યું ને કોણ નથી આવ્યું?'નું અવલોકન કરતી રહી છે.

તેઓની આ પ્રેમભરી પૂછપરછનો ઉત્તર આપતાં પેલો યુવાન બોલ્યો: 'બાપા! હું એક વખત 'નગર'માં આવી ગયો હતો.'

"તો તમે મને કેમ મળ્યા નહીં? 'પ્રમુખસ્વામી ક્યાં છે?' એ પૂછવાનો તો તમને હક છે. તમે વિનુભાઈનું નામ દીધું હોત તો નાનો સાધુ પણ તમને મારી પાસે લઈ આવત."

સ્વામીશ્રીના શબ્દે-શબ્દે એવી લાગણી ઝરી રહી કે તે યુવાન સહિત સૌ લથબથ થઈ ગયા. સાચે જ, સત્સંગના યોગમાં આવેલી એક-એક વ્યક્તિને સાચવવાની સ્વામીશ્રીની ત્રેવડ અને તમન્ના અનન્ય હતાં.

શુદ્ધ અને વિશાળ હૃદયના સંત

તા. ૧૬/૧૨ની રાત્રિસભામાં ઉપસ્થિત થયેલા ખ્રિસ્તી વિદ્વાન ફાધર શ્રી ફ્રેડ્રિક ડિસોઝાએ 'વર્તમાન સંદર્ભમાં માનવ-ઉત્કર્ષ માટે બાઇબલ' વિષયક વક્તવ્ય આપતાં જણાવ્યું: 'અહીંના કાર્યક્રમો જોઈને મને લાગ્યું કે પૂજ્ય સ્વામીજીનું હૃદય બહુ વિશાળ છે.'

આ અભિપ્રાયને અનુસરતાં ગુજરાત હાઈકૉર્ટના ન્યાયાધીશ શ્રી કુરેશી 'વર્તમાન સંદર્ભમાં માનવ-ઉત્કર્ષ માટે કુરાન' વિષય પર પ્રકાશ પાડવા લાગ્યા. તેમાં જ તેઓએ 'નગર'ના પ્રદર્શન અંગે ચુકાદો આપતાં કહ્યું:

'જીવનનાં સાચાં અને મહાન મૂલ્યો અહીં એટલી સરસ રીતે આપવામાં આવ્યાં છે કે બુદ્ધિશાળીમાં બુદ્ધિશાળી હોય કે જે બિલકુલ ભણેલો ન હોય કે પાછળ રહી ગયેલો માણસ હોય તે પણ સારી રીતે સમજી શકે. પ્રમુખસ્વામીજીનું હૃદય સાફ છે એટલે મહેનત ફળીભૂત થાય જ.'

સ્વામીશ્રીના સમૈયાને સર્વસ્પર્શી ઘોષિત કરતા આ 'જજમેન્ટ' પર મહાનતાની વધુ એક મહોર મારી – વક્તૃત્વકલાના આચાર્ય શ્રી આર. કે. ચોપરાએ. તેઓએ 'पुरुषार्थ और युवान' વિષયક વક્તવ્ય આપતાં આજની ભર સભામાં જણાવ્યું:

"दस-पन्द्रह दिन पहले एक व्यक्ति ने मुझसे पूछा: 'तुम सचमुच

बताओ कि क्या आप भगवान में मानते हो?' मैंने कहा: 'मैं आपका उत्तर प्रश्न से देता हूँ।' मैंने पूछा: 'क्या तुम 'स्वामिनारायण नगर' में गए हो? क्या तुमने प्रमुखस्वामी के दर्शन किए हैं?' उसने कहा: 'नहीं।' मैंने कहा: 'वहाँ जाके फिर मुझे यह सवाल करना।' मुझे पूरा यकीन है कि वो मुझे फिर नहीं मिलेगा।

इन्सान कितना भी गलत रास्ते पर क्यों न गया हो, उसको भी वापस जो कोई ला सके तो ये अक्षर-पुरुषोत्तम संस्था। मेरा यह अटल विश्वास है।''

આમ, સ્વામીશ્રીએ સર્જેલી સમૈયાની સોહામણી સૃષ્ટિના કણ-કણ તેઓની ઈશ્વરીય પ્રતિભાના ઈશારા આપતા રહેતા.

મહિમા મનમાં મોટો ધરે

તા. ૧૭/૧૨ની સવારે સ્વામીશ્રી અમદાવાદના શ્રીજી-સ્થાપિત મંદિરે દર્શન કરવા પધાર્યા ત્યારે અહીં તેઓ પાસે એક ઓચ્છવિયા ભક્ત દોડી આવ્યા. તેઓ અત્રે દર એકાદશીએ મૂર્તિ સમક્ષ ઝાંઝ વગાડી કીર્તનો ગાતા. તેઓને 'જય સ્વામિનારાયણ' પાઠવતાં સ્વામીશ્રી બોલ્યા: 'સારું થયું, તમારાં દર્શન થઈ ગયાં!'

'અરે, સ્વામી! આપનાં દર્શન થયાં એ મારાં ભાગ્ય કહેવાય.'

'તમે તો સાક્ષાત્ શ્રીજીમહારાજના હજૂરી ઓચ્છવિયા કહેવાઓ. તમારા દર્શન ક્યાંથી?!' સ્વામીશ્રીએ કહ્યું.

શ્રીજીમહારાજના સંબંધવાળા સૌ સત્સંગીઓનો તેઓને અનેરો મહિમા. ભલે શાખાઓ જુદી જુદી, પણ થડ-ઝાડ તો એક જ ને! તેમ ભલે મંદિરો સંપ્રદાયની જુદી જુદી શાખાનાં હોય, પરંતુ મૂળ તો તે શ્રીજીમહારાજનાં જ ને!

તેથી જ આવી મહિમાસભર મતિના માલિક સ્વામીશ્રી અહીંથી વઢવાણ શાખાના સ્વામિનારાયણ મંદિરે પણ પધાર્યા. અત્રે ભાવપૂર્વક શીશ ઝુકાવી તેઓ આંબલીવાળી પોળના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી રાત્રે 'નગર'ની ઉત્સવ-સભામાં આવી પહોંચ્યા.

તેમાં 'ગ્રંથ સપ્તાહ' અંતર્ગત સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી મનુભાઈ પંચોળીએ 'મહાભારત અને ધર્મ' વિષયક વક્તવ્ય દ્વારા મહાભારતનો મર્મ સમજાવ્યો. વિવિધ ગ્રંથોમાં સમાયેલા શાણપણના શબ્દોને સરળ ભાષામાં સુલભ કરવાના હેતુસર યોજાયેલી આ વ્યાખ્યાનમાળામાં, સંસ્થાના વિદ્વાન સંતો પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી, પૂજ્ય

જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ પણ અનુક્રમે સ્વામીની વાતો, વચનામૃત અને શિક્ષાપત્રીની વિશેષતાઓ વર્ણવી સૌને સંપ્રદાયની સુગંધનો પરિચય કરાવેલો. તે ઉપરાંત રોજ 'અક્ષરચરિત્રામૃત' અને 'શ્રીહરિલીલાકલ્પતરુ'નાં પારાયણથીયે ગુણાતીતની દ્વિશતાબ્દી ગુંજતી રહેલી.

તા. ૧૮/૧૨ની સવારે યોજાયેલી આ પારાયણોની પૂર્ણાહુતિના પ્રસંગે સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

'આ પારાયણો આપણા માટે વિશેષ રહી. ગુણાતીતાનંદ સ્વામીના પ્રસંગો, વાતો વગેરે દિવ્ય છે. બધા જ જોઈને ખૂબ પ્રભાવિત થયા છે. દેશ-પરદેશથી લાખો માણસોએ આવીને ગુણાતીતાનંદ સ્વામીને શ્રદ્ધાંજલિ આપી છે. દરેક કોમના, દરેક ધર્મના અહીં આવ્યા ને ભાગ લીધો એ આ ઉત્સવની વિશેષતા છે.

અચિંત્યાનંદ વર્ણીને ગુણાતીતાનંદ સ્વામીએ જે ગ્રંથ રચવાની આજ્ઞા કરી હતી તે 'હરિલીલાકલ્પતરુ'નું પણ અહીં વાંચન થયું. અક્ષર અને પુરુષોત્તમ – બેયની વાત એમાં આવી ગઈ. એના ઉપરથી આપણી કોઈ વાત મહારાજને મૂકીને નથી એ સિદ્ધ થાય છે.'

શ્રીજીમહારાજનો આનંદ લેવા ગુણાતીત બનવું પડશે

તા. ૧૮/૧૨ના છેલ્લા પ્રહરોમાં આયોજિત દ્વિશતાબ્દી મહોત્સવની અંતિમ રાત્રિસભા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને પ્રગટ બ્રહ્મ સ્વામીશ્રીને સમર્પિત હતી. કીર્તનભક્તિથી આરંભાયેલી આ ઉત્સવ-સભામાં બે કલાક સુધી લાઇટ ઍન્ડ સાઉન્ડ શૉ દ્વારા સ્વામીશ્રીની જીવન-ઝરમર રજૂ થઈ. તેમાં શાસ્ત્રીજી મહારાજ સાથે બનેલા સ્વામીશ્રીના પ્રસંગો પ્રસ્તુત થયા ત્યારે તો સ્વામીશ્રીની આંખોમાંયે ઝળઝળિયાં આવી ગયાં. તે તેઓની ગુરુપદ-પ્રીતિનો પુરાવો પૂરી રહ્યા.

આ પ્રીતિનાં પૂરમાંથી માર્ગ કાઢતાં સભામંડપની મધ્યમાંથી નીકળેલી નગરયાત્રા પણ આજની વિશિષ્ટ સભાનું આકર્ષક પાસું બની રહી. આ શોભાયાત્રા મંચ પર વિરમતાં જ ગુણાતીતાનંદ સ્વામીની સાકરતુલાનો તખ્તો ગોઠવાઈ ગયો. આ તુલાવિધિ માટે શ્રોતાગણમાંથી મંચ પર પધારેલા સ્વામીશ્રી એક પછી એક સાકરનાં પડીકાં પલ્લામાં મૂકતા ગયા. તેઓની આ સાકરથીયે મીઠી પ્રેમભક્તિથી ગુણાતીતાનંદ સ્વામી તોળાતાં જ જયજયકારના પ્રચંડ

ધ્વનિએ ગગન ભરી દીધું.

આવા કિલ્લોલમય વાતાવરણમાં સૌએ સ્વામીશ્રીને પણ ફૂલસેરોથી લદોલદ હિંડોળામાં બિરાજમાન કર્યા. તે સાથે જ સદ્‌ગુરુ સંતો દ્વારા આરતીનાં આવર્તન થવા માંડ્યાં. તેના અંતે સમગ્ર સભાએ ઊભા થઈ સ્વામીશ્રીને સંબોધતાં કરબદ્ધ મુદ્રામાં પ્રાર્થનાપદ આરંભ્યું: *'ભૂલીશ હું જગતની માયા, ગુરુજી ! નહીં ભૂલું તમને...'*

પરંતુ તે જોઈ સ્વામીશ્રી તરત જ હિંડોળા પરથી ઊતરી ગયા અને શ્રીજીમહારાજ સમક્ષ ઊભા રહી હાથ જોડી પ્રાર્થના ગાવા લાગ્યા. કેવી દાસત્વ-ભક્તિ !

સતત ૫૮ દિવસ સુધી ગવાયેલાં પોતાનાં અગણિત ગુણગાન અને દ્વિશતાબ્દીની દિગંતવ્યાપી સફળતાથી તેઓ કેટલા નિર્લેપ રહેલા તેનીયે નિશાની આપી સ્વામીશ્રીની આ ચેષ્ટાએ !

આ જ ભાવ તેઓની અમૃતધારાના બુંદ-બુંદમાં આમ ઝિલાવા લાગ્યો:

'આપણે ગુણાતીત સ્વામીનો દ્વિશતાબ્દી મહોત્સવ ઊજવ્યો. હવે આવતીકાલે એક જ દિવસ બાકી છે. બધા જ પ્રોગ્રામો સુંદર થયા, પણ આપણે આપણી મૂળ વસ્તુ ન ભુલાય એનું ધ્યાન રાખવાનું છે. જે કાંઈ છે તે ભગવાન સ્વામિનારાયણનો પ્રતાપ છે. આપણામાં હંમેશાં એમનો વાસ રહે અને એમનામાં આપણો વાસ રહે, અહંભાવ ન આવે એ જાણપણું રાખીને કામ કરવાનું છે. શ્રીજીમહારાજ પોતે પુરુષોત્તમ નારાયણ હતા છતાં આપણને સદા દાસભાવ શીખવ્યો છે. આપણા ગુરુઓ પણ સદા દાસભાવે રહ્યા છે. જો આપણે આપણો મહિમા વધારવાનો પ્રયત્ન કરશું તો કોઈ દા'ડો આનંદ આવતો નથી. શ્રીજીમહારાજનો ખરેખરો આનંદ લેવો હોય તો ગુણાતીત બનવું પડશે.'[૫૪]

પરમારથી પૂરા વળી

તા. ૧૮/૧૨ની રાત્રિસભા બાદ સ્વામીશ્રી ડૉ. રસિકભાઈ પટેલના ઘેર

૫૪. મહોત્સવ ઉપક્રમે આયોજિત ગુણાતીતાનંદ સ્વામીની સાકર-તુલા સહિત અન્ય રસપ્રદ રજૂઆતો માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

ઉતારે પધાર્યા ત્યારે રાત્રિના પોણા એક વાગી ચૂકેલા. તબીબોએ આપેલી સલાહ અનુસાર નિશ્ચિત થયેલી આરામમાં જવાની વેળા તો ક્યારનીયે વીતી ચૂકેલી. જો કે આ કેવળ આજનો ક્રમ ક્યાં હતો! ઉત્સવ દરમ્યાન સ્વામીશ્રી ક્યારેય રાત્રે બાર વાગ્યા પહેલાં પોઢ્યા નહોતા. તા. ૨૪/૧૧ના રોજ તો રાત્રિના ત્રણ વાગ્યા સુધી તેઓ કાર્યરત રહ્યાનો દાખલો પણ નોંધાઈ ગયેલો!

તે મુજબ આજેય સ્વામીશ્રીનો આરામ ઠેલાતો ચાલ્યો, પરંતુ તેનું કારણ સ્વામીશ્રીની પ્રતિભાને વધુ તેજસ્વી સાબિત કરી રહ્યું.

આજે તેઓ નિવાસસ્થળે પહોંચ્યા ત્યારે તેઓની ગાડી ચલાવનારા ડ્રાઈવરે આડા રવાડે ચડી ગયેલા પોતાના ભાઈને હાજર રાખેલો. વ્યસનોનાં વળગણથી રિબાતા એ ત્રાહિત વ્યક્તિને ઉગારવા માટે સ્વામીશ્રીએ રાત્રે ૧૨:૪૫ થી ૧:૦૦ વાગ્યા સુધી વાતો કર્યે રાખી! તેમાં રહેલી હેત અને હેતુની શુદ્ધિના પ્રવાહમાં પેલા વ્યસનીનો કચરો તણાઈ ગયો. તેથી મધરાતે પણ એક વ્યક્તિના જીવનમાં પરોઢ ખીલી ઊઠ્યું! સ્વામીશ્રીના વ્યસનમુક્તિ યજ્ઞની ધૂણી અડધી રાત્રે પણ ઠરતી નહોતી.

પરંતુ હવે સૌને થયું કે સ્વામીશ્રી પોઢશે. ત્યાં જ તેઓ રાત્રે એક વાગ્યાના સમયે એક હરિભક્તની વ્યાવહારિક ગૂંચ ઉકેલવા બેઠા! આ પ્રક્રિયા પા-એક કલાક ખાઈ ગઈ અને સ્વામીશ્રી રાત્રે સવા વાગ્યે શયનાધીન થયા ત્યારે તેઓની પરમાર્થી છબી વધુ ચમકી ઊઠી.

દુનિયા ગજવે એવા મહોત્સવના પ્રણેતા પુરવાર થયા પછીયે એક-એક વ્યક્તિના જીવનમાં આટલો ઊંડો રસ કોણે લીધો હશે? તેય અડધી રાત્રે!!

સ્નેહ અને શાંતિ (Love and Peace)

દિવસ-રાતના ભેદ ભૂંસી સતત ફરતા રહેતા સ્વામીશ્રીના પરોપકારનાં પૈડાં પર સવાર થઈ આવેલો તા. ૧૯/૧૨નો દિવસ એવો હતો કે જે આવે એમ પણ સૌ ઇચ્છી રહેલા અને ન આવે એવી પણ સૌની મનોકામના હતી. પ્રતીક્ષા-ઉપેક્ષાના આવા મિશ્ર ભાવોને છેદતો આખરે એ ઊગ્યો.

પહેલાં તો સૌએ તેને ઉમંગથી પોંખ્યો, કારણ કે આજે તે ગુરુહરિ સ્વામીશ્રીના ૬૫મા જન્મદિનને લેતો આવેલો. તેથી સ્વામીશ્રીના ઉતારે કે સ્વામિનારાયણ નગરે, જ્યાં જુઓ ત્યાં પુષ્પોની સજાવટ, શુભેચ્છાપત્રોના ઢગલા, અભિનંદનના નારા અને દીવડાઓના ઝગઝગાટનું સામ્રાજ્ય વર્તાતું

હતું. તેની વચ્ચે મહોત્સવના મંચ પર તૈયાર કરાયેલા કમલાસન પર બેસી સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા કરી.

આ આસન સાચે જ તેઓને શોભી રહેલું. જેમ જળથી કમળ નિર્લેપ રહે તેમ કમલાસન પર બિરાજેલા સ્વામીશ્રી પણ આજનાં શોભા-સન્માનથી તદ્દન નિર્લેપ જણાતા હતા.

આ પૂજાવિધિ બાદ સંતોએ તેઓને પાટ પર ઊભા રહી સૌને દર્શન-દાન આપવા કહ્યું ત્યારે 'સદા સરળ' સ્વામીશ્રી ઊભા થઈ ગયા. તે વખતે કો'ક બોલ્યું: 'બાપા! હવે સૌને હાથની સાને આશીર્વાદ આપો.'

ત્યારે 'આજે તો સૌના આશીર્વાદ લેવાના હોય' એમ વિનમ્રભાવે બોલતાં સ્વામીશ્રી નીચે ઊતરી ગયા.

તેઓના આ દાસભાવના પગલાને અનુસરતાં આવેલી જન્મજયંતીની સભા પણ ખીચોખીચ ભરાઈ ગઈ.

૫૮ દિવસ સુધી ચાલેલા ઉત્સવથી સૌમાં સ્વામીશ્રી પ્રત્યે પૂજ્યભાવ પ્રગટી ચૂકેલો. તેથી સત્સંગીઓ ઉપરાંત ગુણભાવી વર્ગની પણ વિશેષ હાજરી આ સમારંભમાં જોઈ શકાતી હતી. તેની વચ્ચે ભવ્ય મયૂરાસન પર આરૂઢ થયેલા સ્વામીશ્રી *'સભા માંહિ શોભે સુખકંદ, જેમ તારાગણ વચ્ચે ચંદ...'* જેવા દર્શાઈ રહ્યા. દેશ-પરદેશના અતિથિઓની આદરાંજલિ તથા ભક્તિસભર કીર્તનોનાં ચક્રો પર સરતી આ સભામાં એક ઐતિહાસિક ક્ષણ એ આવી કે જ્યારે મહંત સ્વામીએ સ્વામીશ્રીને વિશિષ્ટ પોથી અને મોરપીંછની કલમ ધર્યાં. તે વડે સ્વામીશ્રીએ આગામી વર્ષનો આદેશમંત્ર લખી દીધો: 'જીવનમાં શ્રદ્ધા અને ભક્તિ દૃઢ કરો.'

આ જ મંત્રનું વિશદ વિવરણ કરતા હોય તેમ તેઓએ આશીર્વાદ રેલાવવા શરૂ કર્યા, જે આ મહોત્સવના માંડવેથી અંતિમ ઉપદેશ બની રહ્યો. તેમાં સ્વામીશ્રીએ જણાવ્યું:

''આપ બધાનાં દર્શન કરીને આજે ખૂબ જ આનંદ થાય છે. આવાં કાર્યો એક હાથે થતાં નથી. આમાં સંતો, યુવકો, હરિભક્તો, મહિલાઓ બધાંનો હિસ્સો છે. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાની કૃપા તો છે જ, પણ સાથે આપ બધાનાં પ્રેમ, લાગણી અને આશીર્વાદ મારા તરફ છે એ મોટી વાત છે.

સત્પુરુષ અને એમનાં વચનોમાં શ્રદ્ધાથી જ સાચો વિકાસ થઈ શકે છે.

ભગવાનને વિષે ભક્તિ આ દેહે અને ચૈતન્ય દેહે પણ કરવાની છે. આપણે Love(પ્રેમ) અને Peace(શાંતિ)ની વાતો કરીએ છીએ. આજે 'લવ' તો રસ્તામાં જતાંય થઈ જાય છે, પણ એ કોઈ દા'ડો ટક્યો નથી ને ટકવાનોય નથી. રાધાને કૃષ્ણ વિષે, લક્ષ્મીને નારાયણ વિષે, ગુણાતીત સ્વામીને મહારાજ વિષે 'લવ' થયો એ સાચો 'લવ.'

'લવ'નું મૂળ સ્થાન એ છે. એને પ્રેમ કરે તો સાચો પ્રેમ થાય. જીવ-પ્રાણી ઉપર દયા રાખવાની 'ના' નથી, પરંતુ મુક્તિ માટે તો ભગવાન સાથે જ 'લવ' કરવાનો છે. ભગવાનમાં પ્રેમ હશે તો દરેકમાં પ્રેમ રહેશે. ભગવાનમાં પ્રેમ નથી રહ્યો એટલે જ બીજેથી નિરાશ થઈએ છીએ. ભગવાનને વિષે શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમ થશે એટલી જ શાંતિ રહેશે.''

સ્નેહ અને શાંતિનો ઋણાનુબંધ સ્વામીશ્રીએ સુપેરે સમજાવી દીધો.[૫૫]

એ 'નગર'ને સલામ... 'પ્રમુખ' સંતને સલામ...

તા. ૧૯/૧૨ની બપોરે ૧૨:૪૦ વાગ્યે સ્વામીશ્રીના આશીર્વાદની સમાપ્તિ થઈ ત્યારે મધ્યાહ્ને તપતો સૂર્ય હવે ધીરે ધીરે અસ્તાચળ ભણી સરકવાનો હતો. તેની આ ગતિ ૫૯ દિવસ સુધી ધમધમતા રહેલા 'નગર' પર અંધકારની પછેડી પાથરવાની હતી. હા, પ્રિય ક્ષણો વીતી ચૂકેલી – દિવસની જ નહીં, જીવનની પણ.

તેથી ગમગીન બનેલા સૌ તીર્થરૂપ આ 'નગર'ની રજકણોને માથે ચડાવતાં વિદાય લેવા માંડ્યા, પણ તેમાંથી કોઈ એવું ન નીકળ્યું કે જેના પગ ઊપડ્યા પછી એક વાર થંભી ન ગયા હોય અને તેણે પાછું વળી આ 'નગર'ને નજરમાં ભરી લીધું ન હોય!

એ છેલ્લી નજર ફેરવતા પ્રત્યેક હૃદયના તાર-તારમાં ઊઠતી ઊર્મિઓ સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીની કલમેથી આમ વહી રહી –

'જે પોતાના અંતને જાણે છે એ 'નગર'ને સલામ,
અંતજયી કાળને જાણનાર 'પ્રમુખ' સંતને સલામ;

---

૫૫. મહોત્સવની પૂર્ણાહુતિના દિવસે ઊજવાયેલા સ્વામીશ્રીના ૯૫મા જન્મોત્સવનો ઉલ્લાસ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

કાષ્ઠમાં કોતરાયેલી કવિતા, ફુવારે ફુવારે ભીંજાય સવિતા,
કોઈક મરમીને મળી આવશે, અહીં આટલામાં જ ક્યાંક પ્રજ્ઞા પારમિતા;
સંભવી છે અહીં કુરુક્ષેત્ર વિનાની એક ગીતા,
જે પોતાના અંતને જાણે છે એ 'નગર'ને સલામ... 'પ્રમુખ' સંતને સલામ...'

આપણે એક જ સંસ્થાના, એક જ સંતના

તા. ૧૯/૧૨ની બપોરે થયેલા ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવના સમાપન બાદ ચારેકોર એક જ સૂર ગુંજી રહેલો: *'જેવો થયો ઉત્સવ એહ ટાણે, થયો ન ક્યાંઈ કદિ એ પ્રમાણે...'*

આ ઉત્સવનો પ્રારંભ કે પૂર્ણાહુતિ, ઉત્સવની સંરચના કે સુવ્યવસ્થા, ઉત્સવનો પ્રભાવ કે પરિણામ – કોઈ પણ પાસાંથી થતી મૂલવણી ઉપરોક્ત અનુભૂતિ જ કરાવતી હતી.

પરંતુ ઉત્સવના આ સાર્વત્રિક જયજયકાર વચ્ચે સ્વામીશ્રી તા. ૧૯/૧૨ની સાંજે 'સંતનિવાસ'માં યોજાયેલી સભામાં પધાર્યા ત્યારે 'જાણે ઉત્સવ ઊજવ્યો જ નથી' જેવા અલિપ્ત જણાયા. તેઓની આ નિર્લેપ સ્થિતિ તેઓએ આજે વહાવેલી અમૃતધારામાં પણ ઝળકી રહી.

જે સંતોની કળા, તપશ્ચર્યા અને સેવાએ છેલ્લા બે મહિના દરમ્યાન લાખોને મંત્રમુગ્ધ કરેલા તેઓને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું:

"જેમ પાંચસો પરમહંસો બધી જ આજ્ઞામાં પાર ઊતરી ગયા હતા તેમ આ ઉત્સવમાં નાના-મોટા દરેકે પાછું વાળીને જોયું નથી. મન મૂકીને કામ કર્યું છે. પણ મહારાજ કહે છે કે 'આપણે આત્મા છીએ એ નથી મનાતું, એટલે ઢીલા વિચારો આવી જાય છે.' 'આપણું કોણ?' એવા વિચારો જ્યાં સુધી દેહને આપણું માન્યું હશે ત્યાં સુધી આવવાના જ છે. ગમે તેટલું વ્રત-તપ કરશું તોય આત્મારૂપ થવાશે નહીં; પરંતુ સત્પુરુષની આજ્ઞામાં જેટલું રહીએ એટલું જ આત્મારૂપ થવાશે, કારણ કે એમાં મનનું ધાર્યું મૂકવું પડે. વસમું ત્યાં જ પડે છે ને! પછી એમ લાગે કે 'બધાએ ભેગા થઈને ચોકઠું બેસાડી દીધું.' પણ ભેગા થઈને ક્યાં ગરાસ લેવો છે? આપણું મન તો ધૂળનું ખાનારું છે.

ઘણા એમ કહેનારા મળે કે 'લે, કામ કરતો હતો તોય ખૂણામાં નાંખી દીધો ને! તૂટી મરતો'તો તોય શું કાંદા કાઢ્યા?' આ દેહભાવની વાત. માટે

મોળી વાત કરનારા આગળ બેસવું જ નહીં. આપણે તો તૂટી જ મરવાની વાત છે, દેખાવની નહીં. અંતર્યામીને રીઝવવા ભક્તિ કરવાની છે. પોતાની રીતે કરવા જઈશું તો પાછા પડશું. આપણે કોઈ જાતની શરમ હોય નહીં કે આ સેવા થાય ને આ ન થાય. સીતાની સમજણની વાત હું ઘણી વાર કરું છું. કોઈનો દોષ જોવો નહીં. કોઈ થકી ગોઠવાયું નથી. આજ્ઞા થયા પછી 'આ કોણે કર્યું ?' વગેરેમાં ઊંડા ઊતરવાની જરૂર નથી. એ વિચારોમાંથી પછી અભાવ આવે.

ઉત્સવ સારો થયો, પણ પૂર્ણાહુતિ નથી. હવે વધારે જાગ્રત થવાનું છે. મંદિરોમાં જઈને પણ કથા-સેવા નિયમિત કરવાં. કથા-સેવા થાય એટલો આરામ. આપણે એક જ સંસ્થાના અને એક જ સંતના છીએ. બધાં મંદિરો એક જ છે. આપ સૌએ ખૂબ સેવા કરી. અમારું મસ્તક નમે એવી સેવા...''

આટલું બોલતાં તો ગદ્ગદિત થઈ ગયેલા સ્વામીશ્રીની આંખો સંતો પ્રત્યેની લાગણીથી નીતરવા લાગી. તે જોઈ સમૈયાની સેવામાં સૌએ વેઠેલો ભીડો તો ક્યાંય તણાઈ ગયો અને સૌ સેવાની સાર્થકતા અનુભવી રહ્યા. વિશ્વના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઈ ગયેલા એક મહાન ઉત્સવની આ અંતિમ સંધ્યાનું સુખ સમાધિથી લેશ ઊણું ન જણાયું.

આપ બધાની પણ જય

તા. ૨૦/૧૨ની સવારે અમદાવાદના સોલા વિસ્તારની ભાગવત વિદ્યાપીઠમાં યોગીજી મહારાજની આરસ-પ્રતિમા પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રી સાંજે 'નગર'માં પધાર્યા ત્યારે અહીં રાધાકૃષ્ણ મંદિર સમક્ષ સ્વયંસેવકોની સભા યોજાયેલી. મહોત્સવના મહાસાગરમાં મરજીવા બની ઝુકાવનારા આ સ્વયંસેવકોની નસ-નસમાં દોડતી સેવા અને શૂરતા ૫૯ દિવસ સુધી હવામાં ઘોળાતી રહી હોવાથી વાતાવરણમાં અદમ્ય આનંદ છવાયો હતો. સ્વામીશ્રીએ મંદિરના ઉપલા ભાગમાં ગજરાજની બે પ્રતિકૃતિઓ વચ્ચે સ્થાન ગ્રહણ કર્યું ત્યારે સૌએ ગગનભેદી જયનાદોથી તેઓને વધાવ્યા. સ્વામીશ્રી પણ એક સાથે આટલા બધા સમર્પણવીરોને જોઈ ભાવાર્દ્ર બની ગયા.

તેથી સદ્ગુરુ સંતોનાં વક્તવ્ય બાદ તેઓને આશીર્વાદ આપવાની વિનંતી થઈ ત્યારે સ્વામીશ્રી ઊભા થઈ ગયા. તે જોઈ સ્વયંસેવકો દ્વારા પુનઃ ગુંજવા માંડેલો તેઓનો જયજયકાર ક્યાંય સુધી વાતાવરણને ભરી રહ્યો.

તેની વચ્ચે જ સ્વામીશ્રીની અમૃતધારા વહેવા લાગી:

"આપ બધાની પણ જય. એકની જય શું કામ આવે? બધાની જય છે તો કામ થયું છે. ઉત્સવનો યશ જે કંઈ છે તે આપ બધાને લઈને છે. ભગવાનની કૃપા અને ગુરુઓની દૃષ્ટિ આપણા ઉપર છે. આપની સેવાને વર્ણવવા કોઈ વાણી કે શબ્દો નથી. આ સેવા આપણા જીવનનું મહાન ભાથું છે. આમાં તમને આર્થિક રીતે લાભ નથી થયો પણ આધ્યાત્મિક રીતે કિંમત ન ચૂકવી શકાય એવો લાભ થયો છે. અહીં જે શિસ્ત અને પ્રામાણિકતા સાચવી તે સમાજમાં, ધંધામાં, નોકરીમાં પણ રાખવી. જીવવાની શક્તિ મહારાજ અને સ્વામી આપશે જ. સુખ જોઈએ તોય એનાથી ને દુઃખનું નિવારણ પણ એના થકી જ માંગવું. કોઈ હથેળીમાં ભગવાન દેખાડે તોય સ્વામિનારાયણ જેવા કોઈ ભગવાન નથી, ગુણાતીત સ્વામી જેવા સંત નથી ને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા કોઈ ગુરુ નથી.

નાનાં-મોટાં, બાઈ-ભાઈ બધાં આવી ગયાં! ભગવાનની દયાથી એક નહીં તો બીજી રીતે બધાંને લાભ થઈ જ જશે. ખોટ પૂરનારા ભગવાન છે. કોઈને ખોટ ગઈ નથી તો આપણને કેમ જાય? વહેલું-મોડું ફળ મળનારું છે. નુકસાન નહીં થવા દે. તમને ઘણું ઘણું વેઠવું પડ્યું હશે! કાંઈ કહેવાનું થયું હોય તો મોટું મન રાખીને દરગુજર કરીને જજો. જે કાંઈ મુશ્કેલી પડી હોય એના માટે ક્ષમા અમે માંગીએ છીએ, પણ તમે બધા રાજી રહેજો."

આમ, સ્વામીશ્રીએ દરેકને યશના હકદાર બનાવી દીધા.

આ આશીર્વાદ બાદ તેઓએ મહોત્સવ-મેદાનના મધ્યબિંદુ સમાં ત્રણેય મંદિરોના વિસર્જનનો સંકલ્પવિધિ કર્યો. તે વખતે અક્ષર-પુરુષોત્તમ મહારાજ સમક્ષ ઊભા રહી સ્વામીશ્રીએ ઉચ્ચાર્યું કે 'અહીં જેણે જેણે દર્શન કર્યાં છે એ બધાને સંસ્કાર પડે, આશ્રિત થાય અને અક્ષરધામના અધિકારી બને.'

સ્વામીશ્રીની આવી ઉદાત્ત કલ્યાણભાવના સાથે ગુણાતીતાનંદ સ્વામીના દ્વિશતાબ્દી મહોત્સવ પર પૂર્ણવિરામ મુકાયું.[૫૬]

---

૫૬. આ સ્વયંસેવક સભાની સાથે સદ્‌ગુરુ સંતો તથા મૂર્ધન્ય મહાત્માઓના મુખેથી સરેલું સ્વામીશ્રીનું મહિમાગાન સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સર્વોપરી સારધાર સમૈયો

તા. ૨૨/૧૨ની સવારે અમદાવાદ-સ્થિત મંદિરનાં ગુરુશિખરો પર સુવર્ણકળશ પ્રતિષ્ઠિત થયા ત્યારે ખૂબ આનંદભેર અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'બેય સદ્‌ગુરુઓ (શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ) અહીં બેસી ગયા. હજારોની હાજરીમાં બેઠા. આ બે દ્વિશતાબ્દીમાં હરિભક્તોનો ઉત્સાહ અદ્‌ભુત જોયો. તેમાં અમદાવાદે વધારે દાખડો કર્યો, કારણ, ઢોલીને ત્યાં વિવાહ હોય તો બે ઢોલ વધારે પીટે.

આ વખતે રોડપતિ ને રાષ્ટ્રપતિ – બેય પતિ આવી ગયા. સર્વોપરી, સારધાર સમૈયો થઈ ગયો. કોઈને અજંપો, અશાંતિ કે ઉજાગરો નથી. નહીં તો મહિનો - બે મહિના આરામમાં લાગે. પણ આ તો બધા 'ફ્રેશ.' બ્રહ્મનો પ્રવેશ કહીએ તેવું થયું! શાસ્ત્રીજી મહારાજે આવી સંસ્થા સ્થાપી. ઘણાને થતું કે 'સંસ્થા કોણ ચલાવશે?' એવી ચિંતા રહેતી, પણ યોગીજી મહારાજે એવા સંતો કર્યા છે કે કોઈ રીતે વાંધો આવે તેમ નથી.'

આમ, અમદાવાદમાં 'કળશ' ચઢાવી સ્વામીશ્રી ખેડા થઈને આજની રાત્રે સવા નવ વાગ્યે બોચાસણ પધારી ગયા.

ભગત તમારા ને છો તમે ભગતના

સંસ્થાના આદિ સ્થાન બોચાસણમાં બિરાજેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજનાં દર્શન કરતાં સ્વામીશ્રીના રોમરોમમાંથી કૃતજ્ઞતા ફૂટી રહેલી.

તે સાથે તેઓએ હરિકૃષ્ણ મહારાજના ખંડ પાસે ઊભેલા મહર્ષિદાસ સ્વામીને કહ્યું: 'પૂજારી! પ્રાર્થના કરો કે સ્વયંસેવકોએ બે મહિના સુધી નિષ્ઠાથી સેવા કરી છે તો જે કાંઈ ખાધ પડી હોય એ પૂરવા મહારાજ સુખપૂર્વક બધાંને ઘેર પધારે.'

સ્વામીશ્રીની આ ભલામણ એટલું સૂચવી ગઈ કે સમૈયો પૂરો થયા બાદ પણ તેઓના હૃદયમાં હજીયે સ્વયંસેવકો રમી રહ્યા છે. સ્વયંસેવકો માટે સેવાનો આથી મોટો શિરપાવ કયો હોઈ શકે! *'ભગત તમારા ને છો તમે ભગતના...'* એ વાત સ્વામીશ્રીના જીવનમાં હરહંમેશ સાકાર થયેલી જોવા મળતી.

આ ભાવના સાથે બોચાસણથી વિદાય લઈ તેઓ ગાના થઈને તા. ૨૪/૧૨ના રોજ ભાદરણ પહોંચ્યા.

અત્રે સ્વામીશ્રી ત્યાગાશ્રમના પ્રારંભિક વર્ષોમાં ભણેલા. તેથી મહેન્દ્રભાઈના ઘેર રખાયેલા ઉતારે જૂની સ્મૃતિ કરાવતાં તેઓએ કહ્યું:

''અહીં મંદિરમાં અમે મેડા ઉપર સામેની પહેલી બારીએ વાંચતા. લેસન કરતા. અમારા સંતોનાં આસન ઉપરની ગેલેરીના બારણે-બારણે હોય. ઉનાળો હોય ત્યારે કાં તો હનુમાન-ગણપતિની અગાશીમાં સૂઈ જતા, કાં તો ભંડારના છાપરે સૂઈ જઈએ. અહીં અમે ભણતા ત્યારે નવ-દસ હરિભક્ત નિયમિત આવે. સવારે પાંચ વાગ્યે ઊઠી જતા. ભણીએ, કથા કરીએ. તે દા'ડે કથા એટલે ગ્રંથપઠન. સાંજે ચાર વાગ્યે પણ કથા થાય. સાંજે સંધ્યા આરતી પછી વાંચીને કથા કરીએ. રાત્રે ચેષ્ટા બોલીને અગિયાર વાગ્યે સૂઈ જતા.

શાસ્ત્રીજી મહારાજે અહીં મને માલપૂડા કરતાં શિખવાડ્યું હતું. પહેલ-વહેલી 'સત્સંગિજીવન'નું પારાયણ પણ અહીં કર્યું હતું. હું રાત્રે એક-બે વાગ્યા સુધી ટીકા સાથે વાંચીને અર્થ સમજી લઉં, જેથી ગોટાળો ન થાય. શાસ્ત્રીજી મહારાજ (એક કાયદાકીય કાર્યવાહી માટે) બોરસદ રોકાયા ત્યારે અમે ત્યાં દરરોજ ચાલતાં જતા. તેઓ બપોરે સૂઈ જાય એટલે ભણવાનું લેસન કરી લઈએ. બીજા બધા જમીને કૉર્ટમાં જતા. હું ન'તો જતો. કોરટનો રસ પહેલેથી નહીં. રાત્રે બાર વાગ્યે શાસ્ત્રીજી મહારાજ સૂઈ જાય પછી પાછા ભાદરણ જતા રહીએ. તે ઘડીએ થાક પણ ન'તો લાગતો.''

આજે સૌને અભ્યાસના અધ્યાયનો આ અનેરો આસ્વાદ ચખાડ્યા બાદ સ્વામીશ્રીએ તા. ૨૬/૧૨ના રોજ અભ્યાસકાળના એ પ્રાસાદિક મંદિરમાં પધારી સઘળું પ્રત્યક્ષ બતાવ્યું પણ ખરું! આ જ દિવસે ભદ્રકાળી મંદિરમાં ચાલતા પારાયણની પૂર્ણાહુતિ કરી તેઓ રાત્રે અટલાદરા પહોંચ્યા.

એમાં બધું જ આવી જાય

અટલાદરામાં દર્શન-સભાના ક્રમ બાદ સંતો સાથે બિરાજેલા સ્વામીશ્રીને પુછાયું: 'બાપા! આપને શું શું ગમે છે? ને શું શું નથી ગમતું?'

ત્યારે પ્રથમ તો હળવા હાસ્ય સાથે સ્વામીશ્રી બોલ્યા: 'વચનામૃતમાં જે લખ્યું છે એ વાંચી લેજો. એનાથી કંઈ બીજું ગમતું - ન ગમતું ઓછું નીકળવાનું છે?' પરંતુ પછી કૃપા કરીને સૌના હાથમાં સાર મૂકતાં તેઓએ કહ્યું:

'ભગવાનના ગમતામાં રહેવું છે – એ નક્કી કરવું અને જે વખતે જે આજ્ઞા કરે તે પ્રમાણે રહેવું. એમાં બધું જ આવી જાય.'

જીવનના નિર્ણાયક મુદ્દાઓને સદા સાદા શબ્દોમાં વ્યક્ત કરતા રહેતા સ્વામીશ્રી તા. ૨૭/૧૨ના રોજ અટલાદરાથી વિદાય લઈ દૂધવાડા પધાર્યા.

અત્રે યોજાયેલા સપ્તદિવસીય પારાયણ દરમ્યાન તેઓનો નિવાસ જશભાઈ પટેલના ઘેર હતો. અહીંથી સ્વામીશ્રી ગામના પાદરે બાંધેલા મંડપમાં પારાયણ માટે જતા.

આ ક્રમમાં તા. ૨૮/૧૨ની સાંજે સભાનું સત્ર પૂરું કરી તેઓ ગામમાં આવેલા સો વર્ષ પુરાણા મંદિરે પધાર્યા ત્યારે અત્રે આરતી પૂર્વે ગોડીનાં પદો બોલાતાં હતાં. તે જ વખતે સાંકરીથી આવેલા બે સંતો આવતાંવેંત સીધા જ સ્વામીશ્રીને દંડવત્ કરી ગુરુભક્તિ અદા કરવા ગયા. પરંતુ તેઓને રોકતાં સ્વામીશ્રીએ કહ્યું: 'પહેલાં ઠાકોરજીને દંડવત્ કરો, પછી આ બાજુ આવો.'

ત્યારે એક સંત બોલ્યા: *'ગુરુ ગોવિંદ દોનું ખડે, કિસકો લાગું પાય; બલિહારી ગુરુદેવ કી, જિન્હેં ગોવિંદ દિયો બતાય...'*

પરંતુ તે સાંભળીનેય સ્વામીશ્રીએ પુનઃ એ જ વાત દોહરાવી કે 'પહેલાં ભગવાન જ હોય.'

તેઓ ભાવના કરતાં સિદ્ધાંતને વધુ મહત્તા આપતા.

એક વસમી વિદાય

તા. ૩૧/૧૨ના રોજ દૂધવાડામાં પારાયણની પૂર્ણાહુતિ કરી કારેલીને પાવન કરતાં સ્વામીશ્રી ગજેરા પધાર્યા ત્યારે અહીં તેઓના આગમનનો આનંદ પ્રત્યેક ગામવાસીના મુખ પર હતો.

પરંતુ તે મેદનીમાં એકનું અંતર વેદનાથી વલોવાઈ રહેલું, કારણ કે તેને હવે સ્વામીશ્રીનો કાયમી વિયોગ વેઠવાનો સમય પાકી ગયેલો. છેલ્લા ૩૬૫ દિવસ દરમ્યાન તે સ્વામીશ્રીથી એક ક્ષણ પણ અલગ પડેલ નહીં. આ દિવસો દરમ્યાન સ્વામીશ્રીએ ઘૂમી વળેલાં ૩૪૫ ગામોની એકેએક જગ્યાએ તે સ્વામીશ્રીની આંગળી પકડીને સાથે ને સાથે જ ગયેલ.

આ સમયગાળામાં સ્વામીશ્રીએ દેશ-પરદેશમાં ઊજવેલા બે મહોત્સવોમાં પણ તે તેઓને અડીને જ રહેલ. રાષ્ટ્રપતિ સાથેની મુલાકાતમાંય સાથે જ. અરે! સુવર્ણતુલાના સમયે પણ એણે સ્વામીશ્રીનો છેડો છોડ્યો નહોતો. અગાઉ

કોઈને ન મળેલા આ સુવર્ણલાભ માટે સ્વામીશ્રીએ તેની પસંદગી કરેલી, તેનો આનંદ તો તેને સમાતો નહોતો. આ સ્વાદ ચાખી ગયેલ તેના કોડ તો કાયમ સ્વામીશ્રી સાથે જ રહેવાના હતા.

પરંતુ આજે તેઓનો સંગ સદાને માટે છૂટી રહ્યો હોવાથી, *'વિના જળ મીન તરફડે જેમ...'*ની વ્યથા સાથે રાત્રે બાર વાગ્યે સન ૧૯૮૫નું એ વર્ષ કાળની ગર્તામાં વિલીન થયું! જો કે પોતાના યોગમાં આવનારા સૌને અચળ પદવી આપનારા સ્વામીશ્રીએ તેને પણ ઈતિહાસની તવારીખમાં અમર તો કરી જ દીધું.



પ્રત્યક્ષ એ તો પરમેશ જેવા

સન ૧૯૮૬

ભક્તથી કાંઈ અધિક નથી તાહરે

સન ૧૯૮૬ના વર્ષનું પ્રભાત ફૂટ્યું – પારાયણના સંગે-પ્રસંગે.

સ્વામીશ્રીનું ગજેરામાં પધારવાનું નિમિત્ત પણ આ જ હતું. છેલ્લાં ૧૧ વર્ષથી પ્રતીક્ષા કરી રહેલા પારાયણનો મેળ આજે પડતાં ગામવાસી સત્સંગીઓએ તૈયારીમાં કોઈ કસર છોડી નહોતી.

તેનું નિવેદન સૌ વતી યજમાન શ્રી મહેન્દ્રભાઈ બૅરિસ્ટર તથા શ્રી રાવજીભાઈ પટેલ કરી રહ્યા ત્યારે તેમાં સાંજના પારાયણનો સમય ૪:૩૦ થી ૬:૩૦ વાગ્યા સુધીનો સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આ સમય એક કલાક વહેલો કરીને પારાયણ બપોરે સાડા ત્રણ વાગ્યાથી ગોઠવો.'

'પણ બાપા! આપના ઉતારાના આંગણામાં જ પારાયણ છે. માટે જો તે સાડા ત્રણ વાગ્યાથી શરૂ થશે તો લાઉડ-સ્પીકરના અવાજથી આપને ઊંઘમાં વિક્ષેપ થશે.' યજમાનોએ ચિંતા વ્યક્ત કરી.

ત્યારે સ્વામીશ્રીએ પણ ચિંતા કરતાં કહ્યું: 'બહારગામથી પારાયણનો લાભ લેવા આવનારા ભક્તોને પાછા જવા માટે છેલ્લી બસ પોણા છ વાગ્યાની છે. એટલે પારાયણ સાડા પાંચ વાગ્યે પૂરું થાય તો તે મળે. નહીં તો તેઓને

પાછા જવામાં તકલીફ પડે.'

સ્વામીશ્રીની આ વાત સામે ગુરુભક્તિને વશ થઈ યજમાનો વાંધો ઉઠાવતા રહ્યા, પણ અંતે વિજય તો સ્વામીશ્રીની ભક્તવત્સલતાનો જ થયો. પારાયણનો સમય સાંજે સાડા ત્રણ વાગ્યાનો જ રહ્યો. તે કારણે સ્વામીશ્રીના આરામમાં રોજ આશરે કલાકનો કાપ મુકાતો ચાલ્યો. ભક્તોની વ્યવસ્થા જાળવવા તેઓએ પોતાની વ્યવસ્થા વેરવિખેર કરી નાંખી.

ભક્તિ હરિની નવધા કરે

ગળથૂથીમાં જ સ્વામીશ્રીના સ્નેહનું પાન કરી પુલકિત થઈ ઊઠેલા નવા વર્ષની રગરગમાં આ ઘૂંટડો હજી પ્રવર્તે ત્યાં તો તા. ૨/૧ની સવારે તેના હોઠે વધુ એક અમૃત-કટોરો આવી પહોંચ્યો.

આ દિવસોમાં ઠંડીએ માઝા મૂકી હતી. તેમાંય આજે તો તાપમાનનો પારો નીચે ઊતરી સાત ડિગ્રી સુધી આવી ગયેલો. ગામડાનાં ખુલ્લાં વાતાવરણમાં આ ઠંડીનો ચમકારો વધુ તીવ્ર અનુભવાતો હતો. તબીબોની સૂચના તો હતી કે 'આવી ઠંડીમાં સ્વામીશ્રીએ સવારે દસ - સાડા દસ વાગ્યા પછી જ ઓરડાની બહાર નીકળવું.'

પરંતુ ભક્તોને દર્શનસુખ આપવા તેઓ ઠંડીને ઝીલતાં પ્રાતઃપૂજામાં પધારતા. તેથી તેઓની સાનુકૂળતા માટે આજે ગરમ હવા ફેંકે તેવું હીટર સ્વામીશ્રી તરફ મૂકવામાં આવ્યું, પણ સ્વામીશ્રીએ તો આવતાંવેંત હીટર ઠાકોરજી તરફ ફેરવી દીધું.

તેઓનો આ ભક્તિભાવ ભગવાન સહિત ભક્તોને પણ અનેરી હૂંફ પમાડી ગયો.

કાયમનું કામ

ગજેરાના વણકર ભાઈઓની વિનંતી સ્વીકારીને સ્વામીશ્રી તા. ૩/૧ની સવારે તેઓના વાસમાં પધાર્યા ત્યારે આ કૃપાથી સૌ જ્ઞાતિબંધુઓ ઘેલા બની ગયા. ના પાડવા છતાં તેઓ ઠેઠ ખડકીથી ઢોલ વગાડતાં-વગાડતાં સ્વામીશ્રીને ગાંધીમંદિર સુધી સામૈયું કાઢી લઈ આવ્યા. તે આખા રસ્તે વણકરવાસના વસાહતીઓએ વસ્ત્રના પટ્ટા પાથરી દીધેલા. તે પર પગલાં પાડતાં સ્વામીશ્રીએ સ્વાગત સ્વીકારી સભા ભરી. તેમાં સૌને સદાચારની શીખ આપી. આ પ્રવચન

બાદ તેઓ દરેકને વ્યક્તિગત પણ મળ્યા. એટલું જ નહીં, તેઓએ સંતોને આજ્ઞા કરી કે 'આ વાસના એક-એક ઘેર જઈ વ્યસનોની ભેટ લઈ આવો.'

વ્યસનમુક્તિ આંદોલન સ્વામીશ્રી માટે પ્રાસંગિક પ્રકલ્પ નહોતો, પણ કાયમનું કામ હતું. પ્રવચન, મુલાકાત કે હાલતાં-ચાલતાંય તે સંબંધી કાર્યવાહી તેઓ દ્વારા થતી જ હોય. તેમાં સ્વામીશ્રી પરિચિત-અપરિચિત કશું ન જુએ. સમય પણ નહીં! બસ, જુએ વ્યસન અને તેની બરબાદીને.

તેનાથી વ્યક્તિને બચાવવા તેઓ પાસે વિધવિધ ઓજાર. જો વ્યસની ખોખલો - બોદો હોય તો તેમાં તેઓ અસ્મિતાનો પ્રાણવાયુ ફૂંકે. જો તે ભણેલો ભૂત હોય તો તેની દલીલને તર્કની તલવારથી કાપે. જો નિકટનો હોય તો સાધિકાર કડકાઈ પણ પ્રયોજે. પરંતુ સ્વામીશ્રીની આવી અનેક રીતમાં પ્રેમનો સ્પર્શ સદાય અનુભવાય. તેઓ ભગવાન પરની શ્રદ્ધા અવશ્ય દૃઢાવે.

તેથી આજેય એક પાટણવાડિયા હરિજનને તેઓંએ કહ્યું: 'દારૂ પીને કદાચ પોલીસ પાસેથી છૂટી જવાશે પણ ભગવાન પાસેથી નહીં છુટાય. ભગવાનમાં વિશ્વાસ રાખીને મૂકી દો. એમનું કામ એવું છે કે પછી તમને દારૂ જોઈને ઉબકો આવશે. જો કદાચ દારૂ પીવાનું મન થાય તો કંઠી પકડી લેવી.'

આ રીતે હજારોને વ્યસનોથી છોડાવી સ્વામીશ્રીએ સમાજ પર ચઢાવેલું ઋણ ઉચ્ચારતાં અંત ન આવે એવું છે.

તમારાં ઘર-બાર અમારે વેચવાં નથી

તા. ૩/૧ની સાંજે જૂના મંદિરે સંધ્યા આરતી કરીને ત્યાં જ બિરાજેલા સ્વામીશ્રી પાસે વલસાડના ચાર-પાંચ આગેવાન ભક્તો આવી પહોંચ્યા. તેઓને પ્રેમથી આવકારી સ્વામીશ્રીએ આવવાનું કારણ પૂછ્યું ત્યારે એ ભક્ત-સંઘ બોલ્યો: 'આપની આવતી જન્મજયંતી અમારે વલસાડ ઊજવવી છે, તો રજા આપો.'

પરંતુ આ વાતને કાપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ વખતે આપણે ક્યાંય જન્મજયંતી ઊજવવાની નથી.'

'ના, બાપા! રજા આપો.'

'હજી હમણાં જ દ્વિશતાબ્દી ગઈ છે. એમાં બધાએ ગજા બહારની સેવા કરી છે. તમારાં બધાનાં ઘર-બાર અમારે વેચવાં નથી. હવે સુરતમાં મંદિર કરવાનું છે. તેથી આજુબાજુથી પણ સેવા ન લેવાય.' આમ કહી સ્વામીશ્રીએ

પોતાના સન્માન પર લોખંડી પડદો પાડી દીધો.

જેઓને કોઈ વાતની ચિંતા નહોતી તે સ્વામીશ્રી ભક્તોની સુખાકારીની ચિંતા સદાય કરતા. તેઓની આ શૈલી સત્સંગીઓનાં હૈયે અહોભાગ્યનો અનુભવ કરાવતી રહેતી.

સ્વામીશ્રીની મોટપ

તા. ૪/૧ના સાયં પારાયણમાં સત્સંગીઓ ઉપરાંત ઉપસ્થિત થયેલા ઘણા સામાજિક પ્રતિષ્ઠિતોમાં એક હતા – દૂધધારા ડેરીના ચૅરમેન શ્રી ઠાકોરભાઈ. તેઓ આ ધૂળિયા ગામડામાં બિરાજેલા સ્વામીશ્રીને જોઈ ભર સભામાં બોલ્યા : 'હિંદુસ્તાનનો રાષ્ટ્રપતિ જેના પગ ચૂમતો હોય એવો પુરુષ કોઈ દિવસ આવા નાના ગામડામાં આવવાની દરકાર કરે નહીં. જ્યારે આ પુરુષ પોતાની તબિયત નરમ હોવા છતાં અહીં આવે છે એ ખરેખર, એમની મોટપ છે.'

દુનિયામાં દરેક પાસે મોટપના માપદંડ જુદા જુદા હોય. પરંતુ સ્વામીશ્રી એવા હતા કે તેઓને કોઈ પણ માપે તો તેઓ વેંત વધુ જ પુરવાર થાય.

તેઓની આ અનેરી મોટપનો અનુભવ આજની રાત્રે બાર વાગ્યે ભરૂચથી આવેલા સાત સાઇકલધારી યુવાનોને પણ થઈ ગયો. સાંજે પાંચ વાગ્યે ભરૂચથી નીકળેલા તેઓ રસ્તે અટવાઈ જતાં છેક અત્યારે અહીં પહોંચેલા !

તેઓને મળતાં જ સ્વામીશ્રીએ પ્રથમ પૂછ્યું : 'તો તો તમે હજી જમ્યા નહીં હો, કેમ ?' પછી સંતો સામે જોઈ બોલ્યા : 'કોઈ આ બધાને જમાડી દે એવું ખરું ?'

આ સાંભળતાં જ રઘુવીરચરણદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! એ લોકોને જમાડવાની બધી તૈયારી મેં કરી દીધી છે.'

'એમ ! આવો, તમે વ્યવસ્થા કરી દીધી છે તો તમને આશીર્વાદ આપીએ.' આમ કહી તે સંત પર રાજીપો બતાવતા સ્વામીશ્રીએ યુવકોને જમવા મોકલ્યા. તેઓની આ મધરાતની મમતા એ યુવાનોના આખા જીવનને અજવાળતી રહી.

આપે અક્ષરધામની વાટ

ગજેરામાં પારાયણની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રી અટલાદરા, વરતાલ,

ડભાણ, લીંબડીને પાવન કરતાં તા. ૬/૧ની સાંજે મોજીદડ પહોંચ્યા.

અહીં નાજુક તબિયત ધરાવતા રામજીભાઈએ ત્રિદિવસીય પારાયણ યોજેલું. તે માટે પોતાના અન્ય કાર્યક્રમોને આગળ-પાછળ કરી આવી ચૂકેલા સ્વામીશ્રીની કરુણાથી ગદ્‌ગદ થતાં યજમાને કહ્યું: 'બાપા! હવે ધામમાં લઈ જાઓ.'

'ઉત્તરાયણના સૂર્ય પછી બધું કરીશું. ભગવાન ધામમાં તેડી જશે.' સ્વામીશ્રી ખૂબ જ સ્પષ્ટતાથી બોલ્યા.

ત્યારબાદ ત્રણ દિવસ સુધી સૌને દર્શન-કથાવાર્તાનો લાભ આપવામાં તેઓએ કશું બાકી ન રાખ્યું. તા. ૯/૧ના રોજ તો 'પૂર્ણાહુતિના આશીર્વાદ સ્વામીશ્રી આપશે' એવી જાહેરાત થયા બાદ સ્વામીશ્રી પરંપરાની જય બોલાવી જ્યાં પ્રવચન શરૂ કરવા ગયા ત્યાં જ ઉદ્‌ઘોષકને કંઈક તાકીદની વાત યાદ આવતાં તેઓ બોલ્યા: 'બાપા! એક મિનિટ રહો.'

'આ લો રહ્યા! આપણે કાંઈ બાકી રાખવું જ નથી. આપણે તો બધું જ પૂરું કરવા આવ્યા છીએ.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓની આ હળવાશથી આખી સભા હસી પડી.

પરંતુ તેઓએ બોલ્યા મુજબ કરી પણ બતાવ્યું. આ પારાયણ દરમ્યાન સુખ આપવામાં કોઈ કસર ન છોડી.

તેથી જ પૂર્ણાહુતિ બાદ તા. ૯/૧ની સાંજે વિદાય લેતાં પૂર્વે પણ સ્વામીશ્રી પુનઃ રામજીભાઈ પાસે પધાર્યા. અત્રે તેઓના મસ્તકે ઘણી વાર સુધી ઠાકોરજીને પધરાવી રાખ્યા. તે પછી છાતી પર પણ ઠાકોરજી મૂકી બોલ્યા: 'હવે આ મૂર્તિમાં હંમેશ વૃત્તિ રાખજો. મહારાજ આગળ તમારી અરજી નાંખી દીધી છે. ઉત્તરાયણ આવે છે. તે પછી મહારાજ જ્યારે ધારે ત્યારે પહોંચી જવું.' આમ કહી સ્વામીશ્રીએ સંતો પાસે કીર્તન ગવડાવ્યું.

છેલ્લે પોતે એક મહિના સુધી ધારણ કરેલું ગાતરિયું રામજીભાઈને ખેસની જેમ ઓઢાડતાં કહ્યું: 'હવે આજથી આપણે ભગવું ઓઢી લીધું છે. હવે આપણે વિરક્ત થઈ ગયા. માટે ભજન કરવું. મહારાજ બધું સારું કરશે.'

આમ, મોક્ષની ખાતરી આપી નીકળેલા સ્વામીશ્રીની વિદાય બાદ બનેલા ઘટનાક્રમમાં તેઓના કહ્યા મુજબ જ ઉત્તરાયણ પછી આવેલી તા. ૨૧/૧ના રોજ આ હરિભક્ત અક્ષરવાસ પામ્યા. 'તેઓને અંત વેળાએ મહારાજ-સ્વામી તથા સ્વામીશ્રી લેવા આવ્યા છે' તે દર્શન પણ ગામના

સત્સંગી શ્રી પીતાંબરભાઈનાં પત્ની અને અક્ષરવાસી હરિભક્તની ભત્રીજીને થયાં. આ પ્રત્યક્ષ પુરાવાથી સૌને સ્વામીશ્રીનો ખૂબ મહિમા સમજાયો અને તેઓને વિષે દૃઢ પ્રતીતિ આવી.

આ કોઈ અલૌકિક શક્તિ કામ કરી રહી છે

મોજીદડથી વિદાય લઈ સ્વામીશ્રી મોરબીમાં જાહેર-સભા અને રાત્રિ-રોકાણનો લાભ આપતાં તા. ૧૦/૧ની સાંજે ભુજ પધાર્યા.

અત્રે નગરના પ્રવેશદ્વારે જ મેયર શ્રી મૂકેશભાઈ ઝવેરી સહિત નગર-પાલિકાના પંદર કૉર્પોરેટરોએ તેઓને સન્માન્યા. તે સત્કાર ઝીલી સ્વામીશ્રી તા. ૧૧/૧ની સવારે માંડવી પહોંચ્યા.

અહીં 'ગુજરાત મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ફેડરેશન'નું પ્રથમ અધિવેશન ભરાયેલું. તેના અધ્યક્ષની તીવ્રતમ ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી જ આ અધિવેશન ખુલ્લું મૂકે.' તેથી પોષ મહિનાની કડકડતી ઠંડીમાં કચ્છના કાંઠે આવી પહોંચેલા સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય કરી અધિવેશનનો મંગળ પ્રારંભ કરી આપ્યો.

આ અવસરે ફેડરેશને પાંચ આંકડાની રકમ ભેટરૂપે ઠાકોરજીનાં ચરણે મૂકી; પરંતુ સ્વામીશ્રીએ તેમાં પોતાની સેવાભાવના ઉમેરી તેને છ આંકડાની રકમમાં ફેરવી દીધી અને તે માતબર સખાવત ફેડરેશનને જ પરત આપી. તેઓની આ ઉદારતા જોઈ સૌ ડોલી ઊઠ્યા.

પરંતુ આ તો સ્વામીશ્રીની સહજ પ્રકૃતિ હતી. તેઓ પોતા પાસે જે આવે તેને અધિક કરી સમાજની સેવામાં વહાવી દેતા. અપરિગ્રહ અને પરોપકારના બે કિનારા વચ્ચે સતત દોડતી રહેલી તેઓની જીવનસરિતા.

સ્વામીશ્રીના આવા સાધુતાસભર જીવનથી પ્રભાવિત થઈ યજમાન શ્રી દીપચંદ ગાર્ડીએ જણાવ્યું :

'હું પરમ પૂજ્યપ્રમુખસ્વામી મહારાજના પરિચયમાં બે વર્ષથી આવ્યો છું, પણ મને લાગ્યું કે આ કોઈ અલૌકિક શક્તિ કામ કરી રહી છે. હમણાં અમદાવાદમાં ઉત્સવ ઊજવાયો. પૈસા ખર્ચાય તોય આવી વ્યવસ્થા થાય કે કેમ ? આ અમારા જેવા પરદેશ ફરેલા માણસોને પણ અચંબો પમાડે એવું છે. આ જોયું ત્યારે મારું મસ્તક નમી ગયું. એટલે જ આ કામની શરૂઆત આવા મહાપુરુષને હાથે થાય એવી ઇચ્છા હતી.'

આમ, સૌનાં મસ્તક ઝુકાવે તેવી જીવનશૈલી અને કાર્યશૈલી ધરાવતા હતા સ્વામીશ્રી.

ભજે ભગવાનને બીજું ભૂલી

માંડવીમાં ફૅડરેશનના અધિવેશનનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રી શહેરનાં પ્રાસાદિક સ્થાનોમાં દર્શન બાદ સુખપુરને સુખ આપતાં ભુજ આવી પહોંચ્યા.

અત્રે તા. ૧૨/૧ના રોજ તેઓ શ્રીજીમહારાજનાં પ્રસાદીભૂત સ્થાનોનાં દર્શને નીકળ્યા. આ ક્રમમાં કાયસ્થની અતિ સાંકડી શેરીમાં આવેલા લાધીબાના ઘેર તો સ્વામીશ્રી રિક્ષામાં બેસીને ગયા !

આ દૃશ્યે સૌને આશ્ચર્યમાં મૂકી દીધાં. બે મહિના સુધી ઊજવાયેલા બેનમૂન મહોત્સવની સમાપ્તિ થયે હજી એક મહિનો પણ વીત્યો નથી, ત્યારે તે ઉત્સવના સૂત્રધાર આટલી સહજતાથી મર્સીડીઝ ગાડી છોડી રિક્ષામાં બેસી હંકારી જાય, તે બાબત સ્વામીશ્રીના સમત્વની સાથે શ્રીજીમહારાજ વિષેની પરાભક્તિને પણ પ્રગટ કરી રહી.

આ ભક્તિભાવના ચક્ર પર સવાર સ્વામીશ્રી અઢાર પરમહંસોને જે સ્થાને શ્રીજીમહારાજ મળ્યા હતા તે ઓટે પણ ઓટલા પર પલાંઠી વાળીને બેસી ગયા અને આખો લેખ વાંચ્યો. પૂર્વે કંઈક વાર દર્શન કર્યાં હોવા છતાં તેઓમાં જોવા મળતી પ્રાસાદિક સ્થાનોનાં દર્શનની તાલાવેલી અને તન્મયતા સ્વામીશ્રીની પ્રભુપરાયણ પ્રકૃતિનો પરિચય આપતાં રહેતાં.

આવા ભગવન્મય તેઓને આજની સાંજે ભુજની નગરપાલિકાએ નાટ્યમંદિરના ખુલ્લા પ્રાંગણમાં હારતોરા અને સન્માન-પત્રથી નવાજ્યા. અહીંના ઊગતા સત્સંગમાં પણ આ પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં ભાવિકો એકત્રિત થયા તે વિગત સ્વામીશ્રીના આકર્ષણને સૂચવી ગઈ.

આમ, ભુજમાં જયજયકાર કરી તેઓ તા. ૧૩/૧ની સવારે વિદાય થવાના હતા, પરંતુ તે પૂર્વે યજમાન શ્રી પીતાંબરભાઈ ચેવડાવાલાએ પોતાના મકાનનો સૌથી મોટો ખંડ ઠાકોરજીને અર્પણ કરતાં સ્વામીશ્રીએ ત્યાં વિધિવત્ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી ભુજમાં નાનકડું હરિમંદિર સ્થાપી દીધું.

ત્યારબાદ તેઓ ગાંધીધામના 'સરદાર પટેલ સભાગૃહ'માં જાહેર-સભાનો લાભ આપી ભાદરા પધારી ગયા.

હરિજનને છે હિતકારી

ભાદરા આવી પહોંચેલા સ્વામીશ્રીના શરીરમાં માંદગીનો પ્રભાવ વર્તાતો હતો.

જો કે આ અરસામાં એક સંતને લખેલા પત્રમાં તેઓએ જણાવેલું: 'કસર તો અટલાદરા હતા ત્યારથી જ ચાલુ હતી.' છતાં દૂધવાડા અને ગજેરાનાં પારાયણો તથા માંડવીનો જાહેર કાર્યક્રમ ખોરંભાય નહીં તે હેતુથી સ્વામીશ્રીએ શરીરને કચરી રહેલી બીમારીની વાત કોઈને જણાવા દીધી નહોતી!

અન્યનાં ટાણાં સાચવવા તેઓ કદી પોતાના સ્વાસ્થ્યની પરવા ન કરતા. સ્વામીશ્રીની આ શૈલી આજે વધુ એક વાર નજર સામે આવતાં જ સૌનાં હૈયે અહોભાવનાં પૂર ઊમટી પડ્યાં.

એ પ્રવાહમાં તણાયેલા રાજકોટના એક ભક્તે સ્વામીશ્રીની ઢીલી તબિયતના સમાચાર જાણી તેઓ માટે ઔષધિયુક્ત સાલમપાક મોકલી આપ્યો.

તે જોઈ એક પુરાણી સ્મૃતિ વાગોળતાં સ્વામીશ્રીએ કહ્યું:

"યોગીબાપાના વખતમાં અટલાદરામાં વિષ્ણુ સ્વામી હતા. એ આવો સાલમપાક બનાવતા. મને એ ખાસ બોલાવે. હું ઊભો થઉં ત્યારે ઇશારો કરે: 'નારાયણદા'! અં...'

આમ કહેતાં સ્વામીશ્રીએ પણ કોઈને આમંત્રણ આપતાં કરવામાં આવતું હાથનું લટકું કર્યા બાદ વાત આગળ વધારી કે – 'એમની રૂમમાં લઈ જઈ આમ ઓટીમાંથી ચાવી કાઢે...'

આ ક્રિયા પણ હૂબહૂ અભિનય સાથે બતાવીને સ્વામીશ્રીએ કહ્યું:

"ચાવી કાઢીને ડબરો ખોલે અને પર્વત ભગતને કહે, 'બારણું બંધ કર.' પછી મને એક ચકતું ખવડાવે. એમને જમવાની રુચિ બહુ સારી. ચીલની ભાજી નાંખીને કઢી બનાવે. કંટોલાંનું શાક, દાળ બધું ફર્સ્ટ ક્લાસ બનાવે. સીઝન પ્રમાણેનાં શાક કરે જ. જીરાકોઠી ચટણી પણ સારી બનાવતા. આપણે ગયા હોઈએ ત્યારે પ્રસાદી મળે જ."

આ રીતે એક ગુરુભાઈનો પ્રેમભાવ સ્વામીશ્રીએ ઊલટથી વર્ણવ્યો. તેઓનો સ્વભાવ જ એવો સાલસ હતો કે વડીલોના વાલેશરી થવામાંય સ્વામીશ્રીને વાર ન લાગે.

જેણે જોયું એના જીવમાં પેસી ગયું

ભાદરાથી વિદાય લઈ તા. ૧૬/૧ના રોજ ગોંડલ પધારેલા સ્વામીશ્રીએ અહીં દર્શન બાદ સભામાં સૌનો સત્કાર ઝીલી આશીર્વાદ રેલાવતાં કહ્યું :

'આ સ્થાનનો એવો પ્રતાપ એટલે સંકલ્પ હતો કે ઉત્સવ પત્યા પછી દર્શન કરવા જઈ આવવું. લોકોએ જેમ કો'કની મદદ લીધી હોય તો આભાર માનવા જાય છે, એમ અમારે પણ દેરીનાં દર્શને આવવું પડે ને ! તેઓએ અનહદ કૃપા કરી. ધાર્યાથી અનંતગણું કામ થયું. જેણે જોયું એના જીવમાં પેસી ગયું.

દાજી બાપુનો સંકલ્પ હતો કે 'ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામીની દ્વિશતાબ્દી સર્વોપરી ઊજવવી.' વીલ કરીને ગયા એમાં પણ બેય સમૈયાની સેવા આગળથી લખાવીને ગયા હતા. તેઓનો સંકલ્પ આ સમૈયો ગોંડલમાં ઊજવાય એમ હતો. પણ બધે જ દેરી હતી એટલે ગોંડલમાં જ ઊજવાયો કહેવાય ને ! એમનો સંકલ્પ હતો તો એમના જ વંશજ નિર્મળસિંહ રાણાએ આગળ પડીને કામ કર્યું.'

આમ, ગુણાતીતનો ઉત્સવ ભવ્યતાથી ઊજવાયાનો આનંદ સ્વામીશ્રી ગુણાતીત સ્થાનમાં વ્યક્ત કરી રહ્યા.

પહેલાં પોતાનું સરખું કરતાં શીખ

સ્વાગત-સભા બાદ સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે સામે બેસીને દર્શન કરી રહેલા એક વાળંદ યુવકને જોઈ તેઓએ પૂછ્યું :

'તું શું કરે છે ?'

'દસ સુધી ભણ્યો ને હવે કૅબિન (હેર કટિંગ સલૂન) સંભાળું છું.'

'કૅબિનનું બધું જ કામ આવડી ગયું ?'

'હા.'

'તને તારા વાળ કાપતાં આવડે છે ?'

'ના.'

'જો, તારા વાળ કાપવા જેવા છે. બીજાનું કાપતાં પહેલાં પોતાનું સરખું કરતા શીખ.'

સ્વામીશ્રીએ ખૂબ માર્મિક રીતે તે યુવકને વાળ ટૂંકા કરવાનું જણાવ્યું.

તેમાં એક શાણો સદ્‌બોધ પણ સમાયેલો છે.

બીજાને સીધા દોર કરવામાં રચ્યાપચ્યા રહેતા કેટલાક માનવીઓને પોતાની અકોણાઈ દેખાતી નથી. દુનિયાને સ્વચ્છ કરવાની લાયમાં તેઓને પોતાનાં ચશ્માં પરની ધૂળ સાફ કરવાનું સૂઝતું નથી. બીજાને સાજા કરવાની વેતરણમાં પડી તેઓ પોતાની માંદગી ટાળવા પ્રત્યે બેદરકાર રહે છે. માનવીના આવા વિચિત્ર વલણ પર એક ચોટદાર ચાબખો સ્વામીશ્રીના આજના મર્મમાં ભરેલો છે.

અમારે મન ગઢડા ઘર જેવું છે

ગોંડલથી નીકળેલા સ્વામીશ્રી તા. ૨૧/૧ના રોજ ગઢડા પધાર્યા ત્યારે અહીં ટેકરા પર મંદિર હોવાને કારણે અને સાંજનો સુમાર હોવાથી પવનનું જોર ઘણું હતું. તેથી બચવા ખુરશીમાં બેસી મંદિર ઉપર દર્શને જઈ રહેલા સ્વામીશ્રીએ હાથના બેય પંજા ગરમ શાલ નીચે દાબી દીધા. આ સમયે પોતાના શરીરમાં વ્યાપેલા તાવને તેઓએ સિફતપૂર્વક છુપાવી રાખેલો; પરંતુ દર્શન બાદ ઉતારે પધારીને શરીરનું તાપમાન માપ્યું તો ૧૦૦ ડિગ્રી તાવમાં સ્વામીશ્રીનું શરીર ધખી રહ્યાનું માલૂમ પડ્યું! આવી તબિયતમાં પણ તેઓ મુસાફરી કરીને અહીં પહોંચી ગયેલા.

તેથી તેઓને આરામ મળી રહે તેવા હેતુસર સેવકોએ બીજે દિવસે સવારે સ્વામીશ્રીને સમયસર જગાડવાનું ટાળ્યું. જો કે તે સ્વામીશ્રીને ન ગમ્યું અને સમયે જગાડી દેવાની ટકોર સંતોને કરી.

કર્મઠતાની આ કક્ષા સાથે પગલાં માંડતા તેઓનો સન્માન સમારંભ નગરપાલિકા દ્વારા તા. ૨૧/૧ની સાંજે ગોઠવાયેલો.

મંદિરમાં જ યોજાયેલી આ હકડેઠઠ સભામાં ગઢપુર પ્રત્યેની પોતાની લાગણી દર્શાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'અમારે મન ગઢડા ઘર જેવું છે. આપ બધાનાં દર્શન કરીએ ત્યારે થાય કે તીર્થનાં દર્શન કર્યાં. ગઢડાનું કાર્ય તો થયું છે ને થવાનું જ છે, કારણ કે ૫૦૦ પરમહંસો અને અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગોપીનાથ અહીં બેઠા છે એટલે કોઈ પણ રીતે કાર્ય થશે. ગઢડા માટે કરવું એ કાંઈ અમે કોઈ માટે કરતા નથી! ગઢડા અમારું જ છે.'

સ્વામીશ્રીએ આજે અનેરી રીતે ગઢડાનું ગૌરવગાન ગાઈ સૌને આનંદ પમાડી દીધો.

ભક્તને કષ્ટ તે અમારે કષ્ટ છે

ગઢડાથી સારંગપુર પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અત્રે તા. ૨૫/૧ની સવારે સ્મૃતિમંદિરની દક્ષિણે પોષી પૂનમનો સમૈયો ઉજવાવાનો હતો. તેથી આ દિવસે મંદિરના સભામંડપમાં પ્રાતઃપૂજાથી પરવારેલા સ્વામીશ્રીને સંતોએ કહ્યું: 'બાપા! અત્યારે આપણે કેવળ મંદિરે દર્શન કરી લઈએ. પછી સભામાં જઈએ ત્યારે સ્મૃતિમંદિરે દર્શન કરીશું.'

તૂટેલી તબિયતમાં સ્વામીશ્રીને તકલીફ ન પડે તે હેતુસર મુકાયેલો આ પ્રસ્તાવ બિલકુલ વાજબી હતો. છતાં તેને ફગાવી દેતાં સ્વામીશ્રી બોલ્યા: 'ના. આપણે નિત્ય નિયમ પ્રમાણે જઈ આવીએ. સભામાં જઈશું ત્યારે બીજી વખત દર્શન થશે. વધારે લાભ થશે.' આમ કહેતાં તેઓ સ્મૃતિમંદિરે દર્શન કરવા પહોંચ્યા જ. ત્યારબાદ કલાકમાં પુનઃ ત્યાં સભા માટે પણ પધાર્યા.

અહીં સારંગપુરમાં સ્વામીશ્રીની નિશ્રામાં ડાબરા ઉત્સવ પ્રથમ વાર જ ઊજવાતો હોવાથી ભક્તમેદની ધાર્યા બહાર ઊમટેલી. તેથી મંડપનો પનો ટૂંકો પડતાં ઘણાને માંડવા બહાર તડકામાં બેસવું પડ્યું.

આ વિગત સ્વામીશ્રીને ખટકતાં તેઓએ આશીર્વાદ પૂર્વે નારાયણ-મુનિદાસ સ્વામીને બોલાવી સૂચના આપી કે 'વ્યક્તિગત દર્શન વખતે તડકે બેઠેલા ભક્તોને પહેલાં લઈ લેજો.'

આ સૂચના અનુસાર તે સંતે જાહેરાત કરી. તેને પોતાના આશીર્વાદના આરંભમાં વણી લેતાં સ્વામીશ્રીએ જાહેરાત કરનારા સંતના ઉલ્લેખ સાથે કહ્યું: 'સંત તો દયાળુ હોય છે. તેથી તડકામાં બેઠેલાની પણ ચિંતા કરે છે.'

હકીકતે ચિંતા કરનાર તો સ્વામીશ્રી જ હતા, પરંતુ તેઓએ યશ બીજાને આપી દીધો!

આ શૈલીથી પાથેય પર્વ ઊજવ્યા બાદ સ્વામીશ્રી તા. ૨૭/૧ના રોજ સ્મૃતિમંદિરે દર્શન કરીને પરત ફરી રહેલા ત્યારે રસ્તામાં ગૌશાળાના કર્મચારી હીરા ભરવાડ ભેગા થઈ ગયા. મંદિરના આ મૂકસેવકનો પગ ભાંગેલો તેની સ્વામીશ્રીને ખબર. તેથી તેઓએ આરુણિ ભગતને પૂછ્યું: 'આ હીરાની સેવા બરાબર કરો છો ને?'

'હા.'

'હવે એ કામ કરી શકે છે?'

'ના.'

'સારું. ભલે કામ ન કરી શકે તો કાંઈ નહીં. બહુ વર્ષો સુધી એણે સેવા કરી છે. આપણે એને અને રાહા(વાસણ ઊટકનારા)ને સાચવવા. આ બધા ઠેઠ સુધીના માણસો કહેવાય.'

મંદિરમાં છાણ-વાસીદું કરનારા કે વાસણ ઊટકનારા સેવકો વિષે પણ સ્વામીશ્રીનો નાતો આવો અંતરંગ રહેતો. તેઓનું ખાતું મતલબી નહીં, પૂરેપૂરું માનવીય હતું.

કથામાં બેસાય એટલો આરામ

આ અરસામાં સ્વામીશ્રીના શરીરમાં માંદગીને કારણે અશક્તિ વર્તાતી હોવા છતાં તેઓએ દર્શન, કથા, પ્રદક્ષિણા વગેરે રોજિંદો ક્રમ છેલ્લા બે-ચાર દિવસથી શરૂ કરી દીધેલો. તે જોઈ તા. ૨૮/૧ના રોજ સંતવલ્લભદાસ સ્વામીએ પ્રેમપૂર્વક કહ્યું: 'સ્વામી! તમને તો બહુ ખટકો. પારાયણનો કેફ તો નથી ચઢી ગયો ને! તમને અહીં આરામ કરવા બોલાવ્યા છે, ને તમે તો પાછું બધું ચાલુ કરી દીધું.'

'પણ અહીં ઓરડામાં બેઠા રહીએ એના કરતાં કથામાં બેસવું શું ખોટું છે? આરામ તો પૂરતો મળે છે. આપણે તો કથામાં બેસાય એટલો આરામ. સૌ તમારી કથા સાંભળે તો અમારેય સાંભળવી જોઈએ ને! કોઈક વાર જ આવો લાભ મળે.' સ્વામીશ્રી બોલ્યા.

જેમ પંખી માટે માળો અને માણસ માટે ઘર વિસામારૂપ; તેમ સ્વામીશ્રી માટે કથા હતી. કર્મ(પ્રવૃત્તિ) અને કથા(નિવૃત્તિ)નો સુમેળ જેવો તેઓના જીવનમાં જોવા મળ્યો તેવો બીજે મળવો દુષ્કર!

ગુરુની આજ્ઞા એ જ બ્રહ્મવિદ્યા

સારંગપુરના નિવાસ દરમ્યાન સ્વામીશ્રી રોજ સાંજે સ્મૃતિમંદિરે પ્રદક્ષિણા ફરવા જાય. ત્યારબાદ તેઓ મંદિરના નૈર્ઋત્ય ખૂણે તૈયાર રાખેલી ખુરશી પર બેસે. ક્યારેક જો ખુરશી લાવવામાં વિલંબ થાય તો સીધા જ પથ્થરના ઓટલે કશુંય પાથર્યું ન હોય તો પણ બેસી જાય.

આ રીતે તેઓ વિરાજે એટલે સંતો નંદ પરમહંસોએ વર્ણવેલી શીલવંતા સાધુની રીતનાં કીર્તન લલકારે. તેનું પંક્તિબદ્ધ નિરૂપણ સ્વામીશ્રી

કરતા જાય. આ ગોષ્ઠી ખૂબ મનભાવન રહેતી.

તે ક્રમાનુસાર તા. ૩૧/૧ના રોજ સંતોએ *'કરીએ રાજી ઘનશ્યામ...'* કીર્તન ઉપાડ્યું. તેનો મર્મ સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'આપણે ગુરુની આજ્ઞા એ જ બ્રહ્મવિદ્યા. એમની આજ્ઞા એ જ વચનામૃત, ગીતા ને ઉપનિષદ. એની મરજી હોય તો ભલે પછી ખાડે પડવાનું હોય કે ટેકરે ચડવાનું હોય. એ જે કહે એ સેવા. એમાં જ ધર્મ, જ્ઞાન બધું આવી ગયું. આપોઆપ જ્ઞાન થઈ જશે.'

મુદ્દાની આ વાત સમજાવી સ્વામીશ્રી મંદિરના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કરતાં છાશની ઓરડીમાં પહોંચ્યા.

અહીં સેવા કરી રહેલા એક પાર્ષદને તેઓએ નામ પૂછતાં જવાબ મળ્યો: 'મારું નામ વેદાંગ ભગત.'

તે સાંભળી એકદમ હસી પડતાં સ્વામીશ્રી બોલ્યા: 'નામ વેદાંત(ગ) ને કામ છાશ વલોવવાનું!' પછી સિદ્ધાંત સમજાવતાં કહ્યું: 'આપણે આ જે સેવા કરીએ છીએ એ જ વેદાંત ને એ જ ઉપનિષદ!'

આટલું કહી સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે સાધકો માટે સિદ્ધદશા પામવાનો માર્ગ વધુ મોકળો અને સરળ થઈ ચૂક્યો.

સમયે જોઈ કરે સેવન જી

તા. ૧/૨ની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરવા પધાર્યા ત્યારે ઠાકોરજીને સુંદર શાલ કલાત્મક રીતે ઓઢાડવામાં આવી હતી. ખભા પરથી પાછળ લટકતી રહે તેવી તેની ગોઠવણીને કારણે શોભા આકર્ષક લાગતી હતી, પણ સ્વામીશ્રી તે જોઈ બોલ્યા: 'ઠાકોરજીને આવી લબડતી શાલ ન ઓઢાડવી. આપણે જેવી રીતે ઓઢીએ છીએ એવી જ રીતે ઓઢાડવી. લબડતી ઓઢાડીએ એમાં ઠંડી શું હરાય?' આમ કહીને તેઓએ ત્યાં ઊભાં-ઊભાં શાલ વ્યવસ્થિત કરાવી.

આ જ રીતે તેઓ સ્મૃતિમંદિરે પહોંચ્યા ત્યારે ત્યાં નવીન કાપડનું ગાતરિયું કલાપૂર્વક શાસ્ત્રીજી મહારાજને ઓઢાડેલું. તે સંદર્ભમાં પૂજારીએ સ્વામીશ્રીને પૂછ્યું: 'કેવું લાગે છે?'

'સારું લાગે છે.' સ્વામીશ્રીએ પ્રતિભાવ આપ્યો, પણ પછી પૂર્તિ કરી કે 'ગાતરિયા ઉપર શાલ કેમ નથી ઓઢાડી? અત્યારે ઠંડી કેટલી છે! શાલ

ઓઢાડવી જોઈએ ને !'

સ્વામીશ્રી દ્વારા અદા થતી સમય-સમયની આવી સૂક્ષ્મ ભક્તિ જોઈ લાગતું કે તેઓનો પ્રાણ તો પ્રતિમાઓમાં જ પુરાયેલો છે અને બહાર કેવળ ખોળિયું વિચરી રહ્યું છે.

સાધુતા રહે તો જ કામ કર્યું કહેવાય

તા. ૧/૨ના રોજ પાટણાના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સારંગપુર પરત ફરેલા સ્વામીશ્રી અહીં તા. ૨/૨ની સાંજે હિસાબી વિભાગની એક બેઠકમાં બિરાજેલા.

પરંતુ જેવો રવિસભાનો સમય થયો કે તરત તેઓ બોલ્યાઃ 'હું જરા સભામાં જઈને આવું છું. આજે રવિવારની સભા છે. યોગીબાપાની આજ્ઞા છે. આપણે અહીં હોઈએ ને હાજરી ન આપીએ તો કેવું કહેવાય?' આમ કહી મીટિંગમાં મધ્યાંતર પાડતાં સ્વામીશ્રી રવિસભામાં પહોંચી ગયા.

જ્ઞાનનો ભંડાર હોવા છતાં તેઓનું જીવન આજ્ઞાના દોર પર જ સરકતું રહેલું. આ જ નિશાન દૃઢાવતાં તેઓએ તા. ૭/૨ના રોજ પણ કહ્યું :

'આપણે નિયમ મૂકીને કામ કરવું જ નથી. કરવું હોય તો કરો, નહીંતર સૂઈ જાવ. સાધુતા રહે તો જ કામ કર્યું કહેવાય, બાકી તો આખી દુનિયા કામ કરે છે.'

સ્વામીશ્રીને મન શૈલી કરતાં સત્ત્વ મહત્ત્વનું. તેથી તેઓ રંગની માવજત જરૂર લેતા, પણ ચણતરની મજબૂતાઈ પહેલી ચકાસતા.

સત્પુરુષ એ જ સંસ્થા

તા. ૮/૨ની રાત્રિસભામાં યોજાયેલી પ્રશ્નોત્તરીમાં સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'આપ તો અનાદિ સિદ્ધ જ છો, છતાં લૌકિક દૃષ્ટિએ આપે કરેલી પ્રગતિનું રહસ્ય શું છે?'

'એવા ગુરુ મળ્યા ને આજ્ઞા પ્રમાણે જીવન કર્યું તો સહેજે જ પ્રગતિ થઈ ગઈ.' સ્વામીશ્રીએ ટૂંકમાં જ જણાવી દીધું.

ત્યારે વધુ એક જિજ્ઞાસા વ્યક્ત થઈ કે 'સ્વામી ! અમારે સત્પુરુષ અને સંસ્થામાંથી એકની પસંદગી કરવાની આવે તો પ્રથમ પસંદગી કોની કરવી?'

'બે મનાય તો પસંદગી કરવાની ને! સત્પુરુષ એ જ સંસ્થા છે ને

સંસ્થા એ જ સત્પુરુષ છે. સત્પુરુષમાં બંધાયા હોઈએ તો પછી ભેદ પડે નહીં.' સ્વામીશ્રીએ કહ્યું.

પ્રશ્નોત્તરીમાં તેઓ ખૂબ મુદ્દાસર બોલતા. ઘણી વાર તો પુછાયેલા પ્રશ્ન કરતાં પણ તેઓનો ઉત્તર ટૂંકો હોય, જે તેઓનાં અનુભવજ્ઞાન અને ચોક્કસ જ્ઞાનને સૂચવતો.

આ રીતે સરકી રહેલી પ્રશ્નોત્તરીના આગળના તબક્કામાં સૌએ સ્વામીશ્રીના જીવનમાં ડોકિયું કરવાનો પ્રયત્ન કર્યો. જેમ કે,

- આપનું પ્રિય વચનામૃત કયું ? શા માટે ?
  'વચનામૃત તો મહારાજનાં બધાં પ્રિય છે. છતાં છેલ્લાનું સાતમું વચનામૃત વધારે લાગે. એ વચનામૃત સિદ્ધ કરીએ તો ભગવાન રાજી થાય.'
- આપ ગુરુ તરીકે, અમારા મોક્ષદાતા તરીકે અમને કઈ ભાવના અને કઈ દૃષ્ટિથી જુઓ છો ?
  'બધાને એકાંતિક ધર્મ સિદ્ધ થાય, જીવનમાં સેવા-ભક્તિ દૃઢ થાય ને જગતની કોઈ વાત ન રહે એવી ભાવના અંતરમાં સહેજે રહે. બધા સુખિયા થાય ને હજારોને અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન દૃઢ કરાવીને સુખિયા કરે – એ સંકલ્પ સહેજે રહે.'
- આપ સંસ્થાને સો વર્ષ પછી કેવી જુઓ છો ?
  'શાસ્ત્રીજી મહારાજ જેવા સમર્થ પુરુષે આ કાર્ય કર્યું છે. એમણે હજાર વર્ષ પછીનો વિચાર કરેલો છે. યોગીબાપા જેવાએ મજબૂત પાયા કરેલા છે કે સંસ્થા સારી રીતે ચાલશે. ભગવાનનું કાર્ય છે એટલે ભગવાન બધું કરે છે. એટલે સંસ્થાનો સારી રીતે વિકાસ થશે જ.'
- અમારા તરફથી આપને શું અપેક્ષા રહે છે ?
  'તમે મારા પગ દાબો, સેવા કરો, એવી અપેક્ષા નથી. પણ શાસ્ત્રીજી મહારાજે જે સેવા આપી છે એ બરોબર થાય; આપણામાં એક સમજણ, એક સંગઠન, સંપ, એકતા થાય એ અપેક્ષા રહે. સંગઠન કોઈ પણ હિસાબે એક રહે એ અપેક્ષા રહે.'

આમ, સ્વામીશ્રીના ઉત્તરો સ્મરણીયની સાથે મનનીય પણ બની રહ્યા.

છો અતિ દયાળુ તમે એ રીતે

સારંગપુર-સ્થિત હનુમાનજી મંદિરના કાર્યવાહકોનું નિમંત્રણ સ્વીકારી સ્વામીશ્રી તા. ૧૦/૨ની સાંજે પગપાળાં જ આ તીર્થમાં પધાર્યા ત્યારે સૌએ તેઓને પ્રેમાદરથી સત્કાર્યા. આ અભિવાદન સ્વીકારતા સ્વામીશ્રીએ દર્શન બાદ સૌ સાથે બેસી જૂની સ્મૃતિઓ વાગોળી.

ત્યારબાદ તેઓ તા. ૧૧/૨ની સવારે સ્મૃતિમંદિરના પરિસરમાં નવા બોરનું ભૂમિપૂજન કરી ગૌશાળામાં પહોંચ્યા. ત્યાં ગાયો-ભેંસોએ ખાઈને વધારેલાં રાડાં વગેરેનો ઢગલો જોઈ સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને પૂછ્યું: 'આ ઓગઠનું શું કરો છો?'

'વેચીએ છીએ.'

'આપણે એ વેચવું નહીં. જરા પુણ્ય કરતાં થાઓ. અત્યારે ઉનાળો આવે છે. વળી, દુકાળ જેવું છે એટલે ઘાસની તંગી પડશે. બિચારા ઢોરોને ખાવાનાં ફાંફાં પડશે. માટે ગરીબનાં કે ભરવાડનાં ઢોરોને આ ખવડાવવું. બે-પાંચ રૂપિયા આમ કે આમ; એમાં ખાટું-મોળું નથી થઈ જવાનું!'

માનવી તો ઠીક, પણ મૂંગાં ઢોર સુધી સ્વામીશ્રીની કરુણાનો ચેતો-વિસ્તાર થતો રહેતો. તંગીના તાપણા પર લાભના રોટલા શેકવાનો વિચાર તો તેઓમાં સંભવે જ નહીં. તેઓ તો હતા – સ્વયં નુકસાન વેઠીને પણ અન્યને મદદરૂપ થવાની ભાવના ધરાવનારા.

દૃષ્ટિ તો સારા સામે જ રખાય

ગૌશાળામાંથી નવનિર્મિત સંતસંકુલ તરફ પધારી રહેલા સ્વામીશ્રીની નજરે તડકે તપતું પ્લાસ્ટિકનું મોદિયું પડતાં તેઓએ સહેજે પૂછ્યું: 'આ તડકે કેમ પડ્યું રહ્યું છે?'

'હમણાં જીરું સાફ કરવા પાથરેલું. ત્યારપછી અહીં જ પડી રહ્યું લાગે છે.'

'એમ કેમ ચાલે? આ પગથિયાં છે એની નીચે મૂકી રાખવું. તડકે તો બગડી જાય, તરડાઈ જાય.'

સ્વામીશ્રીની આવી ઝીણી કરકસર જોઈ કો'ક બોલ્યું: 'આપણે ત્યાં ખાળે ડૂચા મારે ને બારણાં ખુલ્લાં હોય...'

આમ કહેનારાનો ભાવાર્થ એ હતો કે 'સ્વામી! આપ આવી નાની બાબતોમાંય ધ્યાન રાખો છો, પણ કેટલાક તો આડેધડ વેડફતાં હોય છે.'

પરંતુ વાદવૃત્તિથી વિરક્ત સ્વામીશ્રીએ કહ્યું: 'બીજા ગમે તે કરતા હોય, એની સામું આપણે નહીં જોવાનું. આપણાથી નાનામાં નાની વસ્તુ પણ બગડવી ન જોઈએ. ઠાકોરજીની નાની વસ્તુ પણ બગાડાય નહીં. બીજા જેમ તેમ કરે એટલે આપણેય કરવા મંડાતું હશે? દૃષ્ટિ તો સારા સામે જ રખાય.'

સ્વામીશ્રીના શ્રીમુખેથી સાર્થક જીવનનો સંદેશ સરી પડ્યો.

મુજનું તન તે હું નહીં

સારંગપુરથી વિદાય લઈ ધર્મજ અને બોચાસણને લાભ આપતાં સ્વામીશ્રી તા. ૧૨/૨ની સવારે જીટોડિયા પહોંચ્યા ત્યારે અહીં કેન્સરના દર્દથી પીડાતા ઈશ્વરભાઈ તેઓને ઝંખી રહેલા. ઘરની ઓસરીમાં સૂતેલા આ હરિભક્ત પાસે જ સ્વામીશ્રી બેસી ગયા અને સાથે લેવડાવેલો પ્રાસાદિક હાર તેઓને પહેરાવતાં કહ્યું: 'જુઓ, આ સાક્ષાત્ મહારાજ દર્શન આપે છે, હવે તે સુખિયા કરશે.' આમ કહી એ સત્સંગીના દીકરાને પણ સ્વામીશ્રીએ જણાવ્યું: 'ખાલી દર્શન માટે જ રહ્યા છે.'

જીવમાત્રની ગતિવિધિઓને હસ્તામલકવત્ જાણતા તેઓએ આટલું કહી ઈશ્વરભાઈના મુખમાં ચમચી વડે જળ મૂકતાં સંતોને બે કીર્તન ગાવાની આજ્ઞા કરી. તે ગાન પૂરું થયું ત્યારે સ્વામીશ્રી એ બીમાર ભક્તને ઉદ્દેશી બોલ્યા: 'આ કીર્તન-ભજન થાય છે એટલે એ ભગવાન સાક્ષાત્ લેવા આવશે.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં નિશ્ચયાત્મક રણકો હતો. તેની ગુંજ વચ્ચે જ તેઓએ ત્યાગવલ્લભદાસ સ્વામીને કહ્યું: 'આ પ્રસાદ ધરાવી થાળી યુવકને આપી દો, એટલે તે બધાને વહેંચી દે.'

આ આદેશ થતાં ત્યાગવલ્લભદાસ સ્વામી ઠાકોરજી આગળ મૂકેલી પ્રસાદની થાળી હાથમાં લઈ ધરાવવા ગયા, પરંતુ તે થાળી એવી રીતે મુકાયેલી કે નીચે જલતા દીવાની ઝાળ તેના એક ભાગને સતત લાગ્યા કરે. તેથી તે તરફનો ભાગ સખત તપી ગયેલો. તે ગરમ થયેલા ભાગની સામેની બાજુથી થાળી પકડનારા ત્યાગવલ્લભદાસ સ્વામી આ બાબતથી અજાણ. તેથી તેઓ પ્રસાદ ધરાવીને એ થાળી એક યુવકને આપવા ગયા.

પરંતુ તે યુવાન સહેજ દૂર હોવાથી ત્યાં સુધી થાળી પહોંચાડવા વચ્ચે

બેઠેલા સ્વામીશ્રીએ તે પકડી. તે વખતે તેઓના હાથમાં થાળીનો પેલો તપી ગયેલો ભાગ જ આવ્યો! તે કારણે સ્વામીશ્રીના જમણા હાથની પહેલી આંગળીનો નીચલો વેઢો અતિશય દાઝી ગયો. ત્યાં ફોલ્લો પણ ઉપસી આવ્યો.

પરંતુ આટલું દાઝ્યા છતાં સ્વામીશ્રીની મુખરેખા લેશ ન ફરી. મોંમાંથી દર્દસૂચક ઊંહકારો પણ ન નીકળ્યો. થાળીની પકડેય ઢીલી ન પડી. અરે! તેઓ તો એ થાળી સ્વસ્થતાપૂર્વક પેલા યુવકને આપતાં બોલ્યા: 'આ બાજુથી પકડીશ નહીં. ગરમ છે. દાઝી જવાશે.' આટલું કહેતાં કોઈ મુલાયમ વસ્તુનું હસ્તાંતરણ કરતા હોય તેમ તેઓએ તે થાળી યુવકને દઈ દીધી.

અખંડ આત્મારૂપે વર્તતા સ્વામીશ્રી દેહભાવથી કેટલા અલિપ્ત છે તેનું આ દર્શન ત્યાગવલ્લભદાસ સ્વામીને હચમચાવી ગયું. આ વરિષ્ઠ સદ્ગુરુ માટે સ્વામીશ્રીની આવી ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ સદાયનું સંભારણું બની રહી.

સમયે રાજીપો થઈ જાય એ કામનું

જીટોડિયાથી અટલાદરા આવી પહોંચેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૩/૨ના રોજ વસંત પંચમી ઊજવાઈ. આ ઉત્સવની ચાલુ સભાએ જ સ્વામીશ્રીએ અત્રે નિર્માણાધીન નૂતન છાત્રાલયનું ભૂમિપૂજન કર્યું.

ત્યારબાદ 'એઈમ્સ'ના પ્રાસાદિક સંકુલમાં પધારેલા તેઓ અહીં તા. ૨૧/૨ના રોજ સ્નાન કરવા બિરાજ્યા ત્યારે સારંગપુરમાં ગાળેલા નવા કૂવાનું પાણી ન્હાવા માટે લાવવામાં આવ્યું. પરંતુ તે જળનું બુંદ પોતાના શરીર પર પડે તે પહેલાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'ઠાકોરજીને આ પાણીથી સ્નાન કરાવ્યું?'

તેઓની આ ભક્તિભીની પૂછપરછથી સૌ ભીંજાઈ ગયા.

આ ભક્તિભાવ સાથે આજની સાંજે મંદિરે પધારેલા સ્વામીશ્રીએ અત્રે દર્શન કરીને અમૃતધારા રેલાવતાં જણાવ્યું:

'જેણે જેણે પ્રસંગે મોટાપુરુષને રાજી કર્યા એને અંતરમાં શાંતિ છે. મંદિર બંધાતી વખતે પાયામાં સેવા કરી હોય, એ હવે કરવી હોય તો પાયામાં ઈંટ નંખાય? એ તો સમયે રાજીપો થઈ જાય એ કામનું. સમય વર્તે સાવધાન! લગ્નમાં સાવધાન થઈને બેસી જાય ને! બેસી જાય તો કન્યા મળે. આજુબાજુ ડાફોળિયાં મારવા જાય તો લોકો કહે, 'ગાંડો છે.' તોતડો હોય તોય તે વખતે તો બોલે જ નહીં.

દુનિયાની એ સાવધાની તો છે જ, પણ ભગવાન ને સંત મળ્યા એ સાવધાની રાખવાની છે. દ્વિશતાબ્દીમાં આપણે જોયું. નાના-મોટા બધાએ સર્વસ્વ આપ્યું. ફરી ૨૦૦ વર્ષમાં આપણે હઈશું ખરા? સાતમ ને સોમવાર કોઈક દિવસ આવે. માટે જો એ રસ્તો ભૂલ્યા તો ક્યાંયના ક્યાંય ગયા એ સમજી લેવું. એ કાંઈ આપણું બધું લેવા નથી આવ્યા, કારણ કે વ્યવહાર સાચવવાની જવાબદારી એમણે લીધી છે.'

આ કથામૃત પીરસીને સ્વામીશ્રી ઉતારે જવા માટે નીકળ્યા ત્યાં જ દર સુદ તેરસે ક્ષૌરકર્મની સેવામાં આવતા વનમાળીભાઈ સામે મળ્યા. તેઓને જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'હળ છૂટ્યું ને ભાત આવ્યા.' એમ કહેતાં તે હરિભક્તને પણ પોતાની સાથે જમવા લઈ લીધા.

પ્રાસંગિક કહેવતો અને રૂઢિપ્રયોગો પ્રયોજીને વાતને ચોટદાર અને યાદગાર બનાવી દેવાની સ્વામીશ્રીની હથોટી સૌને સુખ ઉપજાવે એવી હતી.

આજ્ઞામાં વર્તાય એટલા બ્રહ્મરૂપ

તા. ૨૩/૨ના રોજ સ્વામીશ્રી સમક્ષ ગોઠવાયેલી ભરૂચ, પંચમહાલ અને વડોદરા જિલ્લાના યુવકોની વિશેષ સભામાં પ્રવચન, પરિસંવાદ, પ્રશ્નોત્તરી વગેરે દ્વારા યુવકો લાભ લૂંટી રહેલા. તે વખતે જ એક યુવકે પૂછ્યું: 'બાપા! દ્વિશતાબ્દીમાં આપે કૉલ આપેલો કે 'બ્રહ્મરૂપ થઈ જશો.' તો અમે બ્રહ્મરૂપ થઈ ગયા?'

'નથી થયા હજી?' સ્વામીશ્રીએ આમ પ્રતિપ્રશ્ન કરી ઉત્તર વાળતાં કહ્યું: 'બ્રહ્મરૂપ થયા ત્યારે તો અહીં બેઠા છો. બાકી બાર કરોડ જોજન ઊંચો ઘરનો ઉંબરો ઓળંગીને આવવું કઠણ છે. સત્પુરુષની આજ્ઞામાં વર્તાય એટલા બ્રહ્મરૂપ. એ જે આજ્ઞા કરે એમાં મંડી પડીએ એ બ્રહ્મરૂપ. દ્વિશતાબ્દીમાં કામ-કાજ, ધંધા મૂકી દીધાં એ બ્રહ્મરૂપ. જ્યારે જ્યારે આજ્ઞા થઈ કે અહીં આવીને બેસવું ને તમે આવ્યા એ બ્રહ્મરૂપ. આમ કરતાં-કરતાં સંપૂર્ણ થઈ જવાશે.'

પંડિતની પકડમાં ન આવે તેવી ગહન વાતોને સ્વામીશ્રી ખૂબ સાદા શબ્દોમાં રજૂ કરી દેતા. તેથી જ તેઓનો ઉપદેશ વાંચ્યા-સાંભળ્યા પછી વ્યક્તિને કંઈક પામ્યાની અનુભૂતિ જરૂર થતી.

આવો અનુભવ ધરાવતા યુવકોએ સ્વામીશ્રીને આગળ પૂછ્યું કે 'બાપા! આપને English(ઈંગ્લિશ) આવડે છે?'

ત્યારે 'I don't know English' (હું અંગ્રેજી જાણતો નથી) એમ અંગ્રેજીમાં જવાબ આપી સ્વામીશ્રીએ સભાને હાસ્યના હિલોળે ચડાવી દીધી.

બ્રહ્મરૂપ થવાની ગહન-ગંભીર વાત સાથે આવી હળવાશનો સાંધો મારી આપી તેઓએ સભા પૂર્ણ કરી.

એમ રહે તેહ નિરસ્નેહ

તા. ૨૪/૨ની સવારે દર્શને આવેલા સ્વામીશ્રીના બાળમિત્ર મૂળજીભાઈને પોતે ચાણસદવાસી હોવાને નાતે સ્વામીશ્રી પાસેથી ઘણી આશા હતી. તેથી તેઓએ કહ્યું: 'સ્વામી! ચાણસદમાં 'સ્વામિનારાયણ નગર' બાંધવાની વાતો પહેલાં થતી હતી. તે અટકી ગઈ છે, તો કાંઈક કરો.'

'એ બધું વ્યવસ્થાપકો કરશે.' સ્વામીશ્રી બોલ્યા.

ભક્તના કૂવાની બાબતમાંય ઊંડા ઊતરનારા તેઓએ પોતાના ગામની વાતમાં લેશ રસ ન દાખવ્યો.

પરંતુ આવેલા ગામવાસીએ ફરી કહ્યું: 'વ્યવસ્થાપકો નહીં, આપ જ એ કાર્યમાં પ્રેરણા કરો.'

'અમે તો ઇચ્છતા જ નથી કે ત્યાં આવું બધું થાય. અમારે વળી જન્મ-ભૂમિની વાસના શી? અમારે તો ભજન કરવું છે તે બધે થઈ શકે છે.' આમ કહેતાં સ્વામીશ્રીએ વાતનો વીંટો વાળી દીધો.

શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર વીતેલું તેઓનું નિઃસ્નેહી જીવન '*આતમાને નહીં ધરા ધામ, આતમાને નહીં દેશ ગામ...*'નો સંદેશ ગુંજાવતું રહેલું.

આ રીતે મુલાકાતો આટોપીને સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઓરડામાં દર્શને પધાર્યા. અહીં તેઓ પ્રદક્ષિણા ફરતા હતા ત્યારે જ થોડા દિવસ પહેલાં જમણા હાથની પહેલી આંગળીએ દાઝી જવાને કારણે થયેલો ફોલ્લો ફૂટ્યો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'ફોલ્લો તો ફૂટ્યો, પણ ઈશ્વરભાઈના ધામમાં ગયાના સમાચાર કેમ ન આવ્યા?'

જાણે એ ભક્તના પ્રાણ આ ફોલ્લામાં પૂરી રાખ્યા હોય તેમ તેઓએ જિજ્ઞાસા વ્યક્ત કરી. તેના થોડા જ કલાકોમાં ખબર આવી કે 'ઈશ્વરભાઈનો અક્ષરવાસ થયો છે.'

આ સાંભળનારા સૌને થયું કે સ્વામીશ્રી જીવ-પ્રાણીમાત્રની ગતિના

કેવળ જ્ઞાતા નહીં, નિર્માતા પણ છે.

જાણી જોઈને દેહને દમે

અટલાદરાથી મુંબઈ જવા માટે તા. ૨૮/૨ની રાત્રે અગિયાર વાગ્યે 'વડોદરા ઍક્સપ્રેસ' દ્વારા નીકળેલા સ્વામીશ્રીએ ટ્રેનની ગતિ શરૂ થઈ તે સાથે જ 'પ્રકાશ'નો 'દ્વિશતાબ્દી વિશેષાંક' વાંચવો શરૂ કર્યો. તેઓનું આ વાંચન સતત સવા બે કલાક સુધી ચાલ્યું.

આ રીતે મુંબઈ પહોંચ્યા બાદ તા. ૨/૩ની સવારે શારીરિક તપાસણી માટે આવેલા તબીબોને પૂછપરછ દરમ્યાન સ્વામીશ્રીએ કહ્યું: 'દ્વિશતાબ્દી પછી (એટલે કે છેલ્લા લગભગ અઢી મહિનાથી) ડાબા કાનની પાછલી બાજુનો ભાગ સતત દુઃખે છે. ગરદન, કેડ પણ દુઃખે છે. ચાલ્યા (ભ્રમણ) પછી ડાબા પગની ઘૂંટીનો સાંધો પણ દુઃખે છે. ભૂખ પણ ઓછી લાગે છે. પરાણે ખાઈએ એટલું જ. કાયમ અશક્તિ રહ્યા કરે છે.'

તકલીફોનો કાફલો લઈને જ જાણે સ્વામીશ્રી વિચરી રહેલા. છતાં આશ્ચર્ય એ કે તેઓ આ બોલ્યા તે પહેલાં કોઈને તેનો અણસાર સુધ્ધાં આવવા દીધેલો નહીં. જાણી જોઈને દેહને દમવાની શૈલી તેઓએ જીવનભર જાળવી રાખેલી.

તે અનુસાર આજેય સ્વામીશ્રી તો સ્વાસ્થ્ય-સમાચાર આપીને પત્ર-લેખન, બાળસભા, યુવક સભા, મુલાકાતો વગેરે રોજિંદા ક્રમમાં જ પરોવાઈ ગયા. પરંતુ ડૉક્ટરોએ ચાલુ કરી દીધેલી ગતિવિધિ અનુસાર તેઓ તા. ૩/૩ની સવારે માટુંગામાં આવેલા ડૉ. સવુરના દવાખાને પહોંચ્યા.

અહીંથી સ્વામીશ્રી મંદિરે પરત ફર્યા ત્યારે બાર વાગી ચૂકેલા. તેથી ઠાકોરજીનાં દર્શન બંધ થઈ ગયાં હોવાથી મંદિર ખાલી હતું. આ મોકો ઝડપી મંદિરનું નકશીકામ જોવા નીકળેલા સ્વામીશ્રીની નજર નર-નારાયણના શિલ્પ પર ગઈ. તે નિહાળતાં જ તેઓ બોલ્યા: 'નરને મૂછ છે ને નારાયણને કેમ નથી રાખી?'

તેઓના આ સૂક્ષ્મ અવલોકને સૌનાં નેત્રો વિસ્ફારિત કરી દીધાં. સ્વામીશ્રીની ઊડતી નજરમાં પણ ઘણું ઊંડાણ રહેતું.

ભગવાન માટે જ દેહ ધર્યો છે

શારીરિક તકલીફો વચ્ચે પણ પોતાના કાર્યનો લય જાળવી રાખનારા

સ્વામીશ્રી તા. ૫/૩ની સાયંસભામાં આવીને બિરાજ્યા ત્યારે આવકવેરા ક્ષેત્રના નિષ્ણાત શ્રી હીરાલાલ સોઢાએ સ્વાનુભૂતિ રજૂ કરી કે "હું વૈષ્ણવ ધર્મ અપનાવું છું. મેં ઘણા સંતો જોયા છે, પણ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજમાં મેં જુદું જ જોયું. હું આપને પૂછું છું કે 'તમે ભગવાનને જોયા છે?' કદાચ જોયા હશે તો મૂર્તિ જોઈ હશે, પણ જો ખરેખર ભગવાન જોવા હોય તો અહીં બિરાજમાન છે! પ્રમુખસ્વામી મહારાજશ્રી માત્ર મહાન સંત જ નહીં, વ્યાવહારિક સંત પણ છે. મારા દીકરાના સ્વર્ગવાસ વખતે તેઓ મારે ઘેર પધાર્યા. આ મેં ક્યાંય જોયું નથી. આ પ્રસંગને હું ભૂલી શકું એમ નથી."

સ્વામીશ્રીની આત્મીયતા અને આધ્યાત્મિકતા – બંને સૌ માટે અવિસ્મરણીય બની રહેતાં. કોઈ પણ ધર્મની વ્યક્તિ હોય, પણ હવા સૌ માટે જીવનદાયી; તેમ સ્વામીશ્રી સૌ માટે સુખદાયી.

આ સુખની લહાણ લઈને આવી પહોંચી – અક્ષર ભુવનની અગાશીમાં યોજાયેલી વિશિષ્ટ યુવાસભા.

તા. ૧૦/૩ની સાંજે આકાશના છત્ર નીચે ગોઠવાયેલી આ સભામાં નર્તન, કીર્તન, વાદન, પ્રવચન વગેરે રજૂઆતો ઉત્સાહભેર થઈ રહેલી. તે ક્રમમાં આવેલા પ્રશ્નોત્તરીના કાર્યક્રમે સ્વામીશ્રીની આંતરિક સમૃદ્ધિને સૌ સમક્ષ છતી કરી દીધી.

સ્વામીશ્રીને યુવકો વતી પ્રથમ જ પ્રશ્ન એવો પુછાયો કે 'બાપા ! આપને આટલો બધો ભીડો હોવા છતાં અખંડ આનંદમાં કેવી રીતે રહી શકો છો? ભીડાનો ભાર નથી લાગતો?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'શ્રીજીમહારાજ અને ગુરુઓને રાજી કરવાની વાત હોય તો ભીડો શેનો? ભગવાન માટે જ દેહ ધર્યો છે અને રાજી કરવા દેહ ધર્યો હોય તો ભીડો હોઈ શકે નહીં. આ આપણું મનાશે તો યુવકોની પ્રવૃત્તિનોય સહેજેય ભાર નહીં જણાય. પોતાનું નથી મનાતું એટલે એમ થતું નથી. પ્રવૃતિનો ભાર આપણે શું કામ માથે લઈએ? કર્તા મહારાજ છે.'

સ્વામીશ્રીની આ શબ્દસુધા પીનારા યુવકોએ વધુમાં પૂછ્યું કે 'બાપા ! આપને કોના ઉપર વધારે હેત? સાધુઓ પર કે યુવકો પર?'

'હેત કોના ઉપર છે અને કોના ઉપર નથી એની પારાશીશી તો પોતપોતાના હૃદય ઉપર હાથ મૂકીને સૌ કરી લે એટલે તરત સમજાઈ જશે.'

સ્વામીશ્રીના આ મર્મસભર ઉત્તરથી સૌ તાળી પાડી ઊઠ્યા, પણ એ

તાળીનાદ ગડગડાટની કક્ષાએ તો ત્યારે પહોંચ્યો જ્યારે તેઓને એક યુવકે પૂછ્યું કે 'બાપા! અક્ષર-પુરુષોત્તમ સંસ્થા માટે દેહને ઘસી નાંખવાનો વિચાર આપને ક્યારથી દૃઢ થયો?'

ત્યારે 'તું મળ્યો ત્યારથી...' કહી સ્વામીશ્રીએ સભાને હાસ્યના હિંડોળે ઝુલાવી દીધી. પછી તેઓએ એ યુવકને જ પૂછ્યું: 'તને ક્યારથી આવો વિચાર આવ્યો?'

'આપ મળ્યા ત્યારથી.'

'બસ! એમ અમને પણ ગુરુ મળ્યા ત્યારથી એ વિચાર આવ્યો.'

આમ, સખાભાવે વર્તી યુવાનોને સુખ પમાડતા સ્વામીશ્રી સભામાંથી વિદાય થયા ત્યારે એકેએક યુવક બ્રહ્મના આનંદ, આત્મીયતા અને આધ્યાત્મિકતાની ત્રિવેણીમાં ડૂબી ગયો.

કોઈ જાતનો અફસોસ રહેતો નથી

તા. ૧૧/૩ની સવારે સુરતથી આવેલા સંતોને લળીને વંદન કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમે ઠેઠ સુરતથી દાખડો કરીને અહીં આવ્યા તો અમારે પગે લાગવું જ જોઈએ ને!'

'...પણ સ્વામી! આપ તો ઠેઠ અક્ષરધામમાંથી આવ્યા છો.'

'એ તો જૂની વાત થઈ.' હસતાં-હસતાં સ્વામીશ્રીએ કહ્યું.

આ 'જૂની વાત'ને પણ સૌએ હર્ષભેર વધાવી લીધી, કારણ કે તે વાત *'આપ આવ્યા છો અક્ષરમાંથી, સ્પર્શ પદરજનો પણ ક્યાંથી...'* જેવા સ્વામીશ્રીના સ્વરૂપ પર મહોર મારનારી હતી.

આવા સ્વામીશ્રીની મુલાકાતે તા. ૧૨/૩ના રોજ 'ગુજરાત સમાચાર' દૈનિકના પત્રકારો શ્રી કનુભાઈ મહેતા અને શ્રી કીર્તિભાઈ દવે આવી પહોંચ્યા. તેઓએ વિવિધ વિષયો સંબંધી પૂછેલા ઘણા પ્રશ્નોમાં એમ પણ પૂછ્યું કે 'સ્વામીજી! આપને આધ્યાત્મિક અનુભૂતિ થઈ હોય એવું કાંઈ કહેશો ?'

'અમારે તો અનુભૂતિનું મુખ્ય કારણ ગુરુકૃપા. શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો એ જ અનુભૂતિ.'

સ્વામીશ્રીનો આ ઉત્તર તેઓની ગુરુભક્તિની ગવાહી પૂરી રહ્યો.

તેથી અભિભૂત થયેલા સંવાદદાતાઓએ વધુમાં પૂછ્યું : 'સ્વામીજી ! આપના જીવનમાં આનંદની અનુભૂતિ કઈ?'

'ગુરુની સેવા મળી અને આવા સાચા ગુરુ મળ્યા એ જ આનંદ.'

સ્વામીશ્રીએ પુનઃ ગુરુભક્તિ જ ઘૂંટી.

તે સમયે તેઓને પુછાયું કે 'આપને અફસોસનો વિષય કયો ?'

'ભગવાનની ઇચ્છાથી કામ કરીએ છીએ. બધું જ એમની ઇચ્છા મુજબ થાય છે. કદાચ કોઈ કાર્ય ન થયું અને જતું રહ્યું તોય ભગવાનની ઇચ્છા. એટલે કોઈ જાતનો અફસોસ રહેતો નથી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનો આ ખુલાસો ખબરપત્રીઓને હેરત પમાડી ગયો. તેમાંથી ઊભરી આવેલી સ્વામીશ્રીની શોકમુક્ત સ્થિતિ સંવાદદાતાઓ માટે સુખદાતા બની રહી.

'સ્વામિનારાયણ' નામની વિશેષતા

તા. ૧૪/૩ની રાત્રે આરંભાયેલી મુંબઈથી દિલ્હી સુધીની હવાઈ મુસાફરી સ્વામીશ્રીએ 'પ્રકાશ'ના 'નામસ્મરણ વિશેષાંક' માટે લેખ લખવામાં ગાળી. તેમાં તેઓએ 'સ્વામિનારાયણ' મહામંત્રનો મર્મ અને મહિમા વર્ણવતાં લખ્યું :

"શ્રીજીમહારાજનાં તમામ નામ પવિત્રકારી, મંગળકારી અને કલ્યાણકારી છે અને દરેક નામ-સ્મરણથી જીવોને શાંતિ અને મોક્ષ થાય છે. તેમ છતાં 'સ્વામિનારાયણ' નામની વિશેષતા એટલા માટે છે કે ગુરુ રામાનંદ સ્વામીના અક્ષરધામગમન બાદ તેઓની ઉત્તરક્રિયા બાદ તુરત જ શ્રીજીમહારાજે પોતે 'સ્વામિનારાયણ' નામનું ભજન કરાવી પોતાનું તે નામ 'સ્વામિનારાયણ ભગવાન' તરીકે તે દિવસથી જ જગપ્રસિદ્ધ કરેલ છે અને તે નામનો અપાર મહિમા પણ કહેવાય છે. 'જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે...' તેવી મહાન શક્તિ તે નામમાં છે અને તે નામથી આત્યંતિકી મુક્તિ (થાય છે), કહેતાં જે પ્રાપ્તિ પછી જન્મમરણ રહેતું નથી.

મંત્ર-દીક્ષામાં પણ શરણાગતિ મંત્ર(માં) 'સ્વામિનારાયણ' નામ આપેલ છે. સંપ્રદાયની દૃષ્ટિએ પણ સ્વામિનારાયણ સંપ્રદાય કહેવાય છે. અને સાધુ-પાર્ષદો-આચાર્યો, બાઈ-ભાઈ હરિભક્તો તે સર્વેને સ્વામિનારાયણના આશ્રિત કહેવાય છે.

'સ્વામિનારાયણ' નામમાં પણ શ્રીજીમહારાજે રહસ્ય સમજાવેલ

છે. સ્વામી સહ નારાયણ એટલે ભક્ત સહિત ભગવાન. જેમ રાધાકૃષ્ણ, નરનારાયણ, સીતારામ તેમ શ્રીજીમહારાજે 'સ્વામિનારાયણ' નામ ભક્ત સહિત આપીને 'સ્વામિનારાયણ'નું ભજન કરવાનું રહસ્ય સમજાવેલ છે. માટે તે નામથી સર્વે જીવો આ લોક-પરલોકમાં સુખિયા થવા માટે ભજન કરે છે. માટે 'સ્વામિનારાયણ' નામની વિશેષતા છે."

સ્વામીશ્રીએ ગૂંથેલી આ મંત્રમહિમાની મોતીમાળા ભજન-સ્મરણનો મહિમા દૃઢાવે તેવી છે.

આત્મબળની અવધિ

દિલ્હીમાં તા. ૧૭/૩ની સાંજે છ વાગ્યે 'રાજઘાટ' પર પધારેલા સ્વામીશ્રીએ અત્રે ઠાકોરજી પધરાવ્યા તે વખતે જ એક સજ્જન તેઓની ભગવી આભામાં આકર્ષાયા. ગાંધીજીની સ્મૃતિમાં અહીં રોજ સૂતર વણતા એ ખાદીધારીએ *'આપ છો જી મુનિવર ચંદ...'*ના ભાવ સાથે સ્વામીશ્રીને સૂતરની આંટી પહેરાવી ધન્યતા અનુભવી.

તેઓનો આ આદર સ્વીકારી સ્વામીશ્રીએ અહીંની હરિયાળી પર જ સાયંભ્રમણ કર્યું. ત્યારબાદ તેઓએ મણિનગર શાખાના સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી 'ગુજરાતી સમાજ'માં જાહેર-સભાનો લાભ આપ્યો.

તેને અનુસરતાં સ્વામીશ્રી તા. ૧૮/૩ની બપોરે નંદલાલભાઈ પટેલના ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા. અહીં ભોજન બાદ એક પછી એક દવાની ગોળીઓ લેતા તેઓને જોઈ વિવેકસાગરદાસ સ્વામીએ પૂછ્યું: 'સ્વામી! આટલી બધી ગોળીઓ ખાવાની થાય તો સહેજ-સહેજમાં થાકી જવાય. આવી પરિસ્થિતિમાં આપને વિચરણ કરવાનું મન થાય ખરું?'

'આમ અંતરથી તો વિચરણ કરવાનું મન ખૂબ જ થાય. પરંતુ આ શરીર એવું નથી રહ્યું. તેથી થાકી જવાય એટલે પાછું પડવું પડે.' સ્વામીશ્રી બોલ્યા.

આમ કહ્યા પછી પણ તેઓ ત્રણ દાયકા સુધી ગતિશીલ રહ્યા એ આત્મ-બળની અવધિ જ કે બીજું કાંઈ?!

गवर्नमैन्ट का यह काम नहीं

દિલ્હીમાં શ્રી નરેન્દ્રભાઈ વઢવાણાના ઘેર રોકાયેલા સ્વામીશ્રીની મુલાકાતે આવનારા ઘણા અગ્રણીઓને દ્વિશતાબ્દીની હવા જ અહીં ખેંચી

લાવતી હોય તેમ જણાતું, કારણ કે તેમાંના એક ઉદ્યોગપતિ શ્રી જગદીશભાઈ ઢીંગરાએ કહ્યું :

'मैं अभी तक किसी धार्मिक संस्था में नहीं गया हूँ। मेरे माँ-बाप और मेरा काम ही भगवान है – ऐसा मैं मानता था। लेकिन जब द्विशताब्दी महोत्सव देखा तब बहुत प्रभावित हुआ। मुझे सबसे अच्छी बात तो यह लगी कि इतने बड़े महोत्सव में आपके स्वयंसेवक एक-एक तिनका ले रहे थे!'

આવો જ અહોભાવ ધરાવતા દિલ્હીના એક ઉચ્ચ અધિકારી શ્રી પ્રિયમોહન ભસીન રોજ ૩૦ કરોડ ગેલન પાણી રાજધાનીના ખૂણે ખૂણે પહોંચાડવાની જવાબદારી સંભાળતા હતા. તેઓએ પણ સ્વામીશ્રીને જણાવ્યું :

'गवर्नमैन्ट का यह काम नहीं है। गवर्नमैन्ट में भी इतनी स्वच्छता नहीं मिल पा सकती है। मैं पूरे दिल्ही को पानी सप्लाय कर सकता हूँ लेकिन यह नहीं कर सकता। प्रदर्शनी और पण्डाल ऐसा था कि एक बार जाता वह हिल नहीं सकता।'

જો કે આવી સઘળી પ્રશંસાઓ સામે સ્વામીશ્રીનો પ્રતિભાવ તો એક જ રહેતો : 'भगवान की इच्छा से यह सब होता है।'

તેઓની આવી પ્રભુમય પ્રતિભાના પ્રભાવથી દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી એચ. એલ. કપૂર પણ બાકાત ન રહ્યા. તેઓએ તા. ૧૯/૩ની સવારે સ્વામીશ્રીને પોતાના ઘેર પધરાવીને લાભ લૂંટ્યો.

તે પછી તા. ૨૦/૩ના પ્રભાતે સ્વામીશ્રીએ નિઝામુદ્દીન સ્ટેશન પાસે મંદિર માટે લીધેલી આશરે પાંચ એકરની ભૂમિ પર પગલાં પાડ્યાં.

રાષ્ટ્રપતિ ભવનમાં પધરામણી

મંદિર માટે આરક્ષિત ભૂમિને પ્રસાદીભૂત કર્યા બાદ રાષ્ટ્રપતિ ભવનને પાવન કરવા નીકળેલા સ્વામીશ્રીની ગાડી જ્યારે દરવાજે પહોંચી ત્યારે ત્યાં ઊભેલા દરવાનીએ કરેલા દિશાદર્શન મુજબ તેઓ આગળ વધ્યા. અહીં એક નિશ્ચિત સ્થળે આ વિશાળ પરિસરની સુરક્ષા સંબંધી ગતિવિધિઓમાંથી સૌ સહયાત્રીઓ પસાર થવા લાગ્યા; પરંતુ સ્વામીશ્રીને ખાસ અતિથિ તરીકે રાષ્ટ્રપતિના મુલાકાત કક્ષ પાસે સીધો જ પ્રવેશ અપાયો. આ સમયે ઠાકોરજી લઈને સાથે રહેલા મહંત સ્વામી અને સ્વામીશ્રી રાષ્ટ્રપતિની ખાસ લિફ્ટ દ્વારા પહેલા માળે પહોંચી એક કક્ષમાં બિરાજ્યા.

અત્રે થોડી વારમાં આવી પહોંચેલા ઈશ્વરચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી વગેરે સંતો તથા આ કાર્યક્રમના આયોજનમાં મુખ્ય ભૂમિકા બજાવનારા જથ્થેદાર શ્રી રછપાલસિંઘ સાથે પુરાણી સ્મૃતિ કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'અમે જ્યારે (સન) ૧૯૬૫ની સાલમાં શ્રી રાધાકૃષ્ણનને મળવા આવેલા ત્યારે આ જ રૂમમાં કે બાજુની રૂમમાં મળેલા.'

આમ, પૂર્વસ્મૃતિઓનો પ્રવાહ વહેતો હતો ત્યાં જ રાષ્ટ્રપતિ શ્રી ઝૈલસિંઘને મળવાનો સમય થઈ ચૂક્યો. બપોરે ૧:૦૨ વાગ્યે આ ઉષ્માસભર મિલન યોજાયું ત્યારે સ્વામીશ્રીએ પ્રાસાદિક હારથી રાષ્ટ્રપતિને સન્માન્યા.

તે વખતે રાષ્ટ્રના આ પ્રથમ નાગરિકે પણ શબ્દ-સુમનથી સ્વામીશ્રીનો સ્વાગતોપચાર કરી સાડા ત્રણ મહિના પહેલાં દ્વિશતાબ્દી પ્રસંગે થયેલી મુલાકાતને સંભારતાં જણાવ્યું : 'आप मानवता की और खास तौर पर भारत की इतनी सेवा कर रहे हैं कि लोगों के जीवन में अवश्य ही इन्कलाब आयेगा। यह सारा परिवर्तन सरकार नहीं ला सकती।'

'यह सब भगवान की प्रेरणा से हो रहा है।' સ્વામીશ્રી બોલ્યા.

પરંતુ તેઓની પરખ કરી ચૂકેલા 'જ્ઞાની' રાષ્ટ્રપતિએ કહ્યું : 'भगवान की प्रेरणा तो है ही, फिर भी आत्मिक शक्ति किसी की होती है। लाखों लोगों के बीच में लैक्चर देनेवाले तो बहुत हैं, लेकिन उसकी कोई भी नहीं मानता है।'

શ્રી ઝૈલસિંઘના હૃદયમાં સ્વામીશ્રીની એક અલગ જ છાપ અંકિત થઈ ગઈ છે તે તેઓના આ અભિપ્રાય પરથી સૌને સમજાયું.

આ અહોભાવ સાથે બાવીસ મિનિટ સુધી સ્વામીશ્રીનો સત્સંગ માણનારા તેઓએ કીર્તન સાંભળવાની ઇચ્છા પ્રગટ કરતાં યોગીચરણદાસ સ્વામીએ *'સુમિરન કર લે...'* ભજન ગાયું.

આ કીર્તનગાન બાદ સ્વામીશ્રી રાષ્ટ્રપતિને સુખડની માળા આપતાં બોલ્યા : 'हम साधु हैं। आपको माला देते हैं। उससे आप भगवान का स्मरण करना।'

'हम भगवान को तो याद करेंगे ही, लेकिन आपको भी मैं याद करूँगा।' રાષ્ટ્રપતિનો પ્રેમ આમ છલકાઈ ઊઠ્યો.

ત્યારે તેઓને ઠાકોરજીનાં દર્શન કરાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'राजा रणजितसिंघ को जो भगवान स्वामिनारायण मिले थे, उसी की यह मूर्ति है।'

આમ, શ્રીજીમહારાજને ઓળખાવવાની ગુણાતીતની મુખ્ય સેવા અદા કરી સ્વામીશ્રીએ વિદાય થવા માટે ચરણ ઉપાડ્યાં ત્યારે રાષ્ટ્રપતિ પણ તેઓ સાથે ચાલ્યા. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'अब आप रुकिये ।'

પરંતુ 'नहीं...नहीं...' કહેતાં રાષ્ટ્રના આ સર્વોચ્ચ વડા સ્વામીશ્રીને વળાવવા સાથે આવ્યા.

આ રીતે અતિથિને વિદાય આપવા જવું એ રાષ્ટ્રપતિનો શિરસ્તો નથી. છતાં સ્વામીશ્રી વિષે અપાર આદર અનુભવી રહેલા શ્રી ઝૈલસિંઘ દેશના સર્વોત્તમ પદના 'પ્રોટોકોલ'ને ઉવેખીને પગલાં ભરવા માંડ્યાં અને લિફ્ટમાં પણ સ્વામીશ્રીની સાથે જ નીચે આવ્યા.

એક વાર જ્યારે વડાંપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી અત્રે મળવા આવેલા ત્યારે તેઓ પ્રત્યેનો આદર સૂચવવા આ રાષ્ટ્રપતિ અહીં લિફ્ટ સુધી ગયેલા. કોઈ પણ વ્યક્તિને વિદાયમાન આપતી વખતે તેઓએ પ્રગટ કરેલો આ અધિકતમ આદર હતો, પણ આજે સ્વામીશ્રીની વિદાય વેળાએ તો તેને પણ તેઓ ઓળંગી ગયા.

નીચે ઊતર્યા પછીયે રાષ્ટ્રપતિશ્રી છેક ગાડી સુધી ભેગા રહ્યા. એટલું જ નહીં, સ્વામીશ્રી વિદાય થયા ત્યારપછી પણ તેઓ ત્યાં જ ઊભા રહ્યા. રાષ્ટ્રપતિ ભવનમાં ઘુમરાતી રહેતી રાજકીય આબોહવામાં આજે તેઓ સ્વામિનારાયણીય સાધુતાની સુગંધને માણી રહ્યા !

આમ, રાષ્ટ્રપતિની ઉષ્માસભર વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રી આ ભવ્ય સંકુલના મુખ્ય પ્રવેશદ્વારે થોભ્યા અને દરવાનીને યાદ કરતાં સંતોને કહ્યું : 'એને આપણી સંસ્થાનું પૅમ્ફલેટ, પ્રસાદ અને મૂર્તિ આપો.' આ સૂચના સાથે સ્વામીશ્રીએ તેને આશીર્વાદ પણ આપ્યા.

તે વખતે ચોકિયાત ગદ્‌ગદ થઈ ગયો. આ રાષ્ટ્રપતિ ભવનની ચોખ્ખી-ચણાક સડકો પર આવતી-જતી કંઈક ચકચકિત ગાડીઓમાં બેઠેલા કોઈએ તેની સાથે આવો સંવાદ હજી સુધી સાધ્યો નહોતો. તેના માટે જ શું, રાષ્ટ્રપતિ ભવનની આ આલીશાન ઇમારતના એક-એક કણ અને તેના લીલાંછમ બગીચામાં ઊભેલા એક-એક ફૂલ માટે પણ આ ઘટના અજાયબીભરી હતી. આ 'ભવન'ના ઇતિહાસમાં પહેલી જ વાર એવી ઘટના નોંધાતી હતી કે જેમાં રાષ્ટ્રપતિને મળેલા અતિથિ ત્યાંથી વિદાય લઈ તરત જ તેઓના દરવાનીને મળી રહ્યા હોય !

તેથી અનેક અતિથિઓ માટે દરવાજાની ઉઘાડ-બંધ કરનારા આ દરવાનીના દિલના દરવાજા આજે ખૂલી ગયા. તેમાં સ્વામીશ્રી પ્રવેશી ગયા. રાષ્ટ્રપતિની જેમ તેનું અંતર પણ બોલી રહ્યું : 'आपको मैं याद करूँगा...'

સ્વામીશ્રીના આ સ્નેહ-સમતાને નિહાળનારા પ્રત્યેક સહવાસી પણ બોલી ઊઠ્યા : 'आपको मैं याद करूँगा...'

આમ, આજે રાષ્ટ્રપતિ ભવનમાં પધારેલા સ્વામીશ્રીએ અવ્વલથી આખર સુધીનાં હૈયે સ્થાન જમાવી દીધું.

આપ્યું ભાતું જનોને સવાયું

દિલ્હીથી વિદાય લઈ 'પ્રયાગરાજ ઍક્સપ્રેસ' દ્વારા તા. ૨૨/૩ની સવારે પ્રયાગ આવી પહોંચેલા સ્વામીશ્રીનો નિવાસ અત્રે પંચાયતી મહાનિર્વાણી અખાડામાં હતો.

અહીં સ્થાનિક મહંતશ્રી પૂજ્ય ઓમકારપુરીજીએ આગતા-સ્વાગતા કર્યા બાદ પોતાના શિષ્ય-સમુદાયને સ્વામીશ્રીનો પરિચય કરાવતાં કહ્યું : 'यह स्वामीजी की प्रतिभा हमने गुजरात में देखी है। बड़े बड़े करोड़ाधीश लोग उनके चरण धोने के लिये तत्पर हैं, पर वे निरभिमानी हैं।'

સર્વત્ર પ્રસરી ચૂકેલી પોતાની આ ઓળખ સાથે સ્વામીશ્રી અહીં બપોરે ફરાળ અંગીકાર કરીને બિરાજ્યા ત્યારે ગુજરાત-સ્થિત નાની વાવડી ગામના ત્રણ હરિભક્તો આવી ચડ્યા. ગામના યાત્રાળુઓનો સંઘ લઈને નીકળેલી ખાસ વર્ધીની બસના તેઓ મુસાફર હતા.

આ બસવાળાએ દિવસના ત્રણેય ટંકનાં ભોજનની જવાબદારી માથે લીધેલી, પણ પૈડાં ફરતાં થયાંના થોડાક દિવસો બાદ એ શરત પૈડાં નીચે કચરાઈ ગયેલી ! તેથી આ હરિભક્તોએ ચાર દિવસ ચાલે એટલું સાથે લીધેલું ભાથું સફાચટ થઈ ગયેલું. તેમાં વળી આજે આવેલી એકાદશીએ ફરાળનાં ફાંફાં પડી જતાં તેઓને ન છૂટકે બહારનું ખાણું ખાવું પડેલું. હજી તેઓને બે અઠવાડિયાં મુસાફરીમાં કાઢવાનાં હતાં.

આ સઘળી વીતક-કથા સત્સંગીઓએ સ્વામીશ્રી સમક્ષ રજૂ કરી. તે સાંભળી સ્વામીશ્રી આ હરિભક્તોને રોકાવાનું કહી શૌચવિધિ માટે તૈયાર થયા, પરંતુ શૌચાલય પાસે ગયેલા તેઓ થોડી વાર તો વિચાર કરતાં ઊભા રહી ગયા. છેવટે સંતોને બોલાવી સ્વામીશ્રીએ સૂચના આપી કે 'આપણે

દિલ્હીથી પ્રયાગ માટે નાસ્તો તૈયાર કરીને લાવ્યા છીએ. તેમાંથી ઠાકોરજીને ધરાવવા પૂરતું રાખીને બીજો બધો નાસ્તો પેલા હરિભક્તોને આપી દો. આપણું તો થઈ જશે.'

આ સમયે સ્વામીશ્રી સાથે પચીસેક સંતો-ભક્તોનો સમુદાય હતો. આ સંઘ માટે પ્રયાગમાં મર્યાદા અનુસારના ભોજનની અગવડ જણાતાં દિલ્હીથી જ ભોજન-સામગ્રી સાથે લીધેલી.

તે હરિભક્તોને આપી દેવાની સ્વામીશ્રીની ભલામણમાંથી તેઓની પરોપકારી ભાવના ઝળકી રહી. તે દ્વારા ભૂખ્યા જનોનો આર્તનાદ શમાવીને સ્વામીશ્રી બપોરે ચાર વાગ્યે આરામમાં પધાર્યા ત્યારે સૌ આ ગુરુદેવમાં રંતિદેવનું દર્શન પામી રહ્યાં.

કેવટ પર કરુણા

તા. ૨૨/૩ની સાંજે પ્રયાગસ્નાન માટે નીકળેલા સ્વામીશ્રીની મોટર અક્ષયવડના કિલ્લે જઈને ઊભી રહી ત્યાં જ એક નાવિક દોડતો-દોડતો તેઓ પાસે આવી પહોંચ્યો. છેદીલાલ એનું નામ. તેણે સ્વામીશ્રીને કહ્યું: 'તમે ૧,૨૦૦ માણસોને લઈને આવેલા એ જ છો ને?'

રોજના અનેક યાત્રાળુઓની હેરફેર કરનારા એ નાવિકના સ્મરણપટ પરથી ચૌદ વર્ષ પછીયે સ્વામીશ્રી ભૂંસાયા નહોતા! ચૌદ વર્ષે રામ મળતાં અયોધ્યાવાસી જેટલા ખુશ થઈ ગયેલા તેટલો જ રાજી આજે આ કેવટ પણ થઈ રહ્યો. સ્વામીશ્રી તેની જ 'સંગમ' નાવમાં બેસીને ત્રિવેણીએ પહોંચ્યા. અહીં તેઓએ સૌ સંતો-ભક્તોની સ્મૃતિ સાથે સ્નાન કર્યું.

ત્યારબાદ નૌકામાં પાછા વળી રહેલા સ્વામીશ્રીને જોતાં જ કાળા તળાવના કેટલાક ભક્તોએ કિનારે કિનારે દોટ મૂકી. તે જોઈ સ્વામીશ્રીએ નૌકા કિનારે લેવડાવી અને તે ભક્તોને પોતાની સાથે જ નાવમાં બેસાડી દીધા.

સાધકની દોડ સત્પુરુષ મળતાં આમ જ પૂરી થઈ જતી હશે ને?!

પોતાના સહારે અનેકને તારતા સ્વામીશ્રી કિલ્લે પહોંચી નાવમાંથી ઊતર્યા ત્યાં જ નાવિક છેદીલાલે તેઓ સમક્ષ ડાયરી ધરી. તેની સાથે 'રીફીલ' પણ હોવાથી સ્વામીશ્રી તે 'રીફીલ' વડે જ આશીર્વાદ લખવા ગયા.

પરંતુ તેમાં પડનારી તકલીફ વિચારી સંતોએ પેન ધરી. તે સ્વામીશ્રીએ ન સ્વીકારતાં 'રીફીલ' વડે જ આશીર્વાદ લખી આપી કેવટનો ભાવ પૂરો કર્યો.

નાનામાં નાની વ્યક્તિની નાનામાં નાની ભાવનાને પણ તેઓ પાસે કદી ઠેસ-ઠોકર ખાવાનો વારો નહોતો આવ્યો.

તે જોઈ 'રી-ફીલ' થઈ ગયેલું પેલા નાવિકનું હૈયું ગાઈ ઊઠ્યું: *'મેં તો લીધો અલૌકિક લાવ, દેવને ન મળે આવો દાવ...'*

રહેવું મારે અતિ નિરમાન

તા. ૨૩/૩ની સવારે સવા સાત વાગ્યે યમુનાના વિશાળ તટ પર માઘસ્નાન માટે આરક્ષિત રખાયેલા પટાંગણમાં સ્વામીશ્રી જઈ પહોંચ્યા ત્યારે અત્રે પૂજ્ય પાંડુરંગ દાદાજી દ્વારા આયોજિત 'તીર્થરાજ મિલન'ના કાર્યક્રમમાં બે લાખની જનમેદની ઊમટેલી.

તેઓને સંબોધવા તૈયાર કરાયેલા લગભગ ત્રીસેક ફૂટ ઊંચા મંચ સુધી સ્વામીશ્રીને લઈ જવા ખુરશી રાખવામાં આવેલી, પરંતુ મંચ પર સંતોની હાજરી જોતાં સ્વામીશ્રીને ખુરશીમાં બેસીને જવામાં અવિવેક જણાયો. અન્ય ધર્માચાર્યો પ્રત્યેના તેઓના આદરનું સ્તર ઘણું ઊંચું રહેતું. તેથી સ્વામીશ્રી ત્રીસેક પગથિયાં ચડીને ઉપર ગયા!

તેઓએ ઉઠાવેલો આ પરિશ્રમ જોઈ પૂજ્ય દાદાજી ગદ્‌ગદિત થઈ ઊઠ્યા. તેથી વિવેકસાગરદાસ સ્વામીના વક્તવ્યમાં સ્વામીશ્રીનો ઉલ્લેખ આવ્યો ત્યારે પૂજ્ય દાદાજીએ પ્રવચનને અધવચ્ચે અટકાવીને કહ્યું:

"मेरी ओर से कह दो कि प्रमुखस्वामीजी का ऑपरेशन होनेवाला था उसे 'पोस्पोन्ड' (postponed - मुलतवी) करके यहाँ पधारे हैं, ऐसा मेरे प्रति प्रेम है।"

સ્વામીશ્રીનાં આ સ્નેહ-સૌજન્યને જ્યારે બે લાખની મેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવ્યા ત્યારે યમુનાનો ઘૂઘવાટ પણ ઠંડોગાર જણાયો.

આવા ભાવસભર વાતાવરણમાં આશીર્વાદ આપ્યા બાદ સ્વામીશ્રી અને પૂજ્ય દાદાજી સ્વાગત કક્ષમાં પહોંચ્યા. અહીં ચાલેલા વાર્તાલાપમાં પણ સ્વામીશ્રીએ દાખવેલા પ્રેમ બદલ આયોજકો દ્વારા કૃતજ્ઞતા વ્યક્ત થતી રહી.

અંતે સૌ ઊઠ્યા ત્યારે પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી તેઓની લાકડી લીધા વિના ચાલવા લાગ્યા. મોજડી પહેરી રહેલા સ્વામીશ્રીએ તે જોતાં જ નીચા વળીને લાકડી ઉપાડી લીધી.

તે વખતે થોડે આગળ નીકળી ગયેલા પૂજ્ય દાદાજીને લાકડી યાદ

આવતાં તે લેવા તેઓ જેવા પાછા વળ્યા કે પાછળ આવતા સ્વામીશ્રીએ તેઓને લાકડી ધરી દીધી. આદરણીય અતિથિને અદના સેવક બનેલા જોઈ પૂજ્ય દાદાજી તો 'સ્વામીજી ! આપ !' કહેતાં આભા જ બની ગયા.

આ દૃશ્ય જોનારા સૌ પણ નિર્માની જીવનશૈલી ધરાવતા સ્વામીશ્રીની ગુણગરિમામાં ખોવાઈ ગયા.

વળગણમુક્ત વ્યક્તિત્વ

પ્રયાગથી બનારસ પધારેલા સ્વામીશ્રીએ અહીં શ્રી ધીરુભાઈ મિરાણીના ઘેર તા. ૨૪/૩ની સવારે મુંડનવિધિનું નૈમિત્તિક કર્મ કરાવતી વખતે રમૂજમાં કહ્યું: 'કાશીએ જઈને કરવત મુકાવવાનો મહિમા છે. આપણે કરવતને બદલે અસ્ત્રો મુકાવ્યો.'

તેઓની આ પ્રાસંગિક ટિપ્પણીથી ચારેકોર હાસ્ય પ્રસરી ગયું.

કોઈ પણ ક્રિયામાં નિર્દોષ આનંદને ભેળવી સૌને સુખ-સ્મૃતિ આપવાની સ્વામીશ્રીની કળા ઘણી જ મનમોહક હતી.

આવાં સ્મૃતિદાન આપવા 'દહેરાદૂન ઍક્સપ્રેસ' દ્વારા બનારસથી કલકત્તા આવી પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૨૬/૩ની સાંજે મંદિરમાં જ ફૂલદોલોત્સવ ઊજવ્યો.

તે પછીના દિવસે સાયંભ્રમણ બાદ સ્નાન કરીને તેઓ ધોતિયું ધારણ કરી રહેલા તે વખતે એક સંત બોલ્યા: 'પ્રવૃત્તિવાળા માણસને નવરા બેસવાનું હોય ત્યાં જેલ જેવું લાગે.'

'એમ ન થવું જોઈએ.' આમ કહી સ્વામીશ્રીએ જણાવ્યું કે 'પ્રવૃત્તિ હોય કે નિવૃત્તિ – બેઉ સ્થિતિમાં આનંદ આવવો જોઈએ. સમય પસાર ન થતો હોય તો ગ્રંથો વાંચવા, માળા ફેરવવી.'

આ ટૂંકા અભિપ્રાયમાં સ્વામીશ્રીના વળગણમુક્ત વ્યક્તિત્વનું દર્શન છે. તેઓ કોઈ પણ સ્થળ-સ્થિતિને સાહજિકતાથી પચાવી શકતા. ગતિ કે અગતિ બંનેનું રહસ્ય તેઓને આત્મસાત્ હતું.

ચાલશે ત્યાં સુધી ચલાવશું

કલકત્તાના હરિભક્તોએ શિસ્ત સહિતના પ્રેમનું દર્શન કરાવતો કાર્યક્રમ ગોઠવી દીધો હોવાથી અહીં સ્વામીશ્રીની પધરામણીઓ તો સદંતર બંધ જ

હતી. પોતાના ઘેર ઠાકોરજી જમાડવા સ્વામીશ્રીને બોલાવવાનો આગ્રહ પણ કોઈએ નહોતો રાખ્યો. જેની રસોઈ હોય તે 'પંચવટી'માં શ્રી નટુભાઈ મોદીના ઘેર રાખેલા સ્વામીશ્રીના ઉતારે આવીને જ પૂજન કરી લેતા અને સંતો તેઓના ઘેર ભોજન ગ્રહણ કરવા જતા.

વળી, જાહેર કાર્યક્રમોની જગ્યાએ મંદિરમાં જ સવાર-સાંજ કથાવાર્તા યોજી હોવાથી સ્વામીશ્રીને ઝાઝી દોડાદોડ ન રહેતી. મંદિર અને ઉતારે જ મહાનુભાવો પણ મળવા આવી જતા. સાંજે સ્વામીશ્રી ઘણી વાર ગોલ્ફ ગ્રાઉન્ડમાં ભ્રમણ કરવા પધારતા. તે વખતે સૌ દર્શન માટે ઊમટતા.

આ મુજબ ગોઠવાયેલા દૈનિક આયોજનમાં પ્રસંગોપાત્ત સુંદર સદુપદેશ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

''ભગવાન વિના કાંઈ થઈ શકતું નથી. માટે કોઈ સારા કહે કે નરસા, આપણે પ્રભુ ભજી લેવા. તમે ગમે તેટલું સારું કામ કરો તોય બધા સારું કહેવાના છે જ નહીં. ૧૦૦% તો 'રીઝલ્ટ' આવવાનું જ નથી, તો પછી શું કામ કોઈના અભિપ્રાયે પડતું મૂકવું ?

જગતનું તો શિવ-પાર્વતી ને પોઠિયા જેવું છે. તમે ભક્તિ કરો તો એમ કહે, 'નવરા થયા એટલે બેઠા છે.'

કેટલાક અમને પણ કહે છે કે 'ઠીક છે, નોકરી કે કન્યાનું ઠેકાણું પડ્યું નહીં એટલે ચકમચકા કરવા બેસી ગયા.' માટે દુનિયાને ન ગણકારતાં, જે કરતા હોઈએ તે કર્યે રાખવું. ભગવાનનો આદેશ મળ્યા પછી જે થવાનું હોય તે થાય. ભગવાન આપણું હિત જોઈને જ આજ્ઞા કરે છે. એમાં જો આપણે યુક્તિ કરીએ તો ખોટ આપણને રહી જાય.

મોટા મોટા માણસો અમને કહેવા આવે છે કે 'તમે આ સ્ત્રીની મર્યાદા લઈને ફરો છો એ બરાબર નથી. આજે સ્ત્રીઓનું જ રાજ અને મહત્તા છે. માટે તમારું વધારે નહીં ચાલે.' અમે એમને કહીએ કે 'ચાલશે ત્યાં સુધી ચલાવશું, નહીં તો ભગવાનની ઇચ્છા. એક ખૂણે બેસીને ભજન કરીશું.'

ભગવાને આજ્ઞા કરી છે તે પૂર્વાપરનો વિચાર કરીને જ કરી છે. એમને આપણી માફક દીવાલની પાર ન'તું દેખાતું એવું ન'તું. પણ આપણી બુદ્ધિ ન ચાલે એટલે તર્ક થયા કરે. જેણે આજ્ઞા પાળી છે એ સુખિયા થયા છે.''

તાર્કિક મગજ અને શ્રદ્ધાળુ હૃદયનો બહુજન-દુર્લભ સમન્વય સ્વામીશ્રીમાં સધાયેલો. તેથી પ્રખર બુદ્ધિકક્ષા હોવા છતાં તેઓ અસીમ શ્રદ્ધાથી શ્રીજી-

મહારાજનાં વચનોનું પાલન કરતા.

નારાયણ સે નારાયણ મિલ ગયા

આ અરસામાં જમણા થાપે થયેલી ગાંઠની શસ્ત્રક્રિયા માટે તા. ૯/૪ની રાત્રે કલકત્તાથી મુંબઈ પધારેલા સ્વામીશ્રીને તા. ૧૧/૪ની સવારે હૉસ્પિટલ પહોંચવાનું હતું.

ત્યાં સુધી તેઓને લઈ જવા માટે આવેલી શ્રી પરમાનંદભાઈની ગાડીમાં સ્વામીશ્રી બિરાજતાં જ પૈડું ફર્યું, તે સાથે સ્વામીશ્રીના સંપર્કનું ચક્ર પણ ગતિશીલ બન્યું. તેઓએ ડ્રાઈવરને પૂછ્યું :

'નામ શું છે?'

'નારાયણ.'

'ઓહ! નારાયણ સે નારાયણ મિલ ગયા...' સ્વામીશ્રી સહસા બોલી ઊઠ્યા. તેનો મર્મ ગાડીચાલક તો સમજ્યો કે ન સમજ્યો, પણ આ મર્મના માલમીઓ તો ગાઈ જ ઊઠ્યા : *'મને પ્રગટ મળ્યા પુરુષોત્તમ આજ, આનંદ અંતર છાઈ રહ્યો...'*

સુમિરન શ્વાસોચ્છ્વાસ

ખંભાલા હિલ હૉસ્પિટલમાં નિશ્ચિત થયેલી સ્વામીશ્રીની શસ્ત્રક્રિયા વખતે તેઓનો નિવાસ ૩૦૬ ક્રમાંકિત ઓરડામાં ઠરાવેલો. અહીંથી તેઓ તા. ૧૧/૪ની બપોરે ચોથા માળે ઑપરેશન થિયેટરમાં પધારતાં ડૉ. ચંદ્રકાંત પટેલ તથા ડૉ. અમૃતભાઈએ ૩:૨૦ વાગ્યે શસ્ત્રક્રિયા શરૂ કરી અને ૪:૦૫ વાગ્યે નારંગીના કદની ગાંઠ સફળતાપૂર્વક કાઢી.

ત્યારપછીની આનુષંગિક વિધિઓ પૂરી થયા બાદ 'સ્વામીશ્રી એનેસ્થેસિયાની અસરથી મુક્ત થયા છે કે નહીં' તે ચકાસવા ડૉ. ચોકસીએ પૂછ્યું : 'સ્વામીજી! કેવું છે?'

ત્યારે સ્વામીશ્રીના હોઠે પ્રથમ શબ્દ ફૂટ્યો : 'સ્વામિનારાયણ.'

તેઓના પ્રતિસાદ પરથી જણાતું હતું કે ઘેનની અસરમાંથી તેઓ હજી સંપૂર્ણ મુક્ત નથી થયા. છતાં સુષુપ્તિમાં પણ સ્વામીશ્રીના ભજનનો લય અકબંધ રહ્યો છે તે આ પ્રતિભાવ પરથી પરખાયું.

આ રીતે શ્વાસોચ્છ્વાસે ભગવત્સ્મરણમાં લયલીન રહેતા તેઓને

૪:૪૫ વાગ્યે ઑપરેશન થિયેટરમાંથી બહાર લાવી નિવાસના ઓરડામાં લઈ જવાયા. તે વખતે સૌને થયું કે 'શરીરમાંથી કઢાયેલી ગાંઠ સ્વામીશ્રીને બતાવીએ.' તેથી તેઓને ચશ્માં પહેરાવીને કહ્યું: 'જુઓ બાપા! આ ગાંઠ કાઢી છે તે.'

પરંતુ તે સંબંધી કોઈ જ કુતૂહલ દાખવ્યા વિના અર્ધજાગ્રત અવસ્થામાં પણ સ્વામીશ્રીએ પૂછ્યું: 'મહારાજ ક્યાં ગયા?'

તેઓની આ રટના જોઈ ઠાકોરજીનાં દર્શન કરાવવામાં આવ્યાં ત્યારે તેઓને શાંતિ થઈ.

આ સમયે સંતોએ વિનંતી કરી: 'સ્વામી! હવે આપ સૂઈ જાઓ.'

'તમે બધા મારા ઉપર રાજી રહેજો.'

'ઊંઘ આવે છે, બાપા ?'

'ના.'

'એ તો આંખો બંધ કરી દો એટલે આવી જશે.'

'પણ તમે બધા દેખાઓ નહીં ને!'

'અમે તમને જોશું.'

'એમ!' આમ કહેતાં સ્વામીશ્રીએ આંખો મીંચી, પરંતુ વળી ખોલતાં કહ્યું: 'બહાર હરિભક્તો ઊભા હોય તો તેઓને જણાવી દો કે ઑપરેશન સારી રીતે થઈ ગયું છે. કોઈ ચિંતા ન કરે.'

'એ બધું અમે કરીશું. આપ સૂઈ જાઓ.'

'મહારાજને હવે પોઢાડી દેજો. મોડું થાય છે.'

સ્વામીશ્રીના શબ્દે-શબ્દે ભક્ત અને ભગવાનની જ ખેવના સરતી રહી. તેથી મુક્ત થઈ તેઓ હવે આરામ કરે તે હેતુસર, સંતો વાતચીત પર પૂર્ણવિરામ મૂકી દૂર ખસી ગયા. બત્તી ઠારવામાં આવી. નિદ્રામાં ખલેલ ન પહોંચાડે એવું થોડું અજવાળું ફેલાઈ રહ્યું. પરંતુ તે વખતે એક અનોખું દર્શન સૌ કરી રહ્યાં.

જાણે શ્રીજીમહારાજ સાક્ષાત્ પધાર્યા હોય તેમ સ્વામીશ્રી ઘડીમાં હાથ જોડી વંદન કરે, ક્યારેક તેઓને કંઈક કહેતા હોય તેવું જણાય, ઘડીક કંઈક સાંભળી રહ્યા હોય તેમ લાગે. આશરે વીસેક મિનિટ સુધી આ ક્રિયા-પ્રક્રિયા ચાલતી રહી, પણ કોઈ એનો તાળો મેળવી ન શક્યું.

આ બાબતે થોડા દિવસો બાદ જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'એ તો હું બધાં મંદિરોના ઠાકોરજીનાં દર્શન કરતો હતો.'

તેઓના આ ખુલાસાએ સૌને અહોભાવમાં ગરકાવ કરી દીધા.

વન-પર્વત કે ગુફા-ઘુમ્મટમાં બેસનારાને ભગવાનનું જે અને જેવું અનુસંધાન ન રહે તે સ્વામીશ્રીને હૉસ્પિટલના બિછાને રહેતું ! તેઓ ઉપાધિમાં પણ સમાધિ લગાવનારા સંત હતા.

નેહ રે એવો એની આંખે નીતરતો

શસ્ત્રક્રિયાના બીજા દિવસે હજી સ્વામીશ્રીને હલન-ચલનની સ્વતંત્રતા આપવામાં નહોતી આવી. પડખું પણ હાથનો ટેકો આપી ફેરવવામાં આવતું. તે સંજોગોમાંય તેઓની કલમ કાગળો પર સરકવા લાગી ! આવી મમતાથી લખાયેલા પત્રો ભક્તોને સુખિયા કેમ ન કરે !

આ પ્રેમભાવ સાથે સ્વામીશ્રી તા. ૧૩/૪ની સવારે હૉસ્પિટલમાંથી વિદાય લઈ પૅડર રોડ પર આવેલા વિશાળ બંગલા 'બેલા વિસ્ટા'માં વિશ્રામ-લીલા માટે પધાર્યા.

શ્રી પરમાનંદભાઈ પટેલના આ સદી-પુરાણા આવાસમાં વનનું એકાંત અને શહેરની સગવડનો સમન્વય થયેલો. પ્રાતઃકાળે અહીં ટ્રેન-મોટરનાં હોર્નની જગ્યાએ કોયલનાં કૂજન સંભળાતાં. બંગલાની આસપાસ પથરાયેલી આસ્ફાલ્ટની સડકો વચ્ચે આ 'પૅલેસ'ના પરિસરમાં ફૂલ-છોડ, ઝાડ-પાન અને લીલીછમ લૉનની વનશ્રી ઝૂમી રહેલી. 'તેને પાવન કરવા સ્વામીશ્રી પધારે' તેવો મનોરથ યજમાને ઉચ્ચાર્યાને માંડ મહિનો થયો હશે ત્યાં જ એ સંકલ્પ પૂરો કરતાં સ્વામીશ્રી આજે પધારી ગયા. તેથી યજમાને તેઓનો ઉચિત સત્કાર કર્યો.

આ સમયે સ્વામીશ્રીને સ્નાનની પરવાનગી તબીબોએ આપી ન હોવાથી તેઓ વતી કોઠારી સ્વામી પ્રાતઃપૂજા કરતા. તે વખતે સ્વામીશ્રી બાજુમાં પલંગ પર કે સોફા પર બેસી માળા ફેરવતાં-ફેરવતાં મૂર્તિઓનાં દર્શનમાં તલ્લીન થઈ જતા. તા. ૧૪/૪ની સવારે પણ આવું જ હૃદયંગમ દૃશ્ય સર્જાયેલું.

તેને વિશેષ આસ્વાદ્ય બનાવતાં સવાદ્ય કીર્તનો પૂજા દરમ્યાન એક પછી એક રેલાઈ રહેલાં, પરંતુ અચાનક જ સ્વામીશ્રીની આંખો નીતરવા લાગી. તે જોઈ ચોંકી ઊઠેલા સંતોએ કારણ પૂછ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'કીર્તનના ભાવ સાંભળીને ગળગળા થઈ જવાય છે.'

આ સાંભળનારા સ્વામીશ્રીની ભક્તિ જોઈ ગળગળા થઈ ગયા.

એવા સંત જે સુખકરણ

વિશ્રામલીલા દરમ્યાન તા. ૧૫/૪ની રાત્રે સ્વામીશ્રીને તેઓ પર થયેલી શસ્ત્રક્રિયાની ફિલ્મ બતાવવામાં આવી ત્યારે તે જોઈ તેઓના મુખેથી વાણી સરી પડી: 'કોઈને પણ આવું ન થાય એ પ્રાર્થના.'

'તો તો અમારો ધંધો અટકી પડે.' સ્વામીશ્રીની વાત સાંભળી એક ડૉક્ટરે આમ રમૂજ કરી. પછી તેઓએ કહ્યું: 'સત્સંગીઓને ન થાય, પણ બીજાને થાય એમ રાખો.'

'કોઈને ન થવું જોઈએ.' સ્વામીશ્રી બોલ્યા. વળી, ઉમેર્યું: 'બધા સુખિયા રહે. કદાચ થાય તો દવાથી મટી જાય. ઑપરેશન તો ન જ કરાવવું પડે.'

સ્વામીશ્રીના મુખેથી ભદ્ર ભાવના અને પરોપકારી પ્રાર્થના વહી રહી.

ભવ્યતા બની ભગવન્મય

પાણીની પ્રકૃતિ છે – છેક તળિયા સુધી ઊતરવાની, તેમ સ્વામીશ્રીનો સ્વભાવ પણ ઊંડા ઊતરવાનો. તે આ વિશ્રામલીલા દરમ્યાન સૌને જોવા મળ્યો.

સ્વામીશ્રી જે બંગલામાં રોકાયેલા તેની રખેવાળી-જાળવણી માટે ૪૦ નોકરોનો સમુદાય હતો. તેમાં રસોઈયા, દરજી, ધોબી, માળી, ડ્રાઈવર, સંત્રી, સફાઈ કામદાર વગેરેનો સમાવેશ થાય. તેઓ અહીં જ રહેતા અને કામ કરતા. તેઓને રોજ પ્રાતઃપૂજા પછી સ્વામીશ્રી મળે. નામ પૂછે, કામ પૂછે. પુષ્પ આપે, પ્રસાદ આપે. સાથે માથે હાથ મૂકી આશીર્વાદ તો ખરા જ. સમાજમાં મોટે ભાગે હુંકારા-તુંકારાનાં પાત્ર બનતા રહેતા આ કર્મચારી-વર્ગને સ્વામીશ્રી પાસે સત્કાર-આવકાર મળતાં જ, પાણી મળતાં પાક ખીલી ઊઠે તેમ તે મહોરી ગયા. સુગંધને પ્રસરતાં વાર ન લાગે તેમ સ્વામીશ્રીનો સ્નેહ તેઓની રગરગમાં દોડવા લાગ્યો. તેથી તેઓ સ્વામીશ્રીની પ્રાતઃપૂજા અને કથામાં દોડી દોડીને બેસવા માંડ્યા.

આમ, એક વાર નેડો લાગ્યા પછી સ્વામીશ્રી વ્યસનોની પૂછપરછ આદરી દરેકનાં વ્યસનો છોડાવતા ગયા.

તેમાં નોકરોની સાથે માલિક પણ બાકાત ન રહ્યા. યજમાનશ્રીએ પણ સહકુટુંબ કંઠી ધારણ કરી સત્સંગ સ્વીકાર્યો. કુટેવોને તિલાંજલિ આપી. પોતાના ધાર્યા-જાણ્યા બહારની આ વાત જોઈ તેઓ બોલી ઊઠ્યા: 'સ્વામીબાપા

આરામ નહીં, પણ ઑપરેશન કરવા આવ્યા હોય એવું લાગે છે.'

આમ, તેર દિવસમાં તો સ્વામીશ્રીએ આ મહેલને મંદિર જેવો કરી મૂક્યો. તેઓ ભવ્યતાને ધિક્કારતા નહીં, પણ તેમાં દિવ્યતા મૂકી આપતા. તેથી એ ભવ્યતા ભગવન્મય બની રહેતી.

પ્રત્યક્ષ એ તો પરમેશ જેવા

સ્વામીશ્રીના સહવાસથી મંદિરતુલ્ય બની ગયેલા 'બેલા વિસ્ટા' બંગલામાં જ તા. ૧૮/૪ના રોજ શ્રીજીમહારાજનો જન્મોત્સવ ધામધૂમથી ઊજવાયો. આ અવસરે વિવિધ પરાંઓમાંથી મોટી સંખ્યામાં ઊમટી પડેલા ભક્તો પણ સ્વસ્થ સ્વામીશ્રીનાં દર્શન પામી પ્રભુપ્રાગટ્ય જેવો જ આનંદ અનુભવી રહ્યા.

આ અનુભૂતિ સુલભ કરવા સત્સંગીઓ ઉપરાંત કંઈક મહાનુભાવો પણ સ્વામીશ્રીને મળવા આવતા રહેતા. યજમાનના સામાજિક સંબંધોનું વર્તુળેય મોટું અને માનવંતું. તેથી તેઓ પણ પોતાના સ્નેહી-સંબંધીઓને સ્વામીશ્રીના યોગમાં લાવતા.

આ ક્રમમાં તા. ૨૧/૪ના રોજ રાજ્યકક્ષાના એક કેન્દ્રીય મંત્રી આવી ચડ્યા. પરંતુ તેઓના મનમાં ભરાયેલી પૂર્વગ્રહ-જનિત મેલી મુરાદનો યજમાનને અણસાર સુધ્ધાં નહોતો. તેથી એ મંત્રીએ આવતાંવેંત બેફામ બકવાસ શરૂ કરી દેતાં યજમાન સ્વયં ડઘાઈ ગયા. આસપાસ બેઠેલા સંતો પણ સમસમી ઊઠ્યા. તેમાંના એક તો ઉદ્વેગથી ઊકળતા મંત્રીને ઠારવા ગયા, પરંતુ સ્વામીશ્રીએ જ તેઓને હાથના ઈશારે રોકતાં પેલા મંત્રી માટે વિષ-વમનનો માર્ગ વધુ મોકળો થઈ ગયો.

સ્વામીશ્રીની આ ઉદારતાનો પૂરેપૂરો 'લાભ' ઉઠાવતા તેઓ અત્યંત કુત્સિત શબ્દોમાં રોષ-દોષ ઓકવા લાગ્યા. બીમાર વ્યક્તિના તો ખબર-અંતર પૂછવાના હોય, એવા સામાન્ય વિવેકને પણ તેઓએ અભરાઈએ ચડાવી દીધો. લગભગ એક કલાક સુધી તેઓ ઊભરો ઠાલવતા રહ્યા. સામે એટલી જ શાંતિથી સ્વામીશ્રી તે સાંભળતા રહ્યા – પ્રતિશોધ કે પ્રતિકારના લેશ પ્રયત્ન વિના.

'થયું તેનું અતિ અપમાન, તોય તે તો રહ્યા ક્ષમાવાન...' શાસ્ત્રવચન આજે અક્ષરશઃ સત્ય સાબિત થઈ રહ્યું.

તેથી જ વાતાવરણને કલુષિત કરી પેલા મંત્રી વિદાય થતાં સ્વામીશ્રી

તો પત્રવાંચનમાં પરોવાઈ ગયા. અપમાન સંબંધી નહીં કોઈ ટીકા-ટિપ્પણ કે નહીં કોઈ ઉચાટ-કચવાટ.

પરંતુ તેઓની આભ ઊંચી મહાનતાનો છેડો આટલેથી કેમ આવે!

વિદાય થયેલા એ મંત્રીને સ્વામીશ્રીએ બીજે દિવસે અહીં ભોજન લેવા માટે નિમંત્રણ આપેલું! તે અનુસાર પેલા 'મહાશય' તા. ૨૨/૪ના રોજ પુનઃ આવ્યા ત્યારે કોઈ અજાણ્યાને અણસાર પણ ન આવે એ રીતે સ્વામીશ્રીએ તેઓની સંભાવના કરાવી! સાકરને બે દાંત વચ્ચે કચરો કે મમળાવો – તેમાંથી મીઠાશ જ મળે ને!

એથીયે વિશેષ, આ પ્રસંગ બન્યાનાં બે વર્ષ બાદ પેલા દગ્ધ મંત્રી તેઓના કોઈક કાર્ય અંગે આફ્રિકા ગયેલા. આ સમયે તેઓ પાસે કોઈ હોદ્દો નહોતો. વળી, અહીં કોઈ તેઓથી વિશેષ પરિચિત નહીં. તેથી તેઓનો કોઈ ગજ વાગતો નહોતો. તે વખતે 'સ્વામીશ્રી અહીં જ છે' તે સમાચાર મળતાં આ પૂર્વ મંત્રી સ્વામીશ્રી પાસે દોડી આવેલા. તે સમયે સભામાં બિરાજેલા સ્વામીશ્રીએ ઊભા થઈ તેઓને આવકાર આપેલો, મંચ પર સાથે બેસાડેલા અને તેઓના કાર્યમાં સહયોગ આપવા સૌને અપીલ પણ કરેલી. સ્વામીશ્રીની મદદ મળતાં જ એ મંત્રીનું કામ પલકવારમાં પૂરું થઈ ગયેલું.

આ જોઈ ઝેરની સામે મહેર વરસાવનારા સ્વામીશ્રીનાં ચરણોમાં ઢળી પડતાં કંઈક અણનમ માથાંઓ ગાઈ ઊઠેલાં: *'અરે મળે ક્યાં જન સાધુ એવા, પ્રત્યક્ષ એ તો પરમેશ જેવા...'*

ખરેખર, પરોપકારનો પનો પણ ટૂંકો પડે અને ક્ષમાની સીમાઓ પણ સાંકડી સાબિત થાય એવા વિરાટ હતા સ્વામીશ્રી!

વિરાટ-વામનની દોસ્તી

સ્વામીશ્રીનો લાભ લેવા આવતા રહેતા યજમાનના સંબંધીઓમાં તેઓના બે દૌહિત્રો પણ ખરા. તેઓ સ્વામીશ્રીના નિવાસની નિકટવર્તી બહુમાળી ઇમારતમાં જ રહેતા. તેથી છાશવારે સ્વામીશ્રી પાસે દોડી આવે. સ્વામીશ્રી પણ તેઓને કિલ્લોલ કરાવે. જાણે સિંહ-સસલાંની મૈત્રી જામે!

તા. ૨૨/૪ની પ્રાતઃપૂજા વખતે પણ આ બેય બાળકો સ્વામીશ્રી પાસે દોડી આવ્યા. તે વખતે પૂજામાં ધરાવેલો હાર સંતોએ એક બાળકને આપી સ્વામીશ્રીને પહેરાવવા કહ્યું. તેણે તે મુજબ કર્યું ત્યારે સ્વામીશ્રીએ તેઓની

રીત અનુસાર એ હાર તે બાળકને જ પહેરાવી દીધો. આ લાભની સુગંધ પામી બીજો બાળભમરો પણ ઊડીને નજીક આવી ગયો.

પરંતુ સ્વામીશ્રી પાસે હાર એક જ હોવાથી 'હવે શું કરવું?'ની દ્વિધામાં સૌ ખોવાયા. અલબત્ત, સ્વામીશ્રી નહીં. અંતરમાં ઊભરાતા પરિશુદ્ધ પ્રેમને કારણે તેઓને રસ્તા સૂઝી આવતા. તેથી તેઓએ બાજુમાં બેઠેલા એક સંતને કહ્યું: 'ઠાકોરજીને ધરાવેલી ફૂલની સેરો લાવો.' તે આવી એટલે સ્વામીશ્રીએ જાતે જ તેનો દોરો લાંબો કરી હાર તૈયાર કર્યો અને તે બીજા બાળકને પહેરાવી તેને પણ રાજી કર્યો.

તેઓએ લીધેલી આ બાળસંભાળે દૂર બેઠેલા શ્રી પરમાનંદભાઈની આંખો ભીની કરી દીધી. તે જોઈ સૌને લાગ્યું: 'પથ્થરને પણ પિગળાવતો પ્રેમ છે પ્રમુખસ્વામી મહારાજનો!'

કારણ કે આ યજમાનની પ્રકૃતિ સહેજ કડકાઈભરી. વળી, કાયદાકીય પુસ્તકોના અભ્યાસને કારણે તેઓનું મગજ વિશેષ તર્કશીલ. તેથી પ્રેમ જેવા તત્ત્વનો અનુભવ તેઓ પાસે ઓછો-આછો થાય. પરંતુ એ વેરાનમાં આજે સ્વામીશ્રીનાં સ્નેહજળે વનરાવન ખડું કરી દીધું.

પ્રેમને જ જો કોઈ પરમેશ્વર કહેતું હોય તો તેનું પણ સાકાર સ્વરૂપ હતા સ્વામીશ્રી.

માહાત્મ્ય જાણે મનમાં ઘણેરું

'બેલા વિસ્ટા'માં તા. ૨૪/૪ની સાંજે ચંદ્રગ્રહણનો સમૈયો ઊજવી સ્વામીશ્રી તા. ૨૫/૪ના રોજ દાદર મંદિરે પધારી ગયા ત્યારે અહીં પણ તેઓને પૂરતો આરામ મળી રહે તેવો જ દૈનિક ક્રમ ગોઠવાયો.

તે અનુસાર તા. ૨૮/૪ના રોજ પલંગ પર બિરાજેલા સ્વામીશ્રીને એક સંતે પૂછ્યું: 'બાપા! આ પલંગ આપને ફાવે છે?'

'ના કેમ ફાવે? બધું જ ફાવે છે.' સ્વામીશ્રી કેફથી બોલ્યા.

તે પછી મુદ્દાની વાત પણ સંભળાવી કે 'આ તો શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજની સેવા કરી એના પ્રતાપે આ બધું જ છે. બાકી આપણાં ભાગ્યમાં આવું ક્યાં લખ્યું હતું?'

લીલાં વૃક્ષની ડાળીએ જેમ પાંદડાંઓ ફૂટતાં જ રહે, તેમ સ્વામીશ્રીના દરેક દિવસે દાસભાવનાં દર્શન થતાં જ રહેતાં.

તે ન કેવળ ગુરુજનો પ્રત્યે જ, પરંતુ પોતાના શિષ્યોના પણ દાસ થઈને રહેવામાં સ્વામીશ્રી મજા માણતા.

તેથી જ તા. ૨૯/૪ની સવારે જાગેલા તેઓ હજી તો પલંગમાં પોઢેલા તે વખતે જ કો'ક બોલ્યું: 'ડૉક્ટર સ્વામી આવ્યા.'

આટલું સાંભળતાં તો સ્વામીશ્રી કોઈનોય ટેકો લીધા સિવાય બેઠા થઈ ગયા અને ડૉક્ટર સ્વામીને બેઠાં બેઠાં જ ભેટ્યા.

આ સમયે બ્લડપ્રેશર માપવાનો સમય થઈ ગયો હોવાથી સૌએ ડૉક્ટર સ્વામીને જ બી.પી. માપવાનું યંત્ર આપ્યું. તેઓએ માપેલું બી.પી. ૧૨૦/૮૦ની યોગ્ય માત્રામાં આવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ડૉક્ટર સ્વામીનાં દર્શન થયાં એટલે બી.પી. પણ સારું આવ્યું !'

તેઓએ તંદુરસ્ત સ્વાસ્થ્યનો સુયશ ઢોળી દીધો સીધો શિષ્યના શિરે !

ભક્તના પૂર્યા છે કોડ કોડે

તા. ૩૦/૪ની સવારે સ્વામીશ્રીની ઊંઘ ઊડી – હરિભક્તના ફોનની ઘંટડીથી !

હા, આ દિવસે તેઓ હજી જાગ્યા પણ નહોતા ત્યારે અમેરિકાથી એક ભક્તે ફોન જોડી દીધો. તાત્કાલિક જ વાત કરવાની રઢ લઈ બેઠેલા તેઓને સ્વામીશ્રીએ સૂતાં સૂતાં સાંભળી શીખ-સાંત્વન આપ્યાં. સ્વામીશ્રીના જીવનમાં સ્નાન, ભોજન, ભ્રમણ, આરામ, સભા, મીટિંગ, પત્રલેખન વગેરે એકેય ક્રિયા એવી નહોતી કે જેમાં તેઓએ ભક્તની વાતને કાન ન ધર્યા હોય.

તેથી જ શસ્ત્રક્રિયા બાદ વ્હીલચૅરમાં ઘૂમતા રહેવાનું પણ તેઓને ગમતું નહોતું. એક વાર તો ડૉક્ટરો સમક્ષ જ અંતરની વાત પ્રગટ કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભગવાન દયા કરે ને આ ખુરશી જતી રહે તો સારું. આ બિચારા હરિભક્તો આટલો દાખડો કરીને આવે છે ને આપણે એને લાભ આપી શકતા નથી. હરતા-ફરતા થઈ જવાય તો સૌને સુખ આવે.'

ભક્તોના કોડ પૂરા કરવા સ્વામીશ્રી સદૈવ તત્પર રહેતા.

બધાના થવાય છે, પણ ભગવાનના થવાતું નથી

શસ્ત્રક્રિયાના સત્તાવીસ દિવસ બાદ સ્વામીશ્રીએ તા. ૮/૫થી સ્વયં પ્રાતઃપૂજા કરવાનો પ્રારંભ કર્યો. તેઓના નિરામય સ્વાસ્થ્યની આ નિશાનીને

ભક્તોએ હર્ષોલ્લાસથી વધાવી લીધી. એ વધામણીની વચ્ચે સ્વામીશ્રીએ આજે બીજો પણ એક આરંભ કર્યો.

માંદગીને કારણે ખુરશી-ટેબલ પર જમતા તેઓએ આજથી પુનઃ પલાંઠી વાળીને જમવાનું શરૂ કરી દીધું. આ સમયે સૌએ તેઓને ખુરશી-ટેબલ ચાલુ રાખવા ઘણી વિનંતી કરી, પણ કોઈ ન ફાવ્યું.

પથરાને હાથના જોરે ફગાવીએ ત્યારે તે ઊંચે જાય, પણ અંતે પાછો આવે. તેમ સ્વામીશ્રી પણ બીમારીમાં ડૉક્ટરોની સલાહને અનુસરી કંઈક સુવિધા ગ્રહણ કરતા, પરંતુ એનું બંધન તેઓને લેશ ન વળગતું.

છતાં વિશેષતા એ કે અન્યને સુવિધા આપવા તેઓ હરહંમેશ તૈયાર રહેતા. તે હેતુસર જ તા. ૧૧/૫ના રોજ તેઓએ મંદિરના સમીપવર્તી મકાનમાં 'સ્વામિનારાયણ હોમિયોપેથિક ડિસ્પેન્સરી'નો વિધિસર આરંભ કરી દીધો.

આ પ્રસંગે આજે અખાત્રીજ હોવાથી સ્વામીશ્રીએ પ્રાસંગિક લોકોક્તિ પણ ઉચ્ચારી કે *'પૂનમનો પડવો ને અમાસની બીજ, વણજોયું મૂરત તેરસ ને ત્રીજ.'* પછી પોતે જ તેનો અર્થ સમજાવ્યો કે 'પૂનમ પછીનો પડવાનો દિવસ, અમાસ પછીનો બીજનો દિવસ, ધનતેરસ અને અખાત્રીજ – આ ચાર મૂરત હંમેશાં શુભ જ હોય.'

સ્વામીશ્રી એટલે ભડલી વાક્યોનો ભંડાર. પ્રસંગોપાત્ત તેઓના મુખેથી એ સર્યાં-ઝર્યાં કરે. તેથી તેઓની આસપાસ જ્ઞાન-ગમ્મતભર્યું વાતાવરણ જામેલું રહે.

તેમાં વળી આજે અખાત્રીજની સાથે રવિવારનો મેળ પડી ગયો હોવાથી ભક્તમેદની ચિક્કાર હતી. તેને કથામૃત પીરસતાં સ્વામીશ્રીએ કહ્યું :

''મહારાજના વખતમાં સંતો સમર્થ હતા. છતાં મહારાજે બેસી જવાનું કહ્યું ત્યારે સૌ બેઠા અને 'ઊભા થાઓ' કહ્યું ત્યારે ઊભા થયા. મહારાજની આ જ વિશેષતા છે. આપણી આજ્ઞામાં આપણાં બે છોકરાંય નથી વર્તતાં. તરત 'નોનસેન્સ' કહી નાંખે. હા, ભ'ઈ! ભણાવી-ગણાવીને બુદ્ધિ એને આપી દીધી પછી બાપમાં બુદ્ધિ ક્યાંથી રહે?

એક વાર મહારાજે દરેકને પોતપોતાનું સ્વરૂપ બતાવ્યું. ત્યારે બધા કહે, 'આવું ને આવું કાયમ રહે એવું કરો.' મહારાજ કહે, 'તમારા હિતમાં નથી.' કારણ, ઐશ્વર્ય સહન કરવું(જીરવવું) એ મોટી વાત છે. ગાંડો ગામને ગણે નહીં ને ગાંડાને ગામ ગણે નહીં. ભગવાન બધાનું ચાલવા દેતા નથી એ

સારું છે. નહીં તો કોઈ ભગવાન ભજે એવા નથી. સર્વોપરી સત્તા પોતાના હાથમાં રાખી છે. ખાલી 'આપણે ભગવાનના છીએ' એટલું કહેવડાવશું તોય એ તો રક્ષામાં જ છે. આપણે બધાના થવાય છે, પણ ભગવાનના થવાતું નથી. બીક લાગે કે 'જો એમના થઈશું ને બધું લઈ લેશે તો ?!''

અક્ષય તૃતીયાએ આવો મિષ્ટ કથારસ રેલાવી સ્વામીશ્રીએ સૌને અક્ષય સુખ આપી દીધું.

અમારી મિત્રતા રાખજો

તા. ૧૩/૫ની સાંજે સ્વામીશ્રીને દસેક મિનિટના ભ્રમણ બાદ જ શૌચ-સ્નાન માટે જવાની ઇચ્છા થતાં તેઓએ સેવકોને કહ્યું : 'ચાલો.'

પરંતુ સ્વામીશ્રી ભ્રમણ બાદ થોડું બેસીને મંદિરમાં દર્શન કરવા જાય તેવો નિત્યક્રમ હતો. તેથી તેની ધૂનમાં જ સેવકોએ કહ્યું : 'થોડી વાર બેસો ને !'

આ સાંભળતાં સ્વામીશ્રી કંઈ પણ બોલ્યા વગર બેસી ગયા, પણ થોડી વારે સૂચન કરનારાને જ વિચાર ઝબક્યો કે 'સ્વામીશ્રીએ ભ્રમણ જલદી પૂરું કર્યું છે, તો શૌચ-સ્નાનની ઇચ્છા તો નહીં હોય ને ?!' આમ વિચારી તેઓએ એ સંબંધી પૂછ્યું ત્યારે સ્વામીશ્રીએ હસતાં-હસતાં 'હા' કહી. તેથી તરત જ તેઓને ઉતારે લઈ આવ્યા.

આવા સરળ સ્વામીશ્રીએ જ્યારે તા. ૧૪/૫ના સુપ્રભાતે નિત્યપૂજા આરંભી ત્યારે સત્સંગી ગાયક શ્રી જયદીપ સ્વાદિયાએ કલાકારના પરિવેશમાં સજ્જ થઈ કીર્તનો રેલાવ્યાં. તેની કદરદાનીરૂપે તેઓને પૂજા બાદ સ્વામીશ્રીના હસ્તે પ્રસાદનું બોક્સ આપવામાં આવ્યું. જો કે તે અપાવનારે જાણીજોઈને બોક્સને ખાલી જ રાખ્યું હોવાથી રમૂજ થઈ રહી.

પરંતુ સ્વામીશ્રી અલ્પાહારથી પરવાર્યા ત્યારે તેઓએ પેલા ગાયક યુવકને સામેથી બોલાવી પ્રસાદી આપતાં મર્મમાં કહ્યું : 'લોકો તો તમને ખાલી બોક્સ આપે એવા જ છે. લો, આ લાડુ. અમારી મિત્રતા રાખજો.'

જીવનને હર્યું-ભર્યું અને મીઠું-મધુરું રાખનારી મિત્રતાનું સરનામું સ્વામીશ્રીએ યુવાહૃદયને ચીંધી આપ્યું.

બોધકથાના બેતાજ બાદશાહ

તા. ૧૪/૫ની રાત્રિસભામાં ગોઠવાયેલા 'સૂક્તિ-સમારોહ'ના રસપ્રદ

આયોજન અંતર્ગત બે વૃંદમાં વહેંચાયેલા સંતો-ભક્તો એકની સામે એક કહેવતો અને સૂક્તિઓનો મારો ચલાવવા માંડ્યા. તે એક-એક કહેવત કે સૂક્તિમાં રહેલાં મર્મ-મજાકથી આખી સભા હાસ્યરસમાં હિલોળા લેવા માંડી. તેમાં અંતે સ્વામીશ્રીને પણ કંઈક રજૂઆત કરવા વિનંતી થઈ ત્યારે તેઓએ પોતાના કહેવત-કોશમાંથી સદૃષ્ટાંત સૂક્તિરત્નોનો પ્રકાશ પાથરી સૌને આનંદમાં ગરકાવ કરી દીધા.

પ્રથમ સ્વામીશ્રીએ *'સબોસબ ખેંચાણી ને મારી આંખ મીંચાણી'*નો આસ્વાદ ચખાડતાં કહ્યું:

"એક ગામ હતું. ગામમાં રહેતા હોય એટલે ઘરમાં કે ફળિયામાં નાની-મોટી તકરાર તો થતી જ હોય. તે પ્રમાણે બે કુટુંબો વચ્ચે ઘણા વખતથી વેરભાવ ચાલતો હતો. એક વખત બેય પક્ષના માણસ ગામના ચોરે ભેગા થઈ ગયા. થોડી બોલાચાલી થઈ. પછી હુંકારા-તુંકારા થયા. ગાળાગાળી થઈ. બેય ગરાસિયા એટલે તલવારો તો પાસે હોય જ. બેય જણાએ વારાફરતી એકબીજા પર ઘા કર્યો. એમાં પોલીસ કેસ થયો. રીપોર્ટ તૈયાર થયો એટલે કોરટમાં કેસ દાખલ થયો. પ્રત્યક્ષ પુરાવાની જરૂર પડી. તેમાં એક વાણિયાને હાજર કરવામાં આવ્યો. તેને જજે પૂછ્યું:

'આ બે ઝઘડતા હતા ત્યારે તમે ત્યાં હાજર હતા?'

તો કે, 'હા, હું હતો!'

'તો તમે જે જોયું એની વાત કરો.' જજે કહ્યું.

વાણિયાએ વિચાર કર્યો કે 'જો બેમાંથી એકનું નામ દઈશ તો પાછળથી આપણો વારો કાઢી નાંખશે.' એટલે કહે, 'જુઓ સાહેબ! પહેલાં બેય જણા ભેગા થયા. પછી એમાંથી બોલાચાલી થઈ. ગાળાગાળી થઈ અને પછી જેવી તલવારો હબોહબ ખેંચાણી એટલામાં મારી આંખ મીંચાણી. એટલે પછી શું થયું એ મને ખબર ન પડી.' એમ બુદ્ધિથી પોતાનો બચાવ કરી લીધો.

તેમ આપણે પણ ભગવાન ભજવા છે તો આવી રીતે માયામાંથી યુક્તિ કરીને નીકળી જવું જોઈએ."

સ્વામીશ્રીએ આમ એવી આબેહૂબ વાત કરી કે તે સાંભળી સૌની શ્રવણભૂખ ઊઘડી ગઈ. તેથી વધુ એક સૂક્તિકથા સંભળાવવાની પ્રબળ માંગણી ઊઠી.

તે વખતે સ્વામીશ્રીએ 'ફફુ કહે વો સુનો' બોધકથા સંભળાવતાં કહ્યું:

''એક ગામમાં એક મુસલમાન રહેતા હતા. એ બીમાર થયા. આપણો રિવાજ છે ને, કે કો'ક બીમાર થાય એને જોવા સૌ આવે અને પોતપોતાની રીતે વાત કરે કે 'બીમાર એટલે તમારે આ ન ખાવું જોઈએ. આમ રહેવું જોઈએ. ચરી પાળવી.' એમ આ મુસલમાનને પણ બધા કહે, 'આ રોગ આવો છે માટે ગળપણ ન ખાવું.' ગળ્યું ન ખાવાની વાત આવે એટલે પેલાને કંટાળો આવે. કારણ, ગળ્યા ઉપર એને બહુ રુચિ.

એક વખત એના ફઈ એની તબિયત જોવા આવ્યા. એ કહે, 'આને શિરા ખિલાઓ, અચ્છા હો જાયેગા.'

આ વાત સાંભળીને પેલો તરત બોલ્યો, 'તુમ સબ લોગ ઐસા ન ખાઓ, ઐસા ન ખાઓ કહતે હો, લેકિન ફફુ કહે વો સુનો.'

આમ, રુચિ પ્રમાણે કહેતા હોય એ સૌને ગમે. પણ આપણે ભગવાન ભજવા છે, સ્વભાવ કાઢવા છે, તે આપણી રુચિ પ્રમાણે વર્તીએ તો રોગ જાય નહીં. આજ્ઞા પ્રમાણે વર્તીએ ને ચરી પાળીએ તો રોગ જાય. 'ભગવાન અને સંત જે કહે છે એ જ સાચી વાત છે' એમ માનીને વર્તવું તો જ વાસના ટળે.''

આ રીતે સ્વામીશ્રીએ બીજી બોધકથાની ઇતિશ્રી કરી ત્યારે સભામાં સર્વત્ર ગમ્મતગોટા ઊડી રહ્યા. તેની સવારી માણતાં કોઈ હજી હેઠે ઊતરવા તૈયાર નહોતા. તેથી વધુ એક કહેવત-કથાનો પ્રસાદ વહેંચવા જબ્બર નારો ઊઠ્યો. તે સમયે સ્વામીશ્રી ઘડીક તો મરક-મરક હસતાં સૌ સામે જોઈ રહ્યા. આ વિલંબે ઇંતેજારીને વધુ ચગાવી. અંતે *'ભક્તવત્સલ પ્રભુ ભક્ત આધીન છો...'* સમા સ્વામીશ્રીએ ત્રીજી વાત ઉપાડી :

'એક પટેલ હતા. બહુ જ સુખી. જબરા ખેડૂત એટલે ગાયો, બળદ એ બધું તો રાખે પણ ઘોડીયે રાખતા. વતનદાર અને લાંબી જમીન એટલે આંટો મારવા ઘોડી રાખે. પતિ અને પત્ની, વસ્તારમાં દીકરી. તે વીસ વરસની પરણાવવા યોગ્ય થઈ. એટલે એના માટે સારો મૂરતિયો ગોતતા હતા. ઘરેણાં વગેરે પણ તૈયાર રાખેલાં. માને દીકરી પર અપાર હેત હતું. એને દરરોજ પરણાવવાની વાતો કર્યા કરે.

એટલામાં ભગવાનનું કરવું ને દીકરીની આવરદા આવી રહેતાં તે મૃત્યુ પામી. એટલે માને અપાર શોક થયો. રાત-દિવસ 'લાલી... લાલી... લાલી...' જ કર્યા કરે. કો'કને ઘેર જાય ત્યારેય લાલીની જ વાત કરે. એને સંભારી સંભારીને રડ્યા કરે.

એમાં એક દિવસ બ્રાહ્મણ એના ઘેર આવ્યો. બપોરના બાર વાગેલા ને પટેલ ખેતરે હતા. બૈરાંને તો લાલી જ સાંભર્યા કરે. એટલે એ તો બ્રાહ્મણનેય પૂછે કે 'લાલીના કાંઈ સમાચાર ખરા ?'

પેલો બ્રાહ્મણ હુંશિયાર હતો. જાણી ગયો એટલે કહે, 'હું લાલીના સમાચાર આપવા જ આવ્યો છું.'

પેલી તો સાંભળીને ખુશ થઈ ગઈ. કહે, 'મેં એના માટે કેટલી તૈયારી કરી હતી ! પણ અમે કાંઈ કરી શક્યા નહીં.'

બ્રાહ્મણ કહે, 'લાલી ત્યાં ભગવાનના ઘેર બહુ જ સુખી છે અને મને કહ્યું છે કે બાએ તૈયાર કર્યું છે એ બધું લેતા આવજો.'

એટલે પેલી વધારે કાલીઘેલી થઈ ગઈ અને બધું જ પેટીમાં ભરીને આપી દીધું. પેલો બ્રાહ્મણ વિચાર કરે કે 'હવે તો જિંદગીનો લોટ માંગવાનું મટી ગયું !' એ તો ત્યાંથી ઊપડી ગયો.

ખેતરવા ગયો હશે ત્યાં પટેલ ઘેર આવ્યા. પટલાણીને રાજીપામાં જોઈ એટલે કહે, 'આજે કેમ આનંદમાં છે ?'

તો કહે, 'લાલીના સમાચાર આવ્યા.'

પટેલ કહે, 'ગયું એના સમાચાર ક્યાંથી હોય ?'

પેલીએ બધી વાત કરી કે 'મેં તો બધું આપી દીધું !'

એટલે પટેલે ઘોડી મારી મૂકી. પેલા બ્રાહ્મણે જોયું કે 'પટેલ આવ્યા છે. જો પકડાઈશું તો મૂકશે નહીં.' એટલે વડલા આગળ જઈને ઉપર ચઢી ગયો.

પટેલે આ જોયું એટલે વડલા નીચે ઘોડી બાંધીને ઉપર ચડ્યો. બેય આંબલી-પીપળી રમવા મંડ્યા. પેલો પેલી ડાળે જાય તો પેલો બીજી ડાળે જાય. આમ ઊંચો-નીચો થતાં બ્રાહ્મણ નીચે ઊતરી ગયો અને પટેલની ઘોડી છોડીને મારી મૂકી. પટેલ ઘા ખઈ ગ્યા. ચાલતાં ઘેર આવ્યા એટલે પટલાણીએ પૂછ્યું : 'ઘોડી ક્યાં ગઈ ?' તો કહે, 'તારી જેમ મેંય લાલી લેખે કરી નાખી.'

એમ આપણેય ભગવાનનો ધર્માદો ન કાઢીએ પણ જ્યારે 'રેડ' પડે ત્યારે પરાણે લાલી લેખે કરીએ છીએ. માટે પરાણે કરવું એના કરતાં રાજીપે ભગવાન લેખે કરવું.''

આમ, આજે એક પછી એક બોધકથાઓ સંભળાવી સ્વામીશ્રીએ સૌને હેત અને હાસ્યની હેલીમાં તરબતર કરી દીધા.

આપણી પેઢી તો અનાદિની છે

આ અરસામાં ઠાકોરજીને ચંદનના વાઘા ધરાવાતા હોવાથી રાત્રે ચેષ્ટાગાન દરમ્યાન સંતો પ્રાસાદિક ચંદનની ગોટીઓ વાળતા. આ સેવામાં ઝુકાવતા સ્વામીશ્રીએ પણ તા. ૧૪/૫ની રાત્રે સૌ સાથે બેસી ચાર ગોટીઓ વાળી બતાવી.

'જોતાં જોનારને મન ભાવે...' જેવી આ સેવા બાદ તેઓએ તા. ૧૫/૫ના રોજ યોજાયેલી સાયંસભામાં સૌને અમૃતઘૂંટ પિવડાવતાં વાત કરી કે –

''મહિમા હોય તો બળ, ઉમંગ અને ઉત્સાહ રહે. નહીં તો લુખ્ખા અને ફક્કડ રહે. જીવ સોરાઈ જાય. જે જે પાછા પડ્યા છે એનું કારણ મહિમાની ખામી. મહિમા સમજતો હોય ને પાછો નિયમ-ધર્મમાં એટલો જ સારધાર હોવો જોઈએ. જીવનમાં ઠેકાણું ન હોય ને વાતો કરે એવા મહિમાનો કોઈ અર્થ નથી. ભગવાનને ક્યારેય મળ્યા નો'તા તે આપણને મળ્યા છે.

વ્યવહારમાં રોદા તો આવશે પણ એની ચિંતા ન કરવી. જે મળ્યા છે તે એમાંથી ઉગારી લેશે. આપણે 'અધોગતિએ જશું કે શું થશે ?' એવા વિચારો કરવા જ નહીં. અક્ષરધામમાં જ બેઠા છીએ. જેની પેઢીઓ સો - દોઢ સો વર્ષોથી જામી ગઈ હોય તેની એકાદ પેઢી તૂટે તો એમ ન થાય કે 'ભિખારી થઈ જઈશું.' જે નવો હોય તેને તરત ચિંતા થાય. જ્યારે આપણી પેઢી તો અનાદિની છે. એમાં કોઈ દિવસ નુકસાન થાય એમ જ નથી. આ વાત સમજાય તો કોઈ વાતનું દુઃખ રહે નહીં.''

આજના આ આશીર્વાદ વિરમ્યા ત્યારે સૌના મુખ પર સ્વામીશ્રીએ ચઢાવી દીધેલો પ્રાપ્તિનો કેફ ઝળકી રહ્યો.

મને કોઈ દિવસ બીક લાગી જ નથી

તા. ૧૯/૫ની સાયંસભા બાદ રાત્રે ચાલી રહેલા પત્રવાંચન વખતે કેટલાંક પૂર્વ-પ્રકરણોના સંદર્ભમાં સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું કે –

'બાપા ! આપને મારી નાંખવાની ધમકીઓ આવતી અને પ્રયત્નો થયા હતા. છતાં તેવાં વિરોધી તત્ત્વોને એકાંત સ્થાનમાં એકલા મળવા જતાં આપને બીક નહોતી લાગતી ?'

'મને કોઈ દિવસ બીક લાગી જ નથી, કારણ કે આપણને તો

યોગીબાપાની આજ્ઞાનું બળ હતું. માટે બીક તો સહેજ પણ લાગતી નહીં.' સ્વામીશ્રી બોલ્યા.

'ગીતા'માં શ્રીકૃષ્ણ ભગવાને દૈવી સંપત્તિની યાદીમાં મૂકેલા ૨૬ ગુણોમાં પહેલો જ ગુણ 'अभयम्...'[૫૭] મૂક્યો છે, તે સ્વામીશ્રીમાં સોળે કળાએ ખીલેલો જણાતો.

શરણ આવે તેનું સંકટ તું ખુએ

તા. ૨૧/૫ની સાંજે પ્રસાદ અંગીકાર કરી રહેલા સ્વામીશ્રીના દરવાજે આવીને ઊભેલા એક અજાણ્યા આદમીના દીદાર મજૂર તરીકેની તેની ઓળખ છતી કરે તેવા હતા. લઘુતાગ્રંથિથી પીડાતો તે ઓરડાની અંદર પગ મૂકતાં પણ ખચકાતો હતો; પરંતુ સ્વામીશ્રીએ જ સામેથી બોલાવી તેનાં નામ-ઠામ પૂછ્યાં.

તેમાં ખબર પડી કે તે કેરીના વેપારીની દુકાનેથી કરંડિયો મૂકવા અહીં આવ્યો છે. તેને આવો એક ફેરો કરવાના મહેનતાણારૂપે દસ રૂપિયા મળતા, પરંતુ કરમની કઠણાઈ એવી હતી કે દિવસમાં બેથી વધુ ફેરા મળતા નહીં.

તેનું મૂળ વતન ઉત્તરપ્રદેશ, પણ ત્યાં કોઈ ખેતી નહીં. મા-બાપ ગરીબ. ભાઈ ભણેલો, કદાચ તેથી જ આની પરિસ્થિતિ પ્રત્યે બેદરકાર. અભ્યાસથી હોમિયોપેથી ડૉક્ટર આ યુવાનની કથની સાચે જ કંપાવી મૂકનારી હતી.

તેમાંય તેણે 'मैं वड़ाला में रहता हूँ। मेरे जैसा दु:खी कोई नहीं है ...' કહી ડૂસકું મૂક્યું ત્યારે વાતાવરણ ગમગીન બની ગયું. જો કે તે સદનસીબ એટલો રહ્યો કે સંજોગોની ઠોકરો આજે આ યુવાનને સાચા સ્થાને લઈ આવેલી!

સ્વામીશ્રીએ પળ વારમાં જ તેને પગભર કરવાનો ઉપાય વિચારી લીધો હોય તેમ કહ્યું: 'तेरा सर्टिफिकेट लेकर कल शाम को यहाँ आना।' પછી રામચરણદાસ સ્વામીને ભલામણ કરી કે 'આપણા સત્સંગી ડૉક્ટરોને પૂછી જોજો. કમ્પાઉન્ડર તરીકે કામ લાગશે.'

સ્વામીશ્રીની આ દયાના દિવેલથી આજે એક દીવો પ્રજ્વલિત થઈ ઊઠ્યો. ખલકના એક ખૂણાનું અંધારું હટી ગયું.

એક અપરિચિત પીડિતની આવતીકાલ સુધારી તેની આજની ચિંતા કરતાં પણ સ્વામીશ્રીએ તેને જમાડીને મોકલવા સૂચના આપી. તે મુજબ એ જ્યારે જમવા બેઠો ત્યારે પીરસનારા સંતોને આ યુવાન રડતાં-રડતાં કહી

---

૫૭. श्रीभगवद्गीता : १६/१.

રહ્યો : 'मैं स्वामीजी को कभी नहीं भूलूँगा।'

સ્વામીશ્રીને સદા યાદ કરનારા આવા એક નહીં, અનેક. ત્યારે જ નહીં, અત્યારે પણ.

આ જ અક્ષરધામ

કલાનગરી મુંબઈમાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન અનેક નામી કલાકારોએ રાત્રિસભાઓમાં ઉપસ્થિત રહી પોતાની કલાનાં ઓજસ પાથર્યાં. હજારોના આંકડામાં મહેનતાણું માંડનારા આ ખ્યાતનામ કલાકારો કેવળ સ્વામીશ્રીના આશીર્વાદની યાચના સાથે આવતા. તેની સાથે ભક્તોને પણ લાભ મળી જતો.

આ વખતે હરિભક્તો માટે અન્ય લાભનું લહાણું બની રહેલી સાયં-ગોષ્ઠિ. રોજ સાયંભ્રમણ પછી અગાશીમાં વિરાજતા સ્વામીશ્રી સાથે ચાલતી આ હળવી ગોષ્ઠિનો કાર્યક્રમ વણગોઠવાયેલો રહેતો. તેથી બાળક-બૂઢા સૌ તેમાં ઝંપલાવે અને પોતાની જિજ્ઞાસા સંતોષે.

તા. ૨૨/૫ની સાંજે ચાલી રહેલા આવા જ એક વાર્તાલાપમાં હરિભક્ત શ્રી કનુભાઈ અમીને પૂછ્યું : 'બાપા ! અક્ષરધામ કેવું હશે ?'

'આ જ અક્ષરધામ. આવી જ રીતે સૌ બેઠા છે.' સ્વામીશ્રીના મુખેથી સ્પષ્ટ સ્વ-ઓળખ સરી પડી.

તે વખતે સાત વર્ષીય બાળક નીલકંઠે પણ જિજ્ઞાસા વ્યક્ત કરી કે 'બાપા ! મારે સહજાનંદ સ્વામીનું મુખડું જોવું છે.'

'આ મુખડું જોતાં જોતાં પેલું અસલ મુખડું દેખાઈ જશે.' સ્વામીશ્રી ખૂબ ખુલાસીને બોલ્યા.

ગુણાતીતાનંદ સ્વામીએ પણ કહ્યું છે ને કે 'નાના ખાતરાનું પાણી મોટી નદીમાં ભળે ને તે નદી સમુદ્રમાં ભળે. તેનું સિદ્ધાંત જે, અલ્પ જેવો જીવ હોય તે જો મોટામાં જોડાય તો તે ભગવાનને પામે એવો મોટાનો પ્રતાપ છે.'[૫૮]

આ જ વાતનો પડઘો સ્વામીશ્રીના આજના ખુલાસામાં હતો.

માહાત્મ્ય મોટું મનમાં વિચારે

તા. ૨/૬ની બપોરે મંદિરે આવેલા ડૉ. ચોકસી દ્વારા થઈ રહેલી

---

૫૮. સ્વામીની વાતો : ૨/૧૭૮.

સ્વામીશ્રીનાં ચોકઠાં સંબંધી કાર્યવાહી સંતો ઊભાં ઊભાં જોતા હતા. તેનો થાક જાણે સ્વામીશ્રીને લાગ્યો હોય તેમ તેઓ બોલ્યા : 'બધા બેસીને જુઓ.'

સ્વામીશ્રીએ લીધેલી સંતોની આ કાળજીનો રંગ એક સંતને લાગ્યો હોય તેમ તેઓએ કહ્યું : 'બાપા ! આપને આ સારવાર દરમ્યાન ચશ્માં નડતાં હોય તો કાઢી નાંખો.'

'પણ તે કાઢી નાંખીએ તો તમે બધા ન દેખાઓ.'

'અમને જોઈને શું કામ છે ?'

'ભક્તોની મૂર્તિનાં દર્શન થાય ને !' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ સંતો-ભક્તોને મનુષ્યરૂપે નહીં, પણ મૂર્તિના ભાવથી જ નીરખતા.

અમને એ ન ફાવે

થાપાની શસ્ત્રક્રિયા બાદ 'બેલા વિસ્ટા'માં સ્વામીશ્રીએ કરેલો તેર દિવસનો નિવાસ યજમાન પરમાનંદભાઈનું પોત પલટનારો સાબિત થયેલો. તેથી આ ધનકુબેરે હવે પોતાના આલિશાન બંગલામાં કાષ્ઠનિર્મિત કલાત્મક ઘરમંદિર વસાવવાનું વિચારેલું. સ્વામીશ્રીને તે જાણ થતાં તેઓએ કહેલું : 'અમે પ્રતિષ્ઠા કરવા આવીશું.'

આ વચન મુજબ તેઓ તા. ૩/૬ની સવારે એ પ્રાસાદિક બંગલે જઈ પહોંચ્યા; પરંતુ અહીં હજી વિધિ સંબંધી કેટલીક ગોઠવણ થતી હોવાથી સ્વામીશ્રી બહાર ઓસરીમાં બિરાજ્યા. તે સમયે આ રહેઠાણની દીવાલો પર જડાયેલાં વિશ્વવિખ્યાત કલાકારોનાં મૂળ(original) તૈલચિત્રોની વાતો નીકળી.

આ સંદર્ભમાં યજમાન ભક્તે મનોકામના વ્યક્ત કરી કે 'સ્વામી ! મારે આપનું પણ આદમકદનું તૈલચિત્ર તૈયાર કરીને બંગલામાં પધરાવવું છે. તે માટે ભારતના ખ્યાતનામ ચિત્રકારને પણ હાજર રાખ્યા છે.' આમ કહી તેઓએ કુશળ કસબી શ્રી એસ. એમ. પંડિતનો પરિચય કરાવ્યો.

આ ચિત્રકાર હજી વિધિને વાર હોવાથી પ્રતીક્ષા-સમય દરમ્યાન જ સ્વામીશ્રીને બંગલાની લૉનમાં લઈ ગયા અને એક નિશ્ચિત જગ્યાએ છબી લેવા તેઓને ઊભા રાખ્યા.

ત્યારબાદ તસવીર લેવા સજ્જ થયેલા એ છબીકારે કેમેરાની ચાંપ દબાવતાં પૂર્વે સૂચના આપી કે 'સ્વામીજી ! થોડીક છાતી કાઢો.'

'અમે કોઈ દિવસ છાતી કાઢી નથી એટલે અમને એ ન ફાવે.' મર્માળું

હસતાં સ્વામીશ્રી બોલ્યા.

તેઓનું આ વિધાન વિચારણીય છે.

જેઓનાં કાર્યોથી સંસ્કૃતિ, સમાજ અને સત્સંગીની છાતી ગજગજ ફૂલતી એ સ્વામીશ્રીએ કદી છાતી કાઢી નહોતી એમ નહીં, તેઓને તેની ફાવટ સુધ્ધાં નહીં!

'જ્ઞાનગરીબી જાહિકું, તાહિ ન તન-અભિમાન...' એ જ સ્વામીશ્રીની ઓળખ. તેઓની આ છબી વગર કૅમેરાએ પણ આજે અનેક કીકી-કાળજાંમાં કંડારાયેલી છે.

દીનબંધુ તમે સદા રે દામોદરા

તા. ૪/૬ની સાંજે યોગીજી મહારાજના ૯૫મા જન્મોત્સવની ઉજવણી અને સ્વામીશ્રીના રોકાણનો છેલ્લો દિવસ હોવાથી મંદિર પાંચેક હજાર ભક્તોની મેદનીથી ખીચોખીચ હતું. અક્ષર ભુવનના પાંચેય માળે તથા અગાશી તેમ જ પરિસરમાં CCTV ગોઠવી સભામંડપને વિસ્તારી દેવામાં આવેલો. છતાં આ વ્યવસ્થા ટૂંકી-ટાંચી પડી રહેલી.

આવી હકડેઠઠ સભામાં રાત્રે ૯:૫૦ વાગ્યે આશીર્વાદ સમાપ્ત કરી સ્વામીશ્રી વ્યક્તિગત દર્શન આપવા બિરાજ્યા.

તે સમયે ક્રમશઃ સરકી રહેલા ભક્તોમાં સિંધી યુવાન રાજેશ લૂલા પણ આવ્યો. સ્વામીશ્રીના સત્સંગથી વીંધાઈ ગયેલા એક ધનપતિના આ નબીરાએ આજથી માંસાહારને તિલાંજલિ આપી દીધેલી. આ નિર્ધાર તેણે જણાવ્યો ત્યારે સ્વામીશ્રી એટલા રાજી થઈ ગયા કે બેઠેલા ત્યાંથી ઊભા થઈ એ યુવાનને ભર સભામાં ભેટ્યા.

જે સદાચારના માર્ગે ચાલે તે તેઓને વહાલો થઈ પડતો.

આ સંદેશ સાથે સૌને દર્શન આપી સ્વામીશ્રી પોતાના ઉતારે જવા નીકળ્યા તે વખતે પણ 'ભક્તન કી ભીડ' જબ્બર હતી. તેની વચ્ચે સ્વયંસેવકો 'કૉર્ડન' કરી માર્ગ કર્યે જતા હતા. તેમાં સ્વામીશ્રીની દૃષ્ટિ એક મુમુક્ષુ પર જતાં તેઓ બોલ્યા: 'આવો, દામોદરભાઈ!'

ભરચક ભીડમાં પોતાનું નામ ઊછળતાં એ ભાવિક ચમક્યા. તેઓને થયું: 'હું યોગીજી મહારાજના અંતર્ધાન થયા પછીનાં સોળ વર્ષમાં આજે પહેલી વાર અહીં આવ્યો છું. અહીંના કોઈ સંતોને ઓળખતો નથી. ત્યાં નામ

દઈ મને કોણ બોલાવી રહ્યું છે ?!'

આ આશ્ચર્યનો ઉકેલ શોધવા તેઓએ પાછું વળીને જોયું તો સ્વામીશ્રી જ તેઓને બોલાવી રહેલા. ન કેવળ નામ, પણ સ્વામીશ્રી તો તેઓનું કામ વર્ણવતાં પણ કહેવા લાગ્યા : 'આ ભાઈ કપોળવાડીમાં યોગીબાપાના વખતે ઑફિસમાં સેવા આપતા. બહુ જૂના છે. આવો, તબિયત કેમ છે ?'

દોઢ-બે દાયકાનો સમય વીતી ગયા બાદ પણ પોતાનાં નામ-કામને અદલ યાદ રાખનારા સ્વામીશ્રીનાં ચરણે એ દામોદર ઝૂકી ગયા. તેઓનું હૈયું સ્વામીશ્રીને ઉદ્દેશી ગાઈ રહ્યું : *'દીનબંધુ તમે સદા રે દામોદરા, નામ દયાળ તું બિરદધારી.'*

તમારે રૂડે મારું રૂડું

મુંબઈથી વિદાય લઈ સ્વામીશ્રી રસ્તાનાં ગામોને પાવન કરતાં નવસારી પધાર્યા ત્યારે અત્રે તા. ૬/૬ના રોજ સુરતથી લાભ લેવા આવેલા સંતોએ ત્યાં ચાલી રહેલા મંદિર-નિર્માણનો અહેવાલ આપ્યો. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આ મંદિર કરતાં-કરતાં હૃદયમાં મંદિર થઈ જશે.'

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'અમે જે જે આજ્ઞા કરીએ તે મહારાજની મૂર્તિ આપીએ...'[૫૯] તેમ સત્પુરુષની આજ્ઞાથી થતી સેવા એ સાધના જ બની રહે છે, પછી ભલે ને તે ઈંટો-તગારાં ઉપાડવાનું જ કામ કેમ ન હોય !

આ હેતુસર ઠેર ઠેર સેવાયજ્ઞ પ્રજ્વલિત રાખનારા સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન અહીં નવસારીમાં ઉનાળાની તીવ્રતા વિશેષ અનુભવાતી હતી. તેથી છૂટવા સંતોએ આજે રાત્રિશયન માટે અગાશીનો આશરો લીધો, પણ પવનદેવ રૂઠતાં મચ્છરોનો મારો સારો રહ્યો. તેની વાતો તા. ૭/૬ની સવારે સ્વામીશ્રી સમક્ષ ચાલી ત્યારે ઘનશ્યામચરણદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! આપને રાત્રે મચ્છર કરડ્યા હતા ?'

'તમારે કેમ હતું ?'

'અમને તો કરડ્યા નહોતા.'

'તમને ન કરડ્યા એટલે અમનેય ન કરડ્યા.' સ્વામીશ્રી બોલ્યા.

બીજાના સુખે સુખી અને બીજાના દુઃખે દુઃખી થનારા સ્વામીશ્રીને

૫૯. સ્વામીની વાતો : ૩/૨૪.

પોતાના રૂડા-ભૂંડાની પડી જ નહોતી.

પ્રેમના પારખુ પરમ ડાહ્યા

તા. ૭/૬ની સાંજે નવસારીના મંદિર નજીક નિર્માણાધીન 'અનુપમ સોસાયટી'ની જમીન પર પુષ્પો પધરાવતાં સ્વામીશ્રી ચાલી રહેલા. તે વખતે આ કૉલોનીના નિર્માતાઓ તેઓને બાંધકામ સંબંધી સમજ આપતા જતા હતા.

સ્વામીશ્રીને આમ વિહરતા જોઈ દૂરથી પસાર થતી એક ભરવાડણને તેઓ વિષે ભાવ જાગી જતાં તે દર્શન માટે નજીક આવવા દોડી, પરંતુ હરિભક્તોએ તેને મર્યાદા જણાવતાં એ ભોળી ભરવાડણે પોતાની મૂઠીમાંથી એક રૂપિયો કાઢી સ્વામીશ્રીને ધરવા હરિભક્તને આપ્યો.

આ વિગત જાણી સ્વામીશ્રીએ ઠાકોરજીને જ એ બાઈ પાસે મોકલાવ્યા અને એક રૂપિયાની ભેટ પણ મહારાજનાં ચરણે ધરવા કહેવડાવ્યું. '*ચૌદ લોકનો શામળિયો આવે, ચપટી ધૂળની પ્રીતે...*'જેવી આ વાત બની રહી.

પતિત ઓધારણ નામ તારું

તા. ૮/૬ના રોજ સ્વામીશ્રી નવસારીથી જ્યાં પધાર્યા તે સાંકરી ગામ નાનું. વળી, શાંત. આસપાસ હરિયાળું. વસ્તીમાં મુખ્ય પટેલો, પણ ઝાઝા હળપતિઓ. તેઓ પટેલોની જમીનમાં મજૂરી કરી દનિયાં મેળવે. પરંતુ તેઓનાં મોટા ભાગનાં દામ દારૂમાં ડૂબે. ભણતર પ્રત્યે પણ કોઈ વિશેષ લગાવ ન હોવાથી છૈયાં-છાપરાંની પ્રગતિનો વિચાર જ એ લોકોને ક્યાંથી?

આવા કેટલાક દૂબળાઓ તા. ૯/૬ની ઢળતી રાત્રે મંદિરની સામે આવેલા બંગલાની બહાર દરવાજાને સમાંતર જતી બે પાળી પર બેસી ગપાટા મારી રહેલા. તે વખતે ત્યાંથી પસાર થતા સ્વામીશ્રી દૂબળાઓને જોતાં જ ઊભા રહી ગયા અને સૌને ઊંચે સાદે 'જય સ્વામિનારાયણ' કહ્યા.

તેઓનો અવાજ સાંભળી એ હળપતિઓએ સ્વામીશ્રી સામે જોયું. આ સમયે હજી ત્રણેક કલાક પહેલાં જ પોતાના જમણા પગની પિંડીમાં થયેલી ફોલ્લીઓને ફોડીને કરાયેલી પાટાપિંડીથી સણકા મારતાં પગની પીડાને ન ગણકારતાં સ્વામીશ્રી ઊભાં ઊભાં જ બોલવા લાગ્યા :

'તમારે બધાએ દરરોજ મંદિરે દર્શને આવી જવું. જે કોઈ વ્યસન હોય એ કાઢી નાંખવા. તેથી પૈસા બચશે તો મકાન સારાં થશે. છોકરાં સારાં કપડાં

પહેરશે અને ભણીને આગળ વધશે. અમે તમારી પાસેથી પૈસા માંગતા નથી. તમે મંદિરે આવો ને હાથ જ જોડો એ અમારે મન લાખો રૂપિયા છે. આ મંદિર ખાલી પટેલોનું જ નહીં, પણ આપનું પણ છે. ગામમાં બીજા લાભ લે ને તમે લોકો રહી જાઓ તો અમને ઓછું લાગે. માટે અમે તમને કહીએ છીએ...'

આમ, પંદર-વીસ મિનિટ સુધી સ્વામીશ્રી અંધારે અટવાયેલાઓના રસ્તે પ્રકાશ પાથરતા રહ્યા.

પરંતુ તેઓનું આ કાર્ય આટલેથી ન અટક્યું. તેઓએ સંતોને આદેશ આપ્યો કે 'આપણે અહીં છીએ ત્યાં સુધી આ દૂબળાઓના ઝૂંપડે-ઝૂંપડે જાઓ અને તેઓને વ્યસનોથી છોડાવો.' સ્વામીશ્રીએ જાણે જનજાગરણની ઝુંબેશ જ આદરી દીધી.

તેઓની આજ્ઞા અનુસાર સંતો ખોરડે-ખોરડે ઘૂમવા લાગતાં સૌને સાચી સમજ મળવા લાગી. તેથી રોજના ૨૫-૫૦ મનુષ્યો વ્યસન છોડવાં સંમત થતા ગયા.

તેઓને સાંજે સ્વામીશ્રી પાસે લાવવામાં આવે. સ્વામીશ્રી એ દૂબળાઓને બળની વાતો કરે: 'સંતને કોઈ ભેદભાવ નથી. તમે લોકો દારૂ, માંસ, જુગાર મૂકી દો એ અમારે મન મોટી ભેટ છે. તમારાં છોકરાંઓને ઉકાઈમાં અમારું ગુરુકુળ છે ત્યાં મૂકો. અમે બધો ખર્ચો ભોગવીશું. ભણાવીશું. ભણશે તો આગળ આવશે.'

આ પડકારા સાંભળી કો'ક કહે: 'સેમી! આજથી હું ની પીઉં.' તો વળી, કો'ક બોલે: 'આજથી જો દારૂ પીઉં તો મરી જવું.' કો'ક તો તૈયારી બતાવે કે 'સામી! હું કેઉં છું ને કે મારા ગળામાં કંઠી લાખી દો.'

સ્વામીશ્રી દ્વારા ફૂંકાયેલા આ પરિવર્તનના પવનની ઝપટમાં ગામના સરપંચ શ્રી સોમભાઈ પણ આવી ગયા. તેઓને સ્વામીશ્રીએ દારૂ છોડવા કહ્યું ત્યારે એ આગેવાન બોલ્યા: 'એ ટો સામી! બૌ ભાર વઢી જાઈ એટલે લગરીક પીઉં પડે.'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'તમેય ભલા માણસ! ભણેલા થઈને ભાર ભાર શું કરો છો? ભાર નાંખો ને ભગવાનને માથે. આ અમારે માથેય ભાર છે, પણ અમે નાંખ્યો છે ભગવાનને માથે. અમને કંઈ લાગતું નથી.'

સ્વામીશ્રીએ પ્રેરેલા આ જુસ્સાથી સરપંચે પણ બાટલી છોડી-ફોડી.

પરિવર્તનની આ પરંપરામાં તા. ૧૧/૬ની રાત્રે ભરવાડોનાં પણ ભાગ્ય ખૂલી ગયાં.

આ સમયે સંતોની કીર્તનભક્તિના કાર્યક્રમ માટે જઈ રહેલા સ્વામીશ્રીએ રસ્તામાં ૧૦-૧૫ ભરવાડોને જોતાં તેઓને બોલાવ્યા અને ધર્મશાળા તરફ જવાના રસ્તે શેરડીના વાઢ પાસે બેસાડ્યા. અહીં સ્વામીશ્રી પોતે પણ સામાન્ય ખુરશી પર બેઠા અને ૨૦-૨૫ મિનિટ સુધી વ્યસનમુક્તિની જોરદાર વાતો કરી. તે સાંભળી એ ભરવાડોએ વ્યસનો ફગાવી દીધાં.

આમ, સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન સાંકરી મુકામે સમાજ-સુધારણાનો એક યજ્ઞ જ યોજાઈ રહ્યો. તેમાં ૩૯૬ વ્યક્તિઓએ વ્યસનો હોમ્યાં અને ૧૩૯ વ્યક્તિઓએ સદાચારવર્ધક નિયમો લીધા.

એક બાજુ જ્યારે સ્વામીશ્રીની આ કરુણાવર્ષા પૃથ્વીવાસીઓના મેલ ધોઈ રહેલી ત્યારે મેઘરાજાએ પણ તા. ૧૬/૬થી ધરતીનો મળ ધોવાની શરૂઆત કરી દીધી. પ્રથમ વરસાદનાં આ અમીછાંટણાં વધાવવા સ્વામીશ્રી સ્વયં અગાશીમાં પધાર્યા. અહીં તેઓ પંદરેક મિનિટ ખુરશીમાં બિરાજ્યા તે દરમ્યાન ઇન્દ્રદેવ તેઓ પર ધીમી ધારે અભિષેક કરતા રહ્યા. તેથી સ્વામીશ્રીનાં ધોતિયાં-ગાતરિયાં સ્હેજ-સાજ પલળ્યાં, પણ તે બદલવાની 'ના' પાડી તેઓ જમવા બિરાજ્યા.

વરસાદ વરસવાથી થયેલા ખુશનુમા વાતાવરણમાં જ સ્વામીશ્રીએ તા. ૧૭/૬ના રોજ મંદિરનો ૧૫મો પાટોત્સવ ધામધૂમથી ઊજવ્યો. આ અવસરે તેઓએ ઉજળિયાતો, ભરવાડો, હળપતિઓ, હરિજનો વગેરે સૌને જમવાનું નોંતરું આપતાં, વ્યસનો છોડાવી મેવા-મીઠાઈ જમાડનારા સ્વામીશ્રી સૌને મન ભાવી ગયા.

તેથી એક હરિજન બાઈએ કોઈ હરિભક્ત દ્વારા પોતાની ગરીબાઈ સંબંધી પત્ર સ્વામીશ્રી પર મોકલી આપ્યો. તે વાંચી સ્વામીશ્રીએ તરત જ મંદિરના વ્યવસ્થાપક સંતને સૂચના આપી કે 'આવા માણસોને થોડા થોડા વખતે અનાજ વગેરે આપણે આપવું.'

મદદ કરવામાં તો સ્વામીશ્રીને મન સૌ સમાન. પછી એ બાઈ હોય કે ભાઈ, હળપતિ હોય કે ધનપતિ. તેથી જ આ વખતના રોકાણ દરમ્યાન તેઓની મદદનો મેઘ ઝીલનારા સૌની આંખો સ્વામીશ્રીની વિદાય વેળાએ નીતરી રહી.

આપણે એકડો થવાનું છે

તા. ૨૦/૬ના રોજ સ્વામીશ્રી સાંકરીથી સુરત પધારતાં અત્રે ચાલી રહેલું મંદિરનું નિર્માણકાર્ય વેગવંતું બન્યું. વળી, તેઓની પધરામણી વરસાદ લઈને આવી હોવાથી સૌને શુકનવંતી ભાસી રહી. તેથી 'કૃષિમંગલ'માં યોજાતા દૈનિક સત્સંગમાં પારાવાર મેદની લાભ લેવા ઊમટવા માંડી. તેની સાથે નવચેતન સોસાયટીમાં શ્રી પુરુષોત્તમભાઈ પટેલના ઘેર રખાયેલા સ્વામીશ્રીના ઉતારે પણ કથાવાર્તાનો અખાડો જામેલો રહેતો.

તે ક્રમમાં તા. ૨૧/૬ની બપોરે વચનામૃત(કા.૭) સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

''નિયમમાં રહીને ખાવું, પીવું, જોવું એ નિવૃત્તિ. પ્રવૃત્તિ દુનિયા-માત્રની કરો, પણ સાધુતા રાખીને. આપણે દેહમાંથી મમતા કાઢવાની છે. કોઈક બોલી જાય તો એમ થાય કે 'ક્યારે સાટું વાળી નાંખું?' કાંટો ચડી જાય. પણ આપણે ક્યાં દેહ છીએ? એના લાલન-પાલનમાં સમય ન જવો જોઈએ. દેહને ખાસડાં જેવું કરી નાંખવું. કોઈ બોલી જાય તો ખમવું. બોલનાર પાછળથી પસ્તાશે. આપણે આપણું કામ કરવા આવ્યા છીએ. દુરાગ્રહ, હઠાગ્રહ કોઈ જાતનો ન રાખવો. આપણે એકડો થવાનું છે. પેલો રખડે તો આપણેય રખડવું નહીં. વિચિત્ર સ્વભાવ મૂકી દેવા. નડે છે એ જ. બાકી અંતરના દોષો તો ભગવાન કાઢશે.

ભજનનો તાલ તૂટવો ન જોઈએ. દરરોજ ચેષ્ટા થવી જ જોઈએ. આરતીની ઘંટડી થઈ એટલે ઊભા થઈ જ જવું. જય જય નહીં. ઊભા રહેવું તો આપણું વધશે. વાંચન કરવું. નવરા ન બેસી રહેવું. મહાતમ (સ્વામી) ભણેલા ન હતા, તોય વચનામૃત, ભક્તચિંતામણિ વાંચ્યે જ રાખે. આ નિયમ હતો તો પાર પડી ગયા.

આ વચનામૃતમાં પ્રત્યક્ષની વાત આવી. મનુષ્યરૂપે જે પૃથ્વી પર આવ્યા તેના વિષે દૃઢતા કરવાની છે. આપણા જેવી ક્રિયા – બોલવું, ચાલવું, પેટ દુઃખે, બી જાય – બધું આપણા જેવું જ હોય. એમાં સંશય થઈ જાય. પણ એમના સંબંધમાં જે આવે એ નિર્ગુણ થઈ જાય. દેખાય છે છતાં નથી. કોઈને આજ્ઞા કરે તો વિચાર નહીં કરવાનો. હનુમાનજીને આજ્ઞા કરી, ત્યાં સુખ હતું? અરે, સિંહની બોડમાં હાથ નાંખવાનો હતો તોય સંશય ન થયો.

આપણે બધાની ભેગા રહીને ન્યારા રહેવાનું છે. સમૂહમાં રહીએ છીએ, પણ આપણામાં કોઈનો સ્વભાવ અડવો ન જોઈએ. હળીમળીને રહેવું એ બરાબર છે, પણ શબ્દ સાંભળીને અંગ ન ફરવું જોઈએ. દૃઢ એટલે શેષનાગને માથે ખીલી.''

સ્વામીશ્રીની આજની અમૃતવાણી સૌને માટે સદા સંભારવા જેવી બની રહી.

માગ્યા વિના પણ મનની ઈચ્છાઓ, પૂરતા પૂરણકામ

તા. ૨૨/૬ના રોજ લાયન્સ ક્લબ ઑફ ઉમરા દ્વારા નિર્માણાધીન શૈક્ષણિક સંકુલનું ભૂમિપૂજન કરવા પધારેલા સ્વામીશ્રી વરસાદની સખત ઝડીઓ વચ્ચે મુખ્ય માર્ગથી ૨૦૦ ફૂટનું અંતર કાદવ ખૂંદતાં ખૂંદતાં કાપીને વિધિના નિશ્ચિત સ્થળે પહોંચ્યા. અહીં પ્લાસ્ટિકના કોથળાઓ બાંધીને તૈયાર કરેલા મંડપને વીંધી વરસાદની ધારાઓ દદડતી હતી. તેની વચ્ચે ખુલ્લા પગે ઊભા રહી વિધિ કરતા સ્વામીશ્રીનાં ચરણ પણ ગારાવાળાં થઈ ગયાં. છતાં સમાજ-વિકાસના એક કાર્યને તેઓએ વેગ આપી દીધો.

પૂરા સમાજની સાથે તેઓ એક-એક વ્યક્તિની પણ કેવી સૂક્ષ્મ સંભાળ લેતા તેનું દર્શન તા. ૨૭/૬ની સવારે થયું.

આ સમયે પારાયણના પૂજનવિધિ બાદ ત્યાં પડેલો એક હાર તથા પુષ્પગુચ્છ સ્વામીશ્રીએ સાથે લઈ લીધા અને સભાસ્થળેથી ઉતારે જતાં એક સંતને આ હાર-ગુચ્છ આપી તેઓએ કહ્યું: 'આજે કાવીઠાવાળો દિલીપ અમેરિકા જવા માટે આણંદથી ટ્રેન દ્વારા મુંબઈ જવાનો છે. તે અહીં આવી શકવાનો નથી. માટે તમે સમયસર સુરત સ્ટેશને જઈ મારા વતી આ હાર પહેરાવી આવજો અને પ્રસાદી પણ આપજો.'

ભક્તોના વેળા-વેળાના પ્રસંગોની સૂક્ષ્મ યાદી સ્વામીશ્રીના મગજમાં રહેતી. તે અનુસાર તેઓ દરેકનાં ટાણાં સાચવી લેતા. તે ક્રમમાં આજે તેઓના આશીર્વાદ ઝંખી રહેલા પેલા યુવકને જ્યારે સ્વામીશ્રીએ મોકલાવેલા પ્રસાદ અને પુષ્પહાર મળ્યા ત્યારે એનાં સ્વાદ-સુગંધમાં તે સ્વામીશ્રીના સ્નેહને જ માણી-મમળાવી રહ્યો.

સ્વામીશ્રીને અનેક ભક્તોનો પરિવાર હતો, છતાં તેઓ એક-એકનું અંગત ધ્યાન કેવી રીતે રાખી શક્યા, એ કૌતુક સદાય વણઉકલ્યું જ રહેવાનું છે!

ભજે છે જે ભગવાન ભાવે

તા. ૨૭/૬ની બપોરે આરામમાં પધારી રહેલા સ્વામીશ્રીને વ્યવસ્થાપક સંતે કહ્યું : 'બાપા ! આપ સાંજે સભામાં સાત વાગ્યે પધારશો તોય ચાલશે.'

'ન જઈએ તોય કોણ પૂછે છે ?' સ્વામીશ્રીએ આમ વળતો વ્યંગ કરી પ્રતિભાવ આપ્યો કે 'અહીં આપણે સૂઈ રહીએ એટલે બધા ટોળું વળીને અહીં બેઠા રહે ને ગપ્પાં મારે, કોઈ સભામાં ન જાય. એના કરતાં આપણે સભામાં જઈએ તો બેય કામ થાય. આપણે જઈએ તો આપણને લાભ મળે અને કેટલાય હરિભક્તો આવ્યા હોય એને દર્શન થાય, રાજી થાય. જીવનમાં કથા તો હોવી જોઈએ ને !'

કથા પર મુકાતો કાપ સ્વામીશ્રીને મર્મસ્થાન પર પડતા ઘા જેવો વસમો જણાતો. તેથી આવા પ્રસ્તાવને તેઓ કદી તાબે ન થતા.

આ શૈલી સાથે વિચરતા સ્વામીશ્રીનો આજની સાંજનો કાર્યક્રમ ઘણો ભરચક રહ્યો. પાંચેક પધરામણીઓ સહિત જૂના મંદિરના તથા શ્રીજીમહારાજની પ્રાસાદિક પાઘનાં દર્શન કરીને તેઓ નાણાવટના મંદિરે પહોંચ્યા.

અહીં ઠાકોરજીનાં દર્શન બાદ સામાન્ય બાંકડા પર બિરાજેલા તેઓને ખૂબ જ શ્રમિત જોઈ એક સંતે જલપાન માટે પાણી ધર્યું, પણ વાટકો હાથમાં લેતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'હરિકૃષ્ણ મહારાજને ધરાવ્યું ?'

તરત જ જવાબ ન આવવાથી પરિસ્થિતિ સમજી ગયેલા સ્વામીશ્રીએ હાથમાં પકડેલો વાટકો નીચે મૂકી દીધો અને જળ ધરાવીને લાવવા સૂચના આપી.

શ્રમ અને તરસથી તેઓનો કંઠ સુકાતો, પણ ભક્તિ નહીં.

સહન કરીને મોટું કામ કરી લેવું

તા. ૨૯/૬ની રાત્રે સ્વામીશ્રીના ઉતારે સુરત જિલ્લાના કાર્યકરોની મીટિંગ યોજાઈ. માયા સામે મોરચો માંડી બેઠેલા આ શૂરવીરોને સત્સંગ-સેવાની રણનીતિ શિખવાડતાં સ્વામીશ્રીએ કહ્યું :

''તમારે કાર્યનો ભીડો વધારે રહે જ. પણ તમે સેવા કરો છો તો વ્યવહાર ભગવાન ચલાવશે. જેટલો વધારે સંપર્ક રાખીશું એટલો સત્સંગ તાજો રહેશે. રસોઈ કરીએ પણ હલાવનાર ન હોય તો દાઝી જાય. તેમ મંડળ

સ્થાપીએ તેમાંય ચલાવનાર જોઈએ. આ સત્સંગ અને સત્સંગીઓ આપણા જ છે એમ મનાય તો થાક, ભીડો કે ઉજાગરો લાગે જ નહીં. અહીં માન-અપમાન જેવી વસ્તુઓ રાખવી જ નહીં. એ બનવાનું જ છે, પણ તે વખતે બ્રહ્મરૂપ માનીને મન પાછું ન પડે એ ખાસ જોવાનું.

અંદરોઅંદર ગમે એટલું થાય તોય પાણીમાં લીટો. મોટું મન રાખીને આગળ કામ લેવું. મૂકી ન દેવું. પ્રસંગો બને એ ભૂલી જવા. સંભારવા જેવા હોય એ જ સંભારવા. નહીં તો સમાસ ન થાય. આનંદ ન રહે. આ વાત તમારે ને અમારે બેયને સમજવાની છે. કામ કરશું તો કહેનારા તો મળશે જ. આપણી ભૂલ થાય પણ ખરી. એને સુધારવી. ભૂલ ન થઈ હોય ને કો'ક કહેતો હોય તો મનમાં દુઃખ ન લગાડવું. 'મારું જ ધાર્યું થાય' એવું ન રાખવું. એકબીજાનું માર્ગદર્શન લેવું. પાયામાં છીએ એટલે એને તો દટાવાનું જ હોય ને ઉપર વજન આવ્યાં જ કરશે. છતાં સહન કરીને મોટું કામ કરી લેવું."

સ્વામીશ્રીના મુખેથી નીકળતું કાર્યલક્ષી માર્ગદર્શન ઘણું જ સચોટ રહેતું, કારણ કે તેઓએ સાનુકૂળ-પ્રતિકૂળ દરેક સંજોગોમાં, ઉદંડથી ઉમદા દરેક વ્યક્તિઓ સાથે અને ટોચથી તળિયા સુધીની બધી સેવાઓ કરેલી. તેથી અનુભવનો અખૂટ ખજાનો સ્વામીશ્રી પાસે. એટલે જ તેઓના શબ્દે-શબ્દે સૌને સૂઝ, શક્તિ અને સમાધાન મળતાં જતાં.

આપણો સેવકનો ધર્મ

સુરતથી તા. ૧/૭ના રોજ ડુમ્મસ પધારેલા સ્વામીશ્રીએ અહીંના છ દિવસના રોકાણમાં 'મુક્તેશ્વર ધામ' તથા ડુમ્મસના દરિયાને પાવન કર્યો. જે પીઠાવાલા હાઈસ્કૂલમાં સાંજે સત્સંગ-સભા યોજાતી ત્યાં પણ તેઓ સંતોને રોજ સવારે વિદ્યાર્થીલક્ષી પ્રવચન કરવા મોકલતા. તેથી શાળાના આચાર્ય સહિત ઘણા વિદ્યાર્થીઓ વ્યસનમુક્ત થયા. આમ, આત્યંતિક કલ્યાણ અને સમાજ-કલ્યાણની બેય ધારાઓ સ્વામીશ્રી સમાંતર વહેવડાવતા.

તે માટે જ તા. ૬/૭ના રોજ તેઓ અટલાદરા આવી પહોંચ્યા. અહીં રાત્રે આરામમાં જતી વખતે ચાલી રહેલી હળવી વાતમાં હરિપ્રકાશદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! હરિભક્તો સુખી બને એની જવાબદારી આપની છે.'

'બધું ભગવાનની ઇચ્છા હોય એમ જ થાય છે.'

'આ વરસાદ ખેંચાયો ત્યારે અમે બધા આપની પાસે આશીર્વાદ લઈએ

અને આપ બધું દબાવીને બેસી જાઓ. આવું આપે ન કરવું જોઈએ. જરૂર હોય ત્યારે થોડું ઐશ્વર્ય છૂટું મૂકવું.'

'આપણા હાથમાં હોત તો તો ઢગલા જ ન કરી દેત! આપણો સેવકનો ધર્મ એટલો જ કે ભગવાનને પ્રાર્થના કરવી. બાકીનું બધું ભગવાનના હાથની વાત છે.'

સ્વામીશ્રીનાં આ શબ્દ-શૈલી તા. ૧૦/૭ના રોજ યોજાયેલા મંદિરના પાટોત્સવમાં પણ પ્રકાશી ઊઠ્યાં.

આ સમયે જ્યારે વરુણદેવના પૂજનનો ક્રમ આવ્યો ત્યારે સ્વામીશ્રીએ વિધિ કરાવી રહેલા શ્રી રસિકલાલ ઉપાધ્યાયને કહ્યું: 'વરુણદેવનું એવું આવાહન કરો કે ધોધમાર વરસે.'

આ સાંભળી એ ભૂદેવે યજમાનો જાણે તેમ માઈકમાં જાહેરાત કરી કે 'બાપાની આજ્ઞા છે અને આપણે બાપાને જ પ્રાર્થના કરીએ કે વરસાદ સારો વરસાવે.'

હજી તો આ વાક્ય પૂરું થયું - ન થયું ત્યાં તો સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'બાપો... બાપો શું કરો છો? બાપા તો આ બાલાં મારે. બાપાનાય બાપાને પ્રાર્થના કરો તો વરુણદેવ બરાબર વરસે.'

સ્વામીશ્રીના સેવકભાવની સિતાર આમ રણઝણી ઊઠી!

આત્મારૂપ થવા સામું તાન રાખવું

મંદિરનો પાટોત્સવ ધામધૂમથી ઊજવી સ્વામીશ્રી ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે તેઓએ સંતોને એક વાતરૂપી વાનગી પીરસી કે –

"આપણને એમ થાય કે અમે ખેતી કરીએ એટલે એમાં અમારે કથા-વાર્તા, ભક્તિ બધું જ આવી ગયું. સંગીત કરીએ, ગામડે ફરીએ, એમાં બધું જ આવી ગયું. પછી ભજન, કથાવાર્તા થાય કે ન થાય એ કાંઈ જોવાનું જ નહીં. પણ આપણે એટલું સમજવું કે 'આ બધી વસ્તુઓ ગૌણ છે.' આપણે આપણું પોતાનું તો કાંઈ કરવાનું છે કે નહીં? આપણું અંતર ઉઝરડાતું હોય, કોઈનો અવગુણ આવતો હોય, આપણા સ્વભાવો વધતા હોય, એ બધું જોવાનું કે નહીં? આપણે કથાકાર, સંગીતકાર વગેરે થવા ક્યાં આવ્યા છીએ? એટલે જ તો કહ્યું છે કે 'ક્રિયારૂપ ન થવું.' આ તો જે પકડ્યું એ પકડ્યું. પછી જે કરવાનું છે એ ગૌણ થઈ જાય. માટે આત્મારૂપ થવા સામું તાન રાખવું."

સ્વામીશ્રીએ આજે આત્મજ્ઞાનનો એકડો ઘૂંટાવી દીધો. જગતને સત્સંગ કરાવવામાં જાતનો સત્સંગ ટળી ન જાય એ જાણપણું તેઓ સતત આપતા રહેતા.

ચાલો ભજનમાં જઈએ રે...

તા. ૧૭/૭ની સાયંસભામાં યોજાયેલા નીકોરા ગામની ઊભી ભજન-મંડળીના કાર્યક્રમમાં હાજર રહેવાની સ્વામીશ્રીને ઘણી તાલાવેલી હતી. તેથી તેઓએ વ્યવસ્થાપક સંતોને પણ કહી રાખેલું કે 'મારે આ કાર્યક્રમ ખાસ સાંભળવો છે. હું પણ પહેલાં ઊભા ભજનમંડળમાં જતો.' આ મુજબ સ્વામીશ્રીએ સભામાં તો ભજનની રસલહાણ માણી, પણ રાત્રે ચેષ્ટાગાન પછીયે આ કાર્યક્રમ યોજવા જણાવ્યું.

તે માટે તેઓ રાત્રે દસ વાગ્યે પુનઃ સભામંડપમાં પધાર્યા.

અહીં દસ-પંદર કીર્તનિયાઓએ કરતાલ રણઝણાવતાં અને એટલી જ સંખ્યાના ભજનિકોએ કાંસીજોડાં ઘમઘમાવતાં ભજન ઉપાડ્યાં. તેમાં ઢોલક અને જૂના જમાનાના સીવણસંચા જેવા હાર્મોનિયમના સૂર પણ ભળ્યા. તેના તાલે મુખ્ય ગાયક તાર સ્વરમાં ભજન લલકારવા લાગ્યો. તેની સંગતમાં ઢોલકની થાપો સાથે કરતાલ-કાંસીજોડાં ખખડ્યાં અને કરતાલિયા ગાવા-નાચવા માંડ્યા. આ રમઝટ સ્વામીશ્રીને જાણે અડધી સદી પાછળની સ્મૃતિમાં તાણી ગઈ હોય તેમ તેઓ પણ હાથમાં કરતાલ લઈને એ જ શૈલીમાં વગાડવા લાગ્યા.

આ રીતે લગભગ કલાકેક સુધી ચાલેલા આ કીર્તન-કિલ્લોલના અંતે સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા કે 'આજે આપ બધાને સાંભળીને આનંદ થયો છે. અહીં યુવકોને પણ ભજનમાં નાચતા જોઈને આનંદ થયો. હું પણ નાનો હતો ત્યારે આવી ભજનમંડળીમાં જતો. ૪૭ વરસ પહેલાંની વાત છે.'

સ્વામીશ્રીના આ સ્મૃતિસભર આશીર્વાદ બાદ કીર્તનગંગાની વધુ એક લહેર ઊઠી: *'ચાલો ભજનમાં જઈએ રે, રંગ ઊડે ગુલાલ...'*

ભક્તિના આ ગુલાલથી રંગાતા સ્વામીશ્રી સ્વયં ભજનમંડળીના ઊભા હાર્મોનિયમ પાસે જઈને બેસતાં ભજનનો વળી એક નવો તરંગ રેલાયો: *'આજે સૌને જય સ્વામિનારાયણ, કાલે વહેલા આવજો...'*

આ કીર્તને પણ એવો મસ્તીભર્યો માહોલ જમાવી દીધો કે ભજનના

સુખમાં ગળાડૂબ એકેએકનું હૈયું ગાવા લાગ્યું: *'ના ઓસરું રે કીર્તન કરતાં, જો ભાંગી પડે બ્રહ્માંડ રે...'*

ભજનમાં ભળીને સ્વામીશ્રીને આ જ કરાવવું હતું.

ભગવું લાજે એવું ન કરવું

તા. ૧૯/૭ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજાથી પરવારી પોતાના ઓરડામાં જઈને બિરાજ્યા કે તરત જ તેઓના મુખમાંથી શબ્દો નીકળ્યા: 'ગોળીઓ માટે ઉકાળો જ લાવજો. વધારે કાંઈ લાવતા નહીં અને બપોરે પણ લાવતા નહીં. શાસ્ત્રીજી મહારાજની આ ઉપવાસની આજ્ઞા છે.'

આજની દેવપોઢી એકાદશીએ અલ્પાહાર માટે ફરાળ આવે તે પહેલાં આમ પાળ બાંધી દેતાં સ્વામીશ્રીએ ગોળીઓ ગળવા પૂરતો માત્ર ઉકાળો પીધો. આવી તપસ્વી રીત સાથે તેઓએ આજે સૌ સંતોને પણ વ્રત-તપ સંબંધી નિયમો ધરાવ્યા.

અંતે આશીર્વાદ આપતાં કહ્યું:

"આપણે ભગવાન તો મળી જ ગયા છે, પણ હવે એ રાજી થાય એ માટે, આજ્ઞા મુજબ કહે એટલું તપ કરવાનું છે. બીજો ખાસ નિયમ છે – કથા અને ચેષ્ટાનો. આ અંગ રાખવાની ખાસ જરૂર છે. એમાં જેટલી આળસ થશે એટલું શોભશે નહીં. મંદિરોમાં ગાડાંમોઢે રૂપિયા આવશે પણ આપણો સત્સંગ ઘસાઈ ન જાય એ ખાસ જોવાનું છે. અહીં આપણે ભજન કરવા આવ્યા છીએ. ભજન, કથામાં બેસીએ એ આપણી શોભા છે. બધાને સેવા તો છે જ પણ કથા-વાર્તાનોયે અવશ્ય લાભ લેવો. તે ગૌણ ન થવા દેવી.

ઉપાસના અને ગુરુપરંપરાની બાબતમાં તો નોખું થવું જ ન જોઈએ. અક્ષર-પુરુષોત્તમ, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ એ આપણી પરંપરા છે. બીજા મુક્તોનો મહિમા છે, પણ પરંપરામાં ન આવે. બીજો કો'ક એવી સમજણ કરે તો એને પુષ્ટિ ન આપવી. ભગવું લાજે એવું ન કરવું. સાધુતા, કથા, ભજનનાં અંગ આપણા સાધુનાં છે. આપણી આ ઘરસભા છે. ગુણાતીતનો આ વારસો છે. આપણે મનધાર્યું કરવા આવ્યા નથી. આપણે એક જ્ઞાન અને સમજણ વ્યવસ્થિત રહે, જેથી ખોટા ડખા ઊભા ન થાય. કોઈ એવું કરતો હોય તો એની સાથે સંબંધેય ન રાખવો."

શ્વાસોચ્છ્‌વાસની ગતિએ સ્વામીશ્રીએ સિદ્ધાંતોનો ધોધ વહાવી દીધો.

અવિસ્મરણીય વિસ્મરણ

દ્વિશતાબ્દી મહોત્સવો દ્વારા દેશ-દુનિયાને ઉત્સવ-ઉજવણીની એક નવી દિશા ખોલી આપનારા સ્વામીશ્રી આ અરસામાં સંસ્કૃતિ-સ્મારકોના નિર્માણની દિશામાં પણ એક નૂતન માર્ગ કંડારી રહેલા.

જો પ્રાચીન જ્ઞાન અર્વાચીન વિજ્ઞાનની અંબાડીએ બેસીને આવે તો સૌ તેને વધાવે. સમાજની આ નાડ પારખીને સ્વામીશ્રી 'અક્ષરધામ'માં નવતર પ્રદર્શનસૃષ્ટિ ખડી કરી રહેલા. તે સર્વાંગ સુંદર બને તે માટે તેઓએ મહંત સ્વામીના વડપણ હેઠળ પાંચ સંતોને વિદેશની અભ્યાસયાત્રાએ મોકલેલા.

આ સંત-સંઘ તા. ૨૦/૭ના રોજ લંડનમાં હતો. અહીં આ દિવસે બરાબર એક વર્ષ પૂર્વે સ્વામીશ્રીની સુવર્ણતુલા દબદબાભેર થયેલી. તે નિમિત્તે આજે લંડન મુકામે સ્મૃતિસભા ગોઠવાયેલી. તેના પ્રારંભ પૂર્વે આ શુભ પ્રસંગે અભિનંદન પાઠવવા સંતોએ સ્વામીશ્રીને ફોન જોડ્યો. તેમાં વાત કરવામાં આવી કે 'બાપા! આજે આપના જીવનનો ખૂબ અગત્યનો દિવસ છે.'

'શું અગત્યનો દિવસ?' કંઈક દ્વિધામાં અટવાયા હોય તેવા ભાવ સાથે સ્વામીશ્રી બોલ્યા.

'સ્વામી! આજે આપની સુવર્ણતુલાનો દિવસ. એને એક વર્ષ પૂરું થયું.'

'ઓહો! બરાબર. અમને તો ખ્યાલ જ નહીં.' સ્વામીશ્રીએ ખૂબ ઠંડો પ્રતિભાવ આપ્યો.

સુવર્ણતુલાની જેમ જ સૌ માટે તેઓનું આ વિસ્મરણ પણ અવિસ્મરણીય બની ગયું. દાયકાઓ પહેલાંની ઝીણી-ઝીણી વિગતો ઇદં કહી દેનારા સ્વામીશ્રી એક વર્ષ પૂર્વેની મહત્ત્વપૂર્ણ ઘટનાને સાવ જ વીસરી ગયેલા, કારણ કે એ પોતાની વાત હતી ને! જે જાતને ભૂલીને વિચરતા હોય તેને જાતની સાથે સંલગ્ન પ્રસંગો કેવી રીતે યાદ રહે?

કામણગારી તસવીર તારી

તા. ૨૦/૭ની સાંજે અટલાદરાથી બોચાસણ જવા નીકળેલા સ્વામીશ્રી વચ્ચે સાંકરદાના મુખ્ય રસ્તાને અડીને આવેલા શ્રી પરમાનંદભાઈના ફાર્મમાં પધારતાં બોલ્યા: 'મેં મુંબઈથી જ સંકલ્પ કર્યો હતો કે અહીં આવવું. આ સ્થાન ખૂબ જ સુંદર અને કુદરતી છે.'

આ રીતે એક સુરમ્ય સ્થળને ધન્ય કરી બોચાસણ પહોંચેલા સ્વામીશ્રીનું અહીં હજારો ભક્તોએ ઉમળકાભેર સ્વાગત કર્યું. એ જ ઉત્સાહથી બીજે દિવસે ગુરુપૂર્ણિમા પણ ધામધૂમથી ઊજવાઈ. આ સમૈયાની સભા બાદ પોણા બે કલાક સુધી તો ગુરુપૂજન ચાલ્યું.

તેથી પરવારી સ્વામીશ્રી ભોજન બાદ આરામમાં જઈ રહેલા ત્યારે બોલ્યા: 'નીચે સભામંડપમાં મેં લાઇનમાં આવતા માણસોની ગણતરી કરી હતી. મિનિટમાં લગભગ ૬૦ માણસો આવતા હતા. એટલે દર્શન કરવા આશરે છ-એક હજાર આવ્યા. બીજા બે-ત્રણ હજાર આડા-અવળા હશે. અને એટલા જ પ્રમાણમાં મહિલાઓ હશે. એટલે લગભગ ૧૮ થી ૧૯ હજાર હરિભક્તો આજે આવ્યા હશે!'

સ્વામીશ્રીની આ ગણતરી બિલકુલ બરાબર નીકળી, પણ આજે એક વાત ગણતરી બહારની બની રહી.

આ દિવસે સ્વામીશ્રીનાં દર્શન માટે આવેલા ખંભાતના બચુભાઈ દુઃખીલાલ નાસ્તાની લારી ખેંચીને દા'ડા કાઢનારા. વળી, દારૂના અઠંગ વ્યસની. પરંતુ તેઓના દીકરાને સત્સંગી શ્રી ચીમનભાઈ ચૂડાસમાએ પોતાને ઘેર ફૂલકા-પાપડી બનાવવા બોલાવેલો. તેના આ કસબનું મહેનતાણું આપવા સત્સંગીએ હાથ લાંબો કર્યો ત્યારે એ દીકરાએ તે રકમ લીધી નહોતી.

છેવટે હરિભક્તે આપેલાં સ્વામીશ્રીની છબી ધરાવતાં બે પૉકેટ કેલેન્ડર લઈને નીકળેલા એ યુવકે, એક તસવીર પોતા પાસે રાખી અને બીજી પિતાને આપી.

સ્વામીશ્રીની એ છબીને ખિસ્સામાં મૂકી બચુભાઈ રોજિંદા ક્રમ મુજબ બાટલી ફોડવા અડ્ડે ગયા, પણ ત્યાં અચાનક બ્રેક વાગી. મનમાં વિચાર ઝબક્યો કે 'પ્રમુખસ્વામીનો ફોટો ખિસ્સામાં છે ને મારાથી દારૂ પીવાય?'

આમ, સ્વામીશ્રીની છબી પોતાની ખૂબી બતાવવા માંડી! તેણે આ વ્યસનીના હાથ જાણે બાંધી દીધા હોય તેમ, એ ન તો સ્વામીશ્રીનો ફોટો દૂર કરી શકે કે ન તો દારૂ પી શકે. રોજ અડ્ડે પહોંચેલા તેઓ પીધા વિના જ પાછા ફરે. તેથી ઘરમાં થતા કલહ-કંકાસ પણ આળસી જતાં પરિવારજનો તો ખૂબ રાહત પામ્યા. સ્વામીશ્રીની કેવળ તસવીરનો આ પ્રતાપ જોઈ પેલા વ્યસનીને સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શનની તાલાવેલી જાગી.

તેને સંતોષવા તેઓ ચીમનભાઈની સાથે તા. ૨૧/૭ના રોજ બોચાસણ

આવી પહોંચ્યા. અહીં તેઓની હકીકતથી માહિતગાર થયેલા સ્વામીશ્રીએ બચુભાઈને વ્યસન છોડવા વાત કરી અને એક વ્યક્તિના જીવનમાં પવિત્રતાનું પરોઢ ખીલ્યું.

આ પવિત્રતા સમય જતાં પૈસા-પ્રસિદ્ધિને પણ તાણી લાવી. તે કારણે લારી ખેંચીને પેટિયું રળતી એ વ્યક્તિ ટૂંકા ગાળામાં જ શહેરની મુખ્ય બજારમાં ત્રણ દુકાનોની માલિક બની. તે સામાન્ય ખોરડાની જગ્યાએ ઉજળિયાતોના વિસ્તારમાં બંગલો પણ બનાવી શકી. બચુભાઈ દુ:ખીલાલ હવે બચુભાઈ 'સુખીલાલ' બની રહ્યા! સ્વામીશ્રીની કામણગારી તસવીરનો જ આ પ્રતાપ!

આજે પણ એક-એક છબીમાં દેખાતું સ્વામીશ્રીનું પ્રસન્ન મુખારવિંદ એટલું જ પ્રેરક અને પ્રભાવક દીસે છે. તેને જોતાં જ મનમાં શુભ વિચારો તથા હૃદયમાં શુભ ભાવનાઓનાં પૂર ઊમટવાં લાગે છે.

આ કાંઈ પૂતળાં ઓછાં છે?

આ અરસામાં ખેંચાયેલા વરસાદે સૌનાં કપાળ પર ચિંતાની રેખાઓ ખેંચી દીધેલી. તેથી જે આવે તે સ્વામીશ્રી સમક્ષ આ અંગે ધા નાંખતા.

સ્વામીશ્રીને તો કોઈ પણ સમસ્યાનું સીધું સમાધાન પ્રાર્થના જ હોવાથી તેઓએ તા. ૨૫/૭થી રોજ સાંજે વાજિંત્ર સહિત ધૂનગાનનું આયોજન મંદિરમાં ઠાકોરજી સમક્ષ ગોઠવી દીધું. તેને વેગ આપવા આજના પ્રથમ દિવસે તેઓ પણ સમયસર આવી બિરાજી જતાં ધૂનની રમઝટ બરાબર મચી રહી.

તેની વચ્ચે એક સંતે રાગ છેડ્યો: 'પ્રમુખસ્વામી તમે વરસાદ પાડો...'

'નહીં પડે વરસાદ. પ્રમુખસ્વામીનું નામ વચ્ચે કેમ ઘાલો છો? ઠાકોરજી સામે બેઠા છીએ. એમનું નામ લો. એ વરસાદ પાડશે.' સ્વામીશ્રી આમ ચાલુ ધૂને જ ગાજવીજ સાથે વરસી પડ્યા.

ધૂન પૂરી થયા પછી પણ એ સંતને પુણ્યપ્રકોપથી પલાળતાં સ્વામીશ્રીએ કહ્યું: 'જે એકધારું ચાલતું હોય એ જ ચાલવા દેવું. વચ્ચે બીજાં નામો ઉમેરવાની જરૂર નહીં. ઠાકોરજીની મર્યાદા છે. ત્યાં બીજો ઊભરો કાઢવાની જરૂર નહીં.'

'પણ મહારાજ આગળ તમારા ગુણો ગાય તો મહારાજ રાજી થાય.' એક યુવકે ટાપશી પૂરી.

પરંતુ આ દલીલને ભક્તિના ભાલાથી વીંધતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપણું એ જ્ઞાન નથી. આપણે મહારાજને સાક્ષાત્ માનીને સેવા કરીએ

છીએ. આ કાંઈ પૂતળાં ઓછાં છે? અહીં પધરાવ્યા છે શું કામ?'

સ્વામીશ્રીએ મર્યાદા અને મહિમાનું સંતુલન સાધી આપ્યું. તેમાંથી તેઓની દાસત્વભક્તિ નીતરી રહી.

જ્ઞાનસંપન્ન ભક્તિ

તા. ૨૬/૭ની સાંજે પણ બોચાસણના મંદિરનો ઘુમ્મટ વરસાદ માટેની ધૂનથી ગાજી રહેલો. તે વખતે રોજ ચાલતી થયેલી આ ધૂનના સંદર્ભમાં એક હરિભક્તે કહ્યું : 'સ્વામી! વરસાદની જરૂર તો ખૂબ છે, પણ ઉપરથી ન વરસે તો નીચેથીયે પાણી આવે...'

'હજી તો ઉપરથી વરસે એવા સંજોગો છે ત્યારે આપણે એ જ પકડી રાખવું સારું. બીજાની વાત હમણાં ન કરવી. ગૃહસ્થોને બધું એવું. એક જગ્યાએ સંકલ્પ ન ફળે તો બીજે માથું નમાવે. કેટલાય ગુરુ બદલી નાંખે.' વરસાદની વાતમાંય સ્વામીશ્રીએ નિષ્ઠાનો ગૂઢાર્થ સમજાવી દીધો.

આ વખતે કો'કે વાત મૂકી કે 'બાપા! આ બધા ભક્તોએ મન મૂકીને દ્વિશતાબ્દીની સેવાઓ ખૂબ કરી છે. એની સામું તો જુઓ. જો ભગવાન વરસાદ ન વરસાવે તો તે કૃતઘ્ની ઠરે.'

'ભગવાન કોઈ દિવસ કૃતઘ્ની હોતા હશે? એ તો દયાળુ જ છે; વરસાદ ન વરસાવે તોય!'

ભગવાનની તરફેણમાં આ ચુકાદો આપી સ્વામીશ્રી બોલ્યા:

'એમની દયાનો તો કોઈ પાર નથી ને આપણી અવળાઈનો પાર નથી. કૃતઘ્ની તો આપણે છીએ, એમના ઉપકારનો બદલો વાળી શકતા નથી.'

સ્વામીશ્રીની ભક્તિ જ્ઞાનસંપન્ન હતી. તેથી તેઓએ કદી ભગવાન સામે ધોખો-વાંધો ઉઠાવ્યો નહોતો.

ફાયદાકારી 'ફોર્મ્યુલા'

સ્વામીશ્રીની પ્રાર્થનાના પ્રતાપે તા. ૨૬/૭ની રાત્રે મેઘરાજાની સવારી મંથર ગતિએ આવી પહોંચતાં આ આખી રાત *'ઝરમર ઝરમર મેહા બરસે...'*ની જેમ વીતી.

સવારે સ્વામીશ્રી દર્શન કરવા નીકળ્યા ત્યારે પણ ફોરાં વરસી રહેલાં. તેથી એક યુવકે માથે છત્રી ધરી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'માથે આ સાફાની

કાંઈ જરૂર નથી. વરસાદ માટે તો ધૂન કરીએ છીએ.' આમ કહી તેઓ પલળતાં-પલળતાં જ મંદિર પર પધાર્યા.

અહીંથી સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઓરડે દર્શન કરવા પહોંચ્યા ત્યારે અત્રે તેઓએ સૌને પુરાણી સ્મૃતિથી ભીંજવતાં કહ્યું :

'શાસ્ત્રીજી મહારાજ આ રૂમના બારણા આગળ (ઉત્તર-દક્ષિણ) પલંગ ઉપર સૂતા. હું સ્વામીના પગ આગળ આડો (પૂર્વ-પશ્ચિમ) સૂતો. ઉનાળા જેવું હોય ત્યારે હું ચાર વાગ્યા સુધી પંખો નાખું.'

સૌને આ સ્મૃતિરસ પિવડાવતા સ્વામીશ્રી પોતાના ઓરડે પધાર્યા ત્યારે અહીં તા. ૨૮/૭ની રાત્રે સંસ્થાના અંગ્રેજી સામયિક 'Bliss'માંથી એક લેખ તેઓ સમક્ષ વંચાવા લાગ્યો. તેના સંદર્ભમાં જીવનનો મર્મ સમજાવતાં સ્વામીશ્રી બોલવા માંડ્યા :

'દરેક દુ:ખમાં 'આ સારા માટે જ છે' એમ માનવું. મુશ્કેલીઓ વગરનું જીવન નકામું છે અને મુશ્કેલી વગર માણસના જીવનમાં ઉત્કર્ષ આવતો નથી. સહન કર્યું તો શક્તિ બહાર આવી ગઈ. મુશ્કેલી વગરનું જીવન એ શું જીવન? પછી ખાલી પરપોટાની જેમ ફર્યા કરે. પોતાના પગ પર ભણીને તૈયાર થયા હોય તો કાંઈક કરી શકે, પણ જોઈ જોઈને પાસ થયા હોય એમાં ભલીવાર નહીં. ઊંટ પર બેસે એટલે હેલા આવે જ. પણ આપણેય સાથે હેલો લેવો જોઈએ. કોઈ પણ પ્રકારનું ટેન્શન ન થવું જોઈએ.'

સ્વામીશ્રીએ રેલાવેલો આ સૂર સાંભળી એક યુવકે પૂછ્યું: 'બાપા! ટેન્શન ન થાય એનો કોઈ ઉપાય ખરો?'

'હા, ગુરુ કહે એ પ્રમાણે ચાલવું એ 'ફોર્મ્યુલા.' એમાં નો(no) સંશય.'

દુનિયા જેને શોધે છે તે સ્વામીશ્રીએ સહજમાં આપી દીધું! આ ફાયદાકારી 'ફોર્મ્યુલા'ને તો જે જીવે તે જાણે.

અહિંસાના આદર્શ અધ્યાપક

સ્વામીશ્રી હોય ત્યાં પરલોક સુધારવાની સાથે-સાથે આ લોકના ઉત્કર્ષની પ્રવૃત્તિઓ પણ ચાલતી જ રહે.

તે ક્રમમાં તા. ૩૦/૭ની સવારે મંદિરની ગૌશાળા પાસે વૃક્ષારોપણનો વિધિ યોજાયો. અહીં અગાઉથી જ છોડને અનુરૂપ તૈયાર રાખેલો ગર્ત આવતાં સ્વામીશ્રી ત્યાં જ પલાંઠી વાળીને બેસી ગયા. આ સમયે એક રોપો તેઓને

આપવામાં આવ્યો, પરંતુ તેને રોપતાં પૂર્વે સ્વામીશ્રી બોલ્યા: 'વનસ્પતિમાં પણ ભગવાનનો વાસ હોય છે. માટે કંકુ-પુષ્પ વગેરે લાવો.' એમ કહી તેઓએ છોડવાઓનું વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન કર્યું. સ્વામીશ્રીની સમાજસેવા પણ પ્રભુમય જ રહેતી તે આવા પ્રસંગે પરખાતું.

આ રીતે પૌધા-પૂજન બાદ તેઓ જ્યાં છોડને ગર્તમાં રોપવા ગયા ત્યાં જ તેઓની નજરે ખાડામાં ફરતો મંકોડો ચડ્યો. તેને જોઈ સ્વામીશ્રી હળવેથી બોલ્યા: 'મંકોડાભાઈ! બહાર નીકળો, નહીં તો પાછા હલવાઈ(સલવાઈ) જશો.' આમ કહી તેઓએ હળવેથી મંકોડાને પોતાની કોમળ હથેળીમાં લઈ બહાર મૂકી દીધો. તે પછી જ છોડ રોપી, માટી વાળી પાણી સિંચ્યું.

સ્વામીશ્રીની કરુણાનું વર્તુળ મંકોડાથી માનવી સુધીના સૌને સમાવતું. પ્રત્યેક જીવ-જીવનનો આદર કરનારા તેઓ હતા અહિંસાના આદર્શ અધ્યાપક!

તોડી પ્રીત્ય તે શું બહુવિધિ

તા. ૩૧/૭ની રાત્રે સ્વામીશ્રી સાયંભ્રમણ બાદ હિંડોળા પર બિરાજ્યા તે વખતે ગોંડલ-સ્થિત ગુરુકુળના ગૃહપતિ શ્રી મોતીભાઈ તેઓની દૃષ્ટિમાં આવ્યા. સંસ્થાના કોઈ પણ એકમના કાર્યવાહકને સ્વામીશ્રી અચૂક મળે જ અને તેની કાર્યવાહી સંબંધી પૂછપરછ પણ કરે. જો તે કંઈક કામ લઈને આવ્યા હોય તો પોતાનાં કામકાજ ઠેલી તેના કામને અગ્રિમતા આપે, જેથી તેનો સમય ન બગડે.

આ ખાસિયત મુજબ તેઓએ આજે આવેલા પેલા ગૃહપતિને પણ પૂછ્યું: 'કેમ આવવું થયું?'

'ગુરુકુળના વિદ્યાર્થી અશોકની તબિયત સારી રહેતી ન હતી, એટલે એને વડોદરા મૂકવા ગયેલો.'

'કોણ અશોક? કોનો દીકરો? શું થયેલું?' સ્વામીશ્રીએ આમ એકસાથે કંઈક પ્રશ્નો પૂછી નાંખ્યા, કારણ કે સંસ્થાકીય છાત્રાલય-ગુરુકુળનો એક-એક વિદ્યાર્થી તેઓને મન હૃદયનો કટકો. તેની સંભાવના કરતાં તેઓ કદી ન ધરાય.

પરંતુ આ કિસ્સામાં તેઓને જ્યારે સ્પષ્ટતા થઈ કે 'આ યુવાન તેઓના પૂર્વાશ્રમનો ભત્રીજો છે.' ત્યારે તરત જ વાતનો તંતુ કાપી નાંખતાં સ્વામીશ્રી અન્ય ક્રિયામાં પરોવાઈ ગયા.

અજાણી વ્યક્તિની મુશ્કેલી ફેડવામાં પણ ઊંડો રસ લેનારા સ્વામીશ્રીએ

તેઓના કુટુંબીઓ સંબંધી એક હરફની પૂછપરછ જીવનપર્યંત કરી નહોતી. '*...દેહ ને દેહ સંબંધી, તોડી પ્રીત્ય તે શું બહુવિધિ...*'ની શ્રીજીકથિત સાધુતાનું મૂર્તિમાન સ્વરૂપ હતા તેઓ.

જન-તન છે પણ મુક્ત શ્રેષ્ઠ જાણે

બોચાસણના રોકાણ દરમ્યાન ઠાકોરજીનાં દર્શનનો સ્વામીશ્રીને જેમ નિત્યક્રમ તેમ મંદિરના બે વયસ્ક સેવાભાવી ભક્તો ત્રિભાકાકા અને જી. કે. સ્વામીને મળવા જવાનો પણ તેઓનો રોજિંદો ક્રમ. જ્યારે જાય ત્યારે આ બંને ભક્તોની તેઓ પ્રેમથી પૂછપરછ કરે.

આવા જ ક્રમમાં તા. ૫/૮ના રોજ સ્વામીશ્રી ૮૪ વર્ષીય ત્રિભાકાકાના ખાટલે જઈ બેઠા. તે વખતે પથારીવશ આ ભક્તના શરીર પર બેસતી માંખોને સ્વામીશ્રી બાજુમાં પડેલા હાથપંખા દ્વારા ઉડાડવા લાગ્યા. તેમ કરવા એ હરિભક્તે 'ના' પાડી ત્યારે સ્વામીશ્રી 'જરા ઉડાડવા દો ને!' કહેતાં વીંજણો વીંઝતા જ રહ્યા. છેવટે ત્રિભાકાકાએ પંખો પકડી રાખ્યો ત્યારે તેઓ વિરમ્યા.

એકેએક સંત-સત્સંગી વિષે સ્વામીશ્રીને અનેરી મહિમાદૃષ્ટિ. તેઓ તેને મનુષ્યરૂપે નહીં, પણ મુક્તરૂપે જ જોતા. તેથી જ નાના-મોટા સૌની સેવા-સરભરા કરવાની તેઓની જીવનરીતિ ગુરુ થયા પછી પણ એવી જ અખંડિત રહેલી.

આ રીત સાથે દર્શનના ક્રમ પછી પૂજા અને અલ્પાહાર બાદ સ્વામીશ્રી સભામાં પધારે. તેમાં રોજેરોજ નવીન વાતો કરી તેઓ સૌને આનંદ પમાડે. પરંતુ તેમાં મુદ્દો માર્યો ન જાય તેનો પૂરો ખ્યાલ રાખે. જે વાત મજકૂરની હોય તેને ભાર દઈને કહે. વચ્ચે વચ્ચે 'શું આવ્યું?' કે 'મહારાજ-સ્વામી શું કહે છે?' એમ પ્રશ્ન પૂછી મુદ્દાને દૃઢાવે પણ ખરા.

આવો જ એક મહત્ત્વપૂર્ણ મુદ્દો સમજાવતાં તેઓએ અહીંના રોકાણ દરમ્યાન કહ્યું: "અત્યારે ભગવાન અને સંતનાં સહેજે દર્શન થાય છે એટલે થાય કે 'આ તો છે જ ને!' પણ આ જોગ નહીં રહે પછી રડવું પડશે. મૂઆ પછી કહે, 'કાકા! ખીચડી.' પણ કાકો જીવતો હતો ને ખીચડી માંગી ત્યારે કહે, 'કાકા છાના-માના એક બાજુ પડ્યા રહો.' ને મર્યા ત્યારે કહે, 'લો, ખીચડી.' પણ પછીથી શું કામનું? એમ અત્યારે મોટાપુરુષ મળ્યા ને લાભ ન લીધો તો પછી પસ્તાવું પડશે."

સ્વામીશ્રીના આ શબ્દોમાં હાથ આવેલી તકને લૂંટી લેવાની તાકીદ છે.

સ્વ-સભાનતાનો સોનેરી સંદેશ

તા. ૬/૮ના રોજ બોચાસણથી નીકળેલા સ્વામીશ્રી ધર્મજ, પેટલાદ, કરમસદ થઈને વિદ્યાનગર પધાર્યા.

અહીં તા. ૭/૮ની સવારે તેઓ ભીખુભાઈના ઘેર રાખેલા પોતાના ઉતારેથી છાત્રાલયમાં પ્રાતઃપૂજા કરવા આવ્યા ત્યારે પ્રવેશદ્વારે જ ઊભેલી એક ગાડી અવરોધરૂપ બની. તેને ઊભી રાખીને માલિક ક્યાંક ચાલ્યો ગયેલો. તેથી સ્વામીશ્રીના ગાડીચાલકે ઘણાં હૉર્ન માર્યાં, પણ તે ગાડી હટવાની કોઈ હલચલ ન જણાતાં સ્વામીશ્રી બોલ્યા : 'આપણે એક બાજુ ઊભી રાખો.' આમ કહીને તેઓ ત્યાં જ ઊતરી ગયા અને ચાલતાં ચાલતાં જ મંદિરે પહોંચ્યા. તે વખતે તેઓના પગલે પગલે સરળતાની છાપ ઊપસતી રહી. તેને મનમાં સંઘરીને સૌ ધન્ય થયા.

આ ધન્યતા સાથે આજની સાયંસભામાં છાત્રાલયના વિદ્યાર્થીઓએ એક ચર્ચાસત્ર યોજી દીધું; જેનો વિષય હતો : 'આજના બગડતા જતા શિક્ષણ માટે કોણ જવાબદાર – વિદ્યાર્થી કે શિક્ષક ?'

આ બંને પક્ષનાં ખંડન-મંડનમાં વિદ્યાર્થીઓનાં તર્કશીલ મગજના ચમકારા સાથે દલીલોની ગાજવીજ ઘણી થઈ. અંતે ચર્ચાનો ઉકેલ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'જોયા કરીએ, બોલ્યા કરીએ, એનો કોઈ અર્થ નથી. શિક્ષક કે વિદ્યાર્થી, બધા પોતાની જવાબદારી સમજે તો થાય. દેશના કેટલાક જવાબદાર લોકો આજે ૨૧મી સદીમાં જવાની વાત કરે છે, પણ પાછલી સદીનો વિચાર કરીને જાય તો વાંધો નહીં. નહીં તો માળખું ઊથલી જાય. ભૂતકાળની જે વાત છે એને દૃઢ કરીશું તો ભવિષ્ય સારું થશે. ભવિષ્ય સામું જોતાં રહીશું તો પ્રયત્નમાં પાંગળા થવાશે. લોકોને 'સતયુગ આયેગા' ઉપર ખૂબ તાન છે, પણ ભલા આદમી ! તારામાં પહેલાં સતયુગ આવશે તો જગતમાં આવશે ને ! વાતથી વડાં ન થાય. જે વિષયનું ભણો તેમાં સંપૂર્ણ ભણો. આપણે પોતાના પગભર થવાનું છે. બાપકર્મી ક્યાં સુધી રહીશું ? આપણે પોતે જવાબદાર છીએ એમ માનીને સૌએ આગળ વધવું.'

સ્વામીશ્રીના શબ્દોમાંથી સ્વ-સભાનતાનો સોનેરી સંદેશ ગુંજી રહ્યો.

ચોટદાર ચીવટ

તા. ૮/૮ના રોજ વિદ્યાનગરથી નીકળેલા સ્વામીશ્રી મોગરી ગામે એક ખળીમાં પધરામણી કરી ગાનાના માર્ગે આગળ વધવા પોતાની મોટરમાં બેસવા જઈ રહેલા.

તે જ વખતે તેઓએ અન્ય એક ગાડીમાં સ્થાન લેતા વેદજ્ઞદાસ સ્વામીનો નિર્દેશ કરીને કહ્યું : 'એ સ્વામીને કહો કે તેઓ હવે સીધા વિદ્યાનગર પહોંચી જાય. તે ગાડીની ગાનામાં જરૂર નથી.'

ગાના એ પેલા સંતના વતનનું ગામ હોવાથી શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર તેઓથી ત્યાં ન જવાય. આ આજ્ઞાપાલનનો ખટકો સ્વામીશ્રીએ રખાવ્યો.

તેઓને સંતો-ભક્તોનાં ગામ, નામ, ઠામ સહિત બધું જ યાદ હોય ! તે અનુસાર તેઓ સમયસરની આવી સૂચનાઓ આપતા રહે. સ્વામીશ્રી ન તો યાદદાસ્તમાં ગોથું ખાય કે ન તો બરદાસ્તમાં.

આ શૈલી સાથે ગાના પહોંચેલા તેઓ મહિલાઓના મંદિરમાં આરતી ઉતારી ભાઈઓના નિર્માણાધીન મંદિરે પધાર્યા.

અહીં સઘળે પગલાં કરી ગાડીમાં બેસતી વખતે સ્વામીશ્રીની દૃષ્ટિ મંદિરના ઉપલા માળે ચડાવેલાં છાપરાં પર ગઈ, પણ તેઓની ક્ષણભરની એ નજરમાં છાપરાં માટે નાંખેલાં પતરાંની અસ્તવ્યસ્ત ધાર નોંધાઈ ગઈ. તેથી તેઓએ આ બાંધકામની દેખરેખ રાખનારા ભગવત્ચરણદાસ સ્વામીને ટકોર કરી કે 'આ છાપરાંની ધાર આટલી અવ્યવસ્થિત કેમ છે ? એક આગળ, એક થોડું પાછળ એમ છે.'

'મને તો આવો વિચારેય નહોતો આવ્યો !'

'નાંખતી વખતે નાનું-મોટું હોય તો કાપીને સરખાં લાગે એવું કરવું જોઈએ.' સ્વામીશ્રી બોલ્યા.

સાધુતાનો માર્ગ હોય કે વ્યાવહારિક માર્ગ – બંનેની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિગતો માટે સ્વામીશ્રીની ચીવટ ચોટદાર રહેતી. 'અક્ષરધામ'ના ભવ્યાતિભવ્ય ઘુમ્મટ પર મુકાનારા સુવર્ણ-કળશનું તેઓ જેટલું ધ્યાન રાખે, તેટલી જ બારીકાઈથી તેઓ ગામડાંગામના હરિમંદિર પર છાપરું પણ છંદાવે. આ બેય પલ્લાંને સમતોલ રાખે એવો સ્વામીશ્રી જેવો તુલાધાર ક્યાં મળે !

રહસ્યની વાત

ગાનાથી વિદ્યાનગર પરત ફરી રહેલા સ્વામીશ્રીએ એક પુરાણું સંભારણું વાગોળતાં ગાડીમાં કહ્યું :

'શાસ્ત્રીજી મહારાજ આણંદથી પુરુષોત્તમભાઈ પાસે ગાડું જોડાવે. એમાં બે-ત્રણ સંતો બેસે અને અમે પાછળ-પાછળ ચાલતાં જઈએ. એવી રીતે ગાનાથી આણંદ પણ ચાલતાં જતા. યોગીજી મહારાજના વખતમાં પણ લાગ આવે તો આગળ ચાલવા માંડીએ, પણ યોગીજી મહારાજ આગ્રહ કરીને ગાડામાં બેસાડી દે એટલે બહુ ચાલવાનું થાય નહીં.'

આમ, સ્મૃતિ-સડકે સરકતાં સરકતાં છાત્રાલયમાં પધારેલા સ્વામીશ્રીએ અત્રે નવા ભોજનાલયમાં ઠાકોરજી જમાડી તેને પ્રસાદીભૂત કર્યું. આજની સાયંસભા પણ અહીં જ યોજાઈ. તેમાં યુવાનોની જિજ્ઞાસાને વાચા આપતાં અખિલેશ્વરદાસ સ્વામીએ પૂછ્યું :

'બાપા ! છાત્રાલયના યુવકો પાસેથી આપ કઈ અપેક્ષા રાખો છો ?'

'વિદ્યાર્થીઓ સંસ્કારી બને, હોશિયાર થાય, જીવન સારું થાય અને અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન દેશ-વિદેશમાં ફેલાવે એ અપેક્ષા છે.' સ્વામીશ્રી બોલ્યા.

તે સાંભળી યુવકો વતી આવેલો બીજો પ્રશ્ન પુછાયો કે 'સ્વામી ! અમને સત્સંગ-પ્રવૃત્તિ સંબંધી જવાબદારી સોંપાતાં મગજ પર ટેન્શન રહે છે. જ્યારે આપ ઘણી જ પ્રવૃત્તિઓ અને જવાબદારીઓ હોવા છતાં હળવાફૂલ જણાઓ છો. આનું રહસ્ય શું ?'

'રહસ્યમાં એટલું જ છે કે આપણે કાંઈ કરતા નથી, ભગવાન કરે છે, શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ કરે છે. 'હું કરું છું' એવું થાય તો ટેન્શન વધે. આપણે જવાબદારી ઉપાડતા નથી, આપણે તો એમનો આદેશ ઉપાડીએ છીએ. આ એક જ વસ્તુ સમજાય એટલે બોજો જણાતો નથી.'

સ્વામીશ્રીના આ પ્રતીતિકર ઉત્તરથી સૌ હરખાઈ ઊઠ્યા. પરંતુ તેઓના અંતરની અમીરાતને ઉલેચવા યુવાનોનું વધુ એક કુતૂહલ રજૂ થયું કે 'બાપા ! અમારું સન્માન થાય ત્યારે 'વાહ, હું કેવો છું !' એમ થઈ જાય છે. આપના સન્માન વખતે આપ શું વિચારો છો ?'

'આપણે તો શેક્યો પાપડ ભાંગી શકીએ એમ નથી. સન્માન તો ભગવાનનું છે. એમની આજ્ઞા પાળીને રાજી કર્યા છે એટલે સન્માન એમને

લઈને છે. આપણને કોણ બોલાવે એમ છે? લોકોને કેમ રાજી કરી શકીએ એ ભાવના રાખીને, સદા સેવક બનીને કામ કરવાનું છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આજના એકેએક ઉત્તરમાંથી તેઓનું અતિ અમાની અને અસંગી સ્વરૂપ ઊપસતું રહ્યું.

સુખ-દુઃખે રહે મન સ્થિર રે

છાત્રાલયમાં સ્વામીશ્રી પધારે ત્યારે જાણે તેઓની દુનિયા છાત્રાલયના યુવાનો બની જતા અને એ યુવાનોની દુનિયા સ્વામીશ્રી. બંને એકબીજાને રાજી કરવા પ્રયત્નશીલ જણાય. તેથી અવનવા કાર્યક્રમોની હારમાળા ચાલે.

તે રીતે હજી હમણાં તો પેલી પ્રશ્નોત્તરી પૂર્ણ થઈ ત્યાં જ સ્વામીશ્રીનું સાયંભ્રમણ આરંભાયું. તેમાં યુવકોએ કીર્તનો રેલાવી આનંદ લૂંટ્યો. તે પૂરું થયું ત્યાં સ્વામીશ્રી જમવા બિરાજ્યા. તે વખતે પણ યુવકોએ હળવાશથી તરબતર રજૂઆતો કરી સ્વામીશ્રીને રીઝવ્યા. તેનો છેડો આવ્યો ત્યાં તો રાત્રે પોણા દસ વાગ્યે મંદિરના હૉલમાં સભાનું મંગલાચરણ થઈ ગયું.

આ સભામાં સ્વામીશ્રીને હિંડોળામાં બિરાજમાન કરવાની સૌ યુવકોને હોંશ હતી. સ્વામીશ્રીએ પણ તેઓને રાજી કરવા તેમાં સ્થાન સ્વીકારતાં જ કાર્યક્રમ શરૂ થયો.

પણ અચાનક જ એક અનિચ્છનીય બનાવ બની જતાં રંગમાં ભંગ પડ્યો.

ઉપરનાં કડેથી છૂટી હિંડોળો થયો ભોંયભેગો! તે સાથે સ્વામીશ્રી પણ બે-અઢી ફૂટ ઊંચેથી પટકાતાં ઊંધે માથે થઈ ગયા! યુવકો તો આ જોઈ હેબતાઈ જ ગયા. અફસોસ અને અરેરાટીથી સૌનાં હૈયાં ભરાઈ આવ્યાં. પણ સ્વામીશ્રીનું મુખ સુરેખ રહ્યું! તે પર ન નારાજગીની નિશાની, ન છોભીલા-પણાની છાયા, ન રોષની રેખા.

'કાંઈ નથી થયું... કાંઈ નથી થયું...' કહેતાં તેઓ તો સ્વસ્થતાથી ઊભા થઈ ગયા અને બોલ્યા: 'આપણે ઠાકોરજીનો અપરાધ કર્યો. આ હિંડોળાના દિવસોમાં ઠાકોરજી એમ ને એમ બેઠા અને આપણે હિંડોળે ચડી બેઠા એટલે એનું ફળ આપણને મળ્યું!'

અલબત્ત, સ્વામીશ્રી હિંડોળામાં બિરાજે તે પહેલાં ઠાકોરજી તે પર પધરાવેલા જ. પરંતુ યુવકોનાં અંતરને આજની દુર્ઘટનાનો ડંખ ન પીડે તે માટે સ્વામીશ્રીએ સઘળો દોષ પોતાના માથે ઓઢી લીધો.

તેઓની આ સમતા-મમતાને બિરદાવવા માટે યુવાનો પાસે કોઈ જ શબ્દો ન રહ્યા. તે સૌ મા જેવા માયાળુ સ્વામીશ્રીને સજળ નયને નિહાળી જ રહ્યા.

બુદ્ધિપૂર્વક જીવો

હિંડોળો તૂટ્યાની ઘટના બાદ પણ સંપૂર્ણ સ્વસ્થતા સાથે યુવાનોને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

"તમે બધા ભાવથી, પ્રેમથી અહીં આવ્યા છો તો તમે સારું ભણો, તમારા આરોગ્યની સાથે સંસ્કાર પણ સચવાય એ ધ્યેય અહીં છે. અમે તમને સિનેમા ન જોવાનો ને હૉટલનું ન ખાવાનો નિયમ આપીએ એમાં અમને ફાયદો નથી, તમને છે. તમને કંટાળો આવશે કે 'આ હું(શું) લઈ મંડ્યા છે?' પણ એમાં અમારા ગજવામાં એક પૈસો આવવાનો નથી. તમારું જ બચવાનું છે. માટે થોડો સંયમ રાખો. ઓછાં સાધનોથી જીવન જીવીને તમારાં મા-બાપને રાહત આપી શકો કે નહીં? એ બિચારા કેવી રીતે કમાતાં હશે એ વિચાર કર્યો છે?

માટે સમજણપૂર્વક ડગલું ભરો. હઈસો હઈસો ન કરો. અનાજ ખાઈએ છીએ, ધૂળ નહીં. બે-પાંચ વર્ષ સંયમ ન જાળવી શકો? અમારો આ ખાસ આગ્રહ છે. અમને એમાં કોઈ લાભ નથી. જરા વિચારો. એક રૂપિયો પણ મા-બાપનો વધારે શું કામ ખર્ચાવો જોઈએ? પાણીની માફક પૈસા ન વાપરો. પાણીની જેમ જીવન ન જીવો. બુદ્ધિપૂર્વક જીવો. અહીં ભગવાન અને સંતનું 'બૅકિંગ' (backing - પીઠબળ) છે. બીજે કોઈ પૂછશે પણ નહીં. પાંચ વર્ષ આપણા માટે જગત ન'તું એમ માનજો. આ આટલી ઓરડીમાં જ જગત છે, તો વિદ્યા સારામાં સારી વરશે."

યુવાનોના ઉત્કર્ષ માટે આ સંગીન ભાથું ભરી આપી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે હિંડોળો તૂટી ગયેલો, પણ તેઓ યુવાનોના હૈયાહિંડોળે ઝૂલી રહેલા.

ગોટાળાની ગમ્મત

વિદ્યાનગરથી સ્વામીશ્રી આણંદ પધાર્યા ત્યારે અત્રે બે દિવસના રોકાણ દરમ્યાન ગોપી થિયેટરમાં જ તેઓની સભા, પૂજા વગેરે કાર્યક્રમો સંપન્ન થયા.

તેની વચ્ચે થતી પધરામણીઓમાં સ્વામીશ્રી તા. ૧૦/૮ની સવારે 'પટેલ ટ્રેક્ટર કંપની'ના શૉ રૂમમાં પગલાં કરવા ગયા તે વખતે આ કંપનીના

માલિકોએ એક નવું ટ્રેક્ટર સંસ્થાને ભેટ ધર્યું. સૌની ઇચ્છાથી સ્વામીશ્રીએ તે વાહનની 'સીટ' પર બેસીને તેનું પૂજન કર્યું.

આ અરસામાં સ્વામીશ્રીને આંખો આવેલી; છતાં પત્રોનું લેખન-વાંચન, પધરામણી, કથા-સભા વગેરે કોઈ કાર્યક્રમમાં ઓટ આવવા ન દેનારા તેઓ તા. ૧૧/૮ના રોજ શાસ્ત્રીજી મહારાજની પ્રાસાદિક રેવનદાસની ખડકીમાં પધાર્યા. અત્રે મથુરભાઈએ અર્પણ કરેલી મંદિરના પાછળના ભાગની જમીન પર પુષ્પો પધરાવી સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઓરડામાં બિરાજતાં જ સ્મૃતિઓમાં ગરકાવ થઈ ગયા.

પ્રથમ તો તેઓએ મકાનની ભૂગોળ સમજાવી કે 'અહીં આગળના ભાગમાં ભંડાર હતો. ત્યાં અમે રસોઈ કરતા અને ઓસરીમાં સભા થતી. ઉનાળાના સમયમાં છાપરાં એવાં તપે કે રહેવાય નહીં. એટલે શાસ્ત્રીજી મહારાજ સૂઈ જાય ત્યારે અમે તળાવને સામે કિનારે આવેલા હનુમાનના મંદિરે જઈને સૂઈ જઈએ.'

તે પછી એક સ્વપ્રસંગ જણાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

''અહીં મને નિર્ગુણ સ્વામીએ ટપાલની ટિકિટ ચોંટાડવા આપી હતી. તેમાં મારાથી કંઈક ગોટાળો થયો એટલે તેઓ શાસ્ત્રીજી મહારાજ પાસે જઈને ખિજાયા કે 'આ જોયો તમારો શાસ્ત્રી! બારનું ચોથ સમજતો નથી ને મોટો શાસ્ત્રી થવાનો છે.' સ્વામી કહે, 'હા, હા. એ જ શાસ્ત્રી થવાનો છે. તમે જોયા કરજો.''

સ્મૃતિઓનો આ રસથાળ પીરસી સ્વામીશ્રીએ સૌને તૃપ્ત કરી દીધા.

આવા શોખ કરવા નહીં

આણંદથી વિદાય લઈ સ્વામીશ્રી બાકરોલ, બોરિયાવી, ડભાણ, ખેડાને પાવન કરતાં તા. ૧૨/૮ની રાત્રે અમદાવાદ પહોંચ્યા ત્યારે સૌએ ગગનભેદી જયનાદોથી તેઓને આવકાર્યા.

આ પ્રેમ ઝીલતાં સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરી ગુરુશિખરે પધાર્યા ત્યારે અહીં યોગીજી મહારાજના શિખરમાં મૂર્તિ આગળ ટેબલ મૂકી પૂજારીએ સ્વામીશ્રીની છબી પણ પધરાવી હતી. તે જોતાં જ સ્વામીશ્રી કડક સ્વરે બોલ્યા : 'જુઓ, પાછી આ બીજી દૃષ્ટિ ઘાલી. અહીં આની શું જરૂર છે? આવા શોખ કરવા નહીં. એક વખત સમજી રાખવું કે આવું ગમતું નથી, પછી ન કરવું.'

ઊગતો સૂર્ય પણ છાબડે ન ઢંકાય તો મધ્યાહ્નને પહોંચેલો તો શેં છૂપો રહે? છતાં ગુરુપદે બિરાજ્યાનાં સોળ-સોળ વર્ષ પછીયે સ્વામીશ્રી મંદિરનાં શિખરોમાં પોતાની છબી મુકાય તેને આમ વખોડતા રહેલા. પોતાને *'દાસ દાસનો દાસ હું...'* સમજતા તેઓનો વિનમ્રભાવ માનવીય મગજથી સમજાય તેવો નથી.

તેથી જ પૂજારી પૂછી બેઠા : 'તો બાપા! અહીં આપના સિવાય બીજી કઈ મૂર્તિ પધરાવવી?'

આ પૂછપરછના પ્રત્યુત્તરમાં પુણ્યપ્રકોપ ઠાલવતાં સ્વામીશ્રી બોલ્યા : 'તમારે કહે એટલું જ કરવું. ખબર પડે છે – આ બીજી શોભાઓ કરવા જતાં મૂળ શોભા ઢંકાઈ જાય છે? બીજી-બીજી શું કરો છો? આ યોગીજી મહારાજની મૂર્તિ કઈ છે ત્યારે? એક હોય પછી બીજી મૂકવાની જરૂર શું?'

આવતાંવેંત ગુરુભક્તિની આ પ્રસાદી ચખાડી સભામાં પધારેલા સ્વામીશ્રીએ અત્રે ભક્તોની ભક્તિ બિરદાવતાં કહ્યું :

''કોઈ એવું કહે ખરા કે 'આય પથરા પગ પર?' તેમ આ સત્સંગ કરવો અઘરો છે. સત્સંગનો ભીડો વેઠવો એમાં કેડના મંકોડા તૂટી જાય, પણ જીવમાં આ સાચું મનાયું છે તો 'આય પથરા પગ પર' થાય છે. જીવમાં મહિમા છે તો આ લાભ લેવાય છે.''

સત્સંગની સેવા કરતા ભક્તો માટે સ્વામીશ્રીને જેવી મહિમાદૃષ્ટિ એવી જ તપસ્વી સંતો પ્રત્યે. તેથી જ આજે સભામાંથી ઉતારાના ઓરડે જતાં-જતાં તેઓએ તપ્તકૃચ્છ ચાંદ્રાયણ કરનારા સંતોને ભેટી રાજીપો વરસાવ્યો.

સેવકજનના રાખનહાર

તા. ૧૩/૮ની સવારે સ્વામીશ્રી મંદિરના પ્રાંગણની લૉનમાં પ્રાતઃભ્રમણ માટે પહોંચ્યા ત્યારે હજારો હરિભક્તો દર્શન માટે ગોઠવાઈ ગયેલા. તેઓના પ્રણામ ઝીલતાં ઝીલતાં સ્વામીશ્રીએ વૉકિંગનો એક આંટો પૂરો કર્યો. તે દરમ્યાન તેઓની ચકોર નજર એ પણ પારખી ગઈ કે 'લૉન તાજી કાપેલી છે.' તેથી સાથે ચાલતા એક સંતને તેઓએ કહ્યું : 'જુઓ તો, આ લૉન વાગે છે?'

'થોડી વાગે છે.' તપાસ કરી તે સંતે જણાવ્યું.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'લૉન અત્યારે કપાતી હશે? ચાર-પાંચ દિવસ પહેલાં કાપી નાંખવી જોઈએ.'

હરિભક્તોને લીલું ઘાસ પણ ન ખૂંચે તેની દરકાર લેનારા સ્વામીશ્રી પોતાના આશ્રિતોને બીજી તો કઈ આંચ આવવા દે ! તેઓની આ સંભાળ જોઈ આજે પ્રભાતનાં પુષ્પો પણ મલકાઈ ઊઠ્યાં, સત્સંગીઓના ચહેરાની જેમ જ.

સ્નેહની આ સડકે સતત ગતિશીલ સ્વામીશ્રીએ આજે નિત્યક્રમથી પરવારી મંદિરના ભોંયરામાં તૈયાર થયેલા પ્રકાશન વિભાગના નૂતન કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું. અહીં 'પ્રકાશનો દ્વારા અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન બધે ફેલાય' એવો સંકલ્પ કરી વિદાય થયેલા તેઓના સાંનિધ્યમાં આજની રાત્રે યોજાયેલી સંતસભા પ્રશ્નોત્તરીથી રસપ્રદ બની રહી.

તેમાં સ્વામીશ્રીને એક પ્રશ્ન પુછાયો કે 'આપને કઈ ઋતુ ગમે ?

'વસંત.'

'શાથી ?'

'શાસ્ત્રીજી મહારાજ આ ઋતુમાં પ્રગટ થયા એટલે !' સ્વામીશ્રીએ જણાવ્યું. તેઓના ગમા-અણગમામાં ગુરુનો સંબંધ જ મુખ્ય રહેતો.

અમને તો કોઈ પ્રશ્ન થયો નથી

તા. ૧૪/૮ની સવારે અલ્પાહાર માટે બિરાજેલા સ્વામીશ્રીએ સામે બેઠેલા મુકુંદચરણદાસ સ્વામીને જોઈ કહ્યું : 'લો, ડૉક્ટર ! નાડી જુઓ.'

આ આજ્ઞા થતાં એ સંતે નાડી-પરીક્ષણ કર્યું ત્યારે તે નિયમિત જણાઈ.

તેથી સ્વામીશ્રી બોલ્યા : 'બસ ! તમારીયે નાડી બરાબર રહે ને અમારીય બરાબર રહે.'

'બાપા ! આપની તો બરાબર જ છે. અમારી બરાબર નથી રહેતી.'

'કથા અને સેવા કરો એટલે બરાબર રહે જ.'

અધ્યાત્મ અને આરોગ્યનો આ સંબંધ સંભળાવી સ્વામીશ્રી આજની સાયંસભા બાદ ઉતારામાં પ્રવેશી રહેલા ત્યારે એક સંતે સહજભાવે તેઓને પૂછ્યું : 'કેમ, ફાવે છે ને ?'

'અમને તો આવ્યા ત્યારથી ફાવેલું જ છે. કોઈ પ્રશ્ન થયો નથી. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા એટલે બધું ફાવેલું છે. બાકી કાંઈ ફાવે એમ નથી.' સ્વામીશ્રીએ કહ્યું.

સમુદ્રમાં તરંગ ન ઊઠે તે કેવું આશ્ચર્ય ! તેમ જેમાં કોઈ જ પ્રશ્ન ન ઊઠે તે જીવન પણ આશ્ચર્ય જ ! આવું આશ્ચર્ય સ્વામીશ્રી રોજેરોજ જીવતા હતા.

મારા ગુરુભાઈઓ

તા. ૧૯/૮ની રાત્રે સ્વામીશ્રી સમક્ષ યોજાયેલી સંતસભામાં ઊડેલા ગમ્મત-ગુલાલથી રંગાયેલા સંતોએ પૂછ્યું: 'બાપા! શાસ્ત્રીજી મહારાજના વખતમાં આવી રમૂજ થતી?'

'બહુ જ થાય. એમ તો સ્વામી રસિયા વા'લમ ખરેખરા! પણ આવી ગોઠવણીઓ ન થાય.'

'આપની સાથે રમૂજ થતી?'

'અમારે રમૂજ ક્યાંથી હોય?'

'બરાબર છે. એ પણ બ્રહ્મ ને આપ પણ બ્રહ્મ. એટલે...'

'બ્રહ્મની વાતો તે દા'ડે નહીં, પણ આપણે સેવક. નાના સંત ખરા ને! એટલે રમૂજ જોઈએ, સાંભળીએ.' સ્વામીશ્રી બોલ્યા.

રમૂજનો રાગ આમ છેડાઈ રહેલો તે વખતે જ કો'કે સૂર બદલતાં પૂછ્યું: 'સ્વામી! શાસ્ત્રીજી મહારાજને આફ્રિકા જવાનો આગ્રહ ખરો?'

'જરાય નહીં. નિર્ગુણ સ્વામીનેય 'ના' પાડી હતી. સ્વામી કહેતા, 'જોગી મહારાજ આવશે.' પછી યોગીબાપા પધાર્યા ને દેશ-પરદેશ ડોલાવ્યા. આપણા માટે માર્ગ કરી આપ્યો.'

આમ કહેતાં સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના સંતોનું યશોગાન કરવા લાગ્યા કે –

''સંતો જૂના ભણેલા નહીં. પરંતુ શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ એવો એટલે બુદ્ધિ-શક્તિ અહીં ખીલે. બાકી બહાર જાય તો બધી બહેર મારી જાય. થોડા સંતો, પણ કામ બહુ કરે. દરેકને એક જ તાન – 'સ્વામીને રાજી કરવા છે.' ભીડો પડે કે ગમે તે પડે. ઉત્સાહ એવો કે રોટલો ને છાશ મળે તોય વાંધો નહીં. જે મળ્યું એ, પણ સેવા કરવી એટલે કરવી. મનચોર નહીં. 'માંદા થઈશું ત્યારે આપણું કોણ?' એવો વિચાર નહીં. પદાર્થ ભેગા કરવા એવો કોઈ સંકલ્પ નહીં.

અક્ષરસ્વરૂપદાસ પૂજારી હતા ત્યારે ઠાકોરજી આગળ કો'ક દાગીનાની કોથળી મૂકી ગયું. તેની જાણ તરત સ્વામીને કરી દીધી. સ્વામી બહુ રાજી થયા. ગોંડલના લીંબાસીવાળા ડોસા(ભક્તિપ્રિય સ્વામી) એવા ત્યાગવાળા કે દાળ પીને રહે અને ઊતરેલાં ધોતિયાં પહેરે. શાસ્ત્રીજી મહારાજ પોતે દાંડિયું કરતા. દરેકનો મંદિરને વધારે સેવા આપી શકીએ એવો ધ્યેય. બધા સંતો બધી

સેવામાં ચાલે. કાયમી જોડ કોઈને નહીં. સમૈયા થાય ત્યારે (સેવાની) બદલાબદલી ચાલે. સ્વામી કહે એ પ્રમાણે તંત્ર ચાલે. બધી સેવા સરખી.

આપણે અહીં અધિકાર માટે ક્યાં આવ્યા છીએ ? સાચે ભાવે સેવા કરી હોય એને કોઈ મુશ્કેલી આવી નથી.''

સંસ્થાના પાયામાં પોતાનાં માથાં ધરનારા 'ગુરુભાઈઓ'ની ગુણગંગા સ્વામીશ્રીએ વહાવી દીધી. તેથી સૌનાં અંતર અસ્મિતાથી તરબતર થઈ ગયાં.

રામ સરીખા વરસાદ આપો

આ વખતે અમદાવાદ પધારેલા સ્વામીશ્રી પ્રથમ સભામાં જ બોલેલા : 'શ્રાવણ મહિનો ઉત્તમ. અમદાવાદને આ લાભ મળ્યો. આયોજન સારું કર્યું છે...' આ મુજબ અહીં કથા-પારાયણો, સેવા-ઉત્સવો વગેરેનો લાભ સૌ ઉત્સાહથી લેતા. મૂર્તિઓના શણગાર પણ રોજરોજ નવીન રહેતા.

તે ક્રમમાં તા. ૨૨/૮ના દિવસે ગુણાતીતાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીને સાધુના સ્વાંગમાં સજ્જ કરાયેલા. આ જોઈ રાજી થયેલા સ્વામીશ્રી અહોભાવમાં બે હાથ પહોળા કરી *'સંત બડા પરમારથી, જાકા મોટા મન; તુલસી સબ કો દેત હૈ, રામ સરીખા ધન...'* સાખી બોલ્યા.

પછી કહ્યું : 'બીજું તો આપો, પણ અત્યારે રામ સરીખા વરસાદ આપો.' એમ કહીને સ્વામીશ્રી બધી જ મૂર્તિઓનાં ચરણોમાં ગુલાબ ચઢાવવા લાગ્યા.

સમાજનું દુઃખ તેઓને કેટલું કનડતું હશે તે આ શબ્દ અને ક્રિયા પરથી સ્પષ્ટ થઈ ગયું ! સ્વામીશ્રી પોતા માટે નહીં, પણ અન્ય માટે જ પ્રાર્થના કરતા રહેતા.

આ ભાવ સાથે મૂર્તિઓ સમક્ષ પુષ્પો પધરાવી રહેલા તેઓએ જોયું તો નાની ચલમૂર્તિને ધરાવેલા હારમાં ગૂંથાયેલાં હજારીનાં મોટા ફૂલોને કારણે ઠાકોરજીનું નાનું મુખ ઢંકાઈ જતું હતું. તેથી સ્વામીશ્રીએ નીચા ઝૂકીને મુખદર્શન વ્યવસ્થિત થાય તે રીતે હાર ગોઠવી દીધો.

તેઓની આ ચેષ્ટા નાની-શી હતી, પણ તે *'ભાવથી પ્રભુને ભજનારા...'* તરીકે સ્વામીશ્રીની વિરાટ છબી ઉપસાવી ગઈ.

આપણું નામ આત્મા અને ગામ અક્ષરધામ

તા. ૨૨/૮ની રાત્રિસભામાં ગવાયેલા કીર્તન *'શીદને રહીએ*

કંગાલ...'નું ચોટદાર નિરૂપણ કરતાં સ્વામીશ્રીએ કહ્યું:

"ઝાડ નીચે બેઠા પછી 'છાયો મળશે કે નહીં?' એવા વિચાર કરે એ કેવો કહેવાય? એમ મહારાજ મળ્યા પછી ક્ષુલ્લક વિચારો ન કરવા. *'ખામી ન રહી એક વાલ...'* વાલને સમજો છો? છ ચોખાનો ભાર એટલે એક રતિ. ત્રણ રતિએ એક વાલ. સોળ વાલે એક ગદિયાણો. બે ગદિયાણે એક તોલો. આપણે વાલનીયે ખામી ન રહી. આપણે સંતોનાં વચને નાદસૃષ્ટિમાં આવ્યા, એટલે નવો જન્મ થઈ ગયો.

આપણું નામ આત્મા અને ગામ અક્ષરધામ. બ્રહ્મ હમારી જાત. જે છે એ અહીં છે. જ્યાં ગુણાતીત બિરાજે છે ત્યાં બધું જ છે. માટે વિષયનાં માથાં કાપીને સુખિયા થઈ જવું. આપણે જે પરંપરાના છીએ એમની આ અનુભવની વાતો છે. માટે બુદ્ધિમાં બેસે કે ન બેસે તોય સાચી છે. ઊલટી થયા પછી ધૂળ જ વાળવાની હોય. આપણે કૂતરાની નાતમાં ભળવું નથી. ગમે ત્યારે આ ભગવાનનું સુખ મળશે. આજે નહીં તો કાલે. છેલ્લે શ્વાસે પણ મળશે એ નક્કી છે."

સ્વામીશ્રીએ આજે સૌને અનેરી આધ્યાત્મિક અમીરી બક્ષી દીધી.

અત્યારેય એવા ને એવા જ છે

તા. ૨૪/૮ના રોજ જયશંકર સુંદરી હૉલમાં યુવક મંડળે યોજેલા વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમમાં આનંદ આપી મંદિરે પરત ફરેલા સ્વામીશ્રીએ તા. ૨૫/૮ની સાયંસભામાં મહિમાનો મેઘ વરસાવી દીધો કે –

'મહિમા હોય તો મહારાજ હતા ત્યારેય સુખ હતું અને અત્યારેય સુખ છે. મહારાજ અત્યારેય એવા ને એવા જ છે. ગુણાતીત સંત દ્વારા દિવ્ય દેહે રહે જ છે. દેહ મૂકીને જેને પામવા હતા એ છતી દેહે મળ્યા છે, એ સમજાય તો અહો... અહો... રહે.'

આ સદુપદેશ સુણાવી સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે ખીચડીની વાતના પ્રસંગમાં તેઓએ જણાવ્યું: 'શાસ્ત્રીજી મહારાજ આમ તો તુવેરની ખીચડી જમતા. બીમારીમાં ખાસ મગની કરાવે. ઢીલું પ્રવાહી જેવું કરી દૂધ નાંખીને પી જાય.'

આ વિગતના અનુસંધાનમાં સ્વામીશ્રીને પૂર્વાશ્રમના ભોજનની વાત પુછાઈ ત્યારે તેઓ બોલ્યા: 'અમારે તો પહેલેથી તુવેરની ખીચડી જ થતી.

મગનું ચલણ તે દા'ડે નહીં.'

શૈશવની આ સ્મૃતિ વેરતા સ્વામીશ્રી તા. ૨૬/૮ની સવારે મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે જેઓને આંખો આવેલી એવા એક સંતને તેઓએ ગર્ભગૃહમાં જોતાં જ ટકોર કરી કે 'જેને આંખો આવી હોય તેણે ઠાકોરજી પાસે ન આવવું. ઠાકોરજીને આંખો આવી જાય.'

સ્વામીશ્રીના આ શબ્દોથી સૌને ભક્તિની નવી આંખ મળી. તેઓને મન મૂર્તિ એટલે શિલ્પ નહીં, પણ સાક્ષાત્ શ્રીહરિ. જો તેમ ન હોય તો આ વિચાર કેવી રીતે સંભવે?

'Very Nice' (ખૂબ સુંદર) ગોઠડી

તા. ૧/૯ની રાત્રે બાળસભા યોજાઈ હોવાથી બાળકો દ્વારા વાદન, કીર્તન, પ્રવચન, સંવાદ વગેરે આકર્ષક કાર્યક્રમોની હારમાળા ખડકાતી ચાલી. તેમાં બિરાજેલા સ્વામીશ્રીએ પણ એકેએક પ્રસ્તુતિને અદ્ભુત પ્રતિસાદ આપી બાળકોની સાથે સૌને હિલોળે ચડાવી દીધા.

તેથી ખુશખુશાલ બનેલા બાળ કલાકારો સભાના અંતે સ્વામીશ્રી સંગે ફોટો પડાવવા તેઓની આસપાસ ગોઠવાઈ ગયા. તે વખતે એ ચબરાક બાળકોએ પૂછ્યું: 'બાપા! પ્રોગ્રામ કેવો થયો?'

'Very nice.' (ખૂબ સુંદર.)

'તો કંઈ ઇનામ આપો.'

'જાઓ, અક્ષરધામ.'

'Promise?(ખરેખર?)'

આ સમયે ખાતરી ઉચ્ચારતા હોય તેમ સ્વામીશ્રીએ બાળકોના હાથમાં તાળી દઈ 'હા' કહી.

સૂર્ય અને પતંગિયાંની આ 'Very nice' ગોઠડીએ એવું આનંદદાયી વાતાવરણ સર્જી દીધું કે સભાસદો પણ તાળી પાડી ઊઠ્યા. સૌ બાળવિકાસની નવતર પ્રેરણા પામી વિદાય થયા.

નાથને મૂકું ના એક ઘડી

પ્રતિદિન પ્રાતઃપૂજા બાદ થતી કથાના ક્રમમાં તા. ૩/૯ની સવારે સ્વામીશ્રીએ 'ભગવાન જેવું કોઈ પદાર્થ નથી...' એ 'સ્વામીની વાત'નું

નિરૂપણ કર્યું. ત્યારબાદ તેઓ જ્યારે ઉતારે પધાર્યા ત્યારે આજની સભાના સંદર્ભમાં એક સંતે કડી લલકારી : *'જેમ ભમરી ભરે ભારે ચટકો...'*

'તો તરત ઊપડી જાય જી...' સ્વામીશ્રીએ એ જ લહેકામાં પૂર્તિ કરતાં ગાયું.

તે દ્વારા મુમુક્ષુઓને જાણપણું આપતા તેઓ તા. ૪/૯ની સવારે વાડજ મુકામે સાંકળચંદ બાપુની વાડીમાં પધાર્યા – મારુતિ વાનમાં બેસીને !

હા, એ વાહન હાંકનારાની ઈચ્છા સ્વામીશ્રીને પોતાની ગાડીમાં બેસાડવાની હતી. તે પૂર્ણ કરતાં સ્વામીશ્રી જ્યાં પહોંચ્યા ત્યાં સદ્‌ગત શ્રી વીરજીભાઈની અંતર્ધાનતિથિનો ઉત્સવ હતો. આ ગુરુ-મહારાજના શિષ્યોએ સ્વામીશ્રીને ભાવપૂર્વક આવકારી પૂજન કર્યું.

સ્વામીશ્રી પણ સૌને આશીર્વાદ આપી મંદિરે જવા ઊભા થયા, પણ રસ્તો જ જાણે રૂંધાઈ ગયો. ચરણસ્પર્શ માટે પડાપડી થઈ રહી. તેમાંથી માર્ગ કાઢતાં સ્વામીશ્રી માંડ માંડ બહાર પગથિયાં સુધી આવ્યા.

પરંતુ ત્યાં જ ઊભા રહી જઈ એકદમ હસી પડતાં પૂછ્યું : 'હરિકૃષ્ણ મહારાજ ક્યાં છે ?'

તેઓ જ્યાં આ બોલ્યા ત્યાં જ સેવકને ઠાકોરજી સાંભર્યા. તેઓથી તે મૂર્તિ સભાના આસન પર રહી ગયેલી. તેથી તે તરત લેવા માટે દોડ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આપણે આવું છે, ઠાકોરજી જ ભુલાઈ ગયા !'

જો કે તેઓ તો ભૂલ્યા જ નહોતા. ભીડ-ભીડામાં પણ તેઓએ રાખેલી સભાનતાથી ઠાકોરજી આવી ગયા. તે પછી જ સ્વામીશ્રીએ ચરણ ઉપાડ્યાં.

દુર્લભ ભગતને સુલભ થઈ મળ્યા

સતત ચોવીસ દિવસના લાભ બાદ તા. ૫/૯ના રોજ અમદાવાદના આંગણે આવી પહોંચેલા સ્વામીશ્રીના વિદાય દિને ગિરદી બેસુમાર બનેલી. મંદિરની ઈંચેઈંચ જગ્યાનો વપરાશ થઈ ગયો હોવા છતાં કેટલાય હરિભક્તો મંદિર બહાર રસ્તા પર ઊભા હતા.

આવી ભરચક મેદનીના હિલોળામાં પાંચેક વર્ષનો એક બાળક હાથમાં ગુલાબના ફૂલ સાથે ટલ્લે ચડેલો. આમથી ધક્કો આવે તો આમ ખેંચાય અને તેમથી ધક્કો આવે તો તેમ ફંગોળાય; છતાં ઝીંક ઝીલતો તે જ્યાં ઊભો હતો ત્યાંથી આઘાપાછા ન થવાય તેની તકેદારી રાખી રહેલો. ગિરદીમાં જાત

કરતાંય વધુ જતન તે હાથમાં રહેલા ગુલાબનું કરતો હતો, કારણ કે એ ગુલાબ તે પોતાને વહાલા સ્વામીબાપાને આપવા લઈ આવેલો.

પરંતુ થોડી વારમાં જ ઉતારામાંથી બહાર પધારેલા સ્વામીશ્રીનાં દર્શનથી ભક્તોના ભાવસાગરમાં ભરતી ચડી. એનાં ઊછળતાં મોજાંમાં પેલો નાનકડો બાળક તો ક્યાંય ગરક થઈ ગયો. જ્યારે સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન માટે ધીરે ધીરે મંદિર ભણી ડગ માંડવા લાગ્યા ત્યારે પેલો બાળક દાંત ભીંસીને, હાથને આઘાપાછા કરીને, બે વ્યક્તિઓની વચ્ચેથી ડોકું કાઢી આગળ આવવા પુનઃ પ્રયત્નશીલ બન્યો; છતાં તેનો કોઈ ગજ વાગી રહેલો નહીં. ડૂબતો માણસ મહામહેનતે માથું બહાર લાવે ને વળી પાછો પાણીમાં ઊતરી જાય, તેમ એ બાળક માંડ ડોકું બહાર કાઢે ત્યાં વળી તેને ગિરદી ગળી જતી હતી.

પરંતુ તેની આ મથામણ આટલી ભીડમાંયે સ્વામીશ્રીથી અજાણી ન રહી. હૃદયના ભાવને ઝીલતું તેઓનું 'અંતર-ઍન્ટેના' અતિ સંવેદનશીલ હતું. ભરચક ભીડમાંયે જણ-જણની ગતિવિધિ નોંધતી રહે એવી તેઓની નજર અતિ સૂક્ષ્મ હતી. તેથી સ્વામીશ્રી એ બાળક પાસે સામેથી ગયા અને તેનું ગુલાબ અંગીકાર કર્યું. આ જોઈ એ બાળકનું મુખ તો ગલગોટાની જેમ ખીલી ગયું.

સ્વામીશ્રી તેને પ્રાસાદિક ફૂલ પરત કરી આગળ વધ્યા ત્યારે એ બાળક જ નહીં, પણ સૌની હૈયાભૂમિ પર સ્વામીશ્રીની છાપ વજ્રલેખાની જેમ અંકાઈ ગઈ.

સૌ ગાઈ રહ્યા : *'દુર્લભ ભગતને સુલભ થઈ મળ્યા, વાંછિત ફળ દિયો અંતરજામી...'*

સાધુતા આવે એવા આશીર્વાદ માંગવા

અમદાવાદથી નીકળેલા સ્વામીશ્રીએ તા. ૫/૯ની રાત્રિ વલ્લભીપુરમાં બે ઓરડાના નળિયાંવાળા મકાનમાં વિતાવી. બીજા દિવસની સવારે પ્રાતઃપૂજા માટે પણ અહીં પાટની ગોઠવણ ન થતાં તેઓએ ભોંય પર પલાંઠી વાળી પૂજા પૂર્ણ કરી.

જે વ્યવસ્થામાં જીવન વર્ષોથી ગોઠવાઈ ગયું હોય તે ન મળે ત્યારે અનુભવાતો કચવાટ માનવીની મુખરેખાઓ વ્યક્ત કરતી રહે છે, પરંતુ સ્વામીશ્રીમાં તે લેશ જોવા ન મળતું. જે વ્યવસ્થા મળે તેમાં તેઓ વર્ષોથી 'સેટ' થયેલા જણાતા.

આ રીતે તા. ૬/૯ની સવારે પ્રાતઃપૂજા કર્યા બાદ સ્વામીશ્રી પચ્છેગામ જવા નીકળ્યા. આ માર્ગ હતો કાચો અને વાહનમાં હતી ખુલ્લી જીપ. તેથી આખે રસ્તે સ્વામીશ્રીને ધૂળનો લાભ સારો મળ્યો.

પચ્છેગામમાં સ્વામીશ્રી પહેલી જ વાર પધારતા હોવાથી ભક્તોએ ધામધૂમથી સ્વાગત કર્યું. જૈન મહાજન વાડીમાં જાહેર-સભા પણ ચિક્કાર રહી.

આ સભા બાદ માતાજી તથા મુરલીધર મંદિરમાં દર્શન કરી સ્વામીશ્રી રામપર, ટીંબા, ધોળા, રંઘોળા, માંડવાને પાવન કરતાં દામનગર પધાર્યા ત્યારે આજના એક દિવસમાં તેઓએ ખેડેલું આ આઠમું ગામ હતું.

પરંતુ દામનગરના ભક્તોને આ ભીડાની ક્યાં ખબર હતી? તેથી તેઓએ તો રાત્રે સવા આઠ વાગ્યે ખુલ્લી જીપમાં સ્વામીશ્રીની નગરયાત્રા કાઢી. આ આયોજનમાં ભળી સૌને રાજી કરતાં સ્વામીશ્રી રાત્રે બાર વાગ્યે આરામમાં પધાર્યા.

આ યોગનિદ્રા તજી તેઓ તા. ૭/૯ની સવારે પરવાર્યા ત્યારે સામશ્રાવણી નિમિત્તે યજ્ઞોપવીત-પરિવર્તનનો વિધિ યોજાયો. તેમાં આશીર્વાદ મંત્રના ઉચ્ચારણ વખતે વિધિ કરાવનારા સંત રૂઢિગત બોલાતા શ્લોકો મુજબ 'ૐ श्रीर्वर्चस्वमायुष्यं धान्यं धनं बहुपुत्रलाभं शतसंवत्सरं दीर्घमायुः' બોલ્યા, જેનો અર્થ થાય - વર્ચસ્વ, દીર્ઘાયુષ્ય, ધન, ધાન્ય, બહુપુત્રલાભ વગેરે મળો.

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે ધન, ધામ, બહુપુત્રલાભથી શું લાભ? માટે આપણામાં સાધુતા આવે એવા આશીર્વાદ માંગવા.'

સ્વામીશ્રીને મન કિંમત સાધુતાની. તેથી તેના જ વિચારોમાં તેઓનું મન રાચતું રહેતું. અનેક વિક્રમો સ્થાપ્યા પછી, અનેક ઇલ્કાબો મેળવ્યા પછી, અઢળક આદર પ્રાપ્ત કર્યા પછી, અનેક સિદ્ધિઓ હાંસલ કર્યા પછી પણ સાધુતાની વાત સ્વામીશ્રીના મનમાં બીજા ક્રમાંકે ખસી નહોતી.

સદા સ્વધર્મ માંહી છે મતિ

તા. ૭/૯ના રોજ દામનગરની નગરપાલિકાનું સન્માન સ્વીકારી સ્વામીશ્રી ઠાસાને પાવન કરતાં તા. ૮/૯ની સાંજે વેળાવદર પહોંચ્યા.

અત્રે સીમમાં જ હારતોરા દ્વારા ભક્તોનો ભાવ સ્વીકારી તેઓ જે જાહેર-સભામાં પધાર્યા તેમાં માઇકની વ્યવસ્થા ઠીક ન હોવાથી ઘણી વાર સુધી તો ધૂનગાન જ ચાલ્યું. તેથી લંબાયેલી સભા રાત્રે પોણા બાર વાગ્યે પૂર્ણ થઈ.

તે પછી બાર વાગ્યે કનુભાઈ પોકળને ઘેર રખાયેલા ઉતારે પહોંચેલા સ્વામીશ્રી અત્રે જાંબુના વૃક્ષ નીચે બિરાજી ચેષ્ટાગાનમાં પરોવાયા. આ આહ્નિકથી પરવારી તેઓ રાત્રે સવા વાગ્યે બહાર ચોકમાં જ નિદ્રાધીન થયા! આમ, ભીડો વેઠીનેય ભક્તોને રાજી કરતા સ્વામીશ્રી અહીંથી ગઢડા પધાર્યા.

અત્રે તેઓ તા. ૧૦/૯ની સાંજે પ્રાસાદિક સ્થાનોનાં દર્શને નીકળ્યા. આ ક્રમમાં સ્વામીશ્રી પૂનમિયા કૂવે આવ્યા તે વખતે જ એક મુમુક્ષુ પોતાની સાથે ત્રણ-ચાર વર્ષની ઉંમરનાં બે બાળકોને લઈ આવી પહોંચ્યા.

તેઓને જોઈ સ્વામીશ્રી કહે: 'લાવો, કંઠી પહેરાવીએ.'

આમ બોલતાં એ બેય શિશુઓનાં ગળાંમાં કંઠી આરોપી તેઓ જળ લઈ વર્તમાન ધરાવવા લાગ્યા. તેમાં પ્રથમ ઊભેલા બાળકના હાથમાં પાણી આપતાં પૂછ્યું: શું નામ?'

'સુરુભા.' જવાબ મળ્યો.

તેનો હાથ સ્વામીશ્રીએ પકડી જ રાખેલો ત્યાં બીજાને નામ પૂછ્યું. તે બોલે એ પહેલાં તો તેઓને લઈ આવનારા પેલા મુમુક્ષુ બોલ્યા: 'દેવકુબા.'

આ નામ સાંભળતાં જ સ્વામીશ્રીએ ઝાટકો અનુભવ્યો. વર્તમાન ધરાવવા લંબાયેલો તેઓનો હાથ તો પાછો ખેંચાઈ ગયો, પરંતુ વાણી પણ હરાઈ ગઈ હોય તેમ તેઓ સૂનમૂન બની ગયા. એ ગમગીની સાથે જ અહીંથી નીકળી સ્વામીશ્રી સીધા ઘેલાના ખળખળિયે પધાર્યા. અત્રે વસ્ત્રસહિત સ્નાન કરી તેઓ મંદિરે પહોંચ્યા.

અહીં સૌને ગળા સુધીની જે ખાતરી હતી તેમ જ થયું! સ્વામીશ્રીએ નિયમભંગના પ્રાયશ્ચિત્તરૂપે ઉપવાસ આરંભી દીધેલો. તેથી તેઓએ ભોજનને તો ઠેલ્યું, પણ ઔષધનેય ઠોકરે ચડાવ્યું. સૌએ સ્વાસ્થ્ય માટે ગોળી સાથે પાણી લેવા ખૂબ આગ્રહ કર્યો, પણ 'એક દિવસ દવા ન લઈએ તો મરી જવાના નથી' – આ દલીલ સ્વામીશ્રીની કાયમની રહેતી.

આજેય તેને જ આગળ ધરતાં સ્વામીશ્રી લેશ જળ-કણ મુખમાં મૂક્યા વિના જ પોઢ્યા. ધર્મપાલન સંબંધી તેઓની દૃઢતા હંમેશાં પર્વતપ્રાય રહેતી.

આપણે તો ઢબુ પૈસાના ઢ

તા. ૧૧/૯ના રોજ ગઢડાથી વિદાય લઈને નીકળેલા સ્વામીશ્રીએ ટાટમ તથા હામાપરને પાવન કર્યું. રસ્તામાં આવતાં આ બંને ગામોનાં

પાદરેથી તેઓ અત્યાર સુધી અનેક વાર નીકળ્યા હશે, પરંતુ ગામમાં પહેલી વાર પધરામણી આ વખતે થતાં ભાવિક ભક્તોએ તેઓને ઉષ્માભેર આવકારી લાભ લીધો.

આ લાભની ખાણ હવે સારંગપુરમાં ખૂલી ગઈ. આ પ્રાસાદિક ગામ વિષે સ્વામીશ્રીને *'મને વા'લું લાગે છે આ સ્થાન...'*નો ભાવ.

આ લાગણી સાથે તા. ૧૨/૯ની સવારે મંદિર-નિરીક્ષણ કરવા નીકળેલા તેઓ ફરતાં-ફરતાં હિસાબી કાર્યાલયમાં પધાર્યા. અત્રે સ્વામીશ્રી ટેબલ આગળ બિરાજ્યા ત્યારે સંતોએ કહ્યું : 'અહીં આપનું જૂનું મેજ પડ્યું રહેતું.'

'આપણું હવે કાંઈ રહ્યું નહીં. હવે તો બધું મોડર્ન. કોઠારી ભણેલા આવ્યા. ઈજનેર થયેલા. ઈંગ્લિશ ભણેલા. જ્યારે આપણે તો ઢબુ પૈસાના ઢ.' સ્વામીશ્રી બોલ્યા.

હકીકતે તત્કાલીન શોભાવંત સારંગપુરની જે કંઈ રોનક હતી તે તેઓ થકી જ હતી. ઈજનેર થયેલા સંતોએ પણ તેઓના વચને જ મૂંડાવેલું. છતાં પોતાના મુખે પોતાની અવહેલના કરવાનું સ્વામીશ્રીને સારું ફાવી ગયેલું.

આવા અહંશૂન્ય તેઓએ તા. ૧૪/૯ના રોજ જળઝીલણી એકાદશી ધામધૂમથી ઊજવી. આ વર્ષે જ નવો બંધ તૈયાર થયો હોવાથી ઉતાવળી નદીમાં જળની માત્રા પર્યાપ્ત હતી. તેમાં સ્વામીશ્રીએ ઠાકોરજીને પ્રેમપૂર્વક નવરાવ્યા. તેઓને પાંચ આરતીનાં અર્ઘ્ય વખતે બીજી, ત્રીજી અને ચોથી આરતીમાં તો સ્વામીશ્રી પોતે એકલા આરતી ગાતા રહ્યા અને અન્ય સંતો-ભક્તો પાસે વરસાદ અંગેની ધૂન જ કરાવ્યે રાખી.

ત્યારબાદ હવા દ્વારા ફૂલીને નૌકા આકારે તૈયાર થયેલી રેક્ઝીનની બેઠક પર તેઓને પધરાવી સંતોએ જળવિહાર કરાવ્યો. આ નૌકાને કિનારે કિનારે ચલાવીને સ્વામીશ્રીએ ભક્તો પર જળ છાંટી સૌને સ્મૃતિભીના કરી દીધા.[૬૦]

પરંતુ તેઓએ આજે કરાવેલી વરસાદ સંબંધી પ્રાર્થનાનો મહારાજે ત્વરિત ઉત્તર આપ્યો હોય તેમ તા. ૧૬/૯ની સાંજથી મેઘરવો મંડાઈ ગયો. તેથી સ્મૃતિમંદિરની પ્રદક્ષિણા પલળી જતાં સ્વામીશ્રીએ ઘુમ્મટ અને નૃત્ય-

---

૬૦. સારંગપુરમાં ઊજવાયેલા આ જળઝીલણી મહોત્સવ પ્રસંગે સ્વામીશ્રીએ આપેલા દિવ્ય લાભને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

મંડપમાં સાયંભ્રમણ કર્યું. ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજને પીઠ ન આવે તે રીતે ડાબા બારણે અઢેલીને પગથિયાં પર બિરાજી તેઓએ જ્ઞાનવાર્તા સંભળાવી. આ ક્રમ તા. ૧૭/૯ના રોજ પણ જારી રહ્યો.

આ દિવસે ચાલી રહેલા વાર્તાલાપમાં સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું: 'બાપા ! આપને પહેલેથી જ રસોઈ બનાવતાં આવડે ?'

'ના, અહીં આવીને શીખ્યો. ચાસણીનું કોઈ કામ કરવાનું થયું નહોતું. લાડુ, શીરો, રોટલા-રોટલી, પૂરણપોળી એવું બધું બનાવીએ. સાધારણ રીતે પાંચ-દસ માણસનું કરતા.' સ્વામીશ્રીએ કહ્યું.

*'રૂડી રીતે રસોઈ બનાવે, કળા ચોવીશમી તે કહાવે...'*ના વિષયમાં પણ પ્રવીણ હતા તેઓ.

શયનસ્મૃતિ

સારંગપુરની રજેરજમાં શાસ્ત્રીજી મહારાજનો વાસ. તેથી અહીં સ્વામીશ્રી પણ ગુરુસ્મૃતિમાં વિશેષ ગરકાવ રહે. કંઈક નિમિત્ત મળે કે તરત જ તેઓના મુખેથી શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ સરવા લાગે.

તે મુજબ તા. ૧૯/૯ના રોજ અલ્પાહાર વખતે સંતોએ કહ્યું: 'ખેંગારજીભાઈ વાત કરતા કે શાસ્ત્રીજી મહારાજ ગાડી આવવાને બે મિનિટ બાકી હતી ત્યારે પ્લૅટફૉર્મ પર ગાતરિયું પાથરીને સૂઈ ગયા.'

આ સાંભળતાં જ શાસ્ત્રીજી મહારાજની શયનસ્મૃતિમાં સરી પડેલા સ્વામીશ્રી બોલવા લાગ્યા:

"સ્વામીને ઊંઘનું સુખ સારું. તેઓ પહેલાં થર્ડ ક્લાસમાં મુસાફરી કરતા. એમાં ભીડ બહુ હોય. સ્વામી હંમેશાં બિસ્તરો સાથે રાખે. હંમેશાં બારી આગળ જ બેસે. જરાક જગ્યા થાય એટલે લાંબા થઈને સૂઈ જાય ને થોડી વારમાં નસકોરાં બોલાવવા મંડે. પહેલાં ટૂંટિયું વાળે, પછી પગ લાંબો કરીને સૂઈ જાય. સભામાં ને કથામાંય સૂવે. યોગીબાપા મરજાદી બહુ હતા. પાછળથી ઉંમર અને માંદગીને કારણે ભક્તો સગવડ કરી આપતા એટલે લાંબા પગે બેસવું, ઓશીકાં રાખવાં વગેરે જોવા મળતું.

શાસ્ત્રીજી મહારાજ તો સભામાં ત્યાં ને ત્યાં લાંબા થઈ જાય. ઓરડામાં સામાન્ય સભામાં તો સૂઈ જાય એ બરાબર, પણ સભામંડપમાં સભા થઈ હોય ત્યાં પણ સૂઈ જાય. પાછી ઊઠતાંય વાર નહીં.

દરરોજ રાત્રે ૧૧-૧૨ વાગ્યે શૌચ બાદ ના'વા જોઈએ. ના'યા પછી પાછું કામ ચાલે. પછી જેવી સભા ને જેવી વાત. પ્રસંગ સારો નીકળે તો બે કલાકેય વીતી જાય. કલાક તો ખરો જ...''

'તમને તે વખતે ઊંઘ ન આવે?'

'આપણે તો સેવક એટલે બેસી રહીએ.'

'સૂઈ જાઓ... સૂઈ જાઓ... એવું તમે કોઈ દિવસ કહેતા કે નહીં?'

'એવું આપણાથી કહેવાય જ નહીં ને! સ્વામીને રાત્રે વહેલામાં વહેલું સૂવાનું રાત્રે બાર વાગ્યે. બોચાસણથી સવારે પાંચ વાગ્યે ગાડી જાય. તેમાં જનારા હરિભક્તો દર્શન કરવા આવે. બધાને દર્શન આપે, મળે ને વળી પાછા સ્વામી સૂઈ જાય. રાતે વાતો કરતાં ત્રણ-ચાર વાગી જાય તોય સવારે ઊઠવામાં ફેર ન પડે...'

સ્વામીશ્રી આમ ગુરુહરિની લીલા ગાવામાં ગુલતાન હતા તે વખતે કોઈકે કહ્યું: 'બાપા! તમારેય સભા ચાલતી હોય ત્યારે સૂઈ જવું.'

'એવું આપણને ન ફાવે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ ગુરુ કરે એમ નહીં, પણ ગુરુ કહે એમ કરનારા!

ભગવાનને ગમ્યું એ સુઘડપણું

સ્વામીશ્રીના અંતરમાં ઊછળતી શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિઓ તા. ૨૧/૯ના રોજ તો આષાઢી મેઘની જેમ રેલાઈ રહી. આજે શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ હોવાથી તેઓ બરાબર વરસ્યા અને સૌનાં અંતરપાત્ર તથા ભોજનપાત્ર છલકાવી દીધાં.

તેઓની આ કરુણાવર્ષામાં ગામના છેવાડે રહેતા હરિજન બંધુઓ પણ બાકાત ન રહ્યા. ભલે તેઓ મંદિરે નહોતા આવ્યા છતાં સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને સૂચના આપી કે 'દૂધપાકનો પ્રસાદ હરિજનવાસમાં પણ બધાને વહેંચજો. દેવીપૂજકોને પણ જમાડજો.'

લાભની લહાણ કરવામાં તેઓને રાવ-રંક એકસમાન રહેતા.

તે રીતે જ આજની સાંજે સ્મૃતિમંદિરની પ્રદક્ષિણા ફરીને સ્વામીશ્રીએ *'સખી મેલી દે મનના મરોડને...'* કીર્તન પર અમૃતઝડી વરસાવતાં કહ્યું:

''મરોડ શું? વાંકાચૂંકા ચાલીએ એ. કહે ત્યારે વળ લે કે 'નહીં એટલે નહીં.' મોઢું મરડીને ઠૂંગા જેવું કરી બેસે. પણ કોને માટે આઘોપાછો થાય છે?

આપણા વગર પડી રહેવાનું છે ? આપણે આધારે ચાલે છે ? માટે જે આજ્ઞા કરે એમાં મંડી પડવું. આજીવન સેવા કરવી, એક દા'ડો નહીં. રિટાયર્ડની વાત નહીં. જીવતા કે મૂઆ, ભક્તિ જ કરવી છે.

આપણે શોભીએ છીએ એ આપણી બુદ્ધિ, શક્તિ કે આવડતથી નહીં; રૂપથીયે નહીં; ભગવાન અને સંતને રાજી કરીએ એટલા શોભવાના છીએ. ભગવાનના દરબારમાં આવ્યા એટલે શોભીએ છીએ. બાકી બહાર હોઈએ તો ભોજિયો પૂછે છે ? ગૃહસ્થ પણ ભગવાન અને સંતને લઈને શોભે છે. બહાર તો આપણા જેવા કેટલાય રખડતા હશે !

માટે ભગવાન બધી પ્રવીણતા આપે. પ્રવીણતા ન હોય તોય શોભી જાય. અહીં તો કથા કરે તોય આવડ્યું કહેવાય ને બગીચો કરે તોય આવડ્યું કહેવાય. માટે નાનપ ન માનવી. ભગવાનને ગમ્યું એ સુઘડપણું, માટે આનંદમાં રહેવું.''

સુણો પ્રગટ ચરિત્ર પવિત્ર

સારંગપુરના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી સમયે-સમયે પાળિયાદ, બોટાદ, સરવઈ, લાઠીદડ, કારિયાણી, ઝમરાળા અને તાજપુરને પાવન કરવા પહોંચ્યા. તા. ૨૫/૯ના રોજ તો તેઓએ સારંગપુરની 'યજ્ઞપુરુષ પ્રાથમિક શાળા'માં યોજાયેલા રમતોત્સવનું પણ ઉદ્‌ઘાટન કર્યું.

તેને અનુસરતા તેઓ આસપાસનાં ગામોની પધરામણીના ક્રમમાં તા. ૨૬/૯ની સાંજે ખાંભડા પધાર્યા.

અત્રે પીપરેશ્વર મહાદેવના સ્થાનમાં પૂજારી શ્રી સોમલગર ગોંસાઈને જોતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'સારંગપુરના મંદિરનો દરવાજો થતો ત્યારે તેઓ ત્યાં આવતા.'

ચાર દાયકા પહેલાંની આ ઇદં સ્મૃતિથી પૂજારી તો ભાવવિભોર થઈ ગયા અને સ્વામીશ્રી 'ખાંભડાપરા'નું નવું નામાભિધાન 'યોગીનગર' કરી સારંગપુર આવી પહોંચ્યા.

અહીં તા. ૨૭/૯ની સવારે તેઓ સ્મૃતિમંદિરના પરિસરમાં ઊભેલા પ્રાસાદિક ખીજડે દર્શન કરવા પધાર્યા ત્યારે તે વૃક્ષનો સ્પર્શ કરતાં જ એક મંકોડાએ સ્વભાવ ઝળકાવ્યો.

તે સ્વામીશ્રીના જમણા હાથની તર્જનીના ટેરવે ચોંટીને લોહીની ધાર

ટપકાવતો નીચે પડ્યો. છતાં મધુર સ્મિત વેરતાં સ્વામીશ્રી તેની પર અમીદૃષ્ટિ વરસાવી રહ્યા. *'નહીં અંતરમાં અકળાવું...'* એ તેઓનું આજીવન વ્રત હતું.

તેની સાથે સૌના મનોરથો પૂર્ણ કરવાની પણ સ્વામીશ્રીની ટેક-ટેવ.

તેથી જ સારંગપુરમાં કાર્યરત સંગીત વિદ્યાલયના સંતોએ તા. ૨૯/૯ના રોજ વિવિધ વાદ્યો વગાડતા સ્વામીશ્રીની તસવીરો લેવા ગોઠવેલું આયોજન સફળ રહ્યું. સ્વામીશ્રીએ વિધવિધ ભાતનાં વાજિંત્રોમાંથી સૂર રેલાવી સૌના અંતરતાર રણઝણાવી દીધા. તેથી ઉત્સાહિત થયેલા સૌએ આજે ગૌશાળાની મુલાકાતે પહોંચેલા સ્વામીશ્રીને ભેંસ દોહવાની વિનંતી કરતાં સ્વામીશ્રીએ તે સંકલ્પ પણ પૂરો કરી સૌને રાજી કર્યા !

આમ, અનેક સ્મૃતિઓના સરવાળા માંડી આપતા તેઓ તા. ૩૦/૯ની સવારે સારંગપુરથી વિદાય થઈ વાઢેળા, નાવડા, બરવાળા, અડવાળ અને ચચાણાને પાવન કરતાં અચારડા પધાર્યા.

અહીં તા. ૩/૧૦ની સવારે અક્ષરવાસી ગોવુભાના ઘેર પગલાં કરવા ગયેલા સ્વામીશ્રીએ છેક ગમાણમાં જઈ ગાયો-બળદોને પણ આશીર્વાદ આપ્યા !

જેઓના વિચરણનો પનો ગમાણથી ગવર્નર હાઉસ સુધી પથરાયો હોય તેવા કદાચ તેઓ એકમાત્ર સંત હશે.

આવા સ્વામીશ્રી અચારડાથી મોજીદડ થઈને નવાગામ પહોંચ્યા.

અહીંના હરિભક્ત શ્રી મકનભાઈના શ્વાસ અટકવાને આરે હોવાથી તેઓનાં ધર્મપત્નીની ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી પધારીને ધણીનો અંતકાળ સુધારી દે તો સારું !'

એક ભક્તહૃદયના આ આર્તનાદને પ્રતિસાદ આપતાં સ્વામીશ્રી આજે આવી જતાં તે બાઈ કૃતકૃત્ય થઈ રહી. મર્યાદા સાચવનારા સ્વામીશ્રી ભક્તોનાં ટાણાં સાચવવામાં પણ ઊણા ન ઊતરતા.

વિચરણના વ્રતધારી

નવાગામથી નીકળેલા સ્વામીશ્રી પાંદરી, લીંબડી, મેમકા, સુરેન્દ્રનગર થઈને જાયવા પધાર્યા ત્યારે અહીં તા. ૬/૧૦ની સવારે સુરુભા જાડેજાના ઘેર જાગ્યા બાદ તેઓએ સ્વપ્નની વાત માંડતાં કહ્યું :

''સભા ભરાઈને બેઠી હતી. ખુલ્લી અને મોટી જગ્યા હતી. યોગીબાપા પણ બેઠા હતા. દૂર એક ભક્ત કો'ક છોકરાંને ખખડાવતા હતા. એટલે

સ્વામીએ મને કહ્યું કે 'તમે જરા એને કહો કે આવું ન કરાય.' એટલે હું ત્યાં ગયો અને કહ્યું: 'સ્વામી તમને સભામાં બોલાવે છે.' એમ કહીને હું એમને સભામાં લઈ આવ્યો.

એટલામાં એક છોકરો દોડતો-દોડતો સ્વામી પાસે આવ્યો. હાથમાં છાપું હતું. સ્વામીને કહે, 'વરસાદ બહુ પડ્યો.' સ્વામી બહુ રાજી થયા અને કહે, 'એમ? વાંચો. ક્યાં ક્યાં પડ્યો?' પછી વંચાવ્યું અને બોલ્યા: 'ચાલો, બહુ સારું થયું! લોકો સુખી થયા.''

સ્વામીશ્રીના અંતરમાં રાત-દિવસ ઘૂંટાયા કરતી લોકકલ્યાણની ભાવના જ આજે આમ સપના દ્વારા સાકાર બની રહી.

આ ઉદાત્ત ભાવના સાથે તેઓ જાયવાથી જામવંથળી અને અલિયાબાડાને લાભ આપતાં જામનગર પહોંચ્યા.

અત્રે શ્રી હરજીવનદાસ બારદાનવાલાના ઘેર રાત્રે ચાલી રહેલા ચેષ્ટા-ગાન વખતે સ્વામીશ્રીના પગ પર સોજા ચડી ગયેલા જણાયા. પગના નળા આગળ આંગળી દબાવો તો ગોળ ખાડો પડી જાય એટલા પગ ફૂલી ગયેલા.

તે જોઈ સંતો-ભક્તોની વાતોમાં 'હવે વિચરણ બંધ કરવું જ જોઈએ'ની માંગ બુલંદ સ્વરે પડઘાઈ. પૂર્વે આવા નિર્ણયો લેવાયા હતા, છતાં તેનો અમલ થયો નહીં – એ વિષે ખેદ પણ વ્યક્ત થયો. 'હવે નક્કી કર્યા મુજબ થવું જ જોઈએ' તેવા નિર્ધારો પણ ગાજ્યા. લગભગ પા-એક કલાક સુધી આ ચર્ચા ચાલી. સૌના હૃદય સમા સ્વામીશ્રીને સ્પર્શતી આ વાત હોવાથી તેમાં સૂર પુરાવ્યા વિના કોઈ બાકી ન રહ્યું.

પરંતુ તે સાંભળી સ્વામીશ્રી હસતાં-હસતાં બોલ્યા: 'હા, આપણે વાતો કરવાની અને આ જે પ્રમાણે ચાલે છે એમ ચાલ્યા કરવાનું!'

પલાંઠી વાળીને બેસવું એ પરોપકારને વરેલી નદીને ન પરવડે. તે તો રહે ત્યાં સુધી વહે. પછી ભલે ને વારંવાર પછડાવું પડે! વિચરણના વ્રતધારી સ્વામીશ્રીની પણ આ જ શૈલી રહેલી.

દેહને ન માને આપ

'શરીરમાં હૃદય પંપનું કાર્ય કરે છે, પરંતુ હૃદય તે કામ કરવાની નામરજી બતાવતું હોય એમ પૂરેપૂરું લોહી ખેંચાતું નથી. તેના પરિણામે પગમાં પાણી ભરાઈને સોજા આવ્યા છે. આનો સીધો અર્થ એ થાય કે 'હાર્ટ

અટેક'નું આ પ્રથમ પગથિયું છે. આવું ને આવું વિચરણ જો વીસ-પચીસ દિવસ ચાલશે તો ગમે ત્યારે 'હાર્ટ અટેક' આવવાની સંભાવના છે. આ હું વિવેક ખાતર નથી કહેતો. આ હું ગંભીરપણે કહું છું. આપને સંપૂર્ણ આરામની જરૂર છે. આ નહીં ગણકારો તો બધું હાથ બહાર જતું રહેશે.'

સ્વામીશ્રીના પગમાં ચડેલા સોજાના પરીક્ષણ પછી નિષ્ણાત તબીબ શ્રી જયંતીલાલ આર્ય દ્વારા થયેલું આ નિદાન. તે સાંભળી ૬૫ વર્ષીય કોઈ પણ દર્દી થથરી જાય અને ઠરીઠામ પણ થઈ જાય.

પરંતુ તા. ૭/૧૦ની સવારે ડૉક્ટરે કરેલી આ વાત પછી સ્વામીશ્રીએ બપોરે બાર વાગ્યા સુધીમાં તો દસ પધરામણીઓ કરી દીધી! તબીબોની તાકીદ સ્વામીશ્રીની કરુણાને કદી કેદ કરી શકી નહોતી.

આ રીતે પળે-પળ અન્યના હિત માટે જ જીવતા સ્વામીશ્રીનો સન્માન સમારંભ આજની સાંજે યોજી જામનગરની મહાનગરપાલિકાએ ધન્યતા અનુભવી. આવો લહાવો તા. ૮/૧૦ની સવારે કબીર આશ્રમના મહંત શ્રી રામસ્વરૂપદાસજીએ પણ લીધો. તેઓએ ધામધૂમથી સ્વામીશ્રીને પોતાના આશ્રમમાં પધરાવ્યા. મોટરમાંથી ઊતરેલા સ્વામીશ્રી જેમ જેમ આગળ ચાલતા ગયા તેમ તેમ તેઓના સેવકો રસ્તે જાજમ બિછાવતા ગયા. અંતે આગ્રહપૂર્વક પોતાનાથી ઊંચા આસને સ્વામીશ્રીને પધરાવી મહંતજીએ કૃતકૃત્યતા અનુભવી.

આ આદરભાવ ઝીલી સ્વામીશ્રી શામજીભાઈ વેકરિયાના ઘેર ઉતારે આવ્યા ત્યારે પોણા બાર વાગ્યાનો સમય જોઈ સંતોએ તેઓને ભોજન પૂર્વે અલ્પ આરામ લેવા વિનંતી કરી. ડૉક્ટરોની તો આવી સલાહ હતી જ. તેથી સ્વામીશ્રી પલંગ પર પોઢ્યા ખરા, પણ સમય થયે જે આરામ ન કરે તે કસમયે સૂએ ખરા? હમણાં જ કબીર આશ્રમમાં થયેલી પધરામણી વખતે ભેટમાં મળેલું ગુરુભૂમિકાનું પુસ્તક સ્વામીશ્રી સૂતાં-સૂતાં વાંચતા રહ્યા.

જેને વા'લા બહુ અવિનાશી

જામનગરમાં જૂના મંદિરે દર્શન કરીને સ્વામીશ્રી તા. ૯/૧૦ની સાંજે વિભાપર પધાર્યા ત્યારે તેઓની અહીં આ પ્રથમ પધરામણીને ભક્તોએ ઉમંગભેર વધાવી. એક દિવસમાં પણ તે સૌને સુખની સીમા બતાવી સ્વામીશ્રી ગુલાબનગર, હાપા, મજોઠ, ભાદરા, ડાંગરા, રાજકોટને પાવન કરતાં તા. ૧૧/૧૦ની સાંજે ગોંડલ આવી પહોંચ્યા.

અત્રે આગમનનાં દર્શન કરવા તેઓ અક્ષર દેરીએથી મંદિરમાં ગયા ત્યારે મંદિરની મૂર્તિઓ સાથે સ્વામીશ્રીના ઠાકોરજી પણ થાળ જમી રહેલા. તે દર્શન સ્વામીશ્રીએ ભાવપૂર્વક કર્યાં. તે સાથે જ તેઓએ સૂચન પણ કર્યું કે 'ઠાકોરજીનો મુગટ તો જરા કાઢો. માથે ભાર ઓછો થાય તો જમતા ફાવે.'

સ્વામીશ્રીની ભક્તિને વિચરણનો થાક કદી ન લાગતો. તે તો સદા તાજી જ રહેતી.

આવા સ્વામીશ્રી કથળેલા સ્વાસ્થ્યમાં આરામ લઈ શકે તે હેતુસર ગોંડલમાં તા. ૧૨/૧૦ની સવારે મુલાકાતોનો કોઈ જ કાર્યક્રમ રાખ્યો નહોતો, પરંતુ સ્વામીશ્રીએ તો વિશ્રામને બદલે સેવા પર જ હાથ અજમાવતાં, અલ્પાહાર બાદ સતત સાડા ત્રણ કલાક સુધી પત્રવ્યવહાર ચલાવ્યો.

ત્યારબાદ ભોજન પૂર્વે અલ્પ આરામ માટે પોઢેલા તેઓને પુછાયું : 'સ્વામી ! યોગીબાપાના સમયમાં આપને સંસ્થાકીય કાર્યો અંગે મંદિરે-મંદિરે જવાનું થતું. તે વખતે બપોરે ક્યાંક બાર વાગ્યા પછી પહોંચો તો મંદિરના ઠાકોરજી પોઢી ગયા હોય. તે વખતે આપ સભામંડપમાં પધરાવેલી મૂર્તિઓનાં દર્શન કરીને જમી લેતા ?'

'ના, કોઈ દિવસ નહીં.' વાતને આમ રદિયો આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'સાંજે ચાર વાગ્યે ઠાકોરજીનાં દર્શન કરીને જ જમતા. બે-ત્રણ કલાક પછી ખાવાનું થાય એમાં શું ખાટું-મોળું થઈ જવાનું છે ! અમે બધા સમયની ગણતરી વગરના માણસો. ગમે ત્યારે નીકળવાનું થાય, એટલે ખાવા મળશે કે નહીં મળે એની ગણતરી નહીં.'

સ્વામીશ્રીના જીવનમાં અગ્રક્રમે સ્થાન સેવાનું રહેતું, મેવાનું નહીં.

હવે તો થૂંકના સાંધા

આ અરસામાં સ્વામીશ્રીના પગમાં થયેલા એક ગૂમડા પર 'ડ્રેસીંગ' કરવામાં આવતું. આ પ્રક્રિયા દરમ્યાન રોજ બંધાતો નવો પાટો જોઈ સ્વામીશ્રીએ તા. ૧૪/૧૦ની સવારે સંતોને કહ્યું : 'જૂનો પાટો બાંધેલો છે એ ધોઈ નાંખવો. ફરીથી વપરાય.'

એક વિશ્વવ્યાપી સંસ્થાના સૂત્રધારની આ કરકસર જોઈ સૌ દંગ રહી ગયા. મૂંગાનાં મૌનનો કોઈ અર્થ નથી તેમ કંગાલની કરકસર પણ એવી ! પરંતુ અહીં વાત જુદી હતી, કારણ કે અહીં જાત જુદી હતી.

તેનો એક અનુભવ આજની રાત્રે સાડા આઠ વાગ્યે પણ થયો. આ સમયે હરિભક્તોને મળ્યા બાદ સ્વામીશ્રી પલંગ પર પડખાઢાળ થયા ત્યારે કેટલાક સંતો આસપાસ ઊભા હતા. તેઓ સ્વામીશ્રીના વારંવાર કથળતા સ્વાસ્થ્યની જ વાત કરી રહેલા. તે સાંભળી સ્વામીશ્રી ધીમા સ્વરે કહેવા લાગ્યા :

"હવે તો થૂંકના સાંધા. મહારાજની જેવી ઇચ્છા હોય એમ બને છે. મહારાજની અને સંતો-ભક્તોની દયાથી દેહ ચાલે છે. બાકી બધું ભાંગતું-ભાંગતું ભાંગવાનું. મંદિરમાં જ કાર્યક્રમો થાય તો સરખું રહે એવું છે. બાકી સહેજ ફરીએ એમાં આવું થઈ જાય છે.

એકબાજુ એમ રહ્યા કરે કે 'હરિભક્તો સંસ્થા માટે કેટલું ઘસાય છે!' ઘણી સેવાઓ કરી હોય, ઘણો ભોગ આપ્યો હોય ને એ આવીને કહે, 'અમારું ગામ વચ્ચે જ આવે છે.' ત્યારે થોડાક સારુ 'ના' કેમ પડાય? એટલે જવાનો વિચાર થઈ જાય. પણ તેમ કરવા જઈએ એટલે પાછી આવી શરીરની તકલીફ આવીને ઊભી રહે. હશે હવે, તમે સંતો-ભક્તો દયા રાખો. મહારાજ બધું સારું કરશે."

સ્વામીશ્રીના શબ્દોમાંથી વહાલ અને વિચરણ અટક્યાની વેદના – બંને છલકાઈ રહ્યાં. ભક્તોને સુખ દેવા જીવનભર ઘૂમતા રહેવા છતાં હજી તેઓ ગામોગામ ફરી સૌને રાજી કરવાના મનસૂબા સેવી રહેલા.

એવા પ્રતિબંધ અમને ન ગમે

ગોંડલના રોકાણ દરમ્યાન શરદ પૂર્ણિમા અને ચંદ્રગ્રહણના સમૈયો ઊજવી સ્વામીશ્રી તા. ૧૯/૧૦ની સવારે અક્ષર દેરીમાં દર્શને પધાર્યા.

અત્રે તેઓએ શાસ્ત્રીજી મહારાજના ખંડમાં પોતાની છબી લટકાવેલી જોતાં જ પૂજારી યોગીપ્રસાદદાસ સ્વામીને કહ્યું : 'અહીં શાસ્ત્રીજી મહારાજ સિવાય બીજી કોઈ મૂર્તિ મૂકવી નહીં. ચોખ્ખું સારું. એમાં બધું આવી ગયું.'

પોતાની છાયા પણ ગુરુના પડછાયાની બહાર ન જાય એ રીતે ગુરુજનોમાં સમાઈ ગયેલા સ્વામીશ્રી.

આવા ગુરુભક્ત તેઓની છેલ્લા કેટલાક દિવસોથી રહેતી નાદુરસ્ત તબિયત આ અરસામાં ભક્તો માટે ચિંતાનો વિષય બની હતી, કારણ કે આજની સાંજે મુંબઈથી આવેલા ડૉ. સામાણીએ પણ સ્વામીશ્રીને તપાસી કહેલું : 'પહેલાં કરતાં હૃદયનું કદ મોટું થયું છે. માટે શ્રમ ઓછો પડે એવું

કરવું. હમણાં આપનો કાર્યક્રમ સાંભળ્યો. આ બધું 'હાર્ટ ઇન્સલ્ટ' (હૃદયનું અપમાન) છે. એની (હૃદયની) સાથે સાચવીને કામ લેવાનું છે, નહીં તો પછી ખાટલામાં પડવાનો વારો આવે.'

નિદાનની આ ગંભીરતાને લક્ષ્યમાં લઈ તા. ૧૯/૧૦ની રાત્રે સી. ટી. પટેલ, ઠાકોરભાઈ પટેલ, મણિભાઈ બ્રહ્મભટ્ટ વગેરે વડીલ હરિભક્તોએ વિનંતી કરી કે 'સ્વામી! હવે આપ વિચરણ બંધ કરો અને આરામ કરો.'

'આ હાથ-પગ ચાલતા બંધ થશે એટલે વિચરણ બંધ થવાનું જ છે.'

સ્વામીશ્રીના પ્રતિભાવમાં પ્રથમ જ વાક્ય આ આવતાં સૌએ હાર સ્વીકારી લીધી. છતાં સ્વામીશ્રી બોલતા રહ્યા કે –

"આ તો જાણે નાના હોઈએ ને કાંઈ સમજતા ન હોઈએ એમ બધા સૂચનો આપે કે 'તમારે અહીં ન જવું, આમ ન કરવું, દર્શને કેમ ગયા? કથામાં કેમ બેઠા?' અરે, દર્શનનો ને કથાવાર્તાનો તો આ જીવડો છે. એમાં એને રોકો એ કેવી રીતે ગમે? એના માટે તો આ લોકમાં આવ્યો છે. એટલે એવા બધા પ્રતિબંધ અમને ન ગમે.

અહીંયાં (ઓરડામાં) બેસવું છે એમ સભામાં બેસવાનું છે. એમાં ફરક શું પડવાનો છે? ત્યાં જઈને બેસીએ તો હરિભક્તો કેટલે દૂરદૂરથી દર્શને આવ્યા હોય, મળવું હોય, એ બધાને શાંતિ થાય. અમે સમજીએ છીએ કે 'આરામ કરવો જોઈએ.' તે થાય છે. ક્યાં નથી થતો?"

સ્વામીશ્રી આમ બોલતા જ રહ્યા અને સૌ તેઓની ઉચ્ચ ભક્તિ-ભાવનાઓથી ભીંજાતા ચાલ્યા. ઊગતા પ્રભાતે હોય તેવી તાજગી ઢળતી સંધ્યાએ અનુભવનારા કેટલા? તેમ યુવાનીમાં હોય તેવી સ્ફૂર્તિ વૃદ્ધાવસ્થામાં ધરાવનારા કેટલા? સ્વામીશ્રી એ કક્ષાના કર્મવીર હતા, ભક્તિનિષ્ઠ હતા.

કશી વિધિની ખામી નવ ઠરે

હવે દિવાળીના દિવસો નજીક આવતા હોવાથી દેશ-પરદેશના ભક્તો સ્વામીશ્રીનો લાભ લેવા ગોંડલમાં ઊમટવા લાગેલા. તેઓને ધન્ય કરતા સ્વામીશ્રી સમયની સાનુકૂળતા થાય ત્યારે અન્નકૂટની તૈયારીઓ જોવા માટે પણ નીકળતા.

આ ક્રમમાં તેઓ તા. ૨૫/૧૦ની સવારે ભંડારમાં પહોંચ્યા ત્યારે અહીં ગાંઠિયા તળાતા હતા. તે જોઈ કંઈક બોધ આપવાના હેતુથી જ તેઓએ

અન્નકૂટના આયોજકોને પૂછ્યું : 'આ શું છે?'

'બાપા! ગાંઠિયા તળાય છે.'

'પણ અત્યારે આ હોતા હશે? હજી અન્નકૂટને કેટલા દિવસ બાકી છે? આ ગાંઠિયા તેલની વસ્તુ છે. અન્નકૂટ પછી પણ અઠવાડિયું ચાલવાની હોય. એટલે તેને હંમેશાં પાછળથી કરવાની રાખવી. નહીં તો ખોરી થઈ જાય.'

પોતાની શરીર-સંભાળ પ્રત્યે તદ્દન બેદરકાર સ્વામીશ્રી સત્સંગીઓની સરભરામાં અત્યંત સાવધ રહેતા. સ્વયં નિઃસ્વાદી રહી અન્યના સ્વાદને સાચવવાની તેઓની પ્રકૃતિ.

હવે બધું ભાંગલું ગાડું થઈ ગયું

તા. ૨૭/૧૦ની રાત્રે સૂતાં-સૂતાં સ્વામીશ્રીએ ભાવના વહાવી કે –

"હવે બધું ભાંગલું ગાડું થઈ ગયું. પહેલાં સવાર, સાંજ, બપોર કથા કરવાની મળતી ત્યારે બહુ આનંદ આવતો. હવે તો ડૉક્ટર સ્વામી કહે, 'તમારે પાંચ મિનિટ બોલવું.' આ હાર્ટ અટેક ન આવ્યો હોત તો હજી પહેલાંની જેમ ગામડે ફરી શકાત. બધા હરિભક્તો રાજી થાત. આ તો થોડુંક ફરીએ ત્યાં આવું બધું થઈ જાય છે."

તા. ૨૮/૧૦ના રોજ પણ સેવા માટે આમ જ ટળવળતાં તેઓ બોલ્યા : 'શરીર ઢીલું ઢફ થઈ ગયું. બેઠાડું થઈ ગયું. સહેજ થાય ને થાકીને લોથ થઈ જાય.'

છતાં લાગ આવે ત્યારે પરિશ્રમ ઉઠાવવામાં સ્વામીશ્રી લેશ પાછા ન પડતા. આજની રાત્રે જ લઘુ-પાણીથી પરવારેલા તેઓ કોઈની પણ સહાય વિના જાતે જ હસ્તપ્રક્ષાલન કરીને બહાર આવ્યા ત્યારે કંઈક કામમાં રોકાયેલા સેવક આવી પહોંચ્યા. તેઓએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા! આજે 'સેલ્ફ સર્વિસ' કરી લીધી! સ્વયંસેવક થયા, કેમ?'

'એ જ અસલ છે. આ જરા વધારે પડતા પરાધીન થઈ ગયા છીએ. *પરાધીન સપનેહુ સુખ નાંહી...*' સ્વામીશ્રી બોલ્યા.

સેવાની આ તીવ્ર તૃષા સાથે તેઓએ તા. ૩૦/૧૦ના રોજ આફ્રિકાથી આવેલા શ્રી હર્ષદભાઈ રાણા, રસિકભાઈ, પ્રવીણભાઈ વગેરે હરિભક્તોને વાત કરી :

"આપણને તો એમ કે 'શરીર સારું છે ને બધું ચાલે છે.' પણ સોજા

આવ્યા ત્યારે ડૉક્ટરે કહ્યું કે 'તમને પોતાને શરીરની કાંઈ તકલીફ નહીં લાગે પણ તમારું હૃદય નરમ પડે છે. માટે ફરવાનું ઓછું રાખવું.' મનમાં ઘણી જ ઈચ્છા થાય છે કે 'આમ ફરી આવીએ, તેમ ફરી આવીએ. હરિભક્તોને રાજી કરી લઈએ.' પણ શરીર જ નથી ખમતું.''

બીમારીની બલા પોતાના વિચરણને કોરી-કાતરી રહેલી તે બાબત સ્વામીશ્રીને વિશેષ પીડતી હતી. આ અંગે તેઓના મુખેથી વખતોવખત સરી પડતો રંજ તેઓનું આ વલણ છતું કરી જતો કે –

'નથી બંધાવું એક જ ઠામ, કરવાં છે હજી ઘણાં કામ;
કરી દેશ વિદેશ પ્રવેશ, કરવો જનને ઉપદેશ...'

અક્ષર દેરી આપણી પાસે છે

તા. ૧/૧૧ના રોજ દિવાળી નિમિત્તે લાભ લેવા ઊમટેલા હજારો હરિભક્તોની જેમ લગભગ હજાર ઉપરાંત ચોપડા પણ પૂજન માટે અક્ષર દેરીના પ્રાંગણમાં કલાત્મક રીતે ગોઠવવામાં આવેલા. તેની સમક્ષ સાયંકાળના શુભ મુહૂર્તમાં વિધિવત્ મહાપૂજા કરી સ્વામીશ્રીએ પ્રત્યેક ચોપડા પર પુષ્પ-અક્ષત વેર્યાં.

આ સમયે તેઓની ત્વરા અને ચીવટ બંને દર્શનીય રહેતાં. ખૂણે-ખાંચરે પડેલો એકેય ચોપડો પૂજાદ્રવ્યોથી અસ્પૃશ્ય ન રહી જાય તેનો સ્વામીશ્રી પૂરેપૂરો ખ્યાલ રાખે. તેથી જ તેઓ જોરપૂર્વક ચોખા પધરાવતા જાય. એમના હાથનો સ્પર્શ પામેલા ચોખાનો એક દાણો કે ફૂલની એક પાંખડી ચોપડા પર પડે એટલે હરિભક્તને શુભ-લાભનાં દ્વાર ઊઘડી ગયાનો આનંદ અનુભવાય. 'આવતું વર્ષ ફળદાયી નીવડશે' તેવો ભરોસો બેસી જાય.

આ રીતે આજે ચોપડા પૂજન બાદ ઘણા દિવસે આશીર્વાદ રેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'દિવસે દિવસે સત્સંગ પ્રમાણે ચોપડાનીયે વૃદ્ધિ થતી જાય છે. એટલે ચોપડા પૂજન અક્ષર દેરીની બહાર રાખ્યું છે. કેટલાકને કદાચ લાગતું હશે કે 'દેરીએ કેમ નહીં?' પણ ત્યાં રાખીએ તો બધાને લાભ ન મળે અને પડાપડી થાય. આ આખી ભૂમિ જ અક્ષર દેરી છે, કારણ સ્વામી અહીં બધે જ ફર્યા છે. ૪૦ કોશની ગોકુળની રજેરજ માથે ચઢાવીએ છીએ. એમ આ મંદિરમાં યોગીબાપા બધે બેઠા છે. અક્ષર દેરી આપણી પાસે છે. માટે મનમાં ઘડભાંજ ન

થવા દેવી. ઉત્સાહમાં રહેવું. દુકાળ જેવું છે પણ ગમે તે રીતે કોઈ તરસ્યો ન રહે એ દેરીમાં પ્રાર્થના.'

સ્વામીશ્રી આજે ખૂબ ઉમંગથી બોલી રહ્યા. પ્રવચન કરવા ઊભા થયા ત્યારે તો કોઈનાય ટેકા વિના ઊભા થઈ ગયા. 'અક્ષર દેરી આપણી પાસે છે' એમ બોલતી વખતે પણ જાણે દુઃખમાત્રની દવા આપણે હાથવગી છે તેવી બાંયધરી સૌ આશ્રિતોને આપતા હોય એવો કેફ અને હિંમત તેઓમાં અનુભવાઈ રહ્યાં.

આવા જ આનંદથી તેઓએ તા. ૨/૧૧થી શરૂ થઈ રહેલી નૂતન વિક્રમ સંવત ૨૦૪૩ના પ્રથમ પ્રભાતને પણ રંગી દીધું.

આ જગ્યા તો સેવકની છે

તા. ૩/૧૧ની સવારે નિયત સમયે જાગેલા સ્વામીશ્રી ઘડિયાળ જોતાં બોલ્યા : 'દિવાળીના દિવસોમાં વહેલા ઊઠવું જોઈએ. દેવો દર્શને આવતા હોય. આપણને લાભ મળે.'

ભક્તિસંબંધી કોઈ પણ માન્યતાને સ્વીકારી શકે એવું આસ્તિક હૃદય હતું તેઓનું. તેઓ તર્કના તુક્કા ચલાવી સાચાં-ખોટાંનાં લેખાં-જોખાંમાં ન પડતાં વિશ્વાસપૂર્વક વર્તીને સુખ માણી લેવાનું પસંદ કરતા.

તે અનુસાર આજે સ્નાન, પૂજા વગેરે નિત્યક્રમથી પરવારી સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરવા પધાર્યા. અહીંથી તેઓ હનુમાનજી-ગણપતિજીનાં દેરાંએ પહોંચ્યા ત્યારે ત્યાં બેય મૂર્તિઓની અલગ આરતીઓ હતી. પરંતુ સ્વામીશ્રીએ બેય આરતીને બે હાથે પકડી બેય મૂર્તિઓની એકસાથે આરતી ઉતારી! જન-મન લોભે એવું આ દર્શન સૌનાં હૈયે જડાઈ ગયું.

એ જ રીતે તા. ૪/૧૧ની સવારે સ્વામીશ્રીએ કરેલી એક પ્રાસંગિક વાત પણ સૌના કાળજે કોતરાઈ જાય તેવી જ બની રહી.

આ સમયે વીરપુરની ગાદીના મહંત પૂજ્ય રઘુરામ બાપા તેઓને મળવા આવ્યા ત્યારે એ મહંતજી તો નીચે જ બેસી ગયા, પરંતુ 'માનદ' સ્વામીશ્રીએ તેઓને પ્રેમાગ્રહ કરી સોફા પર બેસાડ્યા.

તે વખતે મંદિરના એક વ્યવસ્થાપક સંતે તેઓની ટીપોઈ ઉપાડીને બાજુમાં મૂકી. આ જોઈ નવાઈ વ્યક્ત કરતાં પેલા ગાદીપતિ બોલ્યા : 'તમે ?!'

ત્યારે સ્વામીશ્રી તેઓને કહેવા લાગ્યા :

'આ જગ્યા (આ સંસ્થા) તો સેવકની છે. ઘણે ઠેકાણે મહંતની જગ્યા હોય છે, પણ આ સેવકની જગ્યા છે.'

નમ્રતાપૂર્વક આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું :

'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે સેવા જ કરી છે. કોઈ પણ આવે એને રોટલા કરીને જમાડે. એનાં વાસણ સાફ કરે, કચરો વાળે, વાસીદું પણ કરે. જેમ-તેમ, જ્યારે-ત્યારે ચલાવી લેવાનું. ભણેલા હોય તોય ગમે ત્યાં બેસી જવાનું. એમ નહીં કે 'આમ જ જોઈએ.' આપણે તો સેવા કરવી છે ને ! પછી મોટાઈ શેની ?'

સ્વામીશ્રીના આ શબ્દોમાંથી 'સેવા કરે તે મહંત'ની ગુણાતીત રીતનો ઉઘાડ પ્રકાશી રહ્યો.

તમે મારગે સૌને ચડાવો

તા. ૪/૧૧ની સાંજે દર્શને આવેલા ચોવીસી ગામના શ્રી ગોવિંદભાઈના દીકરાને સ્વામીશ્રીએ વાતચીતમાં તેઓનો આગામી કાર્યક્રમ પૂછ્યો, ત્યારે તેઓએ કહ્યું : 'હું મેટાડોર લઈને આવ્યો છું. અહીંથી વીરપુર થઈને આબુ-અંબાજી કરી દિલ્હી જઈશું. ત્યાંથી દ્વારકા આવીશું. જ્યાં જઈએ ત્યાંથી આસપાસનાં તીર્થોનાં પણ દર્શન કરી લઈશું. ડ્રાઇવરને રસ્તાની બધી ખબર છે.'

આ વિગત સાંભળી સ્વામીશ્રીને થયું હશે કે 'ડ્રાઇવરને રસ્તાની ખબર હશે પણ આ હરિભક્તને ડ્રાઇવરની ખબર નથી લાગતી !' કારણ કે ક્યાં વીરપુર, ક્યાં દિલ્હી અને ક્યાં દ્વારકા ?! બિનજરૂરી મુસાફરી વધારી સત્સંગીનાં ખિસ્સાં ખંખેરવાનો ડ્રાઇવરનો બદઈરાદો સ્વામીશ્રીથી અજાણ્યો ન રહ્યો. તેથી તેઓએ કહ્યું : 'તમારો આ 'રૂટ' ખોટો છે, લાંબો છે.'

ત્યારબાદ સાચો 'રૂટ' ગોઠવી આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'અહીંથી વીરપુર થઈ જૂનાગઢ જજો. ત્યાંથી વેરાવળ-સોમનાથનાં દર્શન કરીને, પોરબંદર થઈને દ્વારકા જવું. પાછા વળતાં જામનગર રોડ ઉપર ધ્રોળ આગળ વળીને, ભાદરા દર્શન કરીને, રાજકોટથી ગઢડા, સારંગપુર દર્શન કરીને, અમદાવાદ થઈને આબુ-અંબાજી જજો. ત્યાંથી જયપુર થઈને આગ્રા, ગોકુળ, મથુરા કરીને દિલ્હી જવાશે. દિલ્હીથી હરદ્વાર જઈ આવીને, ત્યાંથી પ્રયાગ થઈને કાશીનાં દર્શન કરીને અયોધ્યા-છપૈયા થઈ જશે. ત્યાંથી નાસિક

જવાશે અને નાસિકથી ધુલિયા બાજુથી સીધા સુરત પહોંચી શકશો.'

એક નિષ્ણાત 'ટ્રાવેલ ગાઇડ'(મુસાફરીના માર્ગદર્શક)ની જેમ સ્વામીશ્રીએ આ આયોજન ગોઠવી આપ્યું. તેમાં રસ્તે આવતાં તીર્થોનાં દર્શન થતાં જાય અને નાહકની હેરાફેરી વધે નહીં, તેથી ખર્ચો પણ સીમિત રહે વગેરે બધા જ પ્રકારની ખેવના હતી.

હરિભક્તોનાં જીવનમાં અને લાભમાં સ્વામીશ્રી કેટલા ઊંડા ઊતરતા તેનું આજે એક અનુપમ દર્શન લાધ્યું.

આ લોકમાં પણ અમથા ફેરા ન વધે તેનો આવો ખ્યાલ રાખનારા તેઓ પોતાના આશ્રિતોના ભવના ફેરા તો વધવા દેતા હશે!

ખરેખર, *'તમે મારગે સૌને ચડાવો, ભૂલેલાને તમે ઠામ લાવો...'* જેવા સ્વામીશ્રીને મળ્યા પછી આ લોક-પરલોકની બિનજરૂરી ભટકણ મટી જતી.

આ ટેવ ખોટી છે

તા. ૬/૧૧ની બપોરે એક વાગ્યે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા તે વખતે એક પાર્ષદ દર્શન માટે હજી જ્યાં ગોઠવાયા ત્યાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'સૂઈને ઊઠ્યા?'

ચાલ-ચહેરો જોઈને વ્યક્તિની પરખ કરવામાં તો સ્વામીશ્રી બિનહરીફ હતા. તેથી આજે પણ તેઓનું અનુમાન સાચું નીકળ્યું.

એ પાર્ષદ નિદ્રાનો એક 'ડોઝ' લઈને જ આવેલા હોવાથી સ્વામીશ્રીએ કહ્યું: 'સવારે તો કોઈ દિવસ ઊંઘવું જ નહીં. પછી ટેવ પડી જાય. રાત્રે સાડા દસ - અગિયાર વાગ્યે સૂઈ જવું એટલે સવારે ઊંઘ ન આવે. આ તો નવરા પડે એટલે સૂઈ જાય. આ ટેવ ખોટી છે. એમાં ઊંઘ વધી જાય.'

મોક્ષ બગાડે એવી કુટેવોના ખૂણાને જ્ઞાન-હથોડાથી ભાંગીને સ્વામીશ્રી સંત-સત્સંગીનાં સુરેખ શિલ્પ નિપજાવતા.

આ તો મોટા કોઈ અતિ રે

તા. ૭/૧૧ની સાંજે ગોંડલના મંદિરે આવેલા હરકિશનભાઈ કામદારના ઘેર સ્વામીશ્રી સાતેક વર્ષ પહેલાં રોકાયેલા, પરંતુ તે સમયે આ ભાવિક શારીરિક શસ્ત્રક્રિયાને કારણે ફક્ત એક જ વાર સ્વામીશ્રીને મળી શકેલા. ત્યારબાદ ક્યારેય મુલાકાતનો મેળ પડ્યો ન હોવાથી આ આગંતુકે સંકોચ

સાથે કહ્યું :

'સ્વામીજી ! આપ નાગપુર પધાર્યા ત્યારે મેં હરસનું ઑપરેશન કરાવ્યું હોવાથી મહામુસીબતે એક વાર આપને મળી શકેલો.'

'હા, તમે તે દા'ડે લૂંગી પહેરીને આવ્યા હતા.'

સ્વામીશ્રીની આ વાત સાંભળી સૌ વિસ્મય પામ્યા. પેલા મુમુક્ષુ સાથે થયેલી મુલાકાતને વીતેલા ૨,૭૭૯ દિવસોમાં સ્વામીશ્રી રોજના સરેરાશ બસો મુલાકાતી લેખે ૫,૫૫,૮૦૦ જેટલા મનુષ્યોને મળી ચૂકેલા. છતાં પુનર્મિલનની પ્રથમ ક્ષણે જ વેશ સહિતની વિગત કહી દેનારા સ્વામીશ્રી સૌને *'આ તો મોટા કોઈ અતિ રે...'* સમા જણાયા.

કોઈ પણ વ્યક્તિ સ્વામીશ્રી સાથે એક દિવસ ગાળે અને તેનું હૃદય ધબકાર ચૂકી જાય તેવી ઘટના નજરે ન આવે એ વાત જ અસંભવિત ! લાખો વ્યક્તિઓને હજારો દિવસો સુધી આવો આશ્ચર્યકારી અનુભવ કરાવતા રહેલા સ્વામીશ્રીને કેવી રીતે વર્ણવવા ! એ તો અનાદિ અને અનંત જ !

પર્યાવરણ-પ્રેમી પ્રમુખસ્વામી

તા. ૮/૧૧ની સવારે મંદિર પરિસરમાં વિહરતા સ્વામીશ્રીની કેટલીક છબીઓ લેવાની હતી. તે માટે તેઓ બહારના ચોકમાં પધાર્યા ત્યારે અન્નકૂટની સેવામાં રોકાયેલા નવદીક્ષિત પાર્ષદો દર્શન કરવા માટે સંકુલની અગાશી પર ચઢીને એકધારા સ્વામીશ્રી સામું જોઈ રહ્યા. સ્વામીશ્રી પણ ઘડીભર તેઓને નીરખ્યા બાદ બોલ્યા : 'તમે બધા અત્યારે જેવા તલ્લીન છો એવા ને એવા તલ્લીન કાયમ રહેજો.'

ક્ષણિકને શાશ્વત બનાવવાની શીખ સ્વામીશ્રીએ આપી દીધી.

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : 'તમે બધા આમ જોઈ રહ્યા છો એમ ને એમ જો વૃત્તિ રહે તો કર્મગ્રંથિ, સંશયગ્રંથિ, મમત્વગ્રંથિ, ઇચ્છાગ્રંથિ, અહંગ્રંથિ આદિ સર્વે ગ્રંથિયું ગળી જાય.'[૬૧]

આવો જ કંઈક બોધ આજે આપી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે અત્રે તા. ૧૦/૧૧ની રાત્રે તેઓના ઓરડામાં નૈસર્ગિક સુગંધ પ્રસરી રહે તે માટે કોઈકે રાતરાણીનું ડાળખું મૂકેલું. તે જોઈ પોઢવા જઈ રહેલા સ્વામીશ્રી બોલ્યા : 'આ ડાળખાં કાપી લાવશો તો છોડનું શું થશે ?'

૬૧. સ્વામીની વાતો : ૫/૩૬૫.

તેઓના આ પ્રશ્નમાં ડાળીઓ છેદવાની પ્રવૃત્તિ પર રોક લગાવવાનો ઈશારો હતો. લીલી ભાજી તોડવાની ના પાડનારા શ્રીજીમહારાજ જેવા જ પર્યાવરણ-પ્રેમી સ્વામીશ્રી પણ હતા. પોતાના શોખ માટે પ્રકૃતિનું નિકંદન કાઢી જૈવિક સંતુલન ખોરવનારા લોકો, સ્વામીશ્રીના આ પ્રસંગમાંથી પદાર્થપાઠ લે તો વિશ્વ વૃંદાવન બની રહે.

સાચું કામ કર્યું ત્યારે કહેવાય

તા. ૧૨/૧૧ના રોજ પ્રબોધિની એકાદશી હોવાથી સ્વામીશ્રીએ અલ્પાહારને આરામ આપી દેતાં ગોળી ગળવા પૂરતો ફક્ત ઉકાળો જ ગ્રહણ કરવાનો રહ્યો. તેથી સંતોએ તેઓને કહ્યું: 'આપ પલંગ પર બિરાજીને જ ઉકાળો પી લો.'

'ના, આપણે નીચે જ બેસીશું.'

આમ કહેતાં સ્વામીશ્રી પલાંઠી વાળીને નીચે જ બેઠા અને રમૂજ કરતાં બોલ્યા: ''પલંગ પર બેઠા હોઈએ તો લોકોને એમ લાગે કે 'બહુ બીમાર હશે.' પછી પ્રવચનો-વાતોમાં 'સ્વામી બીમાર છે... બીમાર છે...' કહ્યા કરે. એટલે પછી મારી માંદગી પણ જતી નથી. બહુ વાતો કરે એટલે મન પર અસર થઈ જાય.''

સ્વામીશ્રીએ વાતને આમ હાસ્યના ફૂલેકે ફેરવી એવો વળાંક આપી દીધો કે તેઓને પલંગ પર બેસાડવાનો કોઈ ઝાઝો આગ્રહ થયો જ નહીં. નાની-શી બાબતોમાં પણ સાધુની રીતિ-નીતિને શોભાડવાનું તાન તેઓને હંમેશાં રહેતું.

તે સાથે આજે વિવિધ સેવા-વિભાગોનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રી ભોજનશાળા આગળથી પસાર થયા. તે વખતે તેઓએ રસોડાના વ્યવસ્થાપક શ્રીજીવલ્લભદાસ સ્વામીને બોચાસણથી ઉત્સવ પ્રસંગે મંગાવેલી સ્ટીલની થાળીઓની ચોક્કસ ગણતરી કરવાની સૂચના આપી. પછી સ્વામીશ્રી બોલ્યા: 'સાચું કામ કર્યું ત્યારે કહેવાય કે જેટલું જ્યાંથી લાવ્યા હોઈએ તેટલું ત્યાં પહોંચતું કરવું. એ જ કામ કર્યું કહેવાય.'

કોઈ પણ વસ્તુ-વ્યક્તિ ખોવાય-ઘવાય નહીં એ રીતે કામ કરવાની સ્વામીશ્રીની શૈલી. તેથી જ તેઓએ પૂર્ણ કરેલાં અનેક કાર્યો આજે પણ *'ન મળે ખોડ ખચીત તે વિષે...'* જેવાં બની રહ્યાં છે.

પૂરી કરવા સ્વજનની ઇચ્છાય, અમે ધારણ કીધી છે કાય

આ વર્ષે ગોંડલને પ્રથમ વાર દેવપ્રબોધિની એકાદશીના ઉત્સવનો લાભ આપી તા. ૧૪/૧૧ના રોજ સારંગપુર પધારેલા સ્વામીશ્રી અહીં નવનિર્મિત સુવર્ણ સિંહાસનમાં બિરાજેલા ઠાકોરજીની આરતી ઉતારી બોચાસણ પહોંચ્યા.

અત્રે તેઓએ તા. ૧૫/૧૧ની સવારે અગિયાર વાગ્યે સેવકોને અચાનક કહ્યું : 'પાઘ લાવો, બોરસદ જવું છે.'

બોરસદના સૂર્યમંદિરમાં ચાલી રહેલા પારાયણની આજે પૂર્ણાહુતિ હોવાથી તેમાં પધારવાનું આમંત્રણ મંદિરના નિર્માતા શ્રી રમણભાઈ પટેલે સ્વામીશ્રીને આપેલું. પરંતુ સંતોએ આ નિમંત્રકને સ્વામીશ્રીની નાદુરસ્ત તબિયત અંગે વાકેફ કરતાં તેઓએ આગ્રહ પડતો મૂકેલો અને 'સ્વામીશ્રી વતી ડૉક્ટર સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી વગેરે વરિષ્ઠ સંતો આવશે' એમ નિશ્ચિત થતાં આ વડીલ સંતો પારાયણમાં પહોંચી પણ ગયેલા. તેથી સૌને નિરાંત હતી કે 'હવે સ્વામીશ્રી પરિશ્રમ નહીં ઉઠાવે.'

પરંતુ સમય-સંજોગોને પારખી કામ કરવામાં પ્રવીણ સ્વામીશ્રીએ અત્યારે નિર્ધાર વ્યક્ત કર્યો : 'મારે બોરસદ જવું છે.'

જો કે ગાડીચાલકને આ બાબતનો કોઈ અણસાર ન હોવાથી તે અને ગાડીમાંથી કોઈ તૈયાર નહોતું. તેથી આ કારણ આગળ ધરીને સેવકોએ સ્વામીશ્રીને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ એક વાર ગતિમાન થઈ ગયેલા સ્વામીશ્રીના કાર્યચક્રને રોકવાનું ગજું તો કાળચક્ર પાસે પણ ન મળે ત્યારે માનવી કોણમાત્ર!

સ્વામીશ્રી તો પોતાના ઉતારેથી નીચે ઊતરી ગયા અને ત્યાં પડેલી એક મારુતિ વાનમાં બેસી બોરસદ જવા રવાના પણ થઈ ગયા !

આ રીતે તેઓ બોરસદના સૂર્યમંદિરે પહોંચ્યા ત્યારે ત્યાં ઉપસ્થિત શ્રોતા-સમુદાય તો 'આ તે સાચું કે સ્વપ્ન?'નો ભાવ અનુભવતાં આંખો જ ચોળવા લાગ્યો. પરંતુ આયોજકો તો આશ્ચર્ય સાથે વિમાસણમાં પણ મુકાઈ ગયા, કારણ કે સ્વામીશ્રીને બેસવા કોઈ આસનની વ્યવસ્થા તેઓએ રાખેલી નહીં. જો કે સૌનાં હૃદય-સિંહાસને બિરાજી જતા સ્વામીશ્રીને દુન્યવી આસનોની દરકાર પણ ક્યાં હતી !

તેઓ તો તાત્કાલિક જે વ્યવસ્થા થઈ તે પર બેસી ગયા ત્યારે આજે

જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિએ સાક્ષાત્ 'નારાયણ' પ્રગટ થયાનો અનુભવ સૌ કરી રહ્યા. યજમાન રમણભાઈ વકીલ તો એટલા ભાવવિભોર થઈ ગયા કે તેઓના હોઠ પરથી શબ્દો જ ફૂટતા નહોતા.

*'પૂરી કરવા સ્વજનની ઇચ્છાય, અમે ધારણ કીધી છે કાય...'*ની રીતે વિચરતા સ્વામીશ્રીની જીવનશૈલી સૌને અવાક્ કરી મૂકે એવી જ હતી !

અમારી ટેક્નોલોજી તો આ છે

ગાંધીનગરમાં તૈયાર થઈ રહેલા અક્ષરધામની પ્રદર્શન-સૃષ્ટિના નિર્માણકાર્ય અંગે મહંત સ્વામીના નેતૃત્વ નીચે પાંચ સંતો ચાર મહિનાની વિદેશયાત્રાએ પધારેલા. આ સંતમંડળ તા. ૧૮/૧૧ની સાંજે બોચાસણ આવી પહોંચ્યાના સમાચાર સ્વામીશ્રીને મળતાં જ તેઓ પોતાનું કાર્ય પડતું મૂકી ઓરડાની બહાર આવી ગયા.

અહીં સંતોને જોતાં જ સ્વામીશ્રી દંડવત્ કરવા મંડી પડ્યા. તે જોઈ ઈશ્વરચરણદાસ સ્વામી દોડી આવ્યા અને તેઓને વધુ દંડવત્ કરતાં રોકી દીધા. તે સમયે સ્વામીશ્રીએ સૌને ભેટીને રાજીપો બતાવ્યો. પ્રાસાદિક હાર પણ પહેરાવ્યા. બીજા દિવસની સવારેય સ્વાગત-સભા ગોઠવી સૌને સન્માન્યા. શિષ્યોને સન્માની હરખાતા ગુરુનું આ દર્શન સૌની સ્મૃતિમાં જડાઈ ગયું.

આ સત્કાર-સભામાં પ્રવાસી સંતો દ્વારા ક્રમશઃ કહેવાઈ રહેલી સ્વાનુભૂતિઓમાં આધુનિકતમ ટેક્નોલોજીની માહિતી પણ રજૂ થઈ. તેને જ લક્ષમાં લઈ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"આ સંતોએ જે ટેક્નોલોજીની વાત કરી એમાં અમને કાંઈ સમજ ન પડી. અમારી ટેક્નોલોજી તો આ છે – 'આ દેહ નાશવંત છે ને આત્મા અમર છે.' બીજું કાંઈ સમજ્યા નથી. બીજી બધી ટેક્નોલોજી નાશવંત છે. અમે આટલું સમજ્યા છીએ કે 'જોવા જેવા ભગવાન અને સંત છે.' આટલું સમજીને કામ ચાલે છે. દેહે કરીને પ્રભુ ભજવા છે."

સ્વામીશ્રીએ પોતાની આગવી કરામતની વાત કહી દીધી, પરંતુ આ શબ્દોએ સંતોના મનમાં નૂતન પ્રેરણાનો પ્રકાશ પાથર્યો. એ પ્રેરણા જ સમય જતાં 'અક્ષરધામ'(ગાંધીનગર)માં ઘણાં વર્ષો સુધી પ્રદર્શિત થતા રહેલા 'મલ્ટી-મીડિયા શો'ના રૂપમાં સાકાર થઈ ઊઠેલી.

સ્વામીશ્રીના સહજપણે ઉચ્ચારેલા ઉદ્ગારોમાં પણ અનેરું દૈવત રહેતું.

જીવંત ભાગવત

તા. ૨૨/૧૧ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા બાદ પુરુષોત્તમ સ્વામીની દેરીએ વંદન કરવા જઈ રહેલા ત્યારે પૂજાદર્શનનો લાભ ચૂકી ગયેલા એક હરિભક્ત દંડવત્ કરતાં કહેવા લાગ્યા : 'બાપા ! મોડો પડ્યો... મોડો પડ્યો...'

'મોડા નથી પડ્યા.' સ્વામીશ્રીએ મર્મસૂચક ઉત્તર વાળતાં કહ્યું.

તે સાંભળી કો'ક બોલ્યું : 'કેમ, આપ ઓળખાઈ ગયા એટલે ?'

'હા, નહીં તો મોડા પડત.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તે સાંભળી સૌમાં પ્રાપ્તિની ખુમારી ચઢી ગઈ.

આવો જ આનંદ સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે ત્યાં પણ પ્રસરી ગયો. પરંતુ આ અરસામાં શિથિલ સ્વાસ્થ્યને કારણે તબીબોએ સ્વામીશ્રીને પ્રવચન કરવાની મનાઈ ફરમાવેલી. જો કે આ પ્રતિબંધ સ્વામીશ્રીને ખૂબ ખટકતો. તેથી આજે તો તેઓએ આજીજીના સૂરમાં સંતોને કહ્યું : 'મને દરરોજ થોડું બોલવા દો. હું દરરોજ પંદર મિનિટ બોલીશ. ઉત્સવ-મૂર્તિની જેમ દર્શન આપવાનું મને નથી ગમતું.'

ભાગવત કહે છે : '...नैर्गुण्यस्था रमन्ते स्म गुणानुकथने हरेः ॥' (૨/૧/૭) અર્થાત્ નિર્ગુણ બ્રહ્મની સ્થિતિમાં અખંડ રહેનારા મુનિઓ પણ ભગવાનના ગુણકથનમાં રમમાણ રહે છે.

સ્વામીશ્રીની આ કક્ષા હતી. તેઓમાં સૌને ભાગવત જીવંત અનુભવાતું.

લાડ પાળો તેનો પાડ શો માનીયે

બોચાસણમાં ચૌદ દિવસનો લાભ આપી બોડેલીને પાવન કરતાં સ્વામીશ્રી તા. ૨૮/૧૧ના રોજ કોસીન્દ્રા(સંખેડા) પધાર્યા.

અત્રે શ્રી રતિભાઈ પટેલના માતબર આર્થિક અનુદાનથી સ્થાનિક સાર્વજનિક આરોગ્ય મંડળ દ્વારા હૉસ્પિટલનું નિર્માણ સંપન્ન થયેલું. તેથી તેના નામકરણનો મુદ્દો ચર્ચાયો ત્યારે આ સત્સંગી દાતાએ કહેલું : 'મને ભગવાને યથાર્થ સમયે પ્રમુખસ્વામીનો યોગ કરાવી આપ્યો છે. હું જે કાંઈ છું અને મને દાન કરવાની દૃષ્ટિ તથા રકમ જેમણે આપી છે તે પ્રમુખસ્વામી મહારાજનું નામ આ હૉસ્પિટલ સાથે જોડો.'

આ રીતે તૈયાર થયેલા 'પ્રમુખસ્વામી મહારાજ આરોગ્ય મંદિર'ના

ઉદ્‌ઘાટન પ્રસંગે આવી પહોંચેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૩૦/૧૧ની સવારે ડૉક્ટર સ્વામીએ હૉસ્પિટલની તકતીનો અનાવરણવિધિ કર્યો.

ત્યારબાદ આજની સાંજે અહીંથી નીકળેલા સ્વામીશ્રી ઘેલપુર થઈને બહાદુરપુર તરફ જઈ રહેલા તે જ વખતે તેઓની મર્સીડીઝ ગાડીનું ટાયર ફાટ્યું. તેથી પાછળ આવી રહેલી સંતોની મારુતિ ગાડીમાં બેસીને મુસાફરી આગળ વધારતાં તેઓ બહાદુરપુર પહોંચ્યા.

અત્રે મંદિરના ખરડાની નોંધણીનું કાર્ય આટોપી સ્વામીશ્રી અટલાદરા જવા નીકળ્યા ત્યારે રસ્તામાં એક પછી એક લીલુડાં ખેતરો પસાર થવા લાગ્યાં. તેમાં એવો મબલખ પાક લહેરાઈ રહેલો કે કયા ખેતરનો પાળો ક્યાં પૂરો થાય છે તે ખ્યાલ ન આવે. તેમાંય સડસડાટ દોડતી ગાડીમાં બેઠાં-બેઠાં તો સામે સળંગ લીલી જાજમ જ બિછાવી દીધી હોય તેમ જણાતું હતું.

આવા સમયે એક નિશ્ચિત ખેતરનો નિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ રઢુવાળા રમણભાઈના વેવાઈ અંબાલાલભાઈનું ખેતર આવ્યું. ગયા વર્ષે આપણે અહીં આવ્યા ત્યારે ઊંધિયું જમેલા.'

આ સાંભળનારાને સ્વામીશ્રીની આત્મીયતા પણ સામે મહોરી રહેલા મોલ જેવી જ લીલીછમ લાગી. સમગ્ર જીવનમાં જ્યાંથી એકાદ વાર જ પસાર થવાનું બન્યું હોય તે સીમ-શેઢા પણ સ્વામીશ્રીની યાદદાસ્તમાં અકબંધ રહેતાં.

આ રીતે પોતાના આશ્રિતોનાં ખોરડાં-ખેતરેય ન ભૂલે એવા તેઓ વેગા પહોંચ્યા ત્યારે મર્સીડીઝની મરામત થઈ ચૂકેલી. તેથી તેમાં બિરાજી સ્વામીશ્રી ભીલુપુરને લાભ આપતાં આગળ નીકળ્યા ત્યાં પાછળ આવતી સંતોની ગાડીને પંક્ચર પડ્યું.

આ સમયે સ્વામીશ્રીની ગાડી તો પવનવેગે રસ્તો કાપી રહેલી, પરંતુ આગળ નીકળી ગયેલા તેઓ અચાનક બોલ્યા: 'પાછળ આવતી ગાડી કેમ દેખાતી નથી?' આમ કહી પોતાની ગાડી થોભાવવાની જગ્યાએ તેઓએ મોટર પાછી લેવડાવી અને જ્યાં સંતોની ગાડીને પંક્ચર પડેલું ત્યાં જઈ પહોંચ્યા. આ જોઈ ચકિત થઈ ગયેલા ભગવત્ચરણદાસ સ્વામીએ કહ્યું : 'સ્વામી! આપે અહીં આવવાની તકલીફ શા સારુ લીધી?'

ત્યારે હસતાં-હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'તમે અમને ગાડીની મદદ કરી એનું ઋણ અમને ચઢ્યું. એ ઋણ અક્ષરધામમાં મહારાજ ચૂકવે એના કરતાં અમે જ અહીં ચૂકવી દીધું.'

સ્વામીશ્રીએ તો આમ દરકાર લઈ ઋણની અદાયગી કરી દીધી, પરંતુ પાછા વળી-વળીને આશ્રિતોની ખેવના રાખનારા સ્વામીશ્રીના સ્નેહનું ઋણ સંતોને અણઉતાર જ લાગ્યું.

ભક્તવત્સલ સદા બિરદ તારું સહી

અટલાદરા પધારેલા સ્વામીશ્રીની તબિયત નાજુક હતી, છતાં હૉસ્પિટલમાં કે ઘરમાં બીમારી ભોગવી રહેલા ભક્તોની ખબર-અંતર પૂછવા નીકળી પડેલા તેઓ તા. ૧/૧૨ની સવારે અચાનક શ્રી નટુભાઈ જીકારના બંગલે જઈ પહોંચ્યા.

પરંતુ અત્રે તેઓના આગમનની જાણ કોઈને ન હોવાથી બધું સૂમસામ હતું. સ્વામીશ્રીએ દરવાજો ખખડાવ્યો, તેમ છતાં પ્રતિભાવ ન મળ્યો, કારણ કે બીમાર ભક્ત એમના ઓરડામાં સૂતેલા અને મહિલા વર્ગ રસોડામાં મશગૂલ હતો. તે વખતે સ્વામીશ્રીને જોઈ ગયેલા બગીચામાં કામ કરતા નોકરે તરત જ મકાનની બારી ખખડાવી મહિલાઓને સમાચાર આપ્યા: 'स्वामिनारायण के साधु आये हैं।'

આ જાણ થતાં જ દરવાજો ખૂલ્યો અને સ્વામીશ્રી પેલા ચાકરને સાથે લઈ બીમારને ખાટલે જઈ પહોંચ્યા. આ ભક્ત તો ઝાઝું જોઈ શકતા નહોતા, પણ તેઓને ખબર પડી કે સ્વામીશ્રી પધાર્યા છે એટલે તરત બોલ્યા: 'આપની તબિયત સારી નથી ને આપે શા સારુ તસ્દી લીધી!'

'આ બાજુથી નીકળતા હતા એટલે થયું કે જઈ આવીએ.' સ્વામીશ્રીના આ ખુલાસામાં સ્વજન-શો સ્નેહ ટપકી પડ્યો.

આ જ સમયે ઘરમાં પ્રવેશેલા બીમાર હરિભક્તના દીકરા શ્રી શરદભાઈ તો આંગણે આવેલા સ્વામીશ્રીને જોતાં જ દિગ્મૂઢ બની ગયા. તેઓને ખબર નહોતી કે આજની સવારે મંદિરમાં ઊભરાતી ગિરદી વચ્ચે મેં જણાવેલા પિતાની માંદગીના સમાચાર સાંભળી સ્વામીશ્રી આમ દોડી આવશે! તેથી ગદ્‌ગદ કંઠ બનેલા તેઓ નિઃશબ્દ થઈ ઊભા રહી ગયા ત્યારે સ્વામીશ્રીએ તેઓને કહ્યું: 'નટુભાઈનો અમારા પર ખૂબ જ પ્રેમ છે.'

'સ્વામી! પ્રેમ આપનો કે મારો?' આટલું કહેતાં પેલા બીમાર ભક્તની આંખો ઊભરાઈ આવી. તેમાંથી નીતરતા બુંદ-બુંદમાં ભક્તવત્સલ સ્વામીશ્રીની છબી મોતીની જેમ ચમકી રહી.

આપણે તો ગુરુ ક્યાં જાય જ છે ?

અટલાદરાથી તા. ૩/૧૨ની સાંજે વિદાય લઈ હવાઈમાર્ગે મુંબઈ પધારેલા સ્વામીશ્રીની મુલાકાતે તા. ૫/૧૨ના રોજ શ્રી બ્રાયન હચિન્સન આવી પહોંચ્યા. દક્ષિણ આફ્રિકાના આ વિદ્વાન આપણી સંસ્થાના ગુરુ-શિષ્ય સંબંધ વિષે ગહન સંશોધન કરી રહેલા. તેથી તે સંબંધી કેટલાક પ્રશ્નો પૂછતાં તેઓએ સ્વામીશ્રીને કહ્યું : 'યોગીજી મહારાજના ધામમાં ગયા પછી આપ ગુરુ તરીકે આવ્યા અને સૌને આપને વિષે નિષ્ઠા થઈ ગઈ. હરિભક્તો માટે તો તે સહેલું હતું, પણ યોગીબાપા ધામમાં ગયા પછી આપને કોઈ ગુરુ નહોતા. તો આપ કેવી રીતે તરત જ 'એડ્જસ્ટ' થઈ ગયા ?'

'આપણે તો ગુરુ ક્યાં જાય જ છે? મનાતું જ નથી કે એ ગયા છે. એ છે જ.' સ્વામીશ્રીએ સ્વાનુભૂતિ પ્રગટ કરી.

આમ, જ્યાં ગુણાતીત ગુરુનું સાંનિધ્ય અખંડ હોય ત્યાં શિષ્યો પણ મરજીવા થઈને દોડી આવે તેમાં શું નવાઈ! જલતી જ્યોતમાં પરવાના ઝંપલાવે તેમાં શું આશ્ચર્ય !

તેથી જ તા. ૮/૧૨ની સવારે સ્વામીશ્રીની ૬૬મી જન્મજયંતી નિમિત્તે ઊમટેલા ભક્તોથી પાર્લાનો ભાઈદાસ હૉલ છલકાઈ ગયો. ગત વર્ષે ઊજવાયેલા દ્વિશતાબ્દી મહોત્સવને અનુલક્ષી સ્વામીશ્રીએ પોતાની આ જન્મજયંતી ઊજવવાની સ્પષ્ટ 'ના' પાડી દીધેલી. ભક્તોને ભીડો ન પડે તેનો વિચાર તેઓને પહેલો રહેતો. છતાં *'જેણે પટોળાં પર ભાત પાડી, તેનાથી તે નૈ ઊખડે ઉખાડી...'*ની જેમ તેઓના રંગે રંગાયેલા હજારો હરિભક્તો આજે લાભ લેવા એકત્રિત થઈ જ ગયા. તેઓના ઊછળતા ઉત્સાહમાં ૨૩ યુવાનોના દીક્ષા-પ્રસંગની દિવ્યતા ભળતાં જન્મજયંતીનું પરોઢ પુલકિત થઈ ઊઠ્યું. સંધ્યાની સ્થિતિ પણ આથી અલગ ન રહી.

માનમાં નહીં, માનવીમાં રસ

તા. ૮/૧૨ની સાંજે પાર્લામાં આવેલા જશોદા રંગમંડપના વિશાળ પ્રાંગણમાં જન્મોત્સવ ઉપક્રમે જાહેર-સભાનું આયોજન રાખવામાં આવેલું. જો કે આ જન્મજયંતીની ઉજવણી પર સ્વામીશ્રીએ રોક લગાવી હોવાથી મંચની શોભા સાદગીથી સભર હતી, તોયે આકર્ષક અને પ્રભાવક તો અનુભવાતી

જ હતી.

તેને પાર્શ્વભૂમાં રાખી કીર્તન, નૃત્ય, પ્રવચન, હારતોરા વગેરે વિવિધ રીતે સૌએ ભક્તિ અદા કરી સ્વામીશ્રીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી. આગંતુક મહાનુભાવોએ પોતાનાં વક્તવ્યોમાં સ્વામીશ્રીને 'ભારતના સંસ્કાર-સ્વામી અને સંપૂર્ણ યોગી' કહી બિરદાવ્યા. પેલા દક્ષિણ આફ્રિકન સંશોધક શ્રી હચિન્સને તો સ્વામીશ્રીના પ્રેમમાં ઈસુના પ્રેમની જ અનુભૂતિ થઈ રહ્યાનું કબૂલ કર્યું. આમ, એક પછી એક પ્રશસ્તિના પ્રવાહ પૂરપાટ વહી રહ્યા.

પરંતુ સ્વામીશ્રીના આશીર્વાદનો આરંભ અનોખો થયો. તેઓએ તો જણાવ્યું: 'પ્રથમ આપ સૌને સાષ્ટાંગ પ્રણામ સાથે જય સ્વામિનારાયણ. આપ બધાનો પ્રેમ, ભાવ અને ઉત્સાહ જોઈને ચરણોમાં મસ્તક નમે છે.'

આ હૃદયસ્પર્શી નમ્રતા સાથે સ્વામીશ્રી આજની રાત્રે સભામાંથી વિદાય લઈ શેઠ શ્રી લખા લૂલાના નિવાસસ્થાને રખાયેલા ઉતારે પહોંચ્યા ત્યારે પોણા બાર વાગી ચૂકેલા. પરંતુ આ સમગ્ર પરિવાર આજના ઉત્સવના યજમાનરૂપે હોવાથી અત્યારે સૌ સભ્યો સભાસ્થળે મહેમાનોની સરભરામાં રોકાયેલા.

તેથી સ્વામીશ્રી ઉતારે પહોંચ્યા ત્યારે ત્યાં ફક્ત ચાર નોકરો જ હાજર હતા. વળી, આરામમાં જવાના સમયમાં પણ ઘણો વિલંબ થઈ ગયેલો. છતાં સ્વામીશ્રી પેલા શ્રમજીવીઓને પોતાની સમીપે બેસાડી તેઓના જીવનમાં રસ લેવા લાગ્યા. આશરે અડધો કલાક આ નોકરો સાથે ગાળી સ્વામીશ્રીએ તેઓને વ્યસનમુક્ત કર્યા. અંતે પ્રસાદ વહેંચી સ્વામીશ્રી ઊભા થયા ત્યારે રાત્રિના સાડા બાર વાગ્યાનો ડંકો પડ્યો.

જે દિવસે હજારોની શુભકામના મેળવી હોય, જે દિવસે વિદેશી નાગરિકત્વ ધરાવનારા સુશિક્ષિત યુવાનો પોતાના હાથે દીક્ષિત થયા હોય, જે દિવસે મુંબઈના મોભાદાર સ્થાનમાં પોતાની જન્મજયંતી ઊજવાઈ હોય, તે દિવસનું સમાપન સ્વામીશ્રીએ ચાકરવર્ગ સાથે બેસીને કર્યું!

તેઓનું આ ચરિત્ર સમજાવી ગયું કે 'સ્વામીશ્રીને માનમાં નહીં, પણ માનવીમાં રસ છે.'[૬૨]

---

૬૨. મુંબઈમાં દિવ્યતાપૂર્વક ઊજવાયેલા સ્વામીશ્રીના આ ૬૬મા જન્મોત્સવની ઝલક માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

वे साथ में ही हैं

તા. ૯/૧૨ની સવારે સ્વામીશ્રી પોતાના નિવાસસ્થાને પૂજાવિધિ કરી રહેલા ત્યારે વાતાવરણ ભપકાભર્યું નહીં, પણ ભાવભર્યું હતું. તેની અસર તળે આવેલા યજમાન શેઠે આજથી પોતાનાં વ્યસનોને તિલાંજલિ આપી દેતાં સ્વામીશ્રીને અધિક આનંદ ઊપજ્યો. તેઓએ શેઠને બળપ્રેરક આશીર્વાદ આપ્યા ત્યારે શ્રી લખા લૂલાએ પૂછ્યું : 'स्वामीजी! आप जब इच्छा करो तब शास्त्रीजी महाराज आपको दिखाई पड़ते हैं ?'

'अपने साथ में ही हों ऐसे दिखाई पड़ते हैं। वे साथ में ही हैं।' સ્વામીશ્રી બોલ્યા.

ગુરુની સમ્યક્ સેવા દ્વારા ગુરુના ભાવને પામી ગયેલા તેઓથી શાસ્ત્રીજી મહારાજ જુદા કેવી રીતે રહી શકે !

તેઓની આ સ્થિતિથી પ્રભાવિત થયેલા શ્રી લૂલા તા. ૧૦/૧૨ના રોજ સ્વામીશ્રીને અક્સા બીચ પર સાયંભ્રમણ માટે લઈ ગયા. અહીં સૂર્ય જાણે સ્વામીશ્રીની રાહે જ ઊભો હોય તેમ સ્વામીશ્રી જેવા મોટરમાંથી ઊતર્યા કે તે દર્શન કરીને દરિયામાં ડૂબકી લગાવી ગયો.

તે સમયે અફાટ સમુદ્ર, નિર્જન સ્થળ, નાળિયેરીનાં ઝુંડ, ઢળતી સંધ્યા અને લહેરાતા પવનનું પંચામૃત ચારેકોર રેલાઈ રહેલું. આવા આહ્‌લાદક વાતાવરણમાં રેતી ખૂંદતાં-ખૂંદતાં સમુદ્ર તરફ આગળ વધેલા સ્વામીશ્રી થોડોક કઠણ ભૂભાગ આવતાં જ દરિયાની સમાંતરે ચાલવા માંડ્યા.

આ રીતે પંદરેક મિનિટ વિહાર કરીને તેઓ દરિયાની નજીક ઊભા રહ્યા. આ સમયે ભરતી શરૂ થઈ હોવાથી એક લહર આવીને સ્વામીશ્રીનાં ચરણ પખાળી ગઈ. દરિયાલાલનો આ ઉત્સાહ જોઈ સ્વામીશ્રીએ પણ તેને ધન્ય કરવાનું વિચારી તેના જળમાં ઠાકોરજીને સ્નાન કરાવ્યું અને વિદાય લીધી. તેઓએ આપેલા આ કૃપાલાભ બદલ આભાર માનતો દરિયો ક્યાંય સુધી હડૂડતો જ રહ્યો.

જેને ન સદે એ જ અવાજ કર્યા કરે

પાર્લાથી દાદર મંદિરે પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૨/૧૨ના રોજ મંદિરનો પાટોત્સવ ધામધૂમપૂર્વક ઊજવાયો.

આ અવસરે પાટોત્સવનો મૌલિક મર્મ સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ પાટોત્સવ એટલે રાખ્યો છે કે ભગવાન આપણને સાંભરે. પ્રતિષ્ઠાના દિવસની સ્મૃતિ તાજી થાય. આપણામાં વરસ-દા'ડે ફેર થાય છે એટલે પાટોત્સવથી બાર મહિને પાછી આપણી બેટરી ચાર્જ થઈ જાય. આપણી ભક્તિને તાજી અગર સ્થિર કરવા માટે આ પાટોત્સવ છે.'

આવા પાટોત્સવની સાંજે યોજાયેલા સમારોહમાં મુંબઈનાં પચીસ વર્ષના સત્સંગ-ઈતિહાસની તવારીખ પ્રસ્તુત થઈ. તેના અંતે આશીર્વાદ માટે સ્વામીશ્રી સમક્ષ માઈક મુકાયું ત્યારે જ 'વ્હીસલિંગ' શરૂ થયું.

તે જોઈ સ્વામીશ્રી હળવાશથી બોલ્યા: 'કેમ? આ માઈકને વળી શું થાય છે?' એમ કહી જાતે જ ઉત્તર આપતાં તેઓએ કહ્યું: 'આને હજી સત્સંગ સદ્યો નથી લાગતો. જેને ન સદે એ જ અવાજ કર્યા કરે.'

મર્મની મીઠાશમાં ઝબકોળાયેલા આ તીખા ટોણાથી સૌને જાગ્રત કરતા સ્વામીશ્રી સભા બાદ ઉતારે પધાર્યા. અહીં તેઓ ઠાકોરજી જમાડીને સ્લાઇડ-શૉ નિહાળવા બિરાજ્યા ત્યારે તેમાં એક દૃશ્ય તેઓના મસ્તક પર પાંદડાનો પડછાયો પડતો હોય તેવું આવ્યું. તે જોઈ કો'ક બોલ્યું: 'આ શું છે વળી?'

'નસીબ આડે પાંદડું.' આમ કહી સ્વામીશ્રી મરક મરક હસી રહ્યા.

ત્યાં જ તેઓની સુંદર છબી પડદા પર આવી. તે જોઈ કો'કે કહ્યું: 'હવે પાંદડું હટી ગયું.'

'સંતના પ્રતાપે!' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓના આવા પ્રાસંગિક અને માર્મિક પ્રતિભાવો સૌને આઠે પહોર આનંદનો અનુભવ કરાવતા રહેતા.

અમે સ્વયંસેવક છીએ

તા. ૧૫/૧૨ની રાત્રે સાડા અગિયાર વાગ્યે સ્વામીશ્રીએ 'પ્રકાશ'નું વાંચન પૂરું કર્યું ત્યારે સામે બેઠેલા એક યુવકે એ સામયિક લેવા હાથ લંબાવી કહ્યું: 'લાવો, હું મૂકી દઉં.'

પરંતુ સ્વામીશ્રી જાતે જ તે 'પ્રકાશ'ને પરબીડિયામાં મૂકતાં બોલ્યા: 'તું રહેવા દે. તું બધું કરીશ તો અમે શું કરીશું? અમે સ્વયંસેવક છીએ.'

જેઓનો આદેશ ઝીલવા 'હા જી' કહેતાં હજાર ઊઠતા હોવા છતાં સ્વામીશ્રીનો સેવકભાવ કદી મોળો પડ્યો નહોતો.

આમ, સેવાની સડકે જ સદા વિહરનારા તેઓ તા. ૨૨/૧૨ના રોજ વલ્લભનિધિ ટ્રસ્ટ દ્વારા જુહુમાં નિર્મિત મંદિરે અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરવા પધાર્યા. આજની રાત્રે પણ પાર્લાના ભાઈલાલભાઈ પટેલ મેદાનમાં જ જાહેર-સભા યોજાઈ હોવાથી સ્વામીશ્રી દિવસનો પૂર્વાર્ધ શ્રી કનુભાઈ ભટ્ટના ઘેર વિતાવી રાત્રે ઠાકોરજી જમાડવા શ્રી બી. જી. ભટ્ટના ઘેર પહોંચ્યા.

અત્રે તેઓ ભોજન બાદ દૂધ સાથે દવાની ગોળી લેવા તત્પર થયા, પરંતુ તે મોંમાં મૂકતાં પહેલાં જ હાથમાંથી છટકી. તેને શોધવા સંતોએ પ્રયત્ન કર્યો, પણ તેમાં સફળતા ન મળતાં બીજી નવી ગોળી આપવામાં આવી.

તે લઈનેય સ્વામીશ્રીએ છટકી ગયેલી ગોળીની શોધખોળ તો આદરી જ. ખૂણે ભરાઈ ગયેલાને પણ ખોળી કાઢનારા તેઓ ખોળે પડેલાને કેમ છોડે! તેથી પોતાના ગાતરિયામાં જ સલવાઈ ગયેલી ગોળી તેઓને હાથ આવી ગઈ.

તે જ વખતે નારાયણચરણદાસ સ્વામી આવ્યા. તેઓને પેલી મળેલી ગોળી આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ ગોળી પાછી મૂકી દો.'

'આ તો હવે ફેંકી દેવાની.'

'કેમ ?'

'આ ગમે ત્યાં પડી હોય. દૂધવાળી થઈ હોય.'

'કાંઈ નીચે નથી પડી. ગાતરિયામાં ભરાઈ ગઈ'તી. માટે પાછી મૂકી દો. કામ લાગશે.' સ્વામીશ્રી બોલ્યા.

ક્યારેક તો મુખમાં મૂકવા જતાં પડી જવાને કારણે ભીની થયેલી ગોળી તેઓ સહેલાઈથી ગળી ન શકે. એ એક ગોળી માટે તેઓ અડધી વાટકી પાણી પીએ ત્યારે તે માંડ ગળા નીચે ઊતરે. તેથી નવી ગોળી ધરવામાં આવે તો સ્વામીશ્રી અવશ્ય કહે : 'ના, આ (ભીની ગોળી) છે તે લેવાનો પ્રયત્ન કરીએ. એ (ગળા નીચે) જાય તો નકામી બીજી શું કરવા બગાડવી ?'

સુવિધાસજ્જ અનેક વિરાટ હૉસ્પિટલોની ભેટ સમાજને ધરનારા સ્વામીશ્રી અંગત જીવનમાં આટલી કરકસરથી વર્તતા!

સ્વામીશ્રીની 'ફેક્ટરી'

તા. ૨૩/૧૨ની રાત્રે મરીન લાઇન્સમાં આવેલી એસ.એન.ડી.ટી. કૉલેજના સભાગૃહમાં અમૃતધારા વહાવી સ્વામીશ્રીએ તા. ૨૫/૧૨ની સાંજે

મંદિરમાં ધર્મલાભ આપ્યો.

આ સભામાંથી તેઓ વિદાય લઈ રહેલા ત્યારે જ સંનિષ્ઠ સત્સંગી શ્રી ચંદ્રકાંતભાઈ ત્રિવેદી પોતાના સ્નેહી સમા ઉદ્યોગપતિ શ્રી ભગુભાઈને દર્શન માટે લાવ્યા. તેઓ સાથે ઊભાં-ઊભાં જ વાર્તાલાપ કરવા માંડેલા સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમારું કામકાજ શું છે ?'

'સેલવાસમાં અમારી એલ્યુમિનિયમનાં વિવિધ વાસણો બનાવવાની ફેક્ટરી છે.'

'તમે જેમ ફેક્ટરી નાંખી છે તેમ અમે પણ ત્યાં એક ફેક્ટરી નાંખી છે.'

સ્વામીશ્રીના આ વિધાનનો મર્મ પકડવાની મથામણ પેલા મુરબ્બી કરે તે પહેલાં જ સ્વામીશ્રી બોલ્યા : 'અમે ત્યાં આદિવાસીઓને સુધારીને સદાચારી કરવાની ફેક્ટરી નાંખી છે.' તેઓનો ઇશારો સેલવાસના મંદિર તરફ હતો.

સ્વામીશ્રીના મતે મંદિર એટલે માણસ બનાવંવાની ફેક્ટરી. કેવળ આકારથી માનવીને માનવી કહેવો તે ઓળખાણ અધૂરી છે. સાચો સમય ન બતાવતી ઘડિયાળ કેવળ આકારમાત્રથી ઘડિયાળ કહેવાય તેનો શું અર્થ? નીર વિનાની નદી કેવળ આકારમાત્રથી નદી તરીકે ઓળખાય તેનો શું મતલબ ? તેમ માણસાઈ વિનાનો માણસ કેવળ આકારમાત્રથી માણસ કહેવાય તેથી શું લાભ ?

બગાડ કેવળ વનવાસીમાં જ હોય એવું નથી હોતું; તે ગામવાસી અને નગરવાસીમાં પણ હોય. પરંતુ સ્વામીશ્રી મંદિરો દ્વારા માણસમાં માણસાઈ પૂરી આપતા. તે અર્થમાં તેઓ મંદિરોના જ નહીં, માણસાઈના પણ નિર્માતા હતા. તેઓએ દેશ-વિદેશમાં ઊભાં કરેલાં મંદિરો દ્વારા ખરા અર્થમાં માનવી બનેલાની સંખ્યા લાખોમાં છે.

મને તો એક જ વખતે યાદ રહી જાય છે

તા. ૨૬/૧૨ની સવારે મુલાકાત-સત્ર પૂર્ણ થયા બાદ સ્વામીશ્રીએ એક પૂર્વાપર સંદર્ભમાં ધર્મસુતદાસ સ્વામીને કહ્યું : 'તમે જાતે જઈને વાલકેશ્વરની જગ્યા જોઈ આવો.'

'ભલે, હું કોઈને સાથે લઈને વાલકેશ્વર જઈ આવીશ.' સ્વામીશ્રીનો આદેશ શિરે ચઢાવતાં પેલા સંતે જણાવ્યું.

ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેમ, કોઈને સાથે લઈને? તમને રસ્તો

નહીં મળે ?'

'ના, સ્વામી ! મને મુંબઈના રસ્તા ન મળે. આટલાં વર્ષોથી છું છતાં ભૂલી જવાય છે.'

'મને તો એક જ વખતે યાદ રહી જાય છે. મારે જવાનું હોય તો હું હમણાં જઈ આવું. કોઈની જરૂર નહીં.' સ્વામીશ્રીના મુખેથી નીકળેલો આ ઉદ્‌ગાર તેઓના સ્વરૂપનું જ્ઞાન કરાવનારો બની રહ્યો.

સ્વામીશ્રીની મેધા એટલી તીવ્ર અને તીક્ષ્ણ હતી કે કોઈનો પણ એક જ વારનો સંપર્ક તેઓને પૂરતો થઈ રહેતો. પછી તે રસ, રુચિ કે રસ્તા હોય; વાત, વ્યક્તિ કે વાતાવરણ હોય; સીમ, શેઢા કે સંબંધ હોય – સ્વામીશ્રી કદી કશું ન ભૂલતા. આ અનુભવ સૌનો.

સાધુતાની મહેકની વાત

મુંબઈમાં સ્વામીશ્રીની નિશ્રામાં રોજ ચાલતા 'યોગીગીતા'ના પારાયણ બાદ કથાભાગને અનુરૂપ કીર્તન સંતો ગાતા. તેને લક્ષમાં રાખી સ્વામીશ્રી આશીર્વાદ વરસાવતા.

આ ક્રમમાં તા. ૨૬/૧૨ની સાયંસભામાં ગવાયેલું ભજન *'હાં જી ભલા સાધુ...'* સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'યોગીબાપા આ કીર્તન એવા ભાવથી ગાતા કે નકરી સાધુતાનાં જ દર્શન થાય.'

આ સમયે કોઈકે અરજ ઉચ્ચારી : 'સ્વામી ! આપ ગાઓ.'

'આપણને આવડે નહીં. આપણે નકલ કરવા જઈએ તોય ચાલે નહીં.'

આ શબ્દો દ્વારા નિખાલસતાને નિતારી કીર્તનનો મર્મ સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

''જેણે તનની ઉપાધિ તજી હોય તેને જેમ-તેમ, જેવું-તેવું ચાલે. 'જમવાનું સારું હોય, લેટરીન-બેટરીનની વ્યવસ્થા હોય,' એવી બધી ગણતરી કરીને જઈએ તો કામ ન થાય. આવું વ્યવસ્થિત હોય ને હજારો બેઠા હોય તો જ પ્રવચન આપીએ એવું નહીં. એક હોય કે હજાર, સુવિધાની વાત જ નહીં. આ સાધુતાની મહેકની વાત છે. શરીર ભગવાન અને સંત માટે ઘસવાનું છે. ગુરુવચનમાં ટૂક-ટૂક થવાનું છે. ગુરુને રાજી કરવામાં તનની ગણતરી મૂકવાની ન હોય.

ભગવાનની વાતમાં સંશય થયો તો આગળ ઉદ્ધાર ન થાય. જોગી

મહારાજને એક વાર રોટલા કરવાનું કહ્યું તો ફરીથી કહેવું ન પડ્યું. આપણે એ ગુરુના શિષ્યો છીએ, તો એમનાથી ચાર આની તો થાય કે નહીં? એટલું કરીએ તોય ઘણું કર્યું કહેવાશે. રાજી કર્યા કહેવાશે. માટે જ્યારે જે આજ્ઞા થઈ એ ઉપાડી જ લેવાની હોય. 'ફાવશે કે નહીં?' એવું નહીં. ફાવે જ. કર્મે કરીને જગતમાં નિર્માનીપણે કેટલું કરીએ છીએ! રાત્રે બાર વાગ્યા સુધી કાળી મજૂરી થાય છે. તો ભગવાન અને સંત માટે વિચાર કેમ આવવો જોઈએ?

હરિભક્તો પણ તનની ઉપાધિ ન તજે તો ભગવાનનું સુખ ન આવે. ગરમ ચા, રોટલી બધી સગવડ જોવા જાય તો એ બધું મંદિરમાં ક્યાંથી મળે? ઘેર જઈને લશ્કરી ચા પાંચ કપ પીજો ને! ગરમ પૂરી અને ગાદલાં એક નહીં, બે ઉપર સૂજો. પણ ભગવાન પાસે ગયા હોય તો ત્યાં આ લોચો રાખવો જ નહીં."

આ અમૃતધારા વહાવી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે ચોમેર સાધુતાની મહેક મઘમઘી રહી.

હરિને ભજે પરપંચ ટાળી

તા. ૨૬/૧૨ની રાત્રે નવેક વાગ્યાના સમયે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે સંતો ટામેટાં અને ચીકુના સંમિશ્રણથી નીપજેલું નવીન ઈઝરાયેલી ફળ સમારીને લઈ આવ્યા.

પરંતુ તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'અત્યારે નહીં.'

'પણ બાપા! આ ઠાકોરજીને ધરાવ્યું છે.'

'કયા ઠાકોરજીને?'

'રસોડામાં પટમૂર્તિ છે ને...'

'આપણા હરિકૃષ્ણ મહારાજ પોઢી ગયા છે. તેમને કાલે ધરાવીને લાવજો.' સ્વામીશ્રીએ જણાવ્યું.

પદાર્થોનો ઉપભોગ કરવા માટે તેઓ કોઈ પ્રપંચ-પદ્ધતિને પનારે પડ્યા નહોતા. ભક્તિ કરવામાં તો સ્વામીશ્રી વચલા માર્ગના નહીં, પણ શ્રેષ્ઠ માર્ગના જ પ્રવાસી રહેલા.

આ હથેળીમાં બધું જ જોઉં છું

તા. ૨૭/૧૨ની સાંજે ચારેક વાગ્યાના સુમારે ઠાકોરજીને ધરાવેલો

ફળફળાદિનો પ્રસાદ સ્વામીશ્રી સમક્ષ મૂકવામાં આવ્યો ત્યારે તેઓ તેને સુચારુ રીતે ગ્રહણ કરવા લાગ્યા.

તે વખતે અમેરિકાથી આવેલા યુવક શ્રી દિલીપભાઈ પટેલે પોતાના વિદેશ-વસવાટની વાત માંડી. ન્યૂયોર્કના બ્રોન્ક્સ વિસ્તારમાં ઇજનેર તરીકે નોકરી બજાવતા તેઓએ તેનો જ ચિતાર આપતાં જણાવ્યું :

'બાપા ! આ એરિયામાં ગુનાખોરીનું પ્રમાણ ખૂબ જ છે. ધોળે દા'ડે પણ ખૂન-ખરાબા થાય. પોલીસેય કાંઈ ન કરી શકે.'

આમ કહી તે યુવકે અચાનક પૂછ્યું : 'સ્વામી ! આવા વાતાવરણમાં કો'ક આવી મને મારી નાંખે ને ફૂટપાથ પર ફેંકી દે તો આપ અંતકાળે કેવી રીતે લેવા આવો ?'

આ સાંભળતાં જ પોતાની હથેળી પ્રસરાવી સ્વામીશ્રી બોલ્યા : 'આ હથેળીમાં બધું જ જોઉં છું. તું શું કરું છું એ બધો જ ખ્યાલ છે.'

આ પ્રતિભાવ સહજ રીતે જ આવ્યો, પણ તે સ્વામીશ્રીની નિરાવરણ સ્થિતિની ઓળખ આપી ગયો. તેથી પેલા યુવક સહિત સૌ ચકિત અને રોમાંચિત થઈ ઊઠ્યા.

બ્રહ્માંડોની ગતિવિધિ જેઓને હસ્તામલકવત્ હતી એવા સ્વામીશ્રીના હાથનો સાથ પામનારા આશ્રિતોનાં ભાગ્યની તો અવધિ જ નહીં ને !

દૃષ્ટિમાં ભરી સૂક્ષ્મતા

જ્યારે સ્વામીશ્રી પત્રવ્યવહારની સેવામાં પરોવાય ત્યારે ક્યારેક પત્ર-પરિચારક એક-એક પત્રની વિગતો તેઓને જણાવતા જાય અને ઉત્તર મેળવતા જાય. ક્યારેક સ્વામીશ્રી સ્વયં જ એકસાથે પત્રો વાંચી લે અને તેના ઉત્તરો લખાવતા જાય. આ રીતે તેઓએ આપેલા માર્ગદર્શન અનુસાર સેવક જવાબ લખીને પત્ર તૈયાર કરે. તેની પર સ્વામીશ્રી હસ્તાક્ષર પાડે. ક્યારેક સ્વયં પણ આખું કે આંશિક પાનું લખે.

આ સહી કે લખાણ કરતી વખતે તેઓ જો સોફા પર બિરાજ્યા હોય તો મોટે ભાગે ડાબા પગે જમણો પગ ચઢાવીને બેસે. તે સમયે પોતાના ખોળામાં રાખેલા 'પૅડ'ને વીસ-પચીસ અંશના ખૂણે રાખી સ્વામીશ્રીની કલમ સર... સર... ચાલતી હોય. લખતી વખતે તેઓના અક્ષરોની દિશા લીટી કરતાં સહેજ ઉપર તરફ ચઢતી રહે. પત્ર લખતાં-લખતાં જો થોડી જ વિગત

બાકી રહી હોય તો સ્વામીશ્રી પત્રને આડો કરીને હાંસિયાની જગ્યામાં લખે. તેમ છતાં ક્યારેક કોઈ વિગત બાકી રહી જાય તો પોતે જ લખેલી બે લીટીઓની વચ્ચે વચ્ચે પણ લખે.

લખતી વખતે જમણી દાઢ દબાવતાં હોય એ રીતે સ્વામીશ્રીના મુખના કપોળ હલે. પત્ર પૂરો કરી તેઓ જમણી બાજુએ ઉપર તારીખ-સ્થળ ટપકાવે. પત્ર વાંચ્યા કે લખ્યા પછી ક્યારેક બાજુમાં બેઠેલા પરિચારક તરફ પત્ર પડતો મૂકે. ક્યારેક 'પૅડ' પર જ સરકાવે એટલે પરિચારક એ પત્ર લઈ બીજો મૂકે.

આ સમયે જો ફોન આવે કે કોઈ મુલાકાતી આવે ત્યારે સ્વામીશ્રી પેનને પગના જમણા અંગૂઠા અને આંગળી વચ્ચે ભરાવી દે. દિવસના લગભગ બે-એક કલાક તેઓ આવો પત્રવ્યવહાર ચલાવે. તેમાં રોજના સરેરાશ ૫૦-૬૦ પત્રો વંચાય-લખાય. આ રીતે 'શા. નારાયણસ્વરૂપદાસના જય સ્વામિનારાયણ' લખેલા તેઓના પત્રો જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં સૌની અમૂલ્ય મૂડી-મિરાંત બનીને રહી જતા.

આ ક્રમમાં તા. ૨૮/૧૨ની સવારે ચાલી રહેલું પત્રલેખન ઠેઠ ભોજનના સમય સુધી સરકતું રહ્યું. અંતે જમવા માટે ઊભા થતાં પૂર્વે પત્ર-પરિચારકે છેલ્લું પોસ્ટકાર્ડ સ્વામીશ્રીને સહી કરવા આપ્યું. તેમાં એ સંતે એક હરિભક્તને દીકરાનું નામ 'મનહર' રાખવાની નોંધ લખેલી.

પરંતુ તે વાંચતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'આગળ એક પત્રમાં તો 'મનહર' નામ લખ્યું છે. આમાં એ જ નામ ફરી કેમ લખ્યું ?'

આ ટકોર સાંભળી પરિચારકે તપાસ કરી તો તેઓ દ્વારા સરતચૂકથી 'પીયૂષ'ને બદલે 'મનહર' લખાઈ ગયાનું માલૂમ પડ્યું. સ્વામીશ્રીની દૃષ્ટિમાં રહેલી આ સૂક્ષ્મતાએ સેવકને અહોભાવમાં ડુબાડી દીધા. આવી ચોકસાઈ સાથે સ્વામીશ્રી એક-એક કાર્ય ઉકેલતા રહેતા.

તર્ક ન કરવો તને મને

તા. ૩૦/૧૨ની બપોરે ભોજન બાદ સ્વામીશ્રી સમક્ષ વંચાઈ રહેલી કથામાં આવ્યું: 'ગુરુની આજ્ઞા વિચાર્યા વગર પાળવી જોઈએ.'

સાચા ગુરુના સેવન સંબંધી આ વિગત ફરી વંચાવી સ્વામીશ્રીએ કહ્યું: 'આપણી બુદ્ધિમાં ન બેસે એવું લાગે, પણ આજ્ઞાનું ઉલ્લંઘન ન થવું જોઈએ.'

'દૈહિક આજ્ઞા પળાય, પણ આંતરિક આજ્ઞાઓ તરત ન પાળી શકાય.'

એક સંતે આ વ્યથા રજૂ કરી.

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : "બુદ્ધિના તર્ક આડા ન આવે તો તે પળે. 'બધું આપણા માટે જ છે' એવું સમજીને કરવાનું. બધી 'સ્પેશિયલ' આજ્ઞા જ છે. એનાથી સુખ મનાયું હોય તો પળાય. મિત્રની વાત કે પછી પતિ-પત્ની એકબીજાની વાત માને જ છે ને! 'આ તો કોઈએ બત્તી મારી હશે. હું જાણું છું...' એમ સમજીને પછી આજ્ઞા ન પાળે."

સ્વામીશ્રીના આ વિવરણમાંથી માનવીય વૃત્તિઓ છતી થઈ રહી. તેથી બચવા એકે પૂછ્યું : 'સ્વામી! એવો કયો વિચાર છે કે જેનાથી તુરત જ આપની આજ્ઞા પળાય?'

'વિચારવાનું હોય જ નહીં. કહે એમ કરવાનું જ હોય.'

'આજ્ઞા ન પળાય તો અમારી ખોટ જ ને?'

'હા, ખોટ જ કહેવાય.'

'આપ વાત કરો ત્યારે વર્તવાનું મન થાય છે, પણ પછી પાછા હતા એવા ને એવા થઈ જવાય છે.'

'દેહાભિમાન હોય તો એવું થાય. આજ્ઞાનો વિચાર કર્યો જ નથી. આ તો બહાનાં બતાવે, વિલંબ કરે, યુક્તિઓ કરે... એ બધું બરાબર નથી. જો ગુરુને રાજી કરવા હોય તો આજ્ઞામાં યુક્તિ ન હોય.'

સ્વામીશ્રીએ આમ કહ્યું ત્યારે વાતને નવો વળાંક આપતાં કો'ક બોલ્યું : 'સ્વામી ! અંદરોઅંદર અમે બ્રહ્મરૂપ છીએ. એકબીજાને શબ્દો કહીએ તો સહન થાય છે.'

'એ તો હેત છે એટલે શબ્દો સારા લાગે છે. અત્યારે સૌ સાંકડે-માંકડે બેઠા છીએ, કારણ કે હેત છે. નહીં તો 'જા, અહીં ક્યાં આવ્યો?' કહી તરત ધકેલીએ. એમ ભગવાન અને સંત સાથે હેત હોય તો બધું જ સારું લાગે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓએ આજે હળવે હળવે હિતની ઘણી વાતો કહી દીધી. તેનો સૂર એક જ હતો : *'તર્ક ન કરવો તને મને, શ્રદ્ધાએ સેવામાં ભળવું...'*

'શાંતિવર્ષ'નો શાંતિ-સંદેશ

તા. ૩૧/૧૨ની સવારે મુંબઈના મંદિરે યોજાયેલી વિશેષ સભા ઉસ્તાદ અલ્લારખાં, વિખ્યાત વાંસળીવાદક હરિપ્રસાદ ચોરસિયા જેવા કંઈક વાદ્ય-

વિશારદો અને શાસ્ત્રીય તથા સુગમ સંગીતના સૂરસમ્રાટોથી સભર હતી.

તેઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'संगीत का अर्थ है भगवान के साथ संलग्न होना। भगवान के साथ खुद एकाग्र हो और सुननेवाले को एकाग्र करें वे संगीतकार कहलाते हैं।'

સંગીતનો સાચો 'સા' સ્વામીશ્રીએ સંગીતકારોને સંભળાવી દીધો.

આ રીતે દરેકને તેઓના 'સ્વ'ધર્મની યથાર્થ સમજ આપવાની સ્વામીશ્રીની મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં સાથ નિભાવી આજે હવે સન ૧૯૮૬ વિદાય લઈ રહેલી. તેના ૩૬૫ દિવસો દરમ્યાન લાખોને શાંતિ પમાડી સ્વામીશ્રીએ 'આંતરરાષ્ટ્રીય શાંતિ વર્ષ' તરીકે ઘોષિત થયેલી આ સાલની સાર્થક અને શાનદાર ઉજવણી કરેલી.

શાંતિસ્થાપન માટે ચકચકિત મેજ પર નહીં કોઈ યંત્રણા-મંત્રણા કે નહીં સડકો પર કોઈ જુલૂસ-જમેલો, નહીં કોઈ પરિષદ-પરિસંવાદો કે નહીં કોઈ સભા-સરઘસો, નહીં કોઈ નારા-ડારા કે નહીં કોઈ દમામ-દેખાવ.... કેવળ પોતાનાં શબ્દ, સહવાસ અને શુદ્ધ વર્તનથી જ લાખોના જીવનમાં શાંતિ લાવેલા સ્વામીશ્રી.

તેઓએ આ વર્ષના આખરી રવિવાર, તા. ૨૮/૧૨ના રોજ સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી શ્રી નાની પાલખીવાલાને પણ કહેલું:

'અમે જાણીએ છીએ કે આપની મિનિટે મિનિટની કિંમત હોય છે, પણ અમે બીજું તો શું આપીએ? આપને 'ફી'માં ભગવાન આપીએ છીએ. તેથી શાંતિ રહેશે.'

આમ, આ આખું વર્ષ સ્વામીશ્રી સૌને ભગવાન આપવા, શાંતિ પમાડવા જ વિચરતા રહેલા. એ શાશ્વત શાંતિનું સરનામું ચીંધતાં તેઓએ આ વર્ષની અંતિમ રવિસભામાં પણ જણાવેલું કે –

'આપણે જીવતાં અને મર્યે જો સુખ અને શાંતિ જોઈતી હોય તો ભગવાન અને સંતમાં પ્રીતિ રહે, તો સુખ-શાંતિ છે જ. બાકી શાંતિનું વર્ષ ઊજવાયું પણ શાંતિ તો દેખાતી નથી. ટોચ પર બેઠેલાઓનાં મગજમાં શાંતિ આવી નથી તો બીજે ક્યાંથી આવે? એ બધા શસ્ત્રોથી, સત્તાથી શાંતિ લાવવા માંગે છે પણ ક્યાંથી આવે? એમના બધા પ્રયત્નો વૃથા છે. અનેકને નુકસાન કર્યું હોય તેને શું શાંતિ મળે? ભગવાનના સુખમાં વૃત્તિ પહોંચી જાય પછી મારું-તારું, વેર-ઝેર બધું મટી જાય. શાંતિ ભગવાનમાંથી જ લેવાની છે.'

શાંતિદાતા સ્વામીશ્રીએ રેલાવેલો આ શાંતિ-સંદેશ જ્યાં જ્યાં પ્રસરે ત્યાં ત્યાં શાંતિ-સદન ઊભાં થઈ જાય એમ છે.

તેથી તા. ૩૧/૧૨ની રાત્રે બાર વાગ્યે શાંતિના ધામ સમા સ્વામીશ્રીથી અળગી થતાં સન ૧૯૮૬ સ્વામીચરણે જ અરજ કરતી ગઈ કે –

'તમારી લીલાનું સ્મરણ સુખદાતાર કરીએ,
તમારી મૂર્તિનું ચિંતવન ચિરં ચિત્ત ધરીયે...'